# શ્રી આદિનાથ પ્રભુ ચરિત્ર



પ્રકાશક :
શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર (ફોન નં : ૦૨૭૮-૨૫૨૧૬૯૮)

# શ્રી આદિનાથ પ્રભુ ચરિત્ર.

(જેમાં પ્રભુના ૧૩ ભવો તથા યુગલિકો સંબંધી અપૂર્વ વર્ણન, સાથે
મનુષ્યોના વ્યવહારધર્મ, શિલ્પ, કળા અને પ્રભુના સુરાજ્યનું
વિવેચન, ઇંદ્રો વગેરેએ પ્રભુના પંચકલ્યાણકો પ્રસંગોએ કરેલ
ભક્તિપૂર્વક મહોત્સવોનું જાણવા યોગ્ય અનુપમ વૃત્તાંત,
પ્રભુએ આપેલ અનુપમ દેશના અને અનેક બોધપ્રદ
કથાઓ વગેરે રસપ્રદ વિષયો આવેલા છે.)

(પરમપવિત્ર શ્રી શત્રુંજયગિરિ)



પ્રકાશક :

**શ્રી જૈન આત્માનંદ સભા**

ખારગેટ, ભાવનગર

(ફોન નં : ૦૨૭૮-૨૫૨૧૬૯૮)

શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળા નંબર : ૮૦

પ્રકાશક :
હર્ષદ કાંતિલાલ શાહ (મા. મંત્રી),
શ્રી જૈન આત્માનંદ સભા,
ભાવનગર

પ્રાપ્તિસ્થાન :
શ્રી જૈન આત્માનંદ સભા,
ભાવનગર
(ફોન નં : ૦૨૭૮-૨૫૨૧૬૯૮)

પ્રથમ આવૃત્તિ :
પ્રત : ૧૦૦૦ વિ.સં. ૧૯૯૯

દ્વિતીય આવૃત્તિ
પ્રત : ૫૦૦ વિ.સં. ૨૦૭૧

કિંમત : રૂા. ૨૦૦/–

## प्रभुस्तुति ।

जयत्यादिमतीर्थेश–स्त्रीलोकीमङ्गलद्रुमः।
श्रेयःफलं सदा लोका, यदालोकादुपासते ॥

અર્થ—ત્રણ જગતની મંગળ કામનાની પૂર્તિ માટે કલ્પવૃક્ષ સમાન પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ પરમાત્મા જયવંત વર્તે છે; જેના દર્શન માત્રથી લોકો હમેશાં આત્મકલ્યાણરૂપી ફળને પ્રાપ્ત કરે છે.

* * *

सतां श्रिये श्रीवृषभः स भूयाद्, यस्माङ्भासां पटलं पटीयः।
परात्मनोऽद्योतत भू–र्भूवः–स्व–स्तमोऽपहं ज्योतिरिव प्रसर्पत् ॥

—श्रीमद् अमरचंद्रसूरि.

અર્થ—સ્વર્ગ, મૃત્યુ અને પાતાળના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરતો, પ્રકાશની માફક સર્વત્ર ફેલાતો, જે પરમાત્માની શરીરકાંતિનો શ્રેષ્ઠ સમુદાય પ્રકાશ ફેલાવી રહ્યો છે. તે શ્રી ઋષભદેવ પરમાત્મા સજ્જન પુરુષના કલ્યાણ માટે થાઓ !

મુદ્રક :
સ્મૃતિ ઓફસેટ
કહાન વાડી, પ્લોટ નં. ૧૩, અંકુર સ્કૂલ રોડ,
સોનગઢ (જિ. ભાવનગર) મો. ૦૯૮૨૪૯૪૪૪૦૧



શ્રી શત્રુંજય તીર્થાધિરાજ શ્રી આદિનાથ ભગવાન

# પ્રકાશકીય નિવેદન

શ્રી જૈન આત્માનંદ સભા અનેક વર્ષોથી જૈન સાહિત્ય પ્રકાશન અંગેનું કાર્ય કરી રહી છે અને આજ સુધીમાં ઘણા ઉત્કૃષ્ટ ગ્રંથો પ્રકાશિત કરેલ છે. અગાઉના વર્ષોમાં કેટલાક ચારિત્રોનું પ્રકાશન થયેલ અને હાલમાં તેની પ્રતો અલભ્ય બનતા, તેમજ ઘણા વાચક વર્ગ તરફથી તેની માંગ થતા શ્રી સભા તરફથી અમો **'શ્રી આદિનાથ ચરિત્ર'** ગ્રંથની દ્વિતીય આવૃત્તિ પ્રગટ કરેલ છે. ખૂબ જ વિસ્તારપૂર્વક શ્રી આદિનાથ પ્રભુનું ચરિત્ર આલેખાયું છે અને શ્રી અમરચંદ્રસૂરિજીએ આ ગ્રંથની રચના કરી છે. તે વખતના દેશ, કાળ, ભાવનાના વર્ણનો, ઉચ્ચ પવિત્ર સંસ્કારો, ઉત્તમ રીતરિવાજો, રાજ્યનીતિ, કેવળજ્ઞાન પ્રાપ્તિ થયા પછી પ્રભુ દેશનાઓમાં આવતાં ઉત્તમ બોધપાઠો વગેરે હકીકતોનું વિસ્તારથી આલેખન થયું છે. આ ગ્રંથના કુલ ૧૯ સર્ગો છે. જેમાં પ્રભુના તેર ભવોનું વર્ણન આપવામાં આવેલ છે.

આપણે જાણીએ છીએ કે જૈન કથા સાહિત્યમાં શ્રી તીર્થંકર ભગવાનના ચરિત્રો પ્રથમ દરજ્જો ધરાવે છે. આ આવૃત્તિમાં પ્રથમ આવૃત્તિમાં સામેલ ભૂમિકા કે જે જૈન સાહિત્યના સિદ્ધહસ્ત લે. સુશીલ દ્વારા સુંદર રીતે રજૂ કરવામાં આવેલ છે. તેમજ વિસ્તારપૂર્વક આપવામાં આવેલ પ્રસ્તાવના કે જેઓએ સભાના આજીવન મંત્રી તરીકે સેવા આપેલ તેવા સાહિત્યરત્ન શ્રી ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ દ્વારા સુંદર રીતે આપવામાં આવેલ તે અમોએ જેમની તેમ રાખેલ છે. જે વાચકવર્ગને ખૂબ જ ઉપયોગી થશે એમ અમે માનીએ છીએ.

આ ગ્રંથના પ્રકાશનમાં અમોને શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન દેરાસર, ભાવનગરના ટ્રસ્ટ તરફથી તેઓના જ્ઞાનખાતામાંથી સંપૂર્ણ આર્થિક સહયોગ મળ્યો છે તે બદલ શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર તેઓશ્રીનો ખૂબ જ આભાર માને છે તેમજ તેઓશ્રીની ભૂરીભૂરી અનુમોદના કરે છે. ગ્રંથમાં શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન દેરાસર બાબતે માહિતી આપેલ છે.

આ ગ્રંથની શુદ્ધિ માટે અમોએ યથાશક્તિ પ્રયત્ન કરેલ છે. છતાં પણ શાસ્ત્રીય, ટાઈપસેટીંગ, પ્રેસભૂલ કે દૃષ્ટિદોષને લઈને કોઈ સ્થળે કોઈ જાતની સ્ખલના થઈ હોય તો તે માટે અમો ક્ષમા માગીએ છીએ. "મિચ્છામી દુક્કડમ્."

આત્માનંદ ભવન,
**ભાવનગર.**
સં. ૨૦૭૧
રક્ષાબંધન

**માનદ્ મંત્રી**
**હર્ષદ કાંતિલાલ શાહ**
**શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર**

# શ્રી ગોડીજી પાર્શ્વનાથ જિનાલય, ભાવનગર

ભારતવર્ષના ગુણિયલ ગુજરાતના ભાવસભર ભાવેણાં-ભાવનગરને શિક્ષણ, સાહિત્ય, ધર્મ અને સંસ્કારનગરી તરીકે સારસ્વતોએ બિરદાવી છે. રાજવી પરિવારોએ બંધાવેલા સ્થાપત્યો, સુંદર મંદિરો, વિદ્યાલયો, પાઠશાળાઓ, ધર્મસ્થાનો, બગીચાઓ, વેપાર કેન્દ્રો વગેરે આ નગરની શોભા છે. તેમાં પણ શ્રી જૈન દેરાસરોમાં મોટું દેરાસર(૨૭૬ વર્ષ) (દરબારગઢ), શ્રી ગોડીજી પાર્શ્વનાથ દેરાસર(૧૮૪ વર્ષ) (વોરાબજાર), વડવા દેરાસર(૧૨૫ વર્ષ), સ્ટેશન રોડ પરનું દેરાસર, દાદા સાહેબ(૧૦૦ વર્ષ), કૃષ્ણનગર, વિદ્યાનગર, રૂપાણી, શાસ્ત્રીનગર, ભરતનગર તેમજ અન્ય વિસ્તારના જિનાલયો તથા ઘર દેરાસરો તથા દરેક વિસ્તારના ઉપાશ્રયો, જિનશાસનની શોભારૂપ છે.

ભાવનગર મધ્યમાં આવેલું વોરાબજાર એટલે ભાવનગરનો ધબકાર. આ વિસ્તારમાં આજે પણ જૈન પરિવારો પોતાની પરંપરાગત જીવનશૈલીને ગૌરવપૂર્વક જાળવીને જીવનનો આનંદ માણે છે. આ વિસ્તારમાંથી પસાર થતા હોઈએ ત્યારે કોઈ શુભ પરમાણુ વચ્ચે આવ્યા હોઈએ એવું લાગે છે. આખા દિવસના ભરચક માહોલની વચ્ચે પણ કોઈ આંતરિક શાંતિ અનુભવાય છે. એકાદ ક્ષણ માટે જરા ઉંચે જોઈએ તો આથી વધારે પ્રસન્નતા લાગે છે. આ વિષે ચિંતન કરીએ તો એક બાજુએ શ્રી મહાલક્ષ્મી માતાનું રમણીય મંદિર છે, બીજી નાની-મોટી દેરીઓની ધજા ફરકતી દેખાય છે અને આ ચોકમાં આવેલું શ્રી જૈન શાસનને ઝળહળતું રાખનાર જિનાલયો પૈકીનું શ્રી ગોડીજી પાર્શ્વનાથ જિનાલય તેનો ધ્વજ સદાય ફરકતો રહીને આહ્વાન કરે છે : "આવો ! અહીં બિરાજે છે ત્રિલોકના નાથ, અનંત શક્તિના અધિનાયક, પરમજ્યોતિ સ્વરૂપ શ્રી ગોડીજી પાર્શ્વનાથ પરમાત્મા ! તેમનું શરણું સ્વીકારી લો અને મોક્ષપદ પામો."

આ જિનાલયની શુભ શરૂઆત ૧૮૪ વર્ષ પહેલા શ્રી અચલગચ્છના પ.પૂ. શ્રી ઝવેરસાગર મ.સા. તથા શ્રી ભાવસાગર મ.સા. દ્વારા થઈ. તેની પરંપરાએ શ્રી કસ્તુરસાગર મ.સા.નો સહયોગ પ્રાપ્ત થયો હતો. સંવત ૨૦૬૨ કા.વ. ૫ તા. ૨૧-૧૧-૨૦૦૫ના રોજ પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી જેમાં ગોડીજી દાદાના ગર્ભગૃહમાં ૪૦ પ્રતિમાજી સ્થાપન કરેલા હતા. તેમાંથી મૂળનાયક જે સ્થિતિમાં હતા તે સ્થિતિમાં જ રાખી બાજુના પ્રતિમાજીમાંથી ૧૮ પ્રતિમાજીઓની પુનઃ પ્રતિષ્ઠા આ. ભ. વિજય પ્રબોધચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના તથા આ.ભ. ધર્મધ્વજસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં કરવામાં આવેલ અને બાકીની પ્રતિમાજીઓની શાંતિનાથ દાદાના ગભારામાં પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવેલ. આ પછી વોરાબજાર, પીરછલ્લા વિગેરેનો વિકાસ ખૂબ જ બધી રીતે ઉત્તરોત્તર  વધતો ગયો.

આવા અલૌકિક જિનાલયના પગથિયાં ચડતાં જ મનભાવન પ્રતિમાજીઓના દર્શન પામીએ છીએ. આ જિનાલયમાં (૧) મૂળનાયક શ્રી ગોડીજી પાર્શ્વનાથનો ગભારો (મૂળનાયક : શ્રી ગોડીજી પાર્શ્વનાથ ભગવાન તેમજ અન્ય જિનબિંબો), (૨) શ્રી શ્રેયાંસનાથનો ગભારો (મૂળનાયક શ્રી શ્રેયાંસનાથ ભગવાન તેમજ અન્ય પ્રતિમાઓ), (૩) મહાવીરસ્વામીનો ગભારો (મૂળનાયક શ્રી મહાવીરસ્વામી ભગવાન તેમજ અન્ય પ્રતિમાઓ), (૪) નવદેરીના જિનબિંબો, (૫) શ્રી શાંતિનાથનો ગભારો (મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન તેમજ અન્ય પ્રતિમાઓ), (૬) શ્રી ગૌતમસ્વામી ગણધરની દેરી તેમજ શાશ્વતા ચૌમુખજી ભગવાન. આ રીતે, મુખ્ય અને અન્ય ગભારામાં બિરાજતાં જિનબિંબોની પૂજા કરવા સૌ ભક્તજન ઉમંગથી આવે છે. ઉત્સાહસભર આવતાં શ્રાવક-શ્રાવિકાઓ તેમજ બાળકોથી જિનાલય ગુંજી ઉઠે છે. ગોડીજી પાર્શ્વપ્રભુ અને અન્ય જિનબિંબો સદાય દિવ્યતા પાથરે છે.

આ જિનાલયની પેઢીનું સફળ સંચાલન શ્રી છગનલાલ કરનશી (છગનદાદા)એ કર્યું હતું. ખરેખર તો એમણે એ જિનાલયને સાચવ્યું હતું એમ કહી શકાય. તેમજ ત્યારબાદ આ દેરાસરનો કારોબાર સુંદર રીતે આગવી સૂઝથી લાંબા સમય સુધી શ્રી મહિપતરાય માણેકલાલ શાહે સંભાળ્યો હતો અને હાલમાં શ્રી વિનુભાઈ સંઘવી પ્રમુખ તરીકે તન, મન, ધનથી પોતાની પૂર્ણ સમયની સેવા આપે છે.

# શ્રી ગોડીજી પાર્શ્વનાથ ભગવાન



શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન દેરાસર
વોરા બજાર, ભાવનગર

બૃહત્તપાગચ્છાન્તર્ગત સંવિગ્નશાખીય આદ્યાચાર્ય

# ન્યાયામ્ભોનિધિ શ્રી ૧૦૦૮ શ્રી વિજયાનન્દસૂરિ

(પ્રસિદ્ધ નામ શ્રી આત્મારામજી મહારાજ)



: જન્મ :
વિક્રમ સંવત ૧૮૯૩
લહેરા ગ્રામ (પંજાબ)

સ્થાનકવાસી દીક્ષા
સંવત્ ૧૯૧૦
મલેરકોટલા (પંજાબ)

: સંવિગ્ન દીક્ષા :
સંવત : ૧૯૩૨,
અમદાવાદ

: આચાર્યપદ :
સંવત ૧૯૪૩,
પાલીતાણા

: સ્વર્ગગમન :
સંવત્ ૧૯૫૨
ગુજરાનવાલા (પંજાબ)

# પ્રસ્તાવના

પ્રજાની રસવૃત્તિને પોષે—સંતોષે, જ્ઞાનની ખીલવણી કરે અને મનુષ્યના ચારિત્ર—ઘડતરમાં સહાયક બને તેનું નામ સાહિત્ય છે. કોઈ પણ દેશ, પ્રજા, સમાજ કે ધર્મ સાહિત્ય વગર જીવી શકતા નથી.

સાહિત્યનો જીવન સાથે સંબંધ હોવાથી, તે વિના જીવન રસહીન બની જાય છે. જે સાહિત્ય મનુષ્યને મનુષ્ય બનાવી, આત્માની કલ્યાણમય પ્રવૃત્તિ તરફ દોરી જાય, તે જ સાચું સાહિત્ય છે. સાહિત્ય જીવન જીવતાં શીખવે છે. ઉત્કર્ષ સાધી છેવટે અખંડ—અનંત આનંદ પ્રગટાવે છે. સાહિત્ય ઉન્નત જીવન બનાવવાનું સાધન છે, તેથી તે પ્રગતિને માર્ગે લઈ જાય છે, અને તે શુભ આચાર, શુભ વિચાર ને સદ્વર્તનનો ફેલાવો કરે છે. સાહિત્ય ધર્મબુદ્ધિને જાગૃત કરે છે, આદર્શ મનુષ્ય બનાવે છે, ભોગવિલાસને ભુલાવે છે, ચારિત્રને ઘડે છે, ઉદાર બનાવે છે, જગતના પ્રાણીઓ પ્રત્યે મૈત્રી વગેરે ભાવના વહેવરાવે છે અને છેવટે પરમાત્મપદ પમાડે છે. જૈન સાહિત્ય તે માટે જ શ્રેષ્ઠ ગણાયું છે.

જૈન દર્શન વિશાળ અને પરમ ઉદાર છે, અને તેના સાહિત્ય રચનાર પણ, ત્યાગી મહાત્માઓ પણ દુનિયાના પ્રાણીઓ આત્મકલ્યાણ કેમ સાધે, તે જ મુખ્ય અને એક જ ધ્યેય હોવાથી, વિવિધ સાહિત્યની રચના કરી છે.

ભારતવર્ષના સર્વ દર્શનોમાંનાં સાહિત્યક્ષેત્રમાં જૈન સાહિત્યનું ઉચ્ચ સ્થાન છે. ભારતીય જૈન સાહિત્યના મૂળભૂત તત્ત્વોનું જ્ઞાન પ્રાચીન જૈન સાહિત્યના અધ્યયન ઉપર રહેલ છે; તેનું કારણ એ છે કે પૂર્વે જૈન સાહિત્યકારોએ દરેક પ્રાંતીય ભાષામાં વિવિધ પ્રકારનું વિપુલ સાહિત્ય રચી જનસમૂહ ઉપર મહદ્ ઉપકાર કર્યો છે અને સાહિત્યક્ષેત્રમાં અપૂર્વ વૃદ્ધિ કરી અમૂલ્ય ફાળો આપ્યો છે. જૈન સાહિત્યકારોએ જૈન ધર્મના સિદ્ધાંતો, તત્ત્વજ્ઞાન, કર્મસ્વરૂપ, ક્રિયાકાંડ વગેરે અનેક ગ્રંથો તો લખેલા છે, પરંતુ ઈતિહાસ, નાટક, જ્યોતિષ, વૈદ્યક, વ્યાકરણ, ન્યાય અને કાવ્યો, તેમજ જૈનેતર વિદ્વાનોએ રચેલ કથાનક અને અન્ય ગ્રંથો ઉપર વિદ્વત્તાભરેલી ટીકાના પણ ગ્રંથો રચી જૈન સાહિત્યનું સ્થાન ઉત્કૃષ્ટ બનાવેલ હોવાથી તે અદ્વિતીય શોભારૂપ છે.

જૈન સાહિત્યમાં વિવિધતા, મધુરતા, રસિકતા અને યથાસ્થિતપણું છે. દરેક પ્રકારના સાહિત્યમાં અનેક પ્રકારની ભાવનાઓ હોય છે, તેમાં પણ જૈન સાહિત્ય સંપૂર્ણપણે ભાવનાવાળું હોવાથી વાચકની ધર્મભાવના પોષાય છે અને જડ ભાવનાવાળા મનુષ્યોની આત્મભાવના જાગ્રત કરે છે અને છેવટે તેમને મોક્ષ સમીપ લઈ જાય છે.

વીતરાગપ્રણીત ચાર અનુયોગમાંનાં કથાનુયોગ–કથાસાહિત્ય કે ઐતિહાસિક ગ્રંથોની પ્રસિદ્ધિ ઉપરોક્ત કારણોથી અત્યારે અતીવ ઉપયોગી નીવડી છે.

જૈનકથાસાહિત્યમાં શ્રી તીર્થંકર ભગવાનના ચરિત્રો પ્રથમ દરજ્જો ધરાવે છે; કારણ કે તે ઉત્તમોત્તમ હોવા સાથે, ધર્મભાવનાને જલ્દી ઉત્પન્ન કરવા સાથે તે વખતના દેશ, કાળ, ભાવનાના વર્ણનો, ઉચ્ચ પવિત્ર સંસ્કારો, ઉત્તમ પ્રણાલિકાઓ, રાજ્યનીતિ, કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પ્રભુદેશનાઓમાં આવતાં ઉત્તમ બોધપાઠો વગેરે હકીકતોથી તેવા શ્રી તીર્થંકર ભગવાનોના ચરિત્રોનું કથાસાહિત્યક્ષેત્રમાં ઉચ્ચ સ્થાન ગણાયેલું છે. વળી ચરિત્રોના વાંચન–મનનથી અનાદિ કાળથી આત્માની સાથેના કર્મના નિકટ સંબંધને લઈને આત્માની સાંસારિક ભાવનાને હચમચાવી નવી દિશા પ્રગટાવે છે અને તેનું સંસાર–પરિભ્રમણ પણ અટકાવી કે ટુંકાવી દે છે, સાથે અનંત પુણ્યરાશિ એકઠી થયે પ્રાપ્ત થયેલ મનુષ્યજન્મનું મૂલ્ય અંકાવી, ધર્મની દિશા બતાવી છેવટે પરમાત્મસ્વરૂપ બનાવે છે; તેથી જ શ્રી તીર્થંકર ભગવાનોના ચરિત્રોએ જૈનકથા સાહિત્યમાં ઉત્તમોત્તમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આવી આવી ધર્મકથાઓના વાંચન, મનન સિવાય પ્રાણી વૈરાગ્ય પ્રાપ્ત કરી શકતો નથી અને સંસારજન્ય દુઃખોનો અનુભવ પણ થતો નથી, તેમજ ખરેખરા આત્મિક આનંદજન્ય સુખનો સ્વાદ પણ આત્મા લઈ શકતો નથી.

જે જે ધર્મ, જાતિ અને સમાજોએ પોતાની ઉન્નતિ સાધી છે તે આવા દેવાધિદેવના ચરિત્રોદ્વારા પોતાનાં પૂર્વજોનું સર્વગ્રાહી જ્ઞાન સંપાદન કરી, તેને પગલે ચાલી મહાન્ પદ પ્રાપ્ત કરેલ છે; તેમ ભારતવર્ષના ઐતિહાસિક અને કથાસાહિત્ય વાંચતા માલૂમ પડે છે. આવા સુંદર ચરિત્રોમાં અધ્યાત્મજ્ઞાનના સરલ અને બોધક તત્ત્વો ગૂંથી પંડિત અને બાળજીવો સર્વને એકસરખા ઉપયોગી થઈ પડે તેટલા માટે અનેક દષ્ટાંતો અને ઉપનયો વગેરે સાથે અનેક કથાઓ અને તીર્થંકર પ્રભુના જીવનો ચરિત્રરૂપે કથાસાહિત્યમાં ગૂંથી પૂર્વાચાર્યોએ ભવ્યાત્માઓ ઉપર અનહદ ઉપકાર કર્યો છે.

આવી રીતે ધર્મ અને વ્યવહારમાર્ગના અનેક વિષયો સાથે દુન્યવી અનેક વિષયોથી ભરપૂર શ્રી જિનેશ્વર ભગવંતોના અનેક ચરિત્રો પ્રાકૃત સંસ્કૃતમાં લખાયેલા છે તે વિસ્તારપૂર્વક ચરિત્રો સરલ અને રોચક ગુજરાતી ભાષામાં પ્રકટ કરવામાં આવે તો જનસમૂહને ઉપકારક થતાં મુમુક્ષુ આત્માઓ તેના વાંચન–મનનથી આત્મિક લાભ અવશ્ય પ્રાપ્ત કરી શકે તે હેતુથી આ સભાએ શ્રી તીર્થંકર ભગવંતોના વિસ્તારપૂર્વક ચરિત્રો પ્રકટ કરવાની શરૂઆત કરી છે.

અત્યાર સુધીમાં ક્રમસર શ્રી **નેમિનાથ** પ્રભુ, શ્રી **સુપાર્શ્વનાથ** પ્રભુ, શ્રી **વિમલનાથ** પ્રભુ, શ્રી **ચંદ્રપ્રભુ** સ્વામી, શ્રી **મહાવીર** પ્રભુ અને શ્રી **વાસુપૂજ્યસ્વામી**નું ચરિત્ર મળી છ ચરિત્રોનું પ્રકાશન થયેલ છે, તે જનસમાજમાં એટલા બધાં પ્રશંસાપાત્ર અને આવકારદાયક થઈ પડ્યાં છે, કે ક્રમે ક્રમે આવા સુંદર દેવાધિદેવ પ્રભુના ચરિત્રો પોતાનો આનંદ વ્યક્ત કરવા સાથે વેલાસર પ્રકટ કરવા વાચકો તરફથી આ સભાને સૂચનાઓ થયેલી છે. જુદા જુદા વિદ્વાન્ ત્યાગી મહાત્માઓએ આ ચોવીશીના વર્તમાન તીર્થંકર ભગવાનોના ચરિત્રો જે વિસ્તારપૂર્વક લખેલા છે, તેમાં તે વખતના દેશકાળનું તથા ઋતુ, કલા વિગેરેનું વર્ણન, કેવળજ્ઞાન થયા પછી દેશનામાં બતાવેલ તત્ત્વજ્ઞાન, ક્રિયાકાંડ, ચરણકરણાનુયોગ, સાધુ તથા શ્રાવકધર્મનું નિરૂપણ વિગેરેના સુંદર બોધપાઠો ગ્રંથોદ્વારા પૂરા પાડ્યા છે. આ શ્રી **આદિનાથ પ્રભુ** આ ચોવીશીના પ્રથમ તીર્થંકર થયા હોવાથી યુગલિક ધર્મનું નિવારણ ફરજ તરીકે કાળબલે કેમ કર્યું, તેમજ તે સાથે પ્રથમ જ નગરસ્થાપના, રાજ્યવ્યવસ્થા, દંડનીતિ, શિલ્પકળા, ગણિત, લિપિ વિગેરેનું શિક્ષણ તથા લોકવ્યવહારનું દર્શન પણ શ્રી આદિનાથ પ્રભુએ પોતાના પુત્ર, પૌત્રૌ, પુત્રીઓ અને પ્રજાને જણાવ્યું છે તે, તેમજ પ્રભુના સંસારીપણામાં તથા દીક્ષા વખતે અને પંચકલ્યાણકોમાં ઇંદ્ર તથા દેવોએ કેવી રચના, કેવી ભક્તિ કરી છે એ વિગેરે હકીકતો ઘણી જ વિસ્તારપૂર્વક ખાસ વાંચવા—જાણવા જેવી હોવાથી આ ગ્રંથનો ટૂંક પરિચય નીચે આપવામાં આવેલ છે જે વાંચતા વાચકોને આખો ગ્રંથ વાંચવાની જિજ્ઞાસા ઉત્પન્ન થવા સાથે આત્મિક આનંદ પણ પ્રગટ થાય તેમ છે.

## ગ્રંથ પરિચય.

### સર્ગ ૧ લો. (પૃ. ૧ થી ૧૦)

ગ્રંથકાર આચાર્ય મહારાજ પ્રથમ સ્થાપના, નામ, દ્રવ્ય અને ભાવ એ ચાર પ્રકારના અરિહંતોની સ્તુતિ કરે છે. ત્યારબાદ શ્રી આદિનાથ પ્રભુ વગેરે ચોવીશ ભગવંતોની વિવિધ ગુણો અને ભાવનારૂપે સ્તવના કરી ગુરુની પાટપરંપરનું વર્ણન કરે છે. ગુરુ પરંપરામાં થયેલ શ્રી **રાશિલસૂરિ** શ્રી અણહીલપુર શહેરમાં ચાતુર્માસ રહેલા, જ્યાં ચોવીશ જિનેશ્વરના ચરિત્રો સંભળાવવા પ્રાર્થના કરતાં આચાર્ય મહારાજ શ્રી **જિનદત્તસૂરિવર**ના શ્રેષ્ઠ શિષ્ય અને પોતાના ગુરુભાઈ (આ ગ્રંથકર્ત્તા) 'શ્રી **અમરચંદ્ર** તમારી પ્રાર્થના પૂરી કરશે' એમ **પદ્મ** નામના મંત્રીવડે તે માટે કરાયેલ પ્રાર્થનાથી આ જિનેન્દ્રચરિત્ર સંભળાવ્યું અને રચ્યુ. અહિં તે પદ્મમંત્રી કયા વંશ-કુળ-જ્ઞાતિમાં થયા તે જણાવી તે મંત્રીએ કરેલી સ્તુતિથી બનાવેલ આ ચરિત્રની શરૂઆત કરવામાં આવે છે.

પ્રથમ ત્રેષઠ શલાકા પુરુષોના નામ જણાવી વિઘ્ન નિવારણ કરવા શાસનદેવી શ્રી **ચક્રેશ્વરી**નું સ્મરણ ગ્રંથકાર આચાર્યશ્રી કરે છે.

સદ્‌ગુરુદ્વારા દાનાદિ ચાર પ્રકારના ધર્મની પ્રાપ્તિથી જે ભવમાં સમકિતની પ્રાપ્તિ થાય તે ભવથી પ્રારંભી મોક્ષગતિ પ્રાપ્ત થાય ત્યાં સુધી ભવ્ય જીવોના ભવોની ગણત્રી થતી હોવાથી ચોવીશ પ્રભુના તે રીતે કેટલા ભવો થયા તેનું વર્ણન આપી પ્રથમ સર્ગ પૂર્ણ કરેલ છે. આ ગ્રંથમાં પ્રભુના તેર ભવનું વર્ણન આપવામાં આવે છે.

## સર્ગ બીજો. (પૃ. ૧૧ થી ૩૯)

બીજા સર્ગમાં શ્રી ઋષભદેવ ભગવંતના ત્રણ ભવનું વર્ણન આપવામાં આવતાં **ધન** સાર્થવાહના પ્રથમ ભવની શરૂઆત થાય છે. **જંબૂદ્વીપ**ના **ક્ષિતિપ્રતિષ્ઠિત** નગરમાં, જ્યાં **પ્રસન્નચંદ્ર** રાજર્ષિ રાજ્ય કરે છે ત્યાં, ધનશ્રેષ્ઠી રહેતો હતો. તે દ્વીપ, નગર, રાજા અને ધનશ્રેષ્ઠી વગેરેનું બહુ સુંદર વર્ણન પ્રથમ આપવામાં આવેલ છે. **ધન**શ્રેષ્ઠીને વિશેષ દ્રવ્ય ઉપાર્જન કરવાની ઈચ્છા થતાં **વસંતપુર** નગરે કરિયાણા લઈ વેપાર અર્થે જવા એક દિવસે બ્રાહ્મમુહૂર્ત્તે જાગૃત થતાં વિચાર થયો, તેથી તે નગરમાં પટહ વગડાવી, અન્ય લોકો જેને દ્રવ્ય ઉપાર્જન કરવાની ઈચ્છા હોય તેઓએ પોતાની સાથે આવવા અને તેઓને સર્વ સગવડ પોતે આપવા જણાવ્યું. બીજે દિવસે અન્ય જનો સાથે પ્રયાણ કરવા નગર બહાર જેવો સાર્થ નીકળે છે, તેવામાં **ધર્મઘોષસૂરિવર**નો પોતાના શિષ્યો સહિત ધનશેઠને મેળાપ થાય છે. સૂરિવરને પ્રણામ કરતાં પ્રયાણ કરતી વખતે આચાર્ય મહારાજનો મેળાપ ધનશ્રેષ્ઠી મંગળકારક ગણે છે અને ગુરુવર્યને આજ્ઞા ફરમાવવા અંજલિ જોડી કહે છે, જેથી ગુરુવર્યે ધનશ્રેષ્ઠીના સાર્થ સાથે વિહાર કરવાનું જણાવતાં ધનશ્રેષ્ઠીએ વિનંતિપૂર્વક સાથે પધારવા પ્રાર્થના કરી. બાદ પોતાના રસોયાને મુનિવર્યો માટે હંમેશા જોગવાઈ કરવાનું કહેતા આચાર્ય મહારાજે તેઓ માટે બનાવેલો કે કલ્પેલો આહાર નહિ લેવાનો આચાર જણાવ્યો, વળી ગુરુરાજને પાકા આમ્રફળ વહોરાવતાં પણ તે સચિત્ત હોવાથી લેવાની ના કહી. અહીં આંબાનો મહિમા બતાવવામાં આવેલો છે. હવે ગુરુરાજ સહિત ધનસાર્થવાહનું **વસંતપુર** તરફ પ્રયાણ શરૂ થાય છે. રસ્તામાં શેઠની આજ્ઞાથી **માણિભદ્ર** નામનો સેવક સાર્થ વગેરેની સારસંભાળ કરે છે. વસંતપુરના માર્ગે જતાં રસ્તામાં ગ્રીષ્મઋતુ પછી વર્ષાઋતુ આવે છે. તે ઋતુઓમાં પૃથ્વી ઉપર શું બને છે, કેવું વાતાવરણ ઉત્પન્ન થાય છે તેનું સુંદર વર્ણન આપવામાં આવ્યું છે. (તે પણ જાણવા જેવું છે) વર્ષાઋતુમાં ઘણો વરસાદ થતાં વાહનો અને મનુષ્યો આગળ ચાલવા અશક્ત થવાથી માર્ગમાં ઝૂંપડા, તંબુઓ નાખી તે સાર્થ અનુકૂળ જગ્યામાં પડાવ નાખે છે.

એક દિવસ કોઈ અશ્વશાળાના રક્ષક પાસેથી એક શ્લોક સાંભળતાં સાર્થમાં કોણ સુખીદુઃખી છે? તે મારે જાણવું જોઈએ તેમ વિચાર કરતાં ધનશ્રેષ્ઠીને સૂરીશ્વરજી મહારાજ પ્રથમ યાદ આવે છે. મુનિમહારાજની યથાયોગ્ય સારસંભાળ નથી લેવાણી તેમ જાણી ચિંતાતુર થતાં આચાર્યમહારાજના નિવાસે જાય છે, જ્યાં શાસ્ત્રાધ્યયન, ધ્યાન વિગેરેમાં તત્પર થયેલ મુનિજનોને જોતાં ગુરુવર્યને ભક્તિપૂર્વક ધને નમન કર્યું અને ગુરુમહારાજની આહારપાણી વગેરેની સંભાળ નહિ લીધી તે માટે આત્મનિંદા કરવા લાગ્યો. ગુરુમહારાજ શિકારી જાનવરો, લૂંટારા વગેરેથી થતું રક્ષણ અને સાથેના સાર્થ લોકોએ આહારપાણીથી કરેલી ભક્તિ તેં જ કરી છે, તેનો નિમિત્તભૂત તું જ છો તેમ જણાવી

તે માટે ધનને ખેદ ન કરવા જણાવે છે; બાદ પોતાને ત્યાં અન્નપાનાદિ વહોરાવવા વિજ્ઞપ્તિ કરતાં સૂરીશ્વરે સાધુઓને કલ્પે તેવો આહાર વહોરાવવા શ્રેષ્ઠીને જણાવી બે શિષ્યોને ધનસાર્થવાહને નિવાસે મોકલે છે. ત્યાં કલ્પે તેવો આહાર તૈયાર નહિ હોવાથી ઠરી ગયેલું ઘી મુનિઓને અત્યંત શ્રદ્ધાપૂર્વક વહોરાવે છે જે વખતે સાર્થવાહને અત્યંત હર્ષ થતાં, રોમાંચિત વિકસ્વર થતાં, હૃદયમાં ધર્મની વૃદ્ધિ પામતાં તેણે ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું અને સમકિતરૂપી બીજ પ્રાપ્ત થતાં તે ભવિષ્યમાં અસાધારણ ફળ ઉપજાવનારું (પ્રથમ જિનેશ્વરપણું પ્રાપ્ત કરાવનારું) થયું. ત્યારબાદ ધનશ્રેષ્ઠી ગુરુ આવાસે આવ્યો. ગુરુરાજને નમી ભૂમિ પર બેઠો એટલે સૂરિમહારાજે ઉપદેશ શરૂ કર્યો.

પ્રથમ ધર્મનો મહિમા બતાવતાં કુટુંબના દરેક મનુષ્ય કરતાં ચઢિયાતો, મહામંગળરૂપ, વાંછિતો આપનાર, સર્વ પીડા દૂર કરનાર, જીવિત તથા લક્ષ્મી પણ ક્ષણભંગુર હોવાથી માત્ર એક ધર્મ સેવવા લાયક છે, તે ધર્મ દાન, શિયલ, તપ અને ભાવ ચાર પ્રકારનો છે, તેમાં દાન વિઘ્નોને નાશ કરનાર, શિયલ અનેક પ્રકારના સુખોને આપનાર, તપ અનેક ભવમાં સંચિત કરેલા કર્મોને સૂકવી નાખનાર અને ભાવ સંસારનો નાશ કરનાર છે. પછી ત્રણે પ્રકારના દાનો—જ્ઞાનદાન, અભયદાન અને સુપાત્રદાન જણાવી જ્ઞાનદાન આપનાર છેવટ કેવળજ્ઞાન પામે છે. કોઈપણ જીવોની હિંસા ન કરવી, કરાવવી, અનુમોદવી (મન, વચન, કાયાથી) તેમ અભયદાનનો અર્થ જણાવી, જીવાદિનું સ્વરૂપ આચાર્ય મહારાજ બતાવે છે. સુપાત્રદાનની વ્યાખ્યા કરતાં દેનાર, લેનાર, દેવાલાયક વસ્તુ, યોગ્ય સમય, ન્યાયોપાર્જિત દ્રવ્ય, સુપાત્ર અને શ્રદ્ધાની હકીકત જણાવે છે. દાયકશુદ્ધ, ગ્રાહકશુદ્ધ, દેયવિશુદ્ધ, કાળવિશુદ્ધ અને ભાવવિશુદ્ધ વગેરે પ્રકારો જણાવવામાં આવે છે, તે ખરેખર જાણવા લાયક છે. પછી શીલનો અર્થ જણાવી, દેશવિરતિ અને સર્વવિરતિ એ બે પ્રકાર જણાવી શ્રાવકના બાર વ્રતનું સ્વરૂપ ઉપરાંત સર્વવિરતિનું વર્ણન જણાવી આચાર્ય મહારાજ દેશના પૂર્ણ કરે છે. ત્યારબાદ ધન સાર્થવાહ પોતાના સ્થાને જઈ પોતાના નગરમાં પ્રવેશ કરે છે. ગુરુમહારાજ પણ અન્યત્ર વિહાર કરી જાય છે.

ધન સર્થવાહ પોતાનું આયુષ્ય પૂર્ણ કરી ત્યાંથી ઉત્તરકુરુક્ષેત્રમાં **જંબૂવૃક્ષની** પૂર્વ દિશામાં **સીતા** નદીના ઉત્તર કિનારે યુગલિયારૂપે ઉત્પન્ન થાય છે (પ્રભુનો બીજો ભવ). અહીં ગ્રંથકાર મહારાજ યુગલિયાનું દેહમાન, આયુષ્ય, પ્રકૃતિ કેવી હોય તે જણાવી, જે દશ પ્રકારના કલ્પવૃક્ષ તેઓના મનોરથ પૂર્ણ કરનારા છે તે દશ કલ્પવૃક્ષના નામો, અને કેવી કેવી જાતના મનોરથો તે અને બીજા પણ કલ્પવૃક્ષો પૂર્ણ કરે છે તે બતાવે છે. ધનસાર્થવાહનો જીવ ત્યાં મુનિદાનના પ્રતાપે સુખ ભોગવી આયુષ્ય પૂર્ણ થયે સૌધર્મ દેવલોકમાં દેવ (ત્રીજો ભવ)પણે ઉત્પન્ન થાય છે.

## સર્ગ ત્રીજો (પૃ. ૩૭ થી ૫૭)

ત્યાં આયુષ્ય પૂર્ણ થયે ધનનો જીવ પશ્ચિમ મહાવિદેહમાં **ગંધીલાવતી** નામની વિજયમાં જ્યાં **વૈતાઢ્ય પર્વત** ઊભો છે તે વિજયમાં **ગંધાર** દેશ છે, ત્યાં **ગંધસમૃદ્ધક** નામનું નગર છે, જેનું અલંકારિક વર્ણન શ્રી ગ્રંથકર્ત્તા આચાર્ય બતાવે છે. (અહીં સર્ગની શરૂઆત કરતાં તેર પ્રકારની ક્રિયા

રહિત અને ચૌદમે ગુણસ્થાને તીર્થંકર ભગવંત શ્રી આદિનાથ રહેલા છે તેની સ્તુતિ જણાવી છે.) તે નગરના **શતબળ રાજા** અને **ચંદ્રકાંતા** નામની રાણીની કુક્ષીએ ધનસાર્થવાહનો જીવ (પ્રભુનો ચોથો ભવ) પુત્રપણે ઉત્પન્ન થાય છે. તેનું **મહાબળકુમાર** નામ પાડે છે. અહીં કુમારના અવયવોનું વર્ણન કરવામાં આવે છે. શતબળ રાજા જૈનધર્માનુરાગી હોવાથી કુમાર યૌવન અવસ્થામાં આવતાં પોતાને વૈરાગ્ય પ્રાપ્ત થતાં કુમારને ગાદીએ બેસાડી રાજા હર્ષપૂર્વક પ્રવ્રજ્યા અંગીકાર કરે છે અને મૈત્રી આદિ ભાવના ભાવતાં આયુષ્ય પૂર્ણ થતાં દેવલોકમાં જાય છે. હવે મહાબળ રાજા વૈતાઢ્ય પર્વતની આસપાસ વનવાટિકામાં પોતાની રાણીઓ સાથે રોજ ક્રીડા કરવા જાય છે. અહીં ક્રીડાનું સુંદર વર્ણન આપવામાં આવે છે. જૈન ધર્મના મહાન ત્યાગી, તપસ્વી, જ્ઞાની મહાત્માઓ સર્વદિશાનું જ્ઞાન ધરાવે છે તેમ આ વાંચવાથી જણાય છે, છતાં તેવા મહાપુરુષો પોતાના ત્યાગ—સંયમને બાધ આવવા દેતા નથી, તેમ લેપાતા નથી તેમ પણ આવા કથાસાહિત્યના અનેક ગ્રંથો વાંચતા જોઈ શકાય છે.

હવે મહાબળ રાજાએ પૂર્વભવમાં સુપાત્ર દાન દેવાથી પુણ્યોદયે પ્રગટેલ પાંચે ઇન્દ્રિયોના વિષયોનું લાંબા વખતથી સેવન કરતાં ધર્મને યાદ પણ ન કર્યો; જેથી એકદા કચેરીમાં રાજા આવતા મુખ્ય પ્રધાન **સ્વયંબુદ્ધે** રાજાને યોગ્ય વચનથી ધર્મ માટે પ્રેરણા કરવા માંડી અને મંત્રીઓનો રાજ્ય અને રાજા પ્રત્યે કેવો ધર્મ હોય છે તે જણાવ્યું. આ વિષય ખાસ મનન કરવા જેવો છે; કારણ કે તે કાળમાં રાજ્યનીતિ તે હતી, આજે રાજાઓના પ્રધાનો જો તેવા હોય તો દરેક રાજ્યો રામરાજ્ય બની જાય; પરંતુ કેટલીક બાબતમાં પાંચ કારણો કાળબળે સંપૂર્ણ નથી થતાં.

સ્વયંબુદ્ધ મંત્રીએ રાજાને ધર્મનું સેવન કરવા ઉપદેશ આપ્યા બાદ નાસ્તિકશિરોમણિ **સંભિન્નમતિ** મંત્રીએ રાજાને ભોગો નહિં તજી દેવા અને ભોગોનો ત્યાગ કરી પરલોકની ઇચ્છાથી જે પ્રયસ કરવામાં આવે છે તે હાથમાં આવેલા સાક્ષાત્ ફળનો ત્યાગ કરી, સ્વપ્નમાં અનુભવેલા ફળની પ્રાપ્તિની ઇચ્છા કરવા જેવું છે એમ કહી ધર્મ, અધર્મ, પરલોક સંબંધી અપલાપ કરતાં ધર્મ, અધર્મ, પરલોક જેનું ફળ સુખદુઃખ તેમજ કોઈ કર્ત્તા, ભોક્તા નથી વગેરે માટે પાંચ ઇંદ્રિયોના સુખો ભોગવવા તે ઇષ્ટ છે—આ રીતનું વર્ણન જેમ નાસ્તિકમતવાળા કહે છે તેમ જણાવ્યું. ત્યારબાદ **શતમતિ** મંત્રી બૌદ્ધમત સંબંધી કથન કરતાં કહે છે કે—આ જગતમાં વસ્તુઓને વિષે જણાતાં ક્ષણભંગુર જ્ઞાન સિવાય બીજી કોઈ આત્મા જેવી વસ્તુ નથી. તેનું ખંડન સ્વયંબુદ્ધ મંત્રી સિદ્ધાંત અનુસાર કરે છે. ત્યારબાદ **મહામતિ** નામનો મંત્રી માયાવાદનું સ્થાપન કરે છે. પછી સ્વયંબુદ્ધ મંત્રી તે માયાવાદનો પણ પ્રતિકાર કરે છે. આ ત્રણે મતોના પ્રતિકાર અને તીર્થંકર ભગવાનોએ ધર્મશાસ્ત્રમાં કહેલ મુજબ દલીલ અને પુરાવા સહિત સંક્ષિપ્ત સ્વરૂપ એવી રીતે કરે છે કે તેથી મહાબળ રાજા સ્વયંબુદ્ધ મંત્રીએ જ જાણે પોતાનો તથા ધર્મનો ઉદ્ધાર કર્યો હોય તેમ માની ખરી વસ્તુ હૃદયમાં ઉતારે છે. (કારણ કે હલુકર્મી આત્મા અને જેનો જીવ પ્રથમ તીર્થંકર ભગવાન થવાનો છે તેઓને આવી વસ્તુ સમજાઈ જાય જ છે) તેથી તેમને યુવાવસ્થા કે જે કામદેવ રતિ સાથે ક્રીડા કરતી અવસ્થા હોઈ વૃદ્ધાવસ્થાને બદલે યુવાવસ્થામાં શા માટે ધર્મ સાધવો? તે શંકાનું નિરાકરણ મુખ્ય મંત્રી કરે છે. બાદ સ્વયંબુદ્ધ મંત્રી બાલવયમાં રાજાના પિતામહ નંદનવનમાં દેવરૂપે દેખેલ તેણે દેવ

થવાનું કારણ 'ધર્મસેવન ચારિત્ર અંગીકાર કરવાથી—પાળવાથી હું દેવ થયેલ છું' તે હકીકત જણાવતાં પ્રત્યક્ષ ધર્મસેવનનું જ ફળ જણાવાથી રાજાને તે વસ્તુ ખરી લાગતાં મંત્રીને પોતાના ગુરુ સમાન ગણે છે. પછી સ્વયંબુદ્ધ મંત્રી રાજા મહાબળના પૂર્વજોનો પરિચય કરાવે છે. મંત્રીએ કહ્યું કે અવસર વગર પણ આજે આપને કહી રહ્યો છું તેનું કારણ બે ચારણમુનિઓ પાસેથી મેં જાણ્યું છે કે—આપનું આયુષ્ય હવે એક માસનું જ બાકી છે વગેરે. આ ઉપરથી મહારાજાને સંસારની અસારતા જણાતાં પુત્રને ગાદીએ બેસાડી, ધર્મ મહોત્સવો વગેરે કરી ચારિત્ર સ્વીકાર્યું અને બાવીશ દિવસ સુધી અનશન પાળી, પંચપરમેષ્ઠિમંત્રનું સ્મરણ કરતાં આયુષ્ય પૂર્ણ કરી મહાબળ રાજા ઈશાન દેવલોકમાં દેવ થાય છે. ઉપરોક્ત ત્રણ મંત્રીઓએ કરેલ નાસ્તિક, બૌદ્ધ અને માયાવાદનો ઉપદેશ અને સ્વયંબુદ્ધ મંત્રીએ તેનો કરેલ પ્રતિકાર, મહાબળ રાજાનો પૂર્વભવ આ બધી હકીકતો ખાસ પઠનપાઠન કરવા જેવી છે.

## સર્ગ ચોથો (પૃ. ૫૮ થી ૭૪)

શ્રી ઋષભદેવ ભગવાનનો પાંચમો ભવ ઈશાન દેવલોકમાં **શ્રીપ્રભ** નામના વિમાનને વિષે **લલિતાંગ** નામના દેવપણે ઉત્પન્ન થાય છે. તે લલિતાંગ દેવના આભૂષણનો વર્ણન, ઈશાન દેવલોકનું વર્ણન અહીં ગ્રંથકાર આચાર્ય મહારાજ કરે છે, જે જાણવા જેવું છે. પછી લલિતાંગ દેવે અવધિજ્ઞાનથી મહાબળ રાજાના ભવમાં શું શું ધર્મસેવન કર્યું તે જાણી અને પ્રથમ તે દેવલોકમાં શાશ્વતી જિનપ્રતિમાનું પૂજન, વંદન, નમસ્કાર કરી અંતઃપુરમાં જાય છે, ત્યાં સ્વયંપ્રભાદેવીને તેણે જોઈ. અહીં તે દેવીના સુંદર સ્વરૂપનું, ધારણ કરેલા અલંકારનું મનોહર વર્ણન આપવામાં આવે છે, તે જાણવા જેવું છે. પૂજ્ય આગમોમાં કઈ કઈ હકીકત કયે સ્થળે હોય તે તો ગીતાર્થ જાણી શકે; પરંતુ આવી આવી હકીકતો આગમમાંથી વીણી વીણીને આવા કથાનુયોગના ગ્રંથોમાં ગૂંથી પૂર્વાચાર્યોએ આપણી ઉપર કેટલો ઉપકાર કર્યો છે તે શ્રદ્ધાળુ મનુષ્યોને જણાયા વગર રહેશે નહિ.

પછી સ્વયંપ્રભા ત્યાંથી ચ્યવી જતાં લલિતાંગ દેવ તેના વિરહ માટે વિલાપ કરે છે. અહીં મહાબળ રાજર્ષિનો અનશનદ્વારા સ્વર્ગવાસ જાણી, મંત્રી સ્વયંબુદ્ધ શ્રી સિદ્ધસૂરિ પાસે ચારિત્ર લઈ, નિરતિચાર પાળી, આયુષ્ય પૂર્ણ થયે ઈશાન દેવલોકમાં **દૃઢધર્મા** નામે દેવ થાય છે. તેણે અવધિજ્ઞાનદ્વારા પોતાના સ્વામી લલિતાંગ દેવને રૂદન કરતાં જાણી તેને પ્રતિબોધ પમાડવા ઉપદેશ આપે છે અને અવધિજ્ઞાનદ્વારા સ્વયંપ્રભાનો પૂર્વભવ જાણે છે. પૂર્વભવે તે **નિર્નામિકા** નામની દુર્ભાગી કન્યા હતી અને તે રખડતી રખડતી **અંબરતિલક** પર્વત ઉપર જતાં ત્યાં બિરાજમાન **શ્રી યુગંધર** કેવલીનો ઉપદેશ શ્રવણ કરે છે. જેમાં કેવલી ભગવાને ઉપદેશ આપતાં નરકગતિમાં રહેલ નરક જીવોના દુઃખનું વર્ણન તે દુર્ભાગી કન્યાને સંભળાવે છે. આ દુઃખોનું આ સ્થળે બતાવેલ વર્ણન વાંચવા જેવું હોઈ તે વાંચતા વાચક નરકગતિને યોગ્ય પાપો કરતાં ઘડીભર કંપે છે, અને પશ્ચાત્તાપ પણ કરે છે. આવા ઐતિહાસિક ઉપદેશક ગ્રંથો વાંચતાં વાચકને ધર્મનું કેવું અને કેટલું જ્ઞાન થાય છે અને આત્માને કેટલી શાંતિ પ્રાપ્ત થાય છે તે આવા સુંદર ચરિત્રો વાંચવાથી સમજાય છે.

હવે તિર્યંચાદિ ગતિમાં જીવોને કેવી દુઃખની પરંપરા વેઠવી પડે છે તેનો કેવળી ભગવાન ઉપદેશ આપે છે. કેટલાક દુઃખો તિર્યંચોના આપણે જે વર્તમાનમાં નજરે જોઈએ છીએ તેનો આ

શાસ્ત્રાધાર પુરાવો છે. સાથે પાંચે વિરમણ વ્રતોનું સંક્ષિપ્ત વર્ણન આપે છે. ઉપરોક્ત બોધ શ્રવણ કરી નિર્નામિકા ઘેર જઈ તીવ્ર તપ કરવો શરૂ કરે છે,અને વિશેષ વૈરાગ્યવાસિત થઈ તે જ કેવળી ભગવાન પાસે અનશન વ્રત સ્વીકારે છે. ત્યાં લલિતાંગદેવને તેનો મિત્ર દેવ ત્યાં જવાને પોતાનું રૂપ બતાવવા જણાવે છે. (શાસ્ત્રકાર મહારાજ કહે છે તેમ 'અંત સમયે જેવી મતિ હોય તેને અનરૂપ ગતિ થાય છે.') દેવ ત્યાં જાય છે. પછી નિર્નામિકા આયુષ્ય પૂર્ણ થયે ત્યાંથી કાળધર્મ પામી તેની સ્વયંપ્રભા નામની દેવી થાય છે.

હવે તે જ દેવલોકમાં લલિતાંગ દેવનું આયુષ્ય પૂર્ણ થવા આવતાં દરમિયાન (ત્યાં તેમના દેવના દેહની શું સ્થિતિ થાય છે તેનું વર્ણન આપવામાં આવેલ છે; તે પણ જાણવા જેવું છે.) તેની પ્રિયા સાથે વાર્તાલાપ કરે છે. દરમિયાન ઈશાનેન્દ્રનો દૂત દેવ 'નંદીશ્વર મહાતીર્થમાં દેવો વંદન કરવા જવાના છે ત્યાં તમારે આવવું' તેમ ફરમાન થતાં શ્રી નંદીશ્વરદ્વીપે શાશ્વત પ્રભુનું અર્ચન કરી, ત્યાંથી બીજા તીર્થોએ ગમન કરતો રસ્તામાં આયુષ્ય પૂર્ણ થતાં લલિતાંગ દેવ ત્યાંથી ચ્યવીને પૂર્વ મહાવિદેહ ક્ષેત્રની સીતા નદીની ઉત્તર દિશા નજીકમાં આવેલ **પુષ્કલાવતી** વિજયના **લોહાર્ગલ** નગરમાં **સુવર્ણજંઘ** રાજા અને તેની **લક્ષ્મી** નામની રાણીની કૂખે પુત્રપણે જન્મે છે. જ્યાં તેનું **વજ્રજંઘ** એવું નામ રાખવામાં આવે છે. કુમાર યુવાન થતાં અનેક કળાઓ શીખ્યો અને પુણ્યબળે તે કુમાર વિશ્વને વિષે વીરશિરોમણિ થયો.

## સર્ગ પાંચમો. (પૃ. ૭૫ થી ૮૬)

### શ્રી આદિનાથ પ્રભુનો પાંચમો, છઠ્ઠો, સાતમો તથા આઠમો ભવ.

**પુષ્કલાવતી** નામની વિજયમાં **પુંડરીકિણી** નામની નગરીમાં **શ્રી વજ્રસેન** નામના ચક્રવર્તી રાજા અત્યંત ઋદ્ધિશાળી રાજ્ય કરે છે. તેમને **ગુણવતી** નામની પટ્ટરાણી છે. હવે ત્યાં લલિતાંગદેવની સ્વયંપ્રભા નામની દેવી જે હતી તે પટ્ટરાણીની કુખે જન્મે છે, જેનું **શ્રીમતી** નામ આપવામાં આવે છે. યૌવનાવસ્થા પામતાં એક વખત ક્રીડા કરવામાં રક્ત એવી તેણી **સર્વતોભદ્ર** નામના મહેલ ઉપર ચઢી જ્યાં મનોરમ નામના ઉદ્યાનમાં **સુસ્થિત** નામના મુનિવરને ઉત્પન્ન થયેલ કેવળજ્ઞાનનો મહોત્સવ કરવા ચારે બાજુએથી આવતા દેવોને જોવે છે. 'તેવામાં કોઈ સ્થળે આવું મેં જોયેલું છે' એમ વિચારતાં શ્રીમતીને ત્યાં જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થાય છે અને મૂર્ચ્છિત થાય છે. પછી ઉપચારોવડે સચેત થતાં તેની **પંડિતા** નામની ધાત્રીએ બીજી સખીઓને થોડો વખત જવા રજા આપી અને શ્રીમતીને ચિંતાનું કારણ પૂછતા તે પોતાના દેવ તરીકેનો પૂર્વભવ જણાવે છે અને તે લલિતાંગકુમાર જ્યાં જન્મ્યા હોય તેને જ માત્ર વરવા મારી ઇચ્છા છે તેમ જણાવતાં પંડિતાએ તેના કહેવા પ્રમાણે લલિતાંગદેવ અને શ્રીમતીનું ચિત્રપટ બનાવ્યું. ત્યાં **દુર્દર્શન** રાજાનો **દુર્દાન્ત** નામનો પુત્ર તે ચિત્રપત્ર જોઈ ખોટી મૂર્ચ્છા પામ્યો અને મૂર્ચ્છા વળતાં તે હિંમતપૂર્વક બોલ્યો કે—મને જાતિસ્મરણજ્ઞાન આ ચિત્રપટ જોવાથી થયું છે. સ્વયંપ્રભા મારી સ્ત્રી છે. આ બાબતમાં પૂર્વભવની કેટલીક હકીકત જણાવતાં તેનાં ખુલાસા નહિં કરી શકવાથી તેનું કપટ જણાઈ આવતાં ઉપહાસ થતાં દુર્દાન્ત વ્યાકુળ બની જાય છે.

હવે લોહાર્ગલ નગરના વજ્રજંઘ કુમાર વજ્રસેન ચક્રવર્ત્તીની સેવા માટે કૌતુકથી ત્યાં આવતાં તે ચિત્રપટ પોતાના પૂર્વજન્મનું છે, એમ વિચારતાં જાતિસ્મરણજ્ઞાન થતાં મૂર્ચ્છા પામે છે. ઉપચારોથી શુદ્ધિ આવતાં, પૂર્વભવની તમામ બીના બરાબર જણાતાં પંડિતા શ્રીમતી પાસે જઈ તે વૃત્તાંત જણાવતાં રોમાંચિત થાય છે. ચક્રવર્ત્તી શ્રીમતીને વજ્રજંઘ કુમાર સાથે તરત જ પરણાવે છે. પછી પ્રિયાને લઈ વજ્રજંઘ કુમાર પોતાના નગરે આવે છે, ત્યાં તેનો પિતા તેને રાજ્યગાદીએ બેસાડી ચારિત્ર અંગીકાર કરે છે. વજ્રસેન ચક્રવર્ત્તી પણ પોતાના **પુષ્કલપાલ** નામના કુંવરને રાજ્ય અર્પણ કરી દીક્ષા લે છે. બાદ વજ્રસેન તીર્થંકર પદ પામે છે. અત્રે બંને રાજ્યકુટુંબને પુત્રપ્રાપ્તિ થાય છે. પછી પુષ્કલપાલ રાજાના ઉપર ચઢી આવતા અન્ય રાજાઓને જીતવા વજ્રજંઘકુમાર જાય છે, તેને જીતી પોતાના નગર તરફ પાછા ફરતાં એક દૃષ્ટિવિષ સર્પ પ્રથમ જતાં જોયેલો, તેનું નિર્વિષ થયેલ જોતાં તેનું કારણ પૂછતાં **મુનિસેન** અને **સાગરસેન** નામના મુનીશ્વરોને કેવળજ્ઞાન પ્રાપ્ત થવાથી દેવો મહોત્સવ કરવા આવેલા તેના પ્રભાવથી તે સર્પ નિર્વિષ થયો જાણી તે મહામુનિવરો તે કુમારના સગા ભાઈઓ થતા હતા તેથી તેમનું દર્શન કરીને તે મુનિવરોના ઉપદેશનું શ્રવણ કરે છે. ઉપદેશ સાંભળી કુમાર વૈરાગ્યવાસિત થતાં પોતાના નગરે આવી પુત્રને રાજગાદીએ બેસાડવાનો વિચાર કરે છે ત્યાં તેના પુત્રે રાજ્યની લાલચે પ્રધાનમંડળને ફોડી નાખ્યું અને વજ્રજંઘ તથા શ્રીમતી 'સવારે ચારિત્ર લેશું' તેમ ભાવતા રાત્રિના સૂઈ રહે છે. દરમિયાન તેના દુષ્ટપુત્રે ઝેરી ધૂપનો ધૂમાડો કર્યો જેથી બંનેના પ્રાણોનો નાશ થાય છે. જુઓ કર્મની ગતિ! ત્યાંથી કુમાર ને શ્રીમતી મૃત્યુ પામીને ઉત્તરકુરુ ક્ષેત્રને વિષે યુગલિકરૂપે અવતરતાં ત્યાં દશ કલ્પવૃક્ષોથી મનોરથો પૂર્ણ થતાં, આયુષ્ય પૂર્ણ થતાં ત્યાંથી ચ્યવી આઠમા ભવે સૌધર્મ દેવલોકમાં બંને દેવ તરીકે ઉત્પન્ન થયાં અને ત્યાં પોતાની દેવીઓ સાથે નંદનવનમાં ક્રીડા કરે છે.

## સર્ગ છઠ્ઠો. (પૃ. ૮૭ થી ૧૦૭)

## શ્રી આદીશ્વર પ્રભુનો નવમો, દશમો, અગિયારમો અને બારમો ભવ.

આ જંબૂદ્વીપના મહાવિદેહમાં **ક્ષિતિપ્રતિષ્ઠિત** નામના નગરમાં **ઇશાનચંદ્ર** રાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં **સુવિધિ** નામના વૈદ્યને ઘેર વજ્રજંઘનો જીવ પ્રથમ દેવલોકમાંથી ચ્યવી પુત્રપણે જન્મ્યો, જેનું **જીવાનંદ** નામ આપવામાં આવ્યું. બીજા પણ ચાર ઉત્તમ પુત્રો જેમાંથી એક **ઇશાનચંદ્ર** રાજાની **કનકાવતી** રાણીની કુક્ષીએ જન્મ્યો તેનું નામ **મહીધર** રાખવામાં આવ્યું. બીજો **સુનાસીર** મંત્રીની **લક્ષ્મી** નામની પત્નીના પુત્ર તરીકે જન્મ્યો જેનું **સુબુદ્ધિ** નામ રાખવામાં આવ્યું. ત્રીજો **સાગરદત્ત** સાર્થવાહની **અભયમતી** નામની ભાર્યાનો **પૂર્ણભદ્ર** નામે પુત્ર થયો અને ચોથો **ધન** નામના શ્રેષ્ઠીની **શીલમતી** નામની સ્ત્રીનો **ગુણાકર** નામનો પુત્ર થયો. એ પાંચે ઉત્તમ પુત્ર અનુક્રમે વધવા લાગ્યા. હવે શ્રીમતીનો જીવ ચ્યવીને તે જ નગરમાં **ઈશ્વરદત્ત** નામના શ્રેષ્ઠીને ત્યાં **કેશવ** તરીકે ઉપન્ન થયો અને છએ મિત્રો બન્યા. હવે જીવાનંદ વૈદ્યે વંશપરંપરાથી ચાલ્યું આવતું અષ્ટાંગ આયુર્વેદનું (સર્વ પ્રકારનું વૈદ્યકનું) જ્ઞાન મેળવી તેમાં પારંગત બન્યો. આ જીવાનંદ વૈદ્ય વગેરે છ મિત્રો જીવાનંદને ત્યાં વાર્તાલાપ કરતાં હતાં, દરમ્યાન એક **ગુણાકર** નામના મુનિ કે જે **પૃથ્વીપાલ**

રાજાના પુત્ર હતા તેમને વૈરાગ્ય ઉત્પન્ન થતાં રાજ્યનો ત્યાગ કરી ચારિત્ર લીધું હતું, તેમજ અનેકવિધ તપસ્યા કરવાથી જેનું શરીર કૃશ થતાં અને અલ્પ, અપથ્ય અને અહિતકર ભોજન લેવાયાથી તેઓના શરીરે કૃમી રોગ થવા છતાં ઔષધ ગ્રહણ કરતા નહોતા. તેઓ એકદા છઠ્ઠના પારણાને દિવસે પરુ ઝરતા શરીરે આ વૈદ્યને ત્યાં આવતાં આ છએ મિત્રો પૈકી મહીધર રાજપુત્રે કહ્યું કે વૈદ્યમાં કદી કરુણા હોતી નથી વગેરે. અત્યારે વૈદ્ય, હકીમ, ડોક્ટરનો ધંધો કરતા મનુષ્યો કેવા હોય છે અને તેમના ધંધામાં દયાની કેટલી જરૂર છે તે હકીકત મહીધર જણાવે છે, જે મનન કરવા યોગ્ય છે. મહીધરે કેટલીક ઉપહાસયુક્ત વાણીમાં જીવાનંદને વૈદ્ય તરીકેના ધંધા માટે કહ્યા પછી જીવાનંદને વ્યાધિગ્રસ્ત આવેલા મુનિની ચિકિત્સા કરવાથી થતું આત્મકલ્યાણ સમજાવવાથી પાંચ મિત્રો સાથે મુનિની સારવાર કરવા જીવાનંદે વિચારણા કરતાં જણાવ્યું કે—'મારી પાસે લક્ષપાક તેલ છે અને ગોશીર્ષચંદન અને રત્નકંબલ એ બે વસ્તુઓ હે મિત્રો! તમે મને લાવી આપો,' જેથી મુનિશ્રીનો આ વ્યાધિ જરૂર નાશ પામશે. પછી મુનિશ્રી ગોચરી લઈ પોતાના સ્થાને ગયા અને મિત્રો તે શહેરના એક વણિકને ત્યાં બે વસ્તુઓ ખરીદવા ગયા. તે વણિક વેપારીએ તેના એક એક લાખ રૂપિયા માગ્યા, જેથી મિત્રોએ એક તપસ્વી મુનિની ચિકિત્સા કરવા આ બે વસ્તુની જરૂર જણાવતાં વણિક મિત્રોની આવી ધર્મબુદ્ધિ જોઈ, તેને પણ મુનિની સેવા કરવા ઇચ્છા થતાં તે મિત્રોને જણાવ્યું કે—"તમારા આ ધર્મકાર્યમાં ભાગીદાર થવા હું વિનામૂલ્યે આ બંને વસ્તુઓ આપું છું અને નાશવંત ધનને બદલે અવિનશ્વર ધર્મને ચાહું છું." વગેરે તે વણિકે જણાવ્યું, અને પોતાનું તમામ દ્રવ્ય ધર્મમાર્ગે ખરચી, સંજમ લઈ છેવટે તેણે મોક્ષસુખ પ્રાપ્ત કર્યું. આ હકીકત ખાસ વાંચવા જેવી છે.

પછી છએ મિત્રો એ ત્રણે ચીજો લઈ વડલાના ઝાડ નીચે રહેલા ગુણાકર મુનિની ચિકિત્સા કરવા ગયા. ત્યાં ધ્યાનમગ્ન મુનિને વિનતિ કરી સારવાર કરવાની આજ્ઞા માંગી. મુનિના શરીરની સારવાર કરવી શરૂ કરી અને તેમ કરતાં શરીરમાંથી જે જીવાત નીકળે તેને અભયદાન આપવા એક મરેલ ગાયનું શબ ત્યાં લાવ્યા. ઉપયોગધર્મ બરાબર સાચવી તે છએ મિત્રો પ્રથમ મુનિના શરીરે લક્ષપાક તેલ ચોળે છે, દરમિયાન મુનિ મૂર્ચ્છા પામ્યા. તે તેલ શરીરમાં પ્રસરતા જીવાત બહાર નીકળી આવી. જીવાનંદ વૈદ્યે મુનિના શરીર ઉપર રત્નકંબલ ઢાંકી દીધી જેથી થોડીવારમાં જીવાત તે રત્નકંબલને ચોંટી ગઈ, જીવાનંદે ધીમે ધીમે રત્નકંબલ ત્યાંથી લઈ ગાયના શબ ઉપર ખંખેરી નાખી અને પછી દાહ શાંત કરવા મુનિના શરીરે ગોશીર્ષચંદનનો લેપ કર્યો. એમ ત્રણ વાર ક્રિયા કરી મુનિરાજને રોગ રહિત કર્યા. પછી છએ મિત્રોને ધર્મલાભી મુનિવર અન્યત્ર વિહાર કરી ગયા.

પછી છએ મિત્રોએ રત્નકંબલ, ગોશીર્ષચંદન અને પોતાની પાસે રહેલ સુવર્ણથી એક જિનમંદિર કરાવ્યું. તેમાં અતિ કાંતિમાન જિનપ્રતિમાની સ્થાપના કરી. પ્રતિદિન અષ્ટ પ્રકારી પૂજા કરવા લાગ્યા. અહીં સંક્ષિપ્તમાં પૂજાની હકીકત અને પૂજાથી આત્માને થતો લાભ વગેરે ગ્રંથકાર મહારાજે જણાવેલ છે. તે પછી છએ મિત્રોએ કરેલી ભાવપૂજાનું વર્ણન આપવામાં આવ્યું છે. તે જાણી સર્વને આદરવા યોગ્ય છે. આ રીતે પ્રભુભક્તિ કરતાં સમકિતમાં તેઓ સ્થિર થયા અને ગુરુદ્વારા બાર વ્રતો લઈ પાલન કરવા લાગ્યા. પોતાના દ્રવ્યથી જ્ઞાનનો પણ ઉદ્ધાર કરી સાત ક્ષેત્રોમાં

પોતાના દ્રવ્યનો સદુપયોગ કરી છએ મિત્રોએ એક સાથે દીક્ષા લીધી. જીવનપર્યંત નિરતિચાર ચારિત્ર પાળી, આયુષ્ય પૂર્ણ થયે છએ મિત્રો બારમા અચ્યુત દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા.

જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં **પુષ્કલાવતી** વિજયમાં **પુંડરીકિણી** નામની નગરીને વિષે **વજ્રસેન** નામના રાજાને **ધારિણી** નામની પટ્ટરાણીની કુક્ષીથી જીવાનંદાદિ પાંચ મિત્રોના નીચે પ્રમાણે અનુક્રમે જન્મ થયા. પ્રથમ જીવાનંદ વૈદ્યનો જીવ ચૌદ સ્વપ્નથી સૂચિત **વજ્રનાભ** નામનો પ્રથમ પુત્ર થયો, રાજકુમાર મહીધરનો જીવ **બાહુ** નામના બીજા પુત્ર તરીકે, મંત્રી પુત્ર સુબુદ્ધિનો જીવ **સુબાહુ** નામે ત્રીજા પુત્ર તરીકે, શ્રેષ્ઠી પુત્ર ગુણાકરનો જીવ **પીઠ** નામે ચોથા પુત્ર તરીકે, સાર્થવાહ પુત્ર પૂર્ણભદ્રનો જીવ **મહાપીઠ** નામના પાંચમા પુત્ર તરીકે, છઠ્ઠા મિત્ર કેશવનો જીવ **સુયશા** નામનો રાજપુત્ર થયો કે જે બાળવયથી જ વજ્રનાભનો મિત્ર બન્યો હતો.

એકદા લોકાંતિક દેવોએ આવી વજ્રસેન રાજાને "ધર્મતીર્થ પ્રવર્તાવો" એમ વિનતિ કરી એટલે પોતાના પુત્ર વજ્રનાભને ગાદીએ બેસાડી, સાંવત્સરિક દાન દીધું. **વજ્રસેન તીર્થંકર મહારાજ**નો દેવો અને મનુષ્યોએ દીક્ષા મહોત્સવ કર્યો અને તે નગરીથી વિહાર કરી ગયા. થોડા વખત પછી કેવળજ્ઞાન પ્રગટ થયું. તે જ સમયે વજ્રનાભ ચક્રવર્તીની આયુધશાળામાંથી ચક્રરત્ન ઉત્પન્ન થયું અને પછી બીજા તેર રત્નો પ્રાપ્ત થયા. પછી ચાર ભાઈઓ અને બાળસખા સુયશ સારથીને સાથે રાખી છ ખંડ સાધ્યા. પછી સર્વ વીતરાગ ભગવાનની ઉપાસના કરવા લાગ્યા, જેથી વજ્રનાભના મનમાંથી સંસારની અસારતાથી પ્રગટેલ વૈરાગ્ય જરાપણ દૂર થયો નહિ.

એકદા શ્રી વજ્રસેન તીર્થંકર મહારાજ પુંડરીકિણી નગરીમાં પધાર્યા અને દેવોએ સમવસરણની રચના કરી. વજ્રનાભ તેમના ભાઈ અને મિત્ર સુયશા સહિત પ્રભુના દર્શન માટે આવ્યા. પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઈ, વાંદી, યોગ્ય સ્થાનકે બેઠા. પછી પ્રભુએ સંસારની અસારતા અને ક્લેશને નાશ કરનારી કર્ણને અમૃત સરખી ધર્મદેશના આપી, જે સાંભળી વજ્રનાભ ચક્રવર્ત્તી વગેરે વૈરાગ્યવાસિત થયા. પાંચ ભાઈઓ અને છઠ્ઠા મિત્ર સુયશાએ પ્રભુ પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરી અને જ્ઞાન પ્રાપ્ત કર્યું. ઉગ્ર તપશ્ચર્યા શરૂ કરી. ત્યારબાદ વજ્રસેન પ્રભુ મોક્ષે પધાર્યા અને વજ્રનાભ મુનિ અન્ય મુનિવરો સહિત અન્યત્ર વિહાર કરી ગયા. આ છએ મુનિવરોને તપના પ્રભાવથી ખેલાદિ વગેરે લબ્ધિઓ પ્રાપ્ત થઈ જેનું જાણવા જેવું વર્ણન અહીં આપવામાં આવેલ છે. તપનો કેવો અચિંત્ય મહિમા છે તે પણ જણાય છે. આ સર્વ મુનીશ્વરને સમ્યગ્જ્ઞાનને પ્રગટાવનારું બીજબુદ્ધિપણું પ્રાપ્ત થયું. હવે અત્રે બીજબુદ્ધિ તથા સાથે અમૃતાસવ વગેરે લબ્ધિઓનું વર્ણન આપવામાં આવ્યું છે. ત્યારબાદ શ્રી વજ્રનાભે વીશસ્થાનક તપનું આરાધન કરી તીર્થંકર નામકર્મઉપાર્જન કર્યું તે વીશસ્થાનક તપનું તથા બાહુ, સુબાહુ, પીઠ, મહાપીઠે કરેલ વૈયાવૃત્યાદિનું વર્ણન આપેલ છે. છએ મુનિવરો ત્યાં કાળધર્મ પામી સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉપજ્યા.

## સર્ગ ૭ મો. (પૃ. ૧૦૮ થી ૧૪૫)

આ સર્ગની શરૂઆત કરતાં કુલકરોની ઉત્પત્તિ અને પ્રભુના જન્મ મહોત્સવ સંબંધી વૃત્તાંત

જણાવે છે. જંબૂદ્વીપના પશ્ચિમ મહાવિદેહમાં **અપરાજિતા** નગરીમાં **ઇશાનચંદ્ર** રાજા રાજ્ય કરે છે. જ્યાં **ચંદનદાસ** નામના શ્રેષ્ઠીને **સાગરચંદ્ર** નામનો પુત્ર છે. અહીં પ્રથમ વસંત ઋતુનું વર્ણન આપતાં તે ઈશાનચંદ્ર રાજા સાગરચંદ્ર અને નાગરિકોને વસંતલીલા માટે ઉદ્યાનમાં જવા ફરમાવે છે. આ હકીકત સાગરચંદ્ર પોતાના મિત્ર અશોકદત્તને જણાવે છે અને ઉદ્યાનમાં જાય છે. ત્યાં અચાનક 'કોઈ બચાવો, કોઈ બચાવો' એવો કોઈ ભયભીત લલનાનો કરુણાજનક અવાજ આવે છે, જેથી આ અવાજ સાંભળી સાહસિક સાગરચંદ્ર તે તરફ જાય છે, જ્યાં પૂર્ણભદ્ર શેઠની પુત્રી **પ્રિયદર્શના**ને લૂંટારાથી પકડાયેલી જોતાં લૂંટારાઓને પરાજય આપી પ્રિયદર્શનાને છોડાવે છે. પ્રિયદર્શના સાગરચંદ્ર કોઈ પરોપકારી પુરુષશ્રેષ્ઠ નર છે એમ વિચારી તેના પર સ્નેહદષ્ટિથી ખેંચાતી પોતાને આવાસે જાય છે. સાગરચંદ્ર પણ પોતાના મિત્ર સાથે પોતાના આવાસે જાય છે. સાગરચંદના પિતા આ હકીકત જાણી વિચાર કરે છે કે પ્રિયદર્શના ઉપરનો સાગરચંદ્રનો પ્રેમ ઉચિત છે; પરંતુ લૂંટારા સાથે વણિકે કદી પણ શૂરવીરને છાજતું પરાક્રમ કરવું નહિ. વળી અશોકદત્ત સાથે તેની મિત્રતા પણ છાજતી નથી એમ વિચારી સાગરચંદ્રને તેના પિતાએ શાંત વચનોથી વ્યવહારનું સ્વરૂપ, વડીલ પુરુષોના વચનો માનવાથી થતો લાભ અને નહિ માનવાથી થતાં અનર્થો, તેમજ વણિકોનો વ્યાપાર, કલા–કૌશલ્ય એ જીવનસ્વરૂપ જણાવતાં બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો અને ક્ષુદ્રોએ કેવી રીતે જીવનનિર્વાહ ચલાવવો તે જણાવે છે. સાથે વણિકનો શું ધર્મ કર્ત્તવ્ય છે? તેમણે પોતાની કઈ બાબતો ગુપ્ત રાખવી? કેવી રીતે લક્ષ્મી ઉપાર્જન કરવી? વગેરે બાબતો વિસ્તારથી જણાવે છે. વણિકોએ—વ્યાપારીઓએ તેમાં જણાવ્યા પ્રમાણે જાણવા, આદરવા અને ત્યાગવા લાયક છે. સત્સંગથી થતો લાભ, તે શી રીતે પ્રાપ્ત થાય? તેથી શું લાભ થાય? અને કુસંગ કોને કહેવો? અને તેનાથી શું નુકશાન થાય વગેરે શિખામણ સર્વને ખાસ ધ્યાન કરવા યોગ્ય છે. ત્યારબાદ ચંદનદાસ શ્રેષ્ઠી પોતાના પુત્ર માટે પૂર્ણભદ્ર શેઠ પાસે પ્રિયદર્શનાની માગણી કરતાં યોગ્ય જાણી કબૂલ કરે છે અને સાગરચંદ્રના તેની સાથે લગ્ન થાય છે.

એક વખત બહારગામ ગયેલા સાગરચંદ્રના શૂન્ય ઘરમાં કામાસક્ત અશોકદત્ત પ્રવેશ કરે છે અને પ્રિયદર્શનાને જણાવે છે કે 'તારો પતિ ધનદત્તની પત્ની સાથે એકાંતમાં મળે છે, તેવી રીતે મારી ઈચ્છા તારા પ્રત્યે છે' તેમ કહેતા પ્રિયદર્શના તેનો તિરસ્કાર કરે છે અને હાંકી કાઢે છે. રસ્તામાં તેને સામેથી સાગરચંદ્ર મળે છે, તેનું મ્લાન મુખ દેખીને તેનું કારણ પૂછતાં અશોકદત્ત પોતાનું પાપ છુપાવવા કપટજાળથી કહે છે કે 'પ્રિયદર્શના નિરંતર મારી પાસે અનુચિત માગણી કરે છે. આજે પણ તારે ઘેર જતાં મને રોકી રાખતાં મહામહેનતે મારી જાતને છોડાવી' એમ અશોકદત્ત પોતાના ખેદનું મિથ્યા કારણ જણાવતાં સાગરચંદ્ર સ્ત્રીઓની રીતભાત સંબંધી વર્ણન કરે છે. છતાં પ્રિયદર્શનાએ અશોકદત્તની ખરાબ વર્તણૂંક જણાવી નહિ. છેવટે સાગરચંદ્ર, પ્રિયદર્શના અને અશોકદત્ત આયુ પૂર્ણ કરી મૃત્યુ પામ્યા. સાગરચંદ્ર અને પ્રિયદર્શના ત્રીજા આરાનો પલ્યોપમનો આઠમો અંશ બાકી હતો ત્યારે બન્ને યુગલિકરૂપે જન્મ્યા.

હવે અહીં કાળચક્રના ભેદોપભેદનું સ્વરૂપ જે કે ગણિતાનુયોગનો વિષય હોવા છતાં મનન કરવા જેવું છે તે તેમજ યુગલિકોને ઈચ્છિત વસ્તુઓ આપનાર દશ કલ્પવૃક્ષોનું વર્ણન આપવામાં આવેલ છે.

અશોકદત્તનો જીવ ત્યાં હસ્તિરૂપે જન્મે છે અને સાગરચંદ્રને પોતની પીઠ પર બેસાડે છે કે જ્યાં તેને **વિમલવાહન** નામથી બોલાવવામાં આવે છે. ત્યારબાદ કલ્પવૃક્ષના પ્રભાવની હાનિ ક્યારે થાય છે તે જણાવી તે હાનિ થવાથી સાગરચંદ્રનો જીવ જે યુગલિક થયેલ છે તેને અત્યંત શક્તિશાળી જાણી વિમલવાહન નામ આપી પોતાના રાજા તરીકે યુગલિકો સ્થાપે છે. તે વખતે ગુનાઓ—પાપો એટલાં બધાં બનતાં ન હતાં તેથી કચેરી, કોર્ટો, શિક્ષા તેવું પણ કંઈ ન હતું કારણ કે તેવા પાપોદોષો વગેરે તે વખતના યુગલિકો સરલ સ્વભાવી હોવાથી બનતાં ન હતાં; પરંતુ કાળક્રમ બદલાતો ચાલ્યો. કાળબળે યુગલિકો પરસ્પર પરાભવ પામવા લાગ્યા અને સહન કરવાને માટે અસમર્થ બન્યા ત્યારે ઉપર પ્રમાણે રાજાની સ્થાપના કરી. વિમલવાહનને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થતાં તે અનુસાર કલ્પવૃક્ષની વહેંચણી યુગલિકોને કરી આપે છે અને જરૂર જણાતાં રાજા તરીકે ત્યાં **હાકાર** રાજ્યનીતિ (કાયદો) દંડ દેવા માટે દાખલ કરે છે. અને આજ્ઞાનો ભંગ કરનારને તે જાતની વાણીની શિક્ષા કરે છે. હવે વિમલવાહનનું આયુષ્ય પૂર્ણ થવાને છ માસ બાકી રહ્યા ત્યારે તેની ચંદ્રયશા નામની સ્ત્રીએ શ્યામ વર્ણવાળા યુગલને જન્મ આપ્યો. તેનું આયુષ્ય, દેહમાન વગેરેના વર્ણન સાથે તેમના **ચક્ષુષ્મત** અને **ચંદ્રકાંતા** તેવા નામ આપવામાં આવે છે. છ માસ પછી વિમલવાહન પોતાનું આયુ પૂર્ણ થતાં સુવર્ણકુમાર અને તેમની પત્ની કાળ કરી નાગકુમાર નિકાયમાં ઉપજ્યા. હસ્તિ પણ મૃત્યુ પામી નાગકુમારમાં દેવ તરીકે ઉત્પન્ન થયો. અહીં ચક્ષુષ્મત અને ચંદ્રકાંતાએ પણ **યશસ્વી** અને **સુરૂપા** નામના યુગલનો જન્મ આપી, મૃત્યુ પામી સુવર્ણકુમાર અને નાગકુમાર નિકાયમાં ઉત્પન્ન થાય છે. અહીં હાકારનીતિનો યુગલિકો ભંગ કરતા હોવાથી યશસ્વીએ **માકાર નીતિ** (નો કાયદો) શરૂ કરી. તેમણે પણ **અભિચંદ્ર** અને **પ્રતિરૂપા** નામના યુગલિકનો જન્મ આપી બંને (યશસ્વી) અબ્ધિકુમાર અને (સુરૂપા) નાગકુમાર નિકાયમાં ઉત્પન્ન થાય છે. અભિચંદ્ર અને પ્રતિરૂપાએ પણ **પ્રસેનજિત** અને **ચક્ષુકાંતા** નામના યુગલિકોને જન્મ આપ્યો અને અભિચંદ્ર ઉદધિકુમાર અને પ્રતિરૂપા નાગકુમાર નિકાયમાં ઉત્પન્ન થયા. હવે અહીં પ્રસેનજિતે પૂર્વની જેમ **ધિક્કાર** નીતિ—શિક્ષા દાખલ કરી. તે કાળના મનુષ્યો કેવા સરલ હોય છે કે રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર અને યુગલિકોના દુરાચારને નાશ કરના ત્રિપુટીરૂપ માત્ર વાણીથી કહેવામાં આવતી શિક્ષાથી આજ્ઞાપાલક થઈ જતા હતા. ક્યાં તે જમાનો અને ક્યાં આજનો જમાનો? મનુષ્ય પ્રકૃતિ, શિક્ષાઓનું સ્વરૂપ અને ઉપરોક્ત ત્રણે રાજ્યનીતિનું સ્વરૂપ જાણવા જેવું અહીં આપેલ છે.

હવે આયુષ્યના પ્રાંતભાગમાં **મરુદેવ** અને **શ્રીકાંતા** નામના પોતાના કરતાં કંઈક ન્યૂન આયુવાળા યુગલને જન્મ આપ્યો, અને તે આયુ પૂર્ણ કરી પ્રસેનજિત દ્વીપકુમાર નિકાયમાં અને ચક્ષુકાંતા નાગકુમાર નિકાયમાં ઉપજી. પછી રાજ્યનું યોગ્ય રીતે પાલન કરતાં શ્રીકાંતાએ જગતનો ઉદ્ધાર કરનાર યુગલનો જન્મ આપ્યો જેનું **નાભિ** અને **મરુદેવા** નામ આપ્યું. આયુ પૂર્ણ થતાં મરુદેવ દ્વીપકુમાર નિકાયમાં અને શ્રીકાંતા નાગકુમાર નિકાયમાં ઉપજે છે.

હવે સાતમા કુલકર નાભિરાજાની પત્ની મરુદેવાની કુખમાં ચક્રવર્ત્તી વજ્રનાભનું આવવું થતાં મરુદેવી માતાને તીર્થંકર જન્મસૂચિત ચૌદ સ્વપ્ન કયા કયા અને કેવા કેવા સ્વરૂપે આવે છે તેનું સંક્ષિપ્ત વર્ણન આપવામાં આવેલ છે. તે ચૌદ સ્વપ્ન મરુદેવા નાભિરાજાને જણાવે છે. પછી ઇંદ્રોના

આસનકંપ થવાથી ઇંદ્ર મરુદેવા પાસે આવી, પ્રણામ કરી સ્વપ્ન–ફળનું કથન કરી ઇંદ્ર સ્વસ્થાને જાય છે. અહીં નાભિરાજાને ત્યાં ધન, ધાન્ય, યશ વૃદ્ધિ પામે છે. મરુદેવી માતા ગર્ભના પ્રભાવથી વિશેષ સ્વરૂપવાન, બુદ્ધિવાન, નિરોગી અને પ્રતિભાશાળી બને છે.

ચૈત્ર વદિ આઠમના રોજ અર્ધ રાત્રે ઉત્તરાષાઢા નક્ષત્રનો યોગ થતાં ધન રાશીયુક્ત ચંદ્ર આવેથી બધા ગ્રહ ઉચ્ચ સ્થાનમાં આવતાં વૃષભ લાંછનવાળા શ્રી પ્રથમ તીર્થંકર **શ્રી ઋષભદેવ** પ્રભુનો જન્મ થતાં પ્રથમ આસન કંપવાથી દિશાકુમારીઓનું આગમન થાય છે. તે છપ્પન દિશાકુમારીઓના નામ આપવામાં આવે છે અને તેઓ પોતપોતાની ફરજ પ્રમાણે પ્રભુનો જન્મ મહોત્સવ કરે છે કે જે વ્યવહાર છે. આ પ્રમાણે ભક્તિ કરી તે સ્વસ્થાને જાય છે. પછી ઇંદ્રોના આસન કંપાયમાન થતાં પ્રભુનો જન્મ જાણી–દેખી બધા દેવોને ખબર આપવામાં આવે છે અને ચોસઠ ઇંદ્રો, દેવો વગેરે પ્રભુનો જન્મ મહોત્સવ કરવા માટે આ ભરતક્ષેત્રમાં આવે છે. અહીં દેવવિમાનોનું વર્ણન આપવામાં આવેલ છે. માતાયુક્ત જિનેશ્વર ભગવંતને સર્વ દેવો પ્રદક્ષિણા દઈ નમસ્કાર કરે છે.

ત્યારબાદ સૌધર્મેદ્ર મરુદેવા માતાની સ્તુતિ કરી મેરુપર્વત પર ભગવાનને લઈ જાય છે; ત્યાં અતિપાંડુકબલા ઉપર શાશ્વતા સિંહાસન ઉપર પ્રભુને સ્નાત્રાભિષેક કરવા ઇંદ્ર પ્રભુને ખોળામાં લઈ બેસે છે. ત્યારબાદ ત્યાં ઈશાનેન્દ્ર વગેરે મેરુપર્વત ઉપર પોતાના વિમાનોદ્વારા આવે છે. અહીં દરેક ઇંદ્રોના વિમાનોના નામો આપવામાં આવેલ છે, જે જાણવા જેવા છે. ચોસઠ ઇંદ્રો અને દેવો આવ્યા પછી જિનેશ્વર ભગવંતના સ્નાત્રની વિધિ માટી, સોના, રૂપા, રત્ન વગેરેના કળશો ધૂપથી સુવાસિત કરી તીર્થોદકથી ઇંદ્રોએ પોતના ક્રમથી વિધિપુરસ્સર ભરી, જિનેશ્વર ભગવંતને સ્નાન કરાવી, પૂજી પ્રાર્થના કરે છે. પછી સૌધર્મેન્દ્ર જિનેશ્વરનો સ્નાત્રાભિષેક કરી, ભાવપૂજા તરીકે પ્રભુપ્રાર્થના કરી, પ્રભુને લઈને, પ્રભુના પિતૃગૃહે આવી, માતાના પડખામાં સ્થાપિત કરે છે અને ત્યાં પણ વિધિ કર્યા પછી ઇંદ્રો દેવો સહિત નંદીશ્વર દ્વીપે આવી શાશ્વત જિનેશ્વર સમક્ષ અઠ્ઠાઈ મહોત્સવ કરી પોતપોતાના સ્થાને જાય છે.

## સર્ગ આઠમો. (પૃ. ૧૪૬ થી ૧૫૯)

પ્રભુશ્રી આદિનાથની બાલ્યાવસ્થા જોઈ માતાપિતા હર્ષ પામે છે. માતા મરુદેવાએ ચૌદ સ્વપ્નમાં પ્રથમ વૃષભ જોવાથી તથા પ્રભુના સાથળ પ્રદેશમાં વૃષભનું ચિહ્ન હોવાથી નાભિ રાજા પ્રભુનું ઋષભદેવ નામ સ્થાપન કરે છે અને પ્રભુ સાથે જન્મેલ કન્યાનું **સુમંગળા** નામ રાખવામાં આવે છે. પરમાત્માના અંગૂઠામાં ઇંદ્રે સંક્રમાવેલ પોષણ આપનાર અમૃતનું ક્ષણે ક્ષણે પાન કરે છે. અને માતપિતાવડે લાલનપાલન કરાતાં પ્રભુ વૃદ્ધિ પામે છે. પ્રભુના જન્મને એક વર્ષ થયા બાદ પ્રભુના વંશની સ્થાપના કરવા ઇંદ્ર હાથમાં શેરડીનો સાંઠો લઈ આવે છે. પિતાના ખોળામાં બેઠેલા પ્રભુએ ઇંદ્રની ઇચ્છાને અનુલક્ષીને તે શેરડીના સાંઠા પ્રત્યે પોતાનો હાથ લંબાવ્યો જેથી ઇંદ્રે તેમના હાથમાં તે આપ્યો અને પછી પ્રભુના વંશની સ્થાપનામાં હું કારણભૂત બન્યો એમ વિચારી પ્રભુનો **ઈક્ષ્વાકુ વંશ** પૃથ્વીને વિષે સ્થાપીને ઇંદ્ર સ્વસ્થાને જાય છે. તીર્થંકર ભગવાનને ચોત્રીશ અતિશય

હોય છે જેમાં ચાર અતિશયો જન્મથી હોય છે. ૧. પ્રસ્વેદ, મલ અને વ્યાધિ રહિત અત્યંત સુગંધી, અતિશય કાંતિવાળું શરીર, ૨. અપરિપક્વ માંસના ગંધસમૂહથી રહિત અને ગાયના દૂધ જેવા શ્વેત રુધિર માંસ. ૩. લોકોને અગોચર એવો આહારવિહાર, ૪. વિકસિત કમળની સુવાસ સરખો શ્વાસોચ્છ્વાસ—એ ચારે અતિશયો પ્રભુને જન્મની સાથે જ થાય છે. હવે કુમારોનું રૂપ કરી પ્રભુને રમાડવા દેવતાઓ આવે છે. પ્રભુને આનંદ કરાવવા કેટલાક બાળક્રીડા કરે છે, કેટલાક દેવો નૃત્ય કરે છે, કેટલાક સાત સ્વરોવડે સંગીત કરે છે. એમ કરતાં પ્રભુ બાળવયને વ્યતીત કરી કૌમારાવસ્થાને પ્રાપ્ત થતા દેવોવડે લવાયેલ ઉત્તરકુરુક્ષેત્રના કલ્પવૃક્ષના ફળો તેમજ ક્ષીરસાગરના જળને આહાર અને પાણીરૂપે ગ્રહણ કરતા હતા. પ્રભુશ્રી ઋષભદેવ ભગવાન સિવાય ત્રેવીશ તીર્થંકર ભગવંતો ગૃહસ્થાવાસમાં તૈયાર ભોજન જમનારા હતા. હવે અહીં પ્રભુના શરીરનું વર્ણન કરવામાં આવે છે. પ્રભુના શરીરના તમામ અંગોપાંગનું વર્ણન અદ્ભુત અને અસાધારણ સુંદર છે, જે ખાસ વાંચવા અને જાણવા જેવું છે અને ખરેખર આવું સુંદર શરીર પરમાત્મા સિવાય બીજાનું હોઈ શકે નહિ. હજી અહીં યુગલિક ધર્મ ચાલે છે, દરમિયાન પુરુષ યુગલિકના મરણથી સ્ત્રીની શી દશા થાય છે તે ગ્રંથકાર મહારાજ બતાવે છે. બાલ્યાવસ્થા વિતાવનાર એક યુગલિક બાલોચિત ક્રીડા કરવા તાડના વનના મનોહર પ્રદેશમાં જાય છે. તેવામાં યુગલ પૈકી પુરુષના મસ્તક પર તાડનું ફળ પડતાં તે પુરુષ મરણ પામે છે. આ અવસર્પિણીકાળમાં આવી જાતનું અપમૃત્યુ પ્રથમ બને છે. તે પુરુષ ત્યાંથી મરણ પામી દેવલોક જાય છે કારણ કે સરલાશયી યુગલિકોને સ્વર્ગ સુખ સન્મુખ હોય છે. પહેલાં મૃત-યુગલના શરીરને સમુદ્રમાં ફેંકી દેતા હતા; પરંતુ આ યુગલિક પુરુષનું શબ ત્યાં જ પડી રહે છે. તેની સાથે વિચરનારી પુરુષ રહિત બનેલી દીન અને ભોળી બાળા ચારે બાજુ જોયા કરે છે, દરમિયાન તેના માતાપિતા તેને લઈ જાય છે અને ઉછેરે છે. તેનું **સુનંદા** નામ રાખવામાં આવે છે.

યુગલિકો સંતાનને જન્મ આપ્યા પછી લાંબું આયુષ્ય ભોગવતા ન હોવાથી તે બાળાના માબાપ સ્વર્ગવાસી થતાં તે બાળા પોતાના યૂથથી વિખૂટી પડેલી હાથણીની માફક વનમાં ભટકવા લાગી. સુનંદા પણ યુગલિક હોવાથી, તેનું રૂપ સર્વાંગ સુંદર અને મનોહર હોવાથી તેના રૂપનું વર્ણન આપવામાં આવે છે. જંગલમાં ભટકતી તે બાળાને યુગલિકો નાભિરાજાને સમર્પણ કરતા નાભિરાજા સુમંગલા સાથે તેનું પણ લાલનપાલન કરે છે.

## સર્ગ નવમો (પૃ. ૧૬૦ થી ૧૭૦)

## ઋષભદેવસ્વામીનો વિવાહ અને સંતાનોત્પત્તિ

હવે પ્રભુના વિવાહનો સમય જાણી ઇંદ્ર પ્રભુ પાસે આવી, અંજલિ જોડી કહે છે કે—'હે પ્રભુ! ભરતક્ષેત્રના મોક્ષપુરીના માર્ગની જેમ સંસારના સર્વ વ્યવહારો પણ આપને પ્રવર્તાવવાના છે; કારણ કે યુગલિક ધર્મને વ્યવહાર હોતો નથી અને યુગલિક ધર્મનું નિવારણ અને વ્યવહારિક ધર્મ પ્રતિપાદનપણું પણ આપવડે થવાનુ છે. પાંચ ભરત તથા પાંચ ઐરવત ક્ષેત્રને વિષે નષ્ટ થયેલ સંસારના વ્યવહારમાર્ગને પ્રસરાવવાનો અધિકાર પ્રથમ તીર્થંકરને હોય છે, જેથી હે પ્રભુ! આપ

સુમંગળા અને સુનંદા સાથે વિવાહ કરો' અવધિજ્ઞાનવડે પોતાને ત્રીશ લાખ પૂર્વ વર્ષ સુધી ભોગાવલી કર્મ ભોગવવાનું જાણી પ્રભુ મસ્તક ધૂણાવવાથી પ્રભુની અનુમતિ મળી સમજી સર્વ દેવોને વિવાહ મહોત્સવ માટે ઇંદ્ર બોલાવે છે. દેવો વિવાહમંડપની અપૂર્વ રચના કરે છે. તથા દેવાંગનાઓ સુમંગલા તથા સુનંદાને અનુપમ રીતે શણગારે છે. અહીં રંભા, તિલોત્તમા, ચિત્રલેખા, ઉર્વશી, સુલોચના વગેરે આપેલા નામો પણ જાણવા યોગ્ય છે. આવી હકીકતો પણ આવા સુંદર ચરિત્રોના ગ્રંથોમાંથી જ જાણી શકાય છે. પછી દેવાંગનાઓ સુમંગલા અને સુનંદાની વૈવાહિક ક્રિયા કરે છે.

ત્યારબાદ વિવાહોત્સવને લગતાં મંગલ સુંદર ગીતગાન ગવાય છે. દેવોએ સુંદર રચેલ લગ્નમંડપમાં પ્રભુ પધારે છે. પ્રભુની આ પ્રકારની સેવાના અવસર સુભાગ્યે જ સાંપડે છે એમ મનુષ્યો તે વખતે માને છે. મંડપમાં આવ્યા પછી બંને પત્નીઓની સાથે પ્રભુનું દૃષ્ટિમિલન થાય છે અને વિવાહની ક્રિયાવિધિ પૂર્ણ થતાં પ્રભુ મંડપમાંથી સ્વસ્થાને પધારે છે. ગ્રંથકાર મહારાજ જણાવે છે કે પ્રાણીઓનું શાતાવેદનીય કર્મ પણ ભોગવ્યા સિવાય કદી નાશ પામતું નથી.

આસક્તિ રહિત અદ્ભુત ભોગો પ્રભુ ભોગવે છે. લગ્ન પછી કંઈક ન્યૂન છ લાખ પૂર્વ જેટલો સમય વ્યતીત થયો ત્યારે **બાહુ** અને **પીઠ**ના જીવ સર્વાર્થસિદ્ધ વિમાનમાંથી ચ્યવીને સુમંગલાની કુક્ષીમાં યુગલિકરૂપે અવતરે છે. એવી જ રીતે સુબાહુ અને મહાપીઠના જીવ પણ તે જ વિમાનમાંથી ચ્યવી સુનંદાની કુક્ષીમાં યુગલરૂપે અવતરે છે. સુમંગલા ચૌદ સ્વપ્ન જોઈ પોતાના સ્વામી શ્રી ઋષભદેવને જણાવતાં પ્રભુ કહે છે કે—તમારો પુત્ર ચક્રવર્ત્તી થશે.

અવસર પ્રાપ્ત થતાં સુમંગલા **ભરત** પુત્રને અને **બ્રાહ્મી** પુત્રીને જન્મ આપે છે. સુનંદા પણ તે જ રીતે **બાહુબલિ** પુત્ર અને **સુંદરી** પુત્રીને જન્મ આપે છે.

હવે યુગલિકોએ રાજા માટે નાભિકુલકરને પ્રાર્થના કરતાં નાભિકુલકરે 'શ્રી ઋષભદેવ તમારા રાજા થાય' એમ કહેવાથી યુગલિકો શ્રી ઋષભદેવ પાસે આવી 'આપ અમારા રાજા થાઓ' તેમ કહી યુગલિકો પ્રભુનો અભિષેક કરવા જળ લેવા જાય છે; આ જ સમયે ઇંદ્રનું આસન પણ કંપાયમાન થાય છે.

## સર્ગ દશમો (પૃ. ૧૭૧ થી ૧૮૨)

## પ્રભુનો રાજ્યાભિષેક, વિનીતા નગરીનું સ્થાપન અને લોકવ્યવહારનું દર્શન

હવે સૌધર્મ ઇંદ્રનું સિંહાસન કંપવાથી પરમાત્માનો રાજ્યાભિષેકનો સમય જાણી સૌધર્મેન્દ્ર ત્વરાથી આવે છે અને સુવર્ણની વેદિકા રચી, તેના ઉપર રત્નજડિત સિંહાસન સ્થાપી, સર્વ દેવોવડે લવાયેલ તીર્થોના જળવડે પ્રભુનો અભિષેક કરી, બે દિવ્ય વસ્ત્રો પ્રભુને પહેરાવી, વિલેપન કરી, પરમાત્માને સર્વ પ્રકારના આભૂષણથી સુશોભિત કરે છે. લલાટના મધ્ય ભાગમાં ચંદનનું ગોળ તિલક કરે છે. પછી ઇંદ્ર કુબેરને વિનીતા નગરી રચવાની આજ્ઞા કરી. સ્વસ્થાને જાય છે જેથી બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી, સુવર્ણ રત્નના સ્થાનરૂપ નગરી કુબેર બનાવે છે. જે નગરી

**અયોધ્યા** એવા નામથી પણ પ્રસિદ્ધિ પામે છે. તેમાં ઉત્તમ વસ્ત્ર, ધાન્ય, આભૂષણ અને ધનથી પરિપૂર્ણ બનાવી, અનેક સુશોભિત પ્રાસાદો બનાવે છે. આ બધું વર્ણન જાણવા જેવું છે.

પરમાત્માના જન્મથી વીશ લાખ પૂર્વ વર્ષ વ્યતીત થયા ત્યારે તેઓ જગતનું પાલન કરવા લાગ્યા. ભારતવર્ષમાં સૌથી પ્રથમ રાજા, તીર્થંકર અને તેમના પુત્ર ભરત બધા ચક્રવર્તીઓમાં પ્રથમ થયા. ત્યારબાદ પ્રજાનું પાલન—રક્ષણ કરવા મંત્રી, કોટવાળ, સૈન્ય વગેરેની પ્રભુ સ્થાપના કરે છે.

હવે કાળબળે કલ્પવૃક્ષોનો પ્રભાવ ઘટવાથી જમીનમાં ધાન્ય ઊગતાં તેને પકાવી આહાર કેમ કરવો તે યુગલિકોને બતાવે છે. ત્યારબાદ કુંભાર, મકાન બાંધનાર, ચિત્રકાર, વણકર (વસ્ત્રાદિ બનાવનાર) અને હજામ એ પાંચેના વીશ વીશ ભેદો થતા હોવાથી સો પ્રકારના શિલ્પીઓની રચના કરે છે. પોતાને જીવનવ્યવહાર લોકોને શીખવવાનો છે તેમ જાણી, કાષ્ઠ લાવવા, ખેડ કરવી, વાણિજ્યાદિ કર્મ પ્રવર્ત્તાવ્યું અને સામ, દામ, દંડ ને ભેદ એ ચાર પ્રકારની નીતિની રચના કરે છે.

ભરત વગેરે પુત્રોને બ્હોંતેર કળા, બાહુબલિ વગેરેને પુરુષ, સ્ત્રી, હસ્તિના અને અશ્વોના અનેક પ્રકારો શીખવવામાં આવે છે. પુત્રી બ્રાહ્મીને જમણા હાથથી અઢાર પ્રકારની લિપિ અને સુંદરીને ડાબા હાથથી ડાબી બાજુથી શરૂ થતું ગણિત બતાવવામાં આવે છે. પછી ઉગ્રકુળ, ભોગકુળ, રાજકુળ, ક્ષત્રિયકુળ એમ ચાર પ્રકારના કુળો પ્રકૃતિ અને યોગ્યતાનુસાર પ્રભુ નિર્ણીત કરે છે.

## સર્ગ ૧૧મો. (પૃ. ૧૮૩ થી ૧૯૧)

અગિયારમાં સર્ગમાં છ ઋતુઓનું સુંદર વર્ણન આપવામાં આવેલું છે. દરેક ઋતુમાં આકાશ, પૃથ્વી, જળ, વાયુ, વૃક્ષો અને પૃથ્વી પરનું સમગ્ર વાતાવરણ કેવું કેવું હોય છે, તેના રસ, કસ, ભાવો, સુંદરતાઓ કેવી કેવી હોય છે? તેમજ સર્વ ઋતુઓને સમાનભાવે નિરખનાર પરમાત્માને બધી ઋતુઓ કેવી અનુપમ સાનુકૂળ થયેલ છે અને તેમાં પરમાત્મા વિવિધ વિલાસો કેવી રીતે કરે છે તે બતાવવામાં આવેલ છે. પરમાત્માના તે વખતના શાસનકાળમાં પ્રાણીવર્ગની સુખની પરંપરા પણ સાથે બતાવેલ છે. આ વર્ણન ખાસ વાંચવા જેવું છે.

## સર્ગ ૧૨મો. (પૃ. ૧૯૨ થી ૨૦૫)

## પરમાત્માની વસંતક્રીડા, વૈરાગ્ય, ભરતનો રાજ્યાભિષેક, સાંવત્સરિકદાન અને દીક્ષામહોત્સવ.

આ પ્રમાણે લોકકલ્યાણકારી પરમાત્મા પ્રજાપાલન કરી રહ્યા હતા ત્યારે વસંતઋતુ ક્રમપૂર્વક શરૂ થતાં, સૂર્ય ઉત્તરાયણનો થતાં, મલયાચળનો પવન મંદમંદ વાતો હતો. આ સ્થળે વસંતઋતુ અને તેમાં પ્રભુના વિલાસનું કરેલું વર્ણન કવિની વર્ણનશક્તિનો સુંદર પરિચય આપે છે. એ વર્ણન જેટલું સુંદર અને તાદૃશ છે તેટલું જ સંયમી અને સંસ્કારવંતું છે. પરિજનના અત્યંત આગ્રહથી મનોહર ઉદ્યાનમાં ગયેલા શ્રી ઋષભદેવ પરમાત્માએ "આવી વિલાસ લીલા કોઈ પણ અન્ય સ્થળે જોઈ છે?" એમ મનમાં વિચારણા કરી તેવામાં અવધિજ્ઞાનદ્વારા ત્રણ જગતના નાથ પરમાત્માએ પૂર્વે

થયેલા દેવોના ઉત્તરોત્તર અનુપમ સુખને જોયું અને પોતે પણ તેત્રીશ સાગરોપમ સુધી અનુત્તર વિમાનનું સુખ પૂર્વે અનુભવ્યું હતું તે પણ જાણ્યું. પૂર્વભવમાં ભોગવેલ ભોગવિલાસ વિચારતાં, નિર્મોહી પરમાત્મા વિચારવા લાગ્યા કે વિષયાસક્ત બની પોતાનું હિત ન સાધતાં આ સંસારને ધિક્કાર હો, પ્રાણી માત્ર કર્મને વશ થઈ ચૌદ રાજલોકમાં ભમે છે. ચારે પ્રકારના કષાયોદ્વારા સ્ખલના પામીને પ્રાણી અનંત ચતુષ્ટયને (અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્ય) પ્રાપ્ત કરી શકતા નથી વિગેરે. મિથ્યા મન મનાવી આત્માને છેતરે છે. આમ વૈરાગ્યવાસિત બનેલા પરમાત્મા મનથી સંસારનું સ્વરૂપ વિચારી રહ્યા હતા, તે ક્ષણે નવ પ્રકારના લોકાંતિક દેવો ત્યાં આવી પ્રભુને બે હાથવડે પ્રણામ કરી વિનતિ કરવા લાગ્યા કે "હે પ્રભો! લોકોને નીતિમાર્ગના ઉપદેષ્ટા! આપે જેમ પહેલાં જગતવ્યવહાર પ્રવર્ત્તાવ્યો તેમ સંસારરૂપી સાગરથી પાર પહોંચાડનાર ધર્મતીર્થને પ્રવર્ત્તાવો અને ત્રણ જગતનો ઉદ્ધાર કરો." આમ વિનતિ કરી દેવો સ્વસ્થાનકે ગયા અને વ્રત ગ્રહણ કરવાની ઇચ્છાવાળા પરમાત્મા પણ નંદનવનમાંથી પોતાને આવાસે ગયા. દરેક તીર્થંકર ભગવાનના દીક્ષા લેવાના સમયે લોકાંતિક દેવો પ્રાર્થના કરવા આવે છે.

સંસારની અસારતા જાણી વ્રત લેવાની ઇચ્છાવાળા પરમાત્માએ ભરતને રાજ્ય ગ્રહણ કરી પ્રજાપાલન કરવા કહ્યું. પ્રભુમાં અત્યંત સ્નેહાસક્ત એવા ભરતને એ રાજ્યસિંહાસન, રાજદંડ, રાજછત્ર, ગજેન્દ્રસવારી કે અશ્વખેલ પ્રભુના વિયોગમાં આનંદદાયી બને તેમ ન લાગ્યું. અંતે પ્રજાપાલન એ પણ રાજધર્મ છે એમ પ્રભુએ તેને સમજાવ્યું ત્યારે ભરતે પ્રભુની આજ્ઞાને વશ થઈ તેમનો આદેશ સ્વીકાર્યો. અમાત્ય, સેનાપતિ અને રાજાઓએ ભરતનો હર્ષપૂવક રાજ્યાભિષેક કર્યો. ત્યારબાદ નૂતન ભરત મહારાજા પ્રજાપ્રિય બનીને રાજ્ય કરવા લાગ્યા, અને તેમને અત્યંત પરાક્રમી જાણીને કલ્યાણને ઇચ્છતા અન્ય રાજસમૂહે તેમની આણ માન્ય રાખી.

બાહુબલિ આદિ અન્ય પુત્રોને જુદા જુદા દેશો વહેંચી આપી પરમાત્માએ વાર્ષિક દાન દેવું શરૂ કર્યું. પૃથ્વી ઉપર યાચક જન તો ન જ હતા છતાં પ્રભુની દાનરૂપી પ્રસાદીથી અમારી લક્ષ્મીની વૃદ્ધિ થશે એમ વિચારીને લોકો સ્વલ્પ માત્ર ગ્રહણ કરવા લાગ્યા. જેને જે જોઈએ તે વસ્તુ મળતી હતી. આ પ્રમાણે પ્રભુએ એક વર્ષ સુધીમાં ત્રણશે અઠ્ઠાસી ક્રોડ અને એંશી લાખ સોનૈયાનું દાન આપ્યું. આ દાન અભવ્યાત્માઓ લઈ શકતા નથી.

આવી રીતે જનસમૂહને હિતકર વસ્તુસંપત્તિનું પ્રભુએ વાર્ષિક દાન કર્યું. હવે પ્રભુનો દીક્ષાસમય જાણીને આસન કંપાયમાન થવાથી સૌધર્મેન્દ્ર ત્યાં આવ્યા. જન્માભિષેકની જેમ સઘળા દેવો સહિત ઇંદ્રે પરમાત્માનો દીક્ષાભિષેક કર્યો. ચંદનના વિલેપન અને અત્યંત નિર્મળ સુકોમળ વસ્ત્રોથી વિભૂષિત પરમાત્મા ઇંદ્રે બતાવેલી સુદર્શના નામની શિબિકામાં આરૂઢ થયા. તે શિબિકાને વિનયશીલ મનુષ્યોએ અને પછી ભક્તિપૂર્ણ દેવોએ વહન કરી. સૌધર્મેન્દ્ર અને ઇશાનેન્દ્ર ચામરો વીંઝવા લાગ્યા. વ્યંતર દેવોએ સુવર્ણની ધૂપદાનીઓવડે પરમાત્માની ધૂપપૂજા કરી. 'જય જય' શબ્દ બોલતા ચોસઠ ઇંદ્રો અંજલિ જોડી પ્રભુને નમસ્કાર કરવા લાગ્યા. આમ શિબિકામાં વિરાજેલ પરમાત્માએ સર્વની સાથે પ્રસ્થાન કર્યું.

અહીં પ્રભુના દર્શન કરવા ઉત્સુક અને પ્રભુની સાથે જવા ઉત્સાહી વિનીતા નગરીના સ્ત્રીપુરુષોનું, ભાવવાહી દર્શન કર્યાનું, આ વંદનોત્સવ પ્રસંગે આખું નગર જગતપ્રભુના દર્શન કરવા ઊમટ્યાનું અને સ્ત્રીપુરુષોનો અવિરત પ્રવાહ પ્રભુની પાછળ ચાલ્યો આવતો હોય તેનું તાદૃશ વર્ણન સુંદર રીતે આપવામાં આવ્યું છે જે દરેકે વાંચવા જેવું છે. અહીં દીક્ષામહોત્સવનું આખું ય વર્ણન એક મનોહર કાવ્યરૂપ બની રહે છે. એક બાજુ સારી ય નગરીના પુરજનો જુદી જુદી રીતે પ્રભુની ભક્તિ કરી રહ્યા હતા ત્યારે આકાશપ્રદેશમાં વિચરનાર સઘળા દેવો સહિત ચોસઠે ઇંદ્રોના તેજસ્વી વિમાનસમૂહદ્વારા ઊંચે છાયા થતાં સુર, અસુર અને માનવ એમ સર્વે પ્રભુભક્તિમાં લીન બન્યા હતા. સર્વ લોકનો ઉત્સવ હોય તેમ પ્રસન્નતા વ્યાપી રહી હતી.

સમસ્ત આશીર્વચનો નીકળતા હતા કે : "હે પ્રભો! હે સ્વામિન્! હે મંગળદાતા! દીર્ઘાયુ થાઓ, ચિરકાળ પર્યન્ત સુખી રહો, આ ત્રણે લોક તમારાથી સંતોષ પામો." કરુણાળુ પરમાત્મા શાંત અમૃત કિરણોથી અને પ્રસન્ન દૃષ્ટિથી સર્વ પ્રાણીઓને નિહાળતા હતા. ભરત મહારાજા અને બાહુબલિ પરમાત્માની પડખે શોભતા હતા. અનેક ખંડિયા રાજાઓ, મંત્રીઓ, તેમના અઠ્ઠાણુ પુત્રો પરમાત્માની સાથે ચાલવા લાગ્યા. મરુદેવા માતાની સાથે સુમંગળા તેમજ સુનંદાની સાથે બ્રાહ્મી અને સુંદરી બંને પુત્રીઓ તેમજ સેંકડો પુત્રવધૂઓ, દયા જેમ જૈન ધર્મને અનુસરે તેમ પરમાત્માને અનુસર્યા. આ વખતે સર્વનો આત્મા પરમાત્માના દર્શનથી અનુપમ સુખનો અનુભવ કરતો હતો. આમ અસુરેન્દ્ર, સુરેન્દ્ર અને માનવેન્દ્રથી મહોત્સવ કરાયેલ પરમાત્મા સિદ્ધાર્થ નામના ઉદ્યાનમાં આવી પહોંચ્યા. સુદર્શના નામની પાલખીમાંથી નીચે ઊતરી પ્રભુ નવપલ્લવિત અશોકવૃક્ષ નીચે આવી ઊભા. ત્યારબાદ પ્રભુએ વસ્ત્ર અને આભૂષણોનો ત્યાગ કર્યો. તે સમયે ઉજ્જ્વળ દેવદૂષ્ય વસ્ત્ર ઇંદ્રે પરમાત્માના સ્કંધપ્રદેશ ઉપર મૂક્યું.

ચૈત્ર વદિ ૮ના દિવસે જ્યારે ચંદ્ર ઉત્તરાષાઢા નક્ષત્રમાં દિવસના પાછલા ભાગમાં આવ્યો ત્યારે મનુષ્ય અને દેવોથી વંદન કરાતા શ્રી ઋષભદેવ પરમાત્માએ મસ્તક પર કેશકલાપનો ચાર મુષ્ટિવડે લોચ કર્યો. સૌધર્મેન્દ્રે એ કેશકલાપને ક્ષીરસમુદ્રમાં નાખી આવી પ્રભુની પ્રસાદીરૂપ કેશને મુગટ વિષે ધારણ કર્યા. ઇન્દ્રની વિનતિને માન આપી પ્રભુએ સ્કંધપ્રદેશ પર રહેલી કેશશ્રેણીને રહેવા દીધી. બાદ ઇંદ્રે ત્રણ ભુવનમાં વ્યાપ્ત ધ્વનિનું નિવારણ કર્યું ત્યારે દેવ, દાનવ અને માનવ ચિત્રવત્ હોય તેમ એકચિત્ત બની રહ્યા. આ સમયે છઠ્ઠની તપશ્ચર્યાવાળા અને સિદ્ધભગવંતને નમસ્કાર કરનાર પરમાત્માએ "હું સર્વ સાવદ્યયોગનું પ્રત્યાખ્યાન કરું છું" એમ બોલીને ચારિત્ર ગ્રહણ કર્યું. પ્રભુના આ દીક્ષામહોત્સવ સમયે નારક જીવોને પણ ક્ષણમાત્ર સુખ ઊપજ્યું.. અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવાથી પ્રગટેલ મહાતપશ્ચર્યાના તેજવાળા પરમાત્માની વાનકીરૂપ હોય તેમ ત્રણે ભુવનમાં વિદ્યુત્સમો મહાપ્રકાશ વ્યાપી ગયો.

આ સમયે અઢીદ્વીપવાસી પ્રાણીઓની મનોવર્ગણાને જાણવાને સમર્થ અને ઉજ્જ્વળ એવું **મનઃપર્યવ** નામનું ચોથું જ્ઞાન શ્રી ઋષભદેવ પરમાત્માને પ્રાપ્ત થયું. ત્યારબાદ કચ્છ અને મહાકચ્છ વગેરે ચાર હજાર રાજાઓએ પ્રભુ પાસે દીક્ષા લીધી. સર્વ દેવો સહિત ચોસઠે ઇન્દ્રો પ્રભુને સ્તવીને

નંદીશ્વર દ્વીપે ગયા, અને ત્યાં અરિહંત પરમાત્માના બિંબો સમક્ષ અષ્ટાહ્નિકા મહોત્સવ કરી સ્વસ્થાને ગયા. ભરત, બાહુબલિ તથા અન્ય રાજાઓ પ્રભુને પ્રણામ કરી સ્વસ્થાને ગયા. આ બાજુ કષાય અને વિષયને દૂર કરી જયશીલ અને તપશ્ચર્યાથી તેજસ્વી બનેલ એવા ઋષભદેવ પરમાત્મા કચ્છ અને મહાચ્છાદિ સાધુઓ સાથે પૃથ્વી ઉપર વિચરવા લાગ્યા.

## સર્ગ ૧૩મો. (પૃ. ૨૦૬ થી ૨૩૪)

આ સર્ગમાં પ્રભુનો વિહાર, કચ્છ-મહાકચ્છ તથા નમિ-વિનમિનું વર્ણન, શ્રેયાંસકુમારે પ્રભુને કરાવેલ પારણું અને પ્રભુને કેવળજ્ઞાનની પ્રાપ્તિનું વર્ણન આપવામાં આવેલ છે. પૂર્વે બાંધેલ કર્મના ઉદયથી પારણાને દિવસે પરિભ્રમણ કરતાં પ્રભુને નિર્દોષ ભિક્ષા પ્રાપ્ત ન થઈ શકી, કારણ કે આખો યે જનસમૂહ ગોચરી શું એથી અજ્ઞાત હતો. તેઓને પ્રભુ ઉપર અનન્ય ભક્તિ હતી અને તેથી તેમને રાજા સમજી કોઈ અશ્વો તો કોઈ હાથીઓ, કોઈ કુલીન કન્યાઓ તો કોઈ સુવર્ણનાણું, કોઈ અલંકાર તો કોઈ આભૂષણો ભેટ ધરવા લાગ્યા. આ સર્વ પ્રભુને ત્યાજ્ય હતું. આમ ગોચરીનો આહાર પ્રભુ ન મેળવી શક્યા, છતાં ક્ષુધા તથા તૃષા વગેરેને સહન કરતાં, નિર્મળ, મૌનવ્રતવાળા અને આત્મરમણતાવાળા પ્રભુ કચ્છ-મહાકચ્છાદિ સાધુઓ સાથે પૃથ્વી વિષે વિચરવા લાગ્યા.

આવી રીતે પ્રભુને વિહાર કરતા જોઈ તેમની સાથે રહેલા અને ક્ષુધાદિથી થાકી ગયેલા મુનિઓ વિચારવા લાગ્યા કે—'પ્રભુના વિરહમાં રાજ્યને નિરર્થક ગણી આપણે તેમને અનુસર્યા પણ પરમાત્મા તો જાણે આપણી સાથે કંઈ પરિચય પણ ન હોય તેમ મૌન ચાલ્યા આવે છે. તેઓ નથી જોતા, નથી બોલતા, એકે જાતની કિંમતી ભેટ સ્વીકારતા નથી. નદી કે સરોવરનું પાણી પણ પીતા નથી કે ખાતા પણ નથી. તેમને તો ક્ષુધા કે તૃષા પીડા આપી શકતી નથી, જ્યારે આપણે તો ભૂખ અને તૃષાથી પીડાઈએ છીએ.' આમ વિચાર કરતા સાધુઓ 'પ્રભુ આમ કેમ કરે છે અને હવે આપણે શું કરવું?' એમ મુખ્ય કચ્છ-મહાકચ્છ મુનિવરોને પૂછવા લાગ્યા. પરંતુ પ્રભુના અંતરભાવને કોઈ જાણી શકે તેમ ન હતું; એટલે સર્વ કચ્છ-મહાકચ્છ વગેરે મુનિવરો પ્રભુને ત્યજી ગંગા નદી પાસેના અરણ્યમાં ગયા અને કંદમૂળનો આહાર કરનાર, જળનું પાન કરનાર, તેમજ વૃક્ષછાલને ધારણ કરનાર તાપસ બની રહ્યા. તાપસ ધર્મની શરૂઆત આ કાળમાં અહીંથી શરૂ થયેલ છે. તાપસ વેષે રહેલા કચ્છ-મહાકચ્છાદિના પુત્રો નમિ-વિનમિ ત્યાં આવે છે ત્યારે તેને તાપસો કેમ બન્યા? તે હકીકત સવિસ્તર જણાવે છે. જેથી નમિ-વિનમિ પ્રભુ પાસે આવી 'ભરત વગેરેને જેમ રાજ્ય વહેંચી આપ્યું તેમ અમોને આપો' તેમ યાચના કરે છે. પ્રભુ તો મૌન રહ્યા, એટલે કાઉસગ્ગ ધ્યાનમાં રહેલ, નિષ્પરિગ્રહી પ્રભુ પાસે રાજ્યની યાચના કરી તેઓ સેવા કરવા લાગ્યા અને પ્રભુના ઉપસર્ગોને દૂર કરવા લાગ્યા. તેઓ હંમેશા રાજ્ય માટે વિનતી કરતા હતા, દરમિયાન ધરણેન્દ્ર પ્રભુના દર્શન કરવા આવી પહોંચે છે. 'સાંવત્સરિક દાન વખતે પ્રભુએ સૌને દાન આપેલ છે. તમો તે વખતે ક્યાં હતા?' તેમ ધરણેંદ્રે પૂછતાં, પોતે તે વખતે દેશાંતર ગયેલ હતા તેમ જણાવ્યું. પછી ધરણેન્દ્ર નમિ—વિનમિને ભરત મહારાજાની ઉપાસના કરવા જણાવે છે. નમિ—વિનમિનો તે સંબંધી વાર્તાલાપ જાણવા યોગ્ય છે. પરમાત્માની અનન્ય ભક્તિથી થતી સેવા જોઈ ધરણેન્દ્રે તેમને ગૌરી, પ્રજ્ઞપ્તિ આદિ ૪૮ હજાર

વિદ્યા આપી વૈતાઢ્યગિરિ ઉપર રાજ્ય સ્થાપન કરવા જણાવ્યું. જ્યાં ધરણેન્દ્રના આદેશથી નમિ-વિનમિએ ઉત્તર અને દક્ષિણમાં અનુક્રમે સાઠ અને પચાસ સુંદર નગરો વસાવ્યા અને તે બંનેને વિદ્યાધરપતિ તરીકે સ્થાપી સુંદર વ્યવસ્થા કરી, નાગેશ સ્વસ્થાને ગયા. આ સ્થળે ગૌરી આદિ સોળ વિદ્યાઓ અને આરાધકોના નામનું વર્ણન અને તે નિકાય સ્વરૂપે પ્રસિદ્ધિ પામ્યાની હકીકત જણાવેલ છે. અહીં નમિ-વિનમિ સુખે રાજ્ય કરે છે. પ્રભુભક્તિમાં પણ નિમગ્ન રહે છે. અહીં પ્રભુ આદિનાથની તપશ્ચર્યાનો પ્રભાવ જણાવવામાં આવે છે. શ્રેયાંસકુમાર વગેરેને સ્વપ્નો આવે છે. એક વર્ષ પર્યંત આહારરહિતપણે (કેવળજ્ઞાન પ્રાપ્તિ માટે) વિચર્યા પછી 'કચ્છ-મહાકચ્છાદિ મુનિઓની માફક અન્ય સાધુસમુદાય પણ આહારના અભાવે મુનિપણાનો ત્યાગ કરશે.' એમ આહારની આવશ્યકતા વિચારી પરમાત્મા ગજપુર નગરે આવે છે. અહીં ભદ્રિક જનો પ્રભુને અકલ્પ્ય વિવિધ વસ્તુઓ અર્પણ કરે છે અને પ્રભુ ભ્રમરની જેમ કલ્પ્ય વસ્તુઓ માટે એક ગૃહથી બીજા ગૃહે વિચરે છે તેવામાં જનસમૂહનો ધ્વનિ પણ શ્રેયાંસકુમાર સાંભળે છે. તે વખતે શ્રેયાંસકુમાર પ્રભુ પ્રતિ ગમન કરે છે. ત્યાં તેમને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થતાં પોતાના પૂર્વભવનો વૃત્તાંત જાણી વિચારે છે કે—આ લોકો ભિક્ષા આપવાની પદ્ધતિથી અજાણ હોવાથી મારે જ વર્ષ દિવસના ઉપવાસી પરમાત્માને પ્રાસુક વસ્તુદ્વારા પારણું કરાવવું. આમ વિચારે છે તેવામાં કોઈ રાજપુત્ર તેમના આંગણામાં તાજા શેરડીના રસના ઘડાઓ કુમારને ભેટણા તરીકે અર્પણ કરે છે, જેથી શ્રેયાંસકુમાર પરમાત્માને 'આ ઈક્ષુરસ સ્વીકારો' તેમ પ્રાર્થના કરે છે. શ્રેયાંસે રસ પ્રભુના બે હસ્તરૂપી પાત્રમાં વહોરાવ્યો અને તે પાત્રમાંથી એક બિંદુ પણ નીચે પડ્યું નહિ. તે પ્રભુના અતિશયનો પ્રતાપ જાણવો. પરમાત્માએ પારણું કર્યું ત્યારે આકાશમાં દુંદુભી નાદ થતાં પાંચ દિવ્યો પ્રગટ થયાં. શ્રેયાંસકુમારના આંગણામાં રત્નો તથા પુષ્પો ગંધોદક તથા વસ્ત્રોની વૃષ્ટિ થઈ. આ દિવસ વૈશાખ સુદિ ૩નો હોવાથી તે દિવસે જ આ અક્ષયદાન આપવાથી **અક્ષય તૃતીયા** (વૈશાખ સુદિ ૩) પર્વ તરીકે પ્રસિદ્ધિ પામી. શ્રેયાંસકુમાર કચ્છ—મહાકચ્છને 'પોતે મનુષ્ય અને દેવના આઠ ભવ સુધી પરમાત્મા સાથે ભમ્યો છે, આ મારો નવમો ભવ છે અને આ ભવથી ત્રીજા ભવમાં મહાવિદેહ ક્ષેત્રમાં વજ્રસેન તીર્થંકર પાસે, કે જે તે ભવમાં આ પરમાત્માના પિતા હતા તેમની પાસે દીક્ષા લીધી હતી. મેં પણ લીધી હતી. જેથી જાતિસ્મરણજ્ઞાનદ્વારા પોતે આહારવિધિ જાણ્યો છે તેમ જણાવ્યું. બાદ પોતાને, પોતાના પિતા સોમપ્રભ અને સુબુદ્ધિ શ્રેષ્ઠીને આવેલ સૂચિત સ્વપ્નોનો નિર્ણય શ્રેયાંસકુમાર જણાવે છે અને પારણાની ભૂમિ પર રત્નપીઠ કરાવે છે.

હવે પ્રભુ તક્ષશિલા નગરીમાં આવે છે અને બાહુબલિની પ્રાતઃકાળે વંદનાર્થે જવાની ઈચ્છા થતાં તે પ્રયાણ કરે છે તે વખતની શોભાનું વર્ણન અહીં આપવામાં આવે છે. પરમાત્મા તો પ્રાતઃકાળ થતાં અન્ય સ્થળે વિહાર કરી જાય છે. તેના સમાચાર રસ્તામાં બાહુબલિને મળતાં બાહુબલિ વિલાપ કરે છે. તેમને શાંત કરવા મંત્રી પરમાત્માની પાદુકાનું પૂજન કરવા વગેરેથી બોધ આપતાં બાહુબલિ શાંત થાય છે. કમળ, વજ્ર અને મત્સ્યાદિકથી ચિહ્નિત પરમાત્માની અને ચરણપાદુકાનું બાહુબલિ ભક્તિપૂર્વક પૂજન કરે છે.

હવે પરમાત્મા આર્યદેશનો ત્યાગ કરી અનાર્ય દેશમાં પરિભ્રમણ કરે છે. ત્યાં અનેક અનાર્યોને ભદ્રિકપરિણામી બનાવી આર્યદેશમાં વિચરવા લાગ્યા. અને વિહાર કરતાં કરતાં અયોધ્યા નગરીના **પુરિમતાલ** નામના પરાની ઉત્તર દિશામાં **શકટાયન** નામના ઉદ્યાનમાં સમવસર્યા અને ત્યાં વડ નીચે અટ્ઠમ તપ કરી પ્રતિમાધ્યાને રહ્યા. અપ્રમત્ત ગુણસ્થાનથી ઉત્તરોત્તર પ્રભુનું આરોહણ થવા લાગ્યું. (અહીં તેના નામ આપવામાં આવે છે) ત્યાં બારમા ગુણસ્થાને પહોંચ્યા, અને શુક્લધ્યાનના બીજા પાયાને ધ્યાવા લાગ્યા. પછી ચાર ઘાતીકર્મોનો નાશ થતાં પરમાત્માને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. દીક્ષા લીધા બાદ હજાર વર્ષ વ્યતીત થયા પછી ફાગણ વદિ ૧૧ના રોજ ઉત્તરાષાઢા નક્ષત્રનો યોગ થતાં પ્રાતઃકાળમાં પરમાત્માને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

## સર્ગ ૧૪ મો (પૃ. ૨૩૫ થી ૨૫૮ )

આ સર્ગમાં પ્રભુ આદિનાથને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા બાદ દેવો સમવસરણની રચના કરે છે. જેમાં ત્રણ ગઢો-રૂપાનો ગઢ સોનાના કાંગરા, સોનાનો ગઢ રત્નના કાંગરા, રત્નનો ગઢ મણિરત્નના કાંગરા, ચાર દરવાજાઓ, વેદિકાઓ વગેરે અને **દેવચ્છંદ** (પ્રભુના વિશ્રામ માટે) વગેરે અનુપમ અને અપૂર્વ રચના કરે છે. પ્રભાતે પ્રભુ સમવસરણમાં પધારતાં દેવો પરમાત્માની સ્તુતિ કરે છે. પછી દેવાધિદેવ સમવસરણમાં પ્રવેશ કરે છે. ચૈત્યવૃક્ષને પ્રદક્ષિણા આપી, પૂર્વ દિશાના દ્વારથી પ્રવેશ કરી **'તીર્થાય નમઃ'** એ પ્રમાણે બોલી સિંહાસન ઉપર પ્રભુ બિરાજમાન થાય છે. બાર પર્ષદા પણ પોતપોતાનું સ્થાન લે છે. પછી સૌધર્મેન્દ્ર બે હાથ જોડી પરમાત્માની સ્તુતિ કરે છે. આ બાજુ ભરત મહારાજા સવારના ઊઠી દાદીમાં મરુદેવા માતાને (કે જે ઋષભદેવના વિરહજન્ય દુઃખોને લીધે અશ્રુજળ ઝરતા પડલયુક્ત બનેલા છે) નમસ્કાર કરે છે. માતાના પુત્ર પ્રત્યેના રાગને લઈને શું બને છે તે જોવાય છે. માતા મરુદેવા પોતાના પુત્ર ઋષભદેવ પ્રભુએ તેમને તજી દીધેલ હોવાથી થતો સંતાપ-દુઃખ વગેરે જણાવતાં મૃત્યુ ઈચ્છે છે અને પોતાના દુઃખની પરંપરા ને થતી વેદના જણાવે છે. ત્યારબાદ ભરત મહારાજા માતા મરુદેવાને 'તમારો પુત્ર (પ્રભુ) ત્રણ ભુવનનો સ્વામી છે. પુરુષશ્રેષ્ઠ અને મહાપુણ્યશાળી અને અપરાજિત છે.' વગેરે કથનથી દાદીમાને શાંત કરે છે.

હવે ભરત મહારાજને **યમક, શમક** નામના બે પુરુષો આવી પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયાની તથા આયુધશાળામાં સૂર્ય સરખું તેજસ્વી અપૂર્વ શોભાયુક્ત ચક્રરત્ન ઉત્પન્ન થયાની બંને વધામણી આપે છે. તે આનંદજનક ખબર સાંભળી પ્રથમ પૂજન કોનું કરું? તેની વિચારણા ઘડીભર ભરત મહારાજાને થાય છે. ભરત પ્રભુ ઋષભદેવના પુત્ર અને તદ્ભવમોક્ષગામી હોવાથી તેમજ આત્માનું ખરું સ્વરૂપ સમજેલ હોવાથી, પ્રથમ પ્રભુના કેવળજ્ઞાનનો મહોત્સવ કરવા સામંતોને પ્રયાણ કરવાની આજ્ઞા કરે છે, અને મરુદેવા માતાને જણાવે છે કે–'હે માતા! આપનું દુઃખ ઘડીભર પહેલાં મને જણાવતાં હતાં; પરંતુ ભુવનનાથનું ઐશ્વર્ય જોવા તમે મારી સાથે પધારો.' પછી હસ્તી ઉપર માતાને બેસાડી ભરત મહારાજા પુરિમતાલ પરાની નજીક આવી ઇંદ્રધ્વજને જોતાં દેવોએ બનાવેલ સમવસરણની રચનાનું વર્ણન માતાને જણાવે છે. પ્રભુની ઋદ્ધિના દર્શન માત્રથી માતા મરુદેવાના પડલ ઊઘડી જતાં (ચક્ષુ ખુલ્લાં થતાં) સર્વ ઋદ્ધિ દેખતાં જ હસ્તિ ઉપર બેઠેલ છે તેવી સ્થિતિમાં

અંતકૃતકેવળી થાય છે, અને તરત જ મોક્ષમાં પધારે છે. દેવો તેમના દેહનું અર્ચન કરીને ક્ષીરસાગરમાં પધરાવે છે. પછી પગપાળા ચાલતાં રાજ્યચિહ્નોનો ત્યાગ કરી ઉત્તર દિશાના દ્વારદ્વારા સમવસરણમાં ભરત મહારાજા પ્રવેશ કરી પરમાત્માને પંચાંગ પ્રણિપાત કરે છે. પરમાત્માની પ્રાર્થના કરી સમવસરણમાં બિરાજે છે. બાદ પ્રભુ સમ્યગ્દર્શન, દેશવિરતિ, સર્વવિરતિ ચારિત્ર, પંચ મહાવ્રત, તપ, સંવેગ, બાર વ્રતો અને સંસારની અસારતા ઉપર સર્વ જીવોના ઉપકાર માટે અપૂર્વ દેશના આપે છે. પછી ભરતપુત્ર પુંડરીક (શ્રી ઋષભસેન)ને વૈરાગ્ય ઉત્પન્ન થતાં પ્રભુને પ્રાર્થના કરે છે જેથી ઉગ્ર વૈરાગ્યવાળા પુંડરીક ભરત મહારાજાના બીજા ચારસો નવાણું પુત્રો અને સાતસો પૌત્રો સાથે પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરે છે. ભરતપુત્ર મરિચી પણ સંજમ લે છે. બ્રાહ્મી પણ દીક્ષા લે છે. સુંદરી બાર વ્રતો ગ્રહણ કરે છે. કેટલાક મનુષ્યો, તિર્યંચો અને દેવો પ્રભુદેશનાથી સમકિત પામે છે. પુંડરીક પ્રમુખ સાધુ, બ્રાહ્મી વગેરે સાધ્વીઓ, ભરત વગેરે શ્રાવકો અને સુંદરી વગેરે શ્રાવિકાઓની આ પ્રમાણે શ્રી ચતુર્વિધ સંઘની પ્રભુએ સ્થાપના કરી. ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યરૂપી ત્રિપદી ઉપદેશી તે અનુસાર પુંડરીકસ્વામી વગેરે દ્વાદશાંગીની રચના કરે છે. પછી ઇંદ્રે તૈયાર કરેલ દિવ્ય ચૂર્ણવડે પ્રભુએ ગણધરોના મસ્તકપ્રદેશ ઉપર ચૂર્ણની વૃષ્ટિ કરી, અને ગણનું જ્ઞાન આપી પછી પ્રભુ ગણધરોને દેશના આપે છે. પછી પરમાત્માની પાસે રહીને નિત્ય તીર્થરક્ષા કરવામાં ચતુર **ગોમુખ યક્ષ** ઉત્પન્ન થયો, અને ગરુડના વાહનવાળી **અપ્રતિચક્રા** નામની દેવી પ્રભુના સાનિધ્યમાં પ્રકટી, પછી ચોત્રીશ અતિશયવાળા, વાણીના પાંત્રીશ ગુણવાળા, આઠ મહાપ્રાતિહાર્યોથી યુક્ત પ્રભુ અન્ય સ્થળે વિહાર કરી ગયા. અહીં ગ્રંથકાર મહારાજ ચોત્રીશ અતિશયના, વાણીના પાંત્રીશ ગુણો, આઠ પ્રાતિહાર્યો અને પરમાત્માનું અઢાર દોષ રહિતપણું વ. જણાવે છે. સમવસરણની દેવોએ કરેલી રચના, ભરત વગેરેએ કરેલી પ્રાર્થના અને પ્રભુએ જુદા જુદા વિષયો ઉપર આપેલી દેશના અક્ષરશઃ વાંચવા અને મનન કરવા જેવી છે.

## સર્ગ ૧૫ મો (પૃ. ૨૫૯ થી ૨૮૦)

પંદરમા સર્ગમાં કોઈપણ ચક્રવર્તીને જ્યારે ચક્રરત્ન ઉત્પન્ન થાય છે ત્યારે છ ખંડ સાધવા દિગ્વિજય કરવા જવું પડે છે. પ્રથમ ભરત મહારાજ ચક્રરત્ન પ્રગટ થતાં ચક્રરત્નની પૂજા કરે છે. ચક્રરત્નથી દરેક ચક્રવર્તીને રજોગુણની પ્રાપ્તિ થાય છે. પ્રથમ ચક્રરત્નનું મોરપીંછથી પ્રમાર્જન કરી, પવિત્ર જળવડે સ્નાન કરાવી (ચક્રરત્નને વિષે ધૂળ કે રજ હોતી નથી છતાં આવો ક્રમ છે), ચંદનનું વિલેપન કરી પુષ્પમાળ ચઢાવવામાં આવે છે. પછી રત્નાલંકારવડે પૂજિત બનેલ ચક્ર ભરતમહારાજના સર્વ મનોરથો પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષની જેમ શોભવા લાગ્યું. ચક્રરત્નની સમીપે અક્ષતોથી ભરત મહારાજા અષ્ટમંગલ આલેખે છે. પછી તે ચક્રને ત્રણ પ્રદક્ષિણા આપી સાત આઠ પગલા પાછા હઠી, ડાબા પગને જમીન ઉપર સ્થાપી, જમણો પગ ઊંચો રાખી ચક્રવર્તી પ્રણામ કરે છે અને અષ્ટાહ્નિક મહોત્સવ કરે છે અને નગરજનો પણ ભક્તિપૂર્વક ચક્રરત્નને પૂજે છે; પૂજનક્રિયા થઈ રહ્યા બાદ ભરત મહારાજ સ્નાન-વિલેપન કરી, શ્વેત વસ્ત્રો ધારણ કરી, સામંતો અને સૈન્ય સાથે હસ્તીરત્ન પર આરૂઢ થાય છે, બાદ સોળ હજાર આત્મરક્ષક દેવો સાથે પ્રથમ ભરતક્ષેત્રને જીતવા

માટે પૂર્વ દિશા તરફ ચક્રરત્ન સાથે ભરત મહારાજાએ પ્રયાણ કર્યું. ચક્રરત્ન આકાશમાં સૈન્યને મોખરે ચાલવા લાગ્યું. દંડરત્નને ધારણ કરનાર, અશ્વરત્ન ઉપર આરૂઢ થનાર **સુષેણ** સેનાધિપતિ, પુરોહિતરત્ન, ગૃહપતિરત્ન, વર્દ્ધકીરત્ન, કકિણીરત્ન, મણિરત્ન, ચર્મરત્ન, છત્રરત્ન, ખડ્ગરત્ન વગેરે રત્નો છ ખંડ સાધવામાં ચક્રવર્તીને કેવી રીતે સહાયક બને છે તેનું વર્ણન અને તે વખતની સૈન્યની રચના અને વ્યૂહનું સ્વરૂપ અહીં બતાવવામાં આવે છે. ચક્રરત્ન એક યોજન પ્રમાણ કરીને અટક્યું, એટલે દરરોજ તેટલા પ્રયાણની ગતિ નિર્ણીત થઈ તેમ સમજાય છે. કેટલાક પ્રયાણો થયા બાદ ચક્રી ગંગા નદીના દક્ષિણ કિનારે આવી પહોંચે છે. અહીં ગંગાનદી, તેના કિનારા, પૂર્વ સમુદ્રનું બિંદુ તેનું આચાર્યમહારાજ અલંકારિક સુંદર વર્ણન કરે છે. અહીં માગધતીર્થ છે અને તેના માગધદેવને જીતવા માટે ચક્રી અઠ્ઠમ કરે છે. પારણાને દિવસે ભરત મહારાજા રથારૂઢ થઈ પોતાના નામથી દેવોથી અધિષ્ઠિત બાણ માગધદેવને ઉદ્દેશીને ફેંકતા, તે દેવની સભામાં પડતા માગધદેવ ક્રોધાયમાન થઈ તલવાર ખેંચી તૈયાર થાય છે. તે દેવોના મંત્રીએ યુદ્ધ અટકાવનારી અક્ષરપંક્તિ ("તમો તમારા ધન, રાજ્ય અને જીવિતને ઇચ્છતા હો તો રત્નના ભેટણાદ્વારા અમારી સેવા સ્વીકારો તેમ શ્રી ઋષભદેવના પુત્ર ભરત ચક્રવર્તી તમને આજ્ઞા ફરમાવે છે.") જોઈ મંત્રી માગધદેવને આજ્ઞા સ્વીકારવા વિનવે છે. પછી માગધદેવ શાંત થઈને સુવર્ણ બાણ અને ભેટણું લઈ, ચક્રવર્તીની પાસે આવી, પ્રણામ કરી, સ્તુતિ કરે છે. પછી ભરત મહારાજા પારણું કરે છે અને માગધદેવને ઉદ્દેશીને અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે. પછી ચક્રી આ પ્રમાણે વિધિ દરેક સ્થળે કરે છે. દક્ષિણ દિશામાં આવેલ વરદામ તીર્થ પ્રત્યે ચાલતા ચક્રવર્તી સૈન્ય સહિત ચક્રને અનુસરવા લાગ્યા દક્ષિણ સમુદ્રના કિનારે આવતાં પ્રથમની જેમ અઠ્ઠમ પૌષધ તપ કરી ચોથે દિવસે માગધ દેવની જેમ વરદામ દેવની સભામાં બાણ ફેંકે છે. તે વરદામ દેવની સભામાં પડતાં વરદામદેવ ક્રોધાન્વિત થાય છે અને બાણ સાથે ઉપરોક્ત અક્ષરપંક્તિ વાંચતાં શાંત થઈ, ભેંટણું લઈ, ચક્રી પાસે આવી તેની આજ્ઞા સ્વીકારે છે. ચક્રી પ્રથમની જેમ પારણું કરી અષ્ટાહ્નિકા મહોત્સવ કરી, ત્યાંથી ચક્રરત્ન સાથે પશ્ચિમ દિશા તરફ પ્રભાસદેવની સાધના કરવા સૈન્ય સહિત પ્રયાણ કરે છે. ત્યાં પણ ઉપરોક્ત પ્રમાણે થતાં પ્રભાસદેવ ચક્રી પાસે આવી, નમન કરી, ભેટણું કરી આજ્ઞા સ્વીકારે છે. પછી ચક્રી સિંધુ નદીના દક્ષિણ કિનારે આવે છે. ત્યાં ભરત ચક્રી સિંધુદેવીને વશ કરે છે. ત્યારબાદ ચક્ર ઈશાન તરફ પ્રયાણ કરે છે કે જ્યાં વૈતાઢ્ય પર્વત આવે છે. વૈતાઢ્યદેવ ચક્રીની આજ્ઞા સ્વીકારે છે. પછી ચક્રી સુષેણ સેનાપતિને સિંધુ નદીના નિષ્કુટની સાધનાર્થે મોકલે છે. સુષેણ સેનાપતિ ચક્રરત્નવડે ચક્રીના અર્ધા સૈન્ય યુક્ત મ્લેચ્છોને હણવા સિંધુ નદી ઉતરે છે. અને **સિંહલ** લોકોને, **બર્બર** લોકોને, **ટંકણ** લોકોને અને **કાળમુખ** લોકોને યમરાજના અતિથિ બનાવી, સારી સારી વસ્તુઓ લઈ, યવન દ્વીપને જીતી લઈ, **જોનક** નામના લોકોને અકાળે વશ કરી કચ્છ ભૂમિને જીતી લે છે. પછી સેનાપતિ વૈતાઢ્ય પર્વતની **તમિસ્રા** ગુફામાં પ્રવેશ કરે છે. તેના અધિષ્ઠાતા **કૃતમાળદેવ**ને જગાડવા અઠ્ઠમ તપ કરે છે તે પૂર્ણ થયા પછી હાથમાં ધૂપદાની લઈ, તે ગુફાના બંને દ્વારને પ્રણામ કરી, સાત આઠ પગલાં પાછા હઠી દંડરત્નવડે ત્રણ વખત ગુફાના દ્વારને તાડન કરતાં બંને દ્વારો ઊઘડી જાય છે. તેના સમાચાર ચક્રીને આપતાં ભરત મહારાજ હસ્તી ઉપર આરૂઢ થઈ હસ્તીના મસ્તક ઉપર મણિરત્નને સ્થાપન કરી

ગુફામાં પ્રવેશ કરે છે. પછી કાકિણી રત્ન કેટલું, કેવું અને કેટલા માપવાળું છે તે અહીં બતાવે છે. ચક્રીએ તે ગ્રહણ કર્યું અને ગુફાની બંને બાજુ ઓગણપચાસ મંડલો અંધકાર—નાશ માટે કર્યા અને ગુફાની મધ્ય ભાગમાં રહેલી **નિમગ્ના, ઉન્મગ્ના** નામની નદી (જેનું વર્ણન અને તે સમુદ્રને કેવી રીતે મળે છે તે અહીં જણાવવામાં આવેલ છે) સમીપે આવે છે અને નદી પાર ઉતરી ક્રમે ક્રમે તમિસ્રા ગુફાની બહાર આવે છે અને ઉત્તર ભરતાર્ધને સાધવા ઉત્તર દિશામાં આવે છે. મ્લેચ્છોને વશ કરી સુષેણ સેનાપતિ અહીં આવે છે. આપાત નામના ભિલ્લો કે જે ઘણા ગર્વિષ્ઠ હતા તેનું ચક્રવર્ત્તીના સૈન્ય સાથે યુદ્ધ થાય છે. સુષેણ સેનાપતિ **કમલાપીડ** નામના અશ્વ ઉપર આરૂઢ થઈને સમરાંગણમાં આગળ વધે છે. અહીં સુષેણના અશ્વનું વર્ણન, ગતિ, માન, લક્ષણ વગેરે તથા ખડ્ગરત્ન (જેનું માન અને સ્વરૂપ બંને આપવામાં આવેલ છે) હાથમાં ધારણ કરે છે. એ ભિલ્લ લોકો નાસી જાય છે અને પોતાના કુળદેવો (નાગનિકાયના) **મેઘમુખ**ને સંભારી અઠ્ઠમ તપ કરે છે. મેઘમુખ હાજર થઈ ચક્રી સૈન્યને ઉપદ્રવ કરે છે; પરંતુ છેવટે મેઘમુખ દેવ થાકી જઈ ચક્રીના શરણે જવા ભિલ્લોને સમજાવતાં ભિલ્લો ભેટણાં લઈ, ચક્રી પાસે આવી, પ્રણામ કરી, ભેટણા ધરી સેવા સ્વીકારે છે. થોડા દિવસો ત્યાં ચક્રી પસાર કરે છે. જીતાયેલા દેવો અને મનુષ્યો કેવી કેવી જાતના ભેટણાં આપે છે તે જાણવા જેવું છે.

## સર્ગ ૧૬મો (પૃ. ૨૮૧ થી ૨૯૮)

આ સર્ગમાં પ્રથમ ચક્રરત્નની પાછળ ચક્રી લઘુ **હિમવત્** પર્વતના દક્ષિણ પ્રદેશ પર **હિમવત્કુમાર**ને સાધી **ઋષભકુટ** પર્વત પર સ્વનામલેખન કરવા ભરત ચક્રી આવે છે. અને ત્યાં રથના અગ્રભાગવડે ત્રણ વાર તાડન કરી પૂર્વ દિશાના શિખર પર કાકિણી રત્નવડે લખ્યું કે : **"અવસર્પિણી કાળના ત્રીજા આરાના પ્રાંતભાગમાં હું ભરત નામનો ચક્રવર્ત્તી થયો છું."** જે જે વખતે જે જે ચક્રવર્ત્તી ભરતક્ષેત્રમાં થાય છે તે આ ગ્રંથના પંદરમાં-સોળમા સર્ગમાં જણાવ્યા પ્રમાણે છ ખંડ પૃથ્વી, ચૌદ રત્નોવડે સાધે છે, ઉપર પ્રમાણે નામ લખે છે. આ છ ખંડની સાધનાની હકીકતો જાણવા પ્રમાણે આ ચરિત્રમાં જેટલા વિસ્તારથી સુંદર અને અલંકારિક રીતે વિદ્વાન સૂરિજીએ આપી છે તેટલી બીજે સ્થળે નથી જેથી તે તમામ હકીકત જાણવા જેવી છે. ચક્રવર્ત્તીનું કેટલું પુણ્ય છે? કેટલી ફરજો છે? વગેરે હકીકતોની આપણને માહિતી મળે છે. હવે ભરત મહારાજા વૈતાઢ્ય પર્વત પર આવે છે અને વિદ્યાધરોના સ્વામી **નમિ** તથા **વિનમિ** પાસે દંડની માગણી કરવા બાણ ફેંકે છે. ત્યાં પણ તુમુલ યુદ્ધ થાય છે. અહીં બાર વર્ષ યુદ્ધ ચાલ્યા પછી નમિ અને વિનમિ જીતાય છે. તેઓ માફી માગે છે, સેવક થઈ રહેવા ચક્રીને વિનંતિ કરે છે. ત્યારબાદ વિનમિની પુત્રી **સુભદ્રા** કે જે ચક્રવર્ત્તીનું સ્ત્રીરત્ન થવા નિર્માણ થયેલી છે તેને વિનમિ ભરતને અર્પણ કરે છે. અહીં સુભદ્રાના સુંદર શરીર અને અંગોપાંગનું અનુપમ વર્ણન આપવામાં આવે છે. પછી નમિવિનમિ વિદ્યાધરો પોતાના રાજ્ય ઉપર પુત્રોને બેસાડી શ્રી ઋષભદેવ પરમાત્મા પાસે ચારિત્ર ગ્રહણ કરે છે.

ભરત મહારાજા ગંગાદેવીની સાધના કરવા તેના કિનારા પર આવી પહોંચે છે. બાદ સિંધુ નદીની માફક ચક્રીની આજ્ઞાથી સુષેણ સેનાપતિ તેનો ઉત્તર નિષ્કુટ સાધી આવી પહોંચે છે. પછી

અઠ્ઠમ તપ કરી ચક્રી ગંગાદેવીને સાધે છે અને ભરત મહારાજના સૌંદર્યથી ગંગાદેવીની આસક્તિ થતાં તેની માગણીથી ભરત મહારાજ તેની સાથે ભોગવિલાસ કરે છે. ત્યાં હજાર વર્ષ વ્યતીત થયા બાદ **ખંડપ્રપાતા** નામની ગુફા સમીપે આવી કૃતમાળ દેવની જેમ **નાટ્યમાલ** દેવની સાધના કરે છે. તે સાધી ગંગા નદીના કિનારે આવતા ચક્રવર્તીને નવ નિધાન (જેના નામો, માન, આયુષ્ય, લાંછન અને તેના અધિષ્ઠાયકો વગેરેનું વર્ણન અહીં આપવામાં આવે છે.) જે અપરિમિત પુણ્યવડે પ્રાપ્ત થાય છે, તે પ્રગટ થાય છે. ત્યાં લાંબો વખત રહી છ ખંડ સાધી સાઠ હજાર વર્ષે ભરત મહારાજાનું વિનીતા નગરીમાં આવાગમન થાય છે. ચક્રવર્તીનો પ્રવેશમહોત્સવ અપૂર્વ રીતે થાય છે. ત્યારપછી ચક્રવર્તી ભરત મહારાજા અઠ્ઠમ તપ કરે છે. પછી ચક્રવર્તીનો અભિષેક બહુ જ આનંદપૂર્વક દેવો અને મનુષ્યોવડે કરવામાં આવે છે. તેનું સ્વરૂપ અહીં જણાવાય છે.

રાજાઓમાં ચક્રવર્તીઓનું રાજા તરીકે પ્રથમ સ્થાન છે, જેની દેવો તથા મનુષ્યો સેવા કરે છે; તેમાં પણ ભરતચક્રી પ્રથમ અને અસાધારણ પુણ્યવાળા હોવાથી તેમની જેવી સમૃદ્ધિ બીજા રાજાઓની હોઈ શકે જ નહિ. હવે ભરત મહારાજાને ચૌદ રત્નો, નવ નિધાન, સોળ હજાર આત્મરક્ષક દેવો, બત્રીશ હજાર દેશો અને તેટલી જ કન્યાના સ્વામી, ત્રણસો ત્રેસઠ રસોયા, ચોરાશી લાખ હાથી, તેટલા જ ઘોડાઓ, તેટલા જ રથો, છન્નુ કરોડ પાયદળ હતું. બત્રીશ હજાર દેશ, બહોંતેર હજાર મોટા નગર, નવ્વાણું હજાર દ્રોણમુખ, અડતાલીશ હજાર કિલ્લાવાળા શહેરો, ચોવીશ હજાર કર્બટ (ખોટાં) નગર, ચોવીશ હજાર મડંબ, વીશ હજાર આકર (ધાતુઓની ખાણો), સોળ હજાર ખેટક, ચૌદ હજાર સંબાધન તથા છપ્પન દ્વીપો વગેરેના માલિક ભરત મહારાજા હતા, એવી રીતે ચક્રીની સમૃદ્ધિનું વર્ણન અહીં બતાવેલ છે.

હવે ભરત મહારાજાએ એકદા દીક્ષા લેવાની ઇચ્છાવાળી અને નિરંતર આયંબિલ કરનાર સુંદરીના દેહની સ્થિતિ જોઈ તેમ થવાનું કારણ નોકરવર્ગને પૂછ્યું. જેથી ઉપરોક્ત સ્થિતિ જાણી, સુંદરીને દીક્ષા લેવાની આજ્ઞા આપવામાં આવે છે. દરમિયાન પૃથ્વીપીઠ ઉપર વિહાર કરતાં પ્રભુ આદિનાથ અષ્ટાપદ પર્વત પર આવે છે. સમવસરણમાં બેસી પ્રભુને દેશના આપતાં જાણી ભરત મહારાજા સુંદરી સાથે પ્રભુ પાસે આવે છે. ભરત મહારાજા હર્ષપૂર્વક પ્રભુની સ્તુતિ કરે છે. પછી સુંદરી પ્રભુની સ્તુતિ કરી પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરે છે.

હવે ભરત મહારાજા પોતાના ભાઈઓ રાજ્યાભિષેક વખતે નહિ આવેલા હોવાથી પોતાની સેવા સ્વીકારવા દૂતને મોકલે છે. સેવા સ્વીકારવા ભાઈઓ ના કહે છે અને પિતા (પ્રભુ)ની આજ્ઞા વગર લડવા માગતા નથી તેમ દૂતને જણાવે છે. બાદ તે અઠ્ઠાણું ભાઈઓ પ્રભુ સમીપે આવે છે. પ્રભુ ઉપદેશદ્વારા સંસારનું સ્વરૂપ અંગારકારકના દૃષ્ટાંતદ્વારા જણાવે છે, જેથી અઠ્ઠાણું ભાઈઓ પ્રતિબોધ પામી દીક્ષા લે છે.

## સર્ગ ૧૭ મો. (પૃ. ૨૯૯ થી ૩૨૯)

ભરતક્ષેત્રના દરેક રાજાઓ જ્યાં સુધી તે વખતના ચક્રીની આજ્ઞા—સેવા સ્વીકારે નહિ અને

એક પણ જો બાકી હોય તો ચક્રરત્ન નગરીમાં પ્રવેશ કરતું નથી. આ નિયમ અચલ છે. અહીં પણ ક્રોધાન્વિત થયેલ ચક્રના અપ્રવેશથી સુષેણ સેનાપતિ ભરત મહારાજને તે હકીકત જણાવે છે. છેવટે યાદ આવતાં આપના લઘુ બંધુ મહાબલિષ્ઠ બાહુબલિ જીતાવા બાકી રહેલ છે અને તે સેવા નહિ સ્વીકારે ત્યાં સુધી આપ પૂરેપૂરા વિજયી થયા નથી અને તેમન જીતવામાં જ ખરેખરો જય છે વગેરે હકીકત ભરત મહારાજને જણાવે છે, ભરત રાજા વિચારે છે કે—પ્રથમ તે મારો ભાઈ મારી આજ્ઞા માનતો. હવે ભંગ કરે છે છતાં તેની સાથે લડવાથી મારો યશ કલંકિત થશે. બીજી બાજુ એક પણ વ્યક્તિ મારી આજ્ઞા ન માને ત્યાં સુધી ચક્ર નગરમાં પ્રવેશ કરે નહિ આમ વિચારે છે. તે વખતે સુષેણ મંત્રી બાહુબલિને સમજાવવા લોકવ્યવહારને સમજી પ્રથમ સુવેગ નામના દૂતને બાહુબલિને સમજાવવા **તક્ષશિલા** નગરી પ્રત્યે મોકલે છે. સુવેગ **બહલી** નગરીમાં આવે છે અને નગરની અદ્‌ભુત શોભા નિરખી તેમના પ્રતિહારી દ્વારા **બાહુબલિ**ને ભરત મહારાજાનો દૂત આવેલ છે તે જણાવી, આજ્ઞા મેળવી, રાજસભામાં પ્રવેશ કરે છે. બાહુબલિ સુવેગને ભરતની કુશલતા પૂછે છે. પછી સુવેગ પોતે કેમ આવ્યો છે તે જણાવતાં કહે છે કે—'સાઠ હજાર વર્ષ સુધી દિગ્‌વિજય કરી ભરત મહારાજાએ વિનીતામાં પ્રવેશ કર્યો છતાં માત્ર આપ એક જ ભરત ચક્રવર્તીની સેવા સ્વીકારતા નથી જેથી ચક્રરત્ન નગરમાં પ્રવેશ કરતું નથી; માટે આપે જીવિત ચાહતા હો તો ભરતની સેવા સ્વીકારો અને અભિમાનનો ત્યાગ કરો. 'સુવેગે આ પ્રમાણે જણાવ્યા પછી બાહુબલિ પણ પૂર્વના પુણ્યબળે અપરિમિત બળ પ્રાપ્ત કર્યું હોવાથી તેમજ 'દિગ્‌વિજય કરવા જતાં અમો નાના ભાઈઓને બોલાવ્યા પણ નહિ! શું અમો નાના ભાઈઓ નહોતા? શું સેવાભાવથી રહિત હતા? અમો અપમાનિત થયેલા હોવાથી તેમના આગમન પ્રસંગે અમો આવ્યા નહોતા. હવે જો ભરત મારું રાજ્ય લેવા ઇચ્છતા હોય તો હું યુદ્ધ કરવા તૈયાર છું' વગેરે રીતે જવાબ બાહુબલિ આપે છે. અહીં બાહુબલિએ દૂતનો જવાબ માર્મિક રીતે એટલો સુંદર અને દલીલપૂર્વક આપ્યો છે જે મનોગમ્ય છે.

પછી પ્રતિહારીવડે ઉઠાડાયેલ, બાહુબલિની આજ્ઞારૂપી પાસથી બંધાએલ સભામાં બેઠેલા રાજાઓથી ક્રોધપૂર્વક નિહાળાતો સુવેગ દૂત બાહુબલિની રાજ્યસભામાંથી બહાર નીકળી વિનીતા નગરીમાં આવી ચક્રીને તે હકીકત જણાવતાં બાહુબલિ સાથે યુદ્ધ કરવા ભરત મહારાજા પ્રયાણ કરે છે. આ વખતે જે સૈન્ય તૈયાર કરેલું છે તેનું વર્ણન અહીં જાણવા જેવું આપવામાં આવેલું છે. ભરત મહારાજા સાથે યુદ્ધ કરવા બાહુબલિ સૈન્ય તૈયાર કરી પ્રયાણ કરે છે અને બંને સૈન્યના સ્વામીઓને સૂચના આપવામાં આવે છે. બાહુબલિ તે દરમિયાન પોતાના પુત્ર **સિંહરથ**ને સેનાપતિ બનાવે છે. અહીં ભરત મહારાજા સુષેણને સેનાપતિપદ આપે છે. બાહુબલિના જ્યેષ્ઠ પુત્ર **સોમ,** તેનો નાનો ભાઈ **મહારથ,** તેનાથી નાનો **સિંહરથ** કે જે મહાબળવાન છે તે તથા બીજા પુત્રપૌત્રો એક એક **અક્ષોહિણી** સેના—(૨૧૮૭૦ હસ્તી, તેટલા જ રથ, ૬૫૬૧૦ અશ્વો અને ૧૦૯૩૫૦ પાયદળ આટલા લશ્કરી પરિવારને એક અક્ષોહિણી કહેવામાં આવે છે.)થી તૈયાર થયેલ છે. બંને બાજુથી તુમુલ યુદ્ધ શરૂ થાય છે. તેમાં સકળ જનસમૂહનો નાશ થઈ જવાની શંકાવાળા આકાશમાં રહેલા દેવો યુદ્ધ નિવારણ કરવા પ્રથમ ભરતચક્રીને પ્રાર્થના કરે છે, ભરત જવાબ આપે છે. તેમને સમજાવી પછી બાહુબલિ પ્રત્યે દેવો તે જ માટે કથન કહે છે, અને બંને રાજવીઓને દ્વંદ્વયુદ્ધ સંગ્રામથી શાંતિ

થવા કરવા જણાવે છે; દેવોને બાહુબલિ જવાબ આપે છે. ત્યારબાદ દેવોએ જણાવ્યું કે—'આ અધમ યુદ્ધમાં સૈન્યનો સંહાર જ થશે જેથી બાહુબલિને દ્વંદ્વ યુદ્ધ વગર આ સંગ્રામની શાંતિ થશે નહિ માટે, દૃષ્ટિ, વાણી, ભુજા, મુષ્ટિ અને દંડયુદ્ધદ્વારા તમારું સન્માન જળવાઈ રહેશે તેવું દેવોનું કથન સાંભળી તેનો બંનેએ સ્વીકાર કરવાથી દેવો આકાશમાં તટસ્થ જનોની માફક ઊભા રહ્યા. મહાન પુણ્યશાળી શ્રી ઋષભદેવ ભગવાનના પુત્રોએ નીતિપૂર્વક, સમજપૂર્વક મનુષ્યનો અસાધારણ થતો સંહાર થતો અટકાવવા દેવોના કથનને સ્વીકારવાથી બંને સેના યુદ્ધ કરવા અટકી જાય છે. ભરત મહારાજને તેમના સેવકો, બાહુબલિના બાહુબળને જીતવા ઇંદ્રો પણ શક્તિશાળી નથી વગેરે હકીકત આ રીતે જણાવી આપ ન લડો તેમ પ્રાર્થના કરે છે. પછી ભરત મહારાજા પોતાનું ભૂજાબળ સેવકવર્ગને જણાવે છે અને લોખંડની સાંકળવડે પોતાનું ભૂજાબળ દેખાડી ચક્રી સેવકોને શાંત કરે છે.

હવે બંને બંધુઓ વચ્ચે દૃષ્ટિયુદ્ધ, વાગયુદ્ધ, ભુજાયુદ્ધ, મુષ્ટિયુદ્ધ થાય છે. તેમાં ભરત મહારાજા દરેકમાં પરાજય પામે છે. છેવટે દંડયુદ્ધ શરૂ થતાં ભરત મહારાજા બાહુબલિના મસ્તક ઉપર દંડનો પ્રહાર કરે છે જેથી બાહુબલિ જાનુ સુધી પૃથ્વીમાં ખૂંચી જાય છે, પછી ત્યાંથી કૂદી, બહાર આવી ભરત ઉપર દંડનો પ્રહાર કરતા કંઠ સુધી ભરત મહારાજા ખૂંચી જાય છે. તે સમયે હું ચક્રવર્ત્તી છું કે કેમ? તેવી તેમને આશંકા થાય છે. બાદ ચક્ર પ્રહાર કરવાને તૈયાર થયેલ ભરતને બાહુબલિ ચક્રને લોઢાનો ટુકડો માની તેના ચૂરેચૂરા કરી નાખીશ એમ કહે છે; પરંતુ કુદરતી નિયમ પ્રમાણે ચક્રીપણાના પુણ્યોદયે બીજો છૂટકો જ ન હોવાથી બાહુબલિ ઉપર ચક્ર મૂકે છે. ત્યાં ચક્ર બાહુબલિને પ્રદક્ષિણા આપી અને સામાન્ય એવા સ્વગોત્રીય પ્રાણી પ્રત્યે ચક્રવર્ત્તીનું ચક્ર ચાલતું નથી એવો અચલ-અટલ નિયમ હોવાથી તેમજ ચરમશરીરી બાહુબલિ હોવાથી તેમનું અહિત ચક્ર કરી શકતું નથી, જેથી ચક્ર પાછું ભરત મહારાજા પાસે આવી જાય છે. પછી બાહુબલિ ક્રોધાન્વિત થઈ ભરતને જણાવે છે કે—નીતિમય યુદ્ધનો ભંગ કરી મારા ઉપર ચક્ર મૂકવાથી તેં કલંક અને મારા જેવા ભાઈને હણવા પાપ વહોર્યું છે; તેમ કહી બાહુબલિએ ભરતને હણવા પોતાની મુઠી ઊંચી કરી, ભરતની પડખે જઈ મારવા ઉગામે છે તેવામાં બાહુબલિ તદ્‌ભવમોક્ષગામી આત્મા હોવાથી—પ્રભુપુત્ર હોવાથી કુદરતી રીતે દીક્ષાનો સમય પણ આવેલ છે, જેથી હૃદયમાં પોતાનો રાજ્યલોભ અને ભરત ઉપરનો કોપ સમી જાય છે અને વૈરાગ્ય ઉત્પન્ન થતાં દીક્ષા લેવાની ઇચ્છા થતાં વડીલ બંધુ ભરત મહારાજની ક્ષમા યાચે છે. પછી પિતાએ સ્વીકારેલ પ્રવ્રજ્યા ગ્રહણ કરીશ વગેરે જણાવી બાહુબલિએ ક્રોધવડે ઊંચી કરેલી પોતાની મુષ્ટિવડે, ક્ષમા અને વૈરાગ્યથી મસ્તક પ્રદેશ ઉપરના પોતાના કેશોને ખેંચી કાઢ્યા અને સ્વયં દીક્ષા ગ્રહણ કરી. એ બાહુબલિ મહાત્મા ઉપર તે વખતે દેવોએ પુષ્પ વૃષ્ટિ કરી. પછી બાહુબલિ મુનિ કેવળજ્ઞાન ઉત્પન્ન ન થાય ત્યાં સુધી પ્રભુ પાસે ન જઉં એવી પ્રતિજ્ઞા કરે છે. પ્રથમ દીક્ષા લીધેલા—જ્ઞાની બનેલા મારા નાના ભાઈઓને શું હું ત્યાં જઈ પ્રણામ કરું? તેમ સમજી ત્યાં તે ન જતાં તે જ સ્થળે બાહુબલિ કાયોત્સર્ગ ધ્યાનમાં ઊભા રહ્યા. હવે આ બાજુ પોતાના લઘુ બંધુ સાથે યુદ્ધ કરવા, હણવા વગેરે કાર્યો માટે ભરત મહારાજા આત્મનિંદાગર્ભિત બાહુબલિ મુનિશ્વરની ક્ષમા માગતા—પ્રાર્થના કરતાં સ્તુતિ કરે છે. પ્રભુપુત્રો તે જ ભવમાં મોક્ષમાં જનાર આત્મા હોવાથી કેટલા વિચારમય, વૈરાગ્યવાસિત અને સમયજ્ઞ હોય છે તે આ સ્તુતિ વાંચવાથી જણાય છે.

પછી ભરત મહારાજા વિનીતા નગરીમાં આવે છે. અહીં બાહુબલિ મુનિનું એક વર્ષ ચતુર્વિધ આહાર રહિત વિકાર કરતાં વ્યતીત થાય છે. દરમિયાન શ્રી ઋષભદેવ પરમાત્માએ બ્રાહ્મી, સુંદરીને જણાવ્યું કે—ઉગ્ર તપશ્ચર્યાથી બાહુબલિના કર્મ ક્ષીણ થયા હોવા છતાં મેઘથી આચ્છાદિત સૂર્યમંડળની જેમ તેમનું કેવળજ્ઞાન અભિમાનના અંશથી રોકાઈ ગયું છે અને હમણાં તેમને ઉપદેશ આપવાનો સમય છે, તો તમે બંને ત્યાં જાઓ. પરમાત્માની આજ્ઞાથી બ્રાહ્મી—સુંદરી બાહુબલિ મુનિશ્રી પાસે આવે છે, જ્યાં વેલથી વીંટળાયેલ વૃક્ષની જેમ બાહુબલિને જોઈ 'પ્રભુ આદિનાથ આપને જણાવે છે કે—અભિમાનરૂપી હસ્તિ ઉપર ચડેલા પ્રાણીઓ કદી પણ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકતા નથી માટે હે વીરા! **''ગજથકી હેઠા ઉતરો''** વગેરે કહી બંને સાધ્વી મહારાજ ત્યાંથી વિદાય થાય છે. પછી પોતાના સ્વરૂપનો વિચાર કરતાં બાહુબલિ આત્મનિંદા કરે છે. વિવેક ધારણ કરી અને પ્રભુ પાસે જેવા પગ ઉપાડે છે કે તરત જ ઘાતિકર્મનો ક્ષય થતાં કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. તરત જ પરમાત્મા પાસે આવીને, પ્રદક્ષિણા આપીને, તીર્થને નમસ્કાર કરીને પૂર્ણ પ્રતિજ્ઞાવાળા બાહુબલિ મુનીશ્વર કેવળીની પર્ષદામાં બિરાજમાન થાય છે.

## સર્ગ ૧૮ મો. (પૃ. ૩૩૦ થી ૩૪૭)

આ ચરિત્રગ્રંથ આ સર્ગમાં પૂરો થાય છે. ભરત મહારાજાના પુત્ર **મરિચિએ** પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરી અને પ્રભુ સાથે વિચરવા લાગ્યા. અગિયાર અંગના જાણનાર મરીચિ મુનિ સાધુધર્મનું પાલન કરતા હતા, દરમિયાન ગ્રીષ્મ ઋતુ આવતા સાધુ આચાર પાળવા, કષ્ટ સહન કરવા, સંયમભાર વહન કરવા મરીચિ મુનિ અસમર્થ થયા. હવે પોતે પ્રભુનો પૌત્ર, ચક્રીનો પુત્ર હોવાથી સાધુધર્મ મૂકી દઈ ઘેર જતાં શરમ આવી અને તેમ કરતા લોકોમાં નિંદાને પાત્ર થવાશે એમ વિચારી, સાધુધર્મ મૂકી ત્રિદંડી વેષ ધારણ કરી પરમાત્મા સાથે વિચરવા લાગ્યા. આમ નૂતન વેષધારી બનવાથી લોકો ધર્મ પૂછવા લાગ્યા જેથી મરીચિ પરમાત્મા જે પ્રમાણે ધર્મનો ઉપદેશ આપતા હતાં તે જ પ્રમાણે મરીચિ બતવતો હતો અને દીક્ષા લેવા ઇચ્છતા ભવ્ય પ્રાણીને પ્રભુ પાસે મોકલતો. ત્યાં પરમાત્મા દીક્ષા આપતા. હવે કોઈ વખત મરીચીનું શરીર રોગગ્રસ્ત બન્યું જ્યારે તે પતિત હોવાથી સાથેના મુનિઓ તેમની સંભાળ લેતા નહિ અને રોગ વધવા લાગ્યો, જેથી ચિંતા થતા મુનિઓ પોતાની સારવાર ન જ કરે તેમ વૈયાવચ્ચ કરાવું તો મારા પાપની વૃદ્ધિ થાય એમ વિચારી પોતે એક શિષ્ય બનાવવો તેમ નિર્ણય કર્યો અને યોગ્ય સમયે તે વેદની કર્મ ભોગવાઈ જતાં રોગ વિનાશ પામ્યો.

એકદા કોઈ સ્થળેથી એક દુર્ભવી **કપિલ** નામનો રાજપુત્ર પરમાત્માની પર્ષદામાં આવી ચઢ્યો અને પરમાત્માનો ઉપદેશ નહિ રૂચવાથી આમતેમ જોતાં પ્રભુના શિષ્યોમાં નવીન વિચિત્ર વેષવાળા મરીચિને જોઈ તેની પાસે જઈ, બીજો કોઈ ધર્મ છે તેમ પૂછ્યું. મરીચિ પોતા પાસે ધર્મ નથી પણ પરમાત્મા પાસે ધર્મ છે કહી ત્યાં મોકલે છે. ફરી પણ તે ધર્મ નહિ રુચવાથી મરિચી પાસે પાછો આવે છે. 'શું તમારી પાસે ધર્મ નથી?' તેમ ફરી પૂછતાં અભિમાની મરીચિએ આ રાજપુત્ર પોતાને લાયક છે એમ સમજી પોતાનો શિષ્ય થાય તો ઠીક એમ સમજી 'ત્યાં પણ ધર્મ છે અહીં પણ

છે.' આ પ્રમાણે ઉત્સૂત્ર ભાષણથી મરિચીએ કોટાનુકોટી સાગરોપમ પોતાનો સંસાર વૃદ્ધિ પમાડ્યો અને કપિલને પોતાનો શિષ્ય બનાવ્યો ત્યારથી લોકોમાં પરિવ્રાજક ધર્મનો ફેલાવો થયો.

અહીં પૃથ્વીને પવિત્ર કરતાં પ્રભુ અષ્ટાપદ પર્વતે પધાર્યા, જ્યાં દેવોએ સમવસરણની રચના કરી. ઇંદ્ર અને ભરત ચક્રવર્ત્તીનું આગમન થાય છે. પ્રભુએ સર્વ ભાષામાં સમજાય તેવી જોજનગામિની દેશના આપી. જેથી દેવો, મનુષ્યો અને તિર્યંચો દેશનામાં લયલીન થવા સાથે અત્યંત હર્ષ પામ્યા.

પોતાના દીક્ષિત ભાઈઓને જોતાં ભરત મહારાજા તેમની પ્રશંસા કરે છે અને પોતે વૈભવ ભોગવે છે, તે માટે આત્મનિંદા કરતાં કરતાં પાંચસો ગાડા વિવિધ પ્રકારના ભોજનના મંગાવી ગ્રહણ કરવા મુનિઓને વિનંતી કરે છે. પરમાત્માએ ભરત મહારાજાને આધાકર્મી, મુનિ માટે બનાવેલ આહાર કલ્પે નહિ તેમ જણાવતાં ભરતચક્રીએ સાધુને કલ્પે તેવા અકૃત અને અકારિત આહાર ગ્રહણ કરવા મુનિવરોને આમંત્રણ આપ્યું ત્યારે પ્રભુએ રાજપિંડ મુનિને કલ્પે નહિ તેમ કહ્યું જેથી ભરત ચક્રવર્ત્તી મૂર્ચ્છા પામ્યા, પછી ઇંદ્રે અવગ્રહ કેટલા પ્રકારના છે તે પૂછ્યું. પ્રભુએ જણાવ્યું કે—ઇંદ્ર સંબંધી, ચક્રવર્ત્તી સંબંધી, રાજા સંબંધી, ગૃહસ્થ સંબંધી અને સાધુ સંબંધી એમ પાંચ પ્રકારના છે અને એ અવગ્રહો ઉત્તરોત્તર પૂર્વ પૂર્વના અવગ્રહને બાધક છે. તે જણાવ્યા પછી ઇંદ્રે પોતાના અવગ્રહમાં અને ચક્રીએ પોતાના અવગ્રહમાં મુનિઓને વિચરવાની આજ્ઞા આપી. પછી ભરતરાજાએ આવેલી બધી ભોજનસામગ્રી ઇંદ્રની સૂચનાથી ગુણશાળી શ્રાવકોને આપી દીધી.

હવે અહીં ઇંદ્રનું અદ્‌ભુત સ્વરૂપ દેખી, ભરત મહારાજાએ ઇંદ્રને પૂછ્યું કે અહીં છે તેવું જ કે સ્વર્ગમાં આ કરતાં વધારે સુંદર શરીર છે? તેમ ઇંદ્ર પોતાનું મૂળસ્વરૂપ જોવા મનુષ્ય શક્તિમાન નથી એમ જણાવી ભરત મહારાજાની વિજ્ઞપ્તિથી પોતાની એક આંગળી બતાવે છે. ભરત તે અદ્‌ભુત અવયવ જોઈ આનંદ પામે છે. પછી ઇંદ્ર સ્વસ્થાને જાય છે. અહીં પરમાત્મા અન્ય સ્થળે વિહાર કરી જાય છે અને ભરત મહારાજાએ શ્રાવકોને જણાવ્યું કે તમારી ઇચ્છા પ્રમાણે મારે રસોડે જમી મારી પાસે આવી "जितो भवान भयं भूरि, ततो मा हन मा हन" (તમો જીતાયેલા છો. ભય વૃદ્ધિ પામે છે માટે તમો કોઈ પ્રાણીને હણો નહિ) એ પ્રમાણે બોલવું જેથી ભરત મહારાજે તે પ્રમાણે **'માહન'**પણાનું સ્થાપન કર્યું.

તે વખતે રસોયા આવી ફરિયાદ કરે છે કે જમવા આવનાર શ્રાવક છે કે અન્ય તે જણાતું નથી, એટલે રસોયાને જણાવ્યું તમો શ્રાવક હોવાની પરીક્ષા કરીને હવે ભોજન આપજો. પરીક્ષા કરેલા શ્રાવકો માટે જ્ઞાન, દર્શન, ચારિત્રના ચિહ્નરૂપ કાંકણી રત્નવડે ત્રણ રેખાઓ (જનોઈ) કરી, અને તેમના અધ્યયન માટે (૧. સંસારદર્શન, ૨. સંસ્થાપનપરામર્શન, ૩. તત્ત્વાવબોધ અને ૪. વિદ્યા પ્રબોધ એવા) ચાર વેદોની રચના કરી; તે ભરત મહારાજા પછી આઠ પેઢી સુધી આ આચાર પ્રવૃત્તિમાં રહ્યો અને ભરત મહારાજ જે મુકુટ ધારણ કરતા હતા તે પણ પછીના રાજાઓ તે મુગટનો ભાર સહન કરી શક્યા નહિ, કારણ કે આ કાળમાં હીન અને હીનતર શક્તિ દિવસાનુદિવસ થતી જાય છે.

પરમાત્મા ફરી અષ્ટાપદ પર્વત ઉપર આવે છે અને દેશના આપે છે. જ્યાં ભરત મહારાજા પ્રભુને પૂછે છે કે—આ કાળમાં હવે કેટલા તીર્થંકરો, ચક્રવર્તીઓ વગેરે થશે? પ્રભુ કહે છે કે—ત્રેવીશ તીર્થંકરો, અગિયાર ચક્રવર્તીઓ, નવ વાસુદેવ, નવ બળદેવો, અને નવ પ્રતિવાસુદેવો થશે. પછી આ પરિષદમાં આપની જેમ તીર્થ પ્રવર્તાવી આ ભરતક્ષેત્રને પવિત્ર કરે તેવો કોઈ પુરુષ છે? તેમ પૂછતાં પ્રભુ જણાવે છે કે—તારો પુત્ર મરિચી પ્રથમ વાસુદેવ થશે. પશ્ચિમ મહાવિદેહમાં મુકા નગરીમાં પ્રિયમિત્ર નામનો ચક્રવર્તી અને આ ભરતમાં ચોવીસમો **મહાવીર** નામનો તીર્થંકર થશે. આ પ્રમાણેનું કથન સાંભળી, પ્રભુની આજ્ઞા લઈ ભરત મહારાજા મરીચિ પાસે આવી તેને જણાવે છે કે—તું વાસુદેવ, ચક્રવર્તી થઈશ તેને નહિ, પરંતુ ચોવીશમો તીર્થંકર થઈશ તેથી હું તને વાંદું છું. બાદ ત્રણ પ્રદક્ષિણા આપી પ્રણામ કરે છે. પછી પોતે અયોધ્યા નગરીમાં સિધાવે છે. આ બાજુ આ હકીકત સાંભળી મરીચિ પોતાની ભુજાનું આસ્ફોટ કરી તે માટે અભિમાન કરી કુલમદ કરે છે જે તેમના તીર્થંકરના ભવમાં ઉદય આવે છે.

પરમાત્મા ઋષભદેવ હવે શ્રી પવિત્ર શત્રુંજય તીર્થે આવે છે. ત્યાં પુંડરીક ગણધરાદિકનું મોક્ષગમન જાણી તેમને રહેવાની આજ્ઞા ફરમાવી પરમાત્મા વિહાર કરી જાય છે. પુંડરીક ગણધર મુનિવરો સાથે સૂક્ષ્મ તથા બાદર અતિચારની આલોચના કરે છે. ફરી મહાવ્રતનો આરોપ કરે છે. (આવો ક્રમ છે) સર્વને ખમાવે છે અને ભવચરિત અનશન સર્વ સ્વીકારે છે એક માસને અંતે ચૈત્રી પૂનમે સર્વને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે અને પાંચ કરોડ મુનિઓ સાથે ગણધર મહારાજ મોક્ષમાં પધારે છે. દેવો નિર્વાણ મહોત્સવ કરે છે. જેથી શત્રુંજય પર્વત તે વખતથી તીર્થરૂપે પ્રસિદ્ધિ પામે છે. ભરતચક્રી વિવિધ રત્નોમય ચૈત્ય તે તીર્થ ઉપર બનાવે છે.

શ્રી આદિનાથ પ્રભુના પરિવારમાં ચોરાસી હજાર સાધુઓ, ત્રણ લાખ સાધ્વીઓ, ચાર હજાર સાતસો પચાશ ચૌદ પૂર્વધારી, નવ હજાર અવધિજ્ઞાની, વીશ હજાર કેવળજ્ઞાની, વીશ હજાર ને છસો વૈક્રિયલબ્ધિવંત, બાર હજાર સાડા છસે વાદીઓ તેટલા જ મનઃપર્યવજ્ઞાની, બાવીશ હજાર અનુત્તર વિમાનવાસી મહાત્માઓ, ત્રણ લાખ પચાશ હજાર શ્રાવકો અને પાંચ લાખ અને ચોપન હજાર શ્રાવિકાઓ હતી.

દીક્ષા લીધા બાદ એક લાખ પૂર્વ ગયે છતે પોતાનો મોક્ષસમય નજીક જાણી પરમાત્મા અષ્ટાપદ પર્વત ઉપર પરિવાર સહિત પધારે છે અને દશ હજાર મુનિવરો સાથે પરમાત્મા છ ઉપવાસપૂર્વક પાદપોપગમન નામનું અણશણ સ્વીકારે છે. આ સમાચાર ભરત મહારાજાને મળતાં ગ્લાનિયુક્ત ભરતચક્રી અષ્ટાપદ પર આવે છે અને અલ્પ હર્ષયુક્ત શોકને ધારણ કરે છે. ત્રણ પ્રદક્ષિણા દઈ, નમસ્કાર કરી, પ્રભુની બાજુમાં બેસે છે. ચોસઠ ઇંદ્રો પણ આસનકંપથી ત્યાં આવે છે. આ અવસર્પિણીકાળના ત્રીજા આરાના નેવ્યાસી પખવાડીયા બાકી રહ્યા ત્યારે માઘ માસની કૃષ્ણ ત્રયોદશીના પૂર્વાન્હે અભિજિત નક્ષત્રમાં ચંદ્રનો યોગ આવતાં પર્યંકાસને બિરાજેલા પરમાત્મા શ્રી ઋષભદેવ શુક્લધ્યાનના ત્રીજા પાયાને ધ્યાવી ચોથા પાયાનો આશ્રય કર્યો. કર્મના અભાવથી અનંત ચતુષ્ટયવાળા પરમાત્મા ઊર્ધ્વ ગતિગામી, ઋજુ ગતિદ્વારા દશ હજાર કેવળી મુનિવરો સાથે

મુક્તિમંદિરમાં બિરાજમાન થયા. તે વખતે નારક જીવોને પણ સુખ થયું. તે વખતે ભરત રાજા મૂર્ચ્છા પામ્યા કારણ કે દુઃખને ઓછું કરનાર રુદન તે વખતે કોઈ જાણતું નહોતું જેથી દુઃખ અને શોકને નષ્ટ કરવા રુદનક્રિયા ચક્રીને જણાવવા સમગ્ર દેવો સાથે ઇંદ્રે શરૂ કરી. જેથી ભરતચક્રી પણ પોકારયુક્ત રુદન કરવા લાગ્યા, તે રુદનથી ચક્રીનો શોક નષ્ટ થઈ ગયો. જેથી હૃદયનું શલ્ય તથા શોક દૂર કરવા આ રુદનક્રિયા ત્યારથી પ્રવર્ત્તી. ચક્રીને પણ ઇંદ્ર મહારાજે ઉપદેશમય મધુર વચનોથી શાંત કર્યા. ત્યારબાદ નંદનવનમાંથી ચંદનકાષ્ઠો લાવવાની આજ્ઞા દેવોને ઇંદ્રે કરી જેથી ચંદનકાષ્ઠો આવ્યા. ઇંદ્રે ત્રણ ચિતાઓ તૈયાર કરાવી—પૂર્વ દિશામાં પરમાત્માની ગોળ, પશ્ચિમ દિશામાં ત્રિકોણ ઇક્ષ્વાકુવંશના મુનિઓ માટે અને પશ્ચિમ દિશામાં ચોરસ અન્ય મુનિઓ માટે. પછી ક્ષીરસમુદ્રના જળવડે પ્રભુને સ્નાન કરાવી, ગોશીર્ષ ચંદનનો લેપ કરી, દિવ્ય વસ્ત્રો અને અન્ય રત્નાભરણોથી શણગાર્યા. અન્ય દેવોએ તે જ રીતે અન્ય મુનિઓની ભક્તિ કરી. ત્રણ શિબિકાઓ તૈયાર કરી તેમાં પ્રભુ તથા અન્ય મુનિઓને પધરાવી વાજીંત્ર સાથે ચિતા પાસે લઈ ગયા અને ચિતામાં સ્થાપન કરી. અગ્નિકુમાર દેવોએ અગ્નિ પ્રકટાવ્યો, વાયુકુમારે પવન વિકુર્વ્યો, હાડકા વગરની સર્વ વસ્તુ દગ્ધ થઈ ગયા બાદ મેઘકુમાર દેવોએ વરસાદ વરસાવી અગ્નિ શાંત કર્યો.

સૌધર્મેન્દ્રે જમણી, ઈશાનેંદ્રે ડાબી બાજુની ઉપરની, તેમજ ચમરેન્દ્ર નીચલી જમણી, બલીંન્દ્રે નીચલી ડાબી દાઢાઓ અને બીજા ઇંદ્રોએ દાંતો લીધા. ત્યાંથી નંદીશ્વરદ્વીપ અઠ્ઠાઈ મહોત્સવ કરી સ્વર્ગમાં ગયા. જ્યાં પોતપોતાના વિમાનમાં **માણવક** નામના સ્થંભને વિષે વજ્રમય ગોળ ડાબલામાં મૂકી હંમેશા તે દાઢાદિકનું ભક્તિપૂર્વક પૂજન કરવા લાગ્યા. ભરત મહારાજે પ્રભુની અગ્નિસંસ્કાર ભૂમિપર **સિંહનિષધા** નામનો મણિમય જિનપ્રાસાદ બંધાવ્યો અને તેની કોઈ આશાતના ન કરે તેવી પર્વત ઉપર વ્યવસ્થા કરી પરમાત્માના વિરહથી ભરત મહારાજા શાંતિ મેળવી શક્યા ન હતા. તેમને મંત્રીએ ઉપદેશવચનથી શાંત કર્યા. કેટલાક દિવસ પછી ભરત મહારાજા એક વખત આરિસાભુવનમાં પ્રવેશ કરે છે ત્યાં પોતાનું સુંદર શરીર જુવે છે, તેવામાં સહસા તેમના હાથની વીંટી સરકી નીચે પડી જાય છે; તે વખતે આરિસામાં જોતાં શોભાહીન બનેલી પોતાની આંગળીને જોઈ વિચારે છે કે અલંકાર વિના શું મારો દેહ શોભાહીન છે? એમ વિચારી કંઠ, હસ્ત, બાહુ, પગ, કટી વગેરેના એક એક અલંકાર ઉતારતા પોતાના તેજોહીન થયેલ દેહને જોઈ ભાવના ઉપર ચડે છે. સંસારને અસાર સમજી શરીરનું તપશ્ચર્યાદ્વારા સારભૂત મોક્ષરૂપી ફળ પ્રાપ્ત કરવું તેમ વિચારતા, ક્ષપકશ્રેણીએ ચડતાં, શુક્લધ્યાન ધ્યાતા આરિસા ભુવનમાં ભરત મહારાજાને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. એવામાં આસન ચલાયમાન થતાં ઇંદ્ર ત્યાં આવ્યા અને સાધુવેષને ગ્રહણ કરવા પ્રાર્થના કરી. પછી ભરત મહારાજે કેશ લુંચન કરી સાધુવેશને ધારણ કર્યો અને ભરત મહારાજના પુત્ર આદિત્યયશને રાજ્યાભિષેક કર્યો.

દીક્ષા ગ્રહણ કર્યા બાદ એક લાખ વર્ષ પર્યંત ભવ્ય પ્રાણીઓને પ્રબોધતા ભરત મુનિવર પોતાના પરિવાર યુક્ત વિચરતા વિચરતા અષ્ટાપદ પર્વતે જઈ, ચતુર્વિધ આહારના ત્યાગરૂપ અણશણ સ્વીકાર્યું. એક માસને અંતે શ્રવણ નક્ષત્રમાં ચંદ્રનો યોગ આવ્યે છતે ભરત મુનિરાજ

(કેવળીપ્રભુ) મોક્ષમાં સિધાવ્યા. ભરત મહારાજા કુમાર વયમાં ૭૭ લાખ પૂર્વ, માંડલિકપણામાં એક હજાર વર્ષ, ચક્રવર્તીપણામાં એક હજાર વર્ષ ન્યૂન ૭ લાખ પૂર્વ અને એક લાખ પૂર્વ કેવળીપણામાં વીતાવ્યા, કુલ ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય પૂર્ણ કરી ભરત મહારાજા મોક્ષે ગયા. દેવોએ મોક્ષોત્સવ કર્યો. અહીં શ્રી આદિનાથ પ્રભુનું સુંદર ચરિત્ર પૂર્ણ થાય છે.

## ઓગણીશમો સર્ગ. (પૃ. ૩૪૮ થી ૩૫૪) પ્રશસ્તિ.

પવિત્ર અને ઉત્તમ **વાયટ** નામના નગરને (કે જે ઉત્તર ગુજરાત પાટણ પાસે હતું) વિષે તે વખતે જૈનો અને બ્રાહ્મણોની વસ્તી વિશેષ હતી, ત્યાં શ્રી મહાવીરપ્રભુનું સુંદર મંદિર હતું. તેના અધિષ્ઠાતા તરીકે શ્રી શ્વેતાંબર મતમાં પ્રભાવશાળી મુકુટ સમાન શ્રી **જિનદત્તસુરિ** હતા. તેની પાટ ઉપર શ્રી **રાશિલસુરિ** થયા. તેમની પાટે શ્રી **જીવદેવસુરિ** થયા, કે જે વિદ્વાન અને પરકાયપ્રવેશિની વિદ્યાના પારંગત હતા. કોઈ ભુવનદેવી વિદ્યા સાધવાવાળો હિંસક યોગી જે કે શ્રી જીવદેવસૂરિના મરણની રાહ જોતો હતો; કારણ કે તેની ખોપરી વિદ્યા સાધવા માટે તેને જોઈતી હતી; તે યોગીને શ્રી જીવદેવસૂરિએ પોતાની અપૂર્વ વિદ્યાથી કેવો પરાજિત કર્યો તે હકીકત પ્રથમ આપવામાં આવે છે. ઉપરોક્ત ત્રણે આચાર્યો મહાવિદ્વાન, નિપુણ અને ઉપકારી હતા.

આ બાજુ **વાયટ** વંશમાં **વાસુપૂજ્ય** નામના મંત્રીશ્વર હતા કે જે અણહીલપુર પાટણમાં પૌરજનોમાં મુકુટરૂપ હતા. તેમને **રામદેવ** નામનો પુત્ર હતો, તેને સુવર્ણ જેવી કાંતિવાળી **પદ્મિની** નામની પત્ની હતી. તે રામદેવને **શાંતડ** નામનો પુત્ર થયો. તેની **સહજી** નામની પત્ની હતી. તેને **આસલ** નામનો પુત્ર થયો. તેની **અહીદેવી** નામની પત્ની હતી. તેને બુદ્ધિના નિધાનરૂપ સર્વ મંત્રીઓમાં મુખ્ય **પદ્મ** નામનો પુત્ર હતો. તેને સરસ્વતી અને લક્ષ્મી બંને પ્રાપ્ત થયા હતા. તે વખતના રાજા વિસલદેવની મંત્રી ઉપર અસીમ કૃપા હતી. મંત્રીએ રાજા તથા પ્રજાનો એક સરખો પ્રેમ સંપાદન કર્યો હતો. નિરંતર દેવગુરુધર્મની મંત્રીશ્વર ઉપાસના—પ્રાર્થના પૂજા કરતા હતા અને પોતાને મળેલી સુકૃત લક્ષ્મીવડે જૈન શાસનની પ્રભાવના કરતા હતા. તેમને **ચંપલા, પદ્મલા** અને ત્રીજી **પ્રહ્લાદન** નામની ત્રણ ગુણશાળી પત્નીઓ હતી. પદ્મલા પત્નીની કુક્ષીથી ઉદ્‌ભવેલ **વિક્રમાદિત્ય** નામનો પદ્મમંત્રીને પુત્ર હતો. અને કુળની ભાગ્યદેવી સરખી **સૌભાગ્યદેવી** નામની મંત્રીને બહેન હતી. તે સૌભાગ્યદેવીને **મોષાક** નામના શ્રેષ્ઠી સાથે પરણાવી હતી, અને તેને **મહણ** નામનો પુત્ર હતો. તે મહણ મંત્રીને **મલ્લદેવ, દેવસિંહ** અને **ઉદાક** નામના ત્રણ ભાઈઓ હતા. હવે અહીં પદ્મ મંત્રીને ચોવીશ તીર્થંકર પ્રભુના મનોહર ચરિત્ર જે થોડા દિવસોમાં લોકો સાંભળી શકે તેવો કોઈ અપૂર્વ ગ્રંથ હોય તો તેને સાંભળી લોકો પુણ્ય પ્રાપ્ત કરી શકે તેવો વિચાર થયો. જેથી તે વખતે બિરાજમાન શ્રી જિનદત્તસુરિના વિદ્વાન શિષ્ય **શ્રી અમરચંદ્રસુરિ**ને મંત્રીએ વિનતિ કરવાથી આ **પદ્માનંદ મહાકાવ્ય** નામનો ગ્રંથ (શ્રી ઋષભદેવ ચરિત્ર) તેઓશ્રીએ રચ્યો છે. આ સંબંધમાં વિશેષ હકીકત આ ગ્રંથમાં ૧૯ મા સર્ગમાં આપવામાં આવેલ છે. અહીં ગ્રંથ પરિચય પૂર્ણ થાય છે.

આ ચોવીશીના ચોવીશ તીર્થંકર પ્રભુના ઘણા જ સંક્ષિપ્તમાં ચરિત્રો પણ **શ્રી**

**અમરચંદ્રસૂરીશ્વરજી**એ રચેલાં છે. તેનું સુંદર ગુજરાતી ભાષાંતર કરી અમોએ પ્રકટ કરેલ છે અને તે કેટલીક જૈન પાઠશાળા–કન્યાશાળાઓના શિક્ષણક્રમમાં દાખલ થયેલ છે.

પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ પ્રભુ પ્રથમ દેવાધિદેવ હોવાથી કેટલીક હકીકતો આ ગ્રંથમાં વિસ્તારપૂર્વક નવીન ખાસ જાણવા જેવી વિશેષ છે.

આ પ્રથમ પ્રભુનું ચરિત્ર ઘણું સુંદર, રસિક અને અનેક વિષયોથી ભરપૂર હોવાથી આવા ઉત્તમોત્તમ જિનેશ્વરના ચરિત્ર સાથે કોઈ ઉદાર નરરત્ન પુણ્યપ્રભાવક પુરુષનું નામ જોડાય તો સોનું અને સુગંધનો મેળ થયો ગણાય, તેમ સભા ઇચ્છતી હતી. દરમિયાન સદ્‌ભાગ્યે રાવસાહેબ **શેઠ કાંતિલાલભાઈ ઈશ્વરલાલ મોરખીયા જે. પી.** રાધનપુરનિવાસીનું ભાવનગર આગમન થતાં, આ સભાના સેક્રેટરીએ ઉપરોક્ત હકીકત જણાવી તેઓશ્રીના નામે ગ્રંથમાળા પ્રકટ કરવા વિનતિ કરી; જેથી શેઠ સાહેબે તે સહર્ષ સ્વીકારી જે માટે આ સભા આભારી છે; તેટલું જ નહિ પરંતુ શેઠ સાહેબ કાંતિલાલભાઈ સાદા, સરલ, નિરાભિમાની, ઉદાર જનસમજમાં નરરત્ન તરીકે પ્રસિદ્ધ થયેલા, કેળવણીપ્રિય, હોવાથી તેમનું જીવન અનુકરણીય છે.

શ્રી આદિનાથ પ્રભુનો આ ચરિત્ર ગ્રંથ અમોએ ઊંચા એન્ટિક કાગળો ઉપર, સુંદર ગુજરાતી અક્ષરોથી વિવિધ રંગી કપડાના પાકા સુંદર બાઈન્ડીંગ સાથે અનેક સુંદર વિવિધ રંગના ફોટાઓ સહિત, વિશ્વવ્યાપી મહાન વિગ્રહ ચાલતો હોવાથી કાગળો, બ્લોકો, રંગો, કપડું વગેરે ગ્રંથમાં આવતી દરેક વસ્તુ અને છાપકારના ચાર છ ગણા ભાવ વધી ગયેલ હોવા છતાં પણ, મોટો ખર્ચ કરી આ ગ્રંથને સુંદરમાં સુંદર બનાવ્યો છે જે વાચકો જોઈ શકશે.

આ ગ્રંથની ભૂમિકા સાક્ષરવર્ય બંધુ સુશીલે લખી આપી જે માટે સભા તેમની આભારી છે.

આ ગ્રંથની શુદ્ધિ માટે યથાશક્તિ પ્રયત્ન કરવામાં આવ્યો છે, છતાં ભાષાંતરમાં, દષ્ટિદોષ કે પ્રેસદોષ વગેરેને લઈને કોઈપણ સ્થળે સ્ખલના જણાય તો ક્ષમા માગીએ છીએ અને અમોને જણાવવા નમ્ર સૂચના કરીએ છીએ.

આત્માનંદ ભવન,
**ભાવનગર.**
સં. ૧૯૯૯
શ્રી મહાવીર પ્રભુજન્મ કલ્યાણક (ચૈત્ર સુદ ૧૩).

**ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ.**
**(ભાવનગર).**

# ભૂમિકા

જૈન ચરિત્રકથાના બે ઉન્નત ગિરિશૃંગોઃ શ્રી ઋષભદેવ અને શ્રી મહાવીરસ્વામી. યોજનવિસ્તૃત પર્વતમાળાને શિખરો તો ઘણાં હોય, પરંતુ પ્રથમ દૃષ્ટિએ જે આકર્ષણ કરે, આમંત્રે અને દૃષ્ટિને મંત્રમુગ્ધ બનાવી દે તે સદાને માટે યાદ રહી જાય છે. ગિરિમાળના સ્મરણ સાથે જ એ ઉન્નત શિખરો ઉપર ફરકતી ધજાઓ આંખ આગળ એક અવિસ્મરણીય દૃશ્ય ખડું કરે છે.

**શ્રી** આદિનાથ ભગવાન અને મહાવીર પ્રભુની ચરિત્રકથા ભિન્ન ભિન્ન હોવા છતાં એ ઉભય ચરિત્રોમાં એક સરખું સંગીત ગૂંજતું હોય એમ લાગે છે. સૂર જુદા જુદા હોવા છતાં રસધાર તો એની એ જ છે. એકમાં નરી સરળતા અને બીજામાં સ્વર્ગીય સંયમની રાગિણી જુદા જુદા સ્વરૂપે ઝણઝણી ઊઠે છે. એક અતિ સુખમય ગણાતા કાળની કથા છે તો બીજી અત્યાચાર અને અન્યાયથી ત્રાસી ઊઠેલા કાળની કહાણી છે. છતાં ક્રાંતિ અને પરિવર્તનની હવા તો બન્ને કાળમાં સરખી જ દેખાય છે.

સુખ અને સરળતા શ્રી આદિનાથ ભગવાનના યુગની એક વિશેષતા છે. જડતા તો ત્યાં પણ છે, પરંતુ એ જડતા નકામી નથી. ખૂબ ઉકળાટ પછી, સુસવાટા મારતો તોફાની વાયુ એકાએક છૂટે તેમ જુગજુગસંચિત જડતા પુનર્ઘટના અથવા પરિવર્તનનાં દ્વાર ઉઘાડાં મૂકી દે છે. મહારાજા વિમલવાહનના સમયથી મદ્યાંગ નામના કલ્પવૃક્ષો હવે કરકસર કરવા લાગ્યા છે. મદ્યની પરબ જેવા આ વૃક્ષો, મદ્યની માપબંધી કરવા માંડ્યા છે. ભૃંગ નામના કલ્પવૃક્ષો, વિમાતા જેવા શોક્યના છોકરાંને ઝટ ઝટ ભોજન ન પીરસે—કચવાતા મને ખાવા આપે તેમ, ભોજનસામગ્રી પૂરી પાડવામાં સંકોચ કરવા લાગ્યાં છે; એટલું જ નહિ પણ હવે તો એકનાં કલ્પવૃક્ષ બીજો ચોરી જાય એવા પ્રસંગો બનવા લાગ્યા છે. આ સામાજિક અવ્યવસ્થા કેમ સહન થાય? રાજાઓ પોતાના કાળને એ વખતે ઘડતા. વિમલવાહન મહારાજાએ હવે હાકાર નીતિનો પ્રયોગ આદર્યો! હાકાર નીતિ એટલે નમ્ર તર્જન! ‘અરે, ભલા આદમી તેં આવું અનુચિત કાર્ય કર્યું!’ એમ કહેવા માત્રથી એ એક પ્રકારની સજા થઈ એમ ગણાય અને આરોપી જુગલીયા ફરી એ રસ્તે ન જાય. નરી સરળતામાં એ રીતે ક્રાંતિની હવા પ્રસરી.

કાળ ઝડપથી બદલાતો હતો. પલટાવું એ જ જાણે કે કાળનો ધર્મ હોય તેમ સમાજસ્થિતિ

ઉપર યુગબળના ઓળા વિસ્તરતા હતા. નાભિરાજાના સમયમાં તો હાકાર નીતિના અનુસંધાનમાં માકાર અને ધિક્કાર નીતિનું પ્રચલન પણ થઈ ચૂક્યું હતું. એવામાં ચૈત્ર વદિ આઠમને દિને અર્ધરાત્રે માતા મરુદેવાએ શ્રી ઋષભદેવ ભગવાનને જન્મ આપ્યો.

**સં**યમ, નિયમ અને સુવ્યવસ્થાવાળા એ આદિ યુગમાં, શ્રી ઋષભદેવ ભગવાનના સમયમાં એક અજબ દુર્ઘટના બની. એક યુગલ તાલવનમાં આનંદ–કિલ્લોલ કરતું હતું; એટલામાં પુરુષના માથા ઉપર તાલફળ પડ્યું અને એ આઘાત અસહ્ય લાગવાથી ત્યાં ને ત્યાં જ તે પુરુષ મૃત્યુ પામ્યો. સ્ત્રી જીવતી રહે અને પુરુષ અચાનક આ રીતે પરલોકના પંથે ચાલી નીકળે એવું આ યુગલિકોની સૃષ્ટિમાં કદી બન્યું નહોતું. આ પ્રથમ દુર્ઘટના હતી અર્થાત્ યુગપરિવર્તનની આંધી ઊઠવાની અગમ્ય તૈયારીઓ ચાલતી હતી.

**પ**તિથી વિખૂટી પડેલી આ સ્ત્રીએ હવે શું કરવું? યુગલિકોના જન્મ પછી માતાપિતા પણ વધુ વખત નથી જીવતા. જેનો સ્વાભાવિક પતિ અકાળે તાલફળને લીધે મૃત્યુ પામ્યો હતો તે એકલી પડી. યૂથથી વિખૂટી પડેલી હરિણીની જેમ એકાકિની વનમાં ભટકવા લાગી. એનું નામ સુનંદા.

યુગલિકો મુંઝાયા. પતિ વિનાની એકલી સ્ત્રીનું શું કરવું એ એક મહાન સામાજિક સમસ્યા બની. એમણે વનમાં ભટકતી આ ભોળી સુનંદા "જગતૂસ્વામી શ્રી ઋષભદેવની આ બીજી પત્ની થાઓ" એમ કહીને સુપ્રત કરી. આ રીતે શ્રી ઋષભદેવ સુમંગળા અને સુનંદાના સ્વામી બન્યા.

**સુ**મંગળા તે ભરતકુમારની અને બ્રાહ્મી કુમારીની માતા અને સુનંદા તે બાહુબલિ અને સુંદરીની માતા.

વિનીતા અથવા અયોધ્યા નગરીમાં શ્રી ઋષભદેવનો પ્રથમ રાજ્યાભિષેક થયો. પૃથ્વીના પટ ઉપર એ પહેલા પૃથ્વીપતિ થયા. પણ રાજા તરીકેની એમની જવાબદારી સામાન્ય કે રૂઢિગત નહોતી કાળચક્રે એક જબ્બર પલટો લીધો હતો. જૂની વ્યવસ્થા વિદાય લેતી હતી અને નવી રાજનીતિનો માર્ગ એટલો સુનિશ્ચિત નહોતો. જ્યાં ઇચ્છા માત્રથી મનની કામનાઓ સિદ્ધ થતી ત્યાં શ્રમ, વ્યવસ્થા, નીતિ અને ન્યાયના ધોરણો ઉપજાવવાની જરૂર પડી. શ્રી ઋષભદેવ વર્તમાન ચોવીશીમાં જેમ પ્રથમ તીર્થંકર છે તેમ સામાજિક, સાંસારિક અને રાજપ્રકરણી પુનર્ઘટનામાં પ્રથમ પથદર્શક છે.

**શ્રી** ઋષભદેવે પ્રજાના રક્ષણ અને શાંતિ માટે ચાર અંગવાળી એક મોટી સેના તૈયાર કરી. બે પૈડાંવાળા રથની શોધ પણ એમના જમાનામાં જ થઈ. યુગલિકોને ધાન્ય પકવવાની કળા પ્રથમ એમણે જ શીખવી. સાવ જડ અને વક્રને સુબોધ અને વિનીત બનાવવામાં જેમ ભારે ધૈર્ય અને કુનેહની જરૂર પડે છે તેમ સરળ અને અબોધને સુપથગામી બનાવવામાં એટલી જ શાંતિ અને ધીરજની જરૂર રહે છે. શ્રી ઋષભદેવ ભગવાને પરમ કરુણાભાવે એમના જમાનાના સરળ, નિર્બોધ, ભદ્રિક પ્રાણીઓને જીવવાની પ્રાથમિક કળાઓ શીખવી. જેઓ અગ્નિને મણિ–મુક્તાનો પ્રકાશ માની પકડવા દોડતા અને દાઝ્યા પછી કોનો દોષ કાઢવો તેની વિસામણમાં પડતા તેમને ભગવાને એકે એક વાતની સમજ પાડી.

**એ** રીતે શ્રી ઋષભદેવ પોતાના યુગના પ્રથમ કુંભકાર ગણાયા, અને કુંભકારથી માંડી શિલ્પી, ચિત્રકાર અને વણકરની વિવિધ કળાઓ પણ એમને જ ઉપદેશવી પડી. પોતાના પુત્ર ભરતને બોંતેર કળાઓ શીખવી, બાહુબલિને માનવી તથા પશુપ્રાણીઓના ભેદ—ઉપભેદ બતાવ્યા, બ્રાહ્મી તથા સુંદરીને લિપિ તથા ગણિત શીખવ્યાં. વૈરાગ્યવાસિત હૃદયવાળા શ્રી ઋષભદેવે, એ રીતે સંસાર ઉપર જે ઉપકાર કર્યો છે તેને લીધે જ, ઉપર કહ્યું તેમ ચરિત્રકથાના એક ઉન્નત શૃંગ જેવું·શ્રી આદિપ્રભુનું ચરિત્ર દીપી નીકળે છે.

શ્રી આદિનાથ માત્ર જૈનોના જ તીર્થંકર કે પ્રભુ છે એમ કેટલેક અંશે મનાઈ ગયું છે. ખરું જોતાં તેઓ આપણી આર્ય કે શ્રમણસંસ્કૃતિના પ્રથમ માર્ગદર્શક છે. ધર્મપુરુષ તરીકેની ખ્યાતિ એમણે ભલે મેળવી, પણ સમાજસ્થિતિ કે રાજનીતિનો રાજમાર્ગ તૈયાર કરવામાં એમણે ઓછો લોકોપકાર નથી કર્યો. પ્રસ્તુત ગ્રંથમાં માત્ર આદિનાથ પ્રભુનું જ ચરિત્ર નથી, એમના જીવન સાથે, એમના સમય સાથે સંકળાયેલી ઘણી ઘટનાઓનો આમાં ચરિત્રલેખકે કાવ્યમયી શૈલીમાં ઉલ્લેખ કર્યો છે. તીર્થંકરોના જીવનમાં આત્મસાધના સાથે લોકહિતૈષિતા કેટલી વ્યાપકભાવે ઓતપ્રોત થયેલી હોય છે તે આવા ચરિત્રોના વાચનથી જણાઈ આવે છે. આવા પુરુષો જન્મે છે અને વિઘ્નો તથ ઉપસર્ગોને નિષ્પ્રાણ બનાવી પોતાનું અને વિશ્વપ્રાણીનું હિત સાધે છે; એટલે તો સંસારના સુખ, શાંતિ અને સંગઠ્ઠન સુરક્ષિત રહે છે. આવા જીવનચરિત્રોમાં ઝરતા પ્રકાશને આપણે જો બાદ કરીએ તો બાકી પશુતા કે સ્વચ્છંદતા સિવાય બીજું શું રહે?

હજારો વર્ષ ઉપરનાં આવાં જીવનચરિત્રો કદી ઝાંખા નથી પડતાં—એમાંનો રસ કદી શુષ્ક નથી બનતો એ જ આ મહાપુરુષોના જીવનનો મહાન મહિમા છે. વર્તમાન જીવનના પ્રશ્નો ઉકેલવામાં આવાં ચરિત્રો કોઈ રીતે ઓછા ઉપયોગી છે એમ રખે કોઈ માને! જેમણે ચક્ષુ આપી, જેમણે માર્ગ આપ્યો અને જેમણે પગલે પગલે પ્રકાશ આપ્યો તેમના ગુણાનુવાદ ગાતા જનસમુદાય કદી થાક્યો નથી અને થાકવાનો પણ નથી.

આવા સુખી યુગમાં પણ યુદ્ધનો એક દાવાનલ સળગ્યો હતો. ભરત અને બાહુબલિના યુદ્ધને નામે તે પ્રસિદ્ધ છે. બન્ને ભાઈઓ વીરતાની પ્રતિમા સમા હતા. બાહુબલિ નાનો હતો અને મોટો ભાઈ ભરતને પિતા તુલ્ય જ માનતો; પણ નાના બંધુએ જ્યારે મોટા ભાઈમાં ઘમંડનો પારો છેક ટોચે પહોંચી ગયેલો જોયો અને પોતાના બીજા ભાઈઓને પણ એ જ મોટા ભાઈદ્વારા અપમાનિત થયેલા જોયા ત્યારે તેને સ્વમાનરક્ષાની ખાતર યુદ્ધનો શંખ ફૂંકવો પડ્યો. ભરત મહારાજાના દૂત—સુવેગ અને બાહુબલિ વચ્ચે, આ યુદ્ધની પીઠિકા જેવો જે સંવાદ થયો છે તે વાંચતાં બાહુબલિ તરફ જ વાચકની સહાનુભૂતિ વહે છે. એક સ્વમાનશીલ વીર યોદ્ધાને છાજે તેમ તે કહે છે :

"બંધુઓ તરીકે અમારો પરસ્પરમાં સ્નેહભાવ છે; પણ જો ભરત મને પોતાનો સેવક બનાવવા માગતો હોય તો તે અસંભવિત છે. મેં ભરતનો કદી અવિવેક કર્યો નથી; તેમ તેનું કંઈ બગાડ્યું નથી, છતાં જો એને લડવું જ હોય તો હું પણ મારું પાણી બતાવી આપીશ." દેવોની

વાટાઘાટ પણ આ દાવાનળને ઓલવી શકતી નથી. બન્ને ભાઈઓ વચ્ચે દૃષ્ટિયુદ્ધ, વાગ્યુદ્ધ, ભુજાયુદ્ધ અને મુષ્ટિયુદ્ધ તથા દંડયુદ્ધ ચાલે છે. આખરે બાહુબલિના હૃદયમાં વિરાગ અને વિવેકનો પ્રકાશ પ્રકટે છે. જેવાની સામે તેવા થવામાં પોતાનું જ અનિષ્ટ છે એવી પ્રતીતિ થાય છે અને શક્તિનો પ્રવાહ જુદી જ દિશામાં વળે છે. યુદ્ધના મેદાનમાંથી બાહુબલી સીધા ત્યાગ-સંયમના દિવ્ય ધામમાં પ્રવેશે છે. શૂરતા ને વીરતાની મૂર્ત્તિ જેવા એ પુરુષની સંયમ અને સહિષ્ણુતા પણ અજબ રંગ દાખવે છે. બીજી તરફ ભરત મહારાજાને પણ અરીસાભુવનમાં કેવળજ્ઞાન થાય છે. ભયાનક યુદ્ધ પ્રસ્થાનનો આ કેવો ભવ્ય તથા મંગળમય અંત લાગે છે?

યુદ્ધ કે વિજયને, લક્ષ્મી કે અધિકારને કોઈ ચરિત્રનું અંતિમ લક્ષ્ય આપણે નથી માન્યું. યુદ્ધો તો પહેલાં પણ થતાં; પરંતુ એનો સંહાર આજના જેટલો વ્યાપક કે ઉગ્ર નહોતો. ભરત અને બાહુબલિ પાસે પુષ્કળ સૈનિકો અને સામંતો હોવા છતાં તેઓ બન્ને પોતાના બાહુબલથી જ ભાગ્યનો નિર્ણય યુદ્ધના મેદાન ઉપર કરી લેવા માગતા. આખરે જીવનની છેલ્લી ચિરવાંછિત સિદ્ધિ પણ આ યુદ્ધ પછી જ મેળવે છે. યુદ્ધ ગૌણ બને છે—જીવનનો બધો કોલાહલ અહીં શમી જતો જણાય છે અને વેગથી દોડતી બે મહાન્ નદીઓ સમાધિના શાંત સાગરમાં સમાઈ જતી દેખાય છે.

આપણા કથાનુયોગનો, શ્રમણ સંસ્કૃતિનો અને આધ્યાત્મિકતાનો પણ એ દિગ્‌વિજય છે.

**શ્રી** અમરચંદ્રસુરિએ આદિનાથ પ્રભુના ચરિત્રને કેવી રસભરી શૈલીમાં આલેખ્યું છે તે તો વાચકો હવે પછીના પૃષ્ઠોમાં આપેલ ગ્રંથ પરિચય અને ચરિત્રમાં જોશે. એમની પાસે રસ-અલંકારની જે અખૂટ સમૃદ્ધિ ભરી પડી છે તે તેમણે આ ચરિત્રમાં ઠેકઠેકાણે ઠલવી દીધી છે. ઋતુઓના રંગ અને પ્રકૃતિના વૈભવનું વર્ણન જ્યારે આપણે પ્રસંગોપાત વાંચીએ છીએ ત્યારે સાચે જ કોઈ ઋતુસંહાર વાંચતા હોઈએ એમ લાગે છે. કઠોરમાં કઠોર ગણાતા સાધક—મોક્ષમાર્ગના પથિકના જીવનચરિત્રને પણ સુરિજીએ અનેકવિધ રંગોથી ભરી દીધું છે.

**શ્રી** અમરચંદ્રસુરિજી તો આ ગ્રંથની રચના કરીને અમર તથા ધન્ય થઈ ગયા. એમણે પોતાના અભ્યાસ તથા પ્રતિભાની સાર્થકતા સાધી. પણ જે પદ્મ મંત્રીની પ્રાર્થના સાંભળી આ મૌલિક ગ્રંથની એમણે રચના કરી એ મંત્રી પણ અમર અને અહોભાગી થઈ ગયા.

ગ્રંથકારે આ એક ચરિત્રમાં, આવા અનેક ચરિત્રોનો સત્ત્વ નિચોવ્યો છે. એક એક સર્ગ, રસનું એક નિર્મળ દૈવી ઝરણું છે. એમાંના સુંદર અવતરણો તારવવા બેસીએ તો બહુ લંબાણ થઈ જાય. માત્ર એટલું જ કહેવું અહીં બસ થશે કે, પ્રિય વાચક! તું પણ યથાશક્તિ આ કાવ્ય, રસ, અલંકાર અને વિવિધ ઘટનાઓથી યુક્ત ચરિત્ર વાંચી તારી બુદ્ધિ, ભક્તિ અને શ્રદ્ધાને ધન્ય કર!

સુશીલ.

# વિષયાનુક્રમ


| | | | |
|---|---|---|---|
| સર્ગ ૧ લો. | ૧. | ગ્રંથનું અભિધેય, મંગલાચરણ—ચોવીસ જિનેશ્વર ભગવંતોની સ્તુતિ | ૧ |
| | ૨. | ગુરુની પાટપરંપરાનું વર્ણન | ૩ |
| | ૩. | શ્રાવકોની વિનતિથી રાશિલસુરિનું કથન | ૪ |
| | ૪. | પદ્મમંત્રીની વંશાવલી | ૪ |
| | ૫. | જિનેશ્વરોના ચરિત્રની રચના માટે શ્રી અમરચંદ્રસુરિને પ્રાર્થના | ૫ |
| | ૬. | ત્રેસઠ શલાકા પુરુષોનું વર્ણન | ૫ |
| | | કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યનું વર્ણન | ૬ |
| | ૭. | શાસનદેવી ચક્રેશ્વરીનું સ્મરણ | ૬ |
| | ૮. | ચોવીશ તીર્થંકરોના પૂર્વભવોની સંખ્યા | ૭ |
| સર્ગ ૨ જો. | ૯. | શ્રી ઋષભદેવ પ્રભુના ત્રણ ભવનું વર્ણન : ચરિત્રની શરૂઆત | ૧૧ |
| | ૧૦ | જંબૂદ્વીપનું વર્ણન | ૧૨ |
| | ૧૧ | (ક્ષિતિપ્રતિષ્ઠિત નગરનું વર્ણન) ધન સાર્થવાહ (શ્રી આદિનાથ પ્રભુ)નો પ્રથમ ભવ | ૧૨ |
| | ૧૨ | ધનસાર્થવાહને શ્રી ધર્મઘોષસૂરિનો મેળાપ | ૧૩ |
| | ૧૩ | ધર્મઘોષસૂરિનો પ્રત્યુત્તર | ૧૪ |
| | ૧૪ | આંબાનો મહિમા | ૧૫ |
| | ૧૫ | ધન સાર્થવાહનું આચાર્ય મહારાજ સહિત વસંતપુર પ્રતિ પ્રયાણ | ૧૫ |
| | ૧૬ | માર્ગે જતાં ગ્રીષ્મઋતુનું વર્ણન | ૧૭-૧૮ |
| | ૧૭ | શ્રી ધર્મઘોષસૂરિનું પ્રમાદવશપણે થયેલ વિસ્મરણથી ધનસાર્થવાહને થયેલ પશ્ચાત્તાપ | ૨૧ |
| | ૧૮ | ધને પશ્ચાત્તાપપૂર્વક મુનિઓને પોતાને ત્યાં ગોચરી મોકલવા કરેલ વિનતિ | ૨૨ |
| | ૧૯ | શ્રી ધર્મઘોષસૂરિનો ઉપદેશ | ૨૪ |
| | ૨૦ | ધર્મના ચાર પ્રકારનું વર્ણન | ૨૪ |
| | ૨૧ | જીવાદિ તેમજ દાનનું સ્વરૂપ | ૨૫ |
| | ૨૨ | શ્રાવકના બાર વ્રતનું સ્વરૂપ | ૨૭ |
| | | પંદર કર્માદાનનું સ્વરૂપ | ૩૦ |
| | ૨૩ | દેશવિરતિ અને સર્વવિરતિપણાનું વિવેચન | ૩૨ |
| | ૨૪ | ધર્મ (સમ્યક્ત્વ) પ્રાપ્તિ બાદ ધન સાર્થવાહનું પોતાના નગર પ્રતિ પ્રયાણ | ૩૩ |
| | ૨૫ | ધનસાર્થવાહનો બીજો યુગલિક ભવ અને ઇચ્છિત આપનાર દસ કલ્પવૃક્ષોના નામ | ૩૫ |
| | ૨૬. | પ્રભુનો ત્રીજો ભવ : પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થવું | ૩૬ |
| સર્ગ ૩ જો. | ૨૭. | પ્રથમ મંગલાચરણ કરતાં તેર ક્રિયાઓ અને ચૌદ ગુણસ્થાનકનાં આપેલ નામો | ૩૭ |
| | ૨૮ | ગંધસમૃદ્ધક નગરનું વર્ણન | ૩૮ |

| | | | |
|---|---|---|---|
| | ૨૯ | તે નગરમાં શ્રી આદિનાથ પ્રભુનો ચોથો ભવ મહાબળરાજાનું ઉત્પન્ન થવું | ૪૦ |
| | ૩૦ | મહાબળકુમારના અવયવોનું વર્ણન | ૪૦ |
| | ૩૨ | મહાબળ રાજાએ વનવાટિકાઓમાં પોતાની રાણીઓ સાથે કરેલ ક્રીડાનું વર્ણન | ૪૨ |
| | ૩૩ | મુખ્યમંત્રી સ્વયંબુદ્ધની ધર્મ માટે રાજાને પ્રેરણા | ૪૬ |
| | ૩૪ | બીજા સંભિન્નમતિ મંત્રીનું નાસ્તિકવાદનું કથન | ૪૭ |
| | ૩૫ | નાસ્તિક મતનું મુખ્યમંત્રીએ કરેલું ખંડન | ૪૮ |
| | ૩૬ | ત્રીજા શતમતિ મંત્રીનું બૌદ્ધમત સંબંધી | ૫૦ |
| | ૩૭ | ક્ષણિકવાદનો કરેલ નિરાસ | ૫૦ |
| | ૩૮ | ચોથા મહામતિ મંત્રીએ કરેલું માયાવાદનું સ્થાપન | ૫૧ |
| | ૩૯ | માયાવાદનો પ્રતિકાર | ૫૧ |
| | ૪૦ | મહાબળ રાજાને તે ઉપરથી ઉપજેલી શંકા | ૫૨ |
| | ૪૧ | શંકાનું સ્વયંબુદ્ધ મંત્રીએ કરેલું નિરસન | ૫૨ |
| | ૪૨ | મુખ્યમંત્રીએ મહાબળ રાજાના પૂર્વજોનો કરાવેલ પરિચય | ૫૩ |
| | ૪૩ | મહાબળ રાજાને ઉપજેલો વૈરાગ્ય, લીધેલ ચારિત્ર અને ત્યાંથી ઈશાન દેવલોકમાં લલિતાંગ દેવરૂપે જન્મવું | ૫૪ |
| સર્ગ ૪ થો | ૪૪. | પાંચમો ભવ લલિતાંગ દેવ અને તેના આભૂષણોનું વર્ણન | ૫૮ |
| | ૪૫ | ઈશાન દેવલોકનું વર્ણન | ૫૯ |
| | ૪૬ | સ્વયંપ્રભાદેવીનું વર્ણન અને તેના ચ્યવનથી લલિતાંગદેવે કરેલો વિલાપ | ૬૦ |
| | ૪૭ | સ્વયંબુદ્ધની દીક્ષા અને ઈશાન દેવલોકમાં દૃઢધર્મા દેવ તરીકે ઉત્પત્તિ | ૬૩ |
| | ૪૮ | સ્વયંપ્રભાના પૂર્વભવનું વૃત્તાંત | ૬૫ |
| | ૪૯ | શ્રી યુગંધર કેવળી ભગવાને સ્વયંપ્રભાના પૂર્વભવે નિર્નામિકાને કરેલ ઉપદેશ અને સાથોસાથ નરકનું વર્ણન | ૬૬ |
| | ૫૦ | કેવળી ભગવાને તિર્યંચાદિ ગતિમાં જણાવેલ દુઃખની પરંપરા | ૬૯ |
| | ૫૧ | નિર્નામિકાનું પુનઃ સ્વયંપ્રભા તરીકે દેવભવમાં ઊપજવું | ૭૧ |
| | ૫૨ | લલિતાંગ દેવનું દેવલોકમાંથી મહાવિદેહક્ષેત્રમાં વજ્રજંઘ તરીકે ઊપજવું | ૭૩ |
| સર્ગ ૫ મો | ૫૩ | સ્વયંપ્રભાદેવીનો શ્રી મહાવિદેહમાં પુષ્કલાવતી વિજયમાં પુંડરીકિણી નગરીમાં ચક્રવર્તીને ત્યાં શ્રીમતી પુત્રી તરીકે જન્મ | ૭૫ |
| | ૫૪ | શ્રીમતીને જાતિસ્મરણજ્ઞાનનું ઉપજવું, ધાત્રીએ આલેખેલ પૂર્વભવનો ચિત્રપટ | ૭૬ |
| | ૫૫ | ચિત્રપટના દર્શનથી વજ્રજંઘકુમારને જાતિસ્મરણજ્ઞાનનું થવું | ૮૨ |
| | ૫૬ | વજ્રજંઘ કુમાર સાથે શ્રીમતીનું પાણિગ્રહણ | ૮૩ |
| | ૫૭ | પ્રિયા સાથે વજ્રજંઘનું કેવળી ભગવાન પાસે ઉપદેશ-શ્રવણ | ૮૫ |
| | ૫૮ | બંનેનું યુગલિકરૂપે ઉત્પન્ન થવું | ૮૬ |
| | ૫૯ | ત્યાંથી આઠમા ભવે સૌધર્મ દેવલોકમાં દેવો તરીકે બંનેનું જન્મવું | ૮૬ |
| સર્ગ ૬ ઠ્ઠો | ૬૦ | નવમો ભવ : વૈદ્ય જીવાનંદ | ૮૭ |
| | ૬૧ | શ્રીમતીનું કેશવ તરીકે ઊપજવું | ૮૮ |

૬૨ જીવાનંદ વૈદ્યને ત્યાં શ્રી ગુણાકર મુનિનું આગમન ............ ૮૯
૬૩ ગુણાકર મુનિની ચિકિત્સા કરવા માટે પાંચે મિત્રોની સાથે જીવાનંદની વિચારણા... ૯૧
૬૪ ગુણાકરમુનિની છએ મિત્રોએ કરેલી ચિકિત્સા ............ ૯૨
૬૫ છએ મિત્રોએ કરાવેલ જિનમંદિર અને દ્રવ્ય તથા ભાવપૂજા ............ ૯૪
૬૬ છએ મિત્રોએ લીધેલી એક સાથે દીક્ષા ............ ૯૬
૬૭ જીવાનંદ વિગેરેનું બારમા અચ્યુત દેવલોકમાં ઊપજવું............ ૯૭
૬૮ બારમા દેવલોકમાંથી જીવાનંદ વિગેરે પાંચ મિત્રોનું શ્રી મહાવિદેહક્ષેત્રમાં પુંડરીકિણી નગરીના રાજા વજ્રસેન નૃપને ત્યાં પાંચે પુત્રો તરીકે તેમજ કેશવનું સુયશા નામના રાજપુત્ર તરીકે ઉત્પન્ન થવું ............ ૯૭
૬૯ વજ્રસેન તીર્થંકર ભગવાનનો દીક્ષા મહોત્સવ............ ૯૭
૭૦ વજ્રનાભ ચક્રવર્તીને ચક્રરત્ન વગેરે ચૌદ રત્નોની થયેલી પ્રાપ્તિ ............ ૯૯
૭૧ વજ્રસેન તીર્થંકર ભગવાન માટે પુંડરીકિણી નગરીમાં દેવોએ કરેલ સમવસરણ............ ૧૦૦
૭૨ વજ્રનાભ વગેરે પાંચ ભાઈઓ અને સુયશઆ મિત્રે તીર્થંકર પ્રભુ પાસે સ્વીકારેલ પ્રવજ્યા ............ ૧૦૧
૭૩ ખેલાદિ લબ્ધિઓનું વર્ણન............ ૧૦૨
૭૪ બીજબુદ્ધિ વિગેરેનું સ્વરૂપ ............ ૧૦૩
૭૫ વીશ સ્થાનક તપના નામો અને શ્રી વજ્રનાભ મુનિશ્રીએ તેનું કરેલ આરાધન..... ૧૦૫
૭૬ બાહુ, સુબાહુ વિગેરેએ કરેલ વૈયાવૃત્ત્યાદિનું વર્ણન............ ૧૦૬
૭૭ છએ મુનિવરોનું સર્વાર્થસિદ્ધિમાં ઉપજવું ............ ૧૦૭
સર્ગ ૭ મો ૭૮ કુલકરોની ઉત્પત્તિ અને પ્રભુનો જન્મમહોત્સવ. ............ ૧૦૮
૭૯ વસંતઋતુનું વર્ણન ............ ૧૦૯
૮૦ ઈશાનચંદ્ર રાજાનું વસંતલીલા માટે ઉદ્યાનગમન ............ ૧૦૯
૮૧ લૂંટારાઓથી પ્રિયદર્શનાની મુક્તિ ............ ૧૦૯
૮૨ સાગરચંદ્રને પિતાની શિખામણ............ ૧૧૦
૮૩ સત્સંગનો પ્રભાવ ............ ૧૧૨
૮૪ પ્રિયદર્શના સાથે સાગરચંદ્રનું પાણિગ્રહણ............ ૧૧૩
૮૫ પ્રિયદર્શના સાથે અશોકદત્તનું કુટિલપણું ............ ૧૧૩
૮૬ પ્રિયદર્શનાએ અશોકદત્તનો કરેલ તિરસ્કાર............ ૧૧૪
૮૭ સાગરચંદ્ર તથા પ્રિયદર્શનાનું યુગલિક તરીકે ઊપજવું............ ૧૧૬
૮૮ કાળચક્રનું ભેદોપભેદપૂર્વક સ્વરૂપ............ ૧૧૬
૮૯ અશોકદત્તનો હસ્તિરૂપે જન્મ ............ ૧૧૮
૯૦ કલ્પવૃક્ષના પ્રભાવની હાનિ ............ ૧૧૮
૯૧ હાકાર નીતિ, માકાર નીતિ અને ધિક્કાર નીતિ ............ ૧૧૯
૯૨ નાભિ રાજાની પત્ની મરુદેવાની કૂખમાં ચક્રવર્ત્તી વજ્રનાભનું અવતરવું ............ ૧૨૧

| | | | |
|---|---|---|---|
| | ૯૩ | માતાને આવેલ ચૌદ સ્વપ્નનું વર્ણન | ૧૨૨ |
| | ૯૪ | ઇંદ્રનું આગમન અને સ્વપ્નફળ-કથન | ૧૨૩ |
| | ૯૫ | ચૈત્ર વદિ આઠમના દિવસે પરમાત્માનો જન્મ | ૧૨૫ |
| | ૯૬ | દિશાકુમારીઓના નામો અને તેનું આગમન અને જન્મમહોત્સવ | ૧૨૬ |
| | ૯૭ | ઇંદ્રોનું પ્રભુના જન્માભિષેક કરવા માટે આગમન | ૧૩૦ |
| | ૯૮ | સૌધર્મેંદ્રે મરુદેવા માતાની કરેલી સ્તુતિ | ૧૩૭ |
| | ૯૯ | મેરુપર્વત પર પ્રભુને લઈ જવું | ૧૩૮ |
| | ૧૦૦ | બીજા દેવો તથા ઈન્દ્રોનું મેરુપર્વત પર આગમન | ૧૪૦ |
| | ૧૦૧ | જિનેશ્વર ભગવંતનો સ્નાત્રવિધિ અને સૌધર્મેન્દ્રે કરેલ જિનસ્નાત્રાભિષેક | ૧૪૨ |
| | ૧૦૨ | ઈન્દ્રે કરેલ પ્રભુપ્રાર્થના અને માતાપિતા પાસે સ્થાપિત કરવા | ૧૪૩ |
| **સર્ગ ૮ મો** | ૧૦૩ | શ્રી ઋષભદેવ પ્રભુની બાલ્યાવસ્થા. | ૧૪૬ |
| | ૧૦૪ | પરમાત્માના વંશની સ્થાપના | ૧૪૮ |
| | ૧૦૫ | પ્રભુને જન્મથી પ્રાપ્ત થએલ ચાર અતિશયો | ૧૪૮ |
| | ૧૦૬ | પ્રભુએ દેવો સાથે કરેલ બાલક્રીડાનું વર્ણન | ૧૪૯ |
| | ૧૦૭ | પ્રભુના શરીરનું વર્ણન | ૧૫૧ |
| | ૧૦૮ | પુરુષ (યુગલિક)ના મરણથી સ્ત્રીની દશા | ૧૫૬ |
| | ૧૦૯ | સુનંદાનું રૂપવર્ણન | ૧૫૬ |
| | ૧૧૦ | યુગલિકોએ નાભિરાજાને અર્પણ કરેલ સુનંદા | ૧૫૮ |
| **સર્ગ ૯ મો** | ૧૧૧ | પ્રભુના વિવાહમંડપનું વર્ણન | ૧૬૦ |
| | ૧૧૨ | અપ્સરાઓએ સુનંદા તથા સુમંગળાને કરેલ શણગાર | ૧૬૨ |
| | ૧૧૩ | પ્રભુનું લગ્નમંડપમાં પધારવું | ૧૬૫ |
| | ૧૧૪ | બંને પત્નીઓની સાથે પ્રભુનું દષ્ટિમિલન | ૧૬૭ |
| | ૧૧૫ | મંડપમાંથી પ્રભુનું સ્વસ્થાને આવવું | ૧૬૮ |
| | ૧૧૬ | સુનંદા અને સુમંગળાથી ભરત વિગેરે પુત્ર-પુત્રીઓનો જન્મ | ૧૬૯ |
| | ૧૧૭ | યુગલિકોએ "રાજા" માટે નાભિકુલકરને કરેલ પ્રાર્થના | ૧૭૦ |
| **સર્ગ ૧૦ મો** | ૧૧૮ | પ્રભુનો રાજ્યાભિષેક માટે આવેલ ઇંદ્રનાં કાર્યો | ૧૭૧ |
| | ૧૧૯ | ઇંદ્રની આજ્ઞાથી કુબેરે રચેલ વિનીતાનગરી | ૧૭૨ |
| | ૧૨૦ | પ્રભુનું પંચશિલ્પનું દેખાડવું | ૧૭૪ |
| | ૧૨૧ | ભરત વિગેરે પુત્ર—પુત્રીઓને કળા તથા લિપિનું દર્શાવવું | ૧૭૬ |
| | ૧૨૨ | પરમાત્માના શ્રેષ્ઠ રાજ્યનું વર્ણન | ૧૭૮ |
| **સર્ગ ૧૧ મો** | ૧૨૩ | છ ઋતુઓને વિષે પરમાત્માનો વિવિધ વિલાસ. | ૧૮૩ |
| **સર્ગ ૧૨ મો** | ૧૨૪ | પરમાત્માની વસંતક્રીડા, વૈરાગ્ય, ભરત રાજ્યાભિષેક, સાંવત્સરિક દાન તેમજ દીક્ષા—મહોત્સવ. | ૧૯૨ |
| | ૧૨૫ | લોકાંતિક દેવોનું આગમન | ૧૯૬ |
| | ૧૨૬ | સિદ્ધાર્થ ઉદ્યાનમાં પ્રભુજીનું આગમન | ૨૦૩ |

| | | | |
|---|---|---|---|
| | ૧૨૭ | કચ્છ—મહાકચ્છાદિ ચાર હજાર રાજવીઓનું વ્રતગ્રહણ | ૨૦૪ |
| સર્ગ ૧૩ મો | ૧૨૮ | નિર્દોષ ભિક્ષાની અપ્રાપ્તિ | ૨૦૬ |
| | ૧૨૯ | કચ્છાદિ મુનિઓની વિચારણા | ૨૦૬ |
| | ૧૩૦ | તાપસ વેશધારી પિતા સમીપે નમિ અને વિનમિનું આગમન | ૨૦૮ |
| | ૧૩૧ | નમિ—વિનમિ સાથે ધરણેંદ્રનો વાર્તાલાપ | ૨૧૦ |
| | ૧૩૨ | ધરણેંદ્રે નમિ—વિનમિને ગૌરી, પ્રજ્ઞપ્તિ આદિ વિદ્યાનું તેમજ વૈતાઢ્યગિરિ ઉપરનું કરેલ રાજ્ય—સમર્પણ | ૨૧૩ |
| | ૧૩૩ | વૈતાઢ્ય પર્વત પર ગમન | ૨૧૪ |
| | ૧૩૪ | તપશ્ચર્યાનો પ્રભાવ | ૨૧૭ |
| | ૧૩૫ | શ્રેયાંસ વિગેરેને આવેલ સ્વપ્નો | ૨૧૮ |
| | ૧૩૬ | પ્રભુનું ગજપુરનગરે આગમન અને ભદ્રિક જનોની વિજ્ઞપ્તિ | ૨૧૮ |
| | ૧૩૭ | જનસમૂહનો ધ્વનિ | ૨૧૯ |
| | ૧૩૮ | શ્રેયાંસનું સ્વામી પ્રતિ ગમન અને જાતિસ્મરણજ્ઞાન | ૨૨૦ |
| | ૧૩૯ | શ્રેયાંસકુમારે કરાવેલ પારણું | ૨૨૧ |
| | ૧૪૦ | પાંચ દિવ્યોનું પ્રગટવું | ૨૨૨ |
| | ૧૪૧ | કચ્છ—મહાકચ્છાદિએ શ્રી શ્રેયાંસ સાથે કરેલ સંભાષણ | ૨૨૩ |
| | ૧૪૨ | ત્રણ સ્વપ્નનો નિર્ણય | ૨૨૪ |
| | ૧૪૩ | પારણાની ભૂમિ પર રત્નપીઠનું સ્થાપન | ૨૨૫ |
| | ૧૪૪ | તક્ષશિલામાં પ્રભુનું આગમન અને બાહુબલીની વંદનાર્થે જવાની ઇચ્છા | ૨૨૫ |
| | ૧૪૫ | બાહુબલિના પ્રયાણસમયની શોભાનું વર્ણન | ૨૨૬ |
| | ૧૪૬ | બાહુબલિનો વિલાપ | ૨૨૮ |
| | ૧૪૭ | મંત્રીએ બાહુબલીને આપેલ બોધ | ૨૨૮ |
| | ૧૪૮ | પરમાત્માની પાદુકાનું પૂજન | ૨૩૦ |
| | ૧૪૯ | અનાર્ય દેશમાં પરમાત્માનું પરિભ્રમણ | ૨૩૧ |
| | ૧૫૦ | અપ્રમત્ત ગુણસ્થાનકથી ઉત્તરોત્તર પ્રભુનું આરોહણ | ૨૩૩ |
| | ૧૫૧ | પ્રભુને કેવળજ્ઞાનની પ્રાપ્તિ | ૨૩૩ |
| સર્ગ ૧૪ મો | ૧૫૨ | કેવળજ્ઞાન મહોત્સવ નિમિત્તે દેવોનું આગમન | ૨૩૫ |
| | ૧૫૩ | સમવસરણની રચના | ૨૩૬ |
| | ૧૫૪ | દેવોએ સ્વામીની કરેલી સ્તુતિ | ૨૪૦ |
| | ૧૫૫ | પરમાત્માનો સમવસરણમાં પ્રવેશ | ૨૪૧ |
| | ૧૫૬ | પૌત્ર ભરત પ્રત્યે મરુદેવાએ જણાવેલ સ્વપુત્રની કષ્ટપરંપરા | ૨૪૩ |
| | ૧૫૭ | મરુદેવા પ્રત્યે ભરતનું કથન | ૨૪૫ |
| | ૧૫૮ | કેવળજ્ઞાન અને ચક્રરત્નની ઉત્પત્તિ | ૨૪૫ |
| | ૧૫૯ | મરુદેવીને ભરતે દેખાડેલ સમવસરણની ઋદ્ધિ | ૨૪૬ |
| | ૧૬૦ | તીર્થંકર શ્રી ઋષભદેવની ઋદ્ધિના દર્શનથી અંતકૃત્કેવળી થયેલ મરુદેવા | ૨૪૭ |

૧૬૧ ભરત મહારાજાએ કરેલ પરમાત્માની પ્રાર્થના ........ ૨૪૮

૧૬૧ સમવસરણમાં ભગવંતે આપેલી દેશના ........ ૨૫૦

૧૬૨ સંવેગ વિગેરેનું વર્ણન ........ ૨૫૨

૧૬૪ બાર વ્રતો ........ ૨૫૩

૧૬૫ ભરતપુત્ર પુંડરીકે કરેલ પ્રભુપ્રાર્થના ........ ૨૫૪

૧૬૬ અતિશયોનું વર્ણન ........ ૨૫૬

૧૬૭ વાણીના પાંત્રીશ ગુણો ........ ૨૫૭

૧૬૮ આઠ પ્રાતિહાર્યો ........ ૨૫૭

૧૬૯ પરમાત્માનું અઢાર દોષ રહિતપણું ........ ૨૫૮

સર્ગ ૧૫ મો ૧૭૦ ભરત મહારાજાએ કરેલ ચક્રરત્નની પૂજા ........ ૨૫૯

૧૭૧ દિગ્વિજય માટે ભરતમહારાજાની શરૂઆત ........ ૨૬૦

૧૭૨ ચક્રરત્નની સાથે ચક્રવર્ત્તીનું પ્રયાણ ........ ૨૬૧

૧૭૩ પૂર્વ સમુદ્રનું વર્ણન ........ ૨૬૩

૧૭૪ બાણને જોવાથી થયેલ માગધેશ્વરની સ્થિતિ—અવસ્થા ........ ૨૬૪

૧૭૫ આજ્ઞા—વાચન બાદ મંત્રીનું કથન ........ ૨૬૬

૧૭૬ માગધદેવે ચક્રવર્ત્તીની કરેલ સ્તુતિ ........ ૨૬૬

૧૭૭ વરદામ દેવીની સાધના ........ ૨૬૭

૧૭૮ પશ્ચિમ સમુદ્રના સ્વામી પ્રભાસદેવની સાધના ........ ૨૬૮

૧૭૯ સિંધુના દક્ષિણ કિનારા ઉપર સિંધુદેવીનું વશ કરવું ........ ૨૭૦

૧૮૦ વૈતાઢ્ય દેવની સાધના ........ ૨૭૦

૧૮૧ સિંધુ નદીના નિષ્કુટની સાધનાર્થે સેનાધિપતિ સુષેણનું મોકલવું ........ ૨૭૧

૧૮૨ વૈતાઢ્ય પર્વતની તમિસ્રા ગુફામાં સેનાપતિનો પ્રવેશ ........ ૨૭૨

૧૮૩ મ્લેચ્છોને વશ કરીને સુષેણ સેનાપતિનું ચક્રી સમીપે આગમન ........ ૨૭૪

૧૮૪ આપાત જાતિના ભિલ્લોનું ચક્રવર્ત્તીના સૈન્ય સાથે થયેલ યુદ્ધ ........ ૨૭૫

૧૮૫ સુષેણના અશ્વનું વર્ણન ........ ૨૭૭

૧૮૬ ખડ્ગ રત્નનું માન ........ ૨૭૮

૧૮૭ મેઘમુખ દેવોએ ચક્રી સૈન્યને કરેલ ઉપદ્રવ ........ ૨૭૯

સર્ગ ૧૬ મો ૧૮૮ હિમવત્કુમારને સાધવો અને ઋષભકૂટ પર્વત પર સ્વનામલેખન ........ ૨૮૧

૧૮૯ નમિ તથા વિનમિ સાથે સંગ્રામ ........ ૨૮૨

૧૯૦ સુભદ્રા નામની સ્ત્રીરત્નની પ્રાપ્તિ અને અંગોપાંગનું વર્ણન ........ ૨૮૪

૧૯૧ ગંગાદેવીની સાધના ........ ૨૮૭

૧૯૨ ભરત મહારાજાના સૌંદર્યથી ગંગાદેવીની આસક્તિ અને ભોગ—વિલાસક્રીડા ........ ૨૮૭

૧૯૩ નાટ્યમાલ દેવની સાધના ........ ૨૮૭

૧૯૪ ગંગાનદીના કિનારે નવનિધાનની પ્રાપ્તિ ........ ૨૮૮

૧૯૫ છ ખંડ સાધીને સાઠ હજાર વર્ષે ભરત મહારાજાનું વિનીતામાં પ્રત્યાગમન ........ ૨૮૯

૧૯૬ ભરત મહારાજાનો પ્રવેશ મહોત્સવ ........ ૨૮૯
૧૯૭ ચક્રવર્ત્તીપણાનો અભિષેક ........ ૨૯૧
૧૯૮ ચક્રવર્ત્તીની સમૃદ્ધિનું વર્ણન ........ ૨૯૨
૧૯૯ સુંદરીના દેહની સ્થિતિ જોઈને ભરત મહારાજાનું કથન— ........ ૨૯૩
૨૦૦ સુંદરીનો દીક્ષા મહોત્સવ ........ ૨૯૪
૨૦૧ સમવસરણમાં ભરત મહારાજાએ કરેલ પ્રભુસ્તુતિ ........ ૨૯૫
૨૦૨ સુંદરીએ કરેલ સ્તુતિ અને દીક્ષા—ગ્રહણ ........ ૨૯૫
૨૦૩ ભરત મહારાજાએ પોતાના ભાઈઓ પ્રત્યે મોકલેલ દૂતો ........ ૨૯૬
૨૦૪ ભરતના અઠ્ઠાણુ ભાઈઓનું પરમાત્મા સમીપે આગમન ........ ૨૯૬
૨૦૫ અંગારકારકનું દૃષ્ટાંતો ........ ૨૯૭
૨૦૬ પ્રભુદેશનાથી પ્રતિબોધ પામેલ ૯૮ ભાઈઓની દીક્ષા ........ ૨૯૮
સર્ગ ૧૭ મો ૨૦૭ ચક્રના અપ્રવેશથી ભરત મહારાજા પ્રત્યે સેનાપતિનું કથન ........ ૨૯૯
૨૦૮ ભરતનો જવાબ અને મંત્રી સાથે મંત્રણા ........ ૨૯૯
૨૦૯ તક્ષશિલા પ્રત્યે દૂતનું મોકલવું ........ ૩૦૧
૨૧૦ બાહુબલિએ ભરતની કુશળતા સંબંધી કરેલી પૃચ્છા ........ ૩૦૨
૨૧૧ સુવેગ દૂતનો જવાબ ........ ૩૦૨
૨૧૨ બાહુબલિનો જવાબ ........ ૩૦૪
૨૧૩ બાહુબલિ સાથે યુદ્ધ કરવા ભરતનું પ્રયાણ ........ ૩૦૬
૨૧૪ ભરત મહારાજાની સાથે યુદ્ધ કરવા બાહુબલિનું પ્રયાણ ........ ૩૧૦
૨૧૫ બંને સૈન્યના સ્વામીઓની સૂચના ........ ૩૧૧
૨૧૬ પ્રલયકારી સંગ્રામથી દેવોએ કરેલ નિવારણ ........ ૩૧૫
૨૧૭ યુદ્ધ નિવારણ માટે દેવોએ ચક્રવર્ત્તીની કરેલી પ્રાર્થના ........ ૩૧૫
૨૧૮ ભરત મહારાજાનો દેવોને જવાબ ........ ૩૧૬
૨૧૯ બાહુબલિ પ્રત્યે દેવોનું કથન ........ ૩૧૭
૨૨૦ બાહુબલિનો જવાબ ........ ૩૧૭
૨૨૧ ભરત મહારાજાને તેમના સેવકવર્ગનું કથન ........ ૩૧૯
૨૨૨ ભરત મહારાજાએ દર્શાવેલ સ્વભુજાબળ ........ ૩૧૯
૨૨૩ દૃષ્ટિયુદ્ધ, વાગ્યુદ્ધ, ........ ૩૨૦
ભુજાયુદ્ધ, ........ ૩૨૧
મુષ્ટિયુદ્ધ, દંડયુદ્ધ ........ ૩૨૩
૨૨૪ ચક્ર—પ્રહાર કરવાને તૈયાર થયેલ ભરત પ્રત્યે બાહુબલિનું કથન ........ ૩૨૪
૨૨૫ બાહુબલિની દીક્ષા ........ ૩૨૫
૨૨૬ ચક્રવર્ત્તીએ કરેલ આત્મનિંદાગર્ભિત બાહુબલિની સ્તુતિ ........ ૩૨૬
સર્ગ ૧૮ મો ૨૨૭ મરીચિની દીક્ષા—ગ્રહણ પછી ચિંતા ........ ૩૩૦
૨૨૮ મરીચિએ હેતુપુરસ્સર સ્વીકારેલ અન્ય (ત્રિદંડી) વેષ ........ ૩૩૧

૨૨૯ મરીચિને થયેલ વ્યાધિ .................................................. ૩૩૨
૨૩૦ મરીચિના શિષ્યરૂપે કપિલનો પરિવ્રાજકપણાનો અંગીકાર .................. ૩૩૨
૨૩૧ અષ્ટાપદ પર્વત પર પ્રભુના સમવસરણમાં ઇંદ્ર તથા ભરતચક્રવર્ત્તીનું આગમન ... ૩૩૩
૨૩૨ દીક્ષિત ભાઈઓને જોવાથી ભરતની આત્મનિંદા અને ગોચરી અર્થે આમંત્રણ .... ૩૩૩
૨૩૩ પાંચ પ્રકારનાં અવગ્રહ .................................................. ૩૩૫
૨૩૪ ઇંદ્રનું સ્વરૂપ .................................................. ૩૩૫
૨૩૫ પરમાત્માનો વિહાર અને ભરત મહારાજાએ 'માહન'પણાનું કરેલ સ્થાપન ....... ૩૩૬
૨૩૬ શ્રાવકોને માટે યજ્ઞોપવિત (જનોઈ) અને
તેમના સ્વાધ્યાય માટે ચાર વેદોની રચના .................................................. ૩૩૭
૨૩૭ પરમાત્માનું અષ્ટાપદ પર્વતે પુનઃ આગમન અને દેશના .................. ૩૩૭
૨૩૮ મરીચિનું કુળાભિમાન .................................................. ૩૩૮
૨૩૯ પરમાત્માનું શ્રી શત્રુંજય તીર્થે ગમન અને પુંડરીક ગણધર વિગેરેની મોક્ષપ્રાપ્તિ .. ૩૩૮
૨૪૦ પરમાત્માનો પરિવાર .................................................. ૩૪૦
૨૪૧ નિર્વાણસમયે અષ્ટાપદ પર્વત પર પ્રભુનું આગમન અને
ભરત ચક્રીનું ગ્લાનિયુક્ત ત્યાં જવું .................................................. ૩૪૦
૨૪૨ પરમાત્માનું નિર્વાણ .................................................. ૩૪૧
૨૪૩ ઇંદ્ર વિગેરેએ કરેલ પ્રભુની દાઢાદિકનો સ્વીકાર .................. ૩૪૩
૨૪૪ ભરત મહારાજે અષ્ટાપદ ઉપર બનાવેલ જિનપ્રાસાદ .................. ૩૪૩
૨૪૫ શોકગ્રસ્ત ભરતને મંત્રીએ કહેલ ઉપદેશ—વચન .................. ૩૪૪
૨૪૬ ભરતમહારાજાનો આદર્શભુવનમાં પ્રવેશ અને કેવળજ્ઞાનપ્રાપ્તિ .................. ૩૪૫
૨૪૭ અષ્ટાપદ પર્વત પર ભરત મુનીશ્વરનું નિર્વાણ .................. ૩૪૭
સર્ગ ૧૯ મો ૨૪૮ ગ્રંથપ્રશસ્તિ .................................................. ૩૪૮




# શ્રી આદિનાથ પ્રભુ ચરિત્ર

# શ્રી ઋષભદેવ જિન સ્તવન.

પ્રથમ જિનેશ્વર પ્રણમીએ, જાસ સુગંધી રે કાય;
કલ્પવૃક્ષ પરે તાસ ઈંદ્રાણી નયન જે, ભૃંગ પરે લપટાય. ૧

રોગ ઉરગ તુજ નવિ નડે, અમૃત જેહ આસ્વાદ;
તેહથી પ્રતિહત તેહ માનુ કોઈ નવિ કરે, જગમાં તુમશું રે વાદ. ૨

વગર ધોઈ તુજ નિર્મળી, કાયા કંચન વાન;
નહિ પ્રસ્વેદ લગાર તારે તું તેહને, જે ધરે તાહરું ધ્યાન. ૩

રાગ ગયો તુજ મનથકી, તેહમાં ચિત્ર ન કોય;
રુધિર આમિષથી રાગ ગયો તુજ જન્મથી, દૂધ સહોદર હોય. ૪

શ્વાસોશ્વાસ કમળ સમો, તુજ લોકોત્તર વાત;
દેખે ન આહારનિહાર ચર્મચક્ષુ ધણી, એવા તુજ અવદાત. ૫

ચાર અતિશય મૂળથી, ઓગણીશ દેવના કીધ;
કર્મખપ્યાથી અગિયાર ચોત્રીશ એમ અતિશય, સમવાયોગે પ્રસિદ્ધ. ૬

જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ;
પદ્મવિજય કહે એક સમય પ્રભુ પાળજો, જેમ થાઉં અક્ષય અભંગ. ૭

श्रीआदिनाथस्वामिने नमः ।

श्रीमद्‌विजयानंदसूरीश्वरपादपद्मेभ्यो नमः ।

# શ્રી આદિનાથ ચરિત્ર

## સર્ગ ૧ લો.

### ગ્રંથનું અભિધેય.

### ચોવીશ જિનેશ્વર ભગવંતોની સ્તુતિ.

**મંગળાચરણ**—

સમગ્ર પૂજ્યપુરુષોની **આર્હતી** લક્ષ્મીના નિમિત્તભૂત, કલ્યાણરૂપી લક્ષ્મીના દાતા, અને કેવળજ્ઞાનરૂપી મહોદયવાળા **શ્રી અરિહંત** ભગવંતોની હું નિરંતર સ્તુતિ કરું છું. સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ—એ ત્રણ લોકની અધિષ્ઠાત્રી આર્હતી લક્ષ્મીને હું હર્ષથી પૂજુ છું—સત્કારું છું કે જેનું આરાધન કરીને પ્રાણી નિઃસંશયપણે અરિહંત—પદની પ્રાપ્તિ કરે છે. **સ્થાપના**, **નામ**, **દ્રવ્ય** અને **ભાવ**—એ ચાર પ્રકારનાં **અરિહંતો** દર્શાવ્યા છે અને તે કારણથી જ તેઓ ચાર ગતિ (નરક, તિર્યંચ, દેવ ને મનુષ્ય)માં ઉદ્‌ભવતાં પ્રાણીઓનાં ભયનો નાશ કરો !

ત્રણ જગતની મંગળ કામનાની પૂર્તિ માટે કલ્પવૃક્ષ સમાન પ્રથમ તીર્થંકર **શ્રી ઋષભદેવ** પરમાત્મા જયવંત વર્તે છે, જેના દર્શન માત્રથી લોકો હમેશાં આત્મકલ્યાણરૂપી ફળને પ્રાપ્ત કરે છે. સજ્જન પુરુષોનાં પાપકર્મોને દગ્ધ કરવામાં ઉગ્ર ક્રોધરૂપી અગ્નિ-જ્વાળા જેવા તેમજ પ્રકાશિત કિરણોવાળા **શ્રી અજિતનાથ** ભગવંત ચરણકમળના નખો જયવંત વર્તે છે. જંબૂદ્વીપના મધ્ય પ્રદેશમાં રહેલા મેરુપર્વતની માફક **શ્રી સંભવનાથ** પ્રભુ તમારું રક્ષણ કરો કે જેમના

ચરણકમળની સેવાથી કયા પ્રાણીઓ સુવર્ણરૂપી લક્ષ્મીને સંપાદન ન કરે ? અર્થાત્ અવશ્ય પ્રાપ્ત કરે. 'પ્રભુએ ચંચળ ચિત્તને જીતી લીધું છે' એમ માનીને જ ચપળ ને ભયગ્રસ્ત બનેલા વાનરે જેમના ચરણમાં લંછનના મીષ-બ્હાનાથી સ્થાન પ્રાપ્ત કર્યું છે તે **શ્રી અભિનંદન સ્વામી** જયવંત વર્તે છે. **શ્રી સુમતિનાથ** ભગવંતનો જ્ઞાનરૂપી મહાસાગર તમારી લક્ષ્મીને વિસ્તારો કે જે મહાસાગરમાં લોકનાલિકાનું સ્વરૂપ એક મત્સ્ય સદૃશ છે અર્થાત્ જેમ સમુદ્રમાં અગણિત પદાર્થોના હિસાબે મત્સ્ય ગણનાપાત્ર નથી તેમ પ્રભુના અનંત જ્ઞાનસાગરમાં લોકનાલિકાનું સ્વરૂપ-જ્ઞાન કંઈ હિસાબમાં નથી. વાદળાં વિનાના દિવસના આરંભભાગને સૂચવતી સંધ્યા જેવી રક્તવર્ણી **શ્રી પદ્મપ્રભુની** પ્રતિમા તમારા સમ્યગ્દર્શનની શુદ્ધિ કરો. પાંચ ઇંદ્રિયોરૂપી શત્રુઓનો પરાભવ કરવાથી પ્રાપ્ત થયેલ જયપતાકા સરખી **શ્રી સુપાર્શ્વનાથ** પ્રભુના મસ્તક પર રહેલ પાંચ ફણાઓ તમારું રક્ષણ કરો. શીતળતા, મુખ, કીર્તિ, શરીર, કાન્તિ અને વાણીરૂપી અમૃતદ્વારા જીતાયેલા ચંદ્રે લંછનના બ્હાનાથી જે પ્રભુની સેવા સ્વીકારી તે **શ્રી ચંદ્રપ્રભુની** અમે સ્તુતિ કરીએ છીએ. મકરધ્વજ-કામદેવને જીતીને જે પોતે મકરધ્વજ-મગરના લંછનવાળા થયા તે ત્રણ ભુવનના સ્વામી **શ્રી સુવિધિનાથને** હું સ્તવું છું. જ્ઞાનરૂપી પ્રભાથી પરાજિત થયેલ સૂર્યની કાન્તિ નખની કાન્તિના બ્હાનાથી જે પ્રભુના બન્ને ચરણોમાં સંક્રમી તે **શ્રી શીતળનાથને** હું સેવું છું. **શ્રી શ્રેયાંસનાથ** જિનવરનો અદ્‌ભુત-ચમત્કારિક મુખરૂપી ચંદ્ર જયવંત વર્તે છે કે જેનાં દર્શન માત્રથી સંસાર-સાગર ઉપશાંત થઈ જાય છે અર્થાત્ ભવભ્રમણ રહેતું નથી. મુક્તિરૂપી વધૂના અનુરાગને ઉપજાવતી, સાધુ પુરુષોના અંતઃકરણમાં સંક્રમેલી-પ્રસરેલી અરુણોદયના જેવી રક્ત-લાલ વર્ણવાળી **શ્રી વાસુપૂજ્યસ્વામીની** શરીરકાંતિ તમારું રક્ષણ કરો. મનોવાંછિત કરતાં પણ વિશેષ વસ્તુને આપનાર પ્રભુની ચરણપાદુકાને કલ્પવૃક્ષ પણ પોતાના પર્ણના—પાંદડાના બ્હાનાથી મસ્તક પર ધારણ કરી રાખે છે તે **શ્રી વિમલનાથ** પ્રભુને પ્રણામ થાઓ. વિશ્વમાં જેમના વચનામૃતથી વ્યાધિની માફક મહાબળવાન મોહાદિ રિપુઓ નાશ પામ્યા તે **શ્રી અનંતનાથ** તીર્થંકરને હું સ્તવું છું. સાધુધર્મરૂપી લક્ષ્મીના મુગટરત્ન સરીખા જે શોભી રહ્યા છે તે **શ્રી ધર્મનાથ** ભગવંતનાં ચરણના દશ નખો, દશ પ્રકારના *યતિધર્મોને આપો. સંસારના કારણભૂત (ચક્રવર્ત્તીપણામાં પ્રાપ્ત થયેલા) ચૌદ રત્નોનો ત્યાગ કરીને મોક્ષસુખને આપનારી રત્નત્રયી (સમ્યગ્જ્ઞાન, દર્શન ને ચારિત્ર)ને સ્વીકારનાર **શ્રી શાન્તિનાથ** પ્રભુ તમારું રક્ષણ કરો. સુવર્ણ સદૃશ કાંતિવાળા, મોહરૂપી અંધકારના સમૂહને હણનારા અને મોક્ષમાર્ગમાં દીપક સમાન **શ્રી કુંથુનાથ સ્વામી** તમારું કલ્યાણ કરો. અજ્ઞાનરૂપી અંધકારનું શમન કરનાર, સૂર્યોદયને સૂચવતો, રક્તવર્ણી **શ્રી અરનાથ સ્વામીનાં** ચરણનખની કાન્તિનો સમૂહ તમારું કલ્યાણ કરો. વિકસિત ચરણ, હસ્ત, મુખ અને નેત્રરૂપી કમળોની પંક્તિને ધારણ કરતું જેમનું શરીર લક્ષ્મીને ક્રીડા કરવા માટે સરોવર સરખું શોભાયમાન છે તે **શ્રી મલ્લિનાથ** ભગવંત જયવંત વર્તે છે.

* ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, તપ, સંયમ, મુક્તિ, સત્ય, બ્રહ્મચર્ય અને ત્યાગ—એ દશવિધ યતિધર્મો છે.

જ્ઞાનરૂપી લક્ષ્મીની શોભાને નિમિત્તે કરાયેલ કસ્તૂરીના રસ સમાન **શ્રી મુનિસુવ્રતસ્વામી**ની શ્યામવર્ણી દેહકાન્તિ તમારું રક્ષણ કરો. જે પ્રભુ સંયમરૂપી લક્ષ્મીના સુવાસિત સુવર્ણ મુગટરૂપ છે તે સુવાસ અને શરીરના વર્ણથી ચંપકવૃક્ષ સરખા **શ્રી નમિનાથ** ભગવાનની હું પ્રાર્થના કરું છું. શ્રી કૃષ્ણની પરાક્રમજન્ય કીર્તિને ઝાંખી કરતા હોય તેમ પાંચજન્ય શંખને વગાડતા **શ્રી નેમિનાથ** તીર્થંકર તમારું કલ્યાણ કરો. જે પ્રભુના મસ્તક પર સાત *નયરૂપી લક્ષ્મીએ પોતાના હસ્ત સરખી સાત ફણાઓ શાંતરસના આસ્વાદન અર્થે ધારણ કરી રાખી છે તે **શ્રી પાર્શ્વનાથ** પ્રભુ તમારું રક્ષણ કરો. જેમના ચરણસ્પર્શથી ચપળ એવા પોતાના શિખરરૂપી બાહુથી, પોતાની જાતને અહોભાગી માનતો હોય તેમ, મેરુપર્વત નાચી ઊઠ્યો તે **શ્રી વર્ધમાનસ્વામી**ની અમે સ્તુતિ કરીએ છીએ. જેમના સામર્થ્યથી જિનેશ્વર ભગવન્તો પણ સર્વ પ્રકારનાં પદાર્થો કહી બતાવે છે તે જ્ઞાનસ્વરૂપ **શ્રુતદેવતા** જયવંત વર્તે છે. વિશ્વમાં **પુંડરીકાદિ** ગણધરો જયવંત વર્તે છે કે જેઓએ રચેલ **દ્વાદશાંગી** કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં મંગળાચરણરૂપ બની હતી. શ્રમરૂપી મલિનતાને દૂર કરવા માટે મિથ્યાત્વના માર્ગમાં ભ્રમણ કરતી મારી વાણી ચોવીશ તીર્થંકરોના ચરિત્રરૂપી અમૃતસાગરમાં સ્નાન કરી રહી છે-ગરકાવ બની ગઈ છે. મદરૂપી હસ્તીના શત્રુ સિંહ સરખા **શ્રી જિનદત્તસૂરિ** ગુરુવર્યની મહાન્ પ્રસન્નતા પ્રાપ્ત કરીને આ કાર્યનો (ગ્રંથરચનાનો) હું પ્રારંભ કરું છું.

## ગુરુની પાટપરંપરાનું વર્ણન—

**નાગેન્દ્ર** શાખારૂપી બગીચાના આભૂષણરૂપ ચંદનવૃક્ષની જેમ કીર્તિ-સુવાસથી ગૌરવશાળી બનેલ શ્રી **વાયટ (ડ) ગચ્છ** વિદ્યમાન છે. આ ગચ્છમાં **શ્રી રાશિલસૂરિ** નામના આચાર્યવર્ય થયા કે જેમના ગુણોએ કયા પ્રાણીઓની જિહ્વારૂપી હીંડોળા પર ક્રીડા નથી કરી ? અર્થાત્ સૌ કોઈ તેમના ગુણોનું કીર્તન કરતા હતા. તેમની પાટરૂપી ઉદયાચળને પ્રાપ્ત કરીને સૂર્ય સરખા તેજસ્વી **શ્રી જીવદેવસૂરિ** થયા કે જેમણે ઉપદેશદ્વારા જગતસ્વરૂપ પ્રકાશ્યું. તેમની પાટે પ્રસિદ્ધ **શ્રી જિનદત્તસૂરીશ્વર** થયા કે જેમના વચનામૃતવડે ભવ્ય જીવોની સંસારરૂપી દાવાનળની પીડા નાશ પામી. વર્ષભરમાં જેમ વર્ષા, શીત અને ઉષ્ણ એમ ત્રણ પ્રકારની ઋતુ આવે છે તેમ આ ગચ્છમાં ઉપર જણાવેલા ત્રણે સૂરિવરો અનેકવાર થયા એટલે કે રાશિલસૂરિ, જીવદેવસૂરિ ને જિનદત્તસૂરિ, વળી પાછા રાશિલસૂરિ, જીવદેવસૂરિ ને જિનદત્તસૂરિ—આ ક્રમાનુસાર સંસારરૂપી અરણ્યમાં પવિત્ર વાણીરૂપી અમૃતના સરોવર સરખા, કલ્યાણના એકમાત્ર સ્થાનરૂપ **શ્રી રાશિલસૂરિ** થયા. કોઈ એક સમયે સમૃદ્ધિના સ્થાનરૂપ **શ્રી અણહીલપુરપાટણ**માં ચાતુર્માસ રહેવાની ધારણાથી તેમણે તે નગરમાં સ્થિરતા કરી.

---

* નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય, ઋજુસૂત્રનય, શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનય—એ સાત પ્રકારનાં નયો છે.

**શ્રાવકોની પ્રાર્થનાથી રાશિલસૂરિનું કથન—**

તે સમયે પવિત્ર ભાવનાવાળા ભવ્ય જીવોએ ચાતુર્માસ રહેલા શ્રી રાશિલસૂરિને નીચે પ્રમાણે વિજ્ઞપ્તિ કરી કે—"હે મુનિવર ! આ ચાતુર્માસ દરમિયાન ચોવીશ તીર્થંકર ભગવંતોના ચરિત્રો સંભળાવીને અમારા કર્ણને પવિત્ર કરો." આ પ્રમાણે ભવ્ય પ્રાણીઓનું કર્ણપ્રિય મધુર વચન સાંભળીને હર્ષરૂપી લતાની માંજર જેવી વાણીવડે રાશિલસૂરિએ જણાવ્યું કે—"મારા ગુરુ શ્રી જિનદત્તસૂરિવરના **અમરચંદ્ર** નામના શ્રેષ્ઠ શિષ્ય છે કે જેઓ મારા ગુરુભાઈ થાય છે તે તમારી પ્રાર્થનાને પૂર્ણ કરશે. **પદ્મ** નામના મંત્રીવર્યથી પ્રાર્થના કરાયેલ. સરસ્વતીદેવીની સહાયતાવાળા ને નિઃસ્પૃહીઓમાં શિરોમણી શ્રી અમરચંદ્રસૂરિએ **જિનેન્દ્રચરિત્ર** નામનું મહાકાવ્ય રચ્યું છે. કર્ણ—પથમાં અમૃતની નીક સમાન તે મહાકાવ્યમાં ગૂંથેલા તીર્થંકરોનાં ચરિત્રો હે શ્રાવકો ! તમને હું સંભળાવું છું."

**પદ્મમંત્રીની વંશાવલી—**

'તે પદ્મમંત્રી કયા વંશને શોભાવી રહેલ છે ?' એમ શ્રાવકોએ પૂછવાથી શ્રી રાશિલસૂરિએ જણાવ્યું કે—"આ જ અણહીલપુરપાટણમાં **"વાયટ"** જ્ઞાતિમાં જન્મેલ, સજ્જનોને પણ માનનીય **વાસુપૂજ્ય** નામનો મંત્રીશ્વર થયો હતો. તે મંત્રીશ્વરના ગુણો સાંભળી—સાંભળીને લોકોનાં હૃદય એવાં તો પરિપૂર્ણ થઈ ગયાં હતાં કે હૃદયમાં નહીં સમાતા તે ગુણો લોકોની જીભ ઉપર આવીને વસ્યા હતા. અર્થાત્ લોકો તેમના ગુણસમૂહની અત્યંત પ્રશંસા કરતા. તેમને બુદ્ધિનો ભંડાર **રામદેવ** નામનો પુત્ર થયો. તેનું હૃદય સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાવોને પણ સમજી શકતું હતું જેથી તેની કીર્તિ આકાશપટમાં પણ કેમ સમાઈ શકે ? અર્થાત્ તેની કીર્તિ સર્વત્ર પ્રસરી ગઈ હતી. તેને શાંત અંતઃકરણવાળો **શાંતડ** નામનો પુત્ર થયો કે જેના મુખરૂપી કમળમાંથી ઝરતી મકરંદ સરખી વાણી પંડિતરૂપી ભમરાઓની પંક્તિને પ્રેમ ઉપજાવતી હતી. તેનો પુત્ર **આસલ** પૂર્ણિમાના ચંદ્રની માફક સમગ્ર વિદ્યાઓમાં પરિપૂર્ણ બન્યો, છતાં પણ તેની કીર્તિરૂપી ચંદ્રિકા તો અવિનાશી બની હતી. તે આસલને **અહીદેવી** નામની ભાર્યા હતી અને સદ્‌ગુણોથી વિભૂષિત પતિના ચરણોમાં રાચતું તેણીનું મન પણ દુર્વાસનારૂપી અંધકારથી કદી ઘેરાતું ન હતું. તે બન્નેનો લક્ષ્મીના ધામરૂપ **પદ્મ** નામનો પુત્ર જયવંત વર્તે છે. શરણભૂત તે પદ્મનું આલંબન લઈને કલિયુગથી ભયભીત બનેલ ધર્મ પણ ભીતિરહિત બન્યો છે. મિત્ર-સૂર્યના અભ્યુદયમાં પદ્મમંત્રીનું ચિત્ત-કમળ અત્યંત વિકસિત બન્યું, પરન્તુ રાજ-ચંદ્રની મહેરબાનીથી પદ્મમંત્રીની કમળ-લક્ષ્મી અત્યંત દીપી નીકળી તે એક આશ્ચર્યકારક બીના છે. (મિત્ર-સૂર્યનો ઉદય થાય ત્યારે કમળ વિકસે તે બરાબર છે, પરન્તુ રાજ-ચંદ્રની કૃપાથી પણ કમળ-લક્ષ્મી શોભે તે આશ્ચર્યાન્વિત ઘટના ગણાય.) પૂર્વભવમાં આરાધેલ ધર્મ તેમની સંપત્તિને વૃદ્ધિ પમાડી રહ્યો છે અને તે કૃતજ્ઞી પણ લક્ષ્મીના દાનદ્વારા જ તે ધર્મનું જ સેવન કરી રહ્યો

છે. આ પદ્મમંત્રીએ "श्रेयांसि बहुविघ्नानि" એ કહેવત વૃથા કરી છે. એટલે કે તેના માંગલિક કાર્યોમાં કદી વિઘ્ન ઉપસ્થિત થયું ન હતું; કારણ કે કલ્યાણકારી કાર્યોમાં ઉદ્દ્ભવતાં વિઘ્નોની ઉપશાંતિને માટે તેણે સેંકડો શુભ કાર્યો કરેલ છે.

**જિનેશ્વરોના ચરિત્રની રચના માટે શ્રી અમરચંદ્રસૂરિને પ્રાર્થના—**

તે પદ્મમંત્રીના અતિ આગ્રહપૂર્વકની પ્રાર્થના દ્વારા શ્રી અમરચંદ્ર સૂરિવરે જિનેશ્વર ભગવંતોનાં ચરિત્રો જે પ્રકારે રચ્યાં છે તે પ્રકારે હે શ્રાવકો! હું તમને કહી સંભળાવું છું તે તમો સાંભળો. શુભ વાસનાવાસિત પદ્મ મંત્રીશ્વરે એકદા અમરચંદ્ર મુનિવરને તીર્થંકર મહારાજાઓનાં ચરિત્રો સાંભળવાની ઈચ્છાપૂર્વક આ પ્રમાણે કહ્યું કે—'ભવપરંપરાના સંસ્કારથી ઓતપ્રોત થઈ ગયેલ હું સંસારી પ્રાણીઓના સ્વભાવની જેમ ભવભ્રમણથી મુક્ત થઈ શક્યો નથી. તત્ત્વજ્ઞાની પુરુષો જેમ સર્વજ્ઞ સિદ્ધાન્તોને અળગા રાખતા નથી તેમ આપ કૃપાળુ પણ મને આપના હૃદયપ્રદેશથી દૂર કરતા નથી. વળી હે સાધુશિરોમણિ! લાખો ગમે ભવોના વૃદ્ધિંગત થયેલ પુણ્યરૂપી વૃક્ષના ફળ સદૃશ આપનો મને સમાગમ થયો છે તો મારા પુણ્યરૂપી અરણ્યમાં મેઘ સમાન ચોવીશ તીર્થંકર પરમાત્માઓનાં ચરિત્રોના શ્રવણથી પ્રગટતો પ્રમોદ આપની કૃપાથી પરિપૂર્ણ થાઓ.' પદ્મમંત્રીની આ પ્રમાણેની મનોહર પ્રાર્થના સાંભળીને હૃદયમાં રહેલ શમરસરૂપી અમૃતસાગરના કલ્લોલ સરખું વચન અમરચંદ્ર મુનિ બોલ્યા કે—'તીર્થંકર ભગવંતોનાં ચરિત્રોનું, ગણધર મહારાજાઓનું તેમ જ જિનેશ્વરભાષિત આગમના રહસ્યનું વિવેચન તે ઉત્કૃષ્ટ **ધર્મકથા** મનાયેલ છે. આવી ધર્મકથા સિવાય પ્રાણી વૈરાગ્યને પ્રાપ્ત કરી શકતો નથી, સંસારજન્ય વ્યથાનો અનુભવ કરતો નથી, તેમ જ આનંદજન્ય સુખનો સ્વાદ પણ લઈ શકતો નથી તો હે સાત્ત્વિકશિરોમણી! મારાથી કહેવાતી સત્ય, હિતકારી તથા મહાહર્ષદાયી ધર્મકથા તું સાંભળ. ચોવીશ તીર્થંકરો, બાર ચક્રવર્તીઓ, નવ બળદેવો, નવ વાસુદેવો અને નવ પ્રતિવાસુદેવો મળી એ પ્રમાણે ત્રેસઠ શલાકા પુરુષો થઈ ગયા છે.

**ત્રેશઠ શલાકા પુરુષોનું વર્ણન—**

આ અવસર્પિણી કાળમાં ભરતક્ષેત્રને વિષે જેમાંના કેટલાએક સિદ્ધિપદને પામ્યા છે અને કેટલાએક ભવિષ્યમાં પામવાના છે તેવા ત્રેસઠ શલાકા પુરુષો થઈ ગયા છે. તે ત્રેસઠ શલાકા પુરુષો પૈકી ચોવીશ તીર્થંકરોનાં નામ આ પ્રમાણે છે :—**૧. શ્રી ઋષભદેવ, ૨. શ્રી અજિતનાથ, ૩. શ્રી સંભવનાથ, ૪. શ્રી અભિનંદન, ૫. શ્રી સુમતિનાથ, ૬. શ્રી પદ્મપ્રભુ, ૭. શ્રી સુપાર્શ્વનાથ, ૮. શ્રી ચંદ્રપ્રભુ, ૯. શ્રી સુવિધિનાથ, ૧૦. શ્રી શીતળનાથ, ૧૧. શ્રી શ્રેયાંસનાથ, ૧૨. શ્રી વાસુપૂજ્યસ્વામી, ૧૩. શ્રી વિમળનાથ, ૧૪. શ્રી અનંતનાથ, ૧૫. શ્રી ધર્મનાથ, ૧૬. શ્રી શાંતિનાથ, ૧૭. શ્રી કુંથુનાથ, ૧૮. શ્રી અરનાથ, ૧૯. શ્રી મલ્લિનાથ, ૨૦. શ્રી મુનિસુવ્રતસ્વામી, ૨૧. શ્રી નમિનાથ,**

**૨૨. શ્રી નેમનાથ, ૨૩. શ્રી પાર્શ્વનાથ અને ૨૪. શ્રી મહાવીરસ્વામી.**

બાર ચક્રવર્ત્તીઓનાં નામ આ પ્રમાણે :—**૧. ભરત, ૨. સગર, ૩. મઘવા, ૪. સનત્કુમાર, ૫. શાંતિનાથ, ૬. કુંથુનાથ, ૭. અરનાથ, ૮. સુભૂમ, ૯. મહાપદ્મ, ૧૦. હારષેણ, ૧૧. જય અને ૧૨. બ્રહ્મદત્ત.**

નવ બળદેવોનાં નામ આ પ્રમાણે :—**૧. અચળ, ૨. વિજય, ૩. ભદ્ર, ૪. સુપ્રભ, ૫. સુદર્શન, ૬. આનંદ, ૭. નંદન, ૮. પદ્મ અને ૯. રામ.**

નવ વાસુદેવોનાં નામ આ પ્રમાણે :—**૧. ત્રિપૃષ્ઠ, ૨. દ્વિપૃષ્ઠ, ૩. સ્વયંભૂ, ૪. પુરુષોત્તમ, ૫. પુરુષસિંહ, ૬. પુરુષપુંડરીક, ૭. દત્ત, ૮. નારાયણ અને ૯. કૃષ્ણ.**

નવ પ્રતિવાસુદેવોનાં નામ આ પ્રમાણે :—**૧. અશ્વગ્રીવ, ૨. તારક, ૩. મેરક, ૪. મધુ, ૫. નિશુંભ, ૬. બલિ, ૭. પ્રહલાદ, ૮. રાવણ અને ૯. જરાસંઘ.**

તીર્થંકરો, ધર્મચક્રી, ભરતાદિ ચક્રવર્ત્તી, ત્રિપૃષ્ઠ વિગેરે વાસુદેવ અને અશ્વગ્રીવાદિ પ્રતિવાસુદેવ જાણવા. તીર્થંકર ભગવંતો ચક્રને અનુસારે વિહરે છે જ્યારે બાકીના શલાકા પુરુષો ચક્રને અનુસરીને વિજય મેળવે છે. તીર્થંકર મહારાજાનું ધર્મચક્ર મિથ્યાત્વને દૂર કરવામાં સમર્થ હોય છે જ્યારે બાકીના શલાકા પુરુષોનું ચક્ર અતિ અભિમાની દુશ્મનોના દર્પને દળી નાખે છે. પાંચ ભરત તેમ જ પાંચ ઐરાવત ક્ષેત્રમાં આ પ્રમાણે ત્રેસઠ શલાકા પુરુષો થાય છે. પાંચ મહાવિદેહ ક્ષેત્રોમાં નિરંતર અરિહંત, ચક્રવર્ત્તી, બળદેવ, વાસુદેવ અને પ્રતિવાસુદેવ હોય જ છે અર્થાત્ તેનો વિરહ રહેતો નથી.

### શાસનદેવી ચક્રેશ્વરીનું સ્મરણ—

જે તીર્થંકરો અને ચક્રવર્ત્તીઓ સાંપ્રતકાળે વિદ્યમાન છે, ભૂતકાળમાં થઈ ગયા છે અને ભવિષ્યકાળમાં થનારા છે તે સર્વેના ધર્મચક્ર અને ચક્રરત્નોની અધિષ્ઠાત્રી **ચક્રેશ્વરી** દેવી છે. તે જ ચક્રેશ્વરી દેવી યુગાદિ જિનેશ શ્રી આદિનાથ અરિહંતના શાસનકાળમાં શાસનદેવી હતી. વળી તે જ ચક્રેશ્વરી દેવી સોળ વિદ્યાદેવીઓમાં **અપ્રતિચક્રા** એવા અભિધાનથી પ્રખ્યાતિ પામેલ છે તે દેવી અરિહંત પરમાત્માના ભક્તજનનું કલ્યાણ કરનારી અને પાપોનો વિનાશ કરનારી છે. હું પણ તે જ ચક્રેશ્વરી દેવીની સહાયથી પૂર્વ ભવોના ચિત્ર-વિચિત્ર ચરિત્રોથી યુક્ત તીર્થંકર ભગવંતોનાં ચરિત્રો વિઘ્નરહિતપણે રચું છું.

### કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યનું અનુસરણ—

જેમ હસ્તિસમૂહના સ્વામી-નાયકના માર્ગને નાનું કલભ (હાથીનું બચ્ચું) અનુસરે છે તેવી રીતે હું પણ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યવિરચિત "ત્રિષષ્ઠિ શલાકાપુરુષચરિત્ર"ની પરિપાટીનું અનુકરણ કરું છું.

## ચોવીશ તીર્થંકરોના પૂર્વભવોની સંખ્યા—

**શ્રી ઋષભદેવ પ્રભુનાં તેર ભવો :**—૧. ધન સાર્થવાહ, ૨. યુગલિક, ૩. સૌધર્મ દેવલોકમાં દેવ, ૪. મહાબળ નામના રાજા, ૫. ઈશાન દેવલોકમાં લલિતાંગકુમાર નામના દેવ, ૬. વજ્જંઘ નામના રાજા, ૭. યુગલિક, ૮. સૌધર્મ દેવલોકમાં દેવ, ૯. જીવાનંદ વૈધ, ૧૦. અચ્યુત દેવલોકે દેવ, ૧૧. વજ્રનાભ નામના ચક્રવર્ત્તી, ૧૨. સર્વાર્થસિદ્ધ વિમાનવાસી દેવ, ૧૩. શ્રી ઋષભદેવ તીર્થંકર.

**શ્રી અજિતનાથના ત્રણ ભવ**—૧. વિમળવાહન નામના રાજા, ૨. અનુત્તર વિમાનવાસી દેવ, ૩. શ્રી અજિતનાથ તીર્થંકર.

**શ્રી સંભવનાથસ્વામીના ત્રણ ભવ**—૧. વિપુલવાહન નામના રાજા, ૨. [1]આનત નામના દેવલોકમાં દેવ, ૩. શ્રી સંભવનાથ તીર્થંકર.

**શ્રી અભિનંદનસ્વામીના ત્રણ ભવ**—૧. મહાબળ નામના રાજા, ૨. [2]વિજય વિમાનવાસી દેવ, ૩. શ્રી અભિનંદન તીર્થંકર.

**શ્રી સુમતિનાથના ત્રણ ભવ**—૧. પુરુષસિંહ નામના રાજકુમાર, ૨. [3]વૈજયંત વિમાનવાસી દેવ, ૩. શ્રી સુમતિનાથ તીર્થંકર.

**શ્રી પદ્મપ્રભના ત્રણ ભવ**—૧. અપરાજિત નામના રાજા, ૨. નવમા ગ્રૈવેયકે દેવ, ૩. શ્રી પદ્મપ્રભ તીર્થંકર.

**શ્રી સુપાર્શ્વનાથના ત્રણ ભવ**—૧. નંદિષેણ નામના રાજા, ૨. છઠ્ઠા ગ્રૈવેયકે દેવ, ૩. શ્રી સુપાર્શ્વનાથ તીર્થંકર.

**શ્રી ચંદ્રપ્રભુના ત્રણ ભવ**—૧. [4]પદ્મ નામના રાજા, ૨. વૈજયંત વિમાનવાસી દેવ, ૩. શ્રી ચંદ્રપ્રભુ તીર્થંકર.

**શ્રી સુવિધિનાથના ત્રણ ભવ**—૧. મહાપદ્મ નામના રાજા, ૨. [5]વૈજયંત વિમાનવાસી દેવ, ૩. શ્રી સુવિધિનાથ તીર્થંકર

**શ્રી શીતળનાથના ત્રણ ભવ**—૧. પદ્મોત્તર નામના રાજા, ૨. [6]પ્રાણત દેવલોકમાં

---

૧. ચતુર્વિંશતિ જિન ભવોત્કીર્તન સ્તવનમાં સાતમું ગ્રૈવેયક જણાવેલ છે. ૨. એકવિંશતિસ્થાન પ્રકરણમાં "જયંત" વિમાન જણાવેલ છે. ૩. એકવિંશતિસ્થાન પ્રકરણમાં "જયંત" વિમાન જણાવેલ છે. ૪. સપ્તતિશતસ્થાન પ્રકરણમાં (૧) શ્રી ધર્મરાજા, (૨) સૌધર્મ દેવલોકવાસી દેવ, (૩) અજિતસેન ચક્રવર્તી, (૪) અચ્યુતેન્દ્ર, (૫) પદ્મ નામના રાજા, (૬) વૈજયંત વિમાનવાસી દેવ અને (૭) શ્રી ચંદ્રપ્રભુ—આ પ્રમાણે સાત ભવ જણાવેલ છે. ૫. સ્તોત્રસમુચ્ચયમાં "આનત" દેવલોક જણાવેલ છે. ૬. સ્તોત્રસમુચ્ચયમાં "અચ્યુત" દેવલોક જણાવેલ છે.

દેવ, ૩. શ્રી શીતળનાથ તીર્થંકર

**શ્રી શ્રેયાંસનાથના ત્રણ ભવ**—૧ નલિનીગુલ્મ નામના રાજા, ૨. [૧]શુક્ર દેવલોકમાં દેવ, ૩. શ્રી શ્રેયાંસનાથ તીર્થંકર

**શ્રી વાસુપૂજ્યસ્વામીના ત્રણ ભવ**—૧. પદ્મોત્તર નામના રાજા, ૨. [૨]પ્રાણત દેવલોકમાં દેવ, ૩. શ્રી વાસુપૂજ્યસ્વામી તીર્થંકર.

**શ્રી વિમળનાથસ્વામીના ત્રણ ભવ**—૧. [૩]પદ્મસેન રાજા, ૨. સહસ્રાર દેવલોકવાસી દેવ, ૩. શ્રી વિમળનાથ તીર્થંકર.

**શ્રી અનંતનાથના ત્રણ ભવ**—૧ પદ્મરથ રાજા, ૨. પ્રાણત દેવલોકમાં પુષ્પોત્તર નામના વિમાનમાં દેવ, ૩. અનંતનાથ તીર્થંકર

**શ્રી ધર્મનાથના ત્રણ ભવ**—૧. દૃઢરથ રાજા, ૨. [૪]વૈજયંત વિમાનવાસી દેવ, ૩. શ્રી ધર્મનાથ તીર્થંકર.

**શ્રી શાન્તિનાથના બાર ભવ**—૧. શ્રીષેણ રાજા, ૨. યુગલિક, ૩. સૌધર્મ દેવલોકમાં દેવ, ૪. વૈતાઢ્ય પર્વત પર અમિતતેજ રાજા, ૫. પ્રાણત દેવલોકમાં દેવ, ૬. મહાવિદેહમાં અપરાજિત નામના રાજા, ૭. અચ્યુતેન્દ્ર, ૮. વજ્રાયુધ ચક્રી, ૯. ત્રીજે ગ્રૈવેયકે દેવ, ૧૦. મેઘરથ રાજા, ૧૧. સર્વાર્થસિદ્ધમાં દેવ. ૧૨. શાન્તિનાથ તીર્થંકર.

**શ્રી કુંથુનાથના ત્રણ ભવ**—૧. સિંહનામના રાજા, ૨. સર્વાર્થસિદ્ધમાં દેવ, ૩. શ્રી કુંથુનાથ તીર્થંકર.

**શ્રી અરનાથના ત્રણ ભવ**—૧. ધનપતિ રાજા, ૨. [૫]નવમા ગ્રૈવેયકમાં દેવ, ૩. શ્રી અરનાથ તીર્થંકર.

**શ્રી મલ્લિનાથના ત્રણ ભવ**—૧. મહાબળ રાજા, ૨. [૬]વૈજયંત વિમાનવાસી દેવ, ૩. શ્રી મલ્લિનાથ તીર્થંકર.

---

૧. સ્તોત્રસમુચ્ચયમાં પ્રાણત દેવલોકના પુષ્પોત્તર નામના શ્રેષ્ઠ વિમાનવાસી દેવ જણાવેલ છે, એક વિંશતિસ્થાન પ્રકરણમાં અચ્યુત દેવલોક જણાવેલ છે. ૨. સ્તોત્રસમુચ્ચયમાં સાતમું શુક્ર નામનું દેવલોક જણાવેલ છે. ૩. સ્તોત્રસમુચ્ચયમાં પ્રજાસેન નામનો રાજા જણાવેલ છે. ૪. એકવિંશતિસ્થાન પ્રકરણમાં "વિજય" વિમાન જણાવેલ છે. અને સ્તોત્રસમુચ્ચયમાં સર્વાર્થ સિદ્ધવાસી દેવ જણાવેલ છે. ૫. એકવિંશતિ પ્રકરણમાં સર્વાર્થસિદ્ધવાસી દેવ અને સ્તોત્રસમુચ્ચયમાં "જયંત" વિમાનવાસી દેવ જણાવેલ છે. ૬. વિચારસાર-પ્રકરણમાં "વિજય" નામના અનુત્તર વિમાનવાસી દેવ, અને એકવિંશતિસ્થાન પ્રકરણમાં "જયંત" વિમાનવાસી દેવ જણાવેલ છે.

**શ્રી મુનિસુવ્રતસ્વામીના ત્રણ ભવ**—૧. [1]સુરશ્રેષ્ઠ રાજા, ૨. પ્રાણત દેવલોકમાં દેવ, ૩. શ્રી મુનિસુવ્રતસ્વામી તીર્થંકર.

**શ્રી નમિનાથના ત્રણ ભવ**—૧. સિદ્ધાર્થ રાજા, ૨. [2]અપરાજિત વિમાનવાસી દેવ, ૩. શ્રી નમિનાથ તીર્થંકર.

**શ્રી નેમિનાથ તથા રાજીમતીના નવ ભવ**—૧. ધન નામના રાજા અને ધનવતી નામની રાણી, ૨. સૌધર્મ દેવલોકમાં બન્ને દેવ, ૩. ચિત્રગતિ વિદ્યાધરેંદ્ર ને રત્નવતી નામની પત્ની, ૪. માહેંદ્ર દેવલોકમાં દેવ, ૫. અપરાજિત નામનો રાજા અને પ્રીતિમતી નામની રાણી, ૬. આરણ દેવલોકમાં દેવ, ૭. શંખ નામના રાજા અને યશોમતી નામની રાણી, ૮. અપરાજિત વિમાનમાં દેવ, ૯. શ્રી નેમિનાથ તીર્થંકર અને રાજીમતી.

**શ્રી પાર્શ્વનાથ ને કમઠના દશ ભવ**—૧. અરવિંદ રાજાના પુરોહિત તરીકે કમઠ ને મરુભૂતિ નામના બે ભાઈઓ, ૨. કુર્કુટ નામનો સર્પ અને અન્ય સર્પ, ૩. કમઠ પાંચમી નરકે અને પ્રભુનો જીવ આઠમા દેવલોકે, ૪. કમઠ સર્પ અને પ્રભુનો જીવ કિરણવેગ નામનો વિદ્યાધરેંદ્ર, ૫. કમઠ પાંચમી નરકે અને પ્રભુનો જીવ અચ્યુત દેવલોકે દેવ, ૬. કમઠ પશ્ચિમ વિદેહમાં ભીલ અને પ્રભુનો જીવ વજ્રનાભ નામના રાજા, ૭. કમઠ સાતમી નરકે અને પ્રભુનો જીવ પાંચમા ગ્રૈવેયકે, ૮. કમઠ પૂર્વવિદેહમાં સિંહ અને પ્રભુનો જીવ સુવર્ણબાહુ નામના ચક્રી, ૯. કમઠ ચોથી નરકમાં અને પ્રભુ પ્રાણત દેવલોકે દેવ, ૧૦. કમઠ નામનો યોગી અને પાર્શ્વનાથ તીર્થંકર, ૧૧. કમઠ યોગી મૃત્યુ પામીને મેઘકુમાર નામનો દેવ થયા પછી પ્રભુ પર મેઘધારા દ્વારા ઉપસર્ગ કર્યા બાદ વૈરવિહીન બન્યો.

**શ્રી મહાવીરસ્વામીના સત્તાવીશ ભવો**—૧. નયસાર નામના મુખી, ૨. સૌધર્મ દેવલોકમાં દેવ, ૩. મરીચિ (ભરતપુત્ર), ૪. પાંચમા દેવલોકે દેવ, ૫. કૌશિક નામના બ્રાહ્મણ, ૬. સૌધર્મ દેવલોકે દેવ, ૭. પુષ્યમિત્ર નામના બ્રાહ્મણ, ૮. સૌધર્મ દેવલોકે દેવ, ૯. અગ્નિદ્યુતિ નામના દ્વિજ, ૧૦. ઈશાન દેવલોકે દેવ, ૧૧. અગ્નિભૂતિ નામના બ્રાહ્મણ, ૧૨. ત્રીજા દેવલોકે દેવ, ૧૩. ભારદ્વાજ નામના બ્રાહ્મણ, ૧૪. ચોથા દેવલોકમાં દેવ, (કેટલાક ભવોના ભ્રમણ બાદ) ૧૫. સ્થાવર નામના બ્રાહ્મણ, ૧૬. બ્રહ્મદેવલોકે દેવ, (કેટલાક ભવોના ભ્રમણ બાદ) ૧૭. વિશ્વભૂતિ નામના યુવરાજ, ૧૮. શુક્ર દેવલોકમાં દેવ, ૧૯. ભરતક્ષેત્રમાં ત્રિપૃષ્ઠ નામના પ્રથમ વાસુદેવ, ૨૦. સાતમી નરકે, ૨૧. સિંહ, ૨૨. ચોથી નરકે, (તિર્યંચ

---

૧. સપ્તતિશતસ્થાન પ્રકરણમાં શ્રી મુનિસુવ્રતસ્વામીનાં નવ ભવ જણાવેલ છે.—(૧) શિવકેતુ રાજા, (૨) સૌધર્મ દેવલોકે દેવ, (૩) કુબેરદત્ત શ્રેષ્ઠી, (૪) ત્રીજા દેવલોકમાં દેવ, (૫) વજ્રકુંડળ રાજા, (૬) બ્રહ્મદેવ લોકમાં દેવ, (૭) શ્રીવર્મા રાજા, (૮) અપરાજિત વિમાનવાસી દેવ, (૯) શ્રી મુનિસુવ્રતસ્વામી.

૨. એકવિંશતિસ્થાન પ્રકરણમાં પ્રાણત દેવલોક જણાવેલ છે.

અને મનુષ્યભવમાં ભ્રમણ) ૨૩. પ્રિયમિત્ર ચક્રવર્ત્તી, ૨૪. સાતમા દેવલોકે 'સર્વાર્થ' નામના વિમાનમાં દેવ, ૨૫. નંદન નામના રાજપુત્ર, ૨૬. પ્રાણત દેવલોકમાં પુષ્પોત્તર વિમાનમાં દેવ, ૨૭. શ્રી મહાવીરસ્વામી તીર્થંકર

સદ્‌ગુરુદ્વારા દાનાદિ (દાન, શીલ, તપ ને ભાવ) ચાર પ્રકારના ધર્મની પ્રાપ્તિથી જે ભવમાં સમકિતની પ્રાપ્તિ થાય તે ભવથી માંડીને મોક્ષગતિની પ્રાપ્તિ પર્યન્ત ભવ્ય જીવોના ભવોની ગણત્રી કરાય છે. દુષ્ટ કર્મજન્ય કાદવરૂપી રોગની શંકાથી પ્રગટેલ પીડારૂપી ખીલાને ખેંચી કાઢવામાં સમર્થ એવી પ્રચંડ સૂર્યની પ્રભા સરખી શ્રી ઋષભદેવ પ્રમુખ તીર્થંકરોની ભવસંખ્યા તમને અનંતું સુખ અર્પણ કરો! શ્રી ઋષભદેવસ્વામીથી પ્રારંભીને મહાવીરસ્વામી સુધીના ચોવીશ તીર્થંકરોનાં ચરિત્રોની રચના કરવાને હું બાળ—અલ્પમતિ હોવા છતાં સાહસ કરું છું, તો આ ગ્રંથ—રચનામાં રહેલ સ્ખલનને સમજનારા સિદ્ધાંતજ્ઞાનમાં પરમનિષ્ણાત વિદ્વાનવર્ગે મારા દોષ (ભૂલ) રૂપી દૂષણોને ત્યજી દઈને મને ગુણવિભૂષિત કરવો.

* * *

*કલ્યાણરૂપી લતાવનના અંકુરા સરખા, નીચ ગતિની પરંપરાને રોકવામાં અર્ગલા સમાન, મોહને હણવામાં મુદ્‌ગર સમાન, મોક્ષરૂપી મહેલે પહોંચવામાં મહાન્ રજ્જુ (દોરડું) સમાન, પાપરાશિને નષ્ટ કરવામાં વિજયસ્તંભ સરખા શ્રી ઋષભદેવ પ્રભુના ચરણનખનાં કિરણો ભવ્ય જીવોના કલ્યાણને વિસ્તારો.

**વાયટવંશ**રૂપી કમળને વિકસિત કરવામાં સૂર્ય સરખા '**વાસુપૂજ્ય**' નામના મંત્રી થયા, તેમને '**રામદેવ**' મંત્રી નામનો પુત્ર થયો, તેમને '**શાંતડ**' નામનો પુત્ર થયો, તેમને '**આસલ**' નામનો તનુજ થયો, તેમના '**પદ્મ**' નામના પુત્રની પ્રેરણાથી મેં આ ચોવીશ તીર્થંકરોના ચરિત્રની રચના કરી છે. આજે સત્ત્વશીલ પ્રાણીઓની સાથે હમેશને માટે સ્વેચ્છાએ વિહરવાને પંગુ બનેલા—શક્તિહીન બનેલા ધર્મને, હે ભાગ્યશાળીઓમાં શિરોમણી પદ્મમંત્રી! તું હમણાં મસ્તક પર ધારી રાખ; અર્થાત્ શક્તિરહિત બનેલા ધર્મને તું પુષ્ટ કર. ચાર પગવાળો બનીને—સમર્થ બનીને અત્યંત ખુશ થયેલ, કૃતજ્ઞી, બલિષ્ઠ અને ક્ષણે ક્ષણે સ્વતંત્રપણે ખેલતો ધર્મ તારી પ્રતીક્ષા કરી રહ્યો છે.

**પ્રથમ સર્ગ સમાપ્ત.**

---

* અહીંથી શરૂ થતું લખાણ શ્રીઋષભદેવ તથા પદ્મમંત્રીની સ્તુતિરૂપ છે. આવી રીતની સ્તુતિ દરેક સર્ગની પ્રાન્તે કરવામાં આવી છે.

# સર્ગ બીજો

## શ્રી ઋષભદેવ પ્રભુના ત્રણ ભવનું વર્ણન.

હે પદ્મમંત્રી! જિનેશ્વર ભગવંતોનાં ચરિત્રો મેં તને સંક્ષેપથી તો કહ્યાં, હે ચંદ્ર સરખી ઉજ્જ્વળ કીર્તિવાળા મંત્રીવર! હવે વિસ્તારપૂર્વક વર્ણવાતાં તે ચરિત્રોને તું સાંભળ. સૌથી પ્રથમ ત્રણ જગતને પાવન કરનારું અને મનોહર યુગાદિનાથ શ્રી ઋષભદેવસ્વામીનું ચરિત્ર હું કહું છું. સ્વર્ગ, મૃત્યુ અને પાતાળના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરતો, પ્રકાશની માફક સર્વત્ર ફેલાતો જે પરમાત્માની શરીરકાંતિનો શ્રેષ્ઠ સમુદાય પ્રકાશ ફેલાવી રહ્યો છે તે શ્રી **ઋષભદેવ** પરમાત્મા સજ્જન પુરુષના કલ્યાણ માટે થાઓ!

**જંબૂદ્વીપનું વર્ણન –**

આ પૃથ્વીપીઠ પર લક્ષ્મીના સ્થાનરૂપ, મંગળમય **જંબૂદ્વીપ** નામનો ઉત્તમ દ્વીપ છે. તે દ્વીપે સ્વસંપદાથી સ્વર્ગલોકને જીતી લઈને મેરુપર્વતને પોતાના વિજયસ્તંભ તરીકે રોપ્યો છે. તે જંબૂદ્વીપની સાથે તુલના કરવાથી અલ્પ શક્તિવાળું સ્વર્ગલોક ઊંચે ચાલ્યું ગયું. (કાંટામાં વજન કરતાં વજનદાર વસ્તુનું છાબડું નીચે રહે છે અને હળવી વસ્તુવાળું છાબડું ઊંચું જાય છે તેમ સ્વર્ગલોક અલ્પઋદ્ધિવાળું હોવાથી ઊંચે ચાલ્યું ગયું), અને તેથી ઉન્નત મસ્તકવાળો, વિજયી બનેલો જંબૂદ્વીપ તિર્ચ્છાસ્થાનને ત્યજી દઈને મેરુપર્વતને પોતાના એક વિભાગ તરીકે ધારણ કરી રહ્યો છે. રાત્રિ, સંધ્યા, ચંદ્ર અને સૂર્યની કાંતિથી વિવિધ વર્ણવાળો, તારારૂપી મોતીઓથી વ્યાપ્ત આકાશરૂપી ચંદરવો, વજ્રવેદીથી મેરુપર્વત પર્યન્ત જંબૂદ્વીપના મસ્તકે શોભી રહેલ છે. કલ્યાણરૂપી પ્રકાશને વિસ્તારવા માટે સ્ફટિક અને પદ્મરાગ મણિથી બનાવાયેલા, ચાર દિશાઓના દર્પણ સરખા બે ચંદ્ર ને બે સૂર્ય જંબૂદ્વીપને વિષે શોભી રહ્યા છે. છ [1]પ્રકારની લેશ્યાઓમાંથી હૃદયપ્રદેશની જેમ, [2]ષડ્રસોથી સ્વાદિષ્ટ પદાર્થોની જેમ અને છ [3]પ્રકારના ગુણોથી રાજનીતિની જેમ આ જંબૂદ્વીપ છ [4]વર્ષધર પર્વતોથી યુક્ત છે. તે વર્ષધર પર્વતના

---

૧. કૃષ્ણ, નીલ, કાપોત, તેજસ્, પદ્મ ને શુક્લ—એ છ પ્રકારની લેશ્યા. ૨. તીખો, કડવો, તુરો, ખાટો, ખારો અને મીઠો—એ છ પ્રકારના રસ છે. ૩. સંધી, વિગ્રહ, યાન, આસન, દ્વિધાભાવ અને આશ્રય—એ છ પ્રકારની રાજનીતિ છે. ૪. હિમવંત, મહાહિમવંત, નિષધ, નીલ, રુકમી અને શિખરી—એ નામના છ વર્ષધર પર્વતો છે.

ખોળામાંથી પુત્ર સરખી ઉત્તમ નદીઓ નીકળીને, પિતાના (પર્વતના) ચરણોમાં પડીને પ્રાપ્ત કરેલ રત્નરૂપી આભૂષણવાળી તે પોતાના પતિ–લવણસમુદ્રને જઈ મળે છે. કવિ અહીં કલ્પના કરે છે કે–'પારકાની લક્ષ્મી જોઈને અત્યંત ઈર્ષ્યાના કારણે અમારો વિનાશ ન થાઓ' એમ વિચારીને [1]સાત ક્ષેત્રોએ પરસ્પર વચલા પ્રદેશમાં વર્ષધર પર્વતોરૂપી વિશાળ દિવાલો ખડી કરી દીધી.

## ક્ષિતિપ્રતિષ્ઠિત નગરનું વર્ણન–

તે જંબૂદ્વીપના પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં મહાન્ યશવાળું, ઋદ્ધિસંપન્ન, નગરોને વિષે શ્રેષ્ઠ **ક્ષિતિપ્રતિષ્ઠિત** નામનું વિશાળ નગર છે. લાલ પાષાણની હવેલીઓની કાંતિસમૂહના બહાનાથી પોતાની સમૃદ્ધિવડે ઇંદ્રપુરીને જીતી લઈને ચંદ્રકાન્તમણિના મહેલોનાં કિરણોના બહાનાથી તે નગરનો યશ ખૂબ વિસ્તાર પામ્યો હતો. દેવપૂજા તથા દાનમાં વિઘ્નભૂત આ રાત્રિ નિંદવા લાયક જ છે એમ વિચારીને કિરણરૂપી લાકડીના પ્રહારવાળા અને મણિરૂપી ઉત્તમ બખ્તરવાળા તે નગરનાં ભવનો અત્યંત ક્રોધપૂર્વક તે રાત્રિને હાંકી કાઢે છે. તે નગરમાં શરદ્ ઋતુના નિર્મળ ચંદ્ર સરખી ઉજ્જ્વળ કીર્તિવાળો અને લાખોગમે શત્રુઓની લક્ષ્મીને હરી લેવામાં પ્રચંડ બાહુવાળો **પ્રસન્નચંદ્ર** નામનો રાજા હતો. પરસ્પર વૈરભાવને ભૂલી જનાર, શત્રુઓને ભીતિદાયક અને મિત્રોને પ્રીતિવર્ધક પ્રસન્નચંદ્ર રાજાની પ્રાપ્તિના લોભને લીધે જ અતિ લોભીષ્ટ બનેલ ગુણસમુદાય સમગ્ર કળાઓની સાથે તે રાજામાં વસવાટ કરીને રહેલ છે; અર્થાત્ તે રાજા સર્વગુણસંપન્ન હતો. આ પ્રસન્નચંદ્ર રાજાના મનોહર ગુણોએ કોના મનનું આકર્ષણ ન કર્યું? તે રાજાના ગુણથી ભયભીત બનેલ દુરાચરણ લોકોના મનમાં પણ પ્રવેશ કરી શક્યું ન હતું.

## ધન સાર્થવાહનો પ્રથમ ભવ–

તે નગરમાં પ્રસન્નચંદ્ર રાજાનો પ્રીતિપાત્ર, બુદ્ધિનો ભંડાર, કુબેર કરતાંય વિશેષ સમૃદ્ધિશાળી, સ્વદ્રવ્ય–વ્યયથી યશની આકાંક્ષાવાળો, યાચકવર્ગની ઈચ્છાને પરિપૂર્ણ કરનાર **ધન** નામનો સાર્થવાહ રહેતો હતો. પુણ્યહીન ચતુર પુરુષોમાં પ્રસિદ્ધિ પામેલ તે ધન સાર્થવાહે ગુણાસક્ત લક્ષ્મીના ચંચળ સ્વભાવરૂપી જગજાહેર કલંકને ધોઈ નાખ્યું. ખરેખર **સજ્જનોની સંગતિ એ પુણ્યની નિશાની છે.** જેમ પવનો સુગંધી પદાર્થોમાંથી ગંધ લે છે, મેઘો સાગરમાંથી જળ મેળવે છે, દીપકસમુદાય અગ્નિમાંથી પ્રભા મેળવે છે, પ્રાણીઓ સૂર્યમાંથી પ્રકાશ પ્રાપ્ત કરે છે, શિષ્યો આચાર્ય પાસેથી શાસ્ત્રરહસ્ય સમજે છે, વિદ્વાનો તત્ત્વજ્ઞાનીઓ પાસેથી તત્ત્વ સમજે છે, દરિદ્રી પુરુષો રોહણાચળ પાસેથી રત્નો મેળવે છે, અધિકારીવર્ગ રાજા

---

૧. ભરત, ઐરવત, હેમવંત, હરિ, મહાવિદેહ, રમ્યક્ અને હિરણ્યવત—એ સાત પ્રકારનાં ક્ષેત્રો છે.

પાસેથી અધિકાર મેળવે છે, રંક જનો શ્રેષ્ઠીઓ પાસેથી આભૂષણ મેળવે છે, કેટલાએક કવિઓ કવિશિરોમણિ પાસેથી કાવ્યશાસ્ત્ર સમજે છે તેમ તે ધન સાર્થવાહ પાસેથી દ્રવ્ય પ્રાપ્ત કરીને કયા વ્યાપારીઓ શોભા પામ્યા ન હતા? કોઈ એક વખતે રાત્રિના પાછલા પહોરે નિદ્રા રહિત બનેલો, બ્રાહ્મમુહૂર્તમાં જાગૃત થવાને લીધે તેજસ્વી બુદ્ધિવાળો તે સાર્થવાહ અંતઃકરણમાં આ પ્રમાણે વિચાર લાગ્યો કે-"ધનાઢ્ય પુરુષોની અતિશય લક્ષ્મી પણ નિરંતર વ્યયથી આવક વિનાના સરોવરના પાણીની માફક વિનાશ પામે છે. ન્યાય-નીતિ વગરનો રાજા, વિનય વિનાનો શિષ્ય, બ્રહ્મચર્ય રહિત સંન્યાસી, શાંતરસ વિનાનો સાધુ, આત્મા વિનાનું શરીર, પુણ્ય વિનાનો પ્રાણી અને દ્રવ્ય વિનાનો ગૃહસ્થ કોઈપણ જાતના લેખામાં ગણાતો નથી. યોગી પુરુષ પાંચે ઇંદ્રિયોના વિષય-વેગને જીતવાથી, સેવક સ્વામીના ધન તથા બળની શક્તિના કારણે, પથિક (મુસાફર) પોતાના કાર્યને સાધવાથી તેમ જ ગૃહસ્થ ધનોપાર્જનથી જ શોભે છે; માટે હું અત્યંત સંપત્તિવાળો હોવા છતાં મારે પ્રમાદનો ત્યાગ કરીને ધનોપાર્જન કરવું જોઈએ. પુષ્કળ જળસમૂહથી પરિપૂર્ણ હોવા છતાં સાગર શું નદીઓદ્વારા જળનો સંગ્રહ નથી કરતો? અર્થાત અવશ્ય કરે જ છે. પુણ્યોદયને કારણે વ્યાપાર લક્ષ્મીને પ્રાપ્ત કરાવે છે તો કરિયાણાનાં પાત્રો ભરીને હું **વસંતપુર** નગરે જાઉં." આ પ્રમાણે હૃદયમાં વિચારીને કાર્યકુશળ ધન સાર્થવાહે પ્રાતઃકાળનું કાર્ય પરિપૂર્ણ કરીને નગરમાં સર્વત્ર પટહ વગડાવવાવડે કરીને નીચે પ્રમાણે ઉદ્‌ઘોષણા કરાવી કે—" ધન સાર્થવાહ વસંતપુર નગરે જવાને ઇચ્છે છે તો જે લોકો ધનોપાર્જન કરવા ઇચ્છતા હોય તેઓએ સાથે ચાલવું. સાર્થપતિની સાથે જવાને ઇચ્છનાર વ્યક્તિ દ્રવ્ય, કરિયાણું અથવા તો સેવકથી રહિત હોય તેને કલ્પવૃક્ષ કરતાં પણ ચઢિયાતો ધન સાર્થવાહ સર્વ વસ્તુઓ આપશે." બાદ બીજે દિવસે પ્રાતઃકાળમાં મંગળમય મુહૂર્તે કુળવધૂઓ દ્વારા કરાયેલ માંગલિકવાળો અને ભેરીના નાદથી દિશાઓને પરિપૂર્ણ કરતો ધન સાર્થવાહ રથ પર આરૂઢ થઈ નગરની બહાર નીકળ્યો. અમૃતમય કિરણોથી સિંચન કરતો ચંદ્ર આકાશપટમાં જેમ નક્ષત્રગણથી શોભે છે તેવી રીતે પુષ્કળ વણિકવર્ગથી વીંટળાએલ અને પરોપકારરસિક ધન સાર્થવાહ શોભવા લાગ્યો.

**ધર્મઘોષસૂરિનો મેળાપ—**

તે જ અવસરે દ્વેષરહિત, શરીરધારી શાન્તરસ સરખા અને સંસારનો ઉચ્છેદ કરવામાં કટિબદ્ધ શ્રી **ધર્મઘોષ** નામના સૂરિવર પોતાના શિષ્યસમુદાયની સાથે ધન સાર્થવાહની પાસે આવી પહોંચ્યા. શાંતમૂર્તિ તે સૂરીશ્વરને અચાનક આવેલા જોઈને સાગરની માફક અંતઃકરણમાં અત્યંત હર્ષકલ્લોલવાળો સાર્થવાહ એકદમ શીઘ્રતાથી તેમની સામે ગયો. ઉદયાચલ પર આરૂઢ થયેલા સૂર્યની સન્મુખ જેમ સરોવર ઝળહળી ઊઠે તેમ આસન પર વિરાજેલા તે સૂરિવર્ય પાસે વિકસિત મુખવાળો ધન સાર્થવાહ દીપી ઊઠ્યો. સ્વાભાવિક રીતે ભદ્રિકભાવથી પ્રણામ કરતાં

તે સાર્થવાહને કલ્યાણરૂપી વેલને વિસ્તારવામાં મેઘજળ સમાન **"ધર્મલાભ"** શ્રી ધર્મઘોષસૂરિએ આપ્યો. પછી ગુરુમહારાજ સમીપે બેસીને તેમના સમાગમથી પોતાની જાતને ધન્ય–ધન્ય માનતો સાર્થવાહ અંજલિ જોડવાપૂર્વક બોલ્યો કે–"હે પૂજ્યવર્ય ! મારા પ્રયાણાવસરે આપ પૂજ્યનો મેળાપ અને મંગળકારક બન્યો છે. પ્રાણીઓને ધનની પ્રાપ્તિ ધર્મ દ્વારા જ થાય છે. વિશ્વમાં તે ધર્મની ઉત્પત્તિ આપ જેવા પૂજ્યદ્વારા જ થાય છે. ધનને માટે ઉદ્યમશીલ બનેલા મને પૂર્વ પુણ્યાનુયોગે જ આપનું દર્શન થયું છે. જો કે ઇચ્છા રહિત આપ પૂજ્યને કોઈપણ જાતનો સ્વાર્થ નથી એમ હું સમજુ છું; છતાં પણ મારા પુણ્યાંકુરને પુષ્ટ કરવા માટે આપનું આગમન અમૃતની નીક સમાન બન્યું છે, તેથી કૃપા કરીને આજ્ઞા હોય તે ફરમાવો."

## ધર્મઘોષસૂરિનો પ્રત્યુત્તર–

બાદ વચનામૃતના સાગર સરખા શ્રી ધર્મઘોષસૂરિ બોલ્યા કે-"હે સાર્થપતિ ! અભિમાની પુરુષોને પણ કોઈપણ જાતની ઇચ્છા માનરહિત બનાવે છે. ખરેખર ખેદની વાત છે કે, નિર્ગુણી છતાં ગુણી માનવાને લીધે અલ્પ લક્ષ્મીથી ઉન્માદી બનેલાઓની આગળ કલાસમૂહથી યુક્ત ખાનદાન પુરુષને કોઈપણ જાતની ઇચ્છા દીન-રાંક બનાવે છે. વિચક્ષણ સ્વમાની પુરુષો અભિમાનની રક્ષા નિમિત્તે આપોઆપ જ નિઃસ્પૃહતાને સ્વીકારે છે; તેથી તેવા પુરુષોની દૃષ્ટિ દરિદ્રપુરુષ અને ઇંદ્ર પ્રત્યે એકસરખી જ રહે છે. તૃષ્ણાનો ત્યાગ કરનાર સાધુપુરુષોની એક માત્ર સદાચરણમાં જ સ્પૃહા રહે છે. જે સદ્ભાગી પુરુષો તેવા સદાચરણનું પોષણ કરે છે તેઓના સંસર્ગને સાધુજનો પણ વાંછે છે. ચતુર પુરુષો લોકોને ધનાદિ વસ્તુઓના દાનથી સ્પૃહા રહિત બનાવે છે, માયાળુપણાથી કુટુંબીવર્ગને મમતા રહિત બનાવે છે અને અલૌકિક સદાચારથી પ્રાણીગણને સેવાપરાયણ બનાવે છે. હે યશસ્વી સાર્થવાહ! તારી સદાચારપરાયણતાથી આકર્ષાઈને તારા સાર્થની સાથે વિચરવાની ઇચ્છાથી અમો અત્યારે અહીં આવ્યા છીએ." ધર્મઘોષસૂરિની આવી વાણી સાંભળ્યા પછી ધન સાર્થવાહે અવસરોચિત વચન કહ્યું કે–"હે ભગવંત! પૂર્વ પુન્યના મહાયોગથી જ પ્રાણીઓને આપ જેવા પૂજ્યપુરુષનો સમાગમ થાય છે. હે યતિવર! આપના સાથે વિચરવાથી મારો સાર્થ નિષ્પાપ બનો. સૂર્યના ઉદય માત્રથી અંધકાર સમૂહથી આવૃત આકાશપ્રદેશ શું મુક્ત થતો નથી?" બાદ સાર્થવાહે પોતાના રસોયાઓને ફરમાવ્યું કે–"સુંદર ભાવનાવાળા તમારે મુનિવર્ગ માટે હંમેશા અન્નપાનાદિની જોગવાઈ કરવી અને તેમ કરવાથી તમે ખરેખર મારા પર ઉપકાર કરનારા થશો." આ પ્રમાણે સાર્થવાહની સદ્ભાવનાવાળી વાણી સાંભળીને સૂરિવર બોલ્યા કે–"હે વિચક્ષણ! નિર્ણીત નહિ કરાયેલ તેમ જ સાધુજનને નિમિત્તે નહીં કરાયેલ એવી અશન–પાનાદિ વસ્તુઓ જ મુનિજનને વહોરવા યોગ્ય છે. હે સાર્થવાહ! આ જૈનેંદ્ર શાસનમાં વાવ, પરબ,

તળાવ, કૂવો, નદી અને નદમાં રહેલ પાણી સચિત્ત હોવાને લીધી મુનિજનને કલ્પતું નથી.'' સૂરિવર આ પ્રમાણે બોલી રહ્યા તેવામાં સુંદર દેખાવ, સુવાસ અને રસવડે નેત્ર, નાસિકા અને જિહ્વાને આનંદ આપનારી કેરીઓ કોઈ એક પુરુષે તે સાર્થવાહને ભેટ ધરી. ભેટ આપનારની પ્રત્યક્ષ ભક્તિને સૂચવતાં આમ્રફળોથી અતિરંજિત થયેલ સાર્થપતિ તે આમ્રફળની પરિપક્વ સ્થિતિની જેવી સુંદર વાણી સૂરિજી પ્રત્યે બોલ્યો કે–

**આંબાનો મહિમા–**

“હે ગુરુદેવ! આ વિશ્વના સ્વાદિષ્ટ પદાર્થોમાં આમ્રફળ વર્ણથી, ગંધથી અને રસથી મનોહર છે. જો તેની અંદર ગોટલીરૂપી શલ્ય ન હોત તો તે કેળાંની માફક ખળપણાને– દુર્જનપણાને પામત. (કેળાં જે કેળ પર થાય છે તે કેળનો નાશ કરવામાં આવે-તેને ઉખેડી નાખવામાં આવે તો જ બીજી કેળ તે જ સ્થળે ફળી શકે. અર્થાત્ પોતાને જન્મ આપનાર કેળનો જ નાશ કરાવે છે. તેથી કેળાનું ખળપણું દર્શાવ્યું છે.) પરોપકારપરાયણ આ આંબાના ઝાડની કઈ વસ્તુ મનોહર નથી? આ જગતમાં સમગ્ર મહોત્સવ પ્રસંગે તેના પાંદડાંઓ પણ કલ્યાણકારી ગણાય છે. તેનાં નૂતન પર્ણો-પાંદડાંઓ જગતને જીતવામાં વીર કામદેવના અભિમાનને પ્રગટાવે છે, અને તેનાં અંકુરો કોયલના પંચમ રાગને પ્રગટાવે છે, તેની માંજર (મહોર) ભ્રમરારૂપી અતિથિઓના અભિલાષને પરિપૂર્ણ કરે છે અને અત્યંત મધુર ફળો (કેરી) તરસ, ભૂખ અને ઉષ્માને શાંત કરનાર નીવડે છે. પોતાને જે પદાર્થ પ્રિય હોય તેનું સુપાત્રે દાન કરવું જોઈએ, તો હે ગુરુદેવ! આ આમ્રફળો ગ્રહણ કરી મારા પર કૃપા કરો.'' ત્યારે અપ્રમાદી શ્રી ધર્મઘોષસૂરિએ ધનસાર્થવાહને આગમાનુસારી વાણીદ્વારા કહ્યું કે–“હે સુજ્ઞ! સચિત્ત ફળનો સ્પર્શ કરવો અમને યુક્ત નથી તો પછી તેનું ભક્ષણ તો ક્યાંથી થઈ શકે?'' સૂરિવરનો આવો જવાબ સાંભળી “અહો! આવા સાધુઓનું દુષ્કર વ્રત બીજાઓએ એક દિવસ પણ આચરવું અશક્ય છે. નૌકા સમુદ્રને તરવામાં સમર્થ બને છે પરન્તુ બલિષ્ઠ પુરુષોની સશક્ત ભુજાઓ તે સમુદ્રનો પાર પામવાને સમર્થ થતી નથી.'' આ પ્રમાણે સ્તુતિ કરતો ને ભક્તિવડે ભરપૂર હૃદયવાળો ધનસાર્થવાહ યતિવરોને વિનતિ કરવા લાગ્યો કે–“હે પૂજ્યો! આપને જે કલ્પનીય હશે તે અન્નાદિ સામગ્રી વહોરાવીશ, માટે મારા પર મહેરબાની કરો અને મારી સાથે પધારો.''

**ધન સાર્થવાહનું વસંતપુર પ્રતિ પ્રયાણ–**

બાદ વાણી-વ્યાપારમાં વિચક્ષણ સાર્થવાહે સૂરીશ્વરને નમસ્કાર કરીને તેમને ઉચિત સ્થાને વિદાય કર્યા. પછી પુષ્કળ ભેરીના ધ્વનિથી આકાશમંડળને ભરી દેતા તેણે પ્રયાણ કર્યું. જેમ ગૃહસ્થ પુરુષ ઘરના બોજાને વહન કરવા માટે પોતાના સંસ્કારી અને સચ્ચારિત્રશીલ યુવાન પુત્રોને સામેલ કરે તેમ સાર્થવાહે ગાડાંઓનો બોજો વહન કરવાને કેળવાએલ અને સીધે

રસ્તે ચાલનારા બળદોને જલ્દીથી ગાડાં સાથે જોડ્યા. [1]સાત અંગવાળા રાજ્યને વહન કરવામાં જો વિપુલ સૈન્ય ન હોય તો રાજાઓ અવશ્ય અશક્ત બને છે છતાં પણ સો અંગ (અવયવ)વાળા ગાડાંને સુખપૂર્વક વહન કરવા આ વૃષભો સમર્થ બન્યા હતા. મહાન્ પુરુષોની પંક્તિમાં ગુરુ પોતાના શિષ્યને સ્થાપે તેમ સરલ માર્ગે જતાં ગાડાંઓની હારમાં કોઈ એક પુરુષે મનોહર ગુણવાળા બળદોથી જોતરેલ પોતાનું ગાડું દાખલ કરી દીધું. 'બોજાઓથી લદાએલા અમારાથી તું આગળ જઈ શકે તેમ નથી' એમ વિચારીને ઝડપી ચાલતા મનોહર દાંતવાળા ઊંટો આકાશપ્રદેશમાં ઊંચું મુખ રાખીને પવનની હાંસી કરવા લાગ્યા. વળી અવાજ દ્વારા અશ્વથી અને દેખાવદ્વારા ગર્દભથી પોતાના પિતા તથા માતાના વંશને સૂચવતી, ઝડપી ચાલે આગળ ચાલતી અને બોજાઓથી લદાએલી ખચ્ચરોની શ્રેણી શોભી ઉઠી. 'અમારા સ્વામીનો બોજો અમે વહન કરીએ છીએ, પરન્તુ તેના પ્રમાણમાં તેવા પ્રકારના મનોહર ખોરાક વડે ખર્ચ કરાવતા નથી'—આવા વિચારથી ઉજ્જવળ મુખવાળા બનેલા, ઝડપી ચાલવાળા અને ભારથી લદાયેલા ગર્દભો ચાલવા લાગ્યા. છિદ્રરહિત, દોરડાંથી બાંધેલી, અંદરના ભાગમાં સુવર્ણને ધારણ કરતી ગુણીઓથી બન્ને પડખાને શોભાવતા ગર્દભો જેમ નિષ્કલંક, ગુણવિભૂષિત અને અંતઃકરણમાં કામભાવને ધારણ કરતી પ્રિયાઓ સાથે પુરુષ શોભે તેમ શોભી ઊઠ્યા. ઝાંઝરના ધ્વનિયુક્ત પગપંક્તિવાળી, વિવિધ આભૂષણોને ધારણ કરનારી ઊંટડીઓ, કમળ નેત્રવાળી સ્ત્રીઓ પોતાના સ્વામીને અનુસરે તેમ વેગપૂર્વક માર્ગે ચાલવા લાગી. પીઠભાગ પરથી સુવર્ણના પલાણના બાનાએ કરીને જાણે સરકી પડ્યું હોય તેમ અમાપ તેજસમૂહને ધારણ કરતા અશ્વોએ પોતાના ડાબલાદ્વારા ઊડાડેલી રજસમૂહથી સૂર્યને ઢાંકી દીધો. જેમ થાંભલાઓથી ઘરનો, સુપુત્રોથી કુળનો અને મંત્રીશ્વરોથી રાજ્યનીતિનો બોજો વહન કરાય છે તેમ ઉત્તમ વૃષભોએ સાર્થપતિના કરિયાણાનો મુશ્કેલીથી ઉપાડી શકાય તેવો બોજો વહન કર્યો. જૈનસિદ્ધાંતના શ્રવણદ્વારા મિથ્યાત્વ રહિત બનેલ મનમાં જેમ સમ્યગ્જ્ઞાન પ્રગટે તેમ શ્રી ધર્મઘોષ મુનીશ્વર સાર્થસમૂહથી પ્રવર્તેલા માર્ગે ચાલવા લાગ્યા. જેમ મનોહર ગોળાકૃતિવાળા નક્ષત્રમંડળથી ચંદ્ર, વિશ્વને પ્રકાશિત કરતાં કિરણોથી સૂર્ય અને મદ રહિત બચ્ચાંઓથી હાથી વીંટળાયેલ હોય તેમ સદાચરણવાળા, જગતને ઉપદેશ કરનાર અને અભિમાન રહિત શિષ્યસમૂહથી ધર્મઘોષસૂરિવર વીંટળાયેલ હતા. જેમ ગોવાળ ગાયોના ગોકુળનું રક્ષણ કરે તેમ સાર્થવાહની આજ્ઞાનુસાર હૃદયમાં અત્યંત તુષ્ટ થયેલ અને સાર્થની પાછળ રહેતો તેનો મિત્ર **માણિભદ્ર** સાર્થના વસ્તુસમુદાયની સારસંભાળ કરતો હતો. જેમ પૂર્વનું પુણ્ય અને અપ્રમાદીપણું, ધનનું બળ અને ગુપ્ત વિચાર રાજ્યનું રક્ષણ કરે તેમ બન્ને બાજુએ ચાલતી બળવાન અશ્વસેના સાર્થનું રક્ષણ કરતી હતી. જેમ સૂર્યનો સારથિ અરુણ અંધકારનો નાશ કરવા માટે અગ્રેસર બને, રાજાનો પ્રતાપ દુશ્મનોને પરાજિત કરવામાં અગ્રેસર બને તેમ

૧. રાજા, પ્રધાન, મિત્ર, ખજાનો, દેશ, કિલ્લો અને સૈન્ય—આ સાત રાજ્યનાં અંગ ગણાય છે.

આ સાર્થના ઉપદ્રવોનો નાશ કરવા માટે ધન સાર્થવાહે પોતે અગ્રેસરપણું ધારણ કર્યું. 'મારા કરતાં પણ આ સાર્થવાહ વિશેષ પરોપકારી છે' એમ વિચારીને જ વણિકજનોએ મસ્તક પર ધારણ કરેલ ઉજ્જ્વળ છત્રના બહાનાથી પોતાના પ્રતિબિંબો વિકુર્વતો ચંદ્ર તેમની સેવા કરવા લાગ્યો. 'અમે તો અમુક સમયે જ જીવન (જળવૃષ્ટિ કરનારા) આપનારા છીએ જ્યારે આ સાર્થવાહ તો સદાકાળ જીવન (ધન) આપનાર છે' એમ વિચારીને તેને જોવાને ઉત્કંઠિત થયેલ મેઘો (લોકોએ પોતાના મસ્તક પર ધારણ કરેલા) મોરપીંછની છત્રશ્રેણીના બહાનાથી આવી પહોંચ્યા. ધન સાર્થવાહની ધાર્મિક વૃત્તિને કારણે તેના પર અનુકંપા લાવીને વિચક્ષણ યમરાજદ્વારા પોતાનું વાહન થયું હોવાને કારણે જાણે પ્રેરાયેલ હોય તેમ પાડાઓએ તૃષાતુર લોકોની તૃષા જળદ્વારા છીપાવી. સાર્થવાહનો વિશ્વનાં પ્રાણીઓ પ્રત્યેનો મૈત્રીભાવ નીહાળીને ઊંટ, પાડા અને બળદની ઘંટાના અવાજો અશ્વના હેષારવની સાથે પરસ્પર વિરોધ તજીને મળી ગયા. સાર્થવાહની કીર્તિ ચારે દિશાએ ફેલાઈને આકાશમાં ક્યાંસુધી પહોંચી તે જાણવાને માટે જ ઊંચા મોજાંઓની જેવી ઉછળતી, ખરીદ્વારા ઊડેલી ધૂલિ—સમૂહના મિષથી પૃથ્વી ઊંચી ગઈ અર્થાત્ પુષ્કળ રજસમૂહથી આકાશ વ્યાપ્ત બન્યું. શિકારી જાનવરો અને લૂંટારુઓના સમુદાયને નસાડી મૂકતા સજ્જિત શસ્ત્રવાળા સુભટોવડે ચારે બાજુથી રક્ષાએલ સાર્થ જાણે શ્રેષ્ઠ પથ્થરના કિલ્લાની મધ્યમાં રહ્યો હોય તેમ પ્રયાણ કરવા લાગ્યો. સમગ્ર જંતુગણની રક્ષા કરવાની આકાંક્ષાવાળો, મુક્તિપદની પ્રાપ્તિની ઈચ્છાવાળો, અશુભ કર્મોનો નાશ કરનાર, અપ્રમત્ત મુનિ જેમ સંયમને આરાધે તેમ સકલ પ્રાણીવર્ગની રક્ષા કરવામાં તત્પર, વસંતપુર પહોંચવાની ઈચ્છાવાળો, ઉપદ્રવોનો નાશ કરનાર તેમ જ અપ્રમાદી એવો ધનસાર્થવાહ નિરંતર પ્રયાણ કરવા લાગ્યો.

## વસંતપુરના માર્ગે જતાં ગ્રીષ્મ ઋતુ—

આ પ્રમાણે સાર્થ પ્રયાણ કરી રહ્યો તેવામાં વટેમાર્ગુઓને ત્રાસદાયક, નદીઓ તથા સરોવરનાં પાણીને સુકવી નાખતી તેમ જ ભૂમિને તપ્ત બનાવતી ગ્રીષ્મ ઋતુ પુરજોરથી આવી પહોંચી. તેજસ્વી ઉગ્ર પ્રકૃતિવાળો અને કિરણોથી પરિપૂર્ણ સૂર્ય લાંબા દિવસોને મેળવીને (ઉનાળામાં દિવસો મોટા થાય છે) વિશ્વને તપાવવા લાગ્યો. **ખરેખર ઉગ્ર સ્વભાવી અને હૃદયથી મદોન્મત્ત થયેલ કઈ વ્યક્તિ લોકોને સુખકારક બને ?** સૂર્યનાં સ્ફુરાયમાન ઉગ્ર કિરણોના અવલંબનથી ઉષ્ણ બનેલ વાયરો પણ જગતને અધિક સંતાપ આપવા લાગ્યો. **ઉગ્ર સ્વભાવવાળાના અવલંબનથી શક્તિસંપન્ન બનેલ ચંચળ ચિત્તવાળાઓની સ્થિતિ સારી ક્યાંથી હોઈ શકે ?** હિમને ગાળવાને માટે હિમાચળ પર જનાર સૂર્યે અગ્નિખૂણામાંથી અગ્નિદેવની સહાય લીધી અને તેથી સૂર્યનાં કિરણો ખરેખરાં પ્રખર—પ્રચંડ બન્યાં. ને તેને અંગે મુખભાગે કંપતી, વૃદ્ધિ પામેલ, પ્રચંડ અગ્નિની જ્વાળા સરખી અને નિઃશ્વાસ વાયુના વેગથી

પ્રેરાયેલ જીભને પાડાઓએ મુખના બહારના ભાગમાંથી અંદર ખેંચી લીધી. જેમ દરિદ્રપણાને અંગે દુઃખી બનેલાં પ્રાણીઓ પ્રતિદિનના આર્ત્તધ્યાનને કારણે વૃદ્ધિ પામેલ ઉગ્ર પાપમાં નિમગ્ન બને તેમ ગ્રીષ્મ ઋતુને કારણે તપી ગયેલા શરીરવાળા પાડાઓ તળાવના કાદવમાં જઈને પડ્યા. જેવી રીતે પ્રાણીઓ અનેક ભવોમાં ભ્રમણ કરીને અને ભોગવિલાસો ભોગવીને પણ તૃપ્તિ પામતા નથી તેવી રીતે સાર્થનાં માણસો પ્રત્યેક પરબે જઈ જઈને જળનું પાન કરવા છતાં પણ સંતોષ પામતા ન હતા. પ્રખર સૂર્ય સરખા સંસારતાપથી તપ્ત બનેલાં પ્રાણીઓ, શિષ્ય સમુદાયમાં અમૃતને વરસાવતા ગુરુમહારાજની વાણીને શિષ્યો ધીરજપૂર્વક અવધારે છે તેમ પ્રચંડ સૂર્ય-તાપથી અકળાયેલ વટેમાર્ગુઓએ ઝાડની છાયાનો આશરો લેવા લાગ્યા. પોતાના વડીલ જનના ઉપાલંભને નહીં ગણકારીને સ્વપત્ની પ્રત્યે અભિલાષવાળા ને કામવિહ્વળ બનેલા પુરુષો સન્માર્ગ ત્યજી દઈને ખોટે માર્ગે જાય છે તેવી રીતે પોતાના સારથીના હુંકારાને અવગણીને, સુંદર છાયાની અભિલાષાવાળા, તાપથી અત્યંત તપી ગએલા બળદો સીધા માર્ગનો ત્યાગ કરીને આડે માર્ગે ચાલવા લાગ્યા. કામપીડિત તેમજ સદાચારી પ્રિયતમના હસ્તસ્પર્શથી નારી જેમ આર્દ્ર બને તેમ ગ્રીષ્મ ઋતુનાં અત્યંત તપેલાં સૂર્યનાં કિરણોથી સ્ત્રીઓ પસીનાવડે તરબોળ બની ગઈ. આવી ઉગ્ર ગ્રીષ્મ ઋતુમાં સાર્થલોકોએ હાથમાં રાખેલા ખાખરો, હિંતાલ, તમાલ, તાલ (તાડ) અને તાલીના પર્ણો દ્વારા બનાવાયેલ વીંઝણાથી સૂર્યની સખ્ત ગરમીને વારંવાર દૂર કરી. ગ્રીષ્મ ઋતુ બાદ અનુક્રમે વર્ષાઋતુ આવી પહોંચી.

**વર્ષાઋતુનું વર્ણન–**

મારાથી પ્રગટાવાયેલ વૃક્ષો અને નદીઓને આ (સૂર્ય) અત્યંત શોષવી નાખે છે એમ વિચારીને અતિ રોષયુક્ત બનેલ, પ્રચંડ વિદ્યુત્‌રૂપી ક્રોધાનલની જ્વાળાઓથી ભયંકર ભાસતી ઘનઘોર વર્ષાઋતુએ સૂર્યને આવરી લીધો-ઢાંકી દીધો. સાક્ષાત્ પ્રતાપ સ્વરૂપ સૂર્યને પ્રથમથી જ ઢાંકી દઈને જેમ ધનુર્ધારી પુરુષ બાણની વૃષ્ટિ કરે તેમ જળવૃષ્ટિને વરસાવતા મેઘરાજાએ ગ્રીષ્મઋતુને હાંકી કાઢી. જેમ દુર્વાહ (ન રોકી શકાય તેવી) કામકથાજન્ય પ્રેમ પહેલાં પ્રાણીઓના શારીરિક તાપને દૂર કરીને પ્રીતિ પ્રગટાવે છે પરન્તુ પરિણામે પાપની વૃદ્ધિ કરીને દુઃખદાયી બને છે તેમ મેઘરાજે પહેલાં તો પ્રાણીઓના શારીરિક તાપ-ગરમીને દૂર કરી શાંતિ પમાડી પરન્તુ પાછળથી કાદવની વૃદ્ધિ કરીને કષ્ટદાયી બન્યો. જે કિનારાના અવલંબનથી પોતાનું અસ્તિત્વ કાયમ ટકી રહે છે તે જ કિનારાઓને જળપ્રવાહથી છિન્નભિન્ન કરીને નદીઓ ઉન્માર્ગે-આડીઅવળી વહેવા લાગી. **ખરેખર હલકી વ્યક્તિઓની સદ્‌ગતિ ક્યાંથી હોય ?** (વરસાદ વરસવાથી નદીઓમાં પાણીનું પુર આવે છે અને તેથી કિનારાઓની ઉપરવટ થઈને નદીઓ દૂર-દૂર સુધી પથરાઈ જાય છે) જેમ અજ્ઞાની પ્રતિહારી વિગેરેની હાજરીથી રાજાની પાસે જઈ શકાતું નથી તેમ આકાશપ્રદેશમાંથી પડેલ ચપળ, કંટકના સમૂહથી યુક્ત

અને પુષ્કળ કાદવમિશ્રિત જળને લીધે ચારે દિશાના રસ્તાઓ ગમન કરવા લાયક રહ્યા નહિ. વળી ઉત્તમ ગુરુથી ઉપદેશાતા છતાં પણ યુવાન પુરુષો વિષયરસમાં આસક્ત બનેલ મનને પાછું ખેંચી શકતા નથી તેમ શ્રેષ્ઠ સારથીઓવડે પ્રહાર કરાતાં છતાં પણ બલિષ્ઠ બળદો ગાઢ કાદવમાં ખૂંચી ગયેલાં ગાડાંને બહાર ખેંચી શક્યા નહિ. જેમ રાગ ને દ્વેષને લીધે પ્રાણીઓ આ સંસારનો પાર પામી શકે નહિ તેમ પાણી તથા કાદવને લીધે મુસાફરોને માર્ગ ચારે બાજુથી અલંઘ્ય બન્યો. પોતાને ઈષ્ટ સ્થળે પહોંચાડનાર, ન્યાય—નીતિમાર્ગનું ઉલ્લંઘન નહીં કરનાર પ્રાણીઓને બુદ્ધિહીન અને સ્વેચ્છાચારી માણસો વિઘ્નભૂત બને છે તેમ પોતાના લક્ષિત સ્થળે પહોંચાડનાર રસ્તાનો નહિ ત્યાગ કરતા મુસાફરોને અટકી પડેલા ને સ્વૈરવિહારી જળપ્રવાહોએ વિઘ્નો ઉપસ્થિત કર્યાં. જેમ સજ્જન પુરુષો કષ્ટમાં આવી પડેલા મિત્રવર્ગનો ધનની સહાયતાદ્વારા ઉદ્ધાર કરે છે તેમ મુસાફરોએ કાદવમાં લાધી ગએલાં ગાડાઓના પૈડાંઓને બળપૂર્વક બહાર ખેંચી કાઢ્યાં. પછી વર્ષાઋતુના વ્યતીત થવા બાદ પ્રયાણ કરવાને ઉત્સુક બનેલા અને ઘુંટણ સુધી કાદવમાં ખુંચી જતાં વટેમાર્ગુઓ, જાણે મેઘોએ આવીને પગથી પકડી રાખ્યા હોય તેમ, માર્ગ પર ચાલવાને શક્તિવાન બન્યા નહિ. દોરી (લગામ) પકડીને આગળ ચાલતાં પુરુષોવડે દોરાતાં ને લપસી જતાં ચરણોવાળા ઊંટો રસ્તામાં પડવા લાગ્યાં. **અતિ વાચાળ પ્રાણીઓની સ્થિરતા ક્યાંથી હોઈ શકે?** જેમ મુક્તિને ચાહનાર ચતુર પુરુષ સંસારની અસારતાને સમજીને આત્મવિચારણામાં સ્થિર બને તેમ માર્ગનું વિષમપણું જોઈને ધનસાર્થવાહે તે જ વનમાં ઝુપડાંઓ બનાવીને પડાવ નાખ્યો. જેમ પુણ્યાત્માઓ અગણિત પુન્યથી સંસારમાં સુખપૂર્વક કાળ નિર્ગમન કરે તેમ તે સાર્થના માણસો દુ:ખદાયી વર્ષાઋતુમાં પણ ઊભા કરેલ અનેક ઝુંપડાઓમાં સુખપૂર્વક વસવા લાગ્યાં. જીવ—જંતુ રહિત ભૂમિપ્રદેશ પર પોતાને માટે તૈયાર કરાવેલ ઝુંપડું (વસતિસ્થાન) માણિભદ્રે ધર્મઘોષસૂરિને સમર્પણ કર્યું અને ધર્મઘોષસૂરિવરે પણ તે શુદ્ધ સ્થાનમાં પોતાના શિષ્યસમૂહ સાથે નિવાસ કર્યો. વિનયશાળી શિષ્યમાં જેમ જ્ઞાન સ્થિર બને, શ્રદ્ધાથી નિર્મળ મનમાં જેમ ધર્મ સ્થિર બને, તેમ શાસ્ત્ર—નિર્દિષ્ટ લક્ષણોવાળા તે ઉપાશ્રયમાં (ઝુંપડામાં) તે સૂરિવર્ય વસવા લાગ્યા.

બાદ જેમ સ્વર્ગલોકમાં ભોગવિલાસ ભોગવવાથી દેવોનું પુણ્ય પૂરું થઈ જાય છે તેમ આ સાર્થના લોકોની પોતાની સાથે લાવેલ ખાન—પાનાદિ સામગ્રીઓ પૂર્ણ થઈ ગઈ અને નવું શંબલ પ્રાપ્ત થઈ શક્યું નહિ. બાદ દ્રવ્ય વિનાના અને ક્ષુધાથી પીડિત ગરીબ લોકો અન્નની ઈચ્છાથી જેમ શહેરમાં જાય તેમ ફળ, મૂળ, કંદ અને પાંદડાંની પ્રાપ્તિને ઈચ્છનારા સાર્થલોકો વનમાં વિચરવા લાગ્યા. એકદા માણિભદ્ર મિત્રે ધનસાર્થવાહને સાર્થ પર આવી પડેલ આ આપત્તિ કહી સંભળાવી, એટલે બન્ને કર્ણને વજ્રની સોય સમાન દુ:ખદાયી તે વૃત્તાન્ત સાંભળીને સાર્થવાહ મૂર્ચ્છિત પ્રાણીની માફક સ્તબ્ધ થઈ ગયો. બીજાનાં કષ્ટને નષ્ટ કરવાની આકાંક્ષાવાળા, અધિક ચિંતાથી ઘેરાયેલ મનવાળા આ સાર્થવાહ પ્રત્યે જાણે ઈર્ષ્યા લાવીને જ ન

હોય તેમ લાંબા સમય સુધી નિદ્રા આવી નહિ. બાદ રાત્રિના પ્રાંતભાગે નિદ્રા રહિત બનેલ અને હૃદયગત સારાસાર ભાવોને જાણનાર તે સાર્થવાહે કોઈ એક અશ્વશાળાના રક્ષકનું નીચે પ્રમાણેનું વચન સાંભળ્યું કે :—

दशामुपेतो विषमामपीति, स्वामी ममाऽयं प्रतिपन्नमुच्चैः ।
कृपालयः पालयते पयोद–दूनोऽपि नूनं दिनवद् दिनेशः ॥

**અર્થ** :—જેમ મેઘથી આચ્છાદિત થયેલ સૂર્ય દિવસનું રક્ષણ કરે છે તેમ વિષમ સ્થિતિમાં આવી પડવા છતાં પણ અમારો આ સ્વામી (ધન સાર્થવાહ) અંગીકાર કરેલા વચનને સારી રીતે પાળે છે.

આવા પ્રકારનું ઉપાલંભયુક્ત કથન સાંભળીને સાર્થવાહ વિચાર કરવા લાગ્યો કે :– "આ કથન કોઈનાથી મને ઠપકારૂપે ઉચ્ચરાયેલું છે તો મારા સાર્થમાં કોણ અત્યંત દુઃખી છે તે મારે જાણવું જોઈએ." બાદ સાર્થમાં સાથે આવેલ મનુષ્યો પૈકી એક એકને યાદ કરતાં ધન સાર્થવાહને ધર્મઘોષસૂરિવર યાદ આવ્યા, એટલે અત્યંત પશ્ચાત્તાપ કરતાં તે આ પ્રમાણે વિચારવા લાગ્યા કે–'મારી સાથે આવેલ ધર્મઘોષસૂરિ મહાન્ આપત્તિમાં આવી પડેલ હશે, કારણ કે આ મુનિવરો નિર્ણીત નહીં કરેલ, તેમ જ પોતાના નિમિત્તે તૈયાર નહીં કરાવેલ ધાન્યાદિ સામગ્રીને જ વહોરે છે. તે મુનિઓ કન્દ, મૂળ અને ફળ વિગેરેનો સ્પર્શ પણ કરતા નથી અને મારા સાર્થમાં અન્ન તો છે નહિ તો સંયમધારી તથા ભિક્ષા (ગોચરી) દ્વારા ભોજન લેનારા આ સાધુ પુરુષો કઈ રીતે પોતાનો નિર્વાહ કરતા હશે? રસ્તામાં દરેક જરૂરિયાતો પૂરી પાડવાની પ્રતિજ્ઞાથી બદ્ધ થઈને આ સાધુવર્યોને હું સાથે લાવ્યો છું છતાં તેને મેં યાદ પણ કર્યા નહિ! અને આજ દિન પર્યન્ત તેઓનું વચનમાત્રથી પણ આદરમાન કર્યું નથી તો ખરેખર હું ધિક્કારને પાત્ર છું! જે પુરુષ પોતે સ્વીકારેલ શુભ અથવા અશુભ કાર્યનું પરિપાલન કરે છે તે પુણ્ય પુરુષનાં દર્શન કરવાને માટે જ સૂર્ય નિરંતર ઉદય પામે છે, એમ હું માનું છું. 'હું આ કરીશ' એવી પ્રતિજ્ઞાથી બદ્ધ થયેલ પ્રાણી સત્ત્વ રહિત બનીને પ્રતિજ્ઞા–પાલન કરતો નથી તેના સ્પર્શ માત્રથી પ્રાદુર્ભાવ પામેલ પાપને ધોઈ નાખવાને માટે જ સૂર્ય સમુદ્રમાં ડૂબી જાય છે—અસ્ત પામે છે. ખરેખર ખેદની વાત છે કે પ્રતિજ્ઞાભંગ થયેલ હું તે મુનિવરોને કઈ રીતે મારું મુખ દેખાડીશ? અથવા તો સૂર્યોદય થાય કે તરત જ તે મુનિરાજોના ચરણ–વંદનવડે મારા પ્રતિજ્ઞાભંગરૂપી પાપને હું દૂર કરું." આ પ્રમાણે સાર્થવાહના પશ્ચાત્તાપના તાપને સહન કરવાને રાત્રિ અસમર્થ બની ગઈ હોય તેમ ઉદયાચલ પર્વતને અવલંબેલ સૂર્યદેવ ધનસાર્થવાહના સત્કાર્યનું નિરીક્ષણ કરવા માટે આવી પહોંચ્યા અર્થાત્ સૂર્યોદય થયો. મુનિમહારાજાઓનો આદરસત્કાર નહીં થવાને કારણે પ્રગટેલ શરમને ત્યજી દઈને નિર્મળ વસ્ત્ર પહેરેલ સાર્થવાહ અત્યંત આદરભાવપૂર્વક (ગુરુવંદન માટે) ઉત્સાહિત બન્યો. જેમ દિવસના આરંભમાં સૂર્ય આકાશમાર્ગમાં આવી પહોંચે

તેમ ઉત્તમજનોથી સેવાતો, સ્વચ્છ વસ્ત્રો ધારણ કરેલો સાર્થવાહ, પારસપીપળાનાં પાંદડાઓથી આચ્છાદિત થયેલ *બ્રહ્મદ્રુમ સરખા મુનિવર્યો પ્રત્યેના પ્રીતિભાવને લીધે રોકાઈ ગયેલ જળપ્રવાહવાળા અને પારસપીપળા સરિખા સૂરિવરના ઉપાશ્રયમાં આવી પહોંચ્યો. ત્યાં આગળ અનંત ગુણવાળા, તપસ્વી, સિદ્ધાંત રહસ્યના જ્ઞાતા, નિષ્પાપ, નિષ્કલંક, પુણ્યશાળી, સદ્ગુણાન્વિત, મોક્ષની અભિલાષાવાળા, વિષયાસક્તિ વિનાના, અશુભ વાસનાઓના ત્યાગી, પુણ્યની પંક્તિને પ્રાપ્ત કરનાર, આત્મતત્ત્વની વિચારણા કરનાર અને સંયમધર્મની પુષ્ટિ કરતા ધર્મઘોષસૂરિને મહાભાગ્યશાળી સાર્થવાહે જોયા. વળી સિદ્ધાન્તરૂપી સરાણ સાથે ઘસવાવડે જ્યાંસુધી વૈરાગ્યરૂપી શસ્ત્ર તીક્ષ્ણ–તેજદાર ન બને ત્યાંસુધી તે શસ્ત્ર (વૈરાગ્ય) અશુભ કર્મના મર્મસ્થળને ભેદી શકે નહિ એમ વિચારીને જ આગમાભ્યાસમાં રક્ત કેટલાક મુનિઓને; પાંચ દાનમાં (અભયદાન, સુપાત્રદાન, જ્ઞાનદાન, અનુકંપાદાન અને કીર્તિદાન) જ્ઞાનદાન એ સૌથી શ્રેષ્ઠ છે એમ જિનેશ્વર પરમાત્માએ કહેલું છે એમ સમજીને શિષ્યોને સિદ્ધાંત સાર–રહસ્ય સમજાવી રહેલા કેટલાએક મુનિઓને; સાધુપુરુષોનાં ચરિત્રનાં કથનથી અને તેને સાંભળવાથી સદાચારી થવાય એમ સમજીને ધર્મકથા કરતા અને તેને એકચિત્તથી સાંભળતા કેટલાક મુનિઓને; જેઓ મોક્ષમાં ગયા છે, જઈ રહ્યા છે અને ભવિષ્યમાં જશે તે બધા પરમેષ્ઠી મંત્રના સેવનથી જ એમ સમજીને પરમેષ્ઠી મંત્ર (નવકાર મંત્ર)નો વારંવાર જાપ જપતા અને મૌનધારી કેટલાક મુનિઓને; કેવળજ્ઞાનની પ્રાપ્તિ સિવાય સત્ય વાણી પ્રરૂપી શકાતી નથી એમ વિચારીને ચાર જ્ઞાન (મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ)નો ઉદય હોવા છતાં છદ્મસ્થ તીર્થંકરો દેશના દેતા નથી તે માટે પ્રથમથી જ મૌનધારી બનેલા કેટલાક મુનિવરોને; પાંચ પ્રકારના કાય–શરીરો (ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ્ અને કાર્મણ)થી યુક્ત પ્રાણીઓને મુક્તિ ચાહતી નથી તેથી પંચપરમેષ્ઠીનું અંતઃકરણમાં ચિંતન કરવાપૂર્વક કાયોત્સર્ગ કરતા કેટલાએક મુનિવરોને; જ્યાંસુધી આત્મચિંતનમાં આસક્ત ન થવાય ત્યાંસુધી શાસ્ત્રાભ્યાસ, તપ, જપ, ઉપદેશ આદિ દ્વારા મુક્તિ ક્યાંથી પ્રાપ્ત થાય? એમ વિચારીને જ આત્મજ્ઞાનમાં લયલીન બનેલા તેમ જ ધ્યાનસ્થ કેટલાક મુનિઓને; તેમ જ અરતિભાવ રહિત, અંતઃકરણમાં વિસ્તરેલા સાંસારિક ઉપાધિરૂપ દાવાનળને શાંતરસથી બૂઝાવી નાખનાર અને મોક્ષાભિલાષી કેટલાક મુનિઓને પણ સાર્થવાહે જોયા. બાદ જાણે પુણ્યલક્ષ્મીથી ફેંકાયેલ કટાક્ષ હોય તેવા ગંગાના કલ્લોલ સમાન નખરૂપી ચંદ્રના પ્રકાશદ્વારા ઉજ્જવળ દેહધારી ધનસાર્થવાહ ગુરુમહારાજના બન્ને ચરણકમળને નમતો જોવાયો અર્થાત્ ધનસાર્થવાહે ગુરુમહારાજને નમન કર્યું. અતિ મધુર, ગુંજારવ કરતો, નીચું મસ્તક રાખતો, શ્રેષ્ઠ મકરંદની પ્રાપ્તિથી ભ્રમર જેમ હૃષ્ટ–પુષ્ટ બને તેમ "નમસ્કાર"–

* "બ્રહ્મદ્રુમ" નામનું ઝાડ, વૃક્ષોમાં શ્રેષ્ઠ ગણાય છે તેથી આ મુનિવરોને તેની ઉપમા આપી છે. મિથ્યાત્વી લોકો પારસપીપળાને પિતૃસ્થાન માની પૂજનીય માને છે, તેમ આ સાર્થવાહ હજુ મિથ્યાત્વવાસિત હોવાથી સૂરિવરોને પારસપીપળાની માફક પૂજનીય માની વંદનાર્થે જાય છે..

રૂપ વાણીથી મનોહર ઉચ્ચારણ કરતો, નીચે નમાવેલ મસ્તકવાળો, મુનિવરોના ચરણકમળના સમૂહને સ્પર્શતો સાર્થવાહ પુણ્યરૂપી રસથી પુષ્ટ બન્યો. કૃતકૃત્ય બનેલા ધને જે નમસ્કાર કર્યા તે જ નમસ્કારની શ્રેણી તેના પોતાના અંગપ્રદેશમાં કલ્યાણને પ્રવેશવા માટે દ્વાર—બારણાંરૂપ બની ગઈ. સૂરિવર અને મુનિજનોના **"ધર્મલાભ"**રૂપી આશીર્વાદના અમૃતવડે નિર્મળ બનેલ સાર્થવાહ સંસારમાર્ગમાં ઉદ્ભવતા પાપ અને ત્રિવિધ તાપ (આધિ, વ્યાધિ, ને ઉપાધિ) રહિત બન્યો. ત્યારબાદ સુંદર ગતિથી મનોહર અને હર્ષાન્વિત હંસની જેમ આચાર્યવર્યના ચરણકમળ સમીપે બેસીને સદાચારપરાયણ અને આનંદસમૂહથી વ્યાપ્ત ધનસાર્થવાહ મધુર વાણીથી બોલ્યો કે : "પૂર્વે આપ પૂજ્યોને આમંત્રણ આપીને પ્રમાદમાં પરવશ બનેલા મેં કદી પણ આપનો અન્ન—પાનાદિથી સત્કાર કર્યો નથી, શરીરથી વાંદ્યા નહિ અને મનથી યાદ પણ કર્યા નહિ. જેમ ક્રૂર ગ્રહના આવરણને લીધે વિદ્યુત્‌દ્વારા સ્ફુરાયમાન થઈને ગર્જારવ કરતો મેઘ જળ—વૃષ્ટિ કરતો નથી, જેમ મેઘથી આચ્છાદિત થયેલ સૂર્ય ઉદ્યોત કરતો નથી, રાહુથી આવૃત્ત થયેલ ચંદ્ર ચંદ્રિકાને હર્ષાન્વિત—વિકસિત બનાવતો નથી તેમ પ્રમાદશીલ બનેલ મેં વચન આપવા છતાં પણ આપને યાદ કર્યા નહિ. મૂર્ખ માનવી સારો પણ દુરાચારી પંડિત સારો નહિ. ગૃહસ્થ સારો પણ આચારભ્રષ્ટ સાધુ સારો નહિ. દરિદ્રી માણસ સારો પણ દાન નહીં દેનાર ધનિક સારો નહિ. તેવી જ રીતે નપુંસક સારો પણ પ્રતિજ્ઞાભ્રષ્ટ **શક્તિવાળો** પુરુષ સારો નહિ." આ પ્રમાણે અત્યંત આત્મનિંદા કરતા સાર્થવાહને સૂરિવરે જણાવ્યું કે—"હે વિચક્ષણ! માર્ગમાં શિકારી જાનવરો અને લૂંટારાઓથી અમારું રક્ષણ કરતાં તે અમારા પ્રત્યે કયો આદરભાવ નથી દર્શાવ્યો? મેઘરાજ જળદ્વારા પૃથ્વીને તૃપ્ત કરે છે તેમાં કારણભૂત ખરેખર સમુદ્ર જ છે, અરુણ જગતને જે પ્રકાશ આપે છે તેમાં સૂર્ય જ હેતુભૂત છે, ચંદ્રિકા પ્રાણીવર્ગને અમૃત અર્પે છે તેમાં ચંદ્ર જ નિમિત્તભૂત છે, સારો બાગબાન (માળી) મકરંદદ્વારા ભમરાઓને સંતુષ્ટ કરે છે તેમાં વૃક્ષ જ કારણભૂત છે, તો હે સાર્થપતિ! તારા સાર્થલોકો અમને યોગ્ય અન્ન—પાનાદિ આપે છે તેમાં તું જ ખરેખર નિમિત્તભૂત છો, અર્થાત્ ખરી રીતે તું પોતે જ અમને અન્નપાનાદિ ઉચિત સામગ્રી પૂરી પાડી રહ્યો છે, તો તું હૃદયમાં લેશ માત્ર પણ ખેદ ન કર."

ત્યારે ધનસાર્થવાહ બોલ્યો કે—"હે પૂજ્યો! તમારા પ્રત્યેના મારા આ દોષો તમે ગુણરૂપે ગ્રહણ કર્યા તેથી દ્વેષાદિ દુર્ગુણો પોતાના સ્વભાવના નાશ થવાના ભયથી આપની પાસે રહી શકતા નથી. જેમ ગોળ ભસ્મને—રક્ષાને સ્વાદિષ્ટ બનાવે છે અને મેઘ જેમ સમુદ્રનાં ખારાં પાણીને સ્વાદિષ્ટ બનાવે છે તેમ પરોપકારી પુરુષો પારકાના દોષોને ગુણરૂપે જ ગ્રહણ કરે છે. દીર્ઘકાળના પ્રમાદાચરણથી પ્રગટેલ લજ્જા મારો ત્યાગ કરતી નથી તો હે પૂજ્ય ! આપ મુનિવરોને મારી સાથે મોકલો કે જેથી હું તેમને અન્નપાનાદિ વહોરાવું." ત્યારે **"વર્તમાન જોગ"** એવા શબ્દો સૂરિજી બોલ્યા અને જણાવ્યું કે: "વિવેકશાળી લોકો અમોને અમારા નિમિત્તે નહીં કરેલા, નહીં કરાવેલા અને અચિત્ત એવા અન્નાદિ પદાર્થો વહોરાવે છે તે હકીકત

તો તમે સારી રીતે જાણો છો.” એટલે “આપને કલ્પે તેવું જ ઉચિત અન્નપાનાદિ વહોરાવીશ” એ પ્રમાણે હર્ષપૂર્વક જણાવીને ધનસાર્થવાહ પોતાના સ્થાને ગયો. ત્યારબાદ કલ્યાણ ને વિવેક સરખા બે મુનિરાજો તે સાર્થવાહની પાછળ ગયા. દૈવયોગે મુનિવરોને વહોરાવવા લાયક અન્નપાનાદિ સામગ્રી તૈયાર ન હોવાથી ઉદ્વિગ્ન ચિત્તવાળા ધને આમતેમ ભ્રમણ કરતાં પોતાના ઉજ્જ્વળ પુણ્ય સરખું ઠરી ગયેલું ઘી જોયું, એટલે “આ ઘી આપ પૂજ્યોને કલ્પશે કે ?” એમ સાર્થવાહે પૂછ્યું ત્યારે “કલ્પશે” એમ બોલીને મુનિવરે પાત્ર ધર્યું. મુનિજન, પાત્રમાં પડતા દાન દેનારના અન્નને જ ગ્રહણ કરે છે તેટલું જ નહિ પરંતુ હીનદશા આવે ત્યારે દાતાનો પણ ઉદ્ધાર કરે છે. સાધુવરે વિશાળ ને ગોળ પાત્ર ધારણ કરી રાખ્યું એટલે ‘ખરેખર હું આજે ધન્યભાગી બન્યો છું, ખરેખર મારો પુણ્યોદય જાગૃત બન્યો છે, આજે મારો જન્મ, જીવન અને લક્ષ્મી સાર્થક થયાં છે.’ એમ વિચારતા પ્રફુલ્લ મન અને નેત્રવાળા સાર્થવાહે સાધુઓને ઘી વહોરાવ્યું. વહોરાવતી વખતે અત્યંત હર્ષ થવાના કારણે ધનસાર્થવાહના રોમાંચ ખડાં થઈ ગયાં અને હૃદયમાં વૃદ્ધિ પામતાં ધર્મે તે રોમાંચનાં બહાનાંથી પાપશ્રેણીને બહાર કાઢી નાખી અર્થાત્ ધનસાર્થવાહે ઘણું જ પુણ્ય ઉપાર્જન કર્યું. તે સમયે દાન દેવાના કારણે ધનના અંતઃકરણમાં વવાયેલું અને હર્ષાશ્રુરૂપી જળથી સિંચાયેલું **સમકિતરૂપી** બીજ ભવિષ્યમાં અસાધારણ ફળ આપનારું નીવડશે. આ અવસરે નૂતન ભાવરૂપી મેઘયુક્ત હર્ષજન્ય અશ્રુજળની વૃષ્ટિને કારણે ધનસાર્થવાહનો સંસારરૂપી દાવાનળ વિશેષ ન વિસ્તરતાં શાંત થઈ ગયો. (સમકિત પ્રાપ્ત થયા પછી પ્રાણી અર્ધપુદ્ગલપરાવર્ત જેટલા સમયમાં જરૂર મોક્ષગતિ પ્રાપ્ત કરી શકે છે. સમકિત પ્રાપ્તિથી આ પ્રમાણે સંસાર મર્યાદિત બને છે) બાદ ક્રીડા કરવાને આવેલા વરાહ, મૃગ ને ચંદ્રની જેવા ઉજ્જ્વળ, સુવાસિત અને તાજા ઠરેલા ઘી વડે મુનિરાજનું પાત્ર શોભી ઉઠ્યું અને સાથોસાથ સાર્થવાહના યશવડે જગતરૂપી પાત્ર પણ અત્યંત પ્રકાશી ઊઠ્યું. તે સમયે તથા પ્રકારના અમૃતતુલ્ય ઘીના વહોરાવવાવડે કરીને ધનનો યશરૂપી પુત્ર અવિનાશીપણાને પ્રાપ્ત થયો કે જેથી અદ્યાપિ પર્યન્ત ત્રણ લોકને વિષે તે વિચરી રહ્યો છે, અને ભવિષ્યમાં પણ વિચરશે. ધનનો અદ્ભૂત દાનરૂપી હસ્તી ઠરેલા ઘીના સમૂહથી તેવા પ્રકારનો પુષ્ટ બન્યો કે જેથી બળવાન બનેલા તે હસ્તીએ સાર્થવાહના દુષ્ટ કર્મરૂપી વનોને મૂળમાંથી જ ઉખેડી નાંખ્યાં. આવી રીતે દાન આપ્યા બાદ હર્ષાશ્રુથી આર્દ્ર બનેલ ભૂમિ પર મુનિવંદન માટે નીચે નમેલા ધનસાર્થવાહના હારનાં મોતીઓ યશરૂપી લતાના બીજરૂપે બન્યાં. બાદ જે **“ધર્મલાભ”**થી પ્રાણીઓને સર્વાર્થસિદ્ધ વિમાનાદિનાં સુખો પણ આપમેળે આવી મળે છે તેવો ‘ધર્મલાભ’ સાર્થવાહને આપીને બન્ને મુનિવરો સ્વસ્થાને ગયા પછી રાત્રિને વિષે બૃહસ્પતિ, બુધ (ચંદ્રપુત્ર), શનૈશ્ચર (સૂર્યપુત્ર), મંગળ (લોહિતપુત્ર) અને શુક્રથી શોભતા તેમ જ સૂર્યથી વિરહિત આકાશપ્રદેશમાં ચંદ્રની જેમ આચાર્ય, પંડિતજન, મંદગતિવાળા, આત્મકલ્યાણના ઈચ્છક અને કવિત્વ શક્તિવાળા મુનિવરોથી શોભતા તેમ જ દુષ્ટ પુરુષોથી રહિત મુનિઓના

સ્થાન તરફ ધનસાર્થવાહ ગયો, અને "મને આજ્ઞા આપો." એમ બોલતો ધન દાખલ થઈને, ધર્મઘોષસૂરિવરને નમીને, ભૂમિ પર બેઠો એટલે આચાર્યશ્રીએ અષાઢી મેઘના સરખી વાણીદ્વારા સાર્થવાહને ધર્મનું સ્વરૂપ સમજાવ્યું.

**ધર્મઘોષસૂરિનો ઉપદેશ—**

"હે સાર્થપતિ ! અનેક વિઘ્નોને દૂર કરતો, સંસારરૂપી અટવીમાં શરણભૂત, દયાયુક્ત અને તારી જેવો અપ્રમત્ત ધર્મ પ્રાણીવર્ગને ઈષ્ટસ્થાને પહોંચાડે છે. પિતા, માતા, પત્ની, મિત્ર, પુત્ર, સ્વામી અને બંધુવર્ગ કરતાં પણ ધર્મ ચઢિયાતો છે. આ ધર્મ શાશ્વત છે અને મૃત્યુબાદ પણ પ્રાણીની સાથે ગમન કરે છે. તે ધર્મ દુઃખ માત્રને દૂર કરનાર છે જ્યારે પિતા, માતા વિગેરે સ્વજનવર્ગ તેની જેવા લાભકારક—હિતકારક નથી. પ્રાણીઓને ધર્મ મહામંગળરૂપ છે, સમગ્ર પીડાને નષ્ટ કરનાર માતા સરખો છે, વાંછિતોની પૂર્તિ કરનાર પિતા સદૃશ છે અને નિત્ય હર્ષ પ્રગટાવનાર મિત્રતુલ્ય છે. જીવિત વીજળીના ચમકારા જેવું અસ્થિર છે, લક્ષ્મી જોતજોતામાં નાશ પામતી સંધ્યાના રંગ જેવી છે, સ્વામીત્વ સાગરના મોજાંઓની જેવું ક્ષણભંગુર છે તેથી ખરેખર એક માત્ર ધર્મ જ સેવવા લાયક છે. ગૃહસ્થ સંબંધી કાર્યથી નિવૃત્ત થઈને જે પ્રાણીઓ ધર્મને ચાહે છે તેણે આકાશના તારાઓની, સમુદ્રના મોજાંઓની અને ગંગા નદીના રેતીના કણીઆઓની ગણત્રી કર્યા પછી જ સંસાર સંબંધી સ્વકાર્ય કરવાની ઈચ્છા રાખવી અર્થાત્ ઉપરોક્ત ત્રણે વસ્તુઓની ગણત્રી થઈ શકે નહિ તેમ સંસાર સંબંધી કાર્યોનો પણ પાર પામી શકાતો નથી.

**ધર્મના ચાર પ્રકાર—**

દુર્ગતિ અને પાપમાંથી પ્રાણીઓને જે ધારણ કરી રાખે (ઉદ્ધાર કરે) તે **ધર્મ** કહેવાય છે. દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારક એ ચાર પ્રકારની ગતિવાળા સંસારના વિસ્તારને હરનાર તે ધર્મ પણ **દાન, શિયળ, તપ ને ભાવ** એમ ચાર પ્રકારનો કહ્યો છે. એ ચાર પ્રકારના ધર્મ પૈકી દાન વિઘ્નોનો નાશ કરનાર છે, શિયળ અનેક પ્રકારના સુખને આપનાર છે, તપ અનેક ભવસંચિત કર્મરૂપી કાદવને સુકવી નાખનાર છે તેમજ ભાવ સંસારનો નાશ કરનાર છે. યાચકજનની પીડા નષ્ટ કરનાર દાની પુરુષ, ના પાડવી—નિષેધ કરવો તેને કારાગૃહ જેવું સમજતો અને સર્વ કોઈને સમાન દૃષ્ટિથી જોતો પુરુષ સિદ્ધ ભગવંતોને પણ માન્ય કરવા લાયક છે. શરણે આવેલા દુશ્મનોની પીડાઓને પોતાના તપરૂપી શરીરની શક્તિના વ્યયદ્વારા હણી નાખનાર અને સંપૂર્ણ દાક્ષિણ્યતાના ભંડાર તુલ્ય પુરુષ પોતાના યશથી હમેશાં દિશાઓને ઉજ્જ્વળ બનાવે છે અર્થાત્ તેવા પુરુષની કીર્તિ સર્વત્ર ફેલાય છે. સ્વશ્લાઘા કરવામાં, પારકી નિંદા કરવામાં, યાચકજનો પ્રત્યે દાન—નિષેધ કરવામાં અને અન્યજનો પાસે ભિક્ષા માગવામાં મૂક—મૂંગા તેમજ ઉત્કૃષ્ટ આનંદરૂપી અમૃતસાગરના કલ્લોલ સરખા ઉછળતા યશવાળા

મનુષ્યો જયવંત વર્તી રહ્યા છે. **જ્ઞાનદાન, અભયદાન** અને **સુપાત્રદાન** (ધર્મદાન) એ ત્રણ પ્રકારે જેણે દાન આપેલ છે તેવા પુરુષને કદી પણ મોક્ષપદ મુશ્કેલ નથી. જ્ઞાનનું પઠન–પાઠન, ઉપદેશ અને જ્ઞાનનાં સાધનોના દાનને લોકો **જ્ઞાનદાન** કહે છે. ખરેખર કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે **જ્ઞાનદાન** જેવું એકે ઉત્તમ સાધન નથી, કારણ કે પ્રાણી **શ્રુતજ્ઞાનથી** જીવાદિ નવ તત્ત્વોને[1] તેમ જ શુભાશુભ કૃત્યને સમજે છે. ત્યારબાદ આત્મજાગૃતિવાન બનેલ પ્રાણી સર્વવિરતિ સ્વીકારે છે અને તે દ્વારા મુક્તિપદને પ્રાપ્ત કરે છે. એક દિવસે દેવાયેલ ધનાદિનું દાન યાચકજનોને એક ભવ પૂરતું જ સુખ અર્પી શકે છે જ્યારે જ્ઞાનદાન તો અનેક ભવોમાં મુક્તિ પર્યન્તનાં સુખો આપી શકે છે. શરીરને સંતાપ પમાડનાર સૂર્ય તો બાહ્ય અંધકારને દૂર કરવા સમર્થ બને છે જ્યારે આત્માને શીતળતા અર્પનાર જ્ઞાન તો કર્મરૂપી આંતરિક અંધકારને હણી નાખે છે–દૂર કરે છે. પઠન–પાઠનદ્વારા શ્રુતજ્ઞાનની અભિવૃદ્ધિ કર્યા બાદ વિશિષ્ટ જ્ઞાન–વાંછુ વ્યક્તિ શીઘ્રતાથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી શકે છે. ખરેખર આશ્ચર્યની વાત છે કે જગજ્જીવોને બીજું જ્ઞાન (શ્રુતજ્ઞાન) અર્પનારા પ્રાણીઓ પોતે પાંચમું (કેવળ) જ્ઞાન પ્રાપ્ત કરે છે અને તેવા કેવળજ્ઞાની આત્માઓ કૈવલ્યજ્ઞાન દ્વારા વશ કરાયેલ પંચમી (મોક્ષ) ગતિને મેળવે છે. ત્રણ દાનો પૈકી મન, વચન અને કાયા દ્વારા કોઈપણ જીવની હિંસા ન કરવી, ન કરાવવી તેમ જ ન અનુમોદવી તેને જિનેશ્વર ભગવંતોએ અભયદાન કહેલું છે.

### જીવાદિ સ્વરૂપ–

**સ્થાવર** અને **ત્રસ** એમ બે પ્રકારના જીવો છે. તે બન્નેના પણ પર્યાપ્તા[2] અને અપર્યાપ્તા એવા બબ્બે ભેદો છે. પર્યાપ્તિઓની સંખ્યા છ છે, જે નીચે મુજબ :– આહારપર્યાપ્તિ, શરીરપર્યાપ્તિ, ઈંદ્રિયપર્યાપ્તિ, શ્વાસોશ્વાસપર્યાપ્તિ, ભાષાપર્યાપ્તિ અને મનપર્યાપ્તિ. એ સ્થાવર અને ત્રસ જીવોમાં એકેંદ્રિયને ચાર, વિકલેંદ્રિય (બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચૌરેંદ્રિય)ને પાંચ તેમ જ પંચેન્દ્રિયને છ પર્યાપ્તિઓ હોય છે. એકેંદ્રિયના પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય અને વનસ્પતિકાય–એવા પાંચ પ્રકારો છે. આ પાંચ પ્રકારો પૈકી પ્રથમના ચારના સૂક્ષ્મ અને બાદર એવા બબ્બે ભેદો કહેલા છે. વનસ્પતિકાયના **સાધારણ** અને **પ્રત્યેક** એવા બે ભેદ જણાવેલ છે અને તેમાં ય સાધારણ વનસ્પતિકાય સૂક્ષ્મ અને બાદર બે પ્રકારની કહેલ છે જયારે પ્રત્યેક વનસ્પતિકાય એકલી બાદર જ છે. બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરેંદ્રિય અને પંચેંદ્રિયને ત્રસ જીવો કહેવામાં આવે છે. પંચેંદ્રિય જીવોના ચાર પ્રકાર છે અને તેના સંજ્ઞી અને અસંજ્ઞી એવા બે ભેદો પાડવામાં આવ્યા છે. શ્વાસોશ્વાસ પર્યાપ્તિયુક્ત જે જીવ શિક્ષા, આલપન (સંભાષણ) અને ઉપદેશને જાણી શકે તેને **સંજ્ઞી** કહેવામાં આવે છે.

---

૧. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ—આ નવ તત્ત્વ કહેવય છે.

૨. જે જીવ સ્વયોગ્ય પર્યાપ્તિ પૂરી કરે તેને પર્યાપ્તો કહેવામાં આવે છે.

આ સિવાય (પંચેંદ્રિય સિવાય) બાકીના બીજા વિકલેંદ્રિયો **અસંજ્ઞી** જાણવા. સ્પર્શ, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચ પ્રકારની ઇંદ્રિયો છે અને તેના સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ એવા અનુક્રમે પાંચ વિષયો છે; કૃમી (અળશીયા), શંખ, છીપ, કોડા અને ગંડોલા વિગેરે બેઇંદ્રિય જીવો છે; માંકડ, કીડી, મંકોડો અને જૂ વિગેરે તેઇંદ્રિય છે; માંખી, ભ્રમર, પતંગીયું, ડાંસ, કરોળીયો વિગેરે ચતુરિન્દ્રિય છે; જ્યારે જળચર, સ્થળચર અને ખેચરાદિ તિર્યંચ, દેવ, મનુષ્ય અને નારકીને પંચેન્દ્રિય કહેવામાં આવે છે અને તેના અનેક ભેદો થાય છે. આ પ્રમાણે જીવાદિ સ્વરૂપનો જ્ઞાતા બુદ્ધિમાન પુરુષ કોઈ પણ જીવની હિંસા કરે નહિ.

૧. પર્યાપ્તિનો નાશ કરવો—વધ કરવો ૨. સંતાપ પમાડવો અને ૩. માનસિક પીડા આપવી એ ત્રણ પ્રકારે ઉપરોક્ત વર્ણવેલા જીવોના વધનો જે ત્યાગ કરાય છે તેને તીર્થંકર ભગવંતે ત્રણ જગતને પ્રિય એવું **અભયદાન** કહેલું છે. જે ધન્યભાગી પ્રાણીએ જીવગણને અભયદાન આપ્યું છે તેણે સર્વસ્વ આપ્યું છે, કારણ કે આ ત્રણ ભુવનમાં જીવોને જીવિત કરતાં બીજી કોઈપણ વસ્તુ અધિક ઇષ્ટ નથી. આ સંસારમાં જીવો જીવોનું ભક્ષણ કરનારા છે અને તેથી તે જીવોને પરસ્પર કોનો ભય નથી? પણ જે આત્માએ ત્રણ જગતના જીવોનું રક્ષણ (વિરતિભાવ) સ્વીકાર્યું છે તેણે જ ખરેખર અભયદાનની ઉદ્‌ઘોષણા કરાવી છે. આ પૃથ્વીપીઠ પર ધનાદિકનું દાન આપનારા પરોપકારી પુરુષો ઘણા થયા છે પરન્તુ તેઓ ભયગ્રસ્ત પ્રાણીઓને અભયદાન આપનારાઓની સરખામણીમાં શતાંશમે ભાગે (૧૦૦ માં ભાગે) પણ આવી શકે ખરા? અર્થાત્ નહી, કેમ કે પરોપકારી કરતાં અભયદાન આપનારા અધિકતર શ્રેષ્ઠ છે. પિતા, કલાચાર્ય, અભયદાન આપનાર અને માતાના ઉપકારનો બદલો કઈ રીતે વળે? એ પ્રમાણે હૃદયમાં ચિંતવતા પ્રાણીઓ જો પોતાના ખેદને દૂર કરી શકે તો માત્ર તેઓ સર્વની ચરણકમળની સેવામાત્રથી જ અર્થાત્ તેઓના **ઉપકારનો બદલો** તો વળી શકતો જ નથી પણ ઉપકારનો બદલો ન વાળી શકવાને કારણે હૃદયમાં જે ખેદ થાય તે ખેદ તેમની ચરણસેવાથી નષ્ટ થઈ શકે.

ત્રીજું સુપાત્રદાન (ધર્મદાન) સંસારસાગરથી પાર પહોંચાડનારું કહ્યું છે. (૧) દેનાર, (૨) લેનાર, (૩) દેવાલાયક વસ્તુ, (૪) યોગ્ય સમય અને (૫) ભાવ—આ પાંચ પ્રકારોવડે તે દાન વિશુદ્ધ બને છે. "શ્રદ્ધાયુક્ત મન તેમ જ ન્યાયોપાર્જિત દ્રવ્ય અને સુપાત્ર-આ ત્રણે વસ્તુ મને સાંપડી છે તેથી હું ખરેખર દાયક (દાતા) કૃતકૃત્ય બન્યો છું." એવી વિચારણા કરતો જ્ઞાની, ન્યાયસંપન્ન વિભવવાળો અને પશ્ચાત્તાપથી રહિત દાતા જે દાન આપે છે તેવા દાનને (૧) **દાયકશુદ્ધ** દાન કહેવામાં આવે છે. [૧]તપસ્વી, [૨]પાંચ સમિતિ તથા ત્રણ [૩]ગુપ્તિથી યુક્ત,

૧. છ બાહ્ય અને છ અભ્યંતર એ બાર પ્રકારનો તપ તપનાર ૨. ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનભંડમત્તનિક્ષેપણાસમિતિ અને પારિષ્ઠાપનિકાસમિતિ—આ પાંચ સમિતિ કહેલ છે. ૩. મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ.

ચારિત્રવાન, મનને વશ કરનાર અને અત્યંત શાંત ચિત્તવાળા મુનિ જે દાન ગ્રહણ કરે છે તેવા દાનને (૨) **ગ્રાહકશુદ્ધ** દાન કહેલું છે. બેંતાલીશ [1]દોષવર્જિત વસ્ત્ર, અશન (ભોજન), પાન, ખાદ્ય, સ્વાદ્ય, પાત્ર, આસન અને કંબલાદિ વસ્તુનું જે દાન કરવામાં આવે છે તેવા દાનને (૩) **દેયવિશુદ્ધ** દાન કહેવામાં આવે છે. જે કંઈ ગ્રહણીય વસ્તુ યોગ્ય સમયે સુપાત્રમાં અપાય તેને (૪) **કાલવિશુદ્ધ** દાન કહેવામાં આવ્યું છે. કોઈપણ જાતની આશંસા—ઈચ્છા રહિત અને ચઢતા પરિણામથી—શ્રદ્ધાપૂર્વક જે દાન દેવાય તેને (૫) **ભાવવિશુદ્ધ** દાન કહેવાય છે. ધર્મ શરીરદ્વારા થાય છે અને શરીર અન્નથી પોષાય છે, માટે પ્રાણીએ હંમેશાં સુપાત્રદાન દેવું જોઈએ. સુપાત્રદાન દેતો પ્રાણી શાસનને ચિરસ્થાયી—શાશ્વત બનાવે છે અને પ્રાંતે પોતે પણ પરમપદને પ્રાપ્ત કરે છે.

સાંસારિક કલેશનો નાશ કરવા માટે સાવદ્ય વ્યાપારથી વિરમવું તેને **શીલ** કહેવામાં આવે છે અને તે પણ અનુક્રમે શ્રાવકોને માટે **દેશવિરતિ** અને સાધુજન માટે **સર્વવિરતિ** એમ બે પ્રકારનું કહેવામાં આવ્યું છે.

**શ્રાવકનાં બાર વ્રત—**

પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત—એ પ્રમાણે બાર પ્રકારનાં વ્રતગ્રહણને દેશવિરતિ કહે છે. પાંચ ઈંદ્રિયને જીતનાર ગૃહસ્થ માટે (સ્થૂલથી) ૧. જીવહિંસા ન કરવી, ૨. સત્ય બોલવું, ૩. ચોરી ન કરવી, ૪. બ્રહ્મચર્ય પાળવું (સ્વદારાસંતોષ), અને ૫. પરિગ્રહનું પરિમાણ કરવું—આ પાંચ અણુવ્રતો કહેલાં છે. ૧. દિગ્પરિમાણ, ૨. ભોગોપભોગ વસ્તુનું મર્યાદિત સેવન અને ૩. અનર્થદંડની વિરતિ આ ત્રણને ગુણવ્રત કહ્યાં છે. ૧. સામાયિક, ૨. દેશાવગાસિક, ૩. પૌષધ અને ૪. અતિથિસંવિભાગ—આ ચારને શિક્ષાવ્રત કહેવામાં આવ્યાં છે. ખરેખર મોક્ષલક્ષ્મીનું કારણ ધર્મ છે, ધર્મનું કારણ જીવરક્ષા-જીવદયા છે; માટે દરેક પ્રકારે જીવદયા પાળવી જોઈએ. ધર્મ વિના કદી પણ કલ્યાણની પ્રાપ્તિ થતી નથી.

પાંગળાપણું, કુષ્ઠીપણું અને ઠુંઠાપણું વિગેરે જીવવધના દોષો-પરિણામો છે એમ

---

૧. સોળ પ્રકારના ઉદ્ગમદોષ, સોળ પ્રકારના ઉત્પાદન દોષ અને દશ પ્રકારના એષણા દોષ—એમ બેંતાલીશ પ્રકારના દોષો નીચે પ્રમાણે છે :—

**સોળ ઉદ્ગમ** :—આધાકર્મ, ઔદેશિક, પૂતિકર્મ, મિશ્રજાત, સ્થાપના, પ્રાભૃતિકા, પ્રાદુષ્કરણ, ક્રીત, પ્રામિત્ય, પરિવર્તિત, અભ્યાહૃત, ઉદ્ભિન્ન, માલાપહૃત, આચ્છેદ્ય, અનિસૃષ્ટ અને અધ્યવપૂરક.

**સોળ ઉત્પાદન દોષ** :—ધાત્રી, દૂતિ, નિમિત્ત, આજીવ, વનીપક, ચિકિત્સા, ક્રોધ, માન, માયા, લોભ, વિદ્યા, મંત્ર, ચૂર્ણ, યોગ, પૂર્વ—પશ્ચાતસંસ્તવ અને મૂળકર્મ

**દશએષણાદોષ** :—શંકિત, પ્રક્ષિત, નિક્ષિપ્ત, પિહિત, સંહૃત, દાયક, ઉન્મિશ્ર, અપરિણિત, લિપ્ત અને છર્દિત.

સમજીને વિશાળ બુદ્ધિમાન પુરુષે સંકલ્પ માત્રથી પણ નિરપરાધી ત્રસજીવોની હિંસાનો ત્યાગ કરવો જોઈએ. **(પ્રાણાતિપાતવિરમણ)**. જેમ નાયક વિનાનું સૈન્ય વ્યર્થ છે તેમ દયા રહિત જિનપૂજા, ગુરુસેવા, તપશ્ચર્યા, સર્વ ઇંદ્રિયને જીતવાપણું, દાન અને શાસ્ત્રાધ્યયન–એ સર્વ નિરર્થક જ છે. જે જીવો જીવદયાપરાયણ છે તે અત્યંત પ્રશંસા, દીર્ઘાયુ, સુંદર બળ, રમણીય રૂપ, નિરોગીપણું અને મનોહર શરીર પ્રાપ્ત કરે છે. ક્ષમાશીલ સંતપુરુષો પોતાના અપકારી પુરુષને પણ પોતાના પૂર્વસંચિત પાપકર્મોનો નાશ કરનાર તેમ જ મહોપકારી માનીને હર્ષપૂર્વક તેને પોતાની પુનિત દૃષ્ટિથી નીરખે છે. ધૈર્યવાન, બુદ્ધિમાન, સત્ય વ્રતધારી પુરુષ અન્યથી હણાતા છતાં પણ તેવા સત્યને ચાહતો નથી કે જેનાથી અન્ય વ્યક્તિ ઉત્કૃષ્ટ પીડાનું પાત્ર બને, તેમ જ પોતાના આત્માને તેવો શિક્ષાપાત્ર દીન–રંક માને. વિવેકવાળા પુરુષો (૧) થાપણ ઓળવવી, (૨–૩–૪) પૃથ્વી, કુમારી અને ગાય વગેરે, એ ત્રણ સંબંધી અસત્ય અને (૫) કૂટ (ખોટી) સાક્ષી–આ પાંચ મોટાં અસત્યો કદાપિ પણ બોલતા નથી. અસત્યના પ્રભાવથી મૂંગાપણું, તોતડાપણું, મુખ સંબંધી વ્યાધિઓ અને ગોંગણાપણું પ્રાપ્ત થાય છે એમ વિચારીને જ ચતુર પુરુષો કદી પણ અસત્ય વચન બોલતા નથી. **(મૃષાવાદવિરમણ)**. ચોરી કરવાથી અંગોપાંગનું છેદન, દુર્ભાગીપણું, દારિદ્રય અને સેવકપણું પ્રાપ્ત થાય છે, એમ સમજી સજ્જન પુરુષો સ્થૂળ **અદત્તાદાન**નો ત્યાગ કરે છે. જાતિસ્મરણજ્ઞાનવાળો, નિષ્કપટ બુદ્ધિવાળો પ્રાણી પૂર્વના ભવમાં ભંડારેલ અને સહેલાઈથી પ્રાપ્ત થાય તેવા દ્રવ્યને જાણવા છતાં પણ ગ્રહણ કરે નહિ. જેની ખાતર પ્રાણીઓ પોતાના પ્રાણનો પણ ત્યાગ કરી દે છે તે ધન ખરેખર પ્રાણોથી પણ અધિક છે; તેથી ધનનું અપહરણ એ મૃત્યુ કરતાં પણ વિશેષ પાપકારી છે. **(અદત્તાદાનવિરમણ)** બ્રહ્મચર્યનું પાલન નહીં કરવાથી ઇંદ્રિયોનું છેદન, અનેક ભવોમાં નપુંસકપણું પ્રાપ્ત થાય છે માટે વિવેકી પુરુષે સ્વદારાસંતોષી થવું જોઈએ અને પરસ્ત્રીઓનો પરિત્યાગ કરવો જોઈએ. કામિનીઓના સંસર્ગમાં રહેવા માટે અત્યંય પ્રાર્થના કરવા છતાં પણ જેનું મન ચલાયમાન થતું નથી તેવા પુરુષના એક અંશ માત્રને પણ સ્વદારાસંતોષી પુરુષ કામવિહ્વળ, તેમ જ બ્રહ્મચારી પુરુષ પ્રાપ્ત કરી શકતાં નથી. જે સ્ત્રી પોતના સ્વામીને જમણો હાથ સોંપીને તેના સર્વસ્વનો ભોગવટો કરે છે તે પુરુષથી કરાયેલ વ્યભિચારી પરાંગનાનો સ્પર્શ પણ વિશ્વાસઘાતને પરિણામે પાપકારી બને છે. જે વેશ્યા અનેક અધમ વૃત્તિવાળા પુરુષોવડે ઇચ્છાય છે અને દ્રવ્યેચ્છાથી કુષ્ઠી પુરુષને પણ સેવે છે તેણીના હાવભાવથી પોતાની કળા, પ્રભુત્વ અને રૂપનું અભિમાન જાળવી શકે તેવો કયો પુરુષ છે ? અર્થાત્ તેવી વ્યક્તિ મળવી વિરલ છે. જે લોકો બ્રહ્મચર્યનું પાલન કરે છે તે તેજસ્વી, અત્યંત વીર્યશાળી, દીર્ઘાયુષી, મજબૂત સંઘયણવાળા અને સારા સંસ્થાનવાળા થાય છે. **(મૈથુનવિરમણ)** જેમ જેમ પુરુષો પુષ્કળ પરિગ્રહની ઇચ્છાવાળા બને છે તેમ તેમ આરંભ–સમારંભમાં મચ્યા રહે છે. આરંભથી સેંકડોગમે દુઃખો આવી પડે છે તેથી ઓછામાં ઓછો પરિગ્રહ રાખવો જોઈએ. રાગ અને

દ્વેષથી ભવની પરંપરા વધે છે અને તે બન્ને રાગદ્વેષ પરિગ્રહમાંથી જ જન્મે છે; તેથી અધિક મૂર્ચ્છા—મમત્વભાવને ત્યજી દઈને પરિગ્રહનું પરિમાણ કરવું જોઈએ. આ મમત્વભાવ મહામોહને ઉત્પન્ન કરનાર છે એમ સમજીને પ્રાજ્ઞ પુરુષો રાગરહિત બને છે, પરોપકાર કરવામાં તેની જરૂરિયાત સમજીને તેમાં આસક્તિ ધરાવે છે અને ભોગવિલાસની પરંપરાને વધારનાર છે એમ માનીને તેના પ્રત્યે ઉદાસીન રહે છે. સુજ્ઞ જનો હંમેશા પોતાના કલ્યાણને જ સ્વીકારે છે. જગતનાં પ્રાણીઓને સેવક બનાવવા માટે સેંકડો કષ્ટો સહન કરીને જે ધન ઉપાર્જન કરે છે તે પુરુષ હમેશાં તેની તપાસ, સંભાળ વિગેરે કારણોદ્વારા તેનો જ દાસ-સેવક બની જાય છે. સંતોષી અને તૃષ્ણા રહિત મનુષ્યને જે સુખપ્રાપ્તિ થાય છે તે સુખની પ્રાપ્તિ પારકાની લક્ષ્મીથી ઈર્ષ્યાવડે દૂષિત બનેલા દેવોને સ્વર્ગલોકમાં પણ ક્યાંથી થાય? દ્વિપદ (બે પગવાળાં—નોકર-ચાકર-સેવક-દાસ-દાસી વગેરે), ચતુષ્પદ (ગાય-ભેંસ-બકરા વિગેરે પ્રાણીઓ), ધન, ધાન્ય, કુપ્ય (સોના-રૂપા સિવાયની ધાતુઓ), વાસ્તુ (ઘર, હાટ, વિગેરે), ક્ષેત્ર (ખેતર), હિરણ્ય (રૂપું) અને સોનું—એ નવ પ્રકારનો પરિગ્રહ કહેલો છે. સંતોષી પુરુષે આ નવે પ્રકારના **પરિગ્રહનું પરિમાણ** કરવું જોઈએ.

જે વ્રતમાં સર્વ દિશાઓમાં નિર્ણીત કરેલ સીમાનું ઉલ્લંઘન કરાતું નથી તેને **દિગ્પરિમાણ વ્રત** કહેવામાં આવે છે. આ જગતમાં ત્રસ—સ્થાવર જીવોની હિંસાનું તે મુખ્ય કારણ છે. દિશાગમનના માર્ગની મર્યાદાની બહાર રહેલા જે સ્થાવર અને ત્રસ પ્રાણીઓ છે તે "એક મનુષ્યથી અમને મૃત્યુનો ભય નથી" એમ વિચારીને હર્ષભેર ઉલ્લાસ પામે છે. જે વ્રતમાં વિવેકી ભવ્ય—પ્રાણીઓ ભોગ—ઉપભોગના પદાર્થોની સંખ્યાને નિર્ણીત કરે છે તેને મુનિજનો **ભોગોપભોગમાન** નામનું બીજું ગુણવ્રત કહે છે. અન્ન, ફૂલની માળા વિગેરે જે પદાર્થો સજ્જન પુરુષોદ્વારા એક વખત જ ભોગવાય છે તેને **ભોગ** કહેવામાં આવે છે જ્યારે સ્ત્રી વિગેરે વારંવાર ભોગવાતી વસ્તુને **ઉપભોગ** કહેવામાં આવે છે. માખણ, મધ, મદિરા અને માંસનો ત્યાગ કરવો તેમ જ ક્ષુદ્રજંતુથી વ્યાપ્ત ઉંબરા, પીપળાની પેપડી, વડલાના ટેટા, કાકોદુંબર, અશ્વત્થનાં ફળ વિગેરે ત્યાગવાં જોઈએ. બે દિવસ પછીનું દહીં, વાસી ભાત વિગેરે તેમ જ કાચા ગોરસાદિ સાથે મિશ્ર થયેલ [1]દ્વિદળ ડાહ્યા પુરુષે કદી પણ ન ખાવું જોઈએ. વિવેકી પુરુષો પોતાનાથી અથવા અન્યથી નહીં ઓળખાયેલાં ફળ તેમ જ ફૂલનું ભક્ષણ કરતા નથી. વળી વિષફળ તથા નિષેધ કરાયેલ પદાર્થનું પણ વિવેકવંત પુરુષો ભક્ષણ કરતા નથી. જૈન ધર્મપરાયણ પ્રાણીઓ સંધાન (બોળ અથાણું), વેંગણ (રીંગણા), તુચ્છ ફળ, માટી, કરા, હિમ (બરફ) અનંતકાય અને બહુબીજવાળાં ફળોનો ત્યાગ કરે છે. પલ્લંકાની ભાજી, કાચું

૧. જે અનાજને ભાંગતાં સરખા ભાગ થાય તેને દ્વિદળ કહેવામાં આવે છે. જેમ કે—મગ, અડદ, ચણા, તુર, મઠ, વાલ વિગેરે.

મીઠું, ઝાડની છાલ, કોમળ (કુણી) આંબલી, બધી જાતના અંકુરા (કુંપળા), કુંવાર, શુકર સંજ્ઞાવાળા વાલ, થોર (કાંટાળો, હાથીયો, ડાંડલીઓ વગેરે), ઊગેલી અમૃતવેલ, ગળો, ગરમર (ગિરિકર્ણી), શતાવળી વેલઔષધી, બધી જાતનાં લીલાં કંદ, આ ઉપરાન્ત સૂત્રમાં જણાવેલ બીજા પણ [1]અનંતકાયનો જ્ઞાની પુરુષે ત્યાગ કરવો જોઈએ. મોથ, લસણ, આદુ, સુરણ, પિંડાલુ (ડુંગળી), આલુ (બટેટા), મૂળાના કંદ, કચૂરો, ગાજર, વજ્રકંદ, લોઢ જાતિનો કંદ, લીલી હળદર વિગેરે તેમજ વર્ષાઋતુમાં થતી ઘણા જંતુઓથી વ્યાપ્ત તાંદળજા વિગેરેની ભાજીઓ, સેકટા, મહુડા વિગેરેનાં ફુલો તથા મહુડા અને બીલીનાં ફળનો ત્યાગ કરવો જોઈએ. સૂર્યાસ્ત સમયે સ્વચ્છંદ રીતે વિચરતા ભૂત, પ્રેત અને પિશાચ વિગેરે અન્નને ઉચ્છિષ્ઠ (એંઠુ) કરે છે તેથી જિનધર્મમાં રક્ત પ્રાણીઓએ તે સમયે ભોજન કરવું જોઈએ નહિ, અર્થાત્ **રાત્રિભોજનનો** ત્યાગ કરવો જોઈએ. પુણ્યશાળી, જીતેંદ્રિય અને રાત્રિભોજનના દોષને જાણનાર વ્યક્તિઓએ સૂર્યોદય પછી બે ઘડી (૪૮ મિનિટ) અને સૂર્યાસ્ત પહેલાં બે ઘડી અગાઉ ભોજન કરી લેવું જોઈએ. જે જડ પ્રાણીઓ પશુઓની માફક રાત્રિભોજન કરે છે તે ભવાંતરમાં ઘુવડ, કાગ, સર્પ, ભુંડ, ભ્રમર, ઘો, બિલાડો, ગીધ થાય છે એમ જિનેશ્વર ભગવંતે ફરમાવેલું છે. જે જિતેંદ્રિય પ્રાણી પ્રયત્નપૂર્વક રાત્રિભોજનનો ત્યાગ કરે છે તે પુણ્યશાળી આત્મા પોતાના આયુષ્યના અર્ધા ભાગ જેટલા ઉપવાસોનું ફળ અવશ્ય પ્રાપ્ત કરે છે.

**પંદર કર્માદાનનું સ્વરૂપ—**

ભોગોપભોગની સ્પૃહાથી પ્રાણીઓ ધનોપાર્જન માટે વ્યાપારાદિ કૃત્ય કરે છે તેથી ભોગોપભોગના વ્રતને વિષે પંદર કર્માદાનનો ત્યાગ કરવો તેમ મુનિવરોએ ઉપદેશેલું છે. ધર્મની ચાહનાવાળા પ્રાણીઓ **અંગારકર્મ, વનકર્મ, શકટકર્મ, ફોટકકર્મ, ભાટકકર્મ**—એ પાંચ કર્મદ્વારા આજીવિકા, **લાખ, રસ,** (ઘી, તેલ વિગેરે), **કેશ, દાંત અને વિષ** (ઝેર, અફીણ, સોમલ વિગેરે) એ પાંચનો વાણિજ્ય-વ્યાપાર તેમ જ **નિર્લાછન** (નાક, કાન, આદિ વીંધવા), **યંત્રપીલણ, દાવાનળ** સળગાવવો, **સરોવરોને શોષવી નાખવા** તથા **અસતી** (વેશ્યા, કૂતરા, બિલાડા વિગેરે હિંસક પ્રાણીઓ) નું **પોષણ** એ પાંચ સામાન્ય એ પ્રમાણે પંદર કર્માદાનનો ત્યાગ કરે છે. અંગારક, ભઠીયારા, સોની, કુંભાર, લુહાર, કંસારા, તથા નીંભાડા કરનારોઓની આજીવિકાને શ્રુતજ્ઞાનીઓએ **અંગારક કર્મ** કહેલ છે. ફળ, ફૂલ અને પાંદડાવાળી છેદાયેલી તેમજ નહીં છેદાયેલી વનસ્પતિનો વ્યાપાર કરવો તથા બીજને દળી નાંખવા તેમ જ વાટવા વિગેરે ક્રિયાને વિવેકી પ્રાણીએ **વનકર્મ** જાણવું. જિનાગમને જાણનારાઓએ ગાડાનું ચલાવવું, તેના અંગોપાંગો બનાવવા તથા તેનું વેચાણ કરવું તેને **શકટકર્મ** કહેલ છે. કૂવા તથા સરોવરો ખોદાવવા, પત્થરો ભંગાવવા તેમ જ પૃથ્વીકાયના

---

૧. બાવીશ અભક્ષ્ય તેમ જ બત્રીશ અનંતકાય કહેવાય છે.

જીવોની હિંસાદ્વારા જે આજીવિકા થાય તેને **સ્ફોટકકર્મ** કહેવામાં આવે છે. ખચ્ચર, ગાડું, બળદ, ઘોડો, ઊંટ, ગધેડો અને પાડા દ્વારા બોજો-ભાર વહન કરાવીને આજીવિકા ચલાવવી તેને પ્રાજ્ઞ પુરુષો **ભાટકકર્મ** કહે છે. લાખ, મનસીલ, ટંકણખાર, ધાવડી અને ગળી વિગેરેનો જે વ્યાપાર કરાય છે તેને મુનિજનોએ પાપના મંદિરરૂપ **લક્ષવાણિજ્ય** કહેલ છે. મદિરા, માંસ, ચરબી, મધ અને માખણના વેપારને **રસવાણિજ્ય** અને દ્વિપદ (પોપટ, મેના, મયૂર વિગેરે) તથા ચતુષ્પદ (ગાય, ભેંસ, ઘોડો વિગેરે)નું જે વેચાણ કરવું તેને **કેશવાણિજ્ય** કહેવામાં આવે છે. ત્રસ જીવોનાં દાંત, નખ, ચામડી, હાડકાં, રોમ અને વાળનો વ્યાપારની ખાતર સંગ્રહ કરાય છે તેને **દંતવાણિજ્ય** કહેવાય છે. જીવનનો નાશ કરનાર ઝેર, હરતાલ, લોઢાનાં યંત્ર, અસ્ત્ર અને હળ વિગેરેનો જે વ્યાપાર તેને **વિષવાણિજ્ય** કહેવામાં આવે છે, પશુઓનાં ગલકંબલ (ગાય તથા બળદની ડોક પર ઝુલતું ચર્મ) અને કાનનું ચીરવું, નાકનું વીંધવું, આંક કરવો, અંડકોશનું છેદન કરવું, પુંઠ ભાગનું ગાલન (દુઝણાં ઢોરો પાસેથી વધુ પ્રમાણમાં દૂધ લેવા માટે તેના મૂત્રાશયમાં તેનું પૂંછડું ભરાવવું તે ક્રિયા) વિગેરેને બુદ્ધિમાન પ્રાણીઓ **નિર્લાંછન** કહે છે. એરડી, સરસવ, શેરડી, તલ તથા ઔષધીનું યંત્રાદિક દ્વારા તેલ કાઢવું અથવા દલીદો કરવો વિગેરે ક્રિયાને **યંત્રપીલન** કહેવામાં આવે છે. એક [1]પુણ્યબુદ્ધિને લીધે અને બીજું પાપબુદ્ધિને લીધે એમ બે પ્રકારે **દવદાન** કહેવામાં આવ્યું છે. તળાવ, નદી, હ્રદ (મોટું સરોવર) વિગેરેમાંથી પાણી કાઢી નાખવું તેને **સરશોષણ** કહેવામાં આવે છે. દ્રવ્યોપાર્જન માટે કુકડા, પોપટ, મેના, મયૂર, બિલાડો, કૂતરો અને દાસ, દાસીઓનું જે પોષણ કરવામાં આવે છે તેને આર્યપુરુષો **અસતીપોષણ** કહે છે.

સ્વજન, શરીરાદિના પ્રયોજન વગર જે અર્થદંડ સેવવામાં આવે છે તેને **અનર્થદંડ** કહેવામાં આવે છે અને તેના ત્યાગને શાસ્ત્રકારો ત્રીજું ગુણવ્રત અનર્થદંડ વિરમણ કહે છે. તે **અનર્થદંડ ૧. આર્ત્ત** તથા **રૌદ્રદુર્ધ્યાન**, ૨. **પાપોપદેશ**, ૩. **હિંસક વસ્તુઓનું આપવું**, અને ૪. **પ્રમાદાચરણ**નું સેવન—એમ ચાર પ્રકારનું કહેલ છે. ઈષ્ટ વસ્તુઓની પ્રાપ્તિ કરવાની ઈચ્છા, અનિષ્ટ પદાર્થનો નાશ કરવાની ભાવના, રાજ્ય મેળવવાની આકાંક્ષા, બીજાની હિંસા કરવાની ભાવના, અગ્નિને પ્રદીપ્ત કરવાની ઈચ્છા, તેમ જ અન્યદ્વારા શત્રુઓનો ઘાત કરાવવાની ઈચ્છા—આવા **અપધ્યાન**નો વિચક્ષણ પુરુષો ક્ષણ માત્રમાં ત્યાગ કરે છે. "ઘોડાઓને ખાસી કર, અગ્નિ પ્રગટાવ, ખેતર, ખેડ, વનોને કાપી નાખ"—આવો **પાપોપદેશ** પ્રયોજન સિવાય (માત્ર બીજાને સારું લગાડવાની ખાતર) પંડિત પુરુષે કરવો ઉચિત નથી. અગ્નિ, ખાંડણી—ખાંડણીયો, હળ, યંત્ર, અસ્ત્ર, સાંબેલું—આવી **જીવઘાતક વસ્તુઓ** દયાળુ પ્રાણીઓ પ્રયોજન સિવાય અન્યને કદી પણ આપતા નથી. કુતૂહળથી નાટક, સંગીત, નૃત્યનું નિરીક્ષણ કરવું,

૧. ભીલ્લ લોકો ડુંગરાને નવરાવવાના બહાનાથી ડુંગરાને દવ લગાડે છે તે તેનાથી પુણ્ય પ્રાપ્તિ માને છે. જૈન શાસ્ત્રમાં તેવી જાતના દવનો પણ નિષેધ કરવામાં આવ્યો છે.

જુગાર રમવો, મદિરાનું પાન કરવું, જળક્રીડા કરવી, હીંચકા ખાવા, કામોત્પાદક વાણી બોલવી, કુકડા વિગેરેનું યુદ્ધ નીહાળવું, સ્ત્રીકથા, દેશકથા, ભક્ત(ભોજન)કથા તથા રાજકથા કરવી, વ્યાધિના કારણે અથવા માર્ગના શ્રમ—થાક સિવાય આખી રાત ઊંઘવું, દુશ્મનોના પુત્રાદિ પ્રત્યે વૈર રાખવું, જિનમંદિરમાં અશુભ પાપવાર્તા કરવી, થૂંકવું, ઊંઘવું, ક્લેશ—કંકાસ વિગેરે કરવો, અશન—પાન—સ્વાદિમ અને ખાદિમ—એ ચારે પ્રકારનો આહાર કરવો,—આ બધી ક્રિયાઓ **પ્રમાદાચરણ** કહેવાય છે અને શાસ્ત્રમાં તેનો નિષેધ કરવામાં આવ્યો છે.

આર્ત્ત—રૌદ્રધ્યાન અને સાવદ્ય (પાપ) કર્મને અટકાવનાર પ્રાણીનો એક મુહૂર્ત (બે ઘડી પર્યન્ત) જે સમભાવ રહે તેને શાસ્ત્રજ્ઞ પુરુષોએ **સામાયિક** વ્રત કહેલું છે. છઠ્ઠા દિગ્વ્રતના પરિમાણમાં દિવસે અથવા રાત્રિએ વિવેકી પુરુષ જે સંક્ષેપ કરે (છઠ્ઠા દિગ્વ્રતમાં ધારેલી મર્યાદા કરતાં પણ સંક્ષેપ—ન્યૂનતા કરે) તેને **દેશાવકાશિક વ્રત** કહેવામાં આવ્યું છે. *ચાર પર્વદિનમાં ઉપવાસ, આયંબિલ તથા એકાસનાદિ તપ કરવો, અશુભ ક્રિયાનો ત્યાગ કરવો, બ્રહ્મચર્ય પાળવું, સ્નાન તેમજ શરીરવિભૂષાનો ત્યાગ કરવો તેને અગ્યારમું **પૌષધવ્રત** કહેવામાં આવ્યું છે. સાધુ પુરુષોને અશન, પાન, સ્વાદિમ અને ખાદિમ—એ ચાર પ્રકારનું ભોજન, પાત્રા, પીઠ ફલક, વસતિ (સ્થાન) અને વસ્ત્ર પ્રમુખનું જે દાન કરવું તેને સંતપુરુષો બારમું **અતિથિસંવિભાગ** વ્રત કહે છે. જેનામાં જ્ઞાન અને ક્રિયા બન્ને રહેલ છે તેને કેવળી ભગવંતે સુપાત્ર કહેલ છે. આવા સુપાત્રને શ્રદ્ધાપુરસ્સર અપાએલ દાન મોક્ષદાયી બને છે. ભોગાદિ સામગ્રી આપનારું દયાયુક્ત દાન દીન-દરિદ્રી-રંક જનને આપવું જોઈએ. સાંવત્સરિક દાન પ્રસંગે તીર્થંકરો પણ પાત્રાપાત્રનો વિચાર કરતા નથી. સંવેગ (વૈરાગ્ય), નિર્વેદ (સંસાર પ્રત્યે ઉદાસીનતા), શમ (શાંતિ), અનુકંપા (દયા), આસ્તિક્ય (શ્રદ્ધાળુપણું) અને સમકિતનું સેવન કરનાર તથા મુનિધર્મ પ્રત્યે પ્રીતિવાળા ગૃહસ્થોનો આ પ્રમાણે દેશવિરતિ ધર્મ કહ્યો છે.

**સર્વ વિરતિ—**

મુનિજનો સૂક્ષ્મ અને બાદરહિંસા વિગેરેથી વિરમેલા હોય છે. (**અભયદાન** દાતા હોય છે) વિરતિના બે પ્રકાર હોવા છતાં ચારિત્રમોહના વિઘાત (હનનક્રિયા)થી સર્વવિરતિ મુનિઓને કહેલી છે. પૂર્વના ગણધર મહારાજાઓએ જે બ્રહ્મચર્યને અઢાર પ્રકારનું વર્ણવેલ છે તે **શીલ**ને કામક્રીડાનું દહન કરવામાં પ્રલયકાળના અગ્નિ સમાન કહેલ છે. આત્મવીર્યને સ્ફુરાયમાન

---

* શ્રીમાન્ વીરવિજયજીકૃત બાર વ્રતની પૂજામાં પાંચ પર્વણી કહેવામાં આવી છે. ૧. બીજ, ૨. પાંચમ, ૩. આઠમ, ૪. અગ્યારશ અને ૫. ચૌદશ. અન્યમતે ૨ અષ્ટમી તથા ૨ ચતુર્દશી અને ૧ પુનમ પણ જણાવેલ છે. શ્રી તત્ત્વાર્થાધિગમના ભાષ્યકારે ૧. આઠમ, ૨. ચૌદશ, ૩. પૂર્ણિમા અને ૪. બીજી તિથિ એમ ચાર પર્વણી જણાવી છે. જ્યારે તત્ત્વાર્થાધિગમસૂત્રના ટીકાકાર શ્રી સિદ્ધસેનગણિએ બે આઠમ ચોક્કસપણે જણાવી બાકીની બે ગમે તે તિથિ ગણત્રીમાં લેવાનું સૂચન કરી ચાર પર્વણી જણાવેલ છે.

કરવામાં પ્રકાશવન્ત, અજ્ઞાનરૂપી અંધકારને ભેદીને કર્મરૂપી રજને તપાવનાર, આત્માની બાર પ્રકારની સ્થિતિને સૂચવતો **તપ** બાર પ્રકારનો (છ અભ્યંતર અને છ બાહ્ય) કહેલ છે. જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી રત્નત્રયીના ધારક પ્રત્યે અનન્ય ભક્તિભાવ–શ્રદ્ધા, તેઓની વૈયાવચ્ચાદિકમાં અનુરાગ, શુભ ધ્યાન–ધર્મધ્યાન અને ભવ–સંસાર પ્રત્યે ગર્હા–આવી **ભાવના** ભવનો નાશ કરનારી બને છે. [1]ચાર ગતિનાં દુઃખોનો નાશ કરવામાં સમર્થ જેઓ આ ચાર પ્રકારના **દાન, શીલ, તપ** અને **ભાવ** ધર્મની ઉપાસના કરે છે તેઓ અનંતચતુષ્ટય એટલે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્યદ્વારા ઉજ્જ્વળ મોક્ષસુખને પ્રાપ્ત કરે છે."

આ પ્રમાણે ગુરુમહારાજની ધર્મદેશના સાંભળ્યા બાદ ધનસાર્થવાહ બોલ્યો કે : "આપની કૃપાથી આજે મને શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થઈ છે તેથી હું મારી જાતને અતિ ભાગ્યશાળી સમજું છું. ધર્મતત્ત્વને સમજ્યા વિના મારા જે દિવસો નિરર્થક ગયા છે તે ખરેખર મને દુઃખ આપી રહ્યા છે." આ પ્રમાણે બોલીને જેવી રીતે સાગરમાંથી જળ લઈને મેઘ આકાશ તરફ જાય તેમ સૂરિવરને તેમ જ અન્ય સાધુસમુદાયને નમન કરીને પવિત્ર ઉપદેશામૃતથી તૃપ્ત બનેલ ધન સાર્થવાહ ઉપાશ્રયથી પોતાના તંબુએ ગયો. પછી ચિત્તમાં અર્હદ્ વિભુની સ્થાપના કરીને, અને જ્ઞાનરૂપી દીપક પ્રગટાવીને પોતાને સારા સ્થાનની–સુપાત્રની પ્રાપ્તિ થવાને લીધે અત્યંત હર્ષિત બનેલા ધનસાર્થવાહે આખી રાત્રિ ધર્મચિંતન કરવામાં જ ગાળી.

**ધર્મપ્રાપ્તિ બાદ ધનસાર્થવાહનું પોતાના નગર પ્રત્યે આગમન–**

અંધકાર સમૂહથી રહિત બનેલ પૂર્વદિશાનું આકાશ પ્રકાશિત સૂર્યકિરણોથી જેમ શોભે તેમ ધર્મઘોષસૂરિના શુભ ઉપદેશથી ધનસાર્થવાહનું પ્રકાશિત બનેલું મન શોભી ઊઠ્યું. જાણે હરિફાઈ–સ્પર્ધા કરતો હોય તેમ વિસ્તાર પામતા ધ્વનિવડે શંખનો અવાજ વ્યાપી રહ્યો ત્યારે પ્રાતઃકાળમાં મંગળપાઠકે ધનસાર્થવાહના મનને સંતોષદાયક નીચે પ્રમાણે ઉચ્ચારણ કર્યું કે :–

" घनान्धकाराण्यधराणि कुर्वन्, प्रकाशयन् पङ्कजकाननानि ।
सृजन् जनाशा जनितप्रकाशाः, सूरः शरत्काल इवोल्ललास ॥"

મેઘજન્ય અંધકારને હાંકી કાઢતી, કમળના વનને પ્રફુલ્લિત કરતી, લોકોની ઇચ્છાને પરિપૂર્ણ કરતી શરદ્ ઋતુની જેમ ગાઢ અંધકારને દૂર કરતો, કમળોના વનને વિકસિત કરતો તથા દિશાઓને ઝગઝગાયમાન કરતો સૂર્ય ઉદય પામ્યો છે. અર્થાત્ સૂર્યોદય થયો છે.

---

૧. નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ—આ ચાર ગતિ કહેવાય છે.

ચપળ મેઘોદ્વારા નિસ્તેજ બનેલા સૂર્યને જોઈને જે કમળો ચીમળાઈ ગયાં હતાં, તે કમળો, અત્યારે મેઘોના વીખરાઈ જવાને લીધે સૂર્ય તેજસ્વી બન્યે છતે વિકસ્વર બન્યા છે. મિત્રની ગાઢ આપત્તિમાં જે મ્લાન થાય છે તે તેની ઉન્નતિમાં વિકાસ પણ પામે છે-આમ હોવાથી તે કમળો પ્રફુલ્લ કેમ ન બને? અર્થાત્ બને જ. અતિ પ્રચંડ સૂર્યનાં કિરણોદ્વારા પાણી અત્યંત નિર્મળ સ્વચ્છ બન્યું છે અને પાણીદ્વારા પ્રગટેલો રસ્તાનો કાદવ સૂર્યના કિરણોવડે સૂકાઈ ગયો છે-નાશ પામ્યો છે. પૂર્વે મેઘના ઉદયકાળે જે નદીઓ પાણીની પુષ્કળતાથી વિશાળ બની હતી તે નદીઓ અત્યારે આકાશપથમાંથી મેઘના ચાલ્યા જવાથી તેના વિયોગના કારણે કૃશ—પાતળી બની ગઈ છે-અલ્પ પ્રવાહવાળી બની ગઈ છે. (શરદ્ ઋતુમાં નદીઓમાં થોડું પાણી રહે છે). રસ્તે જતાં વટેમાર્ગુને રોકવાને મેઘરાજે પોતાની આજ્ઞા જેવા જળપ્રવાહો પૃથ્વી પર વહેવરાવ્યા હતા તે પ્રવાહો પણ મેઘના અભાવમાં ક્ષીણ થઈ ગયા છે; કારણ કે આ જગતમાં **વ્યવસાયી પ્રાણીઓ જ આબાદ રહે છે.**

આ પ્રમાણે સાંભળીને 'આ મંગળપાઠકે મારા પ્રયાણનો અવસર જણાવ્યો છે' એમ વિચારીને ધનસાર્થવાહે પ્રયાણ કરવા માટે ભેરી વગડાવી એટલે અચાનક આકાશપ્રદેશને પૂરી દેતો ભેરી નાદ સાંભળીને, નવીન મેઘનો શબ્દ સાંભળીને, હંસસમૂહની જેમ પોતાના સ્થાને જવાને ઉત્કંઠાવાળા સાર્થે વેગથી પ્રયાણ કર્યું. અસંખ્ય ભમરાઓથી વીંટળાયેલ કમળની ગંધથી જેમ પ્રભાતકાળનો વાયુ દીપી નીકળે તેમ સાધુસમુદાયથી પરિવરેલા ને મધ્યમાં ચાલતા ધર્મઘોષસૂરિથી તે સાર્થ શોભવા લાગ્યો. જેમ સાધુપુરુષ દાન, શીલ, તપ ને ભાવ આ ચારે પ્રકારના ધર્મવડે પોતાના વ્રતની રક્ષા કરતાં સંસારસમુદ્રને તરી જાય તેમ પાછળ, આગળ અને બન્ને બાજુએ-એમ ચારે દિશામાં સાર્થનું રક્ષણ કરતો સાર્થવાહ તે અટવી ઓળંગી ગયો. સંસાર સરખી અટવીનું ઉલ્લંઘન કરીને આત્મા જેમ સંયમનું સન્માન કરીને પરમપદનું સેવન કરે તેમ હર્ષ ભરપૂર હૃદયવાળા ધર્મઘોષસૂરિએ ધનસાર્થવાહને ધન્યવાદ આપીને અન્યત્ર વિહાર કર્યો. બાદ પોતાના ધર્માચાર્યનું સ્મરણ કરતો, સન્માર્ગગામી અને અપ્રમાદી શિષ્ય સમૂહ જેમ થોડા દિવસમાં ગુણરાશિને પ્રાપ્ત કરે તેમ ધર્મઘોષસૂરિનું હૃદયમાં સ્મરણ કરતો, સરલ માર્ગે ચાલતો અને અપ્રમત્ત એવો ધનસાર્થવાહ થોડા દિવસો બાદ **વસંતપુર** નગરે પહોંચી ગયો. જેમ મુનિજનને અન્નદાન આપીને પુણ્ય પ્રાપ્ત કરાય તેમ સાર્થના વ્યાપારીવર્ગે અલ્પ મૂલ્યવાળાં કરિયાણાં વેચીને તેના બદલામાં ભવિષ્યમાં ઘણું મૂલ્ય પ્રાપ્ત થાય તેવા કરિયાણાંને ગ્રહણ કર્યાં-ખરીદ્યાં. જેમ શિષ્ય સદ્ગુરુ પાસેથી ગંભીર—ગૂઢ અર્થવાળા શાસ્ત્રને શીખીને મુક્તિપદને પ્રાપ્ત કરે તેમ તે ધનસાર્થવાહ મહામૂલ્યવાન વસ્તુઓનો સંગ્રહ કરીને, વસંતપુર નગરેથી પ્રયાણ કરતો પુનઃ **ક્ષિતિપ્રતિષ્ઠિત** નગરે-સ્વપુરે આવી પહોંચ્યો. જેમ દ્રવ્યદ્વારા સ્વાધીન કરાયેલા તેમ જ વિઘ્નો—કષ્ટોથી રક્ષણ કરાયેલા મિત્રો અવસરે લાભકર્ત્તા-મદદકર્ત્તા બને છે તેમ દ્રવ્યથી ખરીદાયેલા અને સંકટોથી બચાવાયેલા-રક્ષણ કરાયેલા

કરિયાણાંઓ યોગ્ય સમયે ધનસાર્થવાહને અતીવ લાભપ્રદ બન્યાં. બાદ ધનસાર્થવાહે સુપાત્ર દાન દેવાવડે કરીને પોતાની લક્ષ્મીને સાર્થક કરી, શ્રી વીતરાગ પરમાત્માના સ્મરણથી ચિત્તને પવિત્ર કર્યું અને જૈનધર્મ પ્રત્યેના દૃઢ અનુરાગથી પોતાના જન્મની પણ સાર્થકતા કરી.

**બીજો યુગલિક ભવ—**

પછી પોતાનું આયુષ્ય પૂર્ણ કરીને, મૃત્યુ પામીને ધનસાર્થવાહનો જીવ **ઉત્તરકુરુ** ક્ષેત્રમાં જંબૂવૃક્ષની પૂર્વ દિશામાં **સીતા** નદીના ઉત્તર કિનારે યુગલિયારૂપે ઉત્પન્ન થયો. તે યુગલિયા ત્રણ દિવસે આહાર લેનારા, ત્રણ ગાઉ પ્રમાણ શરીરવાળા અને પીઠ ભાગમાં બસો છપ્પન કરંડ (પાંસળી)ને ધારણ કરનારા હોય છે. વળી તે ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા, મમત્વ રહિત, અલ્પકષાયી તેમ જ **મદ્યાંગ** પ્રમુખ દશ કલ્પવૃક્ષોદ્વારા પોતાના મનોરથને પૂર્ણ કરનારા હોય છે. પોતાના આયુષ્યના પ્રાંતભાગમાં એક જ વાર જન્મ આપીને, પોતાના યુગલનું ઓગણપચાશ દિવસ પર્યન્ત પરિપાલન કરીને, મૃત્યુ પામીને યુગલિયાઓ દેવ તરીકે ઉત્પન્ન થાય છે. આ પૃથ્વીપીઠ ઉપર સુંદર ઉત્તરકુરુ ક્ષેત્રમાં નિરન્તર વાલુકા શર્કરા (સાકર) જેવી સ્વાદિષ્ટ હોય છે અને શરદ્ ઋતુના ચંદ્રની કાન્તિ જેવાં નિર્મળ જળવાળાં સરોવરો હોય છે. નૈસર્ગિક શોભાને ધારણ કરતો, નંદન વનની શોભાને તિરસ્કારી કાઢતો ત્યાંનો મનોહર ભૂમિપ્રદેશ આનંદ અર્પે છે અને કલ્પવૃક્ષો ઇચ્છિત વસ્તુઓને પૂર્ણ કરે છે. આ ક્ષેત્રમાં મદ્યાંગ વિગેરે દશ પ્રકારનાં કલ્પવૃક્ષો યુગલિકોની વાંછાને પરિપૂર્ણ કરે છે. (૧) **મદ્યાંગ** નામનાં કલ્પવૃક્ષો પ્રિયાના અધરપાન જેવા સ્વાદિષ્ટ તથા અમૃતના જેવા નિર્મળ મદ્યને આપે છે. (૨) **ભૃંગ** જાતિનાં કલ્પવૃક્ષો હૃદયને હર્ષ ઉપજાવનારાં મણિનાં પાત્રો આપે છે. (૩) **તૂર્યાંગ** નામના કલ્પવૃક્ષો વિધવિધ જાતનાં આલાપવાળાં વાજીંત્રો આપે છે. (૪-૫) **જ્યોતિષ્ક** અને **દીપશિખા** નામનાં કલ્પવૃક્ષો સેંકડો દીવાઓના પ્રકાશથી પણ અધિક પ્રભા આપે છે. (૬) **ચિત્રાંગ** નામનાં કલ્પવૃક્ષો આનંદી ભમરાઓની શ્રેણીયુક્ત અને ફૂલોથી મનોહર માળાને આપે છે. (૭) **ચિત્રરસ** નામનાં કલ્પવૃક્ષો વિધવિધ જાતના સુંદર રસવાળું ભોજન આપે છે. (૮) **મણ્યંગક** નામનાં કલ્પવૃક્ષો દૂષણ રહિત શ્રેષ્ઠ મણિઓના અલંકારો આપે છે. (૯) **ગેહાકાર** નામના કલ્પવૃક્ષો અંધકારને હણનાર રત્નમયગૃહ આપે છે અને (૧૦) **અનગ્ન** નામના કલ્પવૃક્ષો અતીવ હર્ષદાયક અને સર્વ ઋતુને અનુકૂળ વસ્ત્રો આપે છે.

ઉપર વર્ણવાયેલાં દશ પ્રકારનાં કલ્પવૃક્ષો આ સિવાયના બીજા પણ પદાર્થો આપે છે. આ દશ કલ્પવૃક્ષો સિવાય બધી ઇચ્છિત વસ્તુઓની પરિપૂર્તિ કરનારાં બીજાં પણ કલ્પવૃક્ષો હોય છે. પુષ્કળ કલ્પવૃક્ષો દ્વારા અભિલષિત મનોરથોને પૂર્ણ કરતો ધનસાર્થવાહનો જીવ મુનિદાનના પ્રભાવે પ્રાપ્ત થયેલ વિષયસુખને ભોગવવા લાગ્યો.

## (પ્રભુનો આગલો) ત્રીજો દેવભવ–

કાલક્રમે પૂર્વભવમાં સુપાત્રદાન દેવાથી પ્રગટેલ પુણ્યરાશિવાળા ધનસાર્થવાહનો જીવ યુગલિયાનું આયુષ્ય પૂર્ણ કરીને સૌધર્મ દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયો. આ ધર્મવીરે ધનસાર્થવાહના ભવમાં ધર્મઘોષસૂરિવરની દેશનાદ્વારા જે ધર્મનું પોષણ કર્યું હતું, તે જ ધર્મદ્વારા પ્રાપ્ત થએલ દેવપણાને મેળવી દેવાંગનાઓ સાથે ભોગવિલાસમાં રક્ત બનીને તે સુખપૂર્વક રહેવા લાગ્યો.

* * *

સુવર્ણ સરખી કાન્તિવાળા, અજ્ઞાનરૂપી અંધકારથી પરાજિત નહીં થયેલા **શ્રી ઋષભદેવ** પરમાત્મા તમારી સમૃદ્ધિને વિસ્તારો, જે ઋષભદેવસ્વામીરૂપી દીપકનો આશ્રય લઈને આ જગતમાં કઈ વ્યક્તિઓ પ્રકાશ પ્રાપ્ત નથી કરતી? અર્થાત્ જે કોઈ તેમનું અવલંબન લે છે તે અવશ્ય આત્મ–પ્રકાશ પ્રાપ્ત કરે છે. હે લક્ષ્મીના મંદિરરૂપ **પદ્મમંત્રી** ! કલિકાળરૂપી ભયંકર સર્પના મુખમાંથી નીકળતા મિથ્યાત્વરૂપી ઝેરથી મૂર્ચ્છિત થયેલ આ **ધર્મ** તારા પુનિત સદ્વર્તનરૂપી મનોહર અમૃતવર્ષાથી પુનઃ સજીવન થયો છે.

**સર્ગ બીજો સમાપ્ત.**



# સર્ગ ત્રીજો

## શ્રી ઋષભદેવપ્રભુનો ચોથો ભવ : મહાબલ રાજા.

તેર પ્રકારનાં *ક્રિયાસ્થાનોથી રહિત, તેરમે ભવે તીર્થંકર થયેલા અને ચૌદમે ગુણસ્થાનકે❀ પહોંચેલા **શ્રી ઋષભદેવ જિનેશ્વર** તમારા કલ્યાણને માટે થાઓ!

પશ્ચિમ મહાવિદેહમાં સમૃદ્ધિસંપન્ન **ગંધીલાવતી** નામની વિજય છે. ત્યાં આગળ પૃથ્વીરૂપી સ્ત્રીનાં શ્રેષ્ઠ આભૂષણરૂપ **વૈતાઢ્ય** નામનો પર્વત છે. દેવ અને દાનવોથી સેવાયેલ ચરણકમળવાળા યોગીની જેમ યોગારૂઢ થયો હોય તેમ તે વૈતાઢ્ય પર્વત સ્થિર ઊભો છે, અને પોતાના શિખરના અગ્રભાગ પર રહેલા મણિઓના મિષથી અંધકારનો નાશ કરીને પ્રકાશિત તેજ:પુંજને ધારણ કરી રહ્યો છે. અનંત પરાક્રમી, શ્રેષ્ઠ મનોરથવાળો, સ્થિરતા ગુણયુક્ત, દૃઢ મનવાળો, ગૂઢાશયવાળો રાજા જેમ પોતાના પ્રતાપવડે સૂર્ય કરતાં પણ અધિક તેજસ્વી બને તેમ અનંત પ્રાણીગણથી યુક્ત, અત્યંત ઊંચો, સ્થિર, અત્યંત ઊંડો અને રત્નરાશિના પ્રકાશથી તે વૈતાઢ્ય પર્વત સૂર્યને પણ જીતી લે છે. જેમ ફળાદિદ્વારા પાલન–પોષણ કરનારા પિતાના ઉત્સંગ–ખોળામાં રહેલ, સરલ સ્વભાવી તેમ જ હર્ષયુક્ત પુત્ર જેમ અંશ માત્ર પણ દુ:ખને અનુભવતો નથી તેમ ધન–ધાન્યથી પરિપૂર્ણ ગંધીલાવતી વિજયમાં આવેલ, સરલ પ્રકૃતિવાન જનસમૂહથી વ્યાપ્ત અને આનંદદાયક **ગંધાર** નામનો દેશ ક્લેશ–કંકાસનો લેશમાત્ર અનુભવ કરતો નથી તેથી દેશમાં સર્વ જન સુખી જ છે. પુષ્કળ મનોહર ગામોદ્વારા, પુષ્કળ પાણીથી ભરપૂર અને સુંદર ચક્રવાકોથી વ્યાપ્ત, સરોવરની શોભાથી જીતાયેલ દુષ્કાળરૂપી શત્રુ પ્રત્યે તે ગંધાર દેશના વિભાગો રેંટદ્વારા થતાં ધ્વનિવડે મોટો કોલાહલ કરી રહ્યા હોવાથી દુષ્કાળ તે દેશમાં ડોકિયું પણ કરી શકતો નહિ અર્થાત્ તે દેશમાં દુષ્કાળ પડતો જ નહિ.

---

* ૧. અર્થદંડ, ૨. અનર્થદંડ, ૩. હિંસાદંડ, ૪. અકસ્માત્‌દંડ, ૫. દૃષ્ટિવિપર્યાસિકદંડ અથવા દૃષ્ટિવિપર્યાસિતદંડ, ૬. મૃષાવાદ પ્રત્યય, ૭. અદત્તાદાન પ્રત્યય, ૮. આધ્યાત્મિકી, ૯. માન પ્રત્યય (વૃત્તિ), ૧૦. મિત્રદ્વેષ પ્રત્યય, ૧૧. માયા પ્રત્યય, ૧૨. લોભ પ્રત્યય, ૧૩. ઐર્યાપથિકી–આ તેર પ્રકારની ક્રિયા કહેલી છે.

❀ ૧. મિથ્યાત્વ, ૨. સાસ્વાદન, ૩. મિશ્ર, ૪. અવિરતિ સમ્યગ્દૃષ્ટિ, ૫. દેશવિરતિ, ૬. પ્રમત્ત, ૭. અપ્રમત્ત, ૮. અપૂર્વકરણ, ૯. અનિવૃત્તિ, ૧૦. સૂક્ષ્મસંપરાય, ૧૧. ઉપશાંતમોહ, ૧૨. ક્ષીણમોહ, ૧૩. સયોગીકેવળી અને ૧૪. અયોગીકેવળી. આ પ્રમાણે ચૌદ ગુણસ્થાનકો કહેવાય છે.

**ગંધસમૃદ્ધક નગરનું વર્ણન–**

તે ગંધીલાવતી વિજયમાં સમૃદ્ધિવડે અમરાવતીને પણ પરાભવ પમાડનાર **ગંધસમૃદ્ધક** નામનું નગર આવેલ છે. તે નગરમાં લલનાઓના મુખનો આશ્રય કરીને રહેલ કમળોની શોભાએ પોતાના વિરોધી ચંદ્રને જીતી લીધેલ છે. વળી રાત્રિઓને વિષે વિશાળ પ્રાસાદતલ (અગાશી) પર પોતાની પ્રિયતમા સાથે ક્રીડા કરતાં કરતાં તૂટી ગયેલા હારનાં મોતીઓ, હરિત વર્ણવાળા મણિઓની સ્પર્ધા કરનાર નક્ષત્રગણના બહાનાથી, આકાશમાં પ્રતિબિંબિત થઈ ગયા. રાત્રિને વિષે આલિંગનના વેગને લીધે વીખરાઈ ગયેલ સ્ત્રીઓનાં હારના મણિઓ, પ્રાતઃકાળમાં (દાસીઓવડે થતી) સાફસૂફની ક્રિયાદ્વારા પ્રાસાદતલ પરથી ભૂમિ પર વેરાઈ જતાં, સૂર્યથી હાંકી કઢાયેલા નક્ષત્રગણની જેમ શોભી રહ્યા છે. રાત્રિઓને વિષે યુવાન પુરુષોનાં આલિંગનને લીધે તૂટી ગયેલા વિપુલ રત્નોથી યુક્ત ચંદ્રકાંત મણિના મંદિરોમાંથી વહેતા જળની નદીઓનું અવલંબન મેળવીને જ સમુદ્ર "**રત્નાકર**"ના બિરુદને તેમજ ભરતીને પ્રાપ્ત થયો હોય તેમ હું (કવિ) માનું છું. (ચંદ્રકિરણોને અંગે ચંદ્રકાંત મણિઓમાંથી પાણી સ્રવે છે, તે પાણીના પુરમાં સ્ત્રી–પુરુષનાં રત્નો તણાયાં અને સમુદ્રને જઈ મળ્યાં એટલે સમુદ્ર "રત્નાકર" કહેવાયો.) વળી આ નગરમાં યુવાનોની વચ્ચે રહેલા કામદેવને શંકર "આ કામદેવ કે આ કામદેવ" એમ ન જાણી શકે એમ વિચારીને અત્યંત ભયને કારણે કામદેવે આ નગરને પોતાનું નિરંતરનું નિવાસસ્થાન બનાવ્યું તેથી ગંધસમૃદ્ધક નગરમાં યુવાન પુરુષો કામદેવ સરખા સ્વરૂપવાન હતા કે જેથી શંકર સાચા કામદેવની શોધ પણ કરી શકે નહિ. તે નગરમાં ઊંચે ફરફરતી મંદિરોની ધ્વજાઓની ગાઢ કાંતિથી અને મણિકળશથી પ્રગટેલ પ્રભાના સમૂહથી મયૂરના કંઠ જેવું નીલ બનેલ આકાશ શોભી રહેલ છે. જડાએલા મોતીઓના મિષથી પાપસમૂહનો નાશ કરવા માટે પરિશ્રમદ્વારા પ્રગટેલ પરસેવાના બિંદુવાળો ચૈત્યસમુદાય પવનની ઈચ્છાથી ધ્વજાઓના બહાનાથી પોતાના દંડરૂપી ભુજાવડે વસ્ત્રના છેડાને ચલાવી રહેલ છે અર્થાત્ કે ધ્વજાઓ વાયુદ્વારા ફરફરી રહેલ છે. મહેલોમાં થતાં સંગીતના સાંભળવાથી વારંવાર દેખાતા સર્પસમૂહના કારણે આ પૃથ્વીતલ પર પાતાળના દ્વાર સરખા કૂવાઓ શોભતા નથી, અર્થાત્ તે નગરમાં સંગીતની ધૂન અહોનિશ ચાલુ જ રહેતી એટલે સર્પો કૂવામાંથી નીકળીને સંગીત સાંભળવામાં રક્ત રહેતા. અને તેને પરિણામે સર્પવિહોણા ઊંડા કૂવાઓ પણ શોભતા નહિ. ગમન કરતાં ગર્વીષ્ઠ હાથીઓના નિરંતર ઝરતા મદજળવડે સીંચાયેલ રાજમાર્ગની ભૂમિ તે હાથીઓના જ પાદપ્રહારથી બાંધેલી ભૂમિ જેવી બની ગઈ હતી. વળી રત્નમય ભૂમિ પર તાડન કરાયેલો સોનાનો દડો ખોવાઈ જવાથી તે ભૂમિ પર પ્રતિબિંબિત થયેલ અને સાથે સાથે વિચરતા સૂર્યને સોનાનો દડો માનીને દંડ–લાકડીઓથી મારતા બન્ને બાજુના શિશુગણો જયશાળી બન્યા અર્થાત્ કે કોઈ પરાભવ પામ્યું નહિ. (બાળવૃંદોના હરિફ બે પક્ષો ગેડી–દડાની રમત કરતા હતા તેવામાં દડો ખોવાઈ ગયો, પણ ભૂમિતળ રત્નનું

બાંધેલ હોવાથી સૂર્યનાં પડતા પ્રતિબિંબને દડો માની લઈ તેઓ લાકડીવડે તે પ્રતિબિંબને પોતપોતાની દિશામાં ખેંચી જવા પ્રયત્ન કરવા લાગ્યા પણ સૂર્ય તો બન્ને પક્ષોની વચ્ચે જ રહેવાથી કોઈપણ પક્ષ પરાભવ ન પામ્યો.) પુષ્કળ કાંતિના સમૂહથી નજરે નહીં દેખાતા અને સ્ફટિક રત્નથી નિર્માણ થએલા વિશાળ કિલ્લામાં પોતાના જ પ્રતિબિંબની સાથે યુદ્ધ કરીને ભગ્ન થતાં ખડ્ગવાળો શત્રુ હાથથી પ્રહાર કરતાં તે કિલ્લાને સમજી શકે છે અર્થાત્ અત્યંત રત્નોવડે પ્રકાશિત હોવાને કારણે દુશ્મન કિલ્લાને જાણી શકતો નથી પણ પોતાના પડતા પ્રતિબિંબને હરિફ સમજી લઈ તેના પર પ્રહાર કરે છે, પણ ખડ્ગ કિલ્લાની સ્ફટિકમય દીવાલ સાથે અથડાવાથી તૂટી જાય છે એટલે દુશ્મન પછી પોતાના હસ્તદ્વારા પ્રહાર કરવા જાય છે ત્યારે જ તેને કિલ્લાની દીવાલનું ભાન થાય છે. રત્નોના મહેલોમાં રહેનાર સજ્જન પુરુષનાં બન્ને નેત્રોને અંતઃકરણે સંપત્તિ—સમૃદ્ધિના અભિમાનદ્વારા અંધ ન બનાવ્યા તેથી તે બન્ને નેત્રોએ હૃદય પ્રત્યેના બહુમાનને લીધે (ઉપકાર બુદ્ધિને લીધે) પોતાનો જોવાનો વ્યાપાર તેને (અંતઃકરણને) સુપ્રત કરી દીધો અર્થાત્ આ નગરના સજ્જનો હૃદયચક્ષુવાળા—સારાસારના જ્ઞાતા હતા. આવા ગંધસમૃદ્ધક નગરમાં શત્રુઓના બળરૂપી મેઘને દૂર કરવામાં વાયુ સરખો, બલિષ્ઠ, મહાપરાક્રમી, નિર્ભય અને સમગ્ર વિદ્યાધરોમાં મુગટ સરખો **શતબળ** નામનો રાજા હતો. જિનેન્દ્રભક્ત આ રાજાના ઉદય પામેલા અતિ શ્વેત શ્રેષ્ઠ થશે, ઊંચા, ઉજ્જ્વળ અને સ્વેચ્છાએ વિચરતા વૃષભો દ્વારા શંકરનું પણ વિસ્મરણ કરાવ્યું. છેદેલા ઈન્દ્રમણિની કાંતિના જેવા શોભતા શતબળ રાજાના યશરૂપી ક્ષીરસાગરમાં તારાયુક્ત આકાશ, ઉછળતા ફીણયુક્ત જલથી શોભતા શેવાળસમૂહ જેવું બન્યું છે અર્થાત્ રાજાનો યશ આકાશ સુધી પહોંચ્યો હતો. દુશ્મોનોનો પરાભવ કરનાર તે શતબળ રાજાના પરાક્રમે, સમરાંગણમાં શત્રુઓને જીતવાને બાહુરૂપી સ્તંભદ્વારા તરવારના બહાનાથી જયપત્રને ધારણ કર્યું હોય તેમ લાગતું હતું. અધર્મના મર્મસ્થળને ભેદનાર શતબળ રાજાનું ધર્મકૃત્ય જોઈને ભયભીત બનેલા દેવ તથા મનુષ્ય સંબંધીના દુષ્ટ ઉપદ્રવો તે રાજાના દેશમાં રહેનારા જનવર્ગને દુઃખ આપી શકતા નહિ અર્થાત્ તે રાજાની પ્રજા સુખી હતી. તે શતબળ રાજાની **ચંદ્રકાન્તા** નામની સ્ત્રીએ તે રાજાની પૃથ્વીરૂપી સ્ત્રીના શોક્યપણાને ધારણ કર્યું, કે જેણીના મુખ ઉપર હંમેશાં કમળ જેવો વિકાસ હોઈને કમળની તથા ચંદ્ર જેવી શીતળતા હોઈને ચંદ્રની—એમ ઉભયની લક્ષ્મી વિલસતી હતી. હંમેશાં નિષ્પાપ, નૈસર્ગિક સ્નેહરસથી રમણીય અને સ્વામીના ચરણકમળના આશ્રયવાળા તે ચંદ્રકાન્તાના અંતઃકરણમાં સતીવ્રતરૂપી લક્ષ્મીએ સ્થાન જમાવ્યું હતું. સાત અંગથી મનોહર, છ ગુણોથી યુક્ત, મદોન્મત હસ્તીઓના વિસ્તારવાળી, હજારો વાહનો(રથાદિ) અને વિપુલ પાયદળથી મનોહર રાજનીતિની જેમ સર્વાંગ સુંદર, અનેક ગુણયુક્ત, મદોન્મત હાથીની જેવી ગતિવાળી, હજારો દાસદાસીઓ તથા વાહનોથી શોભતી તે ચંદ્રકાન્તા રાણી રાજાને અતિ પ્રિય હતી.

**ધનસાર્થવાહનો મહાબળ નામનો ચોથો ભવ–**

તે સમયે સૌધમ કલ્પથી ચ્યવેલો ધનસાર્થવાહનો જીવ તે શતબળ રાજાની રાણી ચંદ્રકાન્તા રાણીની કુક્ષીએ પુત્રપણે ઉત્પન્ન થયો, જેનું મહાબળ કુમાર નામ પાડવામાં આવ્યું. સમગ્ર કળાઓમાં પારંગત બનતો તે **મહાબળકુમાર** ચંદ્રની જેમ નેત્રને આનંદકારી બન્યો. ભૂતકાળમાં થયેલા, ભવિષ્યમાં થનારા અને વર્તમાનકાળે વિદ્યમાન પુરુષોના યૌવનને ઢાંકી દેતું, કામદેવને ક્રીડા કરવા માટે બગીચા સમાન અને જગત્ પર આધિપત્ય ભોગવતાં વિકારોને પોષનાર યૌવન અનુક્રમે તે કુમાર પામ્યો. જેમ શીખેલા શાસ્ત્રોમાં પરિશીલન, સેવેલા ધર્મમાં અનુમોદન, પ્રગટેલા ગુણોમાં નીતિ, દ્રવ્યપ્રાપ્તિમાં વિદ્વાન્ પુરુષની સેવા, સેવાતા સદાચારમાં સમ્યગ્દૃષ્ટિ તથા જાણેલા તત્ત્વોમાં આત્મવિચારણા વૃદ્ધિ પામે તેમ મહાબળ કુમારના અવયવોમાં યૌવન પૂર્ણ રીતે વિકાસ પામ્યું.

**મહાબળ કુમારના અવયવોનું વર્ણન–**

તેમના ચરણતળમાં સરખા, પછી ક્રમથી વધેલા અને કાચબાની માફક ઉન્નત બન્ને ચરણો, દરેક સમયે સુખની પ્રાપ્તિને અને મહિમાવંત જગતના ઐશ્વર્યને, એકી જ સાથે સૂચવતા હતા. નિરંતર ત્રણ ભુવનના જ્ઞાનથી ભરપૂર હૃદયના અધિક ભારને ધારણ કરવાથી કેસરીસિંહની સમાન તે કુમારે મધ્યભાગમાં કૃશતાને ધારણ કરી, અર્થાત્ કેશરીસિંહની સમાન તે કુમારની કટિ કૃશ હતી. જો તે મહાબળની છાતીની વિશાળતાનું સરસ્વતીદેવી વર્ણન કરી શકે તો તેની છાતીના મધ્યભાગમાં રહેલ મનરૂપી સૂક્ષ્મ કોટરમાં આકાશપ્રદેશ સુખપૂર્વક સ્થિર રહી શકે અર્થાત્ જેમ આકાશપ્રદેશ તેમના મનમાં સમાઈ શકે નહિ તેમ સરસ્વતી દેવી તેમની છાતીની વિશાળતાનું વર્ણન પણ કરી શકે નહિ. કલ્યાણરૂપી લક્ષ્મીના મંદિરરૂપ તેના વક્ષસ્થળ પર તોરણ બાંધવાના બે સ્તંભની શોભાને ધારણ કરતા બન્ને બાહુઓ તથા તે બન્ને ભુજારૂપી સ્તંભ ઉપર બે મંગળકુંભ સરખા માંસલ ખભા શોભતા હતા. દીર્ઘદર્શીપણાના કારણભૂત શાસ્ત્રશ્રવણના સામર્થ્યને પ્રાપ્ત કરવાને વિલસતા ભ્રમરયુક્ત પોયણા સરખાં મહાબળનાં બે લોચનો કર્ણ પર્યન્ત પહોંચીને અત્યંત શોભતાં હતાં અર્થાત્ તે મહાબળ કુમારના બન્ને નયનો કર્ણ પર્યન્ત દીર્ઘ હતાં. આ કુમારના સૌંદર્ય ગુણથી પરાભવ પામેલ કામદેવ તેનો દાસ બન્યો તેથી તેના પ્રત્યેના આજ્ઞાંકિતપણાને લઈને ઘણી સ્ત્રીઓ મહાબળ પ્રત્યે સ્નેહભાવવાળી બની હતી. પિતાની આજ્ઞાથી મહાબળકુમાર **વિનયવતી** નામની કન્યાને પરણ્યા અને રજ્જુથી બાંધેલ પતાકાવડે જેમ દેવમંદિરનો દંડ શોભે તેમ ગુણયુક્ત વિનયવતીથી મહાબળકુમાર શોભવા લાગ્યો.

**વિષયોની ત્યાજ્યતા–**

એકદા તત્ત્વજ્ઞાતાઓમાં શ્રેષ્ઠ, રાજાઓમાં મુખ્ય શતબળ ભૂપ અંતઃકરણમાં વિચારવા

લાગ્યો કે–"અહો ! મહામોહને વશ થયેલ પ્રાણી વૈરી એવા વિષયો પ્રત્યે પ્રીતિને ધારણ કરે છે. જેમ કુશિષ્યના સમૂહમાં ભક્તિનું દર્શન થતું નથી, કૃપણ માણસો પાસેથી દ્રવ્યની પ્રાપ્તિ થતી નથી, ઝાંઝવાનાં જળથી પિપાસા શાંત થતી નથી તેમ વિષયોદ્વારા પ્રાણીઓની સુખની ઈચ્છા પરિપૂર્ણ થતી નથી. પ્રથમના ત્રણ અસંભવિત છે. તેવી રીતે વિષયસેવનથી સુખની ઈચ્છા પણ નિષ્ફળ છે. જેવી રીતે માછીમાર માંસની પેશીવડે મત્સ્યોને, શિકારી સંગીતદ્વારા હરણોને, કસાઈ ઘાસના પૂળાવડે બકરાઓને, નિર્દય માનવી મધુર વાણીથી માણસોને, મૂર્ખ માણસ કુપથ્યદ્વારા રોગગ્રસ્તોને, અલ્પજ્ઞ મિથ્યા ઉપદેશથી ભદ્રિકજનોને દુઃખી કરે છે–પીડા ઉપજાવે છે તેમ મોહરાજા પણ શરૂઆતમાં રમણીય પરન્તુ પ્રાન્તે દુઃખદાયી વિષયોદ્વારા પ્રાણીઓને પીડે છે. ભોગથી નષ્ટ થયેલા ધનને જોઈને તેને ફરી વાર પ્રાપ્ત કરવા માટે પ્રાણી અનેક ઉપાયો કરે છે, પરન્તુ ધન–પ્રાપ્તિના હેતુરૂપ પુણ્યને સમજીને મૂઢ મનુષ્ય તે પુણ્યનું આચરણ કરતો નથી. જે શરીરને માટે નાશવંત દ્રવ્ય ઉપાર્જન કરે છે તે શરીર પણ સેંકડો વ્યાધિઓથી–ઉપદ્રવોથી ઘેરાયેલ છે, તેથી બુદ્ધિમાન પ્રાણીઓ તે ઉભયદ્વારા એટલે શરીર અને ધનદ્વારા નિરંતર ધર્મનું સેવન કરે છે. અરે ! સંસારરૂપી ચક્રમાં પરિભ્રમણ કરતાં પ્રાણીઓને માનવભવની પ્રાપ્તિ દુર્લભ છે. તે મનુષ્ય ભવની પ્રાપ્તિ થવા છતાં પણ આર્ય દેશ તથા સુકુળ–ઉત્તમ કુળની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે.* તેની પણ પ્રાપ્તિ થાય છતાં પણ અગાધ સંસારરૂપી સમુદ્રના પારને પામેલા જિનેશ્વરદેવની પ્રાપ્તિ થવી દુર્લભ છે. તે પ્રાપ્ત થવા છતાં સંસારરૂપી સમુદ્રમાં સેતુ સમાન અને ચારિત્રથી ઉજ્જવળ ગુરુઓ પણ મળવા મુશ્કેલ છે, તે મળવા છતાં પણ જીવાજીવાદિ નવ તત્ત્વોદ્વારા સમજણ આપનાર જિનવરભાષિત ધર્મ ખરેખર પુણ્યોદયને લીધે જ પ્રાપ્ત થાય છે. મારા મહાપુણ્યોદયને લીધે જ મને ઉપરની સઘળી સામગ્રી પ્રાપ્ત થઈ છે તો જો હું તેનું ફળ પ્રાપ્ત ન કરું તો મહાપ્રમાદના પ્રસંગથી મારો પુરુષાર્થ તેમ જ ચતુરાઈ વ્યર્થ જાય. અત્યારે યથાર્થ નામધારી મહાબળ કુમાર યૌવનવયને પ્રાપ્ત થયો છે તો તેને આ રાજગાદી સુપ્રત કરીને સ્પૃહા રહિત ચિત્તવાળો હું વ્રત ગ્રહણ કરું."

આ પ્રમાણે હૃદયથી નિશ્ચય કરીને હજારો વિદ્યાધરોથી યુક્ત અને બુદ્ધિમાન શતબળ રાજાએ રાજ્યને નહીં ઈચ્છતા, મહાબળકુમારને સમજાવીને પોતાના રાજ્ય પર સ્થાપન કર્યો. તેના રાજ્યાભિષેક સમયે પ્રવાહિત થયેલ અદ્ભુત જળરાશિથી આર્દ્ર બનેલ ભૂમિ શોભવા લાગી. વળી મહાન્ ભાગ્યયોગે મહાબળ રાજાને વલ્લભ તરીકે મેળવી શકાય તેમ વિચારીને જ પૃથ્વીમાં પણ સ્વેદજળદ્વારા આર્દ્રતા આવી. એટલે કે પ્રિયતમા પોતાના પ્રિયને મળે ત્યારે રોમાંચિત થઈ જાય તેમ પૃથ્વીરૂપી સ્ત્રી પોતાના સ્વામી તરીકે મહાબળ રાજાને મેળવીને આર્દ્ર–રોમાંચિત બની ગઈ. પ્રાણીઓને આનંદ આપનાર અને ચંદનથી લિપ્ત મહાબળનો ભાલપ્રદેશ શોભતો હતો. વળી તે ભાલપ્રદેશ રાજ્યલક્ષ્મીને બેસવાને માટે સુવર્ણપટ્ટરૂપી શ્વેત ગાદીવાળો

* આ હકીકત મૂળ ગ્રંથમાં નથી, પણ સંબંધની ખાતર ઉમેરવી પડી છે.

બન્યો હોય તેમ શોભે છે. રાજાઓને વિષે સૂર્ય સમાન મહાબળ રાજાનાં કિરણોથી મસ્તક પર રહેલ છત્ર વિકસિત થયું અને તે છત્રરૂપી કમળ રાજ્યલક્ષ્મીને નિત્ય વિલાસના મંદિરરૂપ બન્યું. રાજ્યલક્ષ્મી તથા વિજયલક્ષ્મીના પરસ્પર ફેંકાતા કટાક્ષની કાંતિનાં બે મંડળ સરખા, ચંદ્રનાં કિરણ જેવા નિર્મળ અને વીંઝાતા બન્ને ચામરો મહાબળની બંને બાજુએ શોભતા હતા. " દીર્ઘ સમયથી હૃદયમાં ધારી રાખેલ વ્યક્તિ જ તમારો ભર્ત્તા થયો છે" એમ દિશાઓને કહેવાને માટે મેઘગર્જના કરતાં પણ અતિ ગંભીર મંગળ દુંદુંભીનાદ બધી દિશાઓમાં વ્યાપી ગયો.

આ પ્રમાણે પોતાના પુત્રને સ્વસ્થાને સ્થાપીને સંસારથી અતિ ઉદ્વિગ્ન બનેલા શતબળરાજાએ આચાર્યવર્યના ચરણકમળમાં મોક્ષલક્ષ્મીના હેતુરૂપ ચારિત્ર હર્ષપૂર્વક અંગીકાર કર્યું. જે શતબળ રાજાએ વિશાળ અને મોહોત્પાદક અસંખ્ય વિષયો–દેશોનો ત્યાગ કર્યો તે રાજા પાંચ વિષયોનો ત્યાગ કરે તેથી મહાન્ પુરુષની વિસ્મયકારી સ્તુતિને પાત્ર કેમ બને? અર્થાત્ જે અસંખ્યનો ત્યાગ કરે તે પાંચ છોડી દે તેમાં કઈ શ્રેષ્ઠતા હતી? પરન્તુ કહેવાનો મતલબ એ છે કે અસંખ્ય દેશોનો ત્યાગ કરવો સુકર છે પણ પાંચ ઈન્દ્રિયોના વિષયોનો ત્યાગ કરવો મુશ્કેલ છે. શતબળ રાજાએ તે પાંચેનો ત્યાગ કર્યો હોવાથી તે ખરેખર જ સ્તુતિને પાત્ર છે. તે રાજર્ષિને વરવા માટે આતુર બનેલ મોક્ષલક્ષ્મીવડે ફરમાવાયેલ **મહાહર્ષ, કરુણા, માધ્યસ્થ, મૈત્રી** અને **પ્રમોદ** ભાવના વડે ધ્યાનના નિધિરૂપ અંતઃકરણવાળા શતબળ રાજાને આવી મળ્યો અર્થાત્ શતબળ રાજાને ચારિત્ર–ગ્રહણથી અતીવ પ્રમોદ પ્રગટ્યો. બાદ શુભ ધ્યાનપરાયણ બનેલા શતદળ રાજર્ષિ લેશ માત્ર કલેશ ન પામતાં ઉગ્ર તપશ્ચર્યાદ્વારા પોતાનું આયુષ્ય પૂર્ણ કરીને દેવલોકમાં ગયા.

આ બાજુ પોતાના પિતાનું રાજ્ય પ્રાપ્ત કરીને બલીષ્ઠ તથા પરાક્રમી ખેચરો–વિદ્યાધરો વડે સેવાયેલ, વાસુદેવ સમાન વીર્યશાલી મહાબળ રાજા ઈન્દ્ર જેમ સ્વર્ગનો ભોગવટો કરે તેમ પૃથ્વી પર રાજ્ય કરવા લાગ્યા. પુણ્યના બહાનાથી રાજનીતિકુશળ મંત્રીઓદ્વારા, પરાક્રમી અંગરક્ષકોદ્વારા સેવિત દેહવાળો ને સમસ્ત અરિવર્ગનો પરાભવ કરનાર મહાબળ રાજા સદૈવ સ્વેચ્છાપૂર્વક સંસાર સંબંધી વૈષયિક સુખ ભોગવવા લાગ્યો. ચારે બાજુથી દેવાંગનાઓથી પરિવરેલ ઈંદ્ર જેમ મેરુપર્વતના રમણીય વનપ્રદેશમાં ક્રીડા કરે તેમ વલ્લભાઓથી વીંટળાયેલો મહાબળ રાજા વૈતાઢ્ય પર્વતની વનવાટિકાઓમાં નિરંતર ક્રીડા કરતો હતો.

**મહાબળરાજાની ક્રીડા–**

રાણીએ જાતે પુષ્પો ચૂંટીને ગુંથેલ, પ્રેમપૂર્વક રાજાના કંઠમાં આરોપણ કરેલ, તેમ જ ભમરાઓના ગુંજારવથી યુક્ત પુષ્પ–હારને ધારણ કરતો રાજા સાક્ષાત્ ધનુર્ધારી કામદેવ સરખો બન્યો. તે રાજાને જોવા માત્રથી જ સ્ત્રીઓના ચિત્તમાં કામદેવે સ્થાન લીધું, કારણ કે જે સ્થાનમાં સ્વામી દાખલ થવાના હોય તે સ્થાનને આજ્ઞાંકિત સેવકો અગાઉથી જ નીરખી લે છે–

તપાસી લે છે, અર્થાત્ મહાબળ રાજાનું એટલું બધું સુંદર રૂપ હતું કે તેને જોઈને સ્ત્રીસમૂહ ભાનભૂલો બની જતો. વળી રાજાવડે સ્વસ્વરૂપથી જીતાયેલ કામદેવ રાત્રિ–દિવસ તેમનો જ ઉપાસક બન્યો અને રાજાની અનુકૂળતા માટે ઉદ્યત થયેલા કામદેવે રમણીઓનાં ચિત્તને તેમના તરફ ઉત્સાહિત કર્યાં–આકર્ષ્યાં. કટાક્ષ સમૂહના તાડનદ્વારા ભયભીત બનવાને કારણે "શિથિલ હસ્તવાળો અને કામાન્વિત આ મારો ભર્ત્તા છે કે અન્ય કોઈ વ્યક્તિ છે" એમ શંકા કરતી કોઈ એક પ્રિયતમાએ પોતાના મુખને પાછું વાળીને–ફેરવીને પોતાની વેણી–બંધનમાં સજ્જ થયેલા તે મહાબળ રાજાને દીર્ઘકાળ પર્યન્ત પ્રેમરસ પાયો. અરસપરસના નિરીક્ષણમાં તલ્લીન બનવાને અંગે પ્રથમથી જ હાથમાંથી પડી ગયેલા નિર્માલ્ય પુષ્પોને નહીં જાણતાં રાજાએ તે ફૂલો પ્રિયાને આપ્યાં અને તે પ્રિયાએ પણ તેવાં નિર્માલ્ય પુષ્પોને સ્વીકારીને પોતાના મસ્તકે ચઢાવ્યાં અર્થાત્ એકબીજાં પરસ્પર એવાં લયલીન બન્યાં હતાં કે રાજા કેવાં પુષ્પો અર્પણ કરે છે અને રાણી કેવા પુષ્પો સ્વીકારે છે તેનું તેમને ભાન પણ રહ્યું નહીં. વળી પુષ્પોને વિષે નખપ્રહાર કરતા મહાબળરાજા પ્રત્યે કોઈ એક પ્રિયાએ ઈર્ષ્યા કરી અને પુષ્પ ચુંટવાથી બહાર નીકળેલા ભમરાએ રાણીના મુખરૂપી કમળનું ચુંબન કરવાથી રાજાએ તે ભ્રમરની પણ ઈર્ષ્યા કરી. (એટલે કે સ્ત્રીનાં અમુક અમુક અંગે સૂક્ષ્મ નખપ્રહાર થતાં તે ઉત્તેજિત થાય છે, તેવો નખપ્રહાર પોતાને કરવાને બદલે પુષ્પને કરવાથી પુષ્પને શોક્યરૂપ માનીને મહાબળ રાજાની કોઈ એક વલ્લભા તે પુષ્પની ઈર્ષ્યા કરવા લાગી અને પ્રિયાનું મુખચુંબન રાજાએ કરવું જોઈએ તેના બદલે ભમરાએ કરવાથી રાજા તે ભમર પ્રત્યે ઈર્ષ્યાળુ બન્યો. ઈર્ષ્યા દુર્ગુણ હોવા છતાં કાવ્યચમત્કૃતિથી કવિએ તેને સદ્ગુણ દર્શાવ્યો છે.) "હે સ્વામિન્! આ અત્યંત મનોહર પુષ્પ મને આપો!" એમ બોલતી કોઈ એક પ્રિયતમા ઊંચી આંગળી કરીને વેલ તરફ ઊંચા મુખવાળી બની તેવામાં છેતરવામાં પ્રવીણ મહાબળ રાજાએ તે પ્રિયાના અધરનું ચુંબન લઈ લીધું. વળી પરસ્પર પુષ્પ ફેંકતા પુષ્પના આઘાતથી પ્રિયાના અશ્રુ ઝરતાં ખુલ્લાં નેત્રને ફૂંક મારવાના મિષથી સ્વચ્છ વસ્ત્રવડે આચ્છાદિત કરીને કામાસક્ત રાજાએ પોતાની પ્રેમદાના અધરામૃતનું પાન કરી લીધું. વળી પુષ્પના ચુંટવાથી નજીકમાં આવેલા મધુકરને દૂર કરવાને માટે કોઈ એક ચપળ રમણી કંકણના ધ્વનિપૂર્વક સ્વહસ્તને આડો ન ધરતાં ભમરાના ભયને લીધે મહાબળ રાજાને ભેટી પડી. સૂર્યનાં ચપળ કિરણોની જેમ મંદ મંદ વાયુસમૂહથી નચાવાયેલા, સ્ત્રીજનના સ્પર્શથી પ્રમોદ પામેલા પુષ્પોની પરાગ વન મધ્યે શોભી નીકળી. દુશ્મનોના માન તથા બળને હણનાર તથા બલીષ્ઠ કામદેવરૂપી મદોન્મત્ત વરાહે પુષ્પમાંથી પ્રગટેલી ધૂળીથી વ્યાપ્ત, પરિશ્રમજન્ય પ્રસ્વેદથી કર્દમ (કાદવ) યુક્ત બનેલ સ્ત્રીઓના શરીરને વિષે દાખલ થઈને હર્ષ ધારણ કર્યો. (વરાહને કાદવ યુક્ત સરોવરમાં પડ્યા રહેવું અત્યંત પસંદ હોય છે તેથી કવિએ કામદેવરૂપી બરાહને સ્ત્રીઓના સ્વેદરૂપી સરોવરમાં રક્ત બનેલો દર્શાવ્યો છે.)

બાદ હાથણીઓથી વીંટળાયેલ હસ્તીની જેમ વિલાસ કરવામાં ઇંદ્ર સમાન, જળક્રીડા કરવાના કૌતુકવાળો અને રમણીય વલ્લભાઓથી વીંટળાયેલ મહાબળ રાજાએ ક્રીડાવાપીઓમાં હર્ષપૂર્વક જળક્રીડા કરી. લલનાવૃંદનાં ચરણ, હસ્ત, મુખ તથા આંખથી શરમાઈને જીતાવાને લીધે લજ્જિત થયેલ કમળોની શ્રેણી, મહાબલ રાજાની રાણીઓના નિતમ્બ પ્રદેશોવડે ઉછળેલા વાપીજળમાં ડૂબી ગઈ. તે સમયે નારીવર્ગદ્વારા એક જ સમયે ફેંકાયેલ કટાક્ષ સરખી સુવર્ણ પીચકારીઓના નિર્મળ જળથી ચારે તરફ વ્યાપ્ત બનેલ–ભીંજાએલ રાજા શોભવા લાગ્યો. બાદ રાજાવડે ફેંકાયેલા જળના આઘાતથી રમણીઓના સ્તનપ્રદેશ પરથી ઝરતી મનોહર પત્રરચના યુક્ત કસ્તૂરી હૃદયમાંથી આવિષ્કાર પામતાં શૃંગારરસની ઉપમાને યોગ્ય બની અર્થાત્ કસ્તૂરી ઝરતી ન હતી પણ જાણે શૃંગારરસ ઝરી જતો હોય તેવો ભાસ થતો હતો. આ જળક્રીડા પ્રસંગે રાજાને પોતા પ્રત્યે પાણી ફેંકવા માટે મના કરવામાં અસમર્થ કોઈએક ચતુર રમણીએ અંજલીદ્વારા પાણી ફેંકતા રાજાના વૃક્ષસ્થળમાં કપટપૂર્વક પોતાનું મુખરૂપી કમળ છુપાવી દીધું. વળી જળદ્વારા કપટકળામાં ચતુર સ્વામીને જીતવામાં અસમર્થ કોઈ એક પ્રમદાએ, ક્રોધાયમાન થયેલ રમણીની માફક પોતાનાં કઠિન સ્તનોના અગ્રભાગથી સ્વામીની છાતીમાં વારંવાર તાડન કર્યું. બાદ શ્વાસોશ્વાસની સુગંધથી આકર્ષાયેલ ભ્રમર યુક્ત આ કોઈ કમળ છે એમ માનીને સુંઘવાના બહાનાથી કંઠપર્યન્ત જળમાં ડુબેલી કોઈ એક પ્રિયતમાના મુખને તે પ્રેમી રાજાએ વારંવાર ચુંબી લીધું. આ પ્રમાણે દીર્ઘ સમય પર્યન્ત જળના પ્રક્ષેપથી વ્યાકુળ બનેલી કોઈ એક રમણીએ ક્ષણમાત્ર પોતાના મુખને વાંકું કર્યું છતાં જળને છાંટતા રસમુગ્ધ મહાબળ રાજા પોતે સ્પષ્ટ રીતે જોવા છતાં કર્ણના આભૂષણરૂપ કમળ અને પ્રિયાના મુખકમળ વચ્ચેનો તફાવત જાણી શક્યો નહિ. આ પ્રમાણે કર્ણ ઉપર રહેલ કમળને પ્રિયાનું મુખ સમજીને વારંવાર જળ છાંટતા મહાબળ રાજાને કમલિનીની પાછળ વારંવાર છુપાઈ જતી ને કુતુહલવાળી બીજી કોઈ એક પ્રમદાએ જળ–પ્રહારથી વ્યાકુળ બનાવી દીધો. બાદ જળકલ્લોલના સમૂહથી ઉછળતાં ફીણવાળાં જળથી શોભતો, તોડી નાખેલ કમળોનાં કેશરાંઓનાં અંકુરાઓને અંગે સ્ત્રીઓના નવીન હાવભાવદ્વારા પ્રસ્વેદ સહિત રોમાંચિત થયેલ મહાબળ રાજા શોભી ઊઠ્યો. જળક્રીડાદ્વારા સ્પષ્ટ થયેલ, રોમાંચિત શરીરમાં દેખાતા, તીક્ષ્ણ અર્ધચંદ્રાકૃતિ આયુધના સરખા રમણીય રમણીઓના નખક્ષતોથી કામદેવે જગતને જીતવા માટે પોતાનું અભિમાન પ્રગટાવ્યું–દર્શાવ્યું. અભિમાનપૂર્વક કામદેવે પોતાની ધનુષ્ય–બાણરૂપી સંપત્તિને ત્યજી દઈને નારીઓની શિથિલ વેણીમાંથી ખરી પડતાં પુષ્પોને અને ખસી જતી માળાઓના મિષથી થતી ચેષ્ટાઓને જ પોતાના શસ્ત્રરૂપ બનાવ્યા. બાદ પોતાની પ્રભારૂપી પ્રિયતમા સાથે વિલાસ કરીને સૂર્ય આકાશપ્રદેશથી અસ્તાચળ પર ગયો ત્યારે યુવાન મહાબળ રાજા પણ પોતાની પ્રિયાઓ સાથે જળક્રીડા કરીને સરોવરમાંથી બહાર આવ્યો.

બાદ યોગીની જેમ ત્રણ પ્રકારના વાજીંત્રને જાણનાર, લયમાં આસક્ત અંતઃકરણવાળા અને શ્રેષ્ઠ આનંદરસમાં મગ્ન મહાબળ રાજા નિરંતર સંગીતદ્વારા પસાર થયેલા દીર્ઘ સમયને પણ સમજી શક્યો નહિ. કમનીય કાન્તિવાળી, ઉત્તમ શરીરસૌંદર્યવાળો, ભાવોને જાણી લઈને નાચતી નર્તકીને જોઈને, યોગી જેમ જ્ઞાનદ્વારા શ્રેષ્ઠ શક્તિને—લબ્ધિઓને પ્રાપ્ત કરે તેમ તે રાજા આનંદિત બન્યો. રાજાના સદ્‌ભાગ્યથી વશીભૂત બનેલી વનદેવીઓએ સ્વેચ્છાપૂર્વક સુગંધી પુષ્પોદ્વારા અને મધુર ફળોદ્વારા તે મહાબળ રાજાને પુષ્કળ ભેટો ધરી. મુખથી જીતાયેલ ચંદ્ર અને પરાક્રમથી પરાભવ પામેલ પવન, રતિક્રીડાને અંગે શ્રમિત થયેલ રાજાની રાત્રિના સમયે અગાશીમાં શીતળતા અને સુગંધીના સમૂહદ્વારા ઉપાસના કરવા લાગ્યા. (કામદેવ) રતિ તથા પ્રીતિરૂપી બન્ને પ્રિયાને પ્રસન્ન રાખવાની પીડાને લીધે મહાબળરૂપે અવતરેલ તેમજ અનેક સ્ત્રીઓને વશ કરનાર કામદેવ સદૃશ તે રાજાની સ્ત્રીઓના હૃદયમાં પ્રવેશ કરીને કામદેવના મિષથી રતિ અને પ્રીતિ બન્ને મહાબળની જ સેવા કરવા લાગી.

ધનસાર્થવાહના ભવમાં દીધેલા સુપાત્રદાને અંગે ચોથા ભવ (મહાબળ રાજાના ભવ) સુધી અવિચ્છિન્નપણે ચાલ્યા આવતા પુણ્યસમૂહવડે વૃદ્ધિ પામેલા પાંચે ઇંદ્રિયોના વિષયો પરસ્પરની સ્પર્ધાપૂર્વક એકી જ વખતે તે રાજાને પ્રાપ્ત થયા. બાદ પ્રસન્ન થયેલ તે રાજાએ ધર્મની ઉપાસના કરવા માટે ઉદાસીન ભાવવાળા ઇંદ્રિયવિષયોનું દીર્ઘ સમય પર્યન્ત સેવન કર્યું તેથી "આપણો સ્વામી ધર્મ પ્રત્યે આસક્ત ન બનો" એમ વિચારીને તે વિષયોએ રાજાને ધર્મ કરવાનો અવસર પ્રાપ્ત થવા દીધો નહિ અર્થાત્ મહાબળ રાજા વિષયમાં અત્યંત રચ્યોપચ્યો રહેવા લાગ્યો. જગતના સ્વામીસ્વરૂપ **ધર્મ**ની કૃપાથી જ રાજાએ ઉત્તરોત્તર વિશેષ સુખ મેળવ્યું, પરન્તુ મોહથી ઘેરાયેલ રાજાએ હવે ધર્મનું નામ પણ યાદ કર્યું નહીં. જ્યારે મહાબળ રાજા સૌધર્મ દેવલોકથી ચ્યવીને આ પૃથ્વીપીઠ પર ઉપજ્યો ત્યારે સુધર્મસભા પણ અન્ય મનોહરરૂપ ધારણ કરીને ઉત્કંઠાપૂર્વક સ્વર્ગલોકથી આ પૃથ્વી પર આવી અને તે સભાને પૃથ્વીના ઇંદ્ર જેવા રાજાએ શોભાવી, અર્થાત્ મહાબળ રાજાની રાજસભા સૌધર્મ સભા જેવી રમણીય હતી. રાજાની બન્ને બાજુએ ચામર વીંઝતી બંને પ્રતિહારિણીઓ હાથમાં ફરતાં કંકણના ધ્વનિદ્વારા રાજાના મનોમંદિરમાં કંઈક નિદ્રાધીન બનેલ કામદેવને દિવસે પણ જાગૃત કરતી હતી. એકદા સર્વે સભ્યો મહાબળ રાજાને પ્રણામ કરીને પોતપોતાને સ્થાને બેઠા અને જેમ યોગી પુરુષો પોતાના ચિત્તને આત્મામાં જ નિયુક્ત કરે તેમ સર્વેએ પોતાના નેત્રોને રાજાના મુખ પ્રત્યે લગાડ્યાં અર્થાત્ સર્વે એક લક્ષથી રાજાને જ નીરખવા લાગ્યા. બાદ તે સભામાં બુદ્ધિનિધાન અને મંત્રીઓમાં શ્રેષ્ઠ **સ્વયંબુદ્ધ** નામના મંત્રીએ પ્રવેશ કર્યો, જ્યારે **સંભિન્નમતિ, શતમતિ** અને **મહામતિ** નામના બીજા ત્રણ મંત્રીઓ અગાઉથી જ રાજસભામાં હાજર હતા.

**સ્વયંબુદ્ધ મંત્રીની ધર્મ માટે મહાબળ રાજાને પ્રેરણા—**

સમ્યક્ત્વરૂપી સૂર્યના ઉદયવાળા, મોહરૂપી અંધકાર—રાશિનો નાશ કરનાર, મહામાત્યપદના અધિકારથી અત્યંત તેજસ્વી સ્વયંબુદ્ધ મંત્રી તે સમયે વિચારવા લાગ્યો કે— 'સમતા ગુણવાળા, નિરભિમાની, નિષ્કષાય ભાવવાળા અને સંતુષ્ટ ચિત્તવાળા પ્રાણીઓવડે તે તે પ્રકારના ગુણોદ્વારા પ્રગટેલા પુણ્યને લીધે જ રાજ્ય પ્રાપ્ત થાય છે; જ્યારે તે પુણ્ય સરખા મંત્રીવરોથી તે રાજ્યનું રક્ષણ કરાય છે. ઉત્તમ મંત્રીએ રાજ્યના સાત અંગનું હમેશાં રક્ષણ કરવું જોઈએ અને તેમાં પણ રાજાનું તો વિશેષ પ્રકારે રક્ષણ કરવું જોઈએ, કારણ કે દોરો તૂટી જવાથી હાર જેમ નિરર્થક બને છે તેમ રાજા વિનાનું રાજ્ય નિષ્ફળ બને છે. રાજાના પૂર્વજન્મના પુણ્યના પ્રતિનિધિરૂપ બનેલ પુરુષ મહામાત્યપદે નિયુક્ત થાય છે તો તેણે લાંચીયા—રૂશ્વતખોર અને સ્વાર્થપરાયણ કોઈ પણ અધિકારીની દોરવણીથી રાજાની ઉપેક્ષા કરવી જોઈએ નહિ. દીક્ષા સ્વીકારતી વખતે શતબળ રાજાએ મને વારંવાર સૂચવ્યું હતું કે— ' મહાબલીષ્ઠ વિષયોમાં મહાબળકુમાર મગ્ન ન બને તેવી રીતે તમારે કરવું.' ખરેખર ખેદની વાત છે કે મારા જોવા છતાં પણ ઇંદ્રિયોના વિષયોથી આકર્ષાયેલ મહાબળ રાજા કોઈપણ રીતે ચેતતો નથી. રાજાની આવી ઉપેક્ષા કરનાર મને ધિક્કાર હો ! જો રાજા વ્યસની (વિષયલુબ્ધ) હોય તો તે દોષ મંત્રીઓને કેમ નહિ ? જેમ આચાર્ય શિષ્યને સન્માર્ગે લઈ જાય તેમ મારે હવે આ રાજાને સમજાવીને સન્માર્ગે લઈ જવો જોઈએ. દોરડાંઓથી બંધાયેલ બળદની માફક ચતુર પુરુષો રાજાઓને જે રસ્તે લઈ જાય છે તે રસ્તે તેઓ ગમન કરે જ છે. જેમ જેમ સ્વામી-રાજા વિષયોથી જીતાય છે તેમ તેમ હલકા તુચ્છ અધિકારીઓની લક્ષ્મી વૃદ્ધિ પામે છે. ગ્રહોનો રાજા ચંદ્ર રાહુથી ગ્રસાય ત્યારે બીજા બધા ગ્રહ-નક્ષત્રો શું પ્રકાશતા નથી? જે લોકો રાજાની વિલાસપરાયણતાથી પોતાની આજીવિકા ચલાવનારા છે તે મારી નિંદા કરનારા બનશે પણ જ્યારે ખેતર ધાન્યથી પરિપૂર્ણ બને છે ત્યારે તે ધાન્યને ખાવાને ઇચ્છતાં પશુઓ તે ખેતરના રખેવાળની શું ઈર્ષ્યા નથી કરતા? તો હવે રાજાને ઉપદેશ દેવાને માટે હું જિનોક્ત વાણી સંભળાવું. ઊંદરોના ઉપદ્રવોથી ભય પામેલા પુરુષો શું મહેલોનો વસવાટ ત્યજી દે છે? અર્થાત્ ત્યજી દેતા નથી તો મારે પણ મારી નિંદા થવાના ભયથી મારી ફરજનો ત્યાગ કરવો જોઈએ નહિ." આ પ્રમાણે વિચારીને બુદ્ધિનિધાન સ્વયંબુદ્ધ મંત્રીએ પ્રતિબોધ કરવાને માટે રાજાને કહ્યું કે—" રાજ્યકુળનાં કલ્યાણને ચાહનારા મંત્રીઓએ રાજાને હિતકારી વચન સંભળાવવું જોઈએ. હે સ્વામિન્! આપની સેવામાં રાત્રિદિવસ રક્ત આ વિષયો આપને સ્વેચ્છાએ આવી મળ્યા છે તે જન્માંતરમાં—પૂર્વભવમાં કરેલા ધર્મનું જ ફળ છે. હે રાજન્! પૂર્વજન્મનું પુણ્ય પહોંચતું હોય ત્યાં સુધીમાં વિવેકી પુરુષોએ નવું પુણ્ય ઉપાર્જન કરી લેવું જોઈએ. મૂળ ધનનો નાશ કરનારને નવી ધનપ્રાપ્તિ ક્યાંથી થાય? અથવા તો બીજને જ ખાઈ જનારને ધાન્ય-પ્રાપ્તિ કેવી રીતે થાય? હે સ્વામિન્ ! જેમ કાષ્ઠોથી અગ્નિ, જળરાશિથી સાગર અને પવનથી આકાશ કદી તૃપ્ત

થતું નથી તેમ અસંખ્ય કાળથી ભોગવાતા ને હૃદયને આકર્ષતા ઇંદ્રિયોના વિષયોથી આ આત્મા કદી પણ તૃપ્ત થતો જ નથી. સ્ત્રી એ વિષયોની અધિષ્ઠાત્રી છે, અને તેમાં જે અત્યંત આસક્ત બને છે તે ધર્મ, અર્થ અને મોક્ષનો નાશ કરવામાં નિમિત્તભૂત વિષયોમાં સ્પષ્ટ વૈરાગ્ય ધારી શકતો નથી—વિષયથી વિમુખ બની શકતો નથી. ભુજા, કર્ણ અને કેશરૂપી મજબૂત પાશોવડે બાંધીને નારી, ભીલડીની માફક કામદેવરૂપી શીકારીને ભોળા સંસારી જીવો વધને માટે અર્પણ કરી દે છે. મનરૂપી ગંધહસ્તીને બાંધવા માટે નારી એ દોરડા સમાન છે માટે તમે તેનો દૂરથી જ ત્યાગ કરો; કારણ કે વિશાળ નાભિરૂપી ગર્તા (ખાડા)ને જોવા માત્રથી જ શીઘ્ર પતન થાય છે. ધર્મ, અર્થ (ધન)ને આપે છે અને ધન કામને ઉત્પન્ન કરે છે, જ્યારે તે જ કામ પોતાના પિતા (ધન) અને પિતામહ (ધર્મ)નો નાશ કરે છે. જો કે કામ શરૂઆતમાં સુખનો આભાસ કરે છે પરન્તુ ભવિષ્યમાં દુઃખદાયી તે કામને સેવનાર ક્યાંથી કુશળ રહે? ધર્મ, ભવોભવને વિષે વિધવિધ પ્રકારના રાજા, ચક્રવર્ત્તી તેમ જ વાસુદેવપણારૂપી વૈભવોને અર્પે છે. વિશેષ બોલવાથી શું? આ ધર્મ અલ્પ કાળમાં તીર્થંકરપણાની લક્ષ્મીને પણ અર્પે છે, તો હે રાજન્! તમે તે ધર્મનું સેવન કરો અને ઉત્તમ પદની પ્રાપ્તિ માટે તમારી લક્ષ્મીનો સદુપયોગ કરો.''

**નાસ્તિક સંભિન્નમતિનું કથન—**

આ પ્રમાણે સ્વયંબુદ્ધ મંત્રીએ કહ્યા બાદ ગાઢ મિથ્યાત્વરૂપી અંધકારથી વાસિત મતિવાળો **સંભિન્નમતિ** નામનો બીજો મંત્રી, હૃદયપ્રદેશમાં વૃદ્ધિ પામેલ નાસ્તિકતારૂપી વિષવલ્લીની માંજર સરખી વાણી બોલ્યો કે—'' હે સ્વયંબુદ્ધ! આવી સદ્બુદ્ધિ તો તમારામાં જ સંભવી શકે! બીજામાં હોઈ શકે નહિ; કારણ કે સ્વામીને ભોગો ત્યજી દેવાનું જે તમે કહો છો તેવી નિષ્ઠુરતા તમોને કોણે શીખવી? ભોગોપભોગોમાં આસક્ત વ્યક્તિઓથી વીંટળાયેલા સ્વામીને ભોગોથી શા માટે અટકાવાય છે? હે વંશપરંપરાથી ચાલ્યા આવતા મંત્રી! સ્વામીને ભોગોથી પાછા હઠાવવા સંબંધી તમારા ઉપદેશથી આજે તમારી કુલીનતા જણાઈ આવી છે! આ ભવ સંબંધી ભોગોનો ત્યાગ કરીને પરલોકની ઇચ્છાથી જે પ્રયાસ કરવામાં આવે છે તે, ખરેખર આશ્ચર્યની વાત છે કે, હાથમાં રહેલા સાક્ષાત્ ફળનો ત્યાગ કરીને સ્વપ્નમાં અનુભવેલ ફળની પ્રાપ્તિની ઇચ્છા કરવા જેવું છે.

**સંભિન્નમતિનો ધર્મ, અધર્મ અને પરલોક સંબંધે અપલાપ—**

પ્રાણીઓ પરલોકમાં સુખ આપનાર ધર્મને આચરે છે, પરન્તુ પરલોક જ નથી. પરલોકમાં જનારા આત્માના અભાવને અંગે પુણ્ય અને પાપના ફળ કોણ ભોગવે? જેમ ગોળ, લોટ, ધાતકી (ધાતકી નામનું વૃક્ષ) અને જવના સંમિશ્રણથી મદિરા ઉત્પન્ન થાય છે તેમ પૃથ્વી, પાણી, તેજ અને વાયુ-એ ચાર પ્રકારનાં મહાભૂતોના સંચયથી શરીરને વિષે

આપમેળે જ ચેતનાનો પ્રાદુર્ભાવ થાય છે. શરીરથી ભિન્ન એવો કોઈ આત્મા જ નથી તો પછી પરલોકમાં કોણ જશે ? વળી આકાશના પુષ્પની માફક આત્માના અભાવમાં સુખ અને દુઃખના કારણભૂત ધર્મ અને અધર્મ પણ નથી. સ્નાન, વિલેપન, પુષ્પ, વસ્ત્ર, આભૂષણ, કર્પૂર, કૃષ્ણાગરુ આદિ પદાર્થોદ્વારા કોઈએક પત્થર પૂજાય છે તો તે પત્થરે ક્યું પુણ્ય ઉપાર્જન કર્યું ? વળી અન્ય પત્થર પર મનુષ્યો પગ મૂકીને મળ-મૂત્રનો ઉત્સર્ગ કરે છે, ચૂના માટે ભાંગે છે તેમ જ બાળે છે તો તે પત્થરે ક્યું પાપ કર્યું ? આ સંસારમાં પ્રાણીઓના જન્મ અને મરણ જો કર્મદ્વારા જ થતાં હોય તો જળના પરપોટાની ઉત્પત્તિ અને વિનાશ ક્યા કર્મના કારણે થાય છે તે તમો કહો. એકત્ર થયેલ ચારે મહાભૂતો (પૃથ્વી, પ્રાણી, તેજ ને વાયુ)ના સમૂહથી પ્રગટેલી ચેતના જ્યાંસુધી હયાત હોય છે ત્યાંસુધી આ પ્રાણી સ્વેચ્છાપૂર્વક વર્તે છે અર્થાત્ જીવંત રહે છે. ચેતનાનો વિનાશ થયા પછી પુનર્જન્મ જ નથી. જે લલનાઓ પોતાના શરીરના સુકુમાળપણા આદિ ગુણોદ્વારા શીરીષના ફૂલોને પણ કઠિન કહેવરાવે છે અર્થાત્ શીરીષના પુષ્પ કરતાં પણ કોમળ છે તેવા સ્ત્રીવૃંદ સાથે હંસોની રૂંવાટીની બનેલી શય્યામાં સૂનારા આપણા સ્વામી સ્વેચ્છાપૂર્વક સુખેથી ભલે ક્રિડા કરે. **(સ્પર્શેંદ્રિય)**. હે સ્વામિન્ ! રુચિ પ્રમાણે આપે અમૃત સરખાં ભોજનનો તથા પેય પદાર્થો વાપરવાં જોઈએ. હે રાજન્ ! આપની **રસજ્ઞા** (જિહ્વા) ભલે તેના નામને સાર્થક કરે. **(રસનેંદ્રિય)**. સ્વાર્થના વિનાશથી આપની મૂર્ખતા ન ગણાઓ. હે પુરુષશ્રેષ્ઠ ! આપ નિરન્તર છાતી તેમ જ મસ્તક પર ચંપક વિગેરેના પુષ્પસમૂહથી વિભૂષિત બનો તથા કર્પૂર, કૃષ્ણાગરુ અને કસ્તુરીની સુગંધથી સુવાસિત બનો. **(ઘ્રાણેંદ્રિય)**. હે પૃથ્વીપતિ ! નવીન પાંદડાઓ દ્વારા તમારા પ્રત્યે નવીન પ્રેમભાવને પ્રગટાવતાં બગીચાઓને તમે તમારી દૃષ્ટિદ્વારા નીહાળો અર્થાત્ આપ ઉપવનમાં સુખપૂર્વક વિલસો તેમ જ શૃંગારરસમાં ઓતપ્રોત બનેલ રમણીય નર્તિકાઓ યુક્ત ચિત્રવિચિત્ર ચિત્રશાળાઓનું આપ અવલોકન કરો અર્થાત્ રંગશાળાઓમાં આપ યથેચ્છ વિલાસ કરો. **(ચક્ષુઇંદ્રિય)** મૃદંગ, બંસી અને વીણાના ધ્વનિ-પુરસ્સર થતાં સંગીતમાં આપ લયલીન રહો, તેમ જ સમાગમને માટે આતુર નારીવર્ગની મનોહર વાણીદ્વારા તમારા કર્ણો આનંદ પામો. **(શ્રોત્રેંદ્રિય)**. (આ પ્રમાણે સંભિન્નમતિએ પાંચે ઇંદ્રિયોના ભોગો યથેચ્છ રીતે ભોગવવાની સલાહ આપી). હે પ્રભો ! ધર્મ નથી, અધર્મ નથી, તેનું ફળ-સુખ યા દુઃખ નથી, કોઈ કર્ત્તા નથી, કોઈ ભોક્તા નથી તેથી જ્યાં સુધી જીવાય ત્યાં સુધી પાંચે ઇંદ્રિયોનું સેવન કરવું જોઈએ. 'જે પ્રાણી મૃત્યુ પામે છે તે જ અન્ય જન્મમાં જન્મે છે તેવી જ રીતે પૂર્વભવની ચેતના તે પ્રાણીને અનુસરે છે' આવું તમારું (સ્વયંબુદ્ધનું) કથન બંધબેસતું નથી—ઉચિત નથી."

**નાસ્તિક મતનું ખંડન—**

સંભિન્નમતિએ આ પ્રમાણે કહ્યું ત્યારે સદ્‌બુદ્ધિરૂપી અમૃતના સાગર સરખો,

ધાર્મિકજનોમાં શિરોમણિ સ્વયંબુદ્ધ મંત્રી બોલ્યો કે–"આવી રીતે ધર્માધર્માદિનો અપલાપ કરતો, અન્ય આત્માને શત્રુરૂપ નાસ્તિક પુરુષ તેની વાણી સાંભળનારને અધોગામી-હલકી ગતિમાં જનાર બનાવે છે. હે સંભિન્નમતિ મંત્રી! જો તારા કહેવા પ્રમાણે સંપૂર્ણ શરીરમાં વ્યાપીને રહેલ આત્મા (ચાર) ભૂતસમુદાયથી ભિન્ન નથી જ તો ' હું સુખી છું અથવા દુઃખી છું ' એવી લાગણી નિરંતર કોને થાય છે તે તું જ કહે. સુખ–દુઃખ સ્વાનુભવથી જ જાણી શકાય તેવો તે આત્મા શાશ્વત છે. વિરોધ નહીં હોવાને કારણે શરીરથી ભિન્ન આત્માનો કોઈપણ વ્યક્તિ નિષેધ કરી શકશે નહિ. કોઈપણ વ્યક્તિને કોઈપણ કાળે ' હું સુખી યા દુઃખી છું.' એવા પ્રકારની પ્રગટતી સ્પષ્ટ લાગણી ભૂતસમૂહથી પણ ભિન્ન એવા આત્મા સિવાય બીજાને ઉદ્ભવતી જ નથી. સ્વાનુભવથી પોતાના દેહમાં આત્મા જાણી શકાય છે અને તેવા જ અનુમાનથી પારકાના શરીરમાં પણ જાણી શકાય છે. વળી બુદ્ધિપૂર્વકના વ્યવસાયવડે દરેક સ્થળે આત્માનું અનુમાન કરી શકાય છે. શરીરથી વિભિન્ન એવો આત્મા છે, તેથી શરીર અને આત્માની એકતા માનવી એકતા માનવી જોઈએ નહિ. આત્માયુક્ત આ દેહમાં કોઈ પણ સ્થળે ચેતના (ચાર મહાભૂતોથી ઉદ્ભવેલી ચેતના)ની પ્રાપ્તિ થતી નથી, તેથી ધર્મ તથા અધર્મનો કર્ત્તા આત્મા જ છે અને તેને પરિણામે ધર્માધર્મનાં શુભાશુભ ફળનો ભોક્તા પણ આત્મા જ છે. આ પ્રમાણે જ્યારે આત્માની સાબિતી થાય છે ત્યારે પરલોકની પણ સિદ્ધિ થાય છે. વળી જે પ્રાણી મૃત્યુ પામે છે તે જ પુનર્જન્મ ધારણ કરે છે. જેવી રીતે બાળવયમાંથી યુવાવસ્થામાં અને યુવાવસ્થામાંથી વૃદ્ધાવસ્થામાં ચેતના પ્રાણીને અનુસરે છે તેવી રીતે ફક્ત એકલી ચેતના જ પૂર્વજન્મથી આત્માને અનુસરે છે. જો પૂર્વજન્મની ચેતના પ્રાણીઓને અનુસરે નહિ તો તરતનું જન્મેલ બાળક માતાનું સ્તનપાન કેવી રીતે કરી શકે? અચેતન ભૂતસમુદાયથી કદી પણ ચેતના (આત્મા) સંભવી શકે નહિ જ; કારણ કે **આ જગતમાં કારણને અનુરૂપ જ કાર્ય બને છે.** (લીંબોળી વાવીએ તો લીંબડો જ થાય, કદાપિ કાળે આંબો થઈ શકે નહિ તેવી રીતે અચેતનમાંથી ચેતના ચૈતન્ય સ્વરૂપ આત્મા ઉદ્ભવી શકે જ નહિ). પૃથ્વીકાયાદિક ભૂતો પૈકી એકથી અથવા તે સર્વથી ચેતના ઉપજે એવા તમારા કથન પૈકી પહેલા પક્ષનું જો તમે સમર્થન કરતા હો તો એક-એક ભૂતના જેટલા જેટલા પરમાણુઓ હોય તેટલી તેટલી ચેતના કેમ પ્રગટતી નથી? અને જો બીજા પક્ષનું સમર્થન કરતા હો તો એટલે કે ચારે મહાભૂતોદ્વારા ચેતનાની ઉત્પતિ સ્વીકારતા હો તો ભિન્ન ભિન્ન સ્વભાવવાળા એ ચાર મહાભૂતોદ્વારા એક જ સ્વભાવવાળી ચેતનાની ઉત્પત્તિ કઈ રીતે સંભવી શકે? હવે હું તેના જુદા જુદા સ્વભાવને કહી બતાવું છું.

**પૃથ્વી**–સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ ચાર ગુણોને, **પાણી**–સ્પર્શ, રૂપ અને રસ એ ત્રણ ગુણોને, **અગ્નિ**–સ્પર્શ અને રૂપ એ બે ગુણોને તેમ જ **વાયુ**–માત્ર સ્પર્શ ગુણને જ ધારણ કરે છે–આવી રીતે તે દરેકની ભિન્નતા છે. જલાદિ મહાભૂતોમાંથી પૃથક સ્વરૂપવાળા મોતીઓની

ઉત્પત્તિ થતી જોવાતી હોવાથી પૃથ્વ્યાદિક ભૂતોદ્વારા હમેશાં ચેતનની ઉત્પત્તિ થાય છે, એમ જો તું કહેતો હોય તો તે યુક્તિપુરસ્સર—ઉચિત નથી; કારણ કે જળ અને મોતી વિગેરેમાં એક જ પુદ્ગલસ્વરૂપી શરીર છે તેને તું ભિન્ન—જુદા કેમ કહે છે? પુદ્ગલસ્વરૂપી પૃથ્વ્યાદિક ભૂતો અપુદ્ગલ એવા આત્માને કઈ રીતે પ્રગટાવી શકે? અચેતન ચૂર્ણ અને પાણીના સંયોગથી જેવી રીતે ચેતનારહિત મદશક્તિ ઉદ્ભવે છે તેવી રીતે ચાર ભૂતોથી ચેતના પ્રગટે છે એમ તું દૃષ્ટાન્ત આપતો હો તો તારું એ દૃષ્ટાન્ત આ વિષયમાં કઈ રીતે લાગુ પડી શકે? એક પથ્થર પૂજાય છે અને બીજો મળ-મૂત્ર વડે લેપાય છે એવું તારું કથન પણ મિથ્યા ખોટું છે; કારણ કે અચેતનમાં પુણ્ય અને પાપ હોતું જ નથી, તો પછી તેના ફળસ્વરૂપ સુખ અને દુઃખ ક્યાંથી હોઈ શકે? પરલોકગામી આ આત્મા શરીરથી જુદો છે અને તે જ રીતે પરલોકમાં જઈને તે રહે છે. તેનું શુભાશુભ કાર્ય નિર્ણીત થયેલું હોય છે. તેમ જ કરેલા કર્મનો ભોક્તા પણ આ આત્મા જ થાય છે. એક પાળો (પાયદળ સૈનિક) છે તો બીજો તેનો નાયક-સ્વામી છે, એક વાહનરૂપ છે તો અન્ય તેના પર આરોહણ કરે છે, એક યાચક છે તો બીજો દાતા છે, એક રક્ષણ કરવા યોગ્ય છે તો બીજો રખવાળ છે, એક દરિદ્રી છે તો બીજો ધનવાન છે, એક મૂર્ખ છે તો બીજો અદ્ભુત બુદ્ધિશાળી છે, એક કદરૂપો છે તો બીજો સુંદર સ્વરૂપવાળો છે, એક અત્યંત દુઃખી છે તો બીજો અત્યંત સુખી છે-આ પ્રમાણે આ સંસારમાં પાપ-પુણ્યના પ્રત્યક્ષ ફળને જોતો અને પોતાની જાતે અનુભવતો જો પુણ્ય, પાપ અને પરભવ વિગેરેને ન માને તો તે નરકગામી બને છે. હે સ્વામિન્! આવી મિથ્યાત્વીઓની વાણીને આદર ન આપો, સ્વચ્છંદ વિલાસ-વિહારને તિરસ્કારી કાઢો, પ્રૌઢ વિવેક દાખવો અને અત્યંત ઉજ્જ્વલ ધર્મકાર્યનું આચરણ કરો.''

**શતમતિ મંત્રીનું બૌદ્ધમત સંબંધી કથન—**

ત્યારબાદ **શતમતિ** નામનો ત્રીજો મંત્રી બોલ્યો કે—''આ જગતમાં વસ્તુઓને વિષે જણાતા ક્ષણભંગુર **જ્ઞાન** સિવાય બીજી કોઈ આત્મા જેવી વસ્તુ જ નથી. આવા જ્ઞાનને લીધે પ્રાણીઓની વિધવિધ પદાર્થોમાં સ્થિરબુદ્ધિરૂપી **વાસના** રહેલી હોય છે. આ વિષયમાં પહેલી અને બીજી ક્ષણમાં ઉત્પન્ન થયેલ જ્ઞાન માત્ર નિમિત્તભૂત છે. તે બંનેનું ઐક્ય હોઈ શકે નહિ અર્થાત્ જ્ઞાન ક્ષણે ક્ષણે નાશ પામે છે, વાસના ટકી રહે છે.'' આ પ્રમાણે બુદ્ધ મતની પુષ્ટિ કરનાર શતમતિ મંત્રી પ્રત્યે સ્વયંબુદ્ધ મંત્રીએ કહ્યું કે—

**ક્ષણિકવાદનો નિરાસ—**

''હે મંત્રી! તું ક્ષણિકવાદનો ત્યાગ કર. આ જગતમાં અન્વય (પરસ્પર સંબંધ) વિનાની વસ્તુઓ જો જોવાતી હોય તો નિમિત્તોના સમૂહરૂપ તૃણ (ઘાસ) અને પાણી વિગેરે પદાર્થોથી અમૃત સમાન દૂધ કઈ રીતે—ક્યાંથી સંભવી શકે? જો આ જગત ક્ષણિક હોય તો સ્થિરબુદ્ધિ

**વાસના**ને તે ક્ષણિકત્વ કેમ લાગુ ન પડે? જો તું સ્થિરબુદ્ધિવાસનાનું નિત્યપણું—શાશ્વતપણું સ્વીકારતો હો તો આ સકલ વિશ્વ ક્ષણભંગુર કેમ હોઈ શકે? તારા કથનાનુસાર જો પદાર્થો ક્ષણભંગુર જ હોય તો થાપણ મૂકેલ વસ્તુનું પાછા માગવાપણું રહેશે નહિ. વળી કોઈ વસ્તુનું સ્મરણ પણ ન થવું જોઈએ તેમ જ ઓળખાણ—પરિચય પણ ન હોઈ શકે. જન્મ પછીની બીજી ક્ષણે વસ્તુનો નાશ થવાનો સિદ્ધાન્ત માન્ય રાખીએ તો અન્ય ક્ષણમાં ઉત્પન્ન થયેલ પુત્ર તેના માતા-પિતાનો પુત્ર કેમ ગણી શકાય? તેવી જ રીતે તે પુત્રનાં તે માત-પિતા પણ કેમ ઘટી શકે? આવા સિદ્ધાન્તને અંગે સર્વ સ્થળે અવ્યવસ્થા પ્રવર્તશે અથવા તો જગત વ્યવહાર નભી શકશે નહિ. વિવાહ થયા બાદ ક્ષણે ક્ષણે નાશ પામતા પતિ-પત્નીના સંબંધમાં તે સ્ત્રીનો તે પતિ ઘટી શકશે નહિ અને તે પુરુષની તે પત્ની પણ ગણાશે નહિ.—આવી અસંગતતા ઉપજશે. વળી આ સંસારમાં જે કોઈ કંઈ પણ પુણ્યકર્મ કરે છે તે તમારા ક્ષણભંગુરપણાના સિદ્ધાન્તને અંગે નાશ પામેલો છે અને તેથી બીજો જ કોઈ તે કર્મનું ફળ ભોગવે છે એમ ઠરશે. આવી માન્યતાથી કરેલા કર્મનો નાશ થાય છે અને નહિ કરાયેલાની પ્રાપ્તિ થાય છે અર્થાત્ પુણ્ય કરનાર કોઈ અને તે કર્મનો ભોગવટો કરનાર પણ કોઈ એવી આશ્ચર્યકારક ઘટના ઉદ્ભવશે.''

**માયાવાદનું સ્થાપન—**

બાદ **મહામતિ** નામનો ચોથો મંત્રી બોલ્યો કે—''આ સંસારમાં વાસ્તવિક રીતે કંઈ પણ છે જ નહિ. ખરેખર એકલી માયા જ રહેલ છે. જોવાતું આ સમગ્ર ચરાચર વિશ્વ સ્વપ્ન ને ઇંદ્રજાળ સરખું જ છે. શિષ્ય-ગુરુ, પુણ્ય-પાપ, પિતા-પુત્ર, પતિ-પત્ની, પોતનો-પારકો, આવી જાતનું જે કંઈ ચાલે છે તે વ્યવહાર માત્ર છે; તાત્ત્વિક વસ્તુ નથી. કિનારા પર માંસને ત્યજી દઈને શિયાળ માછલાને પકડવાને માટે જલ્દી દોડ્યો, માછલું જલ્દી પાણીમાં પેસી ગયું અને આ બાજુ ગીધ માંસને ઉપાડી ગયું-આવી રીતે આ લોક સંબંધી વૈષયિક સુખને ત્યજી દઈને કઠોર તપશ્ચર્યા અને વ્રતાદિદ્વારા પરલોકની સુખશ્રેણી માટે જેઓ દોડે છે-પ્રયત્ન કરે છે તેઓ પોતાની જાતને છેતરે છે અને શિયાળની માફક ઉભય—ભ્રષ્ટ બને છે. પૃથ્વીનો નાશ થશે એવા ભયથી લાવક નામનું પક્ષી ધરતી પર એક જ પગ મૂકીને ચાલે છે. (લાવક પક્ષી એક પગે જ ચાલે છે, કારણ કે તે માને છે કે જો બીજો પગ મૂકીશ તો તેનો ભાર પૃથ્વી ઉપાડી શકશે નહિ અને પૃથ્વી રસાતળમાં ચાલી જશે.) આની માફક ધૂર્ત પુરુષોનાં વચનોવડે નરકની વેદનાના ભયથી ડરી ગયેલ પ્રાણી ઉત્કૃષ્ટ તપ વિગેરે કરે છે.''

**માયાવાદનો પ્રતિકાર—**

મહામતિએ આ પ્રમાણે કહ્યું એટલે સ્વયંબુદ્ધ બોલ્યો કે—''જો જગતમાં પદાર્થો મિથ્યા છે—અસત્ છે તો તે પદાર્થો પોતપોતાનું કાર્ય કેમ કરી શકે? જો આવા પ્રકારની માયા કાર્ય કરવામાં સમર્થ બનતી હોય તો પછી સ્વપ્નમાં જોયેલ હાથી કાર્ય કરનારો કેમ ન બને?

હે મહામતિ મંત્રી! વસ્તુઓને વિષે વાસ્તવિક કાર્ય–કારણભાવને જો તું સ્વીકારતો ન હો તો સર્પોથી તું શા માટે ભયભીત બને છે? અને શત્રુસમૂહથી શા માટે નાસી જાય છે? હે રાજન્! વિષયરસમાં આસક્ત, અસદ્ગતિના ભાજન અને જાતે ભ્રષ્ટ બનેલા આ વિતંડાવાદી વિદ્વાનો જનસમૂહને છેતરીને કષ્ટમાં પાડે છે–દુઃખી બનાવે છે. હે સ્વામિન્! મારા ગુણપાત્ર વિવેકનું અવલંબન લઈને મોહાંધકારરૂપી કૂપથી તારી જાતનો ઉદ્ધાર કર. વિષય–વિલાસનો ત્યાગ કર. ખરેખર હજુ પણ સમય વ્યતીત થઈ ગયો નથી. ધર્મ કરવાનો હજુ પણ અવસર છે." સ્વયંબુદ્ધના આવા બુદ્ધિકૌશલ્યથી જેમ કાદવને ઉત્પન્ન કરનાર ચોતરફ પ્રસરતા મેઘસમૂહને ગર્જારવથી જીતી લઈને ઉદય પામતા શરત્કાલને વિષે ચંદ્ર જેમ પ્રસન્નતાને ધારણ કરે તેમ રાજા સ્વયંબુદ્ધ મંત્રી પ્રત્યે પ્રસન્ન થયો.

**મહાબળ રાજાની શંકા–**

બાદ પ્રસન્ન દૃષ્ટિથી અમૃતને વર્ષાવતા મહાબળ રાજાએ સ્વયંબુદ્ધ મંત્રીને કહ્યું કે–"હે બુદ્ધિસાગર! અલ્પ બુદ્ધિવાળાઓનો તિરસ્કાર કરતાં તેં મારો અને ધર્મ–બન્નેનો ઉદ્ધાર કર્યો છે. જેનાથી સુખ પ્રાપ્ત થાય છે તે ધર્મ પ્રત્યે લેશમાત્ર પણ અનાદર કરવો ઉચિત નથી, પણ તરુણાવસ્થા યુક્ત સુંદર વયમાં ધર્મ–સેવાનો અવસર પસંદ પડતો નથી. વૃદ્ધિ પામેલા ઇંદ્રિયના વિષયોરૂપી વૃક્ષોની ગાઢ સમૃદ્ધિવાળા યુવાવસ્થારૂપી બગીચામાં ધર્મના પુત્ર અર્થથી પ્રગટેલ કામદેવ રતિ સાથે ક્રીડા કરતો હોઈને પિતામહસ્વરૂપ ધર્મ આત્મરૂપી બગીચામાં કઈ રીતે દાખલ થાય? અર્થાત્ કામનું સામ્રાજ્ય પ્રવર્તતું હોય ત્યાં ધર્મ થઈ શકતો નથી. મનોહર વિવેકાદિ ગુણવૃક્ષોથી વ્યાપ્ત, સંતોષરૂપી અમૃતની નદીઓથી ઘેરાયેલ અને પાપની શ્રેણીરૂપ શિકારી પશુઓને કષ્ટદાયક એવા વૃદ્ધાવસ્થારૂપી વનમાં ધર્મ પોતાનો વાસ કરો અથવા વૃદ્ધાવસ્થામાં જ ધર્મ કરવા લાયક છે. પરલોકમાં ધર્મના ફળની પ્રાપ્તિ થાય તે હકીકત સંદેહાસ્પદ છે તો પછી આ લોકમાં નવીન યુવાવસ્થામાં પ્રાપ્ત થયેલ પ્રત્યક્ષ ઐહિક સુખનો તું શા માટે નિષેધ કરે છે?"

**શંકાનું નિરસન–**

આ પ્રમાણે મહાબળ રાજા બોલ્યો એટલે બુદ્ધિમાન સ્વયંબુદ્ધ મંત્રીએ અંજલિ જોડીને રાજાને કહ્યું કે–"હે સ્વામિન્! અવશ્ય પ્રાપ્ત થનાર ધર્મજન્ય ફળને માટે તમારા હૃદયમાં શંકા લાવો નહિ. બાલવયમાં બનેલી બીના શું આપને યાદ આવતી નથી? એકદા આપણે બન્ને નંદનવનને વિષે ગયા હતા ત્યારે તે વનમાં એક કાન્તિમાન દેવને જોયો હતો. પ્રસન્ન થયેલા તે દેવે આપને આદરપૂર્વક કહ્યું હતું કે–'હે મહાબળ! તું મારો પૌત્ર છો. હું **અતિબળ** નામનો તારો પિતામહ છું. દુષ્ટ ભાર્યાની માફક રાજ્યનો ત્યાગ કરીને, સન્મિત્ર સરખા ચારિત્રનો સ્વીકાર કરીને, દીર્ઘ સમય પર્યન્ત સારી રીતે ચારિત્ર પાળીને, પ્રાંતે તપની શિખારૂપ અનશન

વ્રત ગ્રહણ કરીને, પંચપરમેષ્ઠીના સ્મરણપૂર્વક મૃત્યુ પામીને હું લાંતક દેવલોકનો ઈંદ્ર થયો છું. તારે પણ પ્રમાદ ન કરવો.' આ પ્રમાણે કહીને આકાશને ઉજ્જ્વળ બનાવતો તે દેવ અંતર્ધ્યાન થઈ ગયો હતો, તો હે રાજન્ ! સ્વર્ગાદિ પરલોક છે એમ આપ ચોક્કસપણે માની લ્યો; કારણ કે પ્રત્યક્ષ જોવાયેલી વસ્તુમાં સંદેહ લાવવાનું કંઈ પણ કારણ નથી." ત્યારે રાજા બોલ્યો કે— "પિતામહ સંબંધી જે વચનો તેં મને યાદ કરાવ્યાં તેથી તને ખરેખર ધન્યવાદ ઘટે છે. પિતામહ તેમ જ તારી વચન—પરંપરાથી હું પરલોકનો સ્વીકાર કરું છું. તું મારો ગુરુ છો." આ પ્રમાણે રાજાનું મન સદ્ભાવવાસિત જાણીને મિથ્યાત્વનું મંથન કરનાર, વિદ્વત્શિરોમણિ અને સમયજ્ઞ સ્વયંબુદ્ધે પુણ્યને વિસ્તારતી વાણીદ્વારા પુનઃ કહ્યું કે—

**મહાબળ રાજાના પૂર્વજોનો પરિચય—**

"હે રાજનીતિમાં કુશળ ! તમારા વંશમાં પૂર્વે **કુરુચંદ્ર** નામનો રાજા થયો હતો. તેને **કુરુમતી** નામની રાણી હતી. તે બન્નેને **હરિચંદ્ર** નામનો પુત્ર થયો હતો. સ્વભાવથી જ કુરુચંદ્રને યમરાજ સરખો ક્રૂર સમજીને કરુણાએ ભ્રમને લીધે તેનો ત્યાગ કર્યો હતો અર્થાત્ તે કુરુચંદ્ર કરુણા રહિત હતો. મહારંભજન્ય પરિગ્રહમાં આસક્ત તે પાપકાર્ય કરવા લાગ્યો છતાં પણ જેમ કુલીન વંશમાં જન્મેલી સ્ત્રી પોતાના કદરૂપા પતિનો ત્યાગ કરતી નથી તેમ પૂર્વ પુણ્યથી બંધાયેલી રાજ્યલક્ષ્મીએ અન્યાયી—અનીતિમાન કુરુચંદ્રનો ત્યાગ કર્યો નહિ. બાદ તે રાજાના મૃત્યુ અવસરે આવી પડનારી નરકની વ્યથાના સમૂહને વિસ્તારવામાં નાયક સરખા (સાત) ધાતુનો વિપર્યાસ થયો અર્થાત્ તે રાજાને ધાતુરોગ થયો. અનુકૂળ બનતી સ્ત્રી જેમ યોગી પુરુષને અરુચિકર બને તેમ તે રાજાને કોમળ શય્યા પણ કંટક યુક્ત શય્યા જેવી જણાવા લાગી. **(સ્પર્શેંદ્રિય)**. જેમ ધનના લોભથી સગા ભાઈઓ પણ પરસ્પર વૈરી બને છે તેમ અનેક પ્રકારનાં મીષ્ટ ભોજનો તે રાજાના પાપોદયને અંગે લીંબડા જેવાં કટુ જણાવા લાગ્યાં **(રસેંદ્રિય)**. કર્કશ વાણીદ્વારા જેમ કુટુંબીજન—સ્વજનવર્ગ વિરોધી બને તેમ તે રાજાના ઉગ્ર પાપને અંગે કર્પૂર, કૃષ્ણાગરુ, (દશાંગ) અને ચંદન વિગેરે સુગંધી વસ્તુઓ પણ દુર્ગંધયુક્ત બની ગઈ **(ઘ્રાણેંદ્રિય)**. જેમ પીતના પ્રકોપને લીધે સાકર અત્યંત કડવી લાગે છે તેમ પાપોદયને કારણે પત્ની, પુત્ર, મિત્ર અને મંત્રીઓ પણ તેના નેત્રને પીડાકર—શલ્યરૂપ બની ગયા **(ચક્ષુરિંદ્રિય)**. ઝેરના સંયોગથી જેમ પરમાન્ન (ક્ષીર) ખાઈ શકાતું નથી તેમ ઉત્કૃષ્ટ પાપોને લીધે વેણુ (વાંસળી), વીણા અને મૃદંગ યુક્ત સંગીત તે રાજાને ગર્દભ, શિયાળ અને ઘંટીના ધ્વનિ સરખું જણાવા લાગ્યું **(શ્રોત્રેંદ્રિય)**. જેમ મદિરાના સંગથી દૂધ વિગેરે પવિત્ર વસ્તુઓ પણ અપવિત્ર બની જાય છે તેમ તેના ઉત્કૃષ્ટ પાપોદયને અંગે તે રાજાને પાંચે ઇંદ્રિયોના વિષયો પ્રતિકૂળ બની ગયા. પૂર્વે દેવ તેમ જ ધર્મ પ્રત્યે તેની જેવી નાસ્તિકતા—અશ્રદ્ધા હતી તેવી જ નાસ્તિકતા તેની અંતાવસ્થાએ સર્વ પ્રકારના સુખ પરત્વે પ્રગટી; અર્થાત્

છેલ્લી અવસ્થાએ તેને સુખકારક વસ્તુઓ પરત્વે અભાવ ઉપજવા લાગ્યો. જેમ કૂતરો વિષ્ટાદ્વારા હર્ષને પ્રાપ્ત કરે છે પરન્તુ કર્પૂરાદિથી સંતુષ્ટ થતો નથી તેમ બંધુઓવડે ચિકિત્સા કરાતો તે કુરુચંદ્ર રાજા ક્ષણમાત્ર પણ શાંતિ મેળવી શક્યો નહિ. દાહજ્વરની ઉગ્ર પીડાથી પરિતાપ પામેલ કુરુચંદ્ર રાજા મૃત્યુ પામીને નરકે ગયો, એટલે પિતાના મરણથી દુઃખી બનેલ, અધર્મના મર્મને ભેદતો અને ધર્મનું સન્માન કરતો હરિચંદ્ર પિતાનું અગ્નિસંસ્કારાદિ કાર્ય કરીને પિતાથી ત્યજાએલ રાજ્યનું શાસન કરવા લાગ્યો. ઉત્કૃષ્ટ પાપી પોતાના પિતા કુરુચંદ્રનું તથાપ્રકારનું મૃત્યુ નીહાળીને ખિન્ન ચિત્તવાળા અને અધર્મની કથામાં હંમેશાં શિથિલ હરિચંદ્ર સદાચારી બન્યો. બાદ નિરભિમાની તે હરિચંદ્ર રાજવીએ પોતાના બાલમિત્ર **સુબુદ્ધિ** નામના મંત્રીને કહ્યું કે—" ધર્માચાર્ય પાસેથી ધર્મનું સમ્યગ્ શ્રવણ કરીને તારે પ્રતિદિન તે મને કહેવું." એટલે જેમ મેઘ સમુદ્રમાંથી વિશ્વને તૃપ્ત કરનાર પાણી સંગ્રહીને પૃથ્વીને આપે છે તેમ સુબુદ્ધિ મંત્રીએ સદ્ગુરુ પાસેથી રાજાના કલેશને દૂર કરનાર ધર્મ સાંભળી સાંભળીને રાજાને સંભળાવવાનું શરૂ કર્યું. જેમ સંસારથી ભય પામેલ પ્રાણી યોગ—સંન્યાસ સ્વીકારે, અંધકારથી ભયભીત થયેલ દીપકનો આશ્રય લે અને શત્રુસમૂહથી ત્રાસ પામેલ ખડ્ગને ધારણ કરે તેમ અધર્મથી ડરેલ હરિચંદ્ર રાજા પાપોનો નાશ કરનાર સુબુદ્ધિ મંત્રીદ્વારા કહેવાયેલા ધર્મને ધારણ કરવા લાગ્યો—ધર્મનું સેવન કરવા લાગ્યો.

એકદા તે રાજાના નગરના ઉપવનમાં **શીલંધર** નામના મુનિશ્વરને કેવળજ્ઞાન થયું, એટલે તેમની સેવા કરવા માટે દેવો આવ્યા. તે હકીકત પોતાના મંત્રીદ્વારા જાણીને રાજા પોતે પણ ત્યાં ગયો. નમસ્કાર કરીને જ્યારે સુર, અસુર અને રાજા પ્રમુખ મુનિવરની સમક્ષ બેઠા ત્યારે રમણીય કુમુદોને ખુશ કરનાર ચંદ્ર જેમ ચાંદનીને વિસ્તારે તેમ ભવ્ય પ્રાણીઓરૂપી પોયણાને પ્રમોદ પમાડતા મુનિવરે ધર્મદેશના દીધી. દેશનાને અંતે હરિચંદ્ર રાજાએ મુનીશ્વરને પૂછ્યું કે—" મારા પિતાની કઈ ગતિ થઈ ?" એટલે મુનિવરે જણાવ્યું કે—"હે રાજન્ ! તારા પિતા સાતમી નરકમાં ગયા છે. તેવા આત્માઓની બીજી કઈ ગતિ હોઈ શકે ?" આ પ્રમાણે સાંભળીને સંસારના સ્વરૂપને ક્ષણભંગુર સમજતો હરિચંદ્ર ગુરુને પ્રણામ કરીને, રાજમહેલે આવીને, પોતાના પુત્રને રાજગાદી પર બેસારીને પોતાના સુબુદ્ધિ મંત્રીને કહેવા લાગ્યો કે—"હે ભાઈ ! મારી જેમ આ પુત્રને પણ પ્રતિદિન તું ધર્મોપદેશ આપજે. હું હવે દીક્ષા ગ્રહણ કરીશ." ત્યારે સુબુદ્ધિએ જણાવ્યું કે—"હે સ્વામિન્ ! હું પણ આપની સાથે જ પ્રવ્રજ્યા અંગીકાર કરવા ચાહું છું. મારો પુત્ર તમારા પુત્રને શિવસુખના કારણભૂત ધર્મોપદેશ આપશે." આ પ્રમાણે નિશ્ચય કરીને હરિચંદ્ર રાજા તથા સુબુદ્ધિ મંત્રીએ ભવદુઃખની શ્રેણીનો નાશ કરનાર વ્રત સ્વીકાર્યું. ખડ્ગની ધાર કરતાં પણ અતિ તીક્ષ્ણ ચારિત્રધર્મનું દીર્ઘકાળ પર્યન્ત પાલન કરીને તે બન્ને મોક્ષે ગયા.

બાદ બળવાન બાહુને શોભાવવામાં કુંડલાકાર બનતા ધનુષ્યમાંથી છૂટતા બાણસમૂહવડે શત્રુ રાજાઓના અભિમાનરૂપ તાંડવને ખંડિત કરતો **દંડક** નામનો રાજા તમારા વંશમાં થયો. સજ્જનોના ચિત્તને સંતોષદાયક, રાજનીતિમાં કુશળ **મણિમાલિ** નામનો તેને પુત્ર હતો. હવે તે દંડક રાજા ધન, રત્ન, સુવર્ણ, પત્ની, પુત્ર અને અશ્વાદિને વિષે અત્યંત મૂર્ચ્છાવાળો બન્યો. સુવર્ણ અને રત્નોને પોતાના પ્રાણથી પણ અધિક ચાહતો તે દંડક રાજા કાળક્રમે આર્ત્તધ્યાનપૂર્વક મૃત્યુ પામીને પોતાના જ કોશાગારમાં ભયંકર વિષવાળો વિકરાળ અજગર થયો. તે કોશાગારમાં દ્રવ્ય ગ્રહણ કરવાની ઇચ્છાથી જે જે વ્યક્તિ પ્રવેશ કરતી તે તે વ્યક્તિને, અત્યંત ક્રોધ, ઉગ્ર વિષ–કલ્લોલયુક્ત સાગરસદૃશ ને અજગર સ્વરૂપે જાણે યમરાજ જ હોય તેમ તે ગળી જવા લાગ્યો. એકદા તે અજગરે અંતઃપુરમાં પ્રવેશ કરતાં પોતાના મણિમાલિ નામના પુત્રને જોયો એટલે જાતિસ્મરણ જ્ઞાનથી "આ મારો પુત્ર છે" એમ તેણે જાણ્યું. અમૃતરસથી વ્યાપ્ત એવી સ્નેહાળ દૃષ્ટિથી નિહાળતાં અને શાંત દેખાવવાળા અજગરને જોઈને " આ મારો પૂર્વજન્મનો કોઈ કુટુંબીજન છે " એમ મણિમાલિ રાજાને પણ જણાયું. બાદ કોઈ જ્ઞાની પુરુષદ્વારા તે અજગરને પોતાના પિતા તરીકે જાણી, રાજાએ તેની પાસે બેસીને તેને સમ્યગ્ આર્હત્ ધર્મ સંભળાવ્યો. પૂર્વજન્મના ધન–મોહને કારણે પ્રાપ્ત થયેલ તિર્યંચભવની તે અજગરે હૃદયપૂર્વક નિંદા કરી અને શાંતિ ધારણ કરતો તેમ જ પોતાની ઇંદ્રિયોને કાબૂમાં રાખતો તે મૃત્યુ પામીને દેવ થયો. પૂર્વજન્મના સ્નેહને વશ બનેલા તે દેવે સ્વર્ગથી આવીને મણિમાલિને હર્ષપૂર્વક દિવ્ય મોતીનો હાર અર્પણ કર્યો જે હાર અત્યારે પણ હે રાજન્! આપના હૃદયપ્રદેશ પર શોભી રહ્યો છે. હે સ્વામિન્! હરિચંદ્ર રાજાના વંશમાં તમે ઉત્પન્ન થયા છો; જ્યારે સુબુદ્ધિ મંત્રીના કુળમાં મારો જન્મ થયો છે. વંશપરંપરાથી ચાલ્યું આવતું આ મંત્રીપદ છે કે જેના યોગે હું આપને ધર્મમાર્ગમાં પ્રવર્તાવું છું. હે રાજન્! અવસર વિના પણ આપને જે હું આ વિજ્ઞપ્તિ કરી રહ્યો છું તેનું કારણ આપ સાંભળો. આજે મેરુપર્વતના નંદનવનમાં **વિયચ્ચર** ને **ઊર્વીધર** નામના બે ચારણમુનિઓને મેં વાંદ્યા હતા. દુર્ગતિરૂપી કૂપમાં પડતા પ્રાણીસમૂહનો ઉદ્ધાર કરવામાં ધર્મરાજાના બે હસ્ત સમાન, ધ્યાનથી સ્ફુરાયમાન અત્યંત વિશાળ જ્ઞાનવાળા તે બન્ને ચારણમુનિઓએ દેશના આપી. હે સ્વામિન્! દેશના બાદ તેઓ બન્નેને પ્રણામ કરીને આદરપૂર્વક મેં આપના આયુષ્ય સંબંધી પૃચ્છા કરી ત્યારે મહામદનો નાશ કરવામાં કુશળ તે બન્ને મુનિવરોએ આપનું "એક માસનું જ આયુષ્ય શેષ છે" એમ જણાવ્યું. તેથી હે વિવેકશાળીઓમાં શિરોમણિ રાજન્! ધર્મકાર્ય કરવા માટે હું આપને શીઘ્ર પ્રેરણા કરી રહ્યો છું. જે સ્વામીનું હિત ચાહનાર હોય છે તેવા મંત્રીઓ કોઈ પણ સમયે સ્વામીની ઉપેક્ષા કરતા નથી."

આ પ્રમાણે સાંભળીને મહાબળ રાજા બોલ્યો કે–"હે શુદ્ધ બુદ્ધિના ભંડાર સ્વયંબુદ્ધ!

તને ધન્યવાદ છે. તું જ એક મારો શ્રેષ્ઠ મિત્ર છો, કે જે નિરંતર મારા કલ્યાણને માટે અત્યંત પ્રયાસ કરી રહ્યો છે. મોહરૂપી મદિરાથી ભાનભૂલેલા, વિષયરૂપી શત્રુઓના સમૂહથી ખેંચાતા મને તેં સુંદર ઉપદેશદ્વારા પ્રતિબોધ પમાડ્યો છે, માટે તું મારો ગુરુ છો. હવે હું કેવી રીતે આત્મકલ્યાણ કરું તે તું મને સમ્યગ્ પ્રકારે સમજાવ. હા! ખેદની વાત છે કે મોહ-નિદ્રાથી વ્યાપ્ત મારું સમગ્ર આયુષ્ય પૂર્ણ થવા આવ્યું છે. હવે એક મહિના માત્રમાં કેટલું ધર્મારાધન થઈ શકે? વસ્ત્ર બળી ગયા બાદ તેના છેડા માત્રથી કઈ રીતે આચ્છાદન થઈ શકે? પ્રાણીઓનું શરીર વંટોળીઆના પવન સરખું છે, જીવિત પવનથી ઉછળતા જળકલ્લોલ જેવું છે, જ્યારે યૌવન પાણીના પરપોટા જેવું છે; છતાં ખેદની વાત છે કે પ્રાણી ચેતતો નથી. અત્યંત ઉત્કૃષ્ટ પાપ કરતો પ્રાણી નજીકમાં રહેલા મૃત્યુને જાણતો નથી, પરન્તુ જ્યારે યમરાજની જાળમાં ફસાય છે ત્યારે સંતપ્ત બનતો તે સજ્જનોની કલ્યાણકારિણી વાણીને યાદ કરે છે. હે મંત્રીશ્વર! જેમ તારા ચાતુર્યદ્વારા મારા શત્રુઓનો વિનાશ થવાથી મેં આ જગતમાં અદ્યાપિ પર્યન્ત સુખનો જ ભોગવટો કર્યો છે તેમ પરલોકમાં પણ સુખની પ્રાપ્તિ થાય તેવો ઉપાય બતાવ.'' ત્યારે મંત્રી બોલ્યો કે-''હે સ્વામિન્! ખેદ ન કરો. ધૈર્યને ધારણ કરો. એક દિવસ માત્રના ચારિત્રપાલનથી પુરુષ મોક્ષને પ્રાપ્ત કરી શકે છે તો પછી સ્વર્ગનું તો કહેવું જ શું?'' એટલે ''બહુ સારું'' એમ બોલીને જેમ સૂર્ય, પ્રકાશવાળા બીજના ચંદ્રને જનસમૂહના પ્રમોદને માટે પોતાના સ્થાને નિયોજે છે તેમ દીક્ષાના અભિલાષી બનેલ મહાબળ રાજાએ પોતાના પુત્રને પોતના સ્થાને પ્રજાના હર્ષને માટે સ્થાપ્યો. દીક્ષા ગ્રહણ કરતી વખતે તે દયાળુ રાજાએ યાચકવર્ગને પુષ્કળ દાન આપ્યું; કે જેને પરિણામે યાચકોના વંશજોને ક્યારેય પણ કોઈની પાસે યાચના કરવી પડી નહિ. બાદ વિકસિત પુષ્પો, નિર્મળ વસ્ત્રો, ઉત્તમ સુવર્ણ અને મનોહર મણિઓદ્વારા તીર્થંકર પરમાત્માની પ્રતિમાનું પૂજન કરતા તે રાજાએ દરેક જિનમંદિરે અઠ્ઠાઈ મહોત્સવ કરાવ્યો.

**મહાબળ રાજાની દીક્ષા—**

બાદ સજ્જનશિરોમણિ અને ક્ષમાશીલ મહાબળ રાજાએ પોતાની પાછળ આવતાં સ્વજનવર્ગને તેમજ પ્રજાજનોને ખમાવ્યા અને મુનિરાજ પાસે મોક્ષરૂપી લક્ષ્મીને વશ કરનાર ચારિત્ર સ્વીકાર્યું. બાદ સત્ત્વશિરોમણિ મહાબળ રાજાએ અનશન સ્વીકાર્યું અને શુભ ધ્યાનરૂપી અમૃતને સીંચતા તથા નિર્દોષ એવા તે રાજાએ તપથી લેશમાત્ર પણ સંતાપ અનુભવ્યો નહિ. જેમ અગ્નિ સુવર્ણની વિશુદ્ધિ માટે બને છે, સમરાંગણ શૂરવીરના પરાક્રમ માટે બને છે, સરાણથી થતું ઘર્ષણ તલવારની તીક્ષ્ણતાને માટે બને છે તેમ તપશ્ચર્યા, મહાબળ રાજાના કલ્યાણને માટે બની. સદ્ભાવનાવાસિત મનવાળા મહાબળ રાજાએ બાવીશ દિવસ પર્યન્ત અનશન પાળ્યું અને પ્રાન્તે ચિત્તમાં પંચપરમેષ્ઠીનાં સ્મરણપૂર્વક સ્વર્ગવાસ કર્યો. ઉત્તમ શૂરવીરોથી વીંટળાયેલ કોઈ પુરુષ વિજયની ઇચ્છાથી ખડ્ગદ્વારા દુશ્મનોને જીતીને જય પ્રાપ્ત

કરે છે તેમ પુણ્યથી પરવરેલો મહાબળ રાજા ઉગ્ર તપશ્ચર્યાદ્વારા પાપોનો નાશ કરીને ઈશાન દેવલોકે ગયો.

* * *

જેમના બન્ને બાહુઓ મુક્તિમંદિરના દ્વાર પર તોરણ બાંધવાના સ્તંભ સદૃશ બન્યા તેમ જ ઉન્નત ઉભય સ્કંધ( ખભા ) રૂપી સુંદર સુવર્ણકળશો પર શોભતો જેમનો કેશસમૂહ નીલા આમ્રપત્ર જેવો દેખાવા લાગ્યો તે **શ્રી ઋષભદેવ** પરમાત્મા તમારી મોક્ષલક્ષ્મીને માટે થાઓ. જે કલિયુગ મારો સદૈવ ઈર્ષ્યાળુ બનેલ છે તે આ **પદ્મમંત્રીના** હૃદયમાં પ્રવેશ પામી શકતો નથી તેમજ જે જુદા જુદા નયવાદીઓ પોતપોતાના ધર્મની પ્રરૂપણા કરે છે તે સમગ્ર ગુણો એકીસાથે આ પદ્મમંત્રીમાં ક્રીડા કરી રહ્યા છે અર્થાત્ આ પદ્મમંત્રી સર્વ નયોના જ્ઞાતા છે અને મારા સ્વામી શ્રી જિનેશ્વરભગવંત પણ તેના હૃદયમાં સ્થાન કરી રહેલ છે, એટલે મારો પણ અહીં—આ પદ્મમંત્રીમાં સુખપૂર્વક નિવાસ થાઓ એમ વિચારીને **ધર્મ** સાંપ્રતકાળે પદ્મમંત્રીના હૃદયમાં નિરંતર વિલાસ કરી રહ્યો છે.

**તૃતીય સર્ગ સમાપ્ત.**



# સર્ગ ચોથો

## શ્રી ઋષભદેવનો પાંચમો ભવ : લલિતાંગ દેવ.

દશ દિશાના જનસમૂહના વાંછિતોને પૂર્ણ કરવામાં દશ ચિંતામણિરત્ન સમાન જેમના રક્તવર્ણા દશ નખો શોભી રહ્યા છે તે **શ્રી ઋષભદેવ** પરમાત્મા તમારું રક્ષણ કરો ! મહાબળ રાજાનો જીવ ઈશાન દેવલોકના આભૂષણ સમાન **શ્રીપ્રભ** નામના વિમાન વિષે ઉપપાત શય્યામાં દેવ તરીકે ઉપજ્યો. છીપમાં મોતીની જેમ, મેઘઘટામાં વિજળીના પ્રકાશની જેમ દેવ સ્વયમેવ ઉપપાત શય્યા (દેવશય્યા)માં ઉત્પન્ન થાય છે. દિવ્ય આકૃતિને અંગે તેજસ્વી કિરણોથી બધી દિશાઓને ઉજ્જ્વળ બનાવતો, ગુણવાન, શિરીષના પુષ્પ જેવો સુકોમળ, વજ્રઋષભનારાચ સંઘયણ યુક્ત, સમચતુરસ્ર સંસ્થાનવાળો, શુભ લક્ષણયુક્ત, સાત પ્રકારના[1] ધાતુથી રહિત દેહવાળો, શ્રેષ્ઠ અણિમાદિ લબ્ધિવાળો, અવધિજ્ઞાની, મહાશક્તિશાળી, લક્ષ્મીના સ્થાનરૂપ, કામરૂપી—ઈચ્છા પ્રમાણે રૂપ બનાવનાર, સકળ વિજ્ઞાનવેત્તાઓમાં શ્રેષ્ઠ, સમગ્ર કલા સમૂહથી યુક્ત એવો તે **લલિતાંગ** નામનો દેવ થયો.

### લલિતાંગદેવના આભૂષણોનું વર્ણન—

બે ચરણમાં મણિનાં કડાં (તોડા), કટિપ્રદેશ પર અતિ રમણીય કંદોરો, બે હાથમાં બે કંકણ, બે ભુજા પર મનોહર બાજુબંધ, હૃદયપ્રદેશ પર હાર, કંઠપ્રદેશ પર અત્યંત તેજસ્વી કંઠી, બન્ને કર્ણોમાં કુંડળ, મસ્તક પર પુષ્પની માળા તથા મુકુટ—આ પ્રમાણેનાં આભૂષણો, મનપસંદ વસ્ત્રો અને સર્વાંગસુંદર યૌવન એકી જ સમયે જન્મતાંની સાથે જ તે દેવને ઉદ્ભવ્યાં. તેના જન્મસમયે મહાન્ પ્રતિઘોષથી દિશાઓને પૂર્ણ કરતો દુંદુભીનો નાદ થયો. તેમ જ સ્તુતિપાઠકો "જગન્નન્દ જય" ઈત્યાદિ શબ્દો ઊંચ સ્વરે બોલવા લાગ્યા. વળી તે સમયે નૂતન સ્વામીની પ્રાપ્તિથી હર્ષભરપૂર બનેલ લલિતાંગ દેવનું અત્યંત વિશાળ વિમાન વાજીંત્રોના રમણીય ધ્વનિ અને પ્રતિધ્વનિથી ગર્જના કરવા લાગ્યું. સૂઈને જાગૃત થયેલા પ્રાણીની પેઠે આ બધું જોતો તે લલિતાંગ દેવ વિચારવા લાગ્યો કે—'શું આ તે સ્વપ્ન છે ? શું માયા છે ? શું આ તે ઈંદ્રજાળ છે ? આ આવું બધું શું છે ? મને ઉદ્દેશીને પ્રીતિદાયક આ સંગીત કેમ ચાલી રહ્યું છે ? અને આ બધો વિનયી પરિવાર મને કેમ સ્વામી તરીકે માની રહ્યો છે ? રમણીય, સેવવા લાયક, ઐશ્વર્યયુક્ત, પ્રિય, અદ્વિતીય સુખનું ભાજન અને પરમ—પ્રમોદના કારણભૂત કયા

---

૧. અસ્થિ, મજ્જા, રુધિર, માંસ, વીર્ય, રસ અને મેદ—આ સાત ધાતુના પ્રકાર છે.

સ્થાનમાં હું આવ્યો ?" આ પ્રમાણે તે દેવ તર્કવિતર્ક કરે છે તેવામાં પ્રતિહારીએ લલિતાંગ દેવને વિજ્ઞપ્તિ કરી કે—"હે સ્વામિન્ ! તમારા જેવો યોગ્ય સ્વામી મળવાથી અમે અત્યારે સ્વામીવાળા બન્યા છીએ. હે પ્રભો ! આપને નિમિત્તે સંગીત કરવામાં તત્પર આ સેવકવર્ગને અમૃતના તરંગ જેવી આપની દૃષ્ટિથી નિહાળો અને પ્રસન્ન થાઓ."

**ઇશાન દેવલોકનું વર્ણન—**

હે સ્વામિન્ ! મનોહર શોભાયુક્ત, મનોવાંછિતને પરિપૂર્ણ કરનારું તેમ જ સુખ શ્રેણીને પ્રગટાવનારું **ઇશાન** નામનું આ બીજું દેવલોક છે. આ દેવલોકના ભૂષણસ્વરૂપ, પ્રબળ પુણ્યરાશિથી પ્રાપ્ત થનારું આ **શ્રીપ્રભ** નામનું વિમાન છે અને તેને આપ શોભાવી રહ્યા છો. આપની સેવામાં અત્યંત આસક્ત આ સામાનિક દેવો છે જેનાથી વેષ્ટિત થઈને તમો સ્વર્ગનાં સુખોને ભોગવવા માટે રમણીય દેહધારી શોભી રહ્યા છો. હે સ્વામિન્ ! પુરોહિત અને મંત્રીપણાનું કાર્ય કરનાર આ ત્રાયસ્ત્રિંશત્ દેવો આપની ઈચ્છાનુસાર કાર્ય કરનારા છે. હાસ્ય ઉપજાવવામાં ચતુર આ સભામાં રહેલ દેવો મશ્કરી—વિનોદના સમયે સભા મધ્યે તમારા મનને પ્રમોદ પમાડશે. છત્રીશ પ્રકારના આયુધને ધારણ કરનાર, રક્ષણ કરવામાં પ્રવીણ, બખ્તરયુક્ત શરીરવાળા તેમ જ સુંદર શરીરધારી આ દેવસમૂહ સદાને માટે આપના અંગરક્ષકો છે. તમારા નગરોના દેવસમૂહનું રક્ષણ કરવામાં કુશળ આ લોકપાળો છે. તમારી સેનાની વ્યવસ્થા કરનારા આ સેનાધિપતિઓ છે. હે વિભો ! જનપદ અને નગરવાસીઓની માફક આ અન્ય પ્રકીર્ણક દેવો આપની આજ્ઞાને [1]શેષની માફક મસ્તકે ચઢાવશે. હે પ્રભો ! હાસ્યકર્મ કરનારા આ આભિયોગિક દેવો આપની ઉપાસના કરે છે અને આ તુચ્છ કાર્યો કરનારા કિલ્બીષીયા દેવો પણ આપની સેવા કરી રહ્યા છે. હે સ્વામિન્ ! દેવાંગનાઓનાં ઝાંઝરના ચમકારથી વ્યાપ્ત ને મનને આહ્‌લાદક આ મણિમય મંદિરો છે. હે નાથ ! કૈલાસ પર્વતની પણ હાંસી કરનારા, સ્ત્રીવર્ગને સુખે વિહરવા લાયક તેમ જ સુવર્ણ અને મણિના શિખરવાળા આ તમારા વિલાસ પર્વતો—ક્રીડાશૈલો છે. પ્રકાશિત મણિઓથી યુક્ત આ ક્રીડાવાપીઓ આપને સ્વામી તરીકે પ્રાપ્ત કરીને વિકસિત સુવર્ણકમળરૂપી મુખદ્વારા હર્ષને વ્યક્ત કરી રહી છે. મનને પ્રમોદ પમાડનાર સુવર્ણ અને મણિઓનાં કિરણોથી દિશાભાગોને પ્રકાશિત કરનાર તેમ જ અસાધારણ ઐશ્વર્યયુક્ત આપનું આ સભાભવન શોભી રહ્યું છે. હે દેવ ! જેઓના હાથમાં ચામર, દર્પણ અને પંખાઓ રહેલ છે, તેમ જ વિલાસના સ્થાનરૂપ અને તમારી સેવા કરવામાં આસક્ત આ આપની વારાંગનાઓ છે. હે પ્રભો ! આપની સમક્ષ નિર્દોષ સંગીત કરવા માટે [2]ચાર પ્રકારનાં વાજિંત્રો વગાડવામાં ચતુર આ ગાંધર્વો શોભી રહ્યા છે."

---

૧. દેવની સમક્ષ અર્પણ કરાયેલ વસ્તુમાંથી શેષ—બાકીનો ભાગ જેમ મસ્તકે ચઢાવાય છે તેમ.

૨. વીણા વગેરે (૧) **તત**, જેનાથી તાલ અપાય તે (૨) **ઘન**, બંસી વગેરે (૩) **શુષીર** અને મૃદંગ વિગેરે તથા (૪) **આનદ્ધ** આ ચાર પ્રકારનાં વાજિંત્રો કહેવાય છે.

આ પ્રમાણે પ્રતિહારી બોલી રહ્યો એટલે લલિતાંગ દેવે અવધિજ્ઞાનનો ઉપયોગ દીધો અને ગઈ કાલના દિવસની માફક સમગ્ર પૂર્વજન્મને આ પ્રમાણે યાદ કર્યો. "ધર્મબંધુ સ્વયંબુદ્ધ મંત્રીએ પ્રમાદી વિદ્યાધરેંદ્ર મને (મહાબળ રાજાને) જિનેશ્વરભાષિત ધર્મનો બોધ કર્યો હતો, જેથી દીક્ષા સ્વીકારીને તે જ સમયે મેં અનશન સ્વીકાર્યું હતું તેનું જ આ અપૂર્વ ફળ પ્રાપ્ત થયું છે. ખરેખર ધર્મનો પ્રભાવ અચિંતનીય—અકલ્પ્ય છે." આ પ્રમાણે યાદ કરીને તે લલિતાંગ દેવ સહસા ઊભો થયો અને પ્રતિહારીએ આપેલા હસ્તાવલંબનવડે, સિંહ જેમ શિખર પર ચઢે તેમ "જય જય"ના ધ્વનિપૂર્વક સિંહાસન પર ચઢ્યો. એટલે દેવોએ જયશાળી તે લલિતાંગ દેવનો અભિષેક કર્યો અને ચામરો વીંઝયા. બધા ગાંધર્વોએ મધુર સંગીતદ્વારા તેની સ્તુતિ કરી. બાદ પરંપરાને અનુસરેલ, આશ્ચર્યને લીધે પ્રફુલ્લ મુખવાળો અને મનહર નૃત્યમાં આસક્તિ રહિત બનેલ લલિતાંગ દેવે ચૈત્યમાં જિનેશ્વર ભગવંતની શાશ્વત પ્રતિમાઓનું પૂજન કર્યું. ઉત્સવને નિમિત્તે બધા ગર્વીષ્ઠ ગાંધર્વોએ મનોહર સંગીત શરૂ કર્યું ત્યારે લલિતાંગ દેવે નૂતન સ્તવનોદ્વારા જિનેશ્વર પરમાત્માની સ્તુતિ કરી. બાદ અગાધ જ્ઞાનવાળા પુસ્તકોનું અધ્યયન કર્યું અને **વસુમાણવ** નામના સ્તંભના મધ્યભાગમાં રહેલ જિનેશ્વરોનાં અસ્થિઓની પૂજા કરી. પછી પ્રતિહારીએ બતાવેલા માર્ગોદ્વારા વિચક્ષણ લલિતાંગ દેવ, અંદર નહીં સમાતા સુકૃતના બહાનાથી મસ્તક પર શોભાયમાન **છત્ર** સહિત અંતઃપુરમાં ગયો.

### સ્વયંપ્રભાદેવીનું વર્ણન—

તે અંતઃપુરમાં વીજળીની પ્રભાને તિરસ્કારી કાઢતી, અમૃત વરસાવતી દૃષ્ટિ સરખી, અત્યંત રમણીય **સ્વયંપ્રભા** નામની દેવીને તેણે જોઈ. પાંચ અંગુલીઓથી યુક્ત, પગની એડી (પાની)થી લઈને અનુક્રમે વિશાળ બનતા તેણીના બન્ને ચરણો કામદેવના બે ભાથા જેવા જણાતા હતા. કમળને જીતનારા તેના બન્ને ચરણો ઉપર નૂપુરના બહાનાથી મુગટ ધારણ કર્યો હોય તેમ જણાતું હતું. વળી તે બન્ને ચરણો પરસ્પરના સ્પર્ધાજન્ય ક્રોધને લીધે રક્તવર્ણી બની ગયા હતા અર્થાત્ તેના ચરણો અત્યંત લાલ હતા. તેણીની દોષ રહિત જંઘાઓ દેદીપ્યમાન રત્નોના પ્રતિબિંબના બહાનાથી કામદેવ અને યૌવનના યશોગાથાયુક્ત બે કીર્તિસ્તંભરૂપ હતા. હસ્તીના દુર્યશને દર્શાવતા મદમાં આસક્ત ભ્રમરોના મિષથી સ્વયંપ્રભા દેવીના બન્ને સાથળદ્વારા જીતાએલ હાથીની સૂંઢો કેળના પાકી ગયેલાં પર્ણ સરખી હતી, અર્થાત્ તેણીના સાથળો હસ્તિની સૂંઢો કરતાં પણ ઘાટીલા—સુંદર હતા. અજેય કામદેવને ધનુર્વિદ્યાનો અભ્યાસ કરવાના સ્થાનરૂપ બને તેવો તેનો જઘનપ્રદેશ શોભતો હતો અને તેની ચારે બાજુ રહેલ કટિમેખલા (કંદોરો) જઘનપ્રદેશના રક્ષણ માટે વાડસ્વરૂપ જણાતી હતી; તેમ જ રોમરાજી સ્તંભ સદૃશ જણાતી હતી. વજ્રના મધ્ય પ્રદેશ સરખા તેણીના કટિપ્રદેશથી પરાભવ પામેલ સિંહ ક્રોધી બનીને સ્વયંપ્રભાનાં નેત્રોની મિત્રાચારી કરતાં હરણસમૂહનું

ભક્ષણ કરી જાય છે. શૃંગાર રસથી ઓતપ્રોત, સ્તનના અગ્રભાગ (ડીંટડી)રૂપી મરકત મણિના ઢાંકણ યુક્ત જેણીના બંને સ્તનરૂપી સુવર્ણ કળશો શોભી રહ્યા છે તેમજ તેની રોમાવલિ એ ઝરણાંઓની પંક્તિ સદૃશ દેખાય છે. ત્રણ જગતને વિષે ત્રણ [1]ગ્રામથી મનોહર આ કંઠ છે એમ સૂચવવા માટે જ ત્રણ રેખા યુક્ત તેણીનો કંઠ કામદેવરૂપી સુભટના ત્રણ જગતના જયને સૂચવનાર શંખરૂપે હતો. આંગળીઓરૂપી રક્ત પાંદડીઓથી યુક્ત, કંકણના મોતીઓના કિરણોરૂપી પુષ્પોથી વ્યાપ્ત અને કામદેવને ઉત્પન્ન કરનારી તેની બે બાહુલતાઓ શોભતી હતી. અમૃતથી પરિપૂર્ણ તેણીના ઓષ્ઠે કડવા એવા બિંબફળને તુચ્છતા અર્પી જેથી તે બિંબફળે તો એક રીતે આનંદ માનવો જોઈએ, કારણ કે ઉપમા દેવાના અવસરે તેના નામ (બિંબફળ)ની અધરને ઉપમા અપાય છે. પરસ્પરની શોભાના નિરીક્ષણથી ઉપજતા ઈર્ષ્યાભાવને અંગે આ બન્નેનો વિનાશ ન થાઓ એમ સમજીને જ વિધાતાએ તેણીના બન્ને ગાલ વચ્ચે નાસિકારૂપી દીવાલ રચી હતી. તેણીનો મુખરૂપી ચંદ્ર ચંદ્રમા કરતાં પણ વિશિષ્ટતા પ્રાપ્ત ન કરે એમ સમજીને વિધાતાએ તેણીના મુખરૂપી ચંદ્રના ખોળામાં બે નેત્રરૂપી મૃગોને મૂક્યા પરન્તુ તે નેત્રરૂપી મૃગો કલંકરૂપે ન બનતાં ઊલટા આભૂષણરૂપે બન્યા. (ચંદ્રમાં એક મૃગ છે તેથી તે કલંકી કહેવાય છે જ્યારે વિધાતાએ સ્વયંપ્રભા દેવીના મુખરૂપી ચંદ્રમાં બે નેત્રરૂપી મૃગો મૂક્યા છતાં પણ વિશેષ કલંકી ન દેખાતાં તે ઊલટા અપૂર્વ શોભાને ધારણ કરવા લાગ્યા.) બન્ને કપોલ (ગાલ)થી જિતાયેલ ચંદ્ર મોતીનાં કુંડલના મિષથી બે રૂપને ધારણ કરીને તેના બન્ને કપોલોની સેવા કરવા લાગ્યો. કેશપાશના રૂપને ધારણ કરતો રાહુ તેના મુખરૂપી ચંદ્રનો હંમેશનો સેવક બનીને રહ્યો; કારણ કે તેના મુખરૂપી ચંદ્રના સમાનપણાને શું ચંદ્ર પ્રાપ્ત કરી શકે? નાભીરૂપી આવર્તને અંગે ગહન, પરસ્પર મળી ગયેલા સ્તનરૂપી ચક્રવાકના યુગલથી મનોહર, પ્રમાણોપેત હાસ્યરૂપી ફીણથી યુક્ત, સુંદર વેણીદ્વારા ક્રીડાલક્ષ્મીને ધારણ કરતી, સૌંદર્યરૂપી અમૃત-તરંગોવાળી, ચરણ, હસ્ત, નેત્ર અને મુખરૂપી કમળોના સમૂહવાળી, વિશાળ જઘનપ્રદેશરૂપી કિનારાવાળી તે સ્વયંપ્રભા કામદેવની ક્રીડાનદી જેવી હતી. કમળરૂપી મુખથી શોભતી કમલિનીઓવડે સરોવરની જેવી, અતિ તેજસ્વી તારાઓવડે ચંદ્રલેખા જેવી, ભૂષણ સમૂહવાળી કલ્પતાઓથી નંદનવન જેવી, મનોહર ગતિવાળી હંસીઓથી ગંગા નદી જેવી, ચારે બાજુએ શોભતા સુગંધી પુષ્પવાળાં ઉપવનોથી વસન્ત ઋતુની પૃથ્વી જેવી, અત્યંત મધુર ધ્વનિવાળા બતકોથી શરદ્ઋતુના આકાશ જેવી, સેંકડો અપ્સરાઓથી ચોતરફ ઘેરાઈને સુંદર આસન પર બેઠેલી તે સ્વયંપ્રભાને જોઈને લલિતાંગ દેવ હૃદયમાં વિચાર કરવા લાગ્યો કે—"ઉન્નત સ્તનરૂપી ક્રીડા પર્વતવાળી, કર્ણરૂપી હીંડોળા પર ચપળ નેત્રરૂપી ચકોર પક્ષીવાળી, તેમજ વિશાળ નાભિરૂપી વાપિકાવાળી આ કોઈ કામદેવના ક્રીડોદ્યાન સરખી છે. કમળ જેવા મુખવાળી, કુમુદ જેવા નયનવાળી, મચકુંદ

૧. ષડ્જ, મધ્યમ અને ગંધાર—એ ત્રણ ગ્રામ કહેવાય છે.

(મોગરા) જેવા દાંતવાળી, બપોરીયા[1] જેવા મનોહર ઓષ્ઠવાળી, તલના[2] પુષ્પ જેવી નાસિકાવાળી આ સ્વયંપ્રભા દેવી ખરેખર કામદેવની આયુધશાળા સરખી છે. સૌભાગ્યરૂપી અમૃતથી ભરેલ, મૃદુ હાસ્યને અંગે ક્ષીરસાગરના તરંગ જેવી, ચંદ્ર જેવા મુખવાળી આ દેવી ત્રિભુવનના સારભૂત છે. પૂર્વ જન્મમાં આચરેલ શ્રી જિનેશ્વરપ્રણીત ધર્મના પ્રભાવથી આ દેવી મને પ્રાપ્ત થઈ છે. તીર્થંકરપ્રણીત ધર્મના પ્રભાવથી મુક્તિ પણ પ્રાપ્ત થવી સુલભ છે તો પછી આ દેવીની પ્રાપ્તિમાં તો આશ્ચર્ય શું?" આ પ્રમાણે વિચારતો તે લલિતાંગ દેવ અધિક સ્નેહાધીન બનેલી, ત્વરાથી આવકાર આપતી સ્વયંપ્રભાની સાથે એકજ પલંગ પર બેસી ગયો એટલે આસો માસમાં જેમ ચંદ્ર અશ્વિની નક્ષત્રયુક્ત શોભે તેમ એકજ શય્યામાં લલિતાંગ દેવ અને સ્વયંપ્રભા દેવી અત્યંત દીપી ઊઠ્યાં. ભેગા થતા માટીના બે પિંડ જેમ એકરૂપ બની જાય તેમ ઉત્કૃષ્ટ પ્રેમરસથી ભરપૂર તે બન્નેનાં મન તન્મય થઈ ગયાં. ગાઢ સ્નેહરૂપી શૃંખલા (જંજીર)થી ઝકડાયેલા, ક્રીડાસક્ત અને નિરંતર એકરૂપ બની ગયેલ તે બન્નેનો પુષ્કળ સમય એક લવ[3] માત્રની જેમ વ્યતીત થઈ ગયો. બાદ પ્રબળ પવનથી જેમ મેઘસમૂહ વિનાશ પામે તેમ આયુષ્ય પૂર્ણ થવાથી સ્વયંપ્રભા દેવી ચ્યવી ગઈ. હાથીવડે આક્રમણ કરાયેલા વૃક્ષની જેમ પોતાની પ્રિય દેવીના ચ્યવનથી પ્રગટેલ દુઃખરાશિવડે લલિતાંગ દેવ મૂર્ચ્છા ખાઈને પૃથ્વી પર ઢળી પડ્યો, એટલે પ્રિયાવિહીન બનેલ તેને મૂર્ચ્છાએ સૌથી પ્રથમ શીઘ્રતાથી આલિંગન આપ્યું, પરન્તુ જ્યારે તે દેવને સ્વયંપ્રભામાં જ અનુરક્ત જાણ્યો ત્યારે તેણે (મૂર્ચ્છાએ) તેનો ત્યાગ કર્યો. જ્યારે લલિતાંગ મૂર્ચ્છામાં મગ્ન બનેલો હતો ત્યારે જે સંજ્ઞા કોઈ પણ સ્થળે છુપાઈને રહી હતી તે સંજ્ઞા જ્યારે લલિતાંગ મૂર્ચ્છા રહિત બન્યો એટલે ચતુર સખીની માફક પુનઃ પ્રાપ્ત થઈ અર્થાત્ લલિતાંગની મૂર્ચ્છા દૂર થઈ ગઈ.

## લલિતાંગ દેવનો વિલાપ—

સંજ્ઞાયુક્ત બન્યા બાદ લલિતાંગ પ્રિયાના વિરહજન્ય સંતાપને લીધે કરુણ રસને પ્રસરાવતા પ્રિયાના વારંવાર નામોચ્ચારપૂર્વક વિલાપ કરવા લાગ્યો કે—"હે પ્રિયે! હે પ્રિયે! તું ક્યાં છે? તું આવ અને મને દર્શન આપ. તારું મુખ મને બતાવ. તારા વિના આ સ્વર્ગ પણ મને નરકની જેમ દુઃખદાયી બન્યું છે. પ્રતિદિન તારા પ્રત્યે જ આસક્ત મેં અન્ય દેવીનું ચિંતન—સ્મરણ પણ કર્યું નથી. તારા મુખરૂપી ચંદ્રિકાના પાનમાં આસક્ત એવા સતત જાગૃત

---

૧. રક્ત વર્ણનું એક જાતનું પુષ્પ.

૨. તલનાં પુષ્પ ઘણાં અણીદાર—તીક્ષ્ણ હોય છે.

૩. અસંખ્ય સમયોની એક આવલિકા. $૪૪૪૬\frac{૨૪૫૮}{૩૭૭૩}$ આવલિકાનો એક નિઃશ્વાસ અથવા ઉચ્છ્વાસ, બે ઉચ્છ્વાસનિઃશ્વાસનો એક પ્રાણ, સાત પ્રાણનો એક સ્તોક, સાત સ્તોકનો એક લવ, સાડીઆડત્રીસ લવની એક નાલિકા, બે નાલિકાનું એક મુહૂર્ત, ૩૦ મુહૂર્તનો એક અહોરાત્ર. આ હિસાબે $\frac{૪૮}{૭૭}$ મિનિટ પ્રમાણ કાળને લવ કહેવામાં આવે છે.

મારા દૃષ્ટિરૂપી ચકોરમાં હે પ્રિયે! સ્વપ્ને પણ બીજાને સ્થાન ક્યાંથી હોઈ શકે? તારા વિયોગમાં એક લવમાત્ર સમય પણ સહન કરવાને અસમર્થ મારા પ્રત્યે તારો આવો ક્રોધ શા માટે? તું કદી પણ ક્રોધે ભરાયેલી નહોતી તેથી મેં તારી અત્યારસુધી આજીજી કરેલ નથી, પરન્તુ હવે આજીજીજન્ય સુખ અનુભવવાને માટે કૃત્રિમ ક્રોધ કરીને તું સંતાઈ ગઈ હો તેમ લાગે છે. હા, હું સમજ્યો. નંદનવનની કલ્પવલ્લીની કુંજમાં તને નીહાળીને, તારા ચરણમાં પડીને હું અવશ્ય તારી આજીજી કરીશ.'' આ પ્રમાણે વિચારીને નંદનવનમાં ભટકતો લલિતાંગ દેવ દરેક લતાગુચ્છોમાં જઈ–જઈને આ પ્રમાણે બોલવા લાગ્યો કે–''હે સુમુખી! હે પુષ્ટ સ્તનવાળી! હે સુંદર કટિતટવાળી! શું તું અહીં પણ નજરે પડતી નથી!'' બાદ ત્યાંથી પોતાની પ્રિયતમાના દર્શનને માટે વેગથી વારંવાર ઉપવનમાં ગયો, ઉપવનમાંથી વાપીએ ગયો, વાપીમાંથી ક્રીડાપર્વત પર ગયો અને ક્રીડાપર્વત પરથી પાછો વિમાનમાં ગયો. આ પ્રમાણે કોઈ પણ સ્થળે મૃગલોચની સ્વયંપ્રભાને નહીં જોઈને તેનામાં જ લયલીન બનેલ લલિતાંગ દેવ સર્વ સ્થળોમાં સર્વ વસ્તુઓને સ્વયંપ્રભામય જ નીહાળવા લાગ્યો અર્થાત્ સર્વસ્થળે તે સ્વયંપ્રભાને જ જોવા લાગ્યો. આ પ્રમાણે વિવશ બનતો તે પોતાની પત્નીના મુખની ભ્રાંતિથી ચંદ્ર પાસે ગયો અને ''હે પ્રિયે! જલ્દી આમ આવ, અને તારા કપોલપ્રદેશ પર ગાઢ આંજણમિશ્રિત અશ્રુઓને લૂંછી નાખ.'' આ પ્રમાણે બોલીને ક્ષણમાં મૂર્ચ્છા પામતો અને ક્ષણમાં ચેતનવંત બનતો તે વારંવાર પડી જતો હતો અને ઊભો થતો હતો. પુષ્પશય્યામાં, રૂની શય્યામાં અને પૃથ્વીપીઠ પર પણ તેને કંઈ પણ ચેન ન પડ્યું. શીતળ પદાર્થસમૂહથી પણ તેના વક્ષસ્થળને શાન્તિ ઉપજી નહિ તેમજ તેના વક્ષસ્થળના વેગને અંગે ભોજનાદિ શીતળ પદાર્થો પણ ઉષ્ણ બની ગયા. અભિમાની કામદેવથી પીડાએલ તેણે ધીમે ધીમે વાર્તાલાપ કરતાં અને શીતળ ઉપચાર કરતાં પોતાના સ્વજનવર્ગને ઉદ્દેશીને કહ્યું કે–''અંતઃકરણના સંતાપને ભેદવાને માટે બાહ્યોપચાર ફાયદાકારક નથી, માટે અમૃતની મીઠાશ કરતાં પણ અધિક મિષ્ટ સ્વયંપ્રભાના અધરયુક્ત સુંદર મુખના ચુંબનરૂપી ઔષધને જ તમે કરો અર્થાત્ તમે તે સ્વયંપ્રભા દેવી મને જલ્દી દેખાડો. કેળના પાંદડાઓના સમૂહથી મને કેમ વીંઝી રહ્યા છો? કારણ કે તેના પવનથી મારા હૃદયમાં વિયોગાગ્નિ દાવાનળના અગ્નિની જેમ વૃદ્ધિ પામે છે, પરન્તુ દીપકની જેમ બુઝાઈ જતો નથી. ચંચળ પ્રાણોને લીધે ધારણ કરાએલ કુચ–કળશવાળા, જાજ્વલ્યમાન વિરહાનલથી યુક્ત હૃદય પર કામદેવે પ્રહાર કરેલાં બાણોદ્વારા થયેલાં છિદ્રોમાં સુખડનું લેપન તાપને માટે થાય છે.'' આ પ્રમાણે તેનાં દીન વચનો સાંભળીને મદ રહિત બનેલ અંતઃપુરની દેવાંગનાઓ પણ રુદન કરવા લાગી.

**સ્વયંબુદ્ધની દીક્ષા અને ઇશાન દેવલોકમાં દઢધર્મા દેવ તરીકે ઉત્પત્તિ–**

આ બાજુ મહાબળ રાજર્ષિનો અનશનદ્વારા સ્વર્ગવાસ જાણીને વૈરાગ્યવાસિત બનેલ

સ્વયંબુદ્ધ મંત્રીશ્વરે **શ્રી સિદ્ધસૂરિ**ની પાસે ચારિત્ર અંગીકાર કર્યું. લાંબા સમય સુધી નિરતિચારપણે નિર્મળ ચારિત્ર પાળીને તે ઈશાન દેવલોકમાં **"દઢધર્મા"** નામનો ઈંદ્રસામાનિક દેવ થયો. અવધિજ્ઞાન દ્વારા પોતાના પૂર્વભવના સ્વામીને (મહાબળ રાજાને) વિહ્વળ જાણીને લલિતાંગ દેવને પ્રતિબોધ પમાડવા માટે તે દેવ મધુર વાણીદ્વારા આ પ્રમાણે કહેવા લાગ્યો કે– "હે લલિતાંગ! તું ધીરજ ધારણ કર. તું વૃથા વિહ્વળ બની રહ્યો છો. ખરી રીતે તો પુરુષોના વિરહથી સ્ત્રીઓ રુદન કરે પણ સ્ત્રીઓના વિયોગમાં પુરુષો વિલાપ કરતા નથી. પૂર્વભવમાં તું મહાબળ નામનો મારો સ્વામી રાજા હતો અને હું તારો સ્વયંબુદ્ધ નામનો પ્રધાન–મંત્રી હતો. મોહરૂપી કૂપમાં પડતાં તારો મેં ઉદ્ધાર કર્યો હતો તે શું તને યાદ નથી? હે મહાપરાક્રમી! પૂર્વભવના સંબંધથી હું તને સમજાવી રહ્યો છું. હે દેવલોકના મુકુટ સમાન! માત્ર સ્ત્રીને ખાતર આવો કલ્પાન્ત કરવો તે તારે માટે લજ્જાસ્પદ છે. સ્ત્રી શોકમાં વિલાપ કરે છે, હર્ષમાં નાચે છે, પરન્તુ પુરુષ કદી આ પ્રમાણે કરતો નથી. પુરુષાર્થનો ત્યાગ કરીને તમે સ્ત્રી–સ્વભાવસુલભ આવું વર્તન કેમ કરી રહ્યા છો? કષ્ટમાં જે ધીરજ ધારણ કરતા નથી તે સજ્જન ગણાતા નથી. વંટોળીયો વાય ત્યારે શું પર્વતો તણખલાની માફક કદી કંપી ઊઠે છે? નહિ જ. સંસારને વિષે પરિભ્રમણ કરતાં પ્રાણીએ સ્ત્રી આદિ કેટલી વસ્તુઓનો ઉપભોગ કર્યો? તેથી માર્ગમાં આવતા તૃણ તેમ જ વૃક્ષ વિગેરે માટે જેમ વટેમાર્ગુ શોક કરતો નથી તેમ પ્રાણીએ પણ સ્ત્રી પ્રમુખ પદાર્થો માટે સંતાપ કરવો જોઈએ નહિ. ગંભીર પુરુષ આપત્તિમાં ખેદ કરતો નથી તેમ જ સંપત્તિમાં ફૂલાઈ જતો નથી–અભિમાન કરતો નથી. સમુદ્ર ઉનાળામાં શુષ્ક બનતો નથી અને વર્ષાઋતુમાં નદીઓના પાણીનો પ્રવાહ ભળવા છતાં વૃદ્ધિ પામતો નથી. મૂઢ મનુષ્યની માફક જે પુરુષો પત્નીના વિરહમાં વિષાદવાળા બને છે તે રાત્રિના વિયોગમાં ચંદ્રની જેમ કલંકવાળા કહેવાય જ. તે એકલી સ્વયંપ્રભા ચાલી ગઈ તો તે ભલે ગઈ, કારણ કે સુંદર અને અત્યંત સુંદર રૂપવાળી તેમ જ રતિક્રીડા કરવામાં વિશેષ ચતુર એવી તારી અન્ય હજારો દેવાંગનાઓ છે. જો એક લતા શુષ્ક થઈ જાય–સૂકાઈ જાય તો શું ભમરો બીજી લતાનું સેવન કરતો નથી? જો એક સરોવર સૂકાઈ જાય તો શું હંસ બીજા સરોવરમાં જતો નથી? એક અરણ્ય વસવા લાયક ન જણાય તો શું સિંહ બીજા જંગલમાં ચાલ્યો જતો નથી? અર્થાત્ તે સર્વ તેનો ત્યાગ કરી બીજાઓનો આશરો લે છે જ."

દઢધર્મા દેવના આ પ્રમાણેનાં વચનો સાંભળીને લલિતાંગ દેવ બોલ્યો કે :–"હે બંધુ ! પૂર્વભવના બંધુપણાથી તમે મને ઉપદેશવચન કહ્યાં છે, પરન્તુ તમે જ વિચાર કરો. ત્રણ જગતમાં સ્વર્ગલોક એ સારભૂત છે, તે સ્વર્ગલોકમાં હંમેશા વિષયસુખનો ઉપભોગ કરવો એ સારભૂત છે અને સ્ત્રી એ વિષયસુખની સારભૂત છે. મૂર્તિ વિનાનું મંદિર જેમ સુખદાયક થતું નથી તેમ અનુપમ રૂપ, અસાધારણ સૌભાગ્ય અને નિર્મળ શિયળવાળી સ્ત્રી પણ પ્રેમ વિના સુખને માટે થતી નથી. મેઘધારાથી સિંચિત થવા છતાં પણ જેમ જવાસો વિકસિત ન થતાં

ઊલટો શુષ્ક બને છે તેમ અતિ પ્રેમભાવવાળી પત્નીથી પ્રેમ દર્શાવાયા છતાં પણ તેના પ્રત્યેના પ્રેમ વિનાનો પુરુષ લેશ માત્ર સંતાપ પામતો નથી; બલ્કે ખિન્ન બને છે. પુણ્ય વિનાના પુરુષનો દ્રવ્યોપાર્જન માટેનો પ્રયત્ન ચોક્કસ દુઃખદાયી–કષ્ટદાયી બને છે તેમ એકપક્ષીય પ્રેમ પણ દુઃખના કારણભૂત બને છે. હું (સ્વયંપ્રભા સિવાય) કોઈ પણ દેવીને ચાહતો નથી અને કોઈ પણ મારા પ્રત્યે સ્નેહાસક્ત નથી. આ બધી દેવાંગનાઓ પૈકી એક પણ મને પ્રેમ ઉપજાવનારી નથી. પૂર્વના લાખો ભવોમાં સંચિત કરેલ અગણિત પુણ્યરાશિ જ્યારે ઉદયમાં આવે છે ત્યારે દંપતીનો પરસ્પર પ્રેમ શ્રેષ્ઠ કોટીએ પહોંચે છે. પોતાને અત્યંત વહાલી અને વિરહ સહન કરવાને અસમર્થ એવી સ્ત્રી પ્રેમરસયુક્ત વિધવિધ ચેષ્ટાઓ જ્યારે કરે છે ત્યારે તે સુખની આગળ મોક્ષનું સુખ પણ શા હિસાબમાં છે ? હે બંધુ ! તું સાંભળ. તે મને પ્રાણથી પણ વહાલી છે અને હું પણ તેણીના પ્રાણરૂપ છું, તો તેના વિયોગમાં મને સુખ ક્યાંથી હોય ? ”

લલિતાંગ દેવની આવી સ્થિતિ નીહાળી દુઃખી થયેલ દૃઢધર્મા દેવે ઉપયોગ આપીને અવધિજ્ઞાન દ્વારા જાણીને લલિતાંગ દેવને નીચે પ્રમાણે કહ્યું કે :–“હે બુદ્ધિમંત ! દુઃખનો ત્યાગ કર અને હૃદયમાં હવે ધૈર્ય ધારણ કર. તારા હૃદયરૂપી બગીચામાં હરિણી સમાન તારી પ્રાણપ્રિયા–વલ્લભા મારા જાણવામાં આવી છે.

**સ્વયંપ્રભાનો *પૂર્વભવ :–**

આ પૃથ્વીપીઠ પર ધાતકીખંડ નામના દ્વીપમાં પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં **નંદી** નામનું ગામ છે. ત્યાં **નાગિલ** નામનો નિર્ધન ગૃહપતિ વસે છે. પોતાની ઉદરપૂર્તિ માટે ભ્રમણ કરતાં આ નાગિલનો, જેમ પતિવ્રતા સ્ત્રી પતિનો ત્યાગ ન કરે તેમ દરિદ્રતા ત્યાગ કરતી નથી. જેવી રીતે વ્યાધિને આધિ (માનસિક ચિંતા) લાગેલી છે, પાપને જેમ પીડા વળગેલી છે અને નાસ્તિક પ્રાણીને કુબુદ્ધિ રહેલી છે તેમ તે નાગિલને **નાગશ્રી** નામની પત્ની છે. તે નાગશ્રી મૂર્તિમંત ક્ષુધારૂપ, દારિદ્રયની પ્રતિમૂર્તિ જેવી અત્યંત દીન છે. તે બન્ને જણાં કોઈ કોઈ દિવસ ભોજન કર્યા વગર જ પસાર કરતા, કોઈ દિવસે માત્ર અર્ધું જ ભોજન પ્રાપ્ત કરતા. પ્રેત–પિશાચની માફક તેઓ બન્ને પૂર્ણ ભોજન કરીને કદી પણ રાત્રિએ સૂતા નહિ અર્થાત્ તેઓને કદી પણ પેટ–પૂર્ણ ભોજન મળતું નહિ. પૂર્વભવમાં પુણ્ય ઉપાર્જન નહીં કરનાર તે બંનેને પારકા ઘરે કામ કરવા છતાં પણ કોઈ પણ પૂરતા પ્રમાણમાં ભોજન આપતું નથી. દીન અથવા રંક વિગેરે પ્રાણીઓને જોઈને વિવેકી પુરુષે થોડામાંથી પણ થોડું આપવું જોઈએ. દાન કર્યા સિવાય–બીજાને કંઈપણ આપ્યા સિવાય સેંકડો ગમે ઉપાયો કરવા છતાં પણ લક્ષ્મીની પ્રાપ્તિ થતી નથી, વ્યાપાર ફળતો નથી, સેવા કરવા છતાં પણ સ્વામી–માલિક ઈચ્છિત ફળ આપતો નથી અને

* સ્વયંપ્રભા દેવી ચ્યવીને નિર્નામિકા થાય છે અને તે જ નિર્નામિકા મૃત્યુ પામીને પુનઃ સ્વયંપ્રભા થાય છે. એટલે “સ્વયંપ્રભાનો પૂર્વભવ” (શબ્દ) વાસ્તવિક સમજાશે.

આરાધન કરાયેલ દેવ પણ તુષ્ટમાન થતો નથી; ફક્ત પૂર્વભવમાં કરેલ પુણ્ય જ ઇચ્છિત ફળને પૂર્ણ કરે છે—ફળદાયક બને છે. કેટલાક હજારો પ્રાણીઓનું ભરણ—પોષણ કરનાર હોય છે, કેટલાક પોતાના પેટની પૂર્તિ કરનાર હોય છે; જ્યારે કેટલાક પુરુષો પોતાના ઉદરનું પોષણ પણ કરી શકતા નથી,—આ બધું પુણ્ય-પાપને જ આભારી છે પુણ્ય-પાપનું જ ફળ છે. ઐશ્વર્ય—ઋદ્ધિસિદ્ધિ એ ધર્મની દાસી છે જ્યારે દરિદ્રતા એ અધર્મની દાસી છે. જ્યાં જ્યાં ધર્મ-અધર્મનું પ્રાબલ્ય હોય છે ત્યાં ત્યાં અનુક્રમે તે બન્ને—ઐશ્વર્ય અને દરિદ્રતા—હોય છે. પૂર્વજન્મમાં અધર્મનું સેવન કરવાથી અધર્મના સ્થાનભૂત બનવાને કારણે પોતાના સ્વામી—(અધર્મ)માં આસક્ત બનેલી દરિદ્રતાએ નાગશ્રી અને નાગિલમાં વાસ કર્યો છે. દરિદ્રતાના સ્થાનરૂપ તે બન્નેને અંકુરાની શ્રેણીની માફક કાળક્રમે પુત્રી ઉપર પુત્રી એમ નહીં ઇચ્છેલી છ પુત્રીઓ થઈ. ભુંડણની માફક તે પુત્રીઓ કદરૂપાપણાને કારણે તિરસ્કારપાત્ર, સ્વભાવથી જ પુષ્કળ ભોજન કરનારી, સર્વને નિંદાપાત્ર તેમજ મલિન ગાત્રવાળી હતી. બાદ ફરીથી પણ પાપના ભારરૂપ ગર્ભને નાગશ્રીએ ધારણ કર્યો. ઘણું કરીને સંતાનરૂપી પાંદડાંઓના સમૂહથી દારિદ્રયરૂપી વૃક્ષ વિસ્તાર પામે છે.

બાદ પીડિત હૃદયવાળો નાગિલ વિચારવા લાગ્યો કે—"ખરેખર મારા મહાપાપનો ઉદય આવ્યો છે, કારણ કે આ મનુષ્યલોકમાં પણ હું નરકની વેદના અનુભવી રહ્યો છું. જેમ ઘુણ[1] નામના કીડાથી કાષ્ઠ અંદરના ભાગથી કોતરાય છે—પોલું બનાવાય છે તેવી રીતે, ખેદની વાત છે કે, જન્મથી પ્રાપ્ત થયેલ અને નિરંતર ચાલુ જ રહેલ દારિદ્રયે મારા અંતઃકરણને ફોલી ખાધું છે, અર્થાત્ મને શૂન્ય અંતઃકરણવાળો બનાવ્યો છે. આ ઉપરાંત ઉધઈવડે ખવાઈ ગયેલા વૃક્ષની માફક હું પણ લક્ષણહીન અને શત્રુ સમાન કન્યાઓ—પુત્રીઓદ્વારા દુઃખી બન્યો છું. હવે જો મારી દુર્ભાગી પત્ની ફરી વાર પણ પુત્રીનો જન્મ આપશે તો હું કુટુંબનો ત્યાગ કરીને કોઈપણ સ્થળે પરદેશમાં ચાલ્યો જઈશ." આ પ્રમાણે દુઃખી બનેલ નાગિલની પત્નીએ કાળાનુક્રમે સાતમી પુત્રીને જન્મ આપ્યો. સાતમી નરકભૂમિની માફક તે પુત્રી જન્મતાં જ અત્યંત કષ્ટદાયિની બની. આઠ રાક્ષસીઓની સરખી પોતાની પત્ની તેમજ સાત પુત્રીઓથી ભયભીત બનેલ નાગિલ અત્યંત દુઃખપૂર્વક કોઈને કંઈ પણ કહ્યા વગર નાસી જઈને અન્ય સ્થળે ચાલ્યો ગયો. દારિદ્રયરૂપી પવનથી પ્રજ્વલિત થયેલ પ્રસૂતિજન્ય દુઃખરૂપી અગ્નિમાં નાગિલનું દેશાટનરૂપી તૃણ (ઘાસ) ક્ષેપન નાગશ્રી માટે અત્યંત પરિતાપજનક બન્યું અર્થાત્ દારિદ્રયને કારણે નાગશ્રી દુઃખી તો હતી જ તેમાં પોતાના પતિના પરદેશગમનથી વિશેષ વૃદ્ધિ થઈ.

**સ્વયંપ્રભાના જીવ નિર્નામિકાનું સ્વરૂપ—**

પતિવિરહના દુઃખને કારણે નાગશ્રીએ તે સૌથી નાની પુત્રીનું નામાભિધાન પણ કર્યું

૧. લાલ મુંડો, કાષ્ઠને કોરી ખાનાર કીડો.

નહિ તેથી વિશ્વને વિષે તે "**નિર્નામિકા**" એવા નામથી પ્રખ્યાતિ પામી. નાગશ્રીએ આ કન્યાની સારી રીતે સારસંભાળ ન લીધી તો પણ નહીં રક્ષાયેલ વનની વેલની માફક તે પ્રતિદિન ઉમ્મરમાં વૃદ્ધિ પામવા લાગી. ખરેખર તે કન્યા દુર્ભાગી–કમનસીબ હતી કે જેને લઈને તેના કુટુંબીવર્ગની તો વાત જ ક્યાં કરવી પણ તેની સગી મા નાગશ્રી પણ આક્રોશપૂર્વક તેણીનો તિરસ્કાર કરવા લાગી. કોઈપણ મહોત્સવ પ્રસંગે અન્ય બાળકોના હાથમાં લાડવાઓને જોઈને બાલવયને ઉચિત સ્પૃહાથી તે નિર્નામિકા માતા પાસે મોદકની માંગણી કરતી ત્યારે ક્રોધને લીધે રક્ત નેત્રવાળી બનેલ નાગશ્રી તેને કહેતી કે–'હે પાપિણી! તારા આ કુળમાં કોઈએ સ્વપ્નમાં પણ મોદક જોયા નથી તો પછી તને તેની ઈચ્છા ક્યાંથી ઉદ્ભવી? હે પુત્રી! લાડવાની તો વાત જ શી કરવી? જો તું હંમેશાં **અંબરતિલક** નામના પર્વત પરથી બળતણ લાવીશ તો જ તું ભોજન પ્રાપ્ત કરી શકીશ.' આવા વજ્રસરખાં વચનોવડે માતાદ્વારા તિરસ્કાર પામેલી નિર્નામિકા પોતાના નસીબને નિંદતી અને રુદન કરતી બળતણ એકઠું કરવાને **અંબરતિલક** પર્વત પ્રત્યે ગઈ. એવામાં તે પર્વતના શિખર ઉપર એકરાત્રિકી પ્રતિમાને ધારણ કરીને રહેલા **યુગંધર** નામના મુનીશ્વરને કેવળજ્ઞાન થયું, એટલે દેવોએ તે મુનિવરનો કેવળજ્ઞાન મહોત્સવ કર્યો. નજીકના ગામ અને નગરોના લોકો પણ તે મુનિશ્રેષ્ઠને વંદન કરવાને ગયા. આ પ્રમાણે ત્યાં આવતા દેવ, દાનવ તથા મનુષ્યોના સમૂહને જોઈને આશ્ચર્ય પામેલી નિર્નામિકા પણ તે મુનિને વાંદવાને તેઓ સર્વની સાથે **અંબરતિલક** પર્વતના શિખર ઉપર ગઈ, અને સમતા ગુણયુક્ત તે કેવળી ભગવંતને નમન કરીને નિર્નામિકા અત્યંત પ્રમોદ પામી અને રોમાંચના બહાનાથી પાપરહિત બની.

### નિર્નામિકાએ કરેલ ઉપદેશ-શ્રવણ–

બાદ તે યુગંધર કેવળી ભગવંતે સંસારજન્ય જન્મરૂપી દાહની વિશાળ વ્યથાને દૂર કરવામાં સત્ય અને હિતકારી અમૃતસમાન તેમ જ ધર્મજન્ય સુખના મંદિરરૂપ નીચે પ્રમાણે દેશના દીધી :–

'વ્યાધિગ્રસ્ત પ્રાણીવડે સેવાયેલ કુપથ્યની જેમ ભોગસમયે જ માત્ર સુખદાયક એવું વિષયસુખ પ્રાણીઓને દુઃખના કારણભૂત બને છે. જ્યાંસુધી મુક્તિની પ્રાપ્તિ ન થાય ત્યાંસુધી આ સંસારમાં ભવ્ય પ્રાણીઓને સુખ ક્યાંથી સંભવે? મોક્ષ તો કર્મના ક્ષયથી જ મેળવી શકાય છે અને કર્મનો ક્ષય પણ સમતાગુણ–સમતાભાવથી જ થઈ શકે છે. આ સંસારમાં ભ્રમણ કરતાં પ્રાણીઓને ચોરાશી લાખ જીવયોનીમાં ન રોકી શકાય તેવું તેમ જ અપરિમિત જન્મ, વૃદ્ધાવસ્થા ને મૃત્યુ આદિ દુઃખ વર્તે છે.'

આ પ્રમાણે દેશના સાંભળીને નિર્નામિકાએ અંજલિ જોડવાપૂર્વક કેવળી મહારાજને પૂછયું કે–'હે પૂજ્ય! આ જગતમાં આપ રાજા અને રંક પ્રત્યે સમાનભાવવાળા છો. પોતાના

પુષ્કળ કિરણોદ્વારા સમગ્ર વિશ્વને પ્રકાશિત કરતો સૂર્ય દરિદ્ર, મૂર્ખ, ભીરુ–કાયર અને કદરૂપાં પ્રાણીઓના ઝુંપડાનો શું ત્યાગ કરે છે ? અર્થાત્ નહિ. સૂર્ય સર્વ સ્થળે સરખો જ પ્રકાશ ફેલાવે છે. પૂર્ણિમાને દિવસે વૃદ્ધિ પામેલ અને અમૃત વર્ષાવતા કિરણસમૂહદ્વારા લોકોને શાંતિ પમાડતો ચંદ્ર શું પર્વત, વૃક્ષ, તિર્યંચ તેમ જ લતાઓનો ત્યાગ કરે છે ? સૂર્યના તીવ્ર તાપને હરનાર જળસમૂહથી અતિ ઉન્નત એવો મેઘરાજ વર્ષાઋતુમાં જંગલની વેલોને શું નવપલ્લવિત નથી કરતો ? સમગ્ર લતા અને વૃક્ષરાજીને વિકસિત કરતો ઋતુરાજ વસંત કડવા, કંટકવાળા અને તુચ્છ વૃક્ષોને પણ પુષ્પ અને ફળવાળાં બનાવે છે. તે સર્વની માફક આપ પૂજ્ય પણ ભવ્ય પ્રાણીઓના સંદેહો દૂર કરવામાં તત્પર છો તો હે જ્ઞાની ગુરુવર ! હું પણ આપને પ્રાર્થના કરી કહું છું કે–જે કારણથી આપે આ સંસારને અતિ દુઃખરૂપ જણાવ્યો છે તો શું કોઈપણ સ્થળે મારાથી અધિક દુઃખી કોઈપણ છે ?' એટલે યુગંધર મુનિવરે કહ્યું કે–"પોતાની જાતને અત્યંત દુઃખી માનનારી હે પુત્રી ! તારું દુઃખ શા હિસાબમાં છે ? નરકપૃથ્વીમાં રહેલા નારક જીવોના દુઃખો કહેવા–વર્ણવવા પણ અશક્ય છે.

**નરકવેદના–**

નરકને વિષે **ક્ષેત્રકૃત**, અન્યોન્ય પરસ્પર સંઘર્ષણમય **(પરસ્પરકૃત)** અને **પરમાધામીકૃત** એમ ત્રણ પ્રકારનાં દુઃખો પ્રાણીઓ પોતાના કર્મવશ અનુભવે છે. પહેલી ત્રણ નરકભૂમિમાં **ઉષ્ણવેદના**, ચોથી નરકમાં **શીત** અને **ઉષ્ણ** બન્ને પ્રકારની વેદના અને બાકીની છેલ્લી ત્રણમાં **શીતવેદના** હોય છે. ઉષ્ણ અને શીત નરકોને વિષે જો કદાચ લોઢાનો પર્વત પડે તો તરત જ તે ઓગળી જાય, તેમ જ નરકભૂમિને સ્પર્શ કર્યા પહેલા જ તે છિન્નભિન્ન થઈ જાય. આ **ક્ષેત્રવેદના** કહેવાય છે. પૂર્વભવનું વૈર યાદ કરીને હાથી, સિંહના વૈક્રિય શરીરને ધારણ કરીને તે જીવો નાહક પરસ્પર પ્રહાર કરતાં છિન્નભિન્ન થઈને–ટૂકડે ટૂકડા થઈને દુઃખનો અનુભવ કરે છે. **(પરસ્પરકૃત વેદના)** વજ્રની કુંભીરૂપી યંત્રમાં ઉત્પન્ન થયેલા નારક જીવોને બૂમ પાડવા છતાં પરમાધામીઓ સીસાની સળી માફક બળપૂર્વક લઘુ છિદ્રદ્વારા બહાર ખેંચે છે. જેમ ધોબીયો મલિન વસ્ત્રને શિલા પર પટકે તેમ પરમાધામી દેવો તે નારક જીવોને હાથ તથા પગથી પકડીને તીક્ષ્ણ વજ્ર કંટકવાળી શિલાઓ પર પછાડે છે. વળી તે પરમાધામીઓ કેટલાક નારક જીવોને અણીદાર કરવતવડે જેમ લાકડાને ચીરે તેમ ચીરે છે. કોઈપણ સ્થળે કેટલાક નારક જીવોને વિવિધ પ્રકારના યંત્રોદ્વારા તલને પીલે તેમ પીલી નાખે છે. કેટલાકને લોઢાના પાત્રની જેમ મજબૂત લોઢાના ઘણોથી કૂટે છે. કેટલાકને વજ્રની શૂળ જેવી રૂની શય્યામાં સુવાડે છે. કેટલાકને ગળીના ઝાડનાં પાંદડાઓની માફક વજ્રની લાકડીઓથી મારે છે–તાડન કરે છે. કેટલાકને શાકપણિકા (સરગવા)ની માફક ઘણા પ્રકારે ટૂકડે ટૂકડા કરે છે. આવા પ્રકારનાં વિવિધ દુઃખોના સહન કરવા બાદ ફરીથી પોતાના એક

શરીરરૂપે[1] બનતા અને કરુણાજનક સ્વરથી બૂમો પાડતા તે નારક જીવોને પરમાધામી દેવો આવા પ્રકારના દુઃસહ દુઃખોનો વારંવાર અનુભવ કરાવે છે. આ પ્રમાણે દુઃખી થયેલા અને ગરીબડા તે જીવોને જ્યારે તૃષા લાગે છે ત્યારે પરમાધામી દેવો ઊકળતા કલઈ અને સીસાના રસપ્રવાહથી અત્યંત ભયંકર **વૈતરણી** નદીમાં તેઓને ઊતારે છે. જ્યારે તેમને છાયાની સ્પૃહા થાય છે ત્યારે "અસિપત્ર" નામના વૃક્ષોના વનમાં જલ્દીથી લઈ જાય છે અને ત્યાં પડતાં તીક્ષ્ણ શસ્ત્ર સરખાં પાંદડાંઓથી તલની જેમ છેદાય છે. પરસ્ત્રીમાં આસક્ત થયેલ નારક જીવોને તેનું તે દુષ્કૃત્ય યાદ કરાવીને તપાવેલી લોઢાની પુતળીઓ સાથે આલિંગન કરાવે છે, તેમજ પુષ્કળ વજ્રના કાંટાયુક્ત સામળી[2] વૃક્ષ સાથે બાથ ભીડાવે છે. પૂર્વજન્મમાં માંસાહાર કરેલ જીવને તેનું સ્મરણ કરાવીને તેના પોતાના જ દેહનું માંસ ખવરાવે છે. મદિરાપાન કરનારને તેની સ્મૃતિ કરાવીને ઊકાળેલું સીસું પાય છે. વળી તે નારક જીવોને કુંભીમાં પકાવે છે, ભઠ્ઠીમાં શેકે છે અને શૂળીથી પરોવે છે—આ બધાં મુખ્ય–મુખ્ય દુઃખોનો તેઓ અનુભવ કરે છે. એક લવમાત્ર સમય સુધી પણ તેઓ પીડા–કષ્ટ સિવાય રહી શકતા નથી અર્થાત્ કષ્ટ સહન કર્યા સિવાય તેઓનો એક લવમાત્ર સમય પણ જતો નથી. આ પ્રમાણે પૂર્વજન્મમાં કરેલા દુષ્કૃત્યોનું સ્મરણ કરાવાતા તે જીવો નરકમાં દુઃખનો અનુભવ કરે છે. આ સંસારમાં તેવા દુઃખનું શ્રવણ કરવું તે પણ પ્રાણીઓને દુઃખદાયક થાય છે.

## તિર્યંચાદિ ગતિમાં દુઃખપરંપરા—

આ સંસારમાં પોતાના કર્મોદયને લીધે જળચર, સ્થળચર અને ખેચર વિગેરે પશુ, પક્ષીઓ અત્યંત દુઃખો અનુભવતા પ્રત્યક્ષપણે જોવાય છે. જળચર જીવો માછીમાર અને બગલાદિ પક્ષીઓવડે તેમજ પરસ્પર દુઃખી બને છે. સ્થળચર જીવોમાં મૃગ વગેરે સિંહ વડે તેમ જ શિકારીવડે હણાય છે. પૂર્વજન્મના કર્મને વશ પડેલા આ સ્થળચરો શીત (ઠંડી), ઉષ્ણતા (ગરમી), તૃષા, ભૂખ, ચાબૂક, અંકુશ અને આરના પ્રહારથી કઈ વેદનાને સહન કરતા નથી? માંસભક્ષણ કરનારા શિકારીઓ, સીંચાણો, બાજ પક્ષી અને ગીધ પ્રમુખથી તેતર, લાવક (લાવરી), કબૂતર અને પોપટ વિગેરે પક્ષીઓ પકડાય છે. મનુષ્યપણામાં પણ કેટલાક પ્રાણીઓ જન્મથી જ લંગડા, બહેરા, અંધ, કોષ્ઠ (કોઢ) વિગેરે વ્યાધિવાળા તેમ જ દરિદ્રી હોય છે. દેવગતિમાં પણ પરસ્પરનો પરાભવ, અધિકાધિક સમૃદ્ધિને અંગે દુઃખાર્ત્ત તેમજ ચ્યવનસમયે અતિ દીન બનતાં દેવોને પણ દુઃખ છે. આ સંસારમાં સ્વભાવથી ભોગશીલ ચારે ગતિઓના પ્રાણીઓને સાગરના જળની જેમ દુઃખોનો છેડો જ નથી અર્થાત્ અપરંપાર દુઃખ જ છે.

---

૧. નારકીના જીવોનું શરીર પારા જેવું હોય છે. છેદનભેદન કર્યા પછી પણ તરત જ પારાની માફક પાછું મળી જાય છે—એકરૂપ થઈ જાય છે.

૨. શીમળાનું ઝાડ.

કાળકૂટને અમૃત જેમ દૂર કરે તેમ આ સંસારના દુઃખોને દૂર કરવાને માટે નિરુપદ્રવ–સહેલામાં સહેલો ઉપાય શ્રી જિનેંદ્ર ભગવંતની સેવા જ છે. મુક્તિ સિવાય સાચું સુખ નથી. રાગ-દ્વેષના સંપૂર્ણ ક્ષય સિવાય મુક્તિ મળતી નથી અને વીતરાગ પરમાત્માની સેવા–ભક્તિ સિવાય રાગ–દ્વેષનો ક્ષય સંભવતો જ નથી; કારણ રાગના લક્ષણરૂપ સ્ત્રી તેઓની કાયા સાથે જોડાયેલી–વળગેલી નથી. સ્ત્રીને આલિંગન આપવાની મનોવૃત્તિવાળી વ્યક્તિ ખરેખર જ રાગી હોય છે. વળી વીતરાગ દેવના હસ્તમાં ચક્ર અને ધનુષ્ય વિગેરે દ્વેષને દર્શાવતાં ચિહ્નો પણ જોવામાં આવતાં નથી, તેથી પણ સમજાય છે કે શાન્તરસના સાગર સમા શ્રી વીતરાગ-પરમાત્માને કોઈ પણ વધ કરવા લાયક જ નથી. સકલ (ચોત્રીશ) અતિશયથી યુક્ત, રાગ, દ્વેષ, મોહાદિ આંતરરિપુના સમૂહથી રહિત અરિહંત પરમાત્મા સિવાય બીજે મુક્તિ ક્યાંથી હોઈ શકે? સર્પવિહુણા અમૃત કુંડની જેમ હિંસાદિ દોષોથી રહિત અને વીતરાગભાષિત–ધર્મ જ ખરેખર સેવન કરવા યોગ્ય છે. વળી પણ કહ્યું છે કે–આ જગતમાં રાગથી, દ્વેષથી યા મોહથી જ મૃષા (અસત્ય) કથન કરાય છે, પરન્તુ જે વીતરાગ પરમાત્મામાં ઉપર્યુક્ત રાગાદિ દોષો છે જ નહિ તો પછી તેમને અસત્ય (મૃષા) કથન કરવાનું કારણ જ શું હોઈ શકે? અર્થાત્ વીતરાગ દેવ કદાપિ પણ અસત્યભાષી હોતા જ નથી. જિનેશ્વર ભગવંત રાગથી, દ્વેષથી અને મોહથી રહિત જ હોય છે અને તેમણે પ્રરૂપેલો ધર્મ દુષ્કર્મના મર્મસ્થળને ભેદી નાખે છે. જે પુણ્યશાળી પ્રાણીએ નિર્દોષ જૈનધર્મનું સમ્યક્ પ્રકારે સેવન કર્યું છે તેને તિર્યંચ અને નરકગતિ પ્રાપ્ત થતી નથી. જીવહિંસા કદી પણ કરવા યોગ્ય નથી, કારણ કે તે હિંસા ચોરની માફક પુણ્યરાશિને હરી લઈને જીવોને નરકરૂપી ગુફામાં નાખે છે. **(પ્રાણાતિપાતવિરમણ)**. અસત્ય બોલવાનો હંમેશને માટે ત્યાગ કરવો જોઈએ, કારણ કે તેનાથી માણસ લઘુતાને પ્રાપ્ત થાય છે, અને લઘુતા પ્રાપ્ત થવાથી દુષ્કર્મરૂપી પવનને અંગે તેને સંસારરૂપી અરણ્યમાં આકડાના રૂની માફક ભ્રમણ કરવું પડે છે. **(મૃષાવાદવિરમણ)**. કદાપિ ચોરી કરવી જોઈએ નહિ. ચોરી કરવાથી અન્યને અત્યંત દુઃખી કરાય છે. ચોરી કર્યા બાદ કરેલાં પુણ્યકાર્યો એ ફક્ત મીંડાની ગણત્રી કરવા સમાન છે; અર્થાત્ ગમે તેટલાં મીંડા કરી તેનો સરવાળો કરતાં કંઈ ગણત્રી નથી તેમ ચોરી કર્યા પછી તે દ્રવ્યથી ગમે તેટલાં પુણ્ય કાર્યો કરવામાં આવે તો તે પણ નિરર્થક જ છે. **(અદત્તાદાનવિરમણ)**. મૈથુનનો તો નિરંતર ત્યાગ કરવો જોઈએ. મૈથુન સેવનથી વૃદ્ધિ પામેલો ધર્મ પણ કૃષ્ણપક્ષમાં સંપૂર્ણ કળાવાન ચંદ્રની માફક નાશ પામી જાય છે. **(મૈથુનવિરમણ)**. વિસ્તૃત–વિશાળ પરિગ્રહ પણ રાખવો જોઈએ નહિ, કારણ કે અત્યંત ભારથી લદાએલ બળદ ગહન અટવીનું ઉલ્લંઘન કરી શકતો નથી તેમ પ્રયત્ન કરવા છતાં પણ પ્રાણી ભવરૂપી અટવીનો પાર પામી શકતો નથી. **(પરિગ્રહ પરિમાણ)** જે કોઈ પ્રાણી દ્વેષથકી પણ હિંસાદિ **(પ્રાણાતિપાદાદિ)** પાંચે અતિચારનો ત્યાગ કરે છે અને તે દ્વારા પંચમી ગતિ એટલે મોક્ષગતિને શીઘ્ર પ્રાપ્ત કરે છે તેને મૃત્યુ શેનું હોઈ શકે?'

આ પ્રમાણે યુગંધર મુનિવરની દેશનાના શ્રવણથી પ્રગટેલ વૈરાગ્યરૂપી ઔષધવડે નિર્નામિકાએ પત્થરની ગાંઠ સરખી પોતાની કર્મ—ગ્રંથીને તુરત જ તોડી નાખી. સમ્યગ્દર્શનાદિ પુષ્કળ રત્નસમૂહવાળા તે યુગંધર મુનિરાજ પાસેથી નિર્નામિકાએ સમકિતરૂપી રત્ન પ્રાપ્ત કર્યું અને તે રત્નના પ્રભાવથી—સામર્થ્યથી તે મોક્ષગતિ પણ પ્રાપ્ત કરશે. શબ્દાદિ પાંચ વિષયોથી વિરક્ત બનેલી અને નવકાર મંત્રના ધ્યાનમાં લયલીન બનેલ તે નિર્નામિકાએ યુગંધર કેવળી ભગવંત પાસે પાંચ અણુવ્રતો ગ્રહણ કર્યાં. આવી રીતે યુગંધર મુનિ પાસે સંસારનો ક્ષય કરનાર, કામધેનુ, ચિંતામણિ રત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક સારભૂત એવા ગૃહસ્થધર્મને પ્રાપ્ત કરીને નિર્નામિકા સંતુષ્ટ થઈ. બાદ પોતાની જાતને કૃતકૃત્ય અને ધન્ય માનતી તેમજ હર્ષાન્વિત બનેલ તેણી યુગંધર મુનિને નમસ્કાર કરીને, કાષ્ઠના ભારાને ઉપાડીને જલ્દીથી પોતાના ઘરે ગઈ. પછી બોધ પામેલ, ક્રોધ રહિત બનેલ તેમજ જિનેશ્વર ભગવંતની સેવારૂપી અમૃતથી માનસિક ચિંતાને દૂર કરતી તે નિર્નામિકા ત્યારથી જ પ્રારંભીને તીવ્ર તપ કરવા લાગી. અનુક્રમે તરુણાવસ્થા—યૌવનાવસ્થામાં આવવા છતાં પણ દુર્ભાગ્યને કારણે કોઈ પણ તેને પરણ્યું નહિ. નિર્મળ જળવાળી છતાં ખારા પાણીવાળી વાવડીનો કોણ આશરો લે ?

## નિર્નામિકાનું સ્વયંપ્રભા તરીકે પુનઃ ઊપજવું—

પોતાના દુર્ભાગ્યને અંગે વિશેષ વૈરાગ્યભાવનાવાળી તે નિર્નામિકા હાલમાં અંબરતિલક પર્વત પર ફરીથી આવેલા યુગંધર મુનિ પાસે અનશન વ્રત સ્વીકારીને રહેલ છે, તો હે લલિતાંગ દેવ ! તું ત્યાં જઈને તારું રૂપ બતાવ; જેથી તારા વિષે અનુરક્ત બનેલ તે નિર્નામિકા મૃત્યુ પામીને પુનઃ તારી પ્રિયા—સ્વયંપ્રભા બને; કારણ કે **'અંતસમયે જેવી મતિ હોય તેને અનુરૂપ ગતિ થાય છે.'**

આ પ્રમાણે દૃઢધર્મા દેવના કહેવા પ્રમાણે લલિતાંગ દેવે કરવાથી લલિતાંગ પ્રત્યે અનુરાગવતી બનેલી નિર્નામિકા મૃત્યુ પામીને પૂર્વની માફક તેની સ્વયંપ્રભા નામની દેવી થઈ. જેમ સંતાન રહિત પ્રાણી પુત્રને પ્રાપ્ત કરે, ભિક્ષુક જન દ્રવ્યને પ્રાપ્ત કરે, મૃત્યુ પામેલ જેમ અમૃતને પ્રાપ્ત કરે તેમ જોતજોતામાં નાશ પામેલા ધનપતિની જેમ પોતાની પ્રિયાને પુનઃ પ્રાપ્ત કરીને લલિતાંગ દેવ અત્યંત પ્રમોદ પામ્યો. લલિતાંગ દેવની તથાપ્રકારની પ્રેમની અધિકતાને જાણવાથી સ્વયંપ્રભા પણ અત્યંત ઉલ્લસિત સેંકડોગણા સ્નેહથી લલિતાંગ દેવને વિશેષ વિશેષ પ્રકારે હર્ષ ઉપજાવવા લાગી. કુદરતી જ સ્નેહવાળી તેણીની સાથે ક્રીડા કરતા ને અત્યંત પ્રેમભાવવાળા લલિતાંગ દેવનો પુષ્કળ સમય એક ક્ષણ માત્રની માફક પસાર થઈ ગયો.

એકદા પોતાની દેવી સ્વયંપ્રભાની મનોહર પ્રેમચેષ્ટાને અમૃત તુલ્ય માનતા લલિતાંગ દેવે સ્વર્ગથી ચ્યવવાનાં ચિહ્નો જોયાં, એટલે અપરાધી બનેલની માફક સ્વયંપ્રભાએ શરમથી લલિતાંગ દેવનો ત્યાગ કર્યો અને તેની દાસીરૂપ બનેલ દેવઋદ્ધિએ પણ તેનો ત્યાગ કર્યો.

**હંમેશાં કષ્ટમાં અનેક કષ્ટો આવી મળે છે.** લલિતાંગ દેવના અલંકારો પ્રકાશહીન–ઝાંખા બન્યા. સાયંકાળે શું સૂર્યનાં કિરણો ઉષ્ણ–ગરમ રહી શકે? તેના મુગટ પર શોભતી પુષ્પની માળાઓ ચીમળાઈ ગઈ. **સ્વામીના સંકટમાં સજ્જનોનું વર્તન ભિન્ન હોતું જ નથી** અર્થાત્ તેઓ સ્વામીના દુઃખે દુઃખી થાય છે. અચાનક દેહની સાથે તેનાં વસ્ત્રો પણ કાન્તિ રહિત બન્યાં. ખરેખર જન્મથી પ્રારંભીને સાથે રહેલા ગુણી પુરુષોનો આવો જ સ્નેહ–સંબંધ હોય છે. 'તારા વિના મને હર્ષ થતો નથી.' એમ વિચારીને જ તેને બોલાવવા માટે મૃત્યુલોકદ્વારા મોકલાએલી પોતાની દૂતી સમાન નિદ્રા તેનું અત્યંત સેવન કરવા લાગી અર્થાત્ ચ્યવનકાળ નજીક આવતાં લલિતાંગ દેવને નિદ્રા આવવા લાગી. વળી ભવિષ્યમાં થનાર ગર્ભસ્થિતિ પ્રમુખ દુઃખરાશિયુક્ત અગ્રસેના સરખી સ્ફુટન પીડા (અંગો ફાટવા, તોડ થવી) તેના સર્વ અંગો, ઉપાંગો અને સાંધાઓમાં થવા લાગી. આ ઉપરાંત સ્વર્ગીય પ્રેમના અભ્યાસમાં પરાંગમુખ બનેલ તેની દૃષ્ટિ દર્શનીય પદાર્થોનું નિરીક્ષણ કરવામાં પણ અસમર્થ બની. બાદ ખીલાની માફક લલિતાંગ દેવના આત્માને ખેંચવા માટે ચ્યવનકાળ ઉપસ્થિત થયો ત્યારે લલિતાંગદેવનું સમગ્ર શરીર ધરતીની માફક ધ્રૂજી ઊઠ્યું–થરથરવા લાગ્યું, તેનું હૃદય કંપવા લાગ્યું તેમ જ દેવાંગનાનાં હૃદયો, કલ્પવૃક્ષો તેમ જ મિત્રદેવો ખરી પડતાં પુષ્પ અને અશ્રુબિંદુની માફક તેના દુઃખને લીધે અત્યંત કંપવા લાગ્યા. જેનું સર્વસ્વ ચાલ્યું ગયું છે તેની માફક તેમ જ સ્ત્રીના દુરાચારથી સંતાપ પામેલ વ્યક્તિની જેમ તે દેવ ક્રીડાપર્વત, વાપી, નદી, ઉપવન અને જળાશયમાં કોઈ રીતે શાન્તિ પ્રાપ્ત કરી શક્યો નહિ. 'વિષયો! તમે ભલે મારી સાથે આવો!' એમ વિચારીને વિષયોને આજીજી કરતો હોય તેમ ધર્મથી પરાંગમુખ બનીને તે વિષયોને વિષે વિશેષ પ્રકારે આસક્તિવાળો બન્યો. પોતાના સ્વામીની શોકવૃત્તિમાં ભાગ પડાવવાની ચોક્કસ ઈચ્છાને લીધે જ જાણે હોયની તેમ તે લલિતાંગદેવનો સમગ્ર પરિજનવર્ગ વચનમાં પણ શોક દર્શાવવા લાગ્યો. દીનતા હૃદયમાં જલદી પ્રવેશ કરવાને ઈચ્છતી હોય તેમ તે દીનતા તેના વચનમાં અને બન્ને નેત્રોમાં ડગલે ને પગલે સ્થાન લેવા લાગી. બાદ ભયભીત બનેલ સ્વયંપ્રભાએ પોતાના પ્રિયતમ લલિતાંગ દેવને કહ્યું કે—"હે પ્રાણનાથ! હું તમારી પાસે હાજર હોવા છતાં તમે ગ્લાનિયુક્ત મનવાળા કેમ બન્યા છો? હું મનમાં વિશેષ પ્રકારે વિચાર કરું છું, તો પણ તમારા પ્રત્યે મેં કોઈ પણ જાતનો અપરાધ કર્યો હોય તેમ મને જણાયું નથી. હે હૃદયેશ્વર! હું વિહ્વળ બનેલી છું. આપને આવી ગ્લાનિ કયા કારણથી થઈ તે મને કહો?" ત્યારે લલિતાંગ બોલ્યો કે—"હે પ્રિયે! તેં લેશમાત્ર પણ મારો અપરાધ કર્યો નથી. અપરાધ તો મેં કર્યો છે કે પૂર્વજન્મમાં વિશાળ પુણ્યસંચય કર્યો નહિ. પૂર્વભવમાં અત્યંત વિષયાસક્તિને કારણે ધર્મથી પરાંગમુખ, કામાસક્ત એવો હું **મહાબળ** નામનો વિદ્યાધરેંદ્ર હતો. **સ્વયંબુદ્ધ** નામના મારા મંત્રીએ મને જૈન ધર્મનો બોધ કર્યો અને મારા આયુષ્યના પ્રાંતભાગમાં પ્રાપ્ત થયેલ તે જૈનધર્મનું મેં આરાધન કર્યું અને તેના પ્રભાવથી "**શ્રીપ્રભ**" નામના આ વિમાનનું

સ્વામીપણું મને હે સુંદરી! પ્રાપ્ત થયું. હવે મારો ચ્યવનસમય નજીક આવવાથી મને વ્યાકુળતા થઈ રહી છે.'' આ પ્રમાણે તે બન્ને વાર્તાલાપ કરી રહ્યા હતા તેવામાં દઢધર્મા દેવે આવીને લલિતાંગ દેવને કહ્યું કે—''હે લલિતાંગ! ઈશાનેંદ્ર તમને આ પ્રમાણે ફરમાવે છે કે—'અમે નંદીશ્વર પ્રમુખ મહાતીર્થોમાં શાશ્વત જિનપ્રતિમાઓને વંદન કરવા જઈએ છીએ તો તમારે પણ શીઘ્રતાથી આવવું.' એટલે મારા પુણ્યોદયને લીધે જ ઈશાનેંદ્રનો આદેશ સમયોચિત છે.' એમ વિચારી પ્રમુદિત થયેલ લલિતાંગ પોતાની સ્વયંપ્રભા પ્રિયા સાથે ચાલી નીકળ્યો. નંદીશ્વર દ્વીપે જઈને, સમીપવર્તી ચ્યવનના ભયંકર દુઃખને ભૂલી જઈને તેણે ઈન્દ્રની સાથે શાશ્વત પ્રતિમાનું અર્ચન કર્યું. બાદ નંદીશ્વરદ્વીપથી બીજા તીર્થો પ્રત્યે ગમન કરતો તે લલિતાંગ દેવ નિર્મળભાવથી પવનવડે જેમ દીપક બુઝાઈ જાય તેમ આયુષ્યનો ક્ષય થવાથી ચ્યવી ગયો.

જંબૂદ્વીપના પૂર્વ મહાવિદેહમાં સીતા નદીની ઉત્તર દિશામાં સાગરની નજીકમાં **પુષ્કલાવતી** નામની વિજય જયવંત વર્તે છે. તે વિજયમાં સ્વર્ગની શોભાનો પણ તિરસ્કાર કરનાર **લોહાર્ગલ** નામનું નગર છે. પુણ્યના સાગર સમાન આ નગરમાં જિનમંદિરોની ધ્વજાઓ વિશાળ જળકલ્લોલ સરખી શોભે છે. તે નગરમાં ત્રણ ભુવનમાં વ્યાપ્ત, પવિત્ર યશવાળા અને પ્રજાને પોતાના સંતાનની જેમ પોષતો **સુવર્ણજંઘ** નામનો રાજા હતો. તેને **લક્ષ્મી** નામની પત્ની હતી, જેણીનાં બન્ને નેત્રરૂપી કમળ—યુગલ સૂર્યનું દર્શન કરવામાં પરાંગમુખ[1] અને સ્વામીના મુખરૂપી ચંદ્રને જોવામાં વિકસિત થયેલ હતું.

## લલિતાંગ દેવનું વજ્રજંઘ તરીકે ઊપજવું—

સ્વર્ગથી ચ્યવેલ તે ઉત્તમ લલિતાંગ દેવનો જીવ લક્ષ્મી રાણીની કૂખે પુત્ર તરીકે અવતર્યો અને માતપિતાએ તેનું **વજ્રજંઘ** એવું અભિધાન રાખ્યું. બાદ ધાત્રીઓવડે સ્તનપાનદ્વારા લાલન—પાલન કરાતો તે કુમાર, પાણીની નીકવડે જેમ વાડીનું વૃક્ષ વૃદ્ધિ પામે તેમ સ્પષ્ટ રીતે વૃદ્ધિ પામવા લાગ્યો. તેને (કુમારને) મેળવવાથી અત્યંત આનંદિત બનેલ બધી કળાઓદ્વારા **અહમહમિકા**ના ન્યાયવડે એટલે કે હું પ્રથમ વરું—હું પ્રથમ વરું એવી સ્પર્ધાથી કુમાર અધિષ્ઠિત કરાયો. અર્થાત્ કુમાર સમગ્ર કળાઓમાં કુશળ બન્યો. બાદ જે યુવાવસ્થા યુવતી જનોનાં નેત્રોને, મધ્યભાગમાં રહેલ ભ્રમરયુક્ત કેતકી વૃક્ષનાં પર્ણ જેવાં રમણીય બનાવે છે તે યુવાવસ્થાને વજ્રજંઘકુમાર પ્રાપ્ત થયો અર્થાત્ કુમાર યૌવનશાળી બન્યો. પોતાના દેહ અને પરાક્રમદ્વારા વિશ્વના વીર પુરુષોને જે કામદેવે જીતી લઈને હંમેશના પોતાના દાસ બનાવ્યા છે તેવા કામને તે કુમારે પોતાની યુવાવસ્થાને વિષે જોડી દીધેલ હોવાથી વજ્રજંઘકુમાર વિશ્વને વિષે વીરશિરોમણિ છે.

---

૧. તે લક્ષ્મી દેવી અંતઃપુરમાં પણ પડદા વિગેરેમાં જ રહેતી એટલે સૂર્યનું દર્શન થતું નહિ.

*     *     *

દેવાંગનાઓના મુખ પર સ્ફુરાયમાન કિરણસમૂહદ્વારા જાણે ફેંકાયેલ હોય તેવી ભ્રમર જેવી મનોહર કટાક્ષ પંક્તિ જેમના બન્ને કપોલપ્રદેશ પર કર્ણની સમીપ બિરાજી રહેલ કેશકલાપના બહાનાથી શોભે છે તે શ્રીમાન **ઋષભદેવ** પરમાત્મા તમારા કલ્યાણાર્થે હો ! હે પદ્મમંત્રી! લક્ષ્મી દેવી શું ઘરે ઘરે વિલસતી નથી? અર્થાત્ લક્ષ્મી સ્થળે સ્થળે હોય છે, પરન્તુ તારા સિવાય બીજો કોઈ તે લક્ષ્મી સુપાત્રદાનમાં આપતો નથી—સદુપયોગ કરતો નથી. કેટલાકો તે લક્ષ્મીને ભૂમિમાં દાટે છે, કેટલાક વેશ્યાઓને આપે છે અને કેટલાકનું દ્રવ્ય દુષ્ટ, રાજા, ચોર અથવા અગ્નિ હરણ કરી લઈ જાય છે.

**ચતુર્થ સર્ગ સમાપ્ત.**



# પાંચમો સર્ગ.

## શ્રી ઋષભદેવ પ્રભુનો આગલો પાંચમો, છઠ્ઠો તથા સાતમો ભવ : વજ્રજંઘકુમાર, યુગલિક ને સૌધર્મદેવ.

જે પ્રભુના ચરણકમળની ઉપાસનાથી [1]વિયોગને નહીં સહન કરી શકતી લક્ષ્મી ભક્તજનોને આપોઆપ આવી મળે છે તેમ જ ત્રણ જગતના પ્રાણીસમૂહથી સેવન કરાયેલ ચરણવાળા યુગાદીશ **શ્રી ઋષભદેવ** પરમાત્મા તમારી પ્રીતિને માટે થાઓ.

અત્યંત ઋદ્ધિપૂર્ણ સ્વર્ગને પણ જીતી લેનારી આ **પુષ્કલાવતી** નામની વિજયમાં નાગરિકો—નગરજનોની નિર્મળ બુદ્ધિરૂપી કમળપંક્તિને વિકસિત કરવામાં સૂર્ય સરખી કાંતિવાળી **પુંડરીકિણી** નામની નગરી જયવંત વર્તે છે. તે પુંડરીકિણી નગરીને વિષે ધર્મને ક્રીડા કરવાને પર્વત સમાન જિનચૈત્યોને વિષે ધૂપદ્વારા પ્રગટેલ ધૂમરાશિરૂપ અગ્નિ, ફરફરતી ધ્વજાઓની પંક્તિરૂપ મેઘઘટાયુક્ત વિધવિધ પ્રકારના મણિઓની પ્રભાથી ઇંદ્રધનુષ્યના સ્વરૂપને પ્રાપ્ત થયેલ છે. તે નગરીના પ્રાસાદોનાં—હવેલીઓનાં છજામાં જડેલ રત્નરાશિદ્વારા પ્રત્યેક રાત્રિએ દીપોત્સવ (દીપકની માળા) પ્રગટી રહેલ છે. વળી તે નગરીમાં આભૂષણોથી ભૂષિત સમગ્ર જનસમૂહ દ્યૂતનું કદાપિ સેવન કરતો નથી. આવી તે નગરીમાં ઇંદ્રની માફક પૃથ્વીપીઠ પર વિચરતા **શ્રી વજ્રસેન** નામના ચક્રવર્ત્તી રાજ્ય કરતા હતા, જેમના પ્રતાપ—શૌર્યથી સંતપ્ત બનેલ શત્રુગણે તેમના ચરણમાં પોતાનું મસ્તક નમાવ્યું હતું. વજ્રસેન ચક્રવર્ત્તીના તેજથી જાણે પરાજિત થયો હોય તેમ સૂર્ય, દુઃખને અંગે નિસ્તેજ બનેલ હજારો આરારૂપી કિરણોથી વ્યાપ્ત બનીને ચક્રના બહાનાથી આગળ ગતિ કરવાપૂર્વક હંમેશાં તેની સેવા કરતો હતો. (ચક્રવર્ત્તીના પ્રયાણાવસરે ચક્રરત્ન સૌથી મોખરે ચાલે છે, તે ચક્ર બીજું કોઈ નહિ પણ સૂર્ય પોતે જ પરાભવ પામીને સેવા કરવાના મિષથી આગળ ચાલે છે તેમ કર્તાએ દર્શાવ્યું છે.) વજ્રસેન ચક્રવર્તીને મનોહર ચારિત્રવાળી, અસાધારણ સૌંદર્યશાળી અને ગુણસમૂહથી યુક્ત **ગુણવતી** નામની પટ્ટરાણી હતી. તે ગુણવતીની જેવા શરીર—સૌંદર્યથી રહિત બનેલ દેવદેવીઓ તેવી સુંદરતા પ્રાપ્ત નહીં થવાને કારણે અદ્યાપિ પર્યન્ત નિદ્રા લેતા નથી અર્થાત્ દેવ—દેવીઓ કરતાં

---

૧. લક્ષ્મી અને કમળને પરસ્પર સંબંધ છે. કમળ વિના લક્ષ્મી રહી શકતી નથી. જ્યારે પ્રભુના ચરણરૂપી કમળને ભક્તજનોએ પોતાના હૃદયમાં સ્થાપ્યાં ત્યારે તે ચરણકમળનો વિરહ સહવાને અસમર્થ લક્ષ્મી પણ ભક્તજનોને ગૃહે જાય છે અર્થાત્ પ્રભુસેવાથી લક્ષ્મી પ્રાપ્ત થાય છે તેમ દર્શાવ્યું છે.

પણ ગુણવતીનું સૌંદર્ય ચઢિયાતું હતું. (પ્રકારાંતરે દેવ–દેવીઓને નિદ્રા ન હોય તેમ પણ સૂચવ્યું છે.) પ્રજાજનનાં પુણ્ય–પ્રકર્ષને કારણે રાજાની રાણીઓ સૂર્યનું દર્શન કરતી નથી. જો કદાચ રાજરાણીના મુખનું દર્શન કરવાથી સૂર્ય સ્થિર બની જાય તો સૂર્યના ઉગ્ર તાપથી વ્યાકુળ બનેલ પ્રાણીવર્ગ ચંદ્રના અમૃત વર્ષાવતા કિરણોનું સિંચન ક્યાંથી પ્રાપ્ત કરી શકે? અર્થાત્ નૃપાંગનાઓ એટલી સુંદર હતી કે તેના મુખદર્શનથી સ્તબ્ધ બની જવાતું અને તેને અંગે તેઓ પડદામાં જ રહેતી.

આ બાજુ કેટલાક સમય પછી પોતાના સ્વામીના વિરહને કારણે વ્યાકુળ બનેલ તથા ધર્મનિષ્ઠ લલિતાંગ દેવની સ્વયંપ્રભા દેવી પોતાના સ્વામીની માફક સ્વર્ગથી ચ્યવીને વજ્રસેન ચક્રવર્ત્તી તથા ગુણવતીની પુત્રી તરીકે જન્મી.

**સ્વયંપ્રભાનો શ્રીમતી તરીકે જન્મ—**

તે પુત્રીના દેહમાંથી પ્રાદુર્ભાવ પામેલ સમગ્ર વિશ્વની જનતાને વિસ્મય પમાડતી કાંતિપ્રભા અત્યંત શોભી નીકળી એટલે શુભ દિવસે માતપિતાએ તેનું **શ્રીમતી** એવું સાર્થક નામ પાડ્યું. બાદ સદ્ભાવનાવડે જેમ ધર્મવાસના, ધર્મવાસનાવડે જેમ પુણ્યરાશિ અને પુણ્યરાશિથી જેમ સુખપરંપરા વૃદ્ધિ પામે તેમ તે શ્રીમતી ધાત્રીઓવડે લાલનપાલન કરાતી વૃદ્ધિ પામવા લાગી. વિચક્ષણ શિષ્યને કરાવાયેલ અધ્યયન જેમ વિદ્યાને દીપાવે, સાધુપુરુષનો સત્કાર જેમ લક્ષ્મીને શોભાવે અને સુંદર નીતિ–ન્યાયપાલન જેમ રાજ્યલક્ષ્મીને વિરાજિત કરે તેમ યુવાવસ્થાએ શ્રીમતીને સૌંદર્યથી અલંકૃત કરી અર્થાત્ શ્રીમતી યૌવનાવસ્થાને પ્રાપ્ત થઈ. સુંદર સ્વભાવને લીધે જન્મથી જ સ્વજનવર્ગને જીવનરૂપ અને તરુણાવસ્થાને લીધે રતિવલ્લભ કામદેવના જીવિત સમાન બની. શ્રીમતીને લાયક યોગ્ય વર પ્રાપ્ત કરવાની ચિંતાને અંગે જો કે તેણી દુઃખદાયિની હતી, છતાં પણ સંતાન પ્રત્યેના વાત્સલ્યભાવને લીધે, શરીર–સૌંદર્યને અંગે, તીક્ષ્ણ બુદ્ધિમત્તાને કારણે અને મીષ્ટ વચનવિલાસાદિ કયા કયા ગુણો દ્વારા પોતાના પિતા વજ્રસેન ચક્રવર્ત્તીના સંતોષને માટે ન થઈ? અર્થાત્ શ્રીમતી પિતાને અત્યંત વહાલી હતી. તારાગણથી ઘેરાયેલ બીજનો ચંદ્ર જેમ પર્વત પર ચઢે તેમ સખીમંડળથી વીંટળાયેલી અને ક્રીડા કરવામાં રક્ત શ્રીમતી એકદા પોતાના **સર્વતોભદ્ર** નામના મહેલ પર ચઢી. એવામાં તેણીએ **મનોરમ** નામના ઉદ્યાનમાં સ્થિર રહેલા **સુસ્થિત** નામના મુનિવરનો કેવળજ્ઞાન મહોત્સવ કરવાની ઇચ્છાવાળા ને ચારે દિશાઓથી આવતા દેવતાઓને આકાશમાર્ગમાં જોયા.

**શ્રીમતીને જાતિસ્મરણજ્ઞાન—**

"કોઈ પણ સ્થળે આવું મેં જોયું છે." એવી વિચારણાને અંગે તેને તત્કાળ જાતિસ્મરણજ્ઞાન થયું અને તેથી રાત્રિમાં આવેલા સ્વપ્નની જેમ પોતાના પૂર્વભવોને તેણીએ

જોયા. પૂર્વભવોને જોવાથી તત્કાળ પોતાના સ્વામી લલિતાંગ દેવ પ્રત્યે અત્યંત આસક્ત બનેલી, અને તેના ચ્યવનજન્ય દુ:ખથી અત્યંત વ્યાકુળ બનેલ શ્રીમતી મૂર્છિત થઈને ક્ષણમાત્રમાં પૃથ્વીપીઠ પર પડી ગઈ, એટલે ગભરાયેલી દાસીઓદ્વારા કરાયેલ ચંદનરસના વિલેપનાદિથી શ્રીમતીએ લાંબા સમય પછી પ્રાપ્ત થયેલ સ્વામીના સ્મરણમાં વિઘ્નભૂત બનવાથી અપ્રિય બનેલ મૂર્ચ્છાનો ત્યાગ કર્યો. બાદ સંજ્ઞા પ્રાપ્ત કરીને તેણીએ હૃદયમાં વિચાર્યું કે—"મારા પૂર્વજન્મનો પતિ લલિતાંગ દેવ ક્યાં હશે ? તે હું જાણતી નથી પરન્તુ તેના સિવાય બીજા કોઈને હું સ્વામી તરીકે સ્વીકારીશ નહિ; કારણ કે હાથીને છોડીને ગર્દભનો કોણ આશરો લે ? જો મારો પૂર્વભવનો પ્રાણપ્રિય પતિ લલિતાંગ દેવ મને નજરે પડે નહિ—મને મળે નહિ તો હું બીજા કોઈની સાથે બોલીશ નહિ" એમ મનમાં નિર્ણય કરીને શ્રીમતીએ તત્ક્ષણે મૌનપણું સ્વીકાર્યું અર્થાત્ ત્યારથી શરૂ કરીને કોઈની સાથે બોલવું પણ બંધ કરી દીધું, એટલે ક્ષેત્રપાલ વિગેરેના દોષની શંકા લાવીને તેની સખીઓ દ્વારા તેને લગતો જે ઉપચાર કરવામાં આવ્યો તે સમગ્ર ઈલાજ, કૃતઘ્ની પુરુષ પ્રત્યે કરેલ મિત્રતા જેમ નિષ્ફળ નીવડે તેમ નિષ્ફળ નીવડ્યો. પછી સેંકડો ઉપચાર કરવા છતાં પણ શ્રીમતીએ પોતાના પ્રિયતમનાં દર્શન પર્યન્ત સ્વીકારેલ મૂકાવસ્થાનો ત્યાગ કર્યો નહિ. **નિદાન નહીં જાણનારાઓના વૈદ્યકીય ઉપચારોથી વ્યાધિ કદી પણ નાશ પામતો નથી.** પોતાના પૂર્વજન્મના પતિ સાથે બોલવાની પ્રતિજ્ઞાવાળી શ્રીમતી પોતાની ભ્રમર, હસ્ત, મસ્તક તેમના ઓષ્ઠપુટની સંજ્ઞાદ્વારા તથા જ્યાં ત્યાં અક્ષરો લખીને પોતાના પરિજનવર્ગને પોતાની જરૂરિયાત જણાવતી હતી.

બાદ પોતાના અતિ વલ્લભ પ્રિયતમના તથાપ્રકારના પ્રેમ—સ્મરણથી લેશમાત્ર સુખ નહીં પ્રાપ્ત કરતી તેણી એકદા ક્રીડાવનમાં ગઈ, તો ક્રીડાવન પણ દાવાનળની માફક તેને દાહ ઉપજાવનારું થઈ પડ્યું. પોતાના પ્રિયતમની સાથે ભોગવેલા નંદનવનના વિલાસને યાદ કરીને અત્યંત ઉત્કંઠા ઉદ્ભવવાથી, જાગૃત થવાથી ચપળ ચિત્તવાળી તેણી તે સ્થાનમાં (ક્રીડાવનમાં) પણ આફતોથી ઘેરાયેલ પ્રાણીની જેમ સંતાપ પામવા લાગી, એટલે ધન પ્રાપ્ત કરવાના લોભને લીધે વ્યાપારી જેમ પ્રત્યેક ગૃહે અને નગરે નગરે વિચરે તેમ "મારા મનને કોઈપણ સ્થળે શાંતિ મળો." એવી ધારણાથી શ્રીમતી વૃક્ષે વૃક્ષે અને પ્રત્યેક નિકુંજોમાં વિહરવા લાગી. શ્રીમતીના હસ્ત તથા ચરણની સમાનતાને ધારણ કરતાં અર્થાત્ રક્તવર્ણા અશોકવૃક્ષના નૂતન પર્ણોએ તેના પ્રત્યે, વિયોગી પ્રાણીઓનાં હૃદયગત રુધિરદ્વારા રક્ત બનેલ કામદેવના બાણ અને ભાલાની ભયંકરતાને ધારણ કરી અર્થાત્ અશોકવૃક્ષનાં પાંદડાં શ્રીમતીને માટે કામદેવના બાણ અને ભાલારૂપ બન્યાં. સુવાસને અંગે આસક્ત બનેલા ભ્રમરાઓના મુખદ્વારા ચુંબન કરાયેલ ચંપકવૃક્ષની કળીઓના સમૂહને, શ્રીમતીએ વિયોગી પ્રાણીઓના વધ માટે કામદેવે કહેલા લોઢાના અગ્રભાગ યુક્ત તીક્ષ્ણ શસ્ત્ર સરખા નીહાળ્યા અર્થાત્ ચંપક કળીઓ શ્રીમતીને કામદેવના તીક્ષ્ણ શસ્ત્રસરખી જણાવા લાગી. બાદ આંબાની માંજર ઉપર આસક્ત બનેલ

ભ્રમરાઓથી શોભિત આમ્રવૃક્ષને શ્રીમતીએ, હંમેશને માટે વિરહી બનેલ પ્રાણીઓની હિંસાથી પ્રગટેલ પાપરાશિરૂપ નીહાળ્યો અર્થાત્ આમ્રવૃક્ષ પર ગુંજતા ભમરાઓ શ્યામ વર્ણના હોવાથી તેને ભમરારૂપ ન માનતાં શ્રીમતી તેને આંબાએ વિયોગી જનની કરેલ હિંસાના ફળસ્વરૂપ પાપકર્મ તરીકે પીછાણ્યાં. ‘ જ્યાંસુધી વજ્રસેન ચક્રવર્તીની પુત્રી–શ્રીમતી અમૃતના સ્વાદને પણ તિરસ્કારી કાઢે તેવી વાણી બોલે નહિ ત્યાંસુધી જ જગતમાં મારી વાણી પ્રશંસાપાત્ર બનશે.’ એમ વિચારીને કોયલ શ્રીમતીને પરિતાપજનક ધ્વનિ કરવા લાગી એટલે કે કોયલનો મીષ્ટ ટહુકાર પણ શ્રીમતીને દુઃખદાયી થઈ પડયો. વળી તે ક્રીડાવનમાં મૃગનયની નારીની ક્ષણમાત્રની કટાક્ષ શ્રેણીવડે નિરીક્ષણ કરાવાથી વિકસિત બનેલ તીલક વૃક્ષને, યુવાન સ્ત્રીના ઝાંઝરના ધ્વનિવાળા પાદ–પ્રહારથી ઉલ્લસિત બનેલ અશોક વૃક્ષને, મદાન્વિત પ્રમદાના મુખદ્વારા ફેંકાયેલ મદિરાના કોગળાવડે વિકસ્વર બનેલ બકુલ વૃક્ષને, તથા પુષ્ટ અને ઊંચા સ્તનવાળી સ્ત્રીના ગાઢ આલિંગનથી નવપલ્લવિત થયેલ કુરુબક વૃક્ષને જોઈને ‘ મારાવડે કરાયેલ આવા વિલાસોદ્વારા મારા પ્રાણપ્રિય પતિ આવા પ્રકારના વિધવિધ વિલાસો ક્યારે કરશે ? ’ એવી જાતના મનોરથોથી શ્રીમતી પણ ઉત્કંઠિત બની ગઈ. એ પ્રમાણે પોતાના ચિત્તની શાન્તિ માટે લતાઓની નિઃકુંજ સમૂહનું નિરીક્ષણ કરવા માટે શ્રીમતી વિચરવા લાગી, પરન્તુ નિકુંજોમાં પવનથી ફેંકાયેલ–પ્રેરાયેલ અને કામદેવના બાણ સરખા પુષ્પ–સમૂહથી તે અધિક પીડા પામવા લાગી. શ્રીમતીના કેશકલાપને જોઈને મયૂરો તેમજ તેની વિલાસી ગતિને જોઈને હંસો, લજ્જા પામીને જલ્દીથી–વેગથી લતામંડપમાં ચાલ્યા ગયા–છુપાઈ ગયા. પોતાને (કમળ) જીતી લેનાર, ઝાંઝરરૂપી મુકુટવાળા, તેમ જ ઝાંઝરના ધ્વનિથી ભ્રમરાના ગુંજારવને તિરસ્કારી કાઢનાર શ્રીમતીના બન્ને ચરણકમળના નિરીક્ષણથી કમળો પોતે જ ભ્રમરસમૂહને લીધે શ્યામ મુખવાળા બની ગયા. પૃથ્વીપીઠ પર સમગ્ર સુકોમળ વસ્તુઓમાં શ્રેષ્ઠ એવી તેની કરાંગુલીઓ જોઈને વાયુવડે ડોલાયમાન થયેલ તે ક્રીડાવનની લતા તેમ જ વૃક્ષનાં પર્ણો ભીતિને લીધે કંપી ઊઠ્યા–ધ્રૂજવા લાગ્યાં. આ ક્રીડાવનમાં સ્તનરૂપી પુષ્પ–ગુચ્છદ્વારા શ્રેષ્ઠ વૈભવશાળી, હસ્ત, ઓષ્ઠ અને ચરણરૂપ સુંદર પર્ણોવાળી, ખેલતા મૃગબાળ જેવાં ચપળ લોચનવાળી તે શ્રીમતી વનદેવીની માફક શોભી ઊઠી. આ પ્રમાણે ક્રીડાવનમાં વિધવિધ વિલાસો કરવા છતાં પણ જ્યારે તેનું અંતઃકરણ સ્વસ્થ ન બન્યું ત્યારે ખેદને દૂર કરવાના બહાનાથી શ્રીમતી અશોકવનમાં સખીઓની વચ્ચે જઈ બેઠી, એટલે શ્રીમતીના હૃદયગત ભાવોને ઇંગિતાકારથી જાણી લઈને **પંડિતા** નામની તેની ધાત્રીએ સખીઓને ઉદ્દેશીને કહ્યું કે–“ હે સખીઓ ! જાઓ, પુષ્પો ચૂંટીને વિવિધ પ્રકારનાં આભૂષણ બનાવો, કારણ કે તે આભૂષણથી રાજપુત્રી શ્રીમતી આજે કામદેવની પૂજા કરશે. મારી પુત્રી પાસે હું એકલી રહીશ.” એ પ્રમાણે ચતુર સખીઓને વિદાય કરીને ધાવમાતાએ શ્રીમતીને કહ્યું કે–

“હે પુત્રી ! તું મારા પ્રાણસ્વરૂપ છો, કારણ કે જન્મથી જ હું તારી સદશ છું. આપણા

બન્ને વચ્ચે કોઈપણ જાતનો ભિન્નભાવ નથી. હે મુગ્ધા! શું મારામાં પણ તું વિશ્વાસ રાખતી નથી? શા કારણથી તું મૌન ધારણ કરે છે તે તું મને કહે. મને તારા દુઃખમાં ભાગીદાર બનાવ, કારણ કે અધિક બુદ્ધિકૌશલ્યને કારણે હું "**પંડિતા**" એવા નામથી પ્રસિદ્ધિ પામી છું."

આ પ્રમાણે ધાવમાતાથી આગ્રહ કરાયેલ શ્રીમતીએ પણ પોતાનું પૂર્વજન્મ સંબંધી સર્વચરિત્ર તેને કહી સંભળાવ્યું. **ચાંદનીથી વ્યાપ્ત બનેલ (ચાંદનીના યોગથી) ચંદ્રકાંતમણિની ભૂમિ શું શીઘ્રતાથી જળને સ્રવતી ઝરતી નથી?** શ્રીમતીએ જણાવેલ તેના પૂર્વજન્મનાં વૃત્તાંતને જાણીને દુઃખી બનેલ પંડિતાએ તેને કહ્યું કે–" હે મુગ્ધા! તે મોટું સાહસ કર્યું છે. તે આ બાબત મને કેમ જણાવી નહિ? હે પુત્રી! પોતપોતાના કર્મયોગથી પ્રાણી કોઈપણ સ્થળે કોઈપણ ગતિને પ્રાપ્ત થાય છે–કોઈપણ ગતિમાં ઊપજે છે. જો તારો વલ્લભ પણ કોઈપણ દ્વીપમાં કનિષ્ઠ કુળને વિષે ઉત્પન્ન થયો હશે તો તારું શું થશે? કર્મની પરિણતિથી પ્રાણીઓ મૂંગા, આંધળા, પાંગળા, બહેરા, મૂર્ખ અને વ્યાધિગ્રસ્ત બને છે. જો તારો પ્રિયતમ લલિતાંગ દેવ તે પૈકી કોઈએક રૂપે એટલે કે મૂંગો યા બહેરો યા અંધાદિ પ્રમુખમાંથી કોઈએક રૂપે જન્મેલ હશે તો હે સ્વસૌંદર્યથી દેવાંગનાઓનો પણ તિરસ્કાર કરનારી શ્રીમતી! હે કલ્યાણી! તારી કેવી કદર્થના થશે? મૂર્ખ હોય તે પંડિત થાય અને શ્રેષ્ઠ વિદ્વાન હોય તે મૂર્ખશિરોમણિ બને, દરિદ્રી ધનવાન બને અને ધનપતિ રંક બને, દુઃખી હોય તે સુખી થાય અને સુખી દુઃખી બને, સ્ત્રી એ પુરુષ થાય અને પુરુષ સ્ત્રીરૂપે અવતરે, આ ભવમાં જે રાજા હોય તે પરભવમાં સેવક બને અને જે દાસ હોય તે રાજા બને, હે પુત્રી! આ સંસારરૂપી નાટ્યશાળામાં કર્મના વિપાકથી પ્રાણી જુદા જુદા રૂપોદ્વારા (ભવોદ્વારા) નટરૂપે નાટક જ ભજવે છે. ઈચ્છવાયોગ્ય અને અત્યંત રમણીય શારીરિક સુખ ઉપજાવનાર દેવીના ભવમાંથી ચ્યવીને તું પણ અત્યંત દરિદ્ર હલકા કુળમાં તિરસ્કાર, દુર્ભાગ્ય અને કદરૂપાપણાથી દુઃખ પામતી **નિર્નામિકા** તરીકે શું ઉત્પન્ન થઈ ન હતી? આ સંસારમાં અનાદિ કાળથી અનંતા ભવોમાં પરિભ્રમણ કરતાં પ્રાણીના કયા કયા માતા, પિતા તથા ભર્તા થયા નથી? અર્થાત્ આ જીવે અનંતા જીવો સાથે અનંતા સંબંધો કર્યા છે, તો તેઓ વિષે તારો આ કેવા પ્રકારનો આગ્રહ? અર્થાત્ તારે આવો નિયમ ગ્રહણ કરવો જોઈએ નહિ. પૂર્વભવમાં જે સ્વામી, માતા, પિતા, બંધુ તથા પુત્રરૂપે હોય તેની આજ્ઞાપૂર્વક સ્ત્રી વર્તે છે, પરન્તુ અન્ય જન્મમાં તે સર્વે સંબંધીઓ અલગ–અલગ થયેલા હોવાથી તેમ જ તેઓ ન ઓળખી શકાતા હોઈને તેને માટે શા કારણે આગ્રહ રાખવો? હે પુત્રી! આ ભવમાં વજ્રસેન ચક્રવર્ત્તી તારો પિતા છે, ગુણવતી તારી માતા છે અને બાલવયથી જ મેં તને પાળી–પોષી છે તો આવા અભિગ્રહથી શું તું અમો સર્વને દુઃખદાયી બનીશ? અત્યંત ઉત્સુક થયેલા વિદ્યાધરો અને પૃથ્વીપતિઓ પ્રતિદિન તારા પાણિગ્રહણ માટે પ્રાર્થના કરે છે, પરન્તુ હે રમણીય શરીરધારી શ્રીમતી! તારા પિતા વજ્રસેન ચક્રવર્તી તારે લાયક વર મેળવવાને માટે જ વિલંબ કરી રહ્યા છે. **'લોહાર્ગલ'** નામના નગરના

સ્વામી **સ્વર્ણજંઘ** રાજાનો પુત્ર **વજ્રજંઘ** સમગ્ર રાજપુત્રોને વિષે પોતાના પુરુષાર્થ પ્રમુખ ગુણોવડે શ્રેષ્ઠ સંભળાય છે. હે શ્રીમતી! તેવા રાજપુત્ર સાથે જ્યારે તું વિવાહ કરશે ત્યારે તે શુભ લગ્ન મહોત્સવ પ્રસંગે તારા માતાપિતા તેમજ મારા હૃદયમાં અત્યંત શાન્તિ થશે. મારી આગ્રહયુક્ત વિનતિથી તારા ગત જન્મના પતિને પ્રાપ્ત કરવાની તારી પ્રતિજ્ઞા ત્યજી દઈને તારા અદ્‌ભુત રૂપને, વિશ્વમાં અજોડ એવી તારી ચતુરાઈને તેમ જ નવીન યુવાવસ્થાને તું કૃતાર્થ–સફળ કર."

આ પ્રમાણે ધાવમાતાનું કથન સાંભળીને શ્રીમતીએ નીચે પ્રમાણેની ઉપાલંભયુક્ત વાણીથી કહ્યું કે–"હે માતા! મારા પ્રત્યેના મમત્વને–સ્નેહને કારણે આ પ્રમાણે ઉપદેશ આપતી તું પંડિતાને બદલે અપંડિતા કેમ બને છે? શું તું જાણતી નથી કે જિનેશ્વર ભગવંતની ઉપાસના કરનારાઓની તિર્યંચ તેમ જ નરકગતિ થતી નથી. સ્વર્ગલોકથી ચ્યવેલા જિનેશ્વરની ઉપાસના કરનારા દેવોની ધર્મપરાયણ રાજાના વંશમાં જ ઉત્પત્તિ સંભવે છે. પૂર્વે મેં જિનેશ્વર ભગવંતનો ધર્મ આરાધેલ નહિ તેથી જ હું નિર્નામિકા તરીકે નીચ કુળમાં ઊપજી હતી, પરન્તુ ત્યાં વીતરાગભાષિત ધર્મના આરાધનથી સ્વર્ગલોકમાં ઉત્પન્ન થઈ અને ત્યાંથી આ ભવમાં પણ રાજપુત્રી તરીકે જન્મી. પરસ્પર સ્નેહ લાગણીવાળા જીવો ઘણું કરીને એક ક્ષેત્રમાં જ જન્મ ધારણ કરે છે, એટલે આ જ વિશ્વમાં તે લલિતાંગ દેવ પણ મારી માફક કોઈએક કુલીન રાજવંશમાં જન્મેલ છે. જ્યારથી હું સ્વર્ગમાંથી ચ્યવી ગઈ ત્યારથી જ તે દેવ મારા વિયોગને અંગે વિહ્વળ બનેલ અને મને કદરૂપી તેમ જ દુર્ભાગ્યવાળી નિર્નામિકા રૂપે જોઈને પણ તેને લેશમાત્ર અરુચિ નહિં થયેલ. બાદ પુનઃ તેની જ સ્વયંપ્રભા દેવી બનેલ. અત્યંત પ્રેમાળ તે દેવે મને એક ઘડી પણ અળગી કરી નથી, તેથી હે માતા! તેવા પ્રકારનો મારો પતિ અસંખ્યાત વર્ષો વહી જવા છતાં મારા મનમાંથી અળગો થઈ શકતો નથી. હે માતા! નંદીશ્વર પ્રમુખ તીર્થની યાત્રાવડે પોતાના આત્માને પવિત્ર કરતો તે લલિતાંગ દેવ ચ્યવીને નિંદનીય જન્મને પ્રાપ્ત કરે જ નહિ. હું પણ તેનામાં જ લયલીન બનીને ચ્યવવાથી અવશ્ય તેને પ્રાપ્ત કરીશ. કદાચ આ ભવમાં તેની પ્રાપ્તિ થાય યા ન થાય તો પણ તેનામાં જ અનુરક્ત બનેલ મારા જીવનની સાર્થકતા તો થશે જ. હે માતા! તેના સિવાય બીજા સાથે વાર્તાલાપ કરી મારી જાતને હું દુઃખી કરીશ નહિ."

### લલિતાંગ સહિત સ્વયંપ્રભાનું ચિત્રપટ–

શ્રીમતીનો આ પ્રમાણેનો નિશ્ચય જાણીને પંડિતાએ ત્યારબાદ શ્રીમતીના પૂર્વજન્મના વૃત્તાંતયુક્ત એક ચિત્રપટ તૈયાર કર્યું; કારણ કે પંડિતા પોતે જ ઉપાય કરવામાં પ્રવીણ હતી. એવામાં વજ્રસેન ચક્રવર્ત્તીની વર્ષગાંઠ આવવાથી તે મહોત્સવ પ્રસંગે પ્રણાલિકા પ્રમાણે ચારે દિશાએથી અનેક રાજાઓ, જેમ સમતાભાવમાં પ્રાણીને ગુણસમૂહ આવી મળે છે તેમ, આવવા

લાગ્યા; એટલે શ્રીમતીના દુઃખને અંગે દુઃખી બનેલ તે નિર્મળ બુદ્ધિવાળી તેમ જ મનોહર આકૃતિવાળી પંડિતા શ્રીમતીના પુણ્ય સદૃશ વિશાળ અને રમ્ય ચિત્રપટને વિસ્તારીને રાજમાર્ગમાં ઊભી રહી. ત્યારે જેમ સૂર્ય તથા ચંદ્રના ગ્રહણસમયે બ્રાહ્મણો દાની પુરુષને ઘેરાઈ વળે તેમ ચક્રવર્ત્તીની વર્ષગાંઠના મહોત્સવ પર આવેલા ઉત્કંઠિત લોકો તે ચિત્રપટને જોવા માટે ચારે દિશાએથી વીંટળાઈ વળ્યા. ચિત્રમાં રહેલા નંદીશ્વર દ્વીપના જિનચૈત્ય વિગેરેને આગમને અનુરૂપ જોઈને કેટલાક સ્તુતિ કરવા લાગ્યા, અતિ રોમાંચિત બનેલ અને વિનમ્ર શિરવાળા કેટલાક જિનેશ્વર ભગવંતની પ્રતિમાઓને નમન કરવા લાગ્યા, પરીક્ષા કરવામાં પ્રવીણ કેટલાકોએ ચિત્રપટની શ્રેષ્ઠ ચિત્રકળાને જલ્દીથી પારખી લીધી અને શિર કંપાવતા કેટલાકો શ્વેત, રક્ત—લાલ અને શ્યામ—કાળો વિગેરે વર્ણ—રંગસમૂહને વખાણવા લાગ્યા.

આ સમયે **દુર્દર્શન** રાજાનો **દુર્દાન્ત** નામનો રાજકુમાર ત્યાં આવી પહોંચ્યો અને તે ચિત્રપટને જોઈને કપટપૂર્વક ખોટી મૂર્ચ્છા પામીને તત્કાળ પૃથ્વીપીઠ પર પડી ગયો, એટલે તેના પરિવારે જલ્દીથી ઉપચાર કરવાથી સંજ્ઞાને પ્રાપ્ત કરીને એકદમ ઊભા થયેલા તે રાજપુત્રને ત્યાં રહેલા રાજાઓ દ્વારા મૂર્ચ્છા પામવાનો હેતુ પૂછવામાં આવતાં તે હિંમતપૂર્વક કહેવા લાગ્યો કે—"આ ચિત્રપટમાં કોઈએ મારા પૂર્વભવોનું સંપૂર્ણ ચરિત્ર આળેખ્યું છે, તેને જોવાથી મને એકાએક પૂર્વજન્મનું સ્મરણ કરાવતું જાતિસ્મરણજ્ઞાન થયું છે. (બાદ ચિત્રપટમાં બતાવતો) હું આ લલિતાંગ નામનો દેવ છું અને આ સ્વયંપ્રભા મારી સુરાંગના છે. આ પ્રમાણેનું મારા પૂર્વભવનું સંપૂર્ણ ચરિત્ર આ ચિત્રપટ દર્શાવી રહ્યું છે."

દુર્દાન્તે આ પ્રમાણે કહ્યું ત્યારે બુદ્ધિશાળી પંડિતોએ તેને કહ્યું કે—"હે ભદ્ર! જો ખરેખર તને જાતિસ્મરણજ્ઞાન થયું છે તો આ ચિત્રમાં આળેખેલ આ નગરાદિ શું છે? તે તું કહે." એટલે દુર્દાન્ત બોલ્યો કે—"આ મેરુપર્વત છે અને આ પુંડરીકિણી નગરી છે." બાદ પંડિતોએ પુનઃ પૂછ્યું કે—"આ મુનિરાજ કોણ છે? તપશ્ચર્યા કરતી આ સ્ત્રી કોણ છે? પ્રધાન સમૂહથી પરિવરેલ આ રાજા કોણ છે?" તેના જવાબમાં દુર્દાન્તે જણાવ્યું કે—"હું તેઓનાં નામ જાણતો નથી." દુર્દાન્તના આ પ્રમાણેના પ્રત્યુત્તરથી તેને કપટી જાણીને પંડિતા ઉપહાસ કરતી બોલી કે—"હે પુત્ર! તારો પૂર્વજન્મ સંબંધી વૃત્તાંત જણાવે છે કે—નંદિ નામના ગામમાં તારી સ્ત્રી છે. હે લલિતાંગ! પોતાના અશુભ કર્મના દોષથી સ્વર્ગથી ચ્યવેલી તારી પત્ની પાંગળી બની છે. જાતિસ્મરણજ્ઞાન થવાથી તેણીએ આ ચિત્રપટમાં પોતાનું પૂર્વજન્મનું વૃત્તાંત આળેખીને મને આપ્યું છે. થોડા સમય પૂર્વે હું ધાતકીખંડ દ્વીપમાં ગઈ હતી અને ત્યાં તેણી પ્રત્યેની અનુકંપાને કારણે આ ચિત્રપટ લઈને હું પૃથ્વી પર ભ્રમણ કરી રહી હતી. હવે આજે તેણીના ભાગ્યયોગથી હે પુત્ર! તું મળી આવ્યો છે, તો હું તને જલ્દીથી ધાતકીખંડમાં તેણીની પાસે લઈ જાઉં. ચાલ તારા વિયોગથી તે અત્યંત વિહ્વળ બનેલી છે, તેનો સ્વીકાર કરીને તેની ઉપર

મહેરબાની કર. જો પરણનાર સ્વામી રંક હોય તો તેણે તે પાંગળી સ્ત્રીને માથે ઉપાડવી જોઈએ; પરન્તુ તારે એવો ભય રાખવો નહિ, કારણ કે તું રાજપુત્ર હોઈને તેને સુખાસન–શિબિકામાં બેસારીને ફેરવીશ–ગમન કરાવીશ." આ પ્રમાણે બોલીને પંડિતા વિરામ પામી ત્યારે તેના મિત્રમંડળે પણ ઉપહાસપૂર્વક કહ્યું કે–"હે મિત્ર! સુંદર સ્ત્રીની પ્રાપ્તિ થવામાં તારો મહાભાગ્યોદય જાગ્યો છે! તું જલ્દી જા અને તે પાંગળી સ્ત્રીને પરણ. પૂર્વ જન્મની પ્રિયતમા ક્યાં પ્રાપ્ત થાય? લગ્નપ્રસંગે તેણીને ખભે ચડાવીને મંગળ ફેરા ફેરવજે." બાદ ચિત્રપટના અવલોકન માટે એકત્ર થયેલ પ્રજાજનોએ કરેલ કોલાહલથી લજ્જિત બનેલ, વિલક્ષ વદનવાળો અને કંગાળ દૃષ્ટિવાળો તે દુર્દાન્ત રાજપુત્ર વ્યાકુળ બની ગયો.

**ચિત્રપટના દર્શનથી વજ્રજંઘને જાતિસ્મરણજ્ઞાન–**

આ અવસરે **'લોહાર્ગલ'** નામના નગરથી સ્વર્ણજંઘ રાજાનો વજ્રજંઘ નામનો પુત્ર વજ્રસેન ચક્રવર્તીની સેવાર્થે કૌતુકથી ત્યાં આવી પહોંચ્યો અને પોતાના પૂર્વજન્મ સંબંધી વૃત્તાંત તે ચિત્રપટમાં ચિતરેલું જોઈને તરત જ મૂર્ચ્છા પામ્યો. બાદ શીતળ ઉપચારોથી, મનુષ્ય જેમ પોતાના મૂળ સ્વભાવને (પ્રકૃતિને) અનુસરે તેમ પુનઃ સંજ્ઞાને પ્રાપ્ત થયો અર્થાત્ સચેત થયો. જાતિસ્મરણજ્ઞાનને અંગે જાણે હમણાં જ સ્વર્ગમાંથી ચ્યવ્યો હોય તેમ તેણે પોતાના પૂર્વજન્મને યાદ કર્યો. પંડિતાએ પણ તેને કહ્યું કે"હે કુમાર! ચિત્રમાં ચિત્રેલ ચરિત્રના જ્ઞાનથી–સમજણથી શું તમને મૂર્ચ્છા આવી હતી?" ત્યારે વજ્રજંઘ આદરપૂર્વક બોલ્યો કે–"હે ભદ્રે! આ ચિત્રપટમાં પ્રિયતમા યુક્ત મારું પૂર્વજન્મનું વૃત્તાંત આલેખેલું છે અને તેથી જ હું મૂર્ચ્છા પામ્યો હતો. (બાદ ચિત્રપટમાં બતાવતો તે કહેવા લાગ્યો) ઈશાન દેવલોકના મુકુટ સમાન આ **"શ્રીપ્રભ"** નામનું વિમાન છે, હું આ **લલિતાંગ** નામનો દેવ છું અને મારી આ **સ્વયંપ્રભા** નામની દેવાંગના છે. આ ધાતકીખંડના આભૂષણરૂપ **"નંદિ"** નામનું ગ્રામ છે. મારી દેવી સ્વયંપ્રભા સ્વર્ગથી ચ્યવીને આ જ ગામમાં દુઃખી અને દરિદ્ર પુત્રી **નિર્નામિકા** તરીકે જન્મી હતી. આ **અંબરતિલક** નામનો પર્વત છે. આ **યુગંધર** નામના કેવળી મુનીશ્વર છે. આ મુનીશ્વરની સમીપમાં વૈરાગ્યને અંગે અનશન ગ્રહણ કરીને રહેલી આ નિર્નામિકા છે. આ નિર્નામિકાને મારું દર્શન કરાવવાનાં હેતુથી હું (લલિતાંગ સ્વરૂપે) પોતે અહીં આવેલ છું, અને તેથી મારા પ્રત્યે અનુરક્ત બનેલી તે નિર્નામિકા મૃત્યુ પામીને મારા મનને પ્રમોદ પમાડવામાં અમૃત સરિતા સરખી પુનઃ મારી સ્વયંપ્રભા દેવી તરીકે ઉપજી. આ નંદીશ્વર દ્વીપને વિષે જિનબિંબોની પૂજા કરવામાં હું રક્ત બન્યો છું. ત્યારબાદ આ દ્વીપથી બીજા તીર્થસ્થાનોએ જતાં માર્ગમાં જ ચ્યવી ગયેલ હું આ ચિત્રપટમાં દર્શાવવામાં આવ્યો છું. મારા ચ્યવી જવાથી અગ્નિથી દગ્ધ થયેલ મીણની પૂતળી સરખી તે સ્વયંપ્રભા એકલી દીન, કરુણ મુખવાળી તેમ જ મારા વિયોગજન્ય દુઃખને લીધે ચ્યવી ગઈ. તે મારી પ્રાણેશ્વરી પત્ની આ વિજયમાં જન્મેલ

છે. જાતિસ્મરણજ્ઞાન દ્વારા તેણીએ આ ચિત્રપટમાં આળેખેલું પૂર્વજન્મોનું ચરિત્ર હું જાણું છું. અન્યથી અનુભવાયેલ વૃત્તાંત બીજા કોઈથી જાણી શકાતું નથી.'' આ પ્રમાણે વજ્રજંઘ બોલી રહ્યો ત્યારે હર્ષ પામેલી પંડિતાએ કહ્યું કે—''હે શ્રેષ્ઠ રાજપુત્ર! તમે કહ્યું તે સર્વ સત્ય છે, કારણ કે તે સર્વ ચક્રવર્ત્તીની પુત્રીના કથનને બરાબર બંધબેસતું થાય છે.'' આ પ્રમાણે પંડિતાની વાણી સાંભળી વજ્રજંઘકુમાર વિકસિત પુષ્પવાળા કદમ્બવૃક્ષની જેમ રોમાંચિત બન્યો.

**વજ્રજંઘનો શ્રીમતી સાથે મેળાપ—**

બાદ પંડિતાએ લોહચુંબક સરખા પ્રાપ્ત કરેલ પૂર્વજન્મના વૃત્તાંતદ્વારા, શ્રીમતી પાસે જલ્દી જઈને તેના શોકરૂપી શલ્યને બહાર ખેંચી કાઢ્યું અર્થાત્ આ વૃત્તાંત સંભળાવીને પંડિતાએ શ્રીમતીને પ્રમોદ પ્રગટાવ્યો. ગ્રીષ્મ ઋતુના અંતમાં એકત્ર થયેલ નવીન મેઘઘટાથી જેમ પૃથ્વી તૃણ—સમૂહ (નવીન લીલા ઘાસ)થી વ્યાપ્ત બને તેમ પૂર્વજન્મના પ્રિયતમની પ્રાપ્તિના વૃત્તાંતથી શ્રીમતી પણ અતિ રોમાંચિત બની ગઈ. બાદ આ વૃત્તાંત સાંભળીને હર્ષ પામેલા વજ્રસેન ચક્રવર્તીએ વજ્રજંઘકુમાર સાથે તેના પૂર્વજન્મની વલ્લભા પોતાની પુત્રી શ્રીમતીને પરણાવી. જેમ વિનયશાળીમાં વિદ્યા, દાની પુરુષમાં લક્ષ્મી, અત્યંત પરાક્રમી પુરુષમાં નીતિ શોભી ઊઠે તેમ તે વજ્રજંઘની સાથે જોડાવાથી શ્રીમતી દીપી ઊઠી. સૂર્ય અને દિવસની શોભાની જેમ વિકાસયુક્ત બે કમળ સરખાં અને હમેશાં અવિભક્ત એવાં તે બન્ને—વજ્રજંઘકુમાર અને શ્રીમતી—વજ્રસેન ચક્રવર્તીની રજાથી પોતાના લોહાર્ગલ નગરે ગયાં. જેમ પૂર્ણિમાનો સંધ્યાસમય ચાંદની—ચંદ્રિકા અને ચંદ્રને ગગનપથમાં દાખલ કરે તેમ સ્વર્ણજંઘ રાજાએ શ્વેત, રેશમી વસ્ત્રથી વિભૂષિત તેને મહોત્સવપૂર્વક નગરપ્રવેશ કરાવ્યો. પછી સ્વર્ણજંઘે પોતાને સ્થાને રાજગાદીએ બેસાડ્યો અને વિચક્ષણ તેણે સંસારરૂપી સમુદ્રના વિકારોને નષ્ટ કરનારી દીક્ષા સ્વીકારી. આ બાજુ શ્રી વજ્રસેન ચક્રવર્ત્તીએ પણ પોતાના **પુષ્કલપાલ** નામના રાજકુમારને રાજ્ય અર્પણ કર્યું અને પોતે સ્વયં દીક્ષિત થયા. બાદ તે વજ્રસેન ત્રણ જગતથી પૂજિત તીર્થંકરપદને પ્રાપ્ત થયા. શ્રીમતીના હાવભાવ—વિલાસરૂપી અમૃત—સિંચનથી વજ્રજંઘ રાજાને પૃથ્વીનું પાલન કરવાથી ઉદ્ભવતી અતિશ્રમજન્ય ગ્લાનિ પ્રાપ્ત થઈ નહિ, અર્થાત્ તેને કશો પણ સંતાપ થતો નહિ. જ્ઞાન અને આત્માની માફક તેમ જ કલ્યાણ અને લક્ષ્મીની જેમ પ્રતિદિન અવિરહિત (વિયોગ વિનાના) અને અદ્ભુત વિષયસુખનો ઉપભોગ કરનાર તે બન્નેને પુત્રપ્રાપ્તિ થઈ.

આ બાજુ વજ્રસેન ચક્રવર્ત્તીના રાજ્યત્યાગને કેટલોક સમય વ્યતીત થયા પછી વિલાસમગ્ન પુષ્કલપાલ રાજાના સીમાડાના ઘણા રાજાઓ, મેઘસમૂહનું આક્રમણ થતાં જેમ તળાવના કિનારા પરની માટી દૂર થઈ જાય તેમ, અલગ બની ગયા અર્થાત્ તેઓએ બંડ

ઊઠાવ્યું; એટલે પુષ્કલપાલને મદદ કરવાના હેતુથી વજ્રજંઘ રાજા ચાલ્યો અને તેની સાથોસાથ શ્રીમતી પણ ગઈ. **પરમાત્માથી કદી પણ શક્તિ જુદી પડતી નથી. પડછાયો કદી પણ કાયાનો ત્યાગ કરતો નથી.** પરસ્પર મળી ગયેલા સૈન્યયુક્ત તે શત્રુરાજાઓનો જલ્દીથી નાશ કરવાને માટે પુષ્કલપાલ રાજાએ શત્રુસૈન્યને પરાજિત કરનાર વજ્રજંઘ રાજાને બોલાવ્યો, એટલે આગળ પ્રયાણ કરતાં તે રાજા શરદ્ ઋતુની ચંદ્રિકા જેવો ઉજ્જ્વળ વનલક્ષ્મીના ચંદરવા સમાન, વિકસિત પુષ્પસમૂહથી યુક્ત અને અત્યંત વિશાળ એવા **"શરવણ"** નામના અરણ્ય સમીપ આવી પહોંચ્યો તેવામાં "અહીં દષ્ટિવિષ સર્પ રહે છે" એ પ્રમાણે મુસાફરોવડે વિજ્ઞપ્તિ કરાવાથી અન્ય માર્ગનું અવલંબન લીધેલ વજ્રજંઘ રાજાએ, વિચક્ષણ મુમુક્ષુ જેમ નાસ્તિક પુરુષનો ત્યાગ કરે તેમ દૂરથી જ તે જંગલનો ત્યાગ કર્યો. વ્યાઘ્રને જોઈને જેમ હસ્તીસમૂહ મદ રહિત બને તેમ **"પુંડરીકિણી"** નગરીને વિષે વજ્રજંઘ રાજાના આગમનમાત્રથી પુષ્કલપાલના સર્વે શત્રુરાજાઓ ગર્વ રહિત બની ગયા, અને સદ્જ્ઞાન ઇંદ્રિયસમૂહને આત્માને આધીન બનાવે તેમ અખંડિત પરાક્રમવાળા વજ્રજંઘે ખંડિયા રાજાઓને પુષ્કલપાલ રાજાને આધીન બનાવ્યા. બાદ પુષ્કલપાલ રાજા નિષ્કલંક અને પૂજનીય પરાક્રમવાળા વજ્રજંઘને તેમ જ પોતાની બહેન શ્રીમતીને બહુમાનપુરસ્સર પોતાના મહેલે લઈ ગયો. જેમ વિદ્યુતયુક્ત મેઘ, સમુદ્ર પ્રત્યેથી ગગનમાર્ગે પાછો ફરે તેમ પુષ્કલપાલની રજા લઈ વજ્રજંઘ પોતાની પ્રિયતમા શ્રીમતી સાથે તેના રાજ્યમાંથી પોતાના લોહાર્ગલ નામના નગર તરફ ચાલી નીકળ્યો. પાછા વળતાં રસ્તામાં તે "શરવણ" નામના ઉપર્યુક્ત અરણ્ય સમીપ આવી પહોંચતાં વજ્રજંઘને ઓળખનારા મુસાફરોએ તેને આ પ્રમાણે કહ્યું કે–"હે રાજન્! આપ સુખેથી આ જંગલની મધ્યમાં થઈને જાઓ, કારણ કે તે દષ્ટિવિષ સર્પ હવે ઝેર રહિત બન્યો છે. "ત્યારે આમ કેમ બન્યું?" એમ વજ્રજંઘે પૂછતાં તેઓએ જણાવ્યું કે–"હે સ્વામિન્! આ વનમાં રહેલ **મુનિસેન** અને **સાગરસેન** નામના બે મુનિવરોને કેવળજ્ઞાન પ્રાપ્ત થવાથી દેવોએ કેવળજ્ઞાન મહોત્સવ કર્યો. જેમ સદ્જ્ઞાનથી મોહનો નાશ થાય, સ્વાત્માવલંબનથી સંસારજન્ય દુઃખ નષ્ટ થાય તેમ હે રાજન્! દેવસમૂહના પ્રકાશથી તે સર્પનું દષ્ટિ–ઝેર તરત જ નાશ પામી ગયું. હે રાજેંદ્ર! આ જ અરણ્યમાં દેવોથી સેવાયેલા તે બન્ને યતિવરો ધર્મોપદેશ આપીને પ્રાણીઓને કલેશ–પરિતાપ રહિત બનાવે છે." આ પ્રમાણે સાંભળીને રાજા અત્યંત આનંદ પામ્યો, કારણ કે તે બંને મુનિવરો તેમના સગાભાઈ થતા હતા. બાદ પોતાની સેનાને ત્યાં જ રાખીને ઉત્કંઠિત બનેલ તે વજ્રજંઘ રાજા પોતાની પ્રિયા સાથે પોતાના ભ્રાતાઓને વાંદવા માટે ચાલ્યો. અને સુવર્ણકમળ પર બેઠેલા, રાજહંસ સમાન દેવોથી સેવાયેલ ચરણવાળા અને કેવળજ્ઞાનથી પરમેષ્ઠીસ્વરૂપને પ્રાપ્ત થયેલા તે બન્ને મુનિવરોને વંદન કર્યું.

## પ્રિયા સાથે વજ્રજંઘનું ઉપદેશ–શ્રવણ–

મુનિવરોને વંદન કરવાથી પ્રીતિ પામેલ રાજા પત્ની સહિત તેમની સન્મુખ બેઠો એટલે મુનિવરોએ જ્ઞાનરૂપી કમળને વિકસાવવામાં સૂર્ય કિરણ સમાન દેશના આપી. "અપરિમિત ઇંદ્રિયોના વિષયોરૂપી નિબિડ તેમ જ વિશાળ ગુફામાં મોહ નિદ્રાથી ઘેરાયેલા અને ચારિત્રહીન પ્રાણીઓ સંસારરૂપી દાવાનળથી અવશ્ય અત્યંત દગ્ધ બને છે. હાથીઓ પોતાના કર્ણોને ચલાવવાવડે પોતાના મસ્તક પર બેઠેલાને તેમજ ઘોડાઓ પોતાના પુચ્છના પ્રાંતભાગ (છેડા) વડે પોતાની પીઠ પર બેસેલાને નિરંતર પોતાની અસ્થિરતા જણાવી રહ્યા છે, છતાં પણ મંદબુદ્ધિવાળા પ્રાણીઓ હસ્તી તથા અશ્વ વિગેરેને અવિનાશી માને છે. પ્રાણી નિરન્તર દેહપોષણની ખાતર ધનોપાર્જન કરે છે, પરન્તુ દેહ અને ધન ઉભય અત્યંત વિનાશી છે, તેથી ચતુર પુરુષો તે બન્ને દ્વારા પુણ્યને પ્રાપ્ત કરે છે." આ પ્રમાણે દેશનાનું શ્રવણ કર્યા બાદ વજ્રજંઘે ભક્તિભાવપૂર્વક આહાર–પાણી, ઉપકરણો અને વસ્ત્રો તે બન્ને મુનિશ્રેષ્ઠને વહોરાવ્યા અને અંતઃકરણમાં દીર્ઘ સમય પર્યન્ત આ પ્રમાણે વિચારણા કરી કે–"જેમણે પિતાના પગલે ચાલીને ચારિત્ર અંગીકાર કર્યું તે પુણ્યશાળી અને પવિત્ર અંતઃકરણવાળા બન્ને મુનિરાજ ધન્યવાદને પાત્ર છે. અમારો સહોદરભાવ–બંધુભાવ તો સરખો જ છે, પરન્તુ હું પ્રમાદી હોવાથી તેમના જેવો નથી. હજુ પણ મારું કંઈ નષ્ટ થયું નથી. હું વૈરાગ્યવાસિત બનીને દીક્ષા લઉં, કારણ કે એક દિવસનું ચારિત્ર કદાચ મોક્ષ ન આપી શકે તો પણ સ્વર્ગ તો જરૂર આપે જ. હવે હું લોહાર્ગલ નગરે જઈને પિતાની માફક મારા પુત્રને રાજ્ય અર્પણ કરીને હસ્તીનું ટોળું જેમ યૂથનાથને અનુસરે અને અગ્નિ જેમ પવનને અનુસરે તેમ હું પિતા સ્વર્ણજંઘને પગલે જલ્દીથી વિચરીશ અર્થાત્ હું ચારિત્ર અંગીકાર કરીશ." જ્યારે વજ્રજંઘે પોતાનો વિચાર શ્રીમતીને જણાવ્યો ત્યારે શ્રીમતીએ પણ અત્યાગ્રહપૂર્વક જણાવ્યું કે–"હે સ્વામિન્! હું પણ તમારી સાથે જ દીક્ષા સ્વીકારીશ. **શું ચેતના કદી પણ આત્માનો ત્યાગ કરે છે?**" આ પ્રમાણે વિષયોથી વિમુખ બનેલ, દીક્ષા લેવા માટે ઉત્સુક અંતઃકરણવાળાં તે બન્નેના હૃદયમાં જેમ પ્રશમ ને સંયમની સ્પૃહા પ્રવેશી–દાખલ થઈ તેમ તે દંપતી શીઘ્રપણે પોતાના **લોહાર્ગલ** નામના નગરે આવી પહોંચ્યા. જેમ ઇંદ્રિયો શબ્દાદિ વિષયોદ્વારા પુણ્યની ઇચ્છાનો નાશ કરે તેમ રાજ્ય મેળવવાને આતુર બનેલ તે બન્નેના નિર્દય પુત્રે માતાપિતાના વધને માટે દ્રવ્યની લાલચથી પિતાના પ્રધાનમંડળને ફોડી નાખ્યું. "રાજ્ય પર પુત્રને સ્થાપન કરીને પ્રાતઃકાળે આપણે બંને ચારિત્ર અંગીકાર કરશું" એમ વિચારીને પરમેષ્ઠીમંત્રના સ્મરણપૂર્વક તે દંપતી રાત્રિસમયે સુખપૂર્વક સૂઈ ગયાં એટલે શત્રુ સરખા તેના પુત્રે ઝેરી ધૂપ–ધૂમાડો પ્રગટાવ્યો. જે શબ્દાદિ વિષયોદ્વારા પ્રાણી સંસારરૂપી સમુદ્રમાં પરિભ્રમણ કરે છે, તે જ વિષયોને આધીન બનેલ સ્વજનવર્ગ પણ શત્રુસ્વરૂપ બની જાય છે. વક્રગતિયુક્ત ચરણવાળા સર્પ સરખા ચારે તરફ પ્રસરેલ–ફેલાયેલ અત્યંત ઝેરી ધૂપના ધૂપસમૂહે તે બન્નેના પ્રાણોનો નાશ કર્યો.

**સાતમા ભવે યુગલિકો—**

આયુષ્યને અંતે તેઓ બન્ને મૃત્યુ પામીને **'ઉત્તરકુરુ'** ક્ષેત્રમાં યુગલિકરૂપે અવતર્યા, કારણ કે **આયુષ્યને અંતે સરખી પરિણતિવાળાં પ્રાણીઓની ઘણું કરીને સરખી ગતિ થાય છે.** તે ક્ષેત્રમાં દશ પ્રકારનાં કલ્પવૃક્ષોદ્વારા ઇચ્છિત વસ્તુઓની પ્રાપ્તિ કરતાં અને સ્નેહને લીધે અત્યંત હર્ષિત બનેલા તે બંનેએ ક્ષેત્રને અનુરૂપ પોતાનું આયુષ્ય પૂર્ણ કર્યું.

**આઠમા ભવે સૌધર્મ દેવલોકમાં દેવો—**

તે ઉત્તરકુરુ ક્ષેત્રમાં સમકાળે મૃત્યુ પામીને સ્વાભાવિક સરળતા અને નિર્મળ વિશાળ અંતઃકરણવાળાં તેઓ બન્ને પ્રથમ દેવલોકમાં દેવ તરીકે ઉપજ્યા અને ત્યાં પરસ્પર મનોહર પૂર્વજન્મનાં સ્નેહવાળાં અને કામદેવ કરતાં પણ ચઢિયાતા સ્વરૂપવાળાં તે દેવો પોતપોતાની દેવાંગનાઓ સાથે "નંદનવન"માં ક્રીડા કરવા લાગ્યા.

*　　*　　*

પાંચ વિષયોરૂપી શત્રુઓને એકી સાથે જ જીતવાને માટે જેમણે **નમિ—વિનમિના** બન્ને હસ્તમાં રહેલ બબ્બે ખડ્ગોમાં એટલે ચાર ખડ્ગોમાં પોતાના સ્વરૂપને પ્રતિબિંબિત કર્યું છે તેવા [૧]પંચમૂર્તિરૂપે બનેલા **શ્રી આદિનાથ** પરમાત્મા તમોને અત્યંત લક્ષ્મીના આપનારા થાઓ. સંપૂર્ણ (સોળ) કળાવાળો ચંદ્ર પણ લાંછનયુક્ત છે, ગંભીર હોવા છતાં સમુદ્ર ખારો છે, અત્યંત ઊંચો હોવા છતાં મેરુપર્વત નમ્ર—વિનયશીલ નથી—જડ છે તેમ જ કલ્પવૃક્ષ, કામધેનુ અને ચિંતામણિ રત્ન ઇચ્છિત વસ્તુઓ આપે છે છતાં ગુણગ્રાહી નથી; ઉપરોક્ત બધા દૂષણસમૂહથી રહિત પદ્મમંત્રીને કોની ઉપમા આપી શકાય? અર્થાત્ પદ્મમંત્રી અનુપમ—અજોડ છે.

**સર્ગ પાંચમો સંપૂર્ણ.**

---

૧. પ્રભુની પાસે નમિ—વિનમિ ઊભેલા છે. તેમના બન્ને હસ્તમાં ખડ્ગ રહેલ છે. તે ખડ્ગમાં પ્રભુનું પ્રતિબિંબ પડવાથી દરેક ખડ્ગમાં પ્રભુની પ્રતિકૃતિ જોવાય છે એટલે ચાર ખડ્ગમાં ચાર અને મૂળરૂપે એક એવી રીતે પાંચ મૂર્તિનો અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

# સર્ગ છઠ્ઠો.

**પ્રભુનો નવમો ભવ જીવાનંદ વૈદ્ય, દશમા ભવે બારમા અચ્યુત દેવલોકમાં દેવ, વજ્રનાભ ચક્રવર્તીનો અગ્યારમો ભવ અને બારમા ભવે સર્વાર્થસિદ્ધ વિમાનમાં અહમીંદ્ર.**

સ્કંધપ્રદેશ પર રહેલા કેશસમૂહના બહાનાથી જેમનો મુખરૂપી ચંદ્ર બે[1] લાંછનયુક્ત બનવા છતાં પણ ત્રણ ભુવનવર્તી પ્રાણીગણની દૃષ્ટિના સંઘર્ષણને અંગે શોભી રહ્યો છે તે શ્રી પ્રથમ જિનેશ્વર **ઋષભદેવ** હર્ષને માટે થાઓ.

આ જંબૂદ્વીપના મહાવિદેહમાં અમરાવતીને જીતવાથી પ્રખ્યાતિ પામેલ, અત્યન્ત શ્રેષ્ઠ અને લક્ષ્મીના મંદિરરૂપ **ક્ષિતિપ્રતિષ્ઠિત** નામનું નગર છે. તેજસ્વી મણિમય આવાસોનાં કિરણોદ્વારા સંપૂર્ણ અંધકારસમૂહનો નાશ કરનાર તે નગરમાં મનુષ્યો શ્રી જિનેશ્વર ભગવંતની અષ્ટપ્રકારી પૂજા કરવાને માટે જ દીપકો પ્રગટાવતા હતા. તાત્પર્ય કે મણિમય પ્રાસાદોની કાંતિથી રાત્રિનો અંધકાર પોતાનું સામ્રાજ્ય જમાવી શકતો નહિ અને તેથી નગરજનો દીપકો પ્રગટાવતા નહિ; ફક્ત જિનપૂજા પ્રસંગે દીપકપૂજા કરતી વખતે જ દીપ કરતા. તે નગરમાં પોતાના ગુણોદ્વારા પ્રસિદ્ધિ પામેલા **ઈશાનચંદ્ર** નામના રાજાએ દિક્પાલો (સોમ, યમ, વરુણ ને કુબેર)ને જીતી લીધા એટલે રાજા પ્રત્યેના બહુમાનને કારણે તેઓ દ્વારા ન રોકી શકાયેલો ઈશાનચંદ્ર રાજાનો યશ દશ દિશાઓમાં ફેલાઈ ગયો. તે રાજાના પ્રયાણાવસરે અશ્વની ખરીઓદ્વારા ઊડેલ રજથી દૂર રહેલો સૂર્ય પણ જલ્દીથી અદૃશ્ય બની જતો તેથી કોઈપણ રાજાએ શૂરવીરપણું સ્વીકાર્યું નહિ; અર્થાત્ ઈશાનચંદ્રે સર્વ રાજાઓને જીતી લીધા હતા.

તે નગરમાં વૈદ્યકાળમાં કુશળ ને પ્રખ્યાતિ પામેલ **સુવિધિ** નામનો વૈદ્ય હતો. તેને રોગને હરણ કરવામાં સમર્થ જાણીને યમરાજ પણ વ્યાધિ સિવાય બીજા પ્રકારોથી—ઉપાયોથી પ્રાણીઓને હણતો હતો.

**નવમો ભવ : વૈદ્ય જીવાનંદ—**

હવે તે વજ્રજંઘનો જીવ પહેલાં સૌધર્મ દેવલોકથી ચ્યવીને **સુવિધિ** વૈદ્યના પુત્ર તરીકે અવતર્યો અને તે જીવલોકને આનંદિત કરનાર હોઈને નામ તેમજ ક્રિયા ઉભયથી **જીવાનંદ**

---

૧. બન્ને ખભા ઉપર રહેલ કેશપાશને બે લાંછનરૂપે વર્ણવેલ છે.

એવા નામથી પ્રખ્યાતિ પામ્યો. તે સમયે તે જ નગરમાં બીજા પણ ચાર ઉત્તમ પુત્રોનો જન્મ થયો. શત્રુઓનો સંહાર કરવામાં ધર્મરૂપી ઐરાવણ હસ્તીના ચાર દંતુશૂળ સરખા તેઓ સર્વ શોભવા લાગ્યા. તે ચાર પુત્રો પૈકી એક **ઇશાનચંદ્ર** રાજાની **કનકાવતી** રાણીના પુત્ર તરીકે જન્મ્યો હતો. ભવિષ્યમાં ગુણોથી અત્યંત ઉન્નત તેમ જ સ્થિર બુદ્ધિવાળો થશે એમ વિચારીને તેનું **મહીધર** એવું નામ રાખવામાં આવ્યું. બીજો **સુનાસીર** મંત્રીની **લક્ષ્મી** નામની પત્નીના પુત્ર તરીકે જન્મ્યો હતો. લાખો ગુણોના સ્થાનરૂપ તેમ જ નિર્મળ બુદ્ધિના નિધાનરૂપ તેનું **સુબુદ્ધિ** નામ પાડવામાં આવ્યું. ત્રીજો **સાગરદત્ત** સાર્થવાહની **અભયમતી** નામની ભાર્યાનો સંપૂર્ણ કલાવાન પૂર્ણિમાના ચંદ્ર સરખો **પૂર્ણભદ્ર** નામનો પુત્ર હતો. ચોથો **ધન** નામના શ્રેષ્ઠીની **શીલમતી** નામની સ્ત્રીનો કલ્યાણકારી ગુણસમૂહથી અલંકૃત **ગુણાકર** નામનો પુત્ર હતો. માળીવડે સેંકડો પ્રયત્નોદ્વારા જેમ બગીચાના વૃક્ષને વૃદ્ધિ પમાડાય તેમ ધાવમાતાઓ વડે લાલન–પાલન કરાતાં ચપળ હસ્ત અને ચરણરૂપી પલ્લવવાળાં તે સર્વે શિશુઓ વૃદ્ધિ પામવા લાગ્યા. બાળવયમાં ધૂળીક્રીડા, ગોષ્ઠી અને પરસ્પર મિત્રાચારીથી એકચિત્તવાળા તે સર્વ, વસંત ઋતુમાં સમકાળે વૃદ્ધિ પામતાં વૃક્ષોની માફક કળામાં નિપુણ બન્યા.

## શ્રીમતીનું કેશવ તરીકે ઊપજવું–

શ્રીમતીનો જીવ ચ્યવીને તે જ નગરમાં **ઇશ્વરદત્ત** નામના શ્રેષ્ઠીવર્યને ત્યાં **કેશવ** નામના પુત્ર તરીકે જન્મ્યો અને તે કેશવ સહિત તેઓ સર્વ છ મિત્રો બન્યા. જેમ સંધિ[1] પ્રમુખ છ ગુણો રાજ્યને, સજ્જન પુરુષોના ચિત્તને આનંદ ઊપજાવે તેવું બનાવે છે તેમ વિખૂટા નહીં પડતા તે છ મિત્રોએ મિત્રાચારીને અત્યંત ગાઢ બનાવી. અપ્રમત્ત જીવાનંદે વંશપરંપરાથી ચાલ્યું આવતું અષ્ટાંગ[2] આયુર્વેદ તેમજ બધી ઔષધીના રસ, વીર્ય તથા પાક વિગેરેને લગતું જ્ઞાન જાણી લીધું. આ જીવાનંદ વૈદ્યથી ભયભીત થઈને અકાળ મૃત્યુ પ્રાણીઓને કદી હણી શકતું નહિ, અર્થાત્ તેના દ્વારા ઉપચાર કરાતાં પ્રાણીઓ અકાળે મૃત્યુવશ થતાં નહિ. તેમજ આયુષ્ય પરિપૂર્ણ થવા છતાં પણ યમરાજ અત્યંત ડરતો ડરતો પ્રાણીઓના પ્રાણને હરતો હતો. કરુણાનિધાન અને વૈદ્યોને વિષે શિરોમણિ જીવાનંદને નીરખીને જાણે જ્ઞાની બનેલ હોય તેમ પોતાનાં નિર્દય કૃત્યોથી લજ્જા પામેલા વ્યાધિઓએ સમગ્ર જનતાને દુઃખ દેવાનો ત્યાગ કર્યો. નિર્દોષ વિદ્યાવાળા વૈદ્યશ્રેષ્ઠ જીવાનંદ વૈદ્યની વિદ્યમાનતામાં જાણે સ્વયમેવ વ્યાધિગ્રસ્ત બન્યા હોય તેવા બળહીન અને રંકદશાને પ્રાપ્ત થયેલા રોગો જનસમુદાયમાં પોતાનો પ્રચાર કરી

---

૧. સંધિ (સલાહ), વિગ્રહ (યુદ્ધ), યાન (ચઢાઈ), આસન (શાંતિ), દ્વૈધ (ભેદ પડાવવો) અને આશ્રય (કિલ્લો)– આ છ રાજ્યના ગુણો છે.

૨. શલ્યતંત્ર, શાલાક્ય, કાયચિકિત્સા, ભૂતવિદ્યા, કૌમારભૃત્ય, અગદતંત્ર, રસાયણતંત્ર અને વાજીકરણતંત્ર–આ આઠ આયુર્વેદનાં પ્રકારો છે.

શક્યા નહિ અર્થાત્ જનસમૂહ નિરોગી જ રહેતો. ચતુર અને ઉતમ વંશમાં જન્મેલા જીવાનંદના પાંચે મિત્રોએ પણ પોતાના કુળક્રમથી ચાલી આવતી કળાને સારી રીતે જાણી લીધી. **ખરેખર કલા એ જ આજીવિકાનું મૂળ છે.** સર્વશ્રેષ્ઠપણાને પ્રાપ્ત કરવા માટે જેમ જેમ કલાનું ગ્રહણ કરાય છે તેમ તેમ લક્ષ્મીની વૃદ્ધિ થાય છે. આ સંબંધમાં ચંદ્ર એ પ્રત્યક્ષ દૃષ્ટાંતરૂપ છે. ચંદ્ર બીજને દિવસે જેવડો હોય તેના કરતાં એક કલા વધારીને ત્રીજને દિવસે મોટો થાય છે. એમ એક એક કલા ગ્રહણ કરીને, પૂનમને દિવસે તે પૂર્ણ બની જાય છે. પોતપોતાની વિશિષ્ટ કલાદ્વારા પંડિત પુરુષોને પગલે–પગલે આશ્ચર્ય પમાડતાં તે છ મિત્રો જાણે વિશ્વ પર ઉપકાર કરવાને માટે વિસ્તૃત બનેલ છ ઋતુઓ હોય તેમ દેખાવા લાગ્યા. સહોદરની માફક હમેશાં એકત્ર થઈને સ્વેચ્છાપૂર્વક ક્રીડા કરતાં તે સર્વ કોઈ વખત કોઈ એક મિત્રના મહેલમાં–આવાસમાં પરસ્પર ભિન્નતાનો ત્યાગ કરીને રહેતા હતા.

## જીવાનંદના આવાસે ગુણાકર મુનિનું આગમન–

કોઈ એક વખત વૈદ્યશિરોમણિ જીવાનંદના ગૃહે સ્વેચ્છાપૂર્વક વાર્તાલાપ કરતાં તેઓ છ મિત્રો રહ્યા હતા તેવામાં એક મુનિરાજ ભિક્ષાને માટે આવી ચડ્યા. તે મુનિવર **પૃથ્વીપાલ** રાજાના **ગુણાકર** નામના પુત્ર હતા. અને તેમણે ગૃહસ્થાવાસમાં એકદા રાત્રિના પ્રાંતભાગે આ પ્રમાણે લક્ષ્મીના સ્વરૂપની વિચારણા કરી હતી. ‘ચતુર આ લક્ષ્મી વેશ્યા સ્ત્રીની માફક પુણ્યશાળી પુરુષને પોતાના પ્રાણોની માફક ખુશી કરે છે–ચાહે છે અને પુણ્યહીન પુરુષનો તૃણ–ઘાસની માફક ત્યાગ કરે છે. લક્ષ્મી ઉત્તમ કુળને અનુસરતી નથી, રૂપને તે વરતી નથી, બુદ્ધિ પ્રત્યે તે અનુરાગ ધરાવતી નથી તેમ જ વિદ્વત્તા તરફ મમતાભાવ ધરાવતી નથી, વળી પરાક્રમથી વશ કરી શકાતી નથી, સદ્ગુણથી જીતાતી નથી, સંયમથી તેને કાબૂમાં રાખી શકાતી નથી માટે ખરેખર આ લક્ષ્મી આશ્રિતજન પ્રત્યે વૈરભાવ ધરાવતી સ્વચ્છંદાચારી સ્ત્રીના જેવી છે. પ્રાણીઓના પુણ્યને જ પોતાના બંધનના (વશીકરણના) હેતુભૂત માનીને જ આ લક્ષ્મી પુણ્યના નાશને માટે જ દીનજનોને દુઃખ આપવાની બુદ્ધિ શ્રીમંતજનોને પ્રગટાવે છે. (શ્રીમંતો દીનજનોને દુઃખ આપે એટલે પાપરાશિ વધે અને પુણ્ય ઘટે તેથી પુણ્યનો ક્ષય થવાથી પોતે બંધનરહિત બને; કારણ કે કહ્યું છે કે પુણ્યાનુસારિણી લક્ષ્મીઃ) ઝંઝાવાત સરખી લક્ષ્મીવડે શીઘ્રપણે વિવેકરૂપી દીપક બુઝાઈ જવાથી છત્રની છાયાસ્વરૂપ અંધકારથી ચારે તરફ ઢંકાયેલ રાજા કઈ રીતે સદ્માર્ગનું નિરીક્ષણ કરી શકે? અર્થાત્ રાજાઓમાં વિવેક ઓછો હોવાથી તે સન્માર્ગનું અવલંબન ન લઈ શકે. ચામર વીંઝતી પ્રતિહારીણીઓના હસ્તમાં રણકાર કરતાં કંકણના ઝંકાર સમૂહથી (ઝંકારના ધ્વનિથી) રાજાના કર્ણો ભરપૂર બની જવાથી તેમાં સદ્બોધરૂપી અમૃતથી પરિપૂર્ણ સુભાષિત વચનો ક્યાંથી સમાઈ શકે? સ્ત્રીઓદ્વારા ચલાવાતાં ચામરોના વીંઝાવાથી તેમ જ તેણીના મિષ્ટતાપરિપૂર્ણ વચનરૂપી અમૃતસિંચનથી દુષ્ટ રાજાઓને લક્ષ્મીની અભિમાનજન્ય ગરમી

વિશેષ રીતે અધિક વૃદ્ધિ પામે છે અને છતાં ખરેખર આશ્ચર્યની વાત છે કે તે ઉષ્મા કયે સ્થળે સંતાપકારી નથી નીવડતી? અર્થાત્ ચામરોના વીંઝાવાથી અને અમૃતસિંચનથી ગરમી હોય તો તે પણ શાન્ત થઈ જાય તેને બદલે આવા વૈભવથી રાજાઓને અભિમાનરૂપી ગરમી—ઉષ્મા ઉત્પન્ન થાય છે અને તે અભિમાન હમેશાં પરને પીડાદાયક જ બને છે. લક્ષ્મીની પ્રાપ્તિ માટે પ્રજાને દંડાદિદ્વારા, શત્રુસેનાના સંહારને માટે ચિંતનાદિવડે અને બધી રીતે રાજ્ય નરકને માટે જ છે માટે મોક્ષાભિલાષી મારે તેવા રાજ્યનો ત્યાગ કરવો જોઈએ.'

આ પ્રમાણે દીર્ઘ સમય સુધી વિચારણા કરીને વિવેકશીલ ગુણાકરે સાત[1] અંગવાળાં પોતાનાં રાજ્યનો ત્યાગ કરીને દ્વાદશાંગી (બાર અંગ)વાળા શ્રેષ્ઠ સંયમરાજ્યનો સ્વીકાર કર્યો અર્થાત્ પારમેશ્વરી પ્રવ્રજ્યા ગ્રહણ કરી. બાદ મોક્ષને ચાહતા તે ગુણાકર મુનિવર સંયોગ-વિયોગને નષ્ટ કરનારી, અને સેવન કરાયેલ અત્યંત ઉગ્ર તપશ્ચર્યાવડે કૃશ દેહવાળા બનીને આહારક્રિયામાં પણ આગ્રહ—આદર રહિત બન્યા, અર્થાત્ દીર્ઘ તપશ્ચર્યા પછી પણ અલ્પ જ આહાર લેવા લાગ્યા. વળી ચારિત્રપાલનથી પવિત્રતા પ્રાપ્ત કરવાને માટે શરીરને અપથ્ય તેમજ અહિતકર ભોજન—આહાર અકાળે (સમય વ્યતીત થઈ જવા બાદ—અનિયત સમયે) લેવાથી તેઓના શરીરે કૃમિ રોગ થયો; છતાં પણ તેમણે તેના ઉપચાર માટે ઔષધ ગ્રહણ કર્યું નહિ. **ખરેખર મુમુક્ષુજનો દેહ પ્રત્યેના મમત્વથી મુક્ત જ હોય છે.** એકદા છઠ્ઠ તપનું પારણું કરવાને માટે ગોમુત્રિકાના આકારે એક ઘરેથી બીજે ઘરે ભ્રમણ કરતાં અને પોતાના આવાસની આગળ અચાનક આવી ચઢેલા તે મુનિવરને છએ મિત્રોએ જોયા, એટલે દયાળુ જનોમાં શ્રેષ્ઠ રાજપુત્ર મહીધરે રોગાક્રાંત અને દેહમાંથી પરુ ઝરતાં તે મુનિવરને નીહાળીને વૈદ્યશ્રેષ્ઠ જીવાનંદને ઉપહાસયુક્ત વાણીમાં કહ્યું કે—"જેમ સદ્ગતિ પાપી પ્રાણીનું, લક્ષ્મી પુણ્યરહિત પુરુષનું, વેશ્યા દરિદ્રી—કંગાળ મનુષ્યનું, ક્ષમા તુચ્છ—હલકા નરનું અને સ્ત્રી ઈર્ષ્યાળુનું સેવન કરતી નથી તેમ દયા, કરુણા વૈદ્યનું અવલંબન લેતી નથી. અર્થાત્ વૈદ્યમાં કદી કરુણા હોતી નથી. ધનને પ્રાપ્ત કરવાની આકાંક્ષાથી 'જનસમૂહ વ્યાધિગ્રસ્ત બને' તેમ જે વૈદ્ય ચિંતવે છે તેમજ વિપરીત—ઊલટાં ઔષધોપચારથી વ્યાધિને વૃદ્ધિ પમાડે છે તેવા વૈદ્યમાં કરુણા ક્યાંથી હોય? વૈદ્યના હૃદયમાં રસાયણોની સાથે જ ઔષધો રહેલ છે તેથી વૈદ્યના હૃદયમાં વાસ કરવાથી મારામાં ક્ષીણતા આવશે નહિ એમ વિચારીને જ પુષ્ટ બનેલ લોભ વૈદ્યના હૃદયપ્રદેશનો ત્યાગ કરતો નથી અર્થાત્ વૈદ્યલોકો લોભી જ હોય છે. વીષ્ટા, મુત્ર તેમ જ દુર્ગંધીવાળા વ્યાધિગ્રસ્તોને પ્રતિદિન પ્રાતઃકાળમાં જોવાને લીધે વૈદ્યોમાં સુગંધી સ્વભાવવાળી સદ્ધર્મની ગંધ પ્રસરતી નથી—સ્થિરતા કરતી નથી. પરોપકારબુદ્ધિથી ચિકિત્સા કરતો વૈદ્ય ધર્મ, દ્રવ્ય અને યશ—એ ત્રણે વાનાં પ્રાપ્ત કરે છે પરન્તુ ધર્મ અને યશને હણનાર ફક્ત દ્રવ્યાભિલાષી વૈદ્ય માત્ર અર્થને જ મેળવે છે. હે જીવાનંદ! તું ધર્મનો આશ્રય કર અને વ્યાધિગ્રસ્ત આવેલા

૧. આ સાત અંગના નામ આ જ ગ્રંથના ૧૯ મા પૃષ્ઠ પર જણાવેલ છે.

આ મુનિશ્રેષ્ઠની ચિકિત્સા કર. જો આજે તું આ મુનિવરની ઉપેક્ષા કરીશ તો તારી વૈદ્યવિદ્યા નિરર્થક બનશે. આ મુનિવરની આજે ચિકિત્સા કરવાથી ભવિષ્યમા તારો પુણ્યોદય થશે અને તે પુણ્યથી વશ કરાએલ મોક્ષલક્ષ્મી તને સ્વેચ્છાએ વરશે."

રાજપુત્ર મહીધરનું આવું વક્તવ્ય સાંભળીને ખિન્ન ચિત્તવાળા જીવાનંદે ઉદાર આશયવાળા રાજપુત્રને કહ્યું કે—"હે મહીધર! તને ખરેખર ધન્યવાદ ઘટે છે. તારા સુંદર ઉપદેશથી હું આશ્ચર્ય પામ્યો છું. ઘણું કરીને રાજપુત્ર યુવાવસ્થા પ્રાપ્ત કરીને બીજાને તણખલા સમાન પણ ગણતો નથી, સદ્‌વર્તન તરફ દ્વેષી બને છે અને દુરાચાર પ્રત્યે ક્ષણમાત્રમાં રાગી બને છે. યુવાન રાજપુત્રોનું ઉચ્છ્રૃંખલતાભરેલું વર્તન તેવી રીતે વૃદ્ધિ પામ્યા કરે છે કે જેથી તેઓ શત્રુસમૂહ અને નરકથી પણ ભય પામતા નથી. હે સ્વામિન્! અસાધારણ રૂપ, નયનામૃત સમાન સૌન્દર્ય, ગર્ભશ્રીમંતાઈ, નૂતન યુવાવસ્થા, તેમજ સકળ કળાઓને વિશે કુશળતા આપનામાં રહેલ છે. વળી જયશાળી પિતા ઈશાનચંદ્ર રાજાના ચરણકમળમાં આપને પૃથ્વીપાલનનો લેશ માત્ર કલેશ—સંતાપ નથી, સર્વ રીતે સ્વેચ્છાપૂર્વક વિચરવાને માટે સ્વતંત્ર છો છતાં પણ હે મહીધર કુમાર! પરોપકારી કાર્યમાં તમારી આવી બુદ્ધિ થાય છે તેથી હું માનું છું કે ભાગ્યશાળી આપની જેવા સ્વામી—રાજાને પ્રાપ્ત કરવાથી પ્રજાનો મહાન્ પુણ્યોદય જાગૃત થયો છે.

**ગુણાકર મુનિની ચિકિત્સા કરવા માટે પાંચ મિત્રોની સાથે જીવાનંદની વિચારણા—**

ખરેખર આ મુનિવરની ચિકિત્સા કરવી જોઈએ, પરન્તુ મારી પાસે બધી જાતનાં ઔષધો નથી. મારા ગૃહમાં લક્ષપાક તેલ તૈયાર છે, પરન્તુ બીજી બે વસ્તુઓ મેળવવા માટે તમો પ્રયત્ન કરો. હે મિત્રો! તમે ગોશીર્ષચંદન અને રત્નકંબલ લાવો. જેમ સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી રત્નત્રયીથી સંસારનો અંત આવે છે તેમ આ ત્રણે પ્રકારના પદાર્થથી તે મુનિરાજનો વ્યાધિ વિનાશ પામશે."

મહીધર કુમારના જવાબમાં જીવાનંદ વૈદ્યે ઉપર પ્રમાણે કહ્યું એટલે "તે બે વસ્તુઓ અમે લાવીએ છીએ" એમ બોલીને તે પાંચે મિત્રો બજારમાં ગયા; જ્યારે નિર્મળ ચિત્તવાળા ગુણાકર મુનિ નિર્દોષ ગોચરીને પ્રાપ્ત કરીને પોતાને સ્થાને ગયા. પાંચે મિત્રોએ કોઈએક વૃદ્ધ વણિકની દુકાને જઈને "મૂલ્યથી રત્નકંબલ અને ગોશીર્ષચંદન આપો" એમ કહ્યું ત્યારે વૃદ્ધ વણિકે તેઓને પ્રત્યેક વસ્તુનું મૂલ્ય એક એક લાખ સોનામહોરનું જણાવી તે વસ્તુઓનો શો ઉપયોગ કરવો છે? એમ પૂછ્યું. એટલે તેઓએ જવાબ આપ્યો કે—"આ પદાર્થોથી અમારે મુનિરાજની ચિકિત્સા કરવાની છે." તેઓનો આવો જવાબ સાંભળી વણિક મનમાં વિચારવા લાગ્યો કે—"પ્રમાદ, કામાવસ્થા, ઉન્માદ અને અભિમાનથી પુષ્ટ થએલી આ કુમારોની

તરુણાવસ્થા ક્યાં અને અમારા જેવા વૃદ્ધોને પણ જાણવા લાયક તેમજ સંસારરૂપી પાશ (જાળ)ને તોડવામાં કારણભૂત એવી આ કુમારોની બુદ્ધિ ક્યાં? વિવેકરૂપી સૂર્યથી પ્રકાશિત અંતઃકરણવાળાં કેટલાક તરુણ પ્રાણીઓ સંસારરૂપી અટવીને ઓળંગવાને સમર્થ બને છે જ્યારે મહામોહરૂપી અંધકારથી નિરાશ બનેલા કેટલાએક વૃદ્ધપુરુષો સન્માર્ગે પણ ચાલતા નથી." આ પ્રમાણે વિચારીને વૃદ્ધ વણિકે કુમારોને કહ્યું કે—"ત્રણ જગતને વિષે તમો ખરેખર ધન્યવાદને પાત્ર છો, કારણ કે તમને તમારી આ રમણીય યુવાવસ્થામાં પુણ્યકાર્ય કરવાની બુદ્ધિ ઉત્પન્ન થઈ. જે નાની ઉંમરના પુરુષો વડીલ જનના આચરણને અવલંબે છે તેઓને તથા પ્રકારના સદાચારથી ઉત્તમતા—શ્રેષ્ઠતા પ્રાપ્ત થાય છે, અને જે વૃદ્ધપુરુષો લઘુ વયના પુરુષોને યોગ્ય આચરણ આચરે છે તેઓને સ્હેજે લઘુતા—નાનપ પ્રાપ્ત થાય છે. જેઓ હંમેશા યુવાવસ્થામાં પણ સદાચારનું સેવન કરનારા છે તેઓની સત્પુરુષોમાં ગણના થાય છે. જેઓ કુશળ તરીઆ (તરનારાઓ) હોય છે તેઓ જ નદીમાં પુર આવ્યે છતે અન્ય જનને તારવામાં પણ સમર્થ બને છે. વિકારાવસ્થા સ્વતઃ નાશ પામે તેવી વૃદ્ધાવસ્થામાં કયો પ્રાણી ધર્મપ્રેમી ન બને? ઊનાળામાં જળ રહિત નદીને ઓળંગી જવામાં શું બાળક સમર્થ થતો નથી? કદાચ વૃદ્ધાવસ્થામાં પણ વિશુદ્ધ સ્વભાવવાળો વિચક્ષણ પુરુષ ઉપકારી ધર્મનું આચરણ કરે તો પાપસમૂહનો નાશ કરીને જલ્દીથી સ્વર્ગાદિ સંપત્તિને પ્રાપ્ત કરે છે. હે પુણ્યશાળીઓ! તમે મારા આ ગોશીર્ષચંદન તેમજ રત્નકંબળને ગ્રહણ કરો. તેના બદલામાં કિંમત તરીકે હું નાશવંત ધન લેશમાત્ર લેવા ઈચ્છતો નથી; ફક્ત હું અવિનશ્વર ધર્મને જ ચાહું છું. **સંપત્તિ ધર્મથી પ્રાપ્ત થાય છે.** પાપનો નાશ કરવા માટે જે કોઈ તેનો (વૈભવનો) સુપાત્રમાં ઉપયોગ કરે છે તેથી કૃતજ્ઞ ધર્મ હર્ષપૂર્વક તેને આ ભવ તેમજ પરભવમાં શ્રેષ્ઠ સ્થાન અર્પે છે; તેથી મને તમે તમારા ધર્મકાર્યમાં ભાગીદાર બનાવો અને તેમ કરીને મને તમારો સ્વધર્મી બંધુ પણ બનાવો." આ પ્રમાણે કહીને તે વૃદ્ધ વણિકે વિનામૂલ્યે તે બન્ને વસ્તુ તેઓને આપી. બાદ તે વણિકે પોતાનું સઘળું ધન ધર્મમાર્ગમાં વાપરી નાખ્યું અને અપ્રમત્ત બનીને, સંયમ સ્વીકારીને પાપ—પંકનો નાશ કરવામાં ગ્રીષ્મઋતુના ઉગ્ર તાપ સમાન તીવ્ર તપશ્ચર્યાદ્વારા મોક્ષસુખ પ્રાપ્ત કર્યું.

### વડલા નીચે રહેલા ગુણાકરમુનિની સંમતિપૂર્વક છએ મિત્રોએ કરેલી ચિકિત્સા—

તે વૃદ્ધ વણિકની ધર્મબુદ્ધિથી વિસ્મય પામેલા તેઓ જીવાનંદની સાથે વડલા નીચે કાઉસગ્ગ ધ્યાનમાં રહેલા તે મુનિરાજ સમીપે જઈને, તેમને પ્રણામ કરીને જલ્દીથી નીચે પ્રમાણે વિજ્ઞપ્તિ કરવા લાગ્યા કે—"હે ધ્યાનમગ્ન મુનિવર! હમણાં ચિકિત્સાદ્વારા અમો આપના શુભ ધ્યાનમાં થોડો અંતરાય કરવા માગીએ છીએ. અનુમતિ આપીને અમારા પર અનુગ્રહ કરો કે જેથી આપનું કષ્ટ—પીડા દૂર થાય." આ પ્રમાણે મુનિવરને જણાવીને મુનિવરના શરીરમાં રહેલા

ખેંચી લેવા લાયક કૃમિઓના રક્ષણને માટે તેઓ તરતની મૃત્યુ પામેલ કોઈએક ગાયના શબ (મુડદા)ને ત્યાં લઈ આવ્યા. તેવું પુણ્યકાર્ય કરતાં જીવોને શો લાભ કે જે પુણ્યકાર્ય કરવામાં બીજા જીવોની હિંસા કરવી પડે? જૈનધર્મનું આ ખરેખર પરમ રહસ્ય છે કે—પ્રાણીએ જીવમાત્રનું રક્ષણ કરવું જોઈએ—અભયદાન આપવું જોઈએ. તીર્થંકર પરમાત્માના સિદ્ધાન્તોરૂપી સિદ્ધાંજનયુક્ત મનોહર વિવેકરૂપી ચક્ષુ જો પ્રાપ્ત થાય એટલે કે નિર્મળ વિવેકબુદ્ધિ પ્રગટે તો સન્માર્ગે ચાલવામાં તત્પર પ્રાણીની કદી પણ કુગતિ થાય જ નહિ. પછી જેમ સજ્જન પુરુષ સદૈવ જગતનાં પ્રાણીઓને પ્રેમરસથી સીંચે છે તેમ આદરભાવવાળા અને ધર્મરક્ત તે સર્વે મિત્રોએ લાભકારક લક્ષપાક તેલ તે મુનિવરના શરીર પર લગાડ્યું એટલે પાપને હણવાને માટે તે મુનિવરનું મન સદ્‌ગુરુભાષિત સિદ્ધાંતના રહસ્યથી વ્યાપ્ત જેમ બન્યું તેમ તેમના દેહના દરેક અંગમાં વ્યાપ્ત બનેલ રોગના નિવારણાર્થે તે તેલ તેમના પ્રત્યેક અંગે પ્રસરી ગયું, એટલે ઉષ્ણ વીર્યવાળા તે લક્ષપાક તેલના પ્રસરવાથી તે મુનિવર મૂર્ચ્છા પામી ગયા. **જીવનનું જોખમ ખેડ્યા સિવાય કઈ વ્યક્તિ વિષમ વ્યાધિઓ તેમજ શત્રુનો નાશ કરી શકે?** જેમ પ્રસરેલા અંધકારને અંગે મક્ષિકાઓ (માખીઓ)નો સમૂહ ગૃહમાંથી નીકળી જાય તેમ લક્ષપાક તેલથી આકુળવ્યાકુળ બનેલ કૃમિઓ તે મુનિવરના શરીરની બહાર નીકળી આવ્યા. જેમ વર્ષાઋતુનો મેઘ જળથી પૃથ્વીને આચ્છાદિત કરી દે તેમ જીવાનંદ વૈદ્યે દાહના ઉપશમને માટે મુનીશ્વરને રત્નકંબળવડે ચારે બાજુથી આવરી લીધા—ઢાંકી દીધા. એટલે જેમ અન્યાયથી કંટાળી ગયેલ પ્રજા સ્વદેશનો ત્યાગ કરીને નિરુપદ્રવવાળા અન્ય દેશમાં ચાલી જાય તેમ લક્ષપાક તેલની ગરમીથી વ્યાકુળ બનેલા કૃમિઓ મુનિના શરીરમાંથી નીકળીને રત્નકંબળ પર ચોંટી ગયા. બાદ તે કૃમિઓ પ્રત્યેની દયાને લીધે વિચક્ષણ જીવાનંદ વૈદ્યે તે રત્નકંબળને ધીમે ધીમે ગાયના મૃતક પર ખંખેરી. **ખરેખર દયાળુ પુરુષની દયા ક્ષુદ્ર જીવો પરત્વે પણ અસાધારણ હોય છે.** જેવી રીતે સ્વામીદ્વારા સેવક સામાન્ય દરજ્જાથી ઊંચા અધિકારને પ્રાપ્ત કરીને પુષ્ટ બને તેમ વૈદ્યદ્વારા દુર્બળ દેહવાળા મુનિવરના શરીરમાંથી નીકળેલા કૃમિઓ ગાયના ભક્ષણ કરવા લાયક ક્લેવરને પ્રાપ્ત કરીને પુષ્ટ બન્યા—સંતોષ પામ્યા. પછી જેમ આચાર્ય ભગવંત જનતાના અજ્ઞાનને અમૃત અને ચંદ્ર સદૃશ શીતળ દેશનાદ્વારા દૂર કરે તેમ જીવાનંદે અમૃત અને ચંદ્ર જેવા શીતળ ગોશીર્ષચંદનવડે યતિશ્રેષ્ઠના સંતાપનો નાશ કર્યો. પ્રથમ વારના તેલના અભ્યંગનથી ચામડીમાં રહેલા કૃમિઓ બહાર નીકળી આવ્યા, છતાં પણ જે બાકી રહ્યા તે માટે જીવાનંદે ફરીથી મુનિરાજના શરીર પર લક્ષપાક તેલનું અભ્યંગન કર્યું. **વિચક્ષણ પુરુષો શરૂ કરેલા કાર્યની પૂર્ણતા કર્યા સિવાય તેનો ત્યાગ કરતા નથી.** જેમ ગ્રીષ્મ ઋતુના સૂર્યના પ્રચંડ તાપથી ઊંડા સરોવરમાં રહેલા માછલાંઓ પાણીની બહાર આવે તેમ તે ફરીવારના અભ્યંગનથી મુનિવરના માંસમાં વ્યાપ્ત બનેલા કૃમિઓ જલ્દીથી બહાર આવ્યા, ત્યારે જેવી રીતે ગ્રીષ્મઋતુને લીધે સૂર્યના કિરણોથી સંતપ્ત બનેલ આકાશને મેઘસમૂહદ્વારા પાણી—જળ

આવરી લે તેમ જીવાનંદે રત્નકંબલદ્વારા મુનિવરને ચારે બાજુથી પુનઃ આવરી લીધા. ત્યારે જેમ મધ્યાહ્‌ન સમયે સૂર્ય–તાપથી આકુળવ્યાકુળ બનેલા પશુઓ ઝાડની છાયાનો આશ્રય લે તેમ સમૂહરૂપે બનીને કૃમિઓ અત્યંત શીતળ રત્નકંબલ પર ચોંટી ગયા. બાદ ભવ્યજીવોને ભોગવવા લાયક પ્રદેશમાં શુભ કર્મ જેમ નિયુક્ત કરે–જોડે તેમ વૈદ્યશ્રેષ્ઠ જીવાનંદે તે કૃમીઓને રત્નકંબલ પરથી ગાયના કલેવર પર ધીમેથી ખંખેર્યા. જેવી રીતે ઉષ્મા–ગરમીથી સંતપ્ત બનેલ સંસારને ચંદ્ર પોતાનાં શીતળ કિરણોથી શાંતિ અર્પે તેવી રીતે જીવાનંદે જીવનઔષધી સરખા ગોશીર્ષચંદનવડે તે મુનિરાજને શાંતિ પમાડી. બાદ જેમ ઉત્તમ લોહચુંબક મણિદ્વારા શરીરમાં રહેલા અનેક પ્રકારનાં શલ્યો બહાર ખેંચાઈ આવે તેમ ત્રીજી વારના તૈલાભ્યંગનથી મુનિરાજના અસ્થિ–હાડકાં સુધી પહોંચેલા કૃમીઓ જલ્દીથી બહાર નીકળી આવ્યા. જેમ તીડો પૃથ્વીપટ પરથી વિશાળ ગગનમાં ચારે તરફ ફેલાઈ જાય તેમ તે મુનિવરનાં દેહમાંથી અસંખ્ય કૃમીઓ નીકળીને રત્નકંબલ પર ફેલાઈ ગયા, એટલે રત્નકંબલને ધીમેથી ખંખેરીને તે કૃમીઓને ગાયના શબ પર મૂક્યા. **ખરેખર પરોપકાર કરતો પરોપકારી પુરુષ કદી પણ પરોપકારી કાર્યથી કંટાળતો નથી.** બાદ આત્મહિતેચ્છુ પ્રાણી જેમ પુણ્યથી પોતાના આત્માને, અને પોતાની કીર્તિસમૂહથી ત્રણ ભુવનને વ્યાપ્ત કરે તેમ ઉત્તમ વૈદ્ય જીવાનંદે તે મુનિના શરીરે ફરીથી ગોશીર્ષચંદનનો લેપ કર્યો, અને તેના વિલેપનથી સકલ તાપ નાશ પામી જવાથી તેઓ અત્યંત શાંતિ પામ્યા. **ખરેખર જે શાન્ત સ્વભાવી છે તેનું જ જીવન સાર્થક** છે. જેમ સમતાશીલ પ્રાણી કલ્યાણલક્ષ્મીને કબ્જે કરે અને રત્નત્રયીથી જેમ કર્મવિમુક્ત બને તેમ ત્રણ વખતના તૈલાભ્યંગનથી પુણ્યપ્રકર્ષને કારણે ગુણાકર મુનિરાજ કૃમિરોગ રહિત બન્યા, અને રોગની ચિકિત્સાદ્વારા પાપરાશિનું નિકંદન કરનારા, વૃદ્ધિંગત ભાવવાળા અને કુશળ તે છએ મિત્રોવડે ખમાવાયેલા તેમણે તે સર્વને "**ધર્મલાભ**" આપીને અન્યત્ર વિહાર કર્યો.

### છ મિત્રોએ કરાવેલ જિનમંદિર–

બાદ તે છએ મિત્રોએ શેષ રહેલ ગોશીર્ષચંદન અને રત્નકંબલને વેચીને તેના મૂલ્યરૂપે મેળવેલ સુવર્ણથી તેમજ પોતાની પાસે રહેલ સુવર્ણથી મેરુપર્વતના શિખર સમાન એક જિનાલય કરાવ્યું. પોતાની પીતવર્ણી કાંતિવડે સૂર્યના તેજને પણ વૃદ્ધિ પમાડનાર તે સુવર્ણમય જિનપ્રાસાદ શોભતો હતો. તીર્થંકરનો પ્રભાવ જિનમંદિર બનાવનાર પ્રાણીના પાપરૂપી શત્રુગણનો નાશ કરનાર બને છે. પોતાની ધ્વજા–પતાકાના સમૂહવડે સ્વર્ગને, મંદિરનો પાયો નાખવાવડે પાતાળને અને પોતાના સ્થાપનવડે પૃથ્વીને વ્યાપીને રહેલું ત્રણ ભુવનને પવિત્ર કરનારું તે જિનમંદિર દીપતું હતું. બાદ વિધવિધ પ્રકારના મણિસમૂહથી જડેલી શ્રેષ્ઠ સુવર્ણના સમૂહથી અત્યંત મનોહર અને ત્રણે લોકમાં અજોડ એવી અત્યંત દીપ્તિમાન કાંતિવાળી જિનપ્રતિમા તેઓએ તે જિનાલયમાં સ્થાપન કરી.

**અષ્ટપ્રકારી પૂજા–**

બાદ આઠ કર્મોનો નાશ કરવાને ઈચ્છતા તેમજ ભક્તિભાવવડે પૂર્ણ છએ મિત્રો મળીને પ્રતિદિન અષ્ટપ્રકારી પૂજા કરવા લાગ્યા. પ્રભાતસમયે જિનેશ્વર ભગવંતનું સ્નાત્ર કરવાને માટે પોતાના વૃક્ષઃસ્થળ (છાતી) પર ઉજ્જવળ સુવર્ણકળશોને ધારણ કરતાં તે બધા મિત્રો જાણે સંસારરૂપી સાગરને તરવાને ઈચ્છતા હોય તેમ મોક્ષાભિલાષી બન્યા. જે હેતુથી તેઓએ જિનેશ્વરના સ્નાત્રજળદ્વારા પોતાના આત્માને સિંચન કર્યું તે કારણથી કલ્યાણરૂપી લતાઓ મોક્ષરૂપી ફળને માટે તે છએ મિત્રોમાં અત્યંત વિસ્તાર પામી **(જળપૂજા)*** બાદ તેઓએ કર્પૂરમિશ્રિત ચંદનસમૂહથી જિનેશ્વર ભગવંતને શરીરે વિલેપન કર્યું, તેથી અપરિમિત સંસારરૂપી દાવાનળથી પ્રગટેલ તેઓનો સંતાપ શાન્ત થઈ ગયો. **(ચંદનપૂજા)**. બાદ શ્વેત, અત્યંત સુવાસિત અને વિકસિત પુષ્પસમૂહથી તેઓએ પરમાત્માને શોભિત કર્યા તેમ પોતાના યશવડે ત્રણે જગતને પણ દીપાવ્યું **(પુષ્પપૂજા)** બાદ તેઓએ જિનેશ્વરની પ્રતિમા ઉપર જે અત્યંત સુગંધી વાસક્ષેપ ચઢાવ્યો તે વાસક્ષેપ સંસારભ્રમણ પર્યન્ત તેઓની મોક્ષરૂપી લક્ષ્મીને વશ કરવામાં વશીકરણચૂર્ણ સમાન બન્યો. **(વાસક્ષેપપૂજા)**. બાદ તીર્થંકરભગવંતની સમક્ષ અક્ષતોદ્વારા જે સાથિયો કર્યો તે અક્ષતોએ તેઓને પોતાની જેવા અખંડિત બનાવ્યા; કારણ કે તંદુલ (ચોખા)માં હંમેશને માટે અક્ષતપણું રહેલું જ છે. **(અક્ષતપૂજા)**. બાદ તેઓએ મનને પ્રમોદદાયક નૈવેદ્ય પ્રભુપ્રતિમા સન્મુખ સ્થાપન કર્યું, જેથી તેઓએ મનુષ્ય અને દેવભવમાં શ્રેષ્ઠ ભોગકર્મ ઉપાર્જન કર્યું. **(નૈવેદ્યપૂજા)**. બાદ તેઓએ જિનેશ્વરની સમીપે જે અત્યંત મધુર ફળો ધર્યાં તે ફળો તેમને પરિણામે સ્વર્ગાદિ સુખને આપનારાં બનશે. **(ફળપૂજા)**. પ્રવીણ એવા તેઓએ પ્રભુની સન્મુખ જે જળ સ્થાપન કર્યું તેથી સંસારરૂપી દાવાનળને શાંત કરનાર તે જળ તેમની દુઃખપરંપરાના નાશને માટે નિમિત્તરૂપ બન્યું. **(જળપૂજા)** બાદ વિશ્વને વિષે દીપકસમાન જિનેશ્વરદેવની સમક્ષ તેઓએ જે દીપક પ્રગટાવ્યો તે દીપક જગતને પ્રકાશિત કરનાર તેઓના કેવળજ્ઞાનરૂપી દીપકને પ્રગટાવવામાં કારણભૂત બન્યો. **(દીપકપૂજા)**. બાદ પ્રભુની સમીપે ઉવેખવામાં આવેલ અને દિશાઓમાં ફેલાયેલ ધૂપની ધૂમરાશિના બહાનાથી જિનેંદ્ર ભગવાન પ્રત્યેની તેઓની ભક્તિને કારણે ભયભીત બનેલ તેઓનાં પાતકો ચાલ્યાં ગયાં. **(ધૂપપૂજા)**. બાદ તેઓએ પવિત્ર, અખંડિત અને ઉજ્જવળ વસ્ત્રો **(અંગલુછણાં)** પ્રભુના શરીરે સ્થાપન કર્યાં તેથી તેઓની મનુષ્ય અને દેવભવમાં તથાપ્રકારની પવિત્ર, અખંડિત અને ઉજ્જવળ ગતિ થશે. **(વસ્ત્રપૂજા)**. બાદ **આરતી** ઊતારવાના સમયે જાણે ધર્મના હર્ષાશ્રુની શ્રેણી સરખી હોય તેવી તેઓનાવડે પ્રભુકંઠમાં પહેરાવાયેલી પુષ્પની માળા તેઓના નવા પ્રકારના શ્રેષ્ઠ કર્મને જોઈને અત્યંત શોભી ઊઠી. બાદ વિધવિધ પ્રકારના વાજિંત્રના શબ્દસમૂહથી વ્યાપ્ત

* અહીં હેડીંગમાં અષ્ટપ્રકારી પૂજા સૂચવેલ છે, છતાં તેની અંતર્ગત આઠ કરતાં પણ વધારે પ્રકારથી દ્રવ્ય પૂજા કરેલ છે.

ઘંટનાદના ધ્વનિથી આકાશને ભરી દેતા તે ચતુર મિત્રોએ ભગવંતની સમીપે કલ્યાણકારક મંગળદીવો કર્યો.

**છ મિત્રોએ કરેલ ભાવ પૂજા–**

ઉપર પ્રમાણે વિધિપૂર્વક દ્રવ્યપૂજા કરીને શક્રસ્તવ વિગેરે સ્તવનો તથા સ્વરચિત સંગીતના મહોત્સવપૂર્વક તેઓ પરમાત્માની ભાવપૂજા કરવા લાગ્યા. વળી પરસ્પર પ્રીતિવાળા, સરલાશયવાળા તે સર્વ પ્રતિદિન ગુરુજનની શુશ્રૂષા કરવા લાગ્યા. જિનેશ્વરભાષિત તત્ત્વોને સારી રીતે જાણી લઈને તેઓ સમકિતમાં સ્થિર બન્યા. સદ્‌ગુરુદ્વારા બાર વ્રતોને પ્રાપ્ત કરીને તેનું સમ્યક્ પ્રકારે પાલન કર્યું કે જેથી તેઓ બાર[1] દેવલોકથી પણ અધિક પરમપદ–મોક્ષને ભવિષ્યમાં પ્રાપ્ત કરશે. ચાર પ્રકારનું ધ્યાન ધરવામાં ચતુર, [2]ચાર પ્રકારના ધર્મને પાળતા તેઓ ચાર [3]ગતિના ક્લેશના નિવારણને માટે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘની અર્ચના–પૂજા કરવા લાગ્યા. નિર્મળ જ્ઞાનવાળા તેમણે પોતાના ન્યાયોપાર્જિત દ્રવ્યથી પુસ્તક લખાવવાપૂર્વક સિદ્ધાન્તનો ઉદ્ધાર કરવાવડે અલ્પ સમયમાં અક્ષયપદને પામનારા તેઓએ સંસારરૂપી સાગરમાંથી પોતપોતાના આત્માનો ઉદ્ધાર કર્યો. આ પ્રમાણે સાત[4] ક્ષેત્રોમાં સ્વદ્રવ્યનો સદુપયોગ કરીને છએ મિત્રોએ પોતાના દુષ્ટ કર્મની પરંપરાની માફક કેટલોક સમય વ્યતીત કર્યો.

**છએ મિત્રોની એક સાથે દીક્ષા–**

એકદા અનેક પ્રકારની વિકૃતિઓથી સંસારની અસારતા વિચારીને સુંદર બોધવાળા છએ મિત્રોએ એકી સાથે સદ્‌ગુરુની પાસે ચારિત્ર ગ્રહણ કર્યું. બાદ ગુરુદ્વારા પ્રાપ્ત કરેલ શાસ્ત્રજ્ઞાનવાળા, પ્રાણીઓ પ્રત્યે અનુકંપાવાળા, તેમજ સત્ત્વશાળી તેઓ બધા ગગનપટમાં નક્ષત્ર અને ગ્રહો જેમ વિચરે તેમ એકી સાથે જ પૃથ્વીપીઠ પર વિચરવા લાગ્યા. મનરૂપી ઉદયાચળ પર ઉદય પામેલ જ્ઞાનરૂપી સૂર્યના વિશાળ તપરૂપી તેજવડે તેઓનો અજ્ઞાનાંધકાર અત્યંત નાશ પામ્યો. મદરૂપી ગર્વીષ્ઠ હસ્તીઓને હણવામાં સિંહ સમાન, પાંચ પ્રકારની સમિતિથી યુક્ત, પાંચ ઇંદ્રિયોના વિકારોને રોકનાર તે છએ મિત્રો પાંચ મહાવ્રતોનું પાલન કરવા લાગ્યા. ચાર ગતિના કષ્ટરૂપી લતાના બીજરૂપ, ચાર પ્રકારના [5]શુક્લધ્યાનના શત્રુરૂપ ચાર કષાયોને તેઓએ [6]ક્ષમા આદિ ચાર શ્રેષ્ઠ શસ્ત્રોથી જીતી લીધા. બાદ તે છએ યતિવરો

---

૧. સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેંદ્ર, બ્રહ્મ, લાંતક, શુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ ને અચ્યુત–એ બાર દેવલોકનાં નામ છે. ૨. દાન, શિયળ, તપ ને ભાવ. ૩. નરક, તિર્યંચ, દેવ અને મનુષ્ય.

૪. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, જ્ઞાન, જિનપ્રતિમા અને જિનચૈત્ય. ૫. પૃથક્ત્વવિતર્કસપ્રવિચાર, એકત્વવિતર્કાપ્રવિચાર, સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતી ને વ્યુપરતક્રિયાઅનિવૃત્તિ આ ચાર પ્રકારો શુક્લધ્યાનના છે. ૬. ક્ષમા, મૃદુતા, સરલતા અને નિર્લોભતા.

દ્રવ્ય તેમજ ભાવથી સંલેખના કરીને અને પંચપરમેષ્ઠીનું ધ્યાન ધરવાપૂર્વક છેલ્લે અનશન સ્વીકારી કાળધર્મ પામ્યા.

## જીવાનંદ વિગેરેનું બારમા અચ્યુત દેવલોકમાં ઉપજવું—

કાળધર્મ પામીને તે છએ મિત્રો અચ્યુત દેવલોકમાં ઇંદ્રસામાનિક દેવો થયા. આ જગતમાં એવી કોઈ પણ સંપત્તિ નથી કે જે તપસ્વી પુરુષોનું સારી રીતે આચરેલું તપ પ્રાપ્ત ન કરાવે ? આ જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રના પૂર્વ સમુદ્રની નજીકમાં અત્યંત ઋદ્ધિસંપન્ન તેમજ સ્વર્ગલોકને જીતનાર **''પુષ્કલાવતી''** નામની વિજય છે. તે વિજયને વિષે લક્ષ્મીના નિધાનના રક્ષણ માટે કિલ્લા સરખી **''પુંડરિકીણી''** નામની નગરી છે, કે જ્યાં કિલ્લાના કાંગરારૂપી હજારો ફણાવાળો શેષનાગ ખાઈરૂપે રહેલો છે. તે નગરીમાં વજ્રદંડ કરતાં પણ વિશેષ બાહુબળવાળો, શત્રુસૈન્યનો વિનાશ કરનાર **વજ્રસેન** નામનો રાજા હતો કે જેના યશસમૂહરૂપ કર્પૂરવડે ભરેલા ડાબડા સમાન બનેલ આકાશ શોભતું હતું. તે વજ્રસેન રાજાનો ઉદય પામેલો અને અસ્ત નહીં થનારો પ્રતાપરૂપી સૂર્ય કોઈ અપૂર્વ હતો કે જેને અંગે જે જે રાજાઓએ છત્રનો ત્યાગ કર્યો તે તે રાજાને તેણે (પ્રતાપરૂપી સૂર્યે) લેશમાત્ર પણ પરિતાપ પમાડ્યો નહિ. (વજ્રસેનવડે પરાજિત થનારા રાજાઓ છત્રનો ત્યાગ કરતા અને તેને અંગે રાજા તરફથી તેને કંઈ પણ ઉપદ્રવ કરવામાં આવતો નહિ.) તેને સદ્‌ગુણોના સ્થાનભૂત **ધારિણી** નામની પટ્ટરાણી હતી કે જેણીનું અસાધારણરૂપ જોઈને કામદેવ પણ પોતાની પત્ની રતિ પરત્વે પ્રેમવિહીન બન્યો. આ બાજુ બાવીશ સાગરોપમનું દેવાયુ ભોગવીને પુણ્યશાળી તે છ મિત્રો પૈકી પાંચ અચ્યુત દેવલોકમાંથી ચ્યવીને અનુક્રમે એક પછી એક વજ્રસેન તેમજ ધારિણીના પાંચ પુત્રોરૂપે જન્મ્યા.

## જીવાનંદાદિ પાંચ મિત્રનું વજ્રસેન નૃપના વજ્રનાભાદિક પાંચ પુત્રો તરીકે ઉપજવું—

વૈદ્ય જીવાનંદનો જીવ ગુણોરૂપી વૃક્ષને ઉપજવામાં ભૂમિરૂપ, ચૌદ સ્વપ્નથી નિશ્ચિત થયેલ ચક્રવર્તીની વિશાળ ઋદ્ધિયુક્ત, અને પુષ્કળ લક્ષ્મીના સ્થાનરૂપ **વજ્રનાભ** નામનો પ્રથમ પુત્ર થયો. રાજકુમાર મહીધરનો જીવ અતિ તેજસ્વી **બાહુ** નામના બીજા પુત્ર તરીકે જન્મ્યો. મંત્રીપુત્ર સુબુદ્ધિનો જીવ ઢીંચણ સુધી દીર્ઘબાહુવાળો **સુબાહુ** નામનો ત્રીજા પુત્ર તરીકે અવતર્યો. શ્રેષ્ઠીપુત્ર ગુણાકરનો જીવ **પીઠ** નામના ચોથા પુત્ર તરીકે અને સાર્થવાહપુત્ર પૂર્ણભદ્રનો જીવ **મહાપીઠ** નામના પાંચમા પુત્ર તરીકે જન્મ્યો. છઠ્ઠા મિત્ર કેશવનો જીવ યથાર્થ નામધારી **સુયશા** નામનો રાજપુત્ર થયો. વિનયશીલ તે સુયશા રાજકુમાર બાલવયથી જ વજ્રનાભનો મિત્ર બન્યો હતો. **પૂર્વભવનો બંધાએલો ગાઢ પ્રેમ ખરેખર મિત્રભાવને સ્પષ્ટ**

**કરે છે.** વજ્રસેન રાજાના પાંચે પુત્રો અને સુયશા એકી સાથે વૃદ્ધિ પામવા લાગ્યા. તેઓ જાણે છ ખંડવાળી પુષ્કલાવતી વિજયના છ ખંડ સાધવાને માટે દેહધારી રાજ્યનીતિના છ ગુણો હોય તેમ જણાતા હતા. બાદ ઉપાધ્યાય પાસે અધ્યયન કરતાં તેઓ અલ્પ સમયમાં સમગ્ર કળાઓને વિષે કુશળ થયા. **મણિના દર્પણમાં પદાર્થોનું પ્રતિબિંબ પાડવામાં શું કદી પણ વિલંબ થાય છે ?**

એકદા લોકાંતિક દેવોએ આવીને વજ્રસેન રાજાને વિજ્ઞપ્તિ કરી કે—"હે સ્વામિન્! તીર્થ પ્રવર્તાવો" એટલે તેમણે ઇંદ્ર સમાન પોતાના પુત્ર વજ્રનાભને રાજગાદી પર બેસાર્યો અને પોતે દાનને ગ્રહણ કરવાના ઇચ્છુક જનોને ઇચ્છાપૂર્વક સાંવત્સરિક દાન દેવા લાગ્યા ત્યારે લજ્જા પામેલા ચિંતામણિરત્ન, કામધેનુ અને કલ્પવૃક્ષે મેરુપર્વત પરની નિકુંજોમાં પોતાના વસવાટને પ્રશંસાપાત્ર ગણ્યો, અર્થાત્ વજ્રસેન તીર્થંકરે ઉપરોક્ત ત્રણે વસ્તુઓ કરતાં પણ વિશેષ દાન દેવાનું શરૂ કર્યું. બાદ દેવેંદ્ર, દાનવેંદ્ર અને રાજા—મહારાજાઓએ વજ્રસેન તીર્થંકરનો દીક્ષામહોત્સવ કર્યો, એટલે જેમ નરકસમાન સ્થાનમાંથી સ્વર્ગે સંચરે તેમ વૈરાગ્યવાસિત વજ્રસેન તીર્થંકર પુંડરીકિણી નગરીમાંથી નીકળી વનમાં આવ્યા. ત્યાં આગળ સ્વયંબુદ્ધ પરમાત્માએ મોક્ષદાયિની દીક્ષા ગ્રહણ કરી, એટલે ત્રણ જ્ઞાન (મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન ને અવધિજ્ઞાન)ના શિખરરૂપ ઉત્કંઠિત બનેલ ચોથું મનઃપર્યવજ્ઞાન વજ્રસેન તીર્થંકરને પ્રાપ્ત થયું. બાદ જેમ પ્રચંડ સૂર્ય પોતાના કિરણસમૂહથી ચારે દિશાના અંધકારરાશિને નષ્ટ કરતો ગગનપંથમાં વિચરે તેમ સમતાશીલ અને અજ્ઞાનાંધકારથી રહિત તેમજ પવિત્રતાને વિસ્તારતા શ્રી વજ્રસેન તીર્થંકર પોતાના ચરણકમળથી પૃથ્વીપીઠ પર વિચરવા લાગ્યા.

પોતાના પિતાની પ્રવ્રજ્યાના ગ્રહણ બાદ જેમ વિચક્ષણ પુરુષ રાજ્ય—સમૂહ પ્રાપ્ત કરાવનાર ચાર નીતિ (શામ, દામ, દંડ ને ભેદ) પ્રકારોને અમલમાં મૂકે તેમ વજ્રનાભે પોતાના ચારે લઘુ બંધુઓને યોગ્યતાનુસાર દેશો વહેંચી આપ્યા. જેમ ઇંદ્રને માતલિ, અગ્નિને મરુત અને સૂર્યને અરુણ સારથિ છે. તેમ દુશ્મનોને દાસ બનાવનાર વજ્રનાભ રાજાનો **સુયશા** રાજપુત્ર સારથિ બન્યો હતો. સકલ વિષયોને ગ્રહણ કરવામાં ચતુર ઇંદ્રિયોથી શરીર, પાંચે ઇંદ્રિયોના ઉત્તમ ભોગ—વિલાસથી સંસાર અને અત્યંત પવિત્ર પાંચ મહાવ્રતોથી સાધુ જેમ શોભે તેમ તે પાંચે જણાથી વજ્રનાભ રાજા શોભવા લાગ્યો. જેમ ચિત્તને પાંચે ઇંદ્રિયો અનુસરે તેમ કોઈપણ સમયે કોઈપણ સ્થળે પ્રવૃત્તિ કરતાં વજ્રનાભને તે પાંચે જણા અનુચરની માફક અનુસરવા લાગ્યા અર્થાત્ તેઓ કદી વિખૂટા પડતા નહિ.

આ બાજુ જેમ વાયુથી વિખરાયેલ મેઘસમૂહદ્વારા પ્રકાશ પ્રગટ થાય તેમ શુક્લધ્યાનદ્વારા [૧]ઘાતીકર્મોના વિનાશથી વજ્રસેન તીર્થંકરને કેવળજ્ઞાન પ્રગટ થયું.

---

૧. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય મોહનીય અને અંતરાય એ ચાર ઘાતીકર્મો કહેવાય છે.

**ચક્રરત્નની ઉત્પત્તિ–**

તે જ સમયે વજ્રનાભ રાજાની આયુધશાળામાં ગ્રીષ્મ ઋતુના મધ્યાહ્ન સમયના ઉગ્ર સૂર્યની જેમ પ્રચંડ કિરણોથી દિશાભાગોને પ્રકાશિત કરતું ચક્રરત્ન ઉત્પન્ન થયું એટલે વિના પરિશ્રમે બીજાં તેર રત્નો તેમને પ્રાપ્ત થયાં. જેમ જળના પ્રમાણથી વેલ વૃદ્ધિ પામે તેમ લક્ષ્મી પણ પુણ્ય પ્રમાણે વધે છે. જેમ મોક્ષદાયક જિનેશ્વરભાષિત જીવાજીવાદિ નવતત્ત્વોનો બોધ મુનિવરને પ્રાપ્ત થાય તેમ મનોવાંછિત આપનારા [1]નવ નિધિઓ પણ વજ્રનાભ ચક્રવર્તીને પ્રાપ્ત થયા. જેમ કઠિન સંયમ પાલનથી યતીશ્વર ભવપરંપરાને જીતી લે તેમ જયશીલ ચક્રરત્નદ્વારા વજ્રનાભ ચક્રવર્તીએ સમગ્ર પુષ્કલાવતી વિજયને જીતી લીધી. મોક્ષસુખને મેળવવાને માટે જેમ સર્વ ગુણોમાં સમતા ગુણ સર્વોત્તમ છે તેમ અભિષેક કરાએલ ચક્રવર્તી બધા રાજાઓને વિષે શોભવા લાગ્યા. છ ખંડવાળી તે પુષ્કલાવતી વિજયનું સ્વામીત્વ પ્રાપ્ત કરીને વજ્રનાભ ચક્રવર્તી સુયશા સારથિ તેમજ પોતાના ચાર લઘુ બંધુઓ સાથે વિવિધ પ્રકારના વિલાસો ભોગવવા લાગ્યા. આવી રીતે વિશાળ ભોગોમાં મગ્ન બનવા છતાં પણ તેના પ્રત્યેની આસક્તિને કારણે તે વજ્રનાભ ચક્રવર્તી લેશ પણ ઠગાયા–છેતરાયા નહિ. મૂર્ખાઓના સમુદાયમાં ખેલતો વિચક્ષણ માનવી શું તેવાઓની મૂર્ખાઈથી લેપાય છે ? અર્થાત્ જેમ મૂર્ખાઓ વચ્ચે વસવા છતાં વિચક્ષણ પુરુષ મૂર્ખ બની જતો નથી તેમ વજ્રનાભ ચક્રવર્તી પણ ભોગ–વિલાસમાં રચ્યાપચ્યા રહેવા છતાં તેની પ્રત્યેની ગાઢ આસક્તિથી વિમુક્ત જ હતા. ચક્રીના પુણ્યોદયથી લક્ષ્મી વધવા લાગી અને તે જ કારણથી લક્ષ્મીએ તેની પુણ્યરાશિને પણ વૃદ્ધિ પમાડી. તેઓ બન્ને (લક્ષ્મી અને પુણ્ય)ની પરસ્પર પરોપકારી ભાવના કોઈપણ રીતે અટકી નહિ, અર્થાત્ ચક્રવર્તીના પુણ્યથી લક્ષ્મી પ્રાપ્ત થઈ અને તે જ લક્ષ્મી–દ્રવ્યદ્વારા ધર્મકાર્યો કરવાથી પાછી પુણ્યની વૃદ્ધિ થઈ એમ ઉત્તરોત્તર ક્રમે બન્નેની વૃદ્ધિ થવા લાગી. પુષ્કલાવતી વિજયના છ ખંડોનો સ્વામી, છ ગુણોવડે શત્રુઓને જીતી લેનાર વજ્રનાભ પોતાના લઘુબંધુઓ તેમ જ સુયશા સારથિ સાથે જિનેશ્વર ભગવંતના ચરણકમળમાં ભ્રમરરૂપ બન્યા એટલે કે તેઓ વીતરાગ પરમાત્માની ઉપાસના કરવા લાગ્યા.

જેમ જેમ વજ્રનાભ ચક્રવર્તી વયમાં વધવા લાગ્યા તેમ તેમ તેની સ્પર્ધા કરતી હોય તેમ તેમ તેની સંપત્તિ પણ વૃદ્ધિંગત થવા લાગી, અને હૃદયની વિપુલતાથી ધર્મમાં રક્ત ને ધૈર્યવંત વજ્રનાભની વય પણ વધવા લાગી. આ રાજાના સેવક બનેલા નવ નિધાનોની કયા સમર્થ પુરુષે ચાહના કરવાવાળા ન બન્યા ? અર્થાત્ ઘણા રાજાઓ ચક્રવર્તીને પ્રાપ્ત થએલા નિધિઓની સ્પૃહા કરવા લાગ્યા, પરન્તુ તે ઈચ્છા કરનાર રાજાઓ નિધિઓને પ્રાપ્ત કરવાને માટે સંપૂર્ણ તથા

---

૧. નૈસર્ગ, પાંડુક, પિંગળક, સર્વરત્ન, મહાપદ્મ, કાલ, મહાકાલ, માણવક અને શંખ એ નવ પ્રકારના નિધિઓ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં જણાવેલા છે.

પુણ્યકર્મ કરવાને શક્તિમાન બન્યા નહિ. ચિંતામણિરત્ન, કામધેનુ અને કલ્પવૃક્ષોની અધિષ્ઠાયક દેવીઓવડે ગવાયેલ આ રાજાની દાનકીર્તિને સિદ્ધપર્વતના શિલાનાં છિદ્રોદ્વારા દેવાંગનાઓ સાંભળવા લાગી અર્થાત્ તેની કીર્તિ ચોતરફ પ્રસરી ગઈ હતી. પ્રાપ્ત થયેલા અનેક પ્રકારના ભોગોથી પ્રતિદિન સેવાતા એવા વિવેકશીલ વજ્રનાભ ચક્રવર્તીના મનમાંથી સંસાર પ્રત્યેની અસારતાથી પ્રગટેલ વૈરાગ્ય લેશમાત્ર દૂર થયો નહિ.

## પુંડરીકિણી નગરીમાં સમવસરણ–

નિદ્રાનો નાશ કરીને સૂર્ય જાગૃતિ અર્પે છે તેમ જગતની પ્રમાદરૂપી નિદ્રાને દૂર કરીને જ્ઞાન અર્પતાં શ્રી વજ્રસેન તીર્થંકર એકદા તે પુંડરીકિણી નગરીમાં સમવસર્યા, એટલે દેવોએ રત્ન, સુવર્ણ અને રૂપાના ત્રણ ગઢની મધ્યમાં કરેલ વેદિકા પર અશોક વૃક્ષની નીચે બેઠેલા વજ્રસેન તીર્થંકરે અમૃતના કલ્લોલ જેવો ધર્મોપદેશ કર્યો. વજ્રનાભ ચક્રી પણ પોતાના સહોદર તેમ જ સારથી સાથે ભ્રમરની માફક શ્રી વજ્રસેન તીર્થંકરના મુખરૂપી કમળમાંથી વાણીરૂપી મકરંદનું પાન કરવાને ઉલ્લસાયમાન મનવાળો બનીને ત્યાં આવ્યો. બાદ તીર્થંકર ભગવંતને ત્રણ વાર પ્રદક્ષિણા દઈને, પ્રણામ કરીને તેમ જ સ્તુતિ કરીને ઇંદ્ર મહારાજના પાછળના ભાગમાં માયા રહિત બનીને બેઠો. એટલે તીર્થંકર પરમાત્માએ પણ અંતઃકરણમાં ઉછળતાં જ્ઞાનામૃતરૂપી સાગરનાં વૃદ્ધિ પામેલાં કલ્લોલના વિશાળ સમૂહથી વખાણવા લાયક નીચે પ્રમાણે દેશના દેવી શરૂ કરી :–

## શ્રી જિનેશ્વરની દેશના–

"પૂર્વ જન્મના પુણ્યને લીધે અતિવિશાળ ઇંદ્રપણાની તેમજ ચક્રવર્તીની ઋદ્ધિઓ જ્યાંસુધી આયુષ્ય હોય ત્યાં સુધી જ વિકાસ પામે છે, પરન્તુ ખેદની વાત છે કે આયુષ્ય ક્ષણે ક્ષણે ક્ષીણ થતું જાય છે. જો સમૃદ્ધિ પ્રત્યેની આસક્તિથી અને પ્રમાદના પરવશપણાથી આયુષ્ય નાશ પામી ગયું અને પુણ્યોપાર્જન કર્યું નહીં તો નરકમાં પડતાં પ્રાણીઓનું કોણ રક્ષણ કરશે ? ખરેખર ઘણા જ ખેદની વાત છે કે ઇચ્છાપૂર્વક બનાવેલા જુદી જુદી આકૃતિવાળા માટીના આર્દ્ર (ભીનાં) પુતળાં સરખાં વિશ્વનાં પ્રાણીઓ સાથે બાળોચિત ક્રિયામાં તત્પર કર્મો અવિરતપણે વિલાસ કરી રહ્યા છે. પવનના સમૂહથી છિન્નભિન્ન બનેલ મેઘની માફક પ્રાણીઓનું જીવિત ચંચળ છે; તેમ જ તે જીવિતને વિષે પ્રાણીઓને સ્વામીપણું પ્રાપ્ત થવું તે વીજળીના ચમકારા જેવું છે. કોઈપણ પ્રાણી હમેશને માટે જીવંત નથી, મૃત્યુને વશ થતાં પોતાના સંબંધીઓને જાણે છે તેમ જ વૃદ્ધાવસ્થાથી ઘેરાતી પોતાની જાતને પણ સમજે છે છતાં દુર્બુદ્ધિ પ્રાણી ધર્મપરાયણ વૃત્તિવાળો બનતો નથી. આ જગતને વિષે પોતાના આયુષ્યનાં ફળરૂપ ધર્મને જે ગ્રહણ કરે છે તે જ ત્રિભુવનને વિષે વિવેકશીલ છે, તે જ બુદ્ધિવંતોમાં શિરોમણિ છે અને તે જ પ્રાણીઓને વિષે પરમદયાળુ છે."

આ પ્રમાણે કલેશને નષ્ટ કરનારી તેમ જ કર્ણને અમૃત સરખી ધર્મ—દેશના સાંભળીને વિચક્ષણ, અમાપ ભક્તિભાવવાળો અને શુભ વાસનાથી વાસિત ચક્રવર્તી આ પ્રમાણે વિચારવા લાગ્યા કે—"મોહાંધકારવડે અંધ બનેલ સંસારરૂપી ગાઢ અંધકારવાળા કૂવામાં પડતાં પ્રાણીઓને ઉપદેશરૂપી ગુણથી (રજ્જુથી) ઉદ્ધાર કરનારા મારા પિતા વજ્રસેન તીર્થંકર દયાળુ જનોમાં પણ સર્વશ્રેષ્ઠ છે. સદ્‌માર્ગથી ચ્યુત થયેલા, જેનો પાર નથી એવા સંસારરૂપી અરણ્યમાં ભટકનારા, અશુભ કર્મરૂપી ભયંકર શત્રુઓથી હણાતા મનુષ્યોનું રક્ષણ કરનાર પરમાત્મા પ્રાણીઓને મોક્ષાભિમુખ કરે છે. ખરેખર ખેદની વાત છે કે, વજ્રસેન તીર્થંકર જેવા સ્વામી હોવા છતાં અતિ ક્રૂર કષાયો અને શત્રુરૂપ વિષયોથી ચોરાતી રત્નત્રયીને, મોહનિદ્રાથી ઘેરાએલા અમે જાણી શકતા નથી."

આ પ્રમાણે વિચારીને વિદ્વાન જનોમાં શ્રેષ્ઠ વજ્રનાભ ચક્રવર્તીએ નમસ્કાર કરવાપૂર્વક ધર્મ—ચક્રવર્તી વજ્રસેન તીર્થંકરને અત્યંત ભક્તિભાવપૂર્વક ગદ્‌ગદ્‌ વાણીથી વિજ્ઞપ્તિ કરી કે—"હે સ્વામિન્! પદાર્થ માત્રનું વાસ્તવિક સ્વરૂપ પ્રકાશનાર આપ જેવા ત્રિભુવનમાં સૂર્ય જેવા પ્રકાશિત થયે છતે અંધકાર સમૂહે એક જ સ્થળે એકત્ર થઈને પર્વતની ગુફાની માફક મારા વિષે જ સ્થાન કર્યું છે; અર્થાત્ હું મોહાંધકારથી પરિપૂર્ણ બન્યો છું. સમગ્ર લતા, વૃક્ષ અને વનમાં ઉદ્‌ભવેલ પુષ્પ તથા પત્ર સમૂહથી વ્યાપ્ત વસંતઋતુ ચારે દિશાઓમાં વિકાસ પામવા છતાં કેરડા જાતિનાં વૃક્ષોને ફળ તેમ જ પર્ણ પ્રાપ્ત થતું નથી. સંપૂર્ણ જગતને પ્રકાશિત કરનાર, લોકોનાં નેત્રોને જાગૃત કરનાર, સૂર્ય ઉદય પામવા છતાં પણ કુમુદ વિકસતું નથી અને ઘુવડ જોઈ શકતું નથી. હે નાથ! સંસારરૂપી સાગરમાં ડૂબેલા આ ત્રણ જગતને આપ સરીખા તારનાર હોવા છતાં હું તો સંસાર સાગરમાં ડૂબેલો જ છું તો હે કરુણાનિધાન! મારા પર દયા કરો અને જલ્દી મને તારો. નીતિપરાયણ મેં આપે આપેલા રાજ્યનું જે પ્રકારે પાલન કર્યું તે પ્રકારે ક્ષમાશીલ બનીને હું વ્રતનું પાલન કરીશ તો હે ભગવંત! તે (ચારિત્ર) મને આપો."

**ચારે બંધુઓ તેમ જ સુયશા સારથિ સહિત વજ્રનાભનો પિતા પાસે પ્રવ્રજ્યા સ્વીકાર—**

ઉપર પ્રમાણે પ્રભુને પ્રાર્થના કરીને અને પોતાના પુત્રને રાજગાદી આપીને સંસારવાસથી પરાંગમુખ બનેલ વજ્રનાભે પોતાના ચારે બંધુઓ તેમ જ સુયશા સારથિ સાથે પિતા વજ્રસેન તીર્થંકર પાસે પ્રવ્રજ્યા લીધી. બાદ વજ્રનાભ સિદ્ધાંત સાગરના પારગામી બન્યા. એક જ સ્થળે એકી જ સાથે વસવાની આકાંક્ષાથી [1]દ્વાદશાંગી જલ્દીથી વજ્રનાભમાં આવી વસી અર્થાત્ તેઓ દ્વાદશાંગીના જ્ઞાતા બન્યા. બાહુ, સુબાહુ, પીઠ, મહાપીઠ અને સુયશા—એ પાંચે

૧. આચારાંગ, સૂયગડાંગ, સ્થાનાંગ, સમવાયાંગ, ભગવતી, જ્ઞાતાધર્મકથા, ઉપાસકદશાંગ, અંતકૃત, અનુત્તરોપપાતિક, પ્રશ્નવ્યાકરણ, વિપાક અને દૃષ્ટિવાદ—એ દ્વાદશાંગી કહેવાય છે.

મુનિવરો એકાદશ અંગના જ્ઞાતા બન્યા. **બુદ્ધિની તરતમતાને લીધે શાસ્ત્રજ્ઞાન ઓછા-વધતા પ્રમાણમાં થાય છે.** શ્રી વજ્રસેન તીર્થંકરદ્વારા વાણીરૂપી અમૃતના કલ્લોલથી વારંવાર સિંચન કરાયેલ તેઓ સર્વ મુનિવરો માસખમણાદિ અતિ ઉગ્ર તપશ્ચર્યાથી પણ લેશમાત્ર વ્યગ્ર બન્યા નહિ. જળસ્પર્શથી મલિન (કાટયુક્ત) બનતી, કઠીન પદાર્થ પર પ્રહાર કરવાથી ખંડિત ધારવાળી બનતી, મ્યાનમાં રહેનારી તેમજ પારકી હિંસા કરનારી તલવારની ધાર પણ શું તપશ્ચર્યાની તોલે આવી શકે ખરી? અર્થાત્ નહીં જ. કેટલોક સમય વિત્યાબાદ છેલ્લું શુક્લધ્યાન ધ્યાવતા તેમ જ ઇંદ્રોની શ્રેણીથી મહોત્સવ કરાયેલા શ્રી વજ્રસેન તીર્થંકર નિર્વાણ પામ્યા. શ્રેષ્ઠ કમળને વિકસિત કરનાર, અંધકારનો નાશ કરનાર અને કિરણસમૂહથી વીંટળાયેલ સૂર્યની સદૃશ ભવ્ય પ્રાણીઓરૂપી કમલને વિકસાવનાર, અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનાર શ્રી વજ્રનાભ મુનીશ્વર યતિવરોથી વીંટળાઈને વિહાર કરવા લાગ્યા.

## ખેલાદિ લબ્ધિઓનું વર્ણન—

વર્ષાઋતુની વૃષ્ટિથી ભૂમિપ્રદેશો જેમ વેલસમૂહથી વ્યાપ્ત બને તેમ તે શ્રેષ્ઠ મુનિરાજોએ યોગપ્રભાવથી ખેલાદિ લબ્ધિઓ પ્રાપ્ત કરી. જેમ સિદ્ધચૂર્ણથી તાંબુ ક્ષણમાત્રમાં સુવર્ણ સમાન થઈ જાય તેમ ક્ષમાશીલ તે સર્વ મુનિવરોનાં શ્લેષ્મના એક અંશમાત્રથી લેપાયેલ કુષ્ઠી જનોનાં શરીરો સુવર્ણ જેવાં બની જતાં. **(ખેલૌષધિ લબ્ધિ)**. વળી તે મુનિપુંગવોના કર્ણ, આંખ અને શરીરનો મળ કસ્તૂરી જેવો સુગંધદાયક બન્યો, અને તે મળ રોગગ્રસ્તોના વ્યાધિનો વિનાશ કરતો. **(જલ્લૌષધિ લબ્ધિ)**. જેમ શ્રેષ્ઠ જાંગુલીમંત્રના ઉચ્ચારણમાત્રથી સર્પસમુદાય ચારે દિશાઓમાં નાસી જાય તેમ તેમના શરીરના સ્પર્શમાત્રથી વ્યાધિપીડિત પ્રાણીઓના રોગ નાશ પામી જતા. **(આમૌષધિ લબ્ધિ)**. જેમ અમૃતનો સમૂહ, વિષવિકારને દૂર કરે તેમ મેઘધારાથી મુક્ત થયેલું અને નદી, દ્રહ વિગેરેમાં રહેલું પાણી તેમના દેહસ્પર્શથી પ્રાણીઓના વ્યાધિયોને હરતું હતું. વર્ષાઋતુના ગાઢ મેઘરાજના જળપ્રવાહથી જેમ દાવાનળ શાંત થઈ જાય તેમ તે મુનિરાજોના શરીરને સ્પર્શતા વાયુના પ્રભાવથી ઝેર વિગેરેના વિઘ્નો—ઉપદ્રવો નાસી જતા. જ્ઞાનાભ્યાસથી ચિત્ત જેમ અજ્ઞાન રહિત બને તેમ તે મુનિવરોના અમૃતથી લેપાયેલ મુખ અને પાત્રમાં દાખલ થયેલ વિષમિશ્રિત અન્ન પણ ઝેર રહિત બની જતું. જેમ સિંહની ગર્જનાથી હસ્તિસમૂહનું ટોળું નાસી જાય તેમ તે મુનિવરોના સ્વાધ્યાય અને વાણીનું દૂરથી પણ શ્રવણ કરવા માત્રથી પ્રાણીઓની પીડા નાશ પામી જતી. સાગરને વિષે વરસાદનું પાણી જેમ રત્નરૂપે બને છે તેમ તે મુનિરાજોના દાંત, કેશ, નખ તેમ જ શરીરનો કોઈ પણ અવયવ ઔષધરૂપે બની જતા. **(સર્વૌષધિ લબ્ધિ)**.

વળી તે મુનિવરો પોતાના શરીરને તથાપ્રકારે સૂક્ષ્મ બનાવવાને શક્તિમાન હતા કે જેથી તેઓ હારમાં રહેલા મોતીનાં છિદ્રમાં દોરાની માફક દાખલ થઈ શકતા. **(અણિમા)**. તેમજ

સ્વશરીરને તથાપ્રકારે મોટું કરવાને સમર્થ હતા કે જેથી આકાશમાં દેવગણથી વેરાયેલા પુષ્પરાશિ સમાન નક્ષત્રગણથી વીંટળાઈ શકતા અર્થાત્ ગગનને સ્પર્શ કરી શકતા. **(મહિમા)**. તે નિષ્પાપ મુનિશ્રેષ્ઠો પોતાના શરીરને તથાપ્રકારે લઘુ (નાનું) બનાવવાને પ્રભાવશાળી હતા કે જેથી તેઓ ઘાસ, રૂ, વાયુ અને યાચકજનની લઘુતાને પણ ઓળંગી શકતા અથવા તે તે પદાર્થો કરતાં પણ હળવા બની શકતા. **(લઘિમા)**. ઈંદ્ર અને ચક્રવર્તી પોતાના હસ્તદ્વારા વજ્ર અને ચક્રને ધ્રુજાવે છે તેઓનાથી પણ ન સહન થઈ શકે તેવી શરીરની ગરિમા (વજનદાર, ભારેપણું) શક્તિ તેઓને પ્રાપ્ત થઈ. **(ગરિમા)**. વળી તેઓને **પ્રાપ્તિ** શક્તિ પ્રાપ્ત થઈ કે જેના યોગે તેઓ પૃથ્વી પર રહ્યા છતાં પોતાના હસ્તાંગુલીથી મેરુપર્વતનું શિખર, ગ્રહ અને તારા વિગેરેને સુખપૂર્વક સ્પર્શી શકતા હતા. **(પ્રાકામ્ય શક્તિ)** પણ તેઓને પ્રગટી કે જેથી પૃથ્વીની જેમ જળમાં તેઓ ગતિ કરી શકતા તેમજ જળની માફક ભૂમિ પર પણ અધોગમન તથા ઊર્ધ્વગમન (મજ્જન ને નિમજ્જન) કરી શકતા. તપના પ્રભાવથી તેઓને **ઇશિત્વ શક્તિ** પ્રાપ્ત થઈ કે જેથી તેઓ ચક્રવર્તી અને ઇંદ્રની સેનાની સમૃદ્ધિનો વિસ્તાર કરવાને શક્તિશાળી બનતા. વળી તે યતિવરોને સુંદર **વશિત્વ** શક્તિ પ્રાપ્ત થઈ કે જેથી હિંસક પ્રાણીઓનો સમૂહ પણ તેઓને વશ થઈ જતો. **અપ્રતિઘાતિ** શક્તિ પણ પ્રગટી કે જેના પ્રભાવથી પર્વતના મધ્ય ભાગમાં કોઈપણ પ્રકારના ઉપદ્રવ વિના છિદ્રની માફક ગમન કરી શકતા. તપોધન તે મુનિવરોને અપ્રતિહત **અંતર્ધ્યાન** શક્તિ પણ પ્રાપ્ત થઈ કે જેના યોગથી તેઓ વાયુની માફક સર્વસ્થળે ગતિ કરી શકતા. આ બધી શક્તિઓ ઉપરાન્ત કામદેવના શત્રુ સરખા તે બધા યતિવરોને **કામરૂપિત્વ**[1] શક્તિ પ્રાપ્ત થઈ કે જેથી વિધવિધ પ્રકારનાં સંખ્યાતીત રૂપો ધારણ કરી તેઓ જગતને પૂર્ણ કરી દેવાને સમર્થ બનતા.

## બીજબુદ્ધિ વિગેરેનું સ્વરૂપ—

જિતેંદ્રિય તે યતિવરોને સમ્યગ્ જ્ઞાનને પ્રગટાવનારું તથાપ્રકારનું [2]"**બીજબુદ્ધિ**"પણું પ્રાપ્ત થયું કે જેને અંગે એક અર્થરૂપ બીજ (અક્ષર)માંથી અનેક અર્થવાળા બીજ સમૂહનો વિકાસ થતો. તેઓને તથાપ્રકારની "**કોષ્ઠબુદ્ધિ**" પ્રાપ્ત થઈ કે જેને લીધે કોઠારમાં રાખેલ ધાન્ય જ્યારે ઉપયોગમાં લેવું હોય ત્યારે લઈ શકાય તેમ પૂર્વકાળમાં શ્રવણ કરેલા અર્થો સ્મરણ કર્યા સિવાય તાત્કાલિક યાદ આવતા હતા. શરૂઆતનું પદ, મધ્યનું પદ અને છેલ્લું પદ એ ત્રણે પદો પૈકી કોઈપણ એક પદના શ્રવણ માત્રથી સંપૂર્ણ ગ્રંથના અર્થનો બોધ જેનાથી થાય

---

૧. આ બધી શક્તિઓનો વૈક્રિય લબ્ધિમાં સમાવેશ થાય છે અને તે સિદ્ધિ અથવા શક્તિઓ કહેવાય છે.

૨. જેમ હળથી સારી રીતે ખેડાયેલી ભૂમિને વિષે બીજ વાવવાથી તે બીજ અનેક બીજ આપનાર થાય તેમ જ્ઞાનાવરણીયાદિ કર્મના ક્ષયોપશમના અતિશયથી એક અર્થરૂપી બીજને સાંભળવાથી અનેક અર્થબીજને જાણી શકે તે બીજબુદ્ધિ.

તેવી **"પદાનુસારિણી"**[1] બુદ્ધિ તે મહાત્માઓને પ્રાપ્ત થઈ. સામર્થ્યબુદ્ધિને લીધે કોઈપણ એક વસ્તુ લઈને અંતર્મુહૂર્ત માત્રમાં સ્પષ્ટ રીતે શ્રુતસાગરનું અવગાહન કરવાને તેઓ શ્રેષ્ઠ **"મનોબલી"**[2] હતા. તેઓને તથાપ્રકારનું **"વાગ્બલ"**[3] પ્રાપ્ત થયું કે જેથી તે મુનિવરો મૂળાક્ષરોના સ્મરણથી સંપૂર્ણ સિદ્ધાન્તનું સ્મરણ કરી શકતા હતા. વળી તેઓને તથાપ્રકારનું **"કાયબલિ"**[4]પણું પ્રાપ્ત થયું કે જેથી દીર્ઘ સમય પર્યન્ત કાયોત્સર્ગાવસ્થામાં રહેવા છતાં શ્રમ (થાક) અને ખેદદ્વારા તેઓને લેશમાત્ર પણ કષ્ટ થતું નહી.

વળી તે મુનિરાજો અમૃતાશ્રવ, ઘૃતાશ્રવ, દુગ્ધાશ્રવ અને મધ્યાશ્રવ લબ્ધિવાળા હતા, કે જેથી તેઓના પાત્રમાં આવેલ તુચ્છ અન્નને પણ અમૃત, ઘી, દૂધ અને મધ જેવા સ્વાદમાં પરિણમાવી શકતા હતા. તે મુનિરાજો **સુધાશ્રવ, આજ્યાશ્રવ, દુગ્ધાશ્રવ** અને **મધ્યાશ્રવ** લબ્ધિસંપન્ન હોઈને દુ:ખથી પીડિત બનેલા પ્રાણીઓને દૂધ વિગેરેમાં પરિણમતી વાણીવડે દુ:ખ રહિત બનાવતા હતા. **(અમૃતક્ષીરમધ્વાજ્યાશ્રવી)**. તેઓને **"અક્ષીણમહાનસી"** ઋદ્ધિ પ્રાપ્ત થઈ હતી કે જેના પ્રભાવથી પોતાના પાત્રમાં આવેલ અલ્પ ગોચરીવડે પુષ્કળ સાધુસમૂહને આહાર કરાવી શકતા. જેમ તીર્થંકર ભગવંતના સમવસરણમાં અસંખ્ય પ્રાણીઓ સુખપૂર્વક સમાઈ શકે તેમ તેઓને પ્રાપ્ત થએલ **"અક્ષીણમહાલય"** ઋદ્ધિને કારણે અતિ સ્વલ્પ સ્થાનમાં અસંખ્ય પ્રાણીઓનો સુખપૂર્વક સમાવેશ કરી શકતા. પોતાની કોઈપણ એક ઇંદ્રિયદ્વારા બાકીની બધી ઇંદ્રિયોના વિષયોનું જ્ઞાન પ્રાપ્ત કરી શકવાને કારણે તેઓ **"સંભિન્નશ્રોતસ્"** નામની શ્રેષ્ઠ લબ્ધિવડે ઉત્તમ પ્રકારે શોભતા હતા. જંઘાચારણ લબ્ધિની માફક જેમણે સંસારસાગરને ઓળંગવા લાયક બનાવ્યો છે તેવા તે મુનિરાજને **જંઘાચારણ** નામની લબ્ધિ પ્રાપ્ત થઈ કે જેનાથી એક જ વખતના ઉત્પાતથી **રુચક** નામના દ્વીપે જવાને સમર્થ બનતા. રુચક દ્વીપથી પાછા ફરતાં તેઓ એક ઉત્પાતથી **નંદીશ્વર** દ્વીપે પહોંચતા અને ત્યાંથી બીજો ઉત્પાત કરીને જે સ્થળેથી ગમન કર્યું હોય તે મૂળ સ્થાને પહોંચી જતા. ઊર્ધ્વ ગમનમાં એક જ ઉત્પાત માત્રથી મેરુપર્વતના શિખર પર રહેલા **પાંડુક** નામના વનમાં જવાને સમર્થ થતા ને પાંડુક વનમાંથી પાછા ફરેલા તેઓ એક ઉત્પાતથી **નંદન** નામના વનમાં પહોંચતા અને ત્યાંથી બીજો ઉત્પાત કરીને જે સ્થળેથી તેઓએ ઊંચી ગતિ કરી હોય તે સ્થળે પહોંચી જતા. **વિદ્યાચારણ** લબ્ધિના પ્રભાવથી તેઓ પ્રથમ ઉત્પાતદ્વારા માનુષોત્તર પર્વતની ટોચે જઈ શકતા અને ત્યાંથી બીજા ઉત્પાતવડે નંદીશ્વર દ્વીપે પહોંચી શકતા. ત્યાંથી પાછા વળતા એક જ ઉત્પાત માત્રથી મૂળ સ્થાને

---

૧. કોઈ સૂત્રનું એક પદ સાંભળવાથી ઘણા શ્રુત પ્રત્યે પ્રવર્તે તે **પદાનુસારિણી** લબ્ધિ કહેવાય છે. તેના ત્રણ પ્રકાર છે. (૧) **અનુશ્રોતપદાનુસારિણી**—પહેલું પદ અથવા તેનો અર્થ સાંભળી છેલ્લા પદ સુધી અર્થ—વિચારણામાં પ્રવર્તે, (૨) **પ્રતિશ્રોતપદાનુસારિણી**—છેલ્લું પદ સાંભળવાથી ઊલટી રીતે પહેલા પદ સુધી વિચારણા કરી શકે. (૩) **ઉભયપદાનુસારિણી**—મધ્યનું કોઈપણ એક પદ સાંભળી આગળ—પાછળના સર્વ પદોનું જ્ઞાન થાય.

૨—૩—૪ આ ત્રણે વીર્યાંતરાયના ક્ષયોપશમથી પ્રગટ થાય છે.

આવી શકતા. ઊર્ધ્વગતિમાં પણ તિર્ચ્છીગતિના ક્રમથી ઉપર પ્રમાણે જ ગમનાગમન કરી શકતા. એટલે કે પહેલા ઉત્પાતથી નંદનવન અને બીજા ઉત્પાતે પાંડુક વનમાં પહોંચી શકતા અને ત્યાંથી પાછા એક જ ઉત્પાતથી મૂળસ્થાને આવી શકતા. વળી તેઓએ **આશીવિષ** લબ્ધિ પ્રાપ્ત થઈ તેમ જ તાત્કાલિક નિગ્રહ (શિક્ષા) અને અનુગ્રહ (કૃપા) કરવામાં સમર્થ અન્ય પણ લબ્ધિઓ પ્રાપ્ત થઈ. આ ઉપરાન્ત જગતને વિષે સર્વોત્તમ તેઓને બીજી પણ ઘણી લબ્ધિઓ પ્રાપ્ત થઈ, છતાં કોઈ પણ પ્રકારની સ્પૃહા વિનાના તેઓ પોતાને પ્રાપ્ત થયેલ લબ્ધિઓનો તેમ જ સિદ્ધિઓનો કોઈ પણ જાતનો ઉપયોગ કરતા નહિ. **સરોવરને વિષે સ્વેચ્છાપૂર્વક વિચરતા–વિલાસ કરતાં તૃષારહિત પ્રાણીઓ શું કદી જળપાન કરે છે?**

## શ્રી વજ્રનાભે વીશ સ્થાનકનું કરેલ આરાધન–

કાળક્રમે જિતેંદ્રિય તેમ જ વીશ સ્થાનકના આરાધનથી ધન્ય બનેલ પૂજ્યશ્રી વજ્રનાભે તીર્થંકરનામગોત્ર ઉપાર્જન કર્યું. તે વીશ સ્થાનકોનું વર્ણન નીચે પ્રમાણે છે :–

અરિહંતોનું, તેમની પ્રતિમાઓનું ઉત્તમ પદાર્થોવડે જે પૂજન, સ્તવન અને પ્રશંસા કરવી તે અરિહંતપણાના હેતુભૂત "**અરિહંત**" નામનું પહેલું સ્થાનક છે. શ્રી સમ્મેત્તશિખર આદિ નિર્વાણભૂમિયોને વિષે સિદ્ધ ભગવંતોનો જે મહિમા કરવો તેમજ તેઓની વાસ્તવિક ભાવસ્તુતિ કરવી તે "**સિદ્ધ**" નામનું બીજું સ્થાનક છે. બાળ, ગ્લાનાદિ મુનિવરો પ્રત્યે જે ભક્તિભાવ તેમજ પ્રતિદિન સિદ્ધાન્ત પરત્વે વાત્સલ્યભાવ તેને મહાત્મા પુરુષોએ "**પ્રવચન**" નામનું ત્રીજું સ્થાનક કહેલ છે. મુનિજનોને શુદ્ધ આહાર, પાણી, ઔષધ અને વસ્ત્ર વિગેરેના દાનથી તેમ જ અંજલી જોડીને નમસ્કાર કરવાપૂર્વક અસાધારણ પ્રેમભાવ દર્શાવવો તેને મુનિવરોએ "**આચાર્ય**" નામનું ચોથું સ્થાનક કહેલ છે. વીશ વર્ષના ચારિત્રપર્યાયવાળા, સાઠ વર્ષની વયવાળા અને સમવાયાંગ નામના સૂત્રના જ્ઞાતા–આ પ્રમાણેના ત્રણે પ્રકારના મુનિવરો પ્રત્યે જે ભક્તિભાવ દર્શાવવો તેને "**સ્થવિર**" નામનું પાંચમું પદ કહેવામાં આવેલ છે. આત્મચિંતનમાં રક્ત બહુશ્રુત સાધુપુરુષોને વિષે જે શ્રેષ્ઠ છે તેમને અન્ન, વસ્ત્રાદિક વિગેરેનું દાન કરવું તે "**ઉપાધ્યાય**" નામનું છઠ્ઠું સ્થાનક કહેલ છે. ઉગ્ર તપસ્વી યતિવરોને સુખશાન્તિ ઉપજાવવાપૂર્વક ભક્તિરૂપ વાત્સલ્ય દર્શાવવું તે "**સાધુ**" નામનું સાતમું સ્થાનક કહેલ છે. દ્વાદશાંગીનું નિરંતર શ્રવણ કરવાને લીધે સૂત્રથી, અર્થથી અને સૂત્રાર્થ બંનેથી પ્રશ્ન અને પાઠદ્વારા દ્વાદશાંગીનો જેનાથી વિસ્તાર કરી શકાય તેને "**સમ્યગ્જ્ઞાન**" નામનું આઠમું સ્થાનક કહેલ છે. [૧]શંકાદિ પાંચ દોષોથી મુક્ત, [૨]સ્થૈર્યાદિ પાંચ મહાગુણોથી યુક્ત અને [૩]શમાદિ પાંચ

૧. શંકા, કાંક્ષા, વિચિકિત્સા, મિથ્યાત્વીની પ્રશંસા અને મિથ્યાત્વીનો સંસર્ગ—આ પાંચ દોષો.
૨. સ્થૈર્ય, પ્રભાવના, ભક્તિ, જિનશાસનમાં કુશળતા અને તીર્થસેવા—આ પાંચગુણો.
૩. શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય—આ પાંચ લક્ષણો.

લક્ષણોથી સહિત "**દર્શન**" નામનું નવમું સ્થાનક છે. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર અને સદ્ભાવરૂપી ચાર પ્રકારોથી પોતાના ભક્તજનને અશુભ કર્મના સમૂહથી છોડાવે તેને "**વિનય**" નામનું દશમું સ્થાનક કહેલ છે. ઇચ્છા, [1]મિચ્છા વિગેરે દશ પ્રકારની સમાચારીરૂપ યોગમાં અને આવશ્યકને વિષે નિરંતર નિરતિચારપણે જે અપૂર્વ પુરુષાર્થ કરવો તેને "**ચારિત્ર**" નામનું અગિયારમું સ્થાનક કહેલ છે. અહિંસા આદિ મૂળગુણો તેમજ સમિતિ આદિ ઉત્તરગુણોને વિષે પ્રયત્નપૂર્વક અતિચારનો ત્યાગ કરવો તેને "**બ્રહ્મચર્ય**" નામનું બારમું સ્થાનક કહેલ છે. ઉત્તમ રીતે પ્રમાદનો ત્યાગ કરીને ક્ષણેક્ષણે અને [2]લવેલવે સદ્ધ્યાનમાં લયલીન રહેવું તે "**સમાધિ**"[3] નામનું તેરમું સ્થાનક છે. મન અને શરીરને પીડા ઉપજાવ્યા સિવાય અશુભ કર્મના મર્મને હણનારું અત્યંત ઉગ્ર તપનું સેવન કરાય છે તેને પંડિત પુરુષો "**તપ**" નામનું ચૌદમું સ્થાનક કહે છે. મન, વચન અને કાયાની વિશુદ્ધિવાળા પ્રાણીઓથી હર્ષપૂર્વક તપસ્વી પુરુષોને અન્નાદિ વસ્તુઓનું જે **દાન** કરાય છે તે પંદરમું "**દાન**"[4] સ્થાનક કહેવાય છે. આચાર્ય પ્રમુખ દશ ઉત્તમ વ્યક્તિઓને અત્યંત ભક્તિભાવપૂર્વક અન્નપાન વિગેરેના દાન દેવાપૂર્વક ગ્લાનિરહિતપણે જે વૈયાવચ્ચ કરવામાં આવે છે તેને "**વૈયાવચ્ચ**"[5] નામનું સોળમું સ્થાનક કહેલ છે. ચતુર્વિધ સંઘના વિઘ્નસમૂહને દૂર કરવાપૂર્વક જે મનની શાંતિ તેમ જ ઉન્નતિ કરાય છે તેને સત્તરમું "**સંયમ**" સ્થાનક કહે છે. સૂત્રનું, અર્થનું અને અપૂર્વ એવા તે બંનેનું પ્રતિદિવસ પ્રયત્નપૂર્વક ગુરુ પાસેથી જે ગ્રહણ કરવું તેને અઢારમું "**અભિનવજ્ઞાન**" સ્થાનક કહેવામાં આવે છે. શાસ્ત્રોપદેશ, સદ્વાસના અને શાસ્ત્રનિંદાના પ્રતિકારવડે શ્રુતની જે ભક્તિ કરાય છે તેને ઓગણીશમું "**શ્રુત**" સ્થાનક કહે છે. વિદ્યા, કાવ્ય, વાદ, નિમિત્ત અને ધર્મકથાદ્વારા જૈન શાસનની જે પ્રભાવના કરવામાં આવે તેને "**તીર્થ**" નામનું વીશમું સ્થાનક કહેવામાં આવે છે. તીર્થંકરનામકર્મને પ્રગટાવનારા આ વીશે સ્થાનકો પૈકી એક પણ સ્થાનક તે નામકર્મને પ્રગટાવવામાં સમર્થ બને છે; જ્યારે શ્રી વજ્રનાભે તો વીશે સ્થાનકની આરાધનાદ્વારા સ્પષ્ટ રીતે તીર્થંકરનામગોત્ર ઉપાર્જન કર્યું.

## બાહુ, સુબાહુ, પીઠ અને મહાપીઠે કરેલ વૈયાવૃત્ત્યાદિનું વર્ણન—

જિતેંદ્રિય બાહુમુનિએ મુનિરાજોની તથાપ્રકારે વૈયાવચ્ચ કરી કે જેથી તેમણે વિશાળ ચક્રવર્તીપદ ઉપાર્જન કર્યું. સાધુ—મુનિરાજોની વિશ્રામણા (આહારાદિક લાવી દેવાવડે) કરીને સુશ્રૂષા કરતાં સુબાહુ મુનિએ "**બાહુબલ**" ઉપાર્જન કર્યું, જેના પ્રભાવથી મહાબલિષ્ઠ હોય તે

---

૧. ઇચ્છાકાર, મિથ્યાકાર, તથાકાર, આવશ્યકી, નૈષેધિકી, આપૃચ્છન, પ્રતિપૃચ્છન, છંદ, નિમંત્રણા તથા ઉપસંપદા.
૨. લવનું પ્રમાણ અગાઉ જણાવાઈ ગયું છે. જુઓ પૃ. ૬૨.
૩. આને **ક્રિયા** નામનું સ્થાનક કહેવામાં આવે છે.
૪. આ સ્થાનકનું બીજું નામ **ગોયમ પદ** પણ જણાવેલ છે.
૫. આને બદલે "**જિનપદ**" એવું સ્થાન પણ જણાવેલ છે.

પણ તેની પાસે શક્તિહીન બને. એકદા દેશના સમયે શ્રી વજ્રનાભે મુનિવરોની વૈયાવચ્ચ અને વિશ્રામણા કરવાથી બાહુ અને સુબાહુ—એ બન્ને મુનિવરો ધન્યવાદને પાત્ર છે એમ તે બન્નેની પ્રશંસા કરી, એટલે તે પ્રશંસા સાંભળીને પીઠ અને મહાપીઠ બન્ને મુનિરાજો વિચારવા લાગ્યા કે—"જે હંમેશા કાર્ય કરી આપે છે તેનેજ જગત વખાણે છે. સિદ્ધાંતના અધ્યયનમાં રક્ત, શુભ ધ્યાનપરાયણ અને કોઈપણ ઉપર ઉપકાર નહીં કરનારા આપણા બેની કોણ સ્તુતિ કરે ? સ્વાર્થ વિના કોઈપણ સ્થળે આદર—સત્કાર થતો નથી." આ પ્રમાણે ઈર્ષ્યાથી પ્રગટેલ તીવ્ર અશુભ કર્મને દીર્ઘ સમય સુધી ન આળોવતાં પીઠ અને મહાપીઠ મુનિવરોએ માયા—મિથ્યાત્વથી પ્રગટેલ સ્ત્રીનામકર્મ ઉપાર્જન કર્યું. ઈંદ્રથી સ્તુતિ કરાએલા તે છએ મુનિરાજોએ ચૌદ લાખ પૂર્વ સુધી પાંચ અતિચારથી રહિત વ્રતોનું અખંડિતપણે પરિપાલન કર્યું.

## છએ મુનિવરોનું સર્વાર્થસિદ્ધિમાં ઉપજવું—

કાળક્રમે પ્રથમ બન્ને પ્રકારની સંલેખનાપૂર્વક **"પાદપોપગમન"** નામનું અણશણ સ્વીકારીને, કાળધર્મ પામીને ધર્મવીર તે છએ મુનિવરો **સર્વાર્થસિદ્ધિ** વિમાનને વિષે અહમીંદ્ર થયા.

* * *

કામદેવરૂપી સુભટનાં [1]પાંચ બાણોને જલ્દીથી તોડવાને માટે, પંચ મહાવ્રતરૂપી લક્ષ્મીના ક્રીડાસુખને મેળવવાને માટે અથવા તો પાંચે[2] સમિતિઓનું એકી સાથે જ સેવન કરવાને માટે નમિ તથા વિનમિના બન્ને હસ્તમાં રહેલા ચાર ખડ્ગોને વિષે પોતાનું શરીર પ્રતિબિંબિત થવાથી પાંચ મૂર્તિરૂપે બિરાજી રહેલ પ્રથમ તીર્થંકર શ્રી **ઋષભદેવ** પરમાત્મા તમારા પાપોનો નાશ કરો.

સ્ફટિક રત્નના દર્પણના અભિમાનને નષ્ટ કરનાર પદ્મ મંત્રીના હૃદયની નિર્મળતાના અમે શા વખાણ કરીએ ? કારણ કે તેમના નિર્મળ હૃદયમાં ત્રણ જગતને પૂજનિક, મોક્ષમાં રહેલા તીર્થંકરો પ્રતિદિન પ્રતિબિંબિત થયેલા છે, અર્થાત્ પદ્મમંત્રી નિરંતર તીર્થંકર ભગવંતનું ધ્યાન ધરે છે.

**સર્ગ છઠ્ઠો સંપૂર્ણ.**

૧. કમળ, અશોક, આંબો, નવમલ્લિકા અને નીલોત્પલ—આ પાંચ કામદેવના સહાયક પાંચ બાણો છે.

૨. ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનભંડમત્તનિખ્ખેવણાસમિતિ અને પારિષ્ઠાપનિકાસમિતિ.

# સાતમો સર્ગ

## કુળકરોની ઉત્પત્તિ અને પ્રભુનો જન્મમહોત્સવ.

જેમના કંઠની પાસે વાળની પંક્તિ દુર્વા (ધરો)ના સમૂહ સમાન શોભી રહેલ છે તે જ્ઞાનરૂપી વૃક્ષના સ્થાનભૂત **શ્રી ઋષભદેવ** પરમાત્મા તમારા કલ્યાણને માટે થાઓ.

જંબૂદ્વીપના પશ્ચિમ મહાવિદેહમાં કલ્યાણના સ્થાનભૂત તેમજ અમરાવતીથી પણ નહીં જીતાયેલ **અપરાજિતા** નામની નગરી છે. ચોર લોકોની સ્ત્રીઓનાં અશ્રુઓથી સીંચાયેલ ઉજ્જ્વળ નીતિરૂપી લતાના પુષ્પગુચ્છ સરખા મોતીના ઝુમખા તે નગરીના ઝરુખાઓને વિષે શોભી રહ્યા હતા. તે નગરીના મહેલોને વિષે સાથિયાઓની શ્રેણીમાં જડેલાં મોતીઓ મહેલની અંદર રહેલ ધનની ગરમીને લીધે ગૃહલક્ષ્મીને થતાં પરસેવાનાં બિંદુ સરખાં શોભતાં હતાં. તે નગરીમાં પોતાના પ્રતાપરૂપી સૂર્યથી સમસ્ત શત્રુગણરૂપી અંધકારનો નાશ કરનાર તેમ જ ચંદ્ર જેવા ઉજ્જ્વળ યશવાળો **ઇશાનચંદ્ર** નામનો રાજા રાજ્ય કરતો હતો. તે રાજાની સૌંદર્યવતી સ્ત્રીઓનાં નેત્રના નિરીક્ષણથી શરમાઈ ગયેલા અને અભિમાન રહિત બનેલા હરણીઆઓએ વનમાં જઈને કુરંગપણું (કુત્સિત વર્ણ–ખરાબ રંગ) ધારણ કર્યું; અર્થાત્ મૃગનેત્રો કરતાં પણ તે રાજાની રાણીઓનાં નયનો મનોહર હતાં. ઈશાનચંદ્ર રાજાના શત્રુઓના નગરનાં ગૃહો પોતાના સ્વામીના પલાયન કરી જવાના દુ:ખને લીધે જાણે લટકતી વેલરૂપી જટાના ઝુંડરૂપ બન્યા હોય તેમ તપસ્વીપણાને ધારણ કરી રહેલ છે અર્થાત્ ઘરોમાં જાળાં–ઝાંખરાં જામી ગયાં હતાં. તે અપરાજિતા નગરીમાં ઉત્તમ ગુણથી યુક્ત, ધર્મકાર્યોથી શ્રેષ્ઠ અને ચંદન કરતાં પણ અધિક શીતળ વાણીવાળો **ચંદનદાસ** નામનો શ્રેષ્ઠી હતો. તેને પ્રશંસાપાત્ર, પ્રભાવશાળી, વિનયશાળી, પવિત્ર અને લક્ષ્મીના પ્રેમરૂપી સાગરને ઉલ્લસિત કરવામાં ચંદ્ર સમાન **સાગરચંદ્ર** નામનો પુત્ર હતો. બુદ્ધિરૂપી સ્ત્રીને ક્રીડા કરવામાં ઉદ્યાન સરખા સાગરચંદ્રને વિષે શ્રેષ્ઠ ગુણોએ કલાઓની સાથે વિલાસને વૃદ્ધિ પમાડ્યો અર્થાત્ તે વિધવિધ વિલાસો ભોગવવા લાગ્યો. જેમ સાગરનાં રત્નો જગતના આભૂષણરૂપ બને છે તેમ નિર્મલ અંત:કરણવાળા તેના ગુણો પરોપકારને માટે જ બન્યા. જેમ મેઘ સંસારને તૃપ્ત કરવા માટે સાગરનું સેવન કરે તેમ જનસમૂહનાં સંકટો દૂર કરવાને માટે **સાગરચંદ્ર** ઈશાનચંદ્ર રાજાની સેવા કરવા લાગ્યો. નાગરિકોનાં વાંછિત પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ જેવો આ સાગરચંદ્ર નંદનવનનાં પુષ્પની જેમ નગરીના આભૂષણરૂપ બન્યો હતો.

**વસંતઋતુનું વર્ણન–**

કોઈ એક દિવસે ઈશાનચંદ્ર રાજા સભા ભરીને બેઠો હતો તેવામાં રાજસભાના દ્વારે આવીને મંગળપાઠકે ઉચ્ચ સ્વરે કહ્યું કે–"હે રાજન્! કમળની શોભાને વિકસાવનાર, જગતને કામાધીન કરનાર અને દેદીપ્યમાન પ્રકાશવાળો ઋતુરાજ વસંત આવી પહોંચેલ છે. વસંતઋતુના આગમનથી પાંદડાંઓ દ્વારા નવીન રાગ–સ્નેહવાળી, ભ્રમરાઓ વડે કટાક્ષવાળી તેમ જ પુષ્પરૂપી સ્મિત–હાસ્યવાળી વનભૂમિ હસી રહી છે. કામદેવની સેનાના મહોત્સવને માટે (વસંતઋતુવડે) માગણી કરાએલા ચામરોને આમ્રવૃક્ષો પોતાના મહોરના મિષથી તૈયાર કરી રહેલ છે. હે સ્વામિન્! વિકસિત કમળરૂપી ચરણ અને હસ્તવાળી, કોયલરૂપી મધુર નાદવાળી, યુવાવસ્થાવાળી, પુષ્પરૂપી આભૂષણવાળી, મકરંદ રસથી સ્નાન કરેલી તમારી ઉદ્યાનલક્ષ્મીનો આપ ઉપભોગ કરો જેથી તે અવશ્ય સફળ–ફળવતી બને."

**ઇશાનચંદ્ર રાજાનું વસંતલીલા માટે ઉદ્યાનગમન–**

મંગળપાઠકનું આ પ્રમાણેનું કથન સાંભળીને હર્ષ પામેલા રાજાએ પ્રતીહારીને જણાવ્યું કે–"પ્રાતઃકાળમાં નાગરિકો આપણા ઉપવનમાં જાય તેવી નગરમાં ઉદ્‌ઘોષણા કરાવો. હે સાગરચંદ્ર! તારે પણ અમારી સાથે આવવાનું છે." આ પ્રમાણે રાજાથી ફરમાવાયેલો સાગરચંદ્ર હર્ષિત બનીને પોતાના ગૃહે ગયો અને પોતાના મિત્ર **અશોકદત્ત**ને રાજાનો આદેશ કહી સંભળાવ્યો; કારણ કે **મિત્રથી કોઈ પણ હકીકત છુપાવવા લાયક હોતી નથી.** બાદ વસંતઋતુ પુષ્પોથી ઉપવનને શોભાવે તેમ નગરજનોથી વીંટળાયેલ રાજાએ બીજે દિવસે તે ઉદ્યાનને અલંકૃત કર્યું. જેમ સૂર્ય પોતાના દિવસરૂપી મિત્રની સાથે આકાશપથમાં આવે તેમ સાગરચંદ્ર પણ પોતાના અશોકદત્ત મિત્રની સાથે તે ઉદ્યાનમાં આવ્યો. તે ઉપવનમાં પુષ્પસમૂહદ્વારા, હીંચકો, સંગીત, નૃત્ય વિગેરે ક્રીડાઓથી કામાસક્ત બનેલા જનો સુખપૂર્વક ક્રીડા કરવા લાગ્યા. એવું કોઈ વૃક્ષ નહોતું, એવો કોઈ હીંચકો નહોતો, એવી કોઈ કુંજ નહોતી કે એવી કોઈ લતા નહોતી કે જ્યાં આગળ કામીજનો પોતાની પ્રિયતમા સાથે ક્રીડા ન કરી રહ્યા હોય. આ પ્રમાણે કૌતુકક્રીડામાં સમગ્ર લોકો નિમગ્ન બન્યા હતા તેવામાં અચાનક કોઈએક વૃક્ષઘટાના મધ્ય ભાગમાંથી "બચાવો, બચાવો. હે લોકો! દોડો દોડો." એવો કોઈએક ભયભીત લલનાનો કરુણાજનક ધ્વનિ ઉદ્‌ભવ્યો. નજીકમાં હોવાને લીધે ને ભયયુક્ત કોલાહલ સાંભળીને "આ શું? આ શું?" એમ વિચારતો સાહસિકશિરોમણિ સાગરચંદ્ર તે તરફ દોડ્યો.

**લૂંટારાઓથી પ્રિયદર્શનાની મુક્તિ–**

ત્યાં આગળ જઈને જેમ મેઘોથી ચંદ્રકલા ઘેરાય તેમ લૂંટારાઓથી પકડાએલી પૂર્ણભદ્ર શેઠની **પ્રિયદર્શના** નામની પુત્રીને સાગરચંદ્રે જોઈ, એટલે તેણે તે લૂંટારાઓ પૈકી એકના હાથને

મરડી નાખીને બળજબરીથી તેના સામર્થ્ય સરખી છરી ઝુંટવી લીધી ત્યારે ગરુડને જોઈને સર્પો ચંદનવૃક્ષનો ત્યાગ કરે તેમ સાગરચંદ્રનું બાહુબળ જોઈને તેનાથી ભય પામેલા લૂંટારાઓ નાસી ગયા. જેમ સૂર્ય ગાઢ અંધકારથી પૃથ્વીનું, જેમ રાજા ઉપદ્રવોથી પ્રજાનું, જેમ સદાચારી પુરુષો દુષ્ટ આચરણથી લોકોનું, જેમ આચાર્ય શંકાદિ દોષોથી વિદ્યાનું અને જેમ ધર્મગુરુ મિથ્યાત્વરૂપી કદાગ્રહથી વિવેકબુદ્ધિનું રક્ષણ કરે તેમ સાગરચંદ્રે લૂંટારાઓથી પ્રિયદર્શનાનું રક્ષણ કર્યું. બાદ "મનોહર યુવાવસ્થાવાળો, કરુણાબુદ્ધિવાળો, પરોપકારી, અતિ પુરુષાર્થી આ કોઈ એક પુરુષશ્રેષ્ઠ છે કે જે સાહસિક પુરુષવડે મારા રક્ષણરૂપ ઉપકારથી હું ખરીદાયેલી છું તો હવે મારા પતિરૂપ બનીને તે પુરુષ મારો રક્ષક થાઓ." એવી પ્રીતિયુક્ત મનથી વિચારણા કરતી મૃગનયની પ્રિયદર્શના પોતાના આવાસે ગઈ.

સાગરચંદ્રના હૃદયને વિષે લાગેલા મનને પાછા ખેંચવાના શ્રમને લીધે થાકી ગએલી, સહાય વિનાની, શીઘ્રપણે રોમાંચિત બનેલ પ્રિયદર્શના પોતાના હૃદયપટમાં પ્રવેશેલ સાગરચંદ્રને ધારણ કરવાના ભારથી લદાએલ અને સાગરચંદ્રના વિશાળ સ્નેહ–સાગરમાં વિકસિત બનેલ ચંદ્રકિરણ જેવી પવિત્ર દૃષ્ટિ પોતાની પાછળ–પાછળ ફેંકતી તે પ્રિયદર્શના ધીમે ધીમે ચાલવા લાગી. તેણીના તેજસ્વી દૃષ્ટિપાતવડે જાણે અંતરમાં કોતરાયેલ હોય તેવી તેને ધારણ કરતો સાગરચંદ્ર પણ પોતાના મિત્ર અશોકદત્ત સાથે પોતાના આવાસે ગયો.

કોઈ એક તટસ્થ પુરુષદ્વારા પોતાના પુત્રનો ઉપર્યુક્ત વ્યતિકર સાંભળીને નિર્મળ બુદ્ધિવાળા ચંદનદાસ શ્રેષ્ઠીએ આ પ્રમાણે વિચારણા કરી કે "જેમ ચંદ્રનો પ્રેમ ચંદ્રિકા પ્રત્યે હોય છે તેમ પવિત્ર બુદ્ધિવાળા મારા પુત્ર સાગરચંદ્રનો પ્રિયદર્શના પ્રત્યેનો પ્રેમ ઉચિત જ છે, પણ તે વખતે તેણે લૂંટારાઓ સાથે જે સાહસ કર્યું તે યોગ્ય નથી; કારણ કે **વણિકે કદી પણ શૂરવીરને છાજતું પરાક્રમ કરવું નહિ.** વળી જેમ નિર્દય રાહુ સાથે શાંત ચંદ્રની મિત્રાચારી સંભવતી નથી તેમ અશોકદત્ત સાથે સૌમ્ય એવા મારા પુત્ર સાગરચંદ્રની મિત્રતા ઘટતી નથી." આ પ્રમાણે વિચારીને બુદ્ધિમાન્ એવા તેણે, જેમ મંત્રી ક્રોધયુક્ત રાજાને અમૃત સરખા શાન્ત વચનોથી સમજાવે તેમ પોતાના પુત્રને શાન્ત અને મિષ્ટ વચનોવડે કહ્યું કે–

**સાગરચંદ્રને પિતાની શિખામણ–**

"હે પુત્ર! હે નિર્મળ બુદ્ધિવંત! તું શાસ્ત્રરહસ્ય તેમ જ વ્યવહારને જાણે છે તો પણ તને કંઈક શિખામણ આપું છું. જે દુષ્ટ બુદ્ધિવાળો વૃદ્ધ–વડીલ પુરુષના વચનો માનતો નથી તે મદોન્મત્ત હસ્તિની જેમ પોતાના તથા પરના નાશને માટે બને છે. હે પુત્ર! વણિકોને કળા–કૌશલ્ય એ જ જીવનરૂપ છે, પરન્તુ તેણે શત્રુઓને પરાજિત કરનાર પુરુષાર્થ કરવો યોગ્ય નથી. કોઈ પણ વ્યક્તિ સાહસપૂર્વક સહસાત્કારે બલિષ્ઠ પુરુષો પરત્વે પુરુષાર્થ દર્શાવવાનો પ્રયત્ન કરે તો તે ખરેખર પતંગીયાના દીપક પ્રત્યેના આક્રમણ જેવું છે. પોતાના તેમજ પારકાના

પુરુષાર્થનો પરામર્શ કર્યા સિવાય જે કોઈ કાર્ય કરવા તત્પર થાય છે તે મેઘગર્જના થતાં ઊંચે કૂદતા **અષ્ટાપદ** નામના પ્રાણીની માફક સ્વયં વિનાશ પામે છે. દ્વિજો—બ્રાહ્મણો શાસ્ત્ર—કથાદ્વારા પોતાની આજીવિકા ચલાવે છે, ક્ષત્રિયો શસ્ત્રબળથી જીવનારા હોય છે, જ્યારે વૈશ્યો અને શૂદ્રો કળા—ચાતુર્યથી જીવનનિર્વાહ ચલાવે છે. કુળપરંપરાથી ચાલી આવતી કળાનું સેવન કરનાર પ્રાણી લોકપ્રિય બને છે. **હાથી મંદ ગતિવાળો શોભે છે જ્યારે અશ્વ ઝડપી ચાલવાળો હોય તે જ શ્રેષ્ઠ ગણાય છે.** પોતાના કુળને અનુચિત—અયોગ્ય કાર્ય કરનાર કદી પ્રશંસાપાત્ર બનતો નથી. **હસ્તિની માફક મંદ ગતિએ ચાલતો અશ્વ શું આનંદદાયક બને છે?** વણિકજનોનાં કોઈપણ પ્રત્યે દ્વેષભાવ, પરાક્રમ, દાન, દ્રવ્ય—સંપત્તિ અને વિષયોપભોગ આ પાંચ વાનાં સ્ત્રીનાં અવયવોની માફક ગુપ્ત હોય તો જ શોભાસ્પદ બને છે અર્થાત્ વણિકજનોએ ઉપર્યુક્ત પાંચે હકીકતો ગુપ્ત જ રાખવી જોઈએ. રંક અને રાજા પ્રત્યે ગાઢ આસક્તિ રહિત, ચતુર, કાક (કાગડા)ની જેવા સાવચેત, સદાચારપરાયણ અને યોગ્ય પહેરવેશવાળા વણિક જનોએ લક્ષ્મી ઉપાર્જન કરવી જોઈએ. જો શ્રીમંત પુરુષ હલકા કુળનો હોય તો પણ કુલીન પુરુષો તેની ઉપાસના કરે છે, કારણ કે પક્ષીઓમાં ઉત્તમ હંસ પણ કમળનો આશ્રય લે છે. (હંસ ઉત્તમ છે અને કમળ કાદવથી—હલકા પદાર્થમાંથી ઉત્પન્ન થાય છે છતાં તેની ઉપાસના કરે છે.) જ્યાં દૈવ જ પ્રતિકૂળ હોય ત્યાં બુદ્ધિમાનોએ શી ઈચ્છા કરવી? શું સૂર્ય અને ચંદ્ર વિના પાતાળ રહી શકતું નથી? પોતા માટે વિધિએ જે નિર્માણ ન કર્યું હોય તેના માટે સત્પુરુષો શું પ્રયાસ કરે છે? શું ચાતક પક્ષીઓ પૃથ્વી પર રહેલા પાણી વિના પોતાનો નિર્વાહ કરતાં નથી? પોતાના ભાગ્યમાં ન હોય છતાં દૈવની ઉપરવટ જઈને જે કાર્ય કરવામાં આવે છે તે ફળદાયક થતું નથી; કારણ કે ચાતક પક્ષી જો સરોવરનું પાણી પીએ છે તો તે તેના કંઠને વિષે રહેલા છિદ્રમાંથી બહાર નીકળી જાય છે. ફૂલની માળાઓ ઉપરની હકીકતને પુષ્ટિ આપે છે અર્થાત્ ફૂલોમાં જ્યારે ગુણ (દોરા)નો આરોપ કરવામાં આવે છે ત્યારે જ તે બીજાના હૃદયપ્રદેશ પર ધારણ કરવા લાયક બને છે. **કષ્ટો સહન કર્યા સિવાય ગુણની પ્રાપ્તિ ક્યાંથી થાય?** પુષ્પનો સમૂહ વીંધાવાના કષ્ટને સહન કર્યા પછી જ ગુણ (દોરા)વાળો બને છે. પોતાની પ્રત્યે પ્રેમભાવ ધરાવતી સ્ત્રી પ્રત્યે પણ વિશ્વાસ કરવો જોઈએ નહિ. શું કમલિની ગાઢ પ્રેમભાવવાળા ભ્રમરને સાયંકાળે ઝકડી રાખતી નથી? દૂર રહેવા છતાં પણ સૂર્ય કમળોને પ્રફુલ્લ બનાવે છે તેમ દેશાંતરે વસવા છતાં પણ ઉન્નતિશીલ અને પ્રભાવશાળી વ્યક્તિ પોતાના સ્વજનવર્ગને પ્રમોદ પમાડે છે. દાન દેવાના વ્યસનવાળો પ્રાણી પોતાના મૃત્યુને પણ ગણકારતો નથી. હસ્તિના બન્ને ગંડસ્થળોમાં રહેલા દાન (મદ)માં આસક્ત ભ્રમર હાથીના કર્ણપુટના પ્રહારથી ભયભીત બનતો નથી અર્થાત્ દાનાસક્ત પોતાના મૃત્યુ કરતાં પણ દાનને ઉત્તમ ગણે છે. વળી પોતાના પ્રત્યે ઉપકાર કરનારા પ્રાણીઓની વિપત્તિમાં સત્પુરુષો અવશ્ય દુઃખી બને છે. સૂર્ય અસ્તાચળ ગયે છતે તારાઓ પણ ઝાંખા બની જાય છે. દાનશીલ પુરુષો સુપાત્ર અને

કુપાત્રનો વિચાર કરતા નથી, કારણ કે કમળ પોતાની પાસે આવેલા શ્રેષ્ઠ હંસ અને ભ્રમર ઉભયને સરખી રીતે જ સત્કારે છે. સજ્જનનાં અનેક ઉત્તમ ગુણોને વિષે એકાદ દોષ હોય તો તે દોષરૂપ ગણાતો નથી. સર્વ શ્રેણીને ઉદ્‌ભવાવતો–પ્રગટાવતો મેઘરાજ શું પ્રમોદને માટે થતો નથી? મેઘની વૃષ્ટિથી સર્પોની ઉત્પત્તિ વૃદ્ધિંગત થાય છે પણ મેઘના બીજા ગુણોની અપેક્ષાએ આ દોષ કંઈ ગણત્રીમાં આવતો નથી.

**સત્સંગનો પ્રભાવ–**

આ અસાર સંસારમાં સજ્જનોની સોબત એ જ એક માત્ર સારભૂત છે, જેનાથી આ લોક ને પરલોકમાં વિવિધ પ્રકારનાં માંગલિક ફળોની પ્રાપ્તિ થાય છે. પૂર્વભવમાં કરેલા અધિક પુણ્યપ્રભાવથી પ્રાણીઓને કલ્યાણકારી ભવાંતરમાં **સજ્જનસંગ** પ્રાપ્ત થાય છે. ચિંતાને ચૂરનાર ચિંતામણિ રત્ન, સંકલ્પોને પૂરનાર કલ્પવૃક્ષ અને ઇચ્છાઓને પૂર્ણ કરનાર કામધેનુ કરતાં પણ સજ્જનસંગતિ વિશેષ ફળદાયી કહેલ છે. સુખકારક લક્ષ્મી મળવી સુલભ છે, ચક્રવર્તીપણું પ્રાપ્ત કરવું સુકર છે, ઇંદ્રપણાને મેળવવું તે પણ સ્હેલું છે; પરન્તુ સાધુપુરુષોનો સમાગમ દુર્લભ છે. આ અનંત સંસારમાં પુષ્કળ ભવોમાં ઉપાર્જન કરેલ અશુભ કર્મો સજ્જનસંગતિ વિના કઈ રીતે વિનાશ પામે? હે વત્સ! દુર્જનની સોબતથી પ્રભાવશાળી પ્રાણીઓ પણ મ્લાન થાય છે; કારણ કે ગાઢ મેઘના આવરણથી સૂર્ય પણ કાંતિવિહીન બની જાય છે. લક્ષ્મીના વિનાશમાં દુર્જન પ્રાણી વક્રતાને ધારણ કરે છે. ક્ષીણ બનતો જતો ચંદ્ર પણ જલ્દી પોતાના ગોળાકારનો ત્યાગ કરતો જાય છે અર્થાત્ કળાઓની ક્ષીણતાને અંગે તે પણ વક્ર–વાંકો બનતો જાય છે. કુલીન પુરુષે પોતાને પ્રિય હોવા છતાં પણ દુષ્ટસ્વભાવવાળાનો ત્યાગ કરવો જોઈએ. વર્ષાઋતુમાં મલથી મલિન બનેલ સરોવરમાં હંસ કેટલો સમય રહી શકે? અર્થાત્ જેમ તે ડોળાએલા સરોવરનો હંસ ત્યાગ કરે છે તેમ સજ્જને દુર્જનનો ત્યાગ કરવો જોઈએ. મૂર્ખ માનવીની સોબતથી બુદ્ધિમાનોનો પ્રભાવ પણ ક્ષય પામી જાય છે, કારણ કે ગરમીને લીધે અત્યંત ઉગ્ર હોવા છતાં પણ જડ (જળ)ના સંયોગથી અગ્નિ શાંત થઈ જાય છે. દુર્જન માણસ માયા–પ્રપંચથી પારકાના સ્થાનને પોતાનું કરી લે છે કારણ કે બીજાએ ખોદેલા દરમાં સર્પ સ્વેચ્છાએ દાખલ થઈ જાય છે. જેમ નિર્દય શિકારીઓ દૂરથી મધુર સંગીત ગાઈને સ્વાધીન બનેલા મૃગોને વિના વિઘ્ને હણે છે તેમ દુર્જનો સ્વાર્થને કારણે જ દૂરથી મિષ્ટભાષી હોય છે; તેથી હે પુત્ર! સૂર્ય અને અંધકારની, તેમ જ હંસ અને કાગડાની મિત્રાચારી જેમ યોગ્ય નથી તેમ તમારા બન્નેનો (તારો અને અશોકદત્તનો) સ્નેહ મને પસંદ નથી. નિર્દય, વાંકી ગતિવાળા, પારકાના દરમાં પ્રવેશ કરનાર અને બે જીભવાળા સર્પની માફક નિર્દયી, કુટિલતાવાળો, પારકાં છિદ્રો જોનારો અને પોતાની સન્મુખ તેમ જ પાછળ પૃથક્ પૃથક્ બોલનારા આ તારા મિત્રનો વિશ્વાસ ન કર.''

આ પ્રમાણે બોલીને ચંદનના રસ જેવો મનોહર ચંદનદાસ શ્રેષ્ઠી શાંત થયો, એટલે સાગરચંદ્ર મનમાં આ પ્રમાણે વિચારવા લાગ્યો : "પિતાએ લૂંટારાઓ સંબંધી મારો વૃત્તાંત જાણ્યો હોય એમ મને લાગે છે, નહિંતો તેને અનુસરતો આવા પ્રકારનો ઉપદેશ શા માટે આપે?" આ પ્રમાણે વિચારીને તેણે વિનયશીલ વાણીવડે પિતાને વિજ્ઞપ્તિ કરી કે—"આપ પૂજ્યે જે કંઈ મને શિખામણ આપી છે તેનું હું અવશ્ય પાલન કરીશ, કારણ કે **વડીલ જનની આજ્ઞાનું પાલન એ કલ્યાણ અને લક્ષ્મીના કારણભૂત છે.** આપે મારા મિત્ર અશોકદત્તના સંબંધમાં જં કંઈ કહ્યું તેવા પ્રકારનું હું કંઈ પણ નીહાળતો—જાણતો નથી, અથવા તો હે પિતાજી! કોઈ ચુગલીખોરે તે મારા મિત્રના સંબંધમાં આપને અયોગ્ય—ખોટું સમજાવ્યું છે. **ખરેખર દુર્જન માણસો પારકી નિંદા કરવામાં કુશળ હોય છે.** કદાચ તે અશોકદત્ત આપે કહ્યા મુજબ તેવો હોય તો પણ જેમ કાગડાની સાથે રહેવા છતાં હંસ શ્યામ બની જતો નથી તેમ હું પણ તેની સાથે વસવા છતાં પણ દોષિત—દુર્ગુણી બનીશ નહિ." પોતાના પુત્રનું આ પ્રમાણેનું કથન સાંભળીને વિનયગુણથી રંજિત થયેલાં ચંદનદાસ શ્રેષ્ઠીએ કહ્યું કે—"હે પુત્ર! તું બુદ્ધિમાન છો છતાં પણ તારે સાવચેતીપૂર્વક રહેવું."

**પ્રિયદર્શના સાથે સાગરચંદ્રનું પાણિગ્રહણ—**

ત્યારબાદ પુત્રની મનોભાવના સમજતા ચંદનદાસ શ્રેષ્ઠીએ પૂર્ણભદ્ર શ્રેષ્ઠીની પુત્રી પ્રિયદર્શનાનું પોતાના પુત્ર માટે માગું કર્યું ત્યારે પૂર્ણભદ્રે પ્રેમપૂર્વક કહ્યું કે—"પૂર્વે કરેલા ઉપકારદ્વારા તમારા પુત્રે મારી પુત્રીને ખરીદી લીધી જ છે માટે ભલે એમ થાઓ." બાદ દીર્ઘ સમય પર્યન્ત તે બંનેએ મનમાં વિચારણા કરીને હર્ષ પામેલા તેઓએ શુભ દિવસે સાગરચંદ્ર તથા પ્રિયદર્શનાનો વિવાહોત્સવ કર્યો. જેમ ઇચ્છિત વૃષ્ટિથી ખેડૂતો હર્ષ પામે તેમ તેઓ બંને વર—વધૂ લગ્નગ્રંથીથી આનંદ પામ્યાં. માટીના બે આર્દ્રપિંડની જેમ પરસ્પર પ્રેમરસથી આર્દ્ર બનેલાં તેઓ બંનેનાં ચિત્તની એકતા થઈ ગઈ. કામદેવના તીક્ષ્ણ બાણરૂપી સોયવડે સ્નેહરૂપી તાંતણાથી સીવાયેલા તે બંનેના આત્માની એકતા થઈ ગઈ. તે બંનેના અરસ-પરસ અનુરાગ આગળ સારસ યુગલની, ચક્રવાકના જોડલાની અને રતિ તથા કામદેવની પ્રીતિ અસાર, નજીવી અને ઝાંખી બની ગઈ. રાત્રિસમયે ચક્રવાક અને ચક્રવાકીને તથા દિવસે ચંદ્ર અને ચંદ્રિકાને વિરહ—પીડા સહવી પડે છે, પરન્તુ તે બંનેને દિવસે કે રાત્રિએ પણ વિરહવ્યથા સહન કરવી પડતી ન હતી. દિવસે પણ તેજસ્વી પ્રિયાના મુખરૂપી ચંદ્રનાં દર્શનથી પ્રીતિના સાગર સમાન સાગરચંદ્ર નિરંતર ઉલ્લસિત બનતો હતો.

**પ્રિયદર્શના સાથે અશોકદત્તનું કુટિલપણું—**

એકદા બહાર ગયેલા સાગરચંદ્રના શૂન્ય ઘરમાં કામાસક્ત અશોકદત્તે કૂતરાની માફક પ્રવેશ કર્યો અને રમણીય રૂપવાળી તે પ્રિયદર્શનાને એકલી જાણીને મદનાતુર અશોકદત્તે તેણીને

એકાંતમાં કહ્યું : "હે પવિત્ર અંતઃકરણવાળી! મારો મિત્ર સાગરચંદ્ર ધનદત્તની પત્ની સાથે એકાંતમાં મળે છે તેનું કંઈપણ કારણ તું જાણે છે?" ત્યારે સરલસ્વભાવી તેણીએ જણાવ્યું કે– "તું મારા પતિના બીજા હૃદયરૂપ છો તેથી તું અવશ્ય જાણતો હઈશ. વ્યાપારીઓ છુપાવવા લાયક અને નહીં ગોપવવા લાયક વિચિત્ર કાર્યો કરે છે તો શું તે બધાં કાર્યો તેઓ પોતપોતાની સ્ત્રીઓને જણાવે છે?" બાદ અશોકદત્ત બોલ્યો કે–"હે કોમળ અંગવાળી! તેં કહ્યું તે બરાબર છે તો હવે સાંભળ. હે સુંદરી! ધનદત્તની સ્ત્રી સાથે સાગરચંદ્રને જે તન્મયતા છે તેવી જ ઈચ્છા મારી તારા પ્રત્યે છે." ત્યારે "મારી સાથે તારે શું પ્રયોજન છે?" એમ સરલસ્વભાવી પ્રિયદર્શનાએ પૂછ્યું એટલે તે ફરીથી આ પ્રમાણે બોલ્યો કે–"હે કૃશાંગી! પ્રીતિવિહુણા એક માત્ર તારા પતિ સિવાય કયા રસિક અને ચેતનવંત મનુષ્યને તારું પ્રયોજન ન હોય?" કર્ણને ભેદવામાં વજ્રની સોય સરખું આ પ્રમાણેનું અશોકદત્તનું વચન સાંભળીને ક્રોધી બનેલ પ્રિયદર્શનાએ તેને ઉપાલંભપૂર્વક કઠોર વચનથી કહ્યું કે–

## પ્રિયદર્શનાએ અશોકદત્તનો કરેલ તિરસ્કાર–

"અરે નિર્લજ્જ! મારા ગૃહમાંથી ચાલ્યો જા, ચાલ્યો જા. તારી આવા પ્રકારની વિચારણાને, તારા આ ભાષણને અને તારા આ સાહસને ધિક્કાર હો! અરે પાપી! બાળસખા–મિત્ર, સરલસ્વભાવી અને વિશ્વાસુ તારા મિત્રને આવા પ્રકારે છેતરતો હે નિર્લજ્જ! શું તું શરમાતો પણ નથી? નિષ્કપટી, સ્વદારસંતોષી, સ્વસંપત્તિદ્વારા લોકોને આનંદદાયક એવા મારા સ્વામી સંબંધે વિપરીત બોલતો તું મિત્રરૂપે શત્રુ જ છો. પરસ્ત્રીમાં લંપટ, મિત્રદ્રોહી અને વિશ્વાસઘાતી એવા તારી વાણી પાપનાં પુંજ સરખી છે. હે પાપી! તું અહીંથી જલ્દી ચાલ્યો જા." આ પ્રમાણે પ્રિયદર્શનાથી તિરસ્કાર પામેલો અને હાંકી કઢાએલો, મૂર્ખ અને લજ્જાથી વિહ્વળ બનેલ અશોકદત્ત સાગરચંદ્રના આવાસમાંથી બહાર નીકળી ગયો. ભ્રમિત અંતઃકરણમાં પ્રસરેલા મોહાંધકારનાં મોજાંથી જાણે તેજહીન બનેલ હોય તેવા તેને આવતો સાગરચંદ્રે જોયો. એટલે "હે મિત્ર! તું કેમ ખિન્ન દેખાય છે?" એમ સાગરચંદ્રે પૂછ્યું ત્યારે દુઃખી માણસના માફક નિઃશ્વાસ નાખતો તે પાપી બોલ્યો કે–"હે બંધુ! આ સંસારમાં પ્રાણીઓને ઉદાસીનપણું–ખિન્નતા દુર્લભ નથી; અર્થાત્ અનાયાસે પ્રાપ્ત થાય છે. શું ગ્રીષ્મ ઋતુમાં અંગારક (કોલસા પાડનાર)ને ઉષ્મા ગરમી દુષ્પ્રાપ્ય છે? અર્થાત્ નહીં. ગુપ્ત રોગના માફક વિધિવશાત્ કંઈક ઉત્પન્ન થાય છે કે જે સ્પષ્ટ રીતે અથવા ગુપ્ત રીતે કહી શકાતું નથી." આ પ્રમાણે બોલીને પ્રપંચી અશ્રુયુક્ત લોચનવાળો અશોકદત્ત મૂંગો ઊભો રહ્યો ત્યારે દુઃખી બનેલો સાગરચંદ્ર બોલ્યો કે–"હે મિત્ર! તારી ઉદ્વિગ્નતાનું કારણ કહેવા લાયક હોય તો તે મને કહે અને મને પણ તારા દુઃખનો ભાગીદાર બનાવી તારા દુઃખને ઓછું કર." એટલે અશોકદત્ત બોલ્યો કે–"પ્રાણધાર! તારી પાસે બીજી કોઈ પણ બાબત છુપાવવા યોગ્ય નથી તો

પછી આ વૃત્તાંત તારાથી છુપાવવા લાયક શેનું હોય? હે મિત્ર! તું જાણે છે કે જેમ કૃતઘ્નતા પાપોને પ્રગટાવનારી છે તેમ સ્ત્રી સમગ્ર દોષોનું ઉત્પત્તિસ્થાન છે.'' ત્યારે સાગરદત્તે કહ્યું કે— ''જેમ વાઘણના પંજામાં મૃગ ફસાય તેમ હે મિત્ર! તું પણ કોઈ કુટિલ કામિનીના પાશમાં સપડાયો છે?'' ત્યારે કપટ નાટક કરવામાં કુશળ અશોકદત્ત બોલ્યો કે—''હે ભાઈ! ભાભી (પ્રિયદર્શના) નિરંતર મારી પાસે અનુચિત માગણી કર્યા કરે છે. વારંવાર માગણી કરવાથી મારાથી તિરસ્કાર કરાએલી તે પોતાની મેળે શાન્ત થઈ જશે એમ માનીને શરમીંદો બનેલ હું અન્ય સ્થળે ચાલ્યો જાઉં છું. જેમ આળસુ ગળીયા બળદને ચાબુકના પ્રહારથી કષ્ટ પમાડાય છે તેમ કુટિલ વચનોવડે તે મને પ્રતિદિન ખેદ પમાડી રહી છે. આજે તને મળવાને માટે તારે ઘેર ગયો ત્યારે જેમ દુષ્ટ વાસનાથી ધર્મનો રોધ થાય તેમ પ્રતિકૂળ આચરણવાળી તેણીએ મને રોક્યો. મત્સ્યજાળમાં સપડાવાથી દુર્દશાને પ્રાપ્ત થયેલા માછલીની માફક મહામુશ્કેલીથી મેં મારી જાતને છોડાવી અને તારા આવાસમાંથી હું બહાર નીકળી ગયો. પછી મેં વિચાર્યું કે હું જીવીશ ત્યાંસુધી તારી પત્ની અયોગ્ય માગણીથી અટકશે નહિ. જીવીને તેનાં વચનનો અમલ કરવા કરતાં મરણ ઉત્તમ છે. અગર તો મારી ગેરહાજરીમાં તેણી મારા મિત્રની આગળ કંઈ પણ વિપરીત કહેશે અને મારો મિત્ર પણ તેનામાં વિશ્વાસ રાખશે. જેમ જળથી ઉન્મત્ત બનેલી નદી વિશ્વાસુને ખેંચીને કષ્ટદાયી સાગરમાં પાડશે છે તેમ ગાઢ પ્રેમવાળી તારી વ્યભિચારિણી સ્ત્રી વિશ્વાસુ એવા તને આકર્ષીને કષ્ટરૂપી સાગરમાં પાડશે. હે ભાઈ! આ પ્રમાણે વિચારતાં અને તારાવડે પુછાયેલા મેં મારા ઉદ્વેગનું કારણ સ્પષ્ટ રીતે કહી બતાવ્યું છે.''

દેવોવડે અત્યંત મંથન કરાએલો મહાસાગર વિષવ્યાપ્ત બન્યો પરન્તુ સાગરચંદ્ર અશોકદત્તે કહેલા પ્રિયાના અપરાધનું શ્રવણ કરવા છતાં લેશ માત્ર પણ વ્યાકુળ બન્યો નહિ. બાદ નિષ્પ્રપંચી સાગરચંદ્ર બોલ્યો કે—''હે મિત્ર! તું જરા પણ ખેદ ન કર. સ્ત્રીઓની રીતિ જ આવી હોય છે. વીજળી ચપળ છે, નદી નીચા પ્રદેશ તરફ જનારી છે, લક્ષ્મી વિનાશી છે અને સ્ત્રી દુરાચારિણી હોય તેમાં કંઈ પણ આશ્ચર્ય પામવા જેવું નથી. ખિન્નતારૂપી ઝેરથી તારા હૃદયના સંતોષને તું નષ્ટ ન કર, તેમજ તારા પ્રત્યે બતાવેલ કામાસક્તપણાને પણ તું ભૂલી જા. તે મારી પત્ની પ્રિયદર્શના વૃક્ષની છાલની જેમ સારી અથવા નરસી મારા માટે રહો પરન્તુ તારા વિષેની મારી મૈત્રી તો વૃક્ષની છાયાની માફક હર્ષદાયક બનો.'' આ પ્રમાણે સાગરચંદ્રથી પ્રસન્ન કરાએલ પાપી—માયાવી અશોકદત્ત ઘણો જ સંતોષ પામ્યો. **માયાવી માણસો પોતાના અપરાધોને બીજામાં આરોપીને હૃદયમાં ખુશ થાય છે.** ત્યારબાદ જેના પેટાળમાં વિષ છે તેવો સમુદ્ર સરખો સાગરચંદ્ર પોતાના અભાવને નહીં દર્શાવતો પ્રિયદર્શનાથી પરાંગમુખ બન્યો. જેમ જ્ઞાની પુરુષ સંસારમાં નિર્લેપભાવે રહે તેમ અંતઃકરણમાં અત્યંત વૈરાગી બનીને પોતાના પાપોને ખપાવતો સાગરચંદ્ર તેની સાથે રહેવા લાગ્યો. પ્રિયદર્શનાએ પણ ''આ બન્નેનો મૈત્રીભાવ મારાથી ભિન્ન ન કરાઓ'' એમ વિચારીને દુષ્ટ અશોકદત્તની ખરાબ વર્તણૂક

પોતાના સ્વામી સાગરચંદ્રને કહી નહીં. સંસારજન્ય શ્રેષ્ઠ વૈરાગ્યના સાગર સમાન સાગરચંદ્રે દીન પુરુષોને દાનાદિથી સન્માનીને પોતાની લક્ષ્મીને સાર્થક કરી. કાળક્રમે સાગરચંદ્ર, અશોકદત્ત અને પ્રિયદર્શના આયુષ્ય પૂર્ણ કરીને મૃત્યુ પામ્યાં.

**સાગરચંદ્ર તથા પ્રિયદર્શનાનું યુગલિક તરીકે ઊપજવું–**

આ અવસર્પિણી કાળના બે આરા પૂર્ણ થયા બાદ ત્રીજા આરાનો પલ્યોપમનો આઠમો અંશ બાકી હતો ત્યારે જંબૂદ્વીપના દક્ષિણાર્ધ ભરતક્ષેત્રમાં ગંગા અને સિંધુ નદીના મધ્ય પ્રદેશમાં સાગરચંદ્ર અને પ્રિયદર્શના યુગલિકરૂપે જન્મ્યાં.

**કાળચક્રનું ભેદોપભેદપૂર્વક સ્વરૂપ–**

પાંચ ભરત અને પાંચ ઐરવત ક્ષેત્રને વિષે બાર આરાવાળા **કાળચક્રની** સ્થિતિ હોય છે. તે કાળચક્રના **અવસર્પિણી** અને **ઉત્સર્પિણી** નામના બે વિભાગ છે. અવસર્પિણીના **સુષમાસુષમ** વિગેરે છ આરાઓ છે. પહેલો **સુષમાસુષમ** ચાર કોડાકોડી સાગરોપમ પ્રમાણવાળો છે, બીજો **સુષમા** નામનો આરો ત્રણ કોડાકોડી સાગરોપમ પ્રમાણવાળો છે, ત્રીજો **સુષમદુષમા** નામનો આરો બે કોડાકોડી સાગરોપમ પ્રમાણવાળો છે, ચોથો **દુષમસુષમા** નામનો આરો બેંતાલીશ હજાર વર્ષ ન્યૂન એક કોડાકોડી સાગરોપમ પ્રમાણવાળો છે, પાંચમો **દુષમા** અને છઠ્ઠો **દુષમદુષમા** નામનાં બન્ને આરાઓ એકવીશ–એકવીશ હજાર વર્ષ પ્રમાણવાળા છે– આ પ્રમાણે અવસર્પિણી કાળની દશ કોડાકોડી સાગરોપમની સ્થિતિ છે. ઉત્સર્પિણી કાળ અવસર્પિણી કાળથી ઊલટા ક્રમે જાણવો, એટલે કે અવસર્પિણીના છઠ્ઠા દુષમદુષમાને પહેલો, પાંચમાને બીજો, ચોથાને ત્રીજો, ત્રીજાને ચોથો, બીજાને પાંચમો અને પહેલાને છઠ્ઠો જાણવો. અને એ રીતે ઉત્સર્પિણી કાળની પણ દશ કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોઈને આખું કાળચક્ર વીશ કોડાકોડી સાગરોપમ પ્રમાણ જાણવું.

**સુષમસુષમા** નામના પહેલા આરામાં લોકો ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા, ચોથે દિવસે આહાર લેનારા, ત્રણ ગાઉ પ્રમાણ ઊંચા દેહવાળા, વજ્રઋષભનારાચ નામના પ્રથમ સંઘયણવાળા, સમચતુરસ્ર નામના પ્રથમ સંસ્થાનવાળા, સુંદર લક્ષણવાળા, સર્વ કાળે ક્રોધ, માન, માયા અને લોભવિરહિત સદૈવ સુખી અને સ્વભાવથી અધર્મ કાર્ય પ્રત્યે પરાંગમુખ હોય છે. જેવી રીતે ઉત્તરકુરુ ક્ષેત્રમાં રહેલાં દશ પ્રકારનાં કલ્પવૃક્ષો ત્યાંના યુગલિકોનાં મનોવાંછિતો પરિપૂર્ણ કરે છે તેવી રીતે કલ્પવૃક્ષો આ પ્રથમ આરામાં યુગલિકોનાં મનોવાંછિત પૂર્ણ કરે છે. દશ પ્રકારનાં કલ્પવૃક્ષો પૈકી **મદ્યાંગ** નામનાં કલ્પવૃક્ષો પ્રાર્થના કરવાથી શીઘ્રતાથી સ્વાદિષ્ટ મદ્ય આપતાં હતાં. **ઉત્તમ દાતાઓ દાન કરવામાં લેશમાત્ર પણ વિલંબ કરતા નથી.** જેમ શ્રેષ્ઠીજનો પોતાના ઉત્સવપ્રસંગે સેવકોને પ્રેમપૂર્વક સત્કારે છે તેમ બીજા **ભૃંગ** નામનાં

કલ્પવૃક્ષો યુગલિકોને પાત્રાદિકથી સત્કારતાં હતાં. ત્રણ પ્રકારનાં વાદ્યોના જ્ઞાતા ગાંધર્વો જેમ સભાજનોને પોતાની કળા દર્શાવે તેમ **તુર્યાંગ** નામના કલ્પવૃક્ષો યુગલિકોને ઉત્તમ પ્રકારનાં વાજિંત્રો આપતાં હતાં. જેમ શુભાચરણવાળા પુરુષો પોતાના વંશને દીપાવે તેમ ચોથા **દીપશિખા** અને પાંચમા **જ્યોતિષ્ક** જાતિનાં કલ્પવૃક્ષો પ્રકાશ આપતાં હતાં. જેમ નંદનવનના માળી દેવોને ઇચ્છિત પુષ્પમાળાઓ આપે તેમ છઠ્ઠા **ચિત્રાંગ** નામનાં કલ્પવૃક્ષો પુષ્પમાળાઓ આપતાં હતાં. જેમ સજ્જન પુરુષો દેશાંતરથી આવેલા પોતાના મિત્રવર્ગને ઉત્તમ પ્રકારનાં ભોજનથી ખુશ કરે તેમ સાતમા **ચિત્રરસ** નામનાં કલ્પવૃક્ષો વિવિધ પ્રકારનાં રસવાળાં ભોજનોથી સંતોષ પમાડતાં હતાં. જેમ કોશાધિપતિ ભંડારી રાજાઓને ઇચ્છિત આભૂષણો આપે તેમ **મણ્યાંગ** નામના આઠમા કલ્પવૃક્ષો યુગલિકોને અનેક પ્રકારનાં અલંકારો આપતાં હતાં. જેમ સુતાર અલ્પ સમયમાં ઉત્તમ આવાસ બનાવે તેમ નવમા **ગેહાકાર** નામનાં કલ્પવૃક્ષો યુગલિયાંઓને વસવા માટે ઇચ્છિત ઉત્તમ મહેલો આપતાં હતાં. જેમ પ્રસન્ન થયેલા સ્વામીઓ ઉત્તમ વસ્ત્રો આપે તેમ દશમા **અનગ્ન** નામના કલ્પવૃક્ષો યુગલિકોને ઋતુને યોગ્ય સુંદર વસ્ત્રો યથારુચિ આપતાં હતાં. જેમ ચિંતામણિ રત્ન સકલ વસ્તુઓની પ્રાપ્તિ કરાવે છે તેમ આ ઉપરાંત બીજાં કલ્પવૃક્ષો પણ ઉપર્યુક્ત પદાર્થો તેમ જ અન્ય પદાર્થસમૂહને આપતાં હતાં. તે પ્રથમ આરામાં પૃથ્વી પણ સાકર જેવી મધુર હતી, અને નદી વિગેરેનું જળ અમૃત જેવું સ્વાદીષ્ટ હતું. તે આરો પૂર્ણ થાય ત્યારે આયુષ્ય, શરીરમાન, સંહનન વિગેરે તેમ જ કલ્પવૃક્ષોનાં પ્રભાવો ધીમે ધીમે ઓછા થાય છે.

**સુષમા** નામના બીજા આરામાં યુગલિકો બે પલ્યોપમના આયુવાળા, ત્રીજે દિવસે આહાર લેનારા, તેમજ બે ગાઉની ઉંચાઈવાળા હોય છે. વળી પહેલાં કરતાં કલ્પવૃક્ષો કંઈક ન્યૂન પ્રભાવવાળા હોય છે અને પૃથ્વી તથા પાણી કંઈક અલ્પ માધુર્ય રહિત તેમ જ સ્વાદહીન હોય છે. પહેલા કરતાં આ બીજા આરામાં શેરડીના સાંઠાની જેમ પાણી તથા ભૂમિ વિગેરે વસ્તુઓ ઓછી રસવાળી હોય છે.

**સુષમદુષમા** નામના ત્રીજા આરામાં યુગલિકો એક ગાઉના શરીરપ્રમાણવાળા, બીજે દિવસે આહાર લેનારા અને એક પલ્યોપમના આયુષ્યવાળા હોય છે. આ આરામાં પણ બીજા આરા કરતાં દુર્જનની મિત્રાચારીની માફક કલ્પવૃક્ષનો પ્રભાવ, પૃથ્વીની માધુર્યતા, આયુષ્ય અને શરીર વિગેરે હીન—ઓછાં થાય છે. ક્રમથી પૂર્વ આરાના પ્રભાવથી રહિત **દુષમસુષમા** નામના ચોથા આરામાં મનુષ્યો પાંચસો ધનુષ્યના શરીરવાળા અને પૂર્વ ક્રોડ વર્ષના આયુષ્યવાળા હોય છે. પાંચમા **દુષમા** આરામાં સો વર્ષના આયુવાળા અને સાત હાથ ઊંચા હોય છે; જ્યારે છઠ્ઠા **દુષમદુષમામાં** એક હાથ પ્રમાણ શરીરવાળા, અને સોળ વર્ષના આયુવાળા હોય છે. તે છઠ્ઠા આરામાં માનવો એકાંત દુઃખી જ હોય છે. ઉત્સર્પિણીના છએ આરામાં ઊલટી વ્યવસ્થા

સમજવી. ત્રીજા આરાના પ્રાંત ભાગમાં જન્મવાને લીધે સાગરચંદ્ર અને પ્રિયદર્શના નવસો ધનુષ્યની કાયાવાળા અને પલ્યોપમના દશમા અંશ જેટલા આયુષ્યવાળા થયાં.

**અશોકદત્તનો હસ્તિરૂપે જન્મ—**

પૂર્વભવની માયાને કારણે મૃત્યુ પામીને અશોકદત્ત ચાર દાંતવાળા અને શ્વેત કાંતિવાળા હસ્તીરૂપે તે જ ક્ષેત્રમાં જન્મ્યો. એકદા પૂર્વભવના મિત્ર સાગરચંદ્રને જોઈને જાતિસ્મરણવાળા તે હસ્તિએ તેની ઈચ્છા નહીં હોવા છતાં પોતાની પીઠ પર તેને બેસાર્યો. તેને પણ જાતિસ્મરણજ્ઞાન પ્રાપ્ત થવાથી હાથી પર ચઢીને અહીંતહીં ભમતા સાગરચંદ્રના જીવને યુગલિયાંઓ ઈંદ્ર હોય તેમ તેને નીરખવા લાગ્યા. બીજના ચંદ્રની માફક નિર્મળ તે હસ્તિરૂપી વાહન પર બેઠેલા તેને યુગલિયાંઓ **વિમલવાહન** નામથી બોલાવવા લાગ્યા. જેમ પીતવર્ણવાળો અગ્નિ ધૂમરાશિરૂપ પત્નીથી શોભે તેમ સુવર્ણ સરખા કાંતિવાળા વિમળવાહન પોતાની પૂર્વભવની પ્રિયદર્શના કે જે યુગલિક ભવમાં જન્મી હતી તે **ચંદ્રયશા**ની સાથે શોભવા લાગ્યો. તેઓ વજ્રઋષભનારાચ નામના પ્રથમ સંઘયણવાળા અને સમચતુરસ્ર સંસ્થાનવાળા હતા. જાતિસ્મરણજ્ઞાનને લીધે વિમલવાહન નીતિના જ્ઞાતા, સૌંદર્યશાળી પુરુષમાં શ્રેષ્ઠ અને ઉત્તમ બોધવાળા હતા. જેમ પ્રમાદી યતિના ધર્મોનો પ્રભાવ ક્ષય પામે તેમ દશ પ્રકારનાં કલ્પવૃક્ષોનો પ્રભાવ પણ ઉત્તરોત્તર હીન થતો ગયો.

**કલ્પવૃક્ષના પ્રભાવની હાનિ—**

જેમ સાગર મધ્યે મુખ્ય ખલાસી નૌકામાં બેઠેલાઓને મીઠું જળ પ્રમાણસર અને વિલંબપૂર્વક આપે તેમ તે સમયે **મદ્યાંગ** નામના કલ્પવૃક્ષો અર્થી જનોને પરિમાણપૂર્વક અને વિલંબથી મદ્ય આપવા લાગ્યા. જેમ સ્ત્રીઓ શોક્યના સંતાનોને જલ્દીથી ભોજન આપે નહિ તેમ **ભૃંગ** નામના કલ્પવૃક્ષો અત્યંત યાચના કરવા છતાં પણ ભોજન આપતા નહોતા. જેમ મૂર્ખ અને કૃપણ સભાજનોને ગંધર્વો રીઝવતા નથી તેમ **તુર્યાંગ** નામના કલ્પવૃક્ષો મનોહર વાજિંત્રો આપતા ન હતા. મેઘથી ઢંકાએલા સૂર્યકિરણો સંપૂર્ણ પ્રકાશ આપતા નથી તેમ **દીપશિખા** અને **જ્યોતિષ્ક** જાતિના કલ્પવૃક્ષો પ્રકાશ આપતા ન હતા. જેમ સજ્જન માણસો દરિદ્રાવસ્થાની ટેવને લીધે ધર્મકાર્યમાં ઈચ્છાનુસાર દ્રવ્યવ્યય કરતાં નથી તેમ **ચિત્રાંગ** જાતિના કલ્પવૃક્ષો ઈચ્છા પ્રમાણે પુષ્પમાળાઓ આપતા નહોતા. જેમ કૃપણ શ્રીમંત મૃત્યુસમયે પોતાના પરિવારને ભોજન આપતા નથી તેમ **ચિત્રરસ** નામના કલ્પવૃક્ષો સ્વાદિષ્ટ ભોજનો આપતા બંધ થઈ ગયા. જેમ આચાર્યમહારાજ પોતાના અવિનયી શિષ્યોને શાસ્ત્રનું ગુપ્ત રહસ્ય ન આપે—ન જણાવે તેમ **મણ્યાંગ** જાતિના કલ્પવૃક્ષો ઉત્તમ આભૂષણો આપતા ન હતા. સ્વામીના દ્રવ્યથી શ્રીમંત બનેલા સેવકો સ્વામીનું કાર્ય કરતા નથી તેમ **ગેહાકાર** નામનાં કલ્પવૃક્ષો ઉત્તમ આવાસો આપતા ન હતા. જેમ યાચના કરાયેલ દાતારો કુપાત્રને પૂરેપૂરું દાન આપતા નથી તેમ **અનગ્ન** નામના

કલ્પવૃક્ષો જલ્દીથી વસ્ત્રો આપતા ન હતા. જેમ ગૃહસ્થોને સંતાનો પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થાય તેમ કાળના પ્રભાવથી યુગલિકોને કલ્પવૃક્ષો પ્રત્યે મમત્વભાવ ઉદ્‌ભવવા લાગ્યો. જે કલ્પવૃક્ષોને યુગલિકો પોતાના માનતા હતા તેને બીજા યુગલિયાંઓ ગ્રહણ કરતાં ત્યારે તેઓ પરાભવ પામવા લાગ્યા, અને જ્યારે યુગલિકો પરસ્પર પરાભવ સહન કરવાને માટે અસમર્થ બન્યા ત્યારે પોતાનાથી અધિક શક્તિશાળી **વિમલવાહન**ને પોતાના રાજા તરીકે સ્થાપ્યા. એટલે નીતિપરાયણ વિમલવાહને જાતિસ્મરણજ્ઞાનદ્વારા જેમ પિતા પોતાના પુત્રોને દ્રવ્ય વહેંચી આપે તેમ યુગલિકોને કલ્પવૃક્ષો વહેંચી આપ્યા, અને બીજાના કલ્પવૃક્ષો લઈ લેવાની ઈચ્છાવાળા યુગલિકોને દંડ દેવા માટે કરુણાળુ તેણે **"હાકાર"** નીતિ શરૂ કરી—અમલમાં મૂકી.

**હાકાર નીતિ—**

"અરે ! તેં દુષ્ટ કાર્ય કર્યું" એટલું જ કહેવા માત્રની શિક્ષાદ્વારા, જેમ સમુદ્ર પોતાની મર્યાદાનું ઉલ્લંઘન ન કરે તેમ યુગલિકો પોતાની મર્યાદા ત્યાગતા ન હતા. તલવાર વિગેરે શસ્ત્રના પ્રહારથી પણ ઉગ્ર તે "હાકાર" નીતિ બધા યુગલિકોએ દીર્ઘ સમય પર્યન્ત પોતાના ચિત્તમાં ધારણ કરી રાખી. હવે જ્યારે વિમલવાહનનું આયુષ્ય છ માસ જેટલું બાકી રહ્યું ત્યારે તેની **ચંદ્રયશા** નામની પત્નીએ શ્યામ વર્ણવાળા યુગલને જન્મ આપ્યો. તે યુગલ અસંખ્ય પૂર્વના આયુષ્યવાળું, પહેલા સમચતુરસ્ત્ર નામના સંસ્થાનવાળું, વજ્રઋષભનારાચ સંઘયણવાળું તેમ જ આઠસો ધનુષ્યની ઊંચાઈવાળું હતું. **ચક્ષુષ્મત** અને **ચંદ્રકાંતા** નામનું તે યુગલ ચંદ્ર અને ચંદ્રિકાની માફક એકી સાથે જ વૃદ્ધિ પામવા લાગ્યું. છ માસ પર્યન્ત પોતાના યુગલનું પરિપાલન કરીને વિમલવાહન વૃદ્ધાવસ્થા અને વ્યાધિ રહિત મૃત્યુ પામીને સુવર્ણકુમાર નિકાયમાં દેવ થયા અને ચંદ્રયશા નામની તેમની પત્ની પણ મૃત્યુ પામીને નાગકુમાર નિકાયમાં ઉદ્‌ભવી. **મેઘનો નાશ (વિરહ) થવાથી વીજળી ક્યાં સુધી પ્રકાશી શકે ?** તે હસ્તિ પણ પોતાનું આયુષ્ય પરિપૂર્ણ કરીને નાગકુમાર નિકાયમાં દેવ તરીકે ઉપજ્યો. **ખરેખર સંસારની સ્થિતિ વિચિત્ર છે.**

બાદ ઈંદ્ર જેમ દેવોનું રક્ષણ કરે તેમ ચક્ષુષ્મત, પિતા વિમલવાહને પ્રરૂપેલી હાકાર નીતિવડે સમગ્ર યુગલિકોને પાળવા લાગ્યો. સમય જતાં ચક્ષુષ્મત અને ચંદ્રકાંતાએ પણ સાતસો ધનુષ્યના દેહપ્રમાણવાળા **યશસ્વી** અને **સુરૂપા** નામના યુગલને જન્મ આપ્યો. શ્યામ વર્ણવાળું, પ્રથમ સંસ્થાન ને સંઘયણવાળું, પિતા કરતાં કંઈક ન્યૂન આયુષ્યવાળું તે યુગલ વૃક્ષની છાયાની જેમ વૃદ્ધિ પામવા લાગ્યું. આયુષ્ય પૂર્ણ થયે તે ચક્ષુષ્મત મૃત્યુ પામીને સુવર્ણકુમાર નિકાયમાં ઉત્પન્ન થયા અને ચંદ્રકાંતા નાગકુમાર નિકાયમાં ગઈ. ઉપાધ્યાય જેમ શિષ્ય—સમૂહને સાચવે તેમ યશસ્વી પણ પિતા ચક્ષુષ્મતની નીતિ પ્રમાણે યુગલિયાંઓનું શાસન કરવા લાગ્યો. બાદ જેમ અત્યંત મેઘધારાથી ઉચ્છૃંખલ બનેલી નદીઓ પોતાના કિનારાનું ઉલ્લંઘન કરે તેમ યુગલિકો "હાકાર" નીતિનો ભંગ કરવા લાગ્યા.

**માકાર નીતિ—**

જેમ પ્રથમનું શસ્ત્ર વ્યર્થ જતાં દુશ્મન પ્રત્યે બીજાં શસ્ત્રનો ઉપયોગ કરવામાં આવે તેમ યશસ્વીએ હાકાર નીતિ નિષ્ફળ નીવડતાં યુગલિકો માટે **"માકાર"** નીતિ શરૂ કરી. વિલક્ષણ યશસ્વીએ અલ્પ અપરાધને માટે હાકાર નીતિ, મધ્ય કોટિના ગુન્હા માટે માકાર નીતિ અને તેથી વિશિષ્ટ અપરાધને માટે તે બન્ને નીતિનો યુગલિકો પ્રત્યે અમલ કર્યો. બાદ આયુષ્યનો અલ્પ ભાગ (છ માસ) બાકી રહ્યો ત્યારે તેણે **અભિચંદ્ર** અને **પ્રતિરૂપા** નામના યુગલિકને જન્મ આપ્યો. મેઘમાલાથી અલંકૃત કૈલાસ પર્વત શોભે તેમ કૃષ્ણવર્ણી પ્રતિરૂપાથી શ્વેતકાંતિવાળા અભિચંદ્ર શોભતા હતા. સાતસો ધનુષની ઊંચાઈવાળા, પિતા કરતાં અલ્પ ન્યૂન આયુષ્યવાળા તે યુગલ પ્રિયંગુલતા યુક્ત લોધ્ર નામના વૃક્ષની જેમ વૃદ્ધિ પામવા લાગ્યા. આયુષ્ય પૂર્ણ કરીને યશસ્વી અબ્ધિકુમાર નિકાયમાં અને સુરૂપા નાગકુમાર નિકાયમાં ઉદ્ભવી. અભિચંદ્ર બન્ને પ્રકારની નીતિદ્વારા યુગલિકો પર શાસન ચલાવવા લાગ્યો અને યુગલિયાંઓ પણ તેને પિતાસદશ માનવા લાગ્યા. આયુષ્યના પ્રાંતભાગમાં (છ માસ બાકી રહ્યા ત્યારે) પ્રતિરૂપાએ પણ અત્યંત શ્યામ વર્ણવાળા **પ્રસેનજિત** અને **ચક્ષુકાંતા** નામના યુગલને જન્મ આપ્યો. પિતા કરતાં કંઈક ઓછા આયુષ્યવાળા, છસો ધનુષ્યની કાયાવાળા તે બન્ને ધર્મ અને કીર્તિની માફક એક સાથે વૃદ્ધિ પામવા લાગ્યા. આયુષ્ય પૂર્ણ કરીને અભિચંદ્ર ઉદધિકુમારમાં અને પ્રતિરૂપા નાગકુમાર નિકાયને વિષે ઉત્પન્ન થયા. ત્યારબાદ પ્રસેનજિતે પિતાની માફક યુગલિકો ઉપર રાજ્ય ચલાવ્યું. **પિતાના પગલે ચાલવું એ પુત્રોનું કર્ત્તવ્ય છે.** તે સમયે જેમ કુસંતાનો માતા-પિતાનો તિરસ્કાર કરે તેમ યુગલિયાંઓ હાકાર તેમજ માકાર નીતિનું ઉલ્લંઘન કરવા લાગ્યા.

**ધિક્કાર નીતિ—**

બાદ પ્રસેનજિતે યુગલિકોમાં પ્રસરેલ ઉચ્છૃંખલ દુર્ન્યાયરૂપી અંધકારને નષ્ટ કરવામાં સૂર્યકાન્તિ સરખી ત્રીજી **ધિક્કાર નીતિ** શરૂ કરી. જેમ સંયમધારી જ્ઞાન, દર્શન અને ચારિત્રવડે સંસારને નષ્ટ કરે તેમ તેમણે હાકાર, માકાર અને ધિક્કાર નીતિદ્વારા યુગલિકોનાં દુરાચારનો નાશ કર્યો. આયુષ્યના પ્રાંતભાગમાં **મરુદેવ** અને **શ્રીકાંતા** નામના પોતાની કરતાં કંઈક ન્યૂન આયુવાળા યુગલને જન્મ આપ્યો. સાડીપાંચસો ધનુષ્યની ઊંચાઈવાળા તેઓ બન્ને પ્રતાપ અને કીર્તિની જેમ એકી સાથે વૃદ્ધિ પામવા લાગ્યાં. એક બાજુ રહેલ રાત્રિથી જેમ મેરુપર્વત શોભે તેમ રાત્રિના અંધકાર જેવી શ્યામવર્ણી શ્રીકાંતાથી સુવર્ણ સરખી કાંતિવાળા મરુદેવ શોભવા લાગ્યા. આયુ પૂર્ણ કરીને પ્રસેનજિત દ્વીપકુમાર નિકાયમાં ઉપજ્યા, જ્યારે ચક્ષુકાંતા નાગકુમારમાં ઉપજી. જેમ રાજા ત્રણ શક્તિથી રાજ્યનું અને ત્રણ ગુપ્તિથી સાધુપુરુષ સંયમનું રક્ષણ કરે તેમ તે મરુદેવ ત્રણ પ્રકારની નીતિવડે પ્રજાનું પાલન કરવા લાગ્યા. જેમ સંતપુરુષની સેવા જ્ઞાન અને ક્રિયા પ્રગટાવે તેમ શ્રીકાંતાએ જગતનો ઉદ્ધાર કરનાર યુગલને જન્મ આપ્યો.

સવાપાંચસો ધનુષપ્રમાણ કાયાવાળા તે બન્નેનું માત-પિતાએ **નાભિ** અને **મરુદેવા** એવું નામ રાખ્યું. સુવર્ણ સરખી કાંતિવાળા નાભિ અને પ્રિયંગુ લતાની જેવી કાંતિવાળી મરુદેવા બન્ને મેઘપંક્તિથી વીંટળાયેલ મેરુપર્વતની સમાન શોભવા લાગ્યાં. મરુદેવ અને શ્રીકાંતાથી કંઈક ન્યૂન આયુષ્યવાળા તે બન્ને સંખ્યાતા પૂર્વના આયુવાળાં થયાં. આકાશમાં સૂર્ય અને તેની પ્રભા વૃદ્ધિ પામે તેમ જગતને આનંદ આપનાર નાભિ અને મરુદેવા એક સાથે વૃદ્ધિ પામવા લાગ્યાં. આયુ પૂર્ણ કરીને મરુદેવ દ્વીપકુમાર નિકાયમાં અને શ્રીકાંતા નાગકુમાર નિકાયમાં ઉત્પન્ન થયા. જેમ કાળ (સમય) વર્ષાઋતુ, શીતઋતુ અને ઉષ્ણઋતુ એ ત્રણ પ્રકારની ઋતુદ્વારા વિશ્વ પર શાસન કરે તેમ ત્રણ પ્રકારની નીતિદ્વારા સાતમા કુલકર નાભિ લોકો પર શાસન કરવા લાગ્યા.

## સાતમા કુલકર નાભિ રાજાની પત્ની મરુદેવાની કૂખમાં ચક્રવર્તી વજ્રનાભનું અવતરવું—

ત્રીજા આરાના ચોરાશી લાખ પૂર્વ અને નેવાશી પખવાડિયાં બાકી રહ્યાં ત્યારે આષાઢ વદિ ચોથે ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચંદ્ર આવ્યે છતે તેત્રીશ સાગરોપમનું આયુષ પૂર્ણ કરીને સર્વાર્થસિદ્ધ નામના વિમાનથી ચ્યવીને વજ્રનાભ ચક્રવર્તીનો જીવ મરુદેવાના ઉદરમાં આવ્યો. અંધકાર સમૂહને નષ્ટ કરનાર સૂર્ય એક દ્વીપમાંથી બીજા દ્વીપમાં જાય તેમ, ગ્રહ એક રાશિમાંથી અધિક પ્રભાવવાળી ઉચ્ચ રાશિમાં જાય તેમ, મન ધર્મધ્યાનમાંથી બીજા શ્રેષ્ઠ શુક્લધ્યાનમાં આરૂઢ બને તેમ, કલ્યાણકારી આત્મા સંસારરૂપી મોક્ષપદમાં આરૂઢ થાય તેમ, હંસ જેમ વર્ષાઋતુમાં સામાન્ય સરોવરમાંથી નીકળીને માનસ સરોવરમાં જાય તેમ, ભ્રમર રાત્રે ખીલતા કુમુદમાંથી નીકળી પ્રાતઃકાળે વિકસતા કમળ પ્રત્યે આવે તેમ, સિંહ જંગલમાંથી નીકળીને પર્વતની વિશાળ ગુફામાં દાખલ થાય તેમ, હાથી વિંધ્યાચળના જંગલમાંથી નર્મદા નદીના ઊંડા ધરામાં પ્રવેશ કરે તેમ વજ્રનાભ ચક્રવર્તીનો જીવ સર્વાર્થસિદ્ધ વિમાનથી ચ્યવીને મરુદેવાની કૂખમાં ઉત્પન્ન થયો એટલે સૂર્ય વિનાના દ્વીપની જેમ, દીપક વિનાના ગૃહની જેમ, કાપી લેવાયેલા કમળથી કાસાર—તળાવની જેમ, લઈ લેવાયેલા રત્નોથી રત્નખાણની જેમ, નાયક વિનાના સૈન્યની જેમ, તેમજ સિંહશૂન્ય જંગલની જેમ વજ્રનાભ સ્વામીથી વિરહિત બનેલ સર્વાર્થસિદ્ધિ વિમાન કાંતિવિહુણું બન્યું. ત્રિભુવનનો જીવનદાતા, અમૃતના મેઘ સમાન શ્રી વજ્રનાભ માતાના ઉદરમાં આવ્યા ત્યારે ત્રણ જગતને વિષે વીજળીની માફક મહાપ્રકાશ થયો—ફેલાયો. ત્રણ જગતને સુખકારક સ્વામી ઉત્પન્ન થયેથી ત્રણ લોકનાં પ્રાણીઓનું દુઃખ ભયને લીધે ક્ષણ માત્ર નાશ પામી ગયું. સમગ્ર સુખરાશિના સ્વામીના ઉપજવાથી જાણે હર્ષને લીધે જ હોય તેમ ત્રિભુવનનાં પ્રાણીઓને ક્ષણમાત્ર મહાસુખનો ઉદય થયો, જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપી રત્નત્રયીના સ્વામીના પ્રભાવથી **દુઃખનાશ, સુખ અને પ્રકાશ** એ ત્રણ પ્રકારો પ્રગટ્યા.

**ચૌદ સ્વપ્નનું વર્ણન—**

વજ્રનાભનો જીવ ગર્ભમાં આવવાથી પોતાના મહેલમાં સૂતેલાં મરુદેવાએ રાત્રિને વિષે ચૌદ મહાસ્વપ્નો જોયાં. શરદ્ઋતુના મેઘની જેવી કાંતિવાળા, રત્નરાશિથી વિભૂષિત, મનોહર શૃંગવાળા, અત્યંત ઉન્નત—ઊંચા, રમણીય ખરીવાળા અને ચાલતા વૈતાઢ્ય પર્વત સરખા **વૃષભ**ને મરુદેવાએ સૌથી પ્રથમ નીહાળ્યો. પછી વિશાળ ચરણવાળો, પોતાના ચાર દંતુશૂળદ્વારા ચાર પ્રકારનાં દાન, શિયળ, તપ ને ભાવરૂપી ધર્મભેદોને દર્શાવતો, મૂર્તિમાન ધર્મ સરખો શ્વેત **હસ્તિ** જોયો. પછી મહાશૂરવીરોમાં પણ જયશાળી, ઊંચા કરેલાં પૂંછડાંના બહાનાથી પોતાનો જયસ્થંભ દર્શાવતો **સિંહ** જોયો. પછી દિગ્ગજોની સુંઢોના અગ્રભાગથી ઊંચા કરાયેલા કળશના જળાભિષેકથી વિકસિત થયેલ મુખ, હસ્ત અને ચરણકમળવાળી તેમ જ પદ્મ સરોવરને વિષે રહેનારી **લક્ષ્મીદેવી**ને નિહાળી. પછી પોતાની આસપાસ પરિભ્રમણ કરતાં ભમરાઓના ઝંકારનાદથી જાણે અરિહંત પરમાત્માની સ્તુતિ કરતી હોય તેવી અને કલ્પવૃક્ષોનાં વિવિધ પુષ્પોથી ગુંથેલ **પુષ્પમાળા** નીહાળી. પછી પોતાના ક્ષયની શાંતિને માટે જિનેશ્વર ભગવંતની આરાધના માટે તૈયાર થયેલ હોય તેવો અને કિરણસમૂહોથી દિશાભાગોને પ્રકાશિત કરતા રોહિણીના સ્વામી **ચંદ્ર**ને નીરખ્યો. પછી "જિનેશ્વર પરમાત્માની સેવાથી લોકાલોકને પ્રકાશિત કરનાર એવો પ્રકાશ (કેવળજ્ઞાનરૂપી પ્રકાશ) મને શાશ્વત—હમેશને માટે પ્રાપ્ત થાઓ" એમ વિચારીને ઉપસ્થિત થયેલા **સૂર્ય**ને નીરખ્યો. પછી "આ પરમાત્મા સમસ્ત જગતના સ્વામી અને વિશ્વ પર ઉપકાર કરનારા થશે" એમ પોતાની ઘુઘરીઓના નાદથી દર્શાવતો **ધ્વજ** મરુદેવા માતાએ જોયો. બાદ ઊડી રહેલા નૂતન પલ્લવોને લીધે જાણે ત્રણે લોકના કલ્યાણરૂપી અંકુરોથી વિકસિત હોય તેવો જળથી પરિપૂર્ણ **સુવર્ણકુંભ** દેખ્યો. પછી લક્ષ્મીને વૃદ્ધિ પમાડનાર, પવિત્ર અને સંકટરૂપી તાપ તેમ જ મળને દૂર કરનાર જાણે ત્રણ લોકનું પુણ્ય હોય તેવા વિકસિત કમળવાળું, નિર્મળ તેમ જ કષ્ટકારી સંતાપ તથા મળને હરનાર જળથી કલ્લોલયુક્ત **પદ્મસરોવર** જોયું. પછી "પ્રભુના સ્નાત્રથી પવિત્ર બનેલ મારું પાણી સુરાસુરોથી વંદનીય બનશે." એમ વિચારીને પોતાના કલ્લોલરૂપી હસ્તદ્વારા નાચતો **ક્ષીરસાગર** નીહાળ્યો. બાદ "મને ત્યજી દઈને હે પ્રભો! આપ મોક્ષસ્થાનને મેળવવાને શા માટે ઉત્કંઠિત થયા છો?" એમ કહેવાને માટે જાણે ઉપસ્થિત થયું હોય તેવું સર્વાર્થસિદ્ધ **વિમાન**ને જોયું. પછી રંક પુરુષોના દારિદ્રાદિ સંકટોને જણે દૂર કરવાને જ ઇચ્છતો હોય તેવો અને ઇંદ્રધનુષ કરતાં પણ અતિ તેજસ્વી મહાન્ **રત્નરાશિ** મરુદેવાએ ભાળ્યો. બાદ પૂર્વજન્મમાં આચરેલ જાણે પ્રભુનો તપરૂપી તેજસમૂહ હોય તેવો ત્રણ લોકને પવિત્ર કરનાર **નિર્ધૂમ અગ્નિ** નીહાળ્યો.

ચૌદ રાજલોકના સ્વામીના જન્મને સૂચવનાર, તથા પોતાના મુખમાં પ્રવેશ કરતાં ઉપરનાં ચૌદ સ્વપ્નો અનુક્રમે મરુદેવી માતાએ જોયાં. ત્યારબાદ રાત્રિના પ્રાંતભાગે કમલિનીની

માફક વિકસિત મુખકમળવાળી મરુદેવાએ નિંદ્રાનો ત્યાગ કર્યો, અને ઉજ્જવળ દંતપંક્તિનાં કિરણોના બહાનાથી હર્ષ દર્શાવતી હોય તેમ વિચક્ષણ મરુદેવાએ પોતાને આવેલ સ્વપ્નો નાભિરાજાને જણાવ્યાં, એટલે "કુલકરોના વંશમાં મુગટ સમાન તારો પુત્ર થશે." એમ પોતાની બુદ્ધિને અનુસારે નાભિરાજાએ જણાવ્યું તેવામાં "માત્ર કુલકરોના વંશમાં જ મુગટરૂપ થશે." એ હકીકત માત્રની જાણે મના કરતા હોય તેમ ઇંદ્રોનાં આસનો કંપી ઊઠ્યાં ત્યારે અચાનક કયા કારણથી અમારાં આસનો કંપ્યાં એવી વિચારણા કરતાં ઇંદ્રોએ તેનું કારણ જાણ્યું.

**ઇંદ્રનું આગમન અને સ્વપ્નફળ-કથન—**

બાદ મિત્રની માફક એકઠા થયેલ ઇંદ્રો સ્વપ્નોના અર્થનું વાસ્તવિક કથન કરવા માટે પ્રભુની માતા સમક્ષ આવી પહોંચ્યા અને અંજલિ જોડવાપૂર્વક તેઓએ મરુદેવા માતાને સ્વપ્નોનો સ્પષ્ટ અર્થ નીચે પ્રમાણે કહી સંભળાવ્યો : "હે દેવી! સ્વપ્નમાં **વૃષભ** (બળદ)ને નીહાળવાથી તમારો પુત્ર સાધુજનોને સંસારરૂપી અરણ્યમાંથી પાર પહોંચાડવા માટે સમર્થ થશે. **હસ્તિ**ના દર્શનથી સંસારરૂપી જંગલના કર્મરૂપી વૃક્ષને જડમૂળમાંથી ઉખેડી નાખવાને અંગે તમારો પુત્ર દાનમાર્ગનો પ્રવર્તાવનાર અને અતુલ બળનો ધણી થશે. **સિંહ**ના દર્શનથી અશુભ કર્મરૂપી હસ્તિઓને હણીને મોતી સરખા ઉજ્જવળ યશથી ત્રણે વિશ્વને વિભૂષિત કરશે. **લક્ષ્મીદેવી**ના નિરીક્ષણથી જલ્દીથી જગતનું દારિદ્રય દૂર કરીને પ્રાણીઓનાં સંપૂર્ણ સુખોને પ્રગટાવશે—વિસ્તારશે. **પુષ્પમાળા**ના દર્શનથી ત્રણ ભુવનની જનતાના હૃદયરૂપી મંદિરમાં વસનાર તમારો પુત્ર સ્વયશરૂપી સુવાસથી ત્રણે લોકને સુવાસિત કરશે. હે પવિત્ર દર્શનવાળા મરુદેવી! જેમ સોળે કળાયુક્ત ચંદ્ર કુમુદોને વિકસિત કરે છે તેમ **પૂર્ણચંદ્ર**ના દર્શનથી તમારો પુત્ર કીર્તિશાળી બનીને જગતને હર્ષાન્વિત બનાવશે. **સૂર્ય**ના દર્શનથી અઢાર દોષ—દૂષણ રહિત અને અત્યંત તેજસ્વી આપનો પુત્ર જગજ્જનોને પ્રમોદ પમાડનાર વાણીદ્વારા મહામોહાંધકારનો દૂર કરનાર થશે. **ધ્વજ**ને જોવાથી વૃદ્ધિ પામતા અસાધારણ ઉત્સવવાળા, પવિત્ર વંશમાં ઉત્પન્ન થનાર પરમાત્મા વિશ્વરૂપી મહેલના શિખરને શણગારશે. **સુવર્ણકળશ** (કુંભ)ના નિરીક્ષણથી સદાચારપરાયણ ત્રણ લોકને કલ્યાણથી પરિપૂર્ણ બનાવશે. **પદ્મસરોવર**ના નીહાળવાથી વિલાસી લક્ષ્મીથી આલિંગન કરાયેલ આપનો પુત્ર સંસારરૂપી અટવીમાં ભ્રમણ કરવાથી દુઃખી બનેલ પ્રાણીઓના પાપરૂપી સંતાપને હરશે. **ક્ષીરસાગર**ના દર્શનથી સ્વચ્છ, જળથી પરિપૂર્ણ, મર્યાદાનો ત્યાગ નહીં કરનાર, પરાભવ નહીં પામનાર એવા સાગર સમાન પવિત્ર, ક્લેશ રહિત, મર્યાદાનું પાલન કરનાર અને સદ્‌ગુણોરૂપી રત્નોના ભંડાર સદૃશ તમારા પુત્ર અલંઘ્ય બનશે. હે દેવી! **વિમાન**ના જોવાથી સર્વસ્થળે મહોદયને પામનાર તમારો પુત્ર વૈમાનિકાદિ દેવોદ્વારા નિરંતર સેવાશે. **રત્નરાશિ**ના દેખવાથી દેવોથી સેવાતા અને રત્ન કરતાં પણ અધિક મહિમાવંત આપનો પુત્ર જ્ઞાન, ચારિત્ર અને દર્શનરૂપી રત્નો પ્રાણીઓને આપશે. હે

જગજ્જનની! **નિર્ધૂમ અગ્નિ**ના નિરીક્ષણથી દેવો કરતાં પણ મહાતેજસ્વી આપનો પુત્ર અશુભ કર્મરૂપી જંગલને ભસ્મીભૂત કરશે. હે જગન્માતા! આ સ્વપ્નોવડે આપનો પુત્ર આ જ ભરતક્ષેત્રમાં ત્રિભુવનનો રક્ષક, જગતનો સ્વામી અને તીર્થંકર થશે."

આ પ્રમાણે મરુદેવા માતા સમક્ષ સ્વપ્નોના અર્થો કહીને હર્ષિત હૃદયવાળા ઇંદ્રો પોતપોતાના સ્થાને ગયા. મેઘવૃષ્ટિથી પૃથિવી જેમ અંકુરાયુક્ત બને તેમ સ્વપ્નવૃત્તાંતથી મરુદેવા માતા રોમાંચિત બન્યાં. બાદ જેમ ધનપતિની ગૃહભૂમિ નિધિને, રોહણાચળ પર્વતની ભૂમિ વજ્રરત્નને, પૃથ્વી શ્રેષ્ઠ રત્નને, યોગીપુરુષોની બુદ્ધિ પરમાત્માને, સ્ફટિક મણિની ઘડી દીપકને અને સાગરનાં મોજાંઓ કૌસ્તુભમણિને ધારણ કરે તેમ પરમાત્માને ગર્ભમાં ધારણ કરતાં મરુદેવા દેદીપ્યમાન થવા લાગ્યાં. જેમ ધર્મને વિષે પ્રવૃત્તિ કરવાથી અંતઃકરણમાં રહેલો પુણ્યસમૂહ વૃદ્ધિ પામે તેમ માતાના ઉદરમાં રહેલ ગર્ભ અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યો. જાણે ગર્ભમાં રહેલા જગત્સ્વામીના પ્રકાશિત કીર્તિસમૂહથી, સ્વામીના મનમાં રહેલા શુક્લલેશ્યાના કિરણસમૂહથી, પ્રભુના અંતઃકરણમાં વ્યાપી રહેલા અતુલ પુણ્યરાશિથી, તેમ જ પુણ્યના પ્રભાવથી હૃદયપ્રદેશમાં રહેલા શાંતરસવડે તેમજ પ્રમુદિત નાભિનરેંદ્રના નેત્રકિરણના સમૂહથી આલિંગન કરાતી મરુદેવા પાંડુવર્ણી દેખાવા લાગ્યાં. ગંગાનદીની તરંગશ્રેણીના મળવાથી યમુનાની જેમ, પૂર્ણિમાના ચંદ્રકિરણોથી ઉપવનની જેમ, કર્પૂરના રસના મળવાથી કસ્તૂરીની રચના માફક, શેષનાગના હારને લીધે મહાદેવના કંઠની જેમ, કુદરતી રીતે પ્રિયંગુ લતાના જેવા શ્યામ અંગવાળી મરુદેવી ગર્ભના પ્રભાવથી પાંડુવર્ણી બન્યાં. "અમારાથી જિનેશ્વર ભગવંતનું પોષણ કરાશે." તેવી જાતના હર્ષથી મરુદેવાનાં બન્ને સ્તનો પુષ્ટ બન્યાં, પરન્તુ ત્યારબાદ "આ જિનેશ્વર અમારા દૂધનું પાન કરશે નહિ" એમ માનીને તે સ્તનોના અગ્રભાગ કૃષ્ણવર્ણી બની ગયા. જે પરમાત્મા ત્રિભુવનવર્તી પ્રાણીગણના નેત્રોને વિકસાવશે તે પરમાત્મા માતાના ઉદરમાં રહ્યે છતે મરુદેવાનાં નેત્રો વિકસિત કરે તેમાં આશ્ચર્ય જેવું શું છે? વિચક્ષણ પુરુષની બુદ્ધિ સત્શાસ્ત્રના અવલોકનથી વિસ્તૃત બને તેમ ગર્ભના પ્રભાવથી મરુદેવાનો કટિભાગ વિશાળ હોવા છતાં અતિવિશાળ બન્યો. ત્રૈલોક્યની પીડાને હરણ કરનાર તીર્થંકર ગર્ભમાં આવવાથી પૃથ્વીને પીડા ન થાય એટલા ખાતર મરુદેવા મંદ મંદ ગતિએ ચાલવા લાગ્યાં. કલંક રહિત ચંદ્ર જેવા સુંદર મરુદેવાના કપોલપ્રદેશ પર ચંદ્ર દેખાયો નહિ; કારણ જો તેનું આગમન થયું હોત તો તે કપોલપ્રદેશ કલંકયુક્ત દેખાત. કાળક્રમે મરુદેવા માતાના ઉદરમાં રહેલ ગર્ભે તેમના ઉદરને પુષ્ટ કર્યું. **વૃદ્ધિ પામતો એવો કયો શખ્સ પોતાની જાતિને વધારે નહિ?** અત્યંત શક્તિશાળી પ્રભુના સમાનપણાને પ્રાપ્ત કરીને મરુદેવાનો મધ્ય પ્રદેશ—ઉદરપ્રદેશ ત્રણ વળી (આંકા)ને સ્પષ્ટ રીતે દૂર કરીને અત્યંત વૃદ્ધિ પામ્યો. ત્રણ લોકના દારિદ્ર્યને દૂર કરનાર પરમાત્મા ગર્ભમાં આવ્યે છતે મરુદેવાના ઉદરે તુચ્છપણાનો ત્યાગ કર્યો તેમાં આશ્ચર્ય શું? માતાના ઉદરની વૃદ્ધિની સાથોસાથ બન્ને સ્તનો પણ પ્રીતિને લીધે પુષ્ટ

બન્યાં. **ખરેખર મહાપુરુષનો ક્રમ આવો જ હોય છે. અર્થાત્ પારકા અભ્યુદયમાં પોતે પણ** પ્રમુદિત બને છે. જેમ મંદિરમાં રહેલ દીપક પ્રકાશવડે અધિક રીતે શોભે છે તેમ માતાના ગર્ભમાં રહ્યા છતાં પણ પ્રભુ મતિ, શ્રુત અને અવધિ—એ ત્રણ જ્ઞાનવડે શોભવા લાગ્યા. જેમ કાર્તિક માસના યોગથી ચંદ્રિકાની શોભા અસાધારણ તેજસ્વી બને તેમ ગર્ભના પ્રભાવથી મરુદેવાની નેત્રકાન્તિ અત્યંત તેજસ્વી બની. પ્રભુને ગર્ભમાં ધારણ કરતાં મરુદેવા લેશ માત્ર ખેદ પામતા નહિ; કારણ કે **જે વિશ્વના ખેદને દૂર કરનાર છે તે શું માતાને પીડાકારક બને?** સ્વયંભૂરમણ સમુદ્રની સરખા કરુણાભાવવાળા પરમાત્મા ગર્ભમાં આવવાથી મરુદેવા માતા પ્રાણીઓ પ્રત્યે દ્વેષરહિત અને દયાળુ બન્યાં. જેમ શરદ્ ઋતુના આગમનથી જગતને આનંદદાયક ચંદ્ર અદ્ભુત કાંતિવાળો બને તેમ પ્રભુના માહાત્મ્યથી જગતને પ્રિય નાભિરાજા અદ્ભુત સૌમ્ય કાન્તિવાળા બન્યા. ન્યાયી રાજ્યમાં જેમ લોકો આનંદિત બને તેમ તે સમયે કલ્પવૃક્ષો પોતાની અપૂર્વ લક્ષ્મીને પ્રકાશિત—પ્રગટ કરવા લાગ્યાં. ઉદયાચળ પર્વતના શિખર પર સૂર્યના આગમનથી જેમ અંધકાર ટકી શકતો નથી તેમ પરમાત્મા ગર્ભમાં આવ્યે છતે પ્રાણીઓનો વૈરભાવ પણ શાંત થઈ ગયો. ક્રોધ, માન, માયા અને લોભથી વિમુક્ત બનેલા યુગલિકો જાણે ત્રીજા આરાના શરૂઆતના ભાગમાં ઉત્પન્ન થયા હોય તેમ પરસ્પર ગાઢ પ્રીતિવાળા બન્યા. તે સમયે પૃથ્વી પરના સમગ્ર ઉપદ્રવો શાન્ત થઈ ગયા. **ગરુડના આગમનથી અભિમાની સર્પો શું સ્થિર રહી શકે—ટકી શકે?** અનંત કલ્યાણકારક પ્રભુ ગર્ભમાં આવ્યે છતે પૃથ્વીપીઠ પરનાં સકલ અકલ્યાણો—અશુભો જાણે ભયને લીધે જ હોય તેમ ચાલ્યા ગયાં—નાસી ગયાં. જેમ સારા પવનથી ધાન્ય અને પુણ્યથી સુખ વૃદ્ધિ પામે તેમ પ્રભુના પ્રભાવથી પૃથ્વીને વિષે કલ્યાણની પરંપરા વૃદ્ધિ પામી. "પરમાત્મા અમારી ભાષામાં ઉપદેશ આપશે" એમ વિચારીને હર્ષને લીધે તિર્યંચો પણ પરસ્પર પ્રસન્નતા ધારણ કરવા લાગ્યા.

**ચૈત્ર વદિ આઠમના દિવસે પરમાત્માનો જન્મ—**

નવ માસ ને સાડા આઠ દિવસ વ્યતિક્રમ્યા બાદ ચૈત્ર વદિ આઠમને દિવસે અર્ધરાત્રે ઉત્તરાષાઢા નક્ષત્રના યોગમાં ધન રાશિયુક્ત ચંદ્ર આવ્યેથી અને બધા ગ્રહો ઉચ્ચ સ્થાનમાં રહ્યે છતે જેમ સુદિ બીજ ચંદ્રને, સદાચારપરાયણતા ધર્મને, વર્ષાઋતુ મેઘને, સદ્ભાગ્ય રાજાપણાને, નિરભિમાનપણું વિનયને, પરાક્રમ તેજને, પ્રાતઃકાળ સૂર્યને, કળાકૌશલ્ય યશને, તત્ત્વજ્ઞપણું પ્રશમ—શાંતિને, સંતોષ સુખને, શમતા મહાનંદને જન્માવે તેમ મધ્યરાત્રિ સમયે સુવર્ણ સરખા કાંતિવાળા, વૃષભ (બળદ)ના લાંછનવાળા, યુગલિકધર્મવાળા પુત્રને મરુદેવા માતાએ જન્મ આપ્યો. જેમ ધૂમાડા વિનાનો માણિક્યનો પ્રદીપ-દીપક શોભે-પ્રકાશે તેમ જરાયુ (ગર્ભાવરણની ચામડી), રુધિર પ્રમુખ મલ-અશુચિથી રહિત પરમાત્મા શોભી ઊઠ્યા. શરદ ઋતુના મેઘમાંથી બહાર આવેલ સૂર્ય દિશાઓને પ્રકાશિત કરતો શોભે તેમ ગર્ભમાંથી બહાર આવેલ પ્રભુ

કાંતિસમૂહથી દિશાઓને શોભાવવા-પ્રકાશવા લાગ્યા. ત્રણ ભુવનને પ્રકાશિત કરવામાં સૂર્ય સમાન પરમાત્માનો જન્મ થયો ત્યારે તે જ સમયે ત્રણે ભુવનમાં ઉદ્યોત થયો. જે પરમાત્માને જોઈને પ્રાણીઓનાં હૃદયમાં રહેલ અજ્ઞાનરૂપી અંધકાર નાશ પામશે તે પ્રભુના જન્મસમયે પ્રગટેલ પ્રકાશે ત્રણ જગતના અંધકારનો નાશ કર્યો તેમાં આશ્ચર્ય પામવા જેવું શું છે ? જન્મવા માત્રથી જેમણે ત્રણ જગતનાં પ્રાણીઓને સુખો આપ્યાં હતાં તેવા તીર્થંકરપણામાં વિચરનારા પરમાત્માને વિષે અનંતસુખની રાશિ હોય તેમાં વિસ્મય પામવા જેવું પણ શું છે ? પ્રભુના માહાત્મ્યથી નારક જીવોનાં દુઃખો દૂર થઈને તેઓને ક્ષણમાત્ર શું સુખ નથી ઉપજતું ? અર્થાત્ પ્રભુના પ્રભાવથી નારક જીવોને પણ ક્ષણમાત્ર સુખનો અનુભવ થાય છે. પરમાત્મા શ્રી ઋષભદેવના જન્મ સમયે નારક જીવો, મનુષ્યો, જળચર, સ્થળચર, ખેચર વિગેરે તિર્યંચોને પણ સ્વર્ગવાસી દેવોના જેવી સુખપ્રાપ્તિ થઈ. જાણે દાવાનળમાંથી અમૃતકુંડને પ્રાપ્ત થયું હોય, અમાવાસ્યાના અંધકારમાંથી પૂર્ણિમાની ચાંદનીને પ્રાપ્ત થયું હોય, તથા નરકાવાસમાંથી સ્વર્ગભુવનમાં આવ્યું હોય તેમ પ્રભુના જન્મસમયે સમગ્ર વિશ્વ આનંદિત થયું. "કીર્તિરૂપી મોતીઓના આભૂષણોથી આ સ્વામી આપણને શોભાવશે" એવા વિચારથી હર્ષિત બનેલ દિશાઓએ પરમ પ્રસન્નતા ધારણ કરી-દિશાઓ અત્યંત નિર્મળ બની. જાણે પરમાત્માની પૂજા માટે સરોવરમાં સ્નાન કરીને વૃક્ષના પુષ્પોને ધારણ કરતો હોય તેમ વાયુ પણ ધીમે ધીમે વાવા લાગ્યો. પ્રાણીગણને જીવનદાતા જગત્પતિ પરમાત્માનો જન્મ થવાથી જીવો પ્રત્યેની અનુકંપાને લીધે મુનિરાજની માફક પવન મંદ મંદ ગતિએ વાવા લાગ્યો. "મૂર્તિમાન સત્ત્વ ગુણ સરખા પરમાત્માનો જન્મ થવાથી રજોગુણ (ધૂળ)ની વૃદ્ધિ કેમ થાય ?" એમ વિચારીને ગંધોદકની વૃષ્ટિવડે મેઘોએ તે રજોગુણ (ધૂળસમૂહ)ને હરી લીધો અર્થાત્ મેઘોએ જળવૃષ્ટિદ્વારા પૃથ્વીની રજને શાંત કરી દીધી. "સ્વામીના ચરણનો સ્પર્શ મને પવિત્ર બનાવશે" એમ વિચારીને પ્રભુના જન્મને લીધે પ્રમુદિત બનેલી પૃથ્વી પણ શાંત થઈ ગઈ. વળી જિનેશ્વર ભગવંતનો જન્મમહોત્સવ કરવાને માટે પ્રેરણા કરતો, અપ્રતિહત, મેઘ જેવો ગંભીર દેવદુંદુભી આકાશમાં વાગવા લાગ્યો.*

### આસનકંપથી દિશાકુમારીઓનું આગમન અને મહોત્સવ–

આ બાજુ જાણે પ્રભુના અદ્ભુત મહાત્મ્યને લીધે જ હોય તેમ શિરકંપવડે દિશાકુમારીઓનાં આસનો કંપ્યાં, એટલે અવધિજ્ઞાનદ્વારા જિનેશ્વરનો જન્મ જાણીને દિક્કુમારિકાઓએ નૃત્ય કરતાં હસ્તોદ્વારા જલ્દીથી પોતાનો હર્ષ પ્રદર્શિત કર્યો. અરિહંત પરમાત્માના ગુણસમૂહની સ્તુતિના બહાનાથી જાણે અંતઃકરણમાં ન સમાતો હોય તેમ તેઓએ પરમ હર્ષ દર્શાવ્યો. **ભોગંકરા, ભોગવતી, સુભોગા, ભોગમાલિની, સુવત્સા, વત્સમિત્રા,**

* મંદવાયુ, મેઘવૃષ્ટિ, દુંદુભિનાદ—આ બધા તીર્થંકરના જન્મસમયે તેમની અતિશયતાના સૂચક તરીકે થાય છે.

**પુષ્પમાલા અને અનિંદિતા** નામની અધોલોકની રહેનારી અને હર્ષાન્વિત બનેલ આઠ કુમારિકાઓ તરત જ મરુદેવા માતાના સૂતિકાગૃહમાં આવી. ત્યાં આગળ પ્રભુને તથા પ્રભુની માતાને ત્રણ પ્રદક્ષિણા દેવાપૂર્વક નમસ્કાર કરીને નિષ્કપટભાવે આ પ્રમાણે કહ્યું કે : "ત્રણ જગતના ભૂષણસ્વરૂપ કલ્પવૃક્ષને જન્માવવામાં પૃથ્વી સમાન હે માતા! તમે જય પામો. હે જગન્માતા! હે જગત્પૂજ્ય! હે સ્વામિનિ! તમને નમસ્કાર થાઓ. હે ત્રિભુવનની માતા! તમોએ ત્રણ લોકમાં પ્રદીપ સમાન પુત્રને જન્મ આપ્યો છે. તેનો પ્રકાશ લોકાલોકને પ્રકાશિત કરનાર બનશે. જિનેશ્વર ભગવંતને જન્મ આપીને સમગ્ર સ્ત્રીઓમાં તમે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. **દિશાઓને વિષે સૂર્યને જન્મ આપનાર પૂર્વદિશા જ પ્રશંસાને પાત્ર છે.** પરદ્રોહ કરનારા પુરુષોને કંઈ સ્ત્રીઓ જન્મ નથી આપતી? અર્થાત્ ઘણી સ્ત્રીઓ તેવા પુરુષોને જન્મ આપે છે, પરન્તુ પરોપકારપરાયણ પુત્રને તો તમારા સરખી કોઈક જ માતા જન્મ આપે છે. પવિત્ર સ્ત્રીના ઉદરથી તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, પરગજુ, દાતા, જિતેંદ્રિય અને પંડિત પુરુષનો જન્મ થાય છે. અવધિજ્ઞાનદ્વારા જિનેશ્વરનો જન્મ જાણીને તેમની ઉપાસના કરવાને માટે અધોલોકમાં રહેનારી અમે આઠે કુમારિકાઓ અહીં આવેલ છીએ, માટે હે માતા! તમે લેશમાત્ર પણ ભય પામશો નહીં." આ પ્રમાણે બોલીને ઈશાન ખૂણામાં પૂર્વ દિશા તરફ મુખવાળું અને હજાર સ્તંભોયુક્ત સૂતિકાગૃહ બનાવ્યું. બાદ સંવર્તન વાયુવડે સૂતિકાગૃહની ચારે બાજુ એક યોજન પર્યન્ત અશુચિ પુદ્ગલોને દૂર કર્યાં. પછી સંવર્તન વાયુને સંહરી લઈને જિનેશ્વર પ્રભુને પ્રણામ કરીને તેમના ગુણોનું ગાન કરતી છતી પ્રભુની નજીક બેઠી. બાદ **મેઘંકરા, મેઘવતી, સુમેઘા, મેઘમાલિની, તોયધારા, વિચિત્રા, વારિષેણા અને બલાહિકા**—એ નામની મેરુપર્વતના નંદન વનમાં રત્નકૂટ ઉપર રહેનારી ઊર્ધ્વલોકવાસી અને ભક્તિભરપૂર હૃદયવાળી આઠ કુમારિકાઓ વેગથી ત્યાં આવી પહોંચી. તીર્થંકર તેમજ તેમની માતાને પ્રથમ પ્રમાણે પ્રણામ કરી તથા પ્રાર્થના કરીને તે કુમારિકાઓએ પવિત્ર, રમણીય, હર્ષને આપનાર મેઘો વિકુર્વ્યાં. જેમ જિનેશ્વર ભગવંતની વાણીથી યોજનપ્રમાણ ભૂમિમાં રજોગુણ અને ત્રિવિધ તાપ શમી જાય તેમ તેઓએ કરેલ ગંધોદિક વૃષ્ટિથી ધૂળ અને સંતાપ શાંત થઈ ગયા. બાદ તે કુમારિકાઓએ જાનુપ્રમાણ જે પુષ્પવૃષ્ટિ કરી તે પુષ્પવૃષ્ટિએ પોતાની આસપાસ ભ્રમણ કરતા ભ્રમરાઓના ઝંકાર શબ્દના મિષથી પ્રભુના ગુણગાન ગાવા શરૂ કર્યા. આ કુમારિકાઓએ પંચ વર્ણવાળા વિચિત્ર પુષ્પસમૂહથી ચોતરફ કરેલ પુષ્પવૃષ્ટિથી પૃથ્વી જાણે ચિત્રવાળી બની હોય તેવી થઈ ગઈ. બાદ તે મેઘશ્રેણીને સંહરી લઈને જિનેશ્વરના ગુણોનું ગાન કરતી અને હર્ષિત બનેલી તે કુમારિકાઓ પોતાને યોગ્ય સ્થાને બેઠી. બાદ **નંદોત્તરા, નંદા, આનંદા, આનંદવર્ધના, વિજ્યા, વૈજ્યન્તી, જયંતી અને અપરાજિતા** નામની પૂર્વ રુચકપર્વત પર રહેનારી આઠ કુમારિકાઓ એક બીજાની સ્પર્ધા કરતાં હોય તેવાં વિમાનોદ્વારા વેગથી ત્યાં આવી પહોંચી, અને જિનેશ્વર તથા માતાને પૂર્વની માફક નમસ્કાર કરીને તેમજ

સ્તુતિ કરીને પ્રભુનાં ગુણ ગાતી હાથમાં દર્પણ રાખીને પૂર્વ દિશામાં ઊભી રહી. બાદ **સમાહારા, સુપ્રદત્તા, સુપ્રબુદ્ધા, યશોધરા, લક્ષ્મીવતી, શેષવતી, ચિત્રગુપ્તા અને વસુન્ધરા** નામની દક્ષિણ રુચકપર્વત પર રહેનારી આઠ કુમારિકાઓ પ્રભુના માહાત્મ્યથી આકર્ષાઈ હોય તેમ વેગથી આવી પહોંચી, અને પહેલાની જેમ જિનેશ્વર તથા જિનમાતાને નમસ્કાર કરીને તેમજ પોતાની જાતને જણાવીને હાથમાં કળશ ધારણ કરીને દક્ષિણ દિશામાં ઊભી રહી. બાદ **ઇલાદેવી, સુરાદેવી, પૃથિવી, પદ્મવતી, એકનાસા, નવમિકા, ભદ્રા અને સીતા** નામની પશ્ચિમ રુચકપર્વત પર રહેનારી આઠ દિશાકુમારીઓ પ્રભુની સેવા માટે પ્રિય સખીની સરખી ભક્તિથી પ્રેરાયેલ હોય તેમ ત્યાં આવી પહોંચી અને પૂર્વવત્ જિનમાતા તેમજ જિનેશ્વર પરમાત્માને પ્રણામ કરીને અને પોતાની જાતને જણાવીને પ્રભુના ગુણોનું ગાન કરતી હાથમાં પંખા ધારણ કરીને પશ્ચિમ દિશામાં ઊભી રહી. પછી **અલંબુસા, મિશ્રકેશી, પુંડરીકા, વારુણી, હાસા, સ્વયંપ્રભા, હ્રી ને શ્રી** નામની ઉત્તરરુચક પર્વત પર રહેનારી આઠ દિક્કુમારિકાઓ આભિયોગિક સેવક દેવોથી કરાએલ, મનના વેગ કરતાં પણ અતિ ઝડપી વાહનોદ્વારા આવી પહોંચી, અને પૂર્વની માફક પ્રભુને તથા પ્રભુની માતાને નમસ્કાર કરીને તેમજ પોતાની જાતને ઓળખાવીને હાથમાં ચામર ધારણ કરવાપૂર્વક પ્રભુના ગુણગાન કરતી ઉત્તર દિશામાં ઊભી રહી. બાદ ઈશાનાદિ ચાર વિદિશામાં રહેલ ચારે રુચકપર્વત પર રહેનારી **ચિત્રા, ચિત્રકનકા, સતેજા અને સૌદામિની** નામની ચાર દિશાકુમારીઓ આવી પહોંચી અને પ્રભુને તથા જિનેશ્વરની માતાને પ્રણામ કરીને, પોતાની જાતને ઓળખાવીને અનુક્રમે ઈશાનાદિ ચાર વિદિશામાં હાથમાં દીપક ધારણ કરીને પ્રભુના ગુણગાન ગાતી ઊભી રહી. બાદ રુચક દ્વીપમાં રહેનારી **રૂપા, રૂપાંશુકા, રૂપચા અને રૂપકાવતી** નામની ચાર દિક્કુમારિકાઓ આવી અને ચાર આંગળ પ્રમાણ શેષ રાખીને પ્રભુનું નાળ છેદન કરીને જેમ હૃદયમાં સદ્ભાવને સ્થાપે તેમ ખાડો ખોદીને તે નાળને તેમાં સ્થાપન કર્યું. બાદ જેમ પુણ્યવડે આત્માને પરિપૂર્ણ બનાવે તેમ અત્યંત ઉજ્જ્વળ હીરા, માણિક અને મોતીવડે તે ખાડાને પૂરી દીધો અને તે ખાડા પર દુર્વા(ધરો)થી યુક્ત પીઠની રચના કરીને ચતુર એવી તે દિશાકુમારિકાઓએ પોતાના આત્માને કલ્યાણની પરંપરાથી વિભૂષિત કર્યો. સૂતિકાગૃહની પૂર્વ દિશામાં, દક્ષિણ દિશામાં અને ઉત્તર દિશામાં મનોહર ત્રણ કેળનાં ગૃહો (કદલીગૃહો) બનાવ્યા. ત્યારબાદ તે ત્રણે ગૃહોમાં સ્વર્ગના વિમાનોને પણ હસી કાઢનાર અને મધ્યભાગમાં સિંહાસનવાળા ચતુઃશાલ બનાવ્યા. બાદ દક્ષિણ દિશાના ચતુઃશાલમાં પ્રભુને હસ્તસંપુટમાં લઈને તથા જિનમાતાને હાથનું અવલંબન આપીને લઈ ગઈ. ત્યાં સિંહાસન પર બન્નેને બેસારીને દાસીઓની માફક તે ચારે દિક્કુમારિકાઓએ ભક્તિપૂર્વક લક્ષપાક તૈલથી અભ્યંગન (મર્દન) કર્યું. બાદ ઉદ્વર્તનવડે તેઓના દેહના સ્નેહને (તેલને) દૂર કર્યું અને તે સ્નેહ (પ્રેમ) તેઓના હૃદયમાં દાખલ થયો હોય તેમ ખૂબ વિશાળ બન્યો, અર્થાત્ તેઓને પ્રભુ તથા

પ્રભુમાતા પ્રત્યે અત્યંત સ્નેહભાવ પ્રગટ્યો. બાદ પૂર્વ દિશાના ચતુઃશાલમાં લઈ જઈને, સિંહાસન પર બેસારીને જળદ્વારા તે બન્નેને સ્નાન કરાવ્યું, અને તેમ કરીને તેઓએ પોતાના આત્માઓને પણ નિર્મળ બનાવ્યા. બાદ ગંધકષાયી વસ્ત્રવડે તેઓનાં અંગોનું માર્જન કર્યું અને એમ કરવાથી તેઓની પોતાની જડતા નષ્ટ થઈ ગઈ. બાદ અર્ચન કરવા લાયક તે બન્નેને ગોશીર્ષચંદનવડે તે કુમારિકાઓએ વિલેપન કર્યું અને તેમ કરીને સંસારરૂપી દાવાનળથી પ્રગટેલ પોતાના સંતાપને શાન્ત કર્યો. બાદ ઉત્તમ સ્વર્ગીય વસ્ત્રો તેમને પહેરાવ્યાં, એટલે યોગ્ય સ્થાનની પ્રાપ્તિના હર્ષને લીધે પવનદ્વારા જાણે નૃત્ય કરી રહ્યાં હોય તેમ તે વસ્ત્રો શોભવા લાગ્યાં.

બાદ તે દિશાકુમારિકાઓએ તે બન્નેને દિવ્ય આભૂષણોથી અલંકૃત કર્યાં. પરમાત્મા તથા જિનમાતા ત્રણ ભુવનનાં આભૂષણરૂપ છે એમ તેઓ સમજી શકી નહિ. બાદ ઉત્તર દિશાના ચતુઃશાલમાં જિનેશ્વરને તથા જિનમાતાને લઈ જઈને રત્નના સિંહાસન પર બેસાર્યાં. બાદ પોતાના આભિયોગિક દેવોદ્વારા **'ક્ષુદ્રહિમવંત'** પર્વત પરથી જલ્દીથી ગોશીર્ષચંદનનાં કાષ્ઠો મગાવીને અરણીના બે કાષ્ઠદ્વારા પ્રગટાવેલ અગ્નિમાં ચંદનના લાકડાંને હોમીને તેની રક્ષા (રાખ) દ્વારા તે બન્નેને રક્ષાપોટલી બાંધી. બાદ પાષાણના બે ગોળાઓ પરસ્પર અફળાવીને તેઓએ પ્રભુના કાનમાં "હે સ્વામિન્! આપ પર્વત જેટલા આયુષવાળા થાઓ" એમ ઉચ્ચ સ્વરે કહ્યું. જગતનું રક્ષણ કરવામાં સમર્થ તેમજ જગતના કલ્યાણકારક પરમાત્માને રક્ષાપોટલીનું બાંધવું અને મંગળ આશીર્વચનનું કહેવું તે ફક્ત દિશાકુમારીઓની ભક્તિનો પ્રકાર છે. **નિશ્ચયનય કરતાં જગતની પરંપરાથી ચાલ્યો આવતો વ્યવહારનય શ્રેષ્ઠ છે.** વ્યવહારનો જો ત્યાગ કરવામાં આવે તો નિશ્ચય કદાપિ ફળદાયક થતો નથી.

બાદ હજાર સ્તંભવાળા નવીન સૂતિકાગૃહમાં જિનેશ્વરને તથા જિનમાતાને લઈ જઈને શય્યામાં સુવરાવ્યાં અને ઊર્ધ્વદિશા, અધોદિશા અને રુચક પર્વત પરથી આવેલ દિશાકુમારીઓ પોતપોતાની દિશા અને વિદિશાઓને અવલંબીને શય્યાની નજીકમાં જિનેશ્વર તથા જિનેશ્વરની માતાનું ગુણોથી પરિપૂર્ણ મંગળ ગીતોનું ઉચ્ચ સ્વરે ગાન કરતી અને હર્ષ પામતી ઊભી રહી. નિર્મળ બે પાંખવાળા હંસથી જેમ કમલિની, વિશ્વના પ્રાણીગણથી પણ અજેય એવા સિંહથી જેમ ખીણ, અત્યંત બલિષ્ઠ ગંધહસ્તિથી જેમ વિંધ્યાચળની ભૂમિ, ઉજ્જ્વલ કાંતિથી દીપતા ઐરાવણ હસ્તિથી જેમ ઇંદ્રસેના, મનોવાંછિત પૂર્ણ કરનાર કલ્પવૃક્ષથી જેમ નંદનવનની ભૂમિ, કલંકરહિત બાલચંદ્ર (દ્વિતીયાબીજના ચંદ્ર) વડે જેમ મહાદેવ (શંકર)નો લલાટપ્રદેશ, કલ્યાણકારી કૌસ્તુભ મણિવડે જેમ લક્ષ્મીપતિ—શ્રીકૃષ્ણનો હૃદયપ્રદેશ, કલ્યાણના સ્થાનભૂત સત્પાત્રદાનથી જેમ લક્ષ્મીની વૃદ્ધિ, સમકિત સહિત શમતા ગુણથી જેમ સિદ્ધાંતોન્નતિ—અભ્યુદય, મહાહર્ષના કારણભૂત જ્ઞાનથી જેમ તપશ્ચર્યા શોભે તેમ પ્રભુસ્વરૂપ પુત્રવડે મરુદેવા માતા શોભી ઊઠ્યાં.

**ઇંદ્રોનું આગમન–**

તે સમયે સ્વર્ગલોકમાં ખળભળેલા સમુદ્રોના સમૂહ જેવો શાશ્વતી ઘંટાઓનો પ્રચંડ નાદ એકી જ સાથે પ્રગટી નીકળ્યો. જાણે ભગવંતના જન્મના હર્ષને લીધે જ હોય તેમ શાશ્વતી ઘંટાઓએ એકી જ સાથના ધ્વનિદ્વારા સ્વર્ગલોકને સંગીતમય કરી મૂક્યું. આ સમયે પરમાત્માને નમસ્કાર કરવાને જાણે ઉત્કંઠિત થયાં હોય તેમ ઇંદ્રાસનો કંપાયમાન થયા અને "ઇંદ્રના કાર્યમાં અમારે આમ વર્તવું તે યોગ્ય નથી" એમ વિચારીને પુનઃ સ્થિર થઈ ગયાં. બાદ કંપાયમાન સિંહાસનદ્વારા ક્રોધ જાણે શરીરમાં દાખલ થયો હોય તેમ ક્રોધાન્વિત બનેલ સૌધર્મેંદ્ર ધ્રૂજી ઊઠ્યા અને હૃદયમાં પ્રગટેલ ક્રોધરૂપી અગ્નિની જ્વાળા જાણે બહાર નીકળતી હોય તેમ ઇંદ્રનાં નયન–કિરણો રક્તવર્ણી બન્યાં, અર્થાત્ ક્રોધને લીધે સૌધર્મેંદ્રનાં નયનો લાલ થઈ ગયાં. આ પ્રમાણે અંતઃકરણમાં ચારે બાજુ ક્રોધરૂપી અગ્નિ પ્રગટી નીકળ્યો ત્યારે અભિમાનરૂપી વૃક્ષના અધરોષ્ઠરૂપી પલ્લવ ધ્રુજવા લાગ્યો. વળી પ્રસ્વેદ બિંદુઓથી વ્યાપ્ત બનેલ રક્તવર્ણા (રાગી) લલાટ–પ્રદેશને કંપયુક્ત બનેલ ભ્રૂકુટીએ શીઘ્રપણે વિસ્તાર પામીને આલિંગન આપ્યું અર્થાત્ સૌધર્મેંદ્રની ભ્રૂકુટી ક્રોધાવેશને લીધે ઊંચી થવા લાગી. "અકાળે એવો કોણ યમરાજનો અતિથિ બનવા તૈયાર થયો છે કે મૃત્યુને ચાહતા તેણે મારા સિંહાસનને કંપાવ્યું." આ પ્રમાણે બોલતાં ઇંદ્રમહારાજે લાખો પર્વતોની પાંખો છેદી નાખનાર વજ્ર હાથમાં લીધું, એટલે અત્યંત ક્રોધાન્વિત અને વજ્રને ગ્રહણ કરવાની ઇચ્છાવાળા ઇંદ્રને જાણીને જાણે દેહધારી પરાક્રમસ્વરૂપ હોય તેવા તેમના સેનાધિપતિએ ઇંદ્રને ઉદ્દેશીને કહ્યું કે–"હે વિશ્વેશ! આપના આવા ક્રોધાવેશનું કારણ મને કહો. એવો કોણ છે કે જે પોતાના પ્રાણોથી યમરાજને તૃપ્ત કરવા ઇચ્છે છે ?" સેનાધિપતિનાં આવાં વચનો સાંભળી ઇંદ્રે પોતાના અંતઃકરણને સ્વસ્થ કરીને અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકતાં પ્રથમ જિનેશ્વર ઋષભદેવના જન્મને જાણ્યો. એટલે હર્ષામૃતવડે ક્રોધરૂપી વિષપ્રવાહને દૂર કરીને સૌધર્મેંદ્રે વિચાર્યું કે : "મારા આવા પ્રકારના ચિંતનને ધિક્કાર હો! આ વિષયમાં મારો મિચ્છામિ દુક્કડં હો." આ પ્રમાણે હર્ષપૂર્વક બોલતા સૌધર્મેંદ્રે શીઘ્રતાથી પોતાના સિંહાસનનો ત્યાગ કર્યો અને સાત-આઠ પગલા આગળ ચાલીને મુકુટના અગ્રભાગ પર મુકુટસમાન હસ્તાંજલિ જોડવાપૂર્વક પૃથ્વીપીઠ પર બન્ને ઢીંચણ તથા મસ્તકને સ્થાપીને રોમાંચને કારણે અત્યંત હર્ષયુક્ત બનેલ સૌધર્મેંદ્રે જિનેશ્વરને નમસ્કાર કર્યા અને હર્ષનાં અશ્રુઓથી આર્દ્ર ચક્ષુવાળા તેણે **શક્રસ્તવ (નમુત્થુણં)** દ્વારા પ્રભુની સ્તુતિ કરી. આ પ્રમાણે પરમાત્માને નમીને સૌધર્માધિપતિએ પોતાના સેનાધિપતિ **નૈગમેષી** દેવને આ પ્રમાણે ફરમાવ્યું કે–"હે નૈગમેષી! જંબૂદ્વીપના દક્ષિણાર્ધ ભરતક્ષેત્રમાં મધ્યખંડમાં **નાભિ** નામના સાતમા શ્રેષ્ઠ કુલકર વર્તે છે, તેમની ભાર્યા મરુદેવાની કુક્ષિએ પ્રથમ જિનેશ્વર પુત્ર તરીકે ઉપજ્યા છે, તો તેમના જન્મસ્નાત્ર મહોત્સવ નિમિત્તે સર્વ દેવોને તું બોલાવ." ઇંદ્રે આ પ્રમાણે આદેશ કર્યો એટલે એક યોજનના ઘેરાવાવાળી, મેઘના નાદ જેવા ગંભીર ધ્વનિવાળી,

**સુઘોષા** નામની ઘંટા નૈગમેષી દેવે ત્રણ વખત ઉછાળીને વગાડી, ત્યારે પ્રચંડ સિંહનાદથી જેમ પર્વતની ગુફા (ખીણ), મેઘના ગર્જારવથી જેમ મયૂરનો સમૂહ, એક છાત્રથી ઉચ્ચારાતા ઊંચા સ્વરવડે બીજા છાત્રોના ધ્વનિની જેમ, પ્રાતઃકાળે એક કુકડાના નાદથી બીજા કુકડાઓના અવાજની માફક, રાત્રિને વિષે એક પહેરેગીરના અવાજથી અન્ય પહેરેગીરોના પ્રતિધ્વનિની જેમ, મહોત્સવ પ્રસંગે મુખ્ય સ્ત્રીથી ગવાતાં મંગળગીતોના અવાજને બીજી સ્ત્રીઓ અનુસરે તેમ, સુઘોષા ઘંટાના અવાજની સાથોસાથ સર્વત્ર સમગ્ર બત્રીશ લાખ વિમાનને વિષે રહેલી ઘંટાઓ એકી સાથે વાગવા લાગી. જેમ એકત્રિત થયેલા સમાન જાતિવાળા ચોક્કસ વૃદ્ધિ પામે તેમ પરસ્પર મળી ગએલ ઘંટનાદો અત્યંત વૃદ્ધિ પામ્યા અર્થાત્ ઘંટાઓનો મહાનાદ પ્રસર્યો. "સદ્‌ભાગ્યની વાત છે કે જિનેશ્વર ભગવંતના જન્મસ્નાત્ર મહોત્સવના નિમિત્તપણાને હું પ્રાપ્ત થયો છું." આવા પ્રકારના સંતોષથી ઘંટાનાદ વિશેષ વૃદ્ધિ પામ્યો—વિશાળ બન્યો. જેવી રીતે સત્પુરુષના સંગથી કલ્યાણ વૃદ્ધિ પામે, શબ્દાદિ વિષયોથી કામ (વિષયાસક્તિ) વૃદ્ધિ પામે, વિધવિધ કલાઓથી દ્રવ્ય વૃદ્ધિ પામે, ડાળીઓથી જેમ વૃક્ષ વિસ્તૃત બને, વિવિધ અસ્ત્રોથી દિવ્યાસ્ત્રનો મહિમા વધે અને વૈક્રિય શરીરવડે દેવોની શોભા વધે તેમ વિમાનોને વિષે થતાં પડઘાઓ (પડછંદાઓ) દ્વારા સુઘોષાનો અવાજ વિસ્તાર પામ્યો.

આવી રીતે સર્વ દિશામાં વ્યાપી ગએલા ઘંટાઓના નાદથી "આ શું ?" એ પ્રમાણે દેવો વિચારગ્રસ્ત બન્યા તેવામાં ગુરુના આદેશથી સાવધાન બનેલા શિષ્યોની માફક ઘંટાનાદથી સાવધાન બનેલા દેવોને નૈગમેષી દેવે ઉચ્ચ સ્વરે આ પ્રમાણે કહ્યું કે : "હે દેવો ! અલંઘનીય શાસનવાળા સૌધર્મેદ્ર પોતે દેવી વિગેરે પરિવારવાળા તમોને ફરમાવે છે કે—જંબૂદ્વીપના દક્ષિણાર્ધ ભરતક્ષેત્રના મધ્ય ખંડમાં **નાભિ** કુલકરને ત્યાં પ્રથમ પરમાત્માનો જન્મ થયો છે. તેમના જન્મકલ્યાણકના મહોત્સવ નિમિત્તે અમારે અને તમારે જવાનું છે તેથી તમો પોતપોતાના પરિવાર સાથે જલ્દી તૈયાર થઈ જાઓ. આજે અચાનક અમોને અગણિત પુણ્યના પ્રભાવથી ઇંદ્રપણાનું મહાફળ પ્રાપ્ત થયું છે. ચાર નિકાયના[1] દેવસમૂહને અર્હત્કલ્યાણકના પર્વ કરતાં બીજું કોઈ અધિક કાર્ય નથી. જે ચતુર પુરુષો અરિહંત પરમાત્માના કલ્યાણક પર્વોને ઉજવે છે તેને તે કલ્યાણકો પિતૃબુદ્ધિની જેમ સદૈવ સેવે છે. અર્થાત્ પુત્ર જેમ પિતાની સેવા કરે તેમ તે પુત્ર પણ પોતાના પુત્રદ્વારા પિતૃબુદ્ધિથી સેવાય છે, અને એ પણ તેના પુત્રથી ઉપાસના કરાય છે એમ ઉત્તરોત્તર ક્રમ ચાલ્યો આવે છે." આ પ્રમાણે તે આજ્ઞા સાંભળીને જલ્દીથી પ્રમાદનો ત્યાગ કરીને જેમ વિનયશાળીને ગુણો આવી મળે તેમ દેવો ઇંદ્રને વીંટળાઈ વળ્યા. બાદ ઇંદ્રે પોતાના **પાલક** નામના આભિયોગિક દેવને ઇચ્છાનુરૂપ ગતિવાળું મહાવિમાન તૈયાર કરવાનું ફરમાન કર્યું, એટલે ઇંદ્રની આજ્ઞાનું પાલન કરનાર **પાલક** દેવે અરિહંત ભગવાનના જન્મમહોત્સવના હર્ષને લીધે ધ્વજારૂપી બાહુઓદ્વારા નૃત્ય કરતું હોય તેવું પાંચસો યોજન

૧. ભવનપતિ, વૈમાનિક, જ્યોતિષી અને વ્યંતર—એ ચાર દેવનિકાય છે.

ઊંચાઈવાળું અને લાખ યોજનના વિસ્તારવાળું અજોડ પાલકવિમાન રચ્યું–વિકુર્વ્યું. જેમ સામ્રાજ્યને વિષે ત્રણ [1]શક્તિ હોય તેમ જ સદ્ધર્મમાં [2]ત્રણ ગુપ્તિઓ હોય તેમ તે પાલક વિમાનને વિષે ત્રણ સોપાનપંક્તિ (પગથિયાની શ્રેણી–દાદરા) હતી. તે પગથિયાની શ્રેણી આગળ વિમાન, ભવનો અને હવેલીઓને તિરસ્કારી કાઢવાને માટે ત્રણ ધનુષ્ય સરખા રત્નનાં ત્રણ તોરણો હતાં. અતિ તેજસ્વી સૌધર્મેંદ્રથી વિભૂષિત તે પાલક વિમાન દેવોને વિષે ઇંદ્રની માફક શ્રેષ્ઠ પદ ધારણ કરતું હતું અને ગવાક્ષ સમૂહોથી જાણે લાખો નેત્રોવાળું બન્યું હોય તેમ તે વિમાન અધિકાધિક પ્રકાશતું હતું. સ્વામી–પરમાત્માના રૂપને નીરખવાને માટે ખરેખર તે વિમાન ઇંદ્રના હર્ષને આધીન બનીને ગવાક્ષોદ્વારા નેત્રસમૂહને ધારણ કરવાવાળું બન્યું હતું. રત્નમય આ પાલક વિમાનમાં મનોહર કુંભરાશિના બહાનાથી પુષ્કળ રત્નોથી પ્રગટેલ તેજ, સમૂહપણાને પ્રાપ્ત થયું હોય તેમ દેખાતું હતું. ચોતરફ ગોળાકૃતિને ધારણ કરતી, રત્નમય તૃણાંકુરવાળી, સૌધર્મ દેવલોકની લક્ષ્મી સમાન અને દર્પણની આકૃતિને ધારણ કરતી તે વિમાનની અંદરની ભૂમિ શોભતી હતી. વળી તે પાલક વિમાનને વિષે ચિત્રવિચિત્ર રત્નોની ભીંતોનો અને રત્નમય પૃથ્વીપીઠનો તેજઃપુંજ ઇંદ્રધનુષમાંથી પ્રગટતા વિવિધ રંગોના સમૂહની માફક શોભતો હતો. તે વિમાનને વિષે વિવિધ રત્નોવડે બનાવાયેલા પ્રેક્ષામંડપે દેવવિમાનોના અભિમાનનો સર્વથા નાશ કર્યો અર્થાત્ દેવવિમાનો કરતાં પણ તે પ્રેક્ષામંડપ ચઢિયાતો હતો. વળી તે પ્રેક્ષામંડપને વિષે તેની અતિશય રમણીયતાના નિરીક્ષણજન્ય આશ્ચર્યથી સ્તંભિત થઈ ગયેલ જાણે અપ્સરાઓ હોય તેમ તે વિમાનોના સ્થંભો પર ચારે તરફ પુતળીઓ શોભતી હતી. આ ઉપરાંત તે મંડપના મધ્ય ભાગમાં ઇંદ્રની સેવાના અભિલાષથી સ્નેહ (રક્તવર્ણી) યુક્ત બનેલી અને દર્ભરૂપી માણિક્યથી જડેલી પીઠિકા શોભતી હતી. આઠ યોજન લાંબી–પહોળી અને ચાર યોજન ઊંચી તે પીઠિકા ઇંદ્રની લક્ષ્મીને ક્રીડા કરવાના પર્વતની માફક શોભતી હતી. તે પીઠિકાના મધ્ય ભાગમાં કલ્યાણકારક ઇંદ્રના પુણ્ય સરખું નિર્મળ મણિમય મહાસિંહાસન રચવામાં આવ્યું હતું. તે સિંહાસનની ઉપર મણિવિભૂષિત ચંદ્રુઓ હતો કે જે પોતના તેજસ્વી કિરણોરૂપી હસ્તવડે બધી દિશારૂપી સ્ત્રીસમૂહને ભેટતો હોય તેમ શોભતો હતો. તે ચંદ્રુઓને વિષે દેવોની દૃષ્ટિરૂપી અશ્વને અને મનરૂપી હસ્તિને વશ કરવામાં કારણભૂત એવા કુંભાકારવાળા મોતીઓની માળા અને વજ્રાંકુશ શોભતા હતા. તે કુંભાકૃતિ મોતીઓની માળા બાજુમાં રહેલા અર્ધકુંભાકારવાળા અને ઉપરોક્ત માળા કરતાં અર્ધ લંબાઈવાળા મોતીઓની માળાવડે જાણે તે બાજુની માલાઓ પોતાનાં બાળકો હોય તેવી રીતે શોભતી હતી. તે માળાઓની સુંદરતાના નિરીક્ષણના કૌતુકથી જાણે ધીમે ધીમે વાતા હોય તેમ પૂર્વાદિ દિશાઓનાં પવનો તે માળાઓને હીંચકાવતા હતા–ઝુલાવતા હતા. વળી "આથી કોઈ પણ બીજી વસ્તુ કોઈપણ સ્થળે અધિક રમણીય નથી" એમ શ્લાઘા–પ્રશંસા કરતો હોય તેમ પવન

૧. પ્રભાવ, ઉત્સાહ અને મંત્ર—એ ત્રણ રાજ્યની શક્તિઓ છે. ૨. મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ.

માળાઓના મૌક્તિકોના પરસ્પર અથડાવાથી થતા નાદને કર્ણને વિષે અમૃતરૂપ બનાવતો હતો. આ મહાસિંહાસનને અનુલક્ષીને વાયવ્ય ખૂણામાં, ઉત્તર દિશામાં અને ઈશાન ખૂણામાં ચોરાશી હજાર સામાનિક દેવોનાં ચોરાશી હજાર ભદ્રાસનો શોભી રહ્યાં હતાં. પૂર્વ દિશામાં આઠ અગ્રમહિષીઓનાં આઠ ભદ્રાસનો હતાં. અગ્નિ ખૂણામાં અભ્યંતર સભાના બાર હજાર દેવોનાં આસનો હતાં. દક્ષિણ દિશામાં મધ્યસભાનાં ચૌદ હજાર આસનો શોભી રહ્યાં હતાં. નૈઋત્ય ખૂણામાં બાહ્ય પર્ષદાનાં સોળ હજાર દેવોનાં આસનો શોભતાં હતાં. પશ્ચિમ દિશામાં સાત સેનાધિપતિઓનાં સ્વર્ગ લક્ષ્મીના તિલક સમાન સાત આસનો હતા. આ ઉપરાન્ત દરેક દિશામાં ચંદ્રના નક્ષત્રોની જેમ ઇંદ્રના ચોરાશી હજાર આત્મરક્ષક દેવોના ચોરાશી—ચોરાશી હજાર આસનો તે સિંહાસનને વીંટળાઈને શોભતાં હતાં. તે પાલક વિમાનથી જીતાએલ બીજાં વિમાનોએ દંડ તરીકે પોતાનું તેજ રત્નાસનોની શ્રેણીના મિષથી એકઠું કરીને તેને અર્પણ કર્યું હતું અર્થાત્ પાલક વિમાન સર્વ વિમાનો કરતાં શ્રેષ્ઠ હતું. આવા પાલક વિમાનને સૌધર્મેંદ્રના મનોરથની માફક શીઘ્રતાથી આભિયોગિક દેવતાઓએ તૈયાર કર્યું—વિકુર્વ્યું, એટલે જિનેશ્વર ભગવંતના જન્મમહોત્સવને માટે સૌધર્મેંદ્રે જાણે પોતાના પૂર્વ રૂપને ગોપવી દેતું હોય તેવું અદ્ભુત ઉત્તરવૈક્રિયરૂપ વિકુર્વ્યું. સમ્યક્ત્વયુક્ત અષ્ટ પ્રવચન[1]માતાથી જેમ આગમબોધ શોભે તેમ સુંદર દષ્ટિવાળી આઠ અગ્રમહિષીઓવડે શોભાયુક્ત બનેલ, ગંધર્વસેના અને નાટ્યસેનાવડે કરાતા અનેક કુતુહલને નિરખતો, પૂર્વદિશાની સોપાનપંક્તિથી હર્ષપૂર્વક પ્રદક્ષિણા કરતો અને વિવિધ મનહર વાજીંત્રોના ધ્વનિ—પ્રતિઘોષવડે જાણે આહ્વાન કરતું હોય તેવા પાલક વિમાન પર સૌધર્મેંદ્ર મહામહોત્સવપૂર્વક ચઢ્યા અને જેમ સૂર્ય ઉદયાચળના શિખર પર આરોહણ કરે અને સિંહ જેમ પર્વના શિખર પર ચઢે તેમ સૌધર્મેંદ્ર તે વિમાનમાં પૂર્વદિશા તરફ મુખ રાખીને સિંહાસન પર આરૂઢ થયા. બાદ ઉત્તરદિશાની સોપાનપંક્તિથી ઇંદ્રસમાનિક દેવો ક્રમથી બેઠા. **વિશિષ્ટ પુરુષો કદી પણ ક્રમનું ઉલ્લંઘન કરતા નથી.** ત્યારબાદ બીજા દેવો દક્ષિણ દિશાની સોપાનશ્રેણીદ્વારા આવીને પોતપોતાનાં આસનો પર બેઠા. **મહાપુરુષોને પારકી વસ્તુઓને વિષે સ્પૃહા—આસક્તિ હોતી નથી.** તે ઇંદ્રમહારાજની સન્મુખ પ્રાણીઓના દુષ્ટ વિઘ્નોને દળી નાખનાર [2]દર્પણાદિ આઠ માંગલિકો શોભતા હતા. અરિહંત પરમાત્માના ધ્યાનથી પ્રગટેલું પુણ્ય સૌધર્મેંદ્રના શરીરમાં ન સમાતા શ્વેત છત્રના બહાનાથી બહાર ફરવા લાગ્યું અર્થાત્ સૌધર્મેંદ્રના મસ્તક પર શ્વેત છત્ર વિરાજી રહ્યું હતું. વળી જિનશ્વર ભગવંતના જન્મમહોત્સવને માટે ઉત્કંઠિત બનેલ પુણ્યલક્ષ્મીવડે ફેંકાયેલ કટાક્ષો સરખા ચામરધારીના ચંચળ ચામરો શોભતા હતા. જેમ સત્ક્રિયાથી ઉત્તમ પુરુષ શોભે તેમ તે વિમાનના અગ્રભાગ ઉપર પતાકાઓથી યુક્ત હજાર યોજન ઊંચાઈવાળો ઇંદ્રધ્વજ શોભતો

૧. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એ અષ્ટ પ્રવચન માતા કહેવાય છે.

૨. દર્પણ, મત્સ્યયુગલ, સ્વસ્તિક, કુંભ, નંદાવર્ત, શ્રીવત્સ, ભદ્રાસન અને સંપુટ—આ આઠ માંગલિકો કહેવાય છે.

હતો. વિમાનને વિષે રહેલી મણિમય ભીંતોને વિષે પડેલાં પ્રતિબિંબોદ્વારા જાણે પરમાત્માની સેવા માટે હોય તેમ સૌધર્મેંદ્ર અનેક રૂપવાળો બન્યો. રત્નમય પુતળીયોની પંક્તિમાં પ્રતિબિંબિત થયેલા દેવો શ્રેષ્ઠ સૌભાગ્યની શોભાયુક્ત અંગોની પ્રાપ્તિ માટે ઉત્કંઠિત થયેલા હોય તેમ દેખાતા હતા. આકાશમાં તારાઓથી વીંટળાયેલ ચંદ્ર જેમ શોભે તેમ વિમાનને વિષે કરોડો દેવોથી વીંટળાયેલ ઈંદ્ર શોભવા લાગ્યો. આસપાસના—નજીકના રત્નમય પર્વતોથી જેમ રોહણાચળ શોભે તેમ વૈમાનિક દેવોના વિમાન સમૂહથી ચારે તરફ ઘેરાયેલ તે પાલક વિમાન શોભતું હતું. વળી તે વિમાનો પરસ્પરના અંદરોઅંદર પડતા પ્રતિબિંબોથી "અમે સુંદર છીએ કે બીજાં વિમાનો મનોહર છે?" એમ જાણવાને આવ્યા હોય તેમ ભાસ થતો હતો. બાદ સ્તુતિપાઠક દેવો દ્વારા ઉચ્ચારાતા "જય જય" શબ્દવડે, મેઘના ગંભીર ધ્વનિ સરખા દુંદુભિનાદથી નૃત્ય કરતા ગાંધર્વ લોકની જેવા વગાડાતા વાજીંત્ર ધ્વનિથી વિમાનદ્વારા આકાશપથમાં વ્યાપ્ત થયેલ પ્રતિધ્વનિ વિગેરેવડે એકી જ અવસરે એકઠા થઈને ઉલ્લસાયમાન કરાયેલ પાલકવિમાન ઈંદ્રની ઈચ્છાપૂર્વક ચાલવા લાગ્યું. આવી રીતે બત્રીશ લાખ વિમાનોથી વીંટળાયેલ પાલક વિમાન તિર્ચ્છી ગતિથી સૌધર્મ દેવલોકથી ઉત્તરદિશા તરફ ઉતરવા લાગ્યું. તેવામાં દેવવિમાનમાં રહેલી કોઈ એક દેવાંગનાએ પોતાના સ્વામીને ઉદ્દેશીને કહ્યું કે : "હે પ્રાણાધાર! તીર્થંકર ભગવંતની સેવાની આસક્તિના ફળરૂપ દેવપણું આપને પ્રાપ્ત થયું તો હવે તીર્થંકરમહારાજાની સેવા માટે પ્રમાદ કેમ કરો છો? હે સ્વામિન્! પુણ્યના યોગથી પ્રાપ્ત થયેલ આ જિનજન્મમહોત્સવ પ્રસંગે હર્ષાન્વિત અને સમગ્ર પરિવાર સાથે બધા ઈંદ્રો વેગથી આવશે, તો હે પ્રાણનાથ! જો તમો ઈંદ્રના આદેશથી પણ આજે જન્મોત્સવ પ્રસંગે જવાને તૈયાર થતા નથી તો તમારા બન્ને ભવ વૃથા થશે. શું તમે મારા મુખદર્શનમાં આસક્ત બન્યા છો? જો એમ જ છે તો સ્વામિન્! આ મહોત્સવ પ્રસંગે હું પણ તમારી સાથે આવીશ. તીર્થંકર ભગવંતની સેવાના અભિલાષી હે સ્વામિન્! તમે ઊઠો, ઊઠો. મહાપુણ્ય ઉપાર્જન કરો અને ઈંદ્રને પ્રસન્ન કરો." આ પ્રમાણે પોતાની દેવાંગનાથી ઉત્સાહિત કરાએલ કોઈ એક દેવ જલ્દીથી ઈંદ્રને અનુસર્યો. વળી આ પ્રસંગે કેટલાએક દેવો પોતાના દેવમિત્રોને ઉદ્દેશીને કહેવા લાગ્યા કે : "મિત્રોની સાથે વિવિધ પ્રકારનાં સુખાસ્વાદજન્ય હર્ષથી વ્યાપ્ત બનેલાં પ્રાણીઓ, મદિરાથી બેભાન બનેલાની માફક પોતાનું આયુષ્ય વૃથા વીતાવે છે. જેની સેવાથી પ્રાણીઓ દુર્લભ વસ્તુ—પદાર્થોને મેળવે છે તે ધર્મને જ, કૃતઘ્નજનો જેમ ઉપકારી પુરુષોને યાદ કરતા નથી તેમ પ્રાણીઓ સંભારતા નથી. એટલે શ્રેષ્ઠ શિવસુખ નહીં દેવાને ઈચ્છતો ધર્મ, જેમ રમકડાંથી બાળકો છેતરાય છે તેમ પ્રાણીને વિષયોદ્વારા છેતરે છે. આર્ય દેશ, શ્રેષ્ઠ કુળ, લાવણ્યયુક્ત રૂપ, રોગરહિત દીર્ઘાયુ સદ્‌ગુરુદ્વારા જ્ઞાન, સદાચારપરાયણ સ્ત્રીઓ, વિનયશાળી પુત્રો, ન્યયોપાર્જિત લક્ષ્મી—આવી ઉત્તમ સામગ્રી આ ભવમાં ધર્મદ્વારા પ્રાપ્ત થાય છે; તેમ જ પરલોકમાં પણ દેવપણું તથા ઈંદ્રપણું પ્રાપ્ત થાય છે, તો આરાધન કરાએલ ધર્મનું જ સંપૂર્ણ

ફળ તું નિશ્ચય જાણ. જિનેશ્વરની આરાધના–સેવા સિવાય ધર્મ વૃદ્ધિ પામતો નથી. શું ચંદ્રકાન્ત મણિ ચંદ્રિકા વિના અમૃતને ઝરે ? અર્થાત્ નહીં, તો જિનેશ્વર ભગવાનની ભક્તિ સિવાય ધર્મ વૃદ્ધિ પામે જ નહિ. કાળના પ્રભાવથી ધર્મનું સ્વરૂપ ન સમજાતું હોય તો પણ જિનશ્વરોના ઉપદેશ દ્વારા ધર્મ સૂર્યની માફક લોકોને જાગૃતિ આપે છે–સાચો માર્ગ બતાવે છે. જિનેશ્વરના જન્મ–સ્નાત્રાદિ મહોત્સવોમાં તીર્થંકરની સેવા એ જ દેવો માટે શ્રેષ્ઠ કર્ત્તવ્ય છે. જે દેવો અરિહંત પરમાત્માના કલ્યાણકોને કરતા નથી તેનું દેવપણું નિષ્ફળ જાય છે અને ફરીથી તે દેવપણું તેને પ્રાપ્ત થતું નથી; માટે હે મિત્ર! ચાલ, આમાં જ તારું કલ્યાણ છે. ઇંદ્ર ઘણે દૂર ચાલ્યા ગયા છે.'' આ પ્રમાણે મિત્રોવડે પ્રેરાયેલ કોઈએક દેવ ઇંદ્રને જઈ મળ્યો. વળી પોતના ઉપર રહેલા દેવલોકની દેવાંગનાઓને પણ નીરખવામાં આસક્ત બનેલા કેટલાએક દેવો, ઈશાનેંદ્ર પ્રમુખ ઇંદ્રોની શોભા જોવાને ઉત્કંઠિત થયેલ કેટલાએક દેવો, દેવાંગનાઓનાં સંગીતનું શ્રવણ કરવામાં આતુર બનેલા કેટલાએક દેવો, આજ્ઞાનો ભંગ કરવાથી ક્રોધાન્વિત ઇંદ્રની ભીતિવાળા કેટલાએક દેવો, મનોહર અને શ્રેષ્ઠ વાજીંત્રોના નાદ કરવામાં પ્રયત્નશીલ કેટલાએક દેવો તીર્થંકર ભગવંતના ધ્યાનમાં આસક્ત મનવાળા કેટલાએક દેવો અતિ ઝડપી ગતિવાળા વિધવિધ પ્રકારનાં વિમાનરૂપી વાહનોદ્વારા ઇંદ્રને અનુસર્યા, એટલે જેમ નદીઓના પૂરથી સાગર શોભે તેમ અગાઉથી ગયેલ વિમાનસમૂહ પાછળથી આવી પહોંચેલા વિમાન–સમુદાયથી શોભી ઊઠ્યો. પોતાની બન્ને બાજુએ ચાલતાં વિમાનોને જોવાને માટે જાણે વિકસિત આંખવાળું બન્યું હોય તેમ ઉઘડેલા ગવાક્ષવાળું ને ગતિ કરતું તે પાલક વિમાન આકાશમાં શોભવા લાગ્યું. ''જિનેશ્વરની સેવાને માટે અમે આવ્યા છીએ.'' એમ ઇંદ્રને દેખાડવાને માટે દેવો ઉતાવળા બનીને પોતપોતાના વિમાનોને પાલક વિમાનની પાસે લાવવા લાગ્યા. તે વખતે વિમાનોના પરસ્પરના સંઘર્ષણથી આકાશને વિષે જે સ્વેદબિંદુઓ પ્રકટ્યાં તે હજી પણ તારાઓના બહાનાથી જોવાઈ રહ્યાં છે. તે વખતે કોઈ એક દેવે બીજા દેવને ઉદ્દેશીને કહ્યું કે : ''તારું વિમાન મારા આ વિમાન સાથે શા માટે અથડાવે છે ? આ આકાશમાર્ગ વિશાળ છે તો ફોગટ દ્વેષ–ઈર્ષ્યા શા માટે કરે છે ?'' વળી બીજો કોઈ દેવ બોલ્યો કે : ''મારી આગળ દાખલ થતો તું મારી ગતિના વિલંબ માટે કેમ થાય છે ? કારણ કે તારા વાહનના હંસો વિલાસવતી સ્ત્રીના માફક હાવભાવયુક્ત મંદ ગતિએ ચાલી રહ્યા છે.'' વળી કોઈ એક દેવે બીજા કોઈ દેવને ઉદ્દેશીને કહ્યું કે : ''પાછળથી મારા વિમાનને શા માટે તું તારા વિમાનવડે અથડાવે છે ? તારી સન્મુખ શું તું જોતો નથી ? જો તું જલ્દી જવાને બહુ જ ઉત્સુક હો તો વિમાનની પંક્તિની બહાર નીકળી જઈને તું શીઘ્ર ગતિ કર.'' અધિક હર્ષયુક્ત બનેલા દેવોનું ઉપર પ્રમાણેનું પરસ્પર સંઘર્ષણ થવાથી કલહજન્ય મહાકોલાહળ પ્રગટ્યો તેવામાં ''હે દેવો! વિમાનોના સંઘર્ષણને કારણે તમો કલહ કરો નહિ. આજના આ મહોત્સવ પ્રસંગે જો પરસ્પરનું સંઘર્ષણજન્ય કષ્ટ ન થાય તો તેને ઉત્સવ કેમ કહી શકાય?'' એ પ્રમાણેની ઘોષણા ઇંદ્ર

મહારાજના આદેશથી કેટલાએક દેવોએ ઉચ્ચ સ્વરે કરી. "શું પ્રિયા સાથેના મધુર આલાપ-સંભાષણના હર્ષથી વિમાન ચલાવવાની રીતિની તને વિસ્મૃતિ થઈ છે ?" આ પ્રમાણે કોઈ એક દેવે પ્રિયા સાથે વાર્તાલાપમાં મગ્ન બનેલા દેવને ઉદ્દેશીને કહ્યું. વળી બીજા દેવે કહ્યું કે : "હે મિત્ર! જ્યોતિષી દેવોના કલહને સાંભળ અને મેઘની ગાઢ ઘટાથી તારું વિમાન આચ્છાદિત બનેલ હોવાથી દેવીઓદ્વારા તું વખણાઈ રહ્યો છે." વળી બીજા દેવે પોતાના અન્ય મિત્ર દેવને કહ્યું કે : "વિશાળ પૃથ્વીપીઠ પર ચારે બાજુ પર્વત, ગ્રામ તથા ઉપવનોની શોભાને નીરખતો તારી ગતિને અત્યંત મંદ કેમ બનાવે છે?" વળી અન્ય કોઈ દેવે અન્યને કહ્યું કે : "હે મિત્ર! ખેદ પામેલાની જેમ તને તારું આ મંદગતિવાળું વાહન આનંદ ઉપજાવતું નથી? હે મૂઢ! દૂર ચાલ્યા ગયેલા પાલક વિમાનને શું તું જોતો નથી? પ્રમાદના પરવશપણાથી ક્રીડા કરતો તું જો પાછળથી આવીશ તો અસંખ્ય દેવસમૂહમાં પરમાત્માનું મુખ તું જોઈ શકીશ નહિ." આ પ્રમાણે મિત્રોથી પ્રેરણા કરાયેલા અને પાછળ રહી ગયેલા કેટલાએક દેવો અત્યંત ઝડપી વાહનોદ્વારા ઇંદ્રની સાથે થઈ ગયા. પુષ્પ સમૂહને એકત્ર કરવામાં ચતુર દેવોનાં અનુચરો પણ તીર્થંકરની પૂજા કરવા માટે દેવવૃક્ષ-કલ્પવૃક્ષની જેમ દેવોની સાથે ચાલ્યા. વૈમાનિક દેવોનાં વિમાનો, અત્યંત વેગને કારણે પ્રગટેલા પ્રસ્વેદનાં બિંદુ સરખા હોય તેવા પોતાની આસપાસ ધારણ કરેલાં મોતીઓવડે શોભતા હતા. દેવોનાં વિમાનોના વેગથી શીઘ્ર તૂટી ગયેલા હારના છૂટા પડી ગયેલા મોતીઓ જાણે હાંકી કઢાયેલા તારાઓ હોય તેમ આકાશમાંથી પડવા લાગ્યાં. પરસ્પરના સંઘર્ષણથી પૂર્વે પહેરેલા મોતીઓનાં આભૂષણો તૂટી જવાથી નક્ષત્રગણોની શ્રેષ્ઠ દેવીઓનાં મોતીઓનાં આભૂષણરૂપ બન્યા. આકાશમાર્ગમાં આવી પહોંચેલા દેવોનું ચંદ્રે પોતાના ચંદન સરખા કિરણસમૂહથી થાકને દૂર કરનારું અર્ચનવિલેપન કર્યું. શ્વેત કિરણવાળા સૂર્યથી શ્વેત વાળવાળા બનેલા દેવો (નિર્જર-જરા રહિત) જાણે કે વૃદ્ધાવસ્થાયુક્ત બન્યા હોય તેમ શોભવા લાગ્યા. (શ્વેત વાળ એ વૃદ્ધાવસ્થાની નિશાની છે. અહીં સૂર્યનાં કિરણોનો પ્રકાશ પડવાથી દેવોના વાળ શ્વેત રૂપને ધારણ કરી રહ્યા હતા, એમ જાણી કવિએ દેવો નિર્જર હોવા છતાં તેઓની વૃદ્ધાવસ્થાની કલ્પના કરી છે. બાકી દેવો તો સદૈવ નૂતન યુવાવસ્થાવાળા જ હોય છે.) પોતાની નજીકમાં પસાર થતાં દેવવિમાનોના મણિરૂપી અંકુરાઓથી હજાર કિરણોવાળો સૂર્ય અચાનક જાણે કરોડો કિરણોવાળો બન્યો હોય તેમ દેખાવા લાગ્યો. આકાશમાં ચાલતાં વિમાનો જાણે રવિકિરણોથી ખેદ પામ્યાં હોય તેમ ચંચળ એવા પોતાના ધ્વજાના પ્રાંતભાંગ-છેડાથી પોતાની જાતને પવન નાખવા લાગ્યાં. વિમાનરૂપ હસ્તિઓએ પોતાની સૂંઢદ્વારા ગ્રહણ કરેલ મેઘજળનો સત્કાર કરવાથી બહાર નીકળેલા જળબિંદુની વૃષ્ટિથી દેવોના તાપને દૂર કર્યો. સૂર્યથી ત્રાસી ગયેલા દેવોના વાહનરૂપી પાડાઓ મેઘોના સંતાપહારી જળને વિષે ગરક થઈ ગયા-વાદળાંમાં છુપાઈ ગયા. પોત-પોતાનાં વિવિધ પ્રકારનાં વિમાનોનાં રત્નકિરણોના સમૂહદ્વારા દેવોએ મેઘોને સેંકડો ઇંદ્રધનુષ્યો આપ્યાં અને તેઓની ઉપર રહેલા મેઘોએ પણ

દેવોને સેંકડો ઇંદ્રધનુષો બદલામાં આપ્યા. એટલે મેઘોના ઇંદ્રધનુષ્યનાં પ્રતિબિંબ દેવો પર પડવાથી દેવો પણ ઇંદ્રધનુષ્ય યુક્ત દેખાયા. વળી મેઘશ્રેણીની નીચે પસાર થઈ રહેલા વિમાનોની શ્વેત પતાકાઓ જાણે બગલાની પંક્તિઓ હોય તેવી દેખાવા લાગી. મેઘની જળશ્રેણીને ધીમે ધીમે થરથરાવતો, દેવાંગનાઓનાં કમળ સરખા સુવાસવાળા મુખવાયુનો આશરો લેતો, મિત્રરૂપી દેવોને આલિંગન આપવાવડે ખુશ કરતો પવન પોતાના પથમાં— આકાશમાર્ગમાં આવી પહોંચેલા ઇંદ્રની ઉપાસના કરવા લાગ્યો.

બાદ અસંખ્ય દ્વીપો તેમ જ સમુદ્રોને વેગથી ઓળંગીને સૌધર્મેંદ્ર પાલક વિમાનદ્વારા **નંદીશ્વર** દ્વીપે આવી પહોંચ્યો. તે નંદીશ્વર દ્વીપમાં દક્ષિણ અને પૂર્વ દિશાના મધ્ય ભાગમાં (અગ્નિખૂણામાં) રહેલા **રતિકર** નામના પર્વત પર, ગણિતશાસ્ત્રી જેમ સંખ્યાનો સંક્ષેપ કરે તેમ ઇંદ્રે પાલક વિમાનને સંક્ષેપ્યું—નાનું બનાવ્યું. ત્યાંથી આગળ પ્રયાણ કરતાં વચ્ચે આવતાં દ્વીપો અને સમુદ્રોને ઓળંગતા જેમ સંયમી પુરુષ ગુણસ્થાનોને પ્રાપ્ત કરીને સંસારનો સંક્ષેપ કરે— ઓછો બનાવે તેમ ઇંદ્રે પાલક વિમાન વારંવાર ઓછું ઓછું બનાવ્યું. ક્ષણ માત્રમાં જંબૂદ્વીપના દક્ષિણ ભરતાર્ધમાં પ્રથમ પ્રભુના જન્મસ્થાનની નજીક ઇંદ્ર આવી પહોંચ્યો, એટલે પંક્તિબદ્ધ— શ્રેણીમાં ઊતરતા વિમાનોની વચ્ચે રહેલ પાલક વિમાન આકાશરૂપી લક્ષ્મીના હારના મધ્યભાગમાં રહેલ ચગદાની માફક શોભી રહ્યું. જેમ વર્ષાઋતુમાં પર્વત પરથી ચારે તરફ નીચે ઊતરતી નદીઓ શોભે તેમ આકાશમાંથી પૃથ્વીપીઠ પર ઉતરતી વિમાનોની પંક્તિ પણ શોભવા લાગી. બાદ જેમ નક્ષત્ર ગણ **'ધ્રુવ'**ના તારાને પ્રદક્ષિણા આપે તેમ સૌધર્મેંદ્રે પાલક વિમાનદ્વારા સૂતિકાગૃહને પ્રદક્ષિણા આપી. બાદ જેમ મુનિ પોતાના મનને આત્માને વિષે સ્થિર કરે તેમ ઇંદ્રે પાલક વિમાનને ઈશાન ખૂણામાં સ્થાપ્યું—રાખ્યું. બાદ વિમાનમાંથી ઊતરીને પ્રભુને જોવાની અત્યંત ઉત્કંઠાવાળો ઇંદ્ર શીઘ્રતાથી હર્ષપૂર્વક પ્રભુ સમીપે ગયો, અને જાણે કે પ્રભુનાં દર્શનથી પ્રગટ થનારાં પુણ્યને ગ્રહણ કરવાને આતુર હોય તેમ સૌધર્મેંદ્રે પરમાત્માને નજરે જોતાંની સાથે જ પ્રણામ કર્યા. બાદ અત્યંત તૃષાથી પીડિત પ્રાણી જેમ પાણી પીને ફરીવાર પણ પાણી પીવે તેમ ઇંદ્રે માતાયુક્ત જિનેશ્વર ભગવંતને ફરીથી પ્રદક્ષિણા દઈને નમસ્કાર કર્યો.

## સૌધર્મેંદ્રે મરુદેવા માતાની કરેલી સ્તુતિ—

બાદ સેવા કરવામાં કુશળ, મહાપુણ્યશાળી, અંજલિ જોડેલ ઇંદ્ર નીચે પ્રમાણે મરુદેવાની સ્તુતિ કરી. "હે ત્રણ જગતની માતા તમો જય પામો! ત્રણ જગતથી નમસ્કાર કરાયેલ હે માતા! તમે જય પામો. ત્રણ ભુવનવડે સ્તુતિ કરવાને લાયક હે માતા! તમે જય પામો. ત્રણ ભુવન વિષે કીર્તિશાળી આપ જય પામો! હે દેવી! સંસારના અંત સુધી લક્ષ્મીના સ્થાનભૂત તમારા નામને હૃદયમાં યાદ કરીકરીને લોકો દારિદ્ર્યનો નાશ કરનારી લક્ષ્મીનો આશ્રય કરશે અર્થાત્ તમારા નામ—સ્મરણથી લોકો લક્ષ્મીવાળા બનશે. કાળના પ્રભાવથી આ

ભરતક્ષેત્રમાં લુપ્ત થયેલ ધર્મનો ઉદ્ધાર કરવામાં વૃષભ સમાન પુત્રને તમે જન્મ આપ્યો છે. હે માતા! રત્નને પ્રગટાવનારી રોહણાચલની ભૂમિ પણ આપની બરોબરી—હરિફાઈ કરી શકે તેમ નથી કારણ કે ત્રિભુવનના આભૂષણરૂપ પુત્ર તમારી કુક્ષીએ જન્મ્યા છે. હે માતા! મૃત્યુલોકને પ્રકાશિત કરનાર સૂર્યને જે દિશા પ્રગટાવે છે તે પૂર્વ દિશાને જ પંડિત પુરુષો સર્વ દિશાઓને વિષે શ્રેષ્ઠ ગણે છે. સમસ્ત વિશ્વને પ્રકાશિત કરનાર પરમાત્માની જન્મદાત્રી હે માતા! તમે ઉત્તમ સ્ત્રીઓને વિષે શ્રેષ્ઠ કેમ ન ગણાઓ? અર્થાત્ તમો સર્વ સ્ત્રીઓને વિષે શ્રેષ્ઠ છો. હે કલ્યાણકારિણી માતા! પ્રથમ તીર્થંકર તમારા પુત્રનો જન્મમહોત્સવ કરવાને માટે હું સૌધર્મેંદ્ર આવ્યો છું, તો તમારે ભયભીત થવું જોઈએ નહિ.'' આ પ્રમાણે કહીને ઇંદ્રે મરુદેવા માતાને **અવસ્વાપિની** નિદ્રા આપીને બુદ્ધિનિધાન તેણે તેમના પડખામાં પ્રભુનું પ્રતિબિંબ મૂક્યું.

### મેરુપર્વત પર ઋષભદેવને લઈ જવું—

“પાંચ ઇંદ્રિયોને જીતીને પાંચ[1] વિષયોને છેતરનાર, કામદેવનો તિરસ્કાર કરનાર, પાંચ[2] મહાવ્રતોનું આચરણ કરનાર, પાંચ સમિતિને સ્વીકારનાર, પાંચ[3] આચારમાં પ્રવીણ, પંચભૂતના બનેલા શરીર પર નિર્મમત્વ ભાવ રાખનાર, પાંચમું કેવળજ્ઞાન ઉપાર્જન કરીને પાંચમી ગતિ (મોક્ષ)ને પામશે તેથી [4]પંચપરમેષ્ઠીમાં મુખ્ય પરમાત્માની હું પોતે પાંચ રૂપોદ્વારા સેવા કરું'' એમ વિચારીને ઇંદ્રે પાંચ રૂપો વિકુર્વ્યાં. બાદ “હે નાથ! મેરુપર્વતના શિખર પર આપનો સ્નાત્રાભિષેક કરવા માટે મને આજ્ઞા આપો.'' આ પ્રમાણે કહીને, આગળ આવીને, પ્રભુને પ્રણામ કરીને, ગોશીર્ષ ચંદનવડે લેપાયેલા પોતાના બંને હસ્તવડે ભક્તિપૂર્વક જાણે અંગધારી—શરીરધારી કલ્યાણને ગ્રહણ કરતો હોય તેમ સૌધર્મેંદ્રે પરમાત્માને પોતાના એક રૂપથી ગ્રહણ કર્યા. બીજા રૂપે પાછળ ચાલતાં ઇંદ્રે પ્રભુના મસ્તક પર શ્વેત છત્રને ધારણ કર્યું કે જે છત્ર ઇંદ્રના એકઠા થયેલ પુણ્યના રાશિ સરખું શોભતું હતું. બીજા બે રૂપવડે ઇંદ્રે પોતાના હજાર નેત્રોનાં કિરણોનાં સમૂહ સરખાં સ્વચ્છ કાંતિવાળા અને વિશાળ બે ચામરો ધારણ કર્યાં. પાંચમા રૂપે નિષ્કપટ ભક્તિભાવવાળો, મનોહર ગતિવાળો અને પરમાત્મા પ્રત્યે દૃષ્ટિને સ્થિર કરતો તેમજ વારંવાર પાછળ—પાછળ નિરીક્ષણ કરતો ઇંદ્ર હાથમાં વજ્ર ગ્રહણ કરીને પ્રભુની આગળ—આગળ ચાલવા લાગ્યો. જેમ શરીરને વિષે રહેલા આત્માવડે પોતપોતાનો વ્યવસાય કરતી પાંચે ઇંદ્રિયો જેમ શોભે તેમ સૌધર્મેંદ્રે કરેલા પાંચે રૂપો પોતપોતાને યોગ્ય કાર્ય કરવાથી સ્વામીને લીધે શોભવા લાગ્યા. જાણે શરીરધારી ત્રણ જગતનું ભાગ્ય હોય તેવા જગત્પ્રભુને

---

૧. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ.

૨. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અકિંચનપણું, અર્થાત્ પ્રાણાતિપાત-વિરમણ, મૃષાવાદવિરમણ, અદત્તાદાનવિરમણ, મૈથુનવિરમણ અને પરિગ્રહપરિમાણ.

૩. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર.

૪. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ.

ગ્રહણ કરીને અધિક આનંદ યુક્ત બનેલા તે પાંચે રૂપો અત્યંત ત્વરાપૂર્વક આકાશમાં ઊડ્યા. "હે સ્વામિન્! જય પામો, જય પામો" એવી જાતના ધ્વનિથી દિશાઓને ભરી દેતા અને મસ્તક નમાવતા દેવોએ એકી સાથે પરમાત્માને નમસ્કાર કર્યો. પ્રભુના મુખરૂપી ચંદ્રના દર્શનથી દેવોનાં નેત્રરૂપી પોયણાઓ પ્રફુલ્લ બન્યા અને હસ્તદ્વયરૂપી કમળ કળીના આકારે, સંકોચાઈ ગયા, અર્થાત્ કે દેવોએ અંજલિ જોડી. જે કોઈ પરમાત્મા પ્રત્યે ભક્તિભાવવાળી ક્રિયા કરે છે તે ઊર્ધ્વગતિ પામે છે; કારણ કે દેવોના નીચે રહેલા હસ્તો પ્રભુને પ્રણામ કરવાથી મસ્તક પર ચઢ્યા અર્થાત્ ઉન્નત થયા. પ્રભુના એક હજાર ને આઠ લક્ષણો એકી સાથે જોવાને માટે હજાર આંખવાળા ઇંદ્રે અધિક આંખોની ઇચ્છા કરી, એટલે કે પોતાને હજાર નેત્રો હતા અને પ્રભુનાં લક્ષણો તો ૧૦૦૮ હોવાથી એક એક આંખે એકી સાથે જોવે તો પણ ૧૦૦૦ ગુણ–લક્ષણ જ જોવાય એટલે તેમણે વધારે આંખો–નેત્રોની સ્પૃહા કરી. પરમાત્માના અસાધારણ રૂપનું નિરીક્ષણ કરતાં ઇંદ્રે પોતાના નેત્રોના અનિમેષપણાની સાર્થકતાના વખાણ કર્યા. દેવોને કદી આંખ વીંચાવાપણું હોતું જ નથી એટલે નિર્નિમેષ દૃષ્ટિએ ઇંદ્રે પ્રભુને નીરખ્યા. પોતાના બંને નેત્રોવડે પરમાત્માને નીરખવા છતાં અતૃપ્ત બનેલા અને વિસ્મય પામેલા દેવોએ હજાર નેત્રોવાળા ઇંદ્રપણાની અભિલાષા કરી. સ્વામીના મુખને જોવાને માટે "હું પહેલો, હું પહેલો" એવી ઇચ્છા કરતા દેવોનો પરસ્પર મહાસંઘર્ષ થયો–પરસ્પર અથડાઅથડી થઈ. વળી ફરફરતી ધ્વજાઓના છેડાઓદ્વારા વિમાનોની શ્રેણીઓએ, દેવાંગનાઓની સ્પર્ધાને લઈને જ હોય તેમ પ્રભુના ઓવારણા લીધા, અર્થાત્ કે ધ્વજાઓના છેડાઓ ફરફરી રહ્યાં હતાં. બાદ દિશાસમૂહને વાચાળ બનાવતો અને વાજીંત્રો વગડાવતો ઇંદ્ર પ્રભુનો જન્મમહોત્સવ કરવાને માટે મેરુપર્વત તરફ ચાલ્યો. આગળ–આગળ ચાલનારા દેવોનાં નેત્રો વારંવાર પાછું વાળીને જોવાના કારણે પ્રભુ પ્રત્યે સ્થિર થયા હતા. આગળ જતાં રોકાઈ જવાથી પ્રભુને જોવાની ઇચ્છાવાળા કેટલાક દેવો **અણિમા** લબ્ધિના કારણથી સૂક્ષ્મ બનીને પ્રભુની મોઢા આગળ થઈ ગયા. દેવોનાં સિંહના વાહનથી હાથીરૂપી વાહન, મહિષના વાહનથી અશ્વવાહન, દીપડાના વાહનથી મૃગવાહન, ગરુડના વાહનથી સર્પવાહન–આવા પ્રકારનાં પોતપોતાના વાહનોને માર્ગમાં એકબીજાથી દૂર રાખવાનો ફોગટ પ્રયત્ન દેવોએ કર્યો; કારણ કે જિનેશ્વર ભગવંતની સમીપમાં શાશ્વત વૈરીઓ–જન્મવૈરીઓનું વૈર પણ ટકી શકતું નથી. "ત્રિભુવનને વિષે પરમાત્માના રૂપની હરિફાઈ કરી શકે તેવું રૂપ નથી, નેત્રને અમૃતાંજન સમાન પ્રભુની કાંતિ ખરેખર અપૂર્વ જ છે, પરમાત્માના નેત્રનું મનોહરપણું અવર્ણનીય છે, પ્રભુનું શરીર સમતારૂપી સંપત્તિના સ્થાનભૂત છે, અરે! પરમાત્મા બાળવયના હોવા છતાં તેમનું મહાત્મ્ય (પ્રભાવ) અગાધ છે, તેમના મુખદર્શનથી અમને સ્વર્ગની પણ સ્પૃહા થતી નથી, આજે આપણા સ્વામી સૌધર્મેંદ્રે આપણા પર મહાન્ મહેરબાની કરી છે કે જેઓ પરમાત્માના આ સ્નાત્રમહોત્સવ પ્રસંગે આપણને લાવ્યા." આ પ્રમાણે બોલતાં દેવો, મસ્તક પર રહેલી ભવપરંપરાને ત્યાગવામાં તત્પર થયા હોય તેમ મસ્તક ધુણાવવા લાગ્યા.

બાદ વિશાળ ઉત્સવ કરતાં દેવો સાથે બંને હસ્તવડે પ્રભુને ગ્રહણ કરતો સૌધર્મેન્દ્ર મેરુપર્વત પર પહોંચ્યો. તે મેરુપર્વત પર પાંડુક વનમાં દક્ષિણ દિશામાં ચૂલિકા પર સ્ફટિકરત્ન કરતાં પણ અતિ નિર્મળ **અતિપાંડુકબલા** નામની શિલા છે. તે શિલા પાંચસો યોજન લાંબી ને અર્ધ ચંદ્રની આકૃતિવાળી છે. તેની ઉપર અરિહંત ભગવંતના સ્નાત્રાભિષેક માટે શાશ્વતું સિંહાસન રહેલું હોય છે. ચિત્રવિચિત્ર મણિઓથી આકાશને વિવિધરંગી બનાવતા તે સિંહાસન પર ઇંદ્ર પ્રભુને ખોળામાં લઈને પૂર્વ દિશામાં હર્ષપૂર્વક બેઠા. "સિંહાસનનું કંપન, ક્રોધનો આવિષ્કાર, અવધિજ્ઞાનવડે જિનેશ્વરના જન્મનું જાણવું, ઘંટાનાદ કરાવવો, સેનાધિપતિને બોલાવવો, વિમાનનું રચવું તેમજ સંક્ષેપવું"—આવો બધો ઇંદ્રનો સરખો ક્રમ હોવાથી [1]ચોસઠે ઇંદ્રોના સંબંધમાં ઉપર જણાવેલ બધી ક્રિયાઓ થઈ જાણવી.

## ઇશાનેંદ્ર વિગેરેનું મેરુપર્વત પર આગમન—

દરમિયાન **"મહાઘોષા"** ઘંટાના નાદથી જાગૃત થએલા અઠ્ઠાવીશ લાખ વિમાનવાસી દેવોથી વીંટળાએલ, **પુષ્પક** નામના આભિયોગિક દેવવડે તૈયાર કરાએલ **પુષ્પક** નામના વિમાનમાં ત્રિશૂળના હથિયાર (શસ્ત્ર)વાળો અને વૃષભના વાહનવાળો **ઇશાનેંદ્ર** બેઠો અને દક્ષિણ દિશાદ્વારા ઇશાન દેવલોકથી ઊતરીને તિર્ચ્છાગતિથી નંદીશ્વર દ્વીપે આવીને, ઇશાન દિશામાં રહેલા રતિકર પર્વત પર પુષ્પક વિમાનને સંક્ષેપીને અને ઉત્તરોત્તર આગળ વધતાં વારંવાર વિમાનને સંક્ષેપીને તે પણ સૌધર્મેંદ્રની માફક શીઘ્રપણે મેરુપર્વત પર આવી પહોંચ્યો. **સનત્કુમારેંદ્ર** બાર લાખ વિમાનના પોતાના પરિવાર સાથે પોતાના **સુમનસ** નામના વિમાનદ્વારા આવી પહોંચ્યો. મનની જેવા વેગવાળો **માહેંદ્ર** પણ આઠ લાખ વિમાનવાસી દેવો સહિત પોતાના **શ્રીવત્સ** નામના વિમાનવડે આવી પહોંચ્યો. **બ્રહ્મેંદ્ર** ચાર લાખ વિમાનવાસી દેવો યુક્ત પોતાના **નંદ્યાવર્ત** નામના વિમાનદ્વારા જિનેશ્વર ભગવંતની સમીપે આવી પહોંચ્યો. **લાંતકેંદ્ર** પોતાના પચાસ હજાર વિમાનવાસી દેવો સહિત **કામગવ** નામના વિમાનવડે પ્રભુ સન્મુખ આવી પહોંચ્યો. ચાલીશ હજાર વિમાનવાસી દેવોથી પરિવરેલ **શુક્રેંદ્ર** પોતાના **પ્રીતિગમ** નામના વિમાનદ્વારા મેરુપર્વત પર આવી પહોંચ્યો. **સહસ્રારેંદ્ર** પોતાના છ હજાર વિમાનવાસી દેવો યુક્ત **મનોરમ** નામના વિમાનવડે મેરુપર્વત પર આવી પહોંચ્યો. **આનત** અને **પ્રાણત** દેવલોકનો સ્વામી પોતાના ચારસો વિમાનવાસી પરિવાર સહિત પોતાના **વિમલ** નામના વિમાનદ્વારા આવી પહોંચ્યો. **આરણ** તથા **અચ્યુત** દેવલોકનો સ્વામી ત્રણ સો વિમાનવાસી દેવોથી પરિવરીને પોતાના **સર્વતોભદ્ર** નામના વિમાનવડે આવી પહોંચ્યો.

આ જ અવસરે **રત્નપ્રભા** નામની નરકપૃથ્વીના ઉપરના ભાગમાં ભવનપતિ તેમજ વ્યંતરના ઇંદ્રોના આસનો ધ્રૂજી ઊઠ્યા એટલે **ચમરચંચા** નામની નગરીમાં **સુધર્મા** નામની

૧. ભવનપતિના વીશ, વ્યંતરોના બત્રીશ, જ્યોતિષીઓના બે તથા વૈમાનિકોના દશ મળી કુલ ચોસઠ ઇંદ્રો થાય છે.

સભામાં **ચમર** નામના વિમાન પર બેઠેલા [૧]**ચમરેંદ્રે** અવધિજ્ઞાનદ્વારા જિનેશ્વર ભગવંતનો જન્મ જાણીને પોતાના **દ્રુમ** નામના સેનાધિપતિદ્વારા **ઓઘસ્વરા** નામની ઘંટા વગડાવી અને પોતે ચોસઠ હજાર સામાનિક દેવો, તેત્રીશ ત્રાયસ્ત્રિંશત્ દેવો, ચાર લોકપાળ, ત્રણ પર્ષદા, પાંચ અગ્રમહિષી, સાત સેનાઓ તેમજ તેના સાત સેનાધિપતિઓ, ચોસઠ હજાર આત્મરક્ષક દેવોથી વીંટળાઈને આભિયોગિક દેવોવડે રચાયેલા વિમાન પર આરૂઢ થયો અને પાંચસો યોજન ઊંચા ધ્વજવાળું અને પચાસ હજાર યોજન વિસ્તારવાળું તે વિમાન સૌધર્મેંદ્રની માફક માર્ગમાં સંક્ષેપીને જ્યાં તીર્થંકર ભગવંત વિરાજેલા છે ત્યાં મેરુપર્વત પર આવી પહોંચ્યો. **બલિ** નામના ઇંદ્રે પોતાની રાજધાની **બલિચંચા** નગરીમાં **મહાદ્રુમ** નામના પોતાના સેનાધિપતિદ્વારા **મહૌઘસ્વરા** નામની ઘંટા વગડાવી અને સાઠ હજાર સામાનિક દેવો, તેનાથી ચારગણા આત્મરક્ષક દેવો તેમજ ત્રાયાસ્ત્રિંશત્ અસુરોથી પરિવરેલ બલીંદ્ર ચમરેંદ્રની માફક ત્વરાપૂર્વક પરમાત્માના સંગથી પવિત્ર બનેલા મેરુપર્વત પર આવી પહોંચ્યો. નાગકુમારેંદ્ર **ધરણ** પોતાના સેનાધિપતિ **ભદ્રસેન**દ્વારા **મેઘસ્વરા** નામની ઘંટા વગડાવીને જાગૃત કરેલા—સાવધાન કરેલા છ હજાર સામાનિક દેવો, તેનાથી ચાર ગણા આત્મરક્ષક દેવો, છ અગ્રમહિષીઓ તેમજ અન્ય નાગકુમારોથી પરિવરીને પચીશ હજાર યોજનના વિસ્તારવાળા અને અઢીસો યોજન ઊંચા ઇંદ્રધ્વજવાળા વિમાન પર આરૂઢ થઈને પ્રભુભક્તિથી પ્રેરાઈને, પરમાત્માદ્વારા પોતાની જાતને ધન્ય માનતા મેરુપર્વત પર આવી પહોંચ્યો. બાદ નાગેંદ્ર **ભૂતાનંદ** પણ પોતાના **દક્ષ** નામના સેનાધિપતિદ્વારા **મેઘસ્વરા** નામની ઘંટા વગડાવીને સાવચેત કરાએલ સામાનિક દેવો અને અન્ય નાગકુમારોવડે વીંટળાઈને શીઘ્રતાથી વિમાન પર આરૂઢ થઈને મેરુપર્વત પર આવી પહોંચ્યો. **હરિ** અને **હરિસહ** નામના બંને વિદ્યુત્કુમારેંદ્ર, **વેણુદેવ** અને **વેણુદારી** નામના બંને સુવર્ણકુમારેંદ્ર, **અગ્નિશિખા** અને **અગ્નિમાણવ** નામના બંને અગ્નિકુમારેંદ્ર, **વેલમ્બ** અને **પ્રભંજન** નામના બંને વાયુકુમારેંદ્ર, **સુઘોષ** અને **મહાઘોષ** નામના મેઘકુમારેંદ્ર, **જલકાંતિ** અને **જલપ્રભ** નામના બંને ઉદધિકુમારેંદ્ર, **પૂર્ણસંજ્ઞ** અને **અવશિષ્ટ** નામના બંને દ્વીપકુમારેંદ્ર તેમજ **અમિત** અને **અમિતવાહન** નામના બંને દિક્કુમારેંદ્ર પણ આવી પહોંચ્યા.

[૨]**કાલ** અને **મહાકાલ** નામના પિશાચેંદ્ર, **સુરૂપ** અને **પ્રતિરૂપ** નામના બંને ભૂતેંદ્ર, **પૂર્ણભદ્ર** અને **માણિભદ્ર** નામના બંને યક્ષેંદ્ર, **ભીમ** અને **મહાભીમ** નામના બંને રાક્ષસેંદ્ર, **કિન્નર** તથા **કિંપુરુષ** નામના બંને કિન્નરેંદ્ર, **સત્પુરુષ** અને **મહાપુરુષ** નામના કિંપુરુષેંદ્ર, **અતિકાય** અને **મહાકાય** નામના બંને મહોરગેંદ્ર, તેમજ **ગીતરતિ** અને **ગીતયશ** નામના બંને ગંધર્વેંદ્ર પણ આવી પહોંચ્યા.

---

૧. અહીંથી ભવનપતિના વીસ ઇંદ્રોના નામ શરૂ થાય છે.

૨. વ્યંતર નિકાયના બત્રીશ ઇંદ્રો છે, તેમાં વ્યંતરના સોળ અને વાણવ્યંતરના સોળ મળી બત્રીશ ઇંદ્રો છે. તેમાં પહેલા સોળ નામ વ્યતરેંદ્રના છે જ્યારે નીચેના સોળ નામ વાણવ્યંતરેંદ્રના સમજવા.

અપ્રજ્ઞપ્તિ (અણપન્ની) અને પંચપ્રજ્ઞપ્તિ (પણપન્ની) વિગેરે આઠ પ્રકારના વાણવ્યંતરોના સોળ ઇંદ્રો પણ આવી પહોંચ્યા, જે સોળ ઇંદ્રોના નામ નીચે પ્રમાણે છે. **સન્નિહિત** અને **સમાન** નામના બંને અપ્રજ્ઞપ્તીંદ્ર, **ધાતા** અને **વિધાતા** નામના પંચપ્રજ્ઞપ્તીંદ્ર, **ઋષિ** અને **ઋષિપાલ** નામના ઋષિવાદિતેંદ્ર, **ઈશ્વર** અને **મહેશ્વર** નામના ભૂતવાદિતેંદ્ર, **સુવત્સ** અને **વિશાળ** નામના કંદિતેંદ્ર, **હાસ** અને **હાસરતિ** નામના મહાકંદિતેંદ્ર, **શ્વેત** અને **મહાશ્વેત** નામના કૂષ્માંડેંદ્ર, તેમજ **પવક** અને **પવકપતિ** નામના પવકેંદ્ર પણ મેરુપર્વત પર આવી પહોંચ્યા. આ ઉપરાંત જ્યોતિષીઓના **ચંદ્ર** અને **સૂર્ય** નામના બે ઇંદ્રો—આ પ્રમાણે બધા મળીને ચોસઠે ઇંદ્રો મેરુપર્વતના શિખર ઉપર આવી પહોંચ્યા.

## જિનેશ્વર ભગવંતનો સ્નાત્રવિધિ—

બાદ આભિયોગિક દેવોદ્વારા તૈયાર કરાએલા (૧) માટીના, (૨) રત્નના, (૩) રૂપાના, (૪) સોનાના, (૫) સોના તેમજ રૂપાના, (૬) સોના તેમજ રત્નના, (૭) સોના, રૂપા ને રત્નના અને (૮) રૂપા તથા રત્નના—એમ આઠ પ્રકારના, એક યોજન મુખ (નાળચા)વાળા, ઘનસાર અને અગુરુ ધૂપથી સુવાસિત કરાએલા, ચંદનાદિથી અર્ચિત થયેલા, વદનરૂપી ઝરાને વિષે કમળ સમાન, નદી, હ્રદ તેમજ સમુદ્ર વિગેરેનાં તીર્થોદકથી ભરેલા એક હજાર ને આઠ કળશોને, ચંદનાદિથી પવિત્ર બનાવેલા પોતાના બંને હસ્તોથી ગ્રહણ કરીને, ચાર પ્રકારના વાજીંત્રોનો ધ્વનિ મેરુપર્વતની ગુફાઓના પડછંદાદ્વારા અત્યંત આહ્‌લાદ ઉપજાવવા લાગ્યો ત્યારે તેમજ ચારણશ્રમણ મુનિઓવડે "હે યુગાદીશ! હે મોક્ષમાર્ગ પ્રવર્તક! આપ આનંદ પામો." એમ ઉચ્ચ સ્વરે સ્તુતિ કરવા લાગ્યા ત્યારે અચ્યુતેંદ્રાદિ ત્રેસઠ ઇંદ્રોએ પોતપોતાના ક્રમથી વિધિપુરસ્સર જિનેશ્વર ભગવંતને સ્નાન કરાવ્યું અને પ્રભુને પૂજીને પ્રાર્થના કરવા લાગ્યા.

## સૌધર્મેંદ્રે કરેલ જિનસ્નાત્રાભિષેક :—

બાદ પોતાના ખોળામાં રહેલ જિનેશ્વર ભગવંતને ઇશાનેંદ્રને સોંપીને સૌધર્મેંદ્ર અત્યંત ભક્તિભાવપૂર્વક સ્નાત્રાભિષેક કરવા લાગ્યો. ચાર દિશામાં ચાર વૃષભ(બળદ)નું રૂપ ધારણ કરીને પોતાના શૃંગોદ્વારા ઝરતી દૂધની ધારાવડે પ્રભુને સ્નાન કરાવ્યું. આવી રીતે બધા દેવોની સાથે સૌધર્મેંદ્રે ત્રિભુવનના નાથ પરમાત્માનો સ્નાત્રાભિષેક કરીને પોતાની જાતને પુનિત બનાવી. બાદ ઉલ્લાસયુક્ત સૌધર્મેંદ્રે પોતે જ દિવ્ય વસ્ત્રવડે પ્રભુના મનોહર અંગને લૂંછી નાંખ્યું અને તેમ કરીને સાથોસાથ પોતાના આત્માને પણ પવિત્ર બનાવ્યો. બાદ ચંદનાદિવડે પ્રભુના શરીરને પ્રેમપૂર્વક વિલેપન કર્યું અને તેમ કરીને પોતાના સમગ્ર દુષ્કર્મરૂપી વજ્રલેપનો પણ વિનાશ કર્યો. બાદ નિર્મળ દેવદૂષ્ય વસ્ત્રવડે તેમજ અંતઃકરણને આહ્‌લાદ અર્પનાર રત્નાભૂષણોથી ઇંદ્રે પ્રભુના અંગને વિભૂષિત કર્યું અને તેમ કરીને ઇંદ્રે પોતાની જાતને પુણ્યના

નિધાન સદૃશ બનાવી. બાદ સુગંધી પારિજાતાદિ પુષ્પોથી પ્રભુને સુશોભિત કર્યા અને સાથોસાથ પોતાનો યશ પણ ત્રિભુવનમાં ફેલાવ્યો. બાદ અનંત કલ્યાણના આવાસભૂત પરમાત્માની સમીપે ઇંદ્રે અત્યંત ભક્તિપૂર્વક અષ્ટ મંગલિકો આળેખ્યા, અને મનોહર વાજીંત્ર વાગતે છતે તેમજ દેવોદ્વારા પુષ્પવૃષ્ટિ થયે છતે ઇંદ્રે પ્રભુની સન્મુખ આરતિ ઊતારી.

## ભાવપૂજા તરીકે ઇંદ્રે કરેલ પ્રભુપ્રાર્થના—

બાદ પૃથ્વી પર્યન્ત મસ્તક નમાવીને ઇંદ્રે **શક્રસ્તવ** વડે પ્રભુની સ્તુતિ કર્યા પછી ફરીથી નીચે પ્રમાણે પ્રાર્થના કરી : "જગતના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવામાં જ્ઞાનદીપક સમાન હે પ્રભુ! આપને નમસ્કાર થાઓ! જગત પર શાસન ચલાવનાર હે સ્વામિન્! આપને પ્રણામ થાઓ! જગતના નાથ હે પ્રભુ! આપને હું પ્રણામ કરું છું. હે પ્રથમ તીર્થંકર! આપને હું વંદન કરું છું. જે ભરતક્ષેત્રમાં ધર્મરૂપી કલ્પવૃક્ષ સમાન આપ જન્મ પામ્યા છો તે ક્ષેત્ર હે પ્રભુ! મનોવાંછિત પૂરનાર કલ્પવૃક્ષોથી પણ સેવનીય બનેલ છે. જે નાભિરાજાના કુળમાં આપે જન્મ ધારણ કર્યો છે તે કુળ પણ કાળના છેડા સુધી કીર્તિવંત બનશે. આજે જે શુભ મુહૂર્તમાં પુણ્યના અંકુરા સમાન આપે જન્મ ધારણ કર્યો છે તે મુહૂર્ત પણ ત્રણ જગતનાં કલ્યાણના આનંદરૂપી અંકુર સમાન બનેલ છે. જે કાળચક્રના આરામાં આપ પ્રથમ તીર્થંકરરૂપે અવતર્યા છો તે અવસર્પિણી કાળનો ત્રીજો આરો હોવા છતાં તેને પ્રથમ આરો શા માટે ન ગણવો? પ્રાણીગણના પુણ્યને લીધે આપે જે દિવસે જન્મ ધારણ કર્યો છે તે કલ્યાણકારી દિવસ પણ દેવોથી ઉપાસના કરવા લાયક બન્યો છે. હે પ્રભો! આપના મુખદર્શનથી પ્રગટેલ અમાપ હર્ષવડે મારું મન સુધર્મ સભાને વિષે પણ રક્ત બનતું નથી, નંદનવનમાં પ્રમોદ પ્રાપ્ત કરતું નથી, ઐરાવણ હસ્તિને વિષે હર્ષ ધારણ કરતું નથી, દૈવી ઋદ્ધિ–સિદ્ધિમાં રંજિત બનતું નથી, સંગીતને વિષે આસક્તિ ધારણ કરતું નથી, તેમ જ દેવાંગનાઓ પ્રત્યે રાગી–સ્નેહી બનતું નથી, અર્થાત્ આપના મુખદર્શનથી જે અપૂર્વ આહ્‌લાદ ઉત્પન્ન થાય છે તે ઉપર્યુક્ત કોઈ પણ ક્રિયાથી પ્રગટતો નથી. આપના પ્રતિદિન દર્શન કરનાર મનુષ્યોનાં નેત્રોની અમે પ્રશંસા કરીએ છીએ. ક્ષણ માત્ર આપનું નિરીક્ષણ કરનાર અમારા લોચનોથી શું? આપની રૂપકાંતિ મારા બંને નેત્રોને અમૃતના આંજન સરખી બનેલ છે તો હે સ્વામિન્! આપની દેશનાદ્વારા મારા બંને કર્ણોને પણ આપ તથાપ્રકારે સુધારસ–પાન ક્યારે કરાવશો? કેવળી ભગવંત તમારા ગુણો જાણવા છતાં પણ અનંત જિહ્‌વા નહીં હોવાને કારણે આપનું વર્ણન કરવાને સમર્થ નથી." આ પ્રમાણે સ્તુતિ કરીને હર્ષાશ્રુ યુક્ત બનેલ, વિકસ્વર રોમરાજીવાળા સૌધર્મેંદ્રે ઈશાનેંદ્રના ખોળામાંથી પ્રભુને ગ્રહણ કર્યા.

## જિનેશ્વરને લઈને સૌધર્મેંદ્રનું પાછું આવવું—

બાદ પાંચ રૂપ વિકુર્વીને સૌધર્મેંદ્રે એક રૂપથી હસ્તવડે ભક્તિપૂર્વક પરમાત્માને બહારથી તેમજ અંતઃકરણથી હૃદયપ્રદેશ પર ધારણ કર્યા. બાકીના બીજા ચાર રૂપોવડે

પહેલાની માફક છત્ર, ચામર અને વજ્રને ધારણ કરતો સૌધર્મેંદ્ર આકાશમાર્ગે ચાલ્યો, અને હર્ષપૂર્વક પ્રભુના ગુણોનું ગાન કરતા દેવો સાથે તે મરુદેવા માતાના મંદિરે આવી પહોંચ્યો. ત્યાં આવીને જેમ સદ્‌ગુરુ ઉત્પન્ન થયેલા મિથ્યાજ્ઞાનને દૂર કરે તેમ ઇંદ્રે પરમાત્માના પ્રતિબિંબને સંહરી લીધું. આકાશપટમાંથી રાત્રિને દૂર કરીને પ્રાતઃકાળ જેમ સૂર્યોદય કરે–પ્રગટાવે તેમ મરુદેવા માતાની અવસ્વાપિની નિદ્રા સંહરી લઈને પ્રભુને તેમના પડખામાં સ્થાપિત કર્યા. બાદ પ્રભુના ઓશીકે મુખરૂપી ચંદ્રની જ્યોત્સ્ના સરખું શ્વેત, મનોહર વસ્ત્રયુગલ ઇંદ્રે મૂક્યું. પછી જાણે પ્રભુના મુખથી જીતાઈને જાણે પ્રાપ્ત થયા હોય તેવા જંબૂદ્વીપના બે ચંદ્ર સરખા બે મૌક્તિક–કુંડલો પણ સૌધર્મેંદ્રે ઓશીકે મૂક્યા. પ્રભુના તેજ અને યશથી જીતાએલા સૂર્ય અને ચંદ્રવડે પોતાનું સમગ્ર તેજ એક ગોળારૂપે બનાવીને સમર્પણ કરાયું હોય તેમ ઇંદ્રે રત્ન અને મણિયોથી બનાવાયેલ ગેડીદડો પ્રભુના મનોરંજન માટે પ્રભુના મસ્તક પર બિરાજી રહેલ ચંદરવાને વિષે સ્થાપન કર્યો. બાદ ઇંદ્રના આદેશથી કુબેરે પ્રભુના ગૃહને વિષે બત્રીશ કોટી રત્ન, સુવર્ણ અને હિરણ્યની વૃષ્ટિ કરી. આ ઉપરાંત બત્રીશ–બત્રીશ નંદાસનો અને ભદ્રાસનો પણ મૂક્યાં. વિવિધ પ્રકારનાં વસ્ત્રો તેમજ અનેક પ્રકારનાં માણિક્યનાં આભૂષણો પણ સ્થાપન કર્યાં. વિશેષમાં સંસારસુખના હેતુભૂત સર્વશ્રેષ્ઠ પદાર્થોની પણ જાંભકદેવતાઓદ્વારા કુબેરે પૂર્તિ કરાવી. બાદ સૌધર્મેંદ્રે ત્રણ ભુવનને વિષે તેમ જ ચારે પ્રકારની દેવનિકાયને વિષે આભિયોગિક દેવદ્વારા ઉદ્ઘોષણા કરાવી કે : “જેઓ તીર્થંકર પરમાત્મા તેમજ તેમની માતાનું અશુભ ચિંતવશે તેનું મસ્તક અર્જકમંજરી[1]ની માફક સાત ટુકડારૂપે થઈ જશે.” બાદ સૌધર્મેંદ્રે ગુરુ જેમ ભવ્ય પ્રાણીના હૃદયમાં સદ્‌બોધ સ્થાપે તેમ પ્રભુના અંગૂઠાને વિષે વિવિધ આહારના રસરૂપ અમૃત સ્થાપન કર્યું; કારણ કે તીર્થંકરો કદી પણ સ્તનપાન કરતા નથી, પરન્તુ જ્યારે ક્ષુધા–ભૂખ લાગે છે ત્યારે વિવિધ રસને ઝરતા પોતાના જ અંગૂઠાને પોતાના મુખને વિષે નાખે છે અર્થાત્ પોતાના અંગૂઠાદ્વારા જ તૃપ્ત બને છે. બાદ આચાર્ય જેમ સાધુ (સાધુધર્મ)ની રક્ષા માટે પાંચ સમિતિને નિયુક્ત કરે તેમ સૌધર્મેંદ્રે ધાત્રીકર્મ કરનારી પાંચ અપ્સરાઓ પ્રભુને માટે નિયત કરી, અર્થાત્ પ્રભુના લાલનપાલન માટે પાંચ અપ્સરાઓ મૂકી. ત્યારબાદ દેવોથી પરિવરેલ સૌધર્મેંદ્ર **નંદીશ્વર** દ્વીપે ગયો અને બીજા ત્રેસઠ ઇંદ્રો મેરુપર્વત પરથી જ સીધા ત્યાં ગયા. તે નંદીશ્વર દ્વીપ પર પૂર્વદિશામાં રહેલા **દેવરમણ** નામના અંજનગિરિ ઉપર સૌધર્મેંદ્ર દેવો સહિત ઉતર્યો અને ત્યાં આગળ વિચક્ષણ એવા તેણે શ્રેષ્ઠ ઇંદ્રધ્વજ, ચૈત્યવૃક્ષ (અશોકવૃક્ષ) અને ચાર દ્વારોથી યુક્ત ચૈત્યને વિષે ઋષભાદિ શાશ્વત [2]પ્રતિમાઓ સમક્ષ અષ્ટાહ્નિક મહોત્સવ કર્યો. ઈશાનેંદ્રે ઉત્તરદિશામાં આવેલા **રમણીય** નામના અંજનગિરિ ઉપર, ચમરેંદ્રે દક્ષિણદિશામાં

૧. અર્જક નામનું વૃક્ષ છે. તેના પાંદડાઓ જ્યારે પક્વ થાય છે ત્યારે સાત ટુકડારૂપે થઈ જાય છે.

૨. ઋષભાનન, ચંદ્રાનન, વારિષેણ અને વર્ધમાન—આ ચાર નામની શાશ્વતી પ્રતિમાઓ હોય છે.

આવેલા **નિત્યોદ્યોત** નામના અંજનગિરિ ઉપર અને બલીંદ્રે પશ્ચિમદિશામાં રહેલ **સ્વયંપ્રભ** નામના અંજિનગિરિ ઉપર રહેલા ચૈત્યોને વિષે શાશ્વત જિનેશ્વર સમક્ષ અઠ્ઠાઈ મહોત્સવ કર્યો. તે અંજનગિરિની ચારે દિશાએ એક—એક વાવડી છે અને તે વાવડીઓમાં સ્ફટિકરત્ન જેવી કાંતિવાળા સોળ **દધિમુખ** પર્વતો છે અને તે પર્વતો પર રહેલા પ્રત્યેક ચૈત્યને વિષે સૌધર્મેંદ્ર, ઈશાનેંદ્ર, ચમરેંદ્ર તેમજ બલીંદ્ર—એ ચારે ઈંદ્રોના ચાર—ચાર લોકપાળોએ અત્યંત હર્ષપૂર્વક અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો. ત્યાં આગળ આઠ દિવસ સુધી શાશ્વત તીર્થંકરોનો પૂજામહોત્સવ કરીને શ્રેષ્ઠ પુણ્યરાશિથી વ્યાપ્ત બનેલા દેવો પોતપોતાને સ્થાને ગયા અને સ્નાત્રાભિષેક સમયે જાણે અતૃપ્ત રહ્યો હોય તેમ જિનેશ્વર ભગવંતને જોવા માટે ઉત્કંઠિત સૂર્ય યોધાના સમૂહ સરખા કિરણસમૂહથી અંધકારનો નાશ કર્યો અર્થાત્ સૂર્યોદય થયો.

*　　*　　*

જે પરમાત્માના જન્મમહોત્સવ પ્રસંગે સ્નાત્ર સમયે પ્રગટેલા કેસરમિશ્રિત જળરાશિથી ચારે બાજુ પીળો બનવાથી મેરુપર્વત સુવર્ણ પર્વતની કીર્તિને—પ્રસિદ્ધિને પામ્યો તેમજ દેવાંગનાઓના નૃત્યપ્રસંગે તૂટી ગએલા હારના મણિદ્વારા રમણીય દેખાવાને કારણે તારાઓના આધારભૂત તરીકે પંકાયો તે **શ્રી ઋષભદેવ** પરમાત્મા પ્રાણીઓનું રક્ષણ કરો.

હે પદ્મમંત્રી! તારાથી આચરાતો ધર્મ અર્થ—સંપત્તિનું પોષણ—વૃદ્ધિ કરે છે અને તે ધર્મને તું દ્રવ્યવ્યયદ્વારા પોષણ આપી રહ્યો છે તો હે મંત્રીશ્વર! તમારા બંનેનું (તારું અને ધર્મનું) પરસ્પર પરોપકારીપણું હમેશને માટે રહો.

**સાતમો સર્ગ સમાપ્ત**



# સર્ગ આઠમો

## શ્રી ઋષભદેવ પ્રભુની બાલ્યાવસ્થા.

સૂર્ય અને ચંદ્રની જેમ જે સ્વામીના જન્મવાથી આ વિશ્વ સર્વત્ર અધિક તેજવંત અને વિશેષ હર્ષયુક્ત બન્યું તે શ્રી **ઋષભદેવ** પરમાત્મા આબાદીને માટે થાઓ!

વિકસિત કમળ પર રહેલ ભ્રમરાઓના ઝંકારનાદદ્વારા ઋષભદેવ ભગવંતના ગુણોનું ગાન કરતા હોય તેવા, તેમજ સમગ્ર વિશ્વને જાગૃત કરવાવડે મનોહર એવા પ્રાતઃકાળે અંધકારને દૂર કર્યો અર્થાત્ પ્રાતઃકાળ થયો એટલે અરુણોદય સમયના કિરણોરૂપી કુસુંબી (કસુંબો) વસ્ત્રવાળી, વિકસિત કમળરૂપી મુખવાળી દિનલક્ષ્મીએ સૂર્યરૂપી અક્ષતપાત્રને ધારણ કરીને નાભિરાજાને વધાવ્યા. ભાલમાં—કપાળમાં ઊગતા સૂર્યરૂપી કુંકુમના ચાંદલાવાળી અને સૂર્યના કિરણસમૂહરૂપી કુસુંબી વસ્ત્રવાળી પૂર્વદિશાએ જિનેશ્વર ભગવંતના જન્મસમયે વિધવિધ પ્રકારનાં પક્ષીઓના કલરવનાદરૂપી મંગળગાનને વિસ્તાર્યું. સમગ્ર સંસારના કલ્યાણના કારણભૂત, સુવર્ણ સદશ કાંતિવાળા તીર્થંકરને ધારણ કરતી મરુદેવા માતા, જેમ રાત્રિસમયનું આકાશ નૂતન સૂર્યને ધારણ કરીને શોભી ઊઠે તેમ શોભવા લાગ્યા. બાદ અપ્સરાઓવડે ચારે બાજુથી સેવાતા મરુદેવા માતાએ રાત્રિસમયે દેવોનું થયેલ આગમનરૂપી વૃત્તાંત પોતાના અંતઃકરણના હર્ષની જેમ નાભિરાજાને કહી સંભળાવ્યું એટલે પરમાત્માના મુખરૂપી ચંદ્રને જોઈને નાભિરાજાનો હર્ષરૂપી સાગર વૃદ્ધિ પામ્યો, અને દેવસમૂહના આગમનરૂપી આષાઢ માસદ્વારા તે સાગર અત્યંત ઉલ્લસિત બન્યો અર્થાત્ પ્રભુનું મુખ જોવાથી નાભિરાજા હર્ષ પામ્યા પરન્તુ જ્યારે રાત્રિનો દેવાગમન સંબંધી વૃત્તાંત તેમણે જાણ્યો ત્યારે તેમના હર્ષની સીમા ન રહી.

### પ્રભુનું 'ઋષભદેવ' નામસ્થાપન અને માતપિતાનું લાલનપાલન—

ચૌદ મહાસ્વપ્નોને વિષે મરુદેવા માતાએ પ્રથમ વૃષભ (ઋષભ) જોયો હતો તેથી તેમજ પરમાત્માના સાથળપ્રદેશમાં વૃષભનું ચિહ્ન હોવાથી નાભિરાજાએ પ્રભુનું **"ઋષભદેવ"** એવું નામ સ્થાપન કર્યું. "આ કન્યાનું શરીર લક્ષણોથી ખરેખર શ્રેષ્ઠ મંગળોવાળું છે." એમ વિચારીને પ્રભુની સાથે જન્મેલી કન્યાનું માતપિતાએ **સુમંગળા** એવું નામ રાખ્યું. બાદ જેમ વૃક્ષસમૂહ પોતાના મૂળિયાંદ્વારા પોષણકારક જળનું પ્રતિક્ષણે પાન કરે તેમ પરમાત્મા પોતાના અંગૂઠામાં ઇંદ્રે સંક્રમાવેલ પોષણ આપનાર અક્ષય અમૃતનું ક્ષણે ક્ષણે પાન કરવા લાગ્યા.

પ્રભુની બાલ્યાવસ્થાને લીધે પ્રાપ્ત થયેલ સરળતાજન્ય ક્રીડાથી અત્યંત હર્ષ થવાને કારણે આસક્ત ચિત્તવાળી પાંચે અપ્સરાઓ, નેત્રને શીતળતા અર્પવામાં ચંદ્ર સમાન સ્વામીને ક્ષણ માત્ર પણ અળગા કરતી ન હતી. સ્વાભાવિક રીતે જ અદ્ભુત રમણીય કાંતિવાળા, બાળવયની સરળતાને અંગે રમાડવા લાયક પરમાત્માને નીરખી નીરખીને અનિમેષ દૃષ્ટિવાળી હોવા છતાં પણ તે અપ્સરાઓ તૃપ્તિ પામતી ન હતી. વળી સ્વર્ગને વિષે દેવીઓને દુર્લભ એવા બાળકોનું લાલનપાલન કરવારૂપ સુખને મેળવીને સ્વર્ગમાં પુનઃ જવાને નહીં ઇચ્છતી તે અપ્સરાઓ, ઇંદ્રે પોતાના સંબંધી કરેલ આદેશને વખાણવા લાગી. પુત્ર પ્રત્યેના વાત્સલ્યભાવથી હૃદયપ્રદેશ પર પ્રભુને ધારણ કરતાં નાભિરાજાએ જે અપૂર્વ આહ્લાદ પ્રાપ્ત કર્યો તેવું અપૂર્વ સુખ પ્રભુમાં જ લયલીન મનવાળા યોગીપુરુષે ભાગ્યે જ પ્રાપ્ત કર્યું હશે. પ્રભુ બાળવયના હોવા છતાં તેમનામાં અનંત સુખ રહેલ હતું, જો એમ ન હોત તો પોતાની બંને ભુજાદ્વારા પરમાત્માને છાતી સરસા ચાંપતા પ્રભુના પિતાને તેવું અપૂર્વ સુખ ક્યાંથી પ્રાપ્ત થાત? સામાન્ય માણસની માફક પરમાત્મા જો કે માતાનું સ્તનપાન કરતા ન હતા છતાં પણ પોતાની પાસે રહેલા પરમાત્માને માતા સ્તનના દૂધદ્વારા નવરાવતા હતા. "હે પુત્ર! જો કે તારા અંગૂઠામાં રહેલા નૂતન અમૃતનું ક્ષણે ક્ષણે પાન કરતો તું વૃદ્ધિ પામી રહ્યો છો પરન્તુ તેથી મને સંતોષ થતો નથી; કારણ કે તું મારા સ્તનનું પાન કરતો નથી. હે પુત્ર! અમૃતરસનું પાન કરનાર તું આ અપ્સરાઓદ્વારા અપૂર્વ વાત્સલ્યભાવથી લાલનપાલન કરાય છે તેથી તું મહાભાગ્યશાળી છે, પણ તેથી મારું માતૃત્વ સાર્થક કેમ થાય? હે પુત્રરત્ન! તારા પ્રભાવને લીધે હું બધા ઇંદ્રોવડે નમસ્કાર કરાઈ છું જ્યારે વિશ્વજનથી પૂજાયેલ હે પુત્ર! હું તારા પ્રત્યે કોઈ પણ જાતનો ઉપકાર કરી શકતી નથી. હે પુત્ર! પુત્ર પ્રત્યેના અનુપકારને કારણે અપરાધરૂપી સાગરમાં પડતી—ડૂબતી એવી મારા માટે તારા સાથે જન્મેલી પુત્રી (સુમંગળા) સ્તનપાન અને લાલનપાલનવડે નૌકા સમાન બની છે." આ પ્રમાણે બોલીને અશ્રુને વહાવતી મરુદેવી માતા પ્રભુને પોતાના ખોળામાં બેસારીને અને બંને હસ્તદ્વારા છાતી સરસો ચાંપીને વારંવાર ચુંબન કરવા લાગ્યા. અપ્સરાઓથી સંપૂર્ણ રક્ષણ કરાતા અને મંગલોના સ્થાનભૂત પુત્ર પ્રત્યે સંકટથી રક્ષણ કરવાના તન્મયપણાના કારણે ક્ષોભપૂર્વક માતાની દૃષ્ટિ વારંવાર ચોંટવાથી મરુદેવા માતાની ચિત્તરૂપી ભૂમિમાં પ્રભુ પ્રત્યે જે અમૃતના સાગર સમાન મમત્વભાવ પ્રગટ્યો હતો તેને વર્ણવવાને માટે પ્રભુ જો કેવળજ્ઞાની હોત તો જ સમર્થ બનત. પ્રશંસનીય કાલીકાલીવાણીથી કર્ણયુગલમાં (શ્રોત્ર), દંતપંક્તિ રહિત મુખના હાસ્યથી બંને નેત્રોમાં (નેત્ર), દાખલ કરેલ હાથની અંકુરારૂપી અંગુલીઓદ્વારા મુખને વિષે (રસ), નિરંતર—સુવાસિત શ્વાસસમૂહથી નાસિકામાં (ઘ્રાણ), હૃદયપ્રદેશ પર ચાંપવાથી શરીરને વિષે (સ્પર્શ) અતિશય અમૃતવૃષ્ટિને વર્ષાવતા પરમાત્મા માતાપિતાની બધી (પાંચે) ઇંદ્રિયોને સુખ આપવા લાગ્યા.

બાદ જેમ વૃક્ષરાજી ચંદ્રના કિરણોદ્વારા પ્રાપ્ત થએલ જળનું પાન કરીને વૃદ્ધિ પામે તેમ

પોતાના અંગૂઠાને વિષે રહેલ અમૃતનું વારંવાર આસ્વાદન કરતાં પરમાત્મા વૃદ્ધિ પામવા લાગ્યા. જેમ તત્ત્વજ્ઞાની પુરુષ જગતના સમગ્ર લોકોને રંજન કરવામાં રમણીય લોકવ્યવહાર આચરે તેમ પ્રભુ ત્રણ જ્ઞાનવાળા હોવા છતાં પણ વિવિધ પ્રકારની બાલક્રીડા કરવા લાગ્યા.

**પરમાત્માના વંશની સ્થાપના–**

પ્રભુના જન્મને એક વર્ષ થવા આવ્યું ત્યારે ક્રીડા કરતા જગત્પ્રભુના વંશની સ્થાપના કરવા માટે હાથમાં શેરડી (ઈક્ષુયષ્ટિ) લઈને ઇંદ્ર પ્રભુ પાસે આવી પહોંચ્યો. પિતાના ખોળામાં રહેલા પ્રભુના આગળ, પ્રભુની શરીર કાંતિથી જીતાયેલ કામદેવ સરખો ઇંદ્ર અસ્ત્રનો ત્યાગ કરવાને માટે ઈક્ષુયષ્ઠિ (શેરડીનો સાંઠો)ને ધારણ કરીને આવી પહોંચ્યો એટલે ઇંદ્રની ઇચ્છાને અનુલક્ષીને પ્રભુએ હાથીની સુંઢની માફક પોતાનો હાથ શેરડી પ્રતિ લંબાવ્યો ત્યારે અત્યંત મધુર તે શેરડીના સાંઠાને ઇંદ્રે તેમના હાથમાં આપ્યો. 'પ્રભુના વંશની સ્થાપનામાં મુખ્ય કારણરૂપ હું બન્યો' એમ વિચારીને શેરડીનો સાંઠો પ્રભુના હસ્તમાં ફેરવવાથી પોતાના ચપળ એવા પડછાઓથી નાચવા લાગ્યો. જે કારણથી પ્રભુએ શેરડીનો સાંઠો ગ્રહણ કર્યો તેથી ત્રણ જગતના સ્વામી ઋષભદેવ પરમાત્માનો **ઇક્ષ્વાકુ વંશ** પૃથ્વીને વિષે સ્થાપીને ઇંદ્ર સ્વસ્થાને ગયો. મોટી અને મનોહર ગાંઠોવાળો, તાપની શાંતિ માટે પાંદડા અને શ્રેષ્ઠ રસથી પરિપૂર્ણ તેમજ લોકમાં સુંદર શોભાવાળો શેરડીનો સાંઠો પ્રભુના વંશની માફક પૃથ્વીપીઠને વિષે વિસ્તાર પામશે.

**પ્રભુને જન્મથી પ્રાપ્ત થએલ ચાર અતિશયો–**

(૧) પ્રસ્વેદ, વ્યાધિ અને મલ રહિત, અત્યંત સુગંધી, અતિશય કાંતિવાળું તેમજ સુવર્ણ અને કમળ સરખી શોભાવાળું શરીર, (૨) અપરિપક્વ માંસના ગંધસમૂહથી રહિત અને ગાયના દૂધ જેવા શ્વેત રુધિર–માંસ, (૩) લોકોને હમેશાં અગોચર એવો આહારનિહાર અને (૪) વિકસિત કમળના સુવાસ સરખો મુખનો શ્વાસોચ્છ્વાસ–આ પ્રમાણેના ચાર અતિશયો એકીસાથે જ જન્મથી પરમાત્માને પ્રાપ્ત થયા હતા. સ્ફટિક મણિની જડેલી ભૂમિ ઉપર ઘુંટણભર ચાલતા, અંતઃકરણમાં એકત્ર થયેલ શુક્લધ્યાન સરખા શ્વેતકિરણોથી આચ્છાદિત શરીરવાળા પરમાત્મા શોભતા હતા. આપમેળે ઊભા થતા પુરુષોને નીરખીને પ્રભુ પોતે પણ ઊભા થવા લાગ્યા અને આ બાળવયમાં દાન નહીં આપવાને અંગે મુઠી બંધ કરેલ હોવાથી કોઈનો આધાર પણ લેતા ન હતા. નરકગામી પ્રાણીઓને જે પરમાત્મા યાદ કરવા માત્રથી અવલંબન આપે છે–તારે છે અને એવી રીતે બીજાને અવલંબનભૂત પરમાત્મા બીજાના આધારને કેમ અવલંબે? અર્થાત્ તેમને કોઈપણના આલંબનની અપેક્ષા રહેતી નથી. ઊભા થઈને અર્ધ નમાવેલા શરીરવાળા પરમાત્માએ કુતુહલપૂર્વક ચાલવા માટે પોતાના અંગુલિ–યુગ્મને સજ્જ કર્યું તેવામાં ભક્તિથી પૃથ્વીપીઠ પર પડી ગયા. વજ્રઋષભનારાચ સંઘયણવાળા

પરમાત્મા જો કે ધીમેધીમે પગલે ચાલતા હતા અને તેથી અતિશય બલીષ્ઠ એવી પૃથ્વી તે પ્રભુને ધારણ કરવાપૂર્વક તેમને પદ–ન્યાસ કરવા દેતી હતી. નિર્મળ ચોસઠ પ્રકારની કળારૂપી લક્ષ્મીના સ્થાપન માટે જાણે પૃથ્વી પરના મંડપ સરખું હોય તેવું પરમાત્માનું સમચતુરસ્ત્ર સંસ્થાન શોભતું હતું. પ્રભુ બાળક હોવા છતાં શરદ્ઋતુના ચંદ્રની માફક અતિશીતળ કાંતિવાળા, ગ્રીષ્મ ઋતુના ઉગ્ર સૂર્યની માફક અતિ તેજસ્વી અને નૂતન મેઘ (અષાઢી મેઘ)ની માફક ગંભીર નાદવાળા–ધ્વનિવાળા હતા.

## પ્રભુએ દેવો સાથે કરેલ બાલક્રીડાનું વર્ણન–

કુમારનું રૂપ ધારણ કરીને દેવો પ્રભુને રમાડવા માટે આવવા લાગ્યા, અને પોતાનું અનુકરણ કરવાને માટે આવેલ દેવો સાથે પરમાત્મા પણ ક્રીડા કરવા લાગ્યા. પરમાત્માના મનને પ્રમોદ પમાડવાને દેવસમૂહ હર્ષયુક્ત બન્યો હતો અને તે દેવોની ભક્તિ નિષ્ફળ ન જાય એમ વિચારીને ત્રણ જ્ઞાનના ધણી પરમાત્મા પણ તેમની સાથે ખેલતા હતા. જેમ ભ્રમરસમૂહ વિકસિત કમળની આસપાસ, તારાગણ મેરુપર્વતની આસપાસ ભ્રમણ કરે તેમ દેવકુમારોનો સમૂહ હમેશાં પરમાત્માની આસપાસ વીંટળાઈ રહેતો. પરમાત્માના ધ્યાનમાં લયલીન યોગીઓના મન સરખા દેવસમૂહમાં, ક્રીડા કરતા પ્રભુ પળે–પળે અનહદ આનંદના કારણભૂત થતા હતા. ચાલતા ચરણની ઘુઘરીઓના અવાજથી, કડમાં પહેરેલા કંદોરાની ઘુઘરીઓના ધ્વનિદ્વારા સુંદર તાલપૂર્વક દેવોના મનને નચાવતા પરમાત્મા નટની માફક શોભતા હતા. જેમ સૂર્યના કિરણોથી દિશાઓ સર્વત્ર અંધકાર રહિત બને તેમ પ્રભુના હસ્તથી પવિત્ર થયેલ ધૂળદ્વારા દેવો રજ (પાપ) રહિત બન્યા. "પરમાત્મા બાલ્યાવસ્થાનો ત્યાગ કરશે ત્યારે મને તેમનો અંગસંસર્ગ ક્યાંથી મળશે ?" એમ વિચારીને પૃથ્વીએ ધૂળના બહાનાથી પ્રભુના સમગ્ર અંગોપાંગને આલિંગન કર્યું, અર્થાત્ ક્રીડા કરતાં કરતાં પ્રભુ સમગ્ર શરીરે ધૂળ–ધૂળ થઈ જતા. સૌભાગ્યને લીધે મનોહર રૂપવાળા પરમાત્મા ધૂળ–સમૂહને ખંખેરી નાખવાથી શોભવા લાગ્યા. ગાઢ અંધકાર હોવા છતાં પણ શું નક્ષત્ર, સૂર્ય અને રત્નસમૂહની કાંતિ દીપી ઊઠતી નથી ? "અત્યંત સુખદાયક પરમાત્માનુ શરીર મારા અંતઃકરણમાં કેવું છે ?" તેમ જોવાને ઇચ્છતા મરુદેવા માતાએ ધૂળથી ખરડાયેલા પ્રભુના શરીરને આલિંગન આપીને ક્ષણમાત્ર બંને આંખો બંધ કરી દીધી. પ્રભુના બાહ્ય જીવનની અને આંતરિક જીવનની વિશેષતા જાણવાને ઇચ્છતા હોય તેમ નાભિરાજાએ પણ ધૂળથી ખરડાએલા પરમાત્માને ભેટીને પોતાની બંને આંખો મીંચી દીધી. ક્રીડા કરવાને માટે પરમાત્મા જે કોઈપણ વસ્તુ લીલા માત્રમાં ગ્રહણ કરતાં તેને લઈ લેવાને દેવો પણ અસમર્થ બનતા; કારણ કે **હસ્તીઓ અને મચ્છરો શું સરખા હોઈ શકે ?** જે કોઈપણ દેવ પરમાત્મારૂપી ચંદ્રને પોતાની બંને ભુજાથી બળપૂર્વક ગ્રહણ કરતો તે પ્રભુના મુખમાંથી પ્રગટેલ શ્વાસવાયુથી કંપિત થઈને રૂની માફક કોઈપણ સ્થળે ઊડી પડતો. જે દેવ

કાંડું પકડવાનો દાવ પરમાત્મા સાથે ખેલતો તે દેવ ચૂર્ણ ન થઈ જાય એમ વિચારીને પરમાત્મા તેના પ્રત્યે વિશેષ બળ દાખવતા નહિ. અલ્પબળ દાખવતા પ્રભુથી દડાવડે પ્રહાર કરાએલા દેવો દડાના પતનની સ્પર્ધા કરતા હોય તેમ તેમની આગળ આળોટતાં છતાં જલ્દી પડી જવા લાગ્યા. મનોહર કલ્યાણકારી પક્ષીના રૂપને ધારણ કરનારા, કર્ણને પ્રિય કલરવ કરનારા, સુંદર ભાવનાવાળા અસુરકુમાર નિકાયના દેવો પ્રભુને હર્ષ પમાડતા હતા. રક્તવર્ણી ચાંચના બહાનાથી સાક્ષાત્ પ્રેમને જ ધારણ કરતા હોય તેમ કેટલાક પોપટ દેહધારી દેવો "આપ જય પામો, જય પામો" એ પ્રમાણે ઉચ્ચારણ કરતા હતા. મનોહર ધ્વનિ કરતાં પક્ષીને વિષે પોતાની કલગીના મિષથી પોતાના મુગટને દર્શાવતા અને રમણીય ષડ્જ[1] સ્વરવાળા મયૂરરૂપધારી કેટલાક દેવો પ્રભુના પ્રમોદને માટે નૃત્ય કરવા લાગ્યા. ગાંધાર સ્વરની જેવી સુકુમાર રોમરાજીને ધારણ કરતાં, સુંદર ગતિવાળા એવા હંસરૂપધારી કેટલાક દેવો પ્રભુના હસ્તસ્પર્શથી સુમધુર નાદ કરવા લાગ્યા. કેટલાક અન્ય દેવો ક્રૌંચપક્ષીનું રૂપ ધારણ કરીને મધ્યમ સ્વરથી રમણીય ગાન કરવા લાગ્યા. ત્યારે જાણે તેને ઈનામ આપતા હોય તેમ સ્વામીએ તેઓના પ્રત્યે સંતોષકારક દૃષ્ટિ ફેંકી. પંચમ રાગનું ગાન કરતાં, કર્ણમાં અમૃતને સિંચતા એવા કોયલના રૂપને ધારણ કરનાર કેટલાક દેવો પ્રભુની દૃષ્ટિરૂપી અમૃતથી હર્ષિત બનીને શોભતા હતા. કેટલાએક દેવોએ અશ્વરૂપે બનીને હેષારવ (હણહણાટ) દ્વારા અધિક હર્ષ બતાવીને "ધૈવંત" નામના સ્વરથી જે અદ્ભુત આનંદ પ્રભુને આપ્યો તે હર્ષે તે દેવોને અધિક આહ્લાદ પ્રગટાવ્યો. મદ–અભિમાનને નષ્ટ કરવામાં સમર્થ સ્વામીને વિષે મદ–અભિમાન કેમ હોઈ શકે ? એમ વિચારીને હર્ષને લીધે "નિષાદ" નામનો સંગીતધ્વનિ કરતાં, મદરહિત નાના મદનીયા (નાના હાથી)ના રૂપને ધારણ કરનારા કેટલાક દેવો પ્રભુને પ્રેમ ઉપજાવવા લાગ્યા. "વૃષભ"ના લાંછનથી જે પરમાત્માનું **'વૃષભદેવ'** નામ સ્થાપન થયું તે વૃષભપણું અત્યંત શ્રેષ્ઠ છે એમ વિચારીને "વૃષભ" ધ્વનિ કરતાં કેટલાક વૃષભરૂપધારી દેવો સ્નેહ દર્શાવવા લાગ્યા. દેવાંગનાદ્વારા તેમજ કુતુહૂળપૂર્વક અન્ય દેવોદ્વારા, વિનાશ નહીં પામનારા કલ્પવૃક્ષની જેમ સેવાયેલ ચરણકમળવાળા પરમાત્મા હમેશાં વૃદ્ધિ પામવા લાગ્યા. જગતના પ્રાણીઓનાં નેત્રોને અમૃત સમાન પરમાત્મારૂપી ચંદ્ર વૃદ્ધિ પામવા લાગ્યો ત્યારે મહાતરંગોને ધારણ કરતો ત્રણ જગતનો હર્ષરૂપી સાગર ઉછળવા લાગ્યો.

બાદ બાળવયને વ્યતીત કરીને કુમારાવસ્થાને પ્રાપ્ત થએલા પરમાત્મા દેવોદ્વારા લવાયેલ ઉત્તરકુરુક્ષેત્રનાં કલ્પવૃક્ષોનાં ફળો તેમજ ક્ષીરસાગરના જળને આહાર તથા પાણીરૂપે ગ્રહણ કરતા હતા. આ અવસર્પિણી કાળને વિષે કુમારાવસ્થાને પ્રાપ્ત થએલા ઋષભદેવ પરમાત્મા સિવાયનાં અન્ય તીર્થંકર ભગવંતો ગૃહસ્થાવાસમાં તૈયાર ભોજન જમનારા થયા હતા. "જ્ઞાનવાન હોવા છતાં બાલવિનોદદ્વારા આ મારી બાળવય પ્રમાદના કારણભૂત છે."

૧. નાસિકા, કંઠ, છાતી, તાળવું, જીભ અને દાંતને સ્પર્શીને નીકળતો અવાજ ષડ્જ સ્વર કહેવાય છે.

એમ વિચારીને પરમાત્માએ, તત્ત્વજ્ઞાની પુરુષ સંસારના વિલાસોનો ત્યાગ કરે તેમ ક્રમપૂર્વક બાળવયનું ઉલ્લંઘન કર્યું, અને વૃક્ષરાજી વિશ્વજનતાને આનંદદાયક ચૈત્રમાસને પ્રાપ્ત કરે તેમ સ્વામી શ્રી ઋષભદેવ સમસ્ત અંગોપાંગને સુંદર ગુણોથી શોભાયમાન કરતું યૌવન પામ્યા. શરદ્ઋતુને પ્રાપ્ત કરીને ઉજ્જ્વળ કિરણોદ્વારા જેમ ચંદ્ર, દિવસને પ્રાપ્ત કરીને તેજસ્વી કિરણોદ્વારા જેમ સૂર્ય, તેમ બાલ્યાવસ્થાના ત્યાગથી પરમાત્મા ઉજ્જ્વળ કાંતિસમૂહેથી દેદીપ્યમાન થયા.

## પ્રભુના શરીરનું વર્ણન—

પરમાત્માના અંતઃકરણમાંથી નીકળી ગયેલા [1]રાગે લાલ રંગના બહાનાથી પ્રભુના ચરણકમળમાં આશ્રય લીધો અને તેથી પ્રભુનું હૃદય કેતકીના પર્ણની જેમ ઉજ્જ્વળ થયું. "મને (કમળને) જીતી લેવામાં પ્રભુના ચરણકમળને જરા પણ ખેદ થયેલો ન હોવાથી તેમને પ્રસ્વેદની પીડા કેમ હોઈ શકે?" એમ વિચારીને પરમાત્માના ચરણકમળની ભીતિથી કમળ પાણીના કણિયાના મિષથી પ્રસ્વેદ યુક્ત બની ગયું. જીતાએલા કમળે પરમાત્માના બંને ચરણોને પોતાની કાંતિ અર્પણ કરી દીધી તેથી તે બંને ચરણકમળો અધિક કાંતિવાળા બન્યા અને કમળ નિસ્તેજ બન્યું હોય તેમ શીતળ થયું. મનની માફક પ્રભુના ચરણકમળમાં પલ્લવ (અંકુરા) કરતાં પણ અત્યંત સુકુમારપણું છે અને ભક્તજનોનાં પાપોનો વિનાશ કરવામાં વજ્ર કરતાં પણ કઠોરપણું છે, એવા જિનેશ્વર ભગવંતના ચરણયુગલે કમળો તથા પાંદડાઓ પર પોતાનું સ્વામીત્વ સ્થાપ્યું એટલે વિશ્વની જનતાને આશ્ચર્ય પમાડનાર પ્રભુના બંને ચરણને વિષે રહેલ બે ચક્રો શોભવા લાગ્યા. "સમતા એ જ અનંત સુખ આપનાર છે, માટે વિષમતા—વક્રતા તજી દ્યો." એવો ઉપદેશ કરવાને માટે જ હોય તેમ પ્રભુના બંને પગનાં માંસલ તળિયાઓએ સમાનતા ધારણ કરી હતી, અર્થાત્ બંને પગનાં તળિયા સરખા—સમાન હતા. "જે કોઈ પ્રભુના ચરણકમળનો આશ્રય લેશે તેને પરભવમાં પણ કલ્યાણ અર્પશે" એમ સૂચવતા પરમાત્માના બંને ચરમકમળો ચિહ્નરૂપે સ્વસ્તિકને ધારણ કરી રહ્યા હતા. વિનયશાળી દેવસમૂહના મુકુટમણિરૂપી મિત્રોને ભેટવાને સામે જવાને માટે પ્રભુના ચરણનખોએ પોતાના કિરણોરૂપી હસ્તોને લંબાવ્યા. ભવિષ્યમાં પ્રાપ્ત થનારી સુંદર સિદ્ધિરૂપી વધૂના વિવાહને માટે જાણે જુવારાની શ્રેણી તૈયાર થઈને રહી હોય તેવી અત્યંત કાંતિવાળી પરમાત્માની બંને પગ પર રહેલી નખપંક્તિ શોભવા લાગી. કરોડો દેવોના મુકુટના અગ્રભાગથી પ્રકાશિત થયેલા પ્રભુનાં ચરણનાં દશ નખો દશ દિશારૂપી લક્ષ્મીના દશ રત્નમય આરિસારૂપે શોભવા લાગ્યા. પ્રભુનું ચરણકમળરૂપી યુગલ જ લક્ષ્મીના આધારભૂત છે, તેનાથી બીજું કોઈ કમળ લક્ષ્મીના

---

૧. પ્રભુનું રુધિર—માંસ શ્વેત હોવા છતાં પ્રભુમાં રાગે—રક્તવર્ણે—લાલ રંગના મિષથી પ્રભુના ચરણકમળમાં આશ્રય લીધો; એટલે પ્રભુના ચરણકમળ લાલ હતા એમ કહેવાનો અહીં આશય છે.

મંદિરરૂપ નથી. એમ જો ન હોત તો ધ્વજ અને કુંભથી શોભતા પ્રભુના ચરણકમળને વિષે શ્રીવત્સ શામાટે શોભતું હોત ? પ્રભુનો અંગૂઠો સદાચારપરાયણ સત્પુરુષની માફક ઊંચો હતો. ચરણના અગ્રભાગને સદૈવ સેવનાર આ અંગૂઠો શું કદાપિ વક્રતાને—વાંકાપણાને ધારણ કરે ? યાચકના હૃદયમાં તેણે ધાર્યા કરતાં અધિક દાન દેવાની પ્રભુની ભાવનાદ્વારા તિરસ્કાર પામીને કૃશ બનેલા દશ કલ્પવૃક્ષો મણિ સરખી કાંતિવાળા નખોથી યુક્ત આંગળીઓના બહાનાથી પ્રભુના ચરણકમળમાં આવીને રહ્યા હતા. સાધુધર્મરૂપી દશ[1] અશ્વો સાધુઓને ગહન સંસારની પાર પહોંચાડે છે, તે દશે અશ્વોને પુષ્ટિ આપનાર યવમાળા (જવની શ્રેણી) પરમાત્માના ચરણના દશ આંગળીઓના મૂળમાં હતી. સાધુ અને ગૃહસ્થ જનોને ચઢવાને માટે બે પાજ સરખા, કાચબાની જેવી ઊંચાઈથી રમણીય પ્રભુના પગનાં પૃષ્ઠ ભાગો શોભતા હતા. આશ્રિત બનેલા ત્રણ જગતના જનસમૂહના સાંસારિક તેમજ મોક્ષસુખના અંકુરા સરખી પ્રભુની ઉન્નત, પુષ્ટ, ગોળ અને લાંબી પગની એડીઓ શોભતી હતી. ગોળ, સમાન અને ગૂઢભાવને ધારણ કરતી પરમાત્માની પગની ઘુંટીઓ ચતુર્વિધ ધર્મની લક્ષ્મીના આભૂષણોના ડાબડા સરખી શોભતી હતી. અશુભ કર્મને જીતનાર શ્રાવક ધર્મ અને સાધુધર્મના સાક્ષાત્ જયસ્તંભ સરખી પરમાત્માની બંને જંઘા વિરાજતી હતી. આ સંબંધમાં પંડિતપુરુષો કહે છે કે—જંઘાની ઉપમા સમયે અમારી મૃગજંઘાની ઉપમાને ધિક્કાર થાઓ ! કારણ કે પ્રભુની જંઘા પાસે મૃગની જંઘા કદી પણ જયશાળી થવાની નથી એમ દર્શાવતી હોય તેમ પરમાત્માની જંઘાની રોમાવલિ કૃશ—બારીક હતી. વળી પરમાત્માની બંને જંઘાએ વિશાળ બે સાથળના બોજાને વહન કરવાને માટે જાણે પોતાના મસ્તક પર માંસલ (પુષ્ટ) ઢીંચણના બહાનાથી મસ્તક—બંધન કર્યું હોય તેમ જણાતું હતું. (મસ્તક પર વજન વહન કરવાને માટે ફેંટો અગર તો એવું કોઈ બંધન રાખવામાં આવે છે, તેવી રીતે જંઘાએ સાથળરૂપી બોજો વહન કરવાને ઢીંચણરૂપી બંધન રાખ્યું હતું.) ઊંચપણામાં ક્રમથી વૃદ્ધિ પામતા પ્રભુના બંને સાથળની સાથે, ઊંચે વધતી અને પછી તરત જ ક્રમથી ઘટતી જતી કેળે જે સ્પર્ધા—હરિફાઈ કરી તેના પરિણામે તે કેળની અપકીર્તિ કૃષ્ણ વર્ણવાળા પાંદડાના બહાનાથી દેખાતી હતી, અર્થાત્ કેળ ઊંચે વધતાં જતાં ક્રમેક્રમે ઘટતી જાય છે જ્યારે પ્રભુના સાથળ ક્રમેક્રમે વિશાળ બનતા જતા હતા. વિશાળ લક્ષ્મીના સ્થાનભૂત પરમાત્મા શ્રેષ્ઠ કરુણા રસની નીકોને વહેવરાવવામાં પર્વત સમાન હોવાથી તેમનો નિતંબપ્રદેશ કઠિન, વિશાળ, પુષ્ટ અને ઊંચો કેમ ન હોય ? અર્થાત્ હોય જ. પ્રભુએ કટી—પ્રદેશના કૃશપણા માત્રથી જ સિંહની સમાનતાને ધારણ કરી હતી એમ નહિ, પણ ભવ્ય પ્રાણીઓરૂપી ભદ્રવનને ભેદવામાં મદોન્મત્ત બનેલ પાપરૂપી હસ્તીને હણવાથી પણ પોતાની સિંહની સમાનતાને સાબિત કરી આપી હતી. વજના મધ્ય ભાગ સરખો પરમાત્માનો જે કટિપ્રદેશ શોભી રહ્યો હતો તેને

---

૧. ક્ષમા, મૃદુતા, સરલતા, શુચિતા, સત્ય, સંયમ, તપશ્ચર્યા, ત્યાગ, અકિંચનતા અને બ્રહ્મચર્ય—આ દશ સાધુધર્મ કહેવાય છે.

સિંહને પણ તિરસ્કારી કાઢવામાં લેશમાત્ર પણ શ્રમ ન પડ્યો. પુણ્યરૂપી અમૃતના સાગર સમાન પ્રભુનો કાન્તિરૂપી કલ્લોલોથી પરિપૂર્ણ નાભિરૂપી ઊંડો ધરો શોભતો હતો અને તે ધરાને કિનારે "અમે તરનારા નથી" એમ વિચારીને પાપસમૂહ ગયો જ નહિ અર્થાત્ પરમાત્માની નાભિ અતિ ગહન–ઊંડી હતી. પરમાત્માના વિશાળ હૃદયપ્રદેશમાં ધર્મરૂપી મહાહસ્તિ ક્રીડા કરી રહ્યો હતો અને તે ધર્મરૂપી હસ્તિના બંને કપોલપ્રદેશ પરથી ટપકેલી મદની શ્રેણી રોમરાજીરૂપે શોભી રહી હતી. મેરુપર્વતની શિલા સરખા વિસ્તૃત પ્રભુના હૃદય પર **શ્રીવત્સ** શોભતું હતું તે જાણે અંતઃકરણમાં રહેલ જ્ઞાનરૂપી તેજ ક્રમથી ઝરી-ઝરીને બહાર એકત્ર સમૂહરૂપે થતું હોય તેમ જણાતું હતું. લક્ષ્મીને ક્રીડા કરવાના નૂતન મંદિર સરખા પ્રભુના શરીરને વિષે બંને બાહુરૂપી સ્તંભ ઉપર સુવર્ણમય બે કળશ સરખી કાંતિવાળા, વિશાળ અને ઉન્નત બે ખંભાઓ શોભતા હતા. સમકિતદ્વારા રાગ–દ્વેષને પીસવાને માટે તૈયાર કરાએલ બે મગદળ (ગદા) સરખા, વજ્રને પણ હસી કાઢનાર તેમજ ઢીંચણ પર્યન્ત લાંબા પરમાત્માના બંને બાહુઓ શોભી રહ્યા હતા. પ્રભુના હસ્તયુગલે દશે દિશાઓના કમળોને જીતી લીધા એટલે પ્રભુના હસ્તમાં રહેલ દશે નખોનો કિરણસમૂહ પ્રભુની જયપતાકારૂપે શોભી રહ્યો હતો. કોપને લીધે પ્રભુના હસ્તકમળને રક્ત (લાલ) અને ગરમ (ઉષ્ણ) જાણીને જાણે ભય પામ્યું હોય તેમ કમળ પ્રભુના કર–કમળને શાંત કરવાને માટે પોતાની સાથે રહેનારા શંખ, મત્સ્ય અને મગરમચ્છની સાથે આવીને ઉપાસના કરવા લાગ્યું અર્થાત્ પ્રભુના કર–કમળમાં શંખ, કમળ, મત્સ્ય ને મગરના ચિહ્નો હતાં." હસ્તને વિષે વજ્ર, ધનુષ્ય અને ચક્ર ધારણ કરવા માત્રથી શું ? અમે તો આપના કિંકરો (ચાકરો) જ છીએ." એમ કહેવાને માટે જ કિસલય અને કમળે પોતપોતાની કાંતિ (લક્ષ્મી) પરમાત્માના હસ્તકમળમાં સમર્પણ કરી દીધી, અર્થાત્ પ્રભુના હસ્તમાં વ્રજ, ધનુષ્ય અને ચક્રનાં પણ ચિહ્નો હતાં. પરમાત્માના હસ્તમૂળમાં રહેલ ત્રણ જવોની શ્રેણી જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી કડીઓથી હસ્તના આભૂષણરૂપ સાંકળી (પહોંચી) હોય તેમ શોભતી હતી. પ્રભુની અંગુલીઓએ કલ્પલતાના નૂતન પર્ણની કાંતિને (રક્તતા) ગ્રહણ કરી તેથી તે ગાઢ સાંધાઓવાળી અને અપૂર્વ શોભાવાળી બની. "તત્ત્વ સંબંધી ત્રણ [1]પદને પ્રકાશનાર થશે" એમ માનીને પરમાત્માનો કંઠ ત્રણ રેખાવાળો બન્યો હતો, અને તેજ કંઠ દુશ્મનને નષ્ટ કરવામાં ધ્વનિયુક્ત શંખ સદૃશ બન્યો. પ્રભુ પ્રત્યેની ભક્તિના વશથી ચંદ્રે અર્પણ કરેલ ચંદ્રિકા પ્રભુના મુખ પર હાસ્યના બહાનાથી શોભી રહી હતી, તેમજ કમળે સમર્પણ કરેલ સુવાસ પ્રભુના મુખને વિષે પ્રસરતી હતી પરન્તુ ઉપરોક્ત બંને કાર્ય કરવાથી પ્રગટેલ પુણ્યરાશિએ તે બંનેને તે બંને વસ્તુ (કૌમુદી અને સુવાસ) પાછી સોંપી. વળી પ્રભુના મુખ પર ચંદ્રની કાંતિ અને કમળની શોભા ક્રીડા કરી રહી હતી, આ બંનેના મેળાપમાં આશ્ચર્ય પામવા જેવું શું છે ? કારણ કે તીર્થંકર પરમાત્માની પાસે રહેલા કોઈ પણ પદાર્થને શાશ્વત વૈર

૧. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ.

સ્પર્શી શકતું નથી. (ચંદ્ર હોય ત્યારે કમળ સંકોચાઈ જાય છે–ખીલી શકતું નથી–તે બંનેને પરસ્પર વિરોધ છે; જ્યારે પરમાત્માના મુખ પર બંને સાથે રહ્યા છે તેથી શાશ્વત વૈર પણ પરમાત્માના પ્રતાપથી નાશ પામી જાય છે તે વસ્તુ સાબિત થાય છે). પ્રથમ જિનેશ્વરના મુખને હું અમૃતનો શ્રેષ્ઠ કુંડ સમજું છું, જે કુંડના વચનરૂપી પાનથી કોણ અજરામર પદ (મોક્ષપદ)ને નથી પામ્યા? અર્થાત્ ઘણી વ્યક્તિઓ શિવપદને પ્રાપ્ત થએલ છે. અંતઃકરણમાં રહેલ શાંતરસના પ્રસારથી હાંકી કઢાએલ, કોઈપણ સ્થળે હૃદયપ્રદેશમાં છુપાઈ રહેલ રાગના અંશ સરખો પરમાત્માનો સ્મિતયુક્ત અને આમ્રવૃક્ષ (આંબા)ના નૂતન પલ્લવ જેવો રક્તવર્ણો અધરોષ્ઠ શોભતો હતો. પ્રભુનો મુખરૂપી ચંદ્ર, ચંદ્ર કરતાં પણ દ્વિગુણ (બેવડી) શોભાવાળો બનીને પ્રકાશતો હતો, કારણ કે પરમાત્માના મુખમાં રહેલ દાંતના બહાનાથી તે મુખરૂપી ચંદ્ર બત્રીશ કલાને ધારણ કરતો હતો. (ચંદ્ર સોળ કળાવાળો હોય છે જ્યારે પ્રભુનો મુખરૂપી ચંદ્ર બત્રીશ દાંતના બહાનાથી બત્રીશ કળાયુક્ત શોભતો હતો એટલે ચંદ્ર કરતાં દ્વિગુણ શોભાવાળો દર્શાવ્યો છે.) માનસરોવર અને અમૃતના સાગર સમા જ્ઞાનની વિચરતી લહરીના જેવો, આશ્ચર્યકારક હાસ્યદ્વારા પ્રગટ થએલ શોભાવાળા પરમાત્માના દાંતોનો કાંતિસમૂહ શોભતો હતો. જિનેશ્વર ભગવંતના અંતઃકરણમાં પ્રાણીઓને સંતોષદાયક ઉચ્ચ ભાવના હતી અને તેની સાથે વસવાટ કરવાને કારણે પ્રભુનો શ્વાસવાયુ સંપૂર્ણ રીતે સુગંધી બન્યો હતો. પરમાત્માની જિહ્વા કેવળજ્ઞાનની ઉદય પામેલી અગ્રશિખા જેવી ભાસતી હતી, એમ જો ન હોત તો દ્વાદશાંગીરૂપ સિદ્ધાંતના અર્થસમૂહને પ્રગટાવનારી–દર્શાવનારી કેમ બનત? પરમાત્માના બંને કપોલપ્રદેશવડે શંકરના મસ્તકના મણિસમાન હોવા છતાં પણ ચંદ્ર જીતાયો તેથી કીર્તિસ્તંભની માફક (શરૂઆતમાં વિશાળ અને અનુક્રમે ન્યૂન ન્યૂન) પરમાત્માની નાસિકા શોભી રહી હતી. લોકોના મનરૂપી વાનરને બાંધવાને–વશ કરવાને માટે પ્રભુની નાસિકા વંશ (વાંસ)રૂપે બની હતી અને તે વાંસને વિષે સૂક્ષ્મ ભ્રૂકુટીના બહાનાથી વિશાળ સાંકળ શોભી રહી હતી. ગોળ અને ઉન્નત પ્રભુની નાસિકા વાંસરૂપે હતી અને ભ્રૂકુટી દોરડારૂપ હતી, તેમજ પરમાત્માના રમણીય લલાટપ્રદેશરૂપી પાટિયા પર લક્ષ્મી નર્તિકા (નટી)ની જેમ નૃત્ય કરી રહી હતી. લાંબા અને વિશાળ કર્ણરૂપી હીંચકાવાળું, બારીક ઊગેલા વાળની શ્રેણીરૂપ દુર્વાવાળું, મોતી જેવા ઉજ્જ્વળ કાંતિરૂપી જળથી શોભતી નેત્રરૂપી પુષ્કરણી (વાવ)થી હર્ષ પમાડતું, ઓષ્ઠરૂપી પર્ણ અને ફળવાળું, હાસ્યરૂપી પુષ્પવાળું, ભ્રૂકુટીરૂપી લતાના મિષથી રમણીય એવું પરમાત્માનું મુખ નૂતન યૌવનલક્ષ્મીના ક્રીડોદ્યાન સરખું શોભતું હતું. કૃષ્ણવર્ણી ઉત્પલ કમળ, શ્વેતવર્ણી કુમુદ અને રક્તરંગી કોકનદના સારભૂત તત્ત્વોથી જાણે બનાવાએલ હોય તેવા, મધ્યમાં કૃષ્ણ તથા શ્વેત તેમજ રક્ત (લાલ) ખૂણાવાળા સ્વામીના બંને નેત્રો શોભી રહ્યા હતા. વિશાળ, સરળ અને ઉજ્જ્વળ લક્ષ્મીના બે પાત્ર સરખા પ્રભુના બંને નેત્રો પ્રત્યે લોકોની નજર ન પડે તેટલા ખાતર કાળી પાંપણના બહાનાથી અંજનરેખાઓ શોભી રહી હોય તેમ જણાતું હતું. સ્વામીના

બંને નેત્રોને વિષે વચનને પણ અગોચર એવું કોઈ અપૂર્વ સ્નેહાળપણું હતું કે જે જે પ્રાણીને વિષે તે સ્નેહભાવ દાખલ થયો તે તે પ્રાણી તે સ્નેહના સ્થાનભૂત બન્યો. સરલ પાંપણથી શાંત અને નિર્મળ પ્રભુના બંને નેત્રો બંને કર્ણોના મધ્યમાં વિસ્તાર પામવાથી ખરેખર સ્ખલના પામ્યા અર્થાત્ નેત્રો તો વધવા માંડ્યા પણ વધતાં વધતાં કાન સુધી પહોંચ્યા ત્યારે આગળ વધવાને અવકાશ ન હોવાથી સ્ખલના પામ્યા અર્થાત્ અટકી ગયા એટલે કે પ્રભુના નેત્રો કર્ણ પર્યંત દીર્ઘ હતા. ખરેખર વાંકા થયેલા નેત્રોને વિવેક ક્યાંથી હોય? વળી વૈડૂર્ય મણિના નવીન અંકુરા સરખી કાંતિવાળા પરમાત્માની બંને ભ્રૂકુટીઓ, પ્રભુના નેત્રરૂપી અમૃત તલાવડીમાં દેદીપ્યમાન નાસિકારૂપી વાંસના અગ્રભાગે જાણે બે નવીન ડાળી ઊગી હોય તેવી રીતે શોભતી હતી. લાંબા ને વિશાળ રજ્જુ (દોરડા) સરખા દીર્ઘ પ્રભુના બંને કર્ણો, સહચારીભાવને લીધે સુખી બનેલ અને ક્રીડા કરવામાં ચતુર એવી સરસ્વતી તેમજ લક્ષ્મીદેવીના હીંચકા હોય તેમ શોભતા હતા. પરમાત્માના મુખની કાંતિરૂપી સમુદ્રના કલ્લોલોદ્વારા વિખૂટું પડી ગયેલ છીપનું જોડું કાનના બહાનાથી બંને બાજુના પ્રાંતભાગે (કિનારે) શોભતું હતું અને તે છીપને વિષે રહેલા મોતીઓ પ્રભુની દંતપંક્તિના મિષથી શોભી રહ્યા હતા. "ધર્મભાવનાથી ભાવિત આ ભારતવર્ષ છે" એમ કહેવાને માટે તૈયાર થયેલ જાણે શાસનપત્ર—આજ્ઞાપત્ર હોય તેવું, મનોહર કાંતિવાળું, મજબૂત, સ્નિગ્ધ તથા સમરેખાવાળું પરમાત્માનુ ભાલ શોભી રહ્યું હતું. અરિહંતપણાની લક્ષ્મીને ક્રીડા કરવાને માટે જાણે ક્રીડાપર્વત હોય તેવું, અધોમુખ (ઊંધા) રહેલ વિકસિત કમળના જેવી શોભાવાળું તેમજ ક્રમથી સરખી ઊંચાઈવાળા પ્રદેશવાળું પ્રભુનું મસ્તક શોભતું હતું. ધર્મરાજાના હાલતાચાલતા પ્રાસાદ—મહેલરૂપ પરમાત્મા શોભી રહ્યા હતા અને તેમના મસ્તકપ્રદેશ પર રહેલ ઊંચો અને ગોળાકાર મુગટ કળશની શોભાને ધારણ કરતો હતો. (મહેલને માથે કળશ હોય છે તેથી મુગટને અત્રે કળશરૂપે વર્ણવ્યો છે.) પરમાત્મા હૃદયને વિષે વિસ્તરેલ શ્રેષ્ઠ આત્મજ્યોતિવડે હાંકી કઢાએલ અંધકારની શ્રેણી સરખી મસ્તકના વાળની પંક્તિ, સુંવાળી અને ભ્રમરની શ્રેણી જેવી શ્યામ શોભતી હતી. પરસ્પર મળી ગએલ સૂર્ય અને ચંદ્રના તેજોરાશિથી જાણે બનેલ હોય તેવી, સુવર્ણની કાંતિ કરતાં પણ ચઢિયાતી તેમજ લોકોના નેત્રોને વિષે અમૃતનું સિંચન કરતી પરમાત્માના શરીરની ત્વચા (ચામડી) શોભી રહી હતી. પરમાત્માથી પરાજિત થયેલ દેવાંગનાઓના કટાક્ષો રોમરૂપી કૂવાઓને વિષે સ્થાન પ્રાપ્ત કરીને શ્યામ, સૂક્ષ્મ અને કોમળ રોમાવલિરૂપે પ્રભુના શરીર પર વિરાજી રહ્યા હતા. સમગ્ર જનસમૂહની પીડાને નષ્ટ કરનાર પૃથ્વીના આભૂષણરૂપ પરમાત્મા શ્રેષ્ઠ મણિઓના સમૂહથી રોહણાચળની માફક સુંદર લક્ષણોથી શોભતા હતા. અપૂર્વ નૂતન યૌવનાવસ્થાને કારણે પરમાત્માનું સૌભાગ્ય શોભતું હતું કે જે સૌભાગ્યને અંગે વશીભૂત થયેલા ઇંદ્રો પોતાની દેવાંગનાઓ સહિત પ્રભુના સમીપપણાનો ત્યાગ કરતા ન હતા, અર્થાત્ પોતાની દેવીઓ સહિત ઇંદ્રો પ્રભુથી દૂર થતા નહિં. છત્રને ધારણ કરનાર વરૂણથી છડીદારની માફક આગળ ચાલતાં

ધરણેંદ્રથી, ચામરયુગલ ઢોળતાં યક્ષોથી, હસ્તનું આલંબન આપતા ઇંદ્રથી, 'આપ ચિરં જીવો, આપ દીર્ઘજીવી થાઓ, હે કરુણાસમુદ્ર! હે નિત્યાનંદવાળા! આપ પ્રમોદ પામો. હે જયશાળી! તમે જય પામો' આ પ્રમાણે બોલતાં સુરસમૂહથી પરિવરેલ પરમાત્મા સુખપૂર્વક ક્રીડા કરી રહ્યા હતા. દેવતાએ સ્થાપન કરેલ આસન પર રહેલા, અત્યંત સેવાભાવી બલીંદ્રના ખોળામાં પોતાના ચરણને સ્થાપીને તેમજ ભક્તિના આવેગથી નમતા ચમરેંદ્રના ખોળામાં શરીરના ઉત્તર ભાગને મૂકીને તથા હાથમાં રૂમાલ ફરફરાવતી અપ્સરાઓથી ચારે તરફ વીંટળાઈને પરમાત્મા ગીત–વાદ્ય યુક્ત નૃત્યને નીહાળતા હતા.

## પુરુષ (યુગલિક)ના મરણથી સ્ત્રીની દશા–

નિર્દોષભાવે બાલ્યાવસ્થા વીતાવનાર એક યુગલ કોઈએક વખત બાલોચિત કૌતુકક્રીડા કરવા માટે તાલવનના મનોહર પ્રદેશમાં ગયું તેવામાં તે યુગલ પૈકી પુરુષના મસ્તક પર યમરાજના દંડ સરખું, પ્રચંડ વાતથી છૂટું પડી ગએલ તાલનું ફળ પડ્યું. **પૂર્વે કરેલ કર્મનો નાશ ભોગવ્યા સિવાય કેમ થઈ શકે?** "કાગને બેસવું ને તાડનું પડવું" એ ન્યાયને અનુસારે મસ્તક પર તાલનું ફળ પડવાથી પુરુષ મૃત્યુ પામ્યો. આ અવસર્પિણી કાળમાં આવી જાતનું અપમૃત્યુ સૌ પ્રથમ જ થયું હતું. મૃત્યુ પામીને તે પુરુષ દેવલોકમાં ગયો. **અત્યંત સરલાશયી યુગલિકોને સ્વર્ગસુખ સન્મુખ જ હોય છે અર્થાત્ સ્હેજે દેવગતિ પ્રાપ્ત કરે છે.** પૂર્વે મહાપક્ષીઓ યુગલિકોના મૃત ક્લેવરને માળામાં રહેલા કાષ્ઠની જેમ સમુદ્રમાં ફેંકી દેતા હતા, પરન્તુ આ પુરુષ યુગલિકનું મૃત ક્લેવર ત્યાં ને ત્યાં જ પડ્યું રહ્યું. આ અવસર્પિણી કાળમાં તથાપ્રકારનો સ્વભાવ રહી શકતો નથી–પરિવર્તન થયા જ કરે છે. આ યુગલિક પૈકીની સાથે વિચરનારી, પુરુષ રહિત બનેલી, દીન અને ભોળી તે બાળા હરિણીની માફક ચારે દિશામાં નિહાળવા લાગી એટલે તેના માતપિતા જલ્દીથી આવીને, તેને લઈ જઈને ઉછેરવા લાગ્યા. પોતાના સંતાનને દુ:ખી જોઈને માતપિતા સેવાવૃત્તિને ધારણ કરે છે અર્થાત્ સંતાનની આસનાવાસના કરે છે. તેના માતપિતાએ તેનું **સુનંદા** એવું નામ રાખ્યું. બાદ તેણીના પ્રત્યે પુત્ર સરખા ભાવને વહન કરતાં કાળક્રમે તેઓ પણ મૃત્યુ પામ્યા; કારણ કે યુગલિકો સંતાનને જન્મ આપ્યા પછી લાંબું આયુષ્ય ભોગવતા નથી. તે બાળાના માતપિતા સ્વર્ગવાસી થયા એટલે કર્તવ્યવિમૂઢ બનેલી તે એકાકિની, ચપળ નેત્રવાળી બાળા, પોતાના યૂથથી વિખૂટી પડી ગએલ હરણીની માફક વનેવનમાં ભટકવા લાગી.

## સુનંદાનું રૂપવર્ણન–

તેણીની જંઘાને વિષે તળિયાયુક્ત બંને ચરણો શોભતા હતા તે જાણે કે વૃષભદેવ પરમાત્માના નિરીક્ષણમાં આસક્ત બનેલ સૂર્યથી વિખૂટા પડી ગયેલા ઊંચા નાળવાળા અને નીચા મુખવાળા કિરણરૂપી કમળ હોય તેમ દેખાતા હતા. અનુક્રમે વિશાળ, ગોળ અને

પ્રશંસનીય, હાથીની સૂંઢોને જીતવાથી પ્રાપ્ત કરેલ યશને ધારણ કરતા તેના બે સાથળ ઉજ્જ્વળ કાંતિસમૂહના બહાનાથી શોભતા હતા. સમગ્ર લોકોને જીતનાર, મહાપરાક્રમી કામદેવરૂપી સુભટની ઢાલ સરખો, કંદોરાની અવાજ કરતી ઘુઘરીઓની શ્રેણીથી મનોહર એવો તેણીનો જંઘાપ્રદેશ શોભતો હતો. ત્રણ ભુવનને જીતનાર કામદેવને ખેલવા માટે યૌવનવડે મનોહર સિંહાસન સ્થાપન કરાયું હોય તેવો તેણીનો વિશાળ કાંતિવાળો નિતંબપ્રદેશ શોભતો હતો. કામદેવની આજ્ઞાથી યૌવને તે સુનંદાકુમારીને હસ્તિને બાંધવાની શાળા સરખી બનાવી અને ચિત્તરૂપી હસ્તીને પડવાને માટે તેની નાભિ ગર્તારૂપે (ખાડારૂપે) બની. (હાથીને પકડવાને માટે ખાડો ખોદી તેના પર હાથણીનું ખોખું ઊભું કરવામાં આવે છે અને તેનાથી લોભાઈને હાથી ખાડામાં પડે છે તેવી રીતે અહીં નાભિરૂપી ખાડો સમજવો.) બંને બાજુ રહેલા સ્તન અને નિતંબના પરસ્પર મહાન્ ક્લેશને (સ્તન કે હું પુષ્ટ છું અને નિતંબ કે હું પુષ્ટ છું તેવી જાતના કલહને) જોઈને રોમાંચિત રોમરાજીરૂપી ખડ્ગવાળો તેણીનો ઉદરપ્રદેશ ઊંચી થએલ ત્રણ આવળીયુક્ત બન્યો. (જ્યારે કોઈપણ માણસ ક્રોધી બને ત્યારે તેની ભૃકુટી ઊંચી થતાં કપાળમાં કરચલી—આવળી પડી જાય તેમ અહીં ઉદરપ્રદેશ આવળીયુક્ત બની ગયો.) તે સુનંદાને વિષે બે વીણા રચવાને માટે કામદેવ અને તેની સ્ત્રી રતિએ તેણીની નાભિના ઉપરના પ્રદેશમાં પ્રગટેલ રોમશ્રેણીને બે તાંતરૂપે, બે સ્તનને તુંબડારૂપે અને બંને હસ્તને દંડ (વાંસ) રૂપે કર્યા હોય તેમ જણાતું હતું. યુવાવસ્થાને અંગે પ્રગટેલ ઉષ્મા—ગરમીના તાપથી વ્યાકુળ બનેલ શૃંગારરસની મિત્રાચારીમાં આસક્ત બનેલ સુનંદાના મનોહર સુવર્ણ સરખી કાંતિવાળા બે સ્તનકુંભ શ્યામ ડીંટડીવાળા બનીને શોભતા હતા. તેણીના બંને સ્તનો વૃદ્ધિ પામ્યા હતા અને તેનો નિતંબપ્રદેશ વિશાળ બન્યો હતો. જ્યારે તેણીનો ઉદરપ્રદેશ તદ્દન કૃશ દેખાતો હતો. **ખરેખર મહાપુરુષોમાં રહેલ નિઃસ્પૃહભાવ કોણ જાણી શકે ?** (ઉદરે પોતાની પુષ્ટિને ભોગે એટલે કે કૃશ બનીને સ્તન તથા નિતંબને વૃદ્ધિ પમાડ્યા હતા). 'સ્વર્ગ, મૃત્યુ અને પાતાળની સ્ત્રીઓને વિષે સુનંદા અત્યંત રૂપશાળી છે' એમ સૂચવતી ત્રણ રેખાઓ સુનંદાએ કંઠ પર ધારણ કરી હતી, જે કંઠને જોઈને ઈર્ષ્યાવડે જ જાણે હોય તેમ શંખ પોતાના અંતર્ભાગમાં વાંકો બની ગયો. તેણીના અતિ તેજસ્વી મુખરૂપી ચંદ્રે કમળની લક્ષ્મીને વૃદ્ધિ પમાડી અને સ્તનરૂપી ચક્રવાકના યુગલને હંમેશને માટે સાથે રહેનાર બનાવ્યા તે ખરેખર આશ્ચર્યજનક છે. (ચંદ્રના પ્રકાશથી કમળ સંકોચાઈ જાય અને ચક્રવાક—ચક્રવાકીનું જોડલું વિખૂટું પડી જાય; જ્યારે સુનંદાના મુખરૂપી ચંદ્રે તે બંને વસ્તુને સિદ્ધ કરી બતાવી તે ખરેખર આશ્ચર્યજનક છે.) શાંત ક્ષીરસાગરનાં મોજાં વચ્ચે આમતેમ ખેલતા પરવાળાની જેવો મનોહર, ચંદ્રની કાંતિથી મનોહર દેખાતા નૂતન પલ્લવ—પર્ણની જેવી શોભાવાળો, અને હાસ્યથી સુંદર દેખાતો તેનો અધર પ્રકાશતો હતો. ચંદ્રના મંડલ સરખા તેણીના બે કપોલપ્રદેશ, કામદેવની બે પત્ની—રતિ અને પ્રીતિના સ્વચ્છ સ્ફટિકમણિના દર્પણ હોય તેમ શોભતા હતા. તેણીના બંને નેત્રોની વચ્ચે

હમેશને માટે જો નાસિકારૂપી વિશાળ ભીંત ન હોત તો પરસ્પરના નિરીક્ષણથી એક–બીજાને અક્ષિદોષ (નજર) લાગુ પડ્યો હોત. પોતાની ઈચ્છા મુજબ આગળ વધવામાં સ્ખલના કરનાર બંને કાનોને દૂર હાંકી કાઢવાને તેની બંને ભ્રૂકુટીઓએ તેના બંને નેત્રોને લાકડીરૂપે બનાવ્યા, પરન્તુ જ્યારે તેના જાણવામાં આવ્યું કે બંને કાન તો શ્રુત–સિદ્ધાંતને સાંભળનારા છે ત્યારે તે ભ્રૂકુટી આગળ વધતી અટકી ગઈ. સુંદર નેત્રવાળી સુનંદાના વચનરૂપી અમૃતના કુંડ સરખા મુખની બંને બાજુ કુંડલવાળા અને રક્ષણ કરવામાં પ્રવીણ એવા બંને કર્ણો શોભતા હતા. નાસિકારૂપી દંડ ઉપર અષ્ટમીના ચંદ્ર જેવી શોભાવાળો, વિશાળ ભ્રૂકુટીના મિષથી તેજસ્વી વૈડુર્ય રત્નની કાંતિવાળો તેનો ભાલપ્રદેશ કામદેવના સુવર્ણ–છત્ર સરખો શોભતો હતો. વિચક્ષણ મયૂરે વનવાસ સ્વીકાર્યો એટલે તે તપશ્ચર્યાને કારણે તેણે સુનંદાના કેશોની શોભાને ધારણ કરી, આમ થવાથી હર્ષિત બનેલો મયૂર પોતાના મિત્ર મેઘની પધરામણી પ્રસંગે હૃદયને આહ્‌લાદકારક નૃત્ય કરે છે. જળમાં રહેલા કમળે આકાશમાં રહેલ સૂર્ય અને તે સૂર્યનાં જળમાં પડતા ચારે દિશાના ચાર પ્રતિબિંબદ્વારા પંચાગ્નિ તપ કરીને લક્ષ્મીના આવાસનું સ્થાન પ્રાપ્ત કર્યું પરન્તુ સુનંદાના મુખની શોભાને પ્રાપ્ત કરી શક્યું નહિ, આથી જ કમળ રાત્રિને વિષે ભ્રમરરૂપી વિષ પીને મૂર્ચ્છિત બને છે અર્થાત્ સંકોચાઈ જાય છે. નૂતન યુવાવસ્થાએ કામદેવ સાથેના પ્રથમ પરિચયમાં સુનંદાના દેદીપ્યમાન બે સ્તનરૂપી ફળોને આગળ ધરીને સુનંદાની શૃંગારરસયુક્ત છાતીમાં હમેશને માટે સ્થાન કરેલ ત્રિલોકવિજયી કામદેવની ઉપાસના કરવાનું શરૂ કર્યું હતું. સુનંદાના મુખથી પરાજિત થયેલ ચંદ્ર સુનંદાના નેત્રની સ્પર્ધા કરનાર મૃગને પોતાના ખોળામાં આશ્રય આપવાથી કલંકી બન્યો અને તેણીના હાસ્યની સુવાસના હરિફ બનેલ કુમુદની સાથે મિત્રાચારી કરીને તેણીના દાંતની કાંતિસમૂહને પ્રાપ્ત કરવાને ઈચ્છતો ક્ષયી (ક્ષીણ કળાવાળો) બન્યો, અર્થાત્ પોતાની કરતાં બળવાન સાથે બાથ ભીડવાથી–સ્પર્ધા કરવાથી પરાજિત થવું પડે છે.

**યુગલિકોએ નાભિરાજને સમર્પણ કરેલ સુનંદા–**

યુગલિકોએ જંગલમાં ભટકતી તે ભોળી સુનંદાને નાભિરાજાની સમક્ષ આણી અને તેમણે "જગત્સ્વામી ઋષભદેવની આ બીજી પત્ની થાઓ" એમ કહીને રમણીય કામદેવની હાલતીચાલતી રાજધાની સરખી તે સુનંદાનો સ્વીકાર કર્યો. મતિ, શ્રુત અને અવધિ–એ ત્રણ જ્ઞાનવાળા પરમાત્માના મનરૂપી આશ્રયસ્થાનમાં, ત્રણ લોકને જીતવામાં અસાધારણ વીર હોવા છતાં કામદેવ દાખલ થઈ શક્યો નહિ, પરન્તુ બંને સ્ત્રીઓ (સુમંગલા અને સુનંદા)ના વિવાહ મહોત્સવ પ્રસંગે તેમાં દાખલ થવાની આશાએ નવયૌવનવડે અપાયેલા આશ્વાસનથી તે તેની સાથે રહ્યો.

* * *

જે પરમાત્માના બંને ઊંચા સ્કંધરૂપી પર્વતના કિનારા પર દેખાતી મેઘોની શ્રેણી સરખી, ચણોઠીના અગ્રભાગ સરખી શ્યામવર્ણી દેદીપ્યમાન કાંતિવાળી, સંસારરૂપી દાવાનળના ભયને ભેદનારી કેશશ્રેણી કલ્યાણરૂપી લતાસમૂહને વિસ્તારે છે તે શ્રી **ઋષભદેવ** પરમાત્મા જયવંત વર્તે છે.

નાગેંદ્રની ફણામાં રહેલા હજારો મણિઓથી જે ઝેર દૂર ન કરાયું, કાર્તિકસ્વામીના મયૂરના વિકસિત નેત્રકટાક્ષોથી જે દૂર ન થયું, ચંદ્રની શ્રેષ્ઠ કાંતિથી જે દૂર ન કરાયું, તેમજ પાર્વતીના અધરામૃતના આસ્વાદથી પણ જે દૂર ન કરાયું તે શંકરના ગળામાં રહેલ વિષને, હે **પદ્મમંત્રી !** તેં તારા યશદ્વારા આચ્છાદિત કરી દીધું.

**અષ્ટમ સર્ગ સમાપ્ત.**



# નવમો સર્ગ

## શ્રી ઋષભદેવસ્વામીનો વિવાહ અને સંતાનોત્પત્તિ.

જેમના માહાત્મ્યથી પરાજિત થયેલ અંધકાર, ભામંડલરૂપી સૂર્ય અને મુખરૂપી ચંદ્રનાં કિરણોથી ન ભેદાતાં સ્કંધપ્રદેશ પર રહેલ કેશના બહાનાથી જેમના શરણે આવ્યો તે શ્રી **ઋષભદેવ** પરમાત્મા પ્રાણીઓના—અભ્યુદય—ઉન્નતિને માટે થાઓ.

આ બાજુ સૌધર્મેંદ્ર અવધિજ્ઞાનદ્વારા ત્રણ જગતના સ્વામી પરમાત્માના વિવાહનો અવસર જાણીને ત્યાં આગળ આવ્યો અને પ્રભુના બંને ચરણમાં પ્રણામ કરીને, તેમની સમક્ષ ઊભા રહીને અંજલી જોડવાપૂર્વક નીચે પ્રમાણે કહ્યું કે—"સમગ્ર સંસાર—વ્યવહારને જાણનારા આપની પાસે જે વ્યક્તિ પોતાનું નૂતન કથન કહેતો હોય તે મૂર્ખ માણસ, જગતને પ્રકાશિત કરનાર સૂર્ય સમીપ ક્રીડા કરતા આગિયાની માફક કોની હાંસીને પાત્ર ન બને? અર્થાત્ સૂર્ય આગળ આગિયાનું પ્રકાશવું હાંસીપાત્ર છે તેમ વ્યવહારજ્ઞાતા આપની પાસે મારું કથન હાસ્યજનક છે, છતાં પણ સ્વામીની મહેરબાનીથી અભિમાની બનેલા પ્રાણીઓ જો કદાચ અયોગ્ય બોલે તો તેવા વાક્કથનથી સ્વામીઓ તેઓના પ્રત્યે ક્રોધે—રોષે ભરાતા નથી તેથી હું પણ બોલું છું, તો હે કરુણાળુ! આપે મારા પ્રત્યે પ્રસન્નતા જ દર્શાવવી. સંસારને પરાભવ પમાડવાને તૈયાર થએલા આપની દીક્ષા અંગીકાર કરવારૂપ મહોત્સવ માટેની અત્યંત અભિલાષાને હું જાણું છું, પરન્તુ આ ભરતક્ષેત્રને વિષે મોક્ષપુરીના માર્ગની જેમ સંસારના સમગ્ર વ્યવહારો પણ આપને જ પ્રવર્તાવવાના છે. ઉત્સર્પિણી તથા અવસર્પિણી કાળને વિષે પાંચ ભરત ને પાંચ ઐરવત ક્ષેત્રને વિષે હે નાથ! નષ્ટ થએલ સમગ્ર સંસારના વ્યવહારમાર્ગને પ્રસરાવવાનો પ્રથમ તીર્થંકરનો જ અધિકાર હોય છે; તો હે વિશ્વપ્રભુ! લોકવ્યવહારને માટે, હે સ્વામિન્! આપ **સુમંગળા** અને **સુનંદા** સાથે વિવાહ કરો. આપે સ્વીકારેલા વિવાહમહોત્સવ પ્રસંગે ત્રણ જગતની જનતા ઉત્સવમય બનશે." આ પ્રમાણે સૌધર્મેંદ્રનું કથન સાંભળીને "મારે ત્રીશ લાખ પૂર્વ વર્ષ પર્યન્ત ભોગાવલી કર્મ ભોગવવાનું છે." એમ અવધિજ્ઞાનદ્વારા જાણીને પ્રભુએ મસ્તકને ધુણાવવાપૂર્વક મુખ નીચે રાખ્યું ત્યારે મસ્તક ધુણાવવાના કાર્યથી પ્રભુની અનુમતિ મેળવીને પ્રભુનો અભિપ્રાય જાણનાર સૌધર્મેંદ્રે હર્ષપૂર્વક સમગ્ર દેવોને પ્રભુના વિવાહોત્સવ માટે બોલાવ્યા.

### પ્રભુના વિવાહમંડપનું વર્ણન—

સૌધર્મેંદ્રની આજ્ઞા જાણીને આભિયોગિક દેવોએ પુષ્કળ રત્ન અને સુવર્ણવડે જલ્દીથી

જે મંડપ રચ્યો તે મંડપના મિષથી **સુધર્માસભા** પણ પ્રભુની સેવા માટે ઈંદ્ર અને દેવોની માફક આવી. શ્રેષ્ઠ રત્ન, રૂપું અને સુવર્ણના બનાવાયેલા સ્તંભો, ઋષભદેવ પરમાત્માની સ્થિરતા અને ઉન્નતપણાથી જીતાએલ રોહણાચળ, હિમાલય અને મેરુપર્વતવડે પોતાના શિખરો ભેટણા તરીકે અપાયા હોય તેમ શોભતા હતા. તે સ્તંભોને વિષે જડેલ મનોહર રૂપવાળી મણિમય પૂતળીઓ, પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવના દર્શનથી સ્તંભિત થઈ ગએલી દેવાંગનાઓ હોય તેમ શોભી રહી હતી. તે મંડપને વિષે અત્યંત દેદીપ્યમાન સ્ફાટિક મણિથી બાંધેલી ભૂમિમાં પ્રતિબિંબિત થએલી તે પૂતળીઓ, ચંદ્રિકાના પ્રકાશથી શોભતી વાવડીઓને વિષે જળક્રીડા કરવામાં રક્ત બનેલ લલનાઓની માફક શોભતી હતી. તે મંડપમાં શ્રેષ્ઠ પ્રભાવાળા ચંદ્રકાંત મણિથી બાંધેલી ભૂમિને વિષે પ્રતિબિંબિત થએલ નીલરત્નની બનાવેલ સ્તંભશ્રેણી, ક્ષીરસાગરના તરંગસમૂહને વિષે રહેલ શેવાલના સમૂહ સરખી શોભતી હતી. તે મંડપમાં ઈંદ્રનીલ મણિઓની ભૂમિને વિષે અત્યંત નીલવર્ણની કાંતિવાળા પદ્મરાગ મણિના સ્તંભો, યમૂના નદીના જળકલ્લોલમાં રહેલા અત્યંત મનોહર રક્ત કમળના નાળસમૂહની શોભાને ધારણ કરતા હતા. વળી કુરવિન્દ રત્નોની ભૂમિને વિષે સંધ્યાસમયના મેઘયુક્ત ચંદ્રકિરણોની કાંતિ સરખા ચંદ્રકાંતમણિનાં થાંભલાઓ શોભતા હતા; જ્યારે મરકતમણિથી બાંધેલી ભૂમિમાં પદ્મરાગ મણિના સ્તંભો વર્ષાઋતુના વાદળા સાથે જોડાએલ સૂર્યકિરણ સદશ દેખાતા હતા. વળી તે મંડપમાં વિશાળ કાંતિવાળા, કલ્યાણકારક અને સુવર્ણના બનેલા કળશો, પરમાત્માના વિવાહમહોત્સવ પ્રસંગે કુતુહલપૂર્વક પ્રત્યેક દ્વીપ અને સાગરથકી આવેલા સૂર્યો હોય તેવા શોભતા હતા. કાંતિસમૂહથી દશે દિશાઓને પ્રકાશિત કરતી સુવર્ણવેદિકાઓ, સૂર્યોએ પોતાના કિરણોને પિંડરૂપ બનાવીને પ્રભુના વિવાહોત્સવને અંગે ભક્તિપુરસ્સર સ્થાપિત કર્યા હોય તેવી રીતે શોભતી હતી. નીલમણિના બનેલા દ્વારોને વિષે વિવિધ રત્નોની બનાવેલ તોરણશ્રેણીઓએ, વર્ષાઋતુના મેઘના આભૂષણ સમાન ઈંદ્રધનુષ્યની શોભાને ધારણ કરી હતી. કલ્પવૃક્ષના પાંદડાંઓથી બનાવેલ નૂતન તોરણશ્રેણી પવનવડે દરેક દિશામાં હીંચોળાતી હતી ત્યારે તે શ્રેણી જાણે દિશારૂપી સ્ત્રીઓના હીંચકા હોય તેવી શોભતી હતી. વળી તે પાણિગ્રહણ મહોત્સવ પ્રસંગે પરમાત્માના યશની સાથે મિત્રાચારી હોઈને ચંદ્રગણની ચંદ્રિકા, ચારે બાજુ બાંધેલા દિવ્ય વસ્ત્રના ચંદરવાઓના બહાનાથી આવીને રહી હતી. શૃંગારરસના સાગર સમાન તે વિશાળ મંડપને વિષે ચારે બાજુ મોતીયોની ઝાલરો (પડદાઓ), વિશ્વની જનતારૂપી મત્સ્યને પકડવા માટે વિશાળ કામદેવરૂપી માછીમારની જાળો સરખી શોભતી હતી. વળી તે મંડપમાં કામદેવની પુણ્યરાશિ સરખી, દેવાંગનાઓથી સ્થાપન કરાએલી કળશોની શ્રેણી, લીલા વાંસોથી વીંટળાઈને જાણે શૃંગારરસથી ઉન્નત બની હોય તેમ શોભતી હતી. ધૂપઘટીઓમાંથી નીકળતા ધૂમરાશિથી પ્રકાશિત બનેલ અને આકાશને વિષે પવનવડે ફરફરતી ધજાઓ, યમુના સાથે મળેલ હજારો ગંગાની ભ્રાંતિથી જાણે

[1]સપ્તર્ષિદ્વારા જોવાતી હોય તેમ શોભતી હતી. તે મંડપમાં વૈડૂર્ય અને નીલમણિના સ્તંભો હોવા છતાં મંગલ બુદ્ધિથી દેવોએ કદલીસ્તંભ(કેળ)નું સ્થાપન કર્યું તેથી અત્યંત આનંદિત બનીને તે કેળે પોતાના પાંદડાઓ ફરફરાવીને નૃત્ય કર્યું.

## અપ્સરાઓએ સુનંદા તથા સુમંગળાને કરેલ શણગાર—

"સૌધર્મેંદ્ર તેમજ પરમાત્માની આજ્ઞા એ યજ્ઞના ઉત્સવરૂપ છે, તેથી અમારા પુણ્યોદયને લીધે જ આ પ્રસંગમાં અમારી પ્રવૃત્તિ થાય" એમ વિચારીને હર્ષિત બનેલી અપ્સરાઓ[2] નજીકમાં આવેલા વિવાહકાર્યમાં મગ્ન બની ગઈ. **રંભા** નામની અપ્સરા કલ્પવૃક્ષોનાં પુષ્પોવડે, ત્રિભુવનના વિજય માટે સજ્જ થએલા પોતાના સ્વામી કામદેવને માટે બાણસમૂહ યુક્ત ધનુષ્યની શ્રેણી સરખી, ગુંજારવ કરતા ભ્રમરસમૂહથી યુક્ત માળાઓ ગુંથવા લાગી. વિધિને જાણનારી **ઘૃતાચી** વરની વિધિપુરસ્સર પૂજા કરવાને માટે તૈયાર કરાએલ દહીં અને ઘી વિગેરે ધારણ કરી ઊભી રહી; જ્યારે **તિલોત્તમા**એ તે વસ્તુઓને મંગલમય ગોમય (ગાયનું છાણ) અને માટીથી લીંપેલ દ્વારોને વિષે ક્રમ (પરંપરા) સાચવવા માટે સ્થાપન કરી. **ચિત્રલેખા**એ દેવસમૂહને પણ આશ્ચર્ય ઉત્પન્ન કરનાર મોતીઓ તેમજ અક્ષતોના સ્વસ્તિકો કર્યા; જ્યારે **મેના**એ માતૃગૃહને વિષે કામોદ્દીપક, ચિત્રવિચિત્ર અને નયનોને આહ્લાદકારક ચિત્રામણ કર્યું. **અમ્લોચિકા**એ યોગ્ય સ્થળે યથાયોગ્ય શ્રેષ્ઠ વરમાચી (વરને બેસાવાનું આસન) જલ્દીથી તૈયાર કરી; જ્યારે **શારદ્વતી**એ વરવધૂને માટે ઉત્તમ મોજડી આદરપૂર્વક તૈયાર કરી. **સુગંધા**એ દેવોને પણ પ્રિય એવા અનેક પ્રકારનાં સુગંધી પદાર્થો વિધિપુરસ્સર તૈયાર કર્યા; જ્યારે **સહજન્યા**એ જાનમાં આવેલા જાનૈયાઓ માટે સુખાસનો તૈયાર કર્યા. "હે સુમુખી! તું બેદરકાર કેમ બની છો? હે સુરસા! તું આળસુ કેમ બની છો? હે કામલા! તું પ્રમાદને કેમ સેવી રહી છો? હે રામા! તું ક્રીડા કેમ કરી રહી છો? હે સુકેશી! અને આદરપાત્ર હે ઉર્વશી! તમે બંને સંતાપ કેમ પામો છો? હે સીતા! તું ફોગટ આમતેમ આંટા કેમ મારી રહી છો? હે પૂર્ણિમા! અક્ષતપાત્રો (કંકાવટીઓને) તું અક્ષત અને મોતીઓના સમૂહથી કેમ ભરતી નથી? હે મંજુઘોષા! દેવાંગનાઓને પણ કર્ણપ્રિય, સુંદર ધવળમંગળ ગીતો કેમ તું ગવરાવતી નથી?

---

૧. મરીચી, અત્રી, અંગિરસ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ અને વસિષ્ઠ એ સાત મહર્ષિઓ કહેવાય છે.

૨. **વ્યાડિકોશમાં** અપ્સરાઓના નામો અને તેની ઉત્પત્તિ નીચે પ્રમાણે જણાવી છે :—બ્રહ્માના અગ્નિકુંડમાંથી **પ્રભાવતી**, વેદિતલમાંથી **વેદિવતી**, યમરાજદ્વારા **સુલોચના**, શંકરના ડાબો સાથળ ભેદીને **ઉર્વશી**, બ્રહ્માના મુખમાંથી **રંભા**, હાથમાંથી **ચિત્રલેખા** અને મસ્તકમાંથી **મહાચિત્તા, કાકિલસા, વસા, મરીચિસૂચિકા, વિદ્યુત્પર્ણા, તિલોત્તમા, અદ્રિકા, લક્ષણા, ક્ષેમા, દિવ્યા, રામા, મનોરમા, હેમા, સુગન્ધા, સુવપુ, સુબાહુ, સુવ્રતા, સિતા, શારદ્વતી, પુંડરીકા, સુરસા, સુનૃતા, સુવાતા, કામલા, હંસપાદી, સુમુખી, મેનકા, સહજન્યા, પર્ણિની, પુંજિકાસ્થલા, ઋતુસ્થલા, ઘૃતાચી** અને **વિશ્વાચી**. જ્યારે **અમરકોશમાં** નીચે પ્રમાણે અપ્સરાઓનાં નામ જણાવેલ છે—**ઘૃતાચી, મેનકા, રંભા, ઉર્વશી, તિલોત્તમા, સુકેશી** અને **મંજુઘોષા.**

લગ્નમુહૂર્ત નજીક આવી રહ્યું છે, માટે પાણિગ્રહણ મહોત્સવનું પોતપોતાનું કાર્ય કરવાને માટે ઉતાવળ કરો—ઉતાવળ કરો" આ પ્રમાણે અસાધારણ ઉતાવળ દર્શાવતો અપ્સરાઓનો પરસ્પર વાર્તાલાપ થવા લાગ્યો.

ત્યારબાદ કેટલીક અપ્સરાઓએ સુમંગલા સાથે સુનંદાને મંગળસ્નાન કરાવવાને માટે સુંદર આસન પર બેસારી ત્યારે પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ પરમાત્માને અર્પવાને માટે સાથે રહેલ જયલક્ષ્મી અને રાજલક્ષ્મીને તૈયાર કરી હોય તેમ તે બંને શોભવા લાગી. બાદ મંગળગીતો ગવાવા લાગ્યા ત્યારે દેવાંગનાઓએ સુવાસિત તેલથી તે બંનેનું સ્નેહપૂર્વક સંપૂર્ણ રીતે અભ્યંગન કરીને તેમના દેહને બહારથી અને ચિત્તને અંદરથી સ્વસ્થ કર્યું. પછી દેવાંગનાઓએ સુકોમળ પીઠીદ્વારા તે બંનેનું ઉદ્‌વર્તન કર્યું અર્થાત્ પીઠી ચોળી અને તે કાર્ય કરતાં પડેલા છાંટાઓથી પૃથ્વીને તેમજ પોતપોતાની જાતને દેવાંગનાઓએ પુનિત બનાવી. બાદ બે ચરણ, બે ઢીંચણ, બે હાથ, બે ખભા અને ભાલપ્રદેશ—એમ નવ અંગોને વિષે દેવીઓએ નવ તિલકો કર્યાં. તે તિલકો જાણે કે નવે રસોને વિસ્તરવામાં કોઈ પણ જાતની મુશ્કેલી નહીં પડે તેની સાબિતી આપતા હોય તેમ શોભતા હતા. વળી પ્રથમ જિનેશ્વર પ્રત્યે ગાઢ પ્રેમ કરવાનું સૂચન કરતી હોય તેમ તે દેવીઓએ સુમંગળા તથા સુનંદાને ત્રાકથી કાંતેલ કુસુંબી રંગવાળા સુતરથી ડાબા તેમ જ જમણા પડખાથી માપી. બાદ તે બંનેને પીઠીયાતી કરીને મણિમંદિરમાં સ્થાપી—રાખી અને પીઠીયાતી બનેલી તે બંનેએ પણ ઋષભદેવ પ્રભુને પોતાના હૃદયમંદિરમાં હમેશને માટે સ્થાપ્યા. પછી પૂર્વની માફક દેવાંગનાઓએ તે બંનેનું ઉદ્‌વર્ણક કર્યું (પીઠી ઉતારી લીધી) અને તેમ કરવાથી પરમાત્માની ધર્મપત્ની થવાના પ્રભાવથી પ્રગટેલ કીર્તિ ત્રણ જગત પર્યન્ત વિસ્તરી. બાદ જાણે પોતાની પ્રશાંત નેત્રકાંતિના સમૂહથી પ્રગટી હોય તેવી અથવા તો વૃદ્ધિ પામતી તત્કાલીન પુણ્યરાશિ હોય તેવી તથા સુવર્ણના કુંભમાં રહેલ જળરાશિથી દેવાંગનાઓએ તે બંનેને બીજા આસન પર બેસારી સ્નાન કરાવ્યું. બાદ દેવાંગનાઓએ તે બંને કન્યાનું જે સુંદર વસ્ત્રદ્વારા પ્રમાર્જન કર્યું તે વસ્ત્રને વિષે પાણી તે બંને (કન્યા)ને ત્યજી દઈને દાખલ થઈ ગયું. **યોગ્યાયોગ્યનો વિવેક જડ(જલ)ને ક્યાંથી હોય?** [1]ગુણવાનના સંસર્ગથી જડતા વિટંબણા પમાડતી નથી એમ વિચારીને દેવીઓએ સુકોમળ વસ્ત્રવડે તે બંનેના કેશપાશને ચારે બાજુથી વીંટી લીધો. બાદ તેમના શરીરને બંધબેસતા દિવ્ય વસ્ત્રો પહેરાવીને દેવાંગનાઓએ તેમને અન્ય આસનો પર બેસારીને તેના વિશાળ કેશપાશમાંથી હર્ષાશ્રુ સરખું પાણી દૂર કર્યું. "સુનંદા તથા સુમંગલાના કેશપાશે મારા મિત્ર મયૂરના કેશકલાપની સાથે મિત્રાચારી કરી છે" એમ સમજીને મેઘરાજે, દેવાંગનાઓએ કેશપાશને

---

૧. ગુણ એટલે ગુણ અને દોરો એવા બે અર્થ થાય છે. ગુણવાનના સંસર્ગથી જડતા આવી શકતી નથી. દોરા (ગુણ)થી બનેલા વસ્ત્રવડે જળને દૂર કરાય છે એમ કહેવાની મતલબ છે. સંસ્કૃતમાં ડ અને લની સમાનતા છે એટલે જડને બદલે જલ પણ પ્રસંગે સમજવું.

સુવાસિત કરવા પ્રગટાવેલ ધૂપના ધૂમાડાના બહાનાથી તે બંનેના કેશકલાપને હર્ષપૂર્વક આલિંગન આપ્યું. (મેઘાગમન સમયે મયૂર નૃત્ય કરવા માંડે છે તેથી મેઘ અને મયૂર વચ્ચે મિત્રાચારી છે.) "મને તજી દેનાર પરમાત્માના હૃદયમાં તમારી બંનેની મહેરબાનીથી મારો પ્રવેશ થાઓ" એવી યાચના કરવાને માટે, દેવાંગનાઓદ્વારા કરાએલ સુશોભિત અલતાના લેપના બહાનાથી રાગ (લાલ રંગ) તેણીના ચરણકમળને વિષે ભક્તિપૂર્વક લાગ્યો અર્થાત્ બંનેના ચરણો અલતાના રંગથી રંગવામાં આવ્યા હતા. જેમ ચંદ્રકિરણોથી આકાશ અને પૃથ્વીને લિપ્ત કરવામાં આવે તેમ દેવીઓએ તેઓના દેહ પર ભક્તિપૂર્વક ચંદનરસથી વિલેપન કર્યું અને તેથી બંનેનો માનસિક પ્રેમભાવ પ્રભુ પ્રત્યે અનહદ વૃદ્ધિ પામ્યો. બાદ દેવાંગનાઓએ તેમના સ્તનયુગલ તેમજ મુખ ઉપર મનોહર પત્રલેખા ચિત્રી, તે જાણે કે કામદેવની ત્રણ જગતને જીતવાથી પ્રાપ્ત થએલ કીર્તિની પ્રશસ્તિને વિસ્તારતી હોય તેમ દેખાતી હતી. પછી તે દેવીઓએ તેમના ભાલપ્રદેશમાં ચંદનનું તિલક કર્યું તે જાણે કે કામદેવને માટે પ્રેમપૂર્વક તૈયાર કરાએલ શ્વેત ઓછાડવાળી શય્યા હોય તેમ શોભતું હતું. વિદ્વાન્ પુરુષો—શાસ્ત્રવેત્તાઓ શાસ્ત્રને નેત્ર (આંખ) કહે છે, છતાં પણ તે શાસ્ત્રોની વિશેષતા તો શાહીથી (અંજનથી) લખાવાના કારણે જ છે, એમ વિચારીને દેવીઓદ્વારા આંજણથી અંજાયેલ તે બંનેના નેત્રો શોભી ઊઠ્યા તેમાં આશ્ચર્ય પામવા જેવું શું છે? "શૃંગારરસ હંમેશને માટે કૃષ્ણ વર્ણ જ પસંદ કરે છે" આ કથન કદી પણ અસત્ય થતું નથી એમ સમજીને જ દેવીઓએ તેમના નયનોમાં આંજેલા આંજણે (કાજળે) શૃંગારરસ સાથે મિત્રાચારી કરી. પછી "ગુણી પુરુષના સંસર્ગથી ચારિત્રહીન પ્રાણીઓને પણ સદાચારીપણું પ્રાપ્ત થાય છે" એમ વિચારીને દેવીઓએ પુષ્પવાળા તે બંનેના કેશકલાપને ગોળ ચોટલાના આકારે ગુણ (દોરા)થી બાંધી લીધો. બાદ તેણીના મસ્તક પર ઉજ્જ્વળ ચિત્રવિચિત્ર મણીઓથી મનોહર મુગટો દેવાંગનાઓએ પહેરાવ્યા તે જાણે કે પોતાની નિશ્ચળ કાંતિવડે, વૃદ્ધિ પામતાં અને હીન થતાં જંબૂદ્વીપના તેજસ્વી સૂર્ય તેમજ ચંદ્રને હસી કાઢતા હોય એમ દેખાતું હતું. પછી તેમના બંને કર્ણો પર દેવીઓએ તેજસ્વી અને નિર્મળ રત્નમય કમળો મૂક્યા, તે તેમના રૂપથી જીતાએલ લક્ષ્મીદેવીએ પોતાના હાથમાં ક્રીડાને ખાતર રાખેલ બે સહસ્ત્રપત્ર (હજાર પાંદડીવાળું કમળ) સમર્પણ કર્યાં હોય તેમ જણાતું હતું. બાદ તેમના કર્ણોમાં મોતીઓની પંક્તિથી સુશોભિત બે કુંડલો પહેરાવ્યા. તે જાણે કે ભૃકુટીરૂપી ખડ્ગને ધારણ કરનાર કામદેવ અને યૌવનના ત્રણ જગતના વિજયને માટે તૈયાર કરાએલ હોય તેમ શોભી રહ્યા. (કામદેવે પોતાના વિજય માટે તે કુંડલોને તૈયાર કર્યાં કે જેને જોતાં જ ત્રિભુવન તેને આધીન બની જતું અને કામદેવને ભૃકુટીરૂપી તલવાર પણ ન ચલાવવી પડતી.) બાદ દેવાંગનાઓએ તેમના કંઠને વિષે વિવિધ રત્નની કાંતિવાળો કંઠો[1] પહેરાવ્યો તે તેમના સ્તનપ્રદેશને પ્રકાશિત કરતા ઇંદ્રધનુષ્યની શોભાને ધારણ કરતો હતો. પછી તેઓના

---

૧. આધુનિક આભરણ કોલર.

સ્તનપ્રદેશને સ્પર્શ કરતો દીર્ઘહાર દેવાંગનાઓએ તેઓ બંનેના ગળામાં પહેરાવ્યો, તે જાણે કે કામદેવની બંને પત્નીઓ—રતિ અને પ્રીતિના ક્રીડાપર્વત પરથી ઊતરી આવેલ બે નદીઓના બે કિનારા સરખો શોભતો હતો. વળી દેવીઓએ કામદેવના પ્રમોદનાં સ્થાનભૂત તેઓના ગળામાં નાખેલ કંઠથી નાભિપર્યંત દીર્ઘ ને સુંદર ચગદાવાળો હાર રતિ અને પ્રીતિને ક્રીડા કરવાના હીંચકા હોય તેમ શોભતો હતો. વળી રત્નરાશિથી તૈયાર કરેલ [1]બાજુબંધનાં પ્રકાશથી પર્ણયુક્ત અને નિર્મળ મોતીના [2]કંકણોની કાંતિથી પુષ્પયુક્ત તેઓની ભુજલતા, દેવાંગનાઓએ તૈયાર કરેલ કામદેવના અસ્ત્રસમૂહ સરખી દેખાતી હતી. "મને જેટલો વિશાળ પ્રદેશ પ્રાપ્ત થયો છે તેટલો બીજો કોઈ આભૂષણને નથી" એમ વિચારીને દેવીઓએ કટિપ્રદેશ પર પહેરાવેલ કટિમેખલા (કંદોરો) ઘુઘરીઓના સમૂહદ્વારા હર્ષપૂર્વક ધ્વનિ કરવા લાગી. "સમગ્ર અંગો મારા (ચરણના) અવલંબનથી શોભે છે તેથી તમોએ (દેવાંગનાઓએ) માણિક્યના ઝાંઝરના બહાનાથી મુગટ પહેરાવ્યો છે તે ઉચિત જ કર્યું છે" એમ તેઓ બંનેના ચરણયુગલે દેવાંગનાઓને ઘુઘરીઓના અવાજદ્વારા કહી બતાવ્યું. સુકોમળપણાની માગણી કરવાને માટે ચંદ્રનાં કિરણો કોમળ તંતુઓના બહાનાથી જેને વિષે લાગેલા હતા તેવા દેવીઓએ પહેરાવેલા વિશાળ પુણ્યરાશિ સરખા વિવાહપ્રસંગને યોગ્ય વસ્ત્રોવડે વીંટળાયેલ તે બંને શોભતી હતી.

આ પ્રમાણે શ્રેષ્ઠ શૃંગારોથી અત્યંત સૌંદર્યશાળી બનાવીને, જેમ શુદ્ધ ક્રિયાઓ જીવને ભોગવિલાસો યાવત્ મોક્ષસુખ અર્પે છે તેમ દેવાંગનાઓ તે બંનેને મંગળમય માતૃગૃહમાં (માયરામાં) તેડીને લઈ ગઈ અને જેમ પુણ્યરાશિ વિવેકી પુરુષને વિષે અસાધારણ તપશ્ચર્યાદિથી પ્રાપ્ત થનારી સરસ્વતી તેમજ લક્ષ્મીને સ્થાપે તેમ દેવાંગનાઓએ તે બંનેને રત્નજડિત સુવર્ણના આસન પર બેસારી.

**વિવાહોત્સવને લગતા મંગળગીત—ગાનપૂર્વક પ્રભુનું મંડપે પધારવું—**

જો કે પરમાત્મા સ્વાભાવિક રીતે જ શ્રેષ્ઠ સુવાસયુક્ત તેમજ સૌભાગ્યવંત હોવા છતાં નમ્રતાપૂર્વક પરમાત્માની આજ્ઞા પ્રાપ્ત કરીને સૌધર્મેંદ્રે, સમગ્ર જગતને વ્યવહારદર્શન કરાવવા માટે પ્રભુને સ્નાન કરાવીને, ચંદનાદિનું વિલેપન કર્યા બાદ આભૂષણો પહેરાવ્યા. બાદ પગલે પગલે દેવાંગનાઓદ્વારા બંને બાજુએ લૂણ ઊતારાતા, દિવ્ય વાહનમાં બેઠેલા, છડીદાર બનેલા સૌધર્મેંદ્રવડે આગળ—આગળ ચાલતાં દેવ તથા માનવસમૂહને દૂર કરાયા છે તેવા, ઇંદ્રાણીઓથી ગવાતા મંગળગીતોના પડઘાઓથી સમગ્ર દિશાઓને મંગળગીતોનું અનુકરણ કરાવતા, સામાનિક દેવોની દેવીઓદ્વારા હાથના અગ્રભાગવડે ક્રીડાપૂર્વક વારંવાર ઓવારણા લેવાતા, આગળ વગાડતાં વાજીંત્રસમૂહવડે આકાશમાર્ગને ભરી દેતા ગાંધર્વસમૂહથી પરિવરેલા તેમજ પાછળ, આગળ અને બંને બાજુએ દેવોથી વીંટળાયેલ પરમાત્મા વિશાળ વિવાહમંડપના દ્વાર

૧. આધુનિક અલંકાર ડોડી.  ૨. આધુનિક ભૂષણ બ્રાસલેટ.

સમીપે આવી પહોંચ્યા. પછી શ્રેષ્ઠ વાહનમાંથી નીચે ઊતરીને, જગતને વ્યવહારનું દર્શન કરાવવા માટે પ્રભુ તોરણ પાસે ઊભા રહ્યા અને તે પ્રસંગે ઇંદ્રે પ્રભુને પોતાના હસ્તનું અવલંબન આપ્યું. ખરેખર **સદ્‌ભાગ્યને લીધે જ પ્રભુ સેવાનો અવસર સાંપડે છે.**

બાદ કન્યાપક્ષની દેવાંગનાઓએ સમગ્ર મંગળના સ્થાનભૂત પરમાત્માના મંગળકાર્યને માટે અગ્નિ અને લવણ સાથે હોવાથી તડ તડ અવાજ કરતું સરાવસંપુટ દ્વાર આગળ મૂક્યું. વળી દેદીપ્યમાન નૂતન ચંદ્રના બિંબયુક્ત સંધ્યા સરખી, કૌસુંબી વસ્ત્રને ધારણ કરતી કોઈ એક દેવી દુર્વાદિ માંગલિક વસ્તુઓથી સુશોભિત રૂપાના થાળને ધારણ કરીને પ્રભુની સન્મુખ ઊભી રહી. વળી સંધ્યાકાળના મેઘ (વાદળ)થી ઢંકાએલ વિદ્યુદ્દંડને ધારણ કરતી સૂર્યની પ્રાતઃકાળની લક્ષ્મી શોભે તેમ પોતાના કસુંબી વસ્ત્રના છેડાથી ઢંકાએલ મંથનદંડ (રવૈયો)ને વરની સન્મુખ ધારણ કરતી કોઈએક દેવાંગના શોભી ઊઠી. "હે અર્ઘ આપનારી! અત્યંત પૂજનીય વરને આ અર્ઘ આપ. રૂપાના થાળમાંથી આ નૂતન (તાજું) માખણ ઉડાડ, આ દહીંને ઉછાળ, આ ચંદનરસને ગ્રહણ કર, માટીયુક્ત આ દુર્વાને જલ્દીથી ગ્રહણ કર, કારણ કે જેમ ઉજ્જ્વળ શરદ્‌ઋતુના વાદળાથી ચારે બાજુ વીંટળાએલ પુનમનો ચંદ્ર મેરુપર્વત પર આવે તેમ શ્વેત ઉત્તરીય વસ્ત્રથી ઢંકાયેલ સમસ્ત અંગવાળા જગતશ્રેષ્ઠ વર બારણે આવીને ઊભા રહ્યા છે. વળી વાયુથી પુષ્પ ચીમળાઈ જાય છે અને ચંદનરસ સુકાઈ જાય છે તેથી બારણાના તોરણ નીચે ઊભા રહેલ વરને હે મૃગાંક્ષી!, તું દીર્ઘ સમય પર્યન્ત રોકી રાખ નહિ, રોકી રાખ નહિ." આ પ્રમાણે કહેવામાં આવતા દેવીઓ જ્યારે ધવળમંગળ ગીતો ગાઈ રહી હતી ત્યારે અત્યંત હર્ષ પામેલી તેણી (કુસુંબી વસ્ત્ર ધારણ કરનારી અને મંથનદંડ લઈને ઊભી રહેનારી દેવી)એ સ્થિર દૃષ્ટિવાળા, અપૂર્વ ગુણોના સાગર સમાન પરમાત્માને અર્ઘ આપ્યું, અને પોતાના બંને હસ્તને વિષે રહેલ ધ્વનિ કરતાં કંકણના અવાજથી જાણે મંગળગીતનું ગાન કરતી હોય તેમ હર્ષ પામેલી તે દેવીએ ત્રણ જગતના સ્વામી પરમાત્માના ભાલપ્રદેશમાં મંથનદંડવડે ત્રણ વાર સ્પર્શ કર્યો. બાદ પરમાત્માએ મોજડીયુક્ત પોતાના ડાબા ચરણથી અગ્નિયુક્ત તે સરાવસંપુટને ચૂર્ણ કરી નાખ્યું એટલે પ્રભુના કંઠમાં કુસુંબી વસ્ત્ર નાખીને દેવીવડે ખેંચાયેલ પરમાત્મા માતૃગૃહમાં ગયા. બાદ નવીન ઋદ્ધિને વધારનાર, કામદેવના સ્થાનભૂત મીંઢોળ યુક્ત હસ્તસૂત્ર વર—વધૂના હાથમાં બાંધવામાં આવ્યું અને સંધ્યાસમયના વાદળ પર ચંદ્ર આવી બેસે તેમ ઋષભદેવ પરમાત્મા માતૃદેવીની આગળ સુવર્ણના આસન પર બેઠા. બાદ દેવીઓએ પીપળા તથા શમીવૃક્ષ (ખીજડી)ની છાલને પીસીને, પરમાત્માના મનને વશ કરવામાં કામદેવના વશીકરણ ચૂર્ણ સમાન તેનો બંને કન્યાઓના હાથમાં લેપ કર્યો. બાદ શુભ લગ્નસમય આવ્યો ત્યારે સ્વામીએ પોતાના બંને હસ્તથી તેણીના લેપવાળા હસ્તરૂપી કમળો ગ્રહણ કર્યા અને તે જ સમયે લેપવાળા તેઓના હસ્તસંપુટમાં ઇંદ્રે, ગૃહસ્થધર્મના બીજ સમાન [1]મુદ્રિકા (વીંટી) મૂકી દીધી.

૧. અત્યારે રોકડા રૂપિયા મૂકવાનો રિવાજ પણ પ્રચલિત થયો છે.

**બંને પત્નીઓની સાથે પ્રભુનું દૃષ્ટિમિલન—**

પછી પ્રભુશક્તિ અને મંત્રશક્તિના યુગલથી ઉત્સાહ[૧] શક્તિ શોભે તેમ મહાપુણ્યોદયથી પ્રાપ્ત થનારા પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવ સર્વ રમણીય અંગોથી મનોહર, બંને હસ્તના અગ્રભાગથી પકડી રાખેલ બંને વધૂઓથી અત્યંત શોભવા લાગ્યા. તે અવસરે— દૃષ્ટિમિલન પ્રસંગે કામદેવરૂપી વાયુવડે ઉછળતા હૃદયપ્રેમરૂપી ક્ષીરસાગરના કલ્લોલો સરખા વર—વધૂના કટાક્ષો પરસ્પર થવા લાગ્યા. [૨]પ્રસ્વેદાદિ કામોત્પત્તિના સ્થાનોને સેવતા તે ત્રણેના નેત્રોએ પરસ્પર પ્રેમમિલન માટે ઉજ્જ્વળ કાંતિના બહાનાથી સ્ફટિક રત્નની હોય તેવી [૩]પાજ (પૂલ) બાંધી દીધી. ભેદાએલ ઇંદ્રનીલ મણિની જેવી નિર્મળ કીકીઓને વિષે પરસ્પર પ્રતિબિંબિત થયેલ અને કૃષ્ણવર્ણી કાંતિથી અત્યંત રમણીય તેઓ ત્રણે શૃંગારરૂપી સાગરના તરંગોથી જાણે વીંટળાયેલા હોય તેમ દેખાવા લાગ્યા અને પ્રભુના બંને નેત્રરૂપી માર્ગદ્વારા તે બંનેએ (સુમંગળા અને સુનંદાએ) જલ્દીથી પ્રભુના હૃદયમાં પ્રવેશ કર્યો, જ્યારે જિનેશ્વર પરમાત્માએ એક જ હોવા છતાં તે બંનેની દૃષ્ટિરૂપી ચાર માર્ગદ્વારા તેણીના મનોમંદિરમાં વેગપૂર્વક વાસ કર્યો. પોતાની (પ્રભુની) કીકીમાં પ્રતિબિંબિત થએલ સુનંદા તથા સુમંગળાના પ્રતિબિંબથી ત્રણ વર્ગ (ધર્મ, અર્થ અને કામ)ની સાધના માટે ત્રિમૂર્તિરૂપ બનેલા પ્રભુ તે બંનેની (સુનંદા તથા સુમંગળાની) કીકીઓને વિષે પ્રતિબિંબિત થવાને લીધે, તે બંનેની સાથે પાંચ વિષયો (શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ)ને ભોગવવાને માટે પંચરૂપ ધારી બન્યા અર્થાત્ ધર્મ, અર્થ અને કામની સાધના માટે સ્ત્રીસહાયની અપેક્ષા રહે છે એમ માનીને પરમાત્મા સુનંદા તથા સુમંગળાના પ્રતિબિંબથી ત્રિમૂર્તિ—ત્રણ રૂપધારી બન્યા, અને પાંચ વિષયોને એકી જ સાથે ભોગવવાને માટે સુનંદા તથા સુમંગળાના ચાર નેત્રોની ચાર કીકીઓમાં પ્રતિબિંબિત થવાથી ચાર અને પોતે એક—એમ પંચ રૂપધારી બન્યા. (કર્તાએ એક વ્યક્તિ ત્રિમૂર્તિ અને પંચમૂર્તિ પણ બને છે તેમ જણાવી કાવ્યચમત્કૃતિ બતાવી છે.)

બાદ મશ્કરી કરવામાં પ્રવીણ, ઇંદ્રને હર્ષ પમાડતી દેવાંગનાઓ પ્રભુના સેવકવર્ગને અનુલક્ષીને, બંને વધૂઓની પાસે બેસીને નીચે પ્રમાણે કુતુહલકારી ધવળમંગળ ગીતો ગાવા લાગી. "લાડુ ખાવાને ઇચ્છતો દ્રવ્યહીન દીન બાળક જેવો, વડા તથા માંડાને ઝંખતા રાંકડા કૂતરાની જેવો, મધુર દૂધ પીવાને ચપળ જીભવાળા બિલાડાની જેવો આ અણવર કયા મનથી આજે લાડુ, વડા વિગેરે મેળવવાને ઇચ્છી રહ્યો છે? જેમ કાગડો લીંબડાની લીંબોળીને, ઊંટ

---

૧. પ્રભુ, મંત્ર અને ઉત્સાહ એ ત્રણે શક્તિ જેનામાં હોય તે રાજા શ્રેષ્ઠ ગણાય. પ્રભુ અને મંત્રશક્તિ પણ ઉત્સાહશક્તિથી શોભાપાત્ર બને છે. અહીં પરમાત્મા ઉત્સાહ શક્તિરૂપ દર્શાવ્યા છે જ્યારે સુમંગળા અને સુનંદાને પ્રભુ તથા મંત્રશક્તિ સાથે સરખાવી છે. ૨. કામદેવની પ્રસ્વેદ વગેરે દશ દશાઓ છે. ૩. દૂર રહેલાને પરસ્પર મળવું હોય તો જેમ પૂલની જરૂરત રહે છે તેમ નેત્રોએ અહીં કટાક્ષના બહાનાથી પાજ (પૂલ) બાંધી દીધી.

લીંબડાના પાનને અને ભૂત કરંબાને ચાહે તેમ સોપરી, નાગરવેલનું પાન અને ચુનાને ચાહતો આ અણવર કયા મનથી આજે તે તે વસ્તુઓની ઝંખના કરી રહ્યો છે ? ઉન્મત્ત (ગાંડો) પુરુષ જેમ નિર્માલ્ય વસ્તુ પર પ્રીતિ રાખે, અને ગ્રામ્ય ભુંડ જેમ કાદવનો લેપ ઇચ્છે તેમ આ અણવર પુષ્પની માળા અને ચંદનના રસલેપને કયા મનથી આજે ઝંખી રહ્યો છે ?" અર્થાત્ ઉપરોક્ત પદાર્થસમૂહને ઝંખતો આ અણવર ઉપરોક્ત પ્રાણીસમૂહ સદેશ છે. આ પ્રમાણે કુતુહળકારી મશ્કરીના વચનો સાંભળવાથી દેવસમૂહ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો અને "જગતને સમગ્ર વ્યવહારમાર્ગ દર્શાવવો જોઈએ" એમ વિચારીને પરમાત્માએ તે કાર્ય પ્રત્યે ઉપેક્ષાભાવ ધારણ કર્યો. પછી સૌધર્મેંદ્ર પરમાત્માના વસ્ત્રના છેડા સાથે તે બંનેના વસ્ત્રના છેડા બાંધી દીધા (છેડાછેડી બાંધી) અને તેમ કરીને તે બંનેના મનને પ્રભુના મન સાથે જોડી દઈને સ્થિર કર્યા. બાદ ઇંદ્રે ત્રણ લોકના સારભૂત સમાન પરમાત્માને કટિપ્રદેશ પર બેસારીને અને ઇંદ્રાણીઓ તે બંને વધૂઓને કેડમાં બેસારીને વેદીગૃહ (ચોરી) તરફ લઈ ગયા, અને પૂર્વ દિશાનો પવન જેમ ગર્જારવ અને વીજળીયુક્ત, જગતને જીવાડનાર મેઘની સાથે આકાશપ્રદેશમાં પ્રવેશ કરે તેમ ઇંદ્ર, સુમંગળા અને સુનંદા યુક્ત પરમાત્માની સાથે વેદિકાગૃહમાં પૂર્વદિશાના દ્વારથી દાખલ થયા. બાદ કોઈએક ત્રાયસ્ત્રિંશ દેવે, રત્નથી અધિક તેજસ્વી પરમાત્માને નિહાળવાને ઇચ્છતા, પૃથ્વીના પેટાળમાં રહેલ રત્નોની કાંતિના સમૂહ સરખો દેદીપ્યમાન અગ્નિ કુંડમાં પ્રગટાવ્યો. તે અગ્નિને વિષે સમિધનું ક્ષેપન કરવાથી આકાશમાં અતિ વિસ્તાર પામેલી અગ્નિની ધૂમશ્રેણી વર-વધૂના કલ્યાણરૂપી લતાવનને વિકસિત કરવામાં નવીન મેઘશ્રેણી ચઢી આવી હોય તેમ શોભવા લાગી. માતૃગૃહમાંથી અગ્નિકુંડ પાસે આવીને હસ્તમેળાપયુક્ત અપૂર્વકાંતિવાળા પરમાત્મા પ્રજ્વલિત અગ્નિની આસપાસ બંને પત્નીઓની સાથે આઠ મંગળફેરા ફર્યા. પછી દેવાંગનાઓનો સમૂહ મંગળગીતો ગાવા લાગ્યો ત્યારે ઇંદ્રમહારાજે હસ્તરૂપી કમળના મોચનની સાથોસાથ છેડાછેડી પણ છોડી નાખી, પરંતુ તેઓના મનમાં તો પરસ્પર સ્નેહની ગાંઠ બંધાઈ ગઈ. અરિહંત પરમાત્માના લગ્નોત્સવને અંગે પ્રગટેલા હર્ષથી ઇંદ્ર હસ્તાભિનયપૂર્વક નૃત્ય કરવા લાગ્યો અને તેને અનુસરીને બીજા દેવો પણ અત્યંત નૃત્ય કરવા લાગ્યા. **વાયુ જેમ વૃક્ષસમૂહને નચાવે તેમ હર્ષ કોને નચાવતો નથી ?** અર્થાત્ હર્ષને અંગે સૌ કોઈ નૃત્ય કરે છે. ઉછળતા કલ્લોલ સમૂહ સરખા રાસ લેતી દેવાંગનાઓના નૃત્યને લીધે ઉછળતી ભુજલતાના સમૂહથી શૃંગારના શ્રેષ્ઠ સાગરસમાન તે વિશાળ મંડપ પણ દુસ્તર બની ગયો.

### મંડપમાંથી પ્રભુનું સ્વસ્થાને આવવું—

પછી અતિ હર્ષને કારણે વગાડાતા પુષ્કળ વાજિંત્રોના નાદથી દિશાભાગોને પૂરી દેતા કેટલાએક દેવોથી, નચાવાતા નેત્ર કટાક્ષસમૂહને લીધે મનોહર ચરણાઘાતપૂર્વક સુંદર નૃત્ય કરતાં કેટલાએક દેવોથી, જગત્સ્વામીના ગુણસમૂહનું સુસ્પષ્ટ, પ્રસિદ્ધ અને નિર્દોષ ગુણગાન

કરતાં કેટલાએક દેવોથી, પ્રભુની સન્મુખ "જય જય" એવો વિશાળ ધ્વનિ કરતાં કેટલાએક દેવોથી આદરપૂર્વક સેવાતા, બંને પત્નીઓદ્વારા બંને બાજુ (પડખા)થી શોભતા, સદ્‌ભાગી પ્રાણીઓથી દર્શનીય, વિશાળ મંગળલક્ષ્મીના સ્થાનભૂત પરમાત્મા દિવ્ય વાહન પર આરૂઢ થઈને પોતાના આવાસે ગયા.

આ પ્રમાણે વિવાહ મહોત્સવ પર્વ પૂર્ણ કરીને, પરમાત્માને પ્રણામ કરીને ઇંદ્ર સ્વર્ગમાં ચાલ્યો ગયો. ત્યારથી માંડીને વિવાહ સંબંધી ક્રિયા વિશ્વને વિષે પ્રસિદ્ધિ પામી. **ખરેખર મહાપુરુષોનું આચરણ પરોપકારને માટે જ થાય છે.** બાદ પરમાત્મા શ્રી ઋષભદેવ બંને પત્નીઓની સાથે આસક્તિ રહિત અદ્‌ભુત ભોગો ભોગવવા લાગ્યા, **કારણ કે પ્રાણીઓનું શાતાવેદનીય કર્મ પણ ભોગવ્યા સિવાય કદી નાશ પામતું નથી.**

## સુમંગળા અને સુનંદાથી ભરત વિગેરે પુત્ર-પુત્રીઓનો જન્મ–

વિવાહ પ્રસંગ પછી કંઈક ન્યૂન છ લાખ પૂર્વ જેટલો સમય વ્યતીત થયો ત્યારે **બાહુ** અને **પીઠ**ના જીવ સર્વાર્થસિદ્ધ વિમાનમાંથી ચ્યવીને સુમંગળાની કુક્ષીમાં યુગલિકરૂપે અવતર્યા. એવી જ રીતે **સુબાહુ** અને **મહાપીઠ**ના જીવ પણ સર્વાર્થસિદ્ધમાંથી ચ્યવીને, સરોવરના કમળ પર હંસ-યુગલ આવે તેમ સુનંદાની કુક્ષીમાં યુગલરૂપે અવતર્યા. સુમંગળાએ ચૌદ મહાસ્વપ્નો જોઈને પોતાના સ્વામી શ્રી ઋષભદેવને કહ્યા અને ત્રણ ભુવનના ભૂષણરૂપ તેમણે પણ તેને જણાવ્યું કે-ગર્ભના અદ્‌ભુત મહિમાના કારણભૂત તમારો પુત્ર આ પૃથ્વીપીઠ પર ચક્રવર્તી થશે.

પ્રાતઃકાળની સંધ્યા જેમ તિમિરસમૂહને દૂર કરવાથી પ્રકાશિત બનેલ સૂર્યને તેમજ દિવસલક્ષ્મીને જન્માવે તેમ સુમંગળાએ મંગળમય યોગ્ય સમયે **ભરત** નામના પુત્રને અને **બ્રાહ્મી** નામની પુત્રીને જન્મ આપ્યો. સુનંદાએ પણ શુક્લપક્ષના દિવસની સાયંકાળની લક્ષ્મી હર્ષપૂર્વક જેમ સુંદર કાંતિવાળા ચંદ્ર અને ચંદ્રિકાને જન્માવે તેમ યોગ્ય સમયે **બાહુબળિ** નામના પુત્રને અને **સુંદરી** નામની પુત્રીને જન્મ આપ્યો. બાદ કાળક્રમે, જેમ રોહણાચળની ભૂમિ કલ્પવૃક્ષોને પ્રગટાવે તેમ સુમંગળાએ યોગ્ય-યોગ્ય સમયે ઓગણપચાશ પુત્રયુગલને (અઠાણુ પુત્રોને) જન્મ આપ્યો. જેમ પ્રાતઃકાળે વિશ્વને પ્રકાશિત કરનાર અને ઉદય પામેલ સૂર્યનાં કિરણો ચારે બાજુ પ્રસરીને વૃદ્ધિ પામે તેમ ત્રિભુવનપતિના પુત્રો ચારે બાજુ વીંટળાઈ વળીને ક્રમપૂર્વક વૃદ્ધિ પામવા લાગ્યા. જેમ સૂર્યના કિરણસમૂહથી આકાશપ્રદેશમાં તારા વિદ્યમાન હોવા છતાં દેખાતા નથી તેમ તિરસ્કાર પામેલા પ્રાણીઓની જેમ કાળના પ્રભાવથી કલ્પવૃક્ષો પણ હીન પ્રભાવવાળા બની ગયા. જેમ કુપથ્ય સેવનારા પ્રાણીઓથી કરાએલ પાપરૂપી સમૂહના ફળસ્વરૂપ વ્યાધિઓ પ્રગટ થાય તેમ કાળના દોષને લીધે યુગલિકોના ક્રોધાદિ કષાયો ધીમે ધીમે પ્રગટ થવા લાગ્યા. જેમ મિથ્યાત્વીઓ સુદેવ, સુગુરુ અને સુધર્મને અંગીકાર કરતા નથી તેમ નિર્લજ્જ બનેલા યુગલિકો **હાકાર, માકાર અને ધિક્કાર** એ ત્રણે

પ્રકારની નીતિની પરસ્પર અવગણના કરવા લાગ્યા, એટલે અઘટિત બનતા કાર્ય માટે યુગલિકોએ એકત્ર મળીને પરમાત્માને જણાવ્યું ત્યારે ત્રણ જ્ઞાનના ધારક, જાતિસ્મરણ-જ્ઞાનવાળા અને દયાળુ પરમાત્માએ તેઓને જણાવ્યું કે-"પૃથ્વીને વિષે રાજા નીતિનું ઉલ્લંઘન કરનારાઓનો દંડ કરે છે. તે રાજાને સિંહાસન પર બેસારીને જળથી અભિષેક કરવો જોઈએ, અને તેમ થવાથી ચતુરંગી સેનાવાળા તે રાજાની આજ્ઞાનું કોઈપણ ઉલ્લંઘન કરી શકતું નથી." આ પ્રમાણે પરમાત્માએ જણાવ્યું ત્યારે યુગલિકોએ પરમાત્માને કહ્યું કે-"આપ હંમેશને માટે અમારા રાજા થાઓ. સૌંદર્યશાળી આકૃતિવાન, કુલીન, વીર્યવાન આપ અમારી ઉપેક્ષા ન કરો, કારણ કે આ વિશ્વને વિશે આપનાથી અધિક બીજો કોણ છે?"

## યુગલિકોએ "રાજા" માટે નાભિકુલકરને કરેલ પ્રાર્થના–

પછી ત્રિભુવનપતિએ કહ્યું કે-"કુલકરોમાં શ્રેષ્ઠ નાભિકુલકર પાસે જઈને માગણી કરો. કરુણાળુ તે તમોને રાજા આપશે." યુગલિકોએ નાભિકુલકર પાસે જઈને માંગણી કરી ત્યારે નાભિકુલકરે કહ્યું કે-"જન્મથી લઈને સમગ્ર ગુણોના સ્થાનભૂત, સુરાસુરથી સેવાયેલ ચરણવાળા શ્રી ઋષભદેવ તમારા રાજા થાઓ." આ પ્રમાણે સાંભળીને, પ્રભુ પાસે આવીને યુગલિકોએ હર્ષપૂર્વક પરમાત્માને કહ્યું કે-"નાભિકુલકરે તમને જ અમારા રાજા તરીકે જાહેર કર્યા છે." આ પ્રમાણે કહીને તે યુગલિકો ત્રણ જગતના ભૂષણસ્વરૂપ પરમાત્માના અભિષેકને અર્થે જળ લાવવાને ગયા. તે દરમિયાન ક્ષીરસાગરના જળ કરતાં પણ ઉજ્જ્વળ યશવાળા તેમના અદ્‌ભુત ભાગ્યથી પ્રેરાયેલ ઈંદ્રનું સિંહાસન કંપી ઊઠ્યું.

* * *

સેંકડો કામધેનુ, ચિંતામણિ અને કલ્પવૃક્ષો કરતાં પણ જેમની સેવા વિશેષ ફળદાયી છે તે સેવા મનોભિલષિત કરતાં વિશેષ ફળ કેમ ન આપે? અર્થાત્ આપે જ. રાજ્યની માગણી કરતાં **નમિ** અને **વિનમિ** નામના પ્રભુના બે સેવક જે સેવાથી વૈતાઢ્યાધિપતિ અને વિદ્યાધરોના ચક્રવર્તી થયા તે શ્રી **ઋષભદેવ** તમારું કલ્યાણ કરો.

મધુર મકરંદના રસ જેવી જેમની વાણી વિદ્વાનોરૂપી ભમરાઓના સમૂહને આસ્વાદ કરવા લાયક છે તે લક્ષ્મીને શાશ્વત નિવાસ કરવા માટે કમળ સમાન **પદ્મમંત્રી** દીર્ઘાયુષી થાઓ!

**નવમો સર્ગ સમાપ્ત.**

# દશમો સર્ગ

## પ્રભુનો રાજ્યાભિષેક, વિનીતાનગરીનું સ્થાપન અને લોકવ્યવહારનું દર્શન.

ભવિષ્યમાં પુનિત કરનારું જેમનું આંતરિક મહાતેજ (આત્મપ્રકાશ) ભામંડળ અને ચરણનખની કાંતિના બહાનાથી અનુક્રમે ઊંચે તેમજ નીચે વૃદ્ધિ પામી રહ્યું છે તે શ્રી **ઋષભદેવ** પરમાત્મા તમારા અભ્યુદયને માટે થાઓ.

આ બાજુ સિંહાસનના કંપવાથી પરમાત્માના રાજ્યાભિષેકનો સમય જાણીને તેનો ઉત્સવ કરવાને માટે અતિ ઉત્કંઠિત સૌધર્મેંદ્ર વેગપૂર્વક આવી પહોંચ્યો.

**પ્રભુના રાજ્યાભિષેક માટે આવેલ ઇંદ્રનાં કાર્યો—**

"પૂર્વે મારા ઉપર પ્રભુનો જન્માભિષેક થયો હતો અને હવે રાજ્યાભિષેક પણ મારા ઉપર જ થાઓ" એમ વિચારીને અતિપાંડુકબલા નામની શિલા સુવર્ણવેદીરૂપે આવી પહોંચી અર્થાત્ સુવર્ણની વેદિકા રચવામાં આવી. તે વેદી પર સૌધર્મેંદ્રે રત્નજડિત સિંહાસન સ્થાપ્યું, જેનો તેજસમૂહ અનેક સૂર્યોના નૂતન દેદીપ્યમાન કિરણો સરખો દેખાતો હતો. બાદ જેમ કેશરીસિંહ મેરુપર્વતના શિખર પર આરોહણ કરે, ચંદ્ર જેમ પૂર્વાચળ પર આવે અને કેવળજ્ઞાની (સર્વજ્ઞ) જેમ મુક્તિમંદિરમાં (મોક્ષમાં) પ્રવેશ કરે તેમ ઋષભદેવ પરમાત્મા સિંહાસન પર આરૂઢ થયા, એટલે દેવોદ્વારા લવાએલ સર્વ તીર્થોના જળવડે સૌધર્મેંદ્રે વિશ્વજનને પ્રમોદકારક પરમાત્માનો અભિષેક કર્યો. કૃષ્ણપક્ષના ચંદ્રના લઈ લેવાયેલા તેજરાશિથી જાણે બનાવાયેલા હોય તેવા બે દિવ્ય વસ્ત્રો ઇંદ્ર પ્રભુને પહેરાવ્યા. બાદ ઇંદ્રે પ્રભુના શરીર પર વિલેપન કર્યું અને તેમ કરીને સાથોસાથ પોતાના આત્માને પણ પ્રભુ પ્રત્યેના સ્નેહથી વિલિપ્ત કર્યો, પરન્તુ પરમાત્માના મનમાં રાગદૃષ્ટિ જરાપણ પ્રવેશ કરી શકી નહિ. જો કે પરમાત્મા સ્વભાવથી જ સુંદર અંગોથી સુશોભિત અને ત્રિભુવનના અસાધારણ આભૂષણરૂપ હોવા છતાં, જેમ મહોત્સવ પ્રસંગને જાણનાર જેવી રીતે ઉત્સવને આનંદમય બનાવે તેમ ઇંદ્રે પરમાત્માને આભૂષણથી સુશોભિત કર્યા. "તીર્થંકર પરમાત્માના મસ્તક પર સ્થાપન કરાએલ હું સર્વ આભૂષણોમાં શ્રેષ્ઠ છું' એમ વિચારીને મુકુટે પોતાની ત્રણ ટોચ (અગ્રભાગ)ના બહાનાથી ત્રિભુવનને વિષે પોતાનું જયશાલીપણું દર્શાવતા, પોતાના ત્રણ હાથ ઊંચા કર્યા હોય તેમ જણાતું હતું. પછી પ્રભુના લલાટના મધ્યભાગમાં ચંદનરસનું ગોળ તિલક કર્યું કે જે પ્રભુના વસ્ત્રરૂપી કમળમાં વાસ કરનારી લક્ષ્મી દેવીને બેસવાને માટે ગાદી હોય તેમ શોભતું હતું. વળી

પરમાત્માના મુખથી જીતાએલ જંબૂદ્વીપના બંને ચંદ્ર, પ્રભુની સેવાદ્વારા બંને મુક્તામય કુંડળના બહાનાથી કલંક રહિત બન્યા હોય તેમ લાગતું હતું, અર્થાત્ પ્રભુનાં કર્ણો પર ચંદ્ર સમાન ઉજ્જ્વળ કુંડળો પહેરાવવામાં આવ્યા. વળી આનંદદાયક, અત્યંત ગોળ અને સ્થાયી ઉજ્જ્વળ કાંતિવાળો–આવા ગુણોવાળો હાર પ્રભુના હૃદયપ્રદેશ પર શોભી રહ્યો હતો. [1]**ગુણવાન વ્યક્તિ કયા સ્થળે અલંકારરૂપ નથી થતી?** પરમાત્માના બાહુથી જીતાએલ સૂંઢવાળા ઐરાવણ હસ્તીએ પોતાના દિવ્ય કુંભસ્થળમાંથી ખેંચી કઢાએલ મોતીઓવડે બનાવાયેલ બે કંકણ (કડા) પ્રભુએ ધારણ કર્યા. "કીર્તિદ્વારા મારા તેજને આ પરમાત્મા પ્રતિદિન વૃદ્ધિ પમાડશે" એમ વિચારીને ચંદ્ર પરમાત્માના છત્રરૂપે બન્યો જ્યારે પુણ્યના રાશિસ્વરૂપ તે છત્રરૂપી ચંદ્રના પર નિધિ[2] સુવણકળશ તરીકે શોભતો હતો. ચંદ્રના ઉજ્જ્વળ કિરણો સરખા સુંદર ચામરોને ધારણ કરનારા દેવો, પરમાત્માને જોવાને તત્પર થએલ મનોહર સ્ત્રીસમૂહના નેત્રકટાક્ષની કાંતિસમૂહ સરખા બે ચામરો વીંઝવા લાગ્યા. નૂતન સ્વામીને પ્રાપ્ત કરીને દશે દિશાઓ દુંદુભી વિગેરે વાજિંત્રોના ધ્વનિસમૂહના મનોહર પડઘાઓથી ગર્જના કરવા લાગી. એવામાં યુગલિયાંઓ કમલપત્રમાં જળ લાવીને આવી પહોંચ્યા અને પ્રભુને અલંકારોથી વિભૂષિત જોઈને હાથમાં જ જળ ધારણ કરીને ઊભા રહ્યા. પછી "સુંદર અલંકાર અને દિવ્ય વસ્ત્રોથી સુશોભિત પરમાત્માના મસ્તક પર જળનો અભિષેક કરવો યોગ્ય નથી" એમ વિચારીને તેઓએ પરમાત્માના બંને ચરણોમાં જળનો અભિષેક કર્યો.

**ઇંદ્રની આજ્ઞાથી કુબેરે રચેલ વિનીતાનગરી–**

યુગલિકોનું આવા પ્રકારનું આચરણ જોઈને 'યુગલિકોમાં વિનયશીલપણું સારું છે' એમ વિચારીને સૌધર્મેંદ્રે કુબેરને પરમાત્મા માટે **વિનીતા** નગરી રચવાનો આદેશ કર્યો, અને પરમાત્માને નમીને પોતે સ્વસ્થાને ગયો. ઇંદ્રની આજ્ઞાનુસાર કુબેરે બાર યોજન લાંબી, નવ યોજન પહોળી, સુવર્ણ અને રત્નના સ્થાનરૂપ **વિનીતા** નામની નગરી રચી. 'જગતને વિષે કોઈ પણ આ નગરીની સાથે યુદ્ધ કરી શકતું નથી–સ્પર્ધા કરી શકતું નથી' તેથી તે નગરી **અયોધ્યા** એવા સાર્થક નામથી પણ પ્રસિદ્ધિ પામી. બાદ કુબેરે તે નગરીને ઉત્તમ વસ્ત્ર, ધાન્ય, આભૂષણ અને ધનથી પરિપૂર્ણ બનાવી. તે નગરીમાં રક્ત અને નીલ મણિઓની બનાવાયેલ બે હવેલીઓના પરસ્પર મળી ગયેલા તેજકિરણો, જાણે પરમાત્માના પ્રભાવથી વૈરભાવરહિત બનેલ સૂર્ય અને અંધકારનાં કિરણો અરસપરસ મળી ગયા હોય તેમ શોભતા હતા. તે

---

૧. ગુણ=ગુણ અને ગુણ=દોરી સુતર એવો પણ અર્થ થાય છે. ગુણ–દોરાના સંસર્ગથી હાર શોભાનું સ્થાન પામ્યો.

૨. નિધિઓ નવ છે. નિધિ હંમેશા પુણ્યવાનોને જ પ્રાપ્ત થાય છે. ચંદ્ર, પરમાત્માના છત્રસ્વરૂપ બન્યો અને તેથી તેણે અતીવ પુણ્ય પ્રાપ્ત કર્યું. આ પુણ્યના વશવર્તીપણાથી નિધિ તેને સુવર્ણકળશના બહાનાથી પ્રાપ્ત થયો. કહેવાની મતલબ એ છે કે છત્ર ઉપર સુવર્ણકળશ હતો.

નગરીમાં રક્તકમળના પાંદડાં સરખા પદ્મરાગ મણિના બનેલ આવાસોનાં કિરણો, પ્રભુ પ્રત્યે નાગરિક જનોના અંતઃકરણમાં વ્યાપેલ રાગના કલ્લોલ સરખાં હોય તેમ શોભતા હતા. વળી રક્ત મણિના આવાસના તેજની સાથે મિશ્રિત થયેલ સ્ફટિક મણિની હવેલીનું તેજ, જાણે કે પ્રભુના શૌર્યની સાથે તેમનો યશ મળી ગયો હોય તેવી શોભાને ધારણ કરતું હતું. (શૌર્યનો વર્ણ હંમેશ માટે રક્ત કલ્પવામાં આવે છે અને યશ શ્વેત—ઉજ્જ્વળ મનાય છે.) તે વિનીતા નગરીમાં મધ્યાહ્ન સમયે દરેક મણિમય ગૃહોમાં પ્રતિબિંબિત થયેલ સૂર્યે અત્યંત તેજ પ્રાપ્ત કર્યું અને તેને લઈને તે સૂર્ય દુષ્પ્રેક્ષ્ય—મુશ્કેલીથી જોવા લાયક બન્યો. વળી તે નગરીમાં પોતાની નજીકમાં રહેલ સૂર્યને રત્નમય પ્રાસાદો પોતાની ધ્વજાઓના છેડાથી પવન નાખતા હતા તેમજ તેને પોતાના કિરણોથી તેજસ્વી બનાવ્યો, અર્થાત્ તે નગરીના પ્રાસાદો અત્યંત ઊંચા—ગગન સાથે વાતો કરે તેવા હતા. **ખરેખર ઉન્નત વ્યક્તિઓ અતિથિજનની સેવા કરવામાં ઉદ્યમશીલ જ હોય છે.** તે નગરીમાં પ્રાસાદોની પંક્તિઓની ઉપર રહેલા ચંદ્રના કિરણ જેવા નિર્મળ ધ્વજાઓના ચંચળ છેડાઓ, જાણે પરમાત્માના પુણ્યરૂપ બગીચામાં પ્રગટેલા નૂતન પલ્લવ હોય તેવા શોભી રહ્યા હતા. વળી પોતાના કરતાં પણ અધિક સૌંદર્યરૂપી વૈભવથી શોભતી યુવતીજનોના નિરીક્ષણને લીધે ચંચળ એવી લક્ષ્મી પણ સ્થિર થઈ ગઈ હોય તેમ નગરજનોના મંદિરનો ત્યાગ કરતી ન હતી, અર્થાત્ પુરલોકોનાં ગૃહો લક્ષ્મીથી પરિપૂર્ણ હતા. અપરાધી બનેલા સ્વામીઓ પોતાની ગર્વીષ્ઠ બનેલ સ્ત્રીઓને, મણિમય ભીંતોને વિષે પ્રતિબિંબિત થયેલ તે સ્ત્રીઓનો પાદસ્પર્શ કરીને દૂરથી જ વિનવતા હતા. સ્ફટિક રત્નની ભીંતને વિષે પ્રતિબિંબિત થયેલ પોતાની જાતને જોઈને સ્ત્રીઓ તે પ્રતિબિંબને સખીઓના ભ્રમથી "હે સખી! તું તારું કાર્ય કેમ કરતી નથી?" એ પ્રમાણે કહેતી હોવાથી તે સ્ત્રીઓ પોતાના સખીજનદ્વારા હાસ્યપાત્ર બનતી. તે નગરીમાં મંદિરોને વિષે રહેલા મોતીના ઝુમખાવાળા ચંદરવાઓ શોભી રહ્યા હતા તે જાણે કે દરેક મંદિરો—આવાસોમાં લક્ષ્મીના વિલાસને લીધે પ્રગટેલ પ્રસ્વેદના બિંદુઓથી વ્યાપ્ત બન્યા હોય તેમ દેખાતા હતા. "જે અયોધ્યા (વિનીતા) અમારા કરતાં પણ અધિક રત્નોવાળી છે તે કેવી છે?" એમ વિચારીને તેના નિરીક્ષણને માટે રોહણાચળ પર્વત અને સાગર તે નગરીના કિલ્લા તથા ખાઈના સ્વરૂપને અનુક્રમે ધારણ કરીને તેને વીંટળાઈ રહ્યા હતા. હું (કવિ) માનું છું કે—તે નગરીના કૂવા, વાવ અને તળાવોમાં કુબેરે અમૃત સ્થાપન કર્યું હતું તેથી તે તે સ્થાનોમાં ચંદ્ર પ્રતિબિંબરૂપે આવીને તે સુધા—અમૃતને પ્રાપ્ત કરીને તે સુધા રાત્રિસમયે દેવોને સમર્પણ કરતો હતો. હારને વિષે જડેલ રત્ન, મોતી અને સુવર્ણની પંક્તિઓ પરમાત્માના ન્યાય, કીર્તિ અને તેજને ક્રીડા કરવાને માટે ક્રીડાપર્વતો સરખી શોભતી હતી. "જેના મસ્તક પર પુણ્ય હોય અર્થાત્ જે અતીવ પુણ્યશાળી હોય તે જ આ નગરીમાં નિવાસ કરી શકે" એમ કહેવાને માટે જ હોય તેમ મનુષ્યો બે હાથ જોડીને રાજમાર્ગો પર હરી—ફરી રહ્યા હતા, અર્થાત્ તે વિનીતા નગરીના પુરજનો વિનયશીલ હતા. અમરાવતી,

ભોગાવતી, અલકાપુરી અને લંકાપુરી—આ ચારે નગરીને જીતી લેવાને તૈયાર કરાએલ ચારે દરવાજાના બારણે લટકતી તોરણરૂપી ધનુષ્યની પંક્તિને તે નગરી ધારણ કરી રહી હતી. પરમાત્માને નમસ્કાર કરવાથી (ધર્મ), અખૂટ દ્રવ્યથી (અર્થ) અને વલ્લભ વનિતાઓ સાથે ક્રીડા કરવાથી (કામ) એ પ્રમાણે પુરુષાર્થથી શોભતા પ્રાણીઓના દિવસો સાર્થક—સફળ બન્યા હતા. તે નગરીમાં સર્વગુણસંપન્ન મનુષ્યોમાં એક મોટું દૂષણ હતું કે કોઈપણ દાનધર્મ જાણતા ન હતા; તેમજ તે નગરીમાં કોઈપણ યાચકજન પણ નહોતો અર્થાત્ તે નગરીમાં સર્વ લોકો સંપૂર્ણ સુખી હતા એટલે કોઈને પણ કોઈની પાસે યાચના કરવી પડતી નહિં.

બાદ પરમાત્માના જન્મથી વીશ લાખ પૂર્વ વર્ષ વ્યતીત થયા ત્યારે કરુણાળુ પરમાત્મા જગતનું પાલન કરવા માટે તે નગરીમાં રાજા તરીકે પ્રવર્ત્યા અર્થાત્ રાજા થયા. શ્રી **ઋષભદેવ** પરમાત્મા બધા પૃથ્વીપતિ—રાજાઓને વિષે સૌથી પ્રથમ ભારતવર્ષના આભૂષણરૂપ રાજા થયા, અને તેમના પુત્ર **ભરત** બધા ચક્વર્તીઓમાં પ્રથમ થયા તેમ પરમાત્મા શ્રી ઋષભદેવ બધા તીર્થંકરોમાં પ્રથમ થયા. બાદ સત્પુરુષોના પાલન—રક્ષણ માટે તથા દુર્જનોને વશ કરવા માટે પરમાત્માએ અત્યંત નિર્મળ બુદ્ધિવાળા તથા પોતાને અનુરૂપ મંત્રીઓ રોક્યા—સ્થાપન કર્યા. પછી જગતના પાલનહાર પ્રભુએ દેશમાં થતી ચોરીથી રક્ષણ કરનારા કોટવાળો સ્થાપ્યા તેમજ નીતિ જાણનારા તેમણે ચાર અંગવાળી (પાયદળ, અશ્વદળ, ગજદળ ને રથદળ) બહાદુર સેના રચી—તૈયાર કરી. લક્ષ્મીને ક્રીડા કરવા માટે ક્રીડાપર્વત સરખા હસ્તીઓની પરીક્ષા કરીને એકત્ર કર્યા અને તે હસ્તીઓએ દિગ્હસ્તીરૂપી પરિવારવાળા દશ દિશાના કયા સ્વામીઓને મદ રહિત ન બનાવ્યા? અર્થાત્ બનાવ્યા. અશ્વપરીક્ષાના જ્ઞાતા પરમાત્માએ ઘણા અશ્વોને એકઠા કર્યા કે જેમની ગતિસમયે ખરીથી પ્રગટેલ ધૂળરાશિએ સૂર્યને ઢાંકી દીધો તેમાં શું આશ્ચર્ય? બાદ પ્રભુએ લોકોના ચિત્તને રંજિત કરનાર રથો તૈયાર કર્યા અને તે રથો બે પૈડાંથી શોભતા હોઈને સૂર્યના રથને જીતી લેવાથી દ્વિગુણ—બેવડાપણાને ધારણ કરતા હોય તેમ દેખાતું હતું. (સૂર્યનો રથ એક પૈડાથી ચાલે છે, જ્યારે આ રથો બે પૈડાથી ચાલતા હતા એટલે સૂર્ય—રથ કરતા બેવડાપણાને ધારણ કરતા હતા.) પછી ઇંદ્રને પણ ભયભીત કરનાર, યુદ્ધમાં શત્રુસમૂહને જીતનાર, વાયુ જેવા વેગવાળા તેમ જ વફાદાર પાયદળ લશ્કરને તૈયાર કર્યું. બાદ યુદ્ધપ્રસંગે બાણોથી આકાશપથને ઢાંકી દેનાર, દરેક પ્રકારના વાહનોને ચલાવવામાં કુશળ, શત્રુને અસહ્ય પરાક્રમવાળા સેનાધિપતિઓનું સ્વામીએ સ્થાપન કર્યું. પછી જગતનો વ્યવહાર ચલાવનારા બળદ, ગાય, પાડા, ઊંટ અને ખચ્ચરને પરમાત્માએ કાર્યમાં પ્રવર્તાવ્યા. **કલ્પવૃક્ષના અભાવમાં પરમાત્મા સિવાય બીજી કઈ વ્યક્તિ સમગ્ર લોકની આજીવિકાનો વ્યવહાર સાચવી શકે ?**

## કલ્પવૃક્ષો નિષ્પ્રભાવ બનતાં પ્રભુનું પંચશિલ્પનું દેખાડવું—

વિશ્વ પર શાસન ચલાવનાર, વિશ્વનાયક પરમાત્માએ વિશ્વના લોકોને ઇચ્છિત

દર્શાવવા માંડ્યું એટલે લજ્જાળુ બનેલા કલ્પવૃક્ષો દૃષ્ટિમાં જ આવતા નહોતા અર્થાત્ કલ્પવૃક્ષો પ્રભાવ રહિત બની ગયા. વળી યુગલિક ધર્મનું ઉલ્લંઘન કરીને યુગલીયાઓ પુષ્કળ સંતતિવાળા બન્યા તેથી તે બધાઓની વાંછા પૂર્ણ કરવામાં આપણે સમર્થ નથી, એમ સમજીને કલ્પવૃક્ષો અદૃશ્ય થઈ ગયા હોય તેમ જણાતું હતું. કલ્પવૃક્ષો નષ્ટ થવાથી યુગલિકો, પિતા તેમજ માતા રહિત બાળકો જેમ કુત્સિત અન્ન ખાનારા બને તેમ કંદમૂળ ખાનારા બન્યા, પરન્તુ વિશ્વના જીવન માટે જન્મેલા પરમાત્માના પુણ્યામૃતથી જાણે સીંચાઈ હોય તેમ પૃથ્વીએ પોતે પોતાની મેળે તે વખતે ડાંગર, મગ, ચણા વિગેરે ધાન્યોને ઘાસની માફક પ્રગટાવ્યાં તેથી જનસમુદાય પણ પોતાને પોષણ આપનારા તે અપરિપક્વ ધાન્યને ખાવા લાગ્યા, પરન્તુ જેમ સ્ત્રીને કહેલ ગુપ્ત વાત તેના હૃદયમાં સ્થિર રહે નહિ તેમ આ ધાન્ય પણ તે યુગલિકોના ઉદરમાં ટક્યું નહિ-પચ્યું નહિ, એટલે અજીર્ણથી પીડા પામેલા જનસમૂહને પરમાત્માએ કહ્યું કે—"બે હાથવડે તે અનાજને મસળો, ઉપરની છાલ (ફોતરાં) દૂર કરો અને તેવી રીતે કોમળ બનેલા (પચે તેવા) તે ધાન્યનું તમે ભક્ષણ કરો." પ્રભુની આજ્ઞા પ્રમાણે લોકોએ ધાન્યનું ભક્ષણ કરવાનું શરૂ કર્યું તો પણ તે ધાન્ય સુખ આપી શક્યું નહિ—પાચન થયું નહિ. **જે સ્વભાવથી કઠોર હોય તે શું કોઈ પ્રકારે સુખ—સંતોષ આપી શકે ખરા ?** દુઃખી બનેલા લોકોને પરમાત્માએ પુનઃ કહ્યું કે—"પહેલાંની માફક તેને મસળીને, ફોતરાં ઉતારીને, પાણીમાં ભીંજાવીને—પલાળીને તેને કેટલોક સમય પાંદડાંના પડિયામાં રાખી મૂકીને પછી ખાઓ. અને તેમ કરવાથી તે ધાન્ય તમને સુખદાયક બનશે-સહેલાઈથી પચશે." એટલે લોકોએ તે પ્રમાણે કરવા છતાં પણ તે ધાન્ય લોકોને અજીર્ણ પ્રગટાવવા લાગ્યું-પચ્યું નહિ. **અલ્પ પ્રયાસથી કાબૂમાં આવેલ ક્રોધી પુરુષ પુનઃ વિકૃતિને ભજે છે,** અર્થાત્ જેનો કોપ ખરેખર શાંત થયો નથી તે સમય આવતાં પુનઃ ભભૂકી ઊઠે છે. બાદ જગત્ પ્રત્યે કરુણાળુ પરમાત્માએ ફરીથી તેનો ઉપાય દર્શાવ્યો, કારણ કે **દુઃખી પ્રાણીઓની પીડાને નષ્ટ કરવા માટે જ જિનેશ્વર ભગવંતનો જન્મ થાય છે.** "પૂર્વની માફક સઘળી ક્રિયા કર્યા બાદ હે લોકો ! તે ધાન્યને મુઠીમાં રાખીને, બંને કાખની ગરમીમાં સ્થાપીને નરમ બનેલા—પચે તેવા તે ધાન્યને ખાઓ !" આ પ્રમાણે ઈલાજ કરતાં તેઓને ભોજન કરેલું ધાન્ય પાચન ન થયું. આ પ્રમાણ સકળ સંસાર આકુળ-વ્યાકુળ થઈ રહ્યો હતો તેવામાં વૃક્ષસમૂહના સંઘટ્ટથી—પરસ્પર અથડાવાથી જંગલને વિષે અગ્નિ પ્રગટ્યો, અને કાષ્ઠ, તૃણ વિગેરેને બાળતો ઊંચી શિખા (જ્વાળા)વાળો તે અગ્નિ દરેક દિશામાં વૃદ્ધિ પામવા લાગ્યો ત્યારે સમગ્ર જનસમૂહ રત્નને ગ્રહણ કરવાની ઈચ્છાથી તે અગ્નિને પકડવાને માટે ચોતરફથી તેના તરફ દોડ્યા, અને ઉગ્ર જ્વાળાવાળા તે અગ્નિને વિષે રત્નની ઈચ્છાથી મંદબુદ્ધિવાળા તેઓએ પોતાના હાથ નાખ્યા. **સર્પને પકડવાને માટે શું બાળક પોતાનો હાથ લાંબો કરતો નથી ?** આ પ્રમાણે પોતાને પકડવાને માટે આગ્રહવાળા માણસોને અગ્નિએ, જેમ કંજુસશિરોમણિ નકારવાળી વાણીથી યાચકજનનો વિરોધ કરે તેમ પોતાની

જ્વાળાથી લોકોનો વિરોધ કર્યો અર્થાત્ દઝાડ્યા. આ પ્રમાણે અગ્નિદાહથી વ્યાકુળ બનેલા અને અત્યંત પીડા પામેલા તેઓએ પરમાત્માને કહ્યું કે—"હે નાથ! કંઈક નવીન આશ્ચર્ય પ્રગટ થયું છે, તે અમોને બાળે છે માટે અમારું રક્ષણ કરો, રક્ષણ કરો." ત્યારે શ્રી ઋષભદેવ બોલ્યા કે— "સ્નિગ્ધ અને રૂક્ષ કાળના પ્રભાવથી આ અગ્નિ પ્રગટ થયો છે. એકલા સ્નિગ્ધકાળમાં કે એકલા રૂક્ષકાળમાં કદાપિ અગ્નિ ઉત્પન્ન થતો નથી. તે અગ્નિની ચોતરફ રહેલા ઘાસ અને કાષ્ઠો દૂર કરો અને તેવી રીતે તેને કાબૂમાં લઈને પૂર્વની રીત પ્રમાણે મર્દનાદિ (મસળવું વિગેરે ક્રિયા) કર્યા બાદ તે ધાન્યને તેમાં નાખીને, પકાવીને ખાઓ" પરમાત્માના કથન પ્રમાણે તેઓએ કર્યું એટલે અગ્નિએ તમામ ધાન્યને બાળીને ભસ્મ કરી નાખ્યું એટલે મંદબુદ્ધિવાળા તે યુગલિકો કરુણાનિધાન પરમાત્મા પાસે આવીને વિજ્ઞપ્તિ કરવા લાગ્યા કે—"હે સ્વામિન્! આ અગ્નિ અમારું આપેલું બધું ધાન્ય ચપળ જ્વાળારૂપી જિહ્વાદ્વારા ખાઈ જાય છે અને અમને કશું પણ પાછું આપતો નથી." યુગલિયાંઓએ આ પ્રમાણે કહ્યું ત્યારે હાથી પર બેઠેલા શ્રી ઋષભદેવ પરમાત્માએ તેઓની પાસે પાણીથી ભીંજાએલ માટીનો પિંડ મંગાવ્યો અને તેને હસ્તીના ગંડસ્થળ ઉપર મૂકીને હાથીના કુંભસ્થળ જેવું પાત્ર—વાસણ બનાવ્યું અને લોકોને કહ્યું કે—"આ પ્રમાણે બીજા ભાજનો—વાસણો બનાવો, તેને અગ્નિમાં મૂકીને મજબૂત ને પાકા કરો અને તેવી રીતે કઠિન બનેલા પાત્રોમાં ધાન્ય પકાવીને ખાઓ." આ પ્રમાણે પ્રભુના આદેશ મુજબ તેઓએ કર્યું એટલે તે **કુંભકાર** (કુંભાર) કહેવાયા તેમજ પહેલી શિલ્પ રચના કરવાના કારણથી તેઓ જગતમાં (૧) પ્રથમ શિલ્પી કહેવાયા. ત્યારબાદ (૨) વાર્ધકી (મકાન બાંધનાર), (૩) ચિત્રકાર (ચિત્રકામ કરનારા), (૪) વણકર (વસ્ત્રાદિ બનાવનાર) અને (૫) નાપિત (હજામ)ને ઉત્પન્ન કર્યા અને એ રીતે પાંચ શિલ્પીઓ થયા. તે દરેકના વીશ-વીશ ભેદ થવાથી સો પ્રકારના શિલ્પીઓ થયા. બાદ "સમગ્ર લોકોના જીવનવ્યવહારને માટે આ સઘળું કાર્ય મારે કરવાનું છે" એમ જાણતા પરમાત્માએ કાષ્ઠ લાવવા, ખેડ કરવી, તેમ જ વાણિજ્યાદિ કર્મ પ્રવર્તાવ્યું. બાદ જગત વ્યવહારરૂપી લક્ષ્મીના મંદિરરૂપ તેમજ નીતિરૂપી નગરીના ચાર રસ્તા (ચોક-ચૌટો) સરખી સામ, દામ (દાન), દંડ અને ભેદ-એમ ચાર પ્રકારની નીતિની રચના કરી.

## ભરત વિગેરે પુત્ર-પુત્રીઓને કલા તથા લિપિનું દર્શાવવું—

બાદ પિતા પ્રથમ પુત્રને મૂળ મંત્ર અર્પણ કરે તેવા ન્યાયને જાણે અનુસરતા હોય તેમ શ્રી ઋષભદેવ સ્વામીએ પોતાના જ્યેષ્ઠ પુત્ર ભરતને *બોંતેર કલાઓ શીખવાડી. પછી ભરતે

* શ્રી સમવાયાંગ સૂત્રમાં બોંતેર કલાના નામ નીચે પ્રમાણે આપ્યાં છે. શ્રી રાયપસેણીના ૮૩ મા સૂત્રમાં આપેલા નામોમાં કેટલોક પાઠભેદ જોવાય છે. આ સંબંધમાં વિશેષ જાણવાના ઇચ્છુકે અભિધાનરાજેન્દ્ર કોશનું પૃષ્ઠ ૩૭૮ મું જોવું. ૧ લેખ, ૨ ગણિત, ૩ રૂપ, ૪ નાટ્ય, ૫ ગીત, ૬ વાદિત્ર, ૭ સ્વરગત, ૮ પુષ્કરગત,

પણ પ્રથમ પુત્રે પોતાના લઘુ બંધુઓ વિગેરેને શિક્ષણ આપવું જોઈએ તે નીતિને અનુસરીને પોતાના લઘુ બંધુઓ તેમજ જનસમૂહના સંતાનોને તે બધી કળાઓ શીખવી. પછી પરમાત્માએ બાહુબલિને પુરુષના, સ્ત્રીના, હસ્તિના અને અશ્વના અનેક પ્રકારનાં ભેદ—ઉપભેદ યુક્ત લક્ષણો શીખવાડ્યા. બ્રાહ્મીને જમણા હાથથી +અઢાર પ્રકારની લિપિ ભણાવી તેમજ સુંદરીને ડાબા હાથથી ડાબી બાજુથી શરૂ થતું ગણિત શીખવાડ્યું.

બાદ પરમાત્માએ વસ્તુઓના વ્યવહારના કારણભૂત માન, ઉન્માન, અવમાન તથા પ્રતિમાન—એ પ્રકારના ચાર માન બનાવ્યા. તેમજ મણિ વિગેરેને પરોવવાની કળા પણ પ્રભુએ પ્રવર્તાવી. નીતિશાસ્ત્રને જાણનારા પરમાત્માના આદેશથી વાદી અને પ્રતિવાદીનો ન્યાય તેમણે સ્થાપન કરેલ ન્યાયાધીશ અને પંચ (કુલીન ગૃહસ્થો)ની સાક્ષીએ થવા લાગ્યો. જેમ વિનયથી ગુણો ઉત્પન્ન થાય તેમ પરમાત્માદ્વારા અસ્ત્રવિદ્યા, વેદવિદ્યા, સંગ્રામવિદ્યા, વૈદકશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, બંધવિદ્યા, વધવિદ્યા, શાસ્ત્રવાર્તા તેમજ હસ્તિ પ્રમુખનું પૂજન પ્રવર્ત્યું. આ ઉપરાંત તે સમયથી "આ મારા પિતા, આ માતા, આ ભાઈ, આ પુત્ર, આ પુત્રી, આ સ્ત્રી, આ ઘર અને આ ધન" એવા પ્રકારની મમતા લોકોને વિષે શરૂ થઈ. જેવી રીતે પર્વતમાંથી નદી પ્રગટે—વહે તેમ પરમાત્માથી પાણિગ્રહણ કરવું (વિવાહ), આભૂષણો પહેરવા, શિખા (ચોટલી) રાખવી તેમજ ઉપનયન (જનોઈ) સંસ્કાર વિગેરે ક્રિયા શરૂ થઈ. "પ્રથમ તીર્થંકરનું આ કર્તવ્ય છે" એમ વિચારીને જ લોકો પ્રત્યેની કરુણાને લીધે ઋષભદેવે સાવદ્યક્રિયાઓ વારંવાર પ્રવર્તાવી.

૯ સમતાલ, ૧૦ દ્યૂત—જુગાર, ૧૧ જનવાદ, ૧૨ પ્રોક્ષત્વ, ૧૩ અર્થપદ, ૧૪ દકમૃત્તિકા, ૧૫ અન્નવિધિ, ૧૬ પાનવિધિ, ૧૭ વસ્ત્રવિધિ, ૧૮ શયનવિધિ, ૧૯ આર્યા, ૨૦ પ્રહેલિકા, ૨૧ માગધિકા, ૨૨ ગાથા, ૨૩ શ્લોક, ૨૪ ગંધયુક્તિ, ૨૫ મધુસિકથ, ૨૬ આભરણવિધિ, ૨૭ તરુણીપરિકર્મ, ૨૮ સ્ત્રીલક્ષણ, ૨૯ પુરુષલક્ષણ, ૩૦ હયલક્ષણ, ૩૧ ગજલક્ષણ, ૩૨ ગોજાતીયલક્ષણ, ૩૩ કુર્કુટલક્ષણ, ૩૪ મેંઢાલક્ષણ, ૩૫ ચક્રલક્ષણ, ૩૬ છત્રલક્ષણ, ૩૭ દંડલક્ષણ, ૩૮ અસિ(તરવાર) લક્ષણ, ૩૯ મણિલક્ષણ, ૪૦ કાકિણીલક્ષણ, ૪૧ ચર્મલક્ષણ, ૪૨ ચંદ્રલક્ષણ, ૪૩ સૂર્યચરિત, ૪૪ રાહુચરિત, ૪૫ ગ્રહચરિત, ૪૬ સૌભાગ્યકર, ૪૭ દૌર્ભાગ્યકર, ૪૮ વિદ્યાગત, ૪૯ મંત્રગત, ૫૦ રહસ્યગત, ૫૧ સભાસ, ૫૨ ચાર, ૫૩ પ્રતિચાર, ૫૪ વ્યૂહ, ૫૫ પ્રતિવ્યૂહ, ૫૬ સ્કંધાવારમાન, ૫૭ નગરમાન, ૫૮ વસ્તુમાન, ૫૯ સ્કંધાવારનિવેશ, ૬૦ વસ્તુનિવેશ, ૬૧ નગરનિવેશ, ૬૨ ઈષ્વસ્ત્રં, ૬૩ સરુપ્રવાદ, ૬૪ અશ્વશિક્ષા, ૬૫ હસ્તિશિક્ષા, ૬૬ ધનુર્વેદ, ૬૭ હિરણ્યપાક, સુવર્ણપાક, મણિપાક અને ધાતુપાક, ૬૮ બાહુયુદ્ધ, દંડયુદ્ધ, મુષ્ટિયુદ્ધ, અસ્થિયુદ્ધ, યુદ્ધ, નિયુદ્ધ અને યુદ્ધાતિયુદ્ધ, ૬૯, સૂત્રખેલ, નાલિકાખેલ, વૃત્તખેલ, ધર્મખેલ અને ચર્મખેલ, ૭૦ પત્રછેદ્ય અને કટકછેદ્ય, ૭૧ સજીવ અને નિર્જીવ, ૭૨ શકુનરુત.

\+ શ્રી સમવાયાંગ સૂત્રના અઢારમા સ્થાનકમાં અઢાર લિપિનાં નામ નીચે પ્રમાણે જણાવ્યા છે. આવશ્યક નિર્યુક્તિની ઉપોદ્‌ઘાતનિર્યુક્તિમાં અને શ્રી વિશેષ આવશ્યકની શ્રી મલયગિરિજી મહારાજવિરચિત ટીકામાં આ નામો સાથે થોડો ફેરફાર જણાય છે. ૧. બ્રાહ્મી, ૨ યવનાલિકા, ૩ દોષોરિકા, ૪ ખરોષ્ટ્રિકા, ૫ ખરશાલિકા, ૬ પ્રહરાતિગા, ૭ ઉચ્ચતરિકા, ૮ અક્ષરપૃષ્ઠિકા, ૯ ભોગવતિકા, ૧૦ વેનતિકા, ૧૧ નિહ્નવિકા, ૧૨ અંકલિપિ, ૧૩ ગણિતલિપિ, ૧૪ ગાંધર્વલિપિ, ૧૫ આદર્શલિપિ, ૧૬ માહેશ્વરીલિપિ, ૧૭ દામિલિપિ અને ૧૮ બોલિન્દિલિપિ.

અગાઉ લોકોનું રક્ષણ કરવામાં તત્પર જે લોકોને રક્ષકો બનાવ્યા હતા તે પૈકી જે ઉગ્ર દંડ-શિક્ષા કરનારા હતા તેઓને પરમાત્માએ "ઉગ્ર' એવી સંજ્ઞા આપી અર્થાત્ તેઓ "**ઉગ્રકુળ**"વાળા કહેવાયા. વળી જે પરમાત્માના પ્રધાન વિગેરે થયા તેઓ "**ભોગકુળ**"વાળા એવી સંજ્ઞાથી પ્રસિદ્ધિ પામ્યા. જેઓ પરમાત્માની સમાન વયવાળા હતા તે રાજપુત્રો "**રાજકુળ**"વાળા કહેવાયા. બાકીના જે હતા તેઓને પ્રભુએ "**ક્ષત્રિય**"વાળા એવી સંજ્ઞા આપી તેથી તેઓ "**ક્ષત્રિયકુળ**"વાળા કહેવાયા. આ રીતે ચાર પહેરેગીરોની માફક પરમાત્માએ ચાર પ્રકારના માણસો (કુળો) નિર્ણીત કર્યા. આ પ્રમાણે સમસ્ત સંસારના ભાવોને જોનારા પ્રભુ જગતની સ્થિતિનો વિચાર કરીને મહાતેજવંત સૂર્યની માફક શ્રેષ્ઠ રાજલક્ષ્મીનો ઉપભોગ કરવા લાગ્યા. ઇંદ્રને પણ અલંઘનીય એવા પરમાત્માની આજ્ઞાથી નિયંત્રિત થયેલ જનસમૂહ પોતપોતાના ક્ષેત્ર, હાટ કે ગૃહની સીમાનું લેશમાત્ર ઉલ્લંઘન કરતા ન હતા. પિતા સરખા પરમાત્માની લજ્જાથી કોઈ પણ સ્થળે કોઈ પણ પ્રાણી અનીતિ કરતો નહિ અને તેથી અપરાધી પુરુષોવડે જ જીવનારી દંડનીતિ નિષ્ફળ બની અર્થાત્ કોઈ પણ પ્રાણી કોઈ પણ જાતનો અપરાધ કરતો નહિ. આવી રીતે પરમાત્માદ્વારા પ્રચલિત થયેલ—શરૂ કરાએલ નીતિનું લોકો સેવન-પાલન કરવા લાગ્યા તેથી રોષે ભરાએલ અનીતિ તેઓની (લોકોની) સામે જોતી પણ ન હતી, અર્થાત્ લોકો નીતિપરાયણ જ હતા. વળી જે કારણથી સ્ત્રી—પુરુષનું જોડલું, ધૂપદાનીમાંથી પ્રગટતા ધૂપનું નિરીક્ષણ કરવાથી તેમજ સ્નેહી જનના અરસપરસના અવલોકનથી આંખને વિષે પ્રગટેલ હર્ષજન્ય અશ્રુપ્રવાહથી તથા અલંકારો પહેરતા, વસ્ત્રો ધારણ કરતા અને સંભોગ ક્રીડા કરતાં પ્રગટ થતાં મુખના વાયુથી મેઘની વૃદ્ધિ કરી રહ્યા હતા તેથી જાણે ધર્મની ધોંસરીને ધારણ કરવામાં વૃષભ સમાન શ્રી જિનેશ્વર ભગવંતની નીતિનું અત્યંત ગર્જારવથી ગાન કરતો હોય તેમ મેઘરાજ વિશાળ મહેલોવાળી તે વિનીતાનગરીમાં વૃષ્ટિ કરતો હતો. (પાણીમાં પાણી આવી મળે, વાદળામાં વાદળું ભળે અને પછી તેને પવનનો સપાટો લાગે તો આકાશમાંથી મેઘધારા વર્ષે છે એને અનુસરીને સ્ત્રી-પુરુષના હર્ષાશ્રુરૂપી પાણી અને મુખ-વાયુરૂપી પવનને પ્રાપ્ત કરીને વરસાદ વરસતો હતો તેમ કહેવાની મતલબ છે અર્થાત્ તે નગરીમાં અનુકૂળ વૃષ્ટિ થયા જ કરતી હતી.)

**પરમાત્માના સુરાજ્ય-શ્રેષ્ઠ રાજ્યનું વર્ણન—**

પુષ્કળ માનવસમૂહના બોજાથી નમ્ર બનેલ પૃથ્વીએ પાતાળના ગર્ભમાં રહેલ અમૃતકુંડોને આલિંગન આપ્યું અને તેથી તે વિવિધ પ્રકારનાં સુમધુર અને ફળદાયી ધાન્યો નીપજાવવા લાગી. "પખવાડીયામાં પ્રત્યેક દિવસે એકેએક કળાદ્વારા અમૃતનું પાન કરાવતા ચંદ્રથી તમે શા માટે દુઃખી બનો છો ? આવો અને ઇચ્છાપૂર્વક અમૃતનું પાન કરો" એમ પોતાના પાંદડાના ધ્વનિથી શેરડીના સાંઠા દેવોને કહી રહ્યા હતા અર્થાત્ શેરડીના સાંઠા અત્યંત ઊંચા

અને અત્યંત મીષ્ટ હતા. પ્રાણીઓ પ્રત્યે પરમાત્માના સદ્‌ભાવનારૂપી અમૃતથી, ઉજ્જ્વળ ચંદ્રના કિરણોરૂપી અમૃતથી તેમજ પ્રાણીઓના સચ્ચારિત્રરૂપી અમૃતથી, સદા સીંચાએલ પૃથ્વી ફળોથી લચી પડી અર્થાત્ ફળોથી પરિપૂર્ણ બની ગઈ. પવનથી ડોલાવાતા શિરોભાગવડે પ્રભુના વૈભવની સ્તુતિ કરતા હોય તેમ કયા વૃક્ષો પાકી ગયેલા ફળના સમૂહને લીધે નમ્ર બન્યા ન હતા? અર્થાત્ સર્વ વૃક્ષો ફળથી વ્યાપ્ત બની નીચા નમી ગયા હતા. પરમાત્મા શ્રી ઋષભદેવ રાજા થયા ત્યારે પૃથ્વી હમેશાં રત્નસમૂહને પ્રગટાવવા લાગી. **પોતાના સ્વામીના સમાગમમાં સ્ત્રી રત્નાદિ આભૂષણોને ધારણ કરીને આનંદ કરે છે-ક્રીડા કરે છે.** જેવી રીતે સરોવર, પાણીની નીકોદ્વારા વનને સીંચે તેમ પરમાત્માએ નિર્મળ વાત્સલ્યભાવરૂપી આર્દ્ર દૃષ્ટિથી લોકોનું સિંચન કર્યું અને તેમ કરવાથી જનસમૂહે, ડાળીયો જેમ વૃક્ષનો આશ્રય લે તેમ પ્રભુનો આશ્રય લીધો. વળી પ્રજા જેમ જેમ ધન-ધાન્યાદિથી પરિપૂર્ણ બની તેમ તેમ તેની પીડાને લીધે જ જાણે હોય તેમ પૃથ્વીએ ઘાસ અને ધાન્યાદિ વસ્તુઓ પુષ્કળ પ્રમાણમાં પ્રગટાવવા માંડી. વળી એવા કોઈ પણ અરણ્યો-જંગલો નહોતા, તેવા કોઈ પણ પર્વતો નહોતા, તેવા કોઈ નદીકિનારા નહોતા, તેમજ સમુદ્રને વિષે તેવા કોઈ દ્વીપ-બેટો નહોતા કે જે સ્થાન લોકોથી પરિપૂર્ણ ન હોય, અર્થાત્ લોકો સર્વત્ર વસવાટ કરવા લાગ્યા હતા. વળી પરમાત્માના રાજ્યકાળમાં સર્વાંગે હૃષ્ટપુષ્ટ ગાયોના પુષ્ટ આઉ (આંચળ)માંથી ઝરતી મીષ્ટ દૂધની ધારાથી સર્વ પ્રકારનાં ધાન્યોને પ્રકટાવતી ખેતરોની શ્રેણી મેઘ-વરસાદની અપેક્ષા રાખતી ન હતી. "બાળકો તેમજ ભીરુ (ડરપોક) જનોને ભય આપનાર, અદ્‌ભુત ધ્વનિવાળા, કાદવ ઉત્પન્ન કરનાર તમારાથી (મેઘોથી) શું?" આ પ્રમાણે ગામપંક્તિ (સેંકડો બલ્કે લાખો ગામડાંઓ) પોતાના પ્રદેશમાં ચાલતા રેંટોના નાદથી હમેશાં મેઘોને તિરસ્કારી રહ્યા હતા. પોતાની સ્ત્રી સિવાયની પરદારા વિષે લોકો માતા, બહેન અને પુત્રીના ભાવથી જોતા હતા. દરેક પ્રજાજન પોતપોતાની સંપત્તિને લીધે બીજાની ઋદ્ધિ-સિદ્ધિ-વૈભવની આકાંક્ષા રહિત હતો. વળી પરમાત્માનો નામ-પ્રભાવ સકલ પાપરૂપી લતાવનને નષ્ટ કરવામાં હિમરૂપ હતો જેથી રોગ-વ્યાધિ અને માનસિક ચિંતા (આધિ) પૃથ્વીને કઈ રીતે પીડા ઉપજાવી શકે? અર્થાત્ પરમાત્માના રાજ્યકાળે સર્વ લોકો આધિ ને વ્યાધિવિહીન હતા. સાત [1]ભયથી રહિત પરમાત્મા શાસન કરતા હતા ત્યારે સાત [2]ઈતિ ક્યાંય પણ જોવામાં ન આવી તેમજ સંભળાઈ પણ નહિ. આ ઉપરાન્ત લોકોને [3]સાત વ્યસનો તથા [4]સાત નરકની પ્રાપ્તિ પણ ક્યાંથી હોઈ શકે? શું ત્યારે સમગ્ર જનસમૂહ પુણ્ય-ગરિષ્ઠ હતો?

---

૧. ઇહલોકભય, ૨ પરલોકભય, ૩ આદાનભય, ૪ અકસ્માદ્‌ભય, ૫ આજીવિકાભય, ૬ મરણભય ને ૭ અપકીર્તિભય—આ સાત પ્રકારનાં ભય કહેલા છે.

૨. અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ઊંદર, તીડ, પોપટ, સ્વચક્રભય અને પરચક્રભય.

૩. જુગાર, માંસભક્ષણ, મદિરા, વેશ્યાગમન, શિકાર, ચોરી અને પરસ્ત્રીગમન—આ સાત વ્યસનો છે.

૪. ધર્મા, વંશા, શૈલા, અંજના, રિષ્ટા, માઘવ્યા અને માધવી—આ સાત પ્રકારનાં નરક કહેલાં છે.

ના, ના, એમ ન હતું; પરન્તુ તે સર્વ પરમાત્માનો જ પ્રભાવ હતો, કારણ કે પ્રભુશાસનમાં તેઓ સુખના મહાસાગરનો અનુભવ કરી રહ્યા હતા. સમગ્ર માનવોના સુખરાશિથી સિંચિત થયેલ પરમાત્માનું રાજ્ય વિવેકી (પવિત્ર) બન્યું હતું. આ અવસર્પિણી કાળમાં ભૂતકાળને વિષે આવું રાજ્ય થયું નહોતું અને ભવિષ્યકાળમાં થશે નહિ કારણ કે ભૂતકાળમાં શ્રી ઋષભદેવ સરીખા પરમાત્મા રાજા થયા ન હતા અને ભવિષ્યકાળમાં થશે નહિ. પાતાળને વિષે રહેલા અને વિષથી વ્યાપ્ત સર્પસમૂહોથી વીંટળાએલ અમૃતનાં કુંડોનું કવિઓ કોઈ પણ જાતના લાભ-ફાયદા સિવાય ફોગટ વર્ણન કરે છે, "અમારામાંથી જનસમૂહનું પાન કરીને ગાયો દૂધરૂપી અમૃતવડે સમગ્ર વિશ્વને જીવાડે છે." એમ વિચારીને તળાવડીઓ, પોતાના ફીણના બહાનાથી તેઓની હાંસી કરી રહી હતી. "આ ભવ (જન્મ) સિવાય આવા પરમાત્મા ક્યાંથી પ્રાપ્ત થાય? અને નહીં સેવવા લાયક અન્ય જન તરફથી થતી કદર્થના તો સદૈવ સહન કરવી પડે છે" એમ વિચારીને બધા વિષયો (શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ) દેવાધિદેવ—પરમાત્માનું સેવન કરવા લાગ્યા. શ્રી ઋષભદેવ પરમાત્માના સુખકારક રાજ્યમાં હમેશાં વાસ કરવાની ઇચ્છાવાળા દેવો દેવલોકને આપનાર પોતાના કર્મથી પીડા પામવા લાગ્યા, કારણ કે કર્મથી બંધાએલ પ્રાણી મોક્ષનગરીને કેમ પ્રાપ્ત કરી શકે? "અમે (દેવો) તો ચોક્કસ સિદ્ધ-ઇચ્છાપૂર્વક ગતિ કરવા સામર્થ્યવાળા છીએ." આ પ્રમાણે જ્ઞાનપૂર્વક વિચારીને તે દેવો વારંવાર પ્રભુના રાજ્યસ્થાનમાં-રાજધાનીમાં ક્રીડા કરતા હતા. વળી પરમાત્માના શાસનકાળમાં વહુ સાસુનો, પુત્ર પિતાનો, પત્ની પતિનો, સૈનિક સ્વામીનો, એક શોક્ય બીજી શોક્યનો તેમજ શિષ્ય ગુરુનો કદી અવિનય કરતા નહિ. વળી વૃદ્ધ માતપિતાને, બંધુઓને, પુત્રોને, પતિ તેમજ પુત્ર વિનાની બહેનને, પોતાના સંતાનોને તેમજ આવેલા અતિથિઓને જમાડ્યા સિવાય લોકો કદી ભોજન કરતા નહિ. દુર્જન માણસના તિરસ્કારથી, પોતાની સ્ત્રીના વ્યભિચારથી, પુત્રના મરણથી તેમજ દ્રવ્ય-સંપત્તિના વિનાશથી માણસની આંખમાંથી ઉષ્ણ આંસું કદી પૃથ્વી પર પડ્યા નહોતા પરન્તુ હર્ષાશ્રુના શીતળ જળથી પૃથ્વી પ્રમોદ પામતી હતી, અર્થાત્ લોકોને ઉપરોક્ત પ્રકારનું દુઃખ હતું જ નહિ. પરમાત્માના માહાત્મ્યથી પ્રાણીના આયુષ્યના અંશ માત્રને બળાત્કારથી હરણ કરવાને અશક્ત બનેલ યમરાજ દૂર કરાએલ પ્રાણીઓને પોતાના ક્રોધયુક્ત વિકારોથી કશું પણ કરી શકતો નહિ. વળી સચ્ચારિત્રશીલ, વ્યાધિનું કદી શ્રવણ તેમજ નિરીક્ષણ નહીં કરનાર, સ્વજન સંબંધી વર્ગથી સુખી પ્રજાના નેત્રોને મૃત્યુ નિદ્રાની માફક યોગ્ય અવસરે જ બંધ કરતું હતું અર્થાત્ પ્રાણીગણ આયુષ્ય પૂર્ણ થયે જ મૃત્યુ પામતા હતા. "મનુષ્યો-મનુષ્યો વચ્ચે પરસ્પર વિરોધ અત્યારે ક્યાં છે? અને તેવો વિરોધ તિર્યંચોમાંથી પણ ચાલ્યો ગયો છે તો આપણે બંનેએ પરસ્પર વિરોધ શા માટે રાખવો જોઈએ?" એમ વિચારીને જ સરસ્વતી તથા લક્ષ્મીદેવી દરેક ગૃહમાં સાથે મળીને વિલાસ કરવા લાગી. (સ્વાભાવિક રીતે એવું હોય છે કે જ્યાં સરસ્વતી એટલે વિદ્યા હોય ત્યાં લક્ષ્મીદેવી ન હોય અને જ્યાં લક્ષ્મીદેવીની કૃપા હોય ત્યાં સરસ્વતી-પાંડિત્ય ન હોય. પંડિત

નિર્ધન અને લક્ષ્મીવાન વિદ્યાવિહીન જ હોય.) પ્રભુના શાસનકાળમાં તો લક્ષ્મીદેવી અને સરસ્વતીદેવી કદીપણ ક્ષણમાત્ર અળગી થઈ ન હતી, પરન્તુ પાછળથી ક્યા કારણથી તે બંનેને વિરોધ થયો તે જાણી શકાતું નથી. પરમાત્મા તો દેશવાસી પ્રજાજનોના સુખને માટે થયા અને તે પ્રભુના નામગ્રહણથી-પ્રાર્થના કે વિજ્ઞપ્તિથી સરસ્વતી તો સફળ થઈ પરન્તુ યાચકજનના અભાવને લીધે લક્ષ્મીદેવી તો નિષ્ફળ નીવડી, કારણ કે તે નગરીમાં કોઈ પણ દાન ગ્રહણ કરનાર ન હોવાથી લક્ષ્મીની સાર્થકતા થઈ નહી. વળી જે રાજ્યમાં જનસમૂહ નિર્દય આંતરરિપુને તિરસ્કારી કાઢવામાં-દૂર કરવામાં કઠોરપણાને, પોતાની મર્યાદા ત્યાગવામાં કંજૂસપણાને, જગતના અવર્ણવાદ-નિંદા કરવામાં મૌનભાવને (મૂકપણાને), અકૃત્ય કરવામાં ભીરુપણાને બતાવે છે અને તેમ કરવાથી તે તે દોષો લોકસમૂહને વિષે ગુણરૂપે પરિણમ્યા. **ખરેખર સજ્જનસંગનો પ્રભાવ મહાન છે.** પરમાત્માએ વાયુપવનમાંથી મહાબલિષ્ઠાત્વ, આકાશમાંથી મહત્ત્વ, ચંદ્રમાંથી માધુર્ય-મીષ્ટતા, સૂર્યમાંથી સુંદર-શ્રેષ્ઠ ઘાટીલાપણું, સમુદ્રમાંથી ગંભીરતા અને મેરુપર્વતમાંથી ઉન્નતપણું પ્રાપ્ત કર્યું અને એ રીતે સર્વે એક સ્થળે એકત્ર થવાથી વાયુ, આકાશ વિગેરેએ પોતપોતાના અસ્થિરપણાને, શૂન્યતાને, કલંકને, સંતાપને અને કૃપણતારૂપી દોષોને દૂર કર્યા. સાગર ખારો, ચંદ્ર કલંકી, સૂર્ય ઉગ્ર તેજવાળો, મેઘરાજ ચપળ-ચંચળ—અસ્થિર, અર્થીજનો (યાચકજનો)ને મેરુપર્વત અદૃશ્ય, આકાશ શૂન્ય, અમૃત સર્પસમૂહથી વ્યાપ્ત, કામધેનુ પશુ, કલ્પવૃક્ષ કાષ્ઠ-લાકડું અને ચિંતામણિ રત્ન પત્થર છે તો તેઓ સર્વ પૈકી કોની સાથે શ્રી ઋષભદેવ પરમાત્માની સરખામણી થઈ શકે? અર્થાત્ તે તે સર્વ વસ્તુઓ કરતાં પણ પરમાત્મા શ્રી ઋષભદેવ શ્રેષ્ઠ હતા. ધર્મની સ્થાપના કરવામાં સ્થિરતા, વાણીમાં માધુર્ય, હૃદયમાં નિર્મળતા, સુંદર ઉપદેશ કરવામાં તેજસ્વીપણું, મિત્રને પ્રમોદ પમાડવામાં શીતળતા-આ બધા ગુણો પરમાત્માને વિષે વાસ કરીને રહેલ હતા અને એ રીતે પોતાને આશ્રયે આવેલા તે તે ગુણોને પરમાત્માએ પર્વત, અમૃત, ગંગા, સૂર્ય અને ચંદ્રને ક્રમશઃ આપીને તે તે ગુણોને કૃતાર્થ કર્યા અર્થાત્ તે ગુણોને યોગ્ય સ્થાને નિયત કર્યા—સ્થાપ્યા. ખરેખર આશ્ચર્યની વાત છે કે પરમાત્માને વિષે કરુણાળુ ચિત્ત-મન, મીષ્ટ-મધુર વાણી, પ્રસન્ન-નિર્મળ દૃષ્ટિ, ક્ષમાશીલ શક્તિ, મદ-અભિમાન રહિત સિદ્ધાંતજ્ઞાન, દીનપુરુષોની દરિદ્રતાને નષ્ટ કરનારી સંપત્તિ, શીલયુક્ત રૂપ, ન્યાયી બુદ્ધિ અને અભિમાન રહિત સ્વામીપણું—આ પ્રમાણેનાં નવ અમૃત કુંડો પ્રગટી નીકળ્યા. શ્રી ઋષભદેવ પરમાત્માની સેવાથી પ્રગટેલ વિપુલ પુણ્યરાશિથી હર્ષ પામેલા, તેમજ આંતરિક રિપુઓનો ઉચ્છેદ-નાશ કરવામાં પરાક્રમશીલ માણસોએ અતિથિજનને ભોગવવા લાયક સંપત્તિદ્વારા ત્રણ પ્રકારના (ભક્તજન, શૂરવીર અને દાતા) વીરપુરુષોને વિષે રહેલ શ્રેષ્ઠ સૌભાગીપણાને પૃથ્વીને વિષે વિસ્તાર્યું અર્થાત્ લોકો પરમાત્માની સેવા-ઉપાસનાથી શ્રેષ્ઠ સૌભાગ્યશળી બન્યા.

* * *

સૌભાગ્યશાળી જે પરમાત્માની સાત અંગોથી જકડાએલી-વશીભૂત બનેલ રાજ્યલક્ષ્મી સેવા કરવા લાગી, પરન્તુ જેમ દુરાચાર સજ્જનપુરુષમાં, સાગર પ્રવાહ જેમ કિનારામાં (મર્યાદા બહાર) અને ઝેર સર્પના મસ્તક પર રહેલ મણિમાં દાખલ થઈ શકે નહિ તેમ રાજ્યલક્ષ્મી પ્રત્યેનો રાગ (આસક્તિ) જેમના અંતઃકરણમાં પ્રવેશ કરી શક્યો નહિ તે શ્રી **ઋષભદેવ** પરમાત્મા તમારું રક્ષણ કરો.

પદ્મમંત્રીશ્વરની કીર્તિરૂપી લતા આકાશમંડપના અગ્રભાગ પર્યન્ત પહોંચી અને તે લતા દેવવિમાનો પર ફરફરતી ધ્વજાઓના છેડાઓના બહાનાથી પલ્લવ-પાંદડા યુક્ત બની.

**દસમો સર્ગ સમાપ્ત.**



# સર્ગ અગિયારમો.

## છ ઋતુઓને વિષે પરમાત્માનો વિવિધ વિલાસ.

'મારા નામવાળા વૃષ (પુણ્ય)ને પરમાત્માએ પોષણ આપ્યું તેમજ મારી માફક જેમને વિષે જગતના સંરક્ષણરૂપી ભાર (બોજા)ને વહન કરવાપણું છે.' આ પ્રમાણે વિચારીને વૃષે (બળદે) લંછનના બહાનાથી જે પરમાત્માનો આશ્રય લીધો તે શ્રી **ઋષભદેવ** પરમાત્મા તમારા કલ્યાણને માટે થાઓ.

બાદ કાળક્રમે શ્રેષ્ઠ [1]છ ગુણ યુક્ત રાજ્યનીતિનો આશ્રય લેનાર, અત્યંત બલિષ્ઠ છ [2]આંતરરિપુને હણનાર એવા ત્રણ જગતના સ્વામી શ્રી ઋષભદેવ પરમાત્માની છએ [3]ઋતુઓ અનુક્રમે ઉપાસના—સેવા કરવા લાગી.

**વસંતવર્ણન—**

વાયુવડે લતાસમૂહને નચાવતી, ભમરાઓના ધ્વનિરૂપી સંગીત કરતી તથા યુવતીજનના હસ્તમાં રહેલ ધ્વનિયુક્ત કંકણદ્વારા વાજિંત્ર વગાડતી વસંતઋતુ સમ્યક્ પ્રકારે પરમાત્માનું સેવન કરવા લાગી. મનોહર ઝંકાર શબ્દ કરતાં ભ્રમરસમૂહથી વ્યાપ્ત પ્રફુલ્લ ચંપાની કળીના બહાનાથી જાણે સુવર્ણની ઘુઘરીઓ યુક્ત હોય તેવી કટિમેખલા (કંદોરો) વસંત ઋતુએ વનભૂમિને માટે તૈયાર કરી. મણિનુપૂરના ધ્વનિપૂર્વક ચરણદ્વારા પ્રમદાવડે તાડિત થએલ અશોકવૃક્ષ, લુચ્ચા સ્વામીની માફક, પુષ્પદ્વારા અત્યંત હાસ્ય કરવા લાગ્યો[4] અને ચપળ ભમરશ્રેણીથી રોમાંચિત બન્યો. વિરહિણી સ્ત્રીસમૂહના જીવિતના અપહરણથી રુધિરવડે જાણે રક્ત બન્યા હોય તેમ વિકસિત કેશુડાની પંક્તિ, કામદેવના સ્પષ્ટ આંકડા હોય તેમ શોભી ઊઠી. (મજૂર લોકો આકડો વાપરે છે, તે આકડો શરીરમાં લાગ્યો હોય તો લોહીથી ખરડાય તેવી રીતે આ કેશુડાઓ કામદેવના આકડા સદૃશ હોઈ સ્ત્રીજનતાના રક્તથી વ્યાપ્ત બનીને લાલ બની ગયા હોય તેમ જણાય છે.) કામદેવના ઉન્માદને આધીન બનેલી સ્ત્રી તથા કામવિહ્વળ વલ્લભના મનોરંજન માટે વસંત ઋતુએ દિવસે પણ પુષ્કળ પલ્લવ (પાંદડાં)યુક્ત લતાગૃહો

---

૧. સંધી, વિગ્રહ, યાન (ચઢાઈ), સ્થાન, આસન અને દ્વૈધીભાવ—આ રાજ્યનીતિનાં લક્ષણ-ગુણ છે.

૨. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ છ આંતરશત્રુઓ છે.

૩. વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ્, હેમન્ત અને શિશિર—એ છ ઋતુઓ છે.

૪. અશોક વૃક્ષને જ્યારે પાદપ્રહાર કરવામાં આવે છે ત્યારે તે વિકસિત બને છે.

(લતામંડપો)દ્વારા અમાવાસ્યાની રાત્રિ રચી. (અમાવાસ્યાની ગાઢ અંધકારમય રાત્રિ પ્રેમીજનોને પ્રિય થઈ પડે તેમ વસંત ઋતુએ લતામંડપો એવા ગીચ અને ગાઢ બનાવ્યા કે તે સ્થળે દિવસે પણ અમાવાસ્યાની રાત્રિનું ભાન થતું.) પુષ્પસમૂહદ્વારા પ્રગટેલ પ્રસ્વેદરૂપી જળથી આર્દ્ર બનેલ, ચપળ ભ્રમરસમૂહરૂપી વિકસ્વર રોમરાજીવાળી નાની-નાની વેલો મલયાચલના વાયુવડે સ્પર્શ થવાથી શ્યામ બની ગઈ. (સતી સ્ત્રીને પરપુરુષનો સ્પર્શ થતાં શ્યામ-મ્લાન બની જાય છે તેમ લતાઓને મલયાચલનો સ્પર્શ થતાં તે ભમરાઓની પંક્તિરૂપી કાલીમાથી શ્યામ બની ગઈ હોય તેમ જણાતું હતું.) વિકસિત દૃષ્ટિદ્વારા અર્પણ કરાએલ કટાક્ષસમૂહ સરખી શ્વેત અને કૃષ્ણકાંતિને, પુષ્પમાં આસક્ત ભ્રમરસમૂહના બહાનાથી, પ્રફુલ્લ તિલક નામનું વૃક્ષ પોતાના અગ્રભાગ પર (ટોચ પર) ધારણ કરી રહેલ છે. સ્ત્રીના સુગંધી મદિરાવાળા મુખરૂપી કમળદ્વારા સિંચિત થવાને અંગે પુષ્કળ સુવાસિત પુષ્પવાળા બકુલવૃક્ષનું મસ્તક ધુણાવતા ભ્રમરાઓએ પાન કર્યું. વિકાસ પામેલા આમ્રવૃક્ષોની માંજર સમૂહથી રક્તવર્ણી બનેલ દિશાઓ, ભ્રમરના ક્રીડામહોત્સવ પ્રસંગે કુંકુમના વિલેપનથી રક્ત બની હોય તેમ શોભી ઊઠી. મનોહર કમળરૂપી ચરણવાળી, સુંદર તિલક નામના વૃક્ષરૂપી તિલકવાળી, કોયલરૂપી મધુર કંઠવાળી અને સૂર્યદ્વારા અત્યંત તેજસ્વી દિવસરૂપી કાંતિવાળી વસંતલક્ષ્મીએ લોકોના મનને હરણ કરી લીધું. હલનચલનથી પ્રગટ થતાં સ્ત્રીઓનાં પ્રસ્વેદને દૂર કરતો, લતાના ખરી પડેલા પુષ્પોથી વીંટળાએલ મલયાચળનો પવન ઉદ્યાનમાં વિચરતા ઋષભદેવની શુશ્રૂષા કરવા લાગ્યો. (કોઈ પણ પ્રાકારની આગતાસ્વાગતા કરવી હોય ત્યારે પાદ્ય અને અર્ઘ્ય આપવું જોઈએ તેવી રીતે મલયાચળે પ્રસ્વેદરૂપી જળ અને પુષ્પોરૂપી અર્ઘ્ય તૈયાર કર્યું-અર્પ્યું તેમ સમજવું.) સૂર્યના તાપદ્વારા ભયભીત થવાથી નક્ષત્રગણ, આકાશમાંથી શ્વેત ને વિકસ્વર પુષ્પસમૂહના બહાનાથી શીતળ લતાસમૂહથી શોભતી વનભૂમિમાં આવ્યો હોય તેમ જણાતું હતું. પોતાની કાંતિને ચોરી લેનાર, જાણે ભ્રમરસમૂહની સાથે પ્રેમગોષ્ઠી કરતો હોય તેવો ચંપા નામના વૃક્ષ પર રહેલ ચંપક પુષ્પસમૂહને કોઈએક સ્ત્રીએ પોતાની હસ્તક્રીડાદ્વારા ચૂંટી લીધો. લોકોની સાથે મહોત્સવક્રીડા કરતાં ઋષભદેવ પરમાત્માને જોઈને હર્ષાશ્રુરૂપી જળકણવાળી વસંત ઋતુ પુષ્પોની વૃષ્ટિ કરવાપૂર્વક વૃક્ષના ચાલતા શિખરો(ડાળીઓ) વડે નૃત્ય કરવા લાગ્યો. બાદ ગ્રીષ્મ ઋતુને પરમાત્માની સેવા કરવાનો અવસર પ્રાપ્ત થએલ જાણીને વસંતઋતુ ચાલી ગઈ તેથી તેના વિરહને લીધે જ જાણે હોય તેમ લતાઓ પાકી જવાને કારણે પાંડુવર્ણી બની ગઈ. (વિરહિણી સ્ત્રી પાંડુવર્ણી બની જાય છે.)

**ગ્રીષ્મવર્ણન—**

ગ્રીષ્મઋતુમાં આકાશરૂપી વૃક્ષ પર રહેલા, બે પ્રહર પર્યન્ત અત્યંત તપી ગયેલ સૂર્યે પોતાના કિરણોદ્વારા કૂવાના શીતળ જળનું, મુસાફરની માફક, આકંઠ પાન કર્યું. "ખરેખર તેં

જગતનું પાણી સુકવી—શોષવી નાંખ્યું પરન્તુ જો તું શક્તિશાળી હોય તો મારું પાણી શોષવી નાખ" એવી રીતે જાણે ઉગ્ર તેજવાળા સૂર્યને હાકલ કરીને કહેતો હોય તેમ સાગર—સમુદ્ર વિશેષ વૃદ્ધિ પામ્યો. (સાગર હંમેશાં ઉનાળામાં વૃદ્ધિ પામે છે અને વર્ષાઋતુમાં—ચોમાસામાં ક્ષીણ બને છે) "વડવાનળરૂપી તેજને ધારણ કરનાર આ સાગર દુશ્મનની જેમ વૃદ્ધિ પામ્યો છે" એમ વિચારીને ગર્વીષ્ઠ બનેલા સૂર્યે જગતને અત્યંત તપાવવું શરૂ કર્યું પરન્તુ સમુદ્રજળ તો ઊલટું વૃદ્ધિ પામવા લાગ્યું તેથી સૂર્યે ક્રોધયુક્ત બનીને, જલ્દીથી આવીને પૂરેપૂરી વ્યતીત નહીં થયેલી રાત્રિને શીઘ્રતાથી દૂર કરી અને તેમ કરવાથી આકાશમાં રહેલા તેના બાકીના અંશો પવનથી ધ્રુજાવાતા શિરીષના ફૂલના રજકણોરૂપે શોભવા લાગ્યા. કામદેવના સુભટ સરખા ભમરાઓ વિકસિત બનેલા ને મધના પાત્ર સરખા મલ્લિકા નામના પુષ્પ પર મદિરાનું પાન કરવાને માટે કલકલ નાદ કરવા લાગ્યા. ધ્વનિ કરતાં અંધકારરૂપી સુભટસમૂહને કાબૂમાં રાખનાર, સૂર્યની કાંતિસમૂહ સરખા ગુલાબી વર્ણવાળા પાટલાવૃક્ષો વનપ્રદેશમાં ઝંકારનાદ કરતાં ભમરાઓથી વ્યાપ્ત બનીને શોભતા હતા. સૂર્યે પોતના અગ્નિ સરખા ગાઢ કિરણોદ્વારા હસ્તીઓને પરિતાપ પમાડ્યા તેથી સૂર્યનું અનુસરણ કરતાં અર્થાત્ સૂર્યદ્વારા વિકાસ પામતાં કમળોને ક્રોધયુક્ત બનેલા હસ્તીઓએ સરોવરને વિષે જ તોડી નાખ્યા. ચંદનનું વિલેપન, મલ્લિકા પુષ્પની માળા અને બારીક વસ્ત્રને ધારણ કરનાર તેમજ પોતાના યશસમૂહથી વીંટળાયેલ પરમાત્માને જોઈને ગ્રીષ્મઋતુ પણ (પોતાનું તેમની પાસે કાંઈ પણ જોર નહીં ચાલે એમ માનીને) ચાલી ગઈ.

**વર્ષાવર્ણન—**

ચપળ, જળથી પરિપૂર્ણ અને સર્વત્ર ગાઢ રીતે વ્યાપ્ત બનેલ મેઘમાળાને જોઈને ગ્રીષ્મઋતુ પોતાની મલિનપણાની શંકા લાવીને સ્વયમેવ જ ચાલી ગઈ. (ગ્રીષ્મઋતુમાં પ્રસ્વેદ વિગેરેથી મેલાપણું-ગંદાપણું પ્રગટે છે તે જળ આગળ કેમ ટકી શકે? એવી વિચારણા કરીને ગ્રીષ્મ ચાલી ગઈ.) કવિલોકો મેઘને ઇંદ્ર તરીકે વર્ણવે છે તે લેશ માત્ર પણ અસત્ય નથી, કારણ કે મેઘરાજને વિષે ઇંદ્રના વિશાળ કાંતિવાળા ધનુષ્ય અને વજ્ર, (ઇંદ્રધનુષ્ય અને વિદ્યુત્-વીજળી) હંમેશાં શોભી રહેલ છે. વળી તે વર્ષાઋતુમાં નવીન મેઘવૃષ્ટિથી જળરૂપી વિશાળ સંપત્તિવાળો સરોવરોનો સમુદાય ઊંચા મોજાંઓની શ્રેણીથી કમળરૂપી નેત્રથી વિહીન બન્યો અર્થાત્ જ્યારે વૈભવ-સંપત્તિ પ્રાપ્ત થાય છે ત્યારે પ્રાણી પોતાની વિવેકરૂપી આંખ ગુમાવી બેસે છે તેમ સરોવરમાં જળરૂપી સંપત્તિ વધવાથી તેના મોજાંઓદ્વારા કમળો તૂટી ગયા. "વિશાળ કરોડો કુટજ (અગસ્ત્ય મુનિ) નામના વૃક્ષો ઊગી નીકળ્યા છે." આ પ્રમાણે સમુદ્રકિનારાના પર્વતો પર રહેલ કિન્નરોના કથનથી સમુદ્રો પોતાના વિપુલ શત્રુસમૂહના નામને સાંભળી-સાંભળીને ભયભીત થવાથી જલ્દીથી સંકોચ પામી ગયા અર્થાત્ અગસ્ત્ય મુનિએ સમુદ્રપાન કર્યું હતું તે કુટજ-અગસ્ત્ય મુનિનું નામ શ્રવણ કરવાથી સમુદ્રો ભયભીત થઈ ગયા કે રખેને તે

મારું પુનઃ પાન કરી જશે, અને આવા ભયથી તેઓ સંકુચિત થઈ ગયા. કહેવાની મતલબ એ છે કે વર્ષાઋતુમાં સમુદ્રો સંકોચ પામી જાય છે. જ્યારે અદ્‌ભુત ધ્વનિવાળો મેઘ ઉદય પામ્યો ત્યારે ઉજ્જ્વળ હંસના અત્યંત વિરહથી પીડિત બનેલી કમલિની ભ્રમરના બહાનાથી શ્વાસોશ્વાસરૂપી ધૂમાડાને ત્યજી દઈને જળમાં ડૂબી ગઈ, અર્થાત્ વર્ષાઋતુમાં હંસો માનસ સરોવરમાં ચાલ્યા જાય છે અને તેના વિરહથી કમલિની પીડિત બનીને જળમાં ડૂબી ગઈ. જ્યારે માણસ વિરહ સહન ન કરી શકે ત્યારે શ્વાસોશ્વાસને ત્યજી દઈને મૃત્યુ પામે છે તેમ તેનું અનુકરણ કરતી હોય તેમ કમલિની ડૂબી ગઈ.

મેઘરૂપી હસ્તીના ગાઢ તાડનથી વિશાળ ગગનરૂપી વૃક્ષ પરથી નિર્મળ તારારૂપી પુષ્પસમૂહ, જળના પરસ્પર અથડાવાથી પ્રગટેલા પરપોટાના બહાનાથી પૃથ્વી પર આવી પડ્યો. "તે મેઘોની ઉપર વિશાળ ગર્જના કરતો ઐરાવણ હાથી શોભી રહ્યો હતો" એમ વિચારીને વિજળીએ તે ઐરાવણ હસ્તીના ચાલતા કર્ણરૂપી આરિસાની કાંતિને વિસ્તારી, અર્થાત્ વીજળી વારંવાર થવા લાગી. અત્યંત પ્રચંડ સૂર્યના તાપથી તપ્ત થઈ ગયેલ પૃથ્વીને મેઘરાજે જળદ્વારા સંતુષ્ટ કરી તેથી તેનો યશ, વિકસિત જૂઈ, કુરજ અને જાઈના પુષ્પોદ્વારા વિસ્તાર પામ્યો અર્થાત્ વૃષ્ટિથી પુષ્પો ખીલી નીકળ્યા. (યશ હમેશાં શ્વેત વર્ણનો મનાય છે અને જાઈ, જૂઈ તેમજ કુટજ પુષ્પો પણ શ્વેત હોય છે.) વળી સૂર્ય તથા ચંદ્રના શત્રુ સમાન (તેને આચ્છાદિત કરનાર) તેમજ અત્યંત દુર્દિન કરનાર મેઘરાજનો ઉદય થયો ત્યારે આકાશપથને વિષે આગીયાઓ—ખગવાઓ ચમકવા લાગ્યા. **ખરેખર મહાન્ વ્યક્તિઓની ગેરહાજરીમાં ક્ષુદ્ર પ્રાણીઓ પ્રકાશવા લાગે છે** "મેઘરૂપી મિત્રે અમારા આશ્રયસ્થાનરૂપ વૃક્ષોને પુષ્ટ કર્યા અને શોષણ કરનાર સૂર્યના તેજને આવરી લીધું" એમ વિચારીને મયૂરવૃંદ હર્ષપૂર્વક નૃત્ય કરવા લાગ્યો. વળી અત્યંત સુગંધી મધ્યભાગવાળા કોઈએક કેવડાના વૃક્ષ પર ભ્રમર રસ લેવા ઊતર્યો પરન્તુ તેને વક્ર કાંટાઓથી વ્યાપ્ત જાણીને તેનો ત્યાગ કર્યો. ખરેખર ઉગ્ર (ભયપ્રદ) પરિવારવાળાથી કોણ આનંદનો ઉપભોગ કરી શકે? સ્વાભાવિક દાન દેનાર મેઘરાજે જળદ્વારા જગતને જીવાડ્યું પરન્તુ ખેદની વાત છે કે ચાતકપક્ષીએ આતુર બનીને દીન શબ્દોદ્વારા વારંવાર વૃથા યાચના કરી. આવા સમયમાં ઠંડા જળકણોના સમૂહથી સુખકારક અને કદમ્બવૃક્ષ તથા બકુલ વૃક્ષના સમૂહને ધ્રુજાવતો વર્ષાઋતુનો પવન વિશાળ મહેલના ગવાક્ષમાં રહેલ પરમાત્મા શ્રી ઋષભદેવની ઉપાસના કરવા લાગ્યો.

### શરદ્ ઋતુનું વર્ણન—

"ત્રણ જગતના પ્રાણીસમૂહના તાપ—સંતાપને હરનાર પરમાત્મા વિદ્યમાન હોવા છતાં મનુષ્યની તાપ (ગરમી—ઉષ્મા)ને હરનાર મેં ફોગટ ગર્જારવ શા માટે કર્યો?" એમ વિચારીને જાણે લજ્જાસ્પદ બનેલ હોય તેમ વર્ષાઋતુ પણ ચાલી ગઈ, એટલે શર જાતિના તૃણરૂપી

બાણોથી દિશાઓને ભરી દેતી શરદ્ઋતુ નિર્મળ જળરૂપી તલવારને ધારણ કરનાર વર્ષાઋતુને જીતી લઈને, ઉજ્જવળ તેમજ દુ:સહ્ય સૂર્યતેજથી મુક્ત બનીને ફેલાઈ ગઈ. વળી શ્રેષ્ઠ ચાંદનીની જેવી કાંતિવાળી કુબેરની સ્ત્રીઓ માનસ સરોવરમાં ક્રીડા કરવા લાગી અને તેથી તેઓના સુંદર ગતિ-વિલાસથી જાણે તિરસ્કાર પામેલા હોય તેમ હંસો પૃથ્વીપીઠ પર આવી ગયા. (વર્ષાઋતુમાં સરોવરનું પાણી ડોળાઈ જતું હોવાથી હંસો માનસ સરોવરમાં ચાલ્યા જાય છે અને વર્ષાઋતુ વ્યતીત થતાં પાછા મૂળસ્થાને આવી જાય છે.) શ્રેષ્ઠ રક્તવર્ણી મુખ અને ચરણવાળા પોપટોની શ્રેણીરૂપી પરવાળાઓથી યુક્ત મોજાંઓનાં સમૂહવાળું અને જળ વિનાના વાદળોરૂપી ફીણવાળા અત્યંત ઉજ્જવળ આકાશે સાગરની શોભા ધારણ કરી. (સાગરમાં જેમ પરવાળા અને ફીણો હોય છે તેમ આકાશરૂપી સાગરમાં પોપટોની ચાંચ તથા ચરણરૂપી પરવાળા અને સફેદ વાદળરૂપી ફીણો શોભતા હતા.) મદોન્મત્ત બનવાથી અત્યંત ઝંકારવ કરતો તેમજ જપાના છોડમાં આશ્રય લેતો કોઈએક યુવાન ભ્રમર નૂતન રક્તવર્ણી (પ્રેમી) જપાનું દીર્ઘસમય પર્યન્ત ચુંબન કરવા લાગ્યો. પોતાના કમળરૂપી મુખનું ચુંબન કરનાર અને ઉજ્જવળ કાંતિવાળા હંસને વિશાળ મોજાંરૂપી હસ્તવાળી નદીએ વેગપૂર્વક આલિંગન આપ્યું. (કોઈ પ્રેમી વ્યક્તિ ચુંબન આપે છે કે તરત જ આલિંગન આપવાની ક્રિયા થાય છે.) શાલી (ડાંગર)માં આસક્ત હૃદયવાળા, પલાલના તૃણથી ગાઢ રીતે જકડાએલ ચરણવાળા પોપટો "અમે ગાઢ રીતે જકડાઈ ગયા છીએ" એમ વિચારીને, જેમ અસત્યથી અત્યંત ભય પામતા ભવ્ય પ્રાણીઓ લજ્જિત બને તેમ નીચે જોઈ રહ્યા હતા અર્થાત્ પોપટો ડાંગરનું ભક્ષણ કરવામાં અત્યંત આસક્ત બની ગયા હતા. વળી ગોપીઓના મધુર ગાનમાં મુગ્ધ બનેલ મનવાળા મૃગવૃંદે, જેમ શુદ્ધ સિદ્ધાન્તના શ્રવણથી બુદ્ધિમાન મુનિ વિષયાસક્ત પુરુષના સંગનો ત્યાગ કરે તેમ શાલી પ્રત્યેની પોતાની આસક્તિ ત્યજી દીધી અર્થાત્ શાલીનો ચારો ચરવાનું ત્યજી દઈ ગોપિકાઓનું મધુર ગાન સાંભળવામાં આસક્ત બની ગયો. જેમ પ્રિયા પોતાના સ્વામીને માટે ગાયનું દૂધ વિગેરે તૈયાર કરે તેમ શરદ્ ઋતુએ જગતને માટે સુંદર ધાન્ય અને સ્વચ્છ તેમજ કમળની સુવાસ યુક્ત જળ તૈયાર કર્યું. જેમ શ્રેષ્ઠ ભાવનાશીલ ઉત્તમ પુરુષ સુપાત્રદાનમાં આપેલ વસ્તુને અનંતગુણી પ્રાપ્ત કરે તેમ સુંદર ઇચ્છાવાળા પુરુષે વર્ષાઋતુમાં વાવેલા બીજને પુષ્કળ પ્રમાણમાં પ્રાપ્ત કર્યાં અર્થાત્ વર્ષાઋતુનો વાવેલો પાક શરદ્ ઋતુમાં ઊતરે છે. રસ્તાઓને પંક (કાદવ) રહિત કરતી, ઉત્તમ શેરડીના રસરૂપી અમૃતને પ્રગટાવતી અને સમસ્ત ભૂમિતળને ફળયુક્ત બનાવતી શરદ્ ઋતુએ પ્રભુના ચરણનું શરણ સ્વીકાર્યું અર્થાત્ તેમની ઉપાસના કરવા લાગી. બાદ કાળક્રમે પાંડુવર્ણા મેઘરૂપી પલિયાવાળી, સ્વચ્છ તૃણરૂપી છૂટાછવાયા દાંતવાળી અને નિર્મળ નદીઓના જળરૂપી વસ્ત્રવાળી શરદ્ઋતુ વૈરાગ્યપરાયણ સ્ત્રીની જેમ દીક્ષિત બની અર્થાત્ ચાલી ગઈ. (પ્રાણી સફેદ વાળ અને દાંત રહિત બને ત્યારે સંસારનો ત્યાગ કરી સંન્યાસ સ્વીકારે તેમ શરદ્ઋતુએ ભૂમિપ્રદેશનો ત્યાગ કર્યો).

**હેમન્ત વર્ણન–**

શરદ્ ઋતુ ચાલી ગઈ એટલે જાણે પુણ્યોદયને લીધે જ હોય તેમ કામીજનોની રાત્રિને દીર્ઘ બનાવતી અને સ્ત્રીઓના સ્તનયુગલને ઉષ્મા-ગરમીથી પરિપૂર્ણ બનાવતી હેમન્તઋતુ આવી પહોંચી. વનપ્રદેશોમાં હિમરૂપે બનેલ તેમજ કિનારા પર હિમના કણોરૂપી અંકુરાવાળું સરોવર પ્રાતઃકાળને વિષે જાણે શીતના ભયથી આકાશમાંથી ઊતરી આવેલ તારાસમૂહ યુક્ત ચંદ્રમંડળ હોય તેમ શોભતું હતું. (ચંદ્રની આસપાસ તારાગણ હોય તેમ સરોવરના મધ્યભાગમાં હિમ જામી ગયો હતો અને તેના કિનારે છૂટાછૂટા હિમકણો તારારૂપે શોભતા હતા.) મહાપર્વત પર રહેનારા વાંદરાઓએ તોડેલ નવીન ચણોઠીના ઝુમખાએ, પ્રાતઃકાળમાં ક્ષણમાત્રમાં ત્યાંના સૂર્યકાંત મણિની કાંતિ–ગરમીથી તપ્ત થવાને કારણે તે વાંદરાઓની શીત વ્યથાને દૂર કરી, વળી અવસર પ્રાપ્ત કરીને હિમસમૂહે (હેમંત ઋતુએ) પોતાના મહાન્ શત્રુ સૂર્યના તેજને હરી લીધું અને ત્યારબાદ તેના (સૂર્યના) સેવકરૂપ કમળસમૂહની સંપત્તિનો પણ નાશ કર્યો. (હેમંતઋતુમાં સૂર્યતેજ ઉગ્રને બદલે શાંત હોય છે અને શીતને લીધે કમળ કરમાઈ જાય છે). વળી હિમદ્વારા હાંકી કઢાયેલ ચંદ્ર તેમજ કમળની કાંતિએ, સ્વાભાવિક રીતે પ્રકાશમાન અને કેશરા જેવું રક્તવર્ણી સુંદર સ્ત્રીવર્ગના મુખ પર સ્થાન લીધું અર્થાત્ હેમંત ઋતુમાં નૂતન લોહી વધવાથી મુખ પર લાલીમા પથરાય છે. (ચંદ્રનો વર્ણ ઉજ્જ્વળ છે અને કમળનો વર્ણ રક્તવર્ણી છે. તે બંનેનો સંયોગ સ્ત્રીવર્ગના મુખ પર જોવાય છે.) પોતાના પોષ માસરૂપી મિત્રના મેળાપથી અભિમાની બનેલ હેમન્ત ઋતુએ દિવસે પણ પીડેલાં સૂર્યનાં કિરણોએ કેશરના બહાનાથી સ્ત્રીઓના ગરમીવાળા સ્તનયુગલમાં આશ્રય લીધો. (પીડિત બનેલાએ પોતાના સરખા સ્વભાવવાળાનો આશ્રય લેવો જોઈએ તેથી ઉષ્ણ સૂર્યકિરણોએ કેશરના બહાનાથી સ્તનયુગલનો આશ્રય લીધો. હેમન્ત ઋતુમાં સ્ત્રીઓ ઉષ્માર્થે કેશરનું વિલેપન કરે છે.) વળી જોરાવર પવનને અંગે કંપાયમાન થવાથી આકાશમાં ઊડતી પ્રિયંગુલતાના વનની ધૂળે વિયોગી જનના હૃદયમાં પ્રદીપ્ત થયેલ કામાગ્નિની જ્વાળાથી પ્રગટેલ ધૂમરાશિની સમાનતાને ધારણ કરી. હિમસમૂહને અંગે અત્યંત શોચનીય દશાને પ્રાપ્ત થયેલ કમલિનીના વિયોગથી વ્યાકુલ બનતો ભમરો શ્વેત રોધ્રવૃક્ષના રજકણથી વ્યાપ્ત બનીને પાંડુવર્ણો બન્યો. (કમલિનીનો અભાવ થવાથી ભ્રમર રોધ્રવૃક્ષનો રસ ચૂસવા લાગ્યો અને તેમ કરતાં તેનાં શ્વેત રજકણોથી તે શ્વેત બની ગયો તે જાણે કમલિનીના વિયોગને લીધે પાંડુવર્ણો બની ગયો હોય તેમ જણાતું હતું.) “રાગ રહિત પરમાત્માને મેં કેશરના વિલેપનથી રાગ (રક્ત) યુક્ત કર્યા.” એમ વિચારીને પોષમાસની રાત્રિ હર્ષપૂર્વક અત્યંત વૃદ્ધિ પામી અર્થાત્ પોષમાસની રાત્રિયો લાંબી બની. “આવી રીતે પુણ્યને પ્રગટાવનાર દિવસ મારાથી અત્યંત નાનો કરાયો અને અંધકારને ઉત્પન્ન કરનાર રાત્રિ દીર્ઘ બનાવાઈ તો પરમાત્માની પાસે મારે કઈ રીતે સ્થિર રહેવું” એમ વિચારીને જ જાણે હોય તેમ હેમંત ઋતુ પણ ચાલી ગઈ.

**શિશિર વર્ણન—**

વાયુદ્વારા ધ્રુજાવાતા લવીંગના રજકણસમૂહના મિષથી કોમળ (નાના) કેશથી યુક્ત, શિથિલ કમળરૂપી ચરણવાળો અને નૂતન પ્રગટેલા ડોલરરૂપી દાંતવાળો શિશિર ઋતુરૂપી બાળક આવી પહોંચ્યો. (નાના બાળને બારીક વાળ, અસ્થિર પગ ને શ્વેત દાંત હોય છે તેની માફક શિશિર ઋતુની કલ્પના કરી છે.) નવીન જળરૂપી અંકુરાથી રોમાંચિત થવાને અંગે હિમ જેવા શીતળ પ્રસ્વેદથી આર્દ્ર બનેલ પૃથ્વી શિશિર ઋતુને પ્રાપ્ત કરીને ઉજજ્વળ મોગરા-ડોલરના પુષ્પોદ્વારા હાસ્ય કરવા લાગી. (પૃથ્વી એ સ્ત્રીરૂપે અને શિશિર ઋતુને પુરુષરૂપે કલ્પેલ છે. જ્યારે સ્ત્રી પુરુષને મળે છે ત્યારે હાસ્ય ઉદ્‌ભવે છે.) રાત્રિને વિષે સૂર્ય પાતાળમાં ચાલ્યો જાય છે અને ત્યાં તેના લાંબા સમયના સંસર્ગથી આ શિશિર ઋતુમાં કૂવાઓનું પાણી ઉષ્ણ-ગરમ હોય છે જ્યારે આ ભૂમિ પર (મૃત્યુલોકમાં) પાણી શીતળ હોય છે; તેમજ ઉષ્ણ ઋતુમાં આ ક્રમથી ઊલટું હોય છે એટલે કે કૂવાનું જળ શીતળ અને ભૂમિ પરનું પાણી ઉષ્ણ હોય છે. પ્રાતઃકાળમાં હિમના ભયને કારણે ક્ષુધારૂપી અનલ (અગ્નિ) પ્રાણીઓનાં શરીરમાં દાખલ થઈ જાય છે, અને તેથી તેનાદ્વારા પ્રગટેલ ધૂમાડાના સહિયર સરખી વરાળની શ્રેણી માણસોના મુખમાં વિશાળ બને છે, અર્થાત્ શીયાળામાં ભૂખ ઘણી લાગે છે અને મુખદ્વારા વરાળ પણ વછૂટ્યા કરે છે. આ સમયે “શિશિર ઋતુએ હિમના ગુણદ્વારા સમગ્ર જગતને જીતી લીધું પરન્તુ સ્ત્રીઓના સ્તનયુગલને તે જીતી શક્યો નહિ-તેની ઉષ્ણતા હરણ કરી શક્યો નહિ.” એમ વિચારીને તે સ્તનયુગલ ઉપર કુંકુમના ચિત્રામણના બહાનાથી પ્રતાપરૂપી અગ્નિ સાક્ષાત્ દેહસ્વરૂપે શોભી ઊઠ્યો. વળી વાનરોએ અગ્નિની બુદ્ધિથી નૂતન ચણોઠીઓનો સમૂહ સ્થળે સ્થળે એકઠો કર્યો તે જાણે કે શિશિર ઋતુના આગમન-પ્રસંગે સુશોભિત બનેલ પૃથ્વીએ તૈયાર કરેલ કુંકુંમના ગુચ્છાઓ હોય તેમ શોભતા હતા. ખરેખર આશ્ચર્યની વાત છે કે રસોડાઓને વિષે સ્ત્રીજનના હસ્તદ્વારા પુષ્કળ રાખરૂપી વસ્ત્રવડે ઢંકાવા છતાં પણ જાણે દુઃખિત બન્યા હોય તેમ અગ્નિઓ દીર્ઘરાત્રિ પર્યન્ત જાગતા હતા-બળતા હતા, અર્થાત્ લોકો હિમના કષ્ટથી બચવા અગ્નિઓ સળગાવી રાખતા. (આશ્ચર્યની વાત એ છે કે માણસ વસ્ત્ર ઓઢીને સૂઈ જાય તો તેને શાન્ત નિદ્રા આવવી જોઈએ પરન્તુ રાખવડે ભારેલા અગ્નિ તો સળગ્યા જ કરતા-શાંત થતા નહોતા.) ઠંડીના નાશને માટે કામદેવે સ્ત્રીઓના હૃદયરૂપી મંદિરમાં સગડી ચેતાવી. જો એમ ન હોત તો પોતપોતાના સ્વામીના સુખને માટે તેણીના બંને સ્તનયુગલ ઉષ્ણતા-ગરમીથી વ્યાપ્ત કેવી રીતે બનત ? સમગ્ર વૃક્ષોના પાંદડાઓને ખેરવી નાખતો, અને રેંટદ્વારા પોષાયેલ ખેતરને પ્રફુલ્લ બનાવતો ફાગણ માસનો પવન પરમાત્માને પ્રીતિ તેમજ ગ્લાનિ કરવા લાગ્યો. હિમવડે વૃક્ષ તેમજ વેલોને દગ્ધ કરનાર શિશિર ઋતુ, ઋતુઓના સ્વામી વસંતનું આગમન જાણી જાણે ભયભીત બની ગઈ હોય તેમ ચાલી ગઈ. આ પ્રમાણે ક્રમથી પુનરાવર્તન પામતી ઋતુઓએ પોતાની મર્યાદાનું ઉલ્લંઘન કર્યું નહિ કારણ કે વિશ્વની વ્યવસ્થા કરનાર પરમાત્માની વિદ્યમાનતામાં કોણ વિરુદ્ધ વર્તન કરી શકે ?

"જનતા પણ આ પ્રમાણે આચરણ કરે" એમ વિચારીને પરમાત્માએ છએ ઋતુમાં વિલાસ કર્યો. **વિશ્વને પ્રકાશિત કરવા માટે શું સૂર્ય પ્રતિદિન આકાશમાં પરિભ્રમણ નથી કરતો?** દરેક ઋતુઓએ એકી સાથે જ પરમાત્માની ઉપાસના કરવાની ઈચ્છા કરી પરન્તુ "અકાળે-અયોગ્ય અવસરે સ્વામીને ફૂલ તથા ફલ પસંદ નથી" એમ વિચારીને સર્વ ઋતુઓ પોતાના ક્રમ પ્રમાણે (વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ્, હેમંત અને શિશિર) વર્તવા લાગી.

પરમાત્માના પ્રભાવથી ક્રૂર ગ્રહો પણ પોતાનો નિર્દય સ્વભાવ બતાવી શક્યા નહિ, કારણ કે વર્ષવાને ઈચ્છતા મેઘોનો તેઓએ કદી પણ પ્રતિબંધ કર્યો નહિ. "પરમાત્માનો પ્રતાપરૂપી સૂર્ય ત્રણ જગતને વિષે તપી રહ્યો છે પરન્તુ તે તથાપ્રકારનો તાપ કરતો નથી" આ પ્રમાણેના તેના સૌમ્ય સ્વભાવને જાણીને જ હોય તેમ સૂર્યે પણ ગ્રીષ્મઋતુમાં પોતાના કિરણોને પ્રજાના સંતોષને ખાતર ઉગ્ર બનાવ્યા નહિ. ચંદ્રનો કિરણસમૂહ પ્રભુની કીર્તિરૂપી અમૃતની સાથે જોડાવાથી અત્યંત રમણીય બન્યો, તેથી તે કિરણસમૂહથી તેમજ પરમાત્માની કીર્ત્તિરૂપી અમૃતથી સીંચાએલ પૃથ્વી હમેશને માટે તૃણ, પુષ્પ અને ફળથી મનોહર બની. ત્યારબાદ પરમાત્માના શરીરસ્પર્શથી ઉદ્ભટ વાયુઓની ક્રૂરતા–નિર્દયતા પણ ચાલી ગઈ જેથી મંદ–મંદ વાતા વાયુદ્વારા ધાન્યમાં તેમજ પ્રાણીગણમાં કોઈપણ જાતનાં વ્યાધિઓ વ્યાપ્યા નહિ. વળી વિશાળ ગર્ભાગારમાં રહેલા મોટા પદાર્થોદ્વારા શીતકાળમાં જેમ શીતળતા પ્રસરે, ગ્રીષ્મઋતુમાં સૂર્યના પ્રખર કિરણોથી ઉષ્મા ફેલાય અને વર્ષાઋતુમાં ઠંડા પવનથી પાણી ટપકે (કણિયા બાઝી જાય) તેની માફક ત્રણ લોકના કલ્યાણને પલ્લવિત કરવાના સ્વભાવવાળા યુગાદિનાથ શ્રી ઋષભદેવ પૃથ્વી પર રાજ્ય કરતા હતા ત્યારે સંવત્સર, ઋતુ, તિથિ, નક્ષત્ર, ગ્રહ અને યોગ વિગેરે સમગ્ર અશુભો પણ હમેશને માટે શુભ-કલ્યાણકારક બન્યા. વળી પ્રભુના શાસનકાળમાં ગૃહસ્થોદ્વારા બલિ (ખાદ્યાદિ પદાર્થ) આપવામાં આવતો ત્યારે બિલાડો, કૂતરો અને ચકલાની સાથે બેસીને ખાનાર કાગડો આકંઠ-તૃપ્તિ પર્યન્ત આહાર કરતો હતો. વળી પરસ્પરને ખાઈ જનારા માછલાઓ પાણીમાં ન સમાવાને લીધે પૃથ્વીપીઠ પર આવી પડ્યા અને તેને સૂર્યે પણ પોતાના તેજસ્વી કિરણોદ્વારા તપાવ્યા નહિ પરન્તુ ઊલટું તાત્કાલીન વૃષ્ટિ કરનારા કિરણોદ્વારા જીવાડ્યા. વળી પ્રભુના રાજ્યસમયમાં માતાદ્વારા નહીં ભક્ષણ કરાતો સર્પસમૂહ પુષ્કળ હતો અને તેથી તે સર્પ-સમુદાય બીજા આહારનો ત્યાગ કરીને ફક્ત એકલા પવનના પાનમાં જ રક્ત બન્યો અર્થાત્ સર્પો પવનનું ભક્ષણ કરતા છે (કોઈપણ સ્થળે વિનાકષ્ટે મળી શકે તેવો પવનનો સુલભ ભક્ષ કરી દીધો) ક્ષેત્રોને વિષે વિપુલ પ્રમાણમાં ધાન્યરાશિઓ પ્રગટી નીકળી કે જેથી તેઓનો ક્ષય થતો નહોતો, એટલે "જો પોપટ વિગેરે પક્ષી પણ આવીને આ અનાજ ખાય તો અમારા (ખેડૂતોના) પુણ્યમાં અભિવૃદ્ધિ થાય" એમ વિચારીને ખેડૂતો પોપટ વિગેરેના આગમનને ઈચ્છતા હતા પરન્તુ તેઓ આવતા નહિ. ખરેખર તે સમયે તિર્યંચો પણ મનુષ્યો પ્રત્યે દ્રોહ કરનારા નહોતા. કરુણાસમુદ્ર પરમાત્માના નિષ્કલંક રાજ્યકાળમાં મેઘોએ

ક્ષીરસમુદ્રના જળદ્વારા પૃથ્વીને તૃપ્ત કરી અને તેથી ઉત્પન્ન થએલ અત્યંત મીષ્ટ તૃણાદિ વિગેરેના આહારથી તૃપ્ત બનેલા શિકારી પશુઓ પણ માંસભોજનનો ત્યાગ કરવાને કારણે મૃગગણનો વિનાશ કરતા નહોતા. "જ્યાં આગળ કલ્પવૃક્ષ ચિંતામણિરત્ન અને કામધેનુદ્વારા મનવાંછિતની પ્રાપ્તિ થાય છે તેવા સ્વર્ગથી અમારે શું? જ્યાં હંમેશાં સર્પનો વસવાટ છે તેવા ભોગીપુર (પાતાલ)થી પણ શું? તેમજ જ્યાં ઋષભદેવ પરમાત્માની આરાધના ન થઈ શકે તેવી મોક્ષપુરીથી પણ અમારે શું? એટલે અમને તો અવિનાશી મનુષ્યત્વ જ પ્રાપ્ત થાઓ" એમ બધા લોકોએ ચાહના-ઈચ્છા કરી.*

કલ્યાણની પરંપરાવાળા રાજ્યાભિષેકના સમયથી વિશાળ રાજ્યનું પાલન કરતા, ઈંદ્રસમૂહથી પૂજિત ચરણકમળવાળા, વિઘ્નવિરહિત શ્રી ઋષભદેવ પરમાત્માએ ત્રેસઠ લાખ પૂર્વ[1] વર્ષ વ્યતીત કર્યાં. જેઓએ કરવા લાયક અને ન કરવા લાયક વિવેકના બોધદ્વારા જગતને જીવાડ્યું, સમગ્ર જનતાની મનોભિલાષાને પૂર્ણ કરવા માટે પુણ્યરાશિરૂપ બન્યા, ચિત્તમાં ધ્યાન કરવા લાયક તેમજ ત્રણ જગતના શ્રેષ્ઠ ગુણસમૂહને અંગે રહસ્યરૂપ (તત્ત્વ) બન્યા છે તે શ્રી ઋષભદેવ પરમાત્માનો પ્રતિસ્પર્ધી—હરિફ કોણ બને? અર્થાત્ શ્રી ઋષભદેવ પરમાત્મા ત્રણ જગતને વિષે અનુપમેય અને અજોડ હતા.

* * *

ભવ્ય પ્રાણીઓને ઉત્તમ ઋદ્ધિ આપનાર, સૂર્ય કરતાં પણ અત્યંત તેજસ્વી, પૃથ્વીને સ્વર્ણરાશિથી અલંકૃત કરનાર, ચંદ્ર કરતાં પણ વિશેષ શીતળતા આપનાર, ત્રિવિધ તાપને દૂર કરવાનો માર્ગ બતાવનાર તેમજ તપરૂપી સંપત્તિને પુષ્ટ કરનાર અને સમગ્ર ઋતુઓને સમાન ભાવે નીરખનાર **શ્રીઋષભદેવ** પરમાત્મા તમારું રક્ષણ કરો.

જેના બુદ્ધિરૂપી સાગરમાં સૂર્ય, ચંદ્ર અને તારા યુક્ત ગગનપ્રદેશ પ્રતિબિંબિત થએલ છે તે **પદ્મમંત્રી**ને સમગ્ર કળાઓએ પૃથ્વીપીઠ પર પોતાના એક માત્ર આશ્રયસ્થાનરૂપ બનાવ્યા અર્થાત્ પદ્મમંત્રી સમગ્ર કલાકુશળ હતા.

**સર્ગ અગિયારમો સમાપ્ત.**

---

* આ આખા પારીગ્રાફથી પરમાત્માના પ્રભાવથી કેવા લાભ પ્રાપ્ત થાય છે અને સંકટો કેવી રીતે દૂર થાય છે તેનું હૃદયંગમ વર્ણન કરવામાં આવ્યું છે.

૧. ચોરાશી લાખને ચોરાશી લાખે ગુણવાથી જે સંખ્યા થાય તેને એક પૂર્વ કહેવામાં આવે છે.

# સર્ગ બારમો.

## પરમાત્માની વસંતક્રીડા, વૈરાગ્ય, ભરત રાજ્યાભિષેક, સાંવત્સરિક દાન તેમજ દીક્ષા–મહોત્સવ.

લક્ષ્મીદેવી યૌવનને ઉદ્દેશીને કહે છે કે–"તારે (યૌવને) આ પરમાત્મા (ઋષભદેવ)ની પ્રતિદિન સેવા કરવી કારણ કે તારા ચાલ્યા જવાથી તે મારો પણ ત્યાગ કરશે" આ પ્રમાણેના લક્ષ્મીના કથન માત્રથી જ જાણે હોય તેમ પોતાને (યૌવનને) ચાલ્યો જવાનો અવસર થઈ જવા છતાં જેમનું યૌવન ચાલ્યું ગયું નથી તે શ્રી **ઋષભદેવ** પરમાત્મા તમારું રક્ષણ કરો!

**વસંતક્રીડા–**

આ પ્રમાણે પરમાત્મા પ્રજાનું પાલન કરી રહ્યા હતા, તેવામાં કામદેવના સૈનિકવર્ગના ધ્વનિ સરખી આમ્રવૃક્ષની માંજરવાળો અને પોતાને યોગ્ય સમયે આવી પહોંચેલ વસંતઋતુ ક્રમપૂર્વક શરૂ થઈ. નિયત સમય સુધી દક્ષિણ દિશાનું સેવન કરીને આગળ વધતાં સૂર્યે પોતાની સમક્ષ [1]કુબેરમાં અનુરાગિણી બનેલ ઉત્તર દિશાને નીહાળીને જાણે ક્રોધને લીધે હોય તેમ પોતે અત્યંત સંતપ્ત બન્યો અર્થાત્ સૂર્ય ઉત્તરાયણનો થાય છે ત્યારે ઉગ્ર બને છે. હવે દક્ષિણ દિશા પવનદ્વારા સૂર્યને કહેવરાવે છે કે–"જેના અવલંબનમાં શીતળતા છે તેવી મને ત્યજી દઈને જેના સહવાસમાં અત્યંત પરિતાપ છે તેને તું અવલંબે છે તેથી હું માનું છું કે–તારામાં બુદ્ધિ નથી" આ પ્રમાણે સૂર્યને કહેવાને માટે દક્ષિણ દિશાએ મલયાચળના પવનને મોકલ્યો હોય તેમ જણાતું હતું, અર્થાત્ વસંતઋતુમાં મલયાચળનો મંદ-મંદ પવન વાવા લાગ્યો. આવી વસંતઋતુમાં વિરહીણી સ્ત્રીઓના પ્રાણોને હરી લેનાર, ક્રોધે ભરાયેલ સ્ત્રીના કોપને દૂર કરનાર અને પ્રિયતમ સાથે બેસનાર સ્ત્રીના કર્ણપથમાં અમૃતનું સિંચન કરનાર કોયલનો મધુર નાદ કયે સ્થળે ન સંભળાવા લાગ્યો? અર્થાત્ સ્થળે સ્થળે કોયલ ટહુકવા લાગી. આમ્રવૃક્ષની માંજરના રજકણથી પીળી બનેલી બધી દિશાઓ જાણે કે જગતને જીતવાને ચાહનાર કામદેવના પ્રતાપરૂપી સૂર્યની કાન્તિથી પરિપૂર્ણ બની હોય તેમ શોભતી હતી. ભ્રમરના ઝંકારવદ્વારા મધુર નાદ કરતો વસંતઋતુરૂપી પોતાનો સ્વામી દીર્ઘ સમયે આવવાથી વનભૂમિએ હંમેશાં વિકસિત કેશુડારૂપી વૃક્ષસમૂહને કુસુંબી વસ્ત્રના બહાનાથી ધારણ કર્યો; જ્યારે લાંબા સમયે આવેલા વસંતઋતુરૂપી સ્વામીએ વિકસિત પુષ્પપંક્તિદ્વારા હાસ્યયુક્ત બનેલ વનસ્થલીને વિકસિત કંકેલી

---

૧. ઉત્તર દિશાનો સ્વામી કુબેર મનાય છે.

તેમજ કદમ્બક વૃક્ષના મિષથી કુંકુમ તિલક કર્યું. પુષ્પરૂપી બાણવડે જગતને જીતવાને ચાહતા કામદેવે કાંતિસમૂહથી પીત વર્ણવાળી બનેલી ચંપાની કળીઓની શ્રેણીવાળી નૂતન વનભૂમિ જાણે કે કામદેવના દિવ્ય અસ્ત્રોના સમૂહ સરખી હોય તેમ શોભતી હતી. ભમરાઓના ઝંકારનાદદ્વારા નિષેધ (અટકાયત) કરતી, ધ્રૂજતી અને પુષ્પરૂપી સંપત્તિને ધારણ કરતી માધવી લતાને, જેમ યુવાન પુરુષ પોતાની નવોઢા (નૂતન પરણેલી સ્ત્રી)ને આલિંગન આપે તેમ મલયાચળના પવને આલિંગન આપ્યું. પોતાના બાણોની સંખ્યાની ગણત્રી કરવા માટે કામદેવદ્વારા પ્રેરણા કરાએલ ભ્રમર કદંબ, જંબુ, બકુલ, પાટલા, મહુડો, મલ્લી અને લવલી લતાના પુષ્પો પર પરિભ્રમણ કરવા લાગ્યો. જેમ ઋષભદેવ પરમાત્માના શાસનકાળમાં પ્રજા શ્રેષ્ઠ અભ્યુદયને પ્રાપ્ત કરે તેમ વસંતઋતુના આગમનથી પૃથ્વીપીઠ પરના વિશાળ વૃક્ષો અને અન્ય લતાઓની લક્ષ્મી (શોભા) વૃદ્ધિ પામી. વસંતક્રીડા કરવા માટે આતુર બનેલ પરિજનના અત્યંત આગ્રહથી નિર્વિકારી પરમાત્મા શ્રી ઋષભદેવ પણ જેમ ઇંદ્ર નંદનવનમાં જાય તેમ મનોહર ઉદ્યાનમાં ગયા. ઇચ્છાનુરૂપ વિવિધ ફળસમૂહને આપવામાં ત્રણ લોકના વિશાળ કલ્પવૃક્ષ સરખા પરમાત્મા રમણીય પુષ્પોના અલંકારથી સુશોભિત બગીચામાં પ્રવેશ કરીને પુષ્પગૃહમાં બેઠા. એવામાં સ્વામીવડે તિરસ્કાર કરાએલી મદોન્મત્ત બનેલી સ્ત્રીઓ "કામદેવ અમોને આ (પુષ્પોરૂપી) બાણોદ્વારા હણે છે" એમ વિચારીને જાણ કોપાવિષ્ટ બની હોય તેમ કંકણના ધ્વનિથી ભમરાઓને નસાડી મૂકીને પુષ્પો ચૂંટવા લાગી. પ્રફુલ્લ મલ્લિ (મોગરો)ના પુષ્પોને ચૂંટતી કોઈ એક સ્ત્રીનું, તે પુષ્પમાંથી ઊડેલા ભમરાએ તે સ્ત્રીને મલ્લિના ભ્રમથી (મલ્લિ જાણીને), પોતાના હસ્તરૂપી પલ્લવદ્વારા નિષેધ કરવા છતાં પણ, હાસ્યપૂર્વક તેણીના અધરોષ્ઠ પર લાંબા સમય સુધી ચુંબન કર્યું અર્થાત્ તે યુવતી મલ્લિ સમાન શ્વેત ને રમણીય હતી. વળી ચંપાના પુષ્પોને ચૂંટતી કોઈ એક સુગંધી શ્વાસવાળી લલના, તૈયાર થઈને ઉભેલા પહેરેગીરની માફક વિશાળ ઝંકાર ધ્વનિવાળા ભમરાઓવડે ઘેરાવાથી વિહ્વળ બનીને ધ્રૂજવા લાગી અર્થાત્ તે સ્ત્રી એવી સુગંધી શ્વાસોશ્વાસવાળી હતી કે ભમરાઓ કમળ ત્યજી દઈને તેની આસપાસ તેની સુગંધનો આસ્વાદ લેવા માટે ફરવા લાગ્યા. બાદ સ્ત્રીઓદ્વારા ચારે બાજુથી ચૂંટી લેવાયેલ પુષ્પરૂપી સંપત્તિથી વિહીન બનવાને અંગે ભમરાઓદ્વારા ત્યજી દેવાએલ અશોકવૃક્ષો પોતાની શાખાઓમાંથી પ્રગટેલ રાતા પર્ણરૂપે જ રહ્યા અર્થાત્ તેના બધા પાંદડાઓ ચુંટાઈ ગયા. આવી રીતે અન્યજનો પુષ્પ ચૂંટવામાં લયલીન બન્યા હતા ત્યારે લાંબા સમય બાદ અવસર પ્રાપ્ત થવાથી લતાકુંજમાં વિચરતા કોઈ એક દંપતી-યુગલ પરસ્પર પ્રિય વાર્તાલાપ અને કુતુહલ કરવા લાગ્યું. "રે પ્રિયે! આ સુંદર ફૂલો કોઈએ જોયા નથી, માટે તું અહીં આવ. હું તને તે આપું." આ પ્રમાણે લલચાવીને આલિંગન આપવાને ઉત્સુક બનેલ સ્વામી તે પોતાની પ્રિયાને એકાંતમાં લઈ ગયો. ત્યાં આગળ પ્રિયતમે પુષ્પો દેવા માટે પોતાનો હાથ તૈયાર કર્યો-લંબાવ્યો અને તે લેવાને સ્ત્રીએ પોતાનો હાથ લંબાવ્યો એવામાં તે બંનેના

પરસ્પરના નેત્રમિલનથી તેઓ તન્મય-એકરૂપ બની ગયા. અને તેથી લંબાવેલ બંને હાથ તે ને તે જ સ્થિતિમાં રહ્યા અર્થાત્ પ્રિયતમે ન પુષ્પો આપ્યાં કે ન પ્રિયતમાએ તે લીધા. પછી પુષ્પના આભરણોથી ભૂષિત બનીને પોતાની સન્મુખ રહેલ તે નવયૌવનવતી પત્નીને ગાઢ આલિંગન આપીને પ્રિયતમે તેને પુષ્પના દડા વિગેરે ક્રીડાના સાધનો અર્પણ કરીને તેને લતારૂપે બનાવી. પ્રિયે પુષ્પો ચૂંટીને બનાવેલ આભૂષણોદ્વારા સુશોભિત બનેલી પ્રિયા જાણે જગત્વિજેતા કામદેવની જંગમ (હાલતીચાલતી) આયુધશાળા (અસ્ત્રાગાર) હોય તેમ શોભવા લાગી. વિવિધવર્ણી પુષ્પોની જે માળા બનાવીને પ્રિયતમે પોતાની પત્નીના કંઠમાં સ્થાપન કરી તે માળાએ તેના સ્તનપ્રદેશ પર ઇંદ્રધનુષ્યની શોભાને ધારણ કરી. સ્વામીદ્વારા તૈયાર કરાએલ સમગ્ર લતા અને વૃક્ષોના પુષ્પાભરણોને ધારણ કરતી અને ઉદ્યાનોને વિષે વિચરતી કોઈ એક લલનાને કોણે વનદેવી તરીકે ન માની લીધી ? અર્થાત્ તે લલના વનદેવી સદશ શોભવા લાગી. સ્વામીએ જેને વિષે મોગરાના પુષ્પો રહેલા છે તેવા પત્નીના અંબોડાને બાંધ્યો અને તેમ કરીને વસંત તથા કામદેવદ્વારા અધિક બળવાન બનેલ [1]શૃંગારરસથી વીંટળાયેલ [2]શાંતરસ હોય તેમ તેણે વિચાર્યું અર્થાત્ સ્વામીએ તેવો તર્ક કર્યો. સ્વામીએ મોગરાના પુષ્પસમૂહથી પત્નીનો જે અંબોડો બહારથી વીંટી લીધો ત્યારે ચંદ્રમા પ્રત્યે વૈરભાવને ધારણ કરતા રાહુને સ્ત્રીઓએ અંબોડાના બહાનાથી મુક્ત રાખ્યો હોય તેવી કલ્પના કોણે ન કરી ?

વળી વસંતક્રીડા માટે આકાશ પર્યંત હીંચકાઓ પહોંચ્યા ત્યારે સ્ત્રીઓના મનોહર ગાનથી મુગ્ધ બનીને તેઓના મુખરૂપી ચંદ્ર તરફ આવતા ચંદ્રને વિષે રહેલ મૃગ સ્ત્રીઓના નયનોનું અવલોકન કરવાથી શરમીંદો બનીને જ્યાં હતો ત્યાં ને ત્યાં જ રહ્યો અર્થાત્ સ્ત્રીઓના નયનો મૃગના લોચનો કરતાં પણ ચઢિયાતા હતા. હીંચકા પર એક બીજાને અડીને બેઠેલ કોઈએક દંપતીના, હીંચકાને ચલાવવાથી પગને લાગેલ પરિશ્રમ, પ્રસ્વેદના જળસમૂહના બહાનારૂપી બન્યો અર્થાત્ તે પ્રસ્વેદ પરિશ્રમજન્ય ન હતો પરન્તુ એક બીજાના સુખદ સ્પર્શજન્ય હતો. જ્યારે હીંચકાઓ ચાલી રહ્યા હતા ત્યારે વિલાસી સ્ત્રીઓનાં હાવ-ભાવને નિહાળીને આશ્ચાર્યાન્વિત બની હોય તેમ વનદેવીઓએ વૃક્ષસમૂહદ્વારા પુષ્પવૃષ્ટિ કરી. વારંવાર એકધારા હીંચકાને ચલાવવાથી ભીતિવિહીન બનેલ કોઈ એક કૃત્રિમ ધ્રૂજતી પ્રિયા પડખે બેઠેલા પોતાના સ્વામીના કંઠપ્રદેશને ભયના બહાનાથી ભેટી પડી. તે વસંતોત્સવ પ્રસંગે રમણીય સ્ત્રીઓના હાવભાવપૂર્વક લેવાતા રાસડાઓ જાણે કે અગાધ શૃંગારરૂપી જળવાળા સંસારરૂપી સમુદ્રના વમળોની શ્રેણી સરખા શોભતા હતા. ચપળ સ્ત્રીસમૂહ સરખી ભમરીઓનો અવાજ અને અમાવાસ્યા સરખી શ્યામ કોયલનો મધુર "કુહુ-કુહુ" એવો નાદ તેમજ સારંગ જાતિના

---

૧–૨. શૃંગારરસ શ્યામ મનાય છે જ્યારે શાંતરસ શ્વેત છે. મોગરાનું શ્વેત પુષ્પ કાળા અંબોડાથી વીંટળાએલ હતું તેથી કવિએ આવી કલ્પના કરી છે.

પક્ષીઓના મધુર ધ્વનિને કામદેવે પોતાના વાજિંત્રરૂપે બનાવ્યા. "આ ત્રણ જગતને વિષે અત્યારે હું જયશીલ છું" એમ વિચારીને કામદેવે ઉદ્યાનને વિષે ક્રીડા કરવામાં રક્ત ચપળ સ્ત્રીઓના અવાજ કરતાં નુપૂર તેમજ કંકણસમૂહદ્વારા ઘોષણા કરી. પૌરજનો આવી રીતે પોતપોતાને મનગમતી ક્રીડા કરવામાં આસક્ત બન્યા હતા ત્યારે શ્રી **ઋષભદેવે** "આવી વિલાસલીલા કોઈપણ અન્ય સ્થળે છે?" એમ મનમાં વિચારણા કરી તેવામાં ત્રણ જગતના નાથ પરમાત્માએ અવધિજ્ઞાનદ્વારા દેવોના ઉત્તરોત્તર અનુપમ સુખને જોયું અને પોતે પણ તેત્રીશ સાગરોપમ સુધી અનુતર વિમાનનું સુખ પૂર્વે અનુભવ્યું હતું તે પણ જાણ્યું.

**પ્રભુનો વૈરાગ્યભાવ—**

નિર્મોહી પરમાત્મા પૂર્વભવમાં ભોગવેલ ભોગ-વિલાસોને વિચારતા ફરીથી નીચે પ્રમાણે વિચારવા લાગ્યા કે-વિષયાસક્ત બનીને પોતાનું આત્મહિત ન સાધતાં આ સંસારને ધિક્કાર હો! જેમ રોકી ન શકાય એવા પ્રબળ વાયુદ્વારા ધૂળસમૂહને હંમેશાં ગતિ કરાવાય છે-અહીંથી તહીં ઊડાડાય છે તેમ કર્મવડે કોઈ પણ કાળે કોઈપણ સ્થળે પ્રાણીઓની ગતિ ઊંચે અથવા નીચે થાય છે અર્થાત્ પ્રાણીઓ કર્મના વશવર્તીપણાથી ચૌદ રાજલોકમાં ભમે છે. પ્રમાદરૂપી મદિરામાં આસક્તિ ધરાવનારા પ્રાણીઓ પોતાના આત્માના સર્વસ્વરૂપ આયુને નિરંતર યમરાજદ્વારા હરી લેવાતું જાણતા નથી, [1]ચાર ગતિમાં પરિભ્રમણ કરતાં પ્રાણીઓ સંજ્વલન, પ્રત્યાખ્યાન, અપ્રત્યાખ્યાન અને અનંતાનુબંધી-આ ચાર પ્રકારના કષાયોદ્વારા જુદી જુદી રીતે સ્ખલના પામીને [2]અનંતરચતુષ્ટયને પ્રાપ્ત કરી શકતા નથી. ઝાડમાંથી ઉત્પન્ન થએલ ઝેર ઝાડને હણતું નથી તેમજ સર્પમાંથી પ્રગટેલ ઝેર સર્પને કદી મારતું નથી પરન્તુ આશ્ચર્યની વાત તો એ છે કે આ પ્રચંડ ક્રોધરૂપી વિષ જેમાંથી ઉત્પન્ન થાય છે તેને જ હણે છે. (દા.ત. અફીણનો છોડ, ઝેરી વનસ્પતિઓ વિગેરે) અભિમાનરૂપી પર્વતની ટોચે પહોંચેલ મનુષ્ય શમગુણવાળા સદ્‌ગુરુઓને તુચ્છ સમજે છે જ્યારે અભિમાની પુરુષોને ગુરુઓ અધમ કોટીનો હોવા છતાં પણ શ્રેષ્ઠ સમજે છે. મધુરભાષિણી અને પરિણામે ભયકારક એવી પ્રેમવિહુણી પત્નીને જેમ વિષયાર્થી પુરુષ જાણી—સમજી શકતો નથી તેમ સ્વાર્થપ્રાપ્તિને માટે બુદ્ધિવિહીન બનેલ માણસ શરૂઆતમાં લાભદાયક પણ પરિણામે નરકાદિના દુ:ખ દેનાર માયાને ત્યજી શકતો નથી. માણસો ધનપ્રાપ્તિની ઈચ્છાથી ઉન્નતિને દર્શાવતા લોભરૂપી મિત્રને ભજે છે પરન્તુ આ લોભ સંસારરૂપી જંગલમાં બળાત્કારે જ પ્રાણીને હણીને નરકરૂપી વિશાળ કૂવામાં ફેંકી દે છે. જેમ અધર્મી અધિકારીઓ પોતાના સ્વામી-માલિકને છેતરે છે તેમ આ વિષયો અલ્પ સુખકારક અને નાશવંત સુખ બતાવીને આત્માના ચિરસ્થાયી સુખને ઢાંકી દે છે—આવરી

---

૧. નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ—આ ચાર ગતિ કહેવાય છે. ૨. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર ને અનંતવીર્ય.

લે છે. જેમ શત્રુ રાજા (ખંડિયા રાજા)થી અપાતા દંડવડે રાજા સંતોષ પામતો નથી તેમ આ આત્મા પણ અસંખ્ય વિષયોનું સેવન કરવા છતાં પણ કોઈપણ સ્થળે રતિ-શાંતિ પામતો નથી. પ્રાણી જ્યારે જરા યુક્ત બને છે ત્યારે જો કે તેની ઇંદ્રિયોની શક્તિ વિષયસેવનમાં નિર્બળ બને છે, છતાં પણ અનંત જન્મોના સંસર્ગથી વિષયોના સેવનને દૂર કરી શકતો નથી. પુણ્યને અંગે પ્રાપ્ત થયેલ ઈંદ્રિયસુખ યુક્ત યૌવન ચાલ્યા જવાથી પ્રાણીઓ કૃતઘ્ની, વિનાશી અને અપવિત્ર એવા શરીરનું તપરૂપી ફળ પ્રાપ્ત કરી શકતા નથી.

**લોકાંતિક દેવોનું આગમન—**

જેવામાં વૈરાગ્યવાસિત બનેલા પરમાત્મા મનથી સંસારનું સ્વરૂપ વિચારી રહ્યા હતા, તેવામાં પાંચમા બ્રહ્મ દેવલોકમાં ઉત્પન્ન થયેલા અને રિષ્ટ નામના વિમાનમાં વસનારા **સારસ્વત, આદિત્ય, અરુણ, વહ્નિ, અવ્યાબાધ, રિષ્ટ, તુષિત, ગર્દતોય અને મરુત્—** એ પ્રમાણે નવ પ્રકારનાં લોકાંતિક દેવો આ જ ક્ષણે આવી પહોંચ્યા. ત્યારબાદ પરમાત્માના મુખરૂપી ચંદ્રના અવલોકન માત્રથી જ મસ્તક પર બે હાથ જોડવાપૂર્વક પ્રણામ કરીને ત્રણ લોકના નાથ પરમાત્માને તેઓએ વિજ્ઞપ્તિ કરી કે—"પ્રાતઃકાળના સૂર્યની પ્રભાથી જેમ કમળ વિકસિત બને તેમ દેવોના મુગટની કાંતિવડે પ્રકાશિત ચરણકમળવાળા હે જગત્સ્વામી! ભારતવાસીઓને નીતિમાર્ગ અને નિવૃત્તિમાર્ગના ઉપદેષ્ટા હે સ્વામિન્! આપે જેમ પહેલા જગત્‌વ્યવહાર પ્રવર્તાવ્યો તેમ સંસારરૂપી સાગરથી પાર પહોંચાડનાર ધર્મતીર્થને પ્રવર્તાવો. આપનું તીર્થ પ્રવર્તાવવારૂપ કાર્ય યાદ કરો અને ત્રણ જગતનો ઉદ્ધાર કરો." આ પ્રમાણે પરમાત્માને વિનતિ કરીને લોકાંતિક દેવો સ્વસ્થાને ગયા અને વ્રત ગ્રહણ કરવાની ઈચ્છાવાળા પરમાત્મા પણ નંદનવનમાંથી પોતાના આવાસે ગયા.

**ભરતને રાજ્યાર્પણ—**

બાદ સંસારની અસારતા જાણવાથી વ્રત લેવાની ઈચ્છાવાળા ત્રણ લોકના સ્વામી પરમાત્માએ બધા પુત્રોની સાથે ભરતને બોલાવ્યો અને એ પ્રમાણે સભામાં ઉપસ્થિત થયેલા ભરતને પ્રભુએ કહ્યું કે—"હે પુત્ર ! તું આ રાજ્ય ગ્રહણ કર અને પ્રજાનું પાલન કર; કારણ કે હું નિષ્કલંક સંયમ—રાજ્ય ગ્રહણ કરવાને ઉત્સુક બન્યો છું." પરમાત્માની આ પ્રમાણે વાણી સાંભળીને જાણે મસ્તક પર સમગ્ર પૃથ્વીનો ભાર આવી પડ્યો હોય તેમ ભરત નીચું જોઈને સભામાં ઊભો રહ્યો. બાદ બે હસ્તદ્વારા પ્રણામ કરીને તે ગદ્‌ગદ્ વાણીવડે બોલ્યો કે—"હે સ્વામિન્ ! જેમાં આપનો વિયોગ થાય તેવા આ વિનાશી-નાશવંત રાજપદની મને જરૂર નથી. હે પ્રભો! આપના ચરણકમળની સેવાથી મારું રાજહંસપણું ચિરસ્થાયી રહે છે અને આપના ચરણકમળની ઉપાસના વિનાના રાજાપણા માત્રથી શો ફાયદો? વળી સમતાભાવ પણ દુર્લભ

બની જાય છે. આપની હાજરીમાં મને જે આનંદ પ્રાપ્ત થાય છે તે આપના વિરહમાં ક્યાંથી પ્રાપ્ત થાય? **ઝળહળતા સૂર્યના પ્રકાશમાં દિવસની જે શોભા થાય છે તેવી શોભા શું તે મેઘવડે આચ્છાદિત બનવાથી મેળવી શકે?** નમસ્કાર કરતાં આપના ચરણકમળની નખકાંતિથી મારું મુખ જેવું પ્રકાશિત થાય છે તેવું સારી રીતે ચામર વીંઝતી પ્રતિહારીણીઓના હસ્તમાં રહેલા તેજસ્વી કંકણરત્નની કાંતિથી પણ પ્રકાશિત થતું નથી. હે ત્રણ લોકની વાંછા પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ સમાન ! આપના ચરણોની સેવા મને સુખદાયક છે, પરન્તુ પ્રજાનું પાલન કરવારૂપ સંતાપયુક્ત રાજ્યસિંહાસનનો આશ્રય તથાપ્રકારનું સુખ આપવાને સમર્થ નથી. વળી વિનયપૂર્વક પ્રણામ કરતાં મારા મસ્તક પર રહેલા આપના હસ્તથી જે શીતળતા પ્રાપ્ત થાય છે તે દાસવર્ગથી ધારણ કરાતાં છત્રથી કદી પણ મળી શકે તેમ નથી. હે પરમાત્મન્! આપના સ્કંધપ્રદેશ પર આરોહણ કરતાં અને સ્વેચ્છાપૂર્વક વિહાર કરતાં મને જે આહ્‌લાદ પ્રાપ્ત થાય છે તેવો આહ્‌લાદ સ્વામીપણાના બંધનથી બંધાએલા અને ગજેંદ્ર પર સ્વારી કરતાં મને ક્યાંથી પ્રાપ્ત થાય ? હે નાથ ! આપની સમક્ષ ઈચ્છાપૂર્વક દોડતાં મને જે સંપૂર્ણ સુખ પ્રાપ્ત થાય છે તે મણિના પાંજરામાં પૂરાએલા પોપટની માફક શ્રેષ્ઠ રથ પર આરૂઢ થયેલા મને નહીં પ્રાપ્ત થાય. હે સ્વામિન્ ! આપની આગળ બંને ચરણથી પગપાળા ચાલતા મને જે આનંદ થાય છે તેવો આનંદ, જેમ પોતાના ટોળામાંથી વિખૂટા પડેલ મૃગને શિકારી વાહનમાં બેસારીને ગામમાં લઈ જવા છતાં જેમ તે મૃગ પોતાની જાતને સુખી માનતો નથી તેમ અશ્વખેલ-અશ્વક્રીડાથી હું પણ આનંદ પ્રાપ્ત કરી શકીશ નહિ. પૂર્ણિમાનો ચંદ્ર ક્યાં અને તારાઓ ક્યાં? સ્વયંભૂરમણ સમુદ્ર ક્યાં અને ગોષ્પદ-ખાબોચિયું ક્યાં ? સૂર્ય ક્યાં અને ખદ્યોત-ખજુઆ (આગીઓ) ક્યાં ? પ્રભુની ઉપાસનાથી પ્રગટતું સુખ ક્યાં અને રાજ્યથી ઉત્પન્ન થનારું સુખ ક્યાં?"

આ પ્રમાણે ભરતે કહ્યું ત્યારે પરમાત્માએ તેને કહ્યું કે—"હે જયશાલી! આ રાજ્યનો મારાથી ત્યાગ કરવામાં આવશે ત્યારે નધણિયાતી—રાજાવિહુણી આ પૃથ્વી છિન્નભિન્ન થયેલા હારની માફક અસ્તવ્યસ્ત થઈ જશે. હે પુત્ર! રાજવીવિહુણા આ જગતમાં પ્રજાને વિષે **માત્સ્યિક** ન્યાય પ્રવર્તે છે અર્થાત્ મોટા મત્સ્ય નાના મત્સ્યનો ભક્ષ કરી જાય છે તેમ સબળ પ્રાણીઓ નિર્બળને સંતાપે છે; કારણ કે રાજદંડના ભય વિના માણસ પોતાના મનને પાપકાર્યમાં પ્રવૃત્ત કરે છે, પાપકર્મ આદરે છે. તારા પૂર્વજોએ આ પૃથ્વીનું પાલન કર્યું છે અને સુપુત્રે તો પોતાના પૂર્વજોનો ક્રમ સાચવવો જોઈએ. ભાઈ, તું મારી આજ્ઞાનું પાલન કરતો આવ્યો છો તો હમણાં આ મારી આજ્ઞાને પણ માન્ય રાખ." પ્રભુના આ પ્રમાણેના કથનથી આજ્ઞારૂપી બોજાથી આક્રાન્ત બનેલ ભરતે મસ્તક નીચું નમાવીને પરમાત્માના આદેશને સ્વીકાર્યો. **સુપુત્રનું ખરેખર પવિત્ર કર્તવ્ય એ જ છે કે પિતાની આજ્ઞાનું કદી પણ ઉલ્લંઘન ન કરવું.** બાદ મસ્તકવડે પરમાત્માને પ્રણામ કરીને ભરત, જેમ નૂતન દિવસને પ્રકાશિત કરતો પ્રાતઃકાળનો સૂર્ય ઉદયાચળ પર આવે તેમ રાજ્યસિંહાસન પર આરૂઢ થયો

ત્યારે મેરુપર્વત પર રહેલા કલ્પવૃક્ષને દેવો અભિષેક કરે તેમ પરમાત્માના આદેશથી અમાત્ય, સેનાપતિ અને રાજાઓએ ભરતનો હર્ષપૂર્વક રાજ્યાભિષેક કર્યો. તે સમયે ભરત મહારાજાના મસ્તક પર શ્વેત કમળપત્રની જેવી કાંતિવાળું છત્ર શોભવા લાગ્યું તે જાણે કે પરમાત્માની શરદ્ઋતુના ચંદ્ર સરખી પ્રસન્નતા વિસ્તૃત બનીને પુત્રના (ભરતના) મસ્તક પર વિરાજતી હોય તેમ જણાતું હતું. ભરત મહારાજાની બંને બાજુએ ઉજ્જ્વળ ચામરો વીંઝાવા લાગ્યા તે જાણે કે ત્રણ જગતને વિષે પ્રસરતાં ભરતના ગુણની શ્રેણી તેમજ યશરૂપી લત્તાસમૂહના અંકુરા હોય તેમ જણાતા હતા. વળી શ્વેત વસ્ત્રોથી અને ઉજ્જ્વળ મોતીઓના અલંકારોથી ભરત શોભવા લાગ્યા તે જાણે કે પ્રભુના મુખરૂપી ચંદ્રથી ઉછળતા પુણ્યરૂપી સાગરમાંથી પ્રગટેલ ફીણયુક્ત જળબિંદુવાળા તરંગોથી યુક્ત હોય તેમ જણાતા હતા. તે નૂતન ભરત મહારાજા પ્રજાપ્રિય બનીને રાજ્ય કરવા લાગ્યા અને તેમને અત્યંત પરાક્રમી જાણીને કલ્યાણને ઇચ્છતા અન્ય રાજસમૂહે તેમને પ્રણામ કર્યા અર્થાત્ તેમની આજ્ઞા માન્ય રાખી.

**વાર્ષિકદાન—**

પછી બાહુબલી આદિ અન્ય પુત્રોને જુદા જુદા દેશો વહેંચી આપ્યા અને દાનેશ્વરી પરમાત્માએ દુંદુભિનાદપૂર્વક દાન દેવું શરૂ કર્યું. તે સમયે પૃથ્વીપીઠ પર લેશ માત્ર પણ દાન લેવાની ઇચ્છાવાળા યાચકજનો નહોતા છતાં પણ પ્રભુની દાનરૂપી પ્રસાદી(શેષ)થી અમારી લક્ષ્મીની વૃદ્ધિ થશે એમ વિચારીને લોકો સ્વલ્પ માત્ર ગ્રહણ કરવા લાગ્યા. "અતિશય દાન દેવાથી કામધેનુ, કલ્પવૃક્ષ અને ચિંતામણિ રત્ન લજ્જા ન પામો" એમ વિચારીને ત્રણ જગતને સુખકારક પરમાત્મા લોકોને ઇચ્છાનુસાર દાન આપવા લાગ્યા. "જેને જે જોઈએ તે વસ્તુ પ્રાપ્ત થાય છે માટે સમગ્ર જનસમૂહ આવો અને મનોવાંછિત ગ્રહણ કરો." એ પ્રકારની ઘોષણા પરમાત્માએ ચૌટા, શેરી વિગેરે સ્થળોએ કરાવી. સૌધર્મેંદ્રથી ફરમાવાયેલ કુબેરની આજ્ઞાથી *તિર્યક્જૃંભક દેવો નષ્ટ (ગુમ) થઈ ગયેલું, નધણીયાતું, ઓળખાણ વિનાનું, પર્વતમાં રહેલું, સમશાનમાં રહેલું, અટવી યા અરણ્યમાં રહેલું, શૂન્ય ગૃહ અને નગરીમાં રહેલું તેમજ અન્યાન્ય સ્થળોએથી સુવર્ણ, રત્ન વિગેરે ધનરાશિ લાવી લાવીને પરમાત્માને આપવા લાગ્યા. હંમેશાં સૂર્યોદયથી પ્રારંભીને ભોજન સમય પર્યન્ત મધ્યાહ્ન સમય સુધી પરમાત્મા એક કરોડ અને આઠ લાખ સુવર્ણ(સોનૈયા)નું દાન આપવા લાગ્યા. આ પ્રમાણે એક વર્ષમાં પરમાત્માએ ત્રણશેં અઠ્યાશી ક્રોડ અને એંશી લાખ સોનૈયાનું દાન આપ્યું. "પરમાત્મા દીક્ષા લેવાના છે" એમ જાણીને સંસાર પ્રત્યે વિરક્તિ ભાવવાળા લોકો પણ ફક્ત પ્રસાદી (શેષ)રૂપ સુવર્ણ ગ્રહણ કરતા

* સ્વચ્છંદપણે—સ્વતંત્રપણે વર્તનારા દેવોને જૃંભકો કહેવાય. તીર્છાલોકમાં રહેનારા અને ક્રીડારક્ત વ્યંતર જાતિના દેવો છે. તે દશ પ્રકારનાં છે—૧ અન્નજૃંભક, ૨ પાનજૃંભક, ૩ વસ્ત્રજૃંભક, ૪ લયન(ગૃહ) જૃંભક, ૫. શયનજૃંભક ૬ પુષ્પજૃંભક, ૭ ફૂલજૃંભક, ૮ પુષ્પફલજૃંભક, ૯ વિદ્યાજૃંભક અને ૧૦ અવ્યક્તજૃંભક. આ સંબંધી વિશેષ વર્ણન જાણવાની ઇચ્છાવાળાએ ભગવતીસૂત્રની ટીકા, શતક ૧૪, ઉદ્દેશો ૮. સૂત્ર ૫૩૩ જોવું.

હતા. જો કે પરમાત્મા ઈચ્છા મુજબ દાન આપતા હતા છતાં લોકો અધિક ગ્રહણ કરતા ન હતા.

**પ્રભુનો દીક્ષા મહોત્સવ–**

પરમાત્માએ એક વર્ષ પર્યન્ત જનસમૂહને હિતકર અને ઈચ્છિત વસ્તુસંપત્તિનું દાન કર્યું તેવામાં દીક્ષાસમય જાણીને આસન કંપાયમાન થવાથી સૌધર્મેંદ્ર આવ્યા અને પવિત્ર જળ-તીર્થજળથી પરિપૂર્ણ કળશવાળા બધા દેવો સહિત તે ઈંદ્રે જન્માભિષેક સમયની જેમ પરમાત્માનો દીક્ષાભિષેક કર્યો. બાદ ઈંદ્રે પોતાની ભાવના જેવા ઉજ્જ્વળ વસ્ત્રો પરમાત્માને પહેરાવ્યા અને પ્રભુએ પણ પોતાના મન સરખા અત્યંત નિર્મળ અને સુકોમળ તે વસ્ત્રો ધારણ કર્યા બાદ ઈંદ્રે હર્ષપૂર્વક પ્રભુને ચંદનના વિલેપનદ્વારા સુશોભિત કર્યા તે જાણે કે રોમરાજીરૂપી કૂપના માર્ગદ્વારા બહાર આવેલ શુભ ધ્યાનની કાંતિ હોય તેમ જણાતું હતું. “આ સંસારબંધનનો નાશ કરનાર પરમાત્મા મોક્ષગત જીવોના-સિદ્ધોના આભૂષણરૂપ બનશે” એમ વિચારીને વિચક્ષણ ઈંદ્રે પરમાત્માને તથારૂપે જ રહેવા દીધા અર્થાત્ આભૂષણ પહેરાવ્યા નહિ, કારણ કે પરમાત્મા પોતે જ આભૂષણરૂપ બનવાના છે. પછી ઈંદ્રે **સુદર્શના** નામની શિબિકા બનાવી તે જાણે કે ઉત્કંઠિત બનેલ મોક્ષલક્ષ્મીએ પ્રભુને બોલાવવા માટે મર્યાદાવાળું “સર્વાર્થસિદ્ધ” વિમાન મોકલ્યું હોય તેમ શોભતી હતી. બાદ ઈંદ્રના હસ્તાલંબનથી પરમાત્મા શિબિકા પર આરૂઢ થયા ત્યારે જાણે કે અતિ ઉન્નત મોક્ષરૂપી વૃક્ષ પર રહેલ સુખરૂપી ફળની શીઘ્ર પ્રાપ્તિને માટે નિઃસરણી-સીડી મૂકી હોય તેવું દશ્ય લાગતું હતું. બાદ પરમાત્માની કાંતિથી ઝળહળતી, ત્રણ જગતને વિષે અસાધારણ ભાગ્યવાળી તે શિબિકાને સૌપ્રથમ વિનયશીલ મનુષ્યોએ અને પછી ભક્તિપૂર્ણ દેવોએ વહન કરી. આકાશને વિષે શિબિકાને વહન કરતા ચંચળ દિવ્ય વસ્ત્રરૂપી પલ્લવવાળા, ચપળ હારવાળા અને રત્નના આભૂષણવાળા દેવો જાણે ચાલતા કલ્પવૃક્ષો હોય તેમ જણાતા હતા. શિબિકાની અંદર નૂતન સંયમરૂપી લક્ષ્મીને વરવાની ઈચ્છાવાળા પરમાત્મા સિંહાસન પર બિરાજમાન થયા ત્યારે સૌધર્મેંદ્ર તથા ઈશાનેંદ્ર બંને ચામરો વીંજવા લાગ્યા. પરમાત્માના મસ્તક પર શરદ્ ઋતુના ચંદ્ર સરખું શ્વેત છત્ર શોભવા લાગ્યું તે જાણે કે હૃદયપ્રદેશમાં રહેલ સાધુધર્મરૂપી શુભ ભાવ મસ્તકપ્રદેશદ્વારા બહાર નીકળીને ઊંચે રહેલ હોય તેમ જણાતું હતું. પરમાત્માની બંને બાજુ ગંગા નદીના તરંગ જેવા શ્વેત ચામરો વીંઝાતા હતા તે જાણે કે જંબૂદ્વીપના બંને ચંદ્રોએ પરમાત્માને ભેટણા તરીકે અર્પણ કરેલ પોતાના બે કિરણસમૂહ હોય તેમ શોભતા હતા. વળી હાથમાં શોભતી સુવર્ણની ધૂપદાનીઓવાળા વ્યંતર દેવોએ પરમાત્માની ધૂપપૂજા કરી અને તે દ્વારા પ્રગટેલ ધૂમાડાએ જનસમૂહની પુણ્યરૂપી લતાઓને નવપલ્લવિત કરવામાં મેઘની શોભા ધારણ કરી. “જય જય” એ પ્રમાણે બોલતા મુખરૂપી કમળવાળા, તેમજ મસ્તક પર અંજલિ જોડેલા ચોસઠ ઈંદ્રોવડે નમસ્કાર કરાએલ તેમજ શિબિકામાં બિરાજેલ પરમાત્માએ પ્રસ્થાન કર્યું ત્યારે પ્રભુની આગળ

મનુષ્ય, દેવ અને દાનવોએ વિવિધ જાતિના વાદ્યો તથાપ્રકારે વગાડ્યા કે જેથી તેના પ્રતિઘોષદ્વારા દિશાઓ પરમાત્માની પ્રશંસા કરી રહી હોય તેમ જણાતું હતું. વળી તે સમયના શ્રેષ્ઠ મંગળ વાદ્યોના નાદ અને તેજસ્વી દેવોના "જય જય" એવા શબ્દોચ્ચારને શ્રવણ કરીને વિનીતા નગરીના રાજમાર્ગથી પસાર થતાં પરમાત્માને લોકો વીંટળાઈ વળ્યા. "ઉચ્ચાસને વિરાજિત મનુષ્યને નીચે ચાલનારા જોઈ શકતા નથી" એમ વિચારીને કેટલાક લોકો પ્રભુને જોવાની ઇચ્છાથી અત્યંત ઊંચા વૃક્ષો પર ચઢી ગયા. પરમાત્માને જોવા માટે જે લોકો ગૃહ, હાટ અને કિલ્લા પ્રમુખ સ્થળો પર ચઢ્યા તેથી પ્રભુના દર્શનથી પ્રાપ્ત થએલ પુણ્યને કારણે તેઓના પ્રત્યે સૂર્યનાં કિરણો પણ ચંદ્રકિરણ સદૃશ બની ગયા અર્થાત્ પરિતાપ ઉપજાવતા ન હતા. "અત્યંત ઊંચા વૃક્ષો પર રહીને પ્રભુદર્શન થાય તે તો ક્ષણમાત્રનું જ હોય" એમ વિચારીને કેટલાક મનુષ્યો હાલતા પર્વત સરખા હાથીઓ પર આરોહણ કરીને પ્રભુની આગળ-આગળ ચાલવા લાગ્યા. કેટલાકો પવનવેગી અશ્વો પર, કેટલાકો મનોવેગી ઉંટો પર અને કેટલાકો તે સિવાયનાં બીજા વેગવંત પશુઓ પર આરોહણ કરીને પ્રભુના દર્શન માટે અતીવ ઉત્કંઠિત બનીને આગળ-આગળ ચાલવા લાગ્યા. વળી રથને આગળ ચલાવવાને માટે માર્ગ નહીં મળવાથી પોતાના સારથીને રથ સોંપીને અને પોતે પગપાળા બનીને પ્રભુદર્શનની આકાંક્ષાવાળા કેટલાકો ઊંચી-નીચી ગતિ કરતા વાનરની માફક આગળ-આગળ ચાલવા લાગ્યા. પ્રભુને જોવાની ઇચ્છાવાળા કેટલાકો, જેમ વૈરાગ્યવાસિત પ્રાણીઓ સ્વજનવર્ગમાંથી જલ્દી છૂટા ન પડી શકે તેમ જનસમૂહની સાથે પરસ્પર અથડાવાથી પ્રાંતભાગના રસ્તાદ્વારા પણ બહાર ન નીકળી શક્યા. વળી આગળ ચાલનારાઓના સ્કંધપ્રદેશ પર હાથ રાખીને ચાલનારાં અને પાછળ ચાલનારાઓથી બળપૂર્વક આગળ ધકેલાતાં કેટલાએક મનુષ્યો પૃથ્વીતળને પોતાના ચરણદ્વારા લગભગ નહીં જેવો જ સ્પર્શ કરતા હોવાથી ગગનપથમાં ગમન કરતાં દેવોની જેમ ચાલવા લાગ્યા. શરીર અને ગૃહ સંબંધી સાવદ્ય (પાપ) કાર્યને ત્યજી દઈને સ્ત્રીઓ પણ જલ્દીથી પુણ્યને વધારનાર પ્રભુના દર્શનરૂપી સ્વકૃત્યને કરવાને માટે ચાલી નીકળી. જગતપ્રભુના દર્શન અને વંદનોત્સવ પ્રસંગે સ્ત્રીઓ પરસ્પર કહેવા લાગી કે-"હે સખી! હમણા મસ્તકપ્રદેશ પર મુગટ ધારણ કરવાથી શું? કારણ કે તું પ્રભુના દર્શનદ્વારા ત્રણ લોકને વિષે મુગટસ્વરૂપ બન. ભાલપ્રદેશ પર તિલક કરવાથી શું? પ્રભુદર્શનથી તું પોતે જ ત્રણ લોકના તિલકરૂપ થા. વળી બંને નેત્રોમાં અંજન શા માટે આંજે છે? તારા બંને નેત્રોને પ્રભુદર્શનરૂપી અમૃતથી સીંચ." "ત્રણ ભુવનના આભૂષણસ્વરૂપ પરમાત્મા પાસે શું શ્રેષ્ઠ આભૂષણો પણ શોભાસ્પદ બને ખરા? અર્થાત્ નહીં જ" એમ વિચારીને પુરસ્ત્રીઓ તેવા પ્રકારના ઉત્તમ અલંકારો પહેર્યા સિવાય જ વેગપૂર્વક રાજમાર્ગે ચાલી નીકળી. "પ્રભુના દર્શનમાં અંતરાયભૂત બનેલ અમોને ધિક્કાર હો!" એમ વિચારીને સ્ખલિત ગતિવાળી કોઈએક સ્ત્રીના બંને પુષ્ટ સ્તનો તૂટી ગએલા હારમાંથી પડી જતા મોતીઓરૂપી અશ્રુઓદ્વારા રુદન કરી રહ્યા હોય તેમ

જણાતું હતું. વળી પરમાત્માને જોવા માટે ઉતાવળે આવેલ કોઈએક સ્ત્રીનું મસ્તક પરનું વસ્ત્ર ખસી જવાથી તેનો કેશકલાપ (અંબોડો) દેખાવા લાગ્યો તે જાણે કે પરમાત્માને નિરખવાથી શરીરમાં રહેલ અંધકારસમૂહ બહાર નીકળી આવ્યો હોય તેમ જણાતું હતું. વળી (સ્થૂલપણાને કારણે) એક પગલું પણ જાતે ચાલવાને અસમર્થ એવી કોઈ એક સ્ત્રી બે સખીઓના સ્કંધનું અવલંબન લઈને ચાલવા લાગી, પરન્તુ પોતાના વિસ્તૃત નિતંબપ્રદેશના ભારથી તેમ જ ઉતાવળી ગતિને કારણે પડી ગઈ. પરમાત્માને નીરખવાની ઉત્કંઠાવાળી કોઈએક સ્ત્રીએ પોતાના અંગ ઉપરનું વસ્ત્ર નીચે (પગમાં) અને નીચેનું વસ્ત્ર ઉપરના દેહભાગ પર ધારણ કર્યું અને તેમ કરવાથી તે હાસ્યાસ્પદ બનવા છતાં પણ પરમાત્માને વિષે જ લયલીન નયનવાળા કોઈપણે તેણીને તથાપ્રકારની સ્થિતિમાં જોઈ નહિ અર્થાત્ લોકો પ્રભુ પ્રત્યે એટલા બધા ગાઢ આસક્તિવાળા બન્યા હતા કે તેમને આસપાસનું ભાન હતું નહિ. પોતાના સર્વસ્વ પ્રત્યે અનાદરવાળી કોઈએક સ્ત્રી ત્રિભુવનના સર્વસ્વરૂપ પરમાત્માને જોવા માટે પોતાના ગૃહને ઊઘાડું મૂકીને ચાલી નીકળી, પરન્તુ તે સમયે કોઈપણ વ્યક્તિ પરના ધનની સ્પૃહા રાખનાર ન હતું, અર્થાત્ તેના ઘરમાંથી કોઈએ ચોરી કરી નહિ. "જિહ્‌વાને અમૃત તુલ્ય ભોજન તો વારંવાર પ્રાપ્ત થાય છે, પરંતુ નેત્રને અમૃતરૂપ પરમાત્મા ક્યાં પ્રાપ્ત થાય?" એમ વિચારીને અર્ધભોજન કરેલી અને આચમન કરેલી કોઈએક સ્ત્રી પ્રભુને જોવા માટે ચાલી નીકળી. વળી કોઈએક સ્ત્રીએ વિસ્મૃતિને અંગે એક જ કાનમાં કુંડલ ધારણ કર્યું તે જાણે કે પરમાત્માના દીક્ષા મહોત્સવને જોવાને માટે રક્તવર્ણા બનીને સૂર્ય અને ચંદ્ર આવ્યા હોય તેમ જણાતું હતું. (સ્ત્રીનું મુખ તે ચંદ્ર અને કાનમાં ધારણ કરેલ કુંડલ તે સૂર્ય.) વળી ઉતાવળને અંગે કોઈએક સ્ત્રીનું અલ્પ કસ્તૂરી-ચિત્રણવાળું મુખ, પ્રભુને જોવાથી પ્રગટેલ પુણ્યને લીધે સંકુચિત કલંકવાળો ચંદ્ર હોય તેમ જણાતું હતું. વળી કોઈએક સ્ત્રીએ ચંદનને બદલે પગમાં લગાડવાનો અળતાનો રંગ મુખ પર લગાડ્યો અને તેથી તેનો મુખરૂપી ચંદ્ર જાણે કે પોતાના મિત્રરૂપ કામદેવના શત્રુ સદૃશ પરમાત્માને નીહાળવાથી રક્તવર્ણો બની ગયો હોય તેમ જણાતું હતું. વળી ઉતાવળને કારણે કોઈએક સ્ત્રીના ઢીલા પડી ગયેલા કેશ-કલાપમાંથી (અંબોડામાંથી) ખરતા પુષ્પો અને વેણીના બહાનાથી કામદેવે પોતાના માથામાંથી પણ બાણસમૂહ અને ધનુષ્ય પ્રભુ આગળ ત્યજી દીધા હોય તેમ જણાતું હતું. જગતને વિષે પ્રદીપ સમાન પરમાત્માની આગળ દીવાઓ ઉતારણરૂપ-મંગળરૂપ બને છે એમ વિચારીને શ્રેષ્ઠ ભક્તિવાળી કેટલીક સ્ત્રીઓ સાત શિખાઓવાળી આરતીઓ ઉતારવા લાગી. પૃથ્વીના વિશાળ બોજાને વહન કરવાથી શ્રમિત બનેલ જણાતા પરમાત્માના ચરણોને પંખો નાખવાની ક્રિયામાં ચતુર કેટલીક સ્ત્રીઓ ત્રણ લોકના નાથને નીરખવા માટે ચામરની માફક પોતાના વસ્ત્રના છેડાઓ ચલાવવા લાગી. વળી પરમાત્માની સમક્ષ કેટલીક સ્ત્રીઓદ્વારા મૂકાએલ ઉજ્જ્વળ અક્ષતપાત્રો શોભવા લાગ્યા તે જાણે કે પ્રભુના યશદ્વારા જીતાયેલ હોય તેમ તેમની સેવા માટે એકત્ર થયેલ દીપક, સાગર અને

ચંદ્રની પંક્તિઓ હોય તેમ જણાતું હતું. વળી શાંતરસથી અત્યંત ભરપૂર પરમાત્મારૂપી ઉત્તમ ક્ષેત્રમાં કેટલીક સ્ત્રીઓએ ભવિષ્યમાં લાભદાયી, શ્વેત અને મંગળ ફળના હેતુભૂત તંદુલાદિ સુગંધી પદાર્થોની વૃષ્ટિ કરી. વળી પરમાત્મા પ્રત્યે લોકોના મનમાં રહેલ ભક્તિજન્ય પ્રેમ, આકાશપંથમાં સંધ્યાસમયે વૃદ્ધિ પામતી ગાઢ રક્તવર્ણી પ્રભાસમૂહના મિષથી વૃદ્ધિંગત થવા લાગ્યો. પરમાત્માનું દર્શન કરનારાઓ અને તેમની પાછળ-પાછળ ચાલનારાઓ ઉપર, આકાશમંડળમાં વિચરનારા ચોસઠે ઈંદ્રોના તેજસ્વી વિમાનસમૂહોદ્વારા છાયા થઈ. વળી આકાશપ્રદેશમાં દેવો અને ગાંધર્વો તેમજ પૃથ્વીપીઠ પર સ્તુતિપાઠકો મનોહર નૃત્ય અને હાવભાવપૂર્વક મંગળ ગીતોદ્વારા પ્રભુના ગુણોનું ગાન કરવા લાગ્યાં. નૃત્ય કરતી રાજનર્તિકાઓએ દેવ તથા મનુષ્યોના હસ્તીઓના મદથી કાદવમય બનેલ પૃથ્વીભાગ પર, જાણે પોતાના પુણ્યના બીજ વાવતી હોય તેમ, તૂટી ગએલ હારના મણિઓને ફેંકવા લાગી. ગગનમંડળમાં રહેલ દેવોના રથ, હસ્તી અને અશ્વસ્વરૂપ વિમાનશ્રેણીઓદ્વારા પ્રભુના નવીન દીક્ષા મહોત્સવને નીરખવાને જાણે સ્વર્ગપુરીઓ આવી હોય તેમ જણાતું હતું. વળી આંખને અદૃશ્ય એવા સ્ફટિક મણિના મહેલોમાં રહેલ અને પ્રભુનું દર્શન કરવાને માટે નિર્નિમેષ નયનવાળી (આંખ ન મીંચતી) નાગરિક સ્ત્રીઓ દેવાંગનાઓથી ભિન્ન-જુદી જણાઈ નહિ અર્થાત્ આ પ્રસંગે પ્રૌઢ સ્ત્રીઓ પણ દેવી સદૃશ દેખાવા લાગી. ઘુઘરીઓના નાદદ્વારા પ્રભુની સ્તુતિ કરતી, ફરફરતી ધ્વજાઓના છેડાથી મનોહર નૃત્ય કરતી તેમજ રમણીય પુષ્પરૂપી હર્ષાશ્રુને વર્ષાવતી દેવવિમાનોની શ્રેણી શોભવા લાગી. આકાશપ્રદેશમાં દેવોથી અને પૃથ્વીપીઠ પર મનુષ્યોથી કરાતા સંગીત તેમજ નાટકના ધ્વનિદ્વારા, ડગલે ને પગલે મંડલાકારે (ગોળાકારે) નૃત્ય કરતી અપ્સરાઓના ગાનથી, હાવભાવપૂર્વક રાસ લેતી માનવસ્ત્રીઓના નાદથી, "હે પ્રભુ! દીર્ઘાયુ થાઓ, હે જગત્‌ના જીવિતરૂપ પરમાત્મા! હે મંગળદાતા! આપ ચિરકાળ પર્યન્ત સુખી રહો, હે સ્વામિન્! આ ત્રણે લોક તમારાથી સંતોષ-શાન્તિ પામો" એવા અનેક પ્રકારના જનસમૂહવડે ઉચ્ચારાતા ઉચ્ચ સ્વરમય આશીર્વચનોવડે, આકાશપથમાં આગળ ચાલતા દેવ અને દાનવોથી કરાતી પરમાત્માની પ્રાર્થનારૂપ પવિત્ર વાણીવડે તેમજ પરસ્પર મળી ગયેલ લોકોના કોળાહળરૂપ ધ્વનિથી સમસ્ત ત્રણે જગત્ શબ્દમય બની ગયું. પ્રભુનો તિરસ્કાર (નિંદા) કરનારાઓ સુખ મેળવી શકતા નથી અને ભક્તિથી પુણ્ય પ્રાપ્ત કરે છે- આમ છતાં પણ તથાપ્રકારના લોકસમૂહવડે માર્ગમાં કરાતાં મંગળને સ્પૃહા રહિત પ્રભુ સ્વીકારતા હતા અર્થાત્ પ્રભુને તેવા પ્રકારના જીવો પ્રત્યે દ્વેષ અને રાગ હતો જ નહિ. અપરિમિત વાસનાવાળા સુર, અસુર અને માનવોને કરુણાળુ પરમાત્માએ શાંત અમૃત કિરણોથી વ્યાપ્ત તથા પ્રાણીઓ પ્રત્યે પ્રસન્નતાવાળી દૃષ્ટિથી નીહાળ્યા. તે સમયે એક પડખે રહેલા **ભરત** મહારાજાથી અને બીજે પડખે રહેલા **બાહુબલિ**થી પરમાત્મા, જેમ નિષ્પાપ મુનિધર્મ જ્ઞાન અને ચારિત્ર ઉભયથી શોભે તેમ તે બંનેથી દેદીપ્યમાન જણાવા લાગ્યા. આ

ઉપરાન્ત અનેક ખંડિયા રાજાઓ અને મંત્રીઓની સાથે પરમાત્મા શેષ અઠ્ઠાણુ પુત્રો પણ, જેમ પ્રજા નીતિમાર્ગને અને ગુણ વિનયને અનુસરે તેમ ભવપીડાનો નાશ કરનાર પરમાત્માને અનુસર્યા—સાથે ચાલ્યા. વળી **મરુદેવા** માતાની સાથે **સુમંગળા** તેમજ **સુનંદા**ની સાથે **બ્રાહ્મી** અને **સુંદરી** બંને પુત્રીઓ તેમજ સેંકડો પુત્રવધૂઓ, જેમ દયા જૈનધર્મને અનુસરે તેમ પરમાત્માને અનુસર્યા.

## સિદ્ધાર્થ ઉદ્યાનમાં પ્રભુજીનું આગમન—

બાદ નૈસર્ગિક સદ્‌ભાવનાવાસિત, અસુરેંદ્ર, સુરેંદ્ર અને માનવેંદ્રથી મહોત્સવ કરાએલ પરમાત્મા, જેમ આકાશમાર્ગમાં સૂર્ય આવી પહોંચે તેમ અતીવ રમણીય **સિદ્ધાર્થ** નામના ઉદ્યાનમાં આવી પહોંચ્યા. બાદ ભમરાઓના નાદથી જાણે પ્રભુને આહ્‌વાન કરતા હોય તેવા અશોકવૃક્ષ નીચે આવેલ પ્રભુ ભવશ્રેણીમાંથી મુક્ત બનતાં હોય તેમ **સુદર્શના** નામની શિબિકામાંથી નીચે ઊતર્યા, એટલે જેમ પરમાત્મા ચ્યવન બાદ સર્વાર્થસિદ્ધ વિમાન અસર્વાર્થસિદ્ધ (પોતાના શબ્દાર્થથી નિષ્ફળ-નિરર્થક) બન્યું તેમ શાંત આકૃતિવાળા પરમાત્મા સુદર્શના શિબિકામાંથી નીચે ઊતર્યા ત્યારે તે કુદર્શના-કુત્સિત (ખરાબ) દર્શનવાળી બની ગઈ. હું રાગી હોવા છતાં વિરાગી—વૈરાગ્યવાસિત ત્રણ જગતના સ્વામી મારે ત્યાં આવીને રહ્યા તેથી હું અશોક (અકશોક-શોક રહિત) બન્યો છું એમ વિચારીને તે પોતાના ચપળ પાંદડાઓદ્વારા નાચવા લાગ્યો. પોતાની શ્રેષ્ઠતાજન્ય અહંકારરૂપી વેલને વિસ્તારનારી અને અપાર સંસારસમુદ્રને વૃદ્ધિ પમાવામાં ચંદ્રિકાતુલ્ય તેમજ કામદેવના વિકારોની શ્રેણીસ્વરૂપ વસ્ત્ર તથા આભૂષણસમૂહનો પરમાત્માએ ત્યાગ કર્યો. બાદ તે સમયે ઇંદ્રે પરમાત્માના સ્કંધપ્રદેશ પર ઉજ્જ્વળ દેવદૂષ્ય વસ્ત્ર મૂક્યું તે જાણે કે પ્રભુને વિષે આરોપિત થનાર ઉત્તમ મુનિધર્મનો તેજ:પુંજ હોય તેમ દેખાતું હતું.

## ચૈત્રવદિ અષ્ટમીના રોજ પ્રભુદીક્ષા—

ચૈત્ર વદિ આઠમના રોજ ચંદ્ર ઉત્તરાષાઢા નક્ષત્રમાં દિવસના પશ્ચાત ભાગમાં આવ્યો ત્યારે "જય જય" શબ્દ કરતાં મનુષ્યો અને દેવોથી જોવાએલ શ્રીઋષભદેવ પરમાત્માએ ચિરકાળ વૃદ્ધિ પમાડેલ અને વિસ્તૃત કેશકલાપને, જાણે ચાર ગતિના ક્લેશશ્રેણીને ઉખેડી નાખતા હોય તેમ તેણે પોતે પોતાના મસ્તકપ્રદેશ પરથી ચાર મુષ્ટિદ્વારા ઉખેડી નાખ્યો, અર્થાત્ ચાર મુષ્ટિ લોચ કર્યો, એટલે તે 'તે કેશો ભૂમિભાગ પર પડવાને યોગ્ય નથી' એમ વિચારીને ઇંદ્રે પોતે કેશકલાપને પોતાના વસ્ત્રના છેડામાં ગ્રહણ કર્યા. બાદ શેષ કેશને પાંચમી મુષ્ટિદ્વારા લોચ કરવાને ઇચ્છતા પરમાત્માને ઇંદ્રે કહ્યું કે-"હે સ્વામિન્! પ્રસન્ન થાઓ અને શેષ રહેલ કેશશ્રેણીને યથાસ્થિત (જેમ છે તેમ) હમેશને માટે રહેવા દ્યો. હે પરમાત્મા! સુવર્ણ સરખા આપના બંને સ્કંધો પર રહેલ કેશસમૂહ, જાણે કે મેરુપર્વતના બે શિખર પર રહેલ

ઈંદ્રનીલમણિની કાંતિ સરખી મેઘશ્રેણી હોય તેમ દેખાય છે.” આ પ્રમાણે ઈંદ્રની વિજ્ઞપ્તિથી તે કેશપંક્તિને પરમાત્માએ તેમજ રહેવા દીધી એટલે મંદ-મંદ વાયુથી ધીમે ધીમે ફરફરતી તે કેશપંક્તિ હર્ષપૂર્વક નૃત્ય કરતી હોય તેમ જણાવા લાગી. બાદ સૌધર્મેદ્રે શીઘ્રતાથી તે કેશકલાપ ક્ષીરસમુદ્રમાં નાખ્યા અને પ્રભુની પ્રસાદીરૂપ કેશને પોતાના મુકુટને વિષે ધારણ કર્યા. આ પ્રમાણે કાર્ય કરીને વેગપૂર્વક આવી પહોંચેલ ઈંદ્ર મહારાજે પોતાની મુષ્ટિદ્વારા સંજ્ઞા કરીને સમયોચિત વારંવાર સૂચન કરીને પોતાના હજાર નેત્રોદ્વારા દિશાઓનું અવલોકન કરતાં ત્રણ ભુવનમાં વ્યાપ્ત થઈ ગયેલ ધ્વનિનું નિવારણ કર્યું ત્યારે મનુષ્યો, દેવો અને દાનવો ચિત્રમાં આળેખાયેલ હોય તેમ એક ચિત્તવાળા અને મૌન બન્યા તેવામાં છઠ્ઠની તપશ્ચર્યાવાળા, અને સિદ્ધ ભગવંતને નમસ્કાર કરનાર પરમાત્માએ “હું સર્વ સાવદ્ય યોગનું પ્રત્યાખ્યાન કરું છું” એમ બોલીને સંસારજન્ય ક્લેશપરંપરાનો નાશ કરનાર તેમજ મંત્ર તથા ઔષધિના પ્રભાવ વિના મુક્તિરૂપી સ્ત્રીને વશીકરણ કરનાર ચારિત્ર ગ્રહણ કર્યું. પ્રચંડ કિરણોવાળા સૂર્યના તાપથી સંતપ્ત બનેલ મુસાફરોને રસ્તામાં આવતા વૃક્ષની છાયા જેમ ક્ષણમાત્ર સુખદાયક બને છે તેમ પ્રભુના દીક્ષા મહોત્સવસમયે નારક જીવોને પણ ક્ષણ માત્ર સુખ ઉપજ્યું. વળી તે સમયે અજ્ઞાનરૂપી અંધકારને નાશ કરવાથી પ્રગટેલ મહાતશ્ચર્યાના તેજવાળા પરમાત્માની માત્ર વાનકીરૂપ જ હોય તેમ ત્રણે ભુવનને વિષે વિદ્યુત્ સદૃશ મહાપ્રકાશ પ્રસરી ગયો.

**મનઃપર્યવજ્ઞાનની ઉત્પત્તિ—**

તે જ સમયે પરમાત્મા શ્રી ઋષભદેવને જંબૂદ્વીપ, ધાતકીખંડ અને પુષ્કરાર્દ્ધ—એ અઢી દ્વીપવાસી પ્રાણીઓની મનોવર્ગણાને જાણવાને સમર્થ તેમજ ઉજ્જ્વળ મનઃપર્યવ નામનું ચોથું જ્ઞાન પ્રાપ્ત થયું—પ્રગટ્યું.

**કચ્છ—મહાકચ્છાદિ ચાર હજાર રાજવીઓનું વ્રતગ્રહણ—**

બાદ **કચ્છ** અને **મહાકચ્છ** વિગેરે ચાર હજાર રાજાઓએ, ભરત મહારાજા પ્રમુખે વારંવાર નિષેધ કરવા છતાં પણ પ્રભુ સમીપે દીક્ષા લીધી. બાદ પરમાત્માને સ્તવીને, પ્રણામ કરીને ચોસઠે ઈંદ્રો દેવો સહિત નંદીશ્વર દ્વીપે ગયા અને જન્માભિષેક મહોત્સવની માફક ત્યાં રહેલ અરિહંત પરમાત્માના બિંબો સમક્ષ અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો અને “હવે ફરી ક્યારે પ્રભુના દર્શન થશે?” એમ વિચારતાં હર્ષપૂર્વક પોતપોતાના સ્થાને ગયા. વળી પોતપોતાના પરિવાર યુક્ત તેમજ અશ્રુયુક્ત લોચનવાળા ભરત, બાહુબલિ પ્રમુખ રાજાઓ પણ શ્રી ઋષભદેવ પ્રભુને પ્રણામ કરીને સ્વસ્થાને ગયા. આ બાજુ કષાય અને વિષયરૂપી નિર્દય મહાન્ શત્રુસમૂહને દૂર કરીને જયશીલ બનેલ પરમાત્મા, અત્યંત હર્ષને આપનાર સંયમ રાજ્યને સ્વીકારીને, તપશ્ચર્યાના તેજને કારણે અસાધારણ વિજયીપણાને ધારણ કરતાં કચ્છ અને

મહાકચ્છાદિ સાધુઓ સાથે સમસ્ત પૃથ્વીપીઠ પર વિચરવા લાગ્યા.

* * *

શ્રી ઋષભદેવ પરમાત્મા હમેશાં તમારા કલ્યાણને વિસ્તારો કે જેમના સ્કંધપ્રદેશ પર ઇંદ્રનીલમણિના ટૂકડાની કાંતિસરખો કેશસમૂહ શોભી રહ્યો છે, તે જાણે કે ઉત્સુકતાપૂર્વક પ્રભુને આલિંગન આપવાને ઇચ્છતી સામ્રાજ્યલક્ષ્મીના કંપિત બાહુયુગલમાં રહેલ કંકણોની શ્રેણીના ઘર્ષણથી ચિહ્નિત બનેલ હોય તેમ દેખાય છે.

આ વિશ્વને પોતાને વિષે વિમુખ–પરાઙ્મુખ જોઈને ખેદ પામેલા આશ્રયહીન ગુણોએ, હું માનું છું કે, હે ભાગ્યશાળી પદ્મમંત્રી ! અત્યંત પવિત્ર તમારા વિષે આશ્રય લીધો અને તેથી ગુણોના તથાપ્રકારના પ્રભાવથી પોતાના પરસ્પરના વૈરભાવનો ત્યાગ કરીને લક્ષ્મી તથા સરસ્વતી તમારા વિષે સ્વેચ્છાપૂર્વક વાસ કરી રહી છે અર્થાત્ તમારી પાસે અઢળક સંપત્તિ હોવા સાથે અપૂર્વ વિદ્વત્તા પણ છે અને એ રીતે સરસ્વતી તેમજ લક્ષ્મી ઉભયનો સંયોગ તમારા વિષે છે.

**બારમો સર્ગ સમાપ્ત.**



# તેરમો સર્ગ

## પ્રભુનો વિહાર, કચ્છ-મહાકચ્છ તથા નમિ-વિનમિનું વર્ણન, શ્રેયાંસકુમારે કરાવેલ પારણું અને કેવલજ્ઞાન-પ્રાપ્તિ.

જેમના કંઠપ્રદેશ પર રહેલ જટા સમકિતરૂપી વૃક્ષના પર્ણરૂપે દેખાય છે તે શાન્તરસ યુક્ત કલ્યાણના કુંભ સરખા **શ્રીઋષભદેવ** તમારું રક્ષણ કરો! શ્રી ઋષભદેવનો નવીન જ્ઞાનરૂપી સૂર્ય જયવન્ત વર્તો કે જેનો શાશ્વત પ્રકાશ લોક અને અલોકને દર્શાવે છે. જાણે સાક્ષાત્ મૂળ અને ઉત્તરગુણ સરખા હોય તેવા કચ્છ અને મહાકચ્છ આદિ મુનિસમુદાયની સાથે પરમાત્મા પૃથ્વીપીઠ પર વિચરવા લાગ્યા.

### નિર્દોષ ભિક્ષાની અપ્રાપ્તિ–

પારણાને દિવસે ભિક્ષાને માટે પરિભ્રમણ કરતાં પ્રભુને કોઈ પણ સ્થળે નિર્દોષ ભિક્ષા પ્રાપ્ત થઈ નહિ, કારણ કે જનસમૂહ ભિક્ષા(ગોચરી) આપવામાં અજાણ અને અત્યંત સરલ હતો. ભિક્ષાને માટે ભમતાં પરમાત્માને કેટલાક લોકો પૂર્વની માફક રાજા સમજીને વાયુવેગી અશ્વો, કેટલાએક સંભ્રમથી ઇંદ્રના ઐરાવણ હસ્તી સદૃશ હાથીઓ, કેટલાએક દિક્કુમારિકા તુલ્ય કુલીન કન્યાઓ, કેટલાએક સ્વર્ગલક્ષ્મીના તેજથી અધિક દેદીપ્યમાન સુવર્ણરાશિ, કેટલાએક આકાશને પણ પ્રકાશિત કરતાં મનોહર મણિસમૂહ તો કેટલાએક દેવદૂષ્ય વસ્ત્ર સરખા વસ્ત્રસમૂહને ભક્તિપૂર્વક ભેટણા તરીકે અર્પણ કરતા હતા. *ચાર પ્રકારના આહારને નહીં પ્રાપ્ત કરવા છતાં પણ પ્રભુ અદીનભાવે–ગ્લાનિરહિતપણે વિહાર કરતાં ક્ષુધા તથા તૃષા વિગેરે પરિષહોને સહન કરવા લાગ્યા. નિઃસ્પૃહ, નિર્મમ, મૌનવ્રતવાળા, આત્મરમણતાવાળા તેમજ વાયુની માફક અસ્ખલિત ગતિવાળા પ્રભુ પૃથ્વીને પાવન કરવા લાગ્યા. જેમ હસ્તીઓ પોતાના યૂથના નાયકને અનુસરે તેમ સ્વયંદીક્ષિત બનેલા કચ્છ–મહાકચ્છાદિ ચાર હજાર રાજાઓ પણ પ્રભુની સાથે જ વિચરવા લાગ્યા.

### કચ્છાદિ મુનિઓની વિચારણા–

નિર્મળ આશયવાળા અને ક્ષુધાદિથી ખેદ પામેલા કચ્છાદિ મુનિઓ મનમાં આ પ્રમાણે ચિંતવવા લાગ્યા કે–"પૂર્વે આ પરમાત્માએ તથાપ્રકારે આપણા પ્રત્યે પ્રસન્નતા દર્શાવી કે જેથી

---

* અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એ ચાર પ્રકારના આહાર છે.

આપણું મન તેમનો ત્યાગ કરીને કોઈ પણ સ્થળે સંતોષ પ્રાપ્ત કરી શકે તેમ નથી. આ પરમાત્માએ આપણને ઉત્તમ રાજ્ય અર્પણ કર્યું હતું પરન્તુ તેમના વિરહમાં તે રાજ્યથી આપણને શું પ્રયોજન છે ? એમ વિચારીને, તે રાજ્યનો ત્યાગ કરીને આપણે પ્રભુને અનુસર્યા છીએ પરન્તુ પરમાત્મા તો જાણે પરિચય વિનાના હોય તેમ-ઓળખતા જ ન હોય તેમ આપણી સામે પણ જોતા નથી, તેમજ સાંપ્રતકાળે મૂક બનેલ તેઓ વાત્સલ્યવિહીન બનીને આપણી સાથે બોલતા પણ નથી. વળી જનસમૂહદ્વારા આગ્રહ કરાતા, તથા પ્રણામ કરાતા પ્રભુ કોઈપણ જાતના સન્માનને સ્વીકારતા પણ નથી. હસ્તીઓને ચાંડાલ સરખા, અશ્વોને સર્પ સદૃશ અને કન્યાઓને વિષકન્યા તુલ્ય માનીને દ્વેષી પ્રાણીની માફક તે સર્વનો સ્પર્શ પણ કરતા નથી. સુવર્ણને અશુભકર માનીને, આભરણને દૂષણ-કલંકરૂપ જાણીને, રત્નોને શત્રુ સદૃશ તથા હારને રજ્જુ (દોરડા) સમાન માનીને તે તે વસ્તુઓને ત્યાગી દે છે. વનમાં થયેલા-ઉગેલા ફળોને વિષમિશ્રિત હોય તેમ માનીને ખાતા નથી, નદી વિગેરેમાં રહેલ જળને ઉચ્છિષ્ટ (એઠું) માનીને પીતા નથી. આ ઉપરાંત સ્નાન, વિલેપન, વસ્ત્ર-પરિધાન અને અલંકારને કુત્સિત કર્મ જાણીને પરમાત્મા તે તે કાર્યો કરતાં નથી. પવનથી ઉડાડેલી ધૂળ પ્રભુના શરીરે ચોંટી જાય છે, પણ પ્રસ્વેદ વિનાના પરમાત્માના શરીર પર તે મલ પ્રગટાવી શકતી નથી. પર્વતની માફક તડકાથી તેમજ શીત-ઠંડીથી લેશ માત્ર કલેશ પામતા નથી અને વાયુની માફક શયન કરતા નથી તેમજ બેસતા પણ નથી. પૃથ્વીની પેઠે કષ્ટોને સહન કરનાર અને અકંપિત પ્રભુ પ્રચંડ વાયુ, આતપ અને શીતને સદૈવ સહન કરે છે. વળી પરમાત્મા ક્ષુધા તેમજ તૃષાદિથી લેશમાત્ર પીડા પામતા નથી તેથી દેવની માફક સાત ધાતુ રહિત શરીરવાળા છે. આપણે તો ભિક્ષાને નહીં પ્રાપ્ત કરવાથી ભૂખ અને તૃષાથી પીડા પામી રહ્યા છીએ છતાં પરમાત્મા તો કાંઈ બોલતા નથી તો આપણે હવે શું કરીએ ?" આ પ્રમાણે વિચારીને સમગ્ર સાધુવર્યોએ પ્રભુની પાસે જ રહેનારા અને સ્વસમુદાયમાં મુખ્ય એવા **કચ્છ** અને **મહાકચ્છ** મુનિવરોને કહ્યું કે—"આપણા સ્વામી શ્રી ઋષભદેવ પરમાત્મા તો સિદ્ધની માફક આહાર કરતા નથી તેમ જ જળ પણ પીતા નથી. દેવની માફક નિદ્રા લેતા નથી તેમ જ મૂક માનવીની માફક બોલતા પણ નથી. શીતઋતુમાં જેમ જળસમૂહ, ઉષ્ણ (ગ્રીષ્મ) ઋતુમાં જવાસાનો છોડ અને વર્ષા ઋતુમાં ખેડ (ખેતી) વૃદ્ધિ પામે તેમ પરમાત્મા વિકાસ પામે છે-પ્રફુલ્લ રહે છે. નિરંતર નિર્ભય કેશરીસિંહની માફક મહાટવીમાં ભ્રમણ કરતા પ્રભુ પોતાના પરિવારની પણ દરકાર રાખતા નથી. ખરેખર ગરુડ જ સાગરનું ઉલ્લંઘન કરી શકે, નહિં કે કાગસમૂહ; બલિષ્ઠ પુરુષો જ મહાટવીનો પાર પામી શકે, નહીં કે પાંગળો માણસ; સૂર્ય જ જગતને પ્રકાશિત કરી શકે, નહિં કે તારાગણ; તેવી જ રીતે પરમાત્મા આવો તપ આચરી શકે છે પરન્તુ તેનું અનુકરણ કરવા આપણે સમર્થ નથી. સ્વામીને અનુસરીને અમોએ તે સમયે જે રાજ્યોનો ત્યાગ કર્યો તે તો ભરતે ગ્રહણ કર્યાં, હવે અમે તેની પાસેથી તે લઈ શકતા નથી. જો પ્રભુનો ત્યાગ કરીને

આજીવિકા માટે ભરતની ઉપાસના કરીએ તો ભરતથી જ અમોને ભય ઉત્પન્ન થાય; (શ્રી ઋષભદેવ પરમાત્માનો તમોએ ત્યાગ કેમ કર્યો? એવી જાતના ઉપાલંભરૂપ ભય) માટે હે આર્ય! અમે ક્યાં જઈએ? ક્યાં બેસીએ અને શું કરીએ? કારણ કે સ્વામીના ભાવને જાણનાર અને તેમના સાનિધ્યમાં વસનાર આપ જ છો."

આ પ્રમાણે સાધુવૃંદે કહ્યું ત્યારે કચ્છ અને મહાકચ્છ મુનિવર બોલ્યા કે–"મૌનધારી પરમાત્માના ભાવને કોણ જાણી શકે? જો સમુદ્રના તીરે ઊભા રહેવા માત્રથી સમુદ્રનો તાગ (માપ) કાઢી શકાય, મેરુપર્વતની તળાટીમાં રહેલાથી મેરુના શિખરે પહોંચી શકાય અને પક્ષીગણ સમસ્ત આકાશપ્રદેશનું માપ કરી શકે તો પ્રભુના હૃદયગત ભાવને જાણી શકાય, અર્થાત્ ઉપર્યુક્ત જણાવેલ ત્રણે હકીકત બનવી અસંભવિત છે તેમ સ્વામીના વિચારપ્રવાહને જાણવો અશક્ય છે. કોઈપણ પ્રકારની મહત્ત્વાકાંક્ષાથી સ્ત્રી, પુત્ર અને પૌત્રાદિ પરિજનવર્ગને ત્યજી દઈને, સુર, અસુર અને નરેંદ્રોથી પ્રતિદિન પૂજાતા એવા પરમાત્મા વિશાળ સામ્રાજ્યનો ત્યાગ કરીને કઠોર તપશ્ચર્યા કરી રહ્યા છે તેનું કારણ પરમાત્મા સ્વયં જ જાણે છે." આ પ્રમાણે વિચાર કરીને તે સર્વે કચ્છ-મહાકચ્છાદિ મુનિવરો ગંગા નદીના કિનારા પર આવેલ અરણ્યોમાં ગયા અને ત્યાં કંદ, મૂળ અને ફળનો આહાર કરનારા, જળનું પાન કરનારા અને વૃક્ષ–છાલને ધારણ કરનારા તેઓ સર્વ ત્યારથી માંડીને વનમાં રહેનારા **"તાપસ"** બન્યા.

**તાપસ વેશધારી પિતા સમીપે નમિ અને વિનમિનું આગમન-**

આ બાજુ પરમાત્મા શ્રી ઋષભદેવના આદેશથી પૂર્વે દેશાંતર ગયેલ કચ્છ-મહાકચ્છના **નમિ અને વિનમિ** નામના પુત્રો તે જ જંગલના રસ્તેથી પાછા ફરતાં પોતાના પિતાને જોઈને મનમાં આ પ્રમાણે વિચારવા લાગ્યા. "ત્રણ જગતના નાથ પરમાત્મા ઋષભદેવ જેવા સ્વામી હોવા છતાં જાણે સ્વામી રહિત હોય તેમ દુઃખપૂર્વક રહેતા આપણા પિતા આ નિર્જન અરણ્યમાં કેમ રહ્યા હશે? ક્યાં મસ્તક પર રત્નજડિત મુકુટ અને ક્યાં આ જટાસમૂહ? અંગ પર કસ્તૂરીનું વિલેપન ક્યાં અને રજમિશ્રિત પ્રસ્વેદજન્ય મળ ક્યાં? મનપસંદ વસ્ત્ર ક્યાં અને પ્રતિકૂળ એવી વૃક્ષની છાલના વસ્ત્ર ક્યાં? હસ્તી પર આરોહણ ક્યાં અને આ પાદવિહાર ક્યાં? કામધેનુના સંતાનોને દૂધની અપ્રાપ્તિની માફક, કલ્પવૃક્ષના ઉપાસકને દરિદ્રતા અને દીનતાની માફક, હાથમાં રહેલ ચિંતામણિ રત્નવાળાને ચિંતાની પરંપરાની પેઠે, સૂર્યની સાનિધ્યમાં રહેનારને અંધકારની વિડંબના સદૃશ અને અમૃતકુંડમાં રહેનારાઓને તાપજન્ય પીડાની માફક આ રાજવીઓ સ્વામીની વિદ્યમાનતામાં પણ દુર્દશાને પ્રાપ્ત થયેલા જણાય છે અર્થાત્ ઉપર્યુક્ત વર્ણવેલ બીનાઓ બનવી અસંભવિત છે તેમ આ રાજાઓ પણ દુર્દશાને પ્રાપ્ત થઈ શકે નહિ." આ પ્રમાણે વિચારણા કરીને, પિતાને પ્રણામ કરીને તેઓએ તે સંબંધે પ્રશ્ન કર્યો એટલે પવિત્ર કચ્છ-મહાકચ્છે તેઓને જણાવ્યું કે–

"તૃણની માફક રાજ્યનો ત્યાગ કરીને અને ભરતાદિ પુત્રોને સમગ્ર પૃથ્વી વહેંચીને (આપીને) પરમાત્માએ સ્વયં પ્રવ્રજ્યા ગ્રહણ કરી. હે પુત્રો! મૌનધારી પરમાત્માની સાથે તેમના પ્રત્યેના ભક્તિભાવથી આકર્ષાઈને અમોએ પણ વગરવિચાર્યે દીક્ષા લીધી. ક્ષુધા, તૃષા અને વ્યાધિથી પીડાયેલ, ધોંસરીમાં જોડેલા, ગળીયા બળદની માફક દીક્ષાના બોજાને સહન કરવાને અસમર્થ તેમજ નિર્લજ્જ એવા અમોએ સંયમનો ત્યાગ કર્યો છે. પરમાત્માએ જણાવેલ માર્ગે જવાને-તે માર્ગનું અનુકરણ કરવાને અમે અશક્ત છીએ તેથી ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને આ પવિત્ર વનમાં વાસ કરી રહ્યા છીએ." આ પ્રમાણે કચ્છ-મહાકચ્છે સ્વવૃત્તાંત જણાવ્યો ત્યારે "અમે પણ પરમાત્મા પાસે અમારો પૃથ્વીનો ભાગ માગશું" એ પ્રમાણે કહીને તેઓ બંને કચ્છ-મહાકચ્છને નમીને જે સ્થાને પરમાત્મા હતા તે સ્થળે ગયા અને કાઉસગ્ગ ધ્યાનમાં રહેલ, મૌનધારી, મમત્વ રહિત તેમજ નિષ્પરિગ્રહી પરમાત્મા પાસે રાજ્યની યાચના કરી. **ખરેખર અર્થીજનને વિવેક હોતો નથી.** બાદ કહ્યું કે—"હે સ્વામિન્! અમને બંનેને દૂર દેશાંતર મોકલીને ભરત વિગેરે પુત્રોને આ પૃથ્વી વહેંચી આપી, તો હવે હે પ્રભુ! દાસાનુદાસ એવા અમોને અમારો ભૂમિ-ભાગ આપો. શું વિશ્વને વિષે સૂર્ય પોતાના કિરણોદ્વારા પ્રકાશતો નથી? અર્થાત્ સર્વત્ર પ્રકાશે છે, કોઈપણ સ્થળ માટે ભેદભાવ રખાતો નથી તેમ તમારે પણ અમને હિસ્સો આપવો જોઈએ. અમોએ તમારી આજ્ઞાનું કદાપિ ઉલ્લંઘન કર્યું નથી તો હે સ્વામિન્! શા માટે આપ વાણીમાત્રથી પણ પ્રસન્ન થતા નથી?" આ પ્રમાણે નમિ-વિનમિ ઉભયે ઉચ્ચ સ્વરે વિજ્ઞપ્તિ કરી છતાં પણ પરમાત્મા લેશમાત્ર બોલ્યા નહિ. **જેઓ પોતાના દેહ પરત્વે પણ મોહ રહિત હોય છે તે આ બંને પર મોહાસક્ત ક્યાંથી બને?**

પશ્ચાત્ તેઓ બંનેએ પરમાત્માને ઉદ્દેશીને કહ્યું કે—"આપ બોલો અગર ન બોલો, પરન્તુ આપના સિવાય અન્ય કોઈ પણ અમારો સ્વામી—માલિક નથી. શું સૂર્ય સિવાય ચક્રવાક અને કમળની પ્રફુલ્લતા અન્યદ્વારા પ્રાપ્ત થઈ શકે છે?" આ પ્રમાણે મનમાં દૃઢ નિશ્ચય કરીને—પ્રતિજ્ઞા કરીને તેઓ બંને શ્રી ઋષભદેવની સેવા કરવા લાગ્યા. **દૃઢ મનના માનવીથી આરંભાયેલ સર્વ વસ્તુ સાર્થક જ બને છે.** કમળના પડિયામાં જળાશયમાંથી લાવેલ ભક્તિરસ જેવા જળથી તેઓ બંને પરમાત્માની આસપાસની ભૂમિ સિંચતા હતા એટલે પરમાત્માના પાદ—સ્પર્શથી પ્રગટેલ પુણ્યરાશિ સરખા પાણીવડે તે પૃથ્વી રજ રહિત અને સંતાપવિહુણી બની. વળી પરમાત્માની આસપાસ જે પુષ્પસમૂહ તેઓએ વેર્યો હતો તે ભમરાઓની ધ્વનિના બહાનાથી તેઓ બંનેના હૃદયભાવને વર્ણવતો હોય તેમ જણાતું હતું. વળી પરમાત્માની બંને બાજુ ખડ્ગ ધારણ કરીને નજીકમાં જ ઊભા રહેતા તે જાણે કે ખડ્ગની ધારા તેમજ તપશ્ચર્યાની તીક્ષ્ણતાને તપાસતા-જોતા હોય તેમ જણાતું હતું. તેઓએ બંને હસ્તમાં ધારણ કરી રાખેલ ખડ્ગની ચારે બાજુમાં પ્રતિબિંબિત થયેલ પરમાત્મા પંચ ઇંદ્રિયરૂપી શત્રુસમૂહને જીતવાને તત્પર પંચરૂપધારી બન્યા હોય તેમ જણાતું હતું. જેમ અંધકારને

વિદારવાને વિચરતા સૂર્યના સામીપ્યને **શુક્ર** તેમજ **બુધ** નામના ગ્રહો ત્યાગે નહિ તેમ અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવાને વિચરતા પરમાત્માના સાનિધ્યને તેઓ બંને ત્યજતા નહિ. જેમ પરમાત્માના હૃદયમાં રહેલ કર્મરૂપી રજને શમ તથા દમ ધ્યાનદ્વારા દૂર કરે તેમ તેઓ બંને સ્વામીના દેહ પર રહેલ ધૂળને પોતાના વસ્ત્રના છેડાથી દૂર કરતા હતા. જેમ રાજાની ગુપ્ત વાર્તા (મંત્રણા) અને પરાક્રમ શત્રુસમૂહને હાંકી કાઢે તેમ તેઓ પરમાત્માના દેહ પરત્વે થતાં ડાંસ-મચ્છરના ઉપસર્ગોને દૂર કરતા હતા. વળી જેમ મેઘ પૃથ્વીના પરિતાપને દૂર કરવાને શ્રાવણ તથા ભાદ્રપદને વિસ્તારે તેમ તેઓ બંને ભક્તિપુરસ્સર સ્વામીના શરીર પર વસ્ત્ર પહોળું કરીને ધારણ કરી રાખતા હતા. જેમ વિનય અને વિવેક સત્પુરુષના જિતેન્દ્રિયપણાને અનુસરે તેમ તેઓ બંને હંમેશ પરમાત્માની સ્થિરતા અને વિહારમાં સાથે જ રહેતા. વળી શબ્દ સાંભળવામાં ચતુર બંને કર્ણો મુખને, નીરખવામાં શક્તિશાળી બે નેત્રો ઊંચી નાસિકાને, સરલ બે ભુજા વિશાળ શોભાવાળા છાતીના પ્રદેશને, અસાધારણ તેજસ્વી ચંદ્ર તથા સૂર્ય મેરુપર્વતને, ધરી યુક્ત બે પૈડાઓ જેમ શ્રેષ્ઠ રથને, ચામરોને ઉછાળવાવડે બે સેવક જેમ સ્વામીને-અધિપતિને સેવે—ઉપાસે તેમ તેઓ બંને કાઉસગ્ગ ધ્યાને રહેલા પરમાત્માને તેમની બંને બાજુ રહીને પ્રતિદિન સેવતા હતા. આ ઉપરાન્ત ભદ્રિક એવા તે બંને અંજલિપૂર્વક હંમેશા આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરતા હતા કે—"તમારા સિવાય અમારો બીજો સ્વામી ન હો, તમે જ અમને રાજ્ય આપો."

**નમિ-વિનમિ સાથે ધરણેંદ્રનો વાર્તાલાપ—**

બાદ જેમ શાસ્ત્રજિજ્ઞાસુ સદ્‌ગુરુ પાસે આવે તેમ નાગકુમારનિકાયનો સ્વામી ધરણેંદ્ર પ્રભુને પ્રણામ કરવાને આવી પહોંચ્યો, અને ભક્તિપૂર્વક પરિવાર સહિત સ્વામીને નમીને, પૂજીને સ્તુતિ કરી. **ચતુર પુરુષો પોતાનો સ્વાર્થ સાધવામાં કદાપિ સ્ખલના પામતા નથી.** આ અવસરે તેમણે, જેમ પૂર્ણિમાની રાત્રિના પ્રાંતભાગે આકાશમાં રહેલ સૂર્ય-ચંદ્ર સરખા નમિ-વિનમિને પ્રભુની બંને બાજુએ ઊભા રહેલ જોયા. નિષ્કપટભાવે પિતા પાસે યાચના કરતા બે બાલક સરખા, દ્રવ્યવિહીન પરમાત્મા પાસે મનવાંછિત વસ્તુની યાચના કરતા તે બંનેને ધરણેંદ્રે કહ્યું કે—"વાંછિતપૂર્તિ માટે બે ચાતકો જેમ નિઃશબ્દ મેઘરાજને ભજે તેમ સ્વાર્થપરાયણ તમે કોણ છો અને ત્રણ લોકના સ્વામીને શા માટે ઉપાસો છો? જ્યારે સ્વામીએ સાંવત્સરિક દાન આપ્યું ત્યારે તમો બંને ક્યાં ગયા હતા? **જેઓ પુણ્યવિહીન છે તેઓ લાભદાયક પ્રસંગને ઓળખી શકતા નથી.** જનસમૂહ યોગ્ય સમયે કલ્યાણને પ્રાપ્ત કરી શકે છે, કારણ કે રાત્રિમાં પરિભ્રમણ કરતો ચંદ્ર ચંદ્રિકાને મેળવે છે, અર્થાત્ ચંદ્રિકા રાત્રિમાં જ લભ્ય બને તેમ વાર્ષિકદાનને અવસરે જે લોકો વિદ્યમાન હોય તેને જ પરમાત્મા યથેચ્છ દાન આપી શકે. હાલમાં પરમાત્મા પાસે માંગણી કરવી તે અસ્થાને છે. યાચક જનોને દાન આપી દેવાને અંગે

દ્રવ્યવિહીન બનેલ દાતા પુરુષો પાસે વિચક્ષણ પુરુષ કદી પણ પ્રાર્થના કરતો નથી, કારણ કે શરદ્ ઋતુના મેઘ પાસે ચાતક પક્ષી કદી પણ જળની યાચના કરતું નથી. પૂર્વે દાન દેવાથી ધનવિહીન બનેલ દાની પુરુષ દ્રવ્યવડે યાચકજનોને કઈ રીતે સંતોષી શકે? શું દિવસે અલ્પ કાંતિવાળો ચંદ્ર ચકોરોને પ્રમોદ પ્રાપ્ત કરાવી શકે? જેવી રીતે ફાલ્ગુન માસમાં (પાનખર ઋતુમાં) વૃક્ષ પોતાના સમગ્ર પર્ણસમૂહને દૂર કરે તેમ સમસ્ત પરિગ્રહનો ત્યાગ કરીને સ્વામી હાલમાં તપશ્ચર્યા કરી રહ્યા છે. જળરહિત સરોવર સરખા, છાયા વિનાના વૃક્ષ સરખા, તેમજ લણી લેવાયેલ ક્ષેત્ર (ખેતર) સરખા દ્રવ્યવિહીન પુરુષને કયો વિચક્ષણ માનવ સેવે-ભજે?"

નમિ-વિનમિ પ્રત્યે ધરણેંદ્રે આ પ્રમાણે કહ્યું ત્યારે 'આ કોઈ પરમાત્માનો અનન્ય સેવક છે' એમ વિચારીને તેઓ બંનેએ આદરપૂર્વક ધરણેંદ્રને જણાવ્યું કે-"જેમ ચકોરોને ચંદ્ર અને ચક્રવાકોને સૂર્ય સ્વામી-જીવનદાતા છે તેમ આ પરમાત્મા પણ અમારા સ્વામી છે, અને અમે તેમના જ સેવક છીએ. પ્રભુના આદેશથી અમો બંને તે સમયે (સાંવત્સરિક દાનપ્રસંગે) દેશાંતર ગયા હતા. તેમણે પોતના વાત્સલ્યની માફક પૃથ્વીની વહેંચણી કરીને પોતાના પુત્રોને આપી, પોતાનું સામ્રાજ્ય ત્યજી દઈને સ્વામીએ સંયમ સ્વીકાર્યો પરન્તુ તે હકીકત કર્મના પરિણામની માફક અમે જાણી શક્યા નહિ. **સ્વામીનું અનુસરણ કરવું એ સેવકનો પ્રતિદિનનો ધર્મ છે.** શું કાયાને સંલગ્ન રહેનાર છાયા (પ્રતિબિંબ) તેનાથી અલગ રહી શકે? દ્રવ્યવિહીન હોવા છતાં પણ પરમાત્મા અમને અવશ્ય સંપત્તિ આપશે, કારણ કે ધન રહિત ચિંતામણિ રત્ન શું મનોવાંછિત પૂર્ણ કરતું નથી? નહીં બોલતાં છતાં પણ તે મંગળરૂપ ને કલ્યાણકારક છે. શું દુર્વા (ધ્રો), આમ્ર, પીપળો અને આસોપાલવના પર્ણો મંગળકારક નથી? વળી પરમાત્માની સેવાથી દારિદ્રય જલ્દી વિનાશ પામે છે, કારણ કે સૂર્યના પ્રકાશ માત્રથી જ અંધકાર પલાયન થઈ જાય છે."

નમિ-વિનમિએ આ પ્રમાણે પોતાનો દૃઢ સંકલ્પ જણાવ્યો એટલે "શું ઝેરમાંથી અમૃતની ઉત્પત્તિ સંભવે?" એવું ભ્રાન્તિ ઉત્પન્ન કરનારું વચન નાગેંદ્રે તેઓ બંનેને જણાવીને કહ્યું કે-"હે પવિત્ર આશયવાળા પુત્રો! તમારું કથન જો કે યુક્તિસંગત છે, પરન્તુ પરમાત્મા પ્રત્યેની તમારી સેવા ભાવનાને કારણે સાધર્મિક બંધુભાવથી હું તમને હિતકારક હકીકત જણાવું છું તે તમે સાંભળો. સ્વામીના ગુણો કરતાં ન્યૂન ગુણવાળો સ્વામીનો પુત્ર સ્વામીની માફક જ માનનીય છે. શું સૂર્યના પુત્ર શનૈશ્ચરને, પંગુ હોવા છતાં ગ્રહોએ પોતાની પંક્તિમાં દાખલ નથી કર્યો? અર્થાત્ કર્યો જ છે તેમ તમારે પણ સ્વામીપુત્રની સેવા સ્વીકારવી જોઈએ. રાત્રિને વિષે જેમ ભ્રમર કમળનો ત્યાગ કરીને કુમુદને સેવે તેમ પરમાત્માને બદલે સકલ ગુણશાળી પરમત્માનો સેવનીય પુત્ર ભરત તમારા પ્રત્યે અનુરાગ બતાવશે. દેહને વિભૂષિત કર્યે છતે અંતર્ગત આત્મા પણ અલંકૃત કરાયેલ મનાય છે તેમ સ્વામીપુત્રની સેવા કર્યે છતે સ્વામીની જ

સેવા કરાયેલ મનાય છે. સ્વામી પ્રત્યે સેવકની જે ભક્તિ હોય તે તેની પછી તેના પુત્ર પરત્વે હોવી જોઈએ, કારણ કે પૂજ્ય વ્યક્તિ પરત્વે સેવક પ્રત્યક્ષ રીતે તથાપ્રકારની પ્રીતિ દર્શાવી શકતો નથી કે જે તેની ગેરહાજરીમાં પરોક્ષ રીતે સ્તુતિદ્વારા દર્શાવી શકે છે. અર્થાત્ ટૂંકમાં કહેવાનું એટલું જ કે તમો બંનેએ સ્વામીપુત્ર ભરતની ઉપાસના કરવી જોઈએ." આ પ્રમાણે ધરણેંદ્રે કહ્યું ત્યારે તેઓ બંનેએ શ્રવણદ્વારા પાન કરેલ ધરણેંદ્રની વાણીરૂપી અમૃતના ઓડકાર સ્વરૂપ મીષ્ટ વાણીથી નાગેંદ્ર પ્રત્યે કહ્યું કે–

"સ્વામી સ્વર્ગે જાય ત્યારે તેનો પુત્ર અવશ્ય સેવનીય બને. શંકરના અસ્તિત્વમાં જ સર્પો તેના અલંકારરૂપ બને, પરન્તુ કાર્તિકેય (શંકરના પુત્ર)ના ભૂષણરૂપ બનતા નથી. સ્વામીના આદેશ સિવાય સેવકોએ કદાપિ સ્વામીપુત્રની સેવા કરવી જોઈએ નહિ. **રાજાઓની આજ્ઞાનો અનાદર (તિરસ્કાર) એ ખરેખર શસ્ત્રપ્રહાર વિનાનો વધ કહેલ છે.** વિચક્ષણ પુરુષો સ્વામીના અસ્તિત્વમાં તેના પુત્રને અવલંબતા નથી, કારણ કે કોઈક સમયે પુત્રો પણ પિતા પ્રત્યે અવિનયી બને છે. જેણે અમને જન્મથી જ પોષ્યા છે તે પરમાત્માને નિર્જન વનમાં એકલા ત્યજી દઈને તેમના પુત્ર ભરતની સેવા કરવામાં અમારું ડહાપણ શું? જેમ સૂર્યાસ્ત સમયે ગ્લાન બનેલ કમળને ભ્રમર ત્યજી દે છે તેમ પાપીષ્ઠ આત્મા દ્રવ્યવિહીન સ્વામીને શીઘ્ર ત્યજી દે છે. વળી મૃત્યુ પામેલા સ્વામીને પોષણકર્તાને કુલીન પુરુષ ત્યજી દેતો નથી, કારણ કે સરોવરનો કાંઠો સુકાઈ જવા છતાં પણ વૃક્ષસમૂહ તેનો ત્યાગ કરતો નથી. ચિંતામણિ રત્ન પ્રાપ્ત કરીને કયો પ્રાજ્ઞ પુરુષ કાચનો સ્પર્શ કરે? કલ્પવૃક્ષની છાયાને સેવીને કયો બુદ્ધિમાન પુરુષ થોરની છાયાનું અવલંબન કરે? તેમજ ક્ષીરસાગરનું જલપાન કરીને કોણ ખારું પાણી પીવાની વાંછા પણ કરે? માટે અમો પણ શ્રી ઋષભદેવ પરમાત્મા સિવાય અન્ય કોઈની પણ ઉપાસના કરશું નહિ; કારણ કે ચાતક જેવું પક્ષી પણ મેઘ સિવાય નદી, દ્રહ વિગેરેના જળને સ્પર્શ કરતું નથી. વિશેષ કથન માત્રથી શું? આ પરમાત્માનો ત્યાગ કરીને, જેમ મુમુક્ષુને આત્મા સિવાય અન્ય કોઈપણ અવલંબન નથી તેમ અમો બંનેને અન્ય કોઈપણ આધારભૂત નથી. ભરત ભલે વિશાળ સામ્રાજ્ય ભોગવે, ભરત કરતાં પણ વિશેષ પ્રીતિ* પ્રભુ અમારા બંને પ્રત્યે ધરાવતા હતા તેથી આ સંબંધમાં આપે અમને વિશેષ કંઈપણ કહેવું નહિ."

આ પ્રમાણે પ્રભુ પ્રત્યે નમિ તથ વિનમિની અપૂર્વ ભક્તિ નીહાળીને પ્રસન્ન થયેલા ધરણેંદ્રે સંતોષ પ્રદર્શિત કરતી વાણીદ્વારા કહ્યું કે-"હે મહાસત્ત્વશાળી પુરુષો! સ્વામીને છોડીને અન્ય કોઈ પણની સેવા નહીં અંગીકાર કરવારૂપ તમારી પ્રતિજ્ઞાને માટે તમને ધન્યવાદ ઘટે છે. પરમાત્માની પર્યુપાસનામાં તમારી બંનેની ગાઢ ભક્તિ, અડગ શ્રદ્ધા નિશ્ચય અને અપૂર્વ

* નમિ–વિનમિ એ બંને પરમાત્મા શ્રી ઋષભદેવના પાલક–પુત્રો હતા, અને તેઓના પર અપ્રતિમ વાત્સલ્યભાવ રાખતા.

સ્થિરતા પ્રશંસાપાત્ર છે. પરમાત્માની વિદ્યમાનતામાં ખરેખર પોતાની ભક્તિ જ સિદ્ધિને આપનાર બને છે કારણ કે સૂર્યપ્રકાશ હોવા છતાં તેને નીરખવાને આપણા નેત્ર જ સમર્થ બને છે. ખરેખર આ જ સાચી વાત છે કે પ્રભુ ત્રણ ભુવનને વિષે શ્રેષ્ઠ છે, કે જેમના પ્રભાવથી ભવ્ય પ્રાણીને સમગ્ર ઐશ્વર્ય-સંપત્તિ પણ દુર્લભ નથી. ભક્તો પરત્વે પરમાત્માને અનુરાગ–પ્રીતિ નથી તેમ જ નિંદક જનો પ્રત્યે દ્વેષ નથી. ફક્ત રાગ અને દ્વેષ જ ભક્ત અને અભક્તજનોને વિષે કલ્યાણ તથા અકલ્યાણને પ્રગટાવે છે. પરમાત્માની સેવાથી વિશાળ રાજ્યસંપત્તિ પણ આવી મળે છે અને ભવિક પ્રાણીઓનું ભાગ્ય અત્યંત સૌભાગ્યશાળી બને છે. પરમાત્માના ચરણકમળોને વિષે જે રાજહંસરૂપે નિરંતર રહે છે અર્થાત્ જે સદૈવ સેવા કરે છે તે પૃથ્વીપીઠને વિષે ઐશ્વર્ય, યશ અને કાંતિદ્વારા રાજાઓને વિષે શ્રેષ્ઠ બને છે. આ પરમાત્મા શ્રી ઋષભદેવના ચરણકમળમાં ભ્રમરરૂપ બનીને જે તેમના પ્રત્યે પ્રીતિ ધરાવે છે તે છ ખંડ સામ્રાજ્યને પ્રાપ્ત કરે છે અર્થાત્ ચક્રવર્તીપદને પ્રાપ્ત કરે છે. વળી જે અનુરાગી પુરુષ અરુણ જેવા રક્તવર્ણી પ્રભુના પાદપદ્મોને સ્મરે છે-સેવે છે તેને જાણે ખેંચાઈને જ આવ્યું હોય તેમ વિદ્યાધરેંદ્રપણું પ્રાપ્ત થાય છે. વશીકરણ વિદ્યા જેવી પ્રભુની ઉપાસનાથી જાણે વશીભૂત બની ગઈ હોય તેમ ઇંદ્રપણાની પુરુષને પ્રાપ્તિ થાય છે. આ ઉપરાન્ત જે કોઈ પરમાત્માની અનન્ય ભાવથી સેવાભક્તિ કરે છે તેને શ્રેષ્ઠ શિવપદ-મુક્તિસુખ લભ્ય થાય છે.

## ધરણેંદ્રે નમિ–વિનમિને ગૌરી, પ્રજ્ઞપ્તિ આદિ વિદ્યાનું તેમજ વૈતાઢ્યગિરિ ઉપરનું કરેલ રાજ્ય–સમર્પણ–

હું **'ધરણ'** નામનો પાતાલ લોકનો સ્વામી નાગેંદ્ર આ જ પરમાત્માનો સેવક હોઈને તેમને વંદન કરવાને માટે આવ્યો છું. તમે બંને પણ આ પરમાત્માના જ સેવકો છો, તેથી પરમાત્માની ભક્તિના ફળસ્વરૂપ શ્રેષ્ઠ વિદ્યાધરેંદ્રપણું હું તમને બંનેને સમર્પણ કરું છું. આ અર્પણ તો ફક્ત પરમાત્માની કૃપા-મહેરબાની માત્ર છે, બીજો કોઈ પણ પ્રકારનો વિચાર કરશો નહિ; કારણ કે ચંદ્રકાન્ત મણિમાંથી જે અમૃત (જળ) ઝરે છે તે ચંદ્રનો જ પ્રભાવ છે, આદર્શ (કાચ-આરિસો)માંથી પ્રગટેલ તેજ અંધકારનો વિનાશ કરે છે તે સૂર્યનો જ પ્રતાપ છે, પવન જે સુવાસ ફેલાવે છે તે પુષ્પનો જ પ્રભાવ છે, મેઘ જે જળવૃષ્ટિ કરે છે તેમાં સાગર જ હેતુભૂત છે અને જળદ્વારા મંત્રાયેલ વસ્તુ વ્યાધિનો વિનાશ કરે છે તેમાં મંત્રનો જ પ્રભાવ છે."

આ પ્રમાણે કહીને ધરણેંદ્રે **ગૌરી, પ્રજ્ઞપ્તિ** પ્રમુખ પાઠસિદ્ધ[૧] અડતાળીશ હજાર વિદ્યાઓ તેમને આપી કહ્યું કે–"અહીંથી વૈતાઢ્ય પર્વત પર જઈને, ઉત્તર તેમજ દક્ષિણ શ્રેણીમાં નગરીઓ વસાવીને તમો બંને સુખપૂર્વક રાજ્ય કરો." ધરણેંદ્રે આ પ્રમાણે સૂચવ્યું

---

૧. વિદ્યાની આરાધના કરવાથી અથવા તો તેને અંગે તપશ્ચર્યા આદિ કરવાથી સિદ્ધ થાય છે, પરન્તુ જે વિદ્યા માત્ર એક વાર **સ્મરણ કરવાથી** પ્રાપ્ત (સિદ્ધ) થઈ જાય તે પાઠસિદ્ધ વિદ્યા કહેવાય.

એટલે તરત જ તેમણે હૃદયરૂપી ક્યારામાં પ્રગટેલ વિદ્યારૂપી વેલના નૂતન પુષ્પ સદૃશ **પુષ્પક** નામનું નવીન વિમાન વિકુર્વ્યું. બાદ શ્રી ઋષભદેવસ્વામીને પ્રણામ કરીને, યશ અને કલ્યાણનો સમૂહ જેમ સદાચારને અવલંબે તેમ તે બંનેએ ધરણેંદ્રની આજ્ઞાથી તે વિમાન પર આરોહણ કર્યું અને મૂર્તિમાન પુણ્યસ્વરૂપ નાગેંદ્રની સાથે વિમાનમાં બેસીને નમિ તેમજ વિનમિ બંને આકાશમાર્ગે ચાલી નીકળ્યા.

**વૈતાઢ્ય પર્વત પર ગમન–**

માર્ગમાં, પરમાત્માની સેવાના ફળરૂપ અક્ષય લક્ષ્મીને દર્શાવતા તેઓ બંનેએ પોતાના પિતા **કચ્છ-મહાકચ્છ**ને પ્રમોદ પમાડ્યા અને વિશેષમાં કહ્યું કે–"તમારા પર પ્રભુની તથાપ્રકારની પ્રસન્નતા નથી થઈ કે જેટલી અમારા બંને પર થઈ છે." આ પ્રમાણે કહીને તેમણે અયોધ્યાપતિ ભરત મહારાજાને પોતાની વિદ્યા-પ્રાપ્તિ સંબંધી હકીકત કહી સંભળાવી. બાદ પ્રેમપૂર્વક પોતાના પરિજન વર્ગને બોલાવીને તેમજ તેઓનો સત્કાર કરીને જાણે મહાસન્માન આપતા હોય તેમ તે સર્વને વિમાન પર બેસાડ્યા. બાદ ભરત મહારાજાને કહીને-રજા લઈને, પોતપોતાના પરિવારથી યુક્ત તેઓ બંને વિનીતા નગરીમાંથી, માનવીઓને લક્ષ્મી-ઐશ્વર્ય-સંપત્તિથી શ્રેષ્ઠ બનાવનાર વૈતાઢ્ય પર્વત પર ગયા.

રત્નના અભિલાષી જનની જેમ પૂર્વ તથા પશ્ચિમ દિશામાં સાગરથી વ્યાપ્ત, ભરત ક્ષેત્રની દક્ષિણ તથા ઉત્તર દિશાના વિભાગને સેતુ (પૂલ)રૂપ, દક્ષિણ તેમજ ઉત્તર દિશામાં પચાસ *યોજન પહોળો, આકાશલક્ષ્મીને શય્યા કરવાને વેદિકારૂપ, ભુવનપતિના ભવનની શોભાને જોવાને માટે જ હોય તેમ સવાછ યોજન ભૂગર્ભમાં રહેલ, તારાઓની શ્રેણીને પોતાના મસ્તક-પ્રદેશની આસપાસ મુક્તાહારરૂપ બનાવવાને ઇચ્છતો હોય તેમ પચીસ યોજન ઊંચો, પિતારૂપ હિમાચલમાંથી નીકળી સ્વામીરૂપ સાગરને મળવાને જતી ગંગા તેમજ સિંધુ નદીવડે પોતાના જળરૂપી તરંગોથી આલિંગન કરાવાને અંગે મનોહર, પૂર્વ તથા પશ્ચિમ દિશાની લક્ષ્મીઓને ક્રીડા કરવાના આવાસરૂપ એવી **ખંડપ્રપાતા** અને **તમિસ્રા** નામની બે ગુફાવાળો, સર્વ પર્વતોમાં મુકુટસ્વરૂપ, શાશ્વતપ્રતિમાવાળા **સિદ્ધાયતનથી સુશોભિત શિખરવાળો**, નવ તત્ત્વવડે જેમ **જૈનધર્મ** અને નવ ગ્રહવડે ગગનમાર્ગ અંકિત છે તેમ દેવોથી આશ્રયભૂત બનેલ રત્નકૂટોથી વ્યાપ્ત, કર્ણયુગલના આભૂષણની માફક દક્ષિણ અને ઉત્તર દિશાના બંને પડખામાં વીશ યોજન ઊંચે વ્યંતર નિકાયના દેવોની બે આવાસ-શ્રેણીથી વ્યાપ્ત, પોતાના શિખર પર ધારણ કરેલ શાશ્વત જિનબિંબના પ્રભાવથી પ્રગટેલ પુણ્યને અંગે ઉજ્જ્વળ બન્યો હોય તેમ મૂળથી માંડી શિખર પર્યન્ત રૂપાનો, પવનવડે કંપાવાતા વૃક્ષની શાખા-ડાળીરૂપી હસ્તસમૂહથી

* ૨૪ આંગલનો એક હાથ, ૪ હાથનો એક ધનુષ્ય, ૨૦૦૦ ધનુષ્યનો એક ગાઉ, અને ૪ ગાઉનો એક યોજન સમજવો.

નૃત્ય કરતા અને નમિ-વિનમિની પ્રાપ્તિ થવાથી હર્ષાન્વિત બનેલ વૈતાઢ્ય પર્વત પર તેઓ બંને આવી પહોંચ્યા.

બાદ ધરણેંદ્રના આદેશથી પૃથ્વીતલથી દશ યોજન ઊંચે પર્વતની દક્ષિણ શ્રેણીમાં નમિ વિદ્યાધરે પચાસ નગરો વસાવ્યા. તે પચાસ નગરોની મધ્યમાં રહેલ "**રત્નપૂરચક્રવાલ**" નામના શ્રેષ્ઠ નગરમાં નમિ વિદ્યાધરે પોતાની રાજ્યધાની સ્થાપી. તેવી જ રીતે નાગેંદ્રના ફરમાનથી વિનમિ વિદ્યાધરે પણ પર્વતની ઉત્તર શ્રેણીમાં તત્ક્ષણ સાઠ નગરો વસાવ્યા, અને તે નગરોની વચ્ચે "**ગગનવલ્લભ**" નામનું નગર પોતાની રાજ્યધાની તરીકે પસંદ કર્યું. પોતપોતાના ઊંચા રત્નમય કિલ્લાના કિરણોદ્વારા દિશાઓને ઉજ્જ્વળ કરીને બંને શ્રેણીઓએ પર્વતના પ્રાંતભાગથી સ્ત્રીના વસ્ત્રની શોભાને ધારણ કરી. વળી તેઓ બંનેએ શહેરના ઉપનગરો (પરાઓ), ગ્રામો અને જનપદ વસાવીને અને પૃથ્વીતલ પરથી માણસોને લાવીને વસવાટ કરાવ્યો. જે જે સ્થળોએથી માણસોને બોલાવીને ત્યાં આગળ વાસ કરાવ્યો હતો તેઓના નામથી જ તેઓ બંનેએ જનપદોનાં નામ સ્થાપ્યાં.

ત્યારબાદ નમિ-વિનમિએ પોતાના નગરોમાં, પોતાના આત્માની માફક શ્રીઋષભદેવ પ્રભુને સભાની મધ્યમાં ભક્તિપુરસ્સર (પ્રતિમારૂપે) સ્થાપિત કર્યા, એટલે વિદ્યાથી ગર્વીષ્ઠ બનેલા વિદ્યાધરો પરમાત્માના બિંબની આશાતના-તિરસ્કાર ન કરે એમ વિચારીને નાગપતિએ તેને માટે નીચે પ્રમાણે મર્યાદા નક્કી કરી કે—"તીર્થંકરોની, તીર્થંકરના ચૈત્યોની, ચરમશરીરી આત્માઓની, પ્રતિમાધારીયોની તેમજ સુંદર ચારિત્ર પાલન કરનાર મુનિવરોની જે કોઈ મદાન્ધ વિદ્યાધરો નિંદા કરશે તેમજ તેઓની આજ્ઞાનું ઉલ્લંઘન કરશે તેઓનો, લક્ષ્મી નિર્ભાગી પુરુષોનો ત્યાગ કરે તેમ, વિદ્યાઓ ત્યાગ કરશે અર્થાત્ તેવા વિદ્યાધરો સ્વયં વિદ્યાવિહીન બની જશે. આ ઉપરાન્ત જેઓ સ્ત્રીને, સ્ત્રી-પુરુષના યુગલને હણશે તેમજ નહીં ચાહતી સ્ત્રી સાથે રમણ (પરદારાગમન) કરશે તેઓની વિદ્યા પણ વિનાશ પામશે." આ પ્રમાણે ઉચ્ચ સ્વરે મર્યાદા જણાવીને ધરણેંદ્રે તે તે મર્યાદાઓને રત્નમય ભીંતોમાં કોતરાવી. પશ્ચાત્ પરમાત્માના સેવક તે બંનેને વિદ્યાધરપતિ તરીકે સ્થાપીને અને સુંદર વ્યવસ્થા કરીને નાગેશ અંતર્ધ્યાન થઈ ગયા.

**ગૌરી** આદિ સોળ વિદ્યાઓનાં જે જે વિદ્યાધરો આરાધકો બન્યા તે, તે તે વિદ્યાઓના નામની નિકાયસ્વરૂપે પ્રસિદ્ધિ પામ્યા, તે આ પ્રમાણે-ગૌરી વિદ્યાના આરાધકો **ગૌરેય**, મનુના આરાધકો **મનુ**, ગાંધારીના ઉપાસકો **ગાંધાર**, માનવીના આરાધકો **માનવ**, કૌશિકીના સેવકો **કૌશિક**, ભૂમિતુંડાના ઉપાસકો **ભૂમિતુંડ**, મૂલવીર્યના આરાધકો **મૂલવીર્યક**, શંકુકાના ભક્તો **શંકુક**, પાંડુકાના આરાધકો **પાંડુક**, કાલીના ઉપાસકો **કાલિકેય**, શ્વપાકના સેવકો **શ્વપાક**, માતંગીના ભક્તો **માતંગ**, પાર્વતીના આરાધકો **પાર્વત**, વંશાલયના ઉપાસકો **વંશાલય**,

પાંશુમૂલાના સેવકો **પાંશુમૂલક** અને વૃક્ષમૂલાના આરાધકો **વૃક્ષમૂલક** કહેવાયા અર્થાત્ આ પ્રમાણે પોતપોતાની અધિષ્ઠાયિકા વિદ્યાદેવીના નામથી વિદ્યાધરોની સોળ નિકાય થઈ. આ સોળ નિકાય પૈકી આઠ નિકાયના અધિપતિ નમિ અને આઠ નિકાયના સ્વામી વિનમિ થયા. બાદ તે બંનેએ પોતાના ચિત્તની માફક પોતપોતાની નિકાયમાં કલ્યાણ, લક્ષ્મી અને સુખની વૃદ્ધિ કરનારી વિદ્યાદેવીઓને અધિષ્ઠાત્રી તરીકે સ્થાપન કરી. પછી સેવાપરાયણ, અસાધારણ ભક્તિશાળી અને પ્રતિદિન મહોત્સવ કરનાર તેઓ બંને શ્રી ઋષભદેવ પરમાત્માની પૂજા-અર્ચા ભાવપૂર્વક કરવા લાગ્યા. પરમાત્માની પર્યુપાસનાથી પ્રાપ્ત થયેલ વિદ્યાધરેંદ્રપણાને મેળવીને નમિ તેમજ વિનમિ બંને ધર્મને બાધ ન આવે તેવી રીતે અદ્‌ભુત ભોગવિલાસો ભોગવવા લાગ્યા.

કોઈ વખત દેવોની માફક મેરુર્વત વિગેરે ગિરિઓનાં ઉપવનોમાં તે બંને પોતાની વિદ્યાધરીઓના પરિવાર સાથે સ્વેચ્છાપૂર્વક વિચરતા હતા. વળી કોઈક સમય શાશ્વત શિવપદ પ્રાપ્ત કરવાને માટે નંદીશ્વર વિગેરે તીર્થોને વિષે શાશ્વત પ્રતિમાઓની સેવાભક્તિ કરતા હતા. કોઈક સમય 'નંદન' વિગેરે ઉદ્યાનોને વિષે ચારણઋષિઓના મુખકમળદ્વારા પ્રમુદિત થયેલ તે બંને ભ્રમરની માફક વાણીરૂપ મકરંદનું પાન કરતા હતા. કોઈક વેળા મહાવિદેહ ક્ષેત્રને વિષે વિચરીને અરિહંત પરમાત્માની વાણીરૂપી અમૃતનું પાન કરીને તૃષ્ણામય સંતાપ તેમજ પાપને પરિહરતા હતા. આવા પ્રકારનું ઐશ્વર્ય પ્રાપ્ત થવા છતાં પણ ત્રિવર્ગનું સન્માનપૂર્વક એકી જ સાથે સેવન કરતા હતા અને તેથી જ જાણે હર્ષને લીધે હોય તેમ ધર્મ, અર્થ અને કામ—એ ત્રણે પુરુષાર્થ આદરપૂર્વક તે બંનેનું સેવન કરતા હતા; અર્થાત્ તેમને તે ત્રણે પુરુષાર્થ પ્રાપ્ત થયા હતા. પરમાત્મા શ્રી ઋષભદેવના ચરણરૂપી સુવર્ણકમળવાળા તેના મનોહર માનસમાં-અંતઃકરણમાં ધર્મરૂપી રાજહંસે સ્થાન પ્રાપ્ત કર્યું હતું. (જેમ રાજહંસને માનસરોવરમાં રહેલ સુવર્ણ કમળ પ્રિય હોય છે અને તેથી તે અત્યંત પ્રમુદિત બને છે તેમ આ નમિ અને વિનમિ વિદ્યાધરોએ પરમાત્માના ચરણરૂપી કમળને પોતાના મનમાં સ્થાપિત કરીને અત્યંત પ્રમોદ અનુભવ્યો હતો.)

આ પ્રમાણે સદાચારપરાયણ તે બંનેએ ન્યાયપૂર્વક રાજ્યનું પાલન કરીને પ્રજાની તેમજ પોતાની સંપત્તિને ફેલાવી-વૃદ્ધિ પમાડી. વળી, પ્રેમપૂર્વક ક્રીડા કરતી સ્ત્રીઓના નેત્રકટાક્ષથી ઉલ્લસિત રાજ્યરૂપી સરોવરને વિષે તે બંને રાજ્યલક્ષ્મીની સાથે સુખપૂર્વક વિલાસ કરવા લાગ્યા.

આ બાજુ વૃક્ષની છાલના વસ્ત્રવાળા, મહાશીત તેમજ ઉગ્ર તાપને સહન કરનારા, જટાસમૂહથી શોભતા, અરણ્યવાસી પ્રાણીઓના સંગવાળા, ગંગા નદીના દક્ષિણ કિનારે વાસ કરનારા કચ્છ તથા મહાકચ્છાદિ તાપસો જાણે દેહધારી (હાલતા-ચાલતા) વૃક્ષો હોય તેમ

શોભતા હતા. ઉપવાસ તેમજ છટ્ઠાદિ તપશ્ચર્યાવડે તેઓના શરીરમાંથી ખરેખર પાપપુંજ નષ્ટ થઈ ગયો કે જેથી તેઓ દુર્બળ દેહવાળા બન્યા હતા. પારણાને દિવસે ખરી પડેલા શુષ્ક પાંદડાઓનું તેઓ ભક્ષણ કરતા હતા. વળી હૃદય-પ્રદેશમાં પરમાત્માના ચરણકમળનું ધ્યાન ધરનારા તેઓને તપશ્ચર્યા કોઈપણ પ્રકારે સંતાપદાયક બનતી નહોતી. મૌનધારી, નિર્મોહી પરમાત્મા શ્રી ઋષભદેવ પણ આહાર રહિતપણે આર્ય તેમજ અનાર્ય પ્રદેશમાં વિચરવા લાગ્યા.

**તપશ્ચર્યાનો પ્રભાવ—**

કર્મના મર્મને ભેદવામાં શ્રી તીર્થંકર પરમાત્માઓએ પણ ઉગ્ર તપશ્ચર્યારૂપ શ્રેષ્ઠ અસ્ત્ર સિવાય અન્ય કોઈ પણ અસ્ત્ર સ્વીકારેલ નથી અર્થાત્ કર્મને વિદારવામાં તપશ્ચર્યા જ ઉત્તમ ને અમોઘ ઉપાયસ્વરૂપ છે. [1]ચાર જ્ઞાન યુક્ત, સુર તેમજ અસુરોથી સેવિત હોવા છતાં પણ શ્રી જિનેશ્વર ભગવંત તપશ્ચર્યા વિના કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકતા નથી. પ્રદીપ્ત કરાએલ બાહ્ય અને અભ્યંતર તપરૂપી અગ્નિવડે દેહ તેમજ આત્માની મધ્યે રહેલ કાર્મણ શરીર દગ્ધ કરાય છે. જ્યાં સુધી દેહરૂપી દુર્ગમાં અન્ન અને જળનો પ્રવેશ થયા કરે છે અર્થાત્ આહાર અને જળપાન થયા કરે છે ત્યાં સુધી વિષમ એવાં કર્મો દેહરૂપી કિલ્લાનો ત્યાગ કરતા નથી, અર્થાત્ કર્મબંધ થયા કરે છે. આ પ્રમાણે તપશ્ચર્યાનો પ્રભાવ જાણીને જ દેહ પરત્વે પણ મમત્વ રહિત, [2]પરિસહોને સહન કરતાં પરમાત્મા શ્રી આદિનાથ એક વર્ષ પર્યન્ત આહાર રહિતપણે પૃથ્વીતલ પર વિચર્યા. "પ્રાણીઓને દેહના આધારભૂત આહાર જ છે છતાં તે આહારને ન સ્વીકારતાં પરમાત્મા કેવી રીતે તીર્થપ્રવર્તન કરી શકે?" આ પ્રમાણે વિચારીને સમગ્ર સુર અને અસુરોનો સમૂહ આકુળવ્યાકુળ બની ગયે છતે મહાન્ ધૈર્યશાળી પરમાત્મા મનમાં આ પ્રમાણે વિચારવા લાગ્યા કે—

**આહારની આવશ્યકતા—**

"પાણીથી સિંચવામાં ન આવે તો જેમ ધાન્ય નાશ પામે, જળથી વિખૂટા પડી ગયેલ જળજંતુઓ (મગર, મત્સ્ય વિગેરે) જીવી શકતા નથી તેમજ નીકના પાણી વિના બગીચાના વૃક્ષો શુષ્ક થઈ જાય છે તેમ આહાર વિના પ્રાણીઓના અંગો શિથિલ બની જાય છે. સુસાધુએ યોગ્ય સમયે બેંતાલીશ દોષ રહિત આહાર માધુકરી (ગોચરી) વૃત્તિથી ગ્રહણ કરવો જોઈએ. જો હું હજુ પણ આહાર ન સ્વીકારું અને અભિગ્રહ ધારણ કરી રાખું તો કર્મોનું તપશ્ચર્યાદ્વારા શમન થાય પરન્તુ આહારના અભાવે પીડિત બનેલ કચ્છ-મહાકચ્છાદિ મુનિઓની માફક અન્ય સાધુસમુદાય પણ મુનિપણાનો ત્યાગ કરશે" એમ વિચારીને નિર્દોષ આહારને ઈચ્છતા પરમાત્મા **ગજપુર** નગરે ગયા.

---

૧. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન. ૨ બાવીશ પ્રકારના પરિસહો છે.

## શ્રેયાંસ વિગેરેને આવેલ સ્વપ્નો—

આ બાજુ ગજપુર નગરમાં બાહુબલિનો પૌત્ર અને **સોમપ્રભ** રાજાના પુત્ર **શ્રેયાંસ** નામના યુવરાજને આ પ્રમાણે સ્વપ્ન આવ્યું કે—"મેં શ્યામ બનેલ સુવર્ણના મેરુપર્વતને જળકુંભોવડે ચારે બાજુથી પ્રક્ષાલીને—ધોઈને નિર્મળ—સ્વચ્છ બનાવ્યો." **સુબુદ્ધિ** નામના શ્રેષ્ઠિવર્યે એવું સ્વપ્ન નીહાળ્યું કે-"સૂર્યના સરી પડેલા હજાર કિરણોને શ્રેયાંસકુમારે ફરીથી સૂર્યમાં યોજી દીધા જેથી સૂર્ય અત્યંત તેજસ્વી બન્યો." રાજવી **સોમયશા**એ એવું સ્વપ્ન જોયું કે-"પુષ્કળ શત્રુસમૂહથી ઘેરાએલ એક વ્યક્તિ એક માત્ર શ્રેયાંસકુમારની સહાયવડે જ જયશાળી બની." આ પ્રમાણે ત્રણેએ વિવિધ સ્વપ્નો નીહાળ્યા બાદ પ્રાતઃકાળે પરસ્પર એકત્ર થઈને તે ત્રણેએ પોતપોતાના સ્વપ્નો એકબીજાને જણાવ્યા, પરન્તુ તે સંબંધમાં કશો પણ નિર્ણય ન કરી શકવાથી છેવટે સૌ પોતપોતાના આવાસે ગયા.

## પ્રભુનું ગજપુરનગરે આગમન અને ભદ્રિક જનોની વિજ્ઞપ્તિ—

આ બાજુ સુંદર ગતિવાળા હસ્તિની માફક વિહાર કરતાં, કલેશને જીતનાર પ્રથમ તીર્થંકર ભિક્ષાર્થે હસ્તિનાપુરમાં દાખલ થયા. એક વર્ષ પર્યન્ત આહાર નહીં લેવા છતાં પણ અવ્યાકુળ પરમાત્માને અકસ્માત્ હસ્તિનાપુરમાં પ્રવેશ કરતાં હર્ષના સાગર સરખા પૌરજનોએ જોયા. 'પરમાત્મા શ્રી ઋષભદેવ નગરમાં આવ્યા છે' એવા પ્રકારના સમાચારથી 'ક્યાં છે પ્રભુ? પ્રભુ ક્યાં છે?' એવી રીતે લોકો પરસ્પર શીઘ્રતાથી પૂછવા લાગ્યા. બાદ પોતપોતાના સ્થાનથી જલ્દી ઊઠી-ઊઠીને દોડતા એવા અને ભક્તિથી ઉજ્જ્વળ એવા નાગરિકોએ પ્રભુને ચારે બાજુથી ઘેરી લીધા. તે સર્વ પ્રભુના ચરણમાં નમી-નમીને અને પરમાત્માનો હસ્ત પકડી-પકડીને "મારે ગૃહે ચાલો, મારા આવાસે પધારો" એમ ભિન્ન ભિન્ન રીતે કહેવા લાગ્યા. તેઓની આવા પ્રકારની વિવિધ ભક્તિથી પણ ચલાયમાન ન થતાં પરમાત્મા માર્ગમાં આવતાં આવાસોમાં ભિક્ષાર્થે દાખલ થયા ત્યારે કોઈકે તે સમયે કહ્યું કે-"હે સ્વામિન્! દીર્ઘ સમય બાદ અમારા નેત્રને તૃપ્તિ થઈ છે. પાદવિહારથી આપ શ્રમિત થઈ ગયા-થાકી ગયા હશો માટે આ સિંહાસનને અલંકૃત કરો." વળી કોઈકે સૂચવ્યું કે—"આપ થાકી ગયા હશો માટે સ્નાન કરો. હે પરમાત્મન્! સ્નાનાર્થે જળ તૈયાર છે." પરમાત્મા પ્રત્યેના અગાધ સ્નેહને કારણે તે ભદ્રિક પુરુષ જાણી શક્યો નહિં કે પ્રભુના શરીરે મળ કે શ્રમ હોય જ નહીં. વળી કોઈકે જણાવ્યું કે—"હે પ્રભો! આ વસ્ત્રદ્વારા દેહને ઢાંકો" પણ તે મુગ્ધ માનવી જાણી ન શક્યો કે આ પરમાત્માદ્વારા સમગ્ર વિશ્વ ઢંકાયેલું જ છે. વળી કોઈકે કહ્યું કે—"હે નાથ! આ કર્પૂર વિગેરે સુગંધી દ્રવ્યોથી શરીરને સુગંધિત કરો." પણ તેને તે ન સમજાયું કે પરમાત્મા જન્મથી જ સુવાસિત હોય છે. વળી અન્ય કોઈએ જણાવ્યું કે—"હે સ્વામિન્! આ અલંકારોથી આપના દેહને વિભૂષિત કરો." પણ તેને એટલું ન સમજાયું કે સ્વામી સ્વયં ત્રણ ભુવનના આભરણરૂપ

છે. વળી કોઈકે કહ્યું કે—"હે દેવ! ઇંદ્રો પણ આપની સમક્ષ પગ-પાળા ચાલે છે તો આપને પાદવિહાર કેમ હોઈ શકે? માટે અશ્વ, રથ અને હસ્તીઓ આપ ગ્રહણ કરો." કોઈએ કહ્યું કે- "હે નાથ! આ કન્યાઓ સ્વીકારો કે જેથી તે ધન્ય બને" પરન્તુ આ પ્રમાણે કહેનાર પુરુષ ન જાણી શક્યો કે—પરમાત્મા પ્રત્યે કામદેવનું આ શસ્ત્ર ચાલી શકશે નહિ. કોઈક બીજાએ કહ્યું કે—"હે પ્રભો! આ રસવાળાં ફળો ગ્રહણ કરો." પણ તે ન સમજી શક્યો કે પરમાત્મા તો મોક્ષરૂપી અપૂર્વ ફળ—પ્રાપ્તિ માટે પ્રયાસ કરી રહ્યા છે. અન્ય કોઈએ કહ્યું કે—"હે નાથ! તમારું મુખ તાંબૂલ-રસ રહિત છે માટે આ તાંબૂલ ગ્રહણ કરો." પરન્તુ પરમાત્માનું મન વીતરાગ-રાગ રહિત છે એમ તે બોલનાર વ્યક્તિ ન સમજી શકી.

લોકો આ પ્રમાણે વિવિધ વસ્તુઓ અર્પણ કરી રહ્યા હતા છતાં પણ પરમાત્મા, ભ્રમર જેમ એક પુષ્પ પરથી બીજા પુષ્પ પર અને ગ્રહ એક રાશિમાંથી બીજી રાશિમાં જાય તેમ કલ્પ્ય વસ્તુની પ્રાપ્તિ માટે પ્રભુ એક ગૃહથી બીજે ગૃહે વિચરવા લાગ્યા. આવી રીતે ન કલ્પી શકે તેવી વસ્તુને નહીં સ્વીકારતાં મૌનધારી અને નિર્મોહી પરમાત્માને લોકો વારંવાર આમ વિનવવા લાગ્યા કે-"દીર્ઘ સમયે આપનું દર્શન કરીને અમારો આનંદરૂપી અંકુરો વૃદ્ધિ પામ્યો છે તો હે સ્વામિન્! અમારા આતિથ્યને નહીં સ્વીકારતા આપ અમારા તે આનંદ-અંકુરને શા માટે મ્લાન બનાવો છો? હે નાથ! અમારા પર મહેરબાની કરો. દાનના અસ્વીકારથી અમને ગ્લાનિ થાય છે. અમારો કોઈ જાતનો પ્રમોદ થયો નથી. પરન્તુ અપવાદ (નિંદા) તો વૃદ્ધિ પામશે. આપે આપના સ્નેહીજનોનો તિરસ્કાર કરવો તે ઉચિત નથી. હે પ્રભો! આ ભેટ સ્વીકારો અને અમને કૃતકૃત્ય કરો. જન્મથી જ પ્રારંભીને તથાપ્રકારનું વાત્સલ્ય, વાર્તાલાપ અને પરિપાલન પ્રગટાવીને તે સમગ્ર એકી જ સમયે કેમ ભુલાઈ જવાયું? અથવા તો આપના દીક્ષા—ગ્રહણ સમયે અમે આપને અનુસર્યા નહિ તે અમારા અપરાધને અંગે જ શું આપ નથી બોલતા? હે કૃપાળુ! આ અમારા એક અપરાધને માફ કરો. હે કરુણાનિધાન! પોતાના આશ્રિતજનો પર કૃપા દર્શાવો. હે સ્વામિન્! આપના દર્શનથી પ્રજાના હર્ષાશ્રુવડે કલ્યાણની જે પ્રકારે વૃદ્ધિ થઈ છે તથાપ્રકારે આપને અર્પણ કરાતા દાનને ગ્રહણ નહીં કરવાથી પ્રજાના અશ્રુદ્વારા શ્રેયવૃદ્ધિ થઈ શકી નથી."

**જનસમૂહનો ધ્વનિ—**

આવા પ્રકારનો લોકોનો ધ્વનિ શ્રી શ્રેયાંસકુમારે સાંભળ્યો ત્યારે તેણે પોતાના પ્રતિહારીને પૂછતાં તેણે જણાવ્યું કે-"જેમના ચરણનખની શીત અદ્ભુત કાંતિ દેવેન્દ્રોનાં નમ્ર મુખકમળને વિકસિત કરે છે, જેણે લોકોને પિતાની માફક જીવન-સાધનો દર્શાવ્યા, જેમણે ભરત વિગેરેને તેમજ તમને પૃથ્વી વહેંચી આપી, જેમણે ગૃહના કચરાની માફક રાજ્યનો ત્યાગ કર્યો, વનને મહેલ તુલ્ય માનીને સંયમધર્મ સ્વીકાર્યો અને ત્યારથી પ્રારંભીને મૌન બનેલ,

નિર્મોહી, તેમજ નિરાહારી પરમાત્મા શ્રી ઋષભદેવ ચરણદ્વારા પૃથ્વીપીઠને પવિત્ર કરી રહ્યા છે. પ્રચંડ તાપમાં પણ પ્રભુ અન્ય માનવીની માફક કંટાળતા નથી, એ સૂચવવાને માટે જ હોય તેમ પરમાત્મા પ્રેમપૂર્વક અતિ તેજસ્વીપણાને દર્શાવી રહ્યા છે. વળી, 'જેવી રીતે સમગ્ર જનસમૂહ મને ઇચ્છે છે તેમ પરમાત્મા પોતાને ઇચ્છતા નથી' એમ વિચારીને જ હોય તેમ દુઃખને અંગે પ્રતિબિંબ (પડછાયો) શ્યામ બની ગયું. જે પર્વત તાપમાં ઉષ્ણ બને અને શીત ઋતુમાં શીતળ બને તેની (તે પર્વતની) સાથે, તાપ તેમજ શીતમાં સમ સ્વભાવવાળા પરમાત્મા અસાધારણ સ્થૈર્યગુણને કારણે કેવી રીતે ઉપમેય બની શકે? અર્થાત્ પર્વત કરતાં પણ સહન કરવામાં પરમાત્મા ચઢિયાતા છે અને તેથી પર્વત સાથે પણ તેમની ઉપમા ઘટી શકે નહિ. વળી પ્રાણીઓ પરત્વેની અનુકંપાને કારણે ધોંસરી પ્રમાણ દૃષ્ટિ કરતાં, પોતાના ચરણ—સ્થાપનથી ગ્લાન બનેલ પૃથ્વીને પોતાના દૃષ્ટિરૂપી અમૃતથી સીંચતા, પ્રત્યક્ષ પુણ્યના સમૂહસ્વરૂપ અને માયારૂપી અંધકારને વિદારવામાં સૂર્ય સરખા તમારા પ્રપિતામહ (વડદાદા) શ્રી ઋષભદેવ પરમાત્મા ભાગ્યયોગે આપના આવાસ પ્રતિ આવી રહ્યા છે. સ્વામીની પાછળ ચાલ્યા આવતા પૌરલોકોનો કર્ણને અમૃતરૂપ આ નાદ-ધ્વનિ સંભળાય છે."

### શ્રેયાંસનું સ્વામી પ્રતિ ગમન અને જાતિસ્મરણજ્ઞાન—

પ્રતિહારી આ પ્રમાણે વાત કરી રહ્યો છે તેવામાં પોતાના આવાસની નજીકમાં પરમાત્માને આવેલ નીરખીને શ્રેયાંસકુમાર અત્યંત સંભ્રમતાપૂર્વક ઊભો થઈ ગયો અને છત્ર તેમજ ઉપાનહ (મોજડી) રહિત પરમાત્માની સામે દોડ્યો, અને જેવી રીતે હાથીઓનું ટોળું યૂથપતિને અનુસરે તેમ સભાજનો પણ શ્રેયાંસને અનુસર્યા. ચપળ કુંડલના ઘર્ષણવાળી કંઠીઓએ શબ્દના બહાનાથી પરમાત્મા પ્રત્યે ગતિ કરતાં યુવરાજ શ્રેયાંસની પ્રશંસા કરી. એવામાં પોતાના ગૃહ-આંગણામાં આવી પહોંચેલા પરમાત્માના બંને ચરણોને, જાણે તેમને રસ્તામાં વિચરણ કરવાથી-ચાલવાથી ચોંટેલ ધૂળસમૂહને દૂર કરતો હોય તેમ પોતાના મસ્તકના કેશોવડે સાફ કર્યા. વળી શિષ્ય જેમ રજોહરણવડે ગુરુના ચરણને સાફ કરે તેમ શ્રેયાંસકુમારે પોતાના આવાસે પધારેલ પરમાત્માના બંને ચરણોને કેશકલાપદ્વારા સાફ કર્યા. બાદ ઊઠીને, પરમાત્માને ત્રણ પ્રદક્ષિણા આપીને, પુષ્કળ હર્ષાશ્રુરૂપી જળવડે સ્નાન કરાવતો શ્રેયાંસ સ્વામીના બંને ચરણમાં નમ્યો. બાદ ઊભા થઈને અને પરમાત્માની સમીપ રહીને સ્વામીના મુખકમળ પ્રત્યે પોતાના બંને લોચનને દીર્ઘસમય પર્યન્ત ભ્રમરરૂપ બનાવ્યા અર્થાત્ પ્રભુ-મુખને એકીટસે જોવા લાગ્યો. 'આવું (મુનિ) લિંગ મેં કોઈ સ્થળે જોયું છે' એ પ્રમાણે વિચારણા કરતાં તેણે પૂર્વજન્મ જોવાને નેત્રરૂપ જાતિસ્મરણજ્ઞાન પ્રાપ્ત કર્યું. જાતિસ્મરણને અંગે તેણે જાણ્યું કે- 'પૂર્વ મહાવિદેહમાં આ પરમાત્મા શ્રીઋષભદેવ **વજનાભ** નામના ચક્રવર્તી હતા અને હું તેમનો સારથિ હતો. વજનાભના પિતા વજસેન નામના તીર્થંકર હતા કે જેમણે આવા પ્રકારનું

તીર્થંકરનું લિંગ ધારણ કરેલ હતું તે મેં નજરે જોયું હતું. બાદ રાજ્યનો ત્યાગ કરીને વજ્રનાભે વજ્રસેન તીર્થંકર પાસે પ્રવ્રજ્યા સ્વીકારી હતી. તે સમયે શ્રી વજ્રસેને જણાવ્યું હતું કે-'આ વજ્રનાભ ભરતક્ષેત્રમાં પ્રથમ તીર્થંકર થશે.' સ્વયંપ્રભા દેવીના ભવથી પ્રારંભીને આઠ ભવ પર્યન્ત મેં આ પરમાત્માની સાથે જ પરિભ્રમણ કરેલ છે અને હાલમાં પણ તેઓ મારા પ્રપિતામહ થયા છે. લલિતાંગના ભવમાં જેવી રીતે નિર્નામિકારૂપે રહેલ મારો તેમણે ઉદ્ધાર કર્યો હતો તેમ અત્યારે પણ મારા પર મહેરબાની કરવા આવેલ છે. ખરેખર સૌભાગ્યની વાત છે કે-નેત્રને અમૃતની વૃષ્ટિ સમાન પરમાત્માને મેં આજે નજરે નીહાળ્યા છે. અહો! નવ ભવના સ્વામી પ્રભુએ મારા પર પૂર્ણ વાત્સલ્ય દર્શાવ્યું છે. ખરેખર મહામહોત્સવ, મહાભાગ્યનો ઉદય, શ્રેષ્ઠ માહાત્મ્ય અને કલ્યાણનો અભ્યુદય મને પ્રાપ્ત થયો છે કે જેથી ચાલતા કલ્પવૃક્ષ સરખા ત્રણ જગતના સ્વામી પરમાત્માએ મારા આંગણાને પૂનિત કર્યું છે.

**શ્રેયાંસકુમારે કરાવેલ પારણું—**

ભિક્ષા આપવાની પદ્ધતિથી અજાણ આ જનસમૂહ હોવાથી મારે વર્ષ દિવસના ઉપવાસી પરમાત્માને પ્રાસુક વસ્તુઓદ્વારા આજે પારણું કરાવવું જોઈએ." એ પ્રમાણે વિચારીને કલ્યાણરૂપી વલ્લી(વેલ)ના અંકુરા સરખી વિકસિત થયેલ રોમરાજીથી વ્યાપ્ત શ્રેયાંસકુમાર જેવામાં હૃદયમાં પારણું કરાવવાની ભાવના કરે છે તેવામાં તેમના આંગણામાં તાજા ઈક્ષુરસના ઘડાઓ કોઈએકે શ્રેયાંસકુમારને ભેટણા તરીકે અર્પણ કર્યા. જાતિસ્મરણજ્ઞાનદ્વારા ઈક્ષુરસને શુદ્ધ આહાર જાણીને શ્રેયાંસકુમારે પરમાત્માને પ્રાર્થના કરી કે—"હે નાથ! આપ આ ઈક્ષુરસ સ્વીકારો." શ્રેયાંસની આવી વિજ્ઞપ્તિથી પ્રભુએ બંને હસ્તની અંજલિ બનાવીને આગળ લંબાવેલ હસ્તરૂપી પાત્રમાં શ્રેયાંસે ઘટ—સમૂહમાંથી ઈક્ષુરસ વહોરાવ્યો. જેમ જેમ રસના સમૂહથી પ્રભુની અંજલિ પૂર્ણ બનવા લાગી તેમ તેમ શ્રેયાંસકુમાર પણ કલ્યાણ રાશિદ્વારા પરિપૂર્ણ બનવા લાગ્યો. આ પ્રમાણે ઈક્ષુરસ વહોરાવવાને અંગે પ્રભુનું હસ્તરૂપી પાત્ર સંપૂર્ણ ભરાઈ જવા છતાં પુષ્કળ રસ, જેમ સાગરમાં નદીઓનો પ્રવાહ સમાઈ જાય તેમ, વારંવાર સમાઈ જવા લાગ્યો. આ પ્રમાણે શિખારૂપે આકાશ પર્યન્ત પહોંચેલ પ્રભુના હસ્તપાત્રમાં વહોરાવેલ રસ દાતા પુરુષના (શ્રેયાંસકુમારના) અપૂર્વ ભાવને અંગે વિસ્મિત બની ગયો હોય તેમ નિશ્ચળ બની ગયો. જેમ વિદ્વાન પુરુષના ચિત્તમાંથી શાસ્ત્રજ્ઞાનનો એક અંશ માત્ર ન્યૂન થતો નથી તેમ પરમાત્માના હસ્તપાત્રમાંથી રસનું એક બિંદુ પણ નીચે પડ્યું નહિ. જેમ જેમ પ્રભુના હસ્તપાત્રમાં રસની શિખા વૃદ્ધિ પામવા લાગી તેમ તેમ તેની જાણે સ્પર્ધા—હરિફાઈ કરતી હોય તેમ શ્રેયાંસકુમારની ભાવના પણ વૃદ્ધિંગત થવા લાગી. જળરૂપે પ્રવાહી હોવા છતાં પણ તે ઈક્ષુરસ પ્રભુના હસ્તપાત્રમાં ઘટ્ટ બની ગયો તેમજ હસ્તમાંથી નીચે પણ ન પડ્યો તે ખરેખર પરમાત્માના અતિશયનો જ પ્રભાવ હતો. બાદ ત્રણ જગતના જનસમૂહના કલ્યાણને

નિશ્ચળ બનાવવામાં કારણભૂત પારણું તે રસદ્વારા પરમાત્માએ કર્યું. પાપરાશિને નષ્ટ કરનારું, ક્રૂર કર્મોને રોકનાર અને સંસારસાગરથી તારનાર એવું પરમાત્માનું પારણું થયું તેમજ ત્રિલોકનું ઈચ્છિત પૂરવામાં કલ્પવૃક્ષ સરખા પરમાત્માને રસસમૂહથી સીંચીને શ્રી શ્રેયાંસકુમારે ત્રણ ભુવનને મંગલમય બનાવ્યું.

## પાંચ* દિવ્યોનું પ્રગટવું—

જ્યારે પરમાત્મા શ્રી ઋષભદેવે પારણું કર્યું ત્યારે શ્રેષ્ઠ દુંદુભીના નાદથી જાણે મહાનાદ કરતી હોય તેમ દિશાઓએ સ્નેહપૂર્વક ધ્વનિ કર્યો. વળી પોતાના કરતાં પણ શ્રેષ્ઠ પરમાત્માની આરાધના કરવાની ભાવનાથી જ હોય તેમ શ્રી શ્રેયાંસકુમારના રાજપ્રાસાદના આંગણામાં રત્નોની વૃષ્ટિ થઈ. વિમાનસમૂહના પરસ્પર અથડાવાથી સરી પડતા રત્નો સરખા [1]પંચવર્ણી પુષ્પોની દેવોએ તે પ્રસંગે વૃષ્ટિ કરી, તેમજ પ્રસરતી ગંધોદકની વૃષ્ટિથી પૃથ્વીને શીતળ બનાવી અને શ્રી શ્રેયાંસે પણ પોતાના યશદ્વારા તેને (પૃથ્વીને) સુવાસિત બનાવી. વળી દેવોએ વિવિધવર્ણી વસ્ત્રસમૂહની વૃષ્ટિના બહાનાથી શ્રેયાંસકુમારના દાનજન્ય કીર્તિના ઓવારણા લીધા અર્થાત્ દિવ્ય વસ્ત્રોની વૃષ્ટિ કરી. આ પ્રમાણે શ્રી શ્રેયાંસકુમારે વૈશાખ શુદિ તૃતીયાને દિવસે તે અક્ષયદાન આપવાથી તે દિવસ **અક્ષય તૃતીયા**ના પર્વ તરીકે પ્રસિદ્ધિ પામ્યો. આ અવસર્પિણી કાળમાં આ ભરતક્ષેત્રને વિષે જેવી રીતે પરમાત્મા શ્રી ઋષભદેવદ્વારા વિશ્વ-વ્યવહાર પ્રવર્ત્યો તેમ શ્રી શ્રેયાંસકુમારથી દાનધર્મ શરૂ થયો. આ પ્રમાણે પરમાત્માના પારણાના પ્રમોદથી હર્ષઘેલા બનેલા દેવોએ શ્રી શ્રેયાંસકુમારની પણ આ પ્રમાણે પ્રશંસા કરી.

"હે શ્રેયાંસકુમાર ! આજે તું ધન્યવાદને પાત્ર છે, તું પુણ્યશાળી છો, તું જ ગુણશાલી છો અને ત્રણ લોકને વિષે પુણ્યશાળી જનોમાં તું મુકુટરૂપ બન્યો છે; કારણ કે તેં આજે એક વર્ષ પર્યન્તના ઉપવાસી પરમાત્માને નિર્દોષ ઈક્ષુરસથી પારણું કરાવેલ છે. ભાગવતી દીક્ષા-સંયમ સ્વીકાર્યા બાદ તીર્થંકર પરમાત્મા જેના ગૃહે પ્રથમ પારણું કરે છે તે ભવ્ય પ્રાણીઓ તે જ ભવમાં અથવા ત્રીજા ભવમાં સંસારસાગરનો પાર પામીને મોક્ષસ્થાનમાં બિરાજે છે. વળી સામાન્ય મુનિજનને પણ જે કોઈ પારણું કરાવે છે તેને ઉત્કંઠિત મુક્તિરૂપી સ્ત્રી પોતાના ખોળામાં બેસારે છે અર્થાત્ શિવપદ પ્રાપ્ત થાય છે. ક્ષુધા અને તૃષાથી ગ્લાનિ પામેલ કોઈપણ વ્યક્તિને જે કોઈ અન્ન અને જળદ્વારા સંતોષ પમાડે છે તે સ્વર્ગસુખને પ્રાપ્ત કરે છે. ખરેખર સાધુજનનું માહાત્મ્ય એવું અપૂર્વ છે કે તેને અન્નમાત્રના દાનથી સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. વર્ષ દિવસના ઉપવાસી પ્રથમ તીર્થંકર પારણું કરનાર છે, ઉછળતા ક્ષીરસાગરના જેવું

* પાંચ દિવ્યો આ પ્રમાણે સમજવા. (૧) દુંદભીનો નાદ, (૨) રત્નની વૃષ્ટિ, (૩) પુષ્પવૃષ્ટિ, (૪) ગંધોદકની વૃષ્ટિ અને (૫) વસ્ત્રસમૂહની વૃષ્ટિ.

૧. કાળા, નીલા, રક્ત, પીળા અને શ્વેત—આ પ્રમાણે પાંચ પ્રકાર—વર્ણો જાણવા.

શ્રદ્ધાળુ તારું મન છે અને પ્રાસુક, એષણીય તેમજ કલ્પ્ય એવો ઈક્ષુરસ છે—આવી રીતે તારા કોઈ મહાન્ ભાગ્યયોગે તને સત્પાત્ર, સુચિત્ત અને સદ્દ્રવ્ય પ્રાપ્ત થયેલ છે. વળી દાન દેવાથી પ્રગટેલ આનંદજન્ય પુષ્કળ અશ્રુજળથી તેં તારા ભવરૂપી દાવાનળને બૂઝવી નાખ્યો છે. જેવી રીતે આ તારા વડદાદા શ્રી ઋષભદેવ રાજાઓમાં, મુનિજનોમાં અને તીર્થંકરોને વિષે પ્રથમ થયા છે તેવી રીતે તું પણ આ પૃથ્વીપીઠને વિષે પ્રથમ દાનેશ્વરી થયો છે. જેવી રીતે હિમાલયમાંથી ગંગાનદીનો પ્રવાહ પ્રસરે છે તેમ આ ભરતક્ષેત્રને વિષે તારાથી દાનધર્મ પ્રસર્યો છે—ફેલાયો છે. સાધુધર્મની સ્થિરતાના સાધનભૂત તારા આ દાનધર્મને આ વિશ્વને વિષે લોકો આજથી અનુસરશે. તારા દાનજન્ય યશને ગાતી-સ્તુતિ કરતી દેવાંગનાઓને નંદનવનમાં કલ્પવૃક્ષો પણ ભ્રમરનાદદ્વારા આવકારશે-સત્કારશે અર્થાત્ દેવાંગનાઓ ક્રીડોદ્યાન નંદનવનમાં જશે ત્યારે ત્યાં પણ તારા જ ગુણગાન કરશે. મુનિજનને દાન દેવાને અશક્તિમાન એવા અમને ધિક્કાર હો!"

આવી રીતે આત્મનિંદા કરતા દેવો શ્રી શ્રેયાંસકુમારની સ્તુતિ કરીને સ્વર્ગે ગયા. બાદ પરમાત્માના પારણાના અવસરે દેવોના આગમનને સાંભળીને હર્ષિત બનેલ પુષ્કળ નાગરિક તેમજ રાજાઓ પોતપોતાના પ્રદેશમાંથી તેમજ **કચ્છ-મહાકચ્છાદિ** ક્ષત્રિય તાપસો, જેમ પુણ્ય સાત્ત્વિક પુરુષને આવી મળે તેમ શ્રી શ્રેયાંસકુમારના રાજમહેલે આવી પહોંચ્યા.

**કચ્છ-મહાકચ્છાદિએ શ્રી શ્રેયાંસ સાથે કરેલ સંભાષણ—**

શ્રેયાંસકુમારને જોઈને, જેમ મયૂરો મેઘને સત્કારે તેમ અમૃત જેવી મીષ્ટ વાણીવાળા તેઓએ ધર્મબુદ્ધિથી તેને કહ્યું કે—"હે શ્રેયાંસ! તેં કલ્યાણની પરંપરા પ્રાપ્ત કરી છે, કારણ કે જેમ મેઘદ્વારા જનસમૂહ તૃપ્ત કરાય છે તેમ ઈક્ષુ રસવડે તેં તપસ્વી પરમાત્માને સંતોષ પમાડ્યા છે. રત્ન, અશ્વ, હસ્તિ, અસ્ત્ર અને કન્યા વિગેરે આપતા છતાં પણ આપણા સ્વામીએ, જાણે અમે હત્યા કરનારા હોઈએ તેમ કશી પણ વસ્તુ સ્વીકારી નહિ. ગ્રામ, આકર, નગર અને અરણ્યાદિમાં એક વર્ષ પર્યન્ત પરિભ્રમણ કરતાં પ્રભુએ, શત્રુઓના આવાસની માફક અમારા ગૃહમાં એક ક્ષણ માત્ર વિસામો આશ્રય લીધો નથી. પૂર્વે પરમાત્માએ લાખો પૂર્વો સુધી અમારું સંતાનની માફક પાલન કરીને અત્યારે અમે જાણે કૃતઘ્ની બની ગયા હોઈએ તેમ વાણીદ્વારા પણ અમને બોલાવતા નથી." તેઓ સર્વેએ આ પ્રમાણે કહ્યું એટલે શ્રેયાંસકુમારે, જેવી રીતે ગર્જારવથી મેઘરાજ મયૂરોને મોહ ઉપજાવે તેમ તેઓને નીચે પ્રમાણે પ્રત્યુત્તર આપીને સંતોષ પમાડ્યા.

"હે મુગ્ધ માનવીઓ! બાળકોની માફક વિશેષ બોલવાની આવશ્યકતા નથી; કારણ કે નિર્દોષ આહારને ગ્રહણ કરવામાં તત્પર પરમાત્મા સાવદ્ય—દોષિત વસ્તુને સ્વીકારતા નથી. પરમાત્મા શ્રી ઋષભદેવ પૂર્વની માફક પરિગ્રહધારી રાજવી નથી; પરન્તુ અત્યારે પણ

મહાસદાચારી સાધુ છે, પંચમહાવ્રતધારી યોગીપુરુષ છે. જે રાજ્યને ચાહે છે તેને રત્ન, અશ્વ અને હસ્તીની જરૂરત હોય છે, પરન્તુ સ્પૃહા વિનાના આ પરમાત્માને આત્માને અહિતકર તેવા રત્ન પ્રમુખથી શું ? અર્થાત્ તેમને તેનાથી કંઈ પ્રયોજન નથી. જે કોઈ પણ વ્યક્તિને કાંઈ પણ વધ્ય-હણવા લાયક હોય છે તે જ શસ્ત્રને ધારણ કરે છે પરન્તુ જીવદયામાં સાવધાન અને કરુણાળુ પરમાત્માને તેવા શસ્ત્રોથી કશું પ્રયોજન નથી. જેનું મન રાગી—સ્નેહયુક્ત છે તે જ સ્ત્રીનો સ્વીકાર કરે છે પરન્તુ વીતરાગ એવા આપણા સ્વામીને તો તે આકાશપુષ્પ સમ વૃથા ભાસે છે. પરમાત્મા તો નિર્લેપ છે, ફક્ત શિવસુખમાં જ તેઓ આસક્તિ રાખી રહ્યા છે એવા આ પ્રભુને તમારા તરફના નિમિત્તભૂત એવા રત્નાદિ દ્રવ્યોથી શું પ્રયોજન ? જે વસ્તુ પ્રાસુક, કલ્પનીય અને એષણીય હોય તેને જ સાધુપુરુષ સ્વીકારે છે; બીજી વસ્તુઓ નહિ. આ હકીકતની તમને જાણ નથી.'' આ પ્રમાણે શ્રેયાંસકુમારે જણાવ્યું ત્યારે તેઓએ પુનઃ તેને પૂછ્યું કે—

''પરમાત્માએ શિલ્પ વિગેરે વિદ્યા સિવાય અધિક અમને જણાવ્યું ન હતું તો તમારાથી આ વસ્તુની જાણ કેવી રીતે થઈ ?'' ત્યારે શ્રેયાંસકુમારે જણાવ્યું કે—''જેમ સૂર્યના તેજથી અરિસો-દર્પણ પ્રકાશિત બને તેમ મને આંજે પરમાત્માના દર્શનથી જાતિસ્મરણજ્ઞાન પ્રગટ થયું છે-પ્રાપ્ત થયું છે. આ પરમાત્માની સાથે હું મનુષ્ય અને દેવભવમાં આઠ ભવ પર્યન્ત ભમ્યો છું અને આ મારો નવમો ભવ છે. આ ભવથી પૂર્વેના ત્રીજે ભવે પરમાત્માએ મહાવિદેહ ક્ષેત્રમાં પોતાના પિતા શ્રી વજ્રસેન તીર્થંકર પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી હતી. સ્વામી પ્રત્યેના સ્નેહને કારણે મેં પણ પ્રવ્રજ્યા સ્વીકારી હતી અને તે જન્મના સ્મરણજ્ઞાનથી આ સર્વ વસ્તુ મેં જાણી છે.

**ત્રણ સ્વપ્નનો નિર્ણય—**

મારા પિતા **સોમપ્રભ, સુબુદ્ધિ** શ્રેષ્ઠી અને મને જે જુદા જુદા ત્રણ સ્વપ્નો આવ્યા હતા તેના અર્થનો નિર્ણય પણ મને આજે સમજાયો છે. મારા પિતાએ પ્રભુને શત્રુસમૂહથી ઘેરાયેલ જોયા હતા તે મારા દ્વારા કરાવાયેલ પારણાની સહાયથી પરિષહરૂપી શત્રુસમૂહને જીતવાને સમર્થ થયા. સુબુદ્ધિ શ્રેષ્ઠીએ સૂર્યમાંથી હજાર કિરણોને સરી પડતા અને તે સર્વને વેગથી મારાવડે પુનઃ દાખલ કરાવાતા જોયા એટલે કે પ્રભુને સૂર્ય સદૃશ પ્રકાશિત તેમ જ પ્રગટ થનાર કેવળજ્ઞાનરૂપી તેજમંડલમાંથી ભ્રષ્ટ થયેલા કિરણોને મેં પારણાદ્વારા પુનઃ પ્રવેશ કરાવ્યો. વળી મેં સ્વપ્નામાં શ્યામ હિમાચળને દુગ્ધદ્વારા ધોવાએલ નીરખ્યો એટલે કે તપથી કૃશ બનેલ શ્રી ઋષભદેવ પરમાત્માને મેં ઈક્ષુરસના દાનદ્વારા સિંચિત બનાવ્યા-પ્રક્ષાલિત કર્યા.

આ પ્રમાણે સાંભળીને ત્રણ જગતને પવિત્ર કરનાર પરમાત્માની અદ્ભુત તપશ્ચર્યાની, અપાએલ ઈક્ષુરસના દાનની અને શ્રેયાંસકુમારની લોકોએ પ્રશંસા કરી. વળી તે શ્રેયાંસકુમારના આ પુણ્યકાર્યની અનુમોદના કરવાથી લોકોએ કલ્યાણના ભાજન બનવાપૂર્વક મસ્તક

ધ્રુજાવવાના બહાનાથી તે કલ્યાણદ્વારા પોતપોતાના આત્માને અત્યંત પરિપૂર્ણ બનાવ્યો. લોકોએ આ પ્રમાણે અનુમોદનાદ્વારા જે અનંત પુણ્ય પ્રાપ્ત કર્યું તેથી શ્રેયાંસકુમારને પોતાના કલ્યાણમાં લેશમાત્ર ન્યૂનતા આવી નહીં. ત્યારબાદ જનસમૂહ અને માંડલિક રાજાઓ શ્રેયાંસકુમારની રજા લઈને અત્યંત સન્માનપૂર્વક પોતપોતાના સ્થાને ગયા. આ પ્રમાણે ઈક્ષુરસથી પારણું કર્યા બાદ પરમાત્મા શ્રી ઋષભદેવ પણ શ્રેયાંસકુમારના રાજમહેલથી અન્યત્ર ચાલ્યા ગયા; કારણ કે **મુનિજન એક જ સ્થાને સ્થિરવાસ કરતા નથી.**

## પારણાની ભૂમિ પર રત્નપીઠનું સ્થાપન—

'પરમાત્માએ કરેલ પારણાના સ્થાનની કોઈપણ આશાતના ન કરે' એમ વિચારીને શ્રેયાંસકુમારે તે સ્થળ પર રત્નમય પીઠિકા બનાવી, અને પ્રયત્નશીલ તે રત્નમય પીઠિકાની ત્રણે કાળ પૂજા કરવા લાગ્યો. લોકો પણ "આ શું?" એમ તેને પૂછવા લાગ્યા ત્યારે શ્રેયાંસકુમારે જવાબ આપ્યો કે—"પરમાત્મા શ્રી આદિનાથનું આ મંડળ (પીઠિકા) છે." બાદ લોકો જે જે સ્થળે પ્રભુએ ભિક્ષાગ્રહણ કરી તે તે સ્થળે પીઠિકાની રચના કરવા લાગ્યા. આ પ્રમાણે લોકો પીઠિકાની રચના કરવા લાગ્યા અને કાળક્રમે તે પીઠિકાને બદલે સૂર્યમંડળની સ્થાપના શરૂ થઈ.

## તક્ષશિલામાં પ્રભુનું આગમન અને બાહુબલીની વંદનાર્થે જવાની ઇચ્છા—

આ બાજુ વિહાર કરતા કરતા પરમાત્મા સંધ્યા સમયે **બહલી** નામના દેશમાં **તક્ષશિલા** નામની નગરીમાં આવીને બહારના ઉદ્યાનમાં કાયોત્સર્ગ ધ્યાને સ્થિર રહ્યા, એટલે ઉદ્યાનપાલકે આવીને બાહુબલીને સ્વામીના આગમનના સમાચાર આપ્યા. આ શુભ સમાચાર મળતાં જ બાહુબલીએ કોટવાળને નગરીની બજારો શણગારવા માટે આજ્ઞા આપી. "અમારા કરતાં આ નગરીની સ્ત્રીઓની કાંતિ અતિશય પ્રખ્યાતિ પામેલી છે" એમ વિચારીને નગરસ્ત્રીઓને નિરખવાને આવેલા દેવવિમાનો જાણે માંચડા હોય તેમ શોભતા હતા. અત્યંત હર્ષાન્વિત બનેલ નાગરિક જનોએ સાક્ષાત્ સ્નેહરૂપ કેશરી જળથી નગરની પોળોની પૃથ્વીને આર્દ્ર બનાવી. વળી પ્રિયતમના મેળાપથી પ્રિયતમાને થતાં હર્ષાશ્રુ સરખાં પુષ્પો દરેક રસ્તાઓ પર શોભી રહ્યા હતા. તે નગરીને વિષે વસ્ત્રપતાકાઓ શોભી રહી હતી તે જાણે કે બાહુબલી પ્રત્યે તક્ષશિલા નગરીના પ્રેમસાગરની વાયુવડે કંપિત થયેલ લહરીઓ સદૃશ જણાતી હતી. તરંગોની માફક ઉછળતી રંગ-બેરંગી વસ્ત્રોની શ્રેણી જાણે નગરીની સૌભાગ્યલક્ષ્મીની માંજર હોય તેમ શોભવા લાગી. રેશમી વસ્ત્રોની અંતર્ગત રહેલા રક્તવર્ણા બિંદુસમૂહો (વસ્ત્રની ટીપકીઓ-ગુચ્છાઓ) સ્થળે સ્થળે શોભતા હતા તે જાણે કે બાહુબલીના ગુણરૂપી લક્ષ્મીને વિલાસ કરવાને માટે કમળ સરખા જણાતા હતા. કેળના સ્થંભ ઉપર રહેલ નીલવર્ણી પાંદડાઓ સ્થાને-સ્થાને શોભી રહ્યા હતા તે જાણે કે નેત્રદોષના નિવારણને માટે (કોઈની નજર ન પડે તે માટે) કાજળના ચિહ્ન

સરખા હોય તેમ જણાતા હતા. આ મહોત્સવના રાત્રિસમયે બાહુબલી અત્યંત શોભી ઊઠ્યા ત્યારે કોળાહળથી ઉત્સાહિત બનેલા પૌરજનો પણ સમુદ્રની સદૃશ શોભતા હતા. જેવી રીતે પૂર્ણિમાની રાત્રિએ ચાંદનીને અંગે સમુદ્ર ગર્જનાદ્વારા ઉત્સાહવંત બને તેવી રીતે બાહુબલીને અત્યંત પ્રફુલ્લ જોઈને લોકો પણ ઉત્સાહવંત બન્યા. બાદ "પ્રાતઃકાળે પરમાત્માના (પિતાના) ચરણકમળની સેવામાં રાજહંસની માફક હું હાજર થઈશ." એવા પ્રકારની બાહુબલીએ ઇચ્છા કરી અર્થાત્ પ્રાતઃકાળે વંદન કરવા જવાનો નિશ્ચય કર્યો. બાદ "પ્રાતઃકાળ પ્રગટાવવામાં વિલંબ કરીશ તો પરમાત્માના દર્શનને માટે ઉત્કંઠિત બનેલ બાહુબલિ પોતાનાં ભુજબળથી મારો વિનાશ કરશે." એમ વિચારીને શંકાશીલ બનેલ રાત્રિ અન્યત્ર ચાલી ગઈ અને કિરણોદ્વારા પ્રકાશતા સૂર્યે પણ જગતને જાગૃત કર્યું. "હે બાહુબલી! પરમાત્માને પ્રણામ કરવા જવા માટે તું વિલંબ કેમ કરી રહ્યો છે?" એમ પક્ષીસમૂહના ધ્વનિના બહાનાથી દિશાઓ તેને સૂચન કરવા લાગી. "તમારા દર્શનથી પૃથ્વીતલનો અંધકાર અને પરમાત્માના દર્શનથી મારો પોતાનો અજ્ઞાનરૂપી અંધકાર વિનાશ પામશે" એમ વિચારીને જ હોય તેમ સૂર્ય ઉદયાચળ પર્વતના શિખર પર પ્રકાશિત થયો અર્થાત્ સૂર્યોદય થયો.

આ બાજુ કાઉસગ્ગ ધ્યાન પૂર્ણ કરીને પરમાત્મા શ્રી ઋષભદેવ અન્ય સ્થળે વિહાર કરી ગયા. **છદ્મસ્થ તીર્થંકર પરમાત્મા અને વાયુ કદાપિ એક જ સ્થળે સ્થિરવાસ કરતા નથી.** પરમાત્માને વંદન કરવાને અત્યંત આતુર બાહુબલીએ પ્રાતઃકાળે સ્નાન કર્યું અને પછી ચંદનનું વિલેપન કર્યું ત્યારે તેઓ ચંદ્રિકાથી જેમ મેરુપર્વત શોભે તેમ દીપવા લાગ્યા.

**બાહુબલિના પ્રયાણસમયની શોભાનું વર્ણન–**

બાહુબલીના મસ્તક પર રત્નના કિરણોથી આકાશને પ્રકાશિત કરતો મુગટ શોભતો હતો તે જાણે કે તેના હૃદયપ્રદેશમાંથી પ્રગટેલ પરમાત્માના ધ્યાનજન્ય તેજપુંજ સરખો જણાતો હતો. બાહુબલીના યશ તેમજ મુખથી જીતાએલ ચંદ્ર મોતીના બે કુંડલના બહાનાથી બે સ્વરૂપને પ્રાપ્ત કરીને તેમની સેવા કરતો જણાતો હતો અર્થાત્ બાહુબલીના કુંડલો ચંદ્ર કરતાં પણ અતિશય ઉજ્જ્વળ હતા. બાહુબલીએ ધારણ કરેલ રક્તવર્ણા માણેકોની કાંતિનો સમૂહ હૃદયપ્રદેશ પર રહેલ લક્ષ્મીના **કુસુંબી** (રેશમી) વસ્ત્ર સરખો શોભતો હતો. મોતીઓના કાંતિરૂપી જળને હરી લેનાર બાહુબલીના હૃદયપ્રદેશ પર રહેલ હારના મોતીઓ, જાણે કે બાહુબલીના ગુણસમૂહને અંગે ખેલતી કીર્તિરૂપી લતાસમૂહના બીજ સમાન હોય તેમ શોભતા હતા. વળી તેમનાથી પરાજિત થયેલા નાગેંદ્રે પૃથ્વીને ધારણ કરવામાં સમર્થ બાહુબલીની બંને ભુજાને રત્નના બાજુબંધના બહાનાથી જાણે બે રત્નમુકુટોદ્વારા તેમનું સન્માન કર્યું હોય તેમ જણાતું હતું. તેમના બંને કાંડા પર રહેલ રક્તવર્ણી મણિઓના કંકણોનો કાંતિસમૂહ જાણે જ્વલિત અગ્નિની વિસ્તાર પામેલી જ્યોતિ સરખો હોય તેમ શોભતો હતો. કલ્પવૃક્ષના નૂતન

પલ્લવને પણ જીતી લેનાર તેના બંને હસ્તમાં રહેલ રત્નમય વીંટીઓનો તેજરાશિ દેદીપ્યમાન પ્રતાપ સરખો શોભી રહ્યો હતો. વિવિધરંગી વસ્ત્રને ધારણ કરતા બાહુબલી વાદળાથી વીંટળાયેલા મેરુપર્વત સદૃશ શોભવા લાગ્યા. બાદ જેમ સૂર્ય ઉદયાચળ પર આવે તેમ આભૂષણ અને વસ્ત્રોવડે પરિપૂર્ણ શોભાયમાન **બાહુબલી** શ્રેષ્ઠ હસ્તી ઉપર આરૂઢ થયા, એટલે પૂર્ણિમાની જ્યોત્સ્નાથી ગર્વીષ્ઠ બનેલ ચંદ્રદ્વારા જેમ ઉદયાચળ શોભે તેમ મસ્તક પર રહેલ શ્વેત છત્રવડે બાહુબલી શોભવા લાગ્યા. તેમની બંને બાજુ ચામરયુક્ત વારાંગનાઓ શોભી રહી હતી તે જાણે કે યશથી સુશોભિત સાક્ષાત્ ક્ષાત્રલક્ષ્મી અને મંત્રલક્ષ્મી હોય તેમ જણાતી હતી. દેહધારી ગુણલક્ષ્મી સરખી **વસંતશ્રી** વિગેરે અંતઃપુરની સેંકડો રાણીઓ બાહુબલીને ચારે બાજુ વીંટળાઈ વળી. તેમની આગળ સુશોભિત દંડ ધારણ કરનાર અને સાક્ષાત્ દુર્લંઘ્ય પરાક્રમ હોય તેમ પ્રતીહારી ચાલવા લાગ્યો. બુદ્ધિરૂપી લતાના અંકુશ સમાન તથા કીર્તિરૂપી કુમુદને વિકસિત કરવામાં ચંદ્ર સમાન તેમજ નીતિરૂપી ઝરણાંઓને પ્રકટાવવામાં પર્વત સમાન, મંત્રીઓવડે સુશોભિત, રત્નોના કિલ્લા સરખા આસપાસના પર્વતોથી રોહણાચળની માફક માણેકના મુગુટોથી શોભતા માંડલિક રાજાઓના સમૂહથી વીંટળાયેલ, સૂર્યના અશ્વોની સાથે સ્પર્ધા કરનાર અને આકાશરૂપી પટને ધારણ કરનાર સંખ્યાતીત ઘોડાઓથી ચારે બાજુ વ્યાપ્ત, બાહુબલિના સ્થૈર્યગુણથી જીતાએલ અને તેમની સેવાને માટે ચલનક્રિયાને સ્વીકારનાર-જંગમ સ્વરૂપ સરખા પર્વતોની જેવા મદઝરતા હાથીઓથી પરિવરેલ, ઉછળતાં મોજાં સરખા ઊંચા શ્રેષ્ઠ અશ્વો પર આરૂઢ થયેલ અને રત્નાભરણવાળા ધનાઢ્ય અસંખ્ય નાગરિક લોકો યુક્ત તેમજ વાગતા વાદ્યધ્વનિથી અને ભાટ-ચારણોના જયજયારવથી દિશાઓને વાચાળ બનાવતા બાહુબલીએ શ્રી ઋષભદેવને વંદન કરવા માટે પ્રયાણ કર્યું.

બાદ પરમાત્માના ચરણકમળથી પવિત્ર બનેલા ઉદ્યાન પાસે આવીને જેમ બુદ્ધિશાળી મોહનો ત્યાગ કરે તેમ શીઘ્ર હસ્તી પરથી નીચે ઉતર્યા બાદ મુકુટ તથા છત્ર વિગેરે રાજચિહ્નોનો ત્યાગ કરીને વંદન કરવાને અત્યંત ઉત્સુક બાહુબલી જેવામાં તે ઉપવનમાં દાખલ થયા તેવામાં જેવી રીતે કુસ્વામીની સેવા કરનાર વ્યક્તિ સુખના અંશ માત્રને પણ પ્રાપ્ત કરે નહીં તેમ તેણે તે ઉદ્યાનમાં પરમાત્મા શ્રી ઋષભદેવને જોયા નહીં. તપ રહિત જ્ઞાન અને જ્ઞાન રહિત તપ જેમ હર્ષદાયક થતું નથી તેમ પ્રભુ—વિહીન તે ઉપવન બાહુબલીના હર્ષભૂત થયું નહીં. પછી તેમણે વનરક્ષકોને પૂછ્યું કે-"પરમાત્મા ક્યાં બિરાજે છે? કે જેમની પર્યુપાસના કરતાં ત્રણ લોકનું પ્રભુત્વ-સ્વામીત્વ ઇચ્છવા યોગ્ય નથી." જવાબમાં વનપાલકોએ કહ્યું કે-"સૂર્યોદય થયે છતે જેવી રીતે પૂર્ણિમાનો ચંદ્ર આકાશપથમાંથી ચાલ્યો જાય તેમ શ્રી ઋષભદેવસ્વામી પણ સૂર્યોદય થતાં જ આ ઉપવનમાંથી અન્યત્ર વિહાર કરી ગયા છે. જેવામાં અમે આ હકીકત આપને રાજમહેલે જણાવવા આવતા હતા તેટલામાં આપ પોતે જ પરમાત્માની ભક્તિ નિમિત્તે અહીં આવી પહોંચ્યા."

## બાહુબલિનો વિલાપ–

કર્ણમાં ખીલા સદૃશ-શલ્ય સમાન તે વચનો સાંભળીને ધૈર્યવાન હોવા છતાં પણ બાહુબલીના બંને નેત્રો જલ્દી અશ્રુથી પૂર્ણ બની ગયા. આવી રીતે નિષ્ફળ પ્રયત્નવાળા બાહુબલીએ મનમાં વિચાર કર્યો કે–"વ્રત ગ્રહણ કર્યા બાદ પરમાત્મા એક સ્થળે સ્થિરવાસ કરતા નથી એ પ્રકારની મેં વિચારણા જ કરી નહીં. 'પ્રધાનમંડળી અને નાગરિક લોકો પણ પ્રભુને વંદન કરીને પવિત્ર થાઓ અને પ્રાતઃકાળે તેઓની સાથે હું પણ પરમાત્માના ચરણકમળમાં વંદન કરીશ' એવો મારો વિચાર હતો પરન્તુ, ઘણા જ ખેદની વાત છે કે, દુર્ભાગ્યને કારણે મારો તે મનોરથ નાશ પામ્યો. ખરેખર પાપીઓમાં શિરોમણિ હું હણાયો છું. મારું સર્વસ્વ નષ્ટ થયું છે. લોકો પ્રત્યે મહેરબાની દર્શાવવાના હેતુથી પરમાત્માને વંદન કરવા જવામાં વિલંબ કરનાર મને ધિક્કાર હો! પારકાનું કાર્ય સાધી આપવાની મૂર્ખાઈથી ખરેખર હું સ્વાર્થભ્રષ્ટ થયો છું. મૂર્ખશિરોમણિ અને પ્રમાદી એવા મને વારંવાર ધિક્કાર હો! કારણ કે પિતા એવા પરમાત્માની ચરણસેવાથી હું વંચિત રહ્યો છું. મને ખરેખર ભ્રમ જ ઉત્પન્ન થયો હતો તેમ જણાય છે, કારણ કે જે સ્થળમાં વિશ્વને પ્રકાશિત કરનાર પરમાત્માનું દર્શન થાય તે રાત્રિ હોવા છતાં પણ દિવસ તુલ્ય જ છે. સૂર્ય સદૃશ પ્રકાશિત તે સ્વામીના અભાવમાં દિવસ પણ મારા માટે તો રાત્રિસ્વરૂપ બન્યો છે, કારણ કે મારા માટે સર્વ દિશાઓ અંધકારથી પરિપૂર્ણ બની ગઈ છે. હે સ્વામિન્! હું પ્રમાદના આવાસભૂત છું તો શા માટે સ્વપુત્રના હર્ષને માટે આપે એક દિવસ માત્રની પણ અત્રે સ્થિરતા ન કરી? પૂર્વે આપે સંતાનની માફક લોકો પ્રત્યે વાત્સલ્યભાવ દર્શાવ્યો હતો પરન્તુ હમણાં તો આપ લોકોની માફક સંતાનો પ્રત્યે પણ નિર્મોહી બની ગયા છો. ત્રણ ભુવનને પૂજનિક એવા આપ પ્રભુએ એક દિવસ માત્ર આહાર ગ્રહણ કરવાપૂર્વક એક સામાન્ય વ્યક્તિની સદૃશ મને ઉપકૃત કર્યો નહીં તેથી હું ધિક્કારને લાયક છું! આપનો સત્કાર નહીં કરવાથી થયેલ મારો પરાભવ, હે સ્વામિન્! આપના સિવાય અન્ય કોણ દૂર કરશે? પહેલા અન્ય સમસ્ત સંતાનો પરત્વે આપનું જેટલું વાત્સલ્ય હતું તેટલું એક માત્ર મારા પ્રત્યે આપનું હતું, પરંતુ હે પ્રભો! અત્યારે તે પ્રેમભાવ ક્યાં અદૃશ્ય થઈ ગયો? મારી બાલવયમાં આપે મને હૃદયરૂપી ખોળામાં ધારણ કર્યો હતો અર્થાત્ લાડ લડાવ્યા હતા પરન્તુ હમણાં હે નાથ! આપે મને આપના હૃદયમાં સ્થાન કેમ ન આપ્યું?"

## મંત્રીએ બાહુબલીને આપેલ બોધ–

પરમાત્માનું દર્શન નહીં થવાથી શોકગ્રસ્ત અને ઝેરથી બેભાન બનેલાની માફક મૂર્ચ્છિત બનેલા બાહુબલીને મંત્રીએ કહ્યું કે-'હે સ્વામિન્! મેં પરમાત્માને ન જોયા' તેવા પ્રકારનું દુઃખ તમે ધારણ ન કરો; કેમ કે પરમાત્મા તમારા અંતઃકરણમાં રાત્રિદિવસ વિરાજી રહ્યા છે. તમારા અંતઃકરણમાં પરમાત્મા બિરાજમાન હોવા છતાં આ અજ્ઞાનરૂપી અંધકાર કેમ હોઈ

શકે? કારણ કે સૂર્ય પ્રકાશમાન હોવા છતાં પણ શું આકાશ અંધકારમય હોઈ શકે? હે વિચક્ષણ! તમે તમારા હૃદયપટમાં આ પણ વિચારી લ્યો કે ગર્ભમાં રહ્યા છતાં પણ કેટલાએક પ્રાણીઓના પિતા ભાગ્યવશાત્ મૃત્યુ પામી જાય છે. બાલવયમાં ઉત્સંગ(ખોળા)માં બેસાડીને, બંને ભુજાદ્વારા ચાંપીને અને તેના મુખ પ્રત્યે પોતાના નેત્રોને સ્થિર કરીને પિતાદ્વારા અર્પણ કરાતા આ લાડકોડરૂપી અમૃતપાન ગર્ભમાં રહેલ તેવો બાળક પ્રાપ્ત કરી શકતો નથી. વળી ઘરના આંગણામાં ક્રીડા કરતાં અને ધૂળથી વ્યાપ્ત તે પુત્રને બહારથી ઘરે આવતાં તેને પ્રેમપૂર્વક ઉપાડીને પિતા તેનું ચુંબન કરતો નથી. બીજા શ્રીમંત જનોના પુત્રોને આભૂષણ ધારણ કરેલા નિહાળીને તે દારિદ્ર પુત્રની માતા તેને કહે છે કે–'હે પુત્ર! તારા પિતા તો મને નિરાધાર મૂકીને સ્વર્ગવાસી થયા છે, તારા મનોરથો તેના વિના અન્ય કોણ પૂર્ણ કરશે? હે ભાઈ! તું રુદન કર નહીં, હું બીજાનું કામ કરીને પણ ધીમે ધીમે તારું મનોવાંછિત પૂર્ણ કરીશ.' આ પ્રમાણે માતાના દીન વચનો સાંભળીને તે રાંક પુત્ર નિરન્તર સેંકડો દુઃખોને સહન કરીને લાલનપાલન કરવા યોગ્ય બાલવય તેની માતાદ્વારા, તેના જ અવલંબન માત્રથી, પસાર કરે છે. કુટુંબી જનોવડે તિરસ્કાર પામેલ અને સજ્જન પુરુષદ્વારા સહાનુભૂતિ દર્શાવાયેલ માતા પતિના અભાવમાં મહામુસીબતે સ્વસંતાનોને ઉછેરે છે. હે બાહુબલી! આ પૃથ્વીપીઠને વિષે તમારા સિવાય કોણ ધન્યવાદને પાત્ર છે? કારણ કે પરમાત્માએ પોતે જ તમારું લાલનપાલન કરેલ છે. હે પ્રભો! જેમ શુક્લપક્ષ બાલચંદ્ર (બીજના ચંદ્ર)ને સમગ્ર કલાપૂર્ણ બનાવે તેમ પરમાત્માએ તમને સમસ્ત વિદ્યા-કલા શીખવાડી છે. વળી તેમણે તમને ઘણી રાજપુત્રીઓ પણ પરણાવી છે કે જેના વડે તમો, જેમ તારાસમૂહથી ચંદ્ર શોભે તેમ શોભી રહ્યા છો. વળી ભરત વિગેરેને રાજ્યનો ભાગ આપતી વખતે સર્વ દેશોમાં શ્રેષ્ઠ એવું **બહલી** દેશનું રાજ્ય તમને સમર્પણ કર્યું છે. હમણાં તો પરમાત્મા રાજ્યનો ત્યાગ કરીને, પરિગ્રહ ત્યજી દઈને જે તે સ્થળોમાં વિચરે છે અને ગમે તેવા સ્થાનમાં રહે છે, પોતે ત્રણ ભુવનના સ્વામી હોવા છતાં પણ આવા પ્રકારના તપનું આચરણ કરી રહ્યા છે તેથી હું માનું છું કે પરમાત્મા આના કરતાં પણ ઉત્તમ (મોક્ષ) સુખને ઇચ્છી રહ્યા છે. આ પ્રમાણે તમારી વાંછાઓ પરિપૂર્ણ કરીને તે પરમાત્મા હાલમાં પોતાનો સ્વાર્થ સાધી રહ્યા છે તો તેમના અનુગ્રહ-મહેરબાનીની ઇચ્છા હજુ પણ તમને કેમ સંતાપદાયક થઈ રહી છે? અર્થાત્ હવે તમારે પરમાત્માના પ્રસાદની ઇચ્છા કરવી જ નહીં, કારણ કે તેઓશ્રી હવે **આત્મનિષ્ઠ** બન્યા છે. જો પિતાના ચરણકમળને પૂજવાની ઉત્કટ ઇચ્છાથી તમારું અંતઃકરણ સંતાપ અનુભવી રહ્યું હોય તો તમો તેમની પાદુકાનું પૂજન કરો. પરમાત્માની ચરણપાદુકાને કરેલ નમસ્કાર પણ પરમાત્માને કરેલ પ્રણામ તુલ્ય જ છે. ચરણપાદુકાને નીહાળવાથી શું પૂજ્યબુદ્ધિ પ્રગટતી નથી?" આ પ્રમાણે મંત્રીદ્વારા બોધ પામેલ અને શુદ્ધ-નિર્મળ ભક્તિભાવવાળા બાહુબલીએ કમળ, વજ્ર અને મત્સ્યાદિથી ચિહ્નિત પરમાત્માની બંને ચરણપાદુકાને વંદન કર્યું.

**પરમાત્માની પાદુકાનું પૂજન—**

બાદ શંખના ધ્વનિપૂર્વક વિવિધ વાજીંત્રો વાગવા લાગ્યા ત્યારે બાહુબલીએ પ્રભુની ચરણપાદુકાનું પરમાત્માના સાક્ષાત્ ચરણ સમાન માનીને પૂજન કર્યું. પછી નિર્મળ અંતઃકરણવાળા તેના પરિવારે અને પૌરજનોએ પણ પોતાના મસ્તકપ્રદેશદ્વારા ભૂમિનો સ્પર્શ કરીને પરમાત્માની પાદુકાને વંદન કર્યું. બાદ 'પરમાત્માની આ પાદુકાનું કોઈ પણ ઉલ્લંઘન કરી આશાતના ન કરે' એમ વિચારીને બાહુબલીએ તે સ્થળે શીઘ્ર રત્નમય **ધર્મચક્ર**ની સ્થાપના કરી, તે ધર્મચક્ર એક યોજન ઊંચું, આઠ યોજન વિશાળ તેમજ હજાર કિરણોથી સૂર્ય દીપે તેમ હજાર આરાઓથી યુક્ત હતું. વૈક્રિય શક્તિ વગર ઇંદ્રોથી પણ બનવું દુષ્કર એવું આ ધર્મચક્ર પરમાત્માના અતિશયના પ્રભાવથી લોકોએ તરત જ નીહાળ્યું. બાદ પર્વત સરખું અને બાહુબલિવડે પુષ્પોથી પૂજિત ધર્મચક્ર જાણે કે પૃથ્વીપીઠ પર સ્થિર થઈ ગયેલ અને વૃદ્ધિ પામેલ બાહુબલીનો કલ્યાણરાશિ હોય તેમ શોભતું હતું. બાદ તે સ્થળે અઠ્ઠાઈ મહોત્સવ કરીને તેમજ તે પવિત્ર સ્થળના પૂજકો અને રક્ષકો નિર્ણીત કરીને, તે ધર્મચક્રને પુનઃ પ્રણામ કર્યા પછી બાહુબલી તક્ષશિલામાં પાછા ફર્યા.

આ બાજુ નિઃસંગી અને પોતાના દેહ પરત્વે પણ મમત્વ રહિત પરમાત્મા શ્રી ઋષભદેવ સ્વાત્મચિંતન કરતાં કરતાં પૃથ્વીતલ પર વિચરવા લાગ્યા. લાખો ભવોમાં ઉપાર્જન કરેલ પ્રાણીઓના નિકાચિત દુષ્કર્મો પણ તીવ્ર તપરૂપી અગ્નિથી દગ્ધ થાય છે, પ્રાણીઓનું અહિત કરનાર તેમજ જગદ્વ્યાપ્ત કર્મસમૂહ તપરૂપી અગ્નિદ્વારા હિમ(બરફ)ની માફક ગળી જાય છે, એમ વિચારીને ઉત્કટ તપ તપવામાં રક્ત, મહાન્ અભિગ્રહો ધારણ કરનાર અને દેહ પરત્વે પણ મમત્વભાવ વિનાના પ્રભુ પરિભ્રમણ કરવાપૂર્વક અનેક પ્રકારનાં પરિસહો સહન કરવા લાગ્યાં. પહેલેથી જ પરમાત્મા પ્રત્યે વાત્સલ્યભાવ ધરાવનાર લોકો તેમના દર્શનમાત્રથી જ વિવિધ પ્રકારની ઉપાસનાદ્વારા પોતાનો ભક્તિભાવ દર્શાવવા લાગ્યા. કેટલાકો લક્ષ્મીને ક્રીડા કરવાના સ્થાનભૂત પ્રભુના બંને ચરણકમળની ધૂલીને પોતાના કેશસમૂહવડે દૂર કરવા લાગ્યા અર્થાત્ વંદન કરતા હતા. સ્વામી સંસારસાગરનો પાર પામેલા હોઈને તે સંસારસાગરના કિનારાના પંકમાંથી બહાર નીકળવાને તત્પર બનેલા કેટલાક લોકો પરમાત્માની સમક્ષ પૃથ્વીપીઠ પર દંડવત્ પ્રણામ કરવા લાગ્યા તે જાણે કે સંસારસાગરના કિનારા સરખા પરમાત્માના ચરણકમળનું શરણ સ્વીકારતા હોય તેમ જણાતું હતું. કેટલાક લોકોવડે ચંદનથી અર્ચાએલા પરમાત્માના બંને ચરણો જાણે કે નખરૂપી ચંદ્રસમૂહની નિર્મળ ચંદ્રિકાથી દેદીપ્યમાન થયા હોય તેમ દેખાતા હતા. 'હે સ્વામિન્! ભયંકર ભવરૂપી આવર્ત (વમળ)ના મધ્યભાગમાંથી તમે અમને ખેંચી કાઢો!' એવા પ્રકારની પ્રાર્થના કરતાં હોય તેમ કેટલાક લોકો વસ્ત્રના છેડાઓવડે પરમાત્માના ઓવારણા લેવા લાગ્યા. વળી જેમ વાતા (પસાર થતાં) સુગંધી

વાયુને ભમરાઓ અનુસરે તેમ સ્વામીની અદ્ભુત સૌભાગ્યલક્ષ્મીથી આકર્ષાએલ કેટલાક લોકો પરમાત્માની પાછળ-પાછળ જવા લાગ્યા. વળી કેટલાક લોકો પોતાના આત્માને પુણ્યરાશિથી પરિપૂર્ણ બનાવતા હોય તેમ પ્રાસુક—એષણીય ક્ષીરથી પરમાત્માને પારણું કરાવવા લાગ્યા.

આ પ્રમાણે લોકોથી પૂજાતા અને ચરણસ્થાપનથી પૃથ્વીપીઠને પાવન કરતાં પરમાત્મા શ્રી ઋષભદેવ, સૂર્ય એક દ્વીપમાંથી બીજા દ્વીપમાં જાય તેમ એક દેશમાંથી બીજા દેશમાં વિહાર કરવા લાગ્યા. બાદ લોકોના ભક્તિભાવનો અને આર્યભૂમિનો ત્યાગ કરવાની ઈચ્છાવાળા તેઓએ, જેમ વૈરાગ્યવાસિત આત્મા વનિતા (સ્ત્રી)નો ત્યાગ કરે તેમ આર્યાવર્તનો ત્યાગ કર્યો.

**અનાર્ય દેશમાં પરમાત્માનું પરિભ્રમણ—**

સૂર્ય જેમ કમળરાશિને પ્રફુલ્લ બનાવે તેમ પરમાત્માએ પણ યવન, અંડબ, ઈલ્લ અને મ્લેચ્છાદિ દેશોના અનાર્ય લોકોને પોતાના દર્શનમાત્રથી ભદ્રિક પરિણામી બનાવ્યા. જેમ સૂર્યને અંધકાર અને ગરુડને સર્પસમૂહ આક્રમણ કરી શકે નહીં તેમ પરમાત્માને ઉપસર્ગો સ્પર્શી શક્યા નહિ કારણ કે તેમના દેહને સ્પર્શ કરી જનાર વાયુના સંસર્ગમાત્રથી પણ લોકોને ઉપસર્ગો થતા નહીં તો તે ઉપસર્ગો પરમાત્માને કઈ રીતે સ્પર્શી શકે ? નગર અને ઉપવનોની માફક મહાટવીઓમાં સિંહાદિ ક્રૂર પ્રાણીઓને પણ વિનયશાળી બનાવતા હોય તેમ ધૈર્યશીલ પરમાત્મા વિહાર કરતા હતા. વૈરાગ્યવાસિત પ્રાણીઓનું મન મિથ્યાત્વીઓના વચનોદ્વારા સન્માર્ગથી ભ્રષ્ટ થતું નથી તેમ ઘૂવડોના ભયંકર અવાજથી, શિયાળોના ધ્વનિથી, સર્પોના ભયંકર ફુંફાડાઓથી તેમજ વાઘોની ભયંકર ત્રાડોથી પણ પરમાત્માનું વૈરાગ્યભરપૂર મન આત્મારૂપી બગીચામાંથી લેશમાત્ર ચલિત ન થયું. ઉછળતા પૂંછડાના કેશસમૂહના આસ્ફાલનથી વિશાળ અટવીની ભૂમિને પણ સિંહ કંપાવતો હતો પરન્તુ પરમાત્માની વિશાળ ધ્યાનધારાને તે ચલાયમાન કરી શકતો નહીં. મદોન્મત્ત હસ્તીઓએ વૃક્ષોને ભાંગી નાખવાથી તે તે વૃક્ષોના પક્ષીઓએ પરમાત્મા સમક્ષ મોટા ધ્વનિપૂર્વક જાણે બૂમરાણ કરી મૂક્યું હોય તેમ જણાતું હતું, અર્થાત્ પરમાત્મા પાસે પોતાની ફરિયાદ કરતા હતા. પોતાની જ્વાળાદ્વારા પરમાત્માના તપરૂપી તેજની સ્પર્ધા કરનારા દાવાનળો પોતાની અપકીર્તિ સરખી ધૂમ્રિરાશને વિસ્તારતા હતા. જેમના પ્રભાવથી સિંહ વિગેરે ઘાતકી પ્રાણીઓએ મૃગ વિગેરે પશુઓને લેશ માત્ર ઉપદ્રવ કર્યો નહીં તે સિંહ વિગેરે જંગલી પ્રાણીઓ પ્રભુને કઈ રીતે ઉપદ્રવ કરી શકે ? જે પર્વતના શિખર પર પરમાત્મા ધ્યાનસ્થ રહેલા તે પર્વત સર્વ ગિરિરાજોમાં મુકુટરૂપ ગણાતો. વળી મહાનદીના કિનારે પરમાત્મા જ્યારે કાઉસગ્ગ ધ્યાને રહેતા હતા ત્યારે તેઓ પોતે વાયુથી લેશમાત્ર પણ ચલિત ન થતાં વૃક્ષની માફક શોભતા હતા.

આ પ્રમાણે અનાર્ય દેશમાં ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ આદિથી પ્રારંભીને માસખમણાદિ વિવિધ તપ કરવાને અંગે દુર્બળ બનવા છતાં સંપૂર્ણ સામર્થ્યશાલી સ્વામી બાદ આર્યદેશોમાં

વિચરવા લાગ્યા. રાત્રિઓને વિષે શ્મશાનભૂમિમાં તેમને કાઉસગ્ગ ધ્યાને રહેલા જોઈને અહીંતહીં ભટકતા ભૂત, પ્રેત, વેતાલ અને પિશાચ શીઘ્ર શાન્ત બની જતા. પરમાત્માના ઉગ્ર તપતેજની આગળ ગ્રીષ્મઋતુના રૌદ્ર (પ્રચંડ) સૂર્યનાં કિરણો ઠંડાગાર (તેજોહીન) બની જતા, કારણ કે કાઉસગ્ગ ધ્યાનમાં સ્થિત રહેલા પરમાત્મા તેવા ઉગ્ર તપમાં પણ લેશમાત્ર શીતળ છાયાની ઈચ્છા કરતા નહીં. વર્ષાઋતુમાં પ્રચંડ ઝંઝાવાતો યુક્ત મેઘોની મુશળધાર વૃષ્ટિ પર્વતના શિખરભાગ પર કાઉસગ્ગ ધ્યાનમાં લયલીન પરમાત્માના ધ્યાનદીપકને બુઝાવી શકતી નહીં. હેમંતઋતુની રાત્રિઓમાં નદીકિનારે પ્રતિમારૂપે રહેલા ધૈર્યવંત અને આત્મધ્યાનપરાયણ પ્રભુ અત્યંત શીતળ વાયુદ્વારા અંશ માત્ર પણ ચલાયમાન ન થયા. ‘જીવ સુખને પ્રાપ્ત કરવાને માટે દરેક ભવોમાં આ કાયાથી શરૂઆત કરે છે અને તેથી તે દેહ પણ ભવાંતરમાં જીવોને અનુસરે છે’ તેમ વિચારીને દેહ પ્રત્યે મમત્વભાવવિહીન અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા પ્રભુએ શીત અને ઉષ્ણ પરિસહો સહન કર્યા. ‘મારા અંગ પર ડાંસ અને મચ્છરો ભલે ક્રીડા કરો-ભલે રુધિરનું પાન કરો, તેમજ પાડા તથા બળદો મારા શરીર સાથે સ્વદેહને ઘસીને પોતાની ખરજને દૂર કરો’ એમ વિચારીને તે પ્રાણીઓના સુખને માટે કરુણાપરાયણ પરમાત્મા સમય થઈ જવા છતાં પણ કાઉસગ્ગ ધ્યાન પૂર્ણ કરતા ન હતા. ‘સંસારની શરૂઆતથી જ પ્રિય સહચરી સમાન મારો ત્યાગ કરીને મૌન બનેલા, અતિકૃશ બનેલા તેમજ અચલાયમાન પરમાત્મા અત્યારે કરુણાનો આશ્રય લે છે તેથી હું તેમનો ત્યાગ કરીશ; કારણ કે આ વિશ્વને વિષે મારા પ્રત્યે અનુરાગ (આસક્તિ) ધરાવનાર પ્રાણીઓ પુષ્કળ છે’ એમ વિચારીને દ્વેષને લીધે મોહલક્ષ્મીએ પરમાત્મા પ્રત્યે જોવાનું બંધ કર્યું અર્થાત્ પરમાત્મા પ્રત્યે મોહલક્ષ્મીનું કશું પણ બળ ચાલી શક્યું નહીં. જન્મ આપનાર માતા **મરુદેવી** પરત્વે મોહભાવ રહિત પરન્તુ અષ્ટ પ્રવચનમાતાનું પાલન કરવામાં પ્રયત્નશીલ, જગતના જીવો પરત્વે કરુણાભાવવાળા પરન્તુ સંસારનો તિરસ્કાર કરવામાં નિર્દયપણાને ધારણ કરનાર, સ્વભાવથી શાંત પ્રકૃતિવાળા પરન્તુ અંતરંગ શત્રુઓનું દમન કરવામાં રોષ ધારણ કરનાર તેમજ સૌંદર્યમાં કામદેવ સરખા છતાં કામ (વાંછા) વિનાના પરમાત્મા ઉગ્ર તપ તપવા લાગ્યા. આદર આપનાર અગર તો અનાદર (તિરસ્કાર) કરનાર, સ્તુતિ અગર તો નિંદા કરનાર, તેમજ ભક્તિ કરનાર અને ભક્તિભાવવિહુણા પ્રાણીઓ પ્રત્યે તેઓ સમાન ભાવવાળા જ હતા, એટલે કે કોઈપણ વ્યક્તિ પરત્વે પરમાત્માને પક્ષપાત ન હતો. શત્રુ અને મિત્રમાં પરમાત્મા સમાન ભાવવાળા હતા જેથી તેમના અંતરંગ શત્રુઓ શાન્ત બની ગયા હતા, અને તેને અંગે જ ‘અમે તે કઈ ગણત્રીમાં?’ એમ વિચારી બાહ્ય દુશ્મનો પણ તેમને ન હતા. અન્ય વ્યક્તિ જે તપ એક દિવસ માત્ર પણ આચરી ન શકે તે તપને હજારો વર્ષો સુધી, માત્ર એક જ દિવસ તપ કર્યું છે એવી ભાવનાથી તેવા ઉગ્ર તપનું સેવન કરતાં ગ્લાનિ રહિત અને શાન્ત સ્વભાવી સ્વામી શ્રી ઋષભદેવ ભૂમિપીઠ પર અપ્રતિબદ્ધપણે વિચરવા લાગ્યા.

આ પ્રમાણે વિહાર કરતાં કરતાં પરમાત્મા શ્રી ઋષભદેવ **અયોધ્યા** નગરીના **પુરિમતાલ** નામના પરાની ઉત્તર દિશામાં, નંદનવન કરતાં પણ ચઢિયાતાં **'શકટાયન'** નામના ઉદ્યાનમાં સમવસર્યા. તે ઉપવનમાં એક વડવૃક્ષ નીચે અઠ્ઠમ તપ કરીને પરમાત્મા પ્રતિમાધ્યાને રહ્યા. આ પ્રમાણે આત્મજ્યોતિદ્વારા અજ્ઞાનરૂપી અંધકારસમૂહનો નાશ કરનાર પ્રભુ સુવર્ણપ્રતિમાની માફક કાઉસગ્ગધ્યાને રહ્યા અને આલંબનરૂપ દીર્ઘ ભુજાવાળા, કરુણાવંત તેઓ નારકના જીવોનો ઉદ્ધાર કરવાને માટે તેમને નીરખવારૂપ અમૃતરસવડે સીંચન કરવાને જ હોય તેમ નાસિકાના અગ્રભાગે નેત્રો સ્થાપીને સ્થિર રહ્યા અર્થાત્ કાઉસગ્ગ ધ્યાનની એકાગ્રતા માટે પરમાત્માએ નાસિકાના અગ્રભાગ માત્રનું જ નિરીક્ષણ કર્યું.

## અપ્રમત્ત ગુણસ્થાનકથી ઉત્તરોત્તર પ્રભુનું આરોહણ–

આ પ્રમાણે કાઉસગ્ગ ધ્યાનમાં રક્ત પરમાત્મા સાતમા **'અપ્રમત્તસંયત'** નામના ગુણસ્થાનકથી **'અપૂર્વકરણ'** નામના આઠમા ગુણસ્થાનકે પહોંચ્યા. વળી પૂર્વગત શ્રુતના અર્થમાંથી શબ્દ ઉપર અને પુનઃ શબ્દ પરથી અર્થમાં વિચરણ (વિચાર) કરતા પરમાત્મા **નાનાત્વશ્રુતવિચાર** નામના શુક્લધ્યાનના પહેલા પાયાને ધ્યાવા લાગ્યા. બાદ સિંહ જેમ પર્વતના એક શિખરથી બીજા શિખર પર જાય તેમ પ્રભુએ પરિણામનું રોધ કરનારું નવમું **'અનિવૃત્તિબાદર'** નામનું ગુણસ્થાનક પ્રાપ્ત કર્યું. બાદ એક પગથિયા પરથી બીજા પગથિયા પરના ચઢાણની માફક તેઓ લોભને ચૂર્ણ કરીને દશમા **'સૂક્ષ્મસંપરાય'** નામના ગુણસ્થાનકે પહોંચ્યા. જેમ વટેમાર્ગુઓ એક ગામથી બીજે ગામ પહોંચે તેમ સ્વામી મોહનો ક્ષય કરવાથી **'ક્ષીણમોહ'** નામના બારમા ગુણસ્થાનકે પહોંચ્યા. તે બારમા ગુણસ્થાનકના પ્રાંતભાગમાં પ્રભુ **'ઐક્યઅશ્રુતવિચાર'** નામના શુક્લધ્યાનના બીજા પાયાને ધ્યાવવા લાગ્યા. આ બીજા પાયાના ધ્યાનથી, જેમ સમસ્ત અંગોમાં વ્યાપી ગયેલ વિષ (ઝેર) મંત્રદ્વારા ડંખમાં આવીને રહે તેમ પરમાત્મા એક પરમાણુના દર્શનમાત્રથી ચૌદ રાજલોકનું નિરીક્ષણ કરી શકતા હતા. અગ્નિમાંથી ઈન્ધનસમૂહ દૂર થયા બાદ અલ્પ ઈન્ધનથી બળતો અગ્નિ જેમ અલ્પ સમયમાં જ બૂઝાઈ જાય છે તેમ પરમાત્માનું મન મનોયોગ રહિત બન્યું. બાદ પાંચ જ્ઞાનાવરણીય, ચાર દર્શનાવરણીય તેમજ પાંચ પ્રકારના અંતરાય કર્મનો (એ ઘાતી કર્મોનો) પરમાત્માએ નાશ કર્યો.

## પ્રભુને કેવળજ્ઞાનની પ્રાપ્તિ–

દીક્ષાગ્રહણ કર્યાને એક હજાર વર્ષ વ્યતીત થયા બાદ ફાગણ વદિ અગિયારશને દિવસે ચંદ્ર ઉત્તરાષાઢા નક્ષત્રમાં આવ્યો ત્યારે પ્રાતઃકાળમાં ત્રણ કાળ (ભૂત, ભવિષ્ય અને વર્તમાન) અને ત્રણ લોક (સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ)ને પ્રત્યક્ષ દર્શાવતું ઉજ્જ્વળ કેવળજ્ઞાન પરમાત્મા શ્રીઋષભદેવને પ્રાપ્ત થયું. તે સમયે 'પરમાત્માની વાણીરૂપી અમૃતનું પાન કરી કરીને અમારા સ્વામીઓ (દિક્પાલો) અત્યંત હર્ષને ધારણ કરશે' એમ વિચારીને દિશાઓ અત્યંત હર્ષપૂર્વક

પ્રસન્ન થઈ અર્થાત્ નિર્મળ બની. 'દેવતાઓએ કરેલ સુગંધી જળ અને પુષ્પવૃષ્ટિથી પોતાને પણ સુવાસ પ્રાપ્ત થશે' એમ વિચારીને શાન્ત અને સુખકારક વાયુ વાવા લાગ્યો. યુગાધીશ શ્રી ઋષભદેવસ્વામીની સ્પર્ધા કયો ધૈર્યવંત કરી શકે? અર્થાત્ કોઈ પણ વ્યક્તિ તેમની બરોબરી કરી શકે નહીં, કારણ કે ત્રણ જગતના પ્રાણીઓના કલ્યાણસમૂહની ખાણરૂપ તેમના કેવળજ્ઞાનકલ્યાણક પ્રસંગે દેવોને, પૃથ્વીતલ પર મનુષ્યોને તેમજ તિર્યંચોને અને નારકાદિ જીવોને જે એક ક્ષણમાત્ર પણ પ્રકાશમય સુખોલ્લાસ થયો તેનું અમે શું વર્ણન કરીએ?

* * *

દાન આપનાર વ્યક્તિની ભાવનાની, તે દાનથી પ્રગટેલ નૂતન પુણ્યશ્રેણીની, વર્ષને પ્રાંતે પ્રાપ્ત થયેલ શુદ્ધ આહારને અંગે અત્યુજ્જ્વળ ચારિત્રલક્ષ્મીની, સમસ્ત વિશ્વના કલ્યાણની અને ઈંદ્રના હર્ષની હરિફાઈને અંગે જ જાણે વૃદ્ધિ પામતી હોય તેવી પરમાત્માના હસ્તમાં શ્રેયાંસકુમારદ્વારા અર્પણ કરાએલ ઈક્ષુરસની શ્રેણી તમારું રક્ષણ કરો!

પર્વતમાં ઔન્નત્યગુણ (ઊંચાઈપણું) છે છતાં તેને વિષે કઠિનપણારૂપી દોષ છે, સમુદ્રમાં ગંભીરતાનો ગુણ હોવા છતાં તેને વિષે લવણ (ખાર)પણારૂપી દોષ છે, અગ્નિમાં પ્રકાશ આપવાનો ગુણ છે પરંતુ સાથોસાથ દાહકતારૂપી દોષ છે, ચંદ્ર કલાવાન છે પરંતુ તેનામાં ક્ષીણતા પામવાનો દુર્ગુણ છે જ્યારે આ પદ્મ મંત્રીને વિષે તો અગણિત ગુણો રહેલા છે અને દોષનો તો અંશ માત્ર નથી.

**ત્રયોદશ સર્ગ સમાપ્ત**



# ચૌદમો સર્ગ

## સમવસરણ, મરુદેવા નિર્વાણ, પરમાત્માની દેશના અને ચતુર્વિધ સંઘની સ્થાપના.

સમસ્ત કલ્યાણરૂપી કુમુદોને વિકસિત કરવામાં ચંદ્ર સમાન તેમજ નેત્રરૂપી ચકોરને હર્ષાન્વિત કરનાર **શ્રી ઋષભદેવ પ્રભુ** ભવ્ય પ્રાણીઓના હર્ષને માટે થાઓ.

### કેવળજ્ઞાન મહોત્સવ નિમિત્તે દેવોનું આગમન—

'પરમાત્માનો કેવળજ્ઞાન મહોત્સવ કરો, તમારો આ કેવી જાતનો પ્રમાદ ?' એમ પોતાના સ્વામીને સૂચવવાને માટે જ હોય તેમ ઇંદ્રોના આસનો કંપી ઊઠ્યા, ત્યારે ઇંદ્રોએ વગડાવેલ મહાઘંટાઓના ધ્વનિથી પ્રમાદ-નિદ્રાનો ત્યાગ કરીને દેવો અત્યંત વેગપૂર્વક પોતપોતાના સ્વામીને વીંટળાઈ વળ્યા. વળી પરમાત્માની પાસે જલ્દી જવાની ઇચ્છાવાળા સૌધર્મેન્દ્ર સમક્ષ જાણે પુણ્યનો પિંડ હોય તેમ શ્વેત કાંતિના સમૂહથી દેદીપ્યમાન કોઈ એક દેવ ઐરાવણ હસ્તીનું સ્વરૂપ ધારણ કરીને ઊભો રહ્યો. બાદ મેરુપર્વતની સાથે સ્પર્ધા કરનાર કૈલાસ (વૈતાઢ્ય) પર્વત સરખા તે હસ્તીએ લાખ યોજન પ્રમાણ અને વિશાળ દંતશૂળ યુક્ત ઉજ્જ્વળ કાંતિમાન શરીર ધારણ કર્યું. શ્રી જિનેશ્વર પરમાત્મા પ્રત્યેના ધ્યાનથી સૌધર્મેંદ્રના પુણ્યરાશિ સરખા તે ઐરાવણ હસ્તીની ચંદ્ર જેવી ઉજ્જ્વળ કાંતિરાશિથી દિશાઓ શોભી ઊઠી. બાદ ઐરાવણ હસ્તીના વિશાળ કર્ણરૂપી પંખાના ચાલવાથી પવનો, ત્વરાથી ચાલતા દેવસમૂહના થાકજન્ય પ્રસ્વેદના મર્મસ્થળોને ભેદવાને માટે વાવા લાગ્યા. જયલક્ષ્મી અને પરાક્રમલક્ષ્મીના વિલાસથી ચરણમાં લગાડેલ અળતાના રંગથી રક્તવર્ણા બનેલા ક્રીડાપર્વત સરખા તે હસ્તીના બંને કુંભસ્થળો સિંદૂરથી રંગાયેલા હતા. તેના કર્ણના હલનચલનથી વાતા પવનને લીધે શ્યામ કાંતિવાળા મદજન્ય બિંદુઓ ચારે બાજુ ખરી પડતા હતા તે જાણે કે પરમાત્માની સેવા કરવામાં રસિક દેવોના દેહ પરથી નીચે પડી જતા દુષ્કર્મ (અશુભ કર્મ)ના અંશો હોય તેમ જણાતું હતું. માણેકના સમૂહથી જડેલા અને કમળના આસન સરખા સુવર્ણના પટ્ટવડે મનોહર દેખાતા આઠ મુખોને, જાણે તે દ્વારા આઠે દિશાઓને ચુંબન કરવા ઇચ્છતો હોય તેમ તે મદઝરતાં ઐરાવણ હસ્તીએ ધારણ કર્યાં. બાદ તેણે દરેક મુખે વિશાળ, લાંબા અને દૂધના જેવા ઉજ્જ્વળ કાંતિવાળા આઠ આઠ દંતુશૂળ ધારણ કર્યાં તે જાણે કે ચોસઠ ઇંદ્રોના ચિત્તને વિસ્મય પમાડવા ધારણ કર્યાં હોય તેમ જણાતું હતું. તે દરેક દંતશૂળ ઉપર નવ અમૃત

કુંડોને અનેક સ્વરૂપે બનાવીને વાવડીઓની રચના કરી અને તે દરેક વાવડીઓને વિષે ઉલ્લસિત જળદેવીના મુખ જેવા આઠ-આઠ કમળોને ધારણ કર્યાં. બાદ તે દરેક કમળોને વિષે આઠ દિશાઓરૂપી પલ્લવવાળા, વિશાળ અને સુંદર કળા યુક્ત આઠ આઠ પત્રોને વિકુર્વ્યાં અને તે દરેક પત્રો પર પોતાની બુદ્ધિના આઠ ગુણ સરખા અને કલ્યાણકારક આઠ-આઠ નાટકોની રચના કરી, તે દરેક નાટકોને વિષે બત્રીશ-બત્રીશ પાત્રો ચાર પ્રકારના અભિનય દર્શાવતા હતા જેને જોવાથી હજાર નેત્રવાળા ઇંદ્રે પણ પોતાના સહસ્ર નેત્રોનું સાર્થક્ય માન્યું. વિકસિત તેમજ આશ્ચર્યકારક દંતુશૂળના સમૂહને અંગે જાણે ઉત્તમ ભાવનાના અંકુરા પ્રગટ્યા હોય તેવા ઐરાવણ હસ્તી ઉપર સૌધર્મેંદ્ર અગ્ર આસન પર બિરાજ્યા. આ પ્રમાણે જ્યારે સૌધર્મેંદ્ર સપરિવાર તે ઐરાવણ હસ્તીની પીઠ પર આરૂઢ થયા ત્યારે તે નાટકોને જોવાને કુતુહલવાળા તેમજ, ઉત્સવના વખાણ કરતા દેવોથી પરિવરેલો મેઘ જેવી કાંતિવાળો તે ઐરાવણ હસ્તી સૌધર્મ દેવલોકથી ચાલ્યો. 'પરમાત્માની પાસે ગુરુપણું-મોટાપણું નિંદવા લાયક છે' એમ વિચારીને માર્ગમાં ગમન કરતો તે ઐરાવણ હસ્તી પાલક વિમાન પેઠે પગલે-પગલે ન્યૂન બનીને પરમાત્માથી પવિત્ર બનેલા સ્થાનમાં અનુક્રમે આવી પહોંચ્યો.

આ બાજુ પોતપોતાની ભક્તિને પરસ્પર દર્શાવવાના હેતુથી બાકીના બીજા ઇંદ્રો પણ વિવિધ નૂતન ઉત્સવપૂર્વક પરમાત્માથી પાવન થયેલા સ્થાનમાં આવી પહોંચ્યા. જેમ સૂર્યનાં કિરણો અંધકારને દૂર કરે તેમ વાયુકુમાર દેવોએ રજ, તૃણ અને કંટકાદિને દૂર કરીને સમવસરણની ભૂમિને લાયક એક યોજન પ્રમાણ ભૂમિપ્રદેશ, નિષ્પાપ બનેલા આત્માની માફક પવિત્ર બનાવ્યો-સ્વચ્છ બનાવ્યો. બાદ મેઘકુમાર દેવોએ સુગંધી જળની સુંદર વૃષ્ટિ કરી તે જાણે કે પૃથ્વીના પરમાત્મા પ્રત્યેના વિશિષ્ટ પ્રેમભાવને અંગે જ બહાર નીકળી આવેલ પાપના સમૂહ સરખા જળબિંદુઓ હોય તેમ જણાતી હતી.

**સમવસરણની રચના—**

બાદ વ્યંતર નિકાયના દેવોએ અદ્‌ભુત ભક્તિપુરસ્સર સુવર્ણ અને વિવિધ જાતિનાં મણિઓથી સમવસરણને માટે ભૂમિતળ બાંધ્યું અને તેમ કરીને સાથોસાથ પોતાની પુણ્યશ્રેણીની પણ રચના કરી. બાદ તે વ્યંતર દેવોએ તે સ્થાનમાં જેના ડીંટ નીચે છે તેવા સ્થળ અને જળમાં ઉત્પન્ન થયેલા પાંચ પ્રકારના સુવાસિત પુષ્પોની જાનુપ્રમાણ વૃષ્ટિ કરી. પરમાત્માના અતિશયને કારણે પુષ્પસમૂહે પોતાના બંધનો (ડીંટ) ચોક્કસપણે નીચે કર્યાં અને જાણે કે પરમાત્માના કેવળજ્ઞાનરૂપી તેજને નીરખવાને માટે જ હોય તેમ પોતાના વિકસિત મુખને ઊંચા રાખ્યા (ધારણ કર્યાં). આ જગતી-ભૂમિતલ ઉપર ભુવનપતિ દેવોએ સુવર્ણના કાંગરાવાળા રજતમય ગઢની રચના કરી તે જાણે કે રત્નપ્રકાશવડે પીતવર્ણા મસ્તકવાળા ધરણેંદ્રે પરમાત્માના ભક્તોને પાપ રહિત બનાવવાને માટે ગોળ આકૃતિ ધારણ કરી હોય તેમ

જણાતું હતું. જ્યોતિષી દેવોએ પોતાના દેહમાંથી પ્રગટેલ અને પિંડરૂપ બનેલ જ્યોતિ સરખા સુવર્ણસમૂહથી તે પ્રથમ ગઢની અંદર પ્રભુને બેસવાના દેવચ્છંદક સહિત પૃથ્વીતલ પર રહેલ અતિ ઉન્નત મેરુપર્વત સરખા સુવર્ણગઢની (બીજા ગઢની) શીઘ્ર રચના કરી. બાદ તેઓએ તે ગઢ ઉપર મણિઓના કાંગરા બનાવ્યા કે જેની કાંતિ જાસુદના ફૂલોની શોભા કરતાં પણ ચઢિયાતી હતી અને તેનું દશ્ય ત્રણ ભુવનના પ્રાણીઓના મંગળમય દિવસની શરૂઆતમાં—પ્રાતઃકાળમાં પ્રગટેલ સંધ્યા જેવું સુંદર જણાતું હતું. તે બીજા દુર્ગની અંદર પણ પરમાત્માને બેસવાના ભૂપીઠને છોડીને વૈમાનિક દેવોએ શ્રેષ્ઠ રત્નમય ત્રીજો ગઢ રચ્યો કે જેનું તેજ મધ્યાહ્ન સમયે પણ દિવસના પ્રારંભકાળની સૂર્યકાંતિ સરખું જણાતું હતું. તે રત્નમય દુર્ગ પર તેઓએ માણિક્યના કાંગરા રચ્યા કે જેનું તેજ સ્વામીના યશરૂપી જળથી પરિપૂર્ણ ગગનરૂપી સાગરમાં પરવાળાના પલ્લવ સરખું શોભતું હતું. તે ત્રીજા ગઢમાં પણ પરમાત્માને બિરાજવા માટેનો ભૂભાગ છોડી દઈને વ્યંતર દેવોએ સ્વામી પ્રત્યેની અસાધારણ ભક્તિની રચના સરખી મણિમય પીઠિકા બાંધી. ત્રણે ગઢની આસપાસ રચાયેલ અને પોતાના કિરણોદ્વારા અંધકારસમૂહને દૂર કરનાર સુવર્ણ તથા મણિના કાંગરાઓ શોભી રહ્યા હતા તે જાણે કે લોકાલોકને પ્રકાશિત કરનાર કેવળજ્ઞાનથી યુક્ત, આપ્તજનોના પણ સ્વામી પરમાત્મા પાસે આવેલ દ્વીપાધિપતિ અને સમુદ્રના સ્વામી સરખા જણાતા હતા. બાદ દરેક ગઢમાં તે ગઢની દીવાલ કરતાં કંઈક ઊંચા અને ધ્વજથી શોભતા ઝરૂખાવાળા ચાર-ચાર દરવાજાઓ કર્યા તે જાણે કે બાર દેવલોકથી આવેલી લક્ષ્મીના ક્રીડાસ્થાનો હોય તેમ જણાતા હતા. દરેક દરવાજે વ્યંતર દેવોએ રચેલા રત્ન ને સુવર્ણના તોરણો શોભી રહ્યા હતા તે જાણે કે બારે દેવલોકની લક્ષ્મીએ (પરમાત્માની પર્યુપાસના માટે) પોતપોતાની કંઠી લટકાવી હોય તેમ જણાતું હતું. તે તોરણોવાળા સ્થંભના અગ્રભાગ પર ફરફરતી ધ્વજાઓ અને સુવર્ણકળશો શોભી રહ્યા હતા તે જાણે કે તીર્થંકરનામકર્મરૂપી વૃક્ષને પ્રગટેલ પાંદડાઓ અને ફળસ્વરૂપ જણાતા હતા. તે સ્તંભો ઉપર શરદ્ ઋતુના ચંદ્ર સમાન કાંતિવાળા છત્રો તેમજ ઉત્તમ પ્રકારના રત્નોના સમૂહથી બનાવેલ પૂતળીઓ શોભી રહી હતી તે જાણે કે પરમાત્માની સમક્ષ ઉલ્લાસ પામતા દેવગણરૂપી સાગરમાં (છત્રો) ફીણના સમૂહરૂપ અને (પૂતળીઓ) જળમાનુષી સ્વરૂપ જણાતી હતી.

'સમવસરણની રચનામાં મારા મણિસમૂહનો યથેચ્છ ઉપયોગ કરો' એમ દેવોને કહેવાને માટે જ હોય તેમ સમુદ્રદ્વારા પ્રેરાયેલ મકરાકૃતિ મગરમચ્છો તે સ્થંભો ઉપર શોભી રહ્યા હતા. તોરણના મધ્યભાગમાં સ્વસ્તિક વિગેરે અષ્ટ મંગળની રચના કરવામાં આવી તે જાણે કે આઠ કર્મના જયથી પ્રગટેલ અને આઠે દિશામાં પ્રસરેલ પરમાત્માની કીર્તિરૂપી લતાના આઠ બીજ સમાન જણાતા હતા. દરેક દરવાજે તોરણની નીચે સુંદર ફળવાળા કેળના સ્થંભો સ્થાપવામાં આવ્યા, કે જેના વાયુવડે ફરફરતાં પર્ણસમૂહો સમવસરણમાં આવેલ પ્રાણીગણના

સંતાપની શાંતિને માટે વીંઝણા સરખા જણાતા હતા. આંબાના પાંદડા અને ફળોની રચવામાં આવેલ તેમ જ અંદરથી વાળેલી ત્રણ ત્રણ કમાનો દરેક તોરણે શોભી રહી હતી, તે જાણે કે ત્રણ જગતના સ્વામી પરમાત્માની ગુણલક્ષ્મીને હીંચકવાને માટે વાયુકુમાર દેવોએ બનાવી હોય તેમ ચપળ હીંચકા સમાન જણાતી હતી. દરવાજાના તોરણોની બંને બાજુ શરદ્ ઋતુની ચંદ્રિકા જેવા નિર્મળ સ્ફટિક રત્નોની નવ-નવ વેદિકાઓ શોભતી હતી તે જાણે કે ચારે દિશાઓમાંથી આવેલા ત્રણ ભુવનના સ્ત્રી-પુરુષોને ઉપદેશ આપવાને માટે નવ તત્ત્વના સમૂહ સરખી હોય તેમ શોભતી હતી. ત્રણ લોકના જનસમૂહનું કલ્યાણ કરનાર, નેત્રને પ્રિય લાગે તેવી નજીકની વેદિકા તેમજ તે વેદિકા પર રહેલ જવાંકુરો પ્રાણીવર્ગને પ્રમોદ પમાડી રહ્યા હતા. અને તે જવો, જાણે કે પરમાત્માના યશની સાથે મિત્રાચારી થવાથી ચંદ્રે પોતાના કિરણો વહેંચીને સમવસરણના દરેક દરવાજે મૂક્યા હોય તેમ દેખાતું હતું. તોરણ યુક્ત સ્તંભોના નીચેના ભાગમાં (મૂળમાં) રહેલ અકેક મંગળકળશ પરમાત્માની કીર્તિરૂપી લતાના વિસ્તૃત અંકુરા સમાન જણાતા હતા. દરેક તોરણવાળા સ્થંભે સુવર્ણમય ધૂપઘટી (ધૂપદાની) મૂકવામાં આવી જેની ધૂમશ્રેણી દિશારૂપી સ્ત્રીઓને કસ્તૂરીની પત્રરચના સમાન બની હતી. બાદ ત્રણે ગઢમાં અને પાદપીઠ પર એક હાથ ઊંચા અને એક હાથ પહોળા [1]આત્માંગુલના પ્રમાણવાળા મણિમય પગથિયાઓની રચના કરી. રૂપાના વિશાળ ગઢની અંદર બંને બાજુ વાવડીઓ શોભી રહી હતી અને તે પ્રફુલ્લ સુવર્ણકમળરૂપી મુખવાળી વાવડીઓ ભમરાઓના ગુંજનરૂપી ધ્વનિદ્વારા ભવ્ય પ્રાણીઓનું સ્વાગત કરી રહી હતી. સુવર્ણમય પગથિયાદ્વારા સુખપૂર્વક અંદર ઊતરી શકાય તેવી, પાતાળ પર્યન્ત સ્વાદીષ્ટ જળથી પરિપૂર્ણ અને લોકોની સ્નાનદ્વારા નિર્મળતા કરનાર તેમજ તૃષાને દૂર કરનાર આ પૃથ્વીતલ પર રહેલ વાવોએ અમૃતનો પણ તિરસ્કાર કર્યો. તે વાવોનું પાણી જોવા માત્રથી ચિત્તને આહ્લાદ આપનાર, સ્પર્શ કરવાથી ખેદને દૂર કરનાર અને પાન માત્રથી નિરોગી કરનાર હતું. બાદ બીજા ગઢના ઈશાન ખૂણામાં સ્વામીના વિશ્રામને માટે **દેવચ્છંદ** શોભી રહ્યો હતો તે જાણે કે સર્વાર્થસિદ્ધ વિમાન અત્યંત ઉત્સાહપૂર્વક તે દેવચ્છંદકના પ્રમાણવાળું બનીને શ્રી ઋષભદેવ સમક્ષ આવ્યું હોય તેમ જણાતું હતું.

રત્નમય પ્રથમ ગઢના પૂર્વ દ્વારમાં સુવર્ણના જેવા વર્ણવાળા બે વૈમાનિક દેવો, દક્ષિણ દ્વારમાં હિમ (બરફ) જેવા ઉજ્જ્વળ વર્ણવાળા બે વ્યંતર દેવો, પશ્ચિમ દ્વારમાં પ્રભાતકાળના સૂર્ય સરખા રક્તવર્ણી બે જ્યોતિષી દેવો અને ઉત્તર દ્વારમાં વર્ષાઋતુના મેઘ સરખી શ્યામ કાંતિવાળા બે ભવનપતિ દેવો દ્વારપાળો તરીકે, જાણે એકબીજાના પ્રતિબિંબ હોય તેમ, ઊભા રહ્યા હતા. બીજા સુવર્ણ ગઢની પૂર્વાદિ ચારે દિશાઓના દ્વારમાં બંને બાજુ અનુક્રમે પાશ,

૧. જે જે તીર્થંકરનું સમવસરણ રચાવાનું હોય તેમના દેહની ઊંચાઈનું જે પ્રમાણ હોય તેટલું પ્રમાણ એક આત્માંગુલ કહેવાય. શ્રી ઋષભદેવની ૫૦૦ ધનુષ્ય પ્રમાણ ઊંચાઈ અને શ્રી મહાવીર પરમાત્માની સાત હાથ જેટલી ઊંચાઈ તે તેમનું એક આત્માંગુલ કહેવાય.

અંકુશ, અભય અને મુદ્‌ગરને ધારણ કરનારી **જયા, વિજયા, અજિતા** અને **અપરાજિતા** નામની ચારે નિકાયની બબ્બે દેવીઓ પ્રતિહારિણીરૂપે ઊભી રહી હતી. આ દેવીઓ અનુક્રમે ચંદ્ર, અરુણ, સુવર્ણ અને મેઘ જેવી કાંતિવાળી દેખાતી હતી અને તે સર્વના ચારે હસ્તોમાં ઉપર્યુક્ત પાશ, અંકુશ ઇત્યાદિ આયુધો સરખા પ્રમાણવાળા હતા. ત્રીજા રૂપાના ગઢમાં ચારે દ્વારોને વિષે **મનુષ્ય મસ્તક-માળાધારી, ખટ્‌વાંગધારી, જટાધર** અને **તુંબરુ** નામના ચાર દેવો શંકરની માફક દ્વારપાળ થઈને ઊભા રહ્યા હતા. આ સર્વ પ્રતિહારીઓ દિવ્ય વસ્ત્ર તથા આભૂષણોથી મનોહર, હાથમાં સુવર્ણની છડીવાળા અને ભૂમિને સ્પર્શ નહીં કરનારા હતા.

રત્નમય ગઢની અંદર મણિપીઠને સુશોભિત બનાવતું ત્રણ કોશ ઊંચું વ્યંતર દેવોએ કરેલું વિશાળ **અશોકવૃક્ષ** પોતાના રક્તવર્ણા નવીન પર્ણસમૂહોથી દેવાંગનાઓના હસ્તરૂપી કિસલયને જીતી લેવાના બહાનાથી જાણે નૃત્ય કરતું હોય તેમ જણાતું હતું. સૂર્યના ઉગ્ર કિરણોથી આ ચૈત્યવૃક્ષની કોમળ પત્રપંક્તિ ચીમળાઈ ન જાય એમ વિચારીને બીજા વટવૃક્ષે પોતાની ડાળીઓ દ્વારા તેને ઢાંકી દીધું હતું. આ અશોકવૃક્ષની ચારે બાજુ વ્યંતરોએ શીઘ્ર બનાવેલાં મણિમય સિંહાસનો શોભી રહ્યા હતા તે જાણે કે ચાર પ્રકાર-(દાન, શીલ, તપ અને ભાવ)ની ધર્મલક્ષ્મીના લલાટપ્રદેશના તીલક હોય તેમ લાગતા હતા. આ દરેક સિંહાસનોની ઉપર ચંદ્ર જેવી કાંતિવાળા ત્રણ-ત્રણ છત્રો શોભી રહ્યા હતા તે (છત્ર) જાણે કે પોતાનો સ્વામી ચંદ્ર હોય તેમ જાણીને-વિચારીને તારાઓનો સમૂહ મોતીઓના મિષથી ચાર બાજુ વીંટળાઈ વળ્યો હોય તેમ જણાતું હતું. આ સિંહાસનોની બંને બાજુએ શ્વેત કાંતિવાળા બબ્બે યક્ષો ચામર ધારણ કરીને ઊભા રહ્યા હતા તે જાણે કે પરમાત્માની ત્રણ લોકમાં વ્યાપી રહેલ અસાધારણ કીર્તિની વાનકીને દર્શાવી રહ્યા હતા. તે સમયે પરમાત્માની પર્યુપાસના માટે ઉત્કંઠિત થયેલ છએ ઋતુઓ એકી સાથે આવી પહોંચી. **પરમાત્માની સમીપે પરસ્પર વિરોધ કેમ હોઈ શકે ?** બીજા દેવવૃક્ષોની સાથે સાથે દશ પ્રકારનાં કલ્પવૃક્ષો પણ સમવસરણ ભૂમિમાં આવી પહોંચ્યા તે જાણે કે પરમાત્મા પાસે કલ્પના (ઇચ્છા) કરતાં પણ વિશેષ આપવાના દાન-પ્રકારને જાણવાને આવ્યા હોય તેમ જણાતું હતું.

સમવસરણના મુખ્ય દ્વાર પર વ્યંતર દેવોએ સુવર્ણકમળમાં રહેલ, અદ્‌ભુત કાંતિવાળું અને નૂતન સૂર્ય સદેશ **ધર્મચક્ર** પ્રબળ મિથ્યાત્વરૂપી અંધકારને ભેદવાને માટે રચ્યું. બાદ ગઢ સિવાયનું બીજું બધું કાર્ય ઉદ્યમશીલ વ્યંતરદેવોએ શીઘ્ર કર્યું. **પુણ્યથી પ્રાપ્ત થઈ શકે તેવા મહાપુણ્યોપાર્જનના કાર્યમાં કદી પણ વિચક્ષણ પુરુષ પ્રમાદ કરે ?** અર્થાત્ નહીં જ.

આ બાજુ જયજયારવ કરતાં તેમજ અંજલિ જોડી પ્રણામ કરતાં દેવસમૂહથી પરવરેલા ત્રિભુવનસ્વામી, દેવોએ વિકુર્વેલા નવ સુવર્ણકમળો પર પાદન્યાસ કરતાં પ્રભાતસમયે સમવસરણમાં બિરાજવા માટે ચાલ્યા ત્યારે દેવો તે તે કમળોને આગળ આગળ લઈ જવા

લાગ્યા. આકાશમાં રહેલા કેટલાક દેવોએ વાજીંત્રના ધ્વનિ તથા દુંદુભીના નાદ દ્વારા ગગનને પણ પરમાત્માની પ્રાર્થના કરતું હોય તેવું દર્શાવવા લાગ્યા. કેટલાક દેવોએ વસ્ત્રક્ષેપદ્વારા આઠે દિશાઓને વસ્ત્રવાળી બનાવી. કેટલાક હર્ષાન્વિત બનેલા દેવોએ સંગીતદ્વારા અમૃતની વૃષ્ટિ કરી. રાસ લેવાને માટે પ્રગટેલ વિવિધ હાવભાવવાળી ઇંદ્રાણીઓના સમૂહે સ્વામીના ગુણરાશિની સ્તુતિ કરવાને અર્થે તાલપૂર્વક અપાતી તાલીને અંગે ધ્વનિ કરતાં કંકણોના શબ્દના શ્રવણ માત્રથી કાગડા તથા ઘૂવડોને ભયભીત કરનાર તેમજ જનસમૂહના ચિત્તને પ્રમોદ પમાડનાર રાસડાઓ શરૂ કર્યાં. વળી અતિતુષ્ટ બનેલા દેવોએ તે સમયે આનંદરૂપી નૂતન અંકુરાઓના સમૂહને વિકસિત કરનાર અનેક છંદોદ્વારા પરમાત્માની નીચે પ્રમાણે સ્તુતિ કરી.

**દેવોએ સ્વામીની કરેલી સ્તુતિ–**

"હે સ્વામિન્! નિરંતર ઇંદ્રિયોને વશ થયેલા મુનિજનોને આ સંસારસાગરથી તમે કઈ એવી સુંદર કળાદ્વારા શીઘ્ર તારો છો? હે પ્રભો! વિનયથી તેમજ નીતિથી જનસમૂહને શાશ્વત સિદ્ધિસુખને પ્રાપ્ત કરાવતી, આપની કમળાસનસ્થિત લક્ષ્મી કયા વિવેકીજનને આકર્ષશે? અર્થાત્ ન જ આકર્ષે, કારણ કે લક્ષ્મીની પ્રાપ્તિ સંસારવૃદ્ધિના હેતુભૂત છે તેથી આપને પ્રણામ કરતાં એવા મને તે લક્ષ્મી ઇષ્ટ નથી તેમજ કલ્પવૃક્ષ, કામધેનુ, ચિંતામણિરત્ન, દેવાંગનાઓની સુંદરતા પણ મને પ્રેમ ઉપજાવી શકતાં નથી. હે નારકી જીવોનો ઉદ્ધાર કરનારા પ્રભુ! તમારો યશરૂપી ચંદ્ર વિસ્તાર પામ્યે છતે ચંદ્ર તારાના સ્વરૂપને પામ્યો છે અર્થાત્ ઝંખવાણો પડી ગયો છે અને તેથી જ તમારા પ્રભાવથી વિશાળ એવો સંસારસાગર સૂકાઈ જાય છે. (ચંદ્ર વિકાસ પામે ત્યારે સાગરમાં ભરતી આવે પરંતુ ચંદ્રની કાંતિ ક્ષીણ થતી જાય તેમ તેમ સાગરનો ઉલ્લાસ (ભરતી) ઓછો થતો જાય તેમ અહીં ચંદ્રના અલ્પ પ્રકાશીપણામાં સંસારસાગર કેમ વૃદ્ધિ પામે? અર્થાત્ સંસાર ઓછો-પરિમિત થઈ જ જાય તેમ દર્શાવ્યું છે.) હે જિનેશ્વર! અજ્ઞાનને અંગે હું આપના રહસ્યપૂર્ણ સિદ્ધાંતો જાણતો નથી છતાં પણ સંસારની અવિનશ્વરતા જાણીને પારકાને સંતાપ ઉપજાવનારો મારો વૈરભાવ શીઘ્ર શમી ગયો-નાશ પામી ગયો. હે કૃપાળુ! આપને વિષે શાશ્વત અને ઉપશમ ગુણવાળી મારી મમતાબુદ્ધિ છે તો પણ હે શ્રેષ્ઠ સાધુપુરુષ! કલ્યાણકારી આપ મારો ભવપાર કેમ કરતા નથી? હે ત્રિભુવન સ્વામી! અત્યંત તેજસ્વી અને મુનિજનોથી સ્તુતિ કરાએલ તમારા વિષે જે કોઈ સાધુ લયલીન બને છે તે સુખને અર્પવામાં સૂર્ય સમાન હોવાથી અમારા જેવા ભવ્ય પ્રાણીઓને શું અજ્ઞાનરૂપી અંધકાર અર્પણ કરે? હે સૂર્ય સરખી કાંતિવાળા સ્વામિન્! કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી યુક્ત તમારા ચરણકમળને ઉત્તમ કાંતિવાળા દેવો શું નમ્યા નથી? અર્થાત્ સર્વ દેવોએ નમસ્કાર કરેલ છે. શમરસગુણ યુક્ત દેવોએ કરેલી શ્રી તીર્થંકર પરમાત્માની સ્તુતિ સૂર્ય સદૃશ કાંતિવાળી છે પરન્તુ હું માનું છું કે મોહાંધકારરૂપી દુશ્મનને હણવામાં પરાક્રમશીલ હે પરમાત્મન્! આપની સ્તુતિનું સામર્થ્ય

શાશ્વત સુખને આપનાર છે જ્યારે સૂર્યની કાંતિ અવિચળ સુખ આપી શકતી નથી. જાણે સાક્ષાત્ આનંદજનક પદાર્થોથી જેમની મૂર્તિ નિર્માણ થઈ છે તેવા અને નેત્રને આનંદજનક એવા આપ પ્રભુ શ્રી ઋષભદેવની હું સેવા કરું છું. હે નાથ! આપના દર્શનથી મારા બંને નેત્રોદ્વારા વહેતા હર્ષાશ્રુના મિષથી મેં આ લોક અને પરલોકમાં અમંગળને (અકલ્યાણને) જલાંજલિ (તિલાંજલિ) આપી છે. હે સ્વામિન્! આપના દર્શન કરતાં એવા ભવ્ય પ્રાણીઓનાં મનનું આપ હરણ કરો છો છતાં પણ પંડિત પુરુષો હર્ષપૂર્વક આપના નિઃસ્પૃહપણાની સ્તુતિ કરે છે. હે પરમાત્મન્! આપ મોક્ષરૂપી સુંદરીને દેખાડવામાં સાક્ષીભૂત છો તેથી સેવક સદૃશ આ મારા હૃદયરૂપી મંદિરમાં આપ ધારણ કરાએલ છો. હે સ્વામિન્! આપના દર્શનથી મારો હર્ષાશ્રુ પ્રવાહ તથા પ્રકારે વહ્યો કે જેણે સંસારરૂપી વૃક્ષને જડમૂળમાંથી ઉખેડી નાખ્યું. તમારી સમક્ષ હર્ષથી રોમાંચિત થયેલ ભવ્ય પ્રાણીઓ મોહરૂપી દુશ્મનને ભેદવા માટે જાણે લોઢાના કવચ યુક્ત હોય તેમ શોભી રહ્યા છે. હે દેવ! તમો અનંત સુખના નિધાન છો તે વાત ખરેખર નિર્ણીત છે કારણ કે તે સુખનું અત્યંત દાન (વિતરણ) કરવા છતાં તે સુખ ન્યૂન થતું નથી. હે નિર્મોહી સ્વામિન્! ભાવપૂર્વક પ્રણામ કરતા એવા મારા હર્ષાશ્રુના જળથી આપના ચરણકમળ હમેશાં આર્દ્ર બનો અર્થાત્ હું આપને પ્રતિદિન પ્રણામ કરું. અંતરંગ રિપુઓનો નાશ કરનાર હે ઋષભદેવ! [1]ત્રણ વર્ગથી રહિત આપની આ સ્તુતિ, તેનું પઠન કરનાર પ્રાણીઓને શ્રેષ્ઠ એવું મોક્ષપદ આપે છે.''

**પરમાત્માનો સમવસરણમાં પ્રવેશ—**

આ પ્રમાણે રોમાંચિત ગાત્રવાળા ભાવિક દેવોદ્વારા સ્તવનસમૂહવડે સ્તુતિ કરાતા તેમજ વિશાળ નયનોવાળા એવા તેમનાથી જોવાતા અતિશયધારી પરમાત્મા શ્રી ઋષભદેવ પૂર્વદિશાના દ્વારથી સમવસરણમાં દાખલ થયા. બાદ ચૈત્યવૃક્ષને પ્રદક્ષિણા આપીને તેમજ ''तीर्थाय नमः'' એ પ્રમાણે બોલતાં પ્રભુ, જેવી રીતે વિદ્વાન પુરુષનાં હૃદયમાં વિવેક સ્થાન લે તેમ સિંહાસન પર પૂર્વાભિમુખે બિરાજ્યા; એટલે તરત જ વ્યંતર દેવોએ શેષ ત્રણ દિશાઓમાં પરમાત્માની જેવા રૂપવાળાં ત્રણ પ્રતિબિંબો વિકુર્વ્યાં અને એ પ્રમાણે જાણે ચાર પ્રકારના (દાન, શિયલ, તપ અને ભાવ) ધર્મનો જ ઉપદેશ આપવાનો હોય તેમ પ્રભુ ચતુર્મુખ બન્યા. વ્યંતરોએ પરમાત્માના વિકુર્વેલા પ્રતિબિંબોમાં અને પરમાત્માના મૂળ રૂપમાં કોઈપણ પ્રકારનું ભિન્નપણું કોઈ પણ જોઈ શક્યા નહીં તે ખરેખર ત્રણ ભુવનના સ્વામી પરમાત્માનો જ પ્રભાવ હતો. પ્રભુના મસ્તકની પાછળના ભાગમાં ભામંડલ પ્રગટ્યું તે જાણે કે આંતરિક અજ્ઞાનરૂપી અંધકારને શાંત

---

૧. क, च, ट તે ત્રણ વર્ગના વ્યંજનોથી રહિત એટલે क થી પ્રારંભી ण સુધીના ૧૫ વ્યંજનો રહિત. આ દેવકૃત સ્તુતિના મૂળ સંસ્કૃત શ્લોકોમાં આ ૧૫ વ્યંજનોનો ઉપયોગ જ કરવામાં આવ્યો નથી, જે કર્તાપુરુષની ચમત્કૃતિ દર્શાવે છે.

કરવાનું શિક્ષણ લેવાને માટે સૂર્ય પોતે જ આવ્યો હોય તેમ જણાતું હતું. વળી પરમાત્માની ગુણશ્રેણીથી બધી દિશાઓને પરિપૂર્ણ કરતો અને વર્ષાઋતુના મેઘની જેવા ગંભીર નાદને કરતો દેવદુંદુભી આકાશપથમાં મનોહર સ્વરથી વાગવા લાગ્યો. દરેક દિશાઓમાં રહેલા દરવાજાઓની બહાર આકાશપથમાં હજારો નાની નાની ધ્વજાઓથી વ્યાપ્ત એવા ઇંદ્રધ્વજો શોભી રહ્યા હતા અને તે ધ્વજોની અંદર રહેલ પતાકાઓ જાણે ગગનમંડપમાં ફેલાયેલ પરમાત્માની કીર્તિરૂપી લતાના પાંદડા હોય તેમ જણાતી હતી. દેવો, મનુષ્યો અને અસુરોનાં વાહનો રૂપાના પ્રથમ ગઢમાં રહ્યા અને જાતિવૈરવિહીન બનેલા તિર્યંચો (મૃગ, સિંહ, સર્પ, નોળીયો ઇત્યાદિ) બીજા સુવર્ણ દુર્ગમાં રહ્યા. અગ્નિખૂણ આદિ ચારે વિદિશાઓમાં ત્રણ-ત્રણ પર્ષદા એ પ્રમાણે રત્નમય વપ્રની અંદર બાર પ્રકારની પર્ષદા શોભી રહી હતી. પૂર્વદિશાના દ્વારથી દાખલ થઈને, ત્રણ, ત્રણ પ્રદક્ષિણા આપીને અને પરમાત્મા તથા તીર્થને નમસ્કાર કરીને પરમાત્માના મુખરૂપી ચંદ્રને નીરખવાથી હર્ષિત બનેલ લોચનવાળી વૈમાનિક દેવીઓ સાધુ તેમજ સાધ્વીઓના સ્થાનને બાજુએ રાખીને તે બંનેની મધ્યમાં અગ્નિદિશામાં ઊભી રહી. ભુવનપતિ, જ્યોતિષી અને વ્યંતરની દેવીઓ દક્ષિણ દિશાના દરવાજાથી પ્રવેશ કરીને, પૂર્વની વિધિ પ્રમાણે આચરણ કરીને ક્રમપૂર્વક નૈઋર્ત્ય ખૂણામાં ઊભી રહી. પશ્ચિમ દિશાના દ્વારથી ભુવનપતિ, જ્યોતિષી અને વ્યંતર નિકાયના દેવો દાખલ થઈને, પૂર્વની વિધિ પ્રમાણે પ્રદક્ષિણા આદિ વિધિ કરીને વાયવ્ય ખૂણામાં બેઠા. કલ્પોપન્ન વૈમાનિક દેવો, મનુષ્યો અને નારીઓએ ઉત્તર દિશાના દરવાજાથી પ્રવેશ કરીને ઇશાન ખૂણામાં સ્થાન લીધું પરન્તુ નારીઓ ઊભી રહી. તે સમવસરણમાં પૂર્વે આવેલ અલ્પ ઋદ્ધિવાળો દેવ પાછળથી આવતાં મહર્દ્ધિક દેવને નમસ્કાર કરતો અને ત્યાં રહેલા તથાપ્રકારના વિનયના આવાસભૂત તેને પ્રણામ કરીને પછી પર્ષદામાંથી બહાર જતો. પૂર્વે આવેલ મહર્દ્ધિક દેવ પાછળથી આવતા અલ્પ ઋદ્ધિવાળા દેવને સાધર્મિક જાણીને પ્રસન્નતાપૂર્વક બહુમાનપુરસ્સર આવકાર આપતો. વળી તે સમવસરણભૂમિમાં વિકથા, ભય, પીડા કે ઇર્ષ્યાભાવ નહોતો એટલું જ નહીં પરન્તુ કોટિગમે તિર્યંચો, મનુષ્યો અને દેવો હોવા છતાં તેઓને પરસ્પર પીડા પણ થતી નહોતી. સમવસરણના બાહ્ય પ્રદેશમાં કેટલાએક જતા અને કેટલાએક આવતા તિર્યંચો, મનુષ્યો અને દેવોની સંખ્યાની કંઈ ગણત્રી જ થઈ શકતી નહોતી. બાદ પોતાના હૃદયમાં પ્રકાશિત થયેલ પ્રભુ પ્રત્યેના સદ્ભાવરૂપી સૂર્યની ભીતિથી ભયભીત બનેલ અંધકાર સમાન રોમાંચવાળા સૌધર્મેંદ્રે બે હાથ જોડીને પરમાત્માની નીચે પ્રમાણે સ્તુતિ કરી.

"સંસારમાં સારભૂત, મોક્ષલક્ષ્મીરૂપી સરોવરને વિષે કમળ સમાન, ધર્મના સ્થાનભૂત એવા મુનિઓના સ્વામી હે પરમાત્મન્! હું આપનું શરણ સ્વીકારું છું. પૃથ્વીની લક્ષ્મી તેમજ સ્વર્ગશ્રીની સાથે સ્વેચ્છાપૂર્વક ક્રીડા કરતાં આપના યશરૂપી ચંદ્રે પ્રફુલ્લિત બનેલ બધી દિશાઓનો આશ્રય એકી સાથે જ લીધો જણાય છે અર્થાત્ આપનો યશ સર્વત્ર વ્યાપી ગયો છે.

કષાય અને વિષયરૂપી દુશ્મનોનું શોષણ કરવાના અપ્રતિમ ભાવને લીધે શોભતા એવા ધર્મચક્રવર્ત્તી આપને પ્રાતઃકાળ, મધ્યાહ્ન અને સંધ્યાકાળે—એમ ત્રણે કાળ ક્ષણે ક્ષણે હું સેવું. મોક્ષલક્ષ્મીરૂપી વેલના આધારભૂત શીલરૂપી શાલવૃક્ષના આશ્રયસ્થાનરૂપ હે સ્વામિન્! આપ નરેંદ્રો અને ઇંદ્રોથી પણ સેવવા લાયક છો. હે કલ્યાણકારક! સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ એ ત્રણે લોકમાં કિરણસમૂહને પ્રગટાવનાર આપ અપ્રતિહત વીર્યવાળા સૂર્ય છો. ભવરૂપી રિપુના વૈરને અવશ્ય દૂર કરનાર હે નાથ! આપ મોક્ષલક્ષ્મીરૂપી રાત્રિના સ્વામી હોવાથી સંસારના દુશ્મનસમૂહને હરી લ્યો-નષ્ટ કરો. કામદેવરૂપી દુશ્મનનો સંહાર કરવાને અંગે અતીવ સાહસવાળા હે ત્રિલોકનાથ! જગતના પાપરાશિને આપ પરિહરો. પાંચે ઇંદ્રિયોના વિષયોને જીતનારા પંચમહાવ્રતધારી જે મુનિજનો *પાંચ વર્ગથી રહિત આ સ્તુતિનું પઠન કરે છે તે શીઘ્ર પંચમી ગતિ (મોક્ષ)ને પ્રાપ્ત કરે છે.'' આ પ્રમાણે પરમાત્મા શ્રીઋષભદેવની સ્તુતિ કરીને સ્વામીના મુખકમળને સહસ્રનેત્રથી નીહાળતા સૌધર્મેંદ્ર નારી, મનુષ્ય, રાજા અને ઇંદ્રોની આગળ ઊભા રહ્યા.

આ બાજુ અયોધ્યા નગરીને વિષે રાજહંસ તુલ્ય તેમજ ભક્તિશાળી ભરત મહારાજા પ્રાતઃકાળે પોતાની પિતામહી (દાદીમા) મરુદેવા માતાના ચરણકમળની સેવા કરવા માટે—વંદન કરવા ગયા, અને કહ્યું કે—“હે માતા! પુત્ર ઋષભદેવના વિરહજન્ય દુઃખથી ઝરતાં અશ્રુજળને લીધે પડળયુક્ત બનેલા નેત્રવાળા તમને આજે તમારો પૌત્ર ભરત તમારા બંને ચરણકમળમાં નમસ્કાર કરે છે.'' આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરીને ભરત મહારાજાએ મરુદેવાને પ્રણામ કર્યા.

**પૌત્ર ભરત પ્રત્યે મરુદેવાએ જણાવેલ સ્વપુત્રની કષ્ટપરંપરા—**

ભરતે પ્રણામ કર્યા બાદ મરુદેવાએ તેને આશીર્વાદ આપ્યો એટલે હર્ષ પામેલા ભરતે તેમને પૂછ્યું કે—“આપને કુશળ છે ને ?'' જવાબમાં મરુદેવાએ જાણે હૃદયમાંથી ઉત્પન્ન થયેલ હોય તેવી પુત્ર ઋષભને થઈ રહેલ સંતાપશ્રેણી વર્ણવતા કહ્યું કે—“હે ગુણશાળી! હમેશાં પ્રાતઃકાળમાં પ્રણામ કરતો તું ‘આપને કુશળ છે ને ?' એ પ્રમાણે પૂછે છે પરન્તુ હે વત્સ! ખેદની વાત છે કે-જેને પોતાના પુત્રે ત્યજી દીધી છે તેવી મને હૃદયમાં શાંતિ ક્યાંથી હોય? કરમાઈ ગયેલ પુષ્પમાળા સરખી મને, દેહમાંથી પ્રગટેલ મળ સરખા તને અને જીર્ણ વસ્ત્ર સરખા રાજવિલાસને ત્યજી દઈને ગહનવનમાં મારો પુત્ર ઋષભ એકાકી ચાલ્યો ગયો છે. તેને જ્યારે હું ભૂખ-તરસથી પીડા પામતો સાંભળું છું ત્યારે પણ, મરણ જેને દુર્લભ છે તેવી હું, ખરેખર ખેદની વાત છે કે, મૃત્યુ પામતી નથી.''

* क, च, ट, त प —આ પાંચ વર્ગના વ્યંજનો રહિત, એક એક વર્ગમાં પાંચ—પાંચ વ્યંજનો હોય છે એ રીતે પચ્ચીસ વ્યંજન વિનાના શેષ રહેલ વ્યંજનો વડે બનાવાયેલ સ્તુતિ. આ સ્તુતિનું મૂળ સંસ્કૃત જોવાથી કર્તાની ખૂબીનો ખ્યાલ આવી શકશે.

ભરતમહારાજા આ પ્રમાણે તેમની સન્મુખ ઊભા હતા ત્યારે સ્વપુત્રના ઐશ્વર્યના સ્મરણ માત્રથી પોતાને શ્રેષ્ઠ સમજતા અને ટપકતાં અશ્રુજલથી આર્દ્ર નેત્રવાળા મરુદેવા આ પ્રમાણે વિલાપ કરતા કહેવા લાગ્યા કે—"ભાઈ ભરત! જે સમયે મારો પુત્ર ઋષભ રાજગાદી પર હતો તે સમયનું તેના મસ્તક પરનું ચંદ્રની કાંતિ સરખું ઉજ્જ્વળ છત્ર ક્યાં અને અત્યારે તાપને લીધે પ્રચંડ બનેલ સૂર્યકિરણોનો સમૂહ ક્યાં? તે સમયે મારા પુત્રને ચામર વીંઝતી સ્ત્રીઓના હાથને વિષે રહેલ કંકણોનો કર્ણપ્રિય ધ્વનિ ક્યાં અને હમણાં મચ્છરોની શ્રેણીથી કરાતો ગણગણાટનો અપ્રિય અવાજ ક્યાં? પૂર્વે રથ અને હસ્તી પર બિરાજીને સુખપૂર્વક વિચરવું ક્યાં અને હાલમાં ઉપાનહ (જોડા) વિનાના ચરણદ્વારા ચાલવું ક્યાં? અગાઉનું રાજમહેલને વિષે સિંહાસન પર સુખપૂર્વક બેસવું ક્યાં અને સાંપ્રતકાળે વનમાં રહેતા તેને પર્વતના શિખર પર ઊભા રહેવું તે ક્યાં? પૂર્વે દેવોદ્વારા અર્પણ થતી આહાર અને જળની સામગ્રી ક્યાં અને અત્યારે ભિક્ષાદ્વારા પ્રાપ્ત થતું અને કદાચિત પ્રાપ્ત ન પણ થતું એવું ભોજન ક્યાં? શયનસમયે અપ્સરાઓનું કર્ણને પ્રિય ગીતગાન ક્યાં અને હાલમાં વનમધ્યે શ્રવણને સોય સમાન સંતાપકારી મેઘ અને ઘૂવડનો નાદ ક્યાં? મેઘરાજથી કરાએલ વર્ષાઋતુના પ્રચંડ પવનયુક્ત જળધારાને મારો પુત્ર રાત્રિઓને વિષે પર્વતમાં રહેલા હાથીની માફક સહન કરી રહ્યો છે. વળી વનમાં રહેલ અને વસ્ત્રવિહીન એવો મારો પુત્ર હિમ સરખા પવનના તરંગોથી હેમંતઋતુની રાત્રિઓને વિષે કમળની માફક કષ્ટ સહન કરી રહેલ છે. ગ્રીષ્મઋતુમાં સૂર્યના લાંબા સમય સુધી રહેનારા અત્યંત કઠોર કિરણોથી ગ્લાનિ પામેલ મુખકમળવાળો મારો પુત્ર સરોવરની પેઠે ચારે બાજુથી શોષાઈ રહેલ છે. વસ્ત્ર રહિત, આશ્રય રહિત તેમજ સહાયક વિનાનો મારો પુત્ર પર્વતમાં વસતા ભીલની માફક ત્રણે ઋતુમાં દુઃખ પામી રહ્યો છે. ભરત, બાહુબલી તથા અન્ય પુત્રો પૃથ્વીનું પાલન-પોષણ કરી રહ્યા છે પરન્તુ કોઈપણ મારા પુત્રની સંભાળ લેતું નથી. **ભાગ્યની રચનાને (દુર્દૈવને) ખરેખર ધિક્કાર હો!**" આ પ્રમાણે નિરંતરના સ્મરણથી પુત્ર ઋષભને પોતાની સમક્ષ સાક્ષાત્ ઊભેલો હોય તેમ જાણીને અત્યંત ઉપાલંભપૂર્વક મરુદેવા આ પ્રમાણે કહેતી કે—"નિર્મળ જ્ઞાનનિધાનરૂપ હે પુત્ર! તું કદાપિ દર્શન આપતો નથી. શોકથી વ્યાપ્ત એવી વાત્સલ્યપૂર્ણ માતાને તું શું જાણતો નથી? 'આ ઘરડી ડોશી છે' એમ જો મારા પ્રત્યે તને અવજ્ઞા—તિરસ્કાર હોય તો અસ્પષ્ટ પરન્તુ મિષ્ટવાણી વદનારા પૌત્રો અને પ્રપૌત્રો ઉપર્યુક્ત હકીકત પ્રત્યે તારા મનને શા માટે આકર્ષતા નથી? અર્થાત્ તું પણ વૃદ્ધ થઈશ તે બીના કેમ ભૂલી જાય છે? હે પુત્ર ઋષભ! તું કચ્છ અને મહાકચ્છ વિગેરે રાજસેવકોથી રહિત છો તો ક્રૂર સિંહાદિ પશુથી ભયંકર અરણ્યને વિષે એકલો કઈ રીતે વિચરતો હઈશ? હે પુત્ર! તારી પાછળ આવીને હું તારી સેવા (સંભાળ) કરું પરન્તુ તારા દુઃખને અંગે મને પ્રગટેલ રુદન-અશ્રુથી નેત્રવિહીન બનેલી હું શું કરું? જ્યારે તું રાજ્ય કરતો હતો ત્યારે મને જે સુખ હતું તેના કરતાં, તું જંગલમાં વાસ કરતો હોવાથી અત્યારે કરોડગણું

દુઃખ અનુભવી રહી છું." આ પ્રમાણે પુત્ર દુઃખની કલ્પનાથી ભીરુ બનેલ, મસ્તક ધ્રુજાવતા તેમજ અશ્રુજલથી વસ્ત્રને ભીંજાવતા મરુદેવી માતા વિલાપ કરવા લાગ્યા.

**મરુદેવા પ્રત્યે ભરતનું કથન—**

મરુદેવાના વિલાપથી પ્રગટેલ દુઃખને હૃદયમાં સમાવી દેવાને અતિશય ધૈર્યવાન ભરત મહારાજાએ અંજલી જોડીને અત્યંત આનંદદાયક વાણીદ્વારા તેમને કહ્યું કે—"હે દેવી! મેરુપર્વત સરખા ધીર, વજ્ર જેવા સત્ત્વશાલી એવા ત્રિભુવન સ્વામી શ્રીઋષભદેવની તમે માતા છો તો આવા પ્રકારનાં દુઃખને મનમાં કેમ સ્થાન આપો છો? ત્રણ લોકના મુકુટમણિ સરખા સ્વામીની તમે જનેતા હોવા છતાં શોકથી વ્યાપ્ત બનીને તમે શામાટે ગ્રથિલ (વિહ્વળ) બન્યા છો? શું આકાશમાં ફેલાતા ઝંઝાવાતથી પણ મેરુપર્વતનું શિખર ચલિત થાય? પોતે ત્રણ ભુવનના સ્વામી હોવા છતાં જેનો અંત-છેડો નથી એવી સંસારરૂપી અટવીને ઓળંગવાને ચાહતા સ્વામીએ મોક્ષનગરીએ જવા માટે સમગ્ર વસ્તુસમૂહને ચરણની શૃંખલારૂપ (બંધનરૂપ) માનીને તે સર્વનો ત્યાગ કરેલ છે. જેમના માહાત્મ્યદ્વારા શાંત બની ગયેલ સિંહથી મૃગોને લેશમાત્ર ભય નથી તો વનમાં વિચરતાં તેમને પોતાને નિર્દય પ્રાણીઓદ્વારા ઉપદ્રવ ક્યાંથી હોઈ શકે? હે માતા! અત્યંત દુઃસહ્ય ક્ષુધા, તૃષા, તાપ અને શીત વિગેરે પરીષહો છે તે એકાકી વિચરતા તમારા પુત્રને અશુભ કર્મનો વિનાશ કરવામાં સહાય કરી રહ્યા છે. હે માતા! જેમના નામરૂપી મંત્રના સ્મરણમાત્રથી દુષ્ટ ઉપદ્રવો પ્રજાને પીડી શકતા નથી તે જ ઉપદ્રવોની તમારા પુત્રને વિષે શંકા લાવીને તમો શા માટે દિલગીર બનો છો? સિંહ જંગલમાં વિચરતો હોવા છતાં સેંકડો ગંધહસ્તીઓ સાથે તે એકલો વનરાજ કઈ રીતે લડી શકશે?-એવા પ્રકારની ચિંતા શું સિંહની માતાને કદાપિ હોઈ શકે? જેમનામાં શૌર્યયુક્ત જ્ઞાન, નીતિયુક્ત રાજત્વ, દાનયુક્ત લક્ષ્મી અને શાંતિપ્રધાન તપશ્ચર્યા છે તેવા પુરુષશ્રેષ્ઠને મહાપુણ્યશાલી કોઈક જ નારી જન્મ આપે છે. હે દેવી! તમારો પુત્ર દેવ-દાનવથી અભિષેક કરાયેલ છે તેમજ અપરાજિત છે. તેઓ જે દુષ્કર તપ તપી રહ્યા છે તેનું મહાફળ હવે દૂર નથી."

**કેવળજ્ઞાન અને ચક્રરત્નની ઉત્પત્તિ—**

આ બાજુ જેમ વિવેકવંત પ્રાણીને શમ તથા દમની પ્રાપ્તિ થાય અને પુણ્યવંતને સંપત્તિ તેમજ પ્રતિષ્ઠા ઉભય પ્રાપ્ત થાય તેમ **યમક** અને **શમક** નામના બે પુરુષો ભરત મહારાજા પાસે આવ્યા. બાદ યમકે ભરત મહારાજાને પ્રણામ કરીને જણાવ્યું કે-"હે નરાધિપ! ખરેખર હર્ષની હકીકત છે કે **પુરિમતાલ** નામના શાખાનગરમાં (ઉપનગર-પરું) **શકટાનન** નામના ઉદ્યાનમાં ત્રણ લોકના ભાવને-પદાર્થને જણાવનાર કેવળજ્ઞાન પરમાત્મા શ્રી ઋષભદેવને પ્રગટ્યું છે." યમક બોલી રહ્યો કે તરત જ શમકે પણ નમસ્કાર કરીને નિવેદન કર્યું કે—"હે રાજન્! આપની આયુધશાળામાં સૂર્ય સરખું તેજસ્વી અને ચિત્રવિચિત્ર શોભાવાળું ચક્રરત્ન

પ્રગટ્યું છે.'' આ પ્રમાણે બંને કથન સાંભળીને ભરત મહારાજા વિચારવા લાગ્યા કે-''એક બાજુ શ્રી ઋષભદેવને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ છે અને બીજી બાજુ ચક્રવર્તીના લક્ષણરૂપ ચક્રરત્ન પ્રગટ્યું છે તો તે બંને પૈકી કોનું પૂજન હું કરું?'' આ પ્રમાણે ક્ષણમાત્ર વિચાર્યા બાદ ભરત મહારાજા ફરીથી હૃદયમાં ચિંતવવા લાગ્યા કે-''જગતને અતીવ આનંદ આપનાર પરમાત્મા ક્યાં? અને પ્રાણીઓને ભયપ્રદ એવું આ ચક્રરત્ન ક્યાં?'' આ પ્રમાણે નિર્ણય કરીને પરમાત્માના કેવળજ્ઞાનનો મહોત્સવ કરવાને માટે તેમણે પોતાના સામંતોને પ્રયાણ કરવાની આજ્ઞા આપી. બાદ યમક તેમજ શમક બંનેનું દ્રવ્યાદિકથી સન્માન કરીને વિસર્જન કર્યાં.

**મરુદેવીને ભરતે દેખાડેલ સમવસરણની ઋદ્ધિ–**

બાદ ભરત મહારાજાએ મરુદેવાને કહ્યું કે–''હે માતા! 'મારો પુત્ર અત્યંત દુઃખી છે' એમ કહીને તમારું દુઃખ મને જણાવતા હતા પરન્તુ ભુવનનાથને પણ અપ્રાપ્ય એવું તેમનું ઐશ્વર્ય હમણાં તમે જુઓ'' એ પ્રમાણે સૂચવીને ભરત મહારાજાએ તેમને હસ્તી પર બેસાડ્યા. બાદ સુવર્ણ તથા મણિના આભરણથી પ્રકાશિત સૂર્યનાં કિરણોદ્વારા ચલિત ઇંદ્રધનુષ્યની શોભાને વૃદ્ધિ પમાડતા તેમજ હસ્તી, અશ્વ, રથ અને સૈનિકસમૂહથી પરિવરેલ અને પરમાત્માને નીરખવાને ઉત્કંઠિત બનેલ એવા ભરત મહારાજા મરુદેવાની સાથે ચાલ્યા. આ પ્રમાણે પ્રયાણ કરી પુરિમતાલપુરની નજીકમાં આવેલ ભરતમહારાજાએ સૌથી પ્રથમ ગગનમાં રહેલ મણિધ્વજ (ઇંદ્રધ્વજ)ને જોઈને હસ્તી પર બેઠેલ દાદીમાને કહ્યું કે–''હે માતા! આપની સમક્ષ દેવોએ કરેલ એક-એકથી ઊંચે-ઊંચે રૂપાનો, સોનાનો અને રત્નનો એમ ત્રણ પ્રકારના કિલ્લાઓ છે. તે રત્નના કિલ્લાના મધ્ય ભાગમાં પીઠિકા છે તે તમારા પુત્રની ત્રણ ભુવન ઉપર વર્તતી પ્રભુતાને દર્શાવી રહી છે. હે માતા! 'હું પહેલો, હું પહેલો' એવી ભાવનાથી પરમાત્માની સેવા માટે શીઘ્ર આવી પહોંચતા દેવોના સમૂહનો આ ઉદ્ભવેલો જયજયારવ હમણાં શ્રવણ-પથમાં અમૃતવર્ષા કરી રહેલ છે. આકાશમાં દેવદુંદુભીનો આ પ્રગટેલ ગંભીર અને મધુરનાદ પોતાના ધ્વનિથી દશે દિશાઓને પૂર્ણ કરી રહ્યો છે. જેવી રીતે આષાઢ માસમાં સાગરના મોજાંઓ વૃદ્ધિ પામે છે તેવી રીતે પુનિત આચરણથી અભ્યુદય પામેલ પરમાત્માના પ્રભાવરૂપી સાગરના તરંગસમૂહો વૃદ્ધિ પામી રહ્યા હોય તેમ જણાય છે. હે માતા! દેદીપ્યમાન દુર્ગના કાંગરાઓ, રત્નધ્વજા, તેની સાથે સંલગ્ન થયેલ નાની-નાની ધ્વજાઓ અને દેવોની વિમાનશ્રેણીઓ ધ્વનિ કરતી પોતપોતાની ઘુઘરીઓના અનહદ અવાજદ્વારા તમારા પુત્રની ગુણશ્રેણીને હર્ષપૂર્વક ઉચ્ચ સ્વરે ગાઈ રહી છે. 'સદ્ભાગ્યને અંગે આજે દર્શન કરવા લાયક પરમાત્મા પ્રાપ્ત થયા છે' એમ વિચારીને અત્યંત ઉત્સાહપૂર્વક ચાલી નીકળેલા તેમજ સમવસરણમાં રહેલ અને અત્યંત ઉન્નત શાખાવાળા ચૈત્યવૃક્ષ (અશોકવૃક્ષ)ને દૂરથી જ નીરખીને આશ્ચર્યકારક, હર્ષોત્પાદક તેમજ આકાશપ્રદેશને વાચાલિત કરતા હોય તેવી રીતે

પસાર થતા દેવોના સિંહનાદો દિશા અને વિદિશામાં સંભળાઈ રહ્યા છે. પ્રભુદર્શન માટે ઉત્સુક બનેલ સમગ્ર ઇંદ્રોની શિબિરમાં રહેલ ગાંધર્વ દેવોના દિશાને પરિપૂર્ણ કરતાં વિવિધ પ્રકારનાં વાજીંત્રનાદો અને સદ્ભક્તિને અંગે પરમાત્મા પ્રત્યે ઉચ્ચારાયેલ દેવાંગનાઓનું ભ્રમરના ગુંજારવ જેવું સંગીત સંભળાઈ રહ્યું છે.'' આવા પ્રકારના ધ્વનિના શ્રવણથી પોતાના પુત્રનું અસાધારણ સ્વામીત્વ જાણતાં હર્ષાશ્રુથી મરુદેવા માતાના આંખના પડલ નાશ પામ્યા-ખંસી ગયા.

**તીર્થંકર શ્રી ઋષભદેવની ઋદ્ધિના દર્શનથી અંતકૃત્કેવળી થયેલ મરુદેવા—**

પોતાના પુત્રની અનેક અતિશય યુક્ત તીર્થંકરપણાની લક્ષ્મીને નજરે નીહાળીને અત્યંત હર્ષિત બનેલ મરુદેવા તેમાં જ લયલીન બની ગયા અર્થાત્ એકીટસે નીહાળવા લાગ્યા. આ પ્રમાણે નિરીક્ષણ કરતાં અપૂર્વકરણના ક્રમથી ક્ષપકશ્રેણી પર શીઘ્ર આરૂઢ થયેલ મરુદેવાએ એક જ સમયે સકલ કર્મનો ક્ષય કરીને અપ્રતિપાતી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. ત્યારબાદ હસ્તી પર બેઠા બેઠા જ તેમણે અંતકૃત્કેવળીત્વ પ્રાપ્ત કર્યું અને ભરતના દેખતાં છતાં શાશ્વત એવું સિદ્ધિસ્થાન હસ્તગત કર્યું. આ અવસર્પિણી કાળમાં મરુદેવા માતા પ્રથમ જ મોક્ષગામી થયા જેથી તેમના દેહનું અર્ચન કરીને દેવોએ તેને ક્ષીરસાગરમાં પધરાવ્યું. માતાનું મૃત્યુ તેમજ સાથોસાથ મોક્ષ જાણીને ચંદ્રોદય સમયે અંધકાર તેમજ ચંદ્રિકાથી યુક્ત મધ્યરાત્રિ સરખા જણાતા ભરતમહારાજા શોક તેમજ હર્ષ ઉભયથી વ્યાપ્ત બન્યા. (માતાના મૃત્યુથી શોક પરન્તુ તેમના મોક્ષગમનથી હર્ષ.)

બાદ બધા રાજચિહ્નનો ત્યાગ કરીને પગપાળા ચાલતા પરિવાર યુક્ત ભરત મહારાજાએ, જેમ વિચક્ષણ પુરુષ વિવેકવડે સકલ કષ્ટને શાંત કરનાર પ્રશમસુખને પ્રાપ્ત કરે તેમ ઉત્તર દિશાના દ્વારદ્વારા સમવસરણમાં પ્રવેશ કર્યો. તે સમવસરણને વિષે પ્રવેશ કરીને દાન, શીલ, તપ અને ભાવ—એ ધર્મના ચાર પ્રકારો સરખા ચાર પ્રકારના (ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક) દેવસમૂહોથી ચોતરફ વીંટળાયેલ પરમાત્મા શ્રી ઋષભદેવને ભરતે નીહાળ્યા, એટલે જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી રત્નત્રયીની પ્રાપ્તિમાં પ્રયત્નશીલ પરમાત્માની નજીકમાં, જેમ શ્રેષ્ઠ મંત્ર-યંત્રથી ગુંફિત ॐકાર લક્ષ્મી આપે તેમ ત્રણ પ્રદક્ષિણા આપી. પછી પાંચ ઇંદ્રિયો અને તેના [1]પાંચ વિષયોને જીતીને જેમણે પાંચ મહાવ્રતોનું પાલન કર્યું છે તેવા અને પંચમગતિ(મોક્ષ)ને માટે પ્રયત્નશીલ પરમાત્મા શ્રી આદિદેવને ભરત મહારાજાએ [2]પંચાંગ પ્રણિપાત કર્યો.

---

૧. શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ. તેના પેટા ભેદ ગણતાં પાંચ ઇંદ્રિયોના ત્રેવીશ વિષયો થાય છે.

૨. બે ઢીંચણ, બે હસ્ત અને શીર્ષ—મસ્તકથી કરાતો પ્રણામ તે પંચાંગ પ્રણિપાત.

**ભરત મહારાજાએ કરેલ પરમાત્માની પ્રાર્થના—**

પછી અત્યંત ભક્તિભરપૂર ભરત મહારાજાએ પોતાના પિતાને કેવળજ્ઞાન યુક્ત તેમજ દેવોથી નમસ્કાર કરાતાં જોઈને દીર્ઘ સમય સુધી તેમની નીચે પ્રમાણે સ્તુતિ કરી—

"હે અનંત સુખના નિધિ! હે સ્વામિન્! ત્રણ દુર્ગની મધ્યમાં રહેલ મણિજડિત અને વિશાળ પીઠિકા તેમજ ચારે દિશામાં ચરણ સ્થાપવાને રહેલ પાદાસન યુક્ત ચાર સિંહાસનો પર વિરાજિત, ચતુર્મુખવાળા, ધર્મનો ઉપદેશ આપવામાં રક્ત તેમજ આત્મિક સંપત્તિથી વિભૂષિત આપને જાણીને હે નિર્માય—નિષ્કપટી! હું આપની સ્તુતિ કરું છું. દેવસમૂહથી વૃષ્ટિ કરાયેલ પુષ્પરાશિના બહાનાથી કામદેવના આયુધોને જીતી લઈને જ તે તમારાદ્વારા શીઘ્ર હાંકી કઢાયો તે જયઘોષણાને જગદ્વ્યાપી બનાવવા માટે હર્ષ પામેલા દેવો આ સમવસરણભૂમિમાં દુંદુભી વગાડી રહ્યા છે. હે ત્રણ ભુવનના નાથ! આપના ભામંડલની કાંતિયુક્ત કિરણશ્રેણીના મળવાથી દ્વિગુણ (બેવડો) રક્તવર્ણી બનેલ પર્ણસમૂહવાળો આ અશોકવૃક્ષ, જાણે કે તમારાથી પરાજિત બનેલ રાગ તમારા પ્રત્યેના વાત્સલ્યભાવથી પ્રેરાઈને મૂર્તરૂપે (અશોકવૃક્ષરૂપે) બનીને આપની સેવા કરવા માટે પાછળ આવીને રહેલ હોય તેમ જણાય છે. હે નાથ! આપના દેહને વિષે સંપૂર્ણ નિર્મળતા પ્રાપ્ત કરીને, ત્રણ તત્ત્વના આશ્રયરૂપ, તેમજ આપના મસ્તકપ્રદેશદ્વારા બહાર નીકળેલ શુક્લધ્યાનરૂપી તેજસમૂહ, ત્રણ લોકને પવિત્ર કરવા માટે ઉજ્જ્વલ ત્રણ છત્રના બહાનાથી આપના શિરપ્રદેશ પર વિસ્તાર પામેલ છે તો હે પૂજ્ય! તે મારી ત્રણ પ્રકારની (મન, વચન અને કાયાની) શુદ્ધિને માટે થાઓ. હે દેવ! દેશનારૂપી ગંગા નદીના ઉજ્જ્વળ ફીણસમૂહ સરખા, આપને નીરખવામાં રક્ત બનેલ જનસમૂહના હર્ષિત નેત્રના કિરણસમૂહ સરખા, આપના મુખરૂપી કમળની આસપાસ રહેલા હંસો સરખા તેમજ સરોવરનાં નિર્મળ તરંગો સરખા ચામરો હર્ષિત બનેલ ઇંદ્ર આપની સમક્ષ ઉછાળી રહ્યા છે. હે પ્રભો! કષ્ટદાયી દુર્ગતિમાંથી દેવગતિને પ્રાપ્ત થયો હોઉં, તિમિરાચ્છાદિત પૃથ્વી પીઠ પરથી ચંદ્રલોકમાં પહોંચ્યો હોઉં (અંધકારમાંથી પ્રકાશમાં આવ્યો હોઉં) અને ગ્રીષ્મઋતુના પ્રચંડ દાવાનળમાંથી નીકળીને સુધાસાગરમાં સ્નાન કરતો હોઉં તેમ આપના રૂપના દર્શનથી આજે ખરેખર હું મહાભાગ્યશાળી બન્યો છું. હે સ્વામિન્! આપના મુખદર્શનજન્ય અસાધારણ પ્રભાવને લીધે પ્રીતિ અત્યંત વૃદ્ધિ પામી, મારો ત્રિવિધ તાપ દૂર થઈ ગયો, નેત્રો પ્રકાશિત બન્યા, વાણી ગદ્ગદ્ (સ્પષ્ટ ન બોલી શકે તેવી) બની અને મન વ્યામુગ્ધ બની ગયું પરન્તુ મારો આત્મા કઈ એવી અપૂર્વ અવસ્થાને પ્રાપ્ત થયો છે તે હું જાણી શકતો નથી. હે પ્રભો! તમારા મુખનું દર્શન કરવામાં બંને નેત્રોદ્વારા જે હર્ષ શીઘ્ર વૃદ્ધિ પમાડાયો તે જ હર્ષે અશ્રુજળદ્વારા પાંપણને બંધ કરવાથી કૃતઘ્ની બનેલા તેણે (હર્ષે) તમારા અવલોકનમાં વિઘ્ન ઉપસ્થિત કર્યું એમ વિચારીને હર્ષના ઉદ્ભવસ્થાનરૂપ મનને પોતાના સ્થળમાં દબાવી દઈને

બંને સ્થિર થયેલાં નેત્રો આપને જોઈ રહ્યા છે. ત્રિભુવનના એક માત્ર હે નાયક! મારી જિહ્વા નિરંતર તમારી સ્તુતિ કર્યા કરે, બંને કર્ણો તમારા ગુણો સાંભળવામાં રક્ત બને, બંને આંખો તમારું મુખદર્શન કર્યા કરે, મસ્તક તમને નમસ્કાર કર્યા કરે, મન તમારા ગાઢ ચિંતનમાં લયલીન બને અને આ મારો આત્મા પણ તમારા વિષે જ જલ્દી આસક્ત બને. જો આપ મારી આ પ્રકારની ભક્તિથી સંતુષ્ટ થયા હો તો હું બે હાથ જોડીને શુદ્ધ મનથી હંમેશને માટે કંઈક માગી લઉં છું કે-હે દેવાધિદેવ! તમારા ચરણકમળરૂપી યુગલની સેવાજન્ય સ્વાદિષ્ટ રસનું નિરંતર આસ્વાદન કરતાં એવા મને આપનો કદી પણ વિયોગ ન થાઓ."

આ પ્રમાણે પરમાત્માને સ્તવીને રોમાંચિત બનેલ, હર્ષને લીધે પ્રફુલ્લ નયન અને ઉજ્જ્વળ મુખકમળવાળા ભરત મહારાજા, જેમ સંતોષની પાછળ સુખ રહેલ છે તેમ સૌધર્મેંદ્રની પાછળ ઊભા રહ્યા. તે યોજનપ્રમાણ વિસ્તારવાળી સમવસરણભૂમિમાં તિર્યંચો, મનુષ્યો અને કરોડો ગમે દેવો પરસ્પર કષ્ટ ઉપજાવ્યા વિના સુખપૂર્વક સમાઈ ગયા હતા તે ખરેખર પરમાત્માનો અદ્‌ભુત અતિશય જ હતો. પરમાત્માએ મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થતા—એ ચાર ભાવનાને તથાપ્રકારે પોષી-ઉપદેશી કે જેથી તે ભાવનાના શત્રુસ્વરૂપ, દ્વેષ, વિષાદ (ખેદ), નિર્દયતા અને સ્વાર્થીપણું તે તે ભાવનાના ભયને કારણે પર્ષદામાં પ્રવેશ કરી શક્યા નહિ. પૂર્વે જેઓને પરસ્પર યુદ્ધ થયું હતું અને જેઓ કટ્ટર શત્રુભાવને ધારણ કરતા હતા તેવા રાજાઓ પણ પરમાત્માના પ્રભાવથી વૈરભાવ રહિત બનીને મિત્રભાવે રહ્યા હોય એમ હું (કવિ) માનું છું અર્થાત્ સર્વે રાજાઓ નિર્વૈરી બની ગયા હતા. તે સમવસરણભૂમિમાં આવીને સિંહે, મદજન્ય તાપને લીધે ધ્રૂજતા હસ્તીને, પર્ષદામાં રહેલ મનુષ્યોના મુખમાંથી પ્રગટતા શ્વાસરૂપી પવનવડે શીતળ બનાવ્યો અર્થાત્ હસ્તી અને સિંહનો વૈરભાવ ચાલ્યો ગયો. વળી તે સમવસરણભૂમિમાં વાઘના પહોળા કરેલા મુખના અગ્રભાગે રહેલ અને હર્ષિત બનેલા મૃગલાએ તેના નેત્રોને ખંજવાળ્યા અર્થાત્ વાઘ અને મૃગ પોતપોતાનું જાતિવૈર ભૂલી ગયા. વળી પહેલેથી જ સંપૂર્ણ ભરાઈ ગયેલ સભામાં પરમાત્માનો ઉપદેશ શ્રવણ કરવા માટે પાછળથી આવેલ કોઈ એક અશ્વ જગ્યા મેળવવાને માટે અત્યંત સંકુચિત બનીને રહેલ પાડાઓની પંક્તિમાં દાખલ થઈ ગયો. તડકામાંથી આવવાને લીધે તપી ગયેલ શરીરવાળા તેમજ અત્યંત વિહ્‌વળ બનેલ સર્પને દયાળુ મયૂરે પોતાના મોરપીંછરૂપી વીંઝણાદ્વારા શાંતિ પમાડી. વળી તે સભામાં જાણે પોતાના બાળમિત્રો હોય તેમ, ઊંદરોના સમૂહની સાથે આનંદ કરતા પોતાના બચ્ચાઓનો ત્યાગ કરીને બીલાડાઓ, સિંહ સરખો અવાજ કરતાં કૂતરાઓના સમુદાય સાથે હર્ષપૂર્વક ક્રીડા કરવા લાગ્યા. જેવી રીતે અકુલીન પ્રાણી ધનની પ્રાપ્તિથી કુલીન-ખાનદાન બને, ચંદ્રને લીધે ચંદ્રકાન્ત મણિ અમૃતથી આર્દ્ર બને, કતકચૂર્ણના યોગથી મલિન જળ પણ સ્વચ્છ બને, તપશ્ચર્યાદ્વારા કુપાત્ર પણ સુપાત્ર બને, સિદ્ધરસના પ્રયોગથી લોઢું સુવર્ણપણાને પામે, આત્મધ્યાનપરાયણદશાથી આત્મા પરમાત્મદશાને પ્રાપ્ત કરે તેમ

સમવસરણભૂમિમાં પરમાત્માના અતિશયથી પ્રાણીવર્ગનું જાતિવૈર પણ મિત્રપણાને પામ્યું અર્થાત્ દરેક પ્રાણીઓ જાતિવૈર ભૂલી ગયા. આવતા શીતળ અને મંદમંદ પવનના સ્પર્શથી શરીરને, પરમાત્માના સ્તોત્રરૂપી ઝરતા અમૃતરસથી જિહ્વાને, દૈવી પુષ્પોની સુવાસથી નાસિકાને તેમજ પરમાત્માના મુખદર્શનથી નેત્રને સુખી બનાવીને પર્ષદાના લોકો પરમાત્માના વચનશ્રવણદ્વારા શ્રોત્રને સુખ આપવા માટે ઉત્કંઠિત બન્યા અર્થાત્ લોકોની દેશના સાંભળવારૂપી જિજ્ઞાસા વૃદ્ધિ પામી, એટલે વાણીના પાંત્રીશ ગુણ યુક્ત, દરેક પ્રાણીવર્ગને પોતપોતાની ભાષામાં સમજાતી, ચારે દિશામાં યોજનપ્રમાણ વિસ્તારવાળી વાણીદ્વારા ઉત્તરોત્તર આરોહ-અવરોહ પદશ્રેણીવાળી દેશના ભગવંતે શરૂ કરી.

**સમવસરણમાં ભગવંતે આપેલી દેશના—**

"હે ભવ્ય પ્રાણીઓ! પિતા, માતા, બંધુ, મિત્ર, સ્વામી—ભર્તા, સારો સેવક અને સદ્‌ગુણી સ્ત્રી કરતાં પણ ધર્મ વિશિષ્ટ છે, કારણ કે તે બધા દીર્ઘ આયુષ્યવાળા નથી, જન્માંતરમાં સાથે આવનાર નથી તેમજ કલ્યાણ સાધવામાં શક્તિશાળી પણ નથી; માટે શાશ્વત, જન્માંતરમાં સાથે આવનાર અને હિતકારક ધર્મનું સેવન કરો! જેમ જળવડે સરોવર, લક્ષ્મીવડે શ્રીમંતાઈ, સારા નાયક-સેનાપતિવડે સૈન્ય, જીવથી દેહ, જળવૃષ્ટિથી મેઘ, દેવમૂર્તિથી મંદિર, શૃંગારાદિ રસવડે કાવ્ય અને સ્નેહવડે સ્વામી શોભે તેમ ધર્મથી જ પ્રાણી શોભે છે. ગ્રીષ્મઋતુના પ્રચંડ તાપથી સાગર જેમ વૃદ્ધિ પામે તેમ અધર્મ-સેવનથી પ્રાણીઓનો સંસારરૂપી સાગર દુસ્તરણીય બને છે. મિથ્યાત્વરૂપી મકરોથી દુસ્તર, ગાઢ મહામોહરૂપી જળસમૂહવાળો, ઊંચે ઉછળતા કષાયરૂપી તરંગના વેગથી અંધકારયુક્ત અને રાગરૂપી વમળોથી વ્યાપ્ત એવા આ સંસાર-સમુદ્રને પ્રાણી, અગણિત પુણ્યના યોગે જિનાગમરૂપી પ્રવહણ (જહાજ) પ્રાપ્ત કરીને જલ્દી તરી જાય છે. આ સંસાર-સાગરમાં દક્ષિણાવર્ત્ત શંખ સરખા માનવભવને પ્રાપ્ત કરીને પુણ્યરૂપી ગંગાજળથી સાર્થક કરવો, પરન્તુ દુરાચારરૂપી મદિરાથી મલિન બનાવવો નહિ. નદીના પૂરમાં તણાતા પ્રાણીને કિનારા પર રહેલ ઝાડની શાખા (ડાળી) સદૃશ, અટવીના અંધકારમાં ભૂલા પડેલાને દીપક સમાન, સમુદ્રમાં પડેલાને વહાણના પાટિયા સમાન, દરિદ્રપણાને ચૂરવામાં ચિંતામણિ રત્ન સમાન અને અગણિત પુણ્યરાશિથી પ્રાપ્ત થયેલ આ મનુષ્યભવને પ્રમાદના વશથી કયો વિચક્ષણ પુરુષ આ સંસાર-સાગરમાં ફેંકી દે? વિષયાસક્ત પ્રાણીઓથી દેવગતિમાં, કષ્ટથી પીડા પામતા જીવોથી નારકગતિમાં અને સ્વાભાવિક અજ્ઞાનને લીધે મૂઢ બનેલા જીવોથી તિર્યંચગતિમાં મુક્તિના કારણભૂત સર્વવિરતિપણું પ્રાપ્ત થતું નથી, પરન્તુ તે મનુષ્યગતિ જ જયવંત-શ્રેષ્ઠ છે કે જેમાં પ્રાણીઓ સર્વવિરતિભાવને સ્વીકારીને સિદ્ધિગતિ પ્રાપ્ત કરે છે. આ મનુષ્યપણાની તુલનામાં ચિંતામણિ રત્ન, કામધેનુ અને કલ્પવૃક્ષ પણ કેમ મૂકી શકાય? કારણ કે તે ત્રણે પદાર્થોથી ન આપી શકાય તેવું અપૂર્વ મોક્ષસુખ

મનુષ્યપણું આપે છે. મુક્તિમાં ગયા બાદ આત્માને વૃદ્ધાવસ્થા, આધિ, વ્યાધિ, શોક, ભય, મૃત્યુ તેમજ પુનરાગમન હોતું નથી. તે મનુષ્યપણામાં અવિનાશી આત્મા અનંતજ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય એ અનંતચતુષ્ટયને પ્રાપ્ત કરે છે. ચાર ગતિરૂપી ચાર દ્વારવાળા આ સંસારરૂપી નગરને વિષે રત્ન કરતાં પણ અધિક મૂલ્યવંત ધર્મરૂપી ચૌટા (દાન, શીલ, તપ ને ભાવરૂપી ચાર રસ્તા)ને પ્રાપ્ત થયેલ જીવ રત્નત્રયીને સ્વીકારે છે અને કષાય અને વિષયરૂપી ચોરથી રક્ષણ કરાયેલ તે રત્નત્રયી સાધુધર્મનું પાલન કરનાર પ્રાણીને અનંત કલ્યાણલક્ષ્મી અને શિવસુખ આપે છે. જ્ઞાન, દર્શન અને ચારિત્રસ્વરૂપ આ રત્નત્રયી, પ્રાણીઓને મુક્તિરૂપી સ્ત્રીનું વશીકરણ કરવામાં શ્રેષ્ઠ સાધનભૂત છે. બુદ્ધિમાન પ્રાણીને જ્ઞાન એ ઉચ્છ્રંખલ મનરૂપી હસ્તીને વશ કરવામાં અંકુશ સમાન, લોભરૂપી રાત્રિને દૂર કરવામાં સૂર્ય સમાન, તત્ત્વનું નિરીક્ષણ કરવામાં નેત્ર સમાન, આઠ મદરૂપી વિષજ્વાળાને શાંત કરવામાં અમૃતના સિંચન તુલ્ય, પાપના હેતુરૂપ કાષ્ઠોને બાળવામાં અગ્નિ સમાન, કલેશરૂપી અગ્નિને બુઝાવવામાં જળ સમાન, કલ્યાણરૂપી વૃક્ષને વૃદ્ધિ પમાડવામાં ઉદ્યાન સમાન તેમજ સિદ્ધિરૂપી વધૂને વશ કરવામાં વશીકરણ સમાન છે. જીવાદિ નવ[1] તત્ત્વોનો સંક્ષિપ્ત યા તો વિસ્તૃત વાસ્તવિક બોધ તે સમ્યગ્જ્ઞાન કહેવાય છે અને તે જ્ઞાનના મોક્ષરૂપી મહેલ પર ચઢવાને માટે સોપાન (પગથિયાં) સ્વરૂપ [2]મતિજ્ઞાન વિગેરે પાંચ પ્રકારો છે. સિદ્ધાન્તોમાં કહેલા જીવાદિ નવતત્ત્વોને વિષે શંકાદિ દોષ રહિત જે નિર્મળ ભાવ તે **સમકિત** (સમ્યગ્દર્શન) કહેવાય અને તે સમ્યગ્દર્શન સ્વાભાવિક અગર તો ગુરુના ઉપદેશથી પ્રાપ્ત થાય છે. તેમજ તે સંસારરૂપી સાગરનો અંત કરનાર છે. ભવ્ય પ્રાણીઓના મોહગ્રન્થિ રૂપી અંધકારને ભેદીને સમ્યગ્દર્શનરૂપી સૂર્ય જો પાપરૂપી અંધકારનો નાશ કરવાના કારણભૂત ઉદયને પ્રાપ્ત કરે તો જગતમાં સન્માર્ગ પ્રકટ થાય, વાસ્તવિક પદાર્થ સ્વરૂપ સમજાય અને ભાગ્યોદય પણ થાય. સર્વ સાવદ્ય (પાપકારી) વ્યાપારના ત્યાગસ્વરૂપ તેમજ રાગ-દ્વેષ રહિત **ચારિત્ર** હોય છે, તેના અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અકિંચનતા (નિષ્પરિગ્રહીપણું) એ પાંચ પ્રકારો છે. દાન, સત્ય વિગેરે જે સર્વ ધર્મો છે તે દયામય હોય તો જ ઉત્તમ ફળને આપે છે, માટે ચતુર સજ્જન પુરુષોએ મોક્ષલક્ષ્મીની સાથે મેળાપ કરાવવામાં દૂતી સમાન એવી એક માત્ર **દયાનું (અહિંસાનું)** જ પાલન કરવું જોઈએ. જેવી રીતે લક્ષ્મીથી (દ્રવ્યથી) ગૃહસ્થપણું, આંખથી મુખ, રાત્રિથી ચંદ્ર, પતિથી પત્ની, ન્યાયથી રાજ્ય, દાનથી લક્ષ્મી, પરાક્રમથી રાજા, આરોગ્યપણાથી શરીર, નિષ્કલંકપણાથી કુળ, અહંકારરહિતપણાથી વિદ્યા અને નિષ્કપટભાવથી મૈત્રી શોભે તેમ દયાવડે જ ધર્મ શોભે છે; અન્યથા શોભતો નથી. સૂર્ય આલંબન રહિત આકાશમાં નિરંતર જે ચાલે છે, ભયંકર અને અમર્યાદ સમુદ્રો પૃથ્વી પર ફેલાઈ જતા નથી-મર્યાદાનું ઉલ્લંઘન કરતા

---

૧. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ.

૨. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન.

નથી તેમજ દિવ્ય (ધીજકરણ) કરવા છતાં પણ અગ્નિ પ્રાણીઓને જે બાળતો નથી તે સર્વ ખરેખર **સત્ય**નો જ મહિમા છે. જેમ કર્મોને વિષે મોહનીય, મુશ્કેલીથી વશ કરવા લાયક વસ્તુઓમાં કામદેવ, દ્રોહમાં વિશ્વાસઘાત, ઇંદ્રિયોને વિષે રસના (જિહ્વા) ઇંદ્રિય, કષાયોમાં ક્રોધ, દુર્જનપણામાં કૃતઘ્નતા, ચાંચલ્યમાં સ્ત્રી, ન રોકી શકાય તેવા પદાર્થોને વિષે મન શ્રેષ્ઠ છે તેમ પાપોને વિષે **પરધનગ્રહણ (સ્તેય)** મુકુટરૂપ છે. જેવી રીતે ઔષધિયોને વિષે અમૃત, વૃક્ષોને વિષે કલ્પવૃક્ષ, મણિઓમાં ચિંતામણિ રત્ન, ગાયોને વિષે કામધેનુ, તપને વિષે ધ્યાન, પુણ્યપ્રાપ્તિમાં દયા (અહિંસા) શ્રેષ્ઠ છે તેમ વ્રતોને વિષે **બ્રહ્મચર્ય** ઉત્તમ છે. જેમ દરિદ્રતાથી ગૃહસ્થપણું, લોભથી ગુણસમૂહ, દુર્ભાગ્યથી કરેલ સમગ્ર પ્રયત્ન, પારકાનો દ્રોહ કરવાથી ધર્મકૃત્ય, નાસ્તિકપણાથી દેવપૂજન, ક્રોધથી મહાતપશ્ચર્યા અને અહંકારની અધિકતાથી વિદ્યા નાશ પામી જાય તેમ અધિક **પરિગ્રહ**થી આત્માનું અધોગમન થાય છે. સજ્જન પુરુષોએ આપત્તિરૂપી તાપના સમૂહને નષ્ટ કરવામાં અમૃતના પાન સરખી, કલ્યાણરૂપી લતાસમૂહને વૃદ્ધિ પમાડવામાં મેઘમાળા સમાન તેમજ કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીના મેળાપમાં દૂતી સમાન ભાગવતી દીક્ષાનું સમ્યગ્ પ્રકારે સેવન આરાધન કરવું જોઈએ 'તીર્થંકરના ભવમાં અર્હત્ પદની પ્રાપ્તિ અવશ્ય થવાની છે' એમ જાણવા છતાં પણ તપશ્ચર્યાને માટે જો તે પ્રવ્રજ્યાને ગ્રહણ કરતા નથી તો તીર્થંકર જેવા પણ કેવળજ્ઞાનને મેળવી શકતા નથી; માટે હે મુમુક્ષુ જનો! તમો તેવી પ્રવ્રજ્યાનું શા માટે અવલંબન લેતા નથી? જેમ શરાણ સાથે ઘર્ષણ થવાથી મણિ, અગ્નિમાં તપાવવાથી સુવર્ણ, સ્નાનાદિ ક્રિયાથી સુંદર રૂપ અને માંજવાથી દર્પણ વિશુદ્ધ બને છે તેમ જ્ઞાનરૂપી તેજથી ઉત્કૃષ્ટ આત્મસ્વભાવને ધારણ કરવા છતાં પણ પ્રાણી શુદ્ધ ચારિત્રથી જ મુક્તિને મેળવે છે. જે સ્થળે સમ્યગ્જ્ઞાન, ચારિત્ર અને દર્શનરૂપી ત્રણ મહોત્સવો વર્તે છે, મૂળ અને ઉત્તરગુણોરૂપી શ્રેષ્ઠ સ્થંભો રહેલ છે, મનવિશુદ્ધિરૂપી ચૂનો છે અને કીર્તિરૂપી ઉજ્જ્વળ ચંદરવો છે તેવા ચાર દરવાજાવાળા કલ્યાણરૂપી ગૃહને વિષે, દાન, શીલ, તપ ને ભાવ એ ચાર પ્રકારના ધર્મરૂપી પ્રતિહારીઓથી યુક્ત, વસવાટ કરવાની ઇચ્છાવાળો કયો પ્રાણી શાંતિને પ્રાપ્ત કરતો નથી? સંસારરૂપી અંકુરાને ઉચ્છેદનાર આ ચારિત્ર સાધુઓને માટે સર્વવિરતિરૂપ અને સાધુધર્મનું સેવન કરવાની અભિલાષાવાળા શ્રાવકોને માટે દેશવિરતિરૂપે કહેલ છે, અને તે મોક્ષના કારણભૂત બને છે. શ્રાવકોને માટે સમકિતયુક્ત પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત કહેલ છે. સુદેવ, સુગુરુ અને સદ્ધર્મને વિષે જે નિશ્ચલ બુદ્ધિ તે જ સમકિત છે અને તેથી વિપરીત તે મિથ્યાત્વ છે.

**સંવેગ વિગેરેનું વર્ણન—**

સમકિતના સંવેગ, નિર્વેદ, શમ, અનુકંપા અને આસ્તિક્ય એ પાંચ લક્ષણો કહેલ છે. સંસારની અસારતાની વિચારણાથી વિષયો પ્રત્યે જે ઉદાસીનભાવ તે **સંવેગ** કહેવાય છે. આ

સંસારવાસ કારાગૃહ સમાન છે, સ્ત્રી વિગેરે સ્વજનવર્ગ શૃંખલારૂપ છે અને મુક્તિ વિના કદાપિ સુખ નથી જ એવી જે ભાવના-વિચારણા તેને **નિર્વેદ** કહેવાય છે. અનંતાનુબંધી ચાર કષાયોનો ઉદય ન થવો તેનું નામ **શમ** કહેવાય છે, અગર તો સ્વાભાવિક રીતે જ ક્રૂર કષાયોના ફળને ભોગવવું તે પણ **શમ** કહેવાય છે. ભવસાગરમાં પરિભ્રમણ કરતાં એકેંદ્રિયાદિ પ્રાણીઓની દુઃખપરંપરાના અવલોકનથી હૃદયમાં જે આર્દ્રતા (દયા) ઉદ્ભવે તે તેમજ તેવા પ્રાણીઓના દુઃખથી દુઃખિત બનીને સ્વશક્તિ અનુસારે તેઓનાં દુઃખોને પરિહરવા તે **અનુકંપા** કહેવાય છે. શ્રી તીર્થંકર પરમાત્મા પ્રરૂપિત તત્ત્વોને વિષે નિઃસ્પૃહભાવે જે દૃઢ પ્રવૃત્તિ તેમજ ધર્મશાસ્ત્રશ્રવણમાં જે પ્રવૃત્તિ થાય તેને ધર્મકર્મને પ્રગટ કરનાર **આસ્તિક્ય** કહેલ છે. જેવી રીતે પંચેંદ્રિયના વિષયો ધર્મની પ્રાપ્તિ થવા દેતા નથી તેમજ **શંકા, કાંક્ષા, વિચિકિત્સા, મિથ્યાત્વીની પ્રશંસા** અને **તેનો પરિચય**—એ પાંચ સમકિતનાં દૂષણો કહેલ છે. શ્રી જિનઆગમને વિષે **દૃઢભાવ, પ્રભાવના, કૌશલ્ય, ભક્તિ** અને **તીર્થની સેવા**—આ પાંચ સમકિતનાં શ્રેષ્ઠ ભૂષણો કહેલ છે.

**બાર વ્રતો—**

સર્વવિરતિ સ્વીકારનાર પ્રાણીઓ માટે **પ્રાણાતિપાતવિરમણાદિ** પાંચ મહાવ્રતો હોય છે અને દેશવિરતિભાવને ધારણ કરનાર શ્રાવકોને પાંચ અણુવ્રતો કહેલ છે. તે ઉપરાંત, દશે દિશાઓમાં કરેલ મર્યાદાનું ઉલ્લંઘન ન કરવું તે **'દિગ્‌વિરતિ'** નામનું શ્રાવકોનું પ્રથમ ગુણવ્રત ગુણકારી છે. વળી ગૃહસ્થવડે ભોગ અને ઉપભોગની વસ્તુઓમાં સંખ્યાનું જે પ્રમાણ કરાય તે બીજું **'ભોગોપભોગમાન'** નામનું બીજું ગુણવ્રત છે. આર્ત્ત તેમજ રૌદ્રધ્યાનરૂપી અપધ્યાન, પાપોપદેશ, હિંસાના કારણભૂત દાન અને પ્રમાદાચરણ—આ પ્રકારનાં કાર્યોથી અનર્થદંડ થાય છે, માટે જ વિવેકી પુરુષો તેનો ત્યાગ કરે છે, તે **'અનર્થદંડવિરમણ'** નામનું ત્રીજું ગુણવ્રત છે. આર્ત્ત તેમજ રૌદ્ર ધ્યાન રહિત તથા સાવદ્ય કર્મથી રહિત બનીને એક મુહૂર્ત પ્રમાણ સમતાભાવનું જે સેવન કરવું તેને **'સામાયિક'** નામનું પ્રથમ શિક્ષાવ્રત જાણવું. પ્રથમ 'દિગ્‌વિરતિ' નામના પહેલા ગુણવ્રતમાં કહેલ દિશાઓના પરિમાણમાં દિવસે અથવા રાત્રિએ જે સંક્ષેપ કરવો તે **'દેશાવકાશિક'** નામનું બીજું શિક્ષાવ્રત છે. ચતુષ્પર્વી (બે આઠમ અને બે ચૌદશ)ને વિષે જિતેંદ્રિય આત્માએ યથાશક્તિ તપ, બ્રહ્મચર્યનું પાલન અને સ્નાનાદિ ક્રિયાનો ત્યાગ કરવો તે **'પૌષધ'** નામનું ત્રીજું શિક્ષાવ્રત છે. અતિથિઓને-સાધુ મુનિરાજોને ચાર પ્રકારનો (અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ) આહાર, વસ્ત્ર, નિવાસસ્થાન (ઉપાશ્રય-વસતી) અને પાત્રાદિકનું દાન કરવું તે ચોથું **'અતિથિસંવિભાગ'** નામનું શિક્ષાવ્રત છે. જે પ્રયત્નશીલ પ્રાણીઓ આ રત્નત્રયીને સાધે છે તેને મુક્તિરૂપી વધૂ શીઘ્ર આલિંગન આપે છે અર્થાત્ પ્રાપ્ત થાય છે." આ પ્રમાણે પરમાત્માની દેશના સાંભળીને ભરત મહારાજાના વૈરાગ્યવાસિત બનેલા

**ઋષભસેન** નામના પુત્રે અંજલિ જોડીને પરમાત્માને નીચે પ્રમાણે વિજ્ઞપ્તિ કરી કે–

**ભરતપુત્ર પુંડરીકે કરેલ પ્રભુપ્રાર્થના–**

"આધિ અને વ્યાધિસ્વરૂપ તણખાઓના સમૂહવાળો, શોકરૂપી ધૂમરાશિવાળો, સાત ભયરૂપી ભયંકર અને વિશાળ જ્વાળાવાળો અને ચાર ગતિરૂપી ચારે દિશાઓના મૂળ ભાગ સુધી વિસ્તરેલો આ સંસારરૂપી વિશાળ દાવાનળ, ખરેખર ખેદની વાત છે કે, અનાથ પ્રાણીઓને બાળી નાખે છે. સંસારરૂપી દાવાનળથી દગ્ધ થયેલા પ્રાણીઓના રક્ષણને માટે કરુણાસમુદ્ર સરખા આપે સંસારના સારભૂત તત્ત્વરૂપી અમૃતની વૃષ્ટિ કરી છે. હે સ્વામિન્! કલ્યાણરૂપી કમળોને વિકસિત કરવામાં સૂર્યકિરણ સમાન તેમજ મોહરૂપી અંધકારસમૂહને ઉચ્છેદવામાં ચતુર એવી પ્રવ્રજ્યા મને આપો." આ પ્રમાણે કહીને **શ્રીઋષભસેને–**અપરનામ **પુંડરીકે** ઉગ્ર વૈરાગ્યવાળા ભરત મહારાજાના બીજા ચારસો નવાણું પુત્રો અને સાતસો પૌત્રોની સાથે, શમરસને પ્રસરાવનારી તેમજ શિવસુખરૂપી વૃક્ષને પ્રગટાવવામાં ભૂમિ સમાન એવી ભાગવતી દીક્ષા સ્વીકારી. ભરત પુત્ર **મરિચીએ** પરમાત્માને ઇંદ્રોથી સેવાતા જોઈને હર્ષપૂર્વક દીક્ષા ગ્રહણ કરી. વળી સંસારવાસજન્ય દુઃખથી વિરક્ત બનેલ **બ્રાહ્મીએ** પણ ભરત મહારાજાની આજ્ઞા લઈને સંયમ સ્વીકાર્યું. **અંધારા કૂવામાં પડેલ કયો વિચક્ષણ પ્રાણી મળેલ અવલંબનને ગ્રહણ કરવામાં વિલંબ કરે?** વળી બાહુબલિએ રજા આપેલ તેમજ વ્રત ગ્રહણ કરવાની ઇચ્છાવાળી **સુંદરી** ભરત મહારાજાએ નિષેધ કરવાથી પરમાત્મા પાસે બાર વ્રત ગ્રહણ કરીને પ્રથમ શ્રાવિકા બની. ભરત મહારાજા પણ પ્રભુ પાસે શ્રાવકપણું સ્વીકારીને કલ્યાણના ભાજન બન્યા. **ખરેખર સ્પર્શ કરાએલ ચંદ્રિકા શરીરને વિષે અમૃતનું સિંચન કરે જ.** સદ્ધર્મરૂપી કલ્પવૃક્ષ સરખા જિનચંદ્ર (શ્રી ઋષભદેવ) દ્વારા કેટલાએક તિર્યંચો, દેવો અને મનુષ્યોએ સમકિત પ્રાપ્ત કર્યું અને કેટલાએક મનુષ્યોએ શ્રાવક ધર્મ તેમજ પ્રવ્રજ્યા ગ્રહણ કરી. વળી **કચ્છ-મહાકચ્છ** સિવાયના જે ક્ષત્રિય તાપસો હતા તે સર્વેએ પરમાત્માની પાસે આવીને પુનઃ દીક્ષા લીધી. શ્રી **પુંડરીક** પ્રમુખ સાધુઓ, **બ્રાહ્મી** વિગેરે સાધ્વીઓ, **ભરત** વિગેરે શ્રાવકો અને **સુંદરી** વિગેરે શ્રાવિકાઓ–આ પ્રમાણે પરમાત્માએ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી તેનું, જેમ સમુદ્ર મર્યાદાનું ઉલ્લંઘન કરતો નથી તેમ હજુસુધી કોઈપણ ઉલ્લંઘન કરતું નથી. તે સમયે ગણધરનામકર્મના ઉદયવાળા પુંડરીક વિગેરે ચોરાશી બુદ્ધિમાન સાધુઓને પરમાત્માએ સમગ્ર શ્રુતના બીજરૂપ ઉત્પાદ-વ્યય, અને ધ્રૌવ્યરૂપી ત્રિપદી ઉપદેશી એટલે પુંડરીકસ્વામી વિગેરે ગણધરોએ તે ત્રિપદીને અનુસારે દ્વાદશાંગીની રચના કરી. તેવામાં સમગ્ર દેવોથી પરિવરેલ સૌધર્મેંદ્ર દિવ્ય ચૂર્ણથી ભરપૂર થાળ લઈને પ્રભુ પાસે ઊભા રહ્યા એટલે પરમાત્માએ ઊભા થઈને તે બધા ગણધરોના મસ્તકપ્રદેશ પર ચૂર્ણની વૃષ્ટિ કરવાપૂર્વક અનુક્રમે સૂત્રથી, અર્થથી, તદુભયથી, દ્રવ્યથી, ગુણથી, પર્યાયથી અને નયથી અનુયોગાનુજ્ઞા

તેમજ ગણાનુજ્ઞા આપી. ત્યારબાદ દેવદુંદુભીનો ધ્વનિ થઈ રહ્યો હતો ત્યારે મનુષ્યો, દેવો, વિદ્યાધરો અને તે સર્વની સ્ત્રીઓએ તે દિવ્ય ચૂર્ણની તેમના પર વૃષ્ટિ કરી, એટલે સુવાસથી આકર્ષાયેલ ભ્રમરસમૂહથી વ્યાપ્ત, પરમાત્માના કેવળજ્ઞાનરૂપી સૂર્યથી વિકસિત થએલ સમગ્ર ત્રણ ભુવનના કલ્યાણરૂપી પદ્મસમૂહની લાલિમાને ધારણ કરતી તેમજ દેવ, દાનવ અને મનુષ્યથી ઉછાળાયેલ ચૂર્ણની સુવાસ સમવસરણભૂમિમાં શોભી ઊઠી. બાદ સિંહાસન પર બેઠેલા પરમાત્માએ ગણધરોને ઉદ્દેશીને બોધપૂર્ણ દેશના આપી ત્યારે સ્વામીના મુખરૂપી ચંદ્રની ચંદ્રિકા સમાન અને સદ્‌બોધરૂપી અમૃતથી પરિપૂર્ણ તે દેશના સાંભળવાને ગણધર મહારાજાઓ તેમની સમક્ષ ચકોર પક્ષીની માફક ઉત્કંઠિત બન્યા. બાદ પ્રાણીઓને કલ્યાણકારી, અમૃત રસથી ભરપૂર, જ્ઞાનસ્વરૂપ, ઉત્સવવાળી, તેજોમયી, કલેશસમૂહને નષ્ટ કરનારી અને પ્રભુ દેશનાદ્વારા જેની મર્યાદા પૂર્ણ થઈ છે તેવી પહેલી પૌરુષી પૂર્ણ થઈ એટલે ફોતરા રહિત અને શંખ જેવા શ્વેત વર્ણવાળા અખંડ અક્ષતોથી બનાવાએલો, ચાર પ્રસ્થ* પ્રમાણ, વિશાળ થાલમાં રાખેલો, પ્રયત્નપૂર્વક તૈયાર કરેલ, ભરત મહારાજાએ બનાવરાવેલ, દેવોએ ફેંકેલ સુગંધીથી બેવડી સુગંધવાળો, અનેક જાતના વાજિંત્રોના નાદથી દિશાઓને ગજવતો, મંગલગીત ગાતી ઉત્તમ લલનાવૃંદથી અનુસરાતો અને નાગરિક લોકથી પરવરેલો **બલિ** પરમાત્માના સમવસરણમાં પૂર્વ દિશાના દ્વારથી દાખલ થયો. પરમાત્માની સેવા કરતાં પ્રાણીઓના સાક્ષાત્ પુણ્યરાશિ સરખો તેમજ લોકો પ્રત્યે પરમાત્માની પિંડાકારે બનેલ પ્રસન્નતા સરખો તે ઉજ્જ્વળ બલિ શોભી ઊઠ્યો. બાદ પરમાત્માને પ્રદક્ષિણા આપીને, કલ્યાણરૂપી લતાસમૂહના બીજરૂપ તેમજ ત્રિભુવનના વિઘ્નસમૂહને નષ્ટ કરનાર તે શાલિબલિ પરમાત્માની સમીપે આકાશપ્રદેશમાં ઉછાળવામાં આવ્યો, એટલે મેઘમાંથી મોતીઓનો સમૂહ પડતો હોય તેમ આકાશમાંથી પડતાં જ તે બલિના અર્ધા ભાગને દેવોએ ગ્રહણ કર્યો અને બાકી રહેલા અર્ધા ભાગમાંથી અર્ધાને ભૂમિ પર આવતાં જ ભરત મહારાજાએ ગ્રહણ કર્યો. બાદ જેમ પોતાના પિતાના દ્રવ્યસમૂહને ભાઈઓ વહેંચી લે તેમ, સંગીત શાસ્ત્રીઓ સભાજનો દ્વારા પ્રાપ્ત થયેલ ધનને સરખે હિસ્સે વહેંચી લે તેમ તેમજ સાધારણ કરિયાણાના વ્યાપારથી પ્રાપ્ત થયેલ પૈસાને વ્યાપારીઓ વહેંચી લે તેમ બાકીના માણસોએ શેષ રહેલ બલિને અર્ધામાંથી અર્ધુ—એ પ્રમાણે વહેંચી લીધો. તે બલિના પ્રભાવથી પૂર્વે થયેલા રોગો નાશ પામી જાય છે અને છ મહિના પર્યન્ત નવા રોગો ઉત્પન્ન થતાં નથી.

બાદ હે "પરમાત્મન્! આપ જય પામો! આપ આનંદ પામો!" એ પ્રમાણે બોલતા દેવસમૂહથી ચારે બાજુ વીંટળાયેલા પ્રભુ ઊઠીને ઉત્તર દિશાના દ્વારથી બહાર નીકળ્યા અને રત્નમય તથા સુવર્ણમય વજ્રના મધ્ય ભાગમાં ઈશાન ખૂણે રહેલા દેવછંદામાં વિશ્રામ લેવા

* બે અસ્તી = ૧ પ્રસૃતિ, ૨ પ્રસૃતિ = ૧ સેતિકા, ૪ સેતિકા = ૧ કુડવ, ૪ કુડવ = ૧ પ્રસ્થ. આ પ્રમાણ શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં કહેલ છે.

બિરાજ્યા. આ બાજુ પરમાત્માના મુખ્ય શિષ્ય પુંડરીકસ્વામીએ પ્રભુના પાદપીઠ પર બેસીને દેશના આપી. પરમાત્માનો વિશ્રામ, શિષ્યોને વિષે ગુણનું પ્રગટ થવું અને બંને બાજુ પરસ્પર વિશ્વાસ થવો એ ગણધરની દેશનાના ગુણો છે. બીજી પૌરુષી પૂર્ણ થઈ એટલે ગણધર શ્રી પુંડરીકસ્વામી દેશનાથી વિરામ પામ્યા અને સર્વે પરમાત્માને પ્રણામ કરીને સ્વસ્થાને ગયા.

બાદ પરમાત્માની પાસે રહીને નિત્ય સેવા કરનાર તેમજ તીર્થરક્ષા કરવામાં ચતુર **ગોમુખ** નામનો યક્ષ ઉત્પન્ન થયો કે જેના જમણા બે હસ્તમાં વરદ અને અક્ષમાલા હતી અને ડાબા બંને હાથમાં બીજોરું તથા પાશ હતા. તેનું વાહન હસ્તીનું હતું. વળી સુવર્ણ જેવા વર્ણવાળી અને ગરુડના વાહનવાળી **અપ્રતિચક્રા** નામની દેવી પ્રભુના સાનિધ્યમાં પ્રગટી કે જેની જમણી ચાર ભુજાઓમાં ચક્ર, પાશ, બાણ અને વરદ હતા તેમ જ ડાબી ચાર ભુજાઓમાં ચક્ર, અંકુશ, ધનુષ્ય અને વજ્ર રહેલ હતા. બાદ જગત પર ઉપકાર કરવાને માટે મુનિજનોથી યુક્ત પરમાત્મા શ્રી ઋષભદેવ અન્ય સ્થળે વિહાર કરવાની ભાવનાથી ચાલી નીકળ્યા કારણ કે તેમના જેવા તીર્થંકર પરમાત્માની સ્થિતિ સૂર્યની માફક એક જ સ્થળે સ્થિર રહેતી નથી. ચોત્રીશ અતિશયવાળા, વાણીના પાંત્રીશ ગુણવાળા અને આઠ મહાપ્રાતિહાર્યોથી યુક્ત પરમાત્મા પૃથ્વીતલ પર વિચરવા લાગ્યા.

**અતિશયોનું વર્ણન—**

પરમાત્માને જન્મથી ચાર, કર્મક્ષય વખતે અગિયાર અને દેવતાઓથી કરાયેલ ઓગણીશ—એમ કુલ ચોત્રીશ અતિશયો હોય છે. (૧) પ્રસ્વેદ—મળ રહિત નિરોગી, અત્યન્ત સુગંધીવાળું અને અદ્‌ભુત રૂપવાળું શરીર, (૨) કમળ જેવો સુગંધી શ્વાસોશ્વાસ, (૩) લોકોથી ન જોઈ શકાય તેવા આહાર-નીહાર અને (૪) દુર્ગંધ રહિત તથા ઉજ્જ્વળ વર્ણવાળા રુધિર તેમજ માંસ—આ ચાર અતિશયો પરમાત્માને જન્મથી જ હોય છે. કર્મક્ષયથી નીચે પ્રમાણે અગિયાર અતિશયો ઉદ્‌ભવે છે—(૧) રોગ, (૨) ઈતિ (ઉપદ્રવ), (૩) વૈર, (૪) મરકી, (૫) અતિવૃષ્ટિ, (૬) અનાવૃષ્ટિ, (૭) સ્વચક્રભય, (૮) પરચક્રભય, (૯) દુષ્કાળ—આટલા આફતકારક પ્રસંગો પરમાત્માના વિચરણસમયે યોજનપ્રમાણ ભૂમિમાં કદાપિ હોતા નથી. આ ઉપરાંત (૧૦) સમવસરણભૂમિમાં કરોડો મનુષ્યો તથા તિર્યંચોની સંખ્યા સમાઈ જાય અને (૧૧) દરેક પ્રાણીવર્ગને પોતપોતાની ભાષામાં પરમાત્માની દેશના—વાણી સમજાય. દેવકૃત ઓગણીશ અતિશયો નીચે પ્રમાણે હોય છે—(૧) આકાશમાં ધર્મચક્ર, (૨) ચામર, (૩) સિંહાસન, (૪) ત્રણ છત્રો, (૫) રત્નધ્વજ ચાલે, (૬) ચરણસ્થાપન કરવા માટે સુવર્ણના નવ કમળ, (૭) ત્રણ ગઢ, (૮) ચતુર્મુખપણું, (૯) ચૈત્યવૃક્ષ (અશોકવૃક્ષ), (૧૦) માર્ગમાં આવતા વૃક્ષોનું નમન, (૧૧) દુંદુભીનો નાદ, (૧૨) કાંટાઓનું અધોમુખ થવાપણું, (૧૩) અનુકૂળ







॥ श्री ऋषभदेव ॥

**SHRI RISHABHDEV**

ADIMAM PRITHIVINATHAM MADIMAM NISHPARIGRAHAM
ADIMAM TIRTHNATHAM CHA, RISHABHA SWAMINAM STUMAH

आदिमं पृथिवीनाथ-मादिमं निष्परिग्रहम् ।
आदिमं तीर्थनाथं च, ऋषभस्वामिनं स्तुमः ॥



વાયુ, (૧૪) શ્રેષ્ઠ શુકન, (૧૫) ગંધોદકની વૃષ્ટિ, (૧૬) પુષ્પવૃષ્ટિ, (૧૭) કેશ, નખ, દાઢી તથા મૂછના વાળોની વૃદ્ધિ ન થવી, (૧૮) પ્રભુ પાસે નિરંતર જઘન્યથી ચારે નિકાયના એક કરોડ દેવોનો વાસ અને (૧૯) છએ ઋતુઓના વિષયોનું અનુકૂળપણું—આ પ્રકારના ચોત્રીશ અતિશયો કલ્યાણને માટે થાઓ! પરમાત્માએ **'માલકોશ'** નામના શ્રેષ્ઠ રાગવાળી, યોજન પર્યંત સંભળાય તેવી, મિથ્યાત્વરૂપી અંધકારને દૂર કરવામાં સૂર્યકાંતિ સરખી, દેવ, મનુષ્ય અને તિર્યંચોને પોતપોતાની ભાષામાં સમજાય તેવી, સમકિતને પ્રગટાવનારી, ક્ષીરાશ્રવાદિ લબ્ધિથી યુક્ત અને શ્રેષ્ઠ અતિશયોથી યુક્ત વાણીવડે પહેલા અને છેલ્લા (ત્રીજા) પ્રહરમાં દાન, શીલ, તપ અને ભાવરૂપી ધર્મદેશના આપી. પરમાત્માના ધર્મચક્રની આસપાસ મૃગમિથુન ઊંચા કાન કરીને સ્થિરતાપૂર્વક ઊભા રહે છે તે ખરેખર દિવ્ય ધ્વનિનો જ સાક્ષાત્ પ્રભાવ છે.

**વાણીના પાંત્રીશ ગુણો—**

પરમાત્મા શ્રી ઋષભદેવે સમવસરણમાં વિરાજીને નીચેના પાંત્રીશ ગુણોયુક્ત વાણીવડે દેશના આપી—(૧) સંસ્કારી (૨) ઉદાત્ત સ્વરવાળી (૩) મહાઅર્થવાળી (૪) મેઘના જેવા ગંભીર નાદવાળી, (૫) ઔપચારિક રાગવાળી, (૬) સામાને (શ્રવણ કરનારને) સ્નેહ પ્રગટાવનારી (૭) ઉદાર (૮) અવ્યાઘાત ગુણવાળી (૯) શિષ્ટતાવાળી (૧૦) અરસપરસ સંબંધ ધરાવતી (૧૧) પડઘા (પ્રતિનાદ)વાળી (૧૨-૧૩) સ્વપ્રશંસા તેમજ અન્ય જનની નિંદા રહિત, (૧૪) મધુર અને સ્નિગ્ધ ગુણવાળી, (૧૫) શંકાનું સમાધાન કરનારી (૧૬) અદ્‌ભુતતા ગુણવાળી (૧૭) સંશય વિનાની (૧૮) હૃદયંગમ (૧૯) ભ્રાંતિ વિગેરેથી રહિત (૨૦) એકધારા પ્રવાહવાળી (૨૧) દાક્ષિણ્ય ગુણવાળી (૨૨) વર્ણ, પદ અને વાક્યની વિવિધતાવાળી (૨૩) પ્રસંગને અનુરૂપ (૨૪) વિવિધ પ્રકારના વિચિત્ર ગુણવાળી (૨૫) તાત્ત્વિક (૨૬) કુલીન (૨૭) પારકાના મર્મને—છિદ્રને ન પ્રકટાવનારી (૨૮) ષટ્‌કારક (કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ)થી યુક્ત (૨૯) પ્રશંસનીય, (૩૦) સાત્ત્વિક ગુણવાળી (૩૧) સાંભળનારને આશ્ચર્ય ઉપજાવનારી (૩૨) શૃંખલાબદ્ધ (૩૩) ગ્લાનિ નહીં પ્રગટાવનારી (૩૪) ધર્મ તેમજ અર્થ બંને પુરુષાર્થને સાધનારી અને (૩૫) વિશિષ્ટ આરોપવાળી.

**આઠ પ્રાતિહાર્યો—**

(૧) ત્રણ છત્રો, (૨) ચામર, (૩) દુંદુભી, (૪) ભામંડળ, (૫) અશોકવૃક્ષ, (૬) મણિમય સિંહાસન, (૭) દિવ્ય ધ્વનિ અને (૮) પુષ્પવૃષ્ટિ—આ આઠ અતિશયો ચોત્રીશ અતિશયોમાં અંતર્ગત હોવા છતાં પ્રતિહારીની માફક પરમાત્માની સાથે રહેનારા હોવાથી **પ્રાતિહાર્ય** તરીકે ઓળખાય છે અને તે આ પ્રકારના આઠ પ્રાતિહાર્યોથી શોભતા પરમાત્મા શ્રી ઋષભદેવ પૃથ્વીપીઠ પર વિચરતા હતા.

**પરમાત્માનું અઢાર દોષ રહિતપણું–**

(૧) લાભાંતરાય, (૨) વીર્યાંતરાય, (૩) ભોગાંતરાય, (૪) ઉપભોગાંતરાય, (૫) દાનાંતરાય, (૬) હાસ્ય, (૭–૮) રતિ અને અરતિ, (૯) ભય, (૧૦) નિંદા (જુગુપ્સા), (૧૧) શોક, (૧૨) મિથ્યાત્વ, (૧૩) રાગ, (૧૪) દ્વેષ, (૧૫) અવિરતિ, (૧૬) અજ્ઞાન, (૧૭) નિદ્રા અને (૧૮) કામસેવન–આ અઢાર પ્રકારના દૂષણ રહિત પરમાત્મા હતા.

વિશ્વને આશ્ચર્ય પમાડનારા આવા અતિશયોથી તેમજ ઇંદ્રોથી પણ ઉપાસના કરાતા અને ત્રિભુવનના પ્રાણીગણને પ્રમોદ પમાડતા પરમાત્મા શ્રી ઋષભદેવ ઉપદેશામૃતની વૃષ્ટિદ્વારા મેઘની પણ સ્પર્દ્ધા કરતાં પૃથ્વીતલ પર વિચરવા લાગ્યા.

* * *

સાક્ષાત્ તપશ્ચર્યાના પિંડરૂપ, અંધકારને નષ્ટ કરનાર, મલિન અંતઃકરણવાળા મિથ્યાદૃષ્ટિઓથી દુષ્પ્રેક્ષ્ય તેમ જ સુંદર તેજથી સજ્જન પુરુષોનાં અંતઃકરણને સુખકારક એવું ધર્મચક્ર જેની સમક્ષ શોભી રહ્યું છે તે પરમાત્મા **શ્રી આદિદેવ** જિનચંદ્ર તમારું કલ્યાણ કરો!

જેના મુખ ઉપર ચંદ્રની બુદ્ધિથી, ભ્રૂકુટી પર દેદીપ્યમાન ખડ્ગની બુદ્ધિથી, દૃષ્ટિમાં નીલવર્ણી કમળની બુદ્ધિથી, વાણીમાં સમુદ્રકલ્લોલના ભ્રમથી, બંને બાહુને વિષે ઐરાવણ હસ્તીની સૂંઢની બુદ્ધિથી તેમજ હાથમાં કમળની ભ્રાંતિથી ખેલતી એવી લક્ષ્મીદેવી **પદ્મમંત્રી**ની નિરંતર સેવા કરો.

**ચૌદમો સર્ગ સમાપ્ત.**



# સર્ગ પંદરમો.

## ભરત ચક્રીનો દિગ્‌વિજય, માગધાદિ તીર્થોનું સાધવું, તમિસ્રા ગુફામાં પ્રવેશ અને કિરાત લોકો સાથે થયેલ યુદ્ધનું વર્ણન

જેમના જ્ઞાનરૂપી કિરણોથી મિથ્યાત્વરૂપી અંધકાર નષ્ટ થવાથી પ્રાણી સમકિતને પ્રાપ્ત કરીને મોક્ષમાર્ગનો મુસાફર બને છે તે ત્રણ જગતના કલ્યાણને માટે ઉદ્યમશીલ પરમાત્મા શ્રી **આદિનાથ** સૂર્યની માફક તમારી આબાદીને માટે થાઓ!

**ભરત મહારાજાએ કરેલ ચક્રરત્નની પૂજા—**

આ બાજુ સમવસરણભૂમિમાંથી **વિનીતા** નગરીમાં આવેલ ભરત ચક્રવર્તીએ જાણે સાક્ષાત્ અસ્ત્રદેવી હોય તેમ માનીને ઉત્કંઠાપૂર્વક ચક્રને નમસ્કાર કર્યો. 'આ ચક્રથી રજોગુણની પ્રાપ્તિ થાય છે' એ પ્રમાણે વિચારીને કલ્પેલી ધૂળ-રજને દૂર કરવાની બુદ્ધિથી શ્રદ્ધાળુ ભરત ચક્રવર્તીએ મોરપીંછી ગ્રહણ કરીને તે ચક્રનું પ્રમાર્જન કર્યું. બાદ 'ચક્રવર્તીપણાનું આ ચક્ર નિમિત્ત-લક્ષણ છે' એમ વિચારીને ચક્રવર્તી ભરતે પવિત્ર જળવડે ચક્રને સ્નાન કરાવ્યું. ભક્તજનોનો આવો ક્રમ હોય છે, પરન્તુ ખરેખર રીતે તો ચક્રને વિષે અંશમાત્ર રજ-ધૂળનો સંભવ હોતો જ નથી. બાદ તેમણે તે ચક્રની ઉપર ચારે બાજુ ચંદનથી લિપ્ત થાપા આપ્યા તે જાણે કે દરેક દિશાઓને જીતવાને માટે સાક્ષાત્ કોલ આપતા હોય તેમ જણાતું હતું. પછી તે ચક્ર પર શ્રેષ્ઠ સુગંધી પુષ્પમાળ ચઢાવી અને તેમ કરીને અન્ય રાજાઓની વિજયલક્ષ્મીને આવરી લેવાને જાણે પાશ-ફાંસો તૈયાર કર્યો હોય તેમ જણાતું હતું. આ પ્રમાણે વિવિધ કાંતિવાળા વસ્ત્રસમૂહથી, પુષ્પોથી અને રત્નાલંકારોથી પૂજિત બનેલ ચક્ર, ચક્રવર્તીના સકલ મનોરથને પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ સરખું શોભતું હતું. તે ચક્રની સમીપે રૂપાના અક્ષતોથી શ્રેષ્ઠ અષ્ટમંગળની રચના કરી તે જાણે કે જલ્દી આવનારી દિગ્‌લક્ષ્મીઓને બેસવાના આસનો હોય તેમ જણાતા હતા. બાદ તેમણે પાંચ પ્રકારના પુષ્પરાશિની ભેટ ધરી તે જાણે કે પંચ પ્રકારના વિષયસુખને એકધારા આપવાને માટે જામીનરૂપ હોય તેમ જણાતા હતા વળી ભરત મહારાજાએ ચક્ર સમક્ષ જે કૃષ્ણાગરુ ધૂપ ઉવેખ્યો (કર્યો) તેણે દરેક દિશામાં વિસ્તરીને શત્રુઓનાં મુખને મલિન બનાવ્યા. બાદ ચક્રવર્તીએ તે ચક્રને ત્રણ પ્રદક્ષિણા આપીને, સાત-આઠ પગલાં પાછા હઠીને તેમજ ડાબા પગને જમીન પર સ્થાપીને અને જમણો પગ ઊંચો રાખીને

શ્રેષ્ઠ પ્રણામ કર્યા. વળી અષ્ટ મદને જીતનાર અને આઠ દિશામાં સામ્રાજ્ય મેળવવાને ઝંખતા ચક્રવર્તી શ્રી ભરતે શસ્ત્રાગારમાં જ નિવાસ કરીને અષ્ટાહ્નિક મહોત્સવ કર્યો. આશ્ચર્ય અને હર્ષ પામેલા પૌરજનોએ પણ ચક્રની પૂજા કરી. **જેનું રાજા પણ ભક્તિપૂર્વક પૂજન કરે છે તેને કોણ નથી પૂજતું!**

## દિગ્વિજય માટે ભરતમહારાજાની શરૂઆત–

કિરણોયુક્ત સૂર્ય જેમ દુષ્પ્રેક્ષ્ય બને તેમ ઇંદ્ર સરખા ભરત ચક્રવર્ત્તીએ દિગ્વિજય કરવાને માટે પોતાના સામંતોને સાથે લીધા અને સર્વ દિશાઓના વિજયનું નિમિત્તભૂત પ્રસ્થાન શુભ દિવસે કરતાં ચક્રવર્ત્તીએ 'વિપુલ સૈન્યસમૂહથી પૃથ્વીને પીડા ન થાઓ' એમ વિચારીને મંગળ સ્નાનજળથી તેનું સિંચન કર્યું અર્થાત્ ચક્રીએ મંગળસ્નાન કર્યું. સ્નાન બાદ ચંદનથી વિલેપન કરાયેલ ચક્રવર્ત્તી શરદ્ ઋતુના વાદળા સરખા શ્વેત વસ્ત્રોથી શોભતા હતા તે જાણે કે વિજયલક્ષ્મીના ઉજ્જ્વળ કટાક્ષસમૂહથી ચારે બાજુ શીઘ્ર વીંટળાઈ વળ્યા હોય તેમ જણાતું હતું. મોતીઓના સુંદર આભરણો યુક્ત શ્રેષ્ઠ પોશાકને ધારણ કરતાં ચક્રવર્ત્તી શોભવા લાગ્યા તે જાણે કે પરાક્રમરૂપી મહાસાગરમાં ખેલતા ભરત મહારાજા ફીણબિંદુઓથી જાણે વીંટળાયેલ હોય તેમ જણાતું હતું. વળી ભરત મહારાજાના ભાલપ્રદેશમાં કરેલ ચંદનનું તિલક શોભતું હતું તે જાણે કે છ ખંડના સામ્રાજ્યરૂપી ફળને પ્રગટાવવાને માટે પુણ્યરૂપી વૃક્ષની નૂતન માંજર સરખું જણાતું હતું. વળી તેમના મસ્તકપ્રદેશ પર રહેલ શ્રેષ્ઠ સુવર્ણના કળશયુક્ત શ્વેત છત્રના બહાનાથી ચક્રીના છ ખંડ વિજય પ્રસંગે સહાય કરવાને માટે જાણે સૂર્ય-ચંદ્ર આવ્યા હોય તેમ જણાતું હતું. (કળશ પીળો હોય તેથી તેને સૂર્ય કલ્પ્યો અને છત્ર શ્વેત હોવાથી તેને ચંદ્રની ઉપમા આપી). વળી તેમની બંને બાજુ વારાંગનાઓ ઉજ્જ્વળ ચામરોદ્વારા પ્રગટતા વાયુવડે વૈરીસમૂહને બાળવાને માટે લાંબી શિખાવાળા પ્રતાપરૂપી અગ્નિને પ્રદીપ્ત કરતી હતી. શત્રુ-રાજારૂપી અંધકારને ભેદવામાં સમર્થ એવા વિશાળ તેજદ્વારા જગતને પ્રેમ ઉપજાવતા ભરત મહારાજા જેમ દિવસની શરૂઆતમાં સૂર્ય ઉદયાચળ પર આરૂઢ થાય તેમ **હસ્તીરત્ન** પર ચઢ્યા. જાણે કલ્યાણરૂપી લક્ષ્મીલતાના નૂતન અંકુરા સરખા હોય તેવા સોળ હજાર સાથે રહેનારા યક્ષોથી પ્રતિદિન શરીરરક્ષા કરાતા ચક્રવર્ત્તી ભરત મહારાજા શોભતા હતા અર્થાત્ તેમના સોળ[1] હજાર આત્મરક્ષક દેવો હતા. આ પ્રમાણે દિગ્વિજય કરવાને તૈયાર થયેલા ભરત મહારાજાને, તે સમયે બંદીજનોએ ઉચ્ચારેલા જય જય ધ્વનિના પ્રતિઘોષના બહાનાથી દિશાઓ પણ આશીર્વાદ આપી રહી હતી. દુશ્મન રાજાઓરૂપી હસ્તીઓને નસાડવામાં સિંહ સરખો, સ્વજનવર્ગરૂપી મયૂરસમૂહને હર્ષ પમાડવામાં મેઘગર્જના સરખો તેમ જ બંદીજનોના

---

૧. પ્રત્યેક રત્નનાં એક એક હજાર હોઈને ચૌદ રત્નના ચૌદ હજાર અને તેમના પોતાના બે હજાર મળી કુલ સોળ હજાર યક્ષો હોય છે.

જય જ્યારવથી મિશ્ર બની ગયેલ ભેરી, ભુંગળ ઇત્યાદિ મનોહર વાજિંત્રનો ધ્વનિ દશે દિશાઓમાં પ્રસરી ગયો; એટલે રાજનીતિના છ[1] ગુણમાં પ્રવીણ, શ્રી ઋષભદેવનાં ચરણકમળમાં ભ્રમર સમાન શ્રી ભરત મહારાજાએ સંપૂર્ણ છ ખંડવાળા ભરતક્ષેત્રને જીતવાને માટે પૂર્વ દિશા તરફ પ્રયાણ કર્યું. સમગ્ર રાજવીઓની લક્ષ્મીને કબ્જે (ગ્રહણ) કરી લેવાનું જે રક્ત ધ્યાન (ક્રોધાન્વિત ભાવ) હૃદયમાં ધારણ કર્યું હતું તેની કાંતિ સરખા વિશાળ સિંદુરને મસ્તક પર ધારણ કરતા હોય તેમ હસ્તીઓ ચાલવા લાગ્યા. વળી ભરત ચક્રવર્ત્તીના તેજને પાતાળમાં પ્રવેશ કરાવવાને માટે ઘોડાઓનો સમૂહ પોતાની ખરી (ડાબડા)ઓથી પૃથ્વીપીઠ ખોદવા લાગ્યો અને તેમ કરીને ઊડાડેલી રજથી ભરત મહારાજાના પ્રતાપને સ્વર્ગભૂમિમાં જવા માટે આકાશપથ તરફ પાજ (પૂલ) બાંધી. સૂર્યકિરણોના મળવાથી વિસ્તૃત બનેલા અને રથમાં બેઠેલા સુભટોના પ્રતાપ સરખા સુવર્ણ અને મણિઓની કાંતિના સમૂહથી રથો અત્યંત પીડાકારક (મુશ્કેલીથી જોવા લાયક) બન્યા અર્થાત્ રથના જાજ્વલ્યવંત પ્રકાશથી લોકો તેને નીરખવામાં મુશ્કેલી અનુભવતા હતા.

**ચક્રરત્નની સાથે ચક્રવર્ત્તીનું પ્રયાણ—**

પોતાના શીઘ્ર ચરણન્યાસથી ભુવનપતિ દેવોને શંકા ઉપજાવતું તેમ જ હસ્તમાં રહેલ આયુધોને વારંવાર ઊંચા-નીચા કરવાથી સ્વર્ગીય દેવોને ભયભીત બનાવતું તેમજ શત્રુ સમૂહને કંપાવતું પાયદળ પણ ચાલવા લાગ્યું. પોતાના કિરણસમૂહથી રાત્રિને વિષે પણ દિશાઓને પ્રકાશિત કરતું **ચક્રરત્ન** સૈન્યને મોખરે આકાશપથમાં ચાલવા લાગ્યું, અને તેથી શરમાયેલ સૂર્ય ધૂલીસમૂહથી આચ્છાદિત બનવાને લીધે અદૃશ્ય બની ગયો. વળી શીઘ્રતાથી **અશ્વરત્ન** પર આરૂઢ થઈને, હાથમાં **દંડરત્ન**ને ધારણ કરતો તેમજ શત્રુસમૂહને મૃત્યુ પમાડવામાં સાક્ષાત્ યમરાજ સરખો **સુષેણ** નામનો **સેનાધિપતિ** ચાલ્યો. વળી જેના અમૃતરસ જેવા મંત્રોથી લોકોની પાપરૂપી વિષ-જ્વાળાઓ શીઘ્ર નાશ પામી જાય તેવું અને કલ્યાણરૂપી લક્ષ્મી-લતાને વિકસિત કરવામાં મેઘ સમાન **પુરોહિત રત્ન** પણ ચક્રવર્ત્તીની સાથે ચાલ્યું. વગર પરિશ્રમે ઇચ્છિત ભોજનોને આપવામાં સમર્થ એવું **ગૃહપતિ રત્ન** જાણે ચક્રવર્ત્તીની શિબિરમાં પુરુષરૂપધારી મનોહર કલ્પવૃક્ષ હોય તેમ જણાતું હતું. વળી સૈન્યના નિવાસસ્થાનોને કરનારું **વર્દ્ધકી રત્ન** પણ સાથે ચાલ્યું; તેમજ પોતાના પ્રકાશવડે અનુક્રમે સૂર્ય અને ચંદ્ર જેવા દેખાતા **કાકિણી રત્ન** અને **મણિરત્ન** પણ સાથે ચાલ્યા. વળી ચક્રવર્ત્તીના વિશાળ સૈન્યસમૂહ પ્રમાણ વિસ્તરનારું તેમજ નદીના અગાધ જળમાં પણ તારનારું **ચર્મરત્ન** અને મેઘધારાથી રક્ષણ કરનારું **છત્રરત્ન** પણ સાથે ચાલ્યા. લક્ષ્મીને વિલાસ કરવામાં શાશ્વત મંદિરરૂપ, પૃથ્વીને જીતવામાં મંત્ર-યંત્રની પીઠિકારૂપ અને જાણે ભ્રમરશ્રેણી હોય તેવું **ખડ્ગરત્ન** ચક્રવર્ત્તીના

૧. સંધી, વિગ્રહ, યાન, સ્થાન, આસન અને દ્વૈધીભાવ આ છ રાજનીતિનાં લક્ષણો છે.

કરકમળમાં શોભતું હતું. કૃતજ્ઞી, સૈન્યસમૂહમાં રત્ન સરખા, મણિજડિત મુકુટબદ્ધ રાજાઓથી ચારે બાજુથી વીંટળાવાને અંગે દેદીપ્યમાન પ્રથમ ચક્રવર્ત્તી ભરત મહારાજા ચક્રરત્નની પાછળ ચાલ્યા. તે સમયે વાતા અનુકૂળ પવનથી ફરફરતી લાંબા છેડાવાળી ધ્વજાઓના સમૂહદ્વારા સૈન્યસમુદાયે, પોતાનો વિશાળ ઘેરાવો હોઈને, પૂર્વ દિશાને આગળ ખસી જવાનું સૂચન કર્યું-જણાવ્યું અર્થાત્ ચક્રીએ પૂર્વ દિશામાં પ્રયાણ શરૂ કર્યું. ભરત મહારાજાને માર્ગમાં થયેલા અનુકૂળ શકુનોએ આ પ્રમાણે જણાવ્યું કે 'તમારા છ ખંડ વિજયમાં બધી દિશાઓની લક્ષ્મી વશ બનીને તમને આલિંગન આપશે અર્થાત્ તમો છ ખંડ વિજય કરશો.' જેમ પ્રધાન અદ્‌ભુત ઉપાયો—નીતિવડે સામ્રાજ્યનું રક્ષણ કરે અને ગુરુ-ઉપદેશથી બુદ્ધિમાન શિષ્ય સિદ્ધાંતમાં સ્થિર બને તેમ માર્ગમાં આવતા વિષમ સ્થાનોને સેનાધિપતિરત્ને પોતાના ઉગ્ર દંડરત્નના તાડનથી સરખા બનાવ્યા.

આ પ્રમાણે ભરત મહારાજાને ઉદય પામેલા જોઈને-તૈયાર થયેલ નીહાળીને જેનો છેડો નથી એવા સૈન્યરૂપી સમુદ્રે મહાહસ્તીઓના ઉદ્‌ભવતા ગર્જારવ, અશ્વના હેષારવ, મનુષ્યોના ધ્વનિ અને રથ તેમજ રથીઓના ચીત્કારદ્વારા ગર્જના કરવા માંડી-અર્થાત્ તે સમયે એટલો બધો વિપુલ કોલાહલ થવા લાગ્યો કે તેનું માપ કાઢવું મુશ્કેલ હતું. તે સમયે શત્રુસમૂહને બાળનાર ચક્રવર્ત્તીના પ્રતાપરૂપી અગ્નિનો જાણે નવીન ધૂમરાશિ પ્રગટ્યો હોય તેવા કાંબોજ (કંબોજ દેશના) અશ્વોના ડાબડાદ્વારા ઊડેલ રજસમૂહવડે ચારે બાજુથી વ્યાપ્ત બનેલ ગગનપ્રદેશ શોભવા લાગ્યો. આકાશમાં વ્યાપ્ત બનેલ તે રજરૂપી અંધકારને તે ચક્રરત્ને પોતાના ઝળહળતા તેજવડે જીતી લીધો ત્યારે સૈનિકોના ભાલાઓએ પણ પોતાના તેજપુંજથી આચ્છાદિત બનેલ સૂર્યને હસી કાઢ્યો. બાદ પોતાના કિરણસમૂહથી દુષ્પ્રેક્ષ્ય તે ચક્રરત્ન એક યોજનપ્રમાણ ભૂમિ આગળ જઈને અટક્યું (ઊભું રહ્યું) તે જાણે કે સમગ્ર રાજવીઓને ક્ષોભ પમાડવાને માટે ભરત મહારાજાની પ્રતાપરૂપી લક્ષ્મીનું તિલક હોય તેમ જણાતું હતું. તે ચક્ર જ્યારે એક યોજનપ્રમાણ ભૂમિ જઈને સ્થિર થયું એટલે તેની પ્રતિદિન તેટલી (એક યોજનપ્રમાણ) ગતિ નિર્ણીત થઈ અને તેને અનુસરીને ભરત મહારાજાનું હમેશનું એક યોજનપ્રમાણ પ્રયાણ થવા લાગ્યું. આવી રીતે પ્રયાણ કરતાં માર્ગમાં આવતાં તૃણની જેમ નમ્રતા દર્શાવનાર શત્રુને રાજારૂપે સ્થાપીને અને **અનોકહ** નામના વૃક્ષની જેમ અક્કડ (ગર્વીષ્ઠ) રહેનારાઓને ઉખેડી નાખીને કેટલાક પ્રયાણો-પછી ભરત મહારાજા ગંગા નદીના દક્ષિણ કિનારે આવી પહોંચ્યા.

ગંગા નદીના પ્રધાનસ્વરૂપ-સચિવસ્વરૂપ મંદ-મંદ પવન, કમળની સુવાસને અને શીત જળકણોને અનુપમ ભેટણારૂપે ગ્રહણ કરીને ભરત મહારાજાની સેવામાં હાજર થયો અર્થાત્ ભરત મહારાજા ગંગાકિનારે આવ્યા ત્યારે મંદ-મંદ પવન વાવા લાગ્યો. "હાહા" એવા નાદથી

વ્યાપ્ત અને રોમાંચ યુક્ત હર્ષવાળી ચક્રવર્ત્તીની સેનાએ વિકસિત કમળની સુવાસવાળા, અત્યંત સુકોમળ, ગંગા નદીમાંથી આવતા અને મનરંજક વાયુને આલિંગન આપ્યું અર્થાત્ તે સમયે સુખકર વાયુ વાવા લાગ્યો. શું 'આકાશપ્રદેશમાંથી વિદ્યુદ્દંડ આવીને પડ્યો છે? શું પાતાલલોકમાંથી શેષનાગનો કાંતિસમૂહ પૃથ્વીપીઠ પર આવ્યો છે? અથવા તો પૃથ્વીદેવીની મોતીઓથી ભરપૂર કંઠી છે?' એ પ્રમાણે દેવોએ પણ તે ગંગા નદી સંબંધી કલ્પના કરી. કિનારે રહેલ વૃક્ષોના પ્રતિબિંબથી વિવિધ વર્ણવાળી, સુંદર અને વિવિધ પક્ષીઓના કલરવથી વ્યાપ્ત, પ્રફુલ્લ કમળરૂપી મુખવાળી, જળપ્રવાહરૂપી સંપત્તિવાળી ગંગા નદી મોજાંરૂપી હસ્તોદ્વારા સમુદ્રને આલિંગન આપે છે. વળી પૃથ્વી પર જે મહત્તાને ધારણ કરે છે, પાર ન પહોંચી શકાય તેવી ઊંડી છે, આશ્રિત જનોના (સ્નાન કરનારા તેમજ વટેમાર્ગુના) તાપરૂપી પીડાને શીઘ્ર હરણ કરે છે, સાધુ પુરુષોની માફક નિર્મળ સ્વભાવવાળી (જળવાળી) છે, બંને કિનારા પર રહેલા વિશાળ શાલ વૃક્ષના પડછાયાથી શ્યામ બનેલ વિશાળ જળપ્રવાહરૂપી બંને ભુજાદ્વારા પોતાના સ્વામી સરખા સાગરને આલિંગન આપતી, વળી જેણે નંદનવનનો ત્યાગ કર્યો છે તેવા દેવો અને સિદ્ધપુરુષો (ગાંધર્વો) પોતાની પ્રિયાઓ સાથે વાસ કરતા હોવાથી જેના કિનારા પર રહેલ ઉપવનસમૂહો કદી પણ શૂન્ય (નિર્જન) નહીં બનતા હોવાથી જેને **"સુરસિદ્ધસિંધુ"** એવી સંજ્ઞા (ઉપનામ) પ્રાપ્ત થયેલ છે તેવી ગંગા નદીથી વ્યાપ્ત બનેલ (મળી ગયેલ) અને આકાશપથમાં ઉછળતાં વિશાળ મોજાંવાળા પૂર્વસમુદ્રને, ચક્રની પાછળ પાછળ અનુસરતા અને હર્ષભરપૂર ભરત મહારાજાએ જોયો.

**પૂર્વસમુદ્રનું વર્ણન—**

જળના વેગદ્વારા આલિંગન આપવાને ઇચ્છતી ગંગાને મળવાને માટે પુષ્કળ ચપળ તરંગરૂપી હસ્તવાળા પૂર્વસમુદ્રને જોઈને અત્યંત હર્ષાન્વિત ભરત મહારાજા આ પ્રમાણે વિચારવા લાગ્યા કે—"આ સાગરને વિષે સુવર્ણવાળા અને જળદ્વારા ફેંકાતા રત્નરાશિથી વ્યાપ્ત ગોળાકાર દ્વીપોની શ્રેણી, જાણે પોતાની નદીરૂપી સ્ત્રીઓને પહેરવાને માટે શ્રેષ્ઠ કુંડલો હોય તેમ શોભી રહી છે. આ પૂર્વસમુદ્રને વિષે નવીન તમાલ વૃક્ષોદ્વારા શ્યામવર્ણી બનેલા જળના ઉન્નત સ્તનો સરખા તેમજ વનની શ્રેણીથી નીલવર્ણવાળા દ્વીપો, જાણે કે મોતીઓની માળાના બહાનાથી પુષ્પસમૂહને ધારણ કરીને શોભી રહ્યા છે. 'વિશાળ મેઘવૃષ્ટિદ્વારા મેં જ આ પૃથ્વીને પુત્રીની માફક વૃદ્ધિ પમાડી છે-ઉછેરી છે તો તમારે હવે તે પૃથ્વીને તમારી પત્ની સરખી માનીને પાળવી જોઈએ' એવા પ્રકારના આ પૂર્વસમુદ્રના આદેશનું રાજાઓ સ્વયં ધારણ કરેલા રત્નોના બહાનાથી પાલન કરી રહ્યા છે. (રત્નો સમુદ્રમાંથી નીકળે છે. રાજાઓ રત્નોને પોતાના મુગટમાં જડાવે છે. તે જાણે કે સમુદ્રની આજ્ઞાને શિરોધાર્ય કરી રહ્યા હોય તેમ જણાય છે.) 'આનો વિનાશ નથી, વળી જન્મથી અનાદિ (આદિ-શરૂઆત રહિત) છે અને પાણીથી પણ

ભિન્ન છે તેથી આ સમુદ્રરૂપી વર યોગ્ય છે' એમ વિચારીને પર્વતોએ નામની સાદશ્યતાથી (સિંધુ એટલે નદી અને સિંધુ એટલે સાગર) પોતાની પુત્રીયોને (નદીઓને) સમુદ્રને અર્પણ કરી-પરણાવી. કન્યા હંમેશા યોગ્ય, લાયક, સરખા મોભાવાળા અને ભિન્ન ગોત્રવાળા વરને પરણાવવી જોઈએ. બાકી (નદીનું પાણી મીઠું અને સમુદ્રનું પાણી ખારું હોય છે એટલે ભિન્ન ગોત્ર જાણવું.) જળહસ્તીના ઝરતા મદપ્રવાહથી હોયની શું? સૂર્યથી ભયભીત બનીને અંદર દાખલ થઈ ગયેલ અંધકારસમૂહથી હોયની શું? અથવા તો આકાશના પ્રતિબિંબથી હોયની શું? તેમ સાગર અત્યંત શ્યામવર્ણ બની ગયો છે. વળી નવીન ને વિશાળ નદીઓદ્વારા અર્પાયેલ પુષ્કળ ચંદ્રકાંતમણિઓને ધારણ કરતો આ સમુદ્ર રાત્રિઓને વિષે ચંદ્રોદય થયે છતે ઊંચા તરંગવાળો બને છે (ભરતી આવે છે). આ માગધ નામનું તીર્થ છે અને તેના સ્વામી માગધદેવને મારે જીતવો જોઈએ." આ પ્રમાણે અંતઃકરણમાં વિચારીને ભરત મહારાજાએ પુષ્કળ વૃક્ષવાળા તેના કિનારા પર વિશ્રામ લેવાની ઈચ્છાથી છાવણી (સૈન્યપડાવ) નાખી, એટલે તે સ્થળે બાર યોજનપ્રમાણ ભૂમિમાં સેનાનો પડાવ વિસ્તરી ગયો અને અયોધ્યા નગરીની માફક વિવિધ જાતના હાટો અને આવાસોની શ્રેણી તેમજ ચૌટા વગેરે સર્વ વસ્તુ બની ગઈ. વળી બુદ્ધિના સાગર સરખા વર્દ્ધકી રત્ને દરેક દિશાઓમાં સર્વ સૈનિકોને માટે મનોહર આવાસો બનાવ્યા અને પુણ્યરૂપી હસ્તીને બાંધવામાં આલાનસ્તંભ (ખીલા) સમાન એક પૌષધશાળા પણ બનાવી. બાદ તે પૌષધશાળામાં સ્થિરતા કરીને, અઠ્ઠમ તપ કરવાપૂર્વક પોતાના ચિત્તમાં માગધદેવનું સ્મરણ કરીને ભરત મહારાજા પૌષધ ગ્રહણ કરીને રહ્યા અને પૌષધ પારીને ચોથે દિવસે પ્રાતઃકાળમાં સૂર્ય જેમ ઉદયાચળ પર્વત પર આવે તેમ ભરત મહારાજા રથ પર આરૂઢ થયા. બાદ સમુદ્રના જળમાં ધરી પર્યન્ત રથને લઈ જઈને ભરતમહારાજાએ માગધદેવની મૈત્રીને માટે પોતાની રાજ્યલક્ષ્મીથી નમ્ર બનેલ તર્જની અંગુલી સરખી ધનુષ્યની દોરી ખેંચી, અને તે ધનુષ્ય પર પોતાના નામથી અંકિત, તેજસ્વી તેમજ ભયપ્રદ એવું સીધું બાણ, જેમ પુણ્યકાર્યમાં મિત્રને યોજે તેમ ચઢાવ્યું અને જ્યારે ચક્રીએ તે ધનુષ્યને ખેંચ્યું ત્યારે મધ્યભાગમાં રહેલ તે બાણ યમરાજની જિહ્વા સરખું શોભવા લાગ્યું. કર્ણ પર્યન્ત ખેંચેલા ધનુષ્યની મધ્યમાં રહેલ ચક્રવર્ત્તી ભરતનું વિશાળ મુખ બાણદ્વારા શોભી ઊઠ્યું તે જાણે કે ત્રણ ભુવનને ભય પમાડવાને માટે સજ્જ થયેલ કેતુથી ઘેરાએલ વિશાળ સૂર્યબિંબ હોય તેમ શોભતું હતું. વળી અસુર અને નાગકુમાર પ્રમુખ દેવોથી અધિષ્ઠિત થયેલ તે બાણ ગરુડની માફક તીક્ષ્ણ હતું અને તેવા તે બાણને ચક્રવર્ત્તીએ પોતાના પત્રવાહક દૂતની માફક માગધદેવને ઉદ્દેશીને ફેંક્યું એટલે અત્યંત સડસડાટ ગતિવાળું અને દિશાભાગોને પ્રકાશિત કરતું તે બાણ જલ્દીથી બાર યોજનપ્રમાણ ભૂમિ જઈને માગધેશ્વરની સભામાં પડ્યું.

## બાણને જોવાથી થયેલ માગધેશ્વરની સ્થિતિ—અવસ્થા—

યમરાજના શ્રેષ્ઠ દંડ સરખા તેમજ વેગપૂર્વક આવી પડેલા તે બાણને જોઈને ક્રોધને

અંગે ચઢાવેલ ભૃકુટીને લીધે વિકરાળ ભાલપ્રદેશવાળો તે માગધદેવ સાક્ષાત્ રૌદ્ર રસ હોય તેવો જણાવા લાગ્યો. 'લતાકુંજમાં સુખપૂર્વક સૂતેલા સિંહના મુખમાં કોણે આ ધનુર્દંડ નાખ્યો? જ્વાળાઓથી જાજ્વલ્યમાન અગ્નિવાળા વનને વિષે કયો મૂઢ પુરુષ દાખલ થયો? હાથી સરખી તે વ્યક્તિના પ્રગટેલા પુષ્કળ અભિમાનને દૂર કરવાને હું સિંહની જેમ સજ્જ છું' આ પ્રમાણે બોલીને ક્રોધને લીધે અધરોષ્ઠ કંપાવતો, જાણે પોતાનો શત્રુ સામે જ હોય તેમ માનીને માગધેશ સિંહાસન ઉપરથી ઊભો થઈ ગયો, અને યમરાજની જિહ્વા સરખા તેમજ આકાશની કાંતિ જેવા શ્યામવર્ણા ખડ્ગને કંપાવતો તે, આકાશપથમાં જેની ધૂમશ્રેણી વ્યાપ્ત થઈ ગઈ છે તેવા સાક્ષાત્ પ્રજ્વલિત ક્રોધાગ્નિ સરખો શોભવા લાગ્યો. વળી તે સમયે માગધદેવ પોતાનું ખડ્ગ કંપાવતો જલ્દી ઊભો થઈ ગયો એટલે અત્યંત ખળભળી ઉઠેલ સભાજનો પણ ઊભા થઈ ગયા તે જાણે કે ગ્રીષ્મઋતુમાં ચંદ્રોદય સમયે ગર્જના કરતા સાગર સરખા દેખાવા લાગ્યા. વળી કેટલાકના ઊંચા થયેલ ખડ્ગો પોતાની કૃષ્ણવર્ણી કાંતિના સમૂહના બહાનાથી કહેવા લાગ્યા કે—'અમારી સાથે લડવામાં તમારી અવશ્ય અપકીર્તિ થશે, માટે તમે ચૂપ થઈ જાઓ.' વળી કેટલાક અવિરત શ્રમથી આકાશમાં પોતાની છરીઓ ઉછાળવા લાગ્યા પરન્તુ તે સ્થળે શત્રુના અભાવમાં તેઓનો કરેલો પ્રયાસ નિષ્ફળ નીવડ્યો. વળી કેટલાકોએ જલ્દી પોતાના ધનુષ્યો ખેંચવાથી તે જ અવસરે તે સભા, 'આ બાણનો ફેંકનાર કોણ છે?' એમ દરેક દિશામાં જાણે જોવાને માટે જ હોય તેમ હજાર નેત્રવાળી બની ગઈ (જ્યારે ધનુષ્યને ખેંચવામાં આવે છે ત્યારે તેનો આકાર આપણા લોચન જેવો થઈ જાય છે.) અર્થાત્ કેટલાકો ધનુષ્યટંકાર કરવા લાગ્યા. વળી કેટલાકોએ સૂર્યના કિરણોની કાંતિથી અતિ ભયંકર ભાસતાં ભાલાઓ ઊંચા કર્યા અને તેમ થવાથી તે ભાલાઓએ, પોતાની કાંતિસમૂહથી અને સુભટોના નિરીક્ષણથી અયોગ્ય બળવાળા તે બાણને અત્યન્ત હસી કાઢ્યું. વળી કેટલાકો રણભૂમિમાં સૂર્યની કાંતિ સરખા દુષ્પ્રેક્ષ્ય તેમજ શત્રુની ત્રણ [1]શક્તિઓનું ઉન્મૂલન કરનાર ત્રિશૂળસમૂહને ધારણ કરવા લાગ્યા કે જેને જોઈને ત્રણ જગત્ પણ ધ્રૂજી ઊઠે. વળી કેટલાકોએ સમરાંગણમાં દુશ્મનોની જય અને કીર્તિરૂપી વેલોની સાથોસાથ તેમના મસ્તકોને પણ છેદી નાખનાર તેમજ અગ્નિ અને સૂર્ય સરખી કાંતિને ધારણ કરનાર પરશુઓ (ફરસી) ગ્રહણ કરી. વળી મજબૂત મૂઠી વાળવાને લીધે સુંદર ભુજાવાળા કેટલાકો, વિશાળ મસ્તકવાળા રાહુ સરખા મુદ્ગરોને ગગનમાં ઉછાળવા લાગ્યા અને કેટલાએકે પોતાની ધીરજરૂપી સાગરનાં મોજાં સરખાં દંડોને અભિમાનપૂર્વક ઊંચા કર્યા. વળી કેટલાક ઉચ્ચ સ્વરે સિંહનાદ કરવા લાગ્યા કે જે સાંભળીને દિગ્હસ્તીઓનો મદ શીઘ્ર ગળી ગયો, પરન્તુ ચંદ્રને વિષે રહેલ હરણ ત્રાસ ન પામ્યું કારણ કે ચંદ્રકલાથી બંધનમાં જકડાયેલ તે મૃગ કઈ રીતે નાસી છૂટે? (દિગ્હસ્તીઓ ત્રાસી ઊઠ્યા તો મૃગ કેમ નહિ? એ આશ્ચર્યકારક વસ્તુ આ શ્લોકમાં જણાવી છે.) વળી કેટલાકોએ પોતાના ડાબા હાથને (હૃદય)

૧. મંત્રશક્તિ, પ્રભુશક્તિ અને ઉત્સાહશક્તિ.

છાતીપ્રદેશમાં સ્થાપીને અને જમણા હાથવડે આસ્ફોટન કરવાથી પ્રગટેલ ધ્વનિ તે સમયે સમુદ્રમાં પ્રવેશ કરી ગયો કે જે ધ્વનિ હજુ પણ સમુદ્રનાં તરંગોમાં સંભળાઈ રહ્યો છે.—આ પ્રમાણે સભાની અંદર ઉશ્કેરાઈ ગયેલ પરિવારવર્ગ વિવિધ પ્રકારની ચેષ્ટાઓ કરી રહ્યો હતો તેવામાં માગધદેવના મંત્રીએ તે બાણને વિષે યુદ્ધને અટકાવનારી નીચે પ્રમાણે અક્ષરપંક્તિ નીહાળી કે—"જો તમે તમારા ધન, રાજ્ય અને જીવિતને ચાહતા હો તો રત્નના ભેટણાદ્વારા તમે અમારી સેવા સ્વીકારો." આ પ્રમાણે યુગાદિનાથ શ્રી ઋષભદેવનો પુત્ર ભરત ચક્રવર્ત્તી તમને આજ્ઞા ફરમાવે છે.

**આજ્ઞા-વાચન બાદ મંત્રીનું કથન—**

આ પ્રમાણે અક્ષરપંક્તિ વાંચીને અને અવધિજ્ઞાનદ્વારા તેનું રહસ્ય જાણીને તે બાણ પોતાના સ્વામી માગધદેવને દર્શાવતાં મંત્રીએ સમગ્ર સભાજનોને ઉદ્દેશીને કહ્યું કે—"અત્યંત ઉતાવળે કાર્ય કરનારા તમોને ધિક્કાર હો ! આ ભરતક્ષેત્રને વિષે **ભરત** નામના પ્રથમ ચક્રવર્ત્તી થયા છે અને તે શ્રી ઋષભદેવના પુત્ર તમારી ઉપર શાસન કરવાને માટે દંડની માગણી કરી રહ્યા છે. જો કદાચ વિદ્યાધર, મનુષ્ય, કિન્નર અને અસુરો વગેરે એકત્ર મળીને તેમને જીતવાનો પ્રયાસ કરે તો પણ પૂર્વપુણ્યથી પ્રાપ્ત થયેલ દેવતાધિષ્ઠિત ચક્રવાળા તે ભરત મહારાજા કદાપિ કોઈથી જીતી શકાય તેમ નથી. કદાચ બળવડે વજ્રને પીસી નખાય, બે હાથવડે સમુદ્ર તરી શકાય અને મુઠીઓવડે મેરુપર્વતને શીર્ણવિશીર્ણ કરી શકાય; પરન્તુ આ પૃથ્વીપીઠ પર ચક્રવર્ત્તીને ન જીતી શકાય. હે સ્વામીન્ ! તમે નાગકુમાર નિકાયના દેવ છો, અને આ ભરત ચક્રવર્ત્તી તો શત્રુરૂપી સર્પોને દળી નાખવામાં ગરુડ સમાન છે, માટે આપણા સભાજનોને ક્રોધથી નિવારો, તેમની આજ્ઞા મસ્તક પર ધારણ કરો અને દંડ આપો." આ પ્રમાણે પોતાના મંત્રીના વચનો સાંભળ્યા બાદ બાણ પર રહેલ અક્ષરપંક્તિ વાંચીને માગધદેવ શાંત થઈ ગયો અને તે સુવર્ણ બાણ તેમ જ ઉચિત ભેટણું લઈને, ચક્રવર્ત્તીની પાસે આવીને, નમસ્કાર કરીને નીચે પ્રમાણે તેની સ્તુતિ કરી.

**માગધદેવે ચક્રવર્ત્તીની કરેલ સ્તુતિ—**

"પ્રાતઃકાળમાં કમળસમૂહને સૂર્યના દર્શન સરખું આપનું દર્શન મારા સદ્ભાગ્યને અંગે જ થયું છે. જેવી રીતે આપના પિતા પ્રથમ તીર્થંકર તરીકે જયવંત વર્તે છે તેમ આપ પણ પ્રથમ ચક્રવર્ત્તી તરીકે જય પામી રહ્યા છો. હે નાથ! આપની સ્પર્ધા કોઈ પણ વીર પુરુષ કરી શકે તેમ નથી, કારણ કે મદોન્મત્ત હસ્તીસમૂહ પણ શું ગંધહસ્તીને જીતી શકે? શું મૃગસમૂહ સિંહને વશ કરી શકે? શું ગાઢ અંધકાર સૂર્યને આવરી શકે? વળી ઇંદ્રના હસ્તદ્વારા ફેંકાતા વજ્રને, મહર્ષિ પુરુષના મુખમાંથી નીકળતા ક્રોધાગ્નિને અને સતી સ્ત્રીના શ્રાપને જેમ કોઈ પણ વ્યક્તિ સહન કરી શકે નહીં તેમ આપના ધનુષ્યમાંથી છૂટતા બાણને કોઈ પણ સહન કરી

શકતા નથી. મારા પ્રત્યેની મહેરબાનીથી જ આપે આપના સચિવ સદેશ જે બાણ મોકલ્યું તે, મારા હૃદયમાં પ્રગટેલ અભિમાનને શાંત કરીને તેમજ આપની સેવા કરવાની પ્રેરણા કરીને મારો ગુરુ (શિક્ષાદાતા) બનેલ છે. દેવ, દાનવ અને મનુષ્યોને વિષે આપ શિરોમણિ છો તેથી આપની આજ્ઞા મને માનનીય છે એટલે આપ આ મણિમુકુટ સ્વીકારો.'' આ પ્રમાણે કહીને માગધદેવે ભરત ચક્રીને તે બાણ, માગધ તીર્થનું જળ તેમ જ મુકુટ અને બે કુંડલ અર્પણ કર્યાં. ચક્રવર્ત્તીએ તે સમગ્ર વસ્તુઓ સ્વીકારી લઈ, માગધદેવને પોતાના સેવક તરીકે સત્કાર્યો અને પૂર્વદિશાના સાક્ષાત્ જય સરખા તે દેવને ભરત મહારાજાએ માગધ તીર્થના સ્વામી તરીકે પુનઃ સ્થાપિત કર્યો.

બાદ ચક્રવર્ત્તીએ સમુદ્ર પ્રત્યેથી પોતાના આવાસે આવીને, સ્નાન કરીને પારણું કર્યું તેમજ માગધદેવને ઉદ્દેશીને અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો. **ખરેખર મહાપુરુષો નમ્ર બનેલ સેવકોને પણ મહાન્ બનાવે છે.** બાદ આકાશ પથમાં ઉગ્ર તેજસ્વી તે ચક્ર આગળ ચાલ્યું, જેને જોઈને સૂર્યના સારથી અરુણે પોતાના હૃદયમાં વિચાર કર્યો કે—જો મારા રથમાં આ બીજું ચક્ર (પૈડું) હોય તો સારું; પરન્તુ ભરત ચક્રવર્તીના ભયને લીધે તે અરુણ તેમ કરવાને શક્તિમાન થયો નહીં. (સૂર્યનો રથ એક જ પૈડાદ્વારા ચાલે છે, તેથી સારથી અરુણે આ પ્રમાણે વિચાર કર્યો.) બાદ ચક્ર દક્ષિણ દિશામાં આવેલ **'વરદામ'** તીર્થ પ્રત્યે ચાલ્યું એટલે પોતાના તેજથી દિશાઓને પણ તેજસ્વી બનાવતા ચક્રવર્ત્તી પણ, જેમ અગ્નિ પવનને અનુસરે તેમ, તે ચક્રને અનુસરવા લાગ્યા.

### વરદામ દેવીની સાધના—

શત્રુરાજારૂપી અંધકારને નષ્ટ કરતા ચક્ર રત્નની પાછળ યોજનપ્રમાણ ભૂમિ પ્રયાણ કરતાં ચક્રવર્ત્તી મહારાજા ભરત, જેમ સૂર્યને અનુસરતો દિવસ આકાશપથને કાંઠે પહોંચે તેમ દક્ષિણ સમુદ્રના તીરે આવી પહોંચ્યા, એટલે ચક્રવર્ત્તીની આજ્ઞાથી વાર્દ્ધકી રત્ને એલચી, સોપારી, લવિંગ, નાગરવેલ અને કંકોળની લતાસમૂહથી પરિપૂર્ણ પ્રદેશમાં સૈન્યને નિવાસ કરવાને માટે ઘણા આવાસો તેમજ પૂર્વની માફક એક નાની પૌષધશાળા તૈયાર કરી. બાદ ચક્રીએ વરદામ દેવને ઉદ્દેશીને, અઠ્ઠમ તપ કરીને પૌષધ ગ્રહણ કર્યો અને ચોથે દિવસે, જેવી રીતે ગિરિગુફામાંથી સિંહ બહાર નીકળે તેમ તેઓ પૌષધાગારમાંથી બહાર નીકળ્યા. પછી રથ પર આરૂઢ થઈને ચક્રવર્ત્તી સમુદ્રના જળમાં રથની નાભિ પર્યન્ત ગયા એટલે સમુદ્રે પોતાના ઉછળતા તરંગરૂપી હસ્તોદ્વારા તેમના અંકમાં (ખોળામાં) પુષ્કળ રત્નસમૂહ અર્પણ કરીને સત્કાર કર્યો. બાદ 'અભિમાની પુરુષો ગુણી (ગુણવાળા) બનતા નથી' એમ વિચારીને ચક્રવર્ત્તીએ પહેલેથી જ નમ્ર બનેલ ધનુષ્યને ગુણ (દોરી) યુક્ત બનાવ્યું અને સુભટશિરોમણિ સરખા ભરત મહારાજાએ સુર તેમજ અસુરોની સેનાને પણ ક્ષુબ્ધ બનાવનાર દોરીનો ટંકાર

કર્યો. બાદ ચક્રવર્તીના પ્રભાવથી વશ બની ગયેલા શત્રુસમૂહ પ્રત્યે અત્યાર સુધી જે બાણનો ઉપયોગ કરવામાં નહોતો આવ્યો અને જેને કારણે દુ:ખને લીધે જે બાણ અધોમુખ (નીચા મુખ)વાળું બન્યું હતું તેવા બાણને તેમણે ભાથામાંથી બહાર કાઢ્યું ત્યારે પોતાના રત્નપ્રકાશદ્વારા તે જાણે હાસ્ય કરતું હોય તેમ જણાતું હતું. બાદ તે બાણને કર્ણ પર્યન્ત ખેંચીને ચક્રીએ જે મંડલ રચ્યું તે ચક્રીના પ્રતાપરૂપી સૂર્યને ત્રણે ભુવનમાં વિચરવાને માટે સામ્રાજ્યરૂપી રથના ચક્ર સમાન બન્યું હોય તેમ જણાતું હતું. (સૂર્ય માત્ર ગગનપથમાં જ વિચરે છે—ફક્ત તિર્ચ્છાલોકમાં જ પરિભ્રમણ કરે છે જ્યારે ચક્રીનો સામ્રાજ્યરૂપી રથ ત્રણે લોકમાં પ્રસાર પામતો હતો). પછી વરદામદેવને અનુલક્ષીને દિશાની જ્યોતિના કાંતિસમૂહ સરખા તે બાણને ભરત મહારાજાએ ધનુષ્યમાંથી છોડ્યું એટલે બાર યોજન પર્યંત જઈને જેમ વાદળામાંથી વીજળી પડે તેમ તે બાણ વરદામદેવની સમક્ષ આવી પડ્યું, ત્યારે પોતાની સમક્ષ બાણના પડવાથી અત્યંત તેજસ્વી વરદામદેવ અત્યંત ક્રોધાન્વિત બનીને બોલ્યો કે—"સૂતેલા સિંહને કોણે પાદપ્રહાર કર્યો? આ બાણ ફેંકનારને તેના જ બાણદ્વારા હું હણી નાખું." એ પ્રમાણે ઉચ્ચારીને યુદ્ધ કરવાને આતુર એવા તેણે તે બાણને હાથમાં લઈને તેમાં લખેલ અક્ષરપંક્તિ વાંચતાં જ, જેમ જાંગુલી મંત્રથી સર્પ વશ થઈ જાય તેમ તે દેવ શીઘ્ર ક્રોધ રહિત બની ગયો. બાદ તે બાણ તેમ જ ઉત્તમ ભેંટણું લઈને તે દેવ ચક્રવર્તી પાસે આવ્યો અને નમસ્કાર કરીને બોલ્યો કે—"હે પૃથ્વીંદ્ર! આપના બાણક્ષેપનદ્વારા હું આવ્યો છું, પરન્તુ આપમેળે આવ્યો નથી તો તે માટે મને માફ કરો. હે સ્વામિન્! આજથી હું આપના દ્વારા સનાથ—સ્વામીયુક્ત બન્યો છું." એ પ્રમાણે કહીને ભક્તિભરપૂર હૃદયવાળા જેણે ભરત મહારાજાને તે બાણ તથા રત્નનો મનોહર કંદોરો, તેમજ મોતીઓ અને મણિઓનો સમૂહ નજરાણા તરીકે અર્પણ કર્યો. એટલે તેમણે પણ તે વસ્તુઓ ગ્રહણ કરીને, પોતાના સેવક સમાન તે દેવને જ વરદામતીર્થના અધિષ્ઠાતા તરીકે સ્થાપીને, જેમ સૂર્ય ગગનપથમાંથી પાછો ફરે તેમ ચક્રી સમુદ્રતટથી પોતાની શિબિરમાં પાછા આવ્યા. બાદ ચક્રવર્તીએ સ્નાન કર્યા પછી પારણું કરીને, વરદામદેવને અનુલક્ષીને અષ્ટાહ્નિક મહોત્સવ કર્યો. **સ્વામીઓ નમ્ર બનેલા સેવકજનોનું હમેશાં ગૌરવ વધારે છે.**

## પશ્ચિમ સમુદ્રના સ્વામી પ્રભાસદેવની સાધના—

જેમ શિષ્ય ગુરુને અનુસરે તેમ પશ્ચિમ દિશા તરફ જતાં ચક્રને ચક્રવર્તી અનુસર્યા અને કેટલાક પ્રયાણો પછી પશ્ચિમ સાગરને કાંઠે આવેલ **પ્રભાસ** તીર્થે આવી પહોંચ્યા, એટલે સૂર્યના તાપને રુંધનાર પુષ્કળ નિવિડ શાલવૃક્ષોથી વ્યાપ્ત તે કિનારા પર પોતાના સૈન્યનો પડાવ નાખીને ચક્રીએ પ્રભાસદેવને ઉદ્દેશીને અઠ્ઠમ તપ કર્યો. તપ પૂર્ણ થયા પછી જેમ વાદળામાંથી સૂર્ય બહાર આવે તેમ પૌષધશાળામાંથી બહાર નીકળેલા અને ઉગ્ર તેજવાળા ચક્રવર્તી ભરત

મહારાજા પોતાના રથને સમુદ્રજળમાં રથની નાભિ પર્યંત લઈ ગયા અને પ્રચંડ બાહુબળવાળા તેમણે પોતાના ભુજાબળથી તે મજબૂત ધનુષ્યને નમ્ર બનાવ્યું અર્થાત્ વાંકું વાળ્યું અને વશ થયેલ શત્રુગણ જેમ મસ્તકદ્વારા આજ્ઞા ધારણ કરે તેમ તે ધનુષ્યે જીવા (દોરી)ને ધારણ કરી અર્થાત્ પણછ ચડાવી. પછી દુશ્મન રાજાઓની સંપત્તિને આકર્ષવાને હુંકાર સરખો; ભરતક્ષેત્રની લક્ષ્મીના સ્વીકાર સરખો તેમજ યુદ્ધના આરંભરૂપ ધનુષ્યની દોરીનો તેમણે ટંકાર કર્યો. બાદ વિશાળ ગુણવાળા, કુલીન, સજ્જનોને પ્રાપ્ત થનાર, મહાન્, સાધારણ જનને અલભ્ય એવા માહાત્મ્યને વિષે જેમ દેવોથી પ્રશંસાતા પોતાના કલ્યાણભાગી આત્માને જોડે તેમ ભરત મહારાજાએ વિશાળ દોરીવાળા, શ્રેષ્ઠ વાંસવાળા, તીક્ષ્ણ અગ્રભાગવાળા, અતિ મહાન્ અને અન્યથી ન ધારણ કરી શકાય તેવા ધનુષ્ય પર સુવર્ણથી ચકચકિત અને મનોહર બાણ ચઢાવ્યું. આ પ્રમાણે કર્ણ પર્યન્ત ખેંચેલ, શૌર્યલક્ષ્મીને વિલાસ કરવામાં કાસાર (તળાવ) સમાન, કર્ણના બે કુંડલ તથા હસ્તના મણિકંકણોની કાંતિરૂપી જળવાળા એ ધનુષ્યની મધ્યમાં ભરત મહારાજાનું મુખ વિકસિત કમળ સરખું શોભવા લાગ્યું. બાદ આકાશપ્રદેશમાં પોતાના બંને હાથો ઊંચા કરીને ચક્રીદ્વારા ફેંકાયેલ બાણ પોતાની પાંખના પ્રાંતભાગથી પ્રગટેલ પવનસમૂહદ્વારા સમુદ્રનાં ચપળ મોજાંઓને ઉછાળવાપૂર્વક સડસડાટ ગતિ કરવા લાગ્યું અને સાગર કિનારાથી આકાશમાં બાર યોજન પર્યંત જઈને તે બાણ, અતિ આશ્ચર્યને લીધે વિકસિત લોચનવાળી બનેલી, આકુળવ્યાકુળતા દર્શાવતી તેમજ તેજસ્વી પ્રભાસદેવની સભામાં આવી પડ્યું. આ પ્રમાણે ભરત મહારાજાનું બાણ આવી પડવાથી રક્તવર્ણી પ્રભાસદેવ અત્યન્ત ક્રુદ્ધ બની ગયો પરન્તુ તે ભયપ્રદ બાણની અક્ષરપંક્તિ તેણે વાંચી એટલે ક્રોધે તે પ્રભાસ દેવને જાણે તેના પ્રત્યેની ઈર્ષ્યાને લીધે જ હોય તેમ અદ્‌ભુત રીતે છોડી દીધો અર્થાત્ પ્રભાસદેવ શાન્ત થઈ ગયો. (પ્રભાસ દેવનો વર્ણ રક્ત હતો અને ક્રોધ પણ રક્તવર્ણી મનાય છે.) બાદ તે બાણને તેમજ શ્રેષ્ઠ ભેટણાને લઈને, ચક્રવર્તીની પાસે જઈને, નમીને આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરી કે-“હે પૃથ્વીનાથ! આપની જેવા સ્વામીથી પ્રકાશિત થયેલ હું આજ ખરેખર પૃથ્વીને વિષે **પ્રભાસ** (અધિક કાંતિવાળો) બન્યો છું. હે સ્વામિન્! હું આપનો આદેશ મસ્તકે ચડાવું છું અને પશ્ચિમ દિશામાં રહેનાર હું આપનો સેવક છું.” આ પ્રમાણે બોલીને, ભક્તિપુરસ્સર પ્રભાસ દેવે ભરત મહારાજાને બાણ તેમજ ભેટણું અર્પણ કર્યું. ભેટણામાં તેણે પોતાની વિશાળ સંપત્તિરૂપી વેલની પુષ્પમાળાના સમૂહ સરખી મોતીની શ્રેષ્ઠ માળાઓ, પોતાના ગાઢ તેજરૂપી અગ્નિના કણિયા સરખો રત્નસમૂહ, પોતાના વિશાળ પ્રભાવ સરખી દેદીપ્યમાન કાંતિવાળી સોનામહોરો, કડાઓ, કંદોરા, મુગટ, હારમાં નાખવાનો મણિ, જાણે ચક્રવર્તીના પૂર્વપુણ્યરૂપી વૃક્ષનાં ફળો હોય તેમ અર્પણ કર્યાં. બાદ જે ભેટણું ચક્રીએ સ્વીકાર્યું તે તેમની પ્રભાસદેવ પ્રત્યેની પ્રસન્નતાની નિશાનીરૂપ બન્યું અને તેને તે તીર્થના સ્વામી તરીકે સ્થાપન કરીને સમુદ્રથી પોતાની કીર્તિના સ્તંભ સરખા સૈન્યસમૂહમાં ગયા. બાદ સ્નાન કરીને, પારણું કર્યા બાદ પ્રભાસ

દેવને ઉદ્દેશીને ભરત મહારાજાએ અષ્ટાહ્નિક મહોત્સવ કર્યો. **ખરેખર નિર્મળબુદ્ધિવાળા પુરુષો સેવકભાવને પ્રાપ્ત થયેલ મહાન્ વ્યક્તિના માહાત્મ્યને હણતા નથી.**

## સિંધુના દક્ષિણ કિનારા ઉપર સિંધુદેવીનું વશ કરવું–

બાદ જેમ પ્રાણીની બુદ્ધિ પૂર્વકર્મને અનુસરે તેમ ચક્રની પાછળ ચાલતા ભરત મહારાજા ત્રણ જગતને વિષે પ્રસિદ્ધિ પામેલ સિંધુ નદીના કિનારે આવી પહોંચ્યા. બાદ તેના કિનારે પૂર્વાભિમુખ ચાલતા ચક્રવર્ત્તી સિંધુદેવીના સદન સમીપે આવી પહોંચ્યા, અને ત્યાં સૈન્યનો પડાવ નાખીને, સિંધુ દેવીને ઉદ્દેશીને અઠ્ઠમ તપ કર્યો. એટલે પવનથી કંપાવાતા પીપળાના પર્ણની માફક સિંધુદેવીનું આસન કંપી ઊઠ્યું ત્યારે અવધિજ્ઞાનવડે જાણીને ચક્રવર્ત્તીના સત્કારને માટે ભેટણા સાથે આવી પહોંચી. બાદ ગગનપથમાં રહીને "હે ચક્રી! તમે જય પામો! આનંદ પામો!" એ પ્રમાણે આશીર્વાદ આપીને કહ્યું કે–"હે નાથ! આજથી હું તમારી સેવિકા બનીને આ સ્થાનમાં રહીશ. આપ મને આજ્ઞા ફરમાવો." બાદ તે દેવીએ ચક્રીને રત્નોથી ભરેલા એક હજાર ને આઠ કુંભો (કળશો) આપ્યા તે જાણે કે ભવિષ્યમાં પ્રાપ્ત થનારા નવ નિધાનોદ્વારા પ્રથમથી જ મોકલાવેલા તેમના સંતાનો હોય તેમ જણાતા હતા. વળી દેવીએ ચક્રવર્ત્તીની યશલક્ષ્મીને તેમજ તેજલક્ષ્મીને બેસવાને માટે મણિના બનાવેલાં બે ભદ્રાસનો તેમજ પોતાના સ્વામી સાગરદ્વારા પ્રાપ્ત કરેલ પુષ્કળ રત્નરાશિથી બનાવાએલ બાજુબંધો પણ આપ્યા. સાગરના જળમાં વસવાટ કરવાથી શીતળ બનેલા વડવાનલના કિરણસમૂહથી જાણે બનવાયેલ હોય તેવા તેમજ પોતાની કાંતિસમૂહના તેજથી દિશાઓને તેમજ આકાશને વિવિધ વર્ણી બનાવતાં મણિના કડાંઓ આપ્યાં. તે ઉપરાન્ત સમુદ્રના વિવિધવર્ણી રત્નોની કાંતિથી જાણે બનાવાયા હોય તેવા અત્યન્ત તેજસ્વી અને કેળના પાંદડા કરતાં પણ અતિશય સુકોમળ ઉત્તમ રેશમી વસ્ત્રો અર્પણ કર્યા. બાદ સાગર જેમ સિંધુ નદીના જળને સ્વીકારે તેમ તે સમગ્ર ભેટણાંને સ્વીકારીને, ઉત્તમ વચનોદ્વારા તે દેવીનો સત્કાર કરીને અને વિદાય કરીને ભરત મહારાજાએ પોતે સૈન્યમાં આવીને, સ્નાન કરીને પારણું કર્યું.

## વૈતાઢ્ય દેવની સાધના–

બાદ સિંધુ દેવીને અનુલક્ષીને ચક્રીએ અઠ્ઠાઈ મહોત્સવ કર્યો. **ખરેખર સજ્જન પુરુષો ક્રમનું કદી પણ ઉલ્લંઘન કરતા નથી.** બાદ ચક્ર ઈશાન દિશા તરફ ચાલ્યું એટલે તેને અનુસરીને ભરતમહારાજા પણ વૈતાઢ્ય પર્વત સમીપ આવી પહોંચ્યા. બાદ ચક્રીના આદેશથી સેનાએ વૈતાઢ્યના પર્વતના દક્ષિણ ભાગમાં પડાવ નાખ્યો અને તેમણે પોતે વૈતાઢ્યના સ્વામીને ઉદ્દેશીને અઠ્ઠમ તપ કર્યો, એટલે આસન કંપાયમાન થવાથી તે દેવ તેમની સમક્ષ હાજર થયો અને આકાશપ્રદેશમાં રહીને બોલ્યો કે-"હે નાથ! તમે જય પામો! જય પામો! આજથી હું આપનો સેવક છું. આપે મને આજ્ઞા ફરમાવવી." આ પ્રમાણે કહીને, ચક્રવર્ત્તીને રત્નના

આભરણો, દિવ્ય વસ્ત્રો, રત્નો અને ભદ્રાસનો ભેટણા તરીકે આપ્યા, એટલે ભરતમહારાજાએ તે સર્વ ગ્રહણ કર્યું. **રાજાઓ નમ્ર બનેલાનો કદી તિરસ્કાર કરતા નથી.** બાદ તેનો સત્કાર કરીને વિસર્જન કર્યો અને અઠ્ઠમ તપનું પારણું કર્યું. બાદ વૈતાઢ્ય દેવને ઉદ્દેશીને અઠ્ઠાઈ મહોત્સવ કર્યો. **ખરેખર સમગ્ર પ્રાણીઓ વશ થયેલને આદરભાવ આપે છે.** બાદ ગ્રીષ્મઋતુના સૂર્ય સરખું તેજસ્વી તે ચક્રરત્ન **તમિસ્રા** ગુફા તરફ ચાલ્યું, એટલે ચક્રવર્તી પણ, જેમ મનવાંછિત પદાર્થસમૂહ તપશ્ચર્યાને અનુસરે તેમ અસ્ખલિત ગતિવાળા ચક્રની પાછળ ચાલ્યા. આ પ્રમાણે તમિસ્રા ગુફા પાસે આવી પહોંચતા ચક્રીએ તેની નજીકમાં સ્વસેનાનો પડાવ નાખ્યો અને ગુફાના અધિષ્ઠાતા **કૃતમાલ** દેવને ઉદ્દેશીને અઠ્ઠમ તપ કરવાથી તેનું આસન ચલાયમાન થયું એટલે તે દેવ ચક્રી સમક્ષ હાજર થઈ બોલ્યો કે–"હે પ્રભુ! તમિસ્રા ગુફાના દ્વારે હું આપના પ્રતિહારી તરીકે રહ્યો છું." આ પ્રમાણે આજ્ઞાને ધારણ કરીને તેણે **સ્ત્રીરત્ન**ને માટે ચૌદ તિલક, અલંકાર સમૂહ, માળાઓ તેમજ ઉત્તમ વસ્ત્રો ભેટણા તરીકે અર્પણ કર્યા. ચક્રવર્તીએ તે સર્વ વસ્તુઓ સ્વીકારી લીધી. **જયશીલ પ્રાણી જયદ્વારા પ્રાપ્ત થતી વસ્તુઓનો અનાદર કરતા નથી.** બાદ તે દેવનો સત્કાર કરીને, વિદાય આપીને પોતે અન્ય રાજાઓ સાથે પારણું કર્યું. બાદ તે કૃતમાલ દેવને અનુલક્ષીને અઠ્ઠાઈ મહોત્સવ કર્યો. **ખરેખર સ્વામીઓ દંડ આપનારને મોટાઈ બક્ષે છે.** બાદ પોતાના **સુષેણ** સેનાધિપતિને ચક્રીએ કહ્યું કે-"તમો સેના સાથે જાવ અને સિંધુના દક્ષિણ નિષ્કુટને જીતો."

## સિંધુ નદીના નિષ્કુટની સાધનાર્થે સેનાધિપતિ સુષેણનું મોકલવું–

"હે સેનાધિપતિ! વૈતાઢ્ય પર્વત, સમુદ્ર અને સિંધુ નદીની મધ્યમાં આવેલ નિષ્કુટને સંગ્રામરસિક એવા તમારે સાધવો અને જેમ ચારિત્રથી ભવપરંપરાનો પાર પમાય તેમ ચર્મરત્નદ્વારા તમારે શીઘ્ર આ સિંધુ નદી ઉતરી જવી." આ પ્રમાણે ભરત મહારાજાના આદેશથી મ્લેચ્છોને હણનાર, સંગ્રામ-ઉત્સુક ચક્રવર્તીની અર્ધ સેનાયુક્ત તેમજ અસાધારણ પરાક્રમી **સુષેણ** સામંતોની સાથે સિંધુ નદીના દક્ષિણ નિષ્કુટને જીતવાને માટે ચાલી નીકળ્યો, અને 'આ સિંધુ નદીનો મારાથી જીતવા લાયક નિષ્કુટ કેટલો છે?' એમ વિચારીને જાણે તે જોવાને માટે જ હોય તેમ શ્વેત ચામરો અને છત્રથી શોભતો સુષેણ સેનાપતિ પર્વત સરખા ઊંચા હસ્તી રત્ન પર આરૂઢ થયો. બાદ જર્જરિત કરેલ પૃથ્વીની ધૂળ ઉડાડીને સુખપૂર્વક ઓળંગવાને માટે સિંધુ નદીને યોગ્ય બનાવતા તેમજ પોતાના સ્વામી ભરત ચક્રવર્તીના તેજની સાથે સ્પર્ધા કરતાં સૂર્યને આવરી લઈને સૈન્યસમૂહ સાથે સેનાની સિંધુનદીના કિનારે આવી પહોંચ્યો. બાદ જેને સ્પર્શ કરવા માત્રથી બાર યોજન વિસ્તારવાળું બને છે તેમજ જેને વિષે પ્રાતઃકાળમાં વાવેલ ધાન્ય સાયંકાળે તૈયાર થાય છે તે અને સમુદ્ર પ્રમુખના જળને વિષે જે તારવાને શક્તિશાળી છે તેવા **ચર્મરત્ન**ને તે નદીના જળ ઉપર મૂકતાં જ બંને કાંઠા પર્યંત

વિસ્તૃત બની ગયું અને તેના પર સૈન્ય સહિત આરૂઢ થયેલ સુષેણ જલ્દીથી પૂલની માફક તે દ્વારા સિંધુ નદી તરી ગયો. આ પ્રમાણે સેનાધિપતિ આવી પહોંચવાથી, મંદરાચલરૂપી રવૈયાથી ભય પામેલ સાગર-જળની માફક તે નિષ્કુટ પૂર્વે કદી ન હોય તેવું ખળભળી ઉઠ્યું. બાદ યુદ્ધદ્વારા **સુષેણે સિંહલ** લોકોને શિયાળ, અભિમાનથી ઉન્મત્ત બનેલા બર્બર લોકોને રાંકડા-દીન, ચતુર **ટંકણ** લોકોને નિઃશસ્ત્ર અને **કાળમુખ** લોકોને યમરાજના અતિથિ બનાવ્યા. જેમ દેવોથી અને દાનવોથી વીંટળાયેલ વિષ્ણુએ રત્નથી પરિપૂર્ણ સમુદ્રને વલોવીને સારવસ્તુઓ ગ્રહણ કરી લીધી તેમ સામંતોથી પરિવરેલા સેનાધિપતિએ **યવન** દ્વીપને જીતી લઈને તેની શ્રેષ્ઠ વસ્તુઓ હરી લીધી. વળી **જોનક** નામના લોકોને અકાળે પોતાને વશ કરી લીધા અને તરવાર તેમજ દંડના ઘાતથી ધ્રૂજી ઊઠેલા અને વૈતાઢ્ય પર્વતના અધોભાગમાં રહેલા તેઓનું, જેમ વૃક્ષના ફળોને ગ્રહણ કરી લેવામાં આવે તેમ, સર્વસ્વ હરી લીધું. બાદ ઉત્તમ શસ્ત્રને ધારણ કરનાર સેનાધિપતિએ કામપીડાથી ધ્રૂજતી સમગ્ર **કચ્છ** ભૂમિને પોતાના ભુજાબળથી સંપૂર્ણ રીતે દબાવીને ઉત્કટ સુખને આપનારી તેમજ પોતાને વિષે જ રક્ત બનાવી અર્થાત્ કચ્છપ્રદેશને જીતી લીધો. (કચ્છ ભૂમિને સ્ત્રીસ્વરૂપ દર્શાવીને વર્ણન કર્યું છે.) બાદ 'યુદ્ધને વિષે અમે પરાજિત થયા છીએ' એમ વિચારીને તે નિષ્કુટના સ્વામીઓ હસ્તી, અશ્વ, અંજન જેવા રથ, રત્ન અને સુવર્ણસમૂહ ભેટણા તરીકે લાવ્યા અને કહ્યું કે-"અહીં અમે આપના સેવકની જેમ રહીશું." આ પ્રમાણે સમસ્ત નિષ્કુટને જીતી લઈને, પહેલાની માફક સિંધુ નદી ઊતરીને સુષેણે મ્લેચ્છો પાસેથી ગ્રહણ કરેલ સમગ્ર દંડ ચક્રવર્ત્તીને અર્પણ કર્યો એટલે તેના આ વિજયથી હર્ષ પામેલ અને કૃતજ્ઞી ચક્રીએ તેનો પ્રસન્નતાપૂર્વક સત્કાર કર્યો. **ખરેખર રાજાઓ પોતાના દુશ્મન રાજાના પ્રદેશમાં ઇંદ્રની માફક પરાક્રમ દર્શાવતા સારા સેવકને પોતાના સરખો જ માને છે.** બાદ ચક્રવર્ત્તી જાણે પોતાની વિનીતા નગરીમાં જ નિવાસ કરીને રહ્યા હોય તેમ સુખપૂર્વક કેટલાક દિવસો ત્યાં રહ્યા. **જે સ્થળે પુણ્યવાન પ્રાણી નિવાસ કરે છે ત્યાં આગળ સુખ-સામગ્રી તેમને સ્વયં આવી મળે છે.**

## વૈતાઢ્ય પર્વતની તમિસ્રા ગુફામાં સેનાપતિનો પ્રવેશ-

બાદ ચક્રવર્ત્તીએ જયશીલ સુષેણને પોતાની સમક્ષ બોલાવીને હર્ષપૂર્વક ફરમાવ્યું કે-"વૈતાઢ્ય પર્વતની તમિસ્રા ગુફા પ્રત્યે જઈને જલ્દીથી તેના બંને દ્વારો ઊઘાડો." એટલે પુષ્પની માળાની માફક ચક્રીની આજ્ઞાને મસ્તકે ચડાવીને તે હર્ષપૂર્વક **તમિસ્રા** ગુફા પ્રત્યે ગયો અને ત્યાં તેના અધિષ્ઠાતા **કૃતમાલ** દેવને ઉદ્દેશીને અઠ્ઠમ તપ કર્યો. **શું તપશ્ચર્યા વિના પ્રાણીઓનું કલ્યાણ થાય છે?** અઠ્ઠમતપ પૂર્ણ થયા બાદ સ્નાન કરીને, મૃણાલ (કમળતંતુ) જેવા ઉજ્જ્વળ વસ્ત્રોને ધારણ કરીને, પોતાના હસ્તમાં અગુરુધૂપની ધૂપદાની ગ્રહણ કરીને, સુષેણે ભૂમિપર્યંત નમીને બંને દ્વારોને પ્રણામ કર્યો. **ખરેખર સમર્થ ચતુર પુરુષો પણ પ્રથમ**

**સામનીતિનો જ ઉપયોગ કરે છે.** બાદ કૃતમાલ દેવને પ્રસન્ન કરવા ભવ્ય અઠ્ઠાઈ મહોત્સવ કર્યો, અને તે ગુફાના દ્વાર આગળ આઠ દિશાઓની જયલક્ષ્મીને વિલાસ કરવાના સાધનભૂત અષ્ટ માંગલિકની રચના કરી. બાદ જે દંડરત્નને ધારણ કરીને યમરાજ સરખો રાજા, શત્રુસમૂહને રણસંગ્રામમાં દળી નાખે-નાશ પમાડે તેવા દંડરત્નને, જેમ ઇંદ્ર મહારાજ વજ્રને ગ્રહણ કરે તેમ **સુષેણ** સેનાધિપતિએ પોતાના હાથમાં ગ્રહણ કર્યું. બાદ સંસારને ઉચ્છેદવાને ઇચ્છતો શ્રેષ્ઠ સાધુ સંસારના વ્યવહારથી જેમ વિમુખ બને તેમ તે ગુફાના બંને દ્વારને તાડન કરવાની ઇચ્છાવાળો સેનાની સાત-આઠ ડગલાં પાછો હઠી ગયો અને જેમ યોગી પુરુષ મોક્ષમાર્ગમાં અંતરાયભૂત પુણ્ય-પાપને મન, વચન તથા કાયારૂપી ત્રિવિધ સંવરથી તર્જના કરે-અટકાવે તેમ શીઘ્ર દોડતા તેણે સમગ્ર બળથી દંડરત્નવડે તે દ્વારોને ત્રણ વાર તાડન કર્યું એટલે ગાઢ નિદ્રાનો વિચ્છેદ થવાથી જેમ ક્ષણ માત્રમાં બંને નેત્રો ખુલી જાય તેમ તે દંડરત્નના આઘાતથી વજ્ર સરખા મજબૂત તે બંને દ્વારો તરત જ ઊઘડી ગયા. આ પ્રમાણે દંડરત્નના ઉગ્ર પ્રહારથી **'તડ તડ'** શબ્દદ્વારા ધ્વનિ કરતાં તે બંને દ્વારો જાણે રુદન કરી રહ્યા હોય તેમ જણાતું હતું. અને તે અવાજના પડઘાના બહાનાથી, હું (કર્તા) માનું છું કે, તે તમિસ્રા ગુફા પણ દુઃખ અનુભવવા લાગી. બાદ તમિસ્રા ગુફાના દ્વાર ઊઘડી ગયાના સમાચાર સુષેણ સેનાપતિએ ભરત મહારાજાને જણાવ્યા એટલે જનસમૂહની દૃષ્ટિને પ્રમોદ પમાડવામાં ચંદ્ર તુલ્ય ચક્રવર્ત્તી હસ્તીરત્ન પર આરૂઢ થઈને તે તમિસ્રા ગુફા પાસે આવ્યા અને જે મણિરત્નને મસ્તક પર સ્થાપન કરવાથી (તેના પ્રભાવને લીધે) શસ્ત્રપ્રહારની માફક રોગો ઉત્પન્ન થતા નથી તેમજ દુઃખસમૂહની જેમ તિર્યંચ, મનુષ્ય અને દેવોના ઉપસર્ગો પણ વિનાશ પામે છે તેવા, હજાર યક્ષોથી રક્ષિત, અત્યંત તેજસ્વી અને ચાર આંગળના પ્રમાણવાળા મણિરત્નને, ઉદયાચળ પર્વતના શિખર પર સૂર્યની માફક હસ્તીરત્નના જમણા કુંભસ્થળ પર ભરત મહારાજાએ સ્થાપન કર્યું. બાદ જેમ ભવિક જીવના હૃદયમાં ગુરુના ઉપદેશથી સમ્યગ્જ્ઞાન થાય અને ત્યારબાદ તેને ગુણરાશિ અનુસરે (પ્રાપ્ત થાય) તેની માફક તે તમિસ્રા ગુફામાં ચક્રરત્નના પ્રવેશ પછી ભરત મહારાજા દાખલ થયા એટલે તેમનો સૈન્યસમૂહ પણ તેમને અનુસર્યો-દાખલ થયો. બાદ આઠ સોનૈયાપ્રમાણ વજનવાળું, બાર હાંસ (ખૂણા)વાળું, ષટ્દલ(પત્ર)ની જેવી શોભાવાળું, અધિકરણી જેવા સંસ્થાન-આકારવાળું, આઠ કર્ણિકાવાળું, હજાર યક્ષોથી અધિષ્ઠિત, સૂર્ય તેમજ ચંદ્ર સરખી કાંતિવાળું, ચાર આંગળના પ્રમાણવાળું, બાર યોજનપ્રમાણ ભૂમિમાં અંધકારને નષ્ટ કરનારું કાકિણીરત્ન ચક્રવર્ત્તીએ ગ્રહણ કર્યું. તે રત્નદ્વારા ગુફામાં આગળ વધતાં ચક્રવર્ત્તીએ તે ગુફાની બંને બાજુએ એક-એક યોજનને આંતરે ગોમૂત્રિકાને આકારે તમિસ્રા ગુફાના અંધકારને નષ્ટ કરનારા મંડલો કર્યાં. આ પ્રમાણે ચક્રીએ પાંચસો ધનુષ્યના વિસ્તારવાળા ઓગણપચાશ મંડળો કર્યાં અને જ્યાંસુધી ચક્રવર્ત્તી જીવે છે ત્યાં સુધી ગુફા ઊઘાડા દ્વારવાળી રહે છે અને મંડળો પણ પ્રકાશિત રહે છે. અશ્વના ડાબલાઓથી

ખોદાએલ ભૂમિ હસ્તીઓના મદજળના ઝરવાથી સરખી થઈ જવાથી તે માર્ગ પર થઈને ચક્રીનું સૈન્ય મંડલોના પ્રકાશદ્વારા અસ્ખલિતપણે ગુફામાંથી પસાર થવા લાગ્યું. આ પ્રમાણે પસાર થતાં ભરત મહારાજા તે ગુફાના મધ્ય ભાગમાં રહેલી **નિમગ્ના** અને **ઉન્મગ્ના** નામની નદી સમીપે આવી પહોંચ્યા. નિમગ્નામાં શિલાની માફક તુંબડું પણ ડૂબી જાય અને બીજી ઉન્મગ્નામાં તુંબડાની માફક શિલા પણ તરે. તે બંને નદીઓ તમિસ્રા ગુફાની પૂર્વ ભીંતમાંથી નીકળીને પશ્ચિમ ભીંતની મધ્યમાં થઈને, જાણે દક્ષિણ તથા ઉત્તર ભરતક્ષેત્રના માનવીઓને અટકાવવામાં રેખારૂપ બનેલ હોય તેમ સમુદ્રને મળી જાય છે. તે બંને નદીઓ ઉપર વાર્ધકી રત્ને મજબૂત પત્થરોનો જલ્દી પૂલ બાંધ્યો તે જાણે એક જ પાષાણનો બનાવાયો હોય તેમ જણાતો હતો. આ પૂલદ્વારા, જેમ તીર્થંકરપરમાત્મા સર્વવિરતિદ્વારા રાગ-દ્વેષને જીતે તેમ ચક્રી પણ પરિજનવર્ગ સહિત તે બંને નદીઓ પાર કરી ગયા—ઉતરી ગયા. બાદ ચક્રવર્ત્તી સ્વયં ઊઘડી ગયેલા ઉત્તર દિશાના દ્વાર પાસે આવી પહોંચ્યા અને જાણે તેમના પુણ્યપ્રભાવથી આકર્ષાઈને જ હોય તેમ તેણે માર્ગ આપ્યો-ઉઘડી ગયા. તે ગુફામાંથી સૌ પ્રથમ અત્યંત તેજસ્વી ચક્ર રત્ન બહાર નીકળ્યું, તે જાણે કે ચક્રીના પ્રતાપદ્વારા સંતપ્ત બનેલ પર્વતમાંથી વિખૂટા પડી ગયેલા મણિઓની કાંતિનો પિંડ હોય તેમ જણાતું હતું. બાદ જાગૃત થયેલ સિંહ ગુફામાંથી બહાર આવે તેમ તેજસ્વી ભરત મહારાજા તમિસ્રા ગુફામાંથી બહાર આવ્યા એટલે પર્વતની સુંદરી સરખી તે ગુફાએ, બહાર નીકળતા હસ્તીઓના બહાનાથી પોતાના સંતાનરૂપ શિખરોને જન્મ આપ્યો હોય તેમ જણાતું હતું, અર્થાત્ ચક્રવર્ત્તીની પાછળ પર્વતના શિખર સદૃશ હસ્તીઓ પણ બહાર નીકળ્યા (હસ્તીદળ). તેની પછી સર્પની માફક ખેલતા અશ્વો બહાર આવ્યા (હયદળ). બાદ મેઘમંડળમાંથી જેમ સૂર્યના દુર્વાર કિરણો નીકળે તેમ રત્નજડિત સુવર્ણ રથો નીકળ્યા (રથદળ). બાદ પાતાલ ગુફામાંથી નીકળેલ અસુરસમૂહ સરખો, પ્રચંડ ઘોષ કરતો તેમજ વિવિધ પ્રકારના અસ્ત્રસમૂહોને આકાશમાં ઉછાળતો પદાતિસમૂહ (પાયદળ) બહાર આવ્યો અર્થાત્ ચક્રવર્ત્તીની ચતુરંગી સેના ક્રમે ક્રમે ગુફામાંથી બહાર આવી.

**મ્લેચ્છોને વશ કરીને સુષેણ સેનાપતિનું ચક્રી સમીપે આગમન-**

આ પ્રમાણે પચાશ યોજન વિસ્તારવાળી તમિસ્રા ગુફાને ઓળંગીને ચક્રવર્ત્તી, જેમ સૂર્ય ઉત્તરાયણમાં આવે તેમ ઉત્તર ભરતાર્દ્ધને સાધવા માટે ઉત્તર દિશામાં આવ્યા. તે સ્થાનમાં દૈત્યોની સરખા અત્યંત ગર્વીષ્ઠ **આપાત** નામના કિરાત (ભિલ્લ) લોકો વસતા હતા. તે ધનસંપત્તિને અંગે કુબેરનો પણ ઉપહાસ કરનારા, રત્નસંચયને લીધે રોહણાચળ સરખા, શત્રુથી પરાભવ નહીં પામેલા, નંદનવનના વૃક્ષની માફક નીલવર્ણવાળા, પરાક્રમવડે મહાબળીષ્ઠ વ્યક્તિઓને પણ તૃણ સમાન ગણનારા, શ્રેષ્ઠ ભુજાબળવાળા અને વિષયોવડે જેમ મુનીશ્વર ન જીતાય તેમ અન્ય દેશવાસીઓથી અપરાજિત હતા. આ પ્રમાણે ઉત્તર ભરતાર્દ્ધના

મધ્યખંડમાં ભરત મહારાજા આવી પહોંચ્યા એટલે તે **આપાત** લોકોને અનિષ્ટ સૂચવનારા સેંકડો ઉત્પાતો ચારે બાજુ થવા લાગ્યા. વળી ભવિષ્યમાં થનારા યુદ્ધને વિષે ગર્વીષ્ઠ ભિલ્લસમૂહનો પરાજય થવાથી (તે લોકો ભૂમિ પર ઢળી પડવાથી) તેના વિશાળ બોજાને ધારણ કરવાના ભયને લીધે જ હોય તેમ પૃથ્વી, પોતના ઉદ્યાન અને પર્વતોની સાથે ધ્રૂજી ઊઠી. ઉગ્ર અગ્નિ સરખા ભરત મહારાજાના પ્રતાપરૂપી અગ્નિદ્વારા દિશાઓને વિષે દાવાનળ જેવા દાહ થવા લાગ્યાં, અને ઊડેલી તેમજ ભૂમિભાગ પર ખરતી ધૂળના સમૂહથી ઝાંખી બનેલી દિશાઓ દૃષ્ટિનું આવરણ કરનારી બની અર્થાત્ દિશાઓ અદૃશ્ય બની ગઈ. વળી મ્લેચ્છોના સમૂહને ગ્રસી જવાને યમરાજરૂપી રાક્ષસની પહોળી થયેલ મુખરૂપી ગુફામાંથી પ્રગટતી અગ્નિજ્વાળા સરખા તેમજ દેદીપ્યમાન ભરત ચક્રવર્ત્તીના તેજરૂપી અગ્નિના કણિયાની શ્રેણી સરખા ઉલ્કાપાતો આકાશમાં થવા લાગ્યા. વળી સાગરના કલ્લોલોની સરખા પ્રચંડ ધ્વનિવાળા, પરસ્પર અથડાતા અત્યંત રૌદ્ર તેમજ અનિષ્ટ એવા પવનો (ઝંઝાવાતો) આકાશપથમાં વાવા લાગ્યા, તે જાણે કે ભવિષ્યમાં સુભટસમૂહો પરસ્પર અફળાશે તેમ સૂચવતા હતા. શ્રેષ્ઠ સુભટસમૂહના પ્રાપ્ત થનારા માંસ-ભોજનથી હર્ષાન્વિત બનેલ રાક્ષસના સમૂહના પોતપોતાની સ્ત્રીઓની સાથે હાસ્યપૂર્વક અપાતા હસ્તતાલથી પ્રગટતા અતિ રૌદ્ર અવાજો દરેક દિશાઓમાં પ્રગટી નીકળ્યા અર્થાત્ રાક્ષસો અટ્ટહાસ્ય કરવા લાગ્યા.

**આપાત જાતિના ભિલ્લોનું ચક્રવર્ત્તીના સૈન્ય સાથે થયેલ યુદ્ધ—**

ભરત મહારાજાને આવતા જોઈને ક્રોધ પામેલા તે કિરાતોએ એકાએક એકત્ર થઈને, અસ્રો લઈને, ચક્રીની સેના ઉપર હુમલો કર્યો અને મોખરે રહેનારા સુભટોની સાથે યુદ્ધ કરવા લાગ્યા; એટલે જેમ દેવોની સાથે અસુરો યુદ્ધ કરે તેમ ચક્રવર્ત્તીના મોખરે રહેનાર સૈન્ય સાથે મ્લેચ્છોનું યુદ્ધ થયું, જે યુદ્ધ જોઈને આકાશ પણ, સુભટોના પરસ્પર ફેંકાયેલા બાણસમૂહને લીધે જાણે રોમાંચિત બન્યું હોય તેમ જણાતું હતું. સાહસિક અને ભુજાબળવાળા સુભટોએ શીઘ્ર યુદ્ધ શરૂ કર્યું એટલે સુભટોના મુષ્ટિગ્રહને (મુઠીથી બળપૂર્વક પકડાવાને કારણે) નહીં સહન કરતા એવા ધનુષ્યોએ પોતાની દોરીના ધ્વનિ(ટંકાર)ના બહાનાથી આક્રંદ કર્યું. અતિ વેગને લીધે ખેંચી રખાયેલ, અશ્વની ગતિના પ્રમાણ કરતા વધુ ગતિ કરવાને માટે આગળ વધતા તેમજ ક્ષણમાત્ર ચીત્કાર કરતા રથચક્રોને લીધે મદોન્મત્ત અતિરથીઓ (રથમાં બેઠેલા વીર સુભટો) દૃષ્ટિદ્વારા પરસ્પર મળ્યા અર્થાત્ સામસામા આવી ગયા. તે સમયે પરસ્પરના શત્રુઓના શસ્ત્રોને રોકતા સુભટોનો વેગપૂર્વક શસ્ત્રપ્રહાર થવા લાગ્યો કે જેથી તે રણભૂમિ પર તેઓની વચ્ચે યમરાજ પણ પોતાનો હાથ લંબાવવા શક્તિમાન થઈ શક્યો નહીં. વળી તે સમયે યુદ્ધના પ્રસંગથી થાકી ગયેલ મહાવતોના પરસેવાના જળબિંદુથી જેના લમણાઓનો (સિંદુરીઓ) રંગ ધોવાઈ ગયો છે તેવા હસ્તીઓના ગંડસ્થલ પ્રદેશ પર લોહીની નદીઓના

મોજાંઓ (છાંટાઓ) જાણે સિંદુરવર્ણા થવાને માટે જ હોય તેમ પથરાઈ ગયા—ફેલાઈ ગયા અર્થાત્ ઘોર યુદ્ધને કારણે રુધિરની સરિતાઓ વહેવા લાગી. શત્રુઓના મર્મસ્થળને ભેદવામાં ભયંકર અને તીક્ષ્ણ મ્લેચ્છ લોકોના શસ્ત્રસમૂહદ્વારા ચક્રવર્તીની સેનાનો કોઈપણ ભાગ એવો નહોતો કે જે, જેમ દુર્જન લોકોની ઉક્તિ સર્વ લોકોને ભેદ પમાડે તેમ, તેમના શસ્ત્રઘાત દ્વારા ભેદાયો નહીં હોય, અર્થાત્ ચક્રીની સેના ધીમે ધીમે ભેદાવા લાગી. તે કિરાત લોકોએ ચક્રવર્તીના પાયદળ સૈન્યને પોતાના દંડદ્વારા, જેમ ગળીના પાંદડાને કૂટે તેમ અત્યંત કૂટ્યા-માર્યા અને જેમ સમુદ્રનાં તરંગો નદીઓના પ્રવાહને પાછો વાળે તેમ ભરત મહારાજાના અશ્વદળને પણ યુદ્ધમાંથી અત્યંત પરાઙ્મુખ બનાવ્યું. વળી બધી દિશાઓમાં ફેલાઈ ગયેલ અને ઉગ્ર એવા કિરાત લોકોદ્વારા ગાઢ રીતે હણાયેલા અને વીજળી સરખા ચકચકિત સુવર્ણાલંકારવાળા હસ્તીઓના સમૂહો પણ, જેમ ઝંઝાવાતોથી અત્યંત છિન્નભિન્ન થયેલ નૂતન વીજળીરૂપી શ્રેષ્ઠ સુવર્ણાભૂષણવાળા મેઘસમૂહની માફક વેરવિખેર થઈ ગયા-નાશી ગયા. વળી અસંખ્ય શત્રુઓના શસ્ત્રપ્રહારને નહીં ગણકારતા તેમજ મદોન્મત્ત શ્રેષ્ઠ હાથીઓ સરખા તે આપાત લોકોએ પોતાના વિશાળ હસ્તમાં રહેલ દંડવડે રણભૂમિને વિષે ચક્રવર્તીના રથોને પણ ચૂર્ણ કરી નાખ્યા. આ પ્રમાણે કિરાત લોકોના દારુણ યુદ્ધથી ચક્રવર્તીની ચતુરંગી સેના અત્યંત પરજિત બની ગઈ તેથી પૂર્વે તેઓની સાથે લડવા ઉદ્યુક્ત થવાથી જે સેના હર્ષ પામી હતી તે જ સેના અત્યારે ઝંખવાણી પડી ગઈ; એટલે જેવી રીતે દુરાચારિણી સ્ત્રી પોતાના પતિથી વિમુખ બને તેમ યુદ્ધભૂમિથી પરાઙ્મુખ બનેલ પોતાની સેનાને જોઈને તે દુશ્મન લોકોને યુદ્ધમાં જીતવાને માટે સાક્ષાત્ ક્રોધ હોય તેવો સુષેણ સેનાપતિ પોતે ઊઠ્યો, અને અંધકારરૂપી રિપુદળનો નાશ કરવા માટે સૂર્ય ઉદયાચળ પર આરૂઢ થાય તેમ તે અશ્વરત્ન પર ચડ્યો. તે સમયે, સૂર્ય જેમ હજારો ગતિવાળા કિરણોથી વ્યાપ્ત બને તેમ તે સેનાપતિ ઉત્સુક બનેલા હજારો રાજાઓથી વીંટળાઈ વળ્યો. તે સર્વે રાજાઓ સાથે મ્લેચ્છ લોકોનું અત્યંત ઉગ્ર યુદ્ધ થયું અને સુભટોને વિષે વહેતી રુધિરની ધારાઓને લીધે નૂતન અંકુરાવાળા વૃક્ષ સરખું તેઓનું શૂરવીરપણું શોભી ઊઠ્યું. સુભટસમૂહ બાણોદ્વારા, હસ્તીસમૂહ દંતુશૂળદ્વારા અને મહાવતોની શ્રેણી અંકુશદ્વારા પરસ્પર તુમુલ યુદ્ધ કરવા લાગી. શત્રુઓના ખડ્ગથી હણાયેલ કોઈ એક સુભટનું મુખ આકાશને વિષે **'મારો મારો'** એવા શબ્દોચ્ચારદ્વારા પક્ષીગણને નસાડવાને અંગે, યુદ્ધ જોવાને આવેલ દેવોને હર્ષદાયક બન્યું. વળી શત્રુની તરવારથી કપાવાને લીધે આવી પડેલું અને કંઠપ્રદેશમાં લાગી ગયેલ કોઈએક હસ્તીના મુખને ધારણ કરતું કોઈ એક સુભટનું ધડ રણભૂમિ પર નૃત્ય કરવા લાગ્યું તે જાણે કે શિવના નૃત્યપ્રસંગે (ગજાનન) ગણપતિ સદૃશ શોભતું હતું. વળી કોઈએક સુભટે તરવારના પ્રહારથી ઊડાડી નાખેલ બંને કુંડલ યુક્ત શત્રુનું મસ્તક દેવોને ભય ઉપજાવવાની સાથોસાથ સૂર્ય તેમજ ચંદ્રને ગ્રસી જવાથી રૌદ્ર રાહુરૂપ બનીને ગગનપથમાં હાસ્ય કરવા લાગ્યું. (બંને કુંડલ તે સૂર્ય અને ચંદ્ર સમજવા.) યુદ્ધભૂમિમાં

સ્વામીના વાંછિતને પ્રથમથી જ પ્રાપ્ત કરનાર દુશ્મનના ખડ્ગપ્રહારથી છેદાયેલ કોઈ એક સુભટના મુખે આકાશમાં અટ્ટહાસ્ય કરવાપૂર્વક દેવાંગનાને ચુંબન કરવાની ઈચ્છા કરી. વળી, ખરેખર આશ્ચર્યની વાત છે કે-કોઈ એક જાંઘિક[1] પુરુષે પોતાના સૈન્યના સુભટે છોડેલ ઉછળતા બાણને શીઘ્ર ગતિદ્વારા પાછળ મૂકી દઈને પોતાના જ ખડ્ગદ્વારા દુશ્મનને, તે બાણ હણે તે. પહેલાં જ, હણી નાખ્યો. મસ્તક પર રહેલ સુશોભિત જટાવાળો, યુદ્ધરૂપી સાગરમાંથી પ્રગટેલ, અર્ધ ચંદ્ર સરખા બાણથી વ્યાપ્ત, તરવારના અગ્રભાગ પર દુશ્મનના મસ્તકને ધારણ કરનાર કોઈ એક પુરુષ જાણે તે શંકર હોય તેમ શોભતો હતો. કોઈ એક સુભટની મધ્યમાં બાણોના ગાઢ પ્રહારવાળી, સુવર્ણમય અને મૃત્યુ પામેલ વીર પુરુષની પીડાથી દુઃખી બનેલ એવી કોઈ એક સુભટની ઢાલ પૃથ્વીપીઠ પર પડી ગઈ તે જાણે કે ચંદ્રબિંબ હોય તેમ જણાતી હતી. રણમાંથી નાસી આવતા પોતાના ભાઈને પોતાની સમક્ષ જોઈને અત્યંત ક્રોધાન્વિત બનેલ કોઈ એક સુભટે પોતાના કુળમાં કલંક ન લગાડવાના કારણથી સૌ પ્રથમ પોતાના ભાઈને જ હણી નાખ્યો અને તેની પાછળ ધસ્યા આવતા દુશ્મનનો પણ વિનાશ કરી નાંખ્યો. વળી મિત્રે પકડેલ વસ્ત્રના છેડાને છોડાવી નાખનાર, મૃત્યુ પામેલ ભાઈના મસ્તક પર પણ ચરણ મૂકીને તેમજ પોતાની પત્નીઓના રુદનને પણ નહીં ગણકારતો કોઈએક સુભટ દુશ્મનસૈન્યમાં કૂદી પડ્યો. કોઈ એક સુભટનો શસ્ત્ર સમૂહ ખાલી થઈ જવાથી શત્રુના હસ્તીના દંતુશૂળને બળપૂર્વક જલ્દીથી ઉખેડી નાખીને અદ્ભુત શૌર્યપૂર્વક રણક્ષેત્રમાં ઘૂમતો તે બળદેવ સરખો જણાયો. અલ્પ સાધનવાળો, પરન્તુ ઉગ્ર શક્તિવાળો પ્રાણી સંપૂર્ણ સાધનવાળા વ્યક્તિના નાશના હેતુભૂત થાય છે એટલે કોઈએક પ્રચંડ શક્તિશાળી સુભટે પોતાના અર્ધચંદ્રાકાર બાણોદ્વારા પૂર્ણિમાના ચંદ્ર સરખા દુશ્મનોના મુખરૂપી શિખરોને આકાશમાં ઊડાવી દીધા. આવી રીતે ઉગ્ર સંગ્રામ થઈ રહ્યો હતો ત્યારે અત્યંત રોષિત સુષેણ સેનાપતિ, જેમ હસ્તીના નાશ માટે સિંહ દોટ મૂકે તેમ-આપાત જાતિના લોકોના નાશ માટે દોડ્યા અર્થાત્ સમરાંગણમાં આગળ વધ્યા.

**સુષેણના અશ્વનું વર્ણન—**

તે અશ્વ એક સો આઠ આંગળ લાંબો, એંશી આંગળ ઊંચો, નવાણું આંગળ વિશાળ (પહોળો) હતો. તેનો મસ્તકપ્રદેશ બત્રીશ આંગળની ઊંચાઈવાળો હતો અને બંને બાહુઓ વીશ આંગળ લાંબા અને કર્ણ ચાર આંગળ લાંબા હતા. તેની જંઘા સોળ આંગળની, ગોઠણ ચાર આંગળના અને ખરી પણ ચાર આંગળની હતી. તેનો મધ્યભાગ વળેલ ને ગોળાકાર હતો તેમજ તેનો પીઠભાગ લક્ષ્મીની શય્યા સરખો વિશાળ અને નમ્ર હતો. હંસના વાળ જેવી તેની સુકોમળ રોમરાજી હતી, તેમજ તે બાર આવર્તવાળો, સમગ્ર સુંદર લક્ષણોથી યુક્ત અને મિત્ર સરખા યૌવનથી ઉત્કંઠાપૂર્વક સેવાયેલ હતો. વળી તેના તેજથી પરાજિત થયેલ સૂર્યે, ચક્રવર્ત્તીને

૧. બાણના વેગ કરતાં પણ અતિ વેગવાળી પુરુષ જાંઘિક કહેવાય છે.

તે પોપટના જેવો નીલવર્ણી અશ્વ અર્પણ કરવાથી આ આઠમા અશ્વનો અભાવ થવાથી તે સૂર્ય સપ્તસપ્તિ (સાત ઘોડાવાળો) બની ગયો હોય તેમ જણાતું હતું અર્થાત્ તે અશ્વ સૂર્યના અશ્વ જેવો સમર્થ અને કાંતિમાન હતો. તે પોતાની પર સ્વારી કરનારની ચિત્તવૃત્તિને અનુસરનારો હતો અને તેથી તેના પ્રત્યેની ઈર્ષ્યાને લીધે જ જાણે હોય તેમ ચાબૂકે તેને કદી પણ આલિંગન આપ્યું નહોતું અર્થાત્ તેના પર ચાબૂકનો પ્રહાર કરવો જ પડતો નહીં. પાંચ પ્રકારની ગતિથી* યુક્ત તેમજ સિંહના જેવો પરાક્રમી હોઈને પાંચ પ્રકારના રત્નજડિત સુવર્ણાભરણોથી ભૂષિત બનેલ હતો. ક્ષણમાત્રમાં સો યોજન ઓળંગવાને શક્તિશાળી હતો તેમજ જળ, સ્થળ, ખાઈ, પર્વત અને કિલ્લાને પાર કરી જવામાં સમર્થ હતો. વળી ધ્વનિ કરતા ઘુઘરીસમૂહના બહાનાથી જયલક્ષ્મીએ પહેરાવેલી અને ગુંજારવ કરતાં ભમરાઓથી વ્યાપ્ત શ્રેષ્ઠ માળાને ધારણ કરતો જણાતો હતો. 'નામથી અને તેજથી ગરુડ તારો મિત્ર છે માટે તેને મારો પણ મિત્ર બનાવ' એમ કહેવાને માટે જ હોય તેમ શેષનાગે લગામના બહાનાથી તે અશ્વનું અવલંબન લીધું હતું. 'મન અને પવન પણ વેગમાં મને અનુસરી શકતા નથી' એમ દર્શાવવાને માટે જ કર્ણ ઉપર રહેલ બે ચામરોના બહાનાથી જેણે બંને પ્રકારનાં યશો પ્રાપ્ત કર્યા જણાતાં હતાં. પોતાની સરખા સૂર્યના અશ્વોની સાથે મિષ્ટ વાર્તાલાપ કરવાને માટે જ હોય તેમ પૃથ્વીપીઠને કંઈક સ્પર્શતો અને કંઈક નહીં સ્પર્શતો હોઈને આકાશમાં વિચરણ કરતા એવા, વાંકા પગલાં મૂકવાથી જાણે શત્રુની લક્ષ્મીને ખેંચી લાવવાને જ ઈચ્છતો હોય તેમ વારંવાર ઊંચું મુખ કરતા, કમળની સુવાસ કરતાં પણ ચઢિયાતા મુખશ્વાસવાળા તેમજ સામ્રાજ્યરૂપી લક્ષ્મીને વશીભૂત કરવામાં યથાર્થ **કમલાપીડ** એવા સાર્થક નામવાળા, જાણે સાક્ષાત્ ઉત્સાહ હોય તેવા, શરીરધારી પરાક્રમસ્વરૂપ, ભરતચક્રવર્ત્તીના અગણિત પુણ્યના પિંડ સરખા, યુદ્ધકુશળ, પ્રચંડ જંઘાબળવાળા તેમજ ચતુર એવા તે અશ્વને સેનાની સુષેણ શત્રુને જીતવાને માટે રણભૂમિ ઉપર લઈ ગયો.

**ખડ્ગ રત્નનું માન–**

બાદ પચાસ આંગળ લાંબું, સોળ આંગળ પહોળું, અર્ધ આંગળ જાડું, રત્નજડિત સુવર્ણની મુઠવાળું, સતીના વ્રત જેવું તીક્ષ્ણ ધારવાળું, સજ્જનોએ સ્વીકારેલ વસ્તુના જેવું સારભૂત, ચક્રવર્ત્તીની લક્ષ્મીને ક્રીડા કરવાને માટે સરોવરને વિષે રહેલ ઉજ્જ્વળ કમળ સરખા ખડ્ગરત્નને સુષેણ સેનાધિપતિએ રોષપૂર્વક દુશ્મનના નાશ કરવાના હેતુથી, જેમ રાફડામાંથી સર્પને બહાર ખેંચી કાઢે તેમ પોતાના મ્યાનમાંથી બહાર ખેંચી કાઢ્યું. તે ઉત્તમ અશ્વ, તે શ્રેષ્ઠ સેનાધિપતિ અને તે ખડ્ગ રત્ન–એ પ્રમાણે મળેલ ત્રણે રત્નોએ, જેમ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી રત્નત્રયી અશુભ કર્મસમૂહનો નાશ કરે તેમ શત્રુસૈન્યને શીઘ્ર નસાડી મૂક્યું. જ્યારે

* ૧. આસ્કન્દિત, ૨. ધૌરિતક, ૩. રેચિત, ૪. વલ્ગિત અને ૫. પ્લુતા–આ પાંચ પ્રકારની અશ્વની ગતિ હોય છે.

ગરુડ ક્રીડા કરી રહ્યો હોય ત્યારે જેવી રીતે સર્પો, સિંહના વિચરણમાં જેવી રીતે હાથીઓ ત્રાસ પામી ઊઠે તેમ સુષેણના સંગ્રામથી તે કિરાત લોકો જલ્દી ત્રાસી ઊઠ્યા. આ પ્રમાણે યુદ્ધભૂમિને ક્ષણમાત્રમાં કિરાત લોકોથી રહિત બનાવવાથી સુષેણદ્વારા ભરત ચક્રવર્તી દેદીપ્યમાન બન્યા તે જાણે કે અરુણદ્વારા તારાસમૂહને આકાશપટમાંથી દૂર કરવાને લીધે સૂર્ય પ્રકાશિત બન્યો હોય તેમ જણાતું હતું. આ બાજુ સુષેણના ભયથી રણભૂમિ પરથી નાસી ગયેલા મ્લેચ્છ લોકો સિંધુ નદીના કિનારા પર ગયા અને ત્યાં **મેઘમુખ** નામના નાગકુમારનિકાયના પોતાના કુલદેવોને સંભારીને અઠ્ઠમ તપ કર્યો.

## મેઘમુખ દેવોએ ચક્રી સૈન્યને કરેલ ઉપદ્રવ—

કિરાત લોકોના અઠ્ઠમ તપથી પ્રસન્ન થયેલા મેઘમુખ દેવોએ તે મ્લેચ્છ લોકોને સહાય કરવા માટે ચક્રવર્તીની સેના પ્રત્યે ઉપદ્રવ કરતા હોય તેમ વૃષ્ટિ કરવા લાગ્યા. આ પ્રમાણે મહાઉપદ્રવ કરનારી મેઘવૃષ્ટિ જોઈ ભરત મહારાજાએ જલ્દીથી પોતાના મિત્ર સરખા ચર્મ રત્નને સ્વહસ્તદ્વારા સ્પર્શ કર્યો, એટલે જેવી રીતે પુણ્યથી મહત્તા પ્રસરે તેમ હસ્તસ્પર્શદ્વારા ચર્મરત્ન બાર યોજન વિસ્તારવાળું બન્યું. બાદ સાગરની ઉપર જેમ મેઘસમૂહ રહે તેમ જળની ઉપર રહેલ તે ચર્મરત્નની ઉપર ચઢીને પોતાના સૈન્યની સાથે ચક્રવર્તી, જેમ તત્ત્વના રહસ્યને જાણનાર જ્ઞાનમાં સ્થિર બને તેમ સુખપૂર્વક રહ્યા. બાદ સુવર્ણની નવાણું હજાર શળીઓથી અલંકૃત હોઈને સૂર્યની પણ હાંસી કરનાર, શરદ્ઋતુના ચંદ્ર સમાન ઉજ્જ્વળ અને સુવર્ણ દંડવાળું હોઈને પદ્મના નાળવાથી યુક્ત કુમુદ સરખું, પવન, તડકો, ધૂળ અને જળથી રક્ષણ કરનાર છત્રરત્નને ચક્રીએ પોતના સંતાનની માફક વારંવાર પોતાના હસ્તદ્વારા સ્પર્શ કર્યો, એટલે ભરત મહારાજાના હસ્તસ્પર્શથી, જેવી રીતે અનુમોદના કરવાથી ધર્મ અને દાન આપવાથી ઉજ્જ્વળ યશ વૃદ્ધિ પામે તેમ તે છત્રરત્ન ચર્મરત્નના પ્રમાણ જેટલું (બાર યોજન) વિસ્તાર પામ્યું. બાદ તે છત્રરત્ન ઉપર ચક્રવર્તીએ અંધકારને નષ્ટ કરનાર મણિરત્નને, પૂર્વાચલ પર જેમ સૂર્યનું આગમન થાય તેમ સ્થાપન કર્યું. આ પ્રમાણે ચર્મરત્ન તથા છત્રરત્નનો બનેલો સંપુટ તરતા ઇંડા જેવો દેખાવા લાગ્યો અને **ત્યારથી બ્રહ્માંડની કલ્પના ઉત્પન્ન થઈ.** આ ચર્મરત્નની અંદર પ્રાતઃકાળમાં વાવેલ ધાન્ય, શાક, ફળ વિગેરેને ગૃહપતિ રત્ન સાયંકાળે પકાવીને દરેક આવાસે અર્પણ કરતો હતો. આ પ્રમાણે સાત અહોરાત્રિ પ્રમાણ વૃષ્ટિ કરીને થાકી ગયેલ મેઘમુખ દેવોએ મ્લેચ્છોને કહ્યું કે—"અમારાથી આ ચક્રવર્તી વશ થઈ શકશે નહીં, આ શ્રી **ઋષભદેવના** પુત્ર અને પ્રથમ ચક્રવર્તી ભરત મહારાજા છે કે જેઓ દેવો અને દાનવોથી પણ અજેય છે તો શું તેઓ મનુષ્યથી જીતી શકાય? માટે હે શરણ શોધનારાઓ! તમો તેની સેવા કરો અને તેમનો જ આશ્રય લ્યો." આ પ્રમાણે કહીને તે નાગકુમાર દેવો અંતર્ધ્યાન થઈ ગયા, એટલે તેમની તેવા પ્રકારની વાણી સાંભળીને તે કિરાતો "અમે હમેશાં તમારા આદેશને

અનુસરશું” એમ બોલતાં બોલતાં ભરત મહારાજાને શરણે ગયા, અને જાણે સૂર્યના કિરણોથી જ બનાવાયા હોય તેવા તેજસ્વી ને વિવિધ ગુણવાળા મણિઓ (રત્નો), દેવોએ મેરુપર્વત પરથી લાવીને અર્પણ કરેલ હોય તેવો મનોહર સુવર્ણરાશિ, સૂર્યના ઘોડાઓને તિરસ્કારી કાઢનાર અને શુભ લક્ષણોથી યુક્ત લાખો અશ્વો તેમજ ઉત્તમ વસ્ત્રસમૂહ તેઓએ ભેટણા તરીકે ભરત મહારાજાને અર્પણ કર્યો.

બાદ ચક્રવર્તીની આજ્ઞાથી સિંધુ નદીના ઉત્તર નિષ્કુટને સાધીને સુષેણ સેનાપતિએ ત્યાં દંડ તરીકે વગર પરિશ્રમે પ્રાપ્ત કરેલ સુવર્ણ તેમજ રત્નરાશિ ચક્રીને સમર્પણ કર્યો. બાદ પકડાયેલ વીર પુરુષોને છોડી મૂકતા ભરત મહારાજાએ વીરતાને પોતાને વિષે જ આસક્ત કરવા માટે (સુભટ લોકોને છોડી મૂકે એટલે તેઓને ભરત મહારાજાની સહૃદયતા માટે મનમાં પ્રીતિ ઉદ્‌ભવે), આર્ય પુરુષના સંસર્ગથી અનાર્ય લોકોને આર્ય બનાવવાને માટે તેમ જ પૂર્વભવમાં સંચિત કરેલ વિશાળ પુણ્યસમૂહદ્વારા પ્રાપ્ત થયેલ ભોગોને ભોગવતાં થકાં ભરત મહારાજાએ તે જ સ્થળે ઘણા દિવસો પસાર કર્યા.

*　　　*　　　*

વૃદ્ધિ પામેલ મિથ્યાત્વનું મંથન કરનાર એવા આગળ ચાલતા ધર્મચક્રવાળા, પોતાના આત્મધ્યાનમાં લીન હોવા છતાં ત્રિભુવનના પ્રાણીઓને પીડા કરનાર એવી વિવિધ પ્રકૃતિવાળા દુષ્ટકર્મરૂપી શત્રુસમૂહને જેણે લીલામાત્રમાં જીતી લીધા છે તેવા ધર્મચક્રવર્ત્તી **શ્રી ઋષભદેવ** પરમાત્મા તમારા કલ્યાણને માટે થાઓ.

જેમના બંને જન્મમાં અત્યંત તેજસ્વી કલ્યાણરૂપી ચક્ર જેમની આગળ ચાલી રહ્યું છે તેવા, પાપરૂપી શત્રુને ત્રાસ પમાડનાર, જગતને વશ કરનાર વિક્રમ રાજવી જેવા પ્રશંસનીય કૃત્યવાળા શ્રીમાન્ **પદ્મમંત્રી** સજ્જન પુરુષોને વિષે ચક્રવર્ત્તી (શ્રેષ્ઠ) સરખા જયવંત વર્તે છે.

**પંદરમો સર્ગ સમાપ્ત.**



# સોળમો સર્ગ

## ક્ષુદ્રહિમવત્કુમારનો વિજય, દિગ્વિજય, અયોધ્યામાં આગમન, ચક્રવર્ત્તી-પણાનો અભિષેક અને સુંદરી તેમજ ભરતના અઠ્ઠાણું ભાઈઓનું દીક્ષા-ગ્રહણ

જેમના હૃદયમાંથી દૂર કરાયેલ (હાંકી કઢાયેલ) શૃંગારરસે સ્કંધ(ખભા) પર રહેલ કેશના બહાનાથી જેમના પીઠભાગનો આશ્રય લીધો છે તે શ્રી **આદીશ્વર** ભગવંત જયવંત વર્તે છે.

બાદ ચક્રવર્ત્તીપણાને પ્રાપ્ત કરાવનાર, પોતાના પ્રકાશથી વિશાળ આકાશપટને ભરી દેતું ચક્રરત્ન આગળ ચાલ્યું, એટલે જેમ પ્રજ્વલિત અગ્નિ પવનને અનુસરે તેમ ચક્રરત્નને અનુસરતા ભરત મહારાજાએ ક્ષુદ્ર (લઘુ) હિમવત્ પર્વતના દક્ષિણ પ્રદેશમાં પોતાનો પડાવ નાખ્યો.

**હિમવત્કુમારને સાધવો અને ઋષભકૂટ પર્વત પર સ્વનામલેખન—**

પછી ચક્રવર્ત્તીએ ક્ષુદ્રહિમવત્કુમારનું મનમાં ધ્યાન ધરીને ઈષ્ટસિદ્ધિ અર્પવાના હેતુભૂત અઠ્ઠમ તપ કર્યો અને તે તપને અંતે રથ પર આરૂઢ થઈને, પર્વત પાસે જઈને, જેમ હાથી પોતાની સૂંઢવડે વૃક્ષને તાડન કરે તેમ પોતાના રથના અગ્રભાગવડે તે પર્વતને ત્રણ વાર તાડન કર્યું. પછી હિમાચળકુમારને બોલાવવામાં દૂત સમાન પોતાના નામથી અંકિત કરેલ બાણ ચક્રવર્ત્તી ભરત મહારાજાએ મૂક્યું એટલે પક્ષીની માફક બોંતેર યોજનપ્રમાણ ભૂમિ ઉલ્લંઘી જઈને ગિરિના શિખર પર હિમવત્કુમાર સમક્ષ આવી પડ્યું ત્યારે 'ધિક્કાર છે' એવા શબ્દથી જેમ સિંહ ક્રોધાયમાન થઈ જાય તેમ તે બાણના આવી પડવાથી હિમાચળકુમાર રક્ત નેત્રવાળો બની ગયો, પરન્તુ બાણ ઉપર ચક્રવર્ત્તીના નામના અક્ષરો જોઈને-વાંચીને તેનો ક્રોધ શાંત થઈ ગયો. **શું જાંગુલી મંત્રના નામશ્રવણમાત્રથી જ સર્પનો ગર્વ ગળી જતો નથી?** અર્થાત્ અવશ્ય ગળી જાય છે. બાદ સમયજ્ઞ હિમાચળકુમારે તે બાણને ભેટણા સાથે ચક્રીની સમક્ષ મૂકીને, પ્રધાનની માફક તેમનું શરણ સ્વીકાર્યું. પ્રથમ આકાશમાં રહીને બન્દીજન (ભાટ)ની માફક 'જય પામો, જય પામો' એવો ઉચ્ચાર કર્યો અને ચક્રવર્ત્તીનું આવી પડેલ બાણ તેમને પાછું સુપ્રત કર્યું. આ ઉપરાન્ત પોતાની સારભૂત વસ્તુઓ-કલ્પવૃક્ષના પુષ્પની માળા, ગોશીર્ષ ચંદન, સર્વ પ્રકારની ઔષધિઓ, પદ્મદ્રહનું જળ, દિવ્ય વસ્ત્રો, કડાંઓ તેમજ બાજુબંધો અર્પણ

કર્યાં અને ભરત મહારાજાએ પણ તે વસ્તુના સ્વીકારથી તેને હર્ષિત બનાવ્યો. બાદ 'હે સ્વામિન્! ઉત્તર દિશાને છેડે હું તમારા ભૃત્ય (સેવક)ની માફક રહીશ' એમ બોલતાં તે દેવને ચક્રીએ વિદાય કર્યો. બાદ ત્યાંથી **ઋષભકૂટ** નામના પર્વતે જઈને ચક્રીએ, જેમ બળદ પોતાના શીંગડાવડે નદીના કિનારાને તાડન કરે તેમ રથના અગ્રભાગવડે ત્રણ વાર તાડન કર્યું અને તેના પૂર્વ દિશાના શિખર પર કાકિણી રત્નવડે લખ્યું કે-'અવસર્પિણી કાળના ત્રીજા આરાના પ્રાંતભાગમાં હું **ભરત** નામનો ચક્રવર્ત્તી થયો છું.' આ પ્રમાણે લખીને, પોતાની છાવણીમાં આવીને, અઠ્ઠમ તપનું પારણું કરીને ક્ષુદ્રહિમવત્કુમારની માફક ઋષભકૂટપતિનો પણ અઠ્ઠાઈમહોત્સવ કર્યો. બાદ મદજળ ઝરતા હસ્તીઓદ્વારા જાણે હર્ષને લીધે પરસ્પર મળી ગઈ હોય તેવી ગંગા અને સિંધુ નદી તરફ પાછા ફર્યા. તે સમયે ચાલતા હાથીઓના મિષથી પોતાના પુત્ર સરખા નાના નાના પર્વતોને હિમાચળ પર્વતે ચક્રીની સેવા માટે અર્પણ કર્યાં હોય તેમ જણાતું હતું. જો અશ્વોએ ઊડાડેલી રજ ચોતરફ વ્યાપ્ત થઈ ગઈ ન હોત તો હાથીઓના ઝરતા મદજળથી ગંગા અને સિંધુ નદીનો પરસ્પર સમાગમ થઈ ગયો હોત અર્થાત્ ગંગા અને સિંધુના મધ્યભાગમાં ચક્રીનું સૈન્ય પ્રયાણ કરી રહ્યું હતું તેમાં હાથીઓનો મદજળ એટલો બધો ઝરતો હતો કે તે પ્રવાહરૂપ બનીને બંને નદીઓનો સંગમ કરાવી દેત પરન્તુ સૈન્યના અશ્વોએ પોતાની ખરીઓથી ઊડાડેલી રજ એટલી બધી વિસ્તાર પામી કે તે મદજળનો પ્રવાહ તે ધૂળના સંયોગથી કર્દમ (કાદવ)રૂપ બની ગયો. આ પ્રમાણે ગંગા અને સિંધુ નદીના મધ્યભાગને કોઈક સ્થળે હાથી સમૂહવાળો, કોઈક સ્થળે અશ્વમય, કોઈક સ્થળે રથરાશિવાળો અને કોઈક સ્થળે પાયદળ સૈન્યવાળો બનાવતા ભરતમહારાજા, જેમ શિષ્ય ગુરુને અનુસરવાથી જાણવા લાયક પદાર્થને જાણે તેમ ચક્રની પાછળ અનુસરતા વૈતાઢ્ય પર્વતે આવી પહોંચ્યા અને પિતા જેમ પ્રજાનું રક્ષણ કરનાર પુત્રને રાજ્ય અર્પણ કરે તેમ તે પર્વતની ગાઢ વનછાયાવાળા ઉત્તર નિતંબ (પ્રદેશ)માં છાવણી નાખી.

### નમિ તથા વિનમિ સાથે સંગ્રામ-

બાદ ચક્રવર્ત્તીએ વિદ્યાધરોના સ્વામી **નમિ** અને **વિનમિ** પ્રત્યે દંડની માગણી કરતું બાણ ફેંક્યું એટલે તે બાણને જોઈને પાઠસિદ્ધ વિદ્યાબળથી તેમજ વિદ્યાધરોના બળથી ગર્વીષ્ઠ અને અત્યંત ક્રોધિત બનેલા તે બંને સંગ્રામ કરવા માટે તત્પર બન્યા. અષ્ટાપદની સાથે લડવાને તૈયાર થયેલા વાઘ અને કેશરીસિંહ સરખા તેઓ બંને ચક્રીની સાથે લડવાને માટે પર્વતના શિખર પરથી નીચે ઊતર્યા ત્યારે જેમ આકાશપટમાં અસ્ખલિત ગતિવાળા અને મહાબલીષ્ઠ પવનો વાય તેમ વૈતાઢ્ય પર્વતની બંને શ્રેણીના નગર અને ગ્રામોના સ્વામીઓ પોતપોતાના પરિવારની સાથે ભયંકર યુદ્ધપ્રસંગમાં ભાગ લેવા નમિ-વિનમિને ચારે બાજુથી વીંટળાઈ વળ્યા. તે યુદ્ધને જોવાને આતુર આકાશપથમાં વિમાનદ્વારા પસાર થઈ રહેલા દેવોનો પોતાની પડખે

બેઠેલી દેવીઓ સાથે હારજીતના વિષયમાં (વાદવિવાદ કરતાં) પક્ષ પડી ગયો. પોતાના રત્નના આભૂષણોની કાંતિરૂપી જળથી પરિપૂર્ણ, આકાશરૂપી સાગરમાં કલ્લોલની માફક ઉછળતાં અશ્વોદ્વારા કેટલાએક વિદ્યાધરો આવી પહોંચ્યા. ઉત્પન્ન થયેલ પાંખોરૂપી વૃક્ષ અને ઝરણાવાળા પર્વત સરખા દેખાતા વિશાળ ધ્વજાઓ અને મદજળને ઝરતાં હાથીઓદ્વારા કેટલાએક વિદ્યાધરો જવા લાગ્યા. વળી 'તમારી કાન્તિ કેટલી છે?' એમ જ્યોતિષી દેવોને કહેતા હોય તેવા હાથમાં ધ્વજાઓને ઉછાળતાં કેટલાએક વિદ્યાધરો પોતાના રત્નમય રથોવડે જવા લાગ્યા. વળી ઊંચા કરેલા શસ્ત્રોદ્વારા આકાશને પલ્લવિત (પાંદડાંવાળું) કરતાં હોય તેમ કેટલાક મનોહર ગતિવાળા વિદ્યાધરો પાયદળરૂપે આવી પહોંચ્યા. વળી વિમાનોદ્વારા સૂર્યમય બનેલ, ઢાલોદ્વારા ચંદ્રમય બનેલ અને ભાલાઓદ્વારા *કેતુમય બનેલ આકાશ વિદ્યાધરોના અમંગળને સૂચવી રહ્યું હોય તેમ જણાતું હતું. (એવી એક માન્યતા છે કે જ્યારે રવિ, સોમ અને કેતુ એ ત્રણે ગ્રહો એકત્ર થાય ત્યારે ભયંકર ઉલ્કાપાત આદિ વિઘ્નો ઉપસ્થિત થાય.) વળી વિદ્યાધરોના સેવકોએ વગાડેલ રૂપાની ભેરીના અવાજોથી પૂર્ણ બનેલ વૈતાઢ્ય પર્વતની ગુફાઓ પડઘાના નાદોથી કહેવા લાગી કે—"અરે! ચક્રવર્ત્તીને જીતવાની તમે આશા ત્યજી દો." આવી જાતના પ્રતિઘોષથી વૈતાઢ્યે તેમને યુદ્ધ કરતાં રોક્યા. વળી વાજીંત્રોના ગાઢ ધ્વનિસમૂહથી વિદ્યાધરોના શરીરને વિષે ચારે બાજુથી વીરપણું રોમાંચના બહાનાથી અંકુરિત થઈ ગયું હોય તેમ જણાવા લાગ્યું—આવા પ્રકારના વિદ્યાધરોના સમૂહથી પરિવરેલ, યુદ્ધ કરવાને ઇચ્છતા અને અભિમાની નમિ તથા વિનમિ વિદ્યાધર ચક્રવર્ત્તીની સમીપે આવી પહોંચ્યા, અને કહ્યું કે—"જ્યારે પરમાત્મા શ્રી ઋષભદેવે પોતાના સ્વજનોને પૃથ્વી વહેંચી આપી ત્યારે તેમના આદેશથી દેશાવર ગયેલા અમોને તમોએ યાદ કરાવ્યા નહીં. તેવા પ્રકારના અપમાનને કારણે જ અમે તમારા સેવક બન્યા નહીં અને પરમાત્માની પર્યુપાસનાથી જ આવી વિદ્યાધરેંદ્રપણાની સંપત્તિ પ્રાપ્ત કરી છે, તો શું તમારું કંઈ પણ અમારી પાસે છે કે જેથી અમારા પાસે દંડની માગણી કરો છો? જો તમે બળપૂર્વક દંડ લેવા ઇચ્છતા હો તો શું મ્લેચ્છ લોકોનો નાશ કરવાથી તમને અભિમાન આવી ગયું છે? ક્ષુદ્રને જીતવામાત્રથી બલીષ્ઠ વ્યક્તિઓનો તમારે તિરસ્કાર ન કરવો જોઈએ, કારણ કે હસ્તીને જીતનાર સિંહને મેઘગર્જના તેના પોતાના દુઃખને માટે જ થાય છે. જો તમારી પાસે શત્રુનો સંહાર કરનારું અમોઘ ચક્રરત્ન છે તો અમારી પાસે પણ તેવું જ **વિદ્યાચક્ર** (વિદ્યાનો ચક્ર-સમૂહ) છે." આ પ્રમાણે બોલીને વિદ્યાઓ તેમજ વિદ્યાધરોના સૈન્યથી અભિમાની બનેલા તે બંનેએ ભરત મહારાજાને યુદ્ધ માટે આહ્વાન આપ્યું. ત્યારબાદ ચક્રીએ તે બંને સાથે યમરાજને પણ થકવી+ નાખે તેવું તુમુલ યુદ્ધ કર્યું. આ પ્રમાણે બાર વર્ષ પર્યંત

* કેતુ નામના ગ્રહનું મસ્તક છેદાઈ ગયેલ હોવાથી તેનું ધડ માત્ર જ હોય છે. ભાલાને ધડની ઉપમા આપી છે.

+ એવું પ્રચંડ યુદ્ધ કર્યું કે જેમાં ક્ષણે ક્ષણે સેંકડો માનવીઓ મૃત્યુ પામવા લાગ્યા કે જેથી તેઓના પ્રાણ હરી લેતા યમરાજને પણ થાક લાગી ગયો.

ભયંકર યુદ્ધ કરીને ચક્રીએ, જેમ મુનિજન રાગ-દ્વેષને જીતે તેમ નમિ-વિનમિને જીતી લીધા. આ પ્રમાણે જીતાયેલ, મદવિહીન બનેલ, સેવક સદૃશ બનેલ તેમણે બંનેએ અંજલિ જોડીને, ભરતમહારાજાને નમસ્કાર કરીને, ભક્તિપૂર્વક આ પ્રમાણે કહ્યું કે—"જો કદાચ દેવ, દાનવ અને મનુષ્યોના સ્વામીઓ એકત્ર થઈને તમારી સાથે સંગ્રામ કરે તો પણ તમારું રોમાંચ પણ કંપે નહીં. જે વીર પુરુષો સમગ્ર જગતને તૃણરૂપ ગણે છે તેઓ પણ, હે સ્વામિન્! જેવી રીતે પવનદ્વારા પલાલ (ભુંસો) ઊડી જાય તેમ તમારી સાથેના યુદ્ધમાં પરાજિત થઈ જાય. તમે શ્રી ઋષભદેવના પુત્ર છો, અને અમે તેમના સેવક છીએ તેમજ અમારા બંનેના તમે સ્વામી છો માટે મુગ્ધભાવથી કરેલ લડાઈને માટે તમે માફી આપો. હે સ્વામિન્! દક્ષિણ અને ઉત્તર ભરતાર્દ્ધના મધ્ય ભાગમાં રહેલ વૈતાઢ્ય પર્વતના બંને પડમાં (શ્રેણીમાં) તમારા પહેરેગીરની માફક રહીશું."

**સુભદ્રા નામની સ્ત્રીરત્નની પ્રાપ્તિ—**

આ પ્રમાણે પ્રાર્થના કર્યા બાદ ભરત મહારાજાને નમસ્કાર કરીને વિનમિએ સ્ત્રીરત્ન થવાને લાયક પોતાની પુત્રી સુભદ્રા તેમને અર્પણ કરી. આંતરિક કાન્તિ રહિત ચંદ્રનું તેજ તેના કલંકના મિષથી ગ્રહણ કરીને જાણે વિધાતાએ તે તેજને સૂત્રરૂપે (સુતરરૂપે) બનાવીને સુભદ્રાનું સમચતુરસ્ર સંસ્થાન નિર્માણ કર્યું હોય તેમ જણાતું હતું. વળી પુણ્યવતી તે સુભદ્રાને પ્રાપ્ત કરીને પોતાને ઈષ્ટ શીત તથા ઉષ્ણ સ્પર્શસુખવાળી યુવાવસ્થાએ તેનો જીવનપર્યન્ત ત્યાગ કર્યો નહીં. અમૃતમિશ્રિત સર્વપ્રકારની દિવ્ય ઔષધીઓવડે તેનું નિર્માણ કરવામાં આવ્યું હતું અને તેથી બાલવયથી જ તેણી સર્વ પ્રકારના વ્યાધિઓનો વિનાશ કરનારી હતી અર્થાત્ તેણી તદ્દન નિરોગી હતી. ત્રણ ભુવનના સ્ત્રીસમૂહને જીતીને ભાલસ્થળમાં રહેલ ત્રણ રેખા (ત્રિશૂળ)ના બહાનાથી જાણે ત્રણ જયસ્તંભને ધારણ કરતી હોય તેમ જણાતું હતું. વળી સ્વામીને (ચક્રવર્તીને) ભવિષ્યમાં પ્રાપ્ત થનારા નવ નિધિઓને બેસવાને માટે વિરામાસન-સિંહાસન હોય તેવા જમણી બાજુના નંદાવર્તને વિષે તેનો હાથ નવ ખૂણાઓને ધારણ કરતો હતો. વળી પરસ્પર વૃદ્ધિ પામતી સ્પર્દ્ધાને લીધે જ જાણે હોય તેમ સર્વ પ્રકારનાં સુલક્ષણોએ તેને અનુપમેય અંગોને વિષે સંસ્કારી બનાવી હતી, અર્થાત્ સુભદ્રા સર્વ પ્રકારના સુલક્ષણવાળી અને ઘાટીલા અવયવોવાળી હતી.

**સુભદ્રાના અંગોપાંગનું વર્ણન—**

નવીન સુવર્ણના દંડ સરખી નાસિકા ઉપર રહેલ સુંદર ભાલપ્રદેશરૂપી પીઠાસન પર રહેલ-બેઠેલ કામદેવરૂપી મયૂરના પીછકલાપ (સમૂહ) જેવો તેણીનો શ્રેષ્ઠ વેણીદંડ (કેશકલાપ) શોભતો હતો. પ્રતિવર્ષે રાહુથી ભયભીત બનીને આકાશમાંથી નીચે આવેલ ચંદ્રની કાંતિને તેણીના મુખે ધારણ કરી જ્યારે તેણીના મસ્તકના કેશસમૂહની વચ્ચે રહેલ સેંથાએ (તે કાંતિને

નીચે આવવાને માટે) અત્યંત તેજસ્વી માર્ગના સ્વરૂપને ધારણ કર્યું. તેણીના અત્યંત તેજસ્વી મુખને અવલંબેલ કમળની લક્ષ્મીએ ચંદ્રને પણ જીતી લીધો. (ચંદ્ર ને કમળ પરસ્પર વિરોધી ગણાય છે. ચંદ્ર પ્રકાશે ત્યારે કમળ બીડાઈ જાય, પરંતુ સુભદ્રાનું મુખરૂપી કમળ તો સદાય પ્રફુલ્લ જ રહેતું એ કહેવાનો આશય છે.) **ખરેખર મહાન્ વ્યક્તિનો આશ્રય લેનાર સામાન્ય (ક્ષુદ્ર) વ્યક્તિ પણ શંકરના મસ્તક પર રહેલ મણિને લઈ શકે છે.** તેણીની બંને ભ્રૂકુટીઓ નૂતન યુવાવસ્થા અને કામદેવરૂપી બે ભિલ્લોની લોહમય કાતર હોય તેવી જણાતી હતી. જ્યારે તેણીનાં બંને નેત્રો ગાઢ પત્રવલ્લીવાળા મુખપ્રદેશને વિષે શીકાર કરવાને ઉદ્યત થયેલ બે હરણીઓ સરખા શોભતાં હતાં. તેણીના કપોલપ્રદેશ પર કર્ણના બહાનાથી કામદેવરૂપી શીકારીએ પોતાની જાળ બીછાવી હતી કે જ્યાં ચારે બાજુથી આવીને માનવીઓનાં નેત્રો મૃગની માફક સપડાઈ જતા હતા અર્થાત્ તેણીના કર્ણ અત્યંત મનોહર હતા. તેણીના મુખમાં રહેલ દંતશ્રેણીની કાંતિ હૃદયમાં રહેલ કામદેવના બાણરૂપી પુષ્પસમૂહ સરખી (શ્વેત) શોભતી હતી, એ દર્શાવવાને માટે જ જાણે હોય તેમ તે પુષ્પરસથી વાસિત તેણીનો શ્વાસ સુગંધી હતો અને વાણી મધુર બની ગઈ. મણિના જેવા કિરણવાળા તેણીના અધરે (ઓષ્ઠે) નૂતન પરવાળાની શય્યાનું સ્વરૂપ ધારણ કર્યું અને ચંદ્ર સરખા ઉજ્જવળ તેણીના હાસ્યે તે પથારી પર બીછાવવાને યોગ્ય ઓછાડનું રૂપ ધારણ કર્યું અને આ પ્રમાણે કરીને તેણીએ કામદેવરૂપી રાજાની સાથે મિત્રાચારી કરી, અર્થાત્ તેણીના ઓષ્ઠ અતિશય રક્ત હતા અને હાસ્ય શ્વેતવર્ણું હતું. વિષ્ણુના હસ્તમાં રહેલ શંખ સરખો તેણીનો કંઠ જણાતો હતો પરન્તુ વિષ્ણુનો શંખ તો રેખા (આંકા)વાળો હતો જ્યારે સુભદ્રાનો કંઠ રેખા રહિત (પુષ્ટ) હતો તેથી કુતુહળ થવાને લીધે વિસ્મય પામેલ કામદેવ તેણીને જ અહર્નિશ નિરખવા લાગ્યો. વળી કામદેવરૂપી રાજાના આવાસભૂત તેણીના હૃદયપ્રદેશ પર મંગળ સુવર્ણકળશ સરખા તેમજ પીપળાના મનોહર કુંપલા જેવા નાજુક ડીંટડીવાળા તેણીના સ્તનયુગલ પણ શોભી રહ્યા હતા. ભુજારૂપી મનોહર નાલ(ડાંડલી)વાળા, રમણીય અંગુલીરૂપ પાંદડીવાળા, નખની કાંતિરૂપી રજ (કેસરા)વાળા અને રક્તવર્ણી એવા તેણીના બંને હસ્તોએ, કામદેવની **રતિ** અને **પ્રીતિ** નામની બંને પત્નીઓએ સ્વક્રીડાર્થે હસ્તમાં ધારણ કરેલ કમળની શોભાને ધારણ કરી હતી. (કમળને જેમ નાલ, પર્ણ અને કેસરા હોય તેમ સુભદ્રાના હસ્તને કમળ ઘટાવવા માટે ભુજા, આંગળી અને નખકાંતિને તે ત્રણે વસ્તુની ઉપમા આપી છે.) ત્રણ જગતના પ્રાણીઓને વશીભૂત કરવાને માટે તેણી કામદેવના ધતુરાના રસ જેવી હતી (ધતુરાનો રસ જે માણસ પીવે છે તે ઉન્મત્ત થઈ જાય તેમ જે કોઈ સુભદ્રાનું લાવણ્ય નીરખતાં તે સ્વભાન ભૂલી જતા) અને મુષ્ઠિથી ગ્રહણ કરી શકાય તેવા કટિપ્રદેશવાળી તેણી આંગળીના ચિહ્ન જેવી ત્રિવલીઓને (આંક-રેખાને) ધારણ કરતી હતી. (ઉત્તમ સ્ત્રીનું એ લક્ષણ હોય છે કે તેનો કટિપ્રદેશ અત્યંત કૃશ હોય. કટિપ્રદેશથી પકડતાં જેમ તેના નાભિપ્રદેશ આગળ ત્રણ આંગળી આવે અને તે આંગળીના જ જાણે ચિહ્નો

પડી ગયા હોય તેમ ત્રણ રેખાને તે ધારણ કરતી હતી તેમ સૂચવ્યું છે.) વળી યૌવનરૂપી અગ્નિહોત્રીએ (યાજ્ઞિક ગોરે) તેણીના નાભિરૂપી કુંડમાં કામદેવરૂપી અગ્નિ પ્રગટાવ્યો એટલે લોકોના ચિત્તનું આકર્ષણ કરનાર નવીન ધૂમશ્રેણી સરખી રોમરાજી પ્રગટી નીકળી. સુંદર જઘનપ્રદેશની ગુરુતાને અંગે તેણીના વિશાળ નિતંબપ્રદેશ પર કામદેવરૂપી મયૂર વિલાસ કરી રહ્યો હતો અને તેથી તેનો અવાજ તેણીના કટિપ્રદેશ પર રહેલ (મેખલા) કંદોરાના ધ્વનિના બહાનાથી પ્રગટી નીકળ્યો. તેણીના વિશાળ સાથળયુગલે લીલા માત્રમાં હાથીની સુંઢને જીતી લીધી હતી તેથી હસ્તી હજુ પણ તેણીના સાથળના ભ્રમથી કેળના સ્તંભોને સદૈવ ભેદી નાખે છે. અનુક્રમે કૃશ બનતું-ઓછું ઓછું થતું, સ્નિગ્ધ, ગોળ અને ઉજ્જ્વળ જંઘાયુગલ કામદેવ અને યૌવનાવસ્થારૂપી નવીન મલ્લની બળવૃદ્ધિને માટે બળરામની જાણે બે ગદા હોય તેવું બન્યું હતું. ચંદ્રના ઉદયસમયે પણ તેણીના બંને ચરણકમળ પ્રફુલ્લિત બનતા તેથી ક્રોધ પામેલ ચંદ્ર તેણીના નખના બહાનાથી દશ સ્વરૂપ ધારણ કરીને તેની નજીકમાં રહ્યો પરન્તુ આમ થવાથી તેણીના બંને ચરણો ઊલટા નખરૂપી ચંદ્રોથી અત્યંત શોભી ઊઠ્યા. (પાસે રહેવાથી લાગ મળતાં જ વૈરનો બદલો લેવાશે એમ માનીને ચંદ્ર નખના બહાનાથી સુભદ્રાની નજીક રહ્યો પરંતુ ઊલટો તે તેની શોભારૂપ બની ગયો.) આકાશગંગાની સેવાથી હંસે બ્રહ્માને અને મેઘવૃષ્ટિદ્વારા ઐરાવણ હસ્તીએ ઇંદ્રને પોતપોતાના સ્વામી તરીકે પ્રાપ્ત કર્યા છતાં પણ તેઓ બંને સુભદ્રાની ગતિને (ચાલને) પ્રાપ્ત કરી શક્યા નહીં અર્થાત્ હંસ અને હસ્તી કરતાં પણ સુભદ્રાની ગતિ શ્રેષ્ઠ હતી. જો હંસે બ્રહ્મા અને સરસ્વતીના ચરણોની સેવા ન સ્વીકારી હોત તો સુભદ્રાની ગતિના સમાનપણાને પ્રાપ્ત કર્યું હોત પરન્તુ તેમ નહીં થઈ શકવાથી ક્રોધને અંગે રક્ત મુખવાળા (ચાંચવાળા) બનેલ હંસ સુભદ્રાના ચરણના મિત્ર સરખા કમળોને તોડી નાખવા લાગ્યો. 'સમગ્ર વિશ્વમાં પોતાના ગુણોદ્વારા તેણે સ્ત્રીઓને વિષે રત્નતુલ્યપણું-શ્રેષ્ઠપણું પ્રાપ્ત કર્યું છે.' એમ વિચારીને જ રત્નસમૂહે પણ તેણીને સર્વ રત્નોને વિષે શ્રેષ્ઠ બનાવી એટલે સુભદ્રાએ પણ તે રત્નસમૂહને પોતાની દેહકાંતિથી વિભૂષિત કર્યો. તેણીના મુખથી જીતાયેલ ચંદ્ર તેની સેવા કરવાને માટે શ્વેત છત્રના બહાનાથી તેનું અવલંબન લઈ રહેલ છે અને ચંદ્રના કિરણો પણ તેની બંને બાજુ શ્રેષ્ઠ બે ચામરના બહાનાથી હર્ષપૂર્વક ક્રીડા કરી રહ્યા છે-શોભી રહ્યા છે. ભરત મહારાજાના ભાગ્યરૂપી આમ્રવૃક્ષની શ્રેષ્ઠ સુગંધયુક્ત માંજર સરખી તે સુભદ્રાને કોકિલા જેવો દાસીવર્ગ મધુર ધ્વનિપૂર્વક ચારે તરફથી વીંટળાઈ વળ્યો. ચૌદમા સ્ત્રીરત્નનો આ પ્રમાણે સ્વીકાર કરીને ભરત ચક્રવર્ત્તી ચૌદ મહાસ્વપ્નોના યથાર્થ ફળના ભોક્તા બન્યા. નમિવિદ્યાધરે પણ ચક્રીને અમૂલ્ય અને બહુમૂલ્ય રત્નો આપ્યા કે જે સુભદ્રાના ઓવારણાને ઇચ્છી રહ્યા હતા અર્થાત્ સુભદ્રાની સમીપે તેની કશી કિંમત અંકાતી ન હતી. બાદ ચક્રવર્ત્તીથી વિસર્જન કરાયેલ તે બંને નમિ અને વિનમિ વિદ્યાધરોએ પોતપોતાના રાજ્ય પર પોતાના પુત્રોને સ્થાપીને શ્રી ઋષભદેવ પરમાત્મા પાસે પ્રવ્રજ્યા સ્વીકારી.

**ગંગાદેવીની સાધના–**

બાદ ચાલતા ચક્રને અનુસરીને ભરત મહારાજા તાપ તેમજ પાપને હરનાર ગંગા નદીના કિનારા પર આવી પહોંચ્યા અને ગંગા દેવીના નિવાસસ્થાનની નજીકમાં જ ઇંદ્ર સરખા પરાક્રમી ચક્રીએ સ્વસૈન્યનો પડાવ નાખ્યો. બાદ ભરત મહારાજાની આજ્ઞાથી સિંધુ નદીની માફક ગંગા નદી ઓળંગીને, તેના ઉત્તર નિષ્કુટને સાધીને સુષેણ સેનાપતિ આવી પહોંચ્યો. બાદ અઠ્ઠમ તપ કરીને ચક્રવર્ત્તીએ ગંગા દેવીને સાધી. **પુણ્યશાળી પ્રાણીઓને ઇચ્છામાત્રથી જ કાર્યની સિદ્ધિ થાય છે.** ગંગા દેવીએ પણ ચક્રીને સ્નેહપૂર્વક બે રત્ન સિંહાસનો અને એક હજાર ને આઠ રત્નકુંભો અર્પણ કર્યા.

**ભરત મહારાજાના સૌંદર્યથી ગંગાદેવીની આસક્તિ અને ભોગ-વિલાસક્રીડા–**

કાંતિરૂપી તરંગસમૂહથી પૂર્ણ સૌંદર્ય-સાગર સરખા ભરત મહારાજાને જોઈને ગંગાદેવી કામવિહ્વળ બની ગઈ. પરસેવાના બિંદુરૂપી અન્ય (મોતીઓની માળા તો તેણે ધારણ કરી હતી પરંતુ પ્રસ્વેદના બિંદુઓરૂપી અન્ય મૌક્તિકો) મોતીસમૂહથી સુશોભિત, મુખરૂપી ચંદ્રની કાંતિરૂપી નિર્મળ (શ્વેત) વસ્ત્રવાળી, રોમના વિકસ્વરપણાથી પ્રિયતમના સ્પર્શને છેતરનારી કંચુકી(ચોળી)વાળી, નૂતન શ્વાસોશ્વાસને અંગે પુષ્ટ સ્તનોવાળી અને હૃદયમાં ઉત્પન્ન થયેલ પ્રેમામૃતરૂપી દૃષ્ટિકિરણોથી જાણે ચારે તરફ તેને સિંચન કરતી હોય તેમ ગંગાદેવીએ ભરત મહારાજાને કહ્યું કે-"હે સૌભાગ્યશાળી! તમારા અઠ્ઠમ તપથી તો મારું સિંહાસન કંપ્યું હતું પરન્તુ હમણાં તો તમારા દર્શનથી મારો દેહ પણ ધ્રૂજી રહ્યો છે. ત્રણ જગતની સ્ત્રીઓના મનરૂપી મયૂરને વશ કરવામાં મેઘ સમાન હે રાજન્! તમારી સાથે ભોગ ભોગવવાથી મારું કામવિહ્વલ મન શાંત થશે." આ પ્રમાણે ગદ્ગદ્ વાણીદ્વારા ચક્રવર્ત્તીની પ્રાર્થના કરીને, તેની સાથે ક્રીડા કરવાને ઇચ્છતી ગંગાદેવી જલ્દીથી તેમને પોતાના આવાસમાં લઈ ગઈ. ત્યાં તેણીની સાથે વિવિધ પ્રકારનાં ભોગો ભોગવતાં ભરત મહારાજાના હજાર વર્ષો એક મુહૂર્ત માત્રની જેમ વ્યતીત થઈ ગયા. બાદ તેમના સંગને છોડવાને નહીં ઇચ્છતી ગંગા દેવીની કોઈપણ પ્રકારે રજા લઈને-તેને સમજાવીને ભરત મહારાજા **'ખંડપ્રપાતા'** નામની ગુફા તરફ ચાલ્યા અને ભ્રમર જેમ એક વૃક્ષ પરથી વેલ પ્રત્યે જાય તેમ પ્રયાણ કરતાં કરતાં અખંડિત પરાક્રમશીલ ચક્રવર્ત્તી તે ગુફા સમીપે આવી પહોંચ્યા.

**નાટ્યમાલ દેવની સાધના–**

**'કૃતમાલ'** દેવની માફક **નાટ્યમાલ** દેવને પણ ભરત મહારાજાએ અઠ્ઠમ તપદ્વારા સાધી લીધો અને તે દેવે પણ ચક્રીની સમક્ષ નટની માફક નૃત્ય કર્યું, એટલે કાર્યને જાણનારા ચક્રવર્ત્તીએ તેનો સત્કાર કરીને વિસર્જન કર્યો. બાદ અઠ્ઠમતપનું પારણું કરીને, તે દેવને ઉદ્દેશીને

અઠ્ઠાઈ મહોત્સવ કર્યો. ચક્રીની આજ્ઞાથી સુષેણ સેનાધિપતિએ તમિસ્રા ગુફાની માફક ખંડપ્રપાતા ગુફાનું દ્વાર પણ દંડરત્નના પ્રહારથી ઊઘાડી નાખ્યું એટલે તે ગુફામાં પ્રવેશ કરીને ચક્રીએ કાકિણી રત્નવડે તેજનાં માંડલાં કર્યાં અને તેના તેજને પ્રતિદાનની માફક પ્રસરાવતાં ભરતમહારાજા ગુફામાં આગળ વધ્યા. બાદ ગુફાની પશ્ચિમ દિશાની ભીંતમાંથી નીકળીને પૂર્વ દિશાની ભીંતના મધ્ય ભાગમાં થઈને જે બે નદીઓ પુત્રીની માફક ગંગાદેવીને ભેટતી હતી તે **ઉન્મગ્ના** અને **નિમગ્ના** નામની બંને નદીને ભરત મહારાજા, જેવી રીતે મુનિવર સમ્યક્ત્વથી તિર્યંચ અને નરકગતિને ઉલ્લંઘી જાય તેમ પૂલદ્વારા ઓળંગી ગયા. તે ગુફાના દક્ષિણ દિશાના દ્વાર પણ જલ્દીથી સ્વયમેવ ઉઘડી ગયા તે જાણે કે ભરત મહારાજા પ્રત્યે ઉત્સુક બનેલ દક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્રની માગણીને અંગે જ હોય તેમ જણાતું હતું. બાદ જેમ સૂર્ય વાદળામાંથી બહાર આવે તેમ તેજસમૂહથી પૃથ્વીને પ્રકાશિત કરતાં ભરત મહારાજા પણ તે ખંડપ્રપાતા ગુફામાંથી બહાર આવ્યા.

### ગંગાનદીના કિનારે નવનિધાનની પ્રાપ્તિ–

બાદ ગંગા નદીના પશ્ચિમ કિનારે પોતાના સૈન્યનો પડાવ નાખીને, નિધિઓને ઉદ્દેશીને મુક્તિના દરવાજા સરખો અઠ્ઠમતપ ચક્રીએ કર્યો અને અઠ્ઠમની પ્રાંતે ભરત મહારાજાને હજાર–હજાર યક્ષોથી અધિષ્ઠિત નવ નિધિઓ-**નૈસર્પ, પાંડુક, પિંગલ, સર્વરત્ન, મહાપદ્મ, કાલ, મહાકાલ, માણવ** અને **શંખ** પ્રાપ્ત થયા. તે નિધિઓ આઠ ચક્ર (પૈડાં) ઉપર પ્રતિષ્ઠિત થયેલ, બાર યોજન લાંબા, આઠ યોજન ઊંચા અને નવ યોજનના વિસ્તારવાળા (પહોળા) હતા તેમજ સુવર્ણમય, વૈડુર્યમણિના બારણાવાળા, એક સરખા, રત્નોથી પરિપૂર્ણ અને ચક્ર, ચંદ્ર તેમજ સૂર્યના ચિહ્ન (લાંછન)વાળા હતા. તે તે નિધિઓના નામ પ્રમાણે જ નામવાળા, પલ્યોપમના આયુષ્યવાળા અને તેમાં જ નિવાસ કરનારા નાગકુમાર નિકાયના દેવો અધિષ્ઠાયકો હતા. તે સર્વ ભરત મહારાજા પ્રત્યે બોલ્યા કે-"હે જગત્શ્રેષ્ઠ! આપના પુણ્ય પ્રકર્ષથી વશ થયેલા અમે આપના સાનિધ્યમાં જ રહેશું. આપની ઈચ્છા પ્રમાણે ઉપભોગ કરો અને વાંછા પ્રમાણે દાન આપો. અમે તો સ્વયંભૂરમણ સમુદ્રના જળની જેમ અખૂટ છીએ. ગંગાનદીના મુખ ભાગમાં આવેલા મગધતીર્થમાં અમે હમેશાં વસનારા છીએ, પરન્તુ હવે આપની સાથે જ પૃથ્વીપીઠ પર વિચરશું." આવા પ્રકારના ઉત્તમ નિધાનોની પ્રાપ્તિ થયા બાદ ભરત મહારાજાએ પારણું કર્યું અને તેઓને ઉદ્દેશીને ઉત્તમ અઠ્ઠાઈ મહોત્સવ કર્યો. આ બાજુ ચક્રવર્તીની આજ્ઞાથી **સુષેણ** સેનાપતિ ગંગા નદીના દક્ષિણ નિષ્કુટને જીતી લઈને અને મ્લેચ્છ લોકોને વશ કરીને આવી પહોંચ્યો. આ પ્રમાણે પૂર્વ અને પશ્ચિમ સમુદ્ર પર્યંતની ભૂમિને જીતવાથી છખંડ ભરતના સ્વામી ભરત મહારાજા તે જ સ્થળે લાંબો સમય સુધી રહ્યા.

## છ ખંડ સાધીને સાઠ હજાર વર્ષે ભરત મહારાજાનું વિનીતામાં પ્રત્યાગમન—

બાદ એક દિવસે ભરતક્ષેત્રનું કલ્યાણ કરનારું ચક્ર આકાશમાર્ગે **અયોધ્યા** નગરી પ્રત્યે ચાલ્યું. પ્રયાણ દિવસથી લઈને સાઠ હજાર વર્ષ પછી છ ખંડ ભરતક્ષેત્ર સાધી લઈને ભરત મહારાજા ચક્રની પાછળ પાછળ ચાલવા લાગ્યા. વિનીતા નગરીની નજીકમાં પોતાના સૈન્યનો પડાવ નાખીને વિધિજ્ઞ ભરત મહારાજાએ નગરીને ઉદ્દેશીને અઠ્ઠમ તપ કર્યો. દરેક પ્રકારના વિઘ્નોનો વિનાશ કરનાર અઠ્ઠમ તપ કરીને શત્રુસમૂહને જીતી લેવામાં ઇંદ્ર સમાન ભરત મહારાજાએ બીજા રાજાઓની સાથે અઠ્ઠમતપનું પારણું કર્યું.

## ભરત મહારાજાનો પ્રવેશ મહોત્સવ—

વિનીતા નગરીમાં મણિમય માંચાઓ ઊભા કરવામાં આવ્યા તે જાણે કે જુદા જુદા દેશોથી આવેલ લક્ષ્મીને માટે વિલાસગૃહો હોય તેવા જણાતા હતા. તે માંચાઓ (મંચો) ઉપરના ચંદરવાના છેડાઓમાં લટકતા મોતીઓ જાણે પ્રવેશ મહોત્સવ જોવાને આતુર બનેલા તારાઓ આવ્યા હોય તેમ શોભતા હતા. દરેક માંચાઓ ઉપર નાગરિક લોકોએ રત્નોના તોરણો બાંધ્યા તે જાણે કે દેશ-દેશથી આવેલ લક્ષ્મીઓની કંઠીઓ હોય તેમ જણાતા હતા. સ્તંભો પર મૂકેલ સુવર્ણના દર્પણો જાણે તેજને લીધે (પોતાના) મિત્ર સરખા ભરત મહારાજાને જોવાને જ માટે જુદા જુદા દ્વીપોથી આવેલ સૂર્યો હોય તેમ શોભતા હતા. સ્તંભો પર બાંધેલ ફરફરતા વસ્ત્રો જાણે હાટોની લક્ષ્મીએ ચક્રવર્તીના લુંછણા માટે તૈયાર કર્યા હોય તેમ જણાતા હતા. ધ્વનિ કરતી ઘુઘરીઓના અવાજવાળી અને ફરફરતી ધ્વજારૂપી હસ્તવાળી તે **વિનીતા** નગરી નવીન પ્રવેશમહોત્સવ જોવાને માટે દેવોને પણ આહ્વાન કરતી હોય તેમ દેખાતી હતી. રાજમાર્ગ પર આવેલ દરેક દુકાનોને વિષે લાંબા વસ્ત્રોની પંક્તિઓ, લક્ષ્મીરૂપી જળને ધારણ કરનારી તે નગરીમાં તેનાં તરંગો-મોજાં હોય તેમ શોભતી હતી. વળી પારલોકોએ નગરીના રસ્તાઓ કેશરી જળથી સિંચિત કર્યા તે રાજા પ્રત્યેનો ઉદ્ભવેલ અનુરાગ હોય તેમ જણાતું હતું. વળી દરેક હાટ અને ગૃહે કરવામાં આવેલ સાથીયાઓમાં રહેલ મોતીયો, પોતાના સ્વામી ભરતસ્વામી મહારાજાના પુનરાગમનથી નગરીરૂપી સ્ત્રીનાં હર્ષાશ્રુ-બિંદુઓ હોય તેમ શોભી રહ્યા હતા. દરેક પોળોને વિષે પથરાયેલ પુષ્પરાશિ, પતિના સમાગમ-સમયે નગરીરૂપી નારીના પ્રસ્વેદબિંદુઓ હોય તેમ જણાતા હતાં. ધૂપદાનીમાં રહેલ અગરુ ધૂપના ધૂમરાશિથી વાસિત બનેલ વિનીતા નગરી જાણે સ્વામીને મળવા આતુર બનેલ કોઈ નાયિકા (મુખ્ય સ્ત્રી) ઊભી રહી હોય તેમ જણાતું હતું. (છેલ્લા ત્રણ વાક્યોમાં પતિના મેળાપસમયે સ્ત્રીની કેવી સ્થિતિ થાય છે તે કવિએ ઉત્તમ રીતે દર્શાવ્યું છે.) આવી નગરીને વિષે શુભ મુહૂર્ત્તે પ્રવેશ કરવાને ઈચ્છતા ભરતમહારાજા, જેમ ઇંદ્ર મેઘ પર આરોહણ કરે તેમ ગર્જના કરતાં હસ્તીરત્ન પર આરૂઢ થયા. કેતકીના પર્ણ જેવી કાંતિવાળા ઉન્નત છત્રથી આકાશલક્ષ્મીને ચંદનરસનું તિલક

કરતા, પોતાના યશરૂપી જળથી પરિપૂર્ણ આકાશ-સરોવરમાં બે ચામરદ્વારા હંસ-યુગલની ક્રીડા સૂચવતા, ચક્રીના ગાંભીર્ય ગુણથી જીતાવાને અંગે જ સમુદ્રવડે અર્પણ કરાયેલ રત્નોના આભૂષણસમૂહથી સર્વાંગે સુશોભિત, જાણે શરીરપ્રદેશમાંથી પ્રગટેલ પુણ્ય સરખા, શરદૃઋતુની ચંદ્રિકાની જેવા ઉજ્જ્વળ વસ્ત્રોથી વિભૂષિત, રત્નસમૂહવાળા નાના નાના પર્વતથી જેમ મેરુપર્વત શોભે તેમ બત્રીશ હજાર મણિમય મુકુટબદ્ધ રાજાઓવડે ચારે બાજુથી સેવાતા, કોમળ અને શ્રેષ્ઠ "જય જય" શબ્દો કરતાં ભાટ-ચારણોદ્વારા સ્તુતિ કરાવાને અંગે ઇંદ્રસરખા પરાક્રમવાળા, હસ્તીને ધીમે ધીમે ચલાવતા અને ચતુરંગી સેનાની ગતિના ભારથી પૃથ્વીપીઠને કંપાવતા ભરત મહારાજા ચાલવા લાગ્યા, એટલે વાગતાં વાજીંત્રોના અવાજના પ્રતિઘોષદ્વારા આકાશપ્રદેશ હર્ષપૂર્વક તેનું (વાજીંત્રનાદનું) અનુકરણ કરતો હોય તેમ જણાતું હતું અર્થાત્ વાદ્ય-ધ્વનિથી આકાશ પણ ગાજી ઊઠ્યું. ભરત મહારાજાને જોવા માટે આવેલ દેશ-દેશના લોકો તેમજ નાગરિક લોકોદ્વારા જાણે મૃત્યુલોક એક જ સ્થળે એકત્ર થઈ ગયો હોય તેમ જણાતું હતું અર્થાત્ તે સમયે દેશ-દેશથી વિપુલ માનવમેદની પ્રવેશ મહોત્સવ જોવા માટે ઉમટી પડી હતી. વૃક્ષ, માંચા, ઘર, હાટ અને ઝરુખા માનવીઓથી વ્યાપ્ત બની ગયા હતા. તે સમયે જાણે સર્વ મનુષ્યમય થઈ ગયું હોય તેમ જણાતું હતું. જેવી રીતે પ્રેમી(સ્નેહી) માણસ નેત્રદ્વારા પોતાની પ્રિયતમાના હૃદયમાં પ્રવેશ કરે તેમ ભરત ચક્રવર્ત્તી પૂર્વ દિશાના દ્વારથી નગરીમાં દાખલ થયા. જિનેશ્વર ભગવંતના જન્મસમયે વિમાનોમાં ઘંટા વાગે તેમ માંચડાઓ ઉપર મૃદંગ આદિ વાજીંત્રો વાગવા લાગ્યા. ભરતમહારાજા પોતપોતાની સમક્ષ આવ્યે છતે નગરની સ્ત્રીઓ તેમની સન્મુખ પોતાના નેત્રકટાક્ષ સરખી ઉજ્જ્વળ ફેંકેલ (વધાવેલ) લાજા (શેકેલ શાલી) શોભવા લાગી. વળી તે સમયે અવિદ્વાન પુરુષો પણ જાણે 'સારસ્વત' મંત્ર સિદ્ધ થવાને અંગે જ હોય તેમ હર્ષને લીધે ભરતમહારાજાનાં સ્તુતિ-કાવ્ય કરવા લાગ્યા. છ ખંડ ભરતક્ષેત્રને સાધવાથી પ્રગટેલ થાકને દૂર કરવાને માટે જ જાણે હોય તેમ નગરસ્ત્રીઓ પોતાના વસ્ત્રના છેડાથી ભરતમહારાજાને વીંઝવા લાગી. વળી પાછળ રહેલા નગરલોકોવડે ફેંકાયેલ પુષ્પહારોદ્વારા જાણે બંધાઈ ગયો હોય તેમ હસ્તી ધીમે ધીમે ચાલવા લાગ્યો. તે ભરત મહારાજાથી જનસમૂહ લેશ માત્ર ભયનો અનુભવ કરતો નહિ, કારણ કે ભીતિ રહિત બનેલ જનસમૂહ હસ્તીની નજીકમાં જ રહીને તેમને પુષ્પ અને ફળ અર્પણ કરતો હતો. બંને બાજુના માંચડાઓની મધ્યમાં હસ્તીને સ્થિર કરીને ભરતમહારાજા જાણે કે મંચોની અને હસ્તીની ઊંચાઈનું માપ કરવાને ઇચ્છતા હોય તેમ જણાતું હતું. બંને માંચડાઓની આગળ રહેલ સ્ત્રીઓએ ભરતમહારાજાની, તેમના યશરૂપી તેજની હરિફાઈ કરનારી અને કર્પૂરના અગ્નિ જેવી ઉજ્જ્વળ કાંતિવાળી આરતિ ઊતારી. મંચ ઉપર રહેલ કામદેવના જીવન સરખા યુવતીવર્ગે ભરતમહારાજાના મંગળગીત ગાયા અને ત્યારબાદ નૃત્ય પણ કર્યું. વળી મસ્તક પર ધારી રાખેલ આદેશના બોજાને અંગે ઢળી પડતી ડોકને ધારી રાખવાને માટે જ જાણે હોય તેમ

લોકો ભાલસ્થળમાં અંજલિ જોડીને ચક્રવર્તીને પ્રણામ કરતા હતા. દરેક દુકાનોએ હસ્તદ્વારા મોતીઓને ઉછાળતા અને સન્મુખ ઊભા રહેલા વણિકોને ભરતમહારાજાએ પોતાની અમૃતમય દૃષ્ટિદ્વારા ખુશી કર્યા. 'તમે દીર્ઘજીવી થાઓ, આપ આનંદ પામો, આપનો જય થાઓ જય થાઓ.' આવા પ્રકારના પૌરલોકોએ ઉચ્ચારેલ આશીર્વાદ—વચનો ભરતમહારાજાના કર્ણમાં અમૃતતુલ્ય સુખદાયક થયા. વળી પોતાને નીરખવાને માટે આકુળવ્યાકુળ થયેલ લોકોનું, પોતાના ઊંચા કરાયેલ અભયદાતા હસ્તદ્વારા છડીદારોથી રક્ષણ કરતા (અર્થાત્ લોકોને નહીં અટકાવીને) ભરત મહારાજા પોતાના મહેલે આવી પહોંચ્યા, એટલે રાજમહેલના આંગણામાં કરવામાં આવેલ વેદિકા ઉપર, જેમ સિંહ પર્વત પરથી પૃથ્વીપીઠ પર આવે તેમ પ્રતીહારીએ આપેલ હસ્તના ટેકાદ્વારા ભરતમહારાજા હાથી ઉપરથી નીચે ઊતર્યા. ત્યારબાદ સર્વ પરિવારવર્ગને રજા આપીને ઈંદ્ર જેમ સ્વર્ગલોકમાં જાય તેમ ચક્રવર્તી માનસિક પરિશ્રમને દૂર કરનાર મહેલમાં દાખલ થયા.

**ચક્રવર્તીપણાનો અભિષેક—**

બાદ દેવોએ ભરતમહારાજાને ચક્રીપણાનો અભિષેક કરવાને માટે વિનીતા નગરીની બહાર ઈશાનખૂણામાં મંડપ તૈયાર કર્યો. તે મંડપના મધ્યભાગમાં રત્નમય સ્નાત્રપીઠ શોભતું હતું તે જાણે કે પૃથ્વીના ઈંદ્ર ભરતમહારાજાની ઉપાસના માટે આવેલ રોહણાચળ પર્વત સરખું જણાતું હતું અર્થાત્ તે રત્નમય હતું. દેવો નદી, દ્રહ, સમુદ્ર અને તીર્થમાંથી જળ તથા પર્વત વિગેરેમાંથી ઔષધિ અને માટી લાવ્યા. બાદ ભરતમહારાજાએ પૌષધશાળામાં જઈને અઠ્ઠમ તપ કર્યો. **જે તપના પ્રભાવથી રાજ્યપ્રાપ્તિ થઈ તે તપનું સદૈવ સેવન કરવું જ જોઈએ.** અઠ્ઠમતપ પૂર્ણ થયા બાદ હાથી પર બેસીને, અંતઃપુરના પરિવારવર્ગ યુક્ત ભરતમહારાજા તે મંડપમાં પધાર્યા અને જેમ પરિણીત (પરણેલો) પુરુષ અગ્નિને પ્રદક્ષિણા આપે તેમ પોતાની પત્નીઓ સાથે રત્નોથી પ્રકાશિત તે સ્નાત્રપીઠને પ્રદક્ષિણા આપી. બાદ જેમ સૂર્ય ઉદયાચળ પર્વત પર આરોહણ કરે તેમ ચક્રવર્તી પોતાના સ્ત્રીરત્ન સાથે પૂર્વ દિશાના પગથિયાદ્વારા ઊંચા સ્નાત્રપીઠ પર ચઢ્યા અને મેરુપર્વતના શિખર ઉપર સિંહની માફક નરસિંહ એવા ચક્રવર્તી મણિમય સિંહાસન પર પૂર્વાભિમુખે બેઠા. બાદ માણિક્યના મુગટવાળા બત્રીસ હજાર રાજાઓ પણ ઉત્તર તરફના પગથિયાદ્વારા સ્નાત્રપીઠ પર આરૂઢ થયા અને તેમની નજીકમાં ભદ્રાસનો પર તેઓ સર્વ, જેમ પરમાત્મા શ્રી ઋષભદેવ સમીપે ઈંદ્રો હાથ જોડીને રહે તેમ અંજલિ જોડીને બેઠા. પુરોહિતરત્ન, ગૃહપતિરત્ન, સેનાપતિરત્ન, વાર્ધકીરત્ન અને શ્રેષ્ઠી વિગેરે દક્ષિણ દિશાની સોપાનપંક્તિથી સ્નાત્રપીઠ પર ચઢ્યા, અને આસનો પર બેસીને ભ્રમરની જેવી ચંચળ લક્ષ્મીને જાણે રોકવાને માટે જ હોય તેમ અંજલિ જોડીને બેઠા. બાદ ઈંદ્રો જેમ પરમાત્માને અભિષેક કરે તેમ આભિયોગિક દેવોએ તીર્થજળથી ભરેલા કળશોદ્વારા ચક્રવર્તીનો અભિષેક કર્યો, અને

વાજીંત્રના નાદપૂર્વક મેઘરૂપ કળશજળની વૃષ્ટિ ભરત મહારાજાના મસ્તકે થઈ જેથી રાજહંસો અત્યંત પ્રમોદ પામ્યા. (વર્ષાઋતુમાં સરોવર વિગેરેનું જળ મલિન થઈ જવાથી હંસો માનસરોવરમાં ચાલ્યા જાય, મેઘરાજાના આગમનથી ઊલટું તેમને કષ્ટ થાય છતાં અહીં તો મેઘરૂપ કળશજળની વૃષ્ટિદ્વારા રાજહંસો પ્રમોદ પામ્યા એમ દર્શાવીને કવિએ સુંદર ચમત્કૃતિ દર્શાવી છે.) બત્રીશ હજાર રાજાઓએ પણ જેમ પર્વતો પોતાના નિર્ઝરણાંઓદ્વારા વનપ્રદેશને સિંચન કરે તેમ કળશજળદ્વારા ચક્રવર્ત્તીનો સ્નાનાભિષેક કર્યો. બાદ સેનાપતિ અને શ્રેષ્ઠી વિગેરેએ તે નિર્મળ જળદ્વારા, જેમ મેઘો મેરુપર્વતને સિંચન કરે તેમ અત્યંત તેજસ્વી ભરત મહારાજાનો અભિષેક કર્યો. બાદ ગંધકાષાયી વસ્ત્રવડે તેમના દેહને લૂંછી નાંખ્યો અને ચંદ્રિકા સરખા ગોશીર્ષચંદનવડે વિલેપન કરાયેલ તેમનું મુખરૂપી ચંદ્રવાળું અંગ શોભવા લાગ્યું. બાદ દેવોએ, ઇંદ્રે આપેલ પ્રથમ રાજવી શ્રી ઋષભદેવનો મુકુટ તેમને પહેરાવ્યો. વડવાનળ જેવી કાંતિવાળા દેવોએ જાણે ખળભળાવીને હોય તેવા સમુદ્રદ્વારા અર્પણ કરાયેલા રત્નજડિત પ્રકાશિત બે કુંડલો તેમના બંને કર્ણમાં પહેરાવ્યા. વળી તેમના હૃદયપ્રદેશ પર રહેલ હાર અને અર્ધહારના મોતીઓ, જાણે ક્રીડાના વિલાસને અંગે શ્રમિત બનેલ લક્ષ્મીદેવીના પ્રસ્વેદબિંદુઓ હોય તેમ શોભતા હતા. બાદ જાણે ચંદ્રના ઉજ્જ્વળ અને કોમળ કિરણોદ્વારા જ બનાવાયેલ હોય તેવા બે દેવદૂષ્ય વસ્ત્રો દેવોએ તેમને ધારણ કરાવ્યા. વળી માંગલિકને માટે તેમના હૃદયપ્રદેશમાં દેવોએ પહેરાવેલ પુષ્પની માળા જાણે પૂર્વભવમાં આચરેલ તપની ઉજ્જ્વળ ફળશ્રેણી હોય તેવી જણાતી હતી. આ પ્રસંગે અજેય એવી વિનીતા નગરીને બાર વર્ષ પર્યંત જગાત, કર, દંડથી રહિત બનાવી. બાદ સિંહાસન પરથી ઊભા થઈને, સૂર્ય જેમ ઉદયાચળ પર્વત પરથી આકાશ-મહેલમાં જાય તેમ ભરત મહારાજા પણ પોતાના પરિવારવર્ગ યુક્ત સ્વ-રાજમહેલે આવ્યા. ત્યાં આગળ સ્નાનગૃહમાં સ્નાન કરીને, ભૂમિ પર મૂકેલા ભાજનોદ્વારા અન્ય રાજવીઓની સાથે ચક્રવર્ત્તીએ અઠ્ઠમતપનું પારણું કર્યું. આવી રીતે બાર વર્ષ પર્યન્ત અભિષેક મહોત્સવ પ્રવર્તાવીને ભરત મહારાજા, પૂર્વપુણ્યથી આવી મળેલ વિવિધ ભોગોને ભોગવવા લાગ્યા.

**ચક્રવર્ત્તીની સમૃદ્ધિનું વર્ણન—**

તેમના શસ્ત્રાગારમાં ચક્ર, દંડ, ખડ્ગ અને છત્ર—એ ચાર એકેંદ્રિય રત્નો હતા. જેમ સમુદ્રમાં રત્નો હોય તેમ તેમના કોશાગારમાં ભંડારમાં કાકિણીરત્ન, મણિરત્ન અને ચર્મરત્ન અને નવનિધિઓ હતા. વળી તેમની નગરીમાં પુરોહિત, ગૃહપતિ, સેનાપતિ અને વાર્ધકી એ ચાર રત્નો હતા. વૈતાઢ્ય પર્વતના મૂળભાગમાં ઉત્પન્ન થયેલ હસ્તીરત્ન તેમજ અશ્વરત્ન હતા અને વિદ્યાધરની ઉત્તર શ્રેણીમાં ઉત્પન્ન થયેલ સ્ત્રીરત્ન હતું. જેવી રીતે ચૌદ પૂર્વના જ્ઞાનવડે જિનાગમનો સાર પ્રાપ્ત થાય તેમ પુણ્યદ્વારા પ્રાપ્ત થયેલ ચૌદ શ્રેષ્ઠ રત્નોદ્વારા ભરત મહારાજા

શોભતા હતા. વળી પૂર્વના તપસમૂહથી વશીભૂત થયેલ સોળ હજાર આત્મરક્ષક દેવોથી પરિવૃત હતા. બત્રીશ હજાર રાજકન્યાઓની માફક બત્રીશ હજાર રાજાઓવડે ઇંદ્ર સરખા તેજસ્વી ભરત મહારાજા સેવાતા હતા. બત્રીશ હજાર નાટકની જેમ બત્રીશ હજાર દેશની અન્ય બત્રીશ હજાર કન્યાઓ સાથે તેઓ વિલાસ કરતા હતા. વળી ત્રણસો ત્રેસઠ રસોઈયાદ્વારા અને અઢાર [1]શ્રેણી તથા [2]પ્રશ્રેણીદ્વારા તેઓ શોભતા હતા. વળી ચોરાશી લાખ હાથી, ચોરાશી લાખ ઘોડા, ચોરાશી લાખ રથ તેમજ છન્નું કરોડ ગામડા અને પાયદળ-સેનાથી વિરાજતા હતા. બત્રીશ હજાર દેશ અને બહોંતેર હજાર મોટા નગરના સ્વામી હતા. નવાણું હજાર દ્રોણમુખ[3] અને અડતાલીશ હજાર કિલ્લાબંધ શહેરોના શાસક-રાજા હતા. આડંબરયુક્ત લક્ષ્મીવાળા ચોવીશ હજાર [4]કર્બટ તેમજ ચોવીશ હજાર [5]મડંબના તેઓ સ્વામી હતા. વીશ હજાર [6]આકર તેમજ સોળ હજાર [7]ખેટકના તેઓ પાલક હતા. ચૌદ હજાર સંબાધાન તથા છપ્પન દ્વીપ (બેટ)ના તેઓ પ્રભુ-માલિક હતા. ઓગણપચાશ કુરાજ્યના તેઓ નાથ હતા અને સમગ્ર ભરતક્ષેત્રના તેઓ અધિષ્ઠાતા હતા. વિનીતા નગરીમાં રહેલ તેઓ દુર્વિનયી લોકોને વિનીત-વિનયવાળા બનાવતા હતા. બાદ અભિષેકના પ્રાંતસમયે પોતાના સ્વજનવર્ગને તેઓ યાદ કરવા લાગ્યા એટલે અધિકારી પુરુષોદ્વારા બોલાવાયેલ અને સાઠ હજાર વર્ષના વિરહને અંગે દર્શનાતુર સર્વ સંબંધીવર્ગને તેમણે નીહાળ્યો.

## સુંદરીના દેહની સ્થિતિ જોઈને ભરત મહારાજાનું કથન—

બાહુબલિની બહેન સુંદરીને હેમન્ત ઋતુમાં કરમાયેલ કમલિની સરખી ભરતે નીહાળી. —આ પ્રમાણે ગ્રીષ્મ ઋતુમાં શુષ્ક બનેલ લતાની માફક તેણીને કૃશ શરીરવાળી જોઈને ક્રોધી બનેલ ભરત મહારાજાએ પોતાના રાજકર્મચારીઓને કહ્યું કે-"શું મારા આવાસમાં રસોયા તેમજ ભોજન-સામગ્રી નથી? તે હોવા છતાં કદાચ બહેન સુંદરી તે ખાતી ન હોય તો તે શું વ્યાધિગ્રસ્ત બની ગઈ છે? જો તેને કોઈ પણ પ્રકારનો રોગ છે તો શું વૈદ્યો મરી પરવાર્યા છે? જો વૈદ્યો હૈયાતિ ભોગવે છે તો શું આ પૃથ્વી વાંઝણી બની ગઈ છે કે જેથી તે ઔષધિઓ આપતી નથી? રંકની પુત્રની માફક તેને અત્યંત કૃશ બનેલી જોઈને હું અત્યંત દુ:ખી બન્યો છું. ખરેખર મને છેતરનારા તમે દુશ્મનરૂપ છો." ભરત મહારાજાનું આવું રોષપૂર્ણ કથન સાંભળીને અધિકારીઓએ અંજલિ જોડવાપૂર્વક પ્રણામ કરીને કહ્યું કે—"હે સ્વામિન્! એવી કોઈપણ વસ્તુ નથી કે જે આપના રાજમહેલમાં ન હોય, પરન્તુ જ્યારથી આપ દિગ્વિજય માટે પધાર્યા ત્યારથી પ્રારંભીને સુંદરીએ પ્રતિદિન **આયંબિલ** તપ શરૂ કર્યો છે. જ્યારથી આપે તેમને

---

૧. માળી વિગેરે નવ જાતિ તે શ્રેણી. ૨. ઘાંચી વિગેરે નવ જાતિ તે પ્રશ્રેણી. ૩. જ્યાં સ્થળ તેમજ જળમાર્ગે જવાય તે દ્રોણમુખ. ૪, ખોટું નગર તે કર્બટ. ૫. જેની ચારે બાજુ અઢી ગાઉ સુધીમાં બીજું ગામ ન હોય તે મડંબ. ૬. જ્યાં લોઢા પ્રમુખ ધાતુઓની ખાણ હોય તે આકર. ૭. ધૂળના કિલ્લાવાળું હોય તે ખેટક.

દીક્ષા લેતી અટકાવી ત્યારથી તેણી ભવ-પરંપરાના નાશને માટે ભાવ-સાધ્વી થઈને રહેલ છે." આ પ્રમાણે કથન સાંભળીને ભરત મહારાજાએ સુંદરીને પૂછ્યું કે-"શું તું દીક્ષા લેવા ઇચ્છે છે ?" જવાબમાં સદાચારપરાયણ સુંદરીએ જણાવ્યું કે-"હા, હું દીક્ષા ગ્રહણ કરવા ઇચ્છું છું." એટલે ભરત ચક્રવર્તીએ તેણીને ઉદ્દેશીને કહ્યું કે-"તે સમયે તને દીક્ષા લેતા મેં અટકાવી હતી તે મારો પ્રમાદ (ભૂલ) હતો. હે મહાસત્ત્વશાલી ! તને ધન્યવાદ ઘટે છે કે તારી બુદ્ધિ તત્ત્વને વિષે અત્યંત રમી રહેલ (આસક્ત) છે. ખરેખર પરમાત્મા શ્રી ઋષભદેવના સંતાનને વ્રત-ગ્રહણ જ ઉચિત છે. વિષયાસક્ત અને રાજ્યલોલુપી એવા મને ધિક્કાર છે કે-પિતાજીએ સ્વીકારેલ સંયમને ગ્રહણ કરી શકતો નથી. નાશવંત આયુ વિદ્યમાન હોય ત્યાં સુધીમાં કોઈપણ પ્રાણીએ, રાત્રિના અંધકારમાં થયેલ વીજળીના ઝબકારામાં ખોવાઈ ગયેલ પદાર્થની માફક શુભ કાર્ય કરી લેવું જોઈએ. ઓચીંતા કોઈ પણ સ્થળે ચાલ્યા જનારા હોવા છતાં પ્રાણો, શ્વાસોચ્છ્વાસદ્વારા જાણે વિશ્વને હમેશાં વિશ્વાસ પમાડી રહ્યા હોય તેમ જણાય છે. ચોક્કસ નાશવંત અને અપવિત્ર આ દેહનું વ્રત-ગ્રહણ એ જ સાર્થક્ય છે અને તેથી જ કેટલાએક ભવ્ય પ્રાણીઓ મોક્ષફળદાતા સંયમને સ્વીકારે છે." ભરત મહારાજાના વ્રતગ્રહણ કરવાના નિષેધરૂપ કારાગૃહમાંથી મુક્ત બનેલ અને હર્ષાન્વિત સુંદરી પોતાના આત્માને ધન્ય-કૃતકૃત્ય સમજવા લાગી. આ જ સમયે ભવ્ય પ્રાણીરૂપી કમળને વિકસિત કરવામાં સૂર્ય સમાન પરમાત્મા શ્રી ઋષભદેવ પૃથ્વીપીઠ પર વિહાર કરતાં કરતાં અષ્ટાપદ પર્વત પર સમવસર્યા એટલે દેવોએ તે પર્વતના મુકુટરૂપ શિખર પર રજત, સુવર્ણ અને મણિમય સમવસરણ રચ્યું. ત્યાં આગળ પરમાત્માને દેશના આપતાં જાણીને ગિરિપાળકોએ શીઘ્રતાથી આવીને ભરત મહારાજાને તે વૃત્તાંત નિવેદન કર્યું ત્યારે ચક્રવર્તીએ તેમને સાડાબાર કરોડ સોનૈયાનું પારિતોષિક (ઇનામ) આપ્યું અને સુંદરીને કહ્યું કે-"હે કલ્યાણભાજન સુંદરી ! તારા પુણ્યની કોઈ સીમા જ નથી, કારણ કે જેવામાં તેં ઇચ્છા કરી તેવામાં જ પરમાત્મા નજીકમાં જ સમવસર્યા."

### સુંદરીનો દીક્ષા-મહોત્સવ–

ત્યારબાદ ચક્રવર્તી ભરતે સુંદરીનું દીક્ષાનિમિત્તનું સ્નાનકર્મ પોતાની રાણીઓદ્વારા શ્રદ્ધાપૂર્વક કરાવ્યું. સ્નાન, વિલેપન અને આભૂષણો ધારણ કર્યા બાદ તેણીએ પોતાના હૃદયની શુભ વાસના જેવા, શ્વેત કાંતિવાળા અને દશીયુક્ત બે વસ્ત્રો ધારણ કર્યા. શ્રેષ્ઠ રત્નની આગળ જેમ કૃત્રિમ રત્ન ઝાંખું પડી જાય તેમ આવા પ્રકારના સ્વરૂપવાળી સુંદરી સમીપે ચક્રવર્તીનું સ્ત્રીરત્ન પણ શોભાહીન બની ગયું. કામધેનુની માફક જનસમૂહને ઇચ્છિત દાન આપતી સુંદરી દેવવિમાન જેવી શિબિકા પર આરૂઢ થઈ. ભરત મહારાજા, અંતઃપુરની સ્ત્રીઓ અને નાગરિક લોકોથી અનુસરાતી સુંદરી ઉત્સાહપૂર્વક અષ્ટાપદ ગિરિએ આવી પહોંચી. બાદ તેઓ બંને, જાણે મોક્ષરૂપી મહેલના પ્રથમ પગથિયારૂપ હોય તેવા અષ્ટાપદ પર્વત પર ચઢ્યા અને સમવસરણમાં

હર્ષપૂર્વક પ્રવેશ કરીને, જેમ રાત્રિ અને સૂર્ય મેરુપર્વતને પ્રદક્ષિણા આપે તેમ સુંદરી અને ભરત ચક્રીએ પરમાત્માને પ્રદક્ષિણા આપી. જાણે પાંચમી ગતિ(મોક્ષગતિ)ને પ્રાપ્ત કરવાને માટે જ હોય તેમ અત્યંત ઉત્સુકતાવાળા તેઓ બંનેએ પરમાત્માને પંચાંગ પ્રણિપાત કર્યો.

**સમવસરણમાં ભરત મહારાજાએ કરેલ પ્રભુસ્તુતિ–**

પ્રથમ ચક્રવર્તી ભરતે પ્રથમ ધર્મચક્રી (તીર્થંકર) શ્રી ઋષભદેવની ગદ્‌ગદ્‌ વાણીદ્વારા હર્ષપૂર્વક સ્તુતિ કરી કે-"હે સ્વામિન્! આપના દર્શન રહિત સાઠ હજાર વર્ષ પર્યન્ત ભરતક્ષેત્રનો કરેલો વિજય પણ મને શી રીતે હર્ષદાયક થઈ શકે? હે જગત્‌ સ્વામી! આપની મૂર્તિ મારી બંને ચક્ષુને અમૃતના અંજન સરખી બની છે. સજ્જનોને તે સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિ કરાવે છે. હે પ્રભુ! જેવી રીતે સૂર્યથી અંધકાર નાશ પામે છે તેમ આપના દર્શન માત્રથી લોકોના લાખો ભવોના પાપો શીઘ્ર નાશ પામી જાય છે. પ્રણામ કરતાં જે સજ્જન પુરુષો આપના ચરણનખની કાંતિને મસ્તક પર ધારણ કરે છે તેઓ ત્રણ ભુવનને વિષે મુગટપણા (શ્રેષ્ઠપણા)ને પામે છે. આપના મુખરૂપી અમૃતકુંડમાંથી અમૃતના તરંગો સરખી આપની વાણીનું જે પાન કરે છે તે શ્રેષ્ઠ મોક્ષસ્થાનને પ્રાપ્ત કરે છે. હે પ્રભો! શત્રુ અથવા મિત્ર, રંક અથવા રાજા, તે સર્વના પ્રત્યે આપની દૃષ્ટિ કલ્યાણની વૃષ્ટિ સરખી બને છે. હે સ્વામિન્! જ્યારે આપના ધ્યાનરૂપી અમૃતદ્વારા મારું મન કદાપિ તૃપ્ત થતું નથી તો લાંબા સમયે થયેલ આપના દર્શનથી મારી દૃષ્ટિ કઈ રીતે સંતોષ અનુભવે?" આ પ્રમાણે પરમાત્માને સ્તવીને, નમીને ઈશાન ખૂણામાં ભરત મહારાજા પ્રમાદ રહિત બનીને બેઠા એટલે સુંદરીએ પણ બે હાથ જોડીને દંતના કિરણોના બહાનાથી હૃદયમાં પ્રગટેલ ભક્તિમય વાણીદ્વારા નીચે પ્રમાણે સ્તુતિ કરી.

**સુંદરીએ કરેલ સ્તુતિ અને દીક્ષા-ગ્રહણ-**

"હે સ્વામિન્! પ્રતિદિન મારું મન આપના સિવાય અન્ય સ્થળે આનંદિત બનતું નથી, કારણ કે તમારા મુખરૂપી ચંદ્રને જોયા સિવાય મારું દૃષ્ટિરૂપી કુમુદ વિકસિત થતું નથી, અર્થાત્‌ હું આપનું જ પ્રતિદિન રટણ કરી રહી છું. હે નિર્મોહી! કેવળજ્ઞાનદ્વારા આપ પારકાને પણ પોતાના જાણો છો. જો આપ અત્રે ન પધાર્યા હોત તો અજ્ઞાનીજનો આપના માટે શો વિચાર કરત? (જે પારકાને પોતાના ગણે છે તે પોતાના સ્વજનને પોતાના ગણે તેમાં શી નવાઈ? આપ અત્રે આવ્યા તે ઠીક કર્યું, નહીં તો અજ્ઞાની લોકો મિથ્યા વિચાર કરત.) પુણ્યવંતી **બ્રાહ્મી**, ભત્રીજાઓ અને ભત્રીજાના પુત્રો ભાગ્યશાળી છે કે જેઓ સંયમ ગ્રહણ કરીને આપની સેવા કરે છે. હે નાથ! પ્રાણીઓના ઉદ્ધારને માટે પૃથ્વી પર વિહાર કરતાં આપ હમણાં મારા અગણિત પુણ્યને લીધે અત્રે પધાર્યા છો. ભરત મહારાજાના આગ્રહથી તે સમયે મેં બહેન બ્રાહ્મીની સાથે દીક્ષા ન લીધી તેથી આટલા કાળ પર્યંત હું ઠગાઈ છું. હે કરુણાના સાગર

પરમાત્મન્! દીક્ષારૂપી પ્રવહણદ્વારા સંસારસાગરમાંથી મારો ઉદ્ધાર કરો." આ પ્રમાણે સુંદરીની વિજ્ઞપ્તિ સાંભળીને શ્રી ઋષભદેવે કહ્યું કે-"હે વત્સે ! તારું કથન સુંદર છે." આ પ્રમાણે તેને વખાણતાં પરમાત્માએ સુંદરીને દીક્ષા આપીને પંચમહાવ્રતરૂપી કમળને વિકસિત કરવામાં સૂર્ય કિરણ સરખી દેશના આપી. દીક્ષા લીધા બાદ અવ્યાકુળ ચિત્તવાળી સુંદરીએ મુક્તિસુંદરીને પોતાની હથેળીમાં જ રહેલી માની અને સાધ્વીસમુદાયમાં પોતાને ઉચિત સ્થાને ઊભી રહી. પરમાત્માની દેશના સાંભળીને, તેમને પ્રણામ કરીને, સુંદરીના દીક્ષા-ગ્રહણરૂપ સાહસથી હૃદયમાં આશ્ચર્ય પામેલ ભરતમહારાજા અયોધ્યામાં ગયા.

### ભરત મહારાજાએ પોતાના ભાઈઓ પ્રત્યે મોકલેલ દૂતો—

પોતાના અભિષેક મહોત્સવ-પ્રસંગે પોતાના ભાઈઓને નહીં આવેલા જાણીને ભરતે તેમના હૃદયના ભાવને જાણનારા દૂતો તેમના પ્રત્યે મોકલ્યા એટલે દૂતોએ ત્યાં જઈને કહ્યું કે-"જો તમને રાજ્ય કરવાની ઈચ્છા હોય તો ભરત મહારાજાની સેવા સ્વીકારો." દૂતોનું આવું કથન સાંભળીને તે સર્વ ભાઈઓએ એકત્ર થઈ, વિચાર કરીને જણાવ્યું કે-"દીક્ષા લેતા પિતાએ આપણને સર્વને રાજ્યનો વિભાગ પૃથક પૃથક આપેલ છે-સર્વને રાજ્ય વહેંચી આપેલ છે, તો શું ભરતને હવે અમારા રાજ્યો ગ્રહણ કરવાની ઈચ્છા ઉદ્ભવી છે ? પિતાએ અર્પણ કરેલ રાજ્યથી જ અમે સંતુષ્ટ છીએ, અમે વિશેષની ઈચ્છા કરતા નથી. અન્યના રાજ્યને નહિ ઈચ્છનાર અને પરમાત્માનું સ્મરણ કરનાર અમે ભરત મહારાજાની સેવા નહીં સ્વીકારીએ. જો ચક્રવર્તી ભરત વ્યાધિ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુને દૂર કરનાર હોય તો અમે તેની સેવા કરીએ; પરન્તુ તેઓ તેવા નથી તો સમાન સરખા મનુષ્યપણામાં કોણ સેવક બને ? જો પોતાના બળથી તેઓ અમારા રાજ્ય ગ્રહણ કરવા માગતા હોય તો અમે પણ, તેની માફક, શ્રી ઋષભદેવના જ પુત્રો છીએ. પિતાની હૈયાતીમાં પરમાત્માની આજ્ઞા લીધા સિવાય મોટાભાઈ ભરતની સાથે અમે યુદ્ધ ખેલવા નથી માગતા."

### ભરતના અઠ્ઠાણુ ભાઈઓનું પરમાત્મા સમીપે આગમન-

ઉપર પ્રમાણે દૂતોને જણાવીને તેઓ સર્વ અષ્ટાપદ પર્વત પર સમવસરણમાં બિરાજેલા પરમાત્મા પાસે ગયા અને તેમને પ્રણામ કરીને પોતાને અરુચિકર ભરત મહારાજાનો આદેશ કહી સંભળાવ્યો, એટલે કરુણાના સાગર શ્રી આદિનાથે તેમને કહ્યું કે-"વેશ્યાની માફક અનેક પુરુષોથી સેવાતી આ પૃથ્વીને વિષે તમને કયા પ્રકારની આસક્તિ છે ? કારણ કે પૃથ્વી તો ભાગ્યહીન સ્વામીને ત્યજી દઈને પુણ્યવંત પ્રાણીમાં જ આસક્તિ ધરાવે છે. ધૂળવાળી અને અસ્થિર એવી પૃથ્વીને ઈચ્છનાર અને પોતાના ભાઈઓના વધને માટે તૈયાર થયેલ પ્રાણીને ચંદ્રના જેવી નિર્મળ અને શાશ્વતી કીર્તિ પ્રાપ્ત થતી નથી. પુણ્યરૂપી અમૃત કલ્લોલના સ્નાનદ્વારા પવિત્ર બનેલ અતિશય પુણ્યવંત પ્રાણીઓ રુધિરથી કલંકિત બનેલ વિજયલક્ષ્મીને કદાપિ

ઇચ્છતા જ નથી. સાધુપુરુષો તો સંતોષથી પ્રાપ્ત થનાર વિશ્વ-વૈભવને ઇચ્છે છે જ્યારે જડ પ્રાણીઓ તો પોતાના પ્રાણને ભોગે પૃથ્વીના ટુકડાને ઇચ્છે છે. પ્રાણીઓનું જીવિત નેત્રના પલકારા જેવું ચંચળ-અસ્થિર છે તો તેની સાથે સંબંધ ધરાવતા સુખ, લક્ષ્મી અને યૌવન વિગેરેની તો વાત જ શી કરવી? અર્થાત્ તે સર્વે પણ વિનશ્વર જ છે. નજીકમાં જ સળગી રહેલ દાવાનળવાળા ક્રીડોદ્યાન સરખા, જેને અંતે અવશ્ય વિયોગ રહેલ છે તેવા સંગમ-સંયોગને વિષે કયો પ્રાણી આનંદ માને? લોભરૂપી બુરખાથી-પડદાથી આત્મકલ્યાણ અવરાયેલ-ઢંકાએલ છે. જેટલા પ્રમાણમાં તે લોભરૂપ પડદાને દૂર કરાય છે તેટલા પ્રમાણમાં આત્મકલ્યાણ નીરખી (સાધી) શકાય છે, તો સંતાપદાયક અને ધનરૂપી કાષ્ઠના સંયોગથી વૃદ્ધિ પામતો લોભરૂપી અગ્નિ સંતોષામૃતવડે જ ઉપશાંત થાય છે-બુઝાઈ જાય છે. પૂર્વભવોમાં સ્વર્ગીય સુખવિલાસોથી પણ તમારી જે લાલસા નષ્ટ ન થઈ તે શું **અંગારકારક**ની જેમ મનુષ્ય સંબંધી ભોગોથી નષ્ટ થઈ શકે?

**અંગારકારકનું દૃષ્ટાંત—**

કોઈએક અંગારકારક (કોલસા પાડનાર) ગ્રીષ્મઋતુને લીધે જળ રહિત બનેલ જંગલમાં અંગાર (કોલસા) પાડવા માટે પાણીની મશક લઈને ગયો હતો. મધ્યાહ્ન સમયના આતાપથી અને અત્યંત પ્રદીપ્ત અંગારાના તાપને લીધે અત્યંત તૃષાતુર બનેલ તે અંગારકારક મશકનું સઘળું જળ પી ગયો; છતાં પણ તેની તૃષા નહીં છીપવાથી સૂઈ ગયેલા તેણે સ્વપ્નમાં જ ઘરે જઈને કળશ, મહાકળશ અને લઘુકળશમાં રહેલ સઘળું પાણી પીધું. તેટલા જળથી પણ વડવાનળની જેમ તેની તૃષા શાંત ન થઈ તેથી સરોવર, નદી, વાવ અને કૂવા વિગેરેનું જળ પણ તે પી ગયો. તેટલા જળથી પણ તેની તૃષા શાંત ન થઈ એટલે દ્રહ અને સમુદ્રનું આકંઠ પાન કર્યું. આમ છતાં પણ તેની તૃષા છીપી નહીં એટલે મરુભૂમિના કૂવાકાંઠે જઈને, ખડના પૂળાને દોરડાથી બાંધીને કૂવામાં નાખ્યો. મરુભૂમિના કૂવા અતિશય ઊંડા હોવાને અંગે ઝરી ગયેલા પાણીવાળા પૂળાને નીચોવીને તેણે (શેષ રહેલ) પાણી પીધું. **ખરેખર તૃષાથી પીડિત થયેલને વિવેક ક્યાંથી હોય?** સાગરના જળથી પણ જેની તૃષા શાંત ન થઈ તે શું ખડના પૂળાના જળ માત્રથી પોતાની તૃષા શાંત કરી શકે? તેવી રીતે સ્વર્ગીય ભોગવિલાસોથી પણ તમારી જે તૃષ્ણા શાંત ન થઈ તે શું આ રાજ્યલક્ષ્મીથી શાંત થશે? અર્થાત્ નહિ જ થાય; માટે હે પુત્રો! સમગ્ર દુઃખોનો નાશ કરનાર અને મોક્ષસુખને આપનાર સંયમ-રાજ્ય સ્વીકારવું એ જ તમારા માટે ઉચિત છે.”

**પ્રભુદેશનાથી પ્રતિબોધ પામેલ ૯૮ ભાઈઓની દીક્ષા—**

ત્યારબાદ વૈરાગ્યવાસિત થયેલ, વિષય-વાંછા રહિત બનેલ તે અઠ્ઠાણું ભાઈઓએ પરમાત્મા પાસે દીક્ષા લીધી. દૂતોના હૃદયને પણ આકર્ષી લેતું આવા પ્રકારનું તેઓનું સ્વરૂપ

જાણીને તેઓએ આવીને ભરત મહારાજાને તે વૃત્તાંત જણાવ્યો. આ પ્રમાણે ધર્મવીર અઠ્ઠાણું ભાઈઓએ દીક્ષા લીધી એટલે મનમાં રાજનીતિનો વિચાર કરીને ચક્રવર્ત્તી મહારાજા ભરતે તેઓના રાજ્યો લઈ લીધાં.

* * *

પવનથી વૃક્ષોનો પાકી ગયેલ પર્ણસમૂહ ખરી પડે અને ચંદ્રકિરણોથી *શેફાલિકા નામના વૃક્ષનો ફળસમૂહ તૂટી પડે તેમ જેમના નામરૂપી મંત્રાક્ષરોથી પ્રાણીઓનો પાપસમૂહ શીઘ્ર નાશ પામી જાય છે તે **શ્રી ઋષભપ્રભુ** તમારા ઐશ્વર્યને માટે થાઓ.

હે શ્રીમાન્ **પદ્મમંત્રીશ્વર !** વિધાતાએ તમારા મનને અત્યંત નિર્મળ ચિંતામણિ રત્ન સરખું, કલ્યાણકારક વાણીને કામધેનુ જેવી અને પંડિત જનોને પ્રમોદ પમાડનાર તમારા હસ્તને કલ્પવૃક્ષ જેવા બનાવ્યા છે; કારણ કે તમારું મન, વાણી અને હસ્ત યાચકજનોને તેની ઈચ્છા કરતાં પણ અધિક આપે છે તેથી હું માનુ છું કે-સદ્ગુણોની પ્રાપ્તિને માટે મહાન્ પુરુષોનો સંગમ ખરેખર અત્યંત પ્રભાવશાળી છે-માહાત્મ્યને દર્શાવનાર છે.

**સોળમો સર્ગ સમાપ્ત.**



* વૃક્ષ વિશેષ

# સત્તરમો સર્ગ.

## બાહુબલિનો સંગ્રામ, દીક્ષા-ગ્રહણ અને કેવળજ્ઞાન.

જગત-સ્વરૂપરૂપી શ્રેષ્ઠ ગોચરમાં વિચરતી જે પરમાત્માની ત્રિપદીરૂપ ગાય શુદ્ધ ધર્મરૂપી દૂધદ્વારા પંડિતજનોને હર્ષિત બનાવે છે તે **શ્રી ઋષભદેવ** તમારા કલ્યાણને માટે થાઓ.

**ચક્રના અપ્રવેશથી ભરત મહારાજા પ્રત્યે સેનાપતિનું કથન-**

પોતાના પ્રતાપદ્વારા ઇંદ્રની શોભાને હરી લેતા અને રાજસભામાં રહેલ ભરત ચક્રવર્ત્તીને સુષેણ સેનાપતિએ નમસ્કાર કરીને યોગ્ય સમયે કહ્યું કે-"આપના નામથી પ્રસિદ્ધ આ છ ખંડ ભરતક્ષેત્રને જીતીને સ્વનગરીમાં આપ દાખલ થવા છતાં, હે સ્વામિન્! જાણે રોષે ભરાએલ હોય તેમ ચક્રરત્ન નગરીમાં પ્રવેશ કરતું નથી. હે નાથ! આપ દિગ્વિજય કરીને આવ્યા છતાં જાણે શરૂઆતના જય-પ્રયાણ સમયે જ હોય તેમ તે ચક્ર નગરીની બહાર વીજળીના ઝબકારાની જેમ અત્યંત પ્રકાશી રહ્યું છે."

**ભરતનો જવાબ અને મંત્રી સાથે મંત્રણા-**

સુષેણ સેનાપતિનું કથન સાંભળીને ચક્રવર્ત્તી બોલ્યા કે-"આ ભરતક્ષેત્રમાં એવો કયો પુરુષ છે કે જે ચક્રરૂપી અગ્નિમાં પતંગિયા સદૃશ બનવાને ઇચ્છી તિરસ્કારપૂર્વક મારી આજ્ઞા માનતો નથી?" એટલે ચતુર મંત્રીશ્વર સભામાં રહેલ સભ્યોને કર્ણામૃત સરખું વચન બોલ્યા કે-"આપે કરેલા દિગ્વિજયમાં કોઈપણ જીતવા લાયક વ્યક્તિ શેષ જણાતી નથી. આપના પ્રતાપરૂપી અગ્નિથી દગ્ધ થઈ ગયેલ કંટકવાળી (નિષ્કંટક) અને યશરૂપી જળથી સિંચિત થયેલ તેમજ આપના સૈન્યના હસ્તીઓદ્વારા ક્ષુદ્ર (નાના) દેખાતા પર્વતવાળી પૃથ્વીપીઠને વિષે આપની આજ્ઞા સુખપૂર્વક વિચરી રહી છે અર્થાત્ આપની આજ્ઞા અખંડિત છે. હે નાથ! આપની આજ્ઞા પૃથ્વીને વિષે સર્વત્ર વિસ્તરેલી જ છે એમ વિચારીને કોઈ પણ રાજા તેનું ઉલ્લંઘન કરતો નથી, પરન્તુ વિનીતા નગરીમાં નહીં પ્રવેશ કરતું ચક્ર આપની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર કોઈએક મદોન્મત્ત પુરુષ છે તેમ જાહેર કરે છે. મનુષ્યો તેમજ દેવોને વિષે તમારાથી જેય અને દુર્જેય કોઈ પણ વ્યક્તિ શેષ રહેલ હોય તેમ હું માની શકતો નથી પણ હા, જણાયું. દેવ અને દાનવોથી પણ ન જીતી શકાય તેવો એક પુરુષ આપને જીતવો શેષ રહેલ છે. શ્રી

ઋષભદેવના પુત્ર અને આપના લઘુભાઈ તરીકે પ્રસિદ્ધિ પામેલ મહાબલિષ્ઠ **બાહુબલિ**, કે જેમની પાસે પવન પણ નિર્બળ છે તે જીતાવા બાકી રહ્યા છે. પોતાની આયુધશાળામાં વિવિધ શસ્ત્રાસ્ત્રના અભ્યાસથી પ્રગટેલ પરિશ્રમજન્ય પ્રસ્વેદબિંદુઓનું, તે બળવાન બાહુબલિના શરીરમાંથી, પાન કરી કરીને પવન પણ મહાબલીષ્ઠ બન્યો હોય તેમ હું માનું છું. આકાશમાં દેદીપ્યમાન સૂર્યના વિચરવાથી તારાઓનો સમૂહ ઝાંખો બની જાય છે તેમ જ્યારે મહાબલીષ્ઠ બાહુબલિ રણસંગ્રામમાં પ્રવેશ કરે છે ત્યારે રાજાઓનો સમૂહ પણ કાંતિહીન બની જાય છે-પરાભવ પામે છે. હે સ્વામિન્ ! જેમ આપ શ્રી ઋષભદેવના પુત્ર છો તેમ તે પણ તેમના જ પુત્ર છે, તો જ્યાં સુધી અંધકાર હણાયો નથી ત્યાં સુધી સૂર્ય એ ખરેખર સૂર્ય કહેવાય નહીં તેમ જ્યાં સુધી બાહુબલિને જીતવામાં ન આવે ત્યાં સુધી આપ ખરેખર વિજયી થયા નથી. સમગ્ર છ ખંડ ભરતક્ષેત્રમાં આપના જેવો કોઈપણ પરાક્રમી નથી તો તેમને જીતવામાં જ આપનો ખરેખરો જય રહેલ છે; કારણ કે મચ્છરને મસળી નાખવામાં હસ્તીની મોટાઈ ગણાતી નથી. અર્થાત્ આપે ઘણા વિજયો પ્રાપ્ત કર્યા પરન્તુ હવે બાહુબલિને જીતીને ખરેખરો જય પ્રાપ્ત કરો. હાથીના સમૂહનો નહીં નાશ કરતાં ફક્ત હરણીયાઓને જ મારવામાં સિંહનું શું પરાક્રમ હોઈ શકે ? પર્વતોને ધ્રૂજાવવા સિવાય તરણાંઓને ઉખેડી નાખવામાં પવનનું શું જોર હોઈ શકે ? લોભનો સંપૂર્ણ રીતે પરાજય કર્યા સિવાય અન્ય દોષ-ગણથી રહિત બનવાથી શો લાભ ? તેમ જો આ બાહુબલિ ન જીતાય તો દિગ્વિજય કરવા છતાં પણ આપના બાહુબલથી શું ? અર્થાત્ પૂર્વોક્ત ત્રણ-સિંહ, પવન અને મનુષ્યની શ્રેષ્ઠતા અનુક્રમે હસ્તી, પર્વત અને લોભનો નાશ કરવામાં રહેલી છે તેમ આપની શ્રેષ્ઠતા બાહુબલિને જીતવામાં જ રહેલી છે. દેવેંદ્ર અને રાજાઓને પણ માન્ય એવી તમારી આજ્ઞાને બાહુબલિ પોતાના બળના અભિમાનને અંગે માનતા નથી અને તેમને નહીં સાધવાને લીધે જ જાણે ક્રોધાન્વિત બન્યું હોય તેમ ચક્રરત્ન પણ નગરીમાં પ્રવેશ કરતું નથી. હવે વિલંબ કરવાથી સર્યું. ચતુરંગી સેના તૈયાર કરો અને બાહુબલિને જીતવાને ઉદ્યમવંત થાઓ; કારણ કે **જયશીલ વ્યક્તિએ આજ્ઞાભંગ કરનાર ક્ષુદ્ર દુશ્મનની લેશ પણ ઉપેક્ષા કરવી જોઈએ નહીં.**" બાદ જેમ ફાલ્ગુન માસ તાપ અને શીત ઉભયને ધારણ કરે છે તેમ ચક્રના અપ્રવેશથી ક્રોધ અને લઘુબંધુ સાથેના યુદ્ધના વિચારથી વિરમવાને ઈચ્છતા હોવાથી વ્યાકુળ ચિત્તવાળા ભરત મહારાજા બોલ્યા કે—"જેવી રીતે બાળ ગજ લઘુવયમાં મહાવતના આદેશને શિરોમાન્ય ગણે છે તેમ બાળવયમાં તો લઘુબંધુ બાહુબલિ મારી આજ્ઞા માન્ય કરતા હતા પરન્તુ તે જ હવે મારી અવગણના કરે છે. યુવાવસ્થાને અંગે ઉદ્ભવેલ અભિમાનીપણાને ખરેખર ધિક્કાર હો ! રાજાના આદેશને તેનો લઘુબંધુ પણ સ્વીકારે નહીં તો તે લોકોને વિષે તિરસ્કાર પ્રગટાવે છે. વળી તે લઘુબંધુની સાથે યુદ્ધ કરવું તે પણ મને ઉચિત જણાતું નથી. લઘુભાઈની સાથે યુદ્ધ કરવાથી અપકીર્તિરૂપી કલંક-કાદવથી ખરડાયેલ પ્રભુત્વને ધારણ કરતો હું જાણે શ્યામ બની જવાની ભીતિ લાગી ગઈ હોય તેમ ઉજ્જ્વળ કીર્તિ

પ્રાપ્ત કરી શકીશ નહીં અર્થાત્ બાહુબલિ સાથે યુદ્ધ કરવાથી મારો યશ કલંકિત થશે. આ બાજુ જ્યાં સુધી એક પણ વ્યક્તિ મારી આજ્ઞાને માન્ય રાખતી નથી ત્યાં સુધી ચક્ર નગરીમાં પ્રવેશ કરતું નથી અને બીજી બાજુ જો હું નાના ભાઈનો દુર્વિનય સહન કરતો નથી તો લોકમાં મારી નિંદા થવાનો ભય રહે છે. 'જે આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે તે સ્વજન હોય કે પરજન હોય તો પણ તે દંડવા લાયક જ છે.' એવી રાજનીતિ છે; જ્યારે બીજી બાજુ તેના વિષે રહેલ ભ્રાતૃભાવને હણવાને હું અસમર્થ છું. ખરેખર મારા પર મહાન્ સંકટ આવી પડ્યું છે." આ પ્રમાણે ભરત મહારાજાનું કથન સાંભળીને મંત્રીએ તેમને કહ્યું કે-"હે સ્વામિન્! આપ સંકટની શંકા રાખો છો પરન્તુ અભિમાનને અંગે તે દુર્વિનયથી આપનો નાનો ભાઈ તમારા સંકટને દૂર કરશે, કારણ કે લોકરૂઢી એવી છે કે-વડીલ ભ્રાતા આજ્ઞા કરે તો લઘુભાઈએ તે આજ્ઞાનો સ્વીકાર કરવો જોઈએ માટે હે નાથ! તેમને આજ્ઞા આપવાને માટે આપ બુદ્ધિનિધાન દૂતને મોકલો. હે દેવ! મહાતેજસ્વી કેશરીસિંહ જેમ પલાણને સહન કરે નહીં તેમ વીરમાની તમારો ભાઈ જો તમારા આદેશને અનુસરશે નહીં તો તેના દુર્વિનયને શાંત કરવાને માટે ઉપાય કરતાં આપને વિષે લોકનિંદાનો લેશ માત્ર ભય રહેશે નહીં." આ પ્રમાણેનું મંત્રીશ્વરનું વિવેકપૂર્ણ કથન ભરત મહારાજાએ માન્ય રાખ્યું. **શાસ્ત્ર અને લોકવ્યવહારને અનુસરતી વાણીને કયો વિચક્ષણ પુરુષ ગ્રહણ ન કરે?**

### તક્ષશિલા પ્રત્યે દૂતનું મોકલવું—

બાદ જેમ ગુરુ નીતિને વિકસાવનારા આગમ-વચનોદ્વારા શિષ્યને સંસ્કારી બનાવે તેમ વેગશાળી **સુવેગ** નામના દૂતને શિખામણ-સૂચના આપીને ચક્રીએ તેને બાહુબલિ પ્રત્યે રવાના કર્યો, એટલે ચક્રવર્તીની સમગ્ર શિક્ષાને શેષની માફક મસ્તકે ચઢાવીને સેનાસમૂહથી પરિવરેલ સુવેગ **તક્ષશિલા** નગરી પ્રત્યે ચાલી નીકળ્યો, અને મોક્ષે પહોંચવાને ઇચ્છતા મુનિરાજ જેમ ગુણસ્થાનકોને ઓળંગી જાય તેમ તક્ષશિલાએ પહોંચવાને ચાહતો સુવેગ અનેક નગરોને ઉલ્લંઘી ગયો. ઋષિજન જેમ અતિકષ્ટદાયક, ભેદ-પ્રભેદવાળા ભયંકર કષાયોને જીતીને અત્યંત શ્રેષ્ઠ (મોક્ષ) સુખને અર્પનાર શાંતરસને પ્રાપ્ત કરે તેમ તે દૂત ક્રમપૂર્વક **બહલી** દેશમાં દાખલ થયો અને 'આ તે શું ભવનપતિ દેવોનો નિવાસ છે કે પૃથ્વીનું સર્વસ્વ છે?' આ પ્રમાણે તર્કવિતર્ક કરવા લાગ્યો. તે દેશમાં પોતાની પત્નીઓએ ધારણ કરેલ મણિજડિત અલંકારોની કાંતિસમૂહથી નષ્ટ થયેલ અંધકારવાળી મધ્ય રાત્રિએ પણ રાજમાર્ગને વિષે વિચરતા ઘણા વટેમાર્ગુઓને જોયા. દરેક ગોકુળમાં વૃક્ષ નીચે બેઠેલ ગોપીસમૂહથી ગવાતા શ્રી ઋષભદેવસ્વામીના કર્ણને અમૃતતુલ્ય પ્રિય ગુણગાનયુક્ત ગીતો પણ તે સાંભળતો હતો. દરેક ગામડે બાહુબલિના ગુણસમૂહને જાણે ભ્રમરના નાદના બહાનાથી ગાઈ રહ્યા હોય તેવા પુષ્પ તથા ફળથી મનોહર વૃક્ષોથી શોભિત ઉદ્યાનસમૂહને પણ તેણે જોયો. વળી દરેક ગામડે દરેક વૃક્ષ નીચે શ્રેષ્ઠીજનોએ

રોકેલા અને તૈયાર ભોજનસામગ્રી રાખનારા પુરુષોવડે આગ્રહપૂર્વક જમાડાતા મુસાફરોને જોયા. દ્રવ્યસંપત્તિદ્વારા કુબેરનો પણ તિરસ્કાર કરનારા, માનસિક ચિંતા રહિત, ભીતિવિહુણા તેમજ બાહુબલિ સિવાય અન્ય કોઈને રાજા નહીં જાણનારા નાગરિક લોકોને જોયા. આ પ્રમાણે બહલી દેશની સુંદરતા અને અત્યંત ઋદ્ધિપણાને અંગે બાહુબલિની રાજનીતિ તેમજ પરાક્રમને ભરત મહારાજા કરતાં પણ શ્રેષ્ઠ સમજતો સુવેગ દૂત તક્ષશિલા રાજધાનીમાં આવી પહોંચ્યો. દુકાનમાં રહેલ, અત્યંત ઋદ્ધિશાળી તેમજ અખૂટ ભંડારવાળા વણિકજનોને રાજાઓ સદૃશ નીહાળતો તે દૂત વિવિધ પ્રકારનાં શસ્ત્રોને ધારણ કરનારા વીરપુરુષોથી શોભિત તેમજ રાજવાહનોથી મનોહર રાજદ્વારે આવી પહોંચ્યો, એટલે જેમ ગુરુ વિનયશાલી શિષ્યને વિવિધ પ્રકારની કળાઓદ્વારા પ્રશંસનીય વિદ્યા પ્રાપ્ત કરાવે તેમ પ્રતિહારીએ બાહુબલિને નિવેદન કરીને, તેમની આજ્ઞા મેળવીને દૂતને રાજસભામાં પ્રવેશ કરાવ્યો.

## બાહુબલિએ ભરતની કુશળતા સંબંધી કરેલી પૃચ્છા—

સભામાં દાખલ થઈ, પૃથ્વી પર્યંત નમસ્કાર કરીને આસન પર બેઠેલા સુવેગને બાહુબલિએ પૂછ્યું કે—"હે સુવેગ! છ ખંડને જીતનાર ભરત મહારાજાને કુશળ છે ને? પિતાશ્રી ઋષભદેવથી લાલન-પાલન કરાયેલ અને કલાસમૂહથી શોભિત વિનીતા નગરીની પ્રજાને આર્ય ભરતના રાજ્યને વિષે આનંદ છે ને? દુસ્તર અંતરંગ છ રિપુ સરખા ભરતક્ષેત્રના અનાર્ય જનયુક્ત છ ખંડનો વિજય તો નિર્વિઘ્ને થયો છે ને? સાઠ હજાર વર્ષ પર્યન્ત હિમાચળ પર્વત પર્યન્ત ચારે બાજુ વાસ્તવિક રીતે વિજય વર્તાવીને આવેલ ચતુરંગી સેના મજામાં છે ને? આજ્ઞાને મસ્તકે ચડાવનાર રાજવીઓના સમૂહથી ઇંદ્રની માફક સેવાતા ભરતમહારાજાના દિવસો આ પૃથ્વીપીઠ પર સુખશાંતિપૂર્વક પસાર થાય છે ને?" આ ઉપરાંત દેશ, નગર, રાજા, હસ્તી, અશ્વ, સેનાપતિ અને સૈનિકોના કુશળ સમાચાર પૂછીને બાહુબલિ વિરમ્યા એટલે સુવેગે શાંતિપૂર્વક જણાવ્યું કે—

## સુવેગ દૂતનો જવાબ—

"કુશળ (સુખ) આપવામાં ભરત મહારાજા પ્રવૃત્તિમાન હોઈને જાણે ડરને લીધે જ હોય તેમ અકુશળ (દુઃખ) જનસમૂહને વિષે રહી શકતું જ નથી અને જ્યાં કુશળતા પોતે જ સ્વયમેવ સિદ્ધ થતી હોય ત્યાં તમારા વડીલ બંધુને અકુશળ ક્યાંથી હોઈ શકે? અર્થાત્ 'અકુશળ' એવો શબ્દ જ અમારે ત્યાં પ્રવર્તતો નથી. નરેંદ્ર અને દેવેંદ્રને વશ કરનાર જે ભરત મહારાજાનું દૈવ(વિધિ) પણ અકુશળ કરવા સમર્થ નથી તો તેના પરિવાર વર્ગનું, નાગરિક લોકોનું તેમજ ચતુરંગી સેનાનું અકુશળ કોણ કરી શકે? શું ભરત મહારાજાના પ્રતાપરૂપી સૂર્ય કરતાં અધિકતા દર્શાવી શકે તેવી કોઈ પણ વ્યક્તિ કોઈપણ સ્થળે છે કે જે છ ખંડ ભરતક્ષેત્રના જયને માટે ઉદ્યત થયેલ મહારાજાને વિઘ્નરૂપ બને? સ્વશીર્ષ પર ધારણ કરાયેલ આજ્ઞાના બોજાને

અંગે નમી ગયેલ મસ્તકના અગ્રભાગવાળા-લલાટવાળા રાજવીઓથી શ્રી ઋષભપ્રભુના પુત્ર ભરત ચક્રવર્ત્તી સેવાય છે છતાં તેમનું અંતઃકરણ સંતુષ્ટ થતું નથી કારણ કે સાઠ હજાર વર્ષ પર્યન્ત દિગ્વિજય કરીને પોતાની રાજધાનીમાં આવેલ મહારાજાના બાર વર્ષ સુધીના રાજ્યાભિષેક મહોત્સવ પ્રસંગે તેમના લઘુબંધુઓ પૈકી એક પણ ભ્રાતા હાજર ન રહ્યો. પોતાના સ્વજનવર્ગથી જે શોભા સુંદર દેખાય તે નજીકમાં રહેલ અન્ય મનુષ્યોથી થતી નથી, કેમ કે કમળોદ્વારા સરોવરની જે શોભા દૃશ્યમાન થાય છે તે કદી પણ કિનારે રહેલા પક્ષીઓથી થતી નથી. ઉત્સવપ્રસંગે નહીં આવેલા તે ભાઈઓને બોલાવવાને માટે દૂતો મોકલ્યા હતા પરન્તુ તેઓએ મનમાં કોઈપણ જાતનો વિચાર કરીને પિતાશ્રી ઋષભદેવ પાસે દીક્ષા લીધી. નિર્મોહીપણાને અંગે તેઓને હવે કોઈ પણ પારકું કે પોતાનું નથી તેથી બંધુ પ્રત્યેના વાત્સલ્યભાવથી પ્રેરાઈને તમને બોલાવવાને માટે ભરતમહારાજાએ મને મોકલ્યો છે, તો સ્વભ્રાતાના વાત્સલ્યભાવથી હર્ષ પામીને ચાલો અને તેમના હૃદયને પ્રમોદ પમાડો; કારણ કે વિનયશાળી લઘુભાઈ જે સુખ આપે છે તે દિગ્વિજય કરવામાં પણ હોતું નથી. સાઠ હજાર વર્ષ પર્યન્ત દિગ્વિજય કરીને આવેલ વડીલ બંધુનું દર્શન કરીને પણ આપે નમ્રભાવ ન દર્શાવ્યો તેથી હું માનું છું કે તમારી કઠોરતા (નિઃસ્નેહીપણું) વજ્ર કરતાં પણ ચઢિયાતી છે. કુલીન પુરુષોએ તો વડીલ બંધુને પિતાની માફક માનવા જોઈએ અને તેમની આજ્ઞાનું સદૈવ પાલન કરવું જોઈએ પરન્તુ બલીષ્ઠપણાને અંગે જે આજ્ઞાનું ખંડન કરે છે તે વિવેકભ્રષ્ટ બને છે. હે પૃથ્વીનાથ! સહન કરવાના સ્વભાવથી ભરત મહારાજા તમારા આ અવિનયને સહન કરશે પરન્તુ નિર્લજ્જ, છિદ્રાન્વેષી, ચાડીયા(ઈર્ષ્યાળુ) લોકો તમારા અવિનયીપણાનો ફેલાવો કરશે. દુર્જન લોકોનો તો એવો સ્વભાવ છે કે તેઓ પારકાના દોષોને પ્રકટ કરે છે. શું શઠજન, ભુંડ અને કૂતરાઓને વિષ્ટા વિના કોઈ પણ વસ્તુ પસંદ પડી શકે ? જો કે રાજાઓનું હૃદય મીઠાશથી ભરેલું હોય છે પરન્તુ ચાડીયાખોર લોકોની વાણીરૂપી વિષથી મિશ્રિત થવાને અંગે અવશ્ય સ્નેહીજનના નાશને માટે થાય છે. તુચ્છ અભિમાનને દૂર કરવાને માટે પોતાને વિષે રહેલ અતિ નાના છિદ્ર(ભૂલ)ને દૂર કરવું જોઈએ, કારણ કે સિદ્ધપુરુષોની માફક ચાડિયા પુરુષો સદૈવ છિદ્રમાં પ્રવેશ કરનારા હોય છે અર્થાત્ ચાડીયા લોકોના વ્યાપાર જ પારકાના દોષો પ્રગટ કરવાનો હોય છે. તેથી ચાડીયા લોકો તમારી ચાડી ન ખાય તે માટે પણ તમારે ત્યાં આવવું ઉચિત છે. તમારા વડીલબંધુ ભરત ચક્રવર્ત્તી પદને પ્રાપ્ત થયા છે તો તેમની સેવા કરવામાં શરમ શી ? 'તે મારા ભાઈ છે' એમ માનીને જો તમે ઉત્સવ પ્રસંગે ન આવ્યા હો તો તે તમે ઉચિત કર્યું નથી, કારણ કે પ્રતાપી અને આજ્ઞા કરનારા રાજવીઓ કૌટુંબિક ભાવથી ઝકડાતા નથી અર્થાત્ સ્નેહીજન પ્રત્યે પક્ષપાત ધરાવતા નથી. ભરત મહારાજાના પ્રતાપથી સંતપ્ત બનેલ નરેંદ્ર, દેવેંદ્ર અને દાનવેંદ્રો તેમની ભુજાની છાયાને સ્વીકારીને અને તેમના બંને ચરણકમળને મસ્તકે ચઢાવીને શાંતિ પ્રાપ્ત કરે છે. વિચક્ષણ સૌધર્મેંદ્ર પોતાની દેવસભામાં ભરત મહારાજાને

અર્ધું આસન આપીને મિત્ર બનાવે છે તો તમે હવે વિનીતા નગરીમાં આવીને તેમને હર્ષાન્વિત બનાવો. બળને લીધે પોતાની જાતને શ્રેષ્ઠ પરાક્રમી માનનારા અને અભિમાની એવા તમે જો તેમનો તિરસ્કાર કરશો તો તેમના સૈન્યરૂપી સાગરની મધ્યમાં રહેલ તમારી સેના ગરક થઈ જશે. મદજળ ઝરવાને અંગે વહેતાં ઝરણાંવાળા, જાણે ચાલતા પર્વતો હોય તેવા તેમના ચોરાશી લાખ હાથીઓને ક્યા સુભટો-વીર પુરુષો રોકી શકે તેમ છે? હસ્તીની સંખ્યા જેટલા જ ચોરાશી લાખ અશ્વો અને ચોરાશી લાખ રથોરૂપી ઉછળતાં મોજાંને અંગે જ જાણે મુશ્કેલીથી પાર કરી શકાય તેવા યુદ્ધરૂપી મહાસાગરને ઓળંગવાને બાહુબળવાળી કઈ વ્યક્તિ શક્તિશાળી બની શકે? તેમના છન્નું કરોડ પાયદળને રણક્ષેત્રમાં કોણ અટકાવી શકે તેમ છે? ભરત મહારાજાએ પોતાના તેટલા (૯૬ કરોડ) ગામમાંથી એક એક જ જાણે ન સ્વીકાર્યા હોય તેમ તે પદાતીયો જણાય છે. રણને વિષે સર્વ કોઈ દુશ્મનને હણી નાખતો અને પ્રચંડ દંડરત્નને ધારણ કરતો એકલો સુષેણ સેનાપતિ પણ 'આ મારો કોઈ પ્રતિસ્પર્ધી જણાય છે' એમ યમરાજદ્વારા પણ શંકા કરાય છે. રણક્ષેત્રને વિષે દેદીપ્યમાન ચક્રરત્નને ધારણ કરતાં મહારાજા ભરતને ત્રણ ભુવનનો વિજય કરવો સહજ છે તો મનુષ્યોને જીતવા તે કઈ ગણત્રીમાં છે? વડીલ બંધુપણાથી તેમજ પરાક્રમને અંગે પણ તે ચક્રવર્ત્તી તમારે સેવનીય છે. હે બાહુબલિ! જો તમે જીવિત અને રાજ્યને ચાહતા હો તો અભિમાનનો ત્યાગ કરો!"

### બાહુબલિનો *જવાબ—

સુવેગ બોલતાં શાંત થયો એટલે પોતાના બાહુબલને અંગે વિશ્વના બળને હસી કાઢતા, વર્ષાઋતુના મેઘ જેવી ગંભીર અને ધીર વાણીસમૂહથી આકાશને પણ ધ્વનિયુક્ત કરતાં બાહુબલિએ તેને કહ્યું કે—"હે દૂત! તેં જે કહ્યું તે યોગ્ય જ છે. તું ખરેખર સુંદર વક્તા છો. તારી કોટિમાં મૂકી શકાય તેવો કોઈ પણ નથી કે જે સ્વામીના હિતને માટે પ્રાણનો પણ ભય રાખ્યા વિના મારા જેવાની સમક્ષ પણ આ પ્રમાણે બોલી શકે છે. જેનો લઘુબંધુ અત્યંત તેજસ્વી અને અતુલ પરાક્રમી બાહુબલિ વિદ્યમાન હોવા છતાં ભરત મહારાજાની આજ્ઞાને કયા રાજાઓ શિરસાવંદ્ય ન ગણે? અમોને મોટાભાઈ પિતા તુલ્ય છે. દિગ્વિજય કરવાને જતાં તેમણે અમો નાના ભાઈઓને બોલાવ્યા નહીં તો શું અમે તે સમયે તેના લઘુબંધુઓ નહોતા? શું અમે સેવાભાવથી રહિત હતા? અથવા તો કોઈ પણ સ્થળે સ્વપરાક્રમ દર્શાવવામાં શું અમે નિષ્ફળ નીવડ્યા હતા? અને એટલા જ માત્રથી અપમાનિત કરાયેલ અમે તેમના આગમન-પ્રસંગે આવ્યા ન હતા. જો તેમનાં મનમાં ખરેખર ભ્રાતૃભાવ જ હોત તો પોતાનાથી લઘુ અઠ્ઠાણું ભાઈઓને 'જો તમને તમારું રાજ્ય અને જીવિત પ્રિય હોય તો વિનીતા નગરી આવીને ભરત મહારાજાની ઉપાસના કરો' એવો સંદેશો આપીને દૂતો શા માટે મોકલ્યા? 'જો તેમને રાજ્ય

* બાહુબલિએ દૂતનો જવાબ માર્મિક રીતે સુંદર અને તેની દલીલોના રૂપમાં જ આપ્યો છે જે મનોગમ્ય છે.

હરી લેવાની ઈચ્છા જ છે તો મોટા ભાઈની સાથે યુદ્ધ ખેલવું અમોને પસંદ નથી' એવો અંતઃકરણમાં સુંદર વિચાર કરીને પિતાશ્રી ઋષભદેવ સમીપે તેઓએ દીક્ષા લીધી. જેમ દ્વેષથી શત્રુઓનું રાજ્ય લઈ લેવામાં આવે તેમ લોભી ભરતે દ્વેષપૂર્વક તેમના રાજ્યો હરી લીધા અને તેવી જ ઈચ્છાવાળા તેણે વાગ્જાળમાં વિચક્ષણ તારા જેવા દૂતને મારી પાસે મોકલ્યો છે. તે લઘુબંધુઓએ દીક્ષા લઈને, પોતાના રાજ્યો ભરતને સુપ્રત કરીને તેમને જે આનંદ અર્પ્યો છે તેવો આનંદ મારા રાજ્યને ગ્રહણ કરવાની ઈચ્છાવાળા તેમની સાથે યુદ્ધ ખેલવાને ચાહતો હું આપી શકીશ નહીં અર્થાત્ જો ભરત મારું રાજ્ય લેવા ઈચ્છતો હોય તો હું યુદ્ધ કરવા તૈયાર જ છું. તેમના અંતઃકરણમાં મારું સ્થાન છે અને હું પણ તેમને કદાપિ ભૂલી શકતો નથી. દૂર રહેલા સૂર્ય અને કમળની માફક અમારો પરસ્પરનો સ્નેહ સ્વાભાવિક જ છે. જેણે નાના ભાઈઓનાં રાજ્યો હરી લીધાં તેની કઠોરતાને તું જણાવતો નથી અને તારા સ્વામી ભરતનું રાજ્ય લઈ લેવાને હું સમર્થ છતાં 'તે મારો મોટો ભાઈ છે' એમ વિચારીને હું તેનું રાજ્ય ગ્રહણ કરતો નથી તેથી હું શું કઠોર છું? પોતાનામાં મહત્તા હોવા છતાં વડીલ જન પ્રત્યે જે વિવેકીપણે વર્તે છે તે લોકમાં પ્રશંસા પામે છે જ્યારે ગુણહીન ગુરુજનને વિષે જો તે સેવકભાવ દર્શાવે છે તો ઊલટો નિંદાને પાત્ર બને છે. તારા સ્વામી ભરત દિગ્વિજય કરવા નીકળ્યા ત્યારે તમારા નગર, ગામ કે સેનાને શું મેં દુભવી છે? તો સર્વ સહન કરનાર તારા સ્વામીને મારો કયો અવિનય સહન કરવાનો રહે છે? અર્થાત્ મેં કદાપિ તેમનો અવિનય કર્યો જ નથી. જે મહાન પુરુષો છે તે કદાપિ ચાડિયા લોકોની ભંભેરણીથી ભંભેરાતા જ નથી. શું સર્પના ઝેરના સંસર્ગથી મહાસરોવરો અપેય બની જાય છે, અર્થાત્ જે મહાન હોય તે ચાડિયાની ચાડી સાંભળે જ નહીં. કૃત્યાકૃત્યનો વિચાર કર્યા સિવાય જે લોકો હલકા પુરુષોના વચનોને હૃદયમાં ધારણ કરે છે તે લોકો, પાણી ભરેલા કાચા ઘડાની માફક જલ્દી વિનાશ પામી જાય છે. દુર્જન–સંસર્ગથી રહિત મારા વિષે જે, મૂર્ખની માફક, છિદ્ર જુએ છે તેની નજીકમાં જ પ્રાણ હરનાર યમરાજનો વાસ થાય છે અથવા તે હાથે કરીને મૃત્યુને આમંત્રણ આપે છે. ત્યાંસુધી તારો સ્વામી મારો સ્વામી નથી, કે જ્યાંસુધી તારા સ્વામીની સેવા નહીં સ્વીકારતા એવા મને વશ કરવાનું તારા સ્વામીમાં બળ હોય અર્થાત્ યુદ્ધમાં મારો પરાભવ કર્યા પછી જ તે મારો સ્વામી બની શકે છે. વળી અમારા બંનેના સ્વામી શ્રી ઋષભદેવ છે અને તેમની વિદ્યમાનતામાં ભરત મારો સ્વામી શી રીતે હોઈ શકે? ઈચ્છા જ માણસોને સેવકભાવ અથવા શ્રેષ્ઠપદ આપે છે. મને ભરતના દેશાદિ ગ્રહણ કરવાની લેશમાત્ર ઈચ્છા થઈ નથી તો હું તેમને સ્વામી તરીકે કેમ સ્વીકારી શકું? ચક્રને ભમાડવાથી તે ચક્રી કહેવાયા અને તેને રોકવાને જે લોકો ડરે છે તે ભલે તેની સેવા સ્વીકારે, પરન્તુ હું તો તેમને કુંભાર કરતાં વિશેષ માનતો નથી અર્થાત્ કુંભાર જેમ પોતાનું ચક્ર ફેરવી શકે છે તેમ તે ભરત તેનું ચક્ર ફેરવે છે, પણ જેમ કુંભારના ચક્રને અટકાવવામાં લેશ માત્ર મહેનતની જરૂર નથી તેમ હું પણ તેના ચક્રને સ્હેજ માત્રમાં ચૂર્ણ કરી

નાખું તેવો છું. જો કદાચ સુંદર ભ્રાતૃભાવને અંગે હું તેમની સેવા સ્વીકારું તો લોકો કહેશે કે- ‘ડરને લીધે બાહુબલિએ ભરતની સેવા સ્વીકારી.’ આ શું મારા માટે ઓછી શરમની વાત ગણાય? જો તેમને કોઈનો પણ ભય નથી તો પછી મારા જેવા તેના ભાઈનો ડર ક્યાંથી હોય? જો તેનામાં આજ્ઞા કરવાપણું છે તો મને આજ્ઞા આપે. વળી તે નિર્ભીક પણ નથી કારણ કે મારી જેવા પર આજ્ઞા ચલાવતા ભય પામે છે. જનસમૂહ, દેવ અને દાનવોથી સેવાતા ભરતને, મને સેવક બનાવવાની ઈચ્છાથી તારે તેમને અટકાવવા જોઈએ, કારણ કે હરણીનો સ્વામી સિંહ જો અષ્ટાપદ સાથે યુદ્ધ કરવા જાય તો વિનાશ જ પામે. પિતાના ભક્ત સૌધર્મેંદ્ર સર્વ બંધુઓમાં અગ્રેસર ભરતને તેમના અર્ધ આસન પર બેસારે તે દેવભક્તોથી મસ્તકે ધારણ કરાતા નિર્માલ્ય પુષ્પની માફક તારા સ્વામીનો પ્રભાવ નથી, અર્થાત્ પિતાશ્રી ઋષભદેવના પ્રભાવથી જ સૌધર્મેંદ્ર તેમને અર્દ્ધાસન આપે છે, તેમાં કંઈ ભરતની મહત્તા નથી. મારી સમગ્ર સેના તો બાજુએ રહો પરન્તુ કલ્પાંત કાળ જેવો મહાબલીષ્ઠ હું એકલો જ ભરતની સેનારૂપી મહાસાગરને ખળભળાવવા શક્તિમાન છું. જેમ તત્ત્વજ્ઞાની પુરુષને સાંસારિક ભાવો લેશ માત્ર અસર ઉપજાવી શકતા નથી તેમ પાયદળ, અશ્વદળ, હસ્તીદળ, રથદળ તેમજ સેનાનો સ્વામી ભરત પણ મારી પાસે કશી વીસાતમાં નથી. ‘તે મોટા છે, તેમની પૃથ્વી હું ગ્રહણ કરીશ નહીં’ એવા પ્રકારના સ્નેહભાવથી મેં અત્યાર સુધી તેની ઉપેક્ષા કરી હતી પરન્તુ હવે હે દૂત! તું જા અને પોતાની પૃથ્વી મને અર્પણ કરવાને માટે તે ભરતને જલ્દી તું મોકલ.” આ પ્રમાણે બાહુબલિએ યુક્તિપૂર્ણ જવાબ આપ્યા પછી પ્રતિહારીથી ઉઠાડાયેલ, બાહુબલિની આજ્ઞારૂપી પાશથી ઝકડાયેલ અને સભામાં બેઠેલા રક્તનેત્રવાળા રાજાઓથી ક્રોધપૂર્વક નીહાળતો તે સુવેગ દૂત બાહુબલિની રાજસભામાંથી બહાર નીકળી ગયો.

### બાહુબલિ સાથે યુદ્ધ કરવા ભરતનું પ્રયાણ—

સુવેગ દૂતે જલ્દી આવીને, ત્યાંની સમગ્ર હકીકત યથાર્થરૂપે કહી સંભળાવી એટલે ભરત ચક્રવર્તીએ પોતાની ચતુરંગી સેનાને પ્રયાણ કરવાનો આદેશ આપ્યો. પ્રયાણાર્થે અસાધારણ ધ્વનિના બહાનાથી જોરપૂર્વક વગાડાતી રણભેરી, સામંત તથા સેનાપતિ અને રાજાઓને બોલાવી રહી હોય તેમ જણાતું હતું. વળી તે સમયે હજારો પ્રયાણ-વાદ્યો જોરશોરથી વાગવા લાગ્યા અને તેના પરસ્પર મળી ગયેલ અવાજો શબ્દના એકરૂપપણાને સૂચવવા લાગ્યા અર્થાત્ સમગ્ર વિશ્વ એક (અસાધારણ) નાદમય બની ગયું. પ્રયાણસમયના શ્રેષ્ઠ ધ્વનિએ માન્યું કે-“મારો જ એક માત્ર ગુણ જયવંત વર્તે છે’ એમ વિચારીને જ જાણે હોય તેમ આકાશરૂપી પિતાવડે શબ્દરૂપી પુત્ર સર્વાંગે આલિંગિત કરાયો અર્થાત્ સમગ્ર આકાશ નાદમય બની ગયું. (નૈયાયિકો આકાશનો ગુણ શબ્દ માને છે) તે ભંભાનાદથી એકત્ર થયેલ મૂર્તિમાન પરાક્રમના અંશ જેવી ચતુરંગી સેના સાથે ભરત મહારાજા અયોધ્યા નગરીમાંથી બહાર

નીકળ્યા. ચક્રવર્તીના સાક્ષાત્ જય સરખો સેનાપતિ સુષેણ પણ પૃથ્વી પર ચાલવા લાગ્યો અને તેમના દેહધારી પ્રતાપ સરખું ચક્રરત્ન આકાશપથમાં ચાલવા લાગ્યું. ઘંટાનાદોથી આકાશમંડળને ભરી દેતો, શ્રેષ્ઠ સુંઢરૂપી તરંગોથી ભીષણ, ધ્વજારૂપી ફીણથી શોભતો તેમજ કલ્પાંતકાળ જેવો ઉછળતો હસ્તીસમૂહરૂપી સાગર તેમની પાછળ ચાલ્યો. મહાહસ્તીરૂપી મેઘના મદજળની વૃષ્ટિવડે શત્રુરાજાઓના તેજરૂપી અગ્નિને બુઝાવી નાખવામાં આવ્યો એટલે ધૂમસમૂહ સરખા ચક્રીના સૈન્યની ધૂલિસમૂહથી આકાશ ભરાઈ ગયું. જે મેઘ સ્વર તેમજ વર્ણથી અમારી હરિફાઈ કરે છે તે મેઘ આ વૃક્ષોને પોષે છે તેથી ક્રોધાન્વિત થયેલ હસ્તીઓએ માર્ગમાં આવતાં વૃક્ષોને ઉખેડી નાખ્યા. (મેઘનો વર્ણ શ્યામ હોય છે, અને તે ગર્જના પણ કરે છે એટલે હસ્તી અને મેઘનું સાદૃશ્ય દર્શાવ્યું છે.) વેગપૂર્વક ચાલતા પાયદળ સૈનિકદ્વારા ખભા ઉપર પાછળ ધારણ કરાયેલી નગ્ન તરવારને કેશકલાપના બહાનાથી (ખડ્ગનો વર્ણ શ્યામ મનાય છે) પોતાની સુંઢમાં પકડવાથી, સુંઢ ચીરાતા હાથીએ તરત જ તેનો ત્યાગ કર્યો. 'શું આ તે સમુદ્રે પોતાના ઉછળતા તરંગોને અશ્વરૂપે બનાવીને ભરત મહારાજાને અર્પ્યાં છે? અથવા તો અશ્વમુખવાળા કે અશ્વદેહધારી *કિન્નરો પૂર્ણ અશ્વસ્વરૂપ ધારણ કરીને ભરતની સેવા માટે આવ્યા છે? અથવા તો જ્યોતિષી દેવોએ ચક્રવર્તીની સેવા માટે પોતાના વિમાન સમૂહમાંથી અર્પણ કર્યા છે? અથવા ચક્રીને વશીભૂત બનેલ નવ નિધાનોમાંથી સ્વયંમેવ ઉત્પન્ન થયા છે? અથવા તો ભરત મહારાજાની પોતાની વૈક્રિય શક્તિદ્વારા અનેક રૂપધારી બન્યા છે?' આ પ્રમાણે લોકસમૂહદ્વારા તર્કવિતર્ક કરાતાં અશ્વોએ પૃથ્વીપીઠને ઢાંકી દીધી. 'સ્વર્ગ, મૃત્યુ અને પાતાળલોકમાં ભરત મહારાજાની સમાન કોઈપણને અમે જોતા નથી' એમ વિચારીને જ જાણે હોય તેમ અશ્વો આકાશમાં ઉછળવા લાગ્યા અને પોતાની ખરીઓદ્વારા પૃથ્વીને ખોદવા લાગ્યા. વળી કોઈ વેગવંત અશ્વ, ભયને લીધે પોતાની સન્મુખ પડી ગયેલ કોઈ બાળકને જોઈને પોતાના મોઢા આગળના બે પગને સંકોચીને પાછલા બે પગ પર ઊભો રહી ગયો તે જાણે કે ચિત્રમાં આળેખેલ હોય તેમ જણાવા લાગ્યો. ઘોડાઓની ખરીઓથી ઊડેલી રજવડે પરિપૂર્ણ થઈ ગએલ નદીઓ ઉપર હાથીઓએ પોતાના ચરણ-ન્યાસથી તેને માર્ગરૂપ બનાવી દીધી અને તે રસ્તા પર થઈને રથો પણ સુખપૂર્વક ચાલવા લાગ્યા. 'આપણા પર બેઠેલા રથિકો યુદ્ધદ્વારા આપણા સ્વામી ભરતને વિજય અપાવીને પોતાની જાતને અનૃણી બનાવશે' એવા વિચારને લીધે જ જાણે હોય તેમ પોતાના ફરફરતા ધ્વજરૂપી હસ્તદ્વારા નૃત્ય કરતાં રથો ચાલવા લાગ્યા. ઊંચાણવાળી ભૂમિ પર સૈન્યસમૂહ ધીમે ધીમે ચઢતો અને ચઢ્યા બાદ વેગપૂર્વક નીચે ઊતરતો; જ્યારે તેવી ઊંચાણવાળી ભૂમિ પર રથો વિપરીત રીતે આરોહણ અને અવરોહણ કરતાં અર્થાત્ ચઢતા જલ્દી અને ઊતરતાં ધીમે ધીમે. ત્વરિત વેગવાળી પાયદળ સેનાને જોઈને 'ભરત

* કેટલાક કિન્નરો અશ્વ જેવા મુખવાળા હોય છે અને શરીર પુરુષાકૃતિ જેવું હોય છે; જ્યારે કેટલાક કિન્નરોનો દેહ અશ્વ જેવો હોય છે અને મુખ પુરુષ જેવું હોય છે તેથી કિન્નર કહેવાય છે.

મહારાજા બીજા દ્વીપોમાંથી જનસમૂહને લાવ્યા છે કે શું?' એવી જાતની શંકા લોકો કરવા લાગ્યા. ઢીંચણ સુધી વસ્ત્રવાળા, ઉગ્ર કચ્છવાળા, લાંબા-ટૂંકા ચરણન્યાસવાળા (કવાયત મુજબ ચાલતા), ચળકતા ઘુઘરાઓની શ્રેણીથી મેઘ જેવા ધ્વનિવાળા અને ચરણાપાતથી આકાશને ભેદતા સુભટ લોકો પણ નૃત્યપૂર્વક ચાલવા લાગ્યા. કામેચ્છાને અંગે અતિ વેગવાળા અને હેષારવ કરતા અશ્વથી ખરીવડે ખોદાયેલ પૃથ્વી, જાણે હસ્તીના મદજળરૂપી પ્રસ્વેદબિંદુથી આર્દ્ર બની હોય તેમ કંપી ઊઠી. માર્ગમાં આવતી નદીઓને પોતાના મદજળથી વિશેષ પરિપૂર્ણ કરવાથી હાથીઓ તેને કષ્ટપૂર્વક ઓળંગી ગયાં, જ્યારે ઘોડાઓ પોતાની ખરીદ્વારા ઊડાડેલી રજથી તે જ નદીયોને ભરી દઈને-માર્ગરૂપ બનાવીને સુખપૂર્વક ઓળંગી ગયા. વળી ઘોડાઓની ખરીદ્વારા ઊડેલી પૃથ્વીની રજસમૂહને અંગે અંધકાર વ્યાપી ગયો ત્યારે લોકોએ શંકા કરી કે- 'રણભેરીના નાદથી ભયભીત થયેલ સૂર્યરથના અશ્વોની ઝડપી ચાલથી શું સૂર્ય શીઘ્ર અસ્ત થઈ ગયો?' વળી ભાલાઓની કાંતિરૂપી વિદ્યુતને ધારણ કરતો, ફરફરતી ધ્વજારૂપી બલાકા (બગલી) સમૂહથી વ્યાપ્ત એવો ધૂલિસમૂહરૂપી મેઘ ઉદ્ભવ્યો એટલે મયૂરસમૂહ પણ નાચવા લાગ્યો. આ પ્રમાણે ચંચળ રજસમૂહે દિશાઓ તથા આકાશને અત્યંત મલિન બનાવ્યા એટલે જાણે ક્રોધને લીધે જ હોય તેમ તે ધૂળસમૂહને દૂર કરવા માટે શ્વેત ધ્વજાઓ ફરફરવા લાગી. સાંસારિક પ્રવૃત્તિઓને ત્યાગનાર મુનિજન જેમ આત્મિક સુખને પ્રાપ્ત કરે તેમ ભરત મહારાજા ગ્રામ, નગર, પર્વત અને અટવીઓનું ઉલ્લંઘન કરીને બહલી દેશમાં આવી પહોંચ્યા અને તેમાં દાખલ થતાં જ, જેમ સમુદ્ર પોતાના તટપ્રદેશ પર મણિયોને સ્થાપે તેમ ભરત મહારાજાએ તૃણ અને ત્રિપથવાળી તેમજ વૃક્ષરહિત રમણીય સીમાભૂમિને વિષે પોતાનો પડાવ નાખ્યો. એટલે મોહની પાછળ જેમ વિવિધ પ્રકારનાં કષાય તથા ઇંદ્રિયોના વિકારો સ્થાન જમાવે તેમ ભરત મહારાજાની છાવણી પાછળ સૈનિકોએ પણ પોતપોતાનાં આવાસો સ્થાપ્યા. આવાસોનું સ્થાપન અને ઉત્થાપન જોવાતું નહોતું છતાં જાણે કે પાછળથી તાડન કરાવવાને અંગે જ આકાશમાર્ગે ઊડીને આવેલ હોય તેવી આવાસોની શ્રેણી જોવામાં આવી. લોકોને પૂછ્યા વગર જ સુવર્ણ ધ્વજાવાળા ભરત મહારાજાના નિવાસમાં સૌથી પ્રથમ આવ્યા પછી જ બુદ્ધિમાન સૈનિક પોતાના આવાસમાં જતો. અગાઉની માફક ક્રમપૂર્વક વિશાળ સૈન્ય શિબિરમાં દાખલ થયું ત્યારે લગામ વિના પણ સુંદર ગતિએ ચાલવાપૂર્વક અશ્વો સ્વયં જ પોતાના વિસ્મય પામેલા સ્વારોને પોતપોતાના સ્થાનમાં લઈ ગયા. ઊંટો ભાર ભરતી વખતે અને બોજો ઉતારતી વખતે પણ બૂમો પાડવા લાગ્યા. **ખરેખર મૂર્ખ પ્રાણીયોને હિતાહિતનું ભાન હોતું નથી.** વિશાળ સૈન્યથી ભયભીત બનેલ બળદો પરની ગુણીઓ અનેક માણસોથી વારંવાર તેના પર લદાતી હતી પરન્તુ તે બળદ એકલો જ તે ગુણીઓને સુખપૂર્વક નીચે પાડી નાખતો હતો. **ખરેખર અધઃપતન કરનાર અને અભ્યુદય કરનાર સરખા ક્યાંથી હોઈ શકે ?** (ચડાવનાર જન ઉત્તમ અને પાડી નાખનાર પશુ હલકો) પલાણયુક્ત ઘોડીના સંગને ઇચ્છતા કોઈ એક અશ્વે

પોતાના પરનો સમસ્ત સામાન ફેંકી દઈને જે પ્રકારે હેષારવ કર્યો તેવી રીતે પ્રત્યુત્તરમાં ઘોડીએ હણહણાટ ન કર્યો. **ખરેખર તેજસ્વી પ્રાણીનું તેજ અન્યને દબાવવામાં જ રહેલું છે.** પોતાના સ્વામીના કંઠમાં આરોપણ કરેલ હસ્તવાળી પ્રિયાને તેના બંને સ્તનના મૂળભાગમાં હાથને સ્થાપન કરતા સ્વામીએ ક્ષણમાત્ર પરસ્પર આલિંગન સુખ અનુભવવાપૂર્વક જલ્દીથી અશ્વ પરથી નીચે ઉતારી. વળી હસ્તીઓએ અગાઉ જેવી રીતે મહાવતોને ચરણના આધારથી ઉપર ચઢાવ્યા હતા તેવી જ રીતે પોતાને પીડનારા તેઓને નીચે ઉતાર્યા. **ખરેખર મહાવ્યક્તિઓનો પોતાના સ્વજન પ્રત્યે આવો જ પ્રેમ (ઉત્તમ ભાવ) હોય છે.** વડલા નીચે રથના ઘોડાઓને ઊભા રાખીને અને નીચે ઊતરીને રથનો સ્વામી જ્યારે ઊભો રહ્યો ત્યારે મુસાફરીથી નહીં થાકેલા રથના ઘોડાઓએ જાણે પ્રયાણ સમયે હતી તેવી જ પોતાની જાતને માની અર્થાત્ રથ-અશ્વોને લેશમાત્ર થાક લાગ્યો ન હતો. લાંબા રસ્તાથી કંટાળી ગયેલ પરન્તુ કૌતુકને કારણે ઊભા થયેલ અખિન્ન સૈનિકસમૂહથી ઘેરાઈ ગયેલ કોઈએક મૃગ, તે મૃગના નેત્રને જોવાને ચાહતી કોઈએક સ્ત્રીની વાણીથી તેના સ્વામીવડે બચાવી લેવાયો. જેટલામાં સેનાસમૂહ પોતાના સ્થાનમાં આવી પહોંચ્યો નહીં તેટલામાં તો દુકાનો ગોઠવીને વણિકલોકો કાલી-કાલી વાણી બોલીને આવેલા સૈનિકોને, જેમ વેશ્યા પોતાના આંગણે આવેલ વ્યક્તિને આકર્ષે તેમ આકર્ષી લેતા હતા. કેટલાક પાણી માટે, કેટલાક ઇંધન માટે, કેટલાક ધાન્ય માટે અને કેટલાક અગ્નિ માટે-એ પ્રમાણે બધા લોકો ચાલ્યા જવા બાદ ઘરમાં રહેલ પ્રિયતમો પોતપોતાની પ્રિયાઓ સાથે આનંદ કરવા લાગ્યા. કોઈએક શખ્સે અગ્નિના અભાવને લીધે શમી(ખીજડી)ના વૃક્ષમાંથી અગ્નિનાં કણિયાં પ્રાપ્ત કર્યાં એટલે બીજા સેંકડો પુરુષો રાંકની માફક જલ્દીથી તેની પાસે આવી પહોંચ્યા. નદી પરથી વહેતા પવનના શીતળ જળકણોએ, માર્ગના શ્રમથી પ્રગટેલ પ્રસ્વેદબિંદુઓને મૂળમાંથી જ દૂર કરીને ચારે બાજુ સર્વત્ર સ્ત્રીઓના દેહરૂપી ભૂમિને વિષે પ્રસરીને શોભતા હતા. વળી લશ્કરને વિષે સૂર્યના પ્રચંડ તાપથી ખિન્ન બનેલ સ્ત્રીઓને, કમળ-જળને ધ્રૂજાવતા ગંગાના પવને હર્ષ પમાડ્યો. લાંબા રસ્તાના વિચરણથી ધૂળવડે ખરડાયેલ, તૃષાતુર બનેલ તેમજ પર્વતના પ્રદેશમાં જન્મવાને અંગે જાણે પર્વત જેવા હોય તેવા હસ્તીઓ સ્નાન કરવાને તથા જળનું પાન કરવાને માટે ગંગાનદીના કિનારે આવી પહોંચ્યા; અને તેઓએ પોતાની સુંઢદ્વારા વિકસિત કમળની સુવાસવાળું ગંગાનદીનું જળ ગ્રહણ કરીને પીધું અને પછી પોતાના દેહ પર છાંટ્યું. આસક્તિવાળા અને ચપળ સ્વભાવી મદ્યપાન કરનારા પુરુષોથી પરિવરેલ અભિમાની પુરુષ જેમ વિષયોમાં તલ્લીન બનીને સંસાર-સાગરમાં ડૂબે તેમ આસક્ત, ચપળ ભમરાઓથી ઘેરાયેલ અને જુદા જુદા દેશોમાં ભ્રમણ કરવાથી અત્યંત તપ્ત થયેલ મદઝરતો કોઈએક હાથી ગંગા નદીના ઊંડા ધરામાં સ્નાન કરવા લાગ્યો. નદીના પ્રવાહમાં રહેલા કમળોને તોડી નાખીને હાથીઓએ સમગ્ર શરીરે સ્નાન કર્યું અને નહીં ડૂબેલા નવીન કમળોને પોતાની સુંઢમાં પકડી લીધા. હસ્તીના સિંદુર-

સમૂહથી રક્તવર્ણી બનેલ ઊંડા ધરાના જળે, પ્રેમ ધારણ કરવાને અંગે જ જાણે કંપિત બન્યા હોય તેમ પોતાના તરંગરૂપી હસ્તદ્વારા તેઓને આલિંગન આપ્યું. વળી જળમાં કંઈક ડૂબી ગયેલ હાથીઓની શ્યામ કાંતિવાળા અને સીધી કરેલ સુંઢવડે ગંગાના તરંગો જાણે યમૂના નદીના તરંગોથી ઘેરાયેલ હોય તેમ શોભતા હતા. (ગંગાનું જળ શ્વેત અને યમુનાનું જળ શ્યામ છે.) જળનું પાન કરીને અને તેના જ સંગથી અત્યંત કૃષ્ણવર્ણી બનેલ મેઘઘટાઓની જેવો હસ્તીઓનો સમૂહ ગંગાનદીના જળનું પાન કરીને તથા તે જળદ્વારા સ્નાન કરવાથી અત્યંત કૃષ્ણવર્ણી બનેલ તેમજ દંતુશૂળરૂપી શ્વેત બલાકા(બગલી) સમૂહને ધારણ કરીને ગંગાના જળમાંથી બહાર નીકળ્યો. **'ખરેખર મહાન્ વ્યક્તિના ઘસારાને મોટા જ સહન કરે છે.'** એમ વિચારીને જ મહાવતોએ હાથીઓને મોટા વૃક્ષના થડ સાથે બાંધ્યા અને તેમની સુંઢને વારંવાર પ્રેમપૂર્વક પંપાળી. **પૂજનીય આચરણવાળા મહાપુરુષો સ્વ-સ્વાર્થમાં અલ્પ આદરવાળા હોય છે.** પહેલા ચરણવડે ધ્રૂજાવાયેલ પૃથ્વીએ, માતાની માફક, નીચા મુખવાળી, ભૂમિ પર આળોટતી, જોરથી શ્વાસ લેતી અશ્વોની પંક્તિને ખેદ રહિત બનાવી. સ્નાન કરવાને અંગે ઉજ્જવળ દેહવાળા બનેલ અને નદીમાંથી બહાર આવેલ અશ્વોએ પોતાના દેહને જોરથી હલાવીને શરીર પર ચોંટેલ પાણીને (જળબિંદુઓને) જલ્દીથી દૂર કર્યું. **ખરેખર તેજવંત વ્યક્તિને સંકટો આવી મળે છે.** મનુષ્ય દેહના માપવાળા ખીલાઓવાળી અશ્વશાળામાં અશ્વરક્ષકોએ અશ્વોને બે-બે હાથના આંતરે દોરડાવડે બાંધ્યા. કઠણ ખરીવડે પૃથ્વી ખોદતા, હર્ષપૂર્વક હેષારવ કરતા અને આમતેમ ફરતા અશ્વોને મોઢે પાવરો (તોબરો, ઘોડાને ધાન્ય ખવરાવવાનું ચામડાનું પાત્ર) બાંધવામાં આવ્યો. જે નદીના જળના પાનથી અને જેના કાંઠા પર રહેલ દુર્વાના ખાવાની જેની તૃષા અને ક્ષુધા શાંત થઈ ગઈ છે તેવા વૃષભોએ પોતાના શીંગડાઓથી તે જ નદીના કિનારાઓને તોડી નાખ્યા. **ખરેખર યુવાવસ્થાની ઘેલછાને ધિક્કાર હો!** આમ્રવૃક્ષ વિગેરે ઝાડોનો ત્યાગ કરીને કાંટાવાળા વૃક્ષોનો ઊંટોએ લાંબા સમય સુધી ફરીને હર્ષપૂર્વક લાભ લીધો (આહાર કર્યો). **જેની સારી ગતિ થવાની નથી તેને સારી વસ્તુ પ્રત્યે પ્રીતિ ક્યાંથી હોય?** 'અમારા સ્વામી-પિતા (અગ્નિ)ની સાથે આ(સૂર્ય) નામથી અને તેજથી સ્પર્ધા કરે છે' એમ વિચારીને જ જાણે રોષને અંગે હોય તેમ દરેક આવાસોના રસોડામાંથી નીકળતા ધૂમાડાએ સૂર્યને આવરી લીધો (ઝાંખો બનાવ્યો). પોતાના અર્થે વારંવાર તૈયાર કરેલ ઓદનાદિ ભોજનસામગ્રી અતિથિજન, સ્વજન કે પરજનને આપી દઈને (જમાડીને) લોકો પાછળથી સાયંકાળે ભોજન કરતા હતા.

## ભરત મહારાજાની સાથે યુદ્ધ કરવા બાહુબલિનું પ્રયાણ-

ઉગ્ર ચક્રવાળા ચક્રવર્ત્તી ભરત મહારાજાને બહલી દેશમાં આવેલા જાણીને સુનંદાના પુત્ર બાહુબલીએ ભંભા વગડાવી અને તેના પડઘાઓના બહાનાથી દિશાઓ પણ તે બાહુબલિને

પ્રયાણ કરવાને માટે સૂચન કરવા લાગી. એટલે શુભ મુહૂર્તે અત્યંત તેજસ્વી એવા તેમણે પ્રયાણને માટે પોતાના સાક્ષાત્ અભિમાન સરખા તેમજ દેહધારી ઉત્સાહ સરખા ઉત્તુંગ ગજેંદ્ર પર સ્વારી કરી. પ્રચંડ કિરણોથી વ્યાપ્ત મધ્યાહ્નનો સૂર્ય જેમ દુષ્પ્રેક્ષ્ય બને તેમ મહાપરાક્રમશાલી, પોતાના પુત્રોથી ચારે બાજુ પરિવરેલ બાહુબલિ દુર્નિરીક્ષ્ય બની ગયા. ચપળ રથ, અશ્વ, પાયદળ અને હાથીરૂપી મગરમચ્છવાળી, કલ્પાંતકાળના સાગર સરખી ચતુરંગી સેનાથી વ્યાપ્ત બાહુબલિ વાદ્યોદ્વારા દિશાઓને ગજવતા ચાલી નીકળ્યા. શત્રુથી અજેય, અપરિમિત સેનાવાળા, યુદ્ધ માટે ઉત્સુક, મહાબલીષ્ઠ એવા આવેલ રાજાઓને બાહુબલિએ પોતાની સરખા જ માન્યા અર્થાત્ સર્વનો ઉચિત આદરસત્કાર કર્યો. પૃથ્વીને પણ સંકોચતું બાહુબલિનું અપાર સૈન્ય જ્યારે ચાલવા લાગ્યું ત્યારે ધરણી ધ્રૂજી ઊઠી અને ડરને લીધે જ જાણે હોય તેમ પર્વતના શિખરો પડવા લાગ્યા. જ્યારે સૂર્ય તપવા માંડે ત્યારે સૂર્યકાંત મણિઓ સ્વતઃ સંતપ્ત બની જાય તેમ બલીષ્ઠ બાહુબલિ સેનાના સ્વામી હોવાથી દરેક સુભટોમાં 'હું એકલો જ શત્રુસમૂહને જીતી લઈશ' એવી ભાવના ઉદ્‌ભવી. મહાશૌર્યશાળી બાહુબલિ જેવા રાજા હોવાથી તેમની સેનામાં વાજિંત્ર વગાડનાર સુદ્ધાં દરેક સૈનિક શૌર્યવંત હતો; કેમ કે સરોવર ભરપૂર હોવાને અંગે તેની નજીકમાં રહેતા કૂવાઓ જળથી પરિપૂર્ણ બની જાય છે. (બાહુબલિ સરોવર સદૃશ અને તેના સૈનિકો કૂવાઓ સરખા દર્શાવ્યા છે.) પોતાના બહલી દેશની સીમા ઘણી દૂર હોવા છતાં મહાબલીષ્ઠ બાહુબલિ ત્યાં શીઘ્ર પહોંચી ગયા, કેમકે શત્રુરાજા પોતાના સીમાડે આવી પહોંચ્યો હોય ત્યારે વીરમાની વ્યક્તિ શું મંદગતિવાળી હોઈ શકે ખરી? બાહુબલિએ ગંગાનદીના કિનારે ભરતમહારાજાના સૈન્યથી બહુ દૂર નહીં તેમજ અત્યંત નજીક નહીં તેવી રીતે પોતાના સૈન્યનો પડાવ નાખ્યો, અને સાથોસાથ શત્રુ(ભરત)ના હૃદયમાં પોતાના સૈન્યના બળ સંબંધે પણ શંકા ઉપજાવી. બાદ પ્રાતઃકાળે ભાટચારણોએ તે બંને શ્રી ઋષભસ્વામીના પુત્રોને, જે યુદ્ધ જોવાને માટે દેવસમૂહ આવી રહ્યો હતો તેવા પરસ્પરના યુદ્ધ-મહોત્સવને માટે આમંત્રણ આપ્યું-પ્રેરણા કરી.

**બંને સૈન્યના સ્વામીઓની સૂચના—**

બાહુબલિએ રાત્રિએ પોતાના માંડલિક રાજાઓની સંમતિપૂર્વક તેજ અને બળને લીધે સિંહની માફક અજેય એવા પોતાના **સિંહરથ** નામના પુત્રને સેનાપતિ બનાવ્યો એટલે મસ્તક પર બાંધેલ, શત્રુસેનાના સંહારને માટે શરીરમાંથી બહાર આવેલ વિશાળ તેજ સરખા, સુવર્ણના રણપટ્ટકથી તે શોભવા લાગ્યો. વળી સ્વયં જ યુદ્ધને માટે તૈયાર થઈ આવેલ અન્ય રાજવીઓને બાહુબલિએ ઉચિત આદર-સત્કારપૂર્વક શિક્ષા-સૂચના આપી અને તે તે રાજાઓએ પણ યુદ્ધને પોતાનું જ કાર્ય માન્યું. આ બાજુ ભરત મહારાજાએ પણ પોતાના ખંડિયા રાજાઓની અનુજ્ઞાપૂર્વક **સુષેણ**ને સેનાપતિ નીમીને પોતાના હૃદયથી શત્રુઓને સહજમાત્રમાં

જીતાયેલા માન્યા. બાદ શત્રુગણને હણનાર પોતાના પુત્રોને, મુકુટબદ્ધ રાજાઓને અને બીજા વીર પુરુષોને બોલાવીને ચક્રવર્ત્તીએ નીચે પ્રમાણે સલાહ-સૂચના આપી કે-"હે મહાતેજસ્વી! હે પ્રશંસનીય આચરણવાળા! લઘુબંધુ બાહુબલિ સાથેના યુદ્ધમાં તમારે મારી માફક જ સુષેણ સેનાપતિને અનુસરવું અર્થાત્ તેની આજ્ઞા માનવી. અરે સુભટો! તમોએ પુષ્કળ મહાપરાક્રમી રાજાઓને જીત્યા છે પરન્તુ તે પૈકીનો કોઈ પણ બાહુબલિના પાયદળ સૈનિકની સમાન પણ આવી શકે તેવો ન હતો. શત્રુસેનાને ઉખેડી નાખવાને બાહુબલિનો જ્યેષ્ઠ પુત્ર **સોમ** એકલો જ સમર્થ છે તેમ મેં સાંભળ્યું છે કે જે સોમ હસ્તીસમૂહને વિદારવામાં સિંહ સમાન અને મેઘશ્રેણીને વિખેરી નાંખવામાં પવન સમાન છે. આત્મિક જ્ઞાન જેમ અશુભ કર્મરાશિને ખેરવી નાખે તેમ સોમનો નાનો ભાઈ **મહારથ** અને તેનાથી નાનો **સિંહરથ** પોતાના પરાક્રમથી દુશ્મનસમૂહનો ક્ષણમાત્રમાં નાશ કરી નાખનારા છે. હે રાજવીઓ! બાહુબલિના સૈન્યમાં તેના પુત્રો, પૌત્રો અને અન્ય વીરપુરુષો પૈકી એકેક જ ત્રણ જગત સમક્ષ એક એક *અક્ષોહિણી સેનાને હણી નાખવા શક્તિશાળી છે. હે ભૂપાળો! મારો નાનો ભાઈ બાહુબલિ ત્રણ જગતના સ્વામી શ્રી ઋષભદેવનો પુત્ર છે અને મારા પોતાના અનુભવથી પણ હું કહું છું કે-તેની બરોબરી કરી શકે તેવી વ્યક્તિ દેવ, દાનવ કે માનવમાં કોઈપણ નથી. પોતાના ભુજાબળથી અન્ય રાજાઓને કાંકરા સમાન ગણનાર બાહુબલિ યુદ્ધને વિષે રોષપૂર્વક પ્રવર્તે છે ત્યારે ઇંદ્ર પણ પોતાનું વજ્ર ધારણ કરવા શક્તિમાન નથી. હે પાર્થિવો! વૈતાઢ્ય પર્વત પર્યન્ત પહોંચીને કિરાત લોકોને જીતવામાં તથા પ્રચંડ બળવાળા વિદ્યાધરોને જીતવામાં તમોએ જે બળ દાખવ્યું છે તે કરતાં અધિક બળ અત્યારે તમારે દાખવવાનું છે." આ પ્રમાણે પ્રસન્નતારૂપી અમૃતવૃષ્ટિને કરતી ભરત મહારાજાની વાણીના સિંચનથી તેઓના શરીર ઉપર વીર રસના અંકુરા જેવી રોમાવલિ પ્રગટી નીકળી અર્થાત્ તે રાજાઓના રોમાંચ ખડા થઈ ગયા. આવી રીતે બંને સૈન્યના સૈનિકો પોતપોતાના સ્વામીની સૂચનાનો અંગીકાર કરીને પોતપોતાના તંબૂમાં ગયા અને ત્યાં આગળ પણ પોતાના આયુધોનું પૂજન કરીને વાજિંત્રના નાદપૂર્વક રાત્રિજાગરણ કર્યું. વળી 'પ્રાતઃકાળને ઇચ્છતા આ વીર પુરુષો પરસ્પર આયુધના પ્રહારદ્વારા મૃત્યુ ન પામો' એમ વિચારીને તેઓ પ્રત્યેની કરુણાબુદ્ધિથી ત્રણ પહોરવાળી રાત્રિ હજાર પહોરવાળી બની ગઈ અર્થાત્ તે વીર પુરુષોને રાત્રિ અત્યંત દીર્ઘ-લાંબી જણાઈ. ત્રણ ભુવનના સ્વામી શ્રી ઋષભદેવના બંને પુત્રોના સૈન્યમાં વીર સુભટોના પરાક્રમને જોવાને માટે સૂર્ય ઉદયાચળ પર આવ્યો-ઊગ્યો. ઊછળતાં મોજાંથી પીડા પામતા મગરમચ્છવાળા સમુદ્રને ખળભળાવતો, ચપળ શિખરવાળા પર્વતોને પૃથ્વી પર પાડતો અને અશ્વોને પકડી રાખવામાં આકુળ બનેલ અરુણ સારથિવાળા સૂર્યને પણ ભય પમાડતો વાજિંત્રનો નાદ બંને સૈન્યમાં થવા લાગ્યો અને સ્વામીની

---

* ૨૧૮૭૦ હસ્તી, ૨૧૮૭૦ રથ, ૬૫૬૧૦ અશ્વો અને ૧૦૯૩૫૦ પાયદળ સૈનિક—આટલા લશ્કરી પરિવારને એક અક્ષોહિણી સેના કહેવામાં આવે છે.

મહેરબાનીરૂપી ઋણ(કરજ)-સમુદ્રને પાર પહોંચવાને ઈચ્છતા અખૂટ પરાક્રમવાળા અને રણવાજિંત્રના નાદથી વિકસ્વર રોમરાજીવાળા વીર સૈનિકો ઉત્સાહપૂર્વક રણભૂમિ પ્રત્યે ચાલી નીકળ્યા.

યુદ્ધમાં જવાને ઈચ્છતા કોઈએક પુત્રની માતાએ તેના કપાળમાં જે તિલક કર્યું તે તિલકના પ્રભાવથી રણને વિષે તે અન્ય સુભટોમાં પણ તિલકરૂપ (અગ્રણી) બન્યો. કોઈએક માતાએ પોતાના પુત્રને કહ્યું કે-"હે પુત્ર! તારા પિતા અને દાદા વીરશિરોમણિ તરિકે પ્રખ્યાતિ પામ્યા છે તો તારે પણ તેવું પરાક્રમ દર્શાવવું કે જેથી હું કલંકિત બનું નહીં." વળી કોઈક માતાએ સાક્ષાત્ વીરરસ સરખા અને યુદ્ધને માટે જતાં એવા પુત્રને જોઈને હર્ષાન્વિત બની વિચાર્યું કે-'આ પુત્રના પરાક્રમથી હું સતીશિરોમણિ ગણાઈશ.' વળી કોઈએક સ્ત્રીએ પોતાના મોટા પુત્ર અને સ્વામીની સમક્ષ નાના પુત્રને ઉદ્દેશીને કહ્યું કે-"તું તેવા પ્રકારનું આજે યુદ્ધ ખેલજે કે જેથી આ બંનેને હૃદયમાં એમ થાય કે-'આ મારો ભાઈ છે અને આ મારો પુત્ર છે.' વળી રણસંગ્રામમાં જતાં પોતાના સ્વામીને તેની પ્રિયાએ કહ્યું કે-"મને ભેટીને તમે યુદ્ધ માટે જાવ છો અને જીતીને પાછા આવેલ તેમજ ધૂળથી ખરડાયેલ તમે મને આલિંગન આપી શકશો, માટે મને આલિંગન આપીને પાછા આવવા માટે તમો જાવ." (અર્થાત્ તમો જીતીને આવશો તો જ મારું આલિંગન પ્રાપ્ત થઈ શકશે, હારીને-પાછા ભાગીને આવશો તો હું તમને નહીં સ્વીકારું.) વળી કોઈએક સ્ત્રીએ પોતાના પતિને કહ્યું કે-"તમે હમેશાં કહેતા હતા કે તું (હું) મારા પ્રાણસ્વરૂપ છે અને તે વાત ખરેખર જો સાચી હોય તો હે વીર! મારો ત્યાગ કરીને રણોત્સુક તું પોતાના પ્રાણોને ત્યજી દેવાને માટે ચાલી નીકળ્યો છે તે શું ઉચિત છે? પરન્તુ તમે તો મને પ્રાણ કરતાં પણ અધિક પ્રિય છો કારણ કે તે પ્રાણોનો ક્ષણમાત્રમાં ત્યાગ કરીને તમારી સેવાને માટે હું સ્વર્ગમાં અપ્સરાઓની હરિફ બનીને આવી પહોંચીશ અર્થાત્ રણમાં તમો મૃત્યુ પામશો કે તરત જ તમને મળવા હું પણ મારા પ્રાણોનો ત્યાગ કરીશ." પત્નીના ઉત્કૃષ્ટ પ્રેમરૂપી વિશાળ પાશને છેદી નાખીને રણભેરીના નાદથી આકર્ષાએલ તેમજ માતાના આશીર્વાદરૂપી શ્રેષ્ઠ બખ્તરને ધારણ કરનારા ધીર-વીર પુરુષો યુદ્ધભૂમિને શોભાવવા લાગ્યા. સુરેંદ્ર અને અસુરેંદ્રની માફક દુષ્પ્રેક્ષ્ય ભરત મહારાજા તથા બાહુબલિ પણ બખ્તર પહેરીને અને ગજેંદ્ર પર ચઢીને પોતપોતાના સૈન્યસમૂહમાં ફરવા લાગ્યા. બાદ સમુદ્રના બંને કિનારા પરથી ઉછળતા વાયુથી પ્રેરાયેલા સાગરના તરંગસમૂહ સરખા બંને બાજુના સૈન્યો પરસ્પર સામા ચાલ્યા, એટલે સમુદ્રના તીરપ્રદેશો સમુદ્રના મોજાંઓને પાછા સમુદ્રમાં અંતર્ગત કરે છે તેમ રાજાના છડીદારોએ, પંક્તિની બહાર નીકળી જતાં વીર પુરુષોને પુનઃ પંક્તિમાં જ દાખલ કર્યા. 'આજનું આ યુદ્ધ જોવા લાયક છે' એમ પોતાના ધ્વજારૂપી હસ્તોવડે દેવોને આહ્વાન કરતા, ધોંસરીમાં જોડેલ અશ્વોના હેષારવથી ઉદ્ભવેલ ફીણરૂપી હાસ્યવાળા રથિક પુરુષોના રથો સામસામે આવી ગયા. યુદ્ધપ્રસંગે ઘોડેસ્વારોના દ્વિગુણિત થયેલ વેગવંત ચિત્તને જાણે

જાણી લીધું હોય તેમ સ્ત્રીઓના ચપળ નેત્રની જેવા વેગશાળી બંને બાજુના અશ્વો પણ સામસામે આવી ગયા. 'અમારા મજબૂત ચરણન્યાસથી નાગલોક પીડા ન પામો' એમ વિચારીને જ જાણે હોય તેમ ચરણદ્વારા પૃથ્વીતળને નહીં સ્પર્શતાં મદોન્મત્ત હસ્તીઓ પણ સામસામે આવી ગયા. હાથીના મદજળમાં આસક્ત થયેલ ભમરાઓના ધ્વનિરૂપી ગીતવાળા અને હર્ષિત અશ્વોના હેષારવરૂપી વાજિંત્રવાળા સમરાંગણને વિષે પ્રેક્ષક તરીકે આવેલ દેવગણની સમક્ષ વિચક્ષણ પાયદળ સૈનિકો નૃત્યપૂર્વક ચાલવા લાગ્યા. (નૃત્ય વખતે ગીત, વાજિંત્ર, સ્થાન અને પ્રેક્ષક હોય તે કવિએ યુદ્ધભૂમિને વિષે કુશળતાથી દર્શાવ્યા છે.) વળી તે રણક્ષેત્રને વિષે અન્ય લોકો સૂર્યના બિંબ સરખા સુભટ પુરુષે ખેંચેલા ધનુષ્યને અને ઉગ્ર કિરણો સરખા દરેક દિશાઓમાં પડતા બાણોને જ જોઈ રહ્યા હતા અર્થાત્ તે સિવાય કાંઈપણ નજરે પડતું ન હતું. વળી તે સમયે અપૂર્વ આશ્ચર્ય એ બન્યું કે—જ્યારે વીર પુરુષોના સિંહનાદથી હસ્તીઓ જલ્દીથી રણક્ષેત્રમાં પડવા લાગ્યા ત્યારે 'શું આકાશ તૂટી પડ્યું ?' એમ વિચારીને કંપાયમાન થયેલ દેવોના હસ્તીઓ ઊંચે આકાશમાં જોવા લાગ્યા. 'શત્રુઓના હાથમાંથી ત્રણ ભુવનને ભયંકર એવું શસ્ત્ર પડી ગયું.' એવી મતલબનું કોઈક પુરુષના કથનને સાંભળવાથી ભયને અંગે નષ્ટપ્રાયઃ જીવિતવાળા શત્રુસૈનિકોની મુષ્ટિઓ અત્યંત મજબૂત બની ગઈ. (બીજાનું શસ્ત્ર પડી ગયું તેમ મારું પણ શસ્ત્ર હાથમાંથી ન પડી જાય તેવા વિચારથી પોતાની મુઠીઓ મજબૂત રીતે વાળી દીધી.) વળી આકાશને સ્પર્શતાં, સુભટસમૂહને છેદી નાખતાં અને પૃથ્વીને પણ ભેદીને પાતાળમાં પ્રવેશતાં એવા છોડાયેલા બાણોએ ત્રણ જગતને ખળભળાવી મૂક્યું. વળી કેટલાક સુભટોએ ખડ્ગથી, કેટલાકોએ ભુજાથી, કેટલાકોએ વિકરાળ ભૃકુટીવાળા નેત્રથી અને શરીરના પ્રબળ ઘસારાથી દુશ્મનગણને હણી નાખ્યા. બંને બાજુના ઉન્મત્ત બનેલા સુભટોએ જ્યારે ઘોરનાદવાળું દ્વંદ્વયુદ્ધ કર્યું ત્યારે પરસ્પર શસ્ત્રોના અફળાવાથી પ્રગટેલ અગ્નિના તણખાઓએ રજરૂપી અંધકારમાં આગિયાઓની શોભાને ધારણ કરી. વીર પુરુષોના અત્યંત તીક્ષ્ણ બાણોના ઉગ્ર ઘસારાથી શત્રુનું સમગ્ર સૈન્ય શિથિલ બની ગયેલું જોઈને આકાશમાં દેવોએ જે હાસ્ય કર્યું તે હાસ્ય ગુચ્છકરૂપ બનીને અત્યારે પણ ચંદ્રરૂપે વિલસી (પ્રકાશી) રહ્યું છે. ગદાવડે હણાવાથી પડી ગયેલ હસ્તીની શ્રેણીના કુંભસ્થળમાંથી નીકળી આવેલ મોતીઓના બહાનાથી પ્રસ્વેદ બિંદુવાળા કોઈએક સૈનિકે શત્રુસેનામાં જયલક્ષ્મીની સાથે એકદમ ક્રીડા કરી અર્થાત્ વિજય મેળવ્યો. જેમ મેઘો આકાશમાં-ગગનપથમાં ઉત્પાત કરે તેમ વીરપુરુષોથી ફેંકાયેલા અને લોહીની છોળોને વહાવતા-ઊડાડતા હાથીઓએ શત્રુસેનામાં જલ્દી કંઈક ઉત્પાત મચાવ્યો. વળી બંને સૈન્યોદ્વારા ફેંકાએલ બાણોદ્વારા આકાશપથમાં જે નવીન મંડપ રચાયો તેની મજબૂતાઈનું અમે શું વર્ણન કરીએ ? કારણ કે વીરપુરુષના બાહુબળથી બધી દિશાઓમાં ફેંકાએલ હસ્તીઓએ તેને કષ્ટપૂર્વક ભેદી નાખ્યો. 'આને તું શીઘ્ર ગ્રહણ કર અથવા તો હંમેશા આઠ અશ્વોની સાથે તું ક્રીડા કર' એમ ઊંચ સ્વરે કહીને કોઈએક વીરપુરુષે

પોતાના પરાક્રમથી મિત્ર સદૃશ બનેલા સૂર્ય તરફ પોતાના અશ્વો કુદાવ્યા. કોઈએક વીરપુરુષે સ્વભુજાબળથી અશ્વ, હસ્તી અને રથોને આકાશમાં ઉછાળીને નીચે પડતાં તેને, પૃથ્વી કંપાયમાન ન થઈ જાય તેવા વિચારથી, મજબૂત ગદા પ્રહારથી શીર્ણવિશીર્ણ કરી નાખ્યા. યુદ્ધને માટે સજ્જ થયેલ સુભટ લોકોના વારંવાર ધનુષ્ય-ટંકારથી શસ્ત્રવિહીન બનીને કેટલાક મૂર્ચ્છા પામવા લાગ્યા, પરન્તુ તે જ વીર પુરુષોએ છોડેલા સૂર્યના તાપને નષ્ટ કરનારા બાણોએ પોતાની પાંખોદ્વારા પ્રગટાવેલ પવનદ્વારા જીવિત (મૂર્ચ્છા રહિત) બનાવ્યા. (વીરપુરુષોની સમક્ષ જ્યારે શત્રુસેના અસ્થિર બની ગઈ ત્યારે પ્રાણીઓનો કોળિયો કરી જનાર યમરાજના ભયંકર મુખમાં રહેલ જિહ્વા સરખું પ્રચંડ બાણયુક્ત ખેંચેલ ધનુષ્યમાત્ર જ રહ્યું અર્થાત્ ધનુષ્ય પરથી બાણ છોડવું પડ્યું નહીં.)

**પ્રલયકારી સંગ્રામથી દેવોએ કરેલ નિવારણ—**

આ પ્રમાણે ક્રોધાન્વિત બંને ઋષભપુત્રોનું પરસ્પર તુમુલ યુદ્ધ શરૂ થઈ ગયું એટલે સકલ જનસમૂહનો નાશ થઈ જવાની શંકાવાળા દેવો તેઓ બંનેને સમજાવવાની ઈચ્છાથી આકાશપથમાં આવ્યા અને 'આ ભરતક્ષેત્રમાં બાળ અને વૃદ્ધ સિવાય જે કોઈ પુરુષાર્થી વ્યક્તિઓ છે તે સર્વ વીરસુભટો રણમહોત્સવમાં ખેલી રહ્યા છે તેમજ સ્વામી શ્રી ઋષભદેવના બંને પુત્રો દ્વારા અકાળે જ પ્રલયકાળ પ્રગટ્યો છે.' એમ વિચારીને તેઓએ આકાશમાં રહીને જ સુભટસમૂહને ઉદ્દેશીને કહ્યું કે-"હે વીરપુરુષો! જ્યાં સુધી અમે તમારા બંનેના સ્વામી-ભરત તથા બાહુબલિને ન સમજાવીએ ત્યાં સુધી તમારામાંથી કોઈએ પણ યુદ્ધ ન કરવું એવી પરમાત્મા શ્રી ઋષભદેવની તમને સર્વને આણ છે." આ પ્રમાણે પરમાત્માની આણ દેવાથી બંને પક્ષના શૂરવીર સુભટો જાણે પત્થરમાં કોતરાઈ ગયા હોય તેમ નિષ્ફળ આયુધવાળા બનીને ઊભા રહ્યા. બાદ 'હજી પણ કંઈ નાશ પામ્યું નથી, ત્રણે લોકનું કલ્યાણ થાઓ' એ પ્રમાણે બોલતાં દેવો પ્રથમ ભરત મહારાજા પાસે જઈને કહેવા લાગ્યા કે-

**યુદ્ધ નિવારણ માટે દેવોએ ચક્રવર્તીની કરેલી પ્રાર્થના—**

"હે ઋષભપુત્ર ! પરમાત્માએ જગતનું રક્ષણ કરવાનો બોજો તમને સોંપ્યો છે તો પછી શા માટે લોકના સંહારરૂપ આ યુદ્ધ તમે આરંભ્યું છે ? છ ખંડ ભરતક્ષેત્રમાં તમારાથી જીતાયેલ રાજાઓ પૈકી કોઈ પણ તમારી સાથે લડવાને શક્તિશાળી થઈ શક્યો નથી તો શું આજે તમારા હસ્તની ખુજલી દૂર કરવાને માટે ભાઈ સાથે યુદ્ધ આરંભ્યું છે ? આ સંગ્રામ તો તમારે બંનેને મન ક્રીડા માત્ર છે પરન્તુ લોકોને માટે તો યમરાજને પ્રિય એવો પ્રલયકાળ પ્રગટશે માટે તમે આ યુદ્ધથી વિરામ પામો. લઘુ બંધુની પૃથ્વીને જો તમે ગ્રહણ કરવા ઈચ્છતા હો તો તે તમને ઉચિત નથી. પૂર્વે આ પૃથ્વીના સ્વામી કોણ નથી થયા ? પરંતુ કોઈની સાથે આ પૃથ્વી ગઈ નથી. પોતાનો પૂર્વનો સ્વામી નાશ પામતાં જ નવા-નવા સ્વામીઓને સ્વીકારતાં આ ભૂમિને

લેશ માત્ર શરમ થતી નથી. પર(શત્રુ)ને વિષે આસક્ત બનેલ તે પૃથ્વીએ પોતાના કયા સ્વામીઓનો ઘાત કરાવ્યો નથી-હણાવ્યા નથી? વળી શું તેણીએ પોતાના પ્રત્યે અનુરક્ત, ગુણશાળી અને શૂરવીર પુરુષોનો ત્યાગ નથી કર્યો? માટે આ પૃથ્વીની ખાતર ધન, ધાન્યનો ઈચ્છક પુરુષ શત્રુઓને પીડે છે તે પ્રશંસાપાત્ર બનતો નથી તો પછી જે પોતાના જ કુળનો નાશ કરે તે વ્યક્તિ નમસ્કાર કરવા લાયક હોય તો પણ વખાણવા લાયક નથી. સમગ્ર વિશ્વનો વૈભવ હોવા છતાં પણ પ્રાણીને તો શય્યાપ્રમાણ ભૂમિ જ ભોગવવાની હોય છે. અખૂટ સંપત્તિ-સમૃદ્ધિ હોવા છતાં પોતાની જાતને માટે તો ભોજન કરતાં કંઈ પણ વિશેષ ઉપકારક નથી અર્થાત્ બે ટંક ભોજન માત્રનો જ ઉપભોગ કરી શકાય છે. મમત્વભાવથી અધિક વૈભવનો ભોગવટો કરવાથી જો હર્ષ પમાય તો પછી 'આ સમગ્ર વિશ્વ મારું છે' એ પ્રમાણે બોલતો માનતો રંક પુરુષ પણ કેમ ન હર્ષ પામે? અર્થાત્ સમગ્ર વસ્તુઓનો કદાપિ ઉપભોગ થઈ શકતો નથી. ફક્ત 'તે મારી છે' એમ માનીને સંતોષ રાખવો પડે છે. વળી નદી, વન, ગુફા, પર્વત અને સમુદ્રથી કેટલી પૃથ્વી ઢંકાયેલી નથી? અર્થાત્ ઘણી પૃથ્વી તો તેનાથી જ વ્યાપ્ત છે તો આ બહલી દેશનો ટુકડો પણ તેવો જ છે એમ માની લો. કુળ (સગા ભાઈ) સાથેના આ વિગ્રહનો ત્યાગ કરો. શત્રુસમૂહને કલ્પવૃક્ષ સરખો હર્ષદાયક આ ભાઈ સાથેનો સંગ્રામ ઉચિત નથી, કારણ કે બે સિંહના પરસ્પરના સંઘર્ષણથી કયો પશુ દીર્ઘ સમય સુધી હર્ષ પામતો નથી? અર્થાત્ તમારા બંનેનો આ સંગ્રામ તો તમારા શત્રુસમૂહને ઊલટો હર્ષદાયક બનશે તો આ યુદ્ધનો ત્યાગ કરો, પોતાના દેશમાં જાવ અને હિમાચળ પર્યંતના જનસમૂહનું રક્ષણ કરો. તમે અત્રે આવ્યા તેથી બાહુબલી સામે આવ્યા છે. તમો ચાલ્યા જશો એટલે તે પણ પાછા ચાલ્યા જશે. તમારું કલ્યાણ થાઓ. યુદ્ધનો રોધ કરવાથી પૃથ્વી પણ નિર્ભય બનો અને બંને સૈન્યસમૂહને અભય આપવાને માટે તમારી બંને ભૃકુટીઓ ભાલપ્રદેશમાંથી નીચે ઊતારો અર્થાત્ તમારો રોષ દૂર કરો."

### ભરત મહારાજાનો દેવોને જવાબ–

આ પ્રમાણે દેવોએ કહ્યું એટલે ચક્રવર્તીએ પણ તેમને ગંભીર સ્વરથી જણાવ્યું કે-"હું બળવંત છું" એમ વિચારીને મને યુદ્ધની ઈચ્છા જ નથી તેમજ બાહુબલિનું રાજ્ય હરી લેવાની પણ મને લેશમાત્ર સ્પૃહા નથી. અગાઉ આ બાહુબલિ પિતાની માફક મારા પ્રત્યે ભક્તિભાવ, વિવેક અને વિનય દર્શાવતો હતો છતાં પણ હું દિગ્વિજય કરીને આવ્યો ત્યારે તે વડીલ બંધુ તરીકે મને નમસ્કાર કરવા માટે પણ આવ્યો નહીં. સાઠ હજાર વર્ષ પર્યન્ત દિગ્વિજય કરીને રાજધાનીમાં આવેલ મેં તેને બોલાવવા માટે દૂત મોકલ્યો તો પણ જાણે તે બીજો જ બની ગયો હોય તેમ આવ્યો નહીં. મેં તેને ક્રોધથી કે લોભથી બોલાવ્યો નહોતો પરન્તુ ચક્ર વિનીતા નગરીમાં પ્રવેશ કરતું ન હતું. એક પણ વ્યક્તિ જીત્યા વિનાની રહે ત્યાં સુધી ચક્રરત્ન

રાજધાનીમાં પ્રવેશ કરતું નથી. જ્યાં સુધી આ મારો નાનો ભાઈ વિનીત બને નહીં-મને નમસ્કાર કરે નહીં ત્યાં સુધી ચક્ર વિનીતામાં પ્રવેશ કરે નહીં. આ રીતે તે બંને (બાહુબલિ તથા ચક્ર)ની હરિફાઈ વધી ગઈ છે. હે દેવો! આ પ્રમાણે મારા ઉપર મહાન્ સંકટ આવી પડ્યું છે. ફક્ત એક જ વખત મારો અભિમાની લઘુ બંધુ મારી પાસે આવે અને મારી પાસેથી બીજી પણ પૃથ્વી ગ્રહણ કરે. મારું સર્વસ્વ તેનું જ છે. હે દેવો! તેથી મને અંશ માત્ર પણ શોક-સંતાપ નહીં થાય." ભરત મહારાજાનું આવું કથન સાંભળીને દેવોએ તેમને પુનઃ કહ્યું કે-"હે સ્વામિન્! તમારો આ યુદ્ધ-હેતુ નિરર્થક છે. હમણાં જ જઈને અમે બાહુબલિને સમજાવીએ છીએ. ખરેખર આ જનસંહાર રોકવો જ જોઈએ. જેમ આપે જણાવ્યું તેમ તે બાહુબલિ પણ યુદ્ધનું મજબૂત કારણ જણાવશે તો તમારે બંનેને દૃષ્ટિયુદ્ધ, વાણીયુદ્ધ, ભુજાયુદ્ધ, મુષ્ટિયુદ્ધ અને દંડયુદ્ધદ્વારા સંગ્રામ કરવો યુક્ત છે, કે જેથી ચતુરંગી સેનાનો વિનાશ ન થાય."

**બાહુબલિ પ્રત્યે દેવોનું કથન—**

દેવોનું કથન ભરત મહારાજાએ સ્વીકારવાથી તેઓ તરત જ બાહુબલિ પાસે આવ્યા અને 'અહો! આ બાહુબલિ અભિમાનની સાક્ષાત્ મૂર્ત્તિ સરખો હોવાથી અપરાજિત છે' એમ બોલીને તેમને જણાવ્યું કે—"હે ઋષભપુત્ર! સજ્જન પુરુષના ચિત્તને આનંદ આપનાર તમે પૃથ્વી પર જયવંત વર્તો. દુર્વિનયી શત્રુઓને તમે જીતનારા છો અને વડીલજન પ્રત્યેનો તમારો વિનય ત્રણ લોકમાં પણ પ્રસિદ્ધ છે. તમારા પિતાશ્રી ઋષભદેવ ત્રણ જગતને અભય આપનાર છે તો તે જ ત્રણ ભુવનને ભયપ્રદ એવો આ તમારો યુદ્ધ-પ્રયાસ હોઈ શકે? **શું સૂર્યમાંથી રાત્રિનો અથવા તો ચંદ્રમાંથી વિષવૃષ્ટિનો સંભવ હોઈ શકે?** દિગ્વિજય કરીને સ્વનગરીમાં આવેલ ઉત્કંઠિત ભરતે તમને બોલાવવા મોકલ્યા તો જે તમને હંમેશાં પિતાની માફક સેવનીય છે તે વડીલ બંધુ ભરત પ્રત્યે તમારો વિરોધ કેમ હોઈ શકે? તમારી યુદ્ધ-ઈચ્છાથી ત્રણે જગતના લોકોમાં ખળભળાટ મચશે. શું સિંહના સ્વતંત્ર વિહારમાં વનચર પશુઓને ત્રાસ નથી થતો? તો હવે તમારો યુદ્ધ-ઉત્સાહ ત્યજી દ્યો અને વડીલ ભાઈનો સંગ કરો. હે રાજન્! બૃહસ્પતિ યોગવાળા લગ્નમાં અન્ય ગ્રહો કંઈ પણ વિપરીત કરવા શક્તિમાન થતા નથી." આ પ્રમાણે ગંભીર ગર્જારવ જેવી વાણી બોલીને મેઘ જેવા દેવો શાંત થયા એટલે લોકોના કર્ણને સુખકારક મયૂરની જેમ વિવેકવંત બાહુબલિએ કહ્યું કે—

**બાહુબલિનો જવાબ—**

"હે દેવો! તમે પરમાત્મા શ્રી ઋષભદેવના ભક્તો છો અને અમે બંને તેમના પુત્રો છીએ તેથી તમે સુંદર ઉપદેશ કર્યો છે. **ખરેખર મહાન્ પુરુષો પોતાના સ્વજનના સંકટમાં કદી ઉદાસીનતા ધરાવતા નથી.** હે દેવો! અમારા બંનેના યુદ્ધનું કારણ સમજ્યા વિના જ તમે સરલભાવે કહી રહ્યા છો. જેમ યોગ્ય સ્થાનમાં રોપેલી વેલ ફળદાયક થાય તેમ કાર્યનું

ખરું રહસ્ય જાણ્યા બાદ જ તેના સંબંધી શિખામણ ખરેખર સાર્થક-સફળ થાય. પૂર્વે પિતાશ્રી ઋષભદેવે દીક્ષાસમયે મને, ભરતને અને અન્ય આશ્રિતજનોને, જેમ યાચકજનને સુવર્ણનું દાન કર્યું તેમ, દેશો વહેંચી આપ્યા હતા. અમે બધા પોતપોતાના દેશો મેળવીને સંતોષરૂપી અમૃતથી તુષ્ટ બન્યા છીએ. પિતાની જ હૈયાતિમાં વિવેકી પુરુષો અન્ય પાસેથી પિતાએ અર્પણ કરેલ રાજ્યને કેમ ગ્રહણ કરી શકે? વનોને બાળતો દાવાનળ જેમ કદી સંતોષ ન પામે તેમ છ ખંડ ભરતક્ષેત્રમાં સમગ્ર રાજ્યોને ગ્રહણ કરીને અસંતુષ્ટ બનેલ ભયંકર ભરત પોતાના લઘુબંધુઓના બધા રાજ્યોને ગળી ગયો છે. જેણે નાના ભાઈઓનાં રાજ્યો ગ્રહણ કર્યાં તેના વિષે શું કંઈ પણ ગુરુપણું વડીલપણું રહ્યું છે? અર્થાત્ જે વડીલ હોય તેને આમ કરવું ઘટે? વડીલ ભ્રાતાનું લોભી આચરણ જોઈને તેઓએ (૯૮ લઘુ બંધુઓએ) દીક્ષા ગ્રહણ કરી. જેમ ભ્રાંતિને લીધે પત્થરોને ચિંતામણિ રત્ન સદૃશ માનીને રક્ષાય તેમ વડીલ બંધુ પ્રત્યેના પૂજ્યભાવને અંગે જ અત્યાર સુધી મેં તેમને પૂજ્ય તરીકે માન્યા હતા. નાના ભાઈઓનું રાજ્ય હરી લઈને નિર્દય ભરત હવે મારા રાજ્યને ગ્રહણ કરવા ઈચ્છે છે તે ખરેખર ગર્જના કરતો મદોન્મત્ત હાથી જેમ સિંહને આહ્વાન કરે છે તેમ ભરત મને આમંત્રણ આપે છે. રાક્ષસની માફક તેને નિર્દય જોઈને મારા નાના ભાઈઓએ તેની સેવા સ્વીકારી નહીં. તો હે દેવો! યુદ્ધ કરવાને આતુર બનેલ તેને હું વશ કેવી રીતે થાઉં? જો તે પોતાના પરાક્રમથી મને સેવક બનાવી શકે તો ભલે તેમ કરે. **શ્રેષ્ઠ ક્ષત્રિયોને તો કીર્તિદાયક અથવા વિજયવંત માર્ગ જ ગ્રહણ કરવો ઉચિત છે.** વિચારીને જો તેઓ જેમ આવ્યા છે તેમ જતા હોય તો ભલે સુખપૂર્વક જાય. 'આ મારા ભાઈ છે' એમ વિચારીને હું તેમનું આ દુશ્ચેષ્ટિત સહન કરીશ. પારકાની સંપત્તિ હરણ કરવાની મારી લેશમાત્ર વાંછા નથી. 'મેં ભરતક્ષેત્રને જીતી લીધું છે' એમ અભિમાની બનીને જો તે સંગ્રામ કરવા માટે ઉત્સુક હોય તો, સમુદ્ર તરીને કાંઠે આવેલ નાવ જેમ પર્વતની સાથે અફળાઈને તૂટી જાય તેમ મારી સાથે યુદ્ધ કરીને ભલે તે છિન્નભિન્ન બને. જો તમને તેનું ભલું કરવાની જ ભાવના હોય તો તેને યુદ્ધ કરતાં નિવારો. હે દેવો! 'યુદ્ધ નહીં કરનારની સાથે મારે લડવું નહીં' એવી મારી પ્રતિજ્ઞા છે." આ પ્રમાણે બાહુબલિરૂપી મેઘ અમૃત સરખી વાણી બોલીને વિરામ પામ્યો એટલે દેવોએ વિસ્મયરૂપી વેલની વિકસિત માળા સરખી વિશાળ વાણીદ્વારા કહ્યું કે-"ચક્રના અપ્રવેશથી જ ભરત મહારાજાને યુદ્ધ કરતાં રોકવા અશક્ય છે, અને 'નહીં લડનારની સાથે હું યુદ્ધ કરતો નથી' એવી પ્રતિજ્ઞાવાળા તમને પણ કઈ રીતે અટકાવી શકાય? તમે બંને શ્રી ઋષભદેવના પુત્રો અને પ્રજાનું રક્ષણ કરનારા હોવા છતાં ત્રણ જગતના કમનસીબે આ મહાયુદ્ધરૂપી ઉપદ્રવ ઉત્પન્ન થયો છે. હે વીર! હવે અમે તમને એટલી વિજ્ઞપ્તિ કરીએ છીએ કે તમારે ઉત્તમ પ્રકારનાં યુદ્ધોથી લડવું, કારણ કે અધમ યુદ્ધમાં તો તમારા બંનેના સૈન્યનો સંહાર થશે. તમારા બંનેના દ્વંદ્વયુદ્ધ વિના આ સંગ્રામની શાંતિ સંભવતી નથી. દૃષ્ટિ, વાણી, ભુજા, મુષ્ટિ અને દંડ યુદ્ધદ્વારા તમારું સ્વમાન જળવાઈ રહેશે અને કોઈ પણ જીવની

હિંસા થશે નહીં.'' બાહુબલિએ દેવ-કથનનો સ્વીકાર કરવાથી તેઓ ત્યાંથી ચાલ્યા જઈને, તે બંનેના યુદ્ધના જય-પરાજયનો નિર્ણય કરવા માટે આકાશમાં અત્યંત દૂર તટસ્થ જનોની માફક ઊભા રહ્યા.

આ બાજુ પ્રતિહારીદ્વારા જણાએલ સ્વામીના આદેશને અનુસરીને બંને પક્ષની સેના યુદ્ધકાર્યથી અટકી ગઈ અને મિત્ર બનેલા સુભટ પુરુષો 'અમારાથી સ્વામીનું ઋણ કોડી માત્ર પણ અદા કરાયું નથી' એમ માનવા લાગ્યા.

## ભરત મહારાજાને તેમના સેવકવર્ગનું કથન–

યુદ્ધ-નિષેધ વિચારીને ચક્રવર્તીના ખંડિયા રાજાઓએ તેમને કહ્યું કે-''હે સ્વામિન્! મંત્રીના મિષથી શત્રુ સદૃશ કઈ વ્યક્તિની સૂચનાથી આજે આપે આ દ્વંદ્વયુદ્ધ કબૂલ કર્યું છે? જ્યારે સૈનિકો નાસી જાય અથવા તો હણાઈ જાય ત્યારે જ સ્વામીએ યુદ્ધ કરવું ઉચિત છે. **ખરેખર યુદ્ધની ગતિ વિચિત્ર હોય છે.** બાહુબલિ જેવો શત્રુ સામે ન હોત તો અમે આપના બળ વિષે લેશમાત્ર શંકા ન લાવત. રણસંગ્રામમાં બાહુબલિની ભુજાનું બળ સહન કરવાને ઇંદ્ર પણ શક્તિશાળી નથી. ક્રોધિત બનેલ મહર્ષિની માફક તેની પાસે ઊભા રહેવું તે પણ શક્ય નથી.'' આ પ્રમાણે રાજાઓનું કથન સાંભળીને ભરત મહારાજાએ તેઓને જણાવ્યું કે-''હે રાજેંદ્રો! જેમ મૂળ અને ઉત્તરગુણોની વિદ્યમાનતામાં અભિમાન આત્માને સ્પર્શી શકે નહીં તેમ યુદ્ધને વિષે તમો સર્વ આગળ રહ્યા હોવાથી મને કોઈ પણ પહોંચી શક્યું નથી અર્થાત્ અત્યારસુધીના દરેક યુદ્ધોમાં તમે સર્વ હાજર હોવાથી મારે યુદ્ધ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થયો જ નથી. કોઈપણ સ્થળે તમે મારું યુદ્ધકૌશલ્ય જોયું નથી તેથી જ તમને મારા બળ વિષે આશંકા જન્મી છે. **ખરેખર ભક્તિ આવી જ હોય છે.** હવે હે ભૂપાળો! તમે મારું ભુજાબળ તથાપ્રકારે જુઓ કે જેથી તમારી શંકા ભયની માફક નષ્ટ થઈ જાય.''

## ભરત મહારાજાએ દર્શાવેલ સ્વભુજાબળ–

આ પ્રમાણે કહીને ચક્રવર્તીએ એક ખાડો જલ્દી ખોદાવ્યો અને તેના કાંઠે બેસીને, જેમ વડલાને વડવાઈઓ વળગે તેમ પોતાના ડાબે હાથે લોઢાની સાંકળો બાંધીને તે સર્વ રાજાઓને ઉદ્દેશીને કહ્યું કે-''હે રાજાઓ! તમારા સમગ્ર બળ અને વાહનોદ્વારા મને ખેંચીને આ ખાડામાં પાડો. 'સ્વામીની અવજ્ઞા થશે.' એમ વિચારીને તમારે કપટ કરવું નહીં અર્થાત્ તમારે તમારા બળને ગોપવવું નહીં. મેં એક દુષ્ટ સ્વપ્ન જોયું હતું તે તમારા દ્વારા નિષ્ફળ કરાઓ કારણ કે- **''સ્વપ્નને પોતે જ સાર્થક કરનારનું સ્વપ્ન સ્વયમેવ નિષ્ફળ બને છે.''** આ પ્રમાણે ચક્રવર્તીના વારંવારના આદેશથી તેમના હાથને બાંધેલી સાંકળસમૂહને તેઓ સર્વેએ એકી સાથે પ્રયત્નપૂર્વક ખેંચી પરન્તુ ભરત મહારાજા પોતાના આસનથી અંશમાત્ર પણ ચલાયમાન થયા

નહીં. બાદ ચક્રીએ પોતાનો તે ડાબો હાથ ક્રીડાપૂર્વક છાતીપ્રદેશે લગાડ્યો એટલે પરસ્પર અથડાતા તે સર્વ બળહીન બનીને લટકી રહ્યા-પડી ગયા. તેવા પ્રકારનું ભરત મહારાજાનું બળ જોઈને રાજાઓ અત્યંત હર્ષ પામ્યા અને પોતાના હાથમાં રહેલ સાંકળોની શ્રેણી સાથે પોતાના અંતઃકરણમાં રહેલ શંકાને પણ દૂર કરી. બાદ ફરીથી ગજેંદ્ર પર આરૂઢ થઈને, જેમ વક્રગતિથી પાછો ફરેલ ગ્રહ માર્ગને પ્રાપ્ત કરીને પ્રથમની રાશિમાં આવે તેમ પૂર્વની રણભૂમિ પર આવી પહોંચ્યા, એટલે દેવોદ્વારા કરાએલ ગંધોદક અને પુષ્પવૃષ્ટિવાળી બંને સૈન્યની વચ્ચે રહેલ પૃથ્વી જાણે યુદ્ધલક્ષ્મીની વિલાસ-શય્યા હોય તેમ શોભવા લાગી. પરાક્રમથી ત્રણ લોકને હસી કાઢનાર ભરત ચક્રી અને બાહુબલિ ગજેંદ્ર પરથી નીચે ઊતરીને જાણે અંગધારી વીર અને રૌદ્ર રસો હોય તેવા તે બંને રણાંગણમાં ઊભા રહ્યા.

**દૃષ્ટિયુદ્ધ–**

પ્રથમ પરસ્પર દૃષ્ટિયુદ્ધનો સ્વીકાર કરીને તેઓ બંને અનિમેષ નેત્રે સન્મુખ ઊભા રહ્યા તે જાણે કે આત્મિક વિજય પ્રાપ્ત કરવાને માટે પરસ્પરના દેહમાં પ્રવેશ કરવાને ઇચ્છતા હોય તેમ જણાતું હતું. ક્રોધથી રક્ત બનેલ નેત્રોદ્વારા પરસ્પર એકબીજાના મુખને જોતાં તેમજ પ્રચંડ ને તીક્ષ્ણ બાણ સરખા નેત્રકાંતિરૂપી દંડદ્વારા પરસ્પર તાડન કરતાં એવા તે બંને ઊભા રહ્યા. બાદ પ્રભાતકાળના સૂર્ય સરખા અને ક્રોધથી રક્ત બનેલ બાહુબલિના મુખને જોઈને ભરતમહારાજાના બંને નેત્રો કુમુદની માફક મીંચાઈ ગયા. એટલે ભરતમહારાજાના અશ્રુજળદ્વારા સ્નાન કરવાથી ઉજ્જ્વળ બનેલ તથા નેત્રયુદ્ધદ્વારા પ્રગટેલ બાહુબલીની જયલક્ષ્મીને દેવોએ પુષ્પવૃષ્ટિદ્વારા જલ્દી સુવાસિત બનાવી અર્થાત્ નેત્રયુદ્ધમાં બાહુબલિનો વિજય થવાથી દેવોએ તેમના ઉપર પુષ્પવૃષ્ટિ કરી. બાદ 'ઘૃણાક્ષર* ન્યાયદ્વારા દૃષ્ટિયુદ્ધ મારાથી જીતાયું છે' એવો જો તમારા મનમાં સંદેહ હોય તો આપણે વાણીયુદ્ધદ્વારા લડવું જોઈએ' એ પ્રમાણે બોલીને બાહુબલી વાગ્યુદ્ધ માટે સન્મુખ આવીને ઊભા રહ્યા.

**વાગ્યુદ્ધ–**

'ભલે એમ થાઓ' એ પ્રમાણે બોલીને રુષ્ટ બનેલા ભરત ચક્રવર્તીએ નવીન મેઘના ગર્જારવ જેવો અનુક્રમે વિશાળ બનતો જતો એવો સિંહનાદ કર્યો. સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપી ગયેલા તે સિંહનાદથી ઐરાવણ હસ્તીનો મદ સુકાઈ ગયો તો શંકરના બળદ (પોઠીયા)નો રોષ ચાલ્યો ગયો તેમાં શું આશ્ચર્ય હોઈ શકે ? વળી તે સમયે ફેલાતા જતા સિંહનાદને અંગે કર્ણના હલન-ચલનના બહાનાથી હાથીઓનું, પૂંછડાને આમતેમ ઉછાળવાના મિષથી અશ્વોનું, છત્ર

* ઘુણ (લક્કડખોદ) નામના કીડાઓ થાય છે તે લાકડાને કોરે છે. તેના કોરવાથી લાકડાને વિષે વિગેરે અક્ષરનો દેખાવ નજરે પડે છે. કીડાઓનો ઉદ્દેશ અક્ષરો કોતરવાનો નહોતો છતાં સ્વાભાવિક રીતે જ તેનાથી તેમ થઈ જાય છે તેને ઘૃણાક્ષરન્યાય કહેવાય છે.

ફરફરાવવાના બહાનાથી મહારથોનું, તલ્વારના કંપના બહાનાથી મહાશૂરવીરોનું, કેશવાળીના હલન-ચલનના મિષથી સિંહનું અને પાંખને ફડફડાવવાના બહાનાથી ગરુડોનું સમગ્ર શરીર ધ્રૂજવા લાગ્યું અર્થાત્ તે સમયે સમસ્ત પ્રાણીગણ કંપવા લાગ્યો. પછી ચક્રવર્ત્તીના સિંહનાદથી પણ ચઢિયાતો સિંહનાદ બાહુબલિએ કર્યો તે જાણે કે કલ્પાંત કાળના મેઘસમૂહમાંથી પડેલ વીજળીના અતિઘોર નાદ જેવો જણાતો હતો. વળી પોતાની (સાગરની) મધ્યમાં રહેલ દ્વીપોના કિનારાથી દ્વીપ તથા સમુદ્રનાં કલ્લોલોને પાછા વાળતો, વાઘોથી મનોહર પર્વતની ગુફાઓને ચારે બાજુથી ભેદી નાખતો, પૃથ્વીના કંપાયમાન થવાથી ભયભીત થયેલ ભુવનપતિઓના નેત્રસમૂહને સંકુચિત કરતો (બંધ કરી દેતો), પ્રતિનાદથી ફુટી ગએલ આકાશના ક્ષોભને લીધે નક્ષત્રોના મસ્તકોને નમાવતો (નીચે પાડતો), 'રક્ષણ કરો રક્ષણ કરો' એ પ્રમાણે બોલતી દેવાંગનાઓને દેવોના છાતીપ્રદેશમાં પ્રવેશ કરાવતો તે નાદ નીચે અને ઊંચે લોકનાલિકા (ચૌદ રાજલોક) પર્યન્ત પ્રસરી ગયો. બાદ બંને સેનાઓમાં રહેલ સૈનિકોને પૃથ્વી પર મૂર્ચ્છા પમાડતો, અને જાણે બાહુબલિના સિંહનાદની ઈર્ષ્યાને લીધે જ હોય તેવો મહા સિંહનાદ ભરત મહારાજાએ ફરીથી કર્યો. આ પ્રમાણે અસુરોને પણ પોતપોતાના કર્ણવિવરમાં હસ્ત નખાવતાં અને પરસ્પર હરિફાઈને ધારણ કરતાં ભરત તેમજ બાહુબલિ વારંવાર સિંહનાદ કરવા લાગ્યા, પરંતુ દુર્જનની મૈત્રીની માફક ભરત ચક્રવર્ત્તીનો સિંહનાદ અનુક્રમે ક્ષીણ થઈ ગયો અને બળના સાગર બાહુબલિનો સિંહનાદ સત્પુરુષની મૈત્રીની જેમ અત્યંત વૃદ્ધિ પામવા લાગ્યો એટલે શાસ્ત્ર સંબંધી વાદ-વિવાદમાં અત્યંત વિજ્ઞ અને જયશીલ વાદીની સમીપે જેમ પ્રતિવાદી જય પ્રાપ્ત કરી શકે નહીં તેમ જયવંત અને વાદીરૂપ બાહુબલિને પ્રતિવાદીરૂપ ભરત મહારાજા જીતી શક્યા નહીં.

**ભુજાયુદ્ધ—**

બાદ ભુજાયુદ્ધ કરવાની ઈચ્છાથી કટિપ્રદેશ ઉપર વસ્ત્ર બાંધીને તે બંને ઊભા રહ્યા. તે જાણે કે મેઘયુક્ત મેખલાવાળા ધાતકી ખંડના બે મેરુપર્વતો હોય તેમ જણાતા હતા. તે સમયે તેમના ભુજાના આસ્ફાલનદ્વારા પ્રગટેલ ધ્વનિથી સમસ્ત આકાશ ફુટી ગયું-ચીરાઈ ગયું તેથી વિજળીના બહાનાથી સમગ્ર આકાશપથમાં સ્પષ્ટ તેજોરેખા જોવાઈ રહી. તેઓ બંનેના પરસ્પરના મહાપ્રહારોને જોઈને સંગ્રામ જોવાને આવેલ ઈંદ્રના વજ્રનો, પર્વતોને ચૂરેચૂરા કરી નાખવાથી પ્રગટેલ ગર્વ પણ ગળી ગયો. તે બંને મલ્લો વારંવાર ક્ષણમાં ભેગા થતા અને ક્ષણમાં વિખૂટા પડતા હતા તે જાણે કે સંગમસમયે પતિપત્નીના ચળ-વિચળ નેત્રકટાક્ષ જેવા જણાતા હતા. પૂર્વ જન્મમાં અપૂર્ણ પુણ્ય કરનારની માફક જયશ્રીને વરવાની ઈચ્છાવાળા તેઓ બંને ક્ષણમાં ઊંચે ઉછળતા હતા. અને ક્ષણમાં નીચે પડી જતા હતા (અપૂર્ણ પુણ્યશાળીને ભાગ્યયોગે એક વાર ધનપ્રાપ્તિ થઈ જાય પરન્તુ પાછળથી દ્રવ્ય ચાલ્યું જાય તેમ તેઓ બંનેને ઘડીકમાં

વિજય પ્રાપ્ત થતો પરન્તુ તે વિજય સ્થાયી નહોતો નીવડતો.) બાદ અત્યંત ક્રોધાન્વિત બનીને અત્યંત વેગપૂર્વક મહાપરાક્રમી તેઓ બંને પ્રથમ જેમ પ્રીતિ યુક્ત બનીને પરસ્પર મળતા હતા-ભેટતા હતા તેમ એકબીજાના અંગે પીડા ઉપજાવતા ભેટવા લાગ્યા. વળી ઉદયમાં રજોગુણ અને તમોગુણને અનુભવતાં છતાં સત્ત્વગુણશાલી અને મોક્ષને નહીં પ્રાપ્ત કરેલ ભવિ જીવની માફક વિચિત્ર દેહસ્થિતિવાળા તેઓ કદાચિત ઊંચે અને કદાચિત નીચે પડતા હતા. આશ્ચર્યકારક અંગબળને અંગે પરસ્પરના હસ્તબંધનને દૂર કરીને તેમજ દેહસંબંધને પણ ત્યજી દઈને એકબીજાથી છૂટા પડેલા તથા જનસમૂહથી વખણાતા તેઓ ઊભા રહ્યા. પૃથ્વી પર આળોટવાથી ધૂળથી વ્યાપ્ત બની જવાથી ઉગ્ર બાહુબળવાળા તે બંને જાણે હૃદયમાં વ્યાપીને બહાર નીકળેલ પરસ્પરને હણવારૂપ ક્રોધાગ્નિથી વ્યાપ્ત બની ગયા હોય તેમ શોભતા હતા. 'તમે બંને મારા પાલક-રક્ષણ કરનાર છો તો હમણાં મને કેમ પીડી રહ્યા છો?' એમ કહેતી હોય તેમ પૃથ્વી તેઓ બંનેના ઉગ્ર ચરણપ્રહારના અવાજના બહાનાથી અત્યંત ગર્જના કરવા લાગી. છેવટે ક્રોધથી આકુળ બની ગએલા બાહુબલિએ પાસે ઊભેલા ભરત મહારાજાને હસ્તીની માફક પોતાના બળવાન બાહુથી ગ્રહણ કરીને દડાની માફક આકાશમાં ઉછાળ્યા. પૂર્વજન્મમાં કરેલ મુનિજનોની વૈયાવચ્ચને અંગે બાહુબલિનું બળ અજોડ હતું કે જેથી ચક્રવર્ત્તી જેવા પરાક્રમીને પણ એક હાથવડે ઉછાળીને લીલા માત્રમાં આકાશમાં અસ્ત (અદૃશ્ય) કરી દીધા-આકાશમાં અત્યંત દૂર ઉછાળ્યા. 'કોઈ પણ વ્યક્તિવડે ચક્રવર્ત્તી આકાશમાં ઉછાળાય તેવું ભૂતકાળમાં બન્યું નથી અને ભવિષ્યકાળમાં બનશે નહીં.' એ પ્રમાણે બોલતા દેવોવડે આકાશમાં ઉછળતા ભરત મહારાજાને જોઈને દિગ્મૂઢ બની જવાયું. 'હંમેશાં શ્રી ઋષભદેવ પરમાત્માની ચરણભક્તિદ્વારા પ્રગટેલા અગણિત પુણ્યરાશિવડે આકાશમાં ઉછળતા ભરત ચક્રી શું સ્વદેહે સ્વર્ગમાં સંચરે છે?' એમ આશ્ચર્ય પામેલા દેવોએ તર્કવિતર્ક કર્યો. વળી 'આકાશમાંથી પૃથ્વીપીઠ પર પડેલા છ ખંડના સ્વામી ભરત મહારાજા જરૂર ખંડ-ખંડરૂપ થઈ જશે' એવી વિચારણાથી બંને પક્ષની સેનામાં 'હા હા' એવો મહાઘોષ પ્રકટી નીકળ્યો, તેવામાં 'મારા બળને ધિક્કાર હો! સાહસિક એવા મને પણ ધિક્કાર હો! બંને રાજ્યોને વિષે રહેલા અમાત્યોને પણ ધિક્કાર હો! કે જેમણે આ યુદ્ધને અટકાવ્યું નહીં. પરંતુ હમણાં તેઓનો દોષ કાઢવાથી શું? હાલમાં તો જેવામાં ભરત પૃથ્વી પર પડીને છિન્નભિન્ન ન થઈ જાય તેવામાં હું પડતા ભરતને ઝીલી લઉં' એમ વિચારીને વ્યાકુળ ચિત્તવાળા બાહુબલિ તેની નીચે બંને હાથ ધરીને (પહોળા કરીને) ઊભા રહ્યા. આકાશપથમાંથી નીચે પડતા ભરતને શીઘ્ર પકડી લેવાને માટે તે સમયે પોતાના મસ્તકપ્રદેશ પર પહોળા કરેલા બંને હસ્તના બહાનાથી બાહુબલિનું ભાઈ ભરત પ્રત્યેનું વાત્સલ્ય ખરેખર વિકસ્વર બની ગયું હોય તેમ જણાતું હતું. 'મારો પશ્ચાતાપ બળવાન છે કે સૂર્યનો તાપ?' એવી પરીક્ષા કરવાને માટે જ જાણે હોય તેમ ઊંચા મુખવાળા અને સ્થિર નેત્રવાળા બાહુબલિ ચરણના અગ્રભાગ પર (ફણા ઉપર) ઊભા રહ્યા. બાદ દેવગતિમાંથી

આવતા જીવને જેમ સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યગ્દર્શનદ્વારા અધોગતિગામી ન બનવા દે તેમ બાહુબલિએ પોતાના બંને હસ્તદ્વારા આકાશમાંથી વેગપૂર્વક પડતા ભરતને ઝીલી લીધા, એટલે સૂર્યના અસ્ત પામવાથી પ્રગટેલ અંધકાર જેમ તે જ સૂર્યના ઉદયથી દૂર થઈ જાય તેમ ભરતને ઉછાળવાથી બંને સૈન્યમાં જે શોક પ્રગટ્યો હતો તે તેમના રક્ષણથી નાશ પામ્યો. બાદ 'આ ન્યાયી છે, આ વિનયી છે, આ મહાબલિષ્ઠ છે અને આ અત્યંત દયાળુ છે' એ પ્રમાણે સ્તુતિ કરતાં અને હર્ષ પામતાં દેવોએ બાહુબલિ પર પુષ્પવૃષ્ટિ કરી.

**મુષ્ટિયુદ્ધ—**

બાદ 'મુષ્ટિપ્રહારદ્વારા આ પરાજયનો હું અંત લાવીશ અર્થાત્ વિજયી થઈશ' એવો વિચાર કરીને શરમ તથા વિલખાપણાથી ક્રોધી બનેલ ચક્રવર્ત્તીએ બાહુબલિની છાતીમાં મુષ્ટિનો પ્રહાર કર્યો પરન્તુ તે નિષ્ફળ નીવડ્યો. શું હાથીઓના દંતુશૂળના પ્રહારથી મેરુપર્વત કંપાયમાન થાય ખરો? બાદ બાહુબલિએ ભરતની છાતીમાં જોરથી મુષ્ટિપ્રહાર કર્યો એટલે હસ્તીથી હણાયેલ વૃક્ષની જેમ તેઓ તરત જ મૂર્ચ્છા ખાઈને પૃથ્વી પર પડી ગયા.

**દંડયુદ્ધ—**

મૂર્ચ્છા શાંત થયા બાદ ભરતમહારાજાએ બાહુબલિના મસ્તકપ્રદેશ પર દંડનો પ્રહાર કર્યો, એટલે તેઓ જાનુ સુધી પૃથ્વીમાં ખૂંચી ગયા તે જાણે કે અર્ધ અસ્ત પામેલ સૂર્ય હોય તેમ જણાતા હતા. વળી તે પ્રહારથી મીંચાઈ ગયેલ નેત્રવાળા બાહુબલિ જડ બની ગયા તે જાણે કે સંધ્યાકાળે સૂર્યના અસ્ત થવાથી બીડાઈ ગયેલ કમળવાળા સરોવર જેવા જણાતા હતા. પછી તરત જ પૃથ્વીમાંથી કૂદીને, બહાર આવીને બાહુબલીએ, જેમ મેઘ પોતાની વીજળીદ્વારા પર્વતને તાડન કરે તેમ ભરતમહારાજાના મસ્તક પર દંડદ્વારા પ્રહાર કર્યો એટલે તેઓ કંઠ સુધી પૃથ્વીમાં ઊંડા ઊતરી ગયા. તે સમયે 'અમોને ત્રાસ પમાડવા માટે જ ભરતમહારાજાએ શું પાતાળમાં પ્રવેશ કર્યો છે?' એવી ભીંતિથી ભુવનપતિ દેવો વિચારમાં પડી ગયા. સમુદ્રમાં ડૂબતો પ્રાણી વહાણના પાટિયાને ગ્રહણ કરે તેમ મૂર્ચ્છા દૂર થયા બાદ ચૈતન્ય પ્રાપ્ત કરીને ચક્રવર્ત્તી ભરત, જેમ યોગી પુરુષ સાંસારિક સંબંધથી વિમુખ થઈ જાય તેમ પૃથ્વીમાંથી જલ્દી બહાર આવ્યા અને 'બધા યુદ્ધોમાં બાહુબલિએ મને જીતી લીધો છે તો હું શું ચક્રવર્ત્તી નથી?' એવી આશંકા કરતા તેમના હસ્તમાં યક્ષોએ પોતાના તેજસમૂહથી સૂર્યને પણ હસી કાઢતું એવું ચક્રરત્ન મૂક્યું. તેના પ્રત્યય(આવી મળવાથી) હૃદયમાં પોતાને જ ચક્રી માનતા તેમજ પ્રકાશિત કિરણસમૂહવાળા તે ચક્રને આકાશમાં ફેરવતા મહારાજા ભરત, સૂર્યબિંબને ફેરવતા અજેય યમરાજ જેવા શોભવા લાગ્યા. પછી પ્રકાશમાન સૂર્ય સરખા ચક્રના કિરણોદ્વારા પરાજયરૂપી પ્રચંડ અંધકારસમૂહને દૂર કરતાં ચક્રવર્ત્તીએ બાહુબલિ પ્રત્યે કહ્યું કે-''સંસ્થાન વિશેષને કારણે કોઈના દેહમાં ઉત્કૃષ્ટ બળ હોય તો હે બાહુબલિ! શું તારા આટલા બળથી તું મદોન્મત્ત થઈ

ગયો છો? આટલા માત્રથી શું તું વિજયી બની ગયો? જો કે પશુઓને વિષે હસ્તી બળવાન છે તો પણ તેનાથી બળવાન સિંહ છે, તેમજ તેનાથી પણ બળવાન અષ્ટાપદ છે—એ પ્રમાણે મનુષ્યોને વિષે પણ એક કરતાં એક ચઢિયાતા પરાક્રમી પુરુષો હોય પરન્તુ તે સર્વથી શું ચક્રવર્ત્તી સેવનીય નથી? હજુ પણ કંઈ બગડી ગયું નથી. આ મારા ચક્રદ્વારા તું વિનાશને વહોરી લે નહીં. હજું પણ તું મારી આજ્ઞા સ્વીકાર-સ્વીકાર. મને શા માટે ભ્રાતૃવધનું કલંક આપે છે?"

**ચક્ર—પ્રહાર કરવાને તૈયાર થયેલ ભરત પ્રત્યે બાહુબલિનું કથન—**

આ પ્રમાણે ગર્જના કરતાં અને મદોન્મત્ત બનેલા ભરત ચક્રવર્ત્તીને બાહુબલિએ કહ્યું કે- "હાથમાં રહેલા લોઢાના ટુકડાથી તું શું બાહુબલિના બળનો તિરસ્કાર કરે છે? બધા યુદ્ધોમાં તું પરાજિત થવાથી તારું અભિમાન નષ્ટ થયું છે. જો તારા ચક્રનું તને કંઈ પણ અભિમાન હોય તો કહે એટલે ગળીના પાંદડાની માફક મારા બળવાન દંડથી તેના ચૂરેચૂરા કરી નાખું. જેમ પવનવડે આકડાનું રૂ આકાશમાં ભમાડાય તેમ તારા ચક્રને આકાશમાં ઊડાડી નાખું? અથવા લોઢાના ઘણવડે એરણ પર રહેલ વજ્રની માફક તેને પાતાળમાં પ્રવેશ કરાવી દઉં? અથવા તો તેના ટૂકડે ટૂકડા કરી નાખીને તેના હજાર આરાઓને ભાંગી નાખું? અથવા તો તેના રાઈ-રાઈ જેટલા કણ કરીને તેના અધિષ્ઠાયક દેવોને વિલખા બનાવી દઉં? આ ચક્રવડે તેં અન્ય રાજાઓને વશ કર્યા તેમ શું મને પણ બીવરાવવા માગે છે? તેં તારું બળ જોઈ તો લીધું, હવે તારા ચક્રના બળની પણ પરીક્ષા કરી લે." આ પ્રમાણે બાહુબલિએ ચક્રની નિર્ભર્ત્સના કરવાથી રોષને અંગે ભાલપ્રદેશમાં ભયંકર ભૃકુટી ચઢાવતા ભરત મહારાજાએ બાહુબલિના વધાર્થે અનુલક્ષીને ચક્રને સમગ્ર બળપૂર્વક છોડ્યું એટલે ઇંદ્ર જેમ ઋષભપરમાત્માને અને સૂર્ય મેરુપર્વતને પ્રદક્ષિણા આપીને નજીકમાં રહે તેમ ચક્રે પણ બાહુબલિને પ્રદક્ષિણા આપી. સામાન્ય એવા સ્વગોત્રીય પ્રાણી પ્રત્યે ચક્રવર્ત્તીનું ચક્ર ચાલતું નથી તો પછી ચરમશરીરી બાહુબલિનું અહિત કરવાને તે ક્યાંથી શક્તિમાન થાય? એટલે જ જેમ પુણ્યવંતને સ્વામીત્વ પ્રાપ્ત થાય, જિતેંદ્રિય પ્રાણીને મુક્તિ પ્રાપ્ત થાય અને ક્ષમાશીલને મહાસુખ પ્રાપ્ત થાય તેમ ચક્ર ફરીથી ચક્રવર્ત્તી મહારાજા ભરત પાસે આવી ગયું. "મૃગોથી સિંહ, સિંહોથી અષ્ટાપદ, દેવોથી દેવેંદ્ર, અંધકારથી સૂર્ય અને રાજાઓથી ચક્રવર્ત્તી જીતાય તેવું કદી સાંભળ્યું નથી તેમ જોયું પણ નથી. આ ભરતક્ષેત્રમાં એક સમયે બે તીર્થંકરો, બે ચક્રવર્ત્તીઓ કે વાસુદેવો કદાપિ થતા નથી. શું બે સૂર્યો એક કાળે એકત્ર થઈને કદાપિ અંધકારસમૂહને દૂર કરે છે? અર્થાત્ જેમ કદાપિ બે સૂર્ય સાથે હોઈ શકતા નથી તેમ બે ચક્રવર્ત્તીઓ પણ સંભવી શકતા નથી. શું બાહુબલિ ચક્રવર્ત્તી છે? શું તેના જ ઉપભોગને માટે મહારાજા ભરતે ભરતક્ષેત્રને જીતી લીધું છે? પિતાથી ઉપાર્જન કરાયેલ લક્ષ્મીનો ભોક્તા અગણિત પુણ્યશાળી એવો પુત્ર શું નથી થતો?

ભરતભૂમિને જીતનાર ભરત ચક્રી યુદ્ધમાં બાહુબલિથી જીતાય તો શું તે ચક્રવર્ત્તી છે? અને કદાચ જો તેમ હોય તો બાહુબલિનો ત્યાગ કરીને ચક્ર પાછું ભરત પાસે કેમ આવ્યું? ખરેખર આ અકલ્પ્ય ઘટના તેઓના પિતા શ્રી ઋષભદેવ જ જાણી શકે." આ પ્રમાણે દેવસમૂહ તર્કવિતર્ક કરી રહ્યો હતો તેટલામાં બાહુબલિએ ભરતને કહ્યું કે-"હે ચક્રી! તું ત્રણ ભુવનના સ્વામી શ્રી ઋષભદેવનો પુત્ર છો અને જગતને આશ્ચર્ય ઉપજાવનાર ક્ષત્રિયવ્રતધારી છો છતાં પણ હું દંડયુદ્ધ કરી રહ્યો છું ત્યારે તું પોતાના સર્વ બળથી મારા પ્રત્યે ચક્ર ફેંકે છે! લાખો દેવોની સમક્ષ ઉત્તમ પ્રકારના યુદ્ધની પ્રતિજ્ઞા કરીને પણ આ ચક્રરત્નને આજે મારા પ્રત્યે છોડીને તેં સ્વજનવર્ગના મુખને મલિન બનાવ્યા છે. પૃથ્વીપીઠને ઉજ્જ્વળ બનાવતા તારા યશરૂપી ચંદ્રને વિષે નીતિમય યુદ્ધની પ્રતિજ્ઞાનો ભંગ કરવાથી હંમેશને માટે કલંક લાગ્યું છે. હે ચક્રવર્ત્તી ભરત! મારું રક્ષણ કરવામાં ચતુર તારા એકેંદ્રિય ચક્રરત્નને જે વિવેક પ્રગટ્યો તે મને હણવાની બુદ્ધિવાળા અને અતિશય લોભથી ક્રોધિત બનેલા તને સૂઝ્યો નહીં. મારા જેવા ભાઈ ઉપર ચક્ર મૂકવાથી તેં જે પાપ ઉપાર્જન કર્યું છે તે પાપને દૂર કરવાને માટે મુષ્ટિપ્રહારદ્વારા ચક્રયુક્ત તારો હમણાં જ ચૂરો કરી નાખું છું." એ પ્રમાણે બોલીને હસ્તી જેમ સુંઢને ઉપાડે તેમ પોતાની મુઠી ઊંચી કરીને, ભરતની પડખે જઈને, જાણે ભરતના પુણ્યને લીધે જ હોય તેમ સ્થિર (શાંત) સાગરની જેવા બાહુબલિએ હૃદયમાં વિચાર્યું કે-

**બાહુબલિની દીક્ષા—**

"રાજ્યના લોભથી ભરતની માફક ભાઈના વધને ચિંતવતા-ઇચ્છતા મને ખરેખર ધિક્કાર હો! તેવા રાજ્યની મને અંશમાત્ર ઇચ્છા નથી; કે જેની ખાતર આવું અકાર્ય કરવું પડે. લોભ અને કોપને વશીભૂત બનેલા ભરતને જીતવા માત્રથી મને કયો હર્ષ અને અભિમાન પ્રાપ્ત થવાનાં હતાં. તે બંને(લોભ અને કોપ)થી ભરત જીતાએલ છે અને જો હું પણ તે બંને દ્વારા જીતાઉં તો પછી તે ભરત કરતાં મારામાં વિશેષતા શી? તો હવે મારે રાજ્યને વિષે લોભ અને ભરત પ્રત્યે કોપનો ત્યાગ કરીને પિતાજીના પંથે સંચરવું જોઈએ-દીક્ષા ગ્રહણ કરવી જોઈએ. જો રાજ્યલક્ષ્મી સંપૂર્ણ સુખદાયક હોત તો પિતાજી શા માટે તેનો ત્યાગ કરત? તો હવે મારે હમણાં જ નારકદાયી રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરવો જોઈએ અને મોક્ષલક્ષ્મીને આપનારી પ્રવ્રજ્યા ગ્રહણ કરવી જોઈએ." આ પ્રમાણે અંતઃકરણમાં સુંદર ચિંતવન કરીને તેણે ભરત મહારાજાને કહ્યું કે-"હે ચક્રી! જે રાજ્યતૃષ્ણાએ બંને ભાઈઓમાં આવો વિરોધ પ્રકટાવ્યો તેનો મેં ત્યાગ કર્યો છે. તે તૃષ્ણાની ખાતર હું ભાઈનો વધ નહીં કરું. હું હવે પિતાએ સ્વીકારેલ પ્રવ્રજ્યા ગ્રહણ કરીશ. અજ્ઞાનને અંગે અભિમાની બનેલા મેં રાજ્યને માટે જ વડીલબંધુ એવા તમને અત્યંત સંતાપ ઉપજાવ્યો છે, તો હે મહાત્મન્! મને માફ કરો." આ પ્રમાણે બોલીને હૃદયપ્રદેશમાંથી ક્રોધાદિ કલેશોને નષ્ટ કરતો હોય તેમ ક્રોધને અંગે પ્રથમ ઊંચી

કરેલ મુષ્ટિવડે મસ્તકપ્રદેશના કેશોને તેણે મૂળમાંથી ખેંચી કાઢ્યા અર્થાત્ કેશલુંચન કર્યું, એટલે 'બળથી મોટા ભાઈને જીતીને હવે બાહુબલિએ બંને ભાઈઓની વચ્ચે ભેદ પડાવનાર મોહને પણ જીતી લીધો.' આ પ્રમાણે સ્તુતિ કરતાં દેવોએ તેમની ઉપર પુષ્પવૃષ્ટિ કરી.

આ પ્રમાણે સ્વયં દીક્ષા ગ્રહણ કરેલ મહાત્મા અને વિચક્ષણ બાહુબલિ મનમાં વિચાર કરવા લાગ્યા કે-"શું હું પિતાજીની સમીપે જાઉં? ના, ના, જ્યાં સુધી મને કેવળજ્ઞાન પ્રાપ્ત નહીં થાય ત્યાં સુધી તો હું નહીં જાઉં. ત્યાં જઈને પ્રથમ દીક્ષા લીધેલા અને જ્ઞાની બનેલા મારા નાના ભાઈઓને હું શું પ્રણામ કરું?" એમ મનમાં નિર્ણય કરીને બાહુબલિ તે જ સ્થળે કાયોત્સર્ગ ધ્યાનમાં ઊભા રહ્યા. બાહુબલિને આ પ્રમાણે દીક્ષિત બનેલા જોઈને તથા પોતાનું તથાપ્રકારનું દુષ્કર્મ વિચારીને જાણે ભૂમિમાં પ્રવેશ કરવાને ઇચ્છતા હોય તેમ શરમ તેમજ વિલખાપણાને અંગે ભરત મહારાજા અધોમુખવાળા બન્યા. બાદ જાનુ પર્યન્ત લંબાવેલ હસ્તવાળા અને કાઉસગ્ગ ધ્યાને રહેલ પોતાના બંધુ બાહુબલિના યુદ્ધરજથી ખરડાયેલ બંને ચરણોને પોતાના કંઈક ઉષ્ણ નેત્રજળ(અશ્રુ)થી પખાલતાં મહારાજા ભરતે તેમને પ્રણામ કર્યો. આ પ્રમાણે બાહુબલિને નમસ્કાર કરીને અત્યન્ત ખેદયુક્ત બનેલા ચક્રવર્ત્તીએ પોતાના પ્રસરેલ અપવાદરૂપી અંધકારસમૂહને નષ્ટ કરવામાં સૂર્ય-કિરણ સરખી આત્મનિંદા શરૂ કરી.

**ચક્રવર્ત્તીએ કરેલ આત્મનિંદાગર્ભિત બાહુબલિની સ્તુતિ-**

"હે વિચક્ષણ બાહુબલિ! આ જગતમાં જેઓ બળવાન અને દયાળુ છે તે સર્વમાં તું શિરોમણિ છે. મને જીતીને અને વધ્યસ્થિતિ (અંતસ્થિતિ)એ પહોંચાડીને મારી પ્રત્યેની પ્રસન્નતાથી તેં રાજ્યનો ત્યાગ કર્યો છે. નિર્લજ્જ, અભિમાની અને પાપીષ્ઠ એવા મેં જે રાજ્યને માટે ક્રોધપૂર્વક તને કષ્ટ આપ્યું તે રાજ્યનો, હે સત્યવાદીઓમાં શિરોમણિ! તમે મારા પ્રત્યે દયા લાવીને જ ત્યાગ કર્યો. ક્રોધ તથા માનાદિ કષાયોરૂપી વાયુદ્વારા જેઓનો આત્મશક્તિરૂપી જ્ઞાન-દીપક બુઝાઈ ગયો છે તેઓના દૃષ્ટાન્ત આપતી વખતે કેવળીભગવંતો મારું નામ સૌ પ્રથમ રજૂ કરશે-જણાવશે અર્થાત્ અજ્ઞાનીઓમાં હું શિરોમણિ છું. પિતાનો તું જ ખરો પુત્ર છે કે તેમના માર્ગને તેં બરાબર સ્વીકાર્યો છે. તારાથી જીતાયેલ અને પિતાના માર્ગે નહીં ચાલનાર હું બળ અને સત્ત્વ ઉભયથી હીન છું." આ પ્રમાણે પોતાની નિંદારૂપી જળસમૂહથી પોતાના દોષરૂપી કાદવને ધોઈ નાખીને-સાફ કરીને ભરત મહારાજાએ બાહુબલિના પુત્ર **સોમયશા** (ચંદ્રયશા)ને તેમના રાજ્ય પર સ્થાપન કર્યો. ત્યારથી જગતમાં હજારો શાખા-પ્રશાખારૂપે ચંદ્રવંશ વિસ્તર્યો.

બાદ બાહુબલિને નમસ્કાર કરીને ચક્રવર્ત્તી ભરત પરિવાર સાથે અયોધ્યા નગરીમાં ગયા. બાદ 'મારા માટે આ સંસાર-સાગર જાનુપર્યન્તનો રહ્યો છે' એમ સૂચવવા માટે જ હોય તેમ જાણે જાનુપર્યંત ભુજા લંબાવેલા બાહુબલિ મુનિ કાઉસ્સગ્ગધ્યાનમાં રહ્યા. નાસિકાના

અગ્રભાગ પર નેત્રને (દષ્ટિને) સ્થિર કરનાર, નિશ્ચળ, ધ્યાનમગ્ન અને અધિક શ્વાસોચ્છ્વાસ રહિત બાહુબલિ મુનિ સુવર્ણ પ્રતિમાની માફક શોભવા લાગ્યા. દુષ્કર્મરૂપી ગાઢ અરણ્યને અત્યંત નિર્મળ ધ્યાનાગ્નિવડે બાળતા બાહુબલિ દાવાનળની જ્વાળા જેવા વિષમ ગ્રીષ્મઋતુના સૂર્યકિરણો સહન કરવા લાગ્યા. અત્યંત પ્રસ્વેદબિંદુને પ્રગટાવનારા ગ્રીષ્મ ઋતુના પવનસમૂહથી ઊડાડેલી અને શરીરના બહારના પ્રદેશમાં ચોંટીને પંકરૂપે બનેલ ધૂળે યતિશ્રેષ્ઠના અંતઃકરણને પંક(કર્મ) રહિત બનાવ્યું. વૃક્ષસમૂહને ધ્રુજાવતા પ્રચંડ ઝંઝાવાતવાળી વર્ષાઋતુની મેઘવૃષ્ટિદ્વારા તે બાહુબલિનો દેહ કાયોત્સર્ગથી અને અંતર્ધ્યાનથી લેશમાત્ર ચલિત થયો નહિં. વળી તેમના ચરણ નીચે વહતાં મેઘજળદ્વારા પ્રગટેલ સેવાળના બહાનાથી તેમના ચરણયુગલમાં કૃષ્ણ અને નીલ લેશ્યા, જાણે તેમના અંતઃકરણમાંથી દૂર કરાયેલ અને ફરીથી તેમાં (અંતઃકરણમાં) જ પ્રવેશ કરવાને અસમર્થ બનેલ હોય તેમ ચોંટી રહી હોય તેમ જણાતું હતું. કાયોત્સર્ગમાં સ્થિર દેહવાળા બાહુબલિ મુનિ 'અમારા હિમાચળ પર્વતની સ્થિરતાની હરિફાઈ કરે છે' એમ વિચારીને જ હોય તેમ અતિ શીતળ હિમકણોદ્વારા આક્રમણ કરાયેલ બાહુબલિ મુનિ, અંતઃકરણમાં ધ્યાનરૂપી અગ્નિના પ્રકાશવાથી હેમંતઋતુમાં પણ અંશ માત્ર ચળાયમાન થયા નહીં. હેમંતઋતુની રાત્રિયોને વિષે વિશાળ હિમવૃષ્ટિદ્વારા પણ બાહુબલિ મુનિનું ઉજ્જ્વળ ધ્યાન, હિમને લીધે અધિકાધિક વિશેષ પુષ્ટ બનતાં યવના ક્ષેત્રની માફક શોભતું હતું. વિશાળ વૃક્ષના થડ જેવા તે ઋષિવર્યના દેહ પર જંગલી પાડાઓ શીંગડાઓવડે સ્કંધપ્રદેશ પર ઘર્ષણ કરતા હતા અને હસ્તીઓ પર્વતના શિખરની જેમ તેમને દંતુશૂળના પ્રહારો કરતા હતા છતાં પણ તેઓ લેશ માત્ર કંપ અનુભવતા નહોતા. ત્યાગ કરવા છતાં આલિંગન આપવાને માટે ઉત્સુક પૃથ્વીવડે વર્ષાઋતુમાં પોતાની (પૃથ્વીની) ભુજા સરખી પુષ્કળ વેલોદ્વારા, જેમ વૃક્ષ વીંટળાઈ વળે તેમ વીંટળાઈ ગયા અર્થાત્ બાહુબલિના દેહની આસપાસ ચારેબાજુ વેલાઓ વીંટળાઈ વળ્યા. આ પ્રમાણે વેલોદ્વારા ચારે બાજુથી વ્યાપ્ત બનેલા રાજર્ષિ બાહુબલિ, જાણે મુક્તિરૂપી સ્ત્રીના નીલકમળની કાંતિ સરખા નેત્રકટાક્ષથી વ્યાપ્ત બની ગયા હોય તેમ શોભતા હતા. વળી તેમના વર્ષાઋતુના કાદવથી લીપ્ત બનેલા બંને ચરણોને વિષે, પ્રકાશતા ઉત્તમ નખરૂપી પદ્મરાગમણિ પ્રત્યેના પ્રેમને લીધે નમસ્કાર કરતાં ઇંદ્રોના મુગટને વિષે રહેલ ઇંદ્રનીલ મણિના જાણે અંકુરા હોય તેવા ગાઢ, તીક્ષ્ણ અને પ્રગટી નીકળેલ દર્ભ(તૃણ)ના અંકુરાઓ શોભવા લાગ્યા. (પદ્મરાગમણિ રક્તવર્ણા હોય છે અને ઇંદ્રનીલમણિ લીલા હોય છે. નખનો વર્ણ રક્ત અને દર્ભ(તૃણ)નો વર્ણ લીલો-એ પ્રમાણે કવિએ સુંદર કલ્પના કરી છે.) આવા અત્યંત ઐશ્વર્યશાળી બાહુબલિ મુનિવર્યના પવિત્રપણાનું હું (કવિ) આરાધન કરું છું કે જેમના ચરણયુગલની સેવા માત્રથી દર્ભે અલૌકિક પૂજનિકપણું પ્રાપ્ત કર્યું. તેની પવિત્રતાના અમો કેટલા વખાણ કરીએ કે જેને લઈને જગતના વ્યવહારમાં તેમજ તીર્થંકર પરમાત્માના સ્નાનાભિષેક સમયે અને પ્રતિષ્ઠાઓને વિષે અત્યંત પવિત્ર દર્ભ ઉપયોગમાં આવે

છે. પક્ષીઓદ્વારા માળા નખાયેલ અને વેલસમૂહથી વીંટળાયેલ બાહુબલિ મુનિના દેહને વિષે જન્મવૈરી પક્ષીગણના પરસ્પરના અવિરોધભાવથી (શત્રુભાવ ધરાવતા પક્ષીઓ પણ સ્નેહપૂર્વક રહેતા હોવાથી) વિશાળ પર્ણસમૂહ વિસ્તાર પામી ગયો-ફેલાઈ ગયો. વળી વેલોરૂપી વલયથી (કંકણ)થી વ્યાપ્ત તેમના દેહને વિષે પક્ષીસમૂહનું રક્ષણ કરતાં સર્પોની ફણાઓથી પર્ણસમૂહ બેવડો બન્યો હોય તેમ જણાતું હતું. (સર્પ પક્ષીઓને ખાઈ જાય છતાં અહીં પરસ્પર મિત્રભાવ દર્શાવ્યો છે અને સર્પની ફણાઓને પાંદડારૂપે દર્શાવી છે.) આ પ્રમાણે કાયોત્સર્ગમાં રહેલા પવિત્ર ધ્યાનવાળા અને ચતુર્વિધ આહારના ત્યાગી બાહુબલિ મુનિનું એક વર્ષ, આહાર રહિત વિહાર કરતાં પરમાત્માની માફક વ્યતીત થઈ ગયું. એક વર્ષને છેડે શ્રી ઋષભદેવ પરમાત્માએ **બ્રાહ્મી** અને **સુંદરી**ને કહ્યું કે—"એક વર્ષની તપશ્ચર્યાથી બાહુબલિના કર્મ ક્ષીણ થઈ ગયા છે. મેઘથી ઢંકાયેલ સૂર્યમંડળની જેમ તેમનું કેવળજ્ઞાન અભિમાનના અંશથી આચ્છાદિત થયેલ છે. હમણાં તેને ઉપદેશ આપવાનો અવસર છે, તો તમે બંને ત્યાં જાવ." બાહુબલિના તથાપ્રકારના અભિમાનને જાણતા પરમાત્માએ એક વર્ષ પર્યન્ત તેમ જ ઉપેક્ષા કરી હતી, **કારણ કે તીર્થંકર પરમાત્માઓ ગહન આશયવાળા અને યોગ્ય સમયે જ ઉપદેશ આપનારા હોય છે.** પરમાત્માની આજ્ઞાથી બ્રાહ્મી અને સુંદરી ત્યાં ગઈ અને તે સ્થળમાં લાંબા સમય સુધી ભ્રમણ કર્યા બાદ વેલથી વીંટળાયેલ વૃક્ષની માફક બાહુબલિને જોઈને તેમને તેઓએ કહ્યું કે—"હે સાધુવર્ય! ત્રણ જગતના નાથ પરમાત્મા શ્રી ઋષભદેવ તમને કહે છે કે—'હસ્તી પર ચઢેલા પ્રાણીઓ કદી પણ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકતા નથી." આ પ્રમાણે બોલીને તે બંને સાધ્વીઓ જેમ આવી હતી તેમ ચાલી ગઈ, એટલે આશ્ચર્ય પામેલા બાહુબલિ મુનિએ મનમાં વિચાર્યું કે—"સાવદ્યયોગ(પાપકર્મ)નો ત્યાગ કરનાર અને કાઉસગ્ગ ધ્યાનમાં રહેલ મને આ અટવીમાં હસ્તી પર આરૂઢ થવાનું ક્યાંથી સંભવી શકે? જો સકલ કર્મનો ક્ષય કરીને મોક્ષે પહોંચેલા પ્રાણીઓ ફરીથી સંસારી બની શકે તો ત્રણ ભુવનને પૂજનીય પરમાત્માનું વચન અસત્ય હોય. ત્યારે આ શું? સમજ્યો, સમજ્યો. ખરેખર હું અભિમાનરૂપી હસ્તી પર ચઢ્યો છું. શત્રુસદેશ મોહને ધિક્કાર હો! 'વયથી નાના પરન્તુ તપથી મોટા એવા મારા લઘુ ભાઈઓને હું કેમ વાંદું?' એવી મારી વિચારણાને ધિક્કાર હો! તે સંબંધી મારું મિથ્યા દુષ્કૃત હો! નાના હોવા છતાં પૂર્વે ગ્રહણ કરેલ પ્રવ્રજ્યાને અંગે મોટા—પૂજનીય બનેલ તે મારા ભાઈઓને પરમાત્માના ચરણકમલમાં, જઈને શિષ્યની માફક હું વાંદીશ." આ પ્રમાણે હૃદયમાંથી સંપૂર્ણ અભિમાનને દૂર કરીને શ્રેષ્ઠમુનિ બાહુબલિએ વિવેક ધારણ કરીને પૃથ્વીપીઠ પરથી એક પગ ઊંચો કર્યો કે તરત જ લતાસમૂહની માફક તેમનો ઘાતીકર્મનો સમૂહ તૂટી પડ્યો-નાશ પામ્યો. એટલે જેમ રાત્રિના પ્રાંતભાગે સૂર્ય ઉદય પામે તેમ તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. વિવેકને કારણે મોહરાજાની વીરસેનાના આભૂષણરૂપ અભિમાનને અને તેના સ્થાનભૂત ચિત્તને પણ વશ કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું એટલે પરમાત્મા પાસે આવીને, પ્રદક્ષિણા આપીને, તીર્થને નમસ્કાર

કરીને પૂર્ણ પ્રતિજ્ઞાવાળા બાહુબલિ મુનિ કેવળીપર્ષદામાં બિરાજ્યા.

* * *

ત્રણ જગતના પ્રાણીઓને પવિત્ર કરનાર મધુર અને રમણીય વર્ણસમૂહવાળી જેમની વિશાળ વાણી ગંગારૂપ બની છે છતાં તે ગંગા જાડ્ય(શીતળતા)થી યુક્ત છે અને આ વાણી તો જાડ્ય(જડતા) રહિત (જડપણાને હરનારી) છે; વળી તે ગંગા નીચવૃત્તિવાળી (અધોગમન કરનારી) છે જ્યારે આ વાણી તો શ્રેષ્ઠપદ (મોક્ષપદ) અર્પનારી છે તે **શ્રી ઋષભદેવ** પરમાત્મા તમારા ચિત્તને હર્ષદાયક થાઓ !

"મારા પંડિતરૂપી પુત્રો કદી પણ કોઈની પાસે યાચના કરતા નથી અને હાલમાં તેઓને દાન આપવાને બીજો કોઈ સમર્થ નથી તો હે પિતૃદેવ બ્રહ્મા! તમે આ **પદ્મમંત્રીને** દીર્ઘાયુષી બનાવો કે જે પોતાની સંપત્તિદ્વારા મારા પુત્રોને-પંડિતોને પોષે-જીવાડે" આ પ્રમાણે સરસ્વતી દેવીદ્વારા પ્રાર્થના કરાએલ અને સરલાશયવાળા બ્રહ્માએ "ભલે તેમ થાઓ-તથાસ્તુ" કહ્યું.

**સત્તરમો સર્ગ સમાપ્ત.**



# અઢારમો સર્ગ

## મરીચિની સ્થિતિ, શ્રી આદીશ્વરનિર્વાણં, ભરત મહારાજાને કેવલોત્પત્તિ અને મોક્ષગમન.

જેઓ નિર્મોહી હોવા છતાં પુત્ર-પૌત્રાદિકને પોતાની સાથે મુક્તિમંદિરમાં પહોંચાડ્યા તે **શ્રી ઋષભદેવ** પરમાત્મા જયવંત વર્તે છે.

**મરીચિની દીક્ષા-ગ્રહણ પછી ચિંતા-**

ચક્રવર્તી ભરત મહારાજાના પુત્ર મરીચિએ પણ દીક્ષા ગ્રહણ કરી અને સૂર્યની સાથે બુધ(ગ્રહ) વિચરે તેમ પરમાત્મા શ્રી આદિનાથ સાથે વિચરવા લાગ્યા. અગિયાર અંગના જાણકાર તે મરીચિ મુનિ સુસાધુના આચાર-વિચારોનું પાલન કરી રહ્યા હતા અને મેષાદિ રાશિ તથા અશ્વિની વિગેરે નક્ષત્રોની સાથે ગ્રહ વિચરણ કરે તેમ તે પણ સ્વામી શ્રી ઋષભદેવ તથા તેમના શિષ્યોની સાથે વિહાર કરતા હતા.

એકદા ગ્રીષ્મ ઋતુમાં માર્ગમાં પ્રચંડ તાપથી પીડાયેલા અને સ્વાભાવિક સુકોમળ દેહવાળા મરીચિ મુનિ મનમાં વિચારવા લાગ્યા કે-"ગ્રીષ્મ ઋતુના સૂર્યથી તપી ગયેલ રેતીવાળા પ્રદેશમાં શ્રેષ્ઠ ચારિત્રપાત્ર મુનિવરો જ પગપાળા વિચરી શકે. સમાન ધર્મ(સ્વભાવ)ને અંગે ગુપ્તપણે આવીને દાવાનળની જ્વાળાઓ સાથે મળી જવાથી અત્યંત ઉષ્ણ બનેલ સૂર્યના પ્રખરકિરણો મધ્યાહ્ન સમયે તેવા શ્રેષ્ઠ મુનિવરોથી જ સહન થઈ શકે. શરીરના દાહને હરવાને માટે જ જાણે તૈયાર થયા હોય તેવા પ્રસ્વેદ-જળથી આર્દ્ર (ભીના) બનેલ શરીર-મળની ઉગ્ર દુર્ગંધીને તેઓ જ સહન કરી શકે. નરકભૂમિની શીત તથા ઉષ્ણ ક્ષેત્રવેદનાથી ભયભીત બનેલ મુનિજનથી શીતઋતુ તેમજ ગ્રીષ્મઋતુમાં પણ ઉપાનહ (જોડા) વગર વિચરી શકાય છે. વળી શીકારી પ્રાણીથી ઉખેડી નખાતી ચામડી તથા પાંખોવાળા પક્ષીગણની જેમ દૃઢ મનોબળવાળા મુનિવર્યો કેશલુંચનના કષ્ટને સહન કરે છે. ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ તથા ડાંસ વિગેરે દુઃસહ્ય બાવીશ પ્રકારના પરીષહોને તે મહર્ષિઓ, તથાપ્રકારના પરિષહોને હણવાને માટે જ (ભવિષ્યમાં તેવા પરિષહો સહન ન કરવા પડે તે હેતુથી) સહન કરી રહ્યા છે. વળી શ્રેષ્ઠ મૂળ તથા ઉત્તરગુણોને લીધે મુશ્કેલીથી પાળી શકાય તેવું જે સાધુપણું મુનિઓથી પળાય છે તે મસ્તકથી મેરુપર્વતને ઉપાડવા સમાન છે. આવા દુષ્કર ચારિત્રને પરમાત્માના જ્ઞાની, સાત્ત્વિક વૃત્તિવાળા અને મોક્ષાભિલાષી શિષ્યો જ પાળે છે. ખરેખર ખેદની વાત છે કે-આ સંયમ-ભારને વહન

કરવાને હું અસમર્થ છું. શું પાંગળો પ્રાણી પોતાના બંને પગવડે મહારણ્યને ઓળંગી શકે? હું ત્રણ જગતના સ્વામી શ્રી ઋષભદેવનો પૌત્ર અને છ ખંડના સ્વામી ચક્રવર્તી ભરત મહારાજાનો પુત્ર છું. વળી ચતુર્વિધ સંઘની સાક્ષીએ પરમાત્મા પાસે મેં પંચમહાવ્રત ઉચ્ચરવાપૂર્વક દીક્ષા સ્વીકારી છે. આ પ્રમાણે પરિસ્થિતિ હોવા છતાં હવે હું જો ઘરે પાછો જાઉં તો મેં લજ્જાનો ત્યાગ કર્યો કહેવાય અને તેમ કરવાથી મારા સ્વજન-સંબંધી વર્ગ નિંદાને પાત્ર બને. દીક્ષાનો ત્યાગ કરનાર મારા મુખને જોવાથી આકુળવ્યાકુળ (શરમીંદા) બનેલ લોકો (મને જોવાથી થનાર) પાપના ભારથી અધોમુખવાળા બની જશે અર્થાત્ લોકો મારા મુખ સામું પણ જોશે નહીં. મારો વંશ પવિત્ર છે અને હું વ્રત પાળવામાં શક્તિમાન નથી તો હવે હું શું કરું અને ક્યાં જાઉં? હું ખરેખર અત્યારે દિગ્મૂઢ જેવો બની ગયો છું.

**મરીચિએ હેતુપુરસ્સર સ્વીકારેલ અન્ય (ત્રિદંડી) વેષ-**

હા, સમજાયું. આ વિષયમાં એક સરલ ઉપાય છે. હું વેષાંતર કરીશ અને મારા આત્માનું દુઃખ પણ દૂર કરીશ. મન, વચન અને કાયદંડને જીતવાવાળા આ મુનિવરો ચતુર છે જ્યારે હું તો તે દંડોથી જીતાયેલ છું એટલે હું ત્રિદંડી બનીને રહીશ. આ મુનિપુંગવો કેશલુંચન કરવાવડે મુંડ બનીને રહે છે જ્યારે હું મસ્તક મુંડાવીને અને શિખા(ચોટલી)ને ધારણ કરીને વિચરીશ. આ શ્રમણો મોહનો નાશ કરનારા છે જ્યારે હું તો મોહયુક્ત છું તે દર્શાવવાને માટે મસ્તક પર છત્ર ધારણ કરીશ. આ સાધુવર્યો કષાય રહિત છે અને હું તો કષાયવાળો છું તેથી હું કાષાયી (કષાયવર્ણા, ભગવા) વસ્ત્ર પહેરીશ. આ ઋષિજનો તો સ્થૂલ અને સૂક્ષ્મ જીવહિંસાદિકથી વિરામ પામેલા છે જ્યારે હું તો માત્ર સ્થૂલ પ્રાણીઓના વધાદિકથી વિરમીશ. પાપભીરુ આ મુનિવરો ઘણા પ્રાણીઓના વધના હેતુભૂત સ્નાન કરતા નથી પરંતુ હું તો પરિમિત જળથી સ્નાન તથા પાન બંને કરીશ. આ યોગી પુરુષો પોતના આચરણથી રક્ષાયેલ હોઈને ઉપાનહ વિનાના છે પરન્તુ હું તો ઉપાનહદ્વારા ચરણોનું રક્ષણ કરીશ. આ પ્રમાણે સ્વમતિકલ્પનાથી પોતાના નૂતન વેષની રચના કરીને મરીચિ પરમાત્મા સાથે વિચરવા લાગ્યો. આ પ્રમાણે મરીચિ મુનિ પણ નહીં અને ગૃહસ્થ પણ નહીં એમ નૂતન વેષધારી બન્યો, કારણ કે જુદા જુદા વર્ણના પરસ્પર મળવાથી મોરપીંછની માફક વિચિત્ર રંગ-વર્ણ પ્રગટે છે. સાધુઓને વિષે તેને તથાપ્રકારના નૂતન વેષધારી જોઈને કૌતુકી તેમજ હાસ્ય કરતાં લોકો ધર્મ પૂછવા લાગ્યા, એટલે તે મરીચિ પરમાત્મા જે પ્રમાણે ધર્મનો ઉપદેશ આપતાં તે પ્રમાણે શુદ્ધ ધર્મનો જ બોધ કરતા અને વળી કોઈ 'તમે પોતે તે પ્રમાણે કેમ આચરતા નથી?' એવો પ્રશ્ન કરતું તો જવાબમાં પોતાની અશક્તિ જણાવતા. વળી ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધીને દીક્ષા લેવાને ઈચ્છતા તેઓને પરમાત્મા શ્રી ઋષભદેવ પાસે મોકલતા અને કરુણાનિધિ પરમાત્મા પણ તેઓને દીક્ષા આપતા.

**મરીચિને થયેલ વ્યાધિ—**

આ પ્રમાણે પરમાત્માની સાથે વિચરતા મરીચિના દેહમાં દુષ્કર્મના ફળરૂપ અસાધારણ કષ્ટદાયક રોગ ઉપજ્યો. 'આ મરિચી મુનિવેષ રહિત છે અને ચારિત્રથી પણ પતિત છે' એમ વિચારીને તે વ્યાધિગ્રસ્ત હોવા છતાં તેની સાથે રહેલા મુનિઓ તેની સંભાળ લેતા નહીં. ઉપચાર રહિત તે વ્યાધિ રંક પુરુષના રોગની જેમ વૃદ્ધિ પામ્યો, કારણ કે (અંધકારથી) કૃષ્ણપક્ષની રાત્રિઓ વિશેષ અંધકારમય બને છે. વ્યાધિથી પીડિત થયેલ મરીચિ મનમાં વિચારવા લાગ્યા કે—"કૂવામાં આધાર વિનાના પ્રાણીની માફક હું ખરેખર રોગમાં ડૂબી ગયો છું અર્થાત્ આ રોગના પ્રતિકારમાં મને કોઈ સહાય કરતું નથી. હું તેમનો પોતાનો હોવા છતાં આ મુનિઓ પારકાની જેમ મારી ઉપેક્ષા કરે છે અથવા તો તેઓનો દોષ જ નથી, કારણ કે તેઓ મારો ઉપચાર કરી શકે નહીં. નિર્વદ્ય ચારિત્ર પાળનારા તેઓ કુષ્ઠી પુરુષ સરખા સાવદ્ય ચારિત્રવાળા મારી તથાપ્રકારની વૈયાવચ્ચ(સેવા) કરી શકે નહીં. જો કદાચ હું તે મુનિવર્યો પાસે વૈયાવચ્ચ કરાવું તો વ્રતભંગ કરવાથી પ્રગટેલ મારું પાપ અત્યંત વૃદ્ધિ પામે-અર્થાત્ હું વિશેષ પાપી બનું તો હવે હું મારી સેવા કરનારો કોઈ એક શિષ્ય બનાવીશ; **કારણ કે હંમેશાં સરખે સરખાનો સંબંધ ઘટે છે.**" આ પ્રમાણે વિચારણા કરતાં મરીચિનો રોગ યોગ્ય સમયે વિનાશ પામ્યો. **કર્મના નાશમાં પ્રાણીઓના રોગો અને ભોગો ચાલ્યા જાય છે.**

**મરીચિના શિષ્યરૂપે કપિલનો પરિવ્રાજકપણાનો અંગીકાર—**

એકદા કોઈએક સ્થળેથી કોઈ એક દુર્ભવી **કપિલ** નામનો રાજપુત્ર પરમાત્મા શ્રી ઋષભદેવની પર્ષદામાં આવી ચઢ્યો, પરન્તુ તેને પરમાત્માએ આપેલ ઉપદેશ રુચ્યો નહીં. શું સૂર્યનો પ્રકાશ કદી પણ ઘુવડને હર્ષને માટે થાય ખરો? બાદ આમતેમ નજર ફેરવતાં પરમાત્માના શિષ્યોમાં મરીચિને વિલક્ષણ (વિચિત્ર વેષવાળો) જોઈને બીજો કોઈપણ ધર્મ સાંભળવાની ઈચ્છાવાળો તે કપિલ તેની આગળ ગયો અને ધર્મ પૂછ્યો ત્યારે તેમણે સ્પષ્ટ રીતે તેને કહ્યું કે-"મારી પાસે ધર્મ નથી, જો તને ખરેખર સત્ય ધર્મની જ ઈચ્છા હોય તો પરમાત્મા પાસે જા." આ કથન સાંભળીને કપિલ પુનઃ પરમાત્મા પાસે ગયો અને ધર્મ સાંભળ્યો પરન્તુ જેમ ચક્રવાક પક્ષીને ચંદ્ર પસંદ પડે નહીં તેમ તેને તે ધર્મોપદેશ પસંદ પડ્યો નહીં. (ચંદ્રોદય થતાં ચક્રવાકને પોતાની પત્નીનો વિયોગ થતો હોવાથી દુઃખી બનવું પડે છે, તેથી ચન્દ્ર તેને રુચતો નથી.) બાદ મરીચિ પાસે પાછો આવીને તેણે મરીચિને કહ્યું કે—"શું તમારી પાસે કોઈ પણ જાતનો ધર્મ નથી? ધર્મ રહિત વ્રત હોઈ શકે?" આ પ્રમાણે કપિલનું કથન સાંભળીને અભિમાની મરીચિ મનમાં વિચારવા લાગ્યો કે—"આ કોઈ મારે લાયક જણાય છે. ઘણે લાંબે સમયે સરખે સરખાનો યોગ મળ્યો છે. શિષ્ય રહિત મારો તે ભલે શિષ્ય થાય." એમ ચિંતવીને મરીચિએ તેને કહ્યું કે-"ત્યાં પણ ધર્મ છે અને અહીં (મારી પાસે) પણ ધર્મ છે." આ

પ્રમાણેના એક માત્ર ઉત્સૂત્રભાષણથી મરીચિએ કોટાનુકોટી સાગરોપમપ્રમાણ પોતાનો સંસાર વૃદ્ધિ પમાડ્યો. બાદ દીક્ષિત થયેલ કપિલ તેમનો શિષ્ય બન્યો અને ત્યારથી જ લોકોમાં પરિવ્રાજકપણાનો ફેલાવો થયો.

**અષ્ટાપદ પર્વત પર પ્રભુના સમવસરણમાં ઇંદ્ર તથા ભરતચક્રવર્તીનું આગમન—**

આ બાજુ પૃથ્વીને પવિત્ર કરતાં પરમાત્મા શ્રી **આદિનાથ** અષ્ટાપદ પર્વત પર સમવસર્યા. પ્રભુને ત્યાં સમવસરેલા જાણીને ઇંદ્ર સેંકડો દેવ-દેવીઓ સાથે ત્યાં આવી પહોંચ્યો અને ઉત્તર દિશાના દ્વારથી પ્રવેશ કરીને, ત્રણ પ્રદક્ષિણા આપીને, પરમાત્માને નમસ્કાર કરીને અને પ્રભુની સ્તુતિ કરીને ઈશાન ખૂણામાં બેઠા. પરમાત્માને સમવસરેલા જાણીને પર્વતના રક્ષકોએ પણ તે વૃત્તાંત ભરત ચક્રીને જણાવ્યો, કારણ કે તેઓને તે કાર્ય માટે રાખવામાં આવ્યા હતા. તે શૈલપાલકોને ચક્રીએ સાડાબાર કરોડ સોનૈયા ઈનામરૂપે આપ્યા. **ખરેખર એવો રિવાજ જ હોય છે.** મિત્ર સરખા ઉત્સાહ અને હર્ષદ્વારા પ્રેરાયેલા ચક્રવર્ત્તી મહારાજા ભરત સમસ્ત સેનાપરિવાર સાથે શીઘ્ર અષ્ટાપદ પર્વતે ગયા અને સમવસરણમાં પ્રવેશ કરીને, ત્રણ પ્રદક્ષિણા આપીને, પરમાત્માને નમીને તેમજ સ્તુતિ કરીને ઇંદ્રની પાછળ બેઠા. આ બાજુ પરમાત્માએ સર્વ ભાષામાં સમજાય તેવી, અતિશયવાળી અને યોજનપ્રમાણ વિસ્તારવાળી વાણીવડે દેશના આપી એટલે ગ્રીષ્મ ઋતુમાં અત્યંત તૃષાતુર બનેલા પ્રાણીઓને અમૃતપાનની પ્રાપ્તિની જેમ, દારિદ્ર્યથી પીડિત થયેલાને ઘરમાં રહેલા કલ્પવૃક્ષની જેમ, નદીના પૂરમાં તણાયેલા પ્રાણીઓને વૃક્ષશાખાની પ્રાપ્તિની જેમ તથા પ્રખર સૂર્યકિરણોથી તપેલા પ્રાણીઓને વૃક્ષની છાયાની પ્રાપ્તિની જેમ પરમાત્માની દેશના સાંભળતાં તિર્યંચ દેવો અને મનુષ્યો તરત જ દેશનામાં લયલીન અને હર્ષિત બની ગયા.

**દીક્ષિત ભાઈઓને જોવાથી ભરતની આત્મનિંદા અને ગોચરી અર્થે આમંત્રણ—**

પરમાત્માની દેશના પૂર્ણ થયા બાદ પશ્ચાત્તાપયુક્ત ભરત મહારાજાએ પોતાના પંચ મહાવ્રતધારી ભાઈઓને જોઈને આ પ્રમાણે મનમાં વિચાર્યું કે-“આ બધા મારા નાના ભાઈઓનાં રાજ્ય મેં ગ્રહણ કરી લીધા તો પણ છ ખંડના સ્વામી મને આ ભાઈઓના રાજ્યોથી શી વિશેષતા થઈ ? અર્થાત્ મારે તેમના રાજ્યો હરી લેવાની જરૂર નહોતી. મોટા ભાઈએ નાના ભાઈઓનું પુત્રની માફક પાલન કરવું જોઈએ, જ્યારે મેં તો પિતાએ તેઓને અર્પણ કરેલ રાજ્યો લઈ લીધા. તેઓની રાજ્યલક્ષ્મી હરણ કરીને લોભી બનેલ એવો હું ખરેખર મોટો હોવા છતાં લઘુ બન્યો છું જ્યારે તેઓ પોતાનું રાજ્ય મને આપીને, પ્રવ્રજ્યા ગ્રહણ કરીને મારા કરતાં મોટા-શ્રેષ્ઠ બન્યા છે. મારા અતિશય લોભથી પરાજિત બનેલા આ ભાઈઓ પિતાનો આશ્રય લઈને દુષ્કર તપશ્ચર્યા

કરી રહ્યા છે. હું ઉત્તમ પ્રકારના ભોજન લઉં છું જ્યારે તેઓ ભિક્ષા દ્વારા આજીવિકા ચલાવે છે. હું રૂની કોમળ શય્યામાં સૂઉં છું. જ્યારે તેઓ ભૂમિ પર શયન કરે છે. હું કસ્તૂરીનું વિલેપન કરું છું જ્યારે તેઓ મળજન્ય પ્રસ્વેદથી આર્દ્ર બનેલ હોય છે. હું વિવિધ પ્રકારનાં વાહનોદ્વારા વિચરું છું જ્યારે તેઓ પગપાળા જ વિચરે છે. આ તે મારું કઈ જાતનું બંધુપણું? મારા પરાક્રમની પણ કીંમત શી? હું ચક્રવર્ત્તીના સુખનો ઉપભોગ કરી રહ્યો છું અને આ મારા લઘુ બંધુઓ કષ્ટ ભોગવી રહ્યા છે. આ તે મારી કઈ જાતની મૂઢતા કે મેં મારા ભાઈઓને જ અળગા કર્યા? અન્ય લાખો મનુષ્યો મારી ચક્રવર્ત્તીની સંપત્તિનો ઉપભોગ કરી રહ્યા છે. જેણે પોતાના ભાઈઓનો જ તિરસ્કાર કર્યો તેને પોતાનો કોણ હોઈ શકે? **પારકો તે તો ખરેખર પારકો જ છે.** જ્યારે જળ સૂકાઈ જાય છે ત્યારે બગલાઓ કોઈ પણ સ્થળે ઊડી જાય છે પરન્તુ શ્યામવર્ણી શેવાળ તો તેની સાથે જ રહીને સુકાઈ જાય છે. અલ્પ ધનને અંગે ગર્વિષ્ઠ બનેલા જે પ્રાણીઓ પોતાના બંધુ પ્રત્યેનું વાત્સલ્ય નષ્ટ કરે છે તે ચંદ્ર અને સૂર્યપ્રકાશને આવરી નાખનાર અને ખદ્યોત(આગિયા)ની કાંતિથી પ્રકાશતા મલિન મેઘ સરખા છે, અર્થાત્ આગિયાઓનો પ્રકાશ ક્ષણજીવી હોય છે તેમ પારકા પણ ક્ષણમાત્ર ઉપયોગમાં આવે છે. પ્રીતીવિહુણા બંધુ સાથેનો મેળાપ જે હર્ષ આપે છે તે અમૃત પણ આપી શકતું નથી કારણ કે સૂર્યાસ્ત થવા બાદ ચંદ્રકિરણો હોવા છતાં કમળ હર્ષ પામતું નથી-વિકસિત થતું નથી. આ પૃથ્વીપીઠ પર જે મતિહીન અને નિષ્ઠુર પ્રાણી પોતાના ભાઈઓનો તિરસ્કાર કરીને એકલો જ ભોજન કરે છે તે ખરેખર અભિમાનથી ઊંચી ડોકવાળા કાગડાઓદ્વારા હમેશાં હાંસીને પાત્ર બને છે. (કાગડાઓ પણ એકલા ભોજન કરતાં નથી. તે પણ ભોજન વખતે 'કા કા' સ્વર કરીને બીજા કાગડાઓને બોલાવે છે.) તો હવે આ મારા ભાઈઓને હું ભોગ્ય વસ્તુનો ઉપભોગ કરવાની પ્રાર્થના કરું. કદાચ તેઓ મારા અસાધારણ પુણ્યયોગે ફરીથી તે રાજ્યભોગોને ગ્રહણ કરે." આ પ્રમાણે મનમાં નિર્ણય કરીને, પરમાત્મા સમીપે જઈને ભક્તિમાન ભરત મહારાજાએ ભોગો ગ્રહણ કરવાને માટે પોતાના ભાઈઓને નિમંત્રણ કર્યું, એટલે શ્રી ઋષભપ્રભુએ ભરતને ઉદ્દેશીને કહ્યું કે–"હે સરલાશયી ચક્રી! મુખમાંથી બહાર ફેંકી દીધેલા કફની જેમ આ તારા નાના ભાઈઓ ત્યજી દીધેલા ભોગોને ફરી ગ્રહણ નહીં કરે. જે પ્રાણીઓ કષાયોને દૂર કરીને વિષયોનો ફરી વાર સ્વીકાર કરતા નથી તે મુનિપુંગવો મોક્ષપદને પ્રાપ્ત કરે છે." આ પ્રમાણે પરમાત્માએ ભોગો સંબંધમાં નિષેધ કરવાથી ખેદયુક્ત બનીને ભરત વિચારવા લાગ્યા કે-"સંસારવૃદ્ધિથી પરાઙ્મુખ બનેલ આ ભાઈઓ જો રાજ્યભોગોને ન ભોગવે-સ્વીકારે તો પ્રાણના આધારભૂત આહારને તો અવશ્ય સ્વીકારશે." એમ ચિંતવીને ભરતે પાંચ સો ગાડા વિવિધ પ્રકારનાં ભોજનો મગાવીને તે ગ્રહણ કરવા માટે પોતાના ભાઈઓને આમંત્રણ આપ્યું, ત્યારે પણ શ્રી ઋષભદેવે ભરતને જણાવ્યું કે-"હે ભરત! સાધુઓને *આધાકર્મી આહાર ગ્રહણ કરવો કલ્પતો નથી." આ પ્રમાણે

---

* મુનિને માટે બનાવી લાવેલ આહાર.

નિષેધ કરાયેલ ભરતે સાધુને કલ્પે તેવા **અકૃત** અને **અકારિત** આહાર ગ્રહણ કરવા માટે મુનિવર્યોને આમંત્રણ કર્યું. **ખરેખર સરલ પ્રાણીની વિચારશ્રેણી શુભ જ હોય છે.** તે વખતે પણ પરમાત્માએ ફરીથી પણ ભરતને નિષેધ કરતાં કહ્યું કે—"હે ભરત! મુનિજનોને રાજપિંડ કલ્પતો નથી." આ પ્રમાણ બધી રીતે પરમાત્માથી મનાઈ કરાયેલ ભરત મહારાજા જાણે ખેદરૂપ ઝેરને લીધે જ હોય તેમ મૂર્ચ્છા પામ્યા, ત્યારે ભરત મહારાજાની ખિન્નતાને દૂર કરવાને માટે ઇંદ્રે પરમાત્માને પૂછ્યું કે-"હે સ્વામિન્! કેટલા પ્રકારના +અવગ્રહ છે?"

**પાંચ પ્રકારનાં અવગ્રહ—**

પરમાત્માએ કહ્યું કે—"ઇંદ્ર સંબંધી, ચક્રવર્ત્તી સંબંધી, રાજા સંબંધી, ગૃહસ્થ સંબંધી અને સાધુ સંબંધી—એમ પાંચ પ્રકારનાં અવગ્રહો છે. હે ઇંદ્ર! એ અવગ્રહો ઉત્તરોત્તર (ક્રમપૂર્વક) પૂર્વપૂર્વના અવગ્રહને બાધક છે." (ઇંદ્રની ગેરહાજરીમાં ચક્રીની અનુજ્ઞા, ચક્રીની ગેરહાજરીમાં રાજાની અનુજ્ઞા—એ પ્રમાણે ક્રમપૂર્વક અનુજ્ઞાથી સાધુઓ વિચરી શકે.) પરમાત્માનું આવું કથન સાંભળીને ઇંદ્રમહારાજ બોલ્યા કે—"જે મુનિવરો મારા અવગ્રહમાં વિચરે છે તેમને મેં મારા અવગ્રહમાં નિરંતર વિચરવાની અનુજ્ઞા આપી છે." આ પ્રમાણે કહીને, પરમાત્માને નમસ્કાર કરીને ઇંદ્ર ઊભા રહ્યા ત્યારે ભરત મહારાજા ફરી પણ મનમાં આ પ્રમાણે વિચારવા લાગ્યા કે—"જો કે આ મુનિવરોએ મારો લાવેલ આહાર ગ્રહણ કર્યો નથી, તો પણ આજે મારા (ચક્રી) સંબંધી અવગ્રહની અનુજ્ઞા આપીને હું કૃતાર્થ તો થાઉં." એવો મનમાં નિર્ણય કરીને કાર્યકુશળ ભરત મહારાજાએ, પરમાત્માના ચરણ સમીપે જઈને ઇંદ્રની માફક પોતાના અવગ્રહ સંબંધી પણ રજા આપી. બાદ પવિત્ર આશયવાળા ભરત ચક્રવર્ત્તીએ ઇંદ્ર મહારાજને પૂછ્યું કે-"આ બધી ભોજનસામગ્રીનું મારે શું કરવું?" ત્યારે ઇંદ્ર મહારાજે સૂચવ્યું કે-"ગુણશાળી શ્રાવકોને તે આપી દેવું." ચક્રીએ પણ તેમનું કથન માન્ય કર્યું.

**ઇંદ્રનું સ્વરૂપ—**

બાદ ઇંદ્ર મહારાજાનું સૂર્યકાંતિ સરખું અદ્‌ભુત રૂપ નીહાળીને આશ્ચર્ય પામેલા ચક્રવર્ત્તીએ તેમને પૂછ્યું કે-"શું સ્વર્ગમાં પણ તમારું આવું સ્વાભાવિક સુંદર સ્વરૂપ હોય છે કે અન્ય કંઈ સ્વરૂપ હોય છે? **કારણ કે દેવો તો ઇચ્છિત રૂપ ધારણ કરનારા હોય છે.**" ત્યારે ઇંદ્રે ચક્રીને કહ્યું કે-"હે રાજન્! મારું મૂળ સ્વરૂપ જોવાને મનુષ્યો શક્તિમાન નથી." ઇંદ્રે આ પ્રમાણે કહ્યું એટલે ભરત મહારાજાએ પુનઃ પૂછ્યું કે-"હે ઇંદ્ર! તમારું તે અસાધારણ દિવ્યાકૃતિવાળું સ્વરૂપ દેખાડી, જેમ સૂર્ય કમળને વિકસિત કરે તેમ મારા નેત્રને હર્ષ પમાડો." ત્યારે "તમે ઉત્તમ પુરુષ છો. તમારી વિજ્ઞપ્તિ નિષ્ફળ ન નીવડો, હું મારો એક અવયવ (અંગુલી) તમને દેખાડું છું." એમ કહીને ઇંદ્રે અત્યંત દેદીપ્યમાન પોતાની એક અંગુલી ભરત

+ રહેવા તથા વિચરવાના સ્થાન માટે આજ્ઞા લેવી તે.

મહારાજાને દેખાડી, તે જાણે કે સૂર્યના કિરણસમૂહોને એકત્ર કરીને નિર્માણ કરી હોય તેમ જણાતી હતી. અંગુલીને આ પ્રમાણે અતિશય કાંતિવાળી જોઈને ભરત મનમાં વિચારવા લાગ્યા કે-"શું મેઘને વાહનરૂપે રાખીને તેની વીજળીની કાંતિને ઇંદ્રે ગ્રહણ કરી લીધી છે ? કે શું વજ્ર હાથમાં રાખવાથી તેની કાંતિને પોતાની અંગુલીને વિષે સ્તંભિત કરી લીધી છે ?" બાદ પરમાત્માને નમસ્કાર કરીને, ભરત મહારાજાને જણાવીને દૃષ્ટિ તથા મનની ગતિ કરતાં પણ અતિશય ગતિવાળા ઇંદ્ર મહારાજા સ્વર્ગલોકમાં ગયા. ચક્રી ભરત પણ ઇંદ્રની માફક પ્રભુને નમીને, મનમાં કાર્યોનો નિર્ણય કરીને અયોધ્યા નગરીમાં ગયા અને જાણે ઇંદ્રના પ્રેમના અંકુરા સમાન હોય તેવી રત્નમય અંગુલીને ઇંદ્રની અંગુલી તરીકે સ્થાપીને હર્ષિત બનેલા ભરત મહારાજાએ અઠ્ઠાઈ મહોત્સવ કર્યો. ત્યારથી પ્રારંભીને લોકો ઇંદ્રનો સ્તંભ રોપીને ઇંદ્રોત્સવ કરવા લાગ્યા કે જે અદ્યાપિ પર્યંત આ પૃથ્વીપીઠ પર પ્રવર્તે છે.

### પરમાત્માનો વિહાર અને ભરત મહારાજાએ 'માહન'પણાનું કરેલ સ્થાપન—

પરમાત્મા શ્રી ઋષભદેવ અષ્ટાપદ પર્વત પરથી અન્યત્ર વિહાર કરી ગયા. શું જગતને જાગૃત કરનાર સૂર્ય કદાપિ એક સ્થળે સ્થિર રહે ખરો? આ બાજુ ભરત મહારાજાએ શ્રાવકોને બોલાવી કહ્યું કે-"તમારે મારે રસોડે ઇચ્છા પ્રમાણે હમેશાં ભોજન કરવું. કૃષી (ખેતી) વિગેરે આરંભ-સમારંભના કાર્યો ત્યજી દઈને તેમજ સ્વાધ્યાયમાં રક્ત રહીને તમારે હમેશાં જ્ઞાનવૃદ્ધિ કર્યા કરવી. ભોજન કર્યા બાદ મારી સમીપે આવીને તમારે વારંવાર મને કહેવું કે—"जितो भवान् भयं भूरि, ततो मा हन मा हन" (તમો જીતાયેલા છો, ભય વૃદ્ધિ પામે છે માટે તમે કોઈ પણ પ્રાણીને હણો નહીં, હણો નહીં.) "ભલે એમ થાઓ" એ પ્રમાણે બોલીને શ્રાવકો ચક્રવર્ત્તીના રસોડે જમવા લાગ્યા અને વિચક્ષણ તેઓ ઉપર્યુક્ત પાઠ વારંવાર બોલવા લાગ્યા કે જે સાંભળીને ચક્રી ચિંતવવા લાગ્યા કે-"હું કોનાથી જીતાયો છું? હા. સમજાયું. હું કષાયોથી જીતાયેલ છું. ત્યારે મને કોનાથી ભય વર્તે છે? હા. કષાયોથી જ, તો હું પ્રાણીઓને હણું નહિ." પ્રમાદરૂપી અંધકારથી અવરાયેલા ભરત મહારાજાને જ્યારે જ્યારે શ્રાવકો "जितो भवान् भयं भूरि, ततो मा हन मा हन" એ વાક્ય યાદ કરાવતાં ત્યારે ત્યારે "મારી ધર્મવિમુખતાને ધિક્કાર હો, ધિક્કાર હો! અહો! મારી કેવી સંસારાસક્તિ? મારું કેવું પ્રમાદીપણું? મારી વિષયાસક્તિ પણ કેવી?" એમ વિચારણા કરતા ભરત મહારાજાના મનમાં, વર્ષાઋતુમાં થતા વીજળીના ઝબકારાની જેમ ક્ષણિક ધર્મધ્યાન પ્રવર્તતું, પરંતુ મહારાજા ભરત પાછા, પૂર્વભવમાં બાંધેલા ભોગાવલી કર્મને અંગે વિષયોમાં આસક્ત થઈ જતાં. એકદા રસોયાઓના ઉપરીઓએ ચક્રવર્ત્તી પાસે આવીને વિજ્ઞપ્તિ કરી કે-"આપના રસોડે ભોજન કરવાવાળા ઘણા માણસો થઈ જવાથી આ શ્રાવક છે કે અન્ય? તે અમારા જાણવામાં આવતું નથી." ત્યારે ચક્રીએ રસોયાના અધ્યક્ષોને ફરમાવ્યું કે—"તમે પણ શ્રાવક છો તો તમારે પરીક્ષા કરીને જ ભોજન આપવું."

## શ્રાવકોને માટે યજ્ઞોપવિત (જનોઈ) અને તેમના સ્વાધ્યાય માટે ચાર વેદોની રચના-

આ પ્રમાણે પરીક્ષા કરાયેલા શ્રાવકોને ભરત મહારાજાએ જ્ઞાન, દર્શન અને ચારિત્રના ચિહ્નરૂપ ત્રણ-ત્રણ રેખારૂપ ઉપવિત (જનોઈ) કાંકિણી રત્નદ્વારા કરી. આ પ્રમાણે છ-છ મહિને પરીક્ષા કરાએલા નૂતન શ્રાવકોને ભરત ચક્રીએ કાંકિણી રત્નદ્વારા ચિહ્નિત કર્યા; અને આ પ્રમાણે ચિહ્નિત થયેલા તે શ્રાવકો પણ ભોજન મેળવીને "जितो भवान्" એ પ્રમાણે બોલવા લાગ્યા એટલે લોકો પણ તેઓને "माहन" એવી સંજ્ઞાથી ઓળખવા લાગ્યા. બાદ તે શ્રાવકોના અધ્યયનને માટે ચક્રવર્તી ભરતે અરિહંતોની સ્તુતિ અને સાધુ તથા શ્રાવક ધર્મથી પવિત્ર એવા [1]વેદોની રચના કરી. ભરત મહારાજાની પછી **આદિત્યયશા, મહાયશા, અતિબળ, બલભદ્ર, બલવીર્ય, કીર્તવીર્ય, જલવીર્ય** અને **દંડવીર્ય** એમ આઠ (પેઢી) રાજાઓ પર્યંત આ આચાર પ્રવૃત્તિમાં રહ્યો. આ આઠે પેઢીના રાજાઓ ભરતાર્દ્ધના ભોક્તા હતા અને પરમાત્મા શ્રી ઋષભદેવને ઇંદ્રે અર્પણ કરેલ મુકુટ મસ્તક પર ધારણ કરતા હતા. બાદ તેમની પછી બીજા રાજાઓ થયા પરન્તુ તેઓ મુગટના મહાપ્રમાણ(ભાર)ને ધારણ કરી શક્યા નહીં, કારણ કે અવસર્પિણી કાળમાં હીન અને હીનતર શક્તિવાળા પ્રાણીઓ થાય છે. આ બાજુ ભરત મહારાજા શ્રાવકોને અત્યંત દાન આપતાં તેમજ રાણીઓ સાથે ભોગવિલાસ ભોગવતાં દિવસો પસાર કરવા લાગ્યા.

## પરમાત્માનું અષ્ટાપદ પર્વતે પુનઃ આગમન અને દેશના—

જેમ સૂર્ય પોતાના કિરણોથી પૃથ્વીપટને પ્રકાશિત કરે તેમ સાધુ અને દેવસમૂહથી પરિવરેલા પરમાત્મા શ્રી ઋષભદેવ પણ પોતાની વાણીથી ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધતા અષ્ટાપદ પર્વત પર આવ્યા અને દેવોએ તત્કાળ રચેલા સમવસરણમાં બેસીને દેશના આપવી શરૂ કરી. પરમાત્માને સમવસરેલા જાણીને ત્યાં રહેલ પવનવેગી પર્વતરક્ષકોએ અયોધ્યામાં આવીને ચક્રવર્ત્તીને તે વૃત્તાંત નિવેદન કર્યો એટલે ભરત ચક્રવર્ત્તીએ પણ તેમને પૂર્વની માફક સાડાબાર કરોડ સોનૈયાનું દાન આપ્યું. શું કામધેનુ, કલ્પવૃક્ષ અને ચિંતામણિ રત્નને અન્યને દાન આપતાં કશી દીનતા આવી જાય ખરી? બાદ અષ્ટાપદ પર્વતે આવીને, ત્રણ પ્રદક્ષિણા આપીને, પરમાત્માને નમીને તેમજ સ્તવીને ભરત મહારાજા પોતાને ઉચિત આસન પર બેઠા અને પ્રભુએ પણ સર્વ ભાષામાં સમજાય તેવી, એક યોજનપ્રમાણ વિસ્તારવાળી વાણીવડે પ્રાણીઓના કલેશોને દૂર કરવાને માટે દેશના પ્રારંભી. દેશના પૂર્ણ થઈ એટલે પ્રભુને નમીને, રોમાંચિત દેહવાળા ભરતે અંજલિ જોડીને તેમને આ પ્રમાણે પ્રાર્થના કરી કે—"હે સ્વામિન્! આપ જેમ જગતનું કલ્યાણ કરવામાં રક્ત છો તેમ આ ભરતક્ષેત્રને વિષે બીજા કેટલા તીર્થંકર ભગવંતો અને

---

૧. સંસારાદર્શન, ૨. સંસ્થાપનપરામર્શન, ૩. તત્ત્વાવબોધ, ૪. વિદ્યાપ્રબોધ—એ ચાર વેદોનાં નામ છે.

ચક્રવર્ત્તીઓ થશે?" ત્યારે પરમાત્માએ જણાવ્યું કે—"હે ભરત! ત્રેવીશ તીર્થંકરો, અગિયાર ચક્રવર્ત્તીઓ, નવ વાસુદેવો, નવ પ્રતિવાસુદેવો અને નવ બળદેવો હજી ભવિષ્યમાં આ જ ભરતક્ષેત્રમાં થશે." બાદ પ્રભુએ તે સર્વના પિતા, માતા, નગરી, વર્ણ, આયુષ્ય, દેહમાન, ગતિ વિગેરે ચક્રવર્ત્તીને કહી સંભળાવ્યા. બાદ ભરત મહારાજાએ પુનઃ પૂછ્યું કે—"હે નાથ! આપની માફક તીર્થ પ્રવર્તાવીને આ ભરતક્ષેત્રને પવિત્ર કરે તેવો કોઈપણ જીવ આ પર્ષદામાં છે?" તે પ્રશ્નનો જવાબ આપતાં પરમાત્માએ તેને કહ્યું કે "તારો જ પુત્ર મરીચિ, કે જે પ્રથમ પરિવ્રાજક છે તે આ જ ભરતક્ષેત્રને વિષે **પોતનપુરમાં ત્રિપૃષ્ઠ** નામનો પ્રથમ વાસુદેવ થશે, બાદ પશ્ચિમ મહાવિદેહમાં **મૂકા** નામની નગરીમાં **ધનંજય રાજા** અને **ધારિણી** રાણીનો પુત્ર **પ્રિયમિત્ર** નામે ચક્રવર્ત્તી થશે તેમજ ઘણા ભવોમાં પર્યટન કરીને છેવટે આ જ ભરતક્ષેત્રમાં **મહાવીર** નામનો ચોવીશમો તીર્થંકર થશે." આ પ્રમાણે પ્રભુ—કથન સાંભળીને, પરમાત્માની અનુજ્ઞા મેળવીને, ભક્તિથી પ્રેરાયેલ ભરત મહારાજા તે મરીચિને નમસ્કાર કરવા ગયા અને "તું ત્રિપૃષ્ઠ નામનો પ્રથમ વાસુદેવ થઈશ, પશ્ચિમ મહાવિદેહમાં પ્રિયમિત્ર નામનો ચક્રવર્ત્તી થઈશ તેને અગર તો તારા આ પરિવ્રાજકપણાને હું વાંદતો નથી, પરન્તુ તું ચોવીશમો તીર્થંકર થઈશ તેથી હું તને વાંદું છું." એમ કહીને ભરતે મસ્તકે અંજલિ જોડીને, ત્રણ પ્રદક્ષિણા આપીને તે મરીચિને પ્રણામ કર્યા. બાદ શ્રી ઋષભદેવને નમીને, ભરત મહારાજા અયોધ્યા નગરીમાં ગયા.

આ બાજુ ત્રણ વાર પોતાની ભુજાનું આસ્ફોટન કરીને મરીચિ બોલ્યો કે—"મારા દાદા ઋષભદેવ પ્રથમ તીર્થંકર છે, મારા પિતા ભરત પ્રથમ ચક્રવર્ત્તી છે અને હું પ્રથમ વાસુદેવ થઈશ. ખરેખર મારું કુળ ઉત્તમ છે. હું પહેલો વાસુદેવ, મુકા નગરીમાં ચક્રવર્ત્તી અને છેલ્લો તીર્થંકર થઈશ એ શું મારા માટે ઓછા અભિમાનની વાત છે?"

**મરીચિનું કુળાભિમાન—**

"વૃક્ષોને વિષે જેમ કલ્પવૃક્ષ અને દેવોમાં જેમ ઇંદ્ર શ્રેષ્ઠ છે તેમ સમગ્ર કુળોમાં મારું કુળ ઉત્તમ છે. હસ્તીઓને વિષે ઐરાવણ હાથી અને ધાતુઓને વિષે જેમ સુવર્ણ ઉત્તમ છે તેમ સર્વ કુળોમાં મારું કુળ શ્રેષ્ઠ છે." બાદ અભિમાની મરીચિ કેડ બાંધીને દેવ, દાનવ અને મનુષ્યોની સભામાં ઉપરના વાક્યોનું ઉચ્ચ સ્વરે વારંવાર ઉચ્ચારણ કરીને હસ્તનું આસ્ફાલન કરવા લાગ્યો. આ પ્રમાણે ભુજાસ્ફાલનથી ગગનપ્રદેશને ધ્વનિયુક્ત કરતાં મરીચિએ પોતાના ઉચ્ચ પ્રકારના ગોત્રકર્મને ચૂર્ણ કરી નાખ્યું. આ પ્રમાણે દુર્ગુણી તેમજ વિશાળ કુળાભિમાનથી તેમણે નીકાચિત નીચ ગોત્ર ઉપાર્જન કર્યું.

**પરમાત્માનું શ્રી શત્રુંજય તીર્થે ગમન અને પુંડરીક ગણધર વિગેરેની મોક્ષપ્રાપ્તિને માટે તેઓને ત્યાં રહેવા માટે કરેલ આજ્ઞા—**

આ બાજુ સૂર્યની માફક ચરણદ્વારા પૃથ્વીપીઠને પાવન કરતાં પ્રભુ શ્રી ઋષભદેવ

પુંડરીકાદિ ગણધરોની સાથે વિહાર કરવા લાગ્યા, અને ચંદ્રની માફક પોતાના ઉપદેશામૃતદ્વારા વિવિધ દેશોના દાવાનળરૂપી કષાયોને નષ્ટ કરતાં શત્રુંજય પર્વતે આવી પહોંચ્યા. મૂળમાં પચાશ યોજન અને શિખર ઉપર દશ યોજન પહોળા અને આઠ યોજન ઊંચા તે પર્વત પર પરમાત્મા ચઢ્યા એટલે દેવસમૂહે રચેલા સમવસરણમાં બેસીને ખેદને નષ્ટ કરનારી દેશના આપી. લોકો પરત્વેની અનુકંપાથી ત્યાં કેટલાક દિવસ રહ્યા બાદ અન્યત્ર વિહાર કરવાની ભાવનાવાળા શ્રી ઋષભદેવ પરમાત્માએ પોતાના **પુંડરીક** ગણધરને કહ્યું કે—"હે યતિશ્રેષ્ઠ! અમે વિહારને માટે અન્ય સ્થળે જઈશું પરન્તુ તમે કોટિ (કરોડો) મુનિવરો સાથે અત્રે જ રહો. ક્ષેત્રના પ્રભાવથી આ જ પર્વત પર અલ્પ સમયમાં તમને પરિવાર સહિત કેવળજ્ઞાનની પ્રાપ્તિ થશે. વળી શૈલેશી ધ્યાનને ધ્યાવતાં તમને તથા સમસ્ત સાધુગણને આ જ પર્વત પર શીઘ્ર મોક્ષ પ્રાપ્ત થશે." પરમાત્માનું આવું કથન સાંભળીને "આપની આજ્ઞા પ્રમાણ છે" એમ સ્વામીકથન સ્વીકારીને, પરમાત્માને પ્રણામ કરીને ગણધર પુંડરીકસ્વામી કોટિ મુનિવરો સાથે તે પર્વત પર રહ્યા. આ બાજુ પૃથ્વીતલ પર વિચરવાને પરમાત્મા પોતાના પરિવાર સાથે અન્યત્ર ચાલ્યા જવા બાદ પુંડરીક ગણધરે સાધુઓને ઉદ્દેશીને કહ્યું કે—"હે મહર્ષિઓ! આ શત્રુંજય પર્વત મોક્ષના હેતુભૂત છે. અહીં ક્ષેત્રના પ્રભાવથી જલ્દી કર્મ ક્ષય થશે. મોક્ષપ્રાપ્તિને અર્થે મુનિવર્યોએ સંલેખના કરવી જોઈએ. તે સંલેખના દ્રવ્ય અને ભાવ એવા ભેદથી બે પ્રકારે છે. દરેક પ્રકારના ઉન્માદને(વિકારને) પ્રગટાવનાર તેમજ સર્વ વ્યાધિઓના કારણભૂત એવી સર્વ ધાતુઓનું શોષણ કરવું તે દ્રવ્યસંલેખના કહેવાય છે જ્યારે ભાવ સંલેખના તો આત્માના શત્રુ સદૃશ રાગ, દ્વેષ અને મોહાદિ કષાયોનો નાશ કરવો તે છે." આ પ્રમાણે સૂચવીને પુંડરીક ગણધરે *કરોડ મુનિવરોની સાથે સૂક્ષ્મ તથા બાદર અતિચારોની આલોચના કરી, અને સાધુગણને વિષે ફરી વાર મહાવ્રતનો આરોપ કર્યો અર્થાત્ પુનઃ મહાવ્રત ઉચ્ચરાવ્યા. **વારંવાર સાફ કરેલ આદર્શ (કાચ) અત્યંત નિર્મળ સ્વચ્છ બને છે.** બાદ "હું સર્વ જીવોને ખમાવું છું, સર્વે પ્રાણીઓ મને ખમજો. તે સર્વ જંતુગણની સાથે મારે મૈત્રીભાવ છે અને કોઈપણની સાથે વૈરભાવ નથી" એ પ્રમાણે ઉચ્ચરીને પુંડરીકસ્વામીએ સર્વ સાધુઓની સાથે દુષ્કર એવું **ભવચરિમ** અનશન સ્વીકાર્યું—કર્યું. એક માસને અંતે, ચૈત્ર માસની પૂર્ણિમાને દિવસે પ્રથમ પુંડરીક ગણધરને અને બાદ સર્વ સાધુઓને કેવળજ્ઞાન ઉપજ્યું, તેમજ શુક્લધ્યાનની શ્રેણીદ્વારા સકળ કર્મનો ક્ષય કરીને ગણધર મહારાજાએ સર્વ સાધુસમુદાય સાથે મોક્ષપદ પ્રાપ્ત કર્યું, એટલે દેવોએ સ્વર્ગમાંથી શીઘ્ર આવીને તે સર્વ મુનિગણનો **મરુદેવા** માતાની માફક નિર્વાણ મહોત્સવ કર્યો. જેમ શ્રી ઋષભદેવ પ્રથમ તીર્થંકર થયા તેમ તે સમયે શ્રી શત્રુંજય પર્વત પણ પ્રથમ તીર્થ તરીકે પ્રસિદ્ધિ પામ્યું. જે સ્થળે એક પણ સાધુ સિદ્ધિપદને પામે તે સ્થાન તીર્થસ્વરૂપ બને તો જ્યાં સંખ્યાબંધ મુનિઓ સિદ્ધિસ્થાન પામ્યા તેની તો વાત જ શી કરવી? અર્થાત્ તે

* પુંડરીકસ્વામી પાંચ કરોડ મુનિવરો સાથે સિદ્ધિપદ પામ્યાનું શ્રી પુંડરીક ચરિત્ર ભાષાંતર પૃ. ૨૮૪માં જણાવ્યું છે.

અવશ્ય પ્રધાન તીર્થ જ બને. આ પ્રમાણે સિદ્ધક્ષેત્ર થવાથી શત્રુંજય પર્વત સર્વ પર્વતોમાં મુકુટરૂપ બન્યો. ભરત ચક્રવર્ત્તીએ પણ વિવિધ રત્નમય ચૈત્ય તે તીર્થ પર બંધાવ્યું અને તેની મધ્યમાં શ્રી પુંડરીકસ્વામી યુક્ત શ્રી ઋષભદેવના બિંબની પણ સ્થાપના કરીને પોતાના આત્માની માફક પ્રાણીગણને પણ સ્થિર કર્યો. જેમ ચંદ્ર પોતાની ચંદ્રિકાથી પ્રાણીઓને શાંતિ અર્પે તેમ પરમાત્માએ સમકિતદાનદ્વારા ભવ્ય પ્રાણીઓને ઉગ્ર ભવતાપથી રહિત બનાવ્યા.

### પરમાત્માનો પરિવાર—

પરમાત્મા શ્રી ઋષભદેવનો પરિવાર નીચે પ્રમાણે હતો—ચોરાશી હજાર સાધુઓ, ત્રણ લાખ સાધ્વીઓ, ચાર હજાર સાત સો પચાસ ચૌદ પૂર્વધારી, નવ હજાર અવધિજ્ઞાની, વીશ હજાર કેવળજ્ઞાની, વીશ હજાર ને છ સો વૈક્રિય લબ્ધિવાળા, બાર હજાર ને સાડાછસો વાદીઓ, તેટલા જ મનઃપર્યવજ્ઞાનવાળા, બાવીશ હજાર અનુત્તરવિમાનવાસી (અનુત્તરવિમાનમાં ઉપજનારા) મહાત્માઓ, ત્રણ લાખ ને પચાશ હજાર શ્રાવકો તેમજ પાંચ લાખ ને ચોપન હજાર શ્રાવિકાઓ તેમના પરિવારમાં હતી.

### નિર્વાણસમયે અષ્ટાપદ પર્વત પર પ્રભુનું આગમન અને ભરત ચક્રીનું ગ્લાનિયુક્ત ત્યાં જવું—

દીક્ષા લીધા બાદ એક લાખ પૂર્વ વ્યતીત થઈ ગયે સતે પોતાનો મોક્ષસમય નજીક આવ્યો જાણીને પરમાત્મા શ્રી ઋષભદેવ અષ્ટાપદ પર્વતે આવ્યા અને ત્રિભુવન સ્વામી પોતાના પરિવાર યુક્ત તેની ઉપર ચઢ્યા તે જાણે કે શ્રેષ્ઠ તપરૂપી વૃક્ષના મોક્ષરૂપ ફળને ગ્રહણ કરવાને ઈચ્છતા હોય તેમ જણાતું હતું. બાદ દશ હજાર મુનિવરો સાથે તે સ્થળે પરમાત્માએ ચતુર્દશ ભક્ત (છ ઉપવાસ)પૂર્વક **પાદપોપગમન** નામનું અણશણ સ્વીકાર્યું. ત્યાં રહેલા ગિરિપાલકોએ પરમાત્માને આવેલા જાણીને, જલ્દીથી વિનીતા નગરીએ જઈને ભરત ચક્રવર્ત્તીને તે વૃત્તાંત નિવેદન કર્યો એટલે કર્ણને વજ્રની સોય સમાન દુઃખદાયક તેઓનું કથન સાંભળીને ચક્રીએ પૂર્વે કદી નહીં અનુભવેલી પીડા અનુભવી અર્થાત્ અતિશય દુઃખી થયા. પરમાત્માને ચાર પ્રકારના આહારના ત્યાગી (અનશન સ્વીકારેલ) જાણીને ભરત મહારાજા ચાર ગતિવાળા સંસારને વિષે પણ વિરક્ત બન્યા. વળી શોકથી આકુળવ્યાકુળ બનેલ ભરત મહારાજા સતત નેત્રાશ્રુ વહાવવા લાગ્યા તે જાણે કે—અત્યંત પ્રદીપ્ત શોકાનલથી આર્દ્ર બનેલ ભાલપ્રદેશના પ્રસ્વેદબિંદુઓ હોય તેમ લાગતા હતા. બાદ તેઓ પોતાના અંતઃપુરપરિવાર સાથે પગપાળા જ વેગપૂર્વક અષ્ટાપદ પર્વત પ્રત્યે ચાલી નીકળ્યા. કાંકરાઓથી કઠિન માર્ગમાં ચાલતા ભરત ચક્રીએ પોતાની વેદના જાણી નહીં તે જાણે કે હૃદયમાં ધારણ કરેલ વિચક્ષણ શોકે તે વેદનાને હરી લીધી હોય તેમ જણાતું હતું. તીક્ષ્ણ કાંકરાઓથી ઘવાયેલા તેમના ચરણમાંથી ઝરતાં રુધિરબિંદુસમૂહના



શ્રી આદિનાથ પ્રભુનું શ્રી અષ્ટાપદ પર્વત ઉપર નિર્વાણ (મોક્ષગમન)

બહાનાથી જાણે કે શોકથી પ્રેરાયેલ તેમના અંતઃકરણનો સંસાર પ્રત્યેનો રાગ ગળી (ઝરી) રહ્યો હોય તેમ દેખાતું હતું. વળી 'મારી ગતિ કરતાં વાહનોની ગતિ વિશેષ નથી' એમ વિચારીને લોકોદ્વારા લવાયેલ વાહનો ઉપર ભરત ચઢ્યા નહીં. વેગપૂર્વક ચાલવાને અંગે પ્રગટેલ ભરત મહારાજાના લલાટપ્રદેશના પ્રસ્વેદબિંદુઓએ, માર્ગને વિષે પણ પરમાત્માના ભક્તોને માટે મુક્તાપટના સ્વરૂપને ધારણ કર્યું. (પ્રસ્વેદના જે બિંદુઓ રસ્તા પર ખરી પડતા તે જાણે કે મોતીસમૂહોની પરંપરાથી મુક્તાપટ સરખા જણાતા હતા. વળી ભરત મહારાજા રાજસભામાં બેસીને તો મુક્તાપટ આપે તેમાં નવાઈ નહીં, પરંતુ માર્ગમાં પણ મુક્તાપટ અર્પી રહ્યા હતા તે દર્શાવીને કવિએ ચમત્કૃતિ દર્શાવી છે.) મસ્તક પર છત્ર ધારણ કરાવવા છતાં ભરત મહારાજાનો સંતાપ શાંત થયો નહીં, કારણ કે **પરમાત્માના દર્શન સિવાય અંતઃકરણનો સંતાપ શી રીતે શાંત થાય ?** ચાલવામાં સ્ખલના પામતી ચામરધારિણીઓને, પવન કરતાં વિશેષ વેગવાળા ભરત ચક્રીએ પાછળ રાખી દીધી. આ પ્રમાણે અત્યંત વેગપૂર્વક ગમન કરતાં તેઓ શીઘ્ર અષ્ટાપદ પર્વતે આવી પહોંચ્યા તે જાણે કે તેમને અનુકૂળ થવાને માટે જ રસ્તો ટૂંકો બની ગયો હોય તેમ જણાતું હતું. બાદ પવનથી પ્રેરાયેલ મેઘની માફક પગપાળા ભરતમહારાજા પાયદળ સૈનિકની જેમ પર્વત પર ચઢ્યા. ત્યાં આગળ પરમાત્માને જોઈને તેમણે, જેમ કૃષ્ણપક્ષનો સંધ્યાકાળ પ્રભાયુક્ત અંધકારને ધારણ કરે તેમ અલ્પ હર્ષ યુક્ત શોકને ધારણ કર્યો. (સંધ્યા સમયે પ્રભા–પ્રકાશ ન્યૂન હોય અને અંધકાર વિશેષ હોય તેમ ભરતને અલ્પ હર્ષ અને શોક વિશેષ હતો.) બાદ પર્યંકાસને બિરાજેલા પરમાત્મા શ્રી ઋષભદેવને પ્રદક્ષિણા આપીને, નમસ્કાર કરીને, ગ્લાનિયુક્ત તેઓ તેમની બાજુમાં બેઠા.

આ બાજુ 'આ પ્રમાણે પરમાત્માએ અનશન સ્વીકાર્યે છતે ઈંદ્રો કેમ શાંત બેસી રહે ?' એમ વિચારીને હોય તેમ ચોસઠ ઈંદ્રોનાં આસનો કંપી ઊઠ્યા, એટલે અવધિજ્ઞાનદ્વારા પરમાત્માનો નિર્વાણ સમય જાણીને મન જેવા વેગવાળા ઈંદ્રો તે સમયે તરત જ પ્રભુ પાસે આવી પહોંચ્યા અને પ્રદક્ષિણા આપીને, પ્રણામ કરીને જાણે પત્થરની મૂર્તિઓ હોય તેમ મૌનભાવે ગ્લાનિયુક્ત બેઠા.

### પરમાત્માનું નિર્વાણ–

આ અવસર્પિણી કાળના ત્રીજા આરાના નેવ્યાસી (૮૯) પખવાડિયા બાકી રહ્યા હતા ત્યારે માઘ માસની કૃષ્ણ ત્રયોદશીના (ગુજરાતી પોસ વદિ તેરસ–મેરુતેરસ) પૂર્વાહ્ને અભિચી નક્ષત્રમાં ચંદ્રનો યોગ આવ્યો હતો ત્યારે પર્યંકાસને બિરાજેલા પરમાત્મા શ્રી ઋષભદેવે શુક્લધ્યાનના **'સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ'** નામના ત્રીજા પાયાને ધ્યાવીને તરત જ **'ઉચ્છિન્નક્રિયા અનિવૃત્તિ'** નામના ચોથા પાયાનો આશ્રય કર્યો. બંધના અભાવથી એરંડાનું બીજ જેમ વૃદ્ધિ પામે તેમ કર્મના અભાવથી અનંત ચતુષ્ટયવાળા પરમાત્મા ઊર્ધ્વ ગતિવાળા

બનીને ઋજુગતિદ્વારા મોક્ષસ્થાને પહોંચ્યા. દશ હજાર કેવળી સાધુઓ પણ ક્ષપકશ્રેણીરૂપી નિસરણી પર આરૂઢ થઈને મુક્તિમંદિરે પહોંચ્યા. ત્રણ જગતના સ્વામી શ્રી **ઋષભદેવના** નિર્વાણ કલ્યાણકથી, હંમેશાં દુઃખનો જ અનુભવ કરતાં નારક જીવોને પણ ક્ષણમાત્ર સુખ પ્રાપ્ત થયું. પરમાત્માના નિર્વાણથી અતિશય શોકવ્યાપ્ત ભરત મૂર્ચ્છા પામ્યા, કારણ કે તે સમયે દુઃખને નાશ કરનાર (ઓછું કરનાર) રુદન કોઈપણ જાણતું નહીં, એટલે દુઃખને અને શોકને નષ્ટ કરનાર રુદનક્રિયા ચક્રીને જણાવવા માટે સમગ્ર દેવો સાથે ઇંદ્રે તે શરૂ કરી. તેઓના રુદનથી મૂર્ચ્છા રહિત બનેલ ચક્રી આકાશ તથા પૃથ્વીપીઠને ભરી દેતા પોકારયુક્ત રુદન કરવા લાગ્યા, એટલે તથાપ્રકારના રુદનથી ચક્રવર્ત્તીના અંતઃકરણનો શોક, જેમ કુહાડાના ઘાથી લાકડું છેદાઈ જાય તેમ જલ્દી નષ્ટ થઈ ગયો. ત્યારથી પ્રારંભીને લોકોને વિષે શોકસમયે દુઃખરૂપી શલ્યવાળા અંતઃકરણને શલ્યરહિત કરનાર રુદનક્રિયા પ્રવર્તી. બાદ ચક્રી પોતાની ધીરજનો ત્યાગ કરીને નીચે પ્રમાણે વિલાપ કરવા લાગ્યા કે—"હે પિતા ! હે જગતરક્ષક ! તમે મને ત્યજી ચાલ્યા ગયા છો. સકળ કર્મ રહિત બનેલ બાહુબલિ વિગેરે મારા નિર્મોહી બંધુઓ, બ્રાહ્મી અને સુંદરી બંને બહેનો, પુંડરીકાદિ પુત્રો અને શ્રેયાંસ પ્રમુખ પૌત્રો મને એકલો ત્યજી દઈને મુક્તિપદને પામ્યા છે. આમ છતાં પણ પાંપીષ્ઠ એવો હું અદ્યાપિ પર્યંત જીવી રહ્યો છું અને રાજ્યમોહનો ત્યાગ કરતો નથી. હે સ્વામિન્ ! તમારી ધર્મદેશનાદ્વારા મળતું સુખ મને તમારા વિના ક્યાંથી પ્રાપ્ત થશે ?" આ પ્રમાણે મોહાધીનતાને અંગે અત્યંત વિલાપ કરતા ચક્રવર્ત્તીને ઇંદ્ર મહારાજે ઉપદેશમય મધુર વચનોથી સમજાવ્યા—શાંત કર્યા.

બાદ ઇંદ્રે આભિયોગિક દેવોને નંદનવનમાંથી ચંદનકાષ્ઠો લાવવાની આજ્ઞા આપી, એટલે તેઓ નિમેષમાત્રમાં પુષ્કળ ગોશીર્ષચંદન લાવ્યા અને તે દ્વારા ઇંદ્રમહારાજાએ ત્રણ ચિતાઓ તૈયાર કરાવી. પૂર્વદિશામાં પરમાત્માની ગોળ, દક્ષિણ દિશામાં ઇક્ષ્વાકુ વંશના મુનિઓની ત્રિકોણાકારવાળી અને પશ્ચિમદિશામાં અન્ય મુનિવરોની ચોખંડી ચિતા તૈયાર કરાવીને ઇંદ્રમહારાજે દેવોદ્વારા લવાએલ ક્ષીરસાગરના જળથી પરમાત્માના દેહને ભક્તિપુરસ્સર સ્નાન કરાવ્યું. પછી ગોશીર્ષચંદનનું વિલેપન કરીને દિવ્યવસ્ત્રો અને અન્ય રત્નાભરણોથી પરમાત્માના શરીરને શણગાર્યું. બીજા દેવોએ ઇંદ્રની માફક અન્ય મુનિવરોનું સ્નાન, વિલેપન આદિ કાર્ય ભક્તિપૂર્વક કર્યું, બાદ દેવોએ એક હજાર પુરુષોથી વહન થઈ શકે તેવી રત્નમય ત્રણ શિબિકાઓ તૈયાર કરી એટલે સૌધર્મેંદ્રે પરમાત્માના બંને ચરણને નમસ્કાર કરીને તેમના દેહને શિબિકામાં સ્થાપન કર્યો. બીજી શિબિકામાં ઇક્ષ્વાકુ વંશના મુનિઓને અને ત્રીજી શિબિકામાં અન્ય સાધુગણને, મસ્તક પર ઉપાડીને મૂક્યાં. બાદ વાજિંત્ર વાગવા લાગ્યા એટલે ઇંદ્ર પરમાત્માની શિબિકાને ચિતા પાસે લઈ ગયા અને બીજી બંને શિબિકાને દેવો ચિતા પાસે લાવ્યા અને ક્રમપૂર્વક તેઓને તેમની ચિતામાં સ્થાપન કર્યા, ત્યારે ઇંદ્રમહારાજની આજ્ઞાથી અગ્નિકુમાર દેવોએ જલ્દી અગ્નિ વિકુર્વ્યો અને તેને વિશેષ પ્રદીપ્ત કરવાને વાયુકુમાર

દેવોએ વાયુ પ્રગટાવ્યો. અસ્થી (હાડકાં) સિવાયની સઘળી ધાતુઓ દગ્ધ થઈ જવા બાદ મેઘકુમાર દેવોએ ક્ષીરસાગરના જળથી તે ચિતાગ્નિને બૂઝવી નાખ્યો.

**ઇંદ્ર વિગેરેએ કરેલ પ્રભુની દાઢાદિકનો સ્વીકાર—**

સૌધર્મેંદ્રે પ્રભુની ઉપલી જમણી દાઢા, ઈશાનેંદ્રે ડાબી બાજુની ઉપલી દાઢા, ચમરેંદ્રે નીચલી જમણી દાઢા, બલીંદ્રે ડાબી બાજુની નીચલી દાઢા અને બીજા ઇંદ્રોએ પરમાત્માના દાંતો ગ્રહણ કર્યા. બીજા દેવોએ હાડકાં ગ્રહણ કર્યાં અને શ્રાવકો ત્રણે ચિતાના અગ્નિને લઈ જઈને પોતાના ગૃહમાં પૂજવા લાગ્યા. કેટલાયે ઘરમાં ભસ્મ લઈ જઈને પ્રતિદિન તેને પ્રણામ કરવા લાગ્યા. દેવોએ તે ત્રણ ચિતાને સ્થાને ત્રણ સ્તૂપની રચના કરી. બાદ નંદીશ્વર દ્વીપે જઈને શાશ્વત પ્રતિમા સમીપે અટ્ઠાઈ મહોત્સવ કરીને સર્વ દેવો પોતપોતાના સ્થાને ગયા. ઈંદ્ર મહારાજાઓએ પોતપોતાના વિમાનમાં **માણવક** નામના સ્તંભને વિષે વજ્રમય ગોળ ડાબડામાં પરમાત્માની દાઢાઓ મૂકી અને હમેશાં ભક્તિપૂર્વક તેનું પૂજન કરવા લાગ્યા, જેથી તે તે દાઢાઓના પ્રભાવથી તે ઇંદ્રોને વિજય તથા મંગળની પ્રાપ્તિ થવા લાગી.

**ભરત મહારાજાએ બનાવેલો જિનપ્રાસાદ—**

ભરત મહારાજાએ પણ પરમાત્માના અગ્નિસંસ્કારની ભૂમિના સમીપ પ્રદેશમાં **સિંહનિષદ્યા** નામનો મણિમય જિનપ્રાસાદ તૈયાર કરાવ્યો. ચક્રવર્ત્તીની આજ્ઞાથી વાર્ધકી રત્ને તે જિનપ્રાસાદ વિવિધ રત્નમય એક યોજન વિશાળ અને ત્રણ ગાઉ ઊંચો બનાવ્યો. તેને સ્ફટિક રત્નના ચાર દરવાજા બનાવ્યા અને દરેક દ્વારે રત્નના સોળ-સોળ તોરણ બંધાવ્યા. વળી તે પ્રાસાદમાં દ્વારોની નજીકમાં વિવિધ રત્નમય મંડપ અને પ્રેક્ષામંડપ રચાવ્યા, અને ઋષભાદિ ચોવીશ તીર્થંકરોની ક્રમપૂર્વક દેહમાન પ્રમાણવાળી રત્નમય મૂર્તિઓની સ્થાપના કરી. વળી પોતાના નવાણું ભાઈઓની વિવિધ પ્રતિમાઓ ભરાવી તેમજ પરમાત્માની સેવા કરતી એવી પોતાની મૂર્તિને પણ સ્થાપી, જે તેમની અસાધારણ ભક્તિ દર્શાવતી હતી. તે પ્રાસાદની બહાર પરમાત્માના તેમજ નવાણુ ભાઈઓના યશસમૂહ હોય તેવા સ્તૂપો કરાવ્યા. 'જતાં-આવતાં લોકો આ સ્તૂપોની આશાતના ન કરો' એમ વિચારીને તે સ્થળે લોઢાના યંત્રમય આરક્ષકો (ચોકીદારો) ગોઠવ્યા-ઊભા રાખ્યા, એટલે જેમ જૈન તત્ત્વના જ્ઞાનથી ભવ્ય પ્રાણીના અંતઃકરણમાં ભય પ્રવેશ પામતો નથી તેમ તે આરક્ષકોને કારણે મનુષ્યોને માટે તે સ્થાન અગમ્ય બની ગયું. બાદ તે અષ્ટાપદ પર્વતના દાંતા (ધાર)ને દંડરત્નવડે ભરત મહારાજાએ તોડી નાખવાથી, જેમ વૃદ્ધાવસ્થાને અંગે પુરુષને સ્ત્રી અગમ્ય બને તેમ મનુષ્યને માટે તે અષ્ટાપદ પર્વત અનારુહ્ય બની ગયો. આ પ્રમાણે મૂળ ભાગમાંથી છેદાયેલ દાંતાઓને લીધે ઊંચો અને સીધો અષ્ટાપદ, જેમ છેદાયેલ શાખાઓને લીધે વૃક્ષ આરોહણ ન કરી શકાય તેવો બને તેમ ન ચડી શકાય તેવો બન્યો. બાદ ભરત મહારાજાએ તેની ચારે બાજુ યોજન-યોજનના

આંતરાવાળા આઠ પગથિયાની રચના કરી જેથી તે પર્વત **અષ્ટાપદ** (આઠ પગથિયાવાળો) તરીકે પ્રસિદ્ધિ પામ્યો. આઠ કર્મને લીધે જેમ ભવ્ય પ્રાણી મોક્ષે ન જઈ શકે તેમ દુર્લંઘ્ય આઠ પગથિયાને લીધે તે પર્વત પણ માનવીઓ માટે દુર્ગમ્ય બની ગયો. આ પ્રમાણે સિંહનિષદ્યા પ્રાસાદનું નિર્માણ કરીને, પરમાત્માની પ્રતિષ્ઠા કરીને, વિધિપૂર્વક પૂજન કરીને, પ્રણામ કર્યા બાદ ભરત મહારાજાએ સ્તુતિ કરી. પછી નિષ્પાપ આચરણવાળા, ધર્મીષ્ઠ પુરુષોમાં અગ્રેસર અને મનુષ્યોને વિષે સિંહ સમાન ભરત મહારાજા ગુફાસમાન સિંહનિષદ્યા પ્રાસાદમાંથી બહાર નીકળ્યા. પોતાના યશસમૂહ સરખા અને ધ્વજાયુક્ત તે પ્રસાદને પાછું વાળીને જોતાં ચક્રવર્ત્તી પર્વત પરથી નીચે ઊતર્યા, અને પરમાત્માના સ્મરણમાં લયલીન મનવાળા તેઓ કષ્ટપૂર્વક વિનીતા નગરીમાં ગયા. ત્યાં આગળ પૌરલોકોવડે દુઃખને અંગે અશ્રુ વહાવવાથી મ્લાન મુખવાળા જોવાતા ભરત વિનીતામાં દાખલ થયા, પરન્તુ ગાઢ અરણ્યમાં શરણહીન પ્રાણી શાંતિ મેળવી શકે નહીં તેમ પરમાત્માનું સ્મરણ કરતાં મહારાજા ભરત પોતાના રાજમહેલમાં રહેવા છતાં લેશમાત્ર શાંતિ મેળવી શક્યા નહીં. જેનું સર્વસ્વ નષ્ટ થઈ ગયું છે તેવા પુરુષની જેમ ભરતચક્રી પણ વારંવાર પરમાત્માને યાદ કરીને કોઈપણ મનોરંજક વિલાસમાં મગ્ન થતા ન હતા અર્થાત્ તેમને ભોગવિલાસ પણ પસંદ પડતા નહીં, એટલે પરમાત્માના સ્મરણથી વ્યાપ્ત તેમને કુળમંત્રીઓએ નીચે પ્રમાણે બોધદાયક વચનો કહ્યા–

### શોકગ્રસ્ત ભરતને મંત્રીએ કહેલ ઉપદેશ-વચન–

"હે નાથ! પૂર્વે રાજ્યકર્તા પરમાત્મા શ્રી ઋષભદેવે સમગ્ર જનતાને લક્ષ્મીના આભૂષણરૂપ વ્યવહાર ધર્મમાં પ્રવર્તાવ્યા હતા. બાદ દીક્ષા લઈને, કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને સંસાર-સાગરથી તારવાને ઈચ્છતા પ્રભુએ જગતને ધર્મમાં પ્રવર્તાવ્યું હતું. પોતાના આત્માની માફક અન્ય પ્રાણીઓને કૃતકૃત્ય બનાવીને જે મોક્ષે સીધાવ્યા તે સિદ્ધ પરમાત્માનો શોક કેમ હોઈ શકે? જેણે પરમાત્માનો ધર્મોપદેશ એક જ વાર સાંભળ્યો હોય તે સંસારના વિકારરૂપ શોકથી જીતાય નહીં અર્થાત્ તેણે શોક કરવો ઉચિત નથી. જેમ વિષથી અમૃત, અંધકારથી સૂર્ય, દારિદ્ર્યથી કલ્પવૃક્ષ, દુર્જનથી સજ્જન, અધર્મથી ધર્મ, મૃત્યુથી સિદ્ધ પરમાત્મા જીતાય નહીં તેમ લોકોને કષ્ટદાયક શોકથી તત્ત્વજ્ઞ પ્રાણી કદી લોપાતો નથી–જીતાતો નથી. તમને રાજા તરીકે સ્થાપીને પરમાત્મા આત્મસાધનમાં તત્પર બન્યા અને બાહુબલિ આદિ ભાઈઓ પણ તે પ્રભુને અનુસર્યા. વળી **આદિત્યયશા** કુમાર હજુ બાળક હોઈને રાજ્ય–ધુંસરી વહન કરવાને લાયક નથી, તમારે એકલાએ જ પ્રજાનું પાલન કરવાનું છે. જો તમે શોકથી જીતાશો તો હે સ્વામિન્! નિર્નાથની જેવી આ પ્રજાનું કોણ પાલન કરશે? તમે ત્રણ લોકમાં અજોડ ધૈર્યશીલ પરમાત્માના પુત્ર છો, માટે ધૈર્ય ધારણ કરો." આ પ્રમાણે મંત્રીઓની સમજાવટથી બોધ પામેલા ચક્રવર્ત્તી ધીમે ધીમે રાજકાજમાં પ્રવર્ત્યા. ક્રમે ક્રમે શોકરહિત બનેલા ભરતમહારાજા,

જેમ મેઘરહિત ચંદ્ર પોતાના કિરણસમૂહથી લોકોને પ્રમોદ પમાડે તેમ નિર્મળ રાજનીતિથી પ્રજાને આનંદ પમાડવા લાગ્યા. વળી તેમના રાજશાસનમાં સર્વત્ર ધર્મ પ્રચાર પામ્યો, પરન્તુ પ્રાણીઓને દુઃખ માત્ર એટલું થયું કે–તેઓની પાસે કોઈ યાચક આવતો ન હતો અર્થાત્ કોઈપણ દીન કે દુઃખી ન હતું. ભોગાવલી કર્મને અંગે આવી મળેલા–પ્રાપ્ત થયેલા તેમજ મહાપુણ્યશાળીઓને જ પ્રાપ્ત થાય તેવા ભોગોને ચક્રવર્ત્તી ભરત પોતાની ઇચ્છાનુસાર ભોગવવા લાગ્યા. આ પ્રમાણે સંસાર સંબંધી વિષયિક સુખ ભોગવતા ભરત મહારાજાના, પરમાત્માશ્રી ઋષભદેવના નિર્વાણ સમયથી પાંચ લાખ પૂર્વ જેટલા વર્ષો વ્યતીત થઈ ગયા. કોઈએક દિવસે વસ્ત્રાદિ પરિધાન માટે, જેમ ઇંદ્ર દેવીઓના મંદિરમાં પ્રવેશ કરે તેમ પોતાના અંતઃપુરમાં ગયા. સમગ્ર દેહે રત્નના આભૂષણવાળા ભરત મહારાજાને વિષે તે બધી સ્ત્રીઓ પ્રતિબિંબદ્વારા દાખલ થઈ ગઈ જ્યારે તેઓના મનમાં તો એકલા ભરત મહારાજા જ દાખલ થયા.

**ભરતમહારાજાનો આદર્શભુવનમાં પ્રવેશ અને કેવળજ્ઞાનપ્રાપ્તિ–**

બાદ જેમાં પોતાના દેહ પ્રમાણવાળું સ્વરૂપ નીરખી શકાય તેવા આરીસા ભુવનમાં ભરત મહારાજાએ પ્રવેશ કર્યો, જેમ કેવળજ્ઞાનીના જ્ઞાનમાં સમગ્ર ચૌદ રાજલોક પ્રતિબિંબિત થાય તેમ તે આરીસાભુવનમાં ભરત મહારાજાનું સમગ્ર શરીર પ્રતિબિંબિત થયું, તેવામાં જેનું યૌવન વૃદ્ધિ પામ્યું છે તેવી સ્ત્રી અચાનક વૃદ્ધ પતિના હાથમાંથી સરકી જાય તેમ તેમના હસ્તમાંથી ફક્ત રત્નજડિત વીંટી સહસા નીકળી ગઈ. આરીસામાં પોતાના દેહને નીહાળતાં તેઓએ મુદ્રિકાના નીકળી જવાથી શોભાહીન બનેલ પોતાની આંગળીને જોઈ, એટલે અલંકારવાળી સધવા (પતિવાળી) સ્ત્રીઓને વિષે જેમ વિધવા (ધણી વિનાની) સ્ત્રી શોભા રહિત-કલાહીન દેખાય તેમ અલંકાર યુક્ત આંગળીઓના મધ્યમાં તે આંગળી નિસ્તેજ જણાવા લાગી. એ પ્રમાણે જોઈને ચક્રવર્ત્તી વિચારવા લાગ્યા કે–"દિવસે ચંદ્રિકા રહિત ચંદ્રની માફક શું આ મારો દેહ પણ અલંકાર રહિત તેજોહીન છે ?" આમ વિચારીને તેમણે સૌથી પ્રથમ મસ્તક પરથી પોતાનો મુકુટ દૂર કર્યો તે જાણે કે પરમાત્માએ સોંપેલ પૃથ્વીપાલનના ભારને નીચે ઉતારતા હોય તેમ જણાતું હતું. મુકુટ દૂર કરવાથી ભરત, કાંગરાવિહીન કિલ્લાની માફક દેખાવા લાગ્યા. પછી જુવાન સ્ત્રીઓના મદને જીતનાર કામદેવની અને યુવાવસ્થાની જાણે તૈયાર કરેલ ઢાલ હોય તેવા બંને કર્ણના મણિમય કુંડળો દૂર કર્યા. સૂર્યના અસ્ત થવાથી અને ચંદ્રના નહીં ઊગવાથી (પ્રગટ થવાથી) જેમ સંધ્યાકાળ શોભા રહિત દેખાય તેમ બંને કુંડળ રહિત બનવાથી ભરત મહારાજાનું મુખ કમળ કાંતિવિહોણું બની ગયું. બાદ પોતાના કંઠમાંથી, મોહરાજાએ નાખેલ પાશ સમાન મનોહર હારને દૂર કર્યો તેથી શોભા રહિત બનેલ વક્ષઃસ્થળ, પ્રાતઃકાળે તારા અને ચંદ્રિકાવિહીન આકાશની જેવું દેખાવા લાગ્યું. પોતાના બંને મહાબલીષ્ઠ

બાહુના તૂટી જવાની આશંકાથી બહારના બંધનરૂપ રાખેલા બંને બાજુબંધો દૂર કર્યા, એટલે તેથી રહિત બનેલ તેમના બંને બાહુઓ ક્યારા રહિત બે વૃક્ષ સરખા જણાતા હતા. બાદ પોતાના કાંડાઓ પરથી કંકણો દૂર કર્યા તે જાણે કે–સ્ત્રીઓના અભિમાનને નષ્ટ કરનાર કામદેવનાં ચક્રો હોય તેમ જણાતા હતા. મણિકંકણ રહિત બંને કાંડાને ભરત મહારાજા જોવા લાગ્યા ત્યારે તે પુષ્પની માળા રહિત બે ઇંદ્રસ્તંભ સરખા જણાતા હતા. બાદ તેમણે હસ્તકમલના વિકાસને માટે સૂર્યકાંતિ સરખી પહેરેલી મુદ્રિકાઓ પણ અંગુલીરૂપી પલ્લવશ્રેણીથી દૂર કરી, એટલે પ્રકાશિત રત્નની કાંતિ યુક્ત મુદ્રિકાથી વિહીન બનેલ અંગુલીઓ જાણે કે છેદાયેલ નૂતન અંકુરાવાળી વૃક્ષની ડાળીઓ સરખી જણાવા લાગી. આ પ્રમાણે એક પછી એક સર્વ આભૂષણોથી રહિત બનેલા ભરત મહારાજાએ ગુણરહિત પુરુષની જેમ પોતાના દેહને શોભા રહિત જોયો, એટલે તેઓ વિચારવા લાગ્યા કે–"દુર્જનની માફક બહારથી અલંકારોદ્વારા સુંદર દેખાતા પરન્તુ સ્વભાવથી અસુંદર (અશોભન) એવા આ દેહને ધિક્કાર હો! પીવા લાયક નદીના જળને લવણસમુદ્ર જેમ અપેય બનાવે છે તેમ દેહને લાગેલા નિર્મળ દ્રવ્યોને પણ આ દેહ અપવિત્ર બનાવે છે. તે મારા ભાઈઓ વિચક્ષણ હતા કે જેઓએ અપવિત્ર એવા શરીરનું તપશ્ચર્યાદ્વારા સારભૂત મોક્ષરૂપી ફળ પ્રાપ્ત કર્યું. મારા કયા વંશજો દેહ પ્રત્યેની આસક્તિ ત્યજી દઈને મોક્ષમાં નથી ગયા? કાદવમાં મહિષ(પાડા)ની જેમ ખૂંચી ગયેલ વિષયાસક્ત હું ખરેખર એક જ છું." આ પ્રમાણે ચિંતવતાં ભરત મહારાજાએ અપૂર્વકરણના યોગથી ક્ષપકશ્રેણી પર આરૂઢ થઈને શુક્લધ્યાન પ્રાપ્ત કર્યું. પ્રબળ એવા શુક્લધ્યાનના બળથી કમળની ડાંડલીના તંતુ સરખા ઘાતીકર્મો નાશ પામી ગયા એટલે રાત્રિના ચાર પ્રહરને અંતે પ્રકાશિત સૂર્ય ઉદય પામે તેમ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાયરૂપ ચાર ઘાતીકર્મોનો વિનાશ થવાથી તેમને કેવળજ્ઞાન પ્રગટ્યું. આ પ્રમાણે ભરત ચક્રવર્તીને કેવળજ્ઞાન પ્રાપ્ત થવાથી આસનકંપદ્વારા તે જાણીને ઇંદ્રમહારાજા ત્યાં આવ્યા. કેવળજ્ઞાનની પ્રાપ્તિને લીધે સ્વામીપુત્ર સ્વામીની માફક અધિક રીતે માનનીય છે એટલે 'આપ દ્રવ્યલિંગ (સાધુવેષ) ગ્રહણ કરો' એમ ઇંદ્રમહારાજના કહેવાથી પોતાના કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીના મંદિરમાં ચંદરવારૂપ મનોહર કેશોનો તેમણે લોચ કર્યો, બાદ નજીકમાં રહેલ દેવોએ આપેલ રજોહરણ આદિ ચારિત્રના મુખ્ય ઉપકરણોને તેમણે સ્વીકાર્યાં. આ પ્રમાણે સાધુવેષ અંગીકાર કર્યા બાદ ઇંદ્રમહારાજે તેમને પ્રણામ કર્યા. **કેવળજ્ઞાન પ્રાપ્ત થવા છતાં પણ સાધુવેષ રહિત વ્યક્તિ વંદન કરાતી નથી.** ભરતમહારાજાની સાથે તેમના માંડલિક દશ હજાર રાજાઓએ દીક્ષા લીધી. **ખરેખર સ્વામીને અનુસરવાથી જ સેવકજનની ભક્તિ પ્રદર્શિત થાય છે.** બાદ ઇંદ્ર મહારાજાએ રાજ્ય વહન કરવાને યોગ્ય ભરત મહારાજાના પુત્ર આદિત્યયશાનો રાજ્યાભિષેક કર્યો. દીક્ષા-ગ્રહણ બાદ એક લાખ પૂર્વ પર્યંત ભવ્ય પ્રાણીઓને પ્રબોધતા ભરત મુનિ પોતાના પરિવાર યુક્ત વિચરવા લાગ્યા.

## અષ્ટાપદ પર્વત પર ભરત મુનીશ્વરનું નિર્વાણ—

યતિશ્રેષ્ઠ ભરત મુનીશ્વરે અષ્ટાપદ પર્વતે જઈને ચતુર્વિધ આહારના ત્યાગરૂપ અણશણ સ્વીકાર્યું, અને એક માસને અંતે શ્રવણ નક્ષત્રમાં ચંદ્રનો યોગ આવ્યે છતે અનંતચતુષ્ટયવાળા ભરત મુનિરાજ મોક્ષે સીધાવ્યા. પરમાત્મા શ્રી ઋષભદેવ પૃથ્વીનું પાલન કરતાં હતાં ત્યારે ભરત મહારાજાના કુમાર વયમાં ૭૭ લાખ પૂર્વ વર્ષો વ્યતીત થયા, બાદ પ્રભુએ જેમ છદ્મસ્થપણામાં એક હજાર વર્ષો વ્યતીત કર્યાં તેમ માંડલિકપણામાં પણ ભરતે એક હજાર વર્ષ પસાર કર્યાં. ચક્રવર્ત્તીપણામાં એક હજાર વર્ષ ન્યૂન છ લાખ પૂર્વ વર્ષો વ્યતીત કર્યાં અને ચંદ્રની માફક ઉપદેશામૃતથી પૃથ્વીને સિંચન કરતાં એક લાખ પૂર્વ કેવળી અવસ્થામાં વીતાવ્યા—આ પ્રમાણે કુલ ચોરાશી લાખ પૂર્વ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને ભરત મુનીશ્વર મોક્ષે ગયા અને દેવોએ તેમનો મોક્ષ-મહોત્સવ કર્યો. રાજ્યાવસ્થામાં પરમાત્માના ચરણોના એકનિષ્ઠ ધ્યાનથી, સંગ્રામમાં રિપુસમૂહનો નાશ કરવાથી તેમજ યાચકજનોને કલ્પવૃક્ષ સમાન ઇચ્છિત દાન આપવાથી જેમ ત્રણ પ્રકારે વીરતા પ્રાપ્ત કરી હતી તેમ કેવળી અવસ્થામાં ધર્મનો ઉદ્ધાર કરવાથી, આઠ મદનો વિનાશ કરવાથી અને ઉપદેશ આપવાથી—એમ ત્રણ પ્રકારે વીરપણું પ્રાપ્ત કરનાર ભરત મુનિશ્રેષ્ઠ મોક્ષે ગયા.

* * *

પરમાત્માની સંસારી અવસ્થામાં જે લોકસ્થિતિએ (ચૌદ રાજલોકે) સેવા સ્વીકારી હતી તેને ત્યજી દઈને વૈરાગ્યવાસિત બનેલા પરમાત્માએ અપૂર્વ અને અવર્ણનીય શાશ્વત (મોક્ષ) પદની લાંબા સમયે પ્રાપ્તિ કરી તેથી તેમના કેવળજ્ઞાનરૂપી આરિસામાં પ્રતિબિંબિત થયેલ તે લોકસ્થિતિ જેમને અનુસરી તે શ્રી **ઋષભદેવ પરમાત્મા** તમારું રક્ષણ કરો !

હે પદ્મમંત્રી ! હું જાણું છું કે—દેવો અમૃતનું ભોજન કરનારા હોવાથી અમરપણાને પ્રાપ્ત કરે છે, પરન્તુ અભિમાની એવી લક્ષ્મીદેવી તમને ત્યજી દેવા ઇચ્છતી નથી, કારણ કે તમારા પુણ્યરૂપી અમૃતથી ક્ષણે ક્ષણે સંતુષ્ટ કરાયેલી તે તમને પ્રાપ્ત થઈ છે તેથી હું માનું છું કે—તને અપ્રતિમ એવું અજરામરપણું પ્રાપ્ત થશે અર્થાત્ તમે દીર્ઘાયુષી થાઓ.

**અઢારમો સર્ગ સમાપ્ત.**

**સમાપ્ત**

# ઓગણીશમો સર્ગ

## પ્રશસ્તિ

શ્રેષ્ઠ પુણ્યલક્ષ્મીના મંદિરરૂપ, પવિત્ર અને ઉત્તમ **વાયટ** નામના નગરને વિષે દાતાર અને માની વાયટીય દ્વિજો રહેતા હતા, કે જેઓએ સોમયજ્ઞોથી પ્રગટેલ ધૂમરાશિદ્વારા અને વણિકોએ જિનપૂજનસમયે પ્રગટાવેલ ધૂપાગ્નિના ધૂમરાશિદ્વારા આકાશને મલિન બનાવ્યું હતું અર્થાત્ તે નગરમાં બ્રાહ્મણો યજ્ઞોમાં અને વણિકો જિનપૂજામાં નિરંતર રક્ત રહેતા. તે નગરમાં ધ્વજાના મૂળભાગમાં રહેલ કુંભ (કળશ)રૂપ એક સ્તનવાળું, પોતાના તેજથી કૈલાસને પણ તિરસ્કારી કાઢતું તેમજ વણિકોની સત્કીર્તિ અને ધર્મદ્વારા પાર્વતી અને મહાદેવના સંયુક્ત દેહસ્વરૂપવાળું **મહાવીર** પરમાત્માનું ચૈત્ય અપૂર્વ રીતે શોભી રહ્યું હતું. (શિવનું અર્ધ શરીર પોતામય અને અર્ધશરીર પાર્વતીમય છે. પુરુષદેહમાં સ્તન ન હોય તેથી પાર્વતીના દેહવિભાગમાં એક સ્તન કલ્પીને ધ્વજાની નીચે રહેતા કુંભને એક સ્તનની ઉપમા આપવી ઘટાવી છે.) તે જિનાલયના અધિષ્ઠાતા તરીકે શ્વેતાંબર મતમાં મુકુટ સમાન અને પ્રભાવશાળી જ્ઞાન તથા કલાનિપુણ **શ્રી જિનદત્તસૂરિ** હતા કે જેમના સ્વહિત સાધવાથી પ્રગટેલ પુષ્કળ પુણ્યરાશિરૂપ ઉજ્જ્વળ ગુણોએ નક્ષત્રગણના બહાનાથી ગગનપ્રદેશમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું અર્થાત્ તેમની કીર્તિ દશે દિશામાં ફેલાઈ ગઈ હતી. તેમની પાટરૂપ ઉદયાચળને વિષે સૂર્ય સમાન **રાશિલસૂરિ**એ સૂર્યકાંતિને જીતી લેનાર પોતાના તેજપુંજથી દિશાઓને પરિપૂર્ણ બનાવી હતી અને જેઓની આકાશરૂપી કળશમાં ભરેલ કીર્તિરૂપ જળધારાને વરસાવતી વાણીએ લોકોના મનરૂપ વનમાં મોહરૂપી વેલોને ક્યાં ક્યાં નિર્મૂળ ન કરી નાખી? (સામાન્ય નિયમ એવો છે કે—જળસિંચનથી વેલ કે વૃક્ષ વૃદ્ધિ પામે જ્યારે અહીં કવિએ તેને નિર્મૂળ બનાવીને પોતાની ચમત્કૃતિ દર્શાવી છે.) તેમની પાટે ઐરાવણ હસ્તી, ચંદ્રગંગા અને શેષનાગ સરખી ઉજ્જ્વળ કીર્તિથી પરિપૂર્ણ અને અતિશય બુદ્ધિથી રસ જમાવનાર **શ્રી જીવદેવસૂરિ** થયા, જેમના વિશાળ બુદ્ધિરૂપી વેલવાળા દેહને વિષે વિદ્યારૂપ સખીઓ યુક્ત વિવિધ કલાઓ સાથે ક્રીડાપૂર્વક ખેલતા તેમજ યશલક્ષ્મીરૂપી પુષ્પમાળાની સુગંધરૂપ ગુણસમૂહો, સંશયરૂપી હીંચકાનો ત્યાગ કરીને પુણ્ય—રૂપ વાપીઓને વિષે વિચરતા હતા અર્થાત્ તેઓ પવિત્ર ધર્મકાર્યો શ્રદ્ધાપૂર્વક કરી રહ્યા હતા. કોઈએક દિવસે શેષનાગ સરખી ભુજાવાળા શાંતમૂર્તિ શ્રી જીવદેવસૂરિ સમીપે રક્ત નેત્રવાળો કોઈએક મહાયોગી, પોતાની અધિક વિદ્યાઓને અંગે પ્રાપ્ત કરેલ જયપતાકા સરખી પોતાની જીભને મુખમાંથી ખેંચીને, તે દ્વારા પોતાના શરીરને

(પલાંઠીને) લપેટીને (ભેટ બાંધવાની માફક) સુખપૂર્વક સભાને વિષે બેઠો. તે યોગીના આવા ચમત્કારથી ક્ષોભ નહીં પામેલા અને પુણ્યરૂપી અમૃતની મેઘધારા સમાન તેઓશ્રીએ શ્રોતૃવર્ગની પોતા પ્રત્યેની પ્રીતિને લીધે ચપળ મસ્તકરૂપી ચલિત કમળવાળી, કરાતા લુંછણારૂપી જળકલ્લોલ–તરંગવાળી અને મનોહર દષ્ટિકટાક્ષરૂપી આર્દ્ર મત્સ્યવાળી તે સભાને, સરોવરની માફક પોતાની શ્રેષ્ઠ વાણીરૂપી વૃષ્ટિદ્વારા અત્યંત પરિપૂર્ણ કરી અર્થાત્ સભાને પોતાની વાણી–કલાથી અત્યંત મુગ્ધ કરી દીધી. (સભાને સરોવર જેવી કલ્પી કર્તાએ સરોવરમાં રહેતા કમળ, તરંગ અને મત્સ્યની સુંદર ઘટના સર્જાવી છે.) વ્યાખ્યાન પૂર્ણ થયા બાદ જવાને ઇચ્છતો તે યોગી પોતાની જીભને પોતાની ભેટમાંથી (પલાંઠીમાંથી) ખેંચવાને શક્તિમાન થયો નહીં ત્યારે શ્વાન(કૂતરા)ની માફક દીન શબ્દો બોલવા લાગ્યો એટલે લોકોએ ગુરુમહારાજને તેનું કારણ પૂછતાં તેઓશ્રીએ જણાવ્યું કે–“પોતાના હુંકારા માત્રથી આકાશરૂપી વૃક્ષના ફળસ્વરૂપ સૂર્યને નીચે પાડવાને શક્તિશાળી તેમજ ત્રણ ભુવનના આધારભૂત–સ્તંભભૂત શેષનાગને ઉખેડી નાખવાને–ચલાયમાન કરવાને સામર્થ્યવાન તેમજ અતીવ અદ્ભુત સિદ્ધિવાળો આ યોગીંદ્ર મારા લલાટપ્રદેશને (ખોપરીને) મેળવવાને માટે મને સ્તંભિત કરવાને ઇચ્છતો હતો પરંતુ મેં તેને ઊલટો સ્થિર બનાવી દીધો છે–જડી દીધો છે. લતાકુંજમાંથી અર્ધ બહાર નીકળેલા સર્પથી વીંટળાયેલ વૃક્ષ સરખો, મુખના અગ્રભાગમાંથી લાંબી કરેલ મનોહર જિહ્વાથી પોતાની પલાંઠી બાંધેલ આ યોગી મારી પ્રત્યેના દ્વેષરૂપી દાવાનળથી ભલે આ જ સ્થિતિમાં અત્રે જ શુષ્ક બને–મૃત્યુ પામે.” ગુરુમહારાજે ઉપર પ્રમાણે જણાવતાં સભામાં બેઠેલા સાધુસમુદાયે તેમને વિનંતી કરી કે–“જૈનમતરૂપી સુધાસાગરને ઉલ્લસિત કરવામાં ચંદ્ર સમાન હે સ્વામિન્! આપ દયા કરો અને ક્રોધનો ત્યાગ કરો.” ત્યારબાદ તે યોગીએ પણ ભૂમિ પર ખડીવડે નીચે પ્રમાણે અક્ષરો લખ્યા કે–“જે ઉપકારી પર ઉપકાર કરે છે તેવા કેટલાય ગુણશાળી પુરુષોને આ પૃથ્વી ધારણ કરે છે પરન્તુ અપકારી પ્રત્યે પણ જે ઉપકાર કરે છે તેવો વિવેકવાન એક જ પુરુષ આ સમગ્ર પૃથ્વીને ધારી રાખે છે અર્થાત્ તે પુરુષ ઊલટો આ પૃથ્વીને આધારભૂત છે.” આ પ્રમાણેની તેની વિજ્ઞપ્તિ લક્ષમાં લઈને શ્રી જીવદેવસૂરિએ કાળા સર્પ સરખા તે યોગીને બંધનમાંથી મુક્ત કર્યો એટલે ક્રોધને વહન કરતો, મુખમાંથી નિઃસાસા નાખતો (ફુંફાડા મારતો) તે યોગી ચાલ્યો ગયો ત્યારે ગુરુમહારાજાએ સભાને ઉદ્દેશીને કહ્યું કે–“આ શત્રુરૂપ યોગી જે દિશામાં ગયો છે તે દિશામાં આજે આપણા પરિવારમાંથી કોઈપણે જવું નહીં.” પરન્તુ પોતાના પતિ કામદેવનો વિનાશ કરવામાં રતિસ્વરૂપ, ચંચળતારૂપ દોષને પ્રગટાવવામાં લક્ષ્મીરૂપ અને પોતાના આશ્રિત પંડિતજનોને દરિદ્રી બનાવવામાં સરસ્વતી સમાન કોઈ એક સાધ્વી નગરની બહાર ગઈ એટલે દ્રોહી એવા તે યોગીએ તેને મંત્રમુગ્ધ કરીને પોતાની પીઠ પાછળ બેસારી લીધી. આ હકીકત જાણીને જીવદેવસૂરિએ તૃણનું એક પૂતળું બનાવીને સૂર્યના પ્રચંડ તાપમાં મૂક્યું એટલે છેદાયેલ અંગુલીવાળો, પ્રખર

જ્વર(તાવ)થી થરથરતો અને અભિમાન રહિત બનેલ તે યોગી સાધ્વીને ત્યજી દઈને નાશી ગયો. 'આ શ્રી જીવદેવસૂરિ વિશાળ શક્તિસંપન્ન છે કે જેમની સરખામણિમાં–કોટિમાં આવી શકે તેવો કોઈ પણ વ્યાખ્યાતા–ઉપદેશક કોઈ પણ સ્થળે માલૂમ પડતો નથી' એમ વિચારીને જ જાણે હોય તેમ તે યતીશ્વરની કીર્તિ ગંગાના જળતરંગરૂપી મનોહર હારોથી ત્રણે ભુવનમાં નિરંતર અત્યંત નૃત્ય કરી રહી છે. (સ્વર્ગગંગા, ભૂગંગા અને પાતાળગંગા આમ ગંગા ત્રણે લોકમાં હોવાથી તેમની કીર્તિ ત્રણે લોકમાં પ્રસરી ગઈ.) એકદા ઉદયાચળરૂપી ગંધહસ્તીના મસ્તકપ્રદેશ પર સિંદુરસમૂહની કાંતિને ધારણ કરતો સૂર્ય પ્રકાશિત બન્યો ત્યારે ગુરુ પ્રત્યે પ્રીતિ ધરાવતા અને તે નગરમાં રહેલ શ્રેષ્ઠ બ્રાહ્મણોએ આવીને પ્રાતઃકાળ સંબંધી ધર્મક્રિયા કરીને સભામાં બિરાજેલ અને સજ્જન પુરુષોને માનનીય એવા શ્રી જીવદેવસૂરિ પ્રત્યે કહ્યું કે– "હે ધર્મના આધારભૂત! બ્રહ્મશાળામાં (યજ્ઞશાળામાં) કોઈએક ગાય પડી જવાથી મૃત્યુ પામી છે. મ્લેચ્છ લોકો તે બ્રહ્મશાળામાં (યજ્ઞભૂમિમાં) આવી શકતા નથી અને અમો બ્રાહ્મણો મરી ગયેલ પશુને (ગાયને) ખેંચી શકીએ નહીં તો હે કૃપાસાગર! અન્યના શરીરમાં પ્રવેશ કરવાની શક્તિદ્વારા આપ તે મહાપાપમાંથી અમોને અને તે મૃતકને દૂર કરો–બહાર ખેંચી કાઢો." બ્રાહ્મણોની આવી પ્રાર્થનાથી, મંત્રથી વશીભૂત બનેલા એક મહાવ્યંતરદ્વારા રક્ષાયેલ દેહવાળા અને પવિત્ર બુદ્ધિવાળા શ્રી જીવદેવસૂરિએ **પરકાયપ્રવેશિની** વિદ્યાનું ધ્યાન કર્યું ત્યારે તે ગાય જીવતી બની અને સાથોસાથ જૈન શાસનનો પ્રભાવ પણ વિસ્તાર પામ્યો. તે ગાય યજ્ઞશાળામાંથી નીકળી ગઈ અને બ્રાહ્મણોના હૃદયમાંથી કષ્ટ પણ ચાલ્યું ગયું. બાદ તે મહાભિમાની બ્રાહ્મણો ઉપાશ્રયમાં રહેલ અને વાયટ ગચ્છમાં સૂર્યસમાન તે મુનિપુંગવને મહોત્સવપૂર્વક યજ્ઞશાળામાં લાવ્યા અને સુવર્ણની યજ્ઞોપવીત (જનોઈ) તેમજ કેટલોક ભૂમિવિભાગ અર્પણ કરીને પ્રાર્થના કરી કે–"હે સમતાના સાગર! આપ જૈન હોવા છતાં અમારા વિષે પણ શ્રેષ્ઠ બ્રાહ્મણસ્વરૂપ છો." બાદ વીજળી સહિત મેઘ સરખા, મેરુના શિખર પર્યન્ત પહોંચેલ તરંગવાળા સાગર સરખા, સુવર્ણના પટ્ટાવાળા હસ્તી સમાન, દિશાઓને ગજવતા અને સુવર્ણની ઉપવીતવાળા શ્રી જીવદેવસૂરિએ ધર્મોપદેશ આપ્યો. બાદ જેમની આગળ ડગલેડગલે નટસમૂહ મનોહર સંગીતપૂર્વક નૃત્ય કરી રહ્યા છે, અને બંદીજનો (ભાટ) બિરદાવલિ બોલી રહ્યા છે તેવા તેમજ હર્ષિત બનેલા જનસમૂહથી વહાવાતા હર્ષાશ્રુવાળા રસ્તા પર થઈને આચાર્ય મહારાજ ઉપાશ્રયે આવ્યા અને અન્ય લોકો સ્વસ્થાને ગયા. અસાધારણ શક્તિવાળા તે યતીશ્વરની પરકાયપ્રવેશની વિદ્યા અત્યંત પ્રસિદ્ધિ પામી. પોતે એક હોવા છતાં, પોતાના દેહનો ત્યાગ નહીં કરીને (સ્વશરીરમાં રહીને જ) અનેક જીવંત પુરુષોના શરીરમાં એક જ સમયે પ્રવેશ કરી શકતા હતા. જે નદીઓને કાંઠે રહેલ તૃણશ્રેણી શેરડીના સાંઠા સરખી, વેળુ(રેતી)નો સમૂહ ખાંડ સરખો, ધરાનું જળ અમૃતરૂપ, કાંકરાઓ સાકરના ગાંગડા સરખા, ફીણસમૂહ ચંદ્ર સરખો અને જળઘોષ (નદીના ઘોધનો ધ્વનિ) અસ્ખલિત ધ્યાનસ્વરૂપ

હતો તેવી શ્રી જીવદેવસૂરિની પ્રબંધરૂપ સેંકડો નદીઓ પૃથ્વીપીઠ પર વિસ્તાર પામી હતી, અર્થાત્ શ્રી જીવદેવસૂરિએ પોતે સેંકડો પ્રબંધો રચીને પોતાની સુવાસ દિગંતમાં ફેલાવી હતી. વળી તેમણે કૈલાસ પર્વતને તિરસ્કારી કાઢનાર, પૃથ્વીપીઠના આભૂષણસ્વરૂપ, મહાપાપનો નાશ કરનાર શ્રી જિનચૈત્યો ભૂમિપીઠ પર બનાવરાવ્યા હતા કે જેના પર આરોહણ કરવાથી ઉન્નત (ઊંચા) બનેલા શ્રેષ્ઠ ધ્વજદંડોએ આકાશપ્રદેશને પણ વીંધી નાખ્યો કે જે નક્ષત્રગણના બહાનાથી ચારે બાજુ અનેક છિદ્રવાળું બની ગયું જણાય છે. ગંભીરતામાં, હૃદયની વિશાળતામાં, મીષ્ટ ભાષીપણામાં અને ધ્વનિમાં સ્વયંભૂરમણ સમુદ્ર સરખા સ્થિરતાવાળા શ્રી જીવદેવસૂરિની સરખામણીમાં કોણ આવી શકે? અર્થાત્ તે સમયે તેમના સદૃશ કોઈ પણ ન હતું. કોઈ એક સમયે શ્રદ્ધાળુપણાને અંગે હર્ષિત બનીને સભામાં બેઠેલા શ્રાવકોને અને ભક્તિવાન નાગરિક બ્રાહ્મણોને ઉદ્દેશીને તેમણે કહ્યું કે—"પારકાના શરીરમાં પ્રવેશ કરવાથી મૃતકરૂપે બનેલા મારા મસ્તકની ખોપરીના એક અંશ માત્રને નહીં પ્રાપ્ત કરવાથી કદાગ્રહી એવા તે યોગીએ મરી ગયેલ ગાયનો પ્રયોગ કર્યો પરન્તુ મારી જાતનું રક્ષણ કરવામાં સાવધાન એવા મેં વ્યંતરસમૂહને તૈયાર રાખ્યો હતો. વિદ્યા સિદ્ધ કરવાને માટે પ્રાણીઓની હિંસા દ્વારા પાપીષ્ઠ એવી **ભુવનવિજયી** વિદ્યા સાધવાને ચાહતો તેમજ મારી ખોપરીને ગ્રહણ કરવાને માટે લાંબા સમયથી પ્રયત્નશીલ તે યોગી મારા મૃત્યુસમયની રાહ જોતો મારી આસપાસ ભ્રમણ કરી રહ્યો છે. મારા કાળધર્મ પામ્યા બાદ નગરમાંથી બહાર કાઢતી વખતે જ્યારે આકાશમાં ડમરુનો ધ્વનિ સંભળાય ત્યારે મૃત્યુ પામેલા મારી ખોપરીનો તમારે ચૂરેચૂરો (ભૂકો) કરી નાખવો, કારણ કે પોતાના બુદ્ધિચાતુર્યથી હર્ષિત બનેલ તે યોગી મારી ચિતા ઉપર લાંબા સમય સુધી અગરુ ધૂપ અને ચંદન કાષ્ઠોની વૃષ્ટિ કરશે." આ પ્રમાણે શિક્ષા (બોધ) આપનાર, ક્ષમાશીલ, નિર્મળ ધ્યાનદ્વારા ગાઢ કર્મોને છેદી નાખનાર અને પવિત્ર અંતઃકરણવાળા શ્રી જીવદેવસૂરિ કોઈક વખત દિશાઓમાં અને વિદિશાઓમાં આઠ સિદ્ધિઓને અને કોઈક વખત અંજલિ જોડેલ સરસ્વતી તેમજ લક્ષ્મીદેવીને શોધી રહ્યા હતા અર્થાત્ જોઈ રહ્યા હતા એટલે કે તેઓ અષ્ટ સિદ્ધિ અને વિદ્યા—લક્ષ્મીસંપન્ન હતા. સંસારભ્રમણની વૃદ્ધિના કારણભૂત પૃથ્વીને નિરખવાની ભીતિ માત્રથી જ જો તે શ્રી જીવદેવસૂરિ પોતાના બંને નેત્રો મીંચી દે તો અત્યંત સદ્ભાવથી શોભિત સંપત્તિવાળી ત્રિભુવનની લક્ષ્મીને કોણ જુએ અને શું કરે? અર્થાત્ તેમના અંતસમયે તેમના બંને નેત્રો ખુલ્લા જ રહ્યા હતા. (મૃત્યુસમયે નેત્રો ખુલ્લા રહેવા તે સદ્ગતિનું ચિહ્ન છે.) આ પ્રમાણે પુણ્યના ભંડારરૂપ ધ્યાનદ્વારા આયુષ્ય પૂર્ણ કરીને તે શ્રી જીવદેવસૂરિએ પૃથ્વીપીઠની માફક દેવલોકને પણ પવિત્ર બનાવ્યું (સ્વર્ગે સંચર્યા) અને પોતાની બુદ્ધિ નિપુણતાથી તે દુષ્ટ યોગીના વિવિધ પ્રકારના પ્રયોગોને નિષ્ફળ બનાવ્યા, તેથી જનસમૂહના મનમાં તો તેઓ જાણે જીવંત હોય તેમ શોભી રહ્યા હતા અર્થાત્ તેઓ મૃત્યુ પામવા છતાં લોકો તેમને કદી ભૂલી શક્યા ન હતા.

બાદ તેમના ગચ્છમાં તેમના જેવા શક્તિશાળી **જિનદત્તસૂરિ, રાશિલસૂરિ** અને **જીવદેવસૂરિ**—એવા ક્રમપૂર્વકના ત્રણ નામવાળા ઘણા સૂરીશ્વરો થઈ ગયા. શ્રેષ્ઠ મનોહર વિવેકરૂપી લતાના પુષ્પ સરખા તે આચાર્યોને વિષે અસાધારણ, વિશાળ પ્રભાવવાળા તેમજ કામદેવને પણ જીતી લેનાર **શ્રી જિનદત્તસૂરિ** નામના આચાર્ય થયા. આકાશ કરતાં પણ વિશાળ અંતઃકરણવાળા તેઓના વ્યાખ્યાનપ્રસંગે મેઘ, સાગર અને હસ્તીના નાદને પણ જીતી લેનાર તેમનો દેશના—ધ્વનિ ચોતરફ વ્યાપ્ત બની જતો હતો. જેમ સૂર્ય પોતાના કિરણોદ્વારા વિશ્વને અંધકાર રહિત બનાવે તેમ તેઓશ્રીએ **વિવેકવિલાસ** આદિ હજારો ગ્રંથોદ્વારા વિશ્વને મોહાંધકાર રહિત બનાવ્યું. પ્રાણીઓને જળ જીવિત આપે છે, સમુદ્રના સારભૂત એવું અમૃત દેવપણું આપે છે પરન્તુ શ્રી જિનદત્તસૂરિનું અમૃત કરતાં પણ શ્રેષ્ઠ વચનામૃતનું પ્રેમપૂર્વક પાન કરવામાં આવે તો તે મોક્ષપદની પ્રાપ્તિ કરાવે છે. શ્રી જીવદેવસૂરિના શરીરના પરમાણુઓ, ગુણો અને બુદ્ધિ આ શ્રી જિનદત્તસૂરિને વિષે પ્રગટ્યા હતા.

આ બાજુ **વાયટ** વંશમાં શ્રેષ્ઠ રત્ન સમાન અને તેજસ્વી **વાસુપૂજ્ય** નામના મંત્રીશ્વર શોભતા હતા કે જેઓ **અણહીલપુરપાટણના** પૌરજનોમાં નિરંતર મુકુટરૂપ—આગેવાન હતા. તેમને **રામદેવ** નામનો પુત્ર થયો કે જેના યશરૂપી વિશાળ ક્ષીરસાગરને વિષે લાખો કલંકના ભયથી ભયભીત બનેલ ચંદ્રોરૂપી છીપોમાંથી ઉદ્‌ભવેલ મોતીઓની માળાઓ નક્ષત્રગણની પંક્તિઓના બહાનાથી શોભી રહી હતી. તે મંત્રીના અંતઃકરણમાં જ વાસ કરનારી, રમ્ય દિવસ સરખી પ્રફુલ્લ હાસ્યવાળી, લક્ષ્મીના નિવાસસ્થાનભૂત કમળ સરખા મુખ, હસ્ત અને ચરણવાળી, સુવર્ણ જેવી કાંતિવાળી **પદ્મિની** નામની પત્ની શોભતી હતી. તે રામદેવને **શાંતડ** નામનો પુત્ર થયો કે જેના કલંક રહિત ચંદ્રની જેવા ઉજ્જ્વળ ગુણોથી અંધકાર રહિત બનેલ મનમાં ઉત્તમ ધર્મરાજાએ વાસ કર્યો હતો. તેની **સહજી** નામની પત્નીએ કલિયુગના પ્રભાવથી નષ્ટપ્રાયઃ બનેલ પતિવ્રતપણાને પોતાના પુણ્યરૂપી અમૃત કલ્લોલથી સજીવન રાખ્યું અર્થાત્ તેને સહજી નામની પતિવ્રતા પત્ની હતી. તેના **આસલ** નામના પુત્રે કઈ કઈ કલાઓમાં નિપુણતા પ્રાપ્ત કરી ન હતી? અર્થાત્ તે સર્વ કળાઓમાં નિપુણ હતો, છતાં પણ તે પોતાની પ્રશંસા કરવામાં, ધનનું રક્ષણ કરવામાં અને પારકાની નિંદા કરવામાં અશક્ત હતો. તે આસલને પોતાની દેહછાયા સરખી તેમજ કલિયુગના દોષવિહીન **અહીદેવી** નામની પત્ની હતી જેનો શ્રેષ્ઠ ચરણના નખરૂપ રત્નોને ધારણ કરનાર, સદાચારરૂપી જળવાળો મનરૂપી સાગર કોઈપણથી માપી શકાતો નહીં. તે બંનેને બુદ્ધિના નિધાનરૂપ અને સર્વ મંત્રીઓમાં મુખ્ય **પદ્મ** નામનો પુત્ર હતો અને સરસ્વતી (વિદ્વત્તા)થી પવિત્ર બનેલા તીર્થરૂપ તેમને પ્રાપ્ત કરીને લક્ષ્મીએ પોતાના સ્વભાવરૂપ ચપળપણાનો ત્યાગ કરી દીધો અર્થાત્ તે **પદ્મ** મંત્રીશ્વર વિદ્યા અને લક્ષ્મી ઉભયથી સંપન્ન હતા. 'જે કોઈપણ ઉજ્જ્વળ ગુણવાળો હોય તે મારી સાથે (પદ્મ મંત્રીના યશની સાથે) વિવાદ કરો' એમ ઉદ્‌ઘોષણા કરીને જેમનો યશ સમગ્ર વિશ્વમાં વિસ્તાર પામ્યો હોવા છતાં

પણ કોઈપણ વ્યક્તિ ક્રોધિત બનીને તે પદ્મ મંત્રીના યશરૂપી ગુણની હરિફાઈ કરી શકી નહીં. આમ વિચારીને જ હોય તેમ બ્રહ્માએ અક્ષરપંક્તિરૂપ લંછનવાળા ચંદ્રને તેમના જયપત્ર તરીકે સમર્પણ કર્યો અર્થાત્ ગગનપ્રદેશમાં દેખાતો ચંદ્ર એ ચંદ્ર નથી પણ પદ્મમંત્રીનો જયપત્ર છે અને તેમાં દેખાતું લાંછન એ લાંછન (કલંક) નથી પરન્તુ જયપત્રમાં બ્રહ્માએ લખી આપેલ અક્ષરપંક્તિઓ છે. સાધુપુરુષોને આધારભૂત, પવિત્ર ગુણરાશિથી નિર્મળ અંતઃકરણવાળા, સદાચારી, પંડિત પુરુષોરૂપી હંસોને સુખકારક અને દૂષણ રહિત એવા આ પદ્મ મંત્રીશ્વરને **વીશળદેવ** રાજારૂપી સૂર્યે પોતાના તેજસમૂહથી કમળની માફક લક્ષ્મીના આવાસરૂપ બનાવ્યો. વીશળદેવ રાજાની અસીમ કૃપાથી અભિમાનરૂપી દાવાનળને બૂઝાવવામાં મેઘસમાન શ્રી પદ્મમંત્રીએ વિવિધ વ્યાપારોદ્વારા તેમજ રાજનીતિરૂપી અર્થશાસ્ત્રદ્વારા રાજા તેમજ પ્રજાની ધનસંપત્તિને અત્યંત વિકસાવી અર્થાત્ તેમણે પોતાની કુનેહથી રાજા તથા પ્રજા—ઉભયનો ચાહ મેળવી લીધો હતો, અને આ પ્રમાણે કરીને તેમણે પોતે તો મહોપકાર કરવારૂપી પોતાનો સ્વાર્થ જ સાધ્યો. પદ્મમંત્રીશ્વર મનોહર સુવાસિત ચંદન, કર્પૂર અને સુગંધી પુષ્પોથી શ્રી જિનેંદ્ર ભગવાનની પૂજા કરતા હતા અને તેમ કરીને પોતાના ઉજ્જ્વળ યશથી વિશ્વને શોભાવતા હતા. વળી પરમાત્મા સમક્ષ કૃષ્ણાગુરુ ધૂપને બાળીને પોતાના કર્મસમૂહને પણ દગ્ધ કરતા હતા તેમજ પ્રતિક્ષણે નવીન નવીન સ્તવન—સ્તુતિઓદ્વારા પરમાત્માની પ્રાર્થના કરતા હતા, જેથી તેઓ પોતે પણ ત્રણ ભુવનના પ્રાણીઓથી સ્તવાતા હતા. સાધર્મિક બંધુઓનો ઉદ્ધાર, શાસ્ત્રશ્રવણ, સ્વામીવાત્સલ્ય અને શાસન પરત્વે અવિચળ પ્રેમ વિગેરે દ્વારા તેમજ જિનમંદિરોને વિષે અર્પણ કરેલા ચામર અને સુવર્ણના કુંડલો આદિ વસ્તુના સમર્પણદ્વારા તેમણે જૈન શાસનની સારી રીતે ઉન્નતિ (પ્રભાવના) કરી હતી. તેમને **ચંપલા** નામની પતિવ્રતા પત્ની હતી જ્યારે બીજી પુણ્યકાર્યમાં તત્પર **પદ્મલા** નામની ભાર્યા હતી, જે ગુણના મંદિરરૂપ પદ્મમંત્રીના મનનું સેવન કરતી હતી. વળી તેમને ત્રીજી **પ્રહ્લાદન** નામની પત્ની હતી કે જે તેમના ચિત્તને રંજિત કરતી હતી, અને તેના હૃદયપ્રદેશમાં પદ્મમંત્રી જ ધર્મરૂપ હતો અર્થાત્ તે પતિ સિવાય અન્ય કોઈનું ચિંતન કરતી જ ન હતી. પદ્મમંત્રીને પદ્મલા પત્નીની કુક્ષીથી ઉદ્ભવેલ **વિક્રમાદિત્ય** નામનો પુત્ર હતો જે ચંદ્રની માફક કાંતિ અને કલાઓદ્વારા વૃદ્ધિ પામતો હતો. તે મંત્રીને કુળની ભાગ્યદેવી સરખી **સૌભાગ્યદેવી** નામની બહેન હતી કે જે ગંગા નદીની જેમ પવિત્ર શીલવાળી હતી પરન્તુ તેના (ગંગાના) જડ સ્વભાવને ધારણ કરતી ન હતી. તે સૌભાગ્યદેવીની **મોષાક** નામના શ્રેષ્ઠી સાથે પરણાવી હતી, જેથી તે પદ્મમંત્રીને **મહણ** નામનો ભાણેજ હતો કે જેના યૌવનશાળી દેહને વિષે પણ વૃદ્ધત્વને અનુરૂપ ગુણો હતા અર્થાત્ તે **મહણ**ની લઘુવય હોવા છતાં બુદ્ધિમાં તે અનુભવી વૃદ્ધો કરતાં પણ ચઢિયાતો હતો. તે મહણ મંત્રીને ઐરાવણ હસ્તીની હરિફાઈ કરનાર ઉજ્જ્વળ યશપાત્ર **મલ્લદેવ** નામનો, પોતાના વંશરૂપ વનમાં સિંહ સમાન અને મહાઉદ્યમી **દેવસિંહ** નામનો અને પૂર્ણિમાના ચંદ્રની કાંતિ

કરતાં પણ ચઢિયાતી કીર્તિવાળો **ઉદાક** નામનો એમ ત્રણ ભાઈઓ હતા. 'ચોવીશ તીર્થંકરોના મનોહર ચરિત્રો જે રીતે લોકો થોડા દિવસમાં સાંભળી શકે છે તેવી રીતે જો કોઈ અપૂર્વ ગ્રંથ હોય તો તેને સાંભળીને લોકો પુણ્યની પ્રાપ્તિ કરે.' એવો પદ્મમંત્રીના મનમાં વિચાર સ્ફૂર્યો એટલે વાયટગચ્છરૂપી કમલને વિકસિત કરવામાં સૂર્ય સમાન **શ્રી જિનદત્તસૂરિ** સદ્ગુરુના બંને ચરણકમળમાં ભ્રમરરૂપ બનેલા અને શ્વેતાંબર મતમાં મુકુટ સમાન **શ્રી અમરચંદ્ર**સૂરિએ **પદ્મમંત્રીશ્વર**ને ઈષ્ટ એવું આ **પદ્માનંદ મહાકાવ્ય (શ્રી ઋષભદેવ ચરિત્ર)** રચ્યું છે. કર્મરૂપી શત્રુઓને ઉખેડી નાખીને મોક્ષપદને પામેલ, અનંતચતુષ્ટયરૂપી આત્મિક સુખ યુક્ત એવા તીર્થંકર પરમાત્માઓ જ્યાંસુધી આ લોકસ્થિતિને પોતાની હથેલીમાં રહેલા આમળાની માફક જોઈ રહ્યા છે ત્યાંસુધી આ ઉત્તમ ગ્રંથ પંડિતજનોના હૃદયમાં કલ્યાણરૂપી અમૃતને પ્રગટાવનાર થાઓ !

* * *

ચંદ્રના બહાનાથી મુખ ઉપર, દેદીપ્યમાન અસિધારાની બુદ્ધિથી ભ્રૂકુટીને વિષે, નીલકમલના ભ્રમથી નેત્ર ઉપર, સાગરના તરંગોના મિષથી વાણી વિષે, મદોન્મત્ત ઐરાવણ હસ્તીની સૂંઢના બહાનાથી ભુજા ઉપર તેમજ કમલની ભ્રાંતિથી હસ્તને વિષે ક્રીડા કરતી એવી લક્ષ્મીદેવી હંમેશાં શ્રી પદ્મમંત્રીની સેવા કરો.

**પ્રશસ્તિ સમાપ્ત.**



મરુદેવાનંદન શ્રી ઋષભદેવ પરમાત્માને શ્રેયાંસકુમાર
મહામંગલકારી વરસીતપનું પારણું કરાવી રહ્યા છે.